

યોગ-વિયોગ

કાજલ ઓઝા વૈદ્ય

VISIT…

LANZAROTE Caliente.COM

યોગ-વિયોગ

(ભાગ 1-2-3)

કાજલ ઓઝા વૈદ્ય

YOG-VIYOG (1-2-3)
Gujarati Novel written by Kaajal Oza Vaidya

Kaajalozavaidya@gmail.com

eBook by





www.e-Shabda.com

અર્પણ

સ્નેહી, સન્માનનીય
શ્રી ભરત ઘેલાણીને.
વાર્તા અને વ્યક્તિત્વ બંનેને માવજત આપે એવા
તંત્રી હોય, તો જ
'આવી' નવલકથા રચાતી હશે!!

ઋણ સ્વીકાર

માધુરીબહેન કોટક
મૌલિક કોટક
મહેન્દ્રભાઈ શાહ
નલિન સોલંકી
અજય ગજ્જર
મૌલિન મહેતા
ઉષ્મા શાહ
માલતી જાની
અને
વત્સમ પટેલ

પ્રસ્તાવના

'યોગ-વિયોગ' મારે માટે 'ચિત્રલેખા' સાથેનું પહેલું અનુસંધાન.

શ્રી હરકિશનભઈ, શ્રી હરીન્દ્રભાઈ જેવી સિદ્ધહસ્ત કલમોને ચિત્રલેખામાં વાંચતી ત્યારે કલ્પનાય નહોતી કે મારું નામ આ પાના ઉપર ક્યારેક વાંચી શકીશ!

પરિસ્થિતિ અને સંજોગોના ઉબડખાબડ રસ્તે પસાર થતાં એક નાનકડો વિચાર જન્મેલો, એ વિચાર ધીમેધીમે વૃક્ષ થતો ગયો. "તમને બધું જ જોઈતું હોય ત્યારે કશું ના મળે અને જ્યારે બધું આવી મળે ત્યારે એ મળ્યાનો રોમાંચ, એ મળ્યાની થ્રિલ કે તૃપ્તિ લગભગ શૂન્ય થઈ જાય..."

જસ્ટિસ ડિલેઇડ ઇઝ જસ્ટિસ ડિનાઇડ!

વસુમા કે વસુંધરા મહેતા નામનું આ પાત્ર મારી અંદર જન્મ્યું, મારી અંદર ઊછરતું ગયું, સમયસમયાંતરે એણે હાથ લંબાવીને મારી પાસે પોતાની ઓળખ માંગી...

મૂળ 'મા' નામની ગુજરાતી ટેલિવિઝન શ્રેણીમાંથી જન્મેલો આ વિચાર...

શ્રી ભરત ઘેલાણીએ પહેલીવાર વાર્તા માંગી ત્યારે મને કોણ જાણે કેમ પણ આ જ વાર્તાનો વિચાર આવ્યો.

આ વાર્તા જે રીતે વિસ્તરતી અને વિકસતી ગઈ, એની કદાચ મને પોતાને પણ કલ્પના ન હતી.

વસુમાના પાત્રની સાથે મારો પોતાનો કેથાર્સિસ થયો છે એમ કહું તો ખોટું નથી.

મારા વાચકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ અને પ્રેમ મને મળતો રહ્યો...

જ્યારે હરકિશનભાઈ સાથે વાચકોના પત્રોના, ટોલિફોનના કિસ્સા સાંભળતી ત્યારે મન સવાલો કરતું.... પણ મારી વાર્તા માટે મને આવતા પત્રો અને ટોલિફોનનો આવો ધોધ!!! દુનિયાના દરેક ખૂણામાં મળી જતા વાચકો અને અમેનું વાર્તા સાથેનું - પાત્રો સાથેનું ઇન્વોલ્વમેન્ટ... મારે માટે અવર્ણનીય અનુભવ રહ્યો. એક લેખક માટે આનાથી વધુ મોટું સન્માન કયું હોય?!

અને હા, આ 'મારો' નહી 'ચિત્રલેખા'નો વાચકવર્ગ છે એ સત્ય મને યોગ-વિયોગની સફર દરમિયાન સમજાયું છે એ પણ સ્વીકારવું જ રહ્યું.

શ્રી મૌલિકભાઈ, મુરબ્બી મધુરીબહેન અને 'ચિત્રલેખા પરિવાર' જેમણે આ નવલકથામાં સતત મરી સાથે પ્રવાસ કર્યો. હવે હું એ પરિવારનો હિસ્સો છું એમ જાણું છું એટલે આભાર નથી માનતી.

વસુમાના પાત્રમાં મને સતત એક એવી વ્યક્તિ દેખાઈ છે જેણે મને મારા પોતાના પ્રશ્નોના ઉત્તરો શોધવામાં અવારનવાર મદદ કરી છે.

ચિત્રલેખાની આ વાર્તા મને નવલકથા લેખનના નવા આયામ સુધી લઈ ગઈ છે એ મારે નતમસ્તકે સ્વીકારવું રહ્યું.

'લેખિકાઓ' - કોઈપણ ભાષાની હોય, એમના ઉપર એવો આક્ષેપ થતો રહ્યો છે કે એ પુરુષપાત્રોને 'અન્યાય'

કરે છે... અથવા એમનાં સ્રીપાત્રો પુરુષપાત્રો કરતાં વધુ બળુકાં અને 'લાર્જર ધેન લાઇફ' હોય છે!

આ નવલકથામાં અલય, અભય, અજય અને સૂર્યકાન્ત સહિત નીરવ અને વિષ્ણુપ્રસાદ કે બાલકૃષ્ણ ઠક્કર જેવાં પાત્રોની જગ્યાએ મેં મારી જાતને મૂકી છે, 'કૃષ્ણાયન' પછી આ મારી બીજી નવલકથા છે જેમાં મેં પુરુષપાત્રોની જેમ વિચારવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. અને મારા વાચકોના વ્હાલસોયા પ્રતિસાદે મને વારંવાર કહ્યું છે કે હું મહદ્ અંશે સફળ થઈ છું.

એ સિવાય મારે જે કહેવાનું છે તે મેં સતત મારી વાર્તામાં મારાં પાત્રો દ્વારા કહ્યું છે... હવે પછી પણ મારી વાત કદાચ મારા પાત્રો કહેતાં રહેશે. પણ આ નવલકથા લખતાં લખતાં એક વાત સમજાઈ છે...

જિંદગી પ્રવાહી છે, એ વહેતી રહે તો તાજી અને સુંદર રહે છે. એને બાંધો તોં તમારા કાબુમાં રહે એ સાચું, પણ બંધિયાર થઈ - સડીને તમને પણ એવા જ બનાવી દે છે.

સતત પ્રવાસ જ શ્રેયસ્કર છે, અને એ પણ આગળની દિશામાં...

આ વાત કદાચ સમજાતી હતી, પણ સ્વીકરવાનું એક સુખદ પરિવર્તન મારી અંદર શરૂ થયું છે - જેને માટે હું મારા ઈશ્વરની આભારી છું.

— કાજલ ઓઝા વૈદ્ય

યોગ-વિયોગ
ભાગ - 1

1

"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ... જૂજવે રૂપે અનંત ભાસે... દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું... શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે..."

શ્રીજી વિલા'ની સવાર રોજ આમ જ પડતી. સવારે સાડા છ વાગ્યે તમે ઘડિયાળ મેળવી શકો એટલી નિયમિતતાથી વસુમાના અવાજમાં ભજન ગુંજવા લાગતું. નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં હોય કે કબીરના દોહા, 'શ્રીજી વિલા'ની સવાર વસુમાના અવાજના એલાર્મથી પડતી.

આ અવાજને આસપાસનાં ઘરોમાં વસતા ગુજરાતીઓ 'વસુમા' કહીને સંબોધતા. છેલ્લા અઢી દાયકાથી વસુમા અહીં જ, 'શ્રીજી વિલા'માં વસતાં હતાં. આસપાસનો વિસ્તાર પચીસ વર્ષમાં બાળકમાંથી યુવાન થઈ ગયો હતો. વિલે પાર્લેના પશ્ચિમ વિસ્તારના રેલવેસ્ટેશનની નજીક કોઈ એક જમાનામાં સુંદર નાના નાના બંગલાઓ હતા. ધીમે ધીમે બિલ્ડરોએ એમાંથી ફ્લૅટ્સની સ્કીમ્સ ઊભી કરતાં કરતાં સાવ ગણ્યાગાંઠ્યા બંગલાઓ હજી બંગલાના સ્વરૂપમાં ઊભા છે. વિલે પાર્લે સ્ટેશનથી એસ. વી. રોડ સુધી બધું જ બદલાઈ ગયું હતું. સાઉથ ઇન્ડિયન ઉડિપીની જગ્યાએ મેકડૉનાલ્ડ્સ આવી ગયું હતું, પરંતુ 'શ્રીજી વિલા' અને સાડા છ વાગ્યે ગુંજતો વસુમાનો એ અવાજ ત્યાં જ, એમનાં એમ જ હતાં!

*

ખાદીની ઇસ્ત્રી કરેલી સાડી, કોણી સુધીનો લાંબી બાંયનો બ્લાઉઝ, બંધ ગળાના એ બ્લાઉઝમાં પણ એમની લાંબી ગરદનની ચારુતા અછતી નહોતી રહેતી. ગળામાં મંગળસૂત્રની કાળાં મોતીની બે સેર એમની ગરદનની સુંદરતામાં વધારો કરતી હતી. ગરદન પર ઝૂંકી આવેલો બે હાથના ખોબામાં સમાય એવો મોટો ઢીલો અંબોડો, ટટ્ટાર શરીર, કોઈ યુવતીને પણ શરમાવે એવી સુડોળ દેહયષ્ટિ અને ત્રીસ-બત્રીસથી મોટી નહીં હોય એવી કમર.. બે ભાવવાહી આંખો અને સતત સ્મિત વેરતા બે હોઠ, લાલચટ્ટક ચાંદલો અને સુંદર અવાજ.

"ઉફ! પડી ગઈ સવાર... અભય, હું રાત્રે અઢી વાગ્યે સૂતી છું. આ સવારના પહોરમાં બેસૂરા રાગડા ન તાણે તો ન ચાલે?" રેશમી રજાઈ ખસેડીને બેઠી થઈ આંખો ચોળતાં એક આંખ ખોલીને વૈભવીએ કહ્યું. એના અવાજમાં હજી ખરાશ હતી. ગઈ કાલે રાતનો મેક-અપ રિમૂવ તો કર્યો હતો, પણ છતાંય ક્યાંક ક્યાંક હજી એની નિશાનીઓ રહી ગઈ હતી. ટર્કોઇશ બ્લ્યુ કલરની સેક્સી નાઇટીમાંથી વૈભવીનું શરીર દેખાઈ રહ્યું હતું. સાટિનની રજાઈ કમર સુધી ઓઢી રાખીને વૈભવી પલાંઠી વાળીને બેઠી હતી.

આંખો ચોળી એણે માંડ માંડ બંને આંખો ખોલી. ગઈકાલ રાતનો હૅન્ગઑવર હજીય એના ચહેરા પર હતો. "મને એ નથી સમજાતું કે પોતે નિરાંતે સૂવાને બદલે બધાની ઊંઘ બગાડવામાં એમને શું મજા આવે છે?"

વિનિયર અને વૉલ ટુ વૉલ કાર્પેટ વાપરીને ડેકોરેટ કરાયેલા એ રૂમમાં મુંબઈના જૂન મહિનાની ખબર જ નહોતી પડતી. બહારના તાપ કે બફારાથી અજાણ એવો આ રૂમ જોઈને જ સમજાતું હતું કે અહીં વસનારાઓના ટેસ્ટ ઊંચા હશે. બેડરૂમને જોડાયેલો નાનકડો ડ્રેસિંગરૂમ આખેઆખો વૉક-ઇન વૉર્ડરોબથી કવર કરાયેલો હતો. બેલ્જિયમના ગ્લાસ જડેલા એ વૉર્ડરોબ્સમાં વિશ્વભરનાં બ્રાન્ડેડ કપડાંઓ, પરફ્યુમ્સ, કૉસ્મેટિક્સ અને એક્સેસરીસ ઠાંસોઠાંસ ભરેલાં હતાં. ડ્રેસિંગરૂમની જમણી તરફ બાથરૂમ હતો. બાથરૂમનો દરવાજો ખુલ્લો હોય તો વૉર્ડરોબ પરના અરીસામાં થઈને પલંગનું પ્રતિબિંબ સીધું જોઈ શકાતું...

અભય બાથરૂમના મારબલ ફ્લોરિંગ પર જડેલા ગ્રેનાઇટના વૉશબેઝિન ઉપર જડેલા અરીસામાં જોઈને દાઢી કરી રહ્યો હતો. એણે ચશ્મા કાઢીને બાજુમાં મૂક્યા હતા. ઇમ્પોર્ટેડ શેવિંગ ક્રીમનાં ફીણ એના ચહેરા પર ફેલાયેલાં હતાં. ઊંચું જોઈ દાઢીની નીચે રેઝર ફેરવતાં એણે વૈભવીને કહ્યું, "વૈભવી, મારી મા ભજન ગાય છે. ડુ યુ માઇન્ડ?"

"અફકોર્સ આઇ ડુ... એમને એટલો જ શોખ હોય તો પૂજાઘર બંધ કરીને ગાય. બરાબર આપણા રૂમની નીચે આવીને શા માટે ગાય છે?"

"કારણ કે ઘરની મોટી વહુ વહેલી ઊઠીને પૂજા કરતી હોય એવું એમનું સપનું ક્યારેક પૂરું થશે એવું એ માને છે. એમને લાગે છે કે કોઈ દિવસ તું પણ એમની જોડે ભજન ગાતી હોઈશ." અભય હસ્યો.

રજાઈ ફેંકીને વૈભવી ઊભી થઈ. "શટ-અપ" એણે કહ્યું, "સાડા છ વાગ્યે તો માંડ મને ઊંઘ આવે છે. એ જ ટાઇમે તારી મા ભજન ગાય છે. રેડિયોમાં ગાતાં હોય તો? કમસેકમ સ્વિચ ઑફ તો થઈ શકે." એ હસી અને દાઢી કરતા અભયને કમરમાંથી પકડી લીધો. એના ખભા ઉપર ચહેરો ગોઠવીને વૈભવીએ ધ્યાનથી પોતાનો ચહેરો જોયો "નોટ બેડ! તને ખબર છે, ગઈ કાલે મિ. ભલ્લાએ મને કહ્યું, મિસિસ મહેતા! કોઈ કહે નહીં, તમે બે બાળકોની મા છો... અને તમારી મોટી દીકરી સત્તર વર્ષની છે એ તો માન્યામાં જ આવે એવું નથી. બટ આઈ ટેલ યુ સી ઇઝ એઝ બ્યુટીફુલ એઝ યુ."

અરીસામાં બાજુ બાજુમાં દેખાતા બે ચહેરાઓ મારબલ ફ્લોરિંગ પર જડેલા ગ્રેનાઇટના વોશબેઝિનની જેમ જ કાળા અને ધોળા હતા. અભયની બાજુમાં વૈભવીનો ચહેરો સ્વાભાવિક રીતે જ અભયના સામાન્ય દેખાવને વધુ સામાન્ય બનાવતો હતો. વૈભવીની આંખો, તીખું નાક, એક પણ ડાઘ વગરની તસતસતી ચામડી, પરવાળા જેવા હોઠ અને ગોલ્ડન હાઈલાઇટ કરેલા વ્યવસ્થિત ટ્રીમ કરાયેલા ખભાથી સહેજ લાંબા વાળ વૈભવીના ચહેરાને એક જુદો જ ઓપ આપતા હતા. અભય વૈભવીની સામે જાણે એનો એક પ્રશંસક હોય એમ ઘડીભર મુગ્ધ થઈને જોઈ રહ્યો. પછી અભયે પોતાના ગાલ પર લાગેલાં ફીણ વૈભવીના ગાલ પર લૂછ્યાં અને કહ્યું, "એમ?! ભલ્લા તો પીધેલો હતો..."

"અચ્છા!" વૈભવીની આંખોમાં રૂપગર્વિતાનો જાદુ હતો, "તો હું સુંદર નથી?"

"કોઈ કહે કે નહીં, હું કહું છું." એણે ફરીને વૈભવીને કમરમાંથી પકડી લીધી, "આ સ્ત્રી, આ અદ્દભૂત સ્ત્રી મારાં બે બાળકોની મા છે... એ માનતી નથી બાકી, હું એને ત્રીજા બાળકની મા બનાવવા માગું છું." અને એણે ધીમે ધીમે વૈભવીને પલંગ તરફ ધકેલવા માંડી.

"નો... નો અભય..." વૈભવીના અવાજમાં સાવ નબળો પ્રતિકાર હતો, પણ એ અભયના ધકેલાયે ધકેલાતી જતી હતી. અભયે છેલ્લો ધક્કો જરા જોરથી માર્યો વૈભવી પલંગમાં પડી. "નો... નો અભય..." એના 'નો'માં સ્પષ્ટ 'યસ અભય' હતું... અભયના ચહેરાનાં ફીણ વૈભવીના ગાલ પર, હોઠ પર, નાઈટીના સ્ટ્રેપ્સ પર થઈને એના ગળા નીચે વહેતાં વહેતાં એની છાતી સુધી ફેલાઈ ગયાં. એર કન્ડિશનની ધીમી ઘરઘરાટીમાં વૈભવીનું "ઉફ્ અભય!, માય ગૉડ અભય!" અને નીચેથી આવતું વસુમાનું ભજન ભળતું જ કોકટેઈલ બનીને 'શ્રીજી વિલા'માં પડઘાતુ રહ્યું.

*

વસુમાના હાથ તો સૂકાં પાંદડાં વીણતા હતા. છોડ ઉપર જામેલી ધૂળ પાણીથી ધોતા હતા, પણ એમનું મન ક્યાંય ભટકતું હતું. એકસામટા સો-સો વિચારો એમના મનમાં આવતા હતા અને દરિયાનાં મોજાં જેમ રેતીને અડે અને પાછાં વળી જાય એમ ફીણ ફીણ થઈને પાછા વળી જતા હતા. જિંદગીના છેલ્લા અઢી દાયકા એમણે એકલા ગાળ્યા હતા. બાળકોને ઉછેરવામાં અને જિંદગીની સ્ટ્રગલમાં ગાળેલાં આ છેલ્લાં જિંદગીનાં 25 વર્ષમાં વસુમાને ક્યારેય આવી અસમંજસ નહોતી થઈ. એમણે જે નિર્ણયો કર્યા, એ સમજી-વિચારી, માપી-તોળીને કર્યા એવું એ પોતે દઢપણે માનતાં. એમણે આ 25 વર્ષ દરમિયાન કદીય પોતાની જાતનો વિચાર નહોતો કર્યો. બાળકો, બાળકોનું હિત અને એમના ભવિષ્યને નજર સામે રાખીને જિંદગીનાં આ 25 વર્ષ એમણે કોણ જાણે કયા બળે ખેંચી કાઢ્યાં હતાં... પણ આજનો દિવસ જુદો હતો. આજે એમનાં બાળકો, બાળકો નહોતાં રહ્યાં, એમનાં સંતાનોને ત્યાં પણ સમજદાર કહી શકાય એવાં સંતાનો હતાં. આ ઘરમાં વસતા નવ જણાનો પરિવાર આજે નાસ્તાના ટેબલ પર નવ પ્રકારની પ્રતિક્રિયા આપવાનો હતો, કદાચ. વસુમા આ પ્રતિક્રિયા માટે તૈયાર નહોતાં એવું નહોતું, પણ આ નવ જણાની પ્રતિક્રિયા શું હશે, શું હોઈ શકે એ વિચારે એમનું મન વિચલિત હતું...

અને છતાં, એમના રોજના રૂટિનમાં કોઈ ફરક નહોતો પડ્યો. એ રોજની જેમ જ આજે પાંચ વાગ્યે ઊઠ્યાં હતાં. નિત્યક્રમ પતાવીને સાડા પાંચ વાગ્યે ચાલવા ગયાં, છ વાગ્યે પૂજા કરીને સાડા છએ રોજની જેમ જ બગીચામાં એમનો અવાજ ગુંજી રહ્યો હતો. વસુમા બરાબર સવા કલાક ગોડ કરતાં, ખાતર નાખતાં, છોડને પાણી પાતાં, સૂકાં પાંદડાં વીણતાં અને પોણા આઠ વાગ્યે ઘરના રસોડામાં જઈને નાસ્તાની તૈયારી કરતાં.

આખું મહેતા કુટુંબ સવારે સાડા આઠ વાગ્યે નાસ્તાના ટેબલ પર હાજર રહે એવો વસુમાનો આગ્રહ રહેતો. ઘરના અગત્યના તમામ નિર્ણયો મોટા ભાગે સવારે નાસ્તાના ટેબલ પર લેવાતા. ઘરના સૌ સભ્યો – મોટો દીકરો અભય, વચલો અજય અને સૌથી નાનો અલય પોતપોતાના કામે નીકળી જતા. રાત્રે પાછા આવવાનો કોઈનો સમય નિશ્ચિત નહોતો. એટલે સવારનો નાસ્તો ઘરના બધા સભ્યો સાથે એક જ ટેબલ પર કરે એવો વસુમાનો ઘડેલો વણલખ્યો નિયમ આ ઘરમાં ઓછામાં ઓછા બે દશકાથી પળાતો આવ્યો હતો...

પોણા આઠે વસુમા જ્યારે રસોડામાં દાખલ થયાં ત્યારે વઘારાયેલાં બટાકાની સુગંધ એમના નાકમાં ઘૂસી ગઈ. પ્લૅટફોર્મ પર પૌંઆ પલાળીને મૂકી દેવાયા હતા. ત્રણ છોકરાઓના દૂધના મગ તૈયાર હતા. વૈભવીની બ્લૅક કૉફી, અલયની બ્લૅક ટી, બાજુમાં લીંબુનો ટુકડો અને વસુમાની લીલી ચા અને ફૂદીનો નાખેલી ચાની સુગંધ આખાય રસોડામાં મહેંક મહેંક થતી હતી.

“તું રોજ સવારે આટલી ઉતાવળ કેમ કરે છે?” વસુમાએ પૌંઆમાં નાખવા માટે લીલાં મરચાં સમારવા માંડ્યાં.

“કારણ કે મારે કૉલેજ જવાનું હોય છે.” જાનકીએ કહ્યું. હમણાં જ નહાયેલી જાનકી પીળા સ્કર્ટ અને બ્લાઉઝમાં સૂરજમુખી જેવી લાગતી હતી. એના ભીના લાંબા વાળ એના ખભા પાછળ સીધા ઓળાયેલા હતા. એમાંથી હજીય પાણી ટપકી રહ્યું હતું. એનું સ્કર્ટ અને પીળું ટોપ પીઠથી શરૂ કરીને કમરથી નીચે સુધી ભીનાં થઈ ગયાં હતાં. જૂન મહિનાની ગરમીને કારણે એના કપાળ પર, નાક નીચે અને ગળામાં પરસેવાનાં બુંદ જામ્યાં હતાં. ટોપની બાંયથી એણે પરસેવો લૂછ્યો, “હું નહોતી ત્યાં સુધી બરાબર છે મા... પણ હું આવી ગઈ ત્યારથી સવારની જવાબદારી તો મારે લેવી જ જોઈએ. પછી તો હું જતી રહું છું, આખો દિવસ તો તમે સંભાળો જ છો ને?” એણે કહ્યું અને વસુમાની ઊકળતી ચા સાણસીથી પકડીને કાંસાના કપ-રકાબીમાં કાઢી... પ્લેટફોર્મની બાજુમાં જ બનેલા નાનકડા બ્રેકફાસ્ટ ટેબલ ઉપર મૂકી. વસુમા એક હાઈ ચેર ખેંચીને

બ્રેકફાસ્ટ ટેબલ પાસે બેઠાં. જાનકી ચા-કૉફીની તૈયાર ટ્રે હાથમાં ઊંચકીને બહાર જવા લાગી.

"આ સાવ ખોટી ટેવ પાડી છે તેં બધાને." વસુમાએ કહ્યું, "વૈભવીને એના રૂમમાં કૉફી, અલયને એના રૂમમાં ચા અને છોકરાઓને પોતપોતાના રૂમમાં દૂધ આપવાની શી જરૂર છે? ટેબલ પર મૂકી દેવાનું, આવીને પી લેશે બધાં પોતાની મેળે. ખોટાં લાડ છે બધાં."

જાનકીએ ટ્રે પ્લેટફોર્મ પર પાછી મૂકી દીધી. પછી હાઈ ચેર પર બેઠેલાં વસુમાને પાછળથી વળગી.

"લાડ કદી ખોટાં હોય જ નહીં! મને નથી મળ્યાંને, એટલે મને ખબર છે લાડની કિંમત..." ગળું ભરાઈ આવ્યું એનું. "એક અનાથ છોકરીને પૂછો લાડની કિંમત શું હોય છે? હાથમાં આપણું નામ લખેલું એલ્યુમિનિયમનું મગ લઈને ઊભા રહેવાનું, ડોયાથી દૂધ નાખે, થોડું અંદર પડે ને થોડું બહાર, ક્યારેક હાથ પર દાઝે, પણ બોલવાનું નહીં... મોળું દૂધ અને આગલા દિવસની ભાખરી ખાઈને બીજાનાં ઉતારેલાં મોટાં પડતાં કપડાં પહેરીને બહુ જીવી હું... હવે જે મને નથી મળ્યું એ ભરપૂર આપવું છે મારે બાળકોને... અને ઘરના સૌને."

વસુમાએ પોતાના ખભા પર મુકાયેલા જાનકીના હાથ પર પોતાનો હાથ મૂકી દીધો. વસુમાના હાથ ઉપર જાનકીની આંખમાંથી બે ઊનાં ઊનાં ટીપાં પડી ગયાં.

"જા હવે લાડ કરી આવ બધાંને..." વસુમાએ કહ્યું. ચાનો બીજો ઘૂંટડો ભર્યો અને ઉમેર્યું, "મને શાંતિથી ચા પીવા દે."

પોતાની આંખમાં પાણી આવે અને કોઈ જુએ એ વસુમાને નહીં ગમે એની જાનકીને ખબર હતી. જાનકીએ એમને એકલાં છોડી દીધાં અને પોતે વૈભવીના રૂમ તરફ આગળ વધી ગઈ.

ટક... ટક... ટક... વિનિયરના દરવાજા પર ટકોરા પડ્યા. વૈભવીએ એના વાળમાં માથું નાખીને, એને લપેટાઈને ઊંધા સૂતેલા અભયને ધક્કો માર્યો અને પોતાની સ્લિપરમાં પગ નાખી ગાઉન પહેરતી દરવાજો ખોલવા આગળ વધી. અભયે બૂમ પાડી "એય... મારાં કપડાં..." વૈભવીએ હસીને અભયના શરીર પર રજાઈ નાખી અને બારણું ખોલવા આગળ વધી ગઈ. બારણું ખોલીને વૈભવીએ સ્માઇલ કર્યું, "મારી ઘડિયાળ મોડી પડે, પણ કૉફી ક્યારેય નહીં..."

"તમારી ઘડિયાળ રાતના બહુ મોડી બંધ થાય છે ને, એટલે સવારે મોડી પડે છે..." જાનકીએ હસીને કહ્યું અને કૉફીનો મગ નાનકડા નેપ્કિન સાથે વૈભવીના હાથમાં પકડાવ્યો. "જલદી તૈયાર થઈને નીચે આવો, આઠ વાગી ગયા છે." જાનકી આગળ વધી ગઈ. વૈભવીએ બારણું બંધ કરીને મોઢું મચકોડ્યું અને ચાળા પાડ્યા, "હંહ! બહુ સારી બનવાની ટ્રાય કરે છે, પણ એથી કંઈ વસુમા એડોપ્ટ નહીં કરી લે. એનું એડ્રેસ તો એ જ રહેશે. કેર ઑફ અનાથાશ્રમ." એણે અભયને કહ્યું.

"ડિસઘસ્ટિંગ" રજાઈ ફેંકીને અભય ઊભો થયો. "દરેક વખતે અનાથાશ્રમની વાત કરવી જરૂરી નથી. તું આઈ.એ.એસ.ની દીકરી છે એ નસીબ છે તારું...તું જાનકીની જગ્યાએ અને જાનકી તારી જગ્યાએ હોત તો?"

"તો તારી જગ્યાએ અજય મજા કરતો હોત." વૈભવીએ કહ્યું, "ને તું પેલી અનાથાશ્રમવાળી જોડે માથાં ઝીંકતો હોત." અને બાથરૂમ તરફ જતી રહી.

અભય ડ્રેસિંગરૂમમાં દાખલ થઈને વૉર્ડરોબનો દરવાજો પછાડીને પોતાનાં કપડાં શોધવા માંડ્યો...

*

"આહ!" એક હળવી ચીસ સાથેની અલય જાગ્યો. "શું કરો છો, ભાભી?" એના અવાજમાં કાચી ઊંઘમાંથી ઊઠ્યાની ચીડ હતી.

"આઠ ને પાંચ થઈ છે. તમારી પાસે ફક્ત પચીસી મિનિટ છે." જાનકીએ કહ્યું. એણે ઊંઘતા અલયને ઉઠાડવાના બધા પ્રયત્નો કર્યા પછી છેવટે એની આંગળી લઈને ગરમ ચામાં બોળી હતી. જાનકીની બધી જ મહેનત પછી આ ગરમ ચામાં આંગળી બોળાવાથી અલય સફાળો જાગ્યો હતો...

"આ રોજ સાડા આઠનો કાર્યક્રમ શા માટે હોય છે?" અલયનો અવાજ હજી ઊંઘરેટો હતો. જાનકી બહાર જાય તો એ ફરી ઊંઘી જવાના મૂડમાં હતો, પણ જાનકીએ એનું ઓઢવાનું વાળવા માંડ્યું, "ચલો, ચલો..." જાનકીના અવાજમાં એક આદેશ હતો. એ બાથરૂમમાં ગઈ, બ્રશ ઉપર પેસ્ટ કાઢીને એણે અલયના હાથમાં પકડાવી.

"ઊંહ!" અલયે કહ્યું.

પોતાના ભીના વાળમાંથી અલયના મોઢા પર પાણી છટકોરીને જાનકી બહાર જવા લાગી. "વીસ મિનિટ" એણે કહ્યું અને હસતી હસતી નીકળી ગઈ.

અલયે ચહેરા પરથી પાણી લૂછ્યું અને બાજુમાં પડેલું છાપું ઉપાડ્યું. અલય પોતાનું જુદું છાપું મંગાવતો. એને ચૂંથાયેલું-ચોળાયેલું છાપું વાંચવું ના ગમતું અને એ મોડો ઊઠતો એટલે સ્વાભાવિક રીતે જ એના ઊઠતા પહેલાં છાપું ચાર-પાંચ હાથમાંથી ફરીને એના સુધી આવતું.

અલયે પોતાની ખાસ કોપી ઉઘાડી. મોઢામાં બ્રશ નાખ્યું અને ઘસવા માંડ્યું. ગીઝરની સ્વિચ ચાલુ કરી...

અને, ચોથા પાના પર છપાયેલી જાહેરાત જોઈને એની આંખો પહોળી થઈ ગઈ. બ્રશ મોઢામાં જ અટકી ગયું. એણે જાહેરાત ફરીથી વાંચી. કોઈ ભૂલ નહોતી થતી. થઈ શકે જ નહીં. બધું એ જ... વિગતો પણ એ જ... સમયગાળો પણ એ જ... ભાષા પણ એ જ... પણ આવું કેમ થયું હશે? કેમ કર્યું હશે માએ આવું?

હવે અલય નીચે જવા ઉતાવળો થઈ ગયો. એને ખાતરી હતી કે બ્રેકફાસ્ટ ટેબલ ઉપર આની ગરમાગરમ ચર્ચા થવાની. એ માનતો હોય કે ના માનતો હોય, મા સાથે સંમત હોય કે નહીં, પણ માનો પક્ષ લેવા એણે નીચે હાજર રહેવું જરૂરી હતું. અચાનક અલય ચોંક્યો. એનો મોબાઇલ ક્યારનો રણકી રહ્યો હતો. બ્રશ પૂરું કરીને એણે મોબાઇલ ઉપાડ્યો અને એક તાજો-હસમુખો અવાજ અલયના કાનમાં ગુંજી ઊઠ્યો.

"સૂર્યવંશી, ફોન ઉપાડ્યો ખરો. ક્યારનો ટ્રાય કરું છું... તારી ઊંઘ કેમ નથી ઊડતી?" નીરવે કહ્યું. પછી ગંભીર થઈને તરત જ ઉમેર્યું, "મેં છાપું જોયું. તું રિએક્ટ નહીં થતો, હું આવું છું." અલયે કશું કહ્યા વિના ફોન કાપી નાખ્યો. બાથરૂમમાં જઈને શાવર ચાલુ કર્યો. શરીર પર પાણીનાં ટીપાં પડ્યાં ત્યારે જ એને ખ્યાલ આવ્યો કે એ કપડાં સોતો જ નહાવા ઘૂસી ગયો હતો.

એ જાહેરાતે એને એટલો તો વિચલિત કરી નાખ્યો હતો કે એનું મગજ કામ કરતું બંધ થઈ ગયું હતું.

અજયે ચોથી વાર વાંચીને ફરી એક વાર છાપાની ગડી વાળી... પછી તૈયાર થતી જાનકી સામે જોયું. "જો,

માને જે ગમ્યું તે ખરું, એને અધિકાર છે એની જિંદગી જીવવાનો. આજ સુધી એ ફક્ત આપણા માટે જીવી... હવે એને પણ એની રીતે એને માટે જીવવું હોય કે નહીં?" અજયે ઊંઘતા ત્રણ વર્ષના હૃદયના માથે હાથ ફેરવ્યો. "હૃદય, ઊઠો બેટા..." એણે કહ્યું અને હૃદય ફરી એક વાર પડખું ફરીને ઊંઘી ગયો.

જાનકી સાડીની પાટલી વાળતી હતી. "સાચી વાત છે, આજે નાસ્તાના ટેબલ પર તમે આ જ સ્ટેન્ડ લેજો અને બોલજો, મહેરબાની કરીને. ચૂપચાપ બેસી ના રહેતા. હંમેશની જેમ." એ અરીસામાં જોઈને બોલતી હતી. એણે સ્ટાર્ચ કરેલી સુતરાઉ સાડીને સફાઈથી ખભા પર ગોઠવીને પીન કરી. વાળ હજી ભીના હતા. એણે વાળ છૂટા જ રહેવા દીધા અને બહારની તરફ જવા લાગી. "ચલો, સાડા આઠ થયા." એણે અજયને કહ્યું. અજય ઊભો થયો અને જાનકીની સાથે બહારની તરફ ચાલ્યો. જાનકીએ ફરી એક વાર અજયની આંખમાં આંખ નાખીને કહ્યું, "માએ કશું જ ખોટું કર્યું નથી અને તમે મહેરબાની કરીને માના પક્ષમાં જોરદાર દલીલો કરજો." પછી હસીને ઉમેર્યું, "તમારી વકીલાત શું કામમાં આવશે?"

"વકીલાત?" અજયના ચહેરા પર જાણે કાજળો ઢળી ગયો. "એક નિષ્ફળ વકીલ શું દલીલો કરવાનો? જો જોરદાર દલીલો કરી શકતો હોત તો અભયભાઈની જેમ નોટો છાપતો ના હોત?"

"નોટો છાપવી એ જ સફળતાની નિશાની છે?" જાનકી એની નજીક આવી ગઈ. "અજય, કોણ કહે છે તમે નિષ્ફળ છો - ખરેખર તો સફળ તમે જ છો જેણે આટલા બધા કાળા ડિબાંગ અંધારામાં પોતાની નિષ્ઠા, પોતાની શ્રદ્ધાને અખંડ- અકબંધ રાખી છે, આ ભેળસેળની દુનિયામાં. શુદ્ધતાની કસોટી આકરી જ હોય - અજય, ને પુરવાર થયેલી શુદ્ધતાની કિંમત પણ ઊંચી હોય. આપણે હવે શિખરે પહોંચવાની આણીએ ડગલાં મૂકવા માંડીશું, હેં?" જાનકી બોલતાં બોલતાં અજયની એકદમ નજીક આવી ગઈ. એ મા પોતાના બાળકને વહાલ કરે એટલી વિશુદ્ધ લાગણીથી એણે અજયના ચહેરા પર હાથ ફેરવ્યો અને કહ્યું, "અજય, તમને પ્રેમ કરીને પરણી છું હું. જાણું છું તમારે વિશે, તમારા ગુણ, તમારા દોષ, તમારી નબળાઈઓ વિશે અને તમારી આકાશને અડે એવી ઊંચાઈઓ..."

અજયની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. ગળું ભરાઈ આવ્યું. "જાનુ..." એટલું જ બોલી શક્યો અજય. પછી જાનકી એનો હાથ પકડીને બહાર નીકળી ગઈ.

વૈભવી, અભય સિવાયનાં બધાં લજ્જા, આદિત, જાનકી, અજય, અલય, વસુમા બધાં ટેબલ પર ગોઠવાઈ ગયાં હતાં. એક વજનદાર મૌન કોણ જાણે કેમ આજે બધાંની વચ્ચે ધુમ્મસ થઈને ઘુમરાઈ રહ્યું હતું. વાત પહેલી કોણ શરૂ કેર એની જ રાહ જોવાઈ રહી હતી.

"મા, મને પૈસા જોઈએ છે." અલયે વાત શરૂ કરી.

"મહિનાની આખરમાં તો પૈસા ક્યાંથી હોય બેટા?" વસુમાએ કહ્યું, "છતાં, કેટલા જોઈએ છે?"

"ત્રણ હજાર રૂપિયા. એન.એફ.ડી.સી.નું ફોર્મ ભરવાની આજે છેલ્લી તારીખ છે. મારી સ્ક્રિપ્ટ રેડી છે મા. ફર્સ્ટ શૉટ ટુ લાસ્ટ શૉટ. એ લોકો પંદર લાખ રૂપિયા આપે છે. યંગ ડિરેક્ટર્સની સ્કીમમાં..."

"ત્રણ હજાર?" વસુમાએ કહ્યુંઃ "એકદમ ક્યાંથી લાવું?" એ જ વખતે વૈભવી અને અભય ઉપરથી નીચે ઊતર્યા. "ભાભી, અલયને પૈસા જોઈએ છે." અજયે કહ્યું.

"એમાં નવું શું છે?" ઑફ વ્હાઇટ કલરનું પેટ દેખાય એવું ટૉપ અને જીન્સ પહેરીને નીચે ઊતરતી વૈભવીએ

કહ્યું. પછી જાનકી સામે જોઈને ઉમેર્યું, "આજના ન્યૂઝ તો કંઈક જુદા જ છે. આજનું છાપું ખૂબ ઇન્ટરેસ્ટિંગ છે, બધાંએ વાંચ્યું જ હશે ને? લેટ અસ ટૉક અબાઉટ ધેટ." વૈભવીએ કહ્યું અને એક સોપો પડી ગયો.

"બોલ મા કેટલા પૈસા જોઈએ છે?" અભયે કહ્યું અને પાછલા ખિસ્સામાંથી વૉલેટ કાઢ્યું.

અલયે વૈભવીના ચહેરા પર આંખો નોંધી, "ન્યૂઝ તો ઇન્ટરેસ્ટિંગ છે, પણ આ ઘરમાં વસતા ઇમોશનલ લોકો માટે, સેન્સેશન નથી આ..." અને પછી ઉમેર્યું, "નથી જોઈતા."

"અરે! હમણાં તો કહ્યું કે જોઈએ છે." અજયે સમજ્યા વિના વાત આગળ વધારી. વસુમા અને જાનકીના ચહેરા પર અકળામણ સ્પષ્ટ રીતે ઊપસી આવી.

"ચાચુને એન.એફ.ડી.સી.નું ફોર્મ ભરવાનું છે. યંગ ડિરેક્ટર સ્કીમમાં... ફોર થાઉઝન્ડ રૂપિસ જોઈએ છે." લજ્જાએ કહ્યું અને સામે બેઠેલા અલયને આંખ મારી. "બાય ધ વે, ન્યૂઝ શું છે?" લજ્જાએ પૂછ્યું.

આદિત પહેલા રિએક્ટ થવા ગયો, પછી નીચું જોઈ બટાકા પૌંઆની ચમચી ભરીને મોઢામાં મૂકી.

"ચાર હજાર ને? હા, હા તે લેને." અભયે વૉલેટમાંથી પાંચસો-પાંચસોની આઠ નોટ કાઢી અલય તરફ લંબાવી.

"નથી જોઈતા કહ્યું ને?" અલય અકળાયેલો હતો.

"લઈ લે, હું અભયને આવતા મહિને આપી દઈશ." વસુમાએ કહ્યું. "હવે પછી પૈસા જોઈતા હોય તો છેલ્લી ઘડીએ નહીં કહેતો"

"હા.. હા... મા પાસે હોય કે નાયે હોય, પછી અભય પાસે માગવા પડે અને તમારા સ્વમાનને નકામી તકલીફ પહોંચે. લઈ લો, લઈ લો. તમારે માટે તો કમાય છે તમારા ભાઈ. બંને ભાઈઓને છૂટા હાથે પ્રેમથી આપે છે અને મા પાછા પણ આપી જ દેવાનાં છે ને." વૈભવી ખુરશી ખેંચીને બેસી ગઈ અને એણે અલય સામે જોયું.

"આજે તો ખાસ ચર્ચા થવાની છે. માએ ક્રાંતિકારી પગલું લીધું છે. મા, વ્હૉટ મેઈડ યુ ડુ ધીસ?"

"એમની જરૂરિયાત." જાનકીએ કહ્યું અને વૈભવીની આંખોમાં આંખો નાખી, "આજ સુધી એમણે ફક્ત આપણો જ વિચાર કર્યો છે. ક્યારેક પોતાનો વિચાર કરે તો આપણને પ્રશ્ન પૂછવાનો અધિકાર નથી."

"કયા હિસાબે છાપી છે આ જાહેરખબર? એક વધારાનો માણસ આવશે અહીં, એ પડશે તો અભયને જ માથે ને?"

લજ્જાએ એની મા સામે અવાજ ઊંચો કરીને કહ્યું, "ન પણ આવે. ધારો કે એ હોય જ નહી તો?"

"શટ્ અપ." વૈભવીએ કહ્યું, "આ મોટાઓની વાત છે."

"આમ તો રોજ કહે છે કે તું મોટી થઈ ગઈ છે. આ આપણા ઘરની, કુટુંબની વાત છે અને મને રાઈટ છે બોલવાનો..."

"લજ્જુ, ઈનફ." અભયે કહ્યું અને પછી બહુ જ મૃદુતાથી વસુમા સામે જોયું અને કશું જ ન ચુંથાય એવો ખ્યાલ રાખીને ખૂબ શાંતિથી કહ્યું, "મા, શું જરૂર હતી આ બધું કરવાની? આપણે શાંતિથી જ રહીએ છીએ ને? હવે

આટલાં વરસે...”

“જરૂર મને હતી.” વસુમાનું વાક્ય પૂર્ણવિરામની જેમ આવ્યું. એમને લાગ્યું કે ચર્ચા ખોટી દિશામાંથી શરૂ થઈ અને સાવ ખોટી દિશામાં ફંટાઈ ગઈ.

અલય ખુરશીને ધક્કો મારીને ઝટકા સાથે ઊભો થયો. “નથી જોઈતા મારે પૈસા. આઈ એમ ગોઈંગ” અને અલય બહાર નીકળી ગયો.

“નાસ્તામાં શું છે? ઉફ! બટાકા પૌંઆ.” વૈભવીએ કહ્યું અને એણે મોઢું બગાડ્યું. એ પણ ખુરશીને ધક્કો મારીને ઊભી થઈ ગઈ અને ઉપરની તરફ ચાલી ગઈ.

પથ્થરના બાવલા જેવાં બાકીના લોકો ત્યાં જ બેસી રહ્યાં. પછી, આદિતે બહુ જ મૃદુતાથી, હળવેકથી વસુમા તરફ જોયું અને લગભગ હોઠ ફફડાવતો હોય એટલા ધીમેથી કહ્યું, “આઈ એમ સૉરી દાદીમા!”

વસુમાના ટેબલ પર પેલી જાહેરાતવાળું અખબારનું પાનું પંખાની નીચે ફડફડ અવાજ કરતું હલી રહ્યું હતું. જાણે પોતાની હાજરી નોંધાવતું હોય...

આ જાહેરાતની ચર્ચા શરૂ થતાં જ એક ભયાનક તોફાન આવ્યું હતું ‘શ્રીજી વિલા’માં... એ તોફાનની સાથે એક એવું નામ ફરી લેવાયું હતું, જે આ ઘરમાં કેટલાંય વર્ષોથી લેવાતું નહોતું અને છતાં એ નામ આ ઘરની ઈંટે ઈંટમાં, આ ઘરની ક્ષણે ક્ષણમાં, આ ઘરના દરેક સભ્યોના જીવનની પ્રત્યેક પળમાં વણાઈને, જોડાઈને જીવતું હતું!

એ નામ મનમાંય ઉચ્ચારતાં વસુમાનું હૃદય એક થડકારો ચૂકી ગયું. એમની આંખોમાંથી આંસુના બે ટીપાં પેલી જાહેરાત પર પડ્યાં અને ન્યૂઝ પ્રિન્ટ પર વિસ્તરતાં ગયાં, જાણે એ જાહેરાતને વસુમાનાં આંસુથી પલાળી નાખવી હોય એવી રીતે!

* * *

2

વિલે પાર્લે સ્ટેશનની પાસે લીલાછમ બગીચાની વચ્ચોવચ આવેલા શ્રીજી વિલાની સવાર આજે બહુ સારી નહોતી જ પડી.

વૈભવી જે બોલી એનાથી અલય અને અજય નાસ્તો કર્યા વિના જ પોતપોતાના રસ્તે પડી ગયા. લજ્જા ખાધું - ન ખાધું કરીને બહાર નીકળી ગઈ. આદિત્યે દાદીમાની માફી તો માગી પણ, આ આખીય ઘટનામાં એનુંય દિલ દુભાયા વિના નહોતું રહ્યું...

અને, સૌથી વધારે દિલ દુભાયું હતું વસુમાનું.

આટલાં વરસો એમણે કદીય પોતાનો વિચાર જ નહોતો કર્યો. આ ઘર, આ કુટુંબ અને બાળકો માટે જ જીવ્યાં હતાં એ. એમને શું ગમે છે અથવા એમને શું જોઈએ છે, એવું વિચારવાનો પણ સમય નહોતો મળ્યો એમને. એમની નજર સામે પડેલા છાપામાં છપાયેલી જાહેરાત જાણે એમની સામે જોઈને હસી રહી હતી અને કહી રહી હતી, “લે! બહુ વિશ્વાસ હતો તને તો તારા છોકરાઓ પર. કોઈએ તારી ચિંતા કરી!?” વસુમાની આંખમાંથી આંસુનાં બે ટીપાં પડી ગયાં, એ જાહેરાત ઉપર.

સામે બેઠેલી જાનકીએ એ જોયું. એ ઊભી થઈ અને વસુમાની બાજુમાં બેઠી. એણે વસુમાના ખભે હાથ મૂક્યો, “મા, શા માટે જીવ બાળો છો? વૈભવીભાભીને તો ટેવ પડી છે.”

“એને પડી હશે મને નથી પડી હજી. આટલાં વરસો પછી એક દિવસ ફક્ત એક દિવસ મે મારી રીતે જીવવાનો વિચાર કર્યો તો આ ઘરનાં બધાંને...”

“બધાંને નહીં મા. બધાંને નહીં જ... જુઓ તમે જે કરો એમાં હું અને અજય તમારી સાથે જ છીએ. અમારે માટે હવે તમારા સુખથી વધુ કશું જ નથી રહ્યું મા. હું પરણીને આવી એ ક્ષણે જ વૈભવીભાભી બોલ્યા હતા, જાતનું ઠેકાણું નથી, બાપનું ઠેકાણું નથી, આવી છોકરીને તે કંઈ ઘરની વહુ બનાવાય? અને તમે કહ્યું હતું કે આજથી એનાં માબાપ, ભાઈ-બહેન, સગાંવહાલાં બધાંનું નામ વસુંધરા મહેતા છે અને, એની જાત. આપણા સૌથી ઊંચી છે. કારણ કે એ માનુષી છે.”

“પાંચ વરસ થયાં તને પરણે, પણ ભૂલતી જ નથી. શા માટે એ બધું યાદ કરે છે જેનાથી તને દુ:ખ પહોંચે છે...” વસુમા જાણે ભૂતકાળમાં ખોવાઈ ગયાં.

“તમે ભૂલી ગયાં છો?” જાનકીએ પૂછ્યું. પછી વસુમાની આંખોમાં જોયું અને ભીની આંખે ફરી પૂછ્યું, “કહોને, ભૂલી ગયાં છો? બધું?”

વસુમાનો ચહેરો એકદમ સ્વસ્થ હતો. જાનકીના સવાલથી જરાય વિચલિત નહોતાં થયાં એ. એમણે કાંસાના કપ-રકાબી હાથમાં ઉપાડ્યાં. હૂંફાળી ચાનો એક ઘૂંટડો ભર્યો અને જાનકીની આંખોમાં જ જોઈને કહ્યું, “તું રોજ એકસરખી ચા કેવી રીતે બનાવે છે?”

“વાત બદલવાની તમારી સ્ટાઇલ ગમી મને... પણ મા, અત્યારે તમારી વચલી વહુ નથી, તમારી દીકરી છું હું... અને એટલે જ કહું છું કે તમે નથી ભૂલ્યાં... કશુંયે નથી ભૂલ્યાં. જો ભૂલી ગયાં હોત તો આજના

અખબારમાં આવી રીતે...”

“નથી જ ભૂલી. તું જ કહે ને મને, કોઈ ભૂલી શકે? ચાર સંતાનોની મા છું. આજ સુધી ફક્ત મા બનીને જીવતી રહી. બાળકોને મારા ભાગના પ્રેમની સાથોસાથ એમના પિતાના ભાગનો પ્રેમ પણ આપ્યો. મારી ફરજની સાથોસાથ એમના પિતાના ભાગની ફરજો પણ પૂરી કરી. કોઈ ઉપકાર નથી કર્યો, મારી ફરજ હતી એ પણ હવે, મારી અંદરની એક સ્ત્રી, એક પત્ની પોતાના ભાગની જિંદગી જીવવા માગે છે.” વસુમાનો અવાજ ભીનો થઈ ગયો. આંખો હજીય કોરી હતી. જાનકીએ ખૂબ ધ્યાનથી જોયું એમના તરફ. એ જોઈ જ રહી...

“આ સ્ત્રી... એક શરીરમાં બબ્બે આત્મા સાથે જીવી ગઈ બંધ આંખે આખું આયખું કાઢી નાખ્યું. અને, આજે જ્યારે એ આંખો ઉઘાડીને પોતાના ભાગનું આકાશ જોવા માગે છે, તો એમાં એ વધારાનું શું માગે છે?” જાનકીના મનમાં વિચાર આવ્યો. એણે વસુમાના ખભા પર મૂકેલો પોતાનો હાથ દબાવ્યો. પછી ઊભી થઈ અને બીજો હાથ પણ એમના ખભા પર મૂક્યો, “મા, જીવો, જરૂર જીવો તમે તમારા ભાગની જિંદગી. તમને હવે તમારી પળેપળ પોતાની રીતે જીવવાનો સંપૂર્ણ અધિકાર છે મા.” એણે એમના બંને ખભા ઉપર હાથની પકડ જોરથી કસી. જાણે એમને સધિયારો આપતી હોય. પછી એમના ખભા થપથપાવ્યા અને પાછળથી જ ચાલી ગઈ. જાણે વસુમાની નબળાઈની એક ક્ષણની સાક્ષી બનીને એમને નાના થવા દેવા માગતી ન હોય એમ!

*

“આ બધું નાટક છે.” વૈભવી પોતાના વાળ બ્રશ કરી રહી હતી. એણે સવારે પહેરેલું ટોપ બદલીને એક બ્લડ રેડ કલરનું સ્પેગેટી ટૉપ પહેર્યું હતું, જેની છાતી પર ચમકતું પતંગિયું ચીતરેલું હતું. બ્લડ રેડ કલરની લિપસ્ટિક અને એવા જ રંગના મેચિંગ સેમી પ્રેશિઅસ સ્ટોનના ઈયર રીંગ એના ચહેરાને એક જુદી જ ઓળખાણ આપી રહ્યા હતા. વાળ બ્રશ કરીને એણે ડ્રેસિંગ ટેબલનો કાચ ખોલ્યો. એની પાછળ વિશ્વભરના પરફ્યુમ્સની એક નાનકડી દુકાન હતી. ‘ટોમી ગર્લ’ કાઢીને એણે રીતસર આખા શરીર પર છાંટ્યું. પછી પાછળ બેસીને લેપટોપ પર કામ કરી રહેલા અભય સામે જોયું.

“તું તો કંઈ બોલીશ જ નહીં, ખરું ને?”

“હું શું બોલું?” અભયે કહ્યું. એનું ધ્યાન હજુ લેપટોપમાં જ હતું.

“તમે...

જ્યાં હો, ત્યાં આ વાંચો તો એટલું માનજો કે મેં તમને યાદ કર્યા છે. આ પચ્ચીસ વરસો દરમિયાન એક દિવસ પણ તમને યાદ ન કર્યા હોય કે તમારી રાહ ન જોઈ હોય એવું નથી બન્યું. મારી પચ્ચીસ વરસોની પ્રતીક્ષાને અંતે જો તમને એમ લાગતું હોય કે તમારે મારે માટે કંઈ કરવું જોઈએ તો ઘરે પાછા આવો.

હું તમારી રાહ જોઈશ.

આ જાહેરાત છપાયાના અડતાળીસ કલાક દરમિયાન જો તમે મને સંપર્ક નહીં કરો તો હું માનીશ કે આપણી વચ્ચેનો પુલ તૂટી ગયો છે.

— તમારી વસુંધરા.”

વૈભવી નાટકીય રીતે મોટે મોટેથી જાહેરખબર વાંચતી હતી. વચ્ચે વચ્ચે આંસુ લૂછવાની એક્ટિંગ પણ કરતી હતી. જાણે ડૂસકાં ભરતી હોય એવો અવાજ પણ કરતી હતી.

"ઈનફ, વૈભવી." અભયે લેપટોપમાંથી નજર ઉઠાવી.

"અચ્છા! આટલું બધું લાગી આવે છે?"

"મારી માના ઈમોશન્સનો સવાલ છે આ. કશુંક બહુ જ કીમતી અને નાજુક છે, જેને તું ખૂબ જડ અને ચીપ રીતે રજૂ કરી રહી છે."

"આવું ભયાનક પગલું લેતાં પહેલાં એમને આપણને પૂછવાનીય જરૂર ના લાગી?"

"એ મા છે મારી. એ મને શું પૂછે?"

"આ ઘરમાં આવશે એ માણસ. આટલા લોકોની લાયેબલિટી ઓછી છે, તે એમને પ્લસ વન કરવું છે?"

"તને કદાચ ખબર નહીં હોય પણ તું એક એવા માણસ વિશે વાત કરી રહી છે..." વૈભવીએ એને વાક્ય પૂરું જ ન કરવા દીધું અને જોરથી હસી પડી. પછી, ખુરશી પર બેઠેલા અભયની ખુરશીના બંને હાથા પકડી અને ઝાટકાથી રિવૉલ્વિંગ ચેર પોતાની તરફ ફેરવી પછી, પોતાના લૉ નૅક સ્પેગેટી ટોપમાંથી સ્તનોની કંદરા સ્પષ્ટ દેખાય એમ ઝૂકીને અભયની આંખોમાં આંખો નાખી. અને, એનું વાક્ય અડધેથી કાપીને કહ્યું, "હું એવા માણસ વિશે વાત કરી રહી છું, જે પોતાની પત્ની અને સંતાનોને પચ્ચીસ વરસ પહેલાં છોડીને ભાગી ગયો હતો."

"ભાગી નહોતો ગયો." અભયનો અવાજ ફાટી ગયો.

"ઓ.કે. નાસી ગયો હતો." બોલીને ફરી હસી વૈભવી. વાગે એવું. "વિલ ધેટ ડુ?"

"વૈભવી, હું તને ફરી એકવાર કહું છું કે તું જ્યારે એ માણસ વિશે વાત કરે..."

"હું એ માણસ વિશે કોઈ વાત કરવા જ નથી માગતી. હું માનું છું કે એ જીવતો જ નહીં હોય." ઉશ્કેરાટમાં અભયનો હાથ ઊંચો થઈ ગયો. વૈભવીએ ઊંચો થયેલો એ હાથ વચ્ચેથી પકડી લીધો અને પોતાની પકડ એ હાથ પર સખત કરીને રિવોલ્વિંગ ચેરને ધક્કો માર્યો. "મારી જીભ અને તારો હાથ બંને કંટ્રોલમાં નથી રહેતાં. પણ હું તને કહી દઉં કે હું આજે આ વાતની ચર્ચા કર્યા વિના નહીં રહું. અજય કમાતો નહોતો તોય પરણ્યો. અલય કોઈ ને કોઈ બહાને પૈસા માગે છે. અને હવે, એક બીજા માણસને બોલાવવા માટે છાપામાં જાહેરાતો છપાય છે. શું ચૂકવ્યું હશે તારી માએ ભારતભરનાં છાપાંઓમાં આ જાહેરખબર આપવા માટે? એને બદલે અલયને એનએફડીસી માટે પૈસા આપ્યા હોત તો?"

"હું આ ઘરનો મોટો દીકરો છું. મારી જવાબદારી છે આ ઘરના ખર્ચા પૂરા કરવાની. મારી માએ મને પેટે પાટા બાંધીને..."

"કેટે પાટા બાંધીને ઉછેર્યો છે. એકલા હાથે બિચારી અબળાએ ચાર-ચાર સંતાનો ઉછેર્યાં." વૈભવીએ તાળી પાડી. "ઍવોર્ડ આપો એમને. સમારંભ કરો એના માનમાં. કેટલું અઘરું અને ઈમ્પોસિબલ કામ કર્યું છે! એક માએ પોતાનાં સંતાનોને ઉછેર્યા છે." વૈભવીની આંખોમાં એક ઉપહાસ હતો જે જોઈને અભયને પોતાની જાત

માટે ઘૃણા થઈ આવી. એણે લેપટોપ બંધ કર્યું અને ચાલવા માંડ્યું.

"ક્યાં જાય છે?" વૈભવીએ એનું બાવડું પકડ્યું.

"ઑફિસ, બીજે ક્યાં?" અભયે કહ્યું.

"પણ હજી તો નવ ને વીસ થઈ છે. તું તો રોજ પોણા દસે નીકળે છે."

"રસ્તામાં કામ છે." અભયે બાવડું છોડાવવાની કોશિશ કરી.

"શું કામ છે?" વૈભવીએ હવે બાવડા સાથે બીજા હાથે કાંડુંય પકડી લીધું અને અભયની નજીક આવી ગઈ. એના પરફ્યુમની સુગંધ એક ઊંડા શ્વાસ સાથે અભયના મગજ સુધી જતી રહી. એણે ઝાટકો મારીને બાવડું છોડાવ્યું. "બધી વાતનો તને હિસાબ આપવો જરૂરી નથી." અને, એ બારણું ખોલીને સડસડાટ બહાર નીકળી ગયો.

"મિજાજ તો જુઓ.. કો'કના ટુકડા પર મોટા થયેલા માણસમાં સત્તરખાનીનો મિજાજ છે. મા, દીકરો બેય સરખાં છે.

*

પોતાના પર્સમાંથી છાપુ કાઢીને '4 લિમિટેડ'માં બારી પાસે બેઠેલી જાનકીએ ફરી એક વાર જાહેરાત વાંચી. સાવ સામાન્ય લાગતી સાદી રીતે લખાયેલી એ જાહેરાતના શબ્દેશબ્દમાંથી વસુમાનું દુ:ખ પડઘાતું હતું. એણે છાપું વાળીને ફરી પર્સમાં મૂક્યું અને બારીની બહાર જોવા માંડી...

જાનકીને સમજાતું નહોતું કે એણે શું કરવું જોઈએ? વૈભવી જે રીતે વર્તી, એ રીતે ઘરની સવાર તો બગડી જ હતી. વસુમાનો દિવસેય બગડવાનો હતો એ નક્કી હતું. મોઢામાંથી એક શબ્દય ન બોલતી એ સ્ત્રી લાકડાના જૂના પટારાની જેમ પોતાની અંદર કેટલુંય સંઘરીને બેઠી હતી. એણે આજ સુધી કોઈનેય... કોઈ કરતાં કોઈનેય ફરિયાદ નહોતી કરી. પોતાનો સંઘર્ષ એકલા હાથે કર્યો હતો. ઝઝૂમી હતી સંજોગો સામે, એક વીરાંગનાની જેમ. ચાર-ચાર સંતાનોને એકલા હાથે ઉછેરવાં, અને એ પણ મુંબઈ જેવા શહેરમાં અઘરું તો હતું જ!

એક વાર જાનકીએ પૂછેલું એમને, "તમે ગામ કેમ ન જતાં રહ્યાં? શ્રીજી વિલા વેચી નાખ્યો હોત તો ઓછામાં ઓછા કરોડ રૂપિયા મળ્યા હોત..."

"શ્રીજી વિલાને તાળું કેમ મરાય બેટા? કદીક અધરાતે-મધરાતે એ પાછા આવે અને શ્રીજી વિલાને તાળું જુએ તો એ ક્યાં જાય બિચારા?!"

...અને જાનકી આ સ્ત્રીની શ્રદ્ધા પર, આશાવાદીપણા પર વારી ગઈ હતી. એણે અવાર-નવાર કૉલેજના વિદ્યાર્થીઓને ટી.એસ. ઈલિયટની કવિતાઓ ભણાવતાં સમજાવ્યું હતું કે, "કોઈ કલાક સાઈઠ મિનિટથી લાંબો નથી હોતો. દરેક રાત પછી સવાર ઊગે જ છે. માત્ર અંધકારનો સમય કાઢી નાખવાનો હોય છે..." પણ પોતે આટલી બધી હોપફુલ નહોતી બની શકતી.

"ભગવાન જાણે આ સ્ત્રી કઈ માટીમાંથી ઘડાઈ હતી? હારવાનું, છોડી દેવાનું કે શ્રદ્ધા ડગાવવાનું એ શીખી જ

નહોતી?!" જાનકીની બાજુમાં બેઠેલો અજય જાનકીને વિચારમગ્ન જોઈને પોતે પણ ચૂપચાપ બેઠો હતો. પછી છેવટે એનાથી ના રહેવાયું એટલે એણે જાનકીના હાથ ઉપર હાથ મૂક્યો. જાનકીએ ચોંકીને બાજુમાં બેઠેલા અજય તરફ જોયું.

"તને શું લાગે છે? એ આવશે?" હંમેશની જેમ અજયના અવાજમાં અશ્રદ્ધા હતી.

"ભગવાન કોઈનીય આટલી લાંબી પરીક્ષા ન કરી શકે. એ આવશે એ જરૂર આવશે." જાનકીની આંખોમાં શ્રદ્ધાના દીવડા ઝગમગતા હતા.

*

સ્કાય બ્લ્યુ કલરની બેન્ટ લી ગાડી લોંગ આઈલેન્ડના રસ્તે બહાર નીકળી અને ફ્રી વે ઉપર આગળ વધી. આગળ વ્હાઇટ કૅપ પહેરીને બેઠેલો શોફર સહેજ અસમંજસમાં હતો. રોજ સવારે ગાડીમાં બેસવા નીચે ઊતરે ત્યારે એના સાહેબ એને 'ગુડ મોર્નિંગ અબ્દુલ' કહેતા. પરીક્ષાઓ ચાલતી હોય તો બાળકોના પેપર્સ વિશે પૂછતા, પત્ની વિશે પૂછતા અથવા એના પિતાની તબિયતની ખબર પૂછતા. આજે પહેલી વાર સાહેબ આટલા ચૂપચાપ હતા.

છેલ્લાં સાડા છ વરસથી અબ્દુલ અહીં કામ કરતો હતો. એ પહેલાં એના પિતા સાહેબની નોકરી કરતા. પછી સાહેબે જ કહ્યું હતું, "મોઈનચાચા, હવે તમે આરામ કરો. અબ્દુલને ભારતથી અહીં બોલાવી લો." પિતાની નોકરી પૂરી થઈ હતી, પગાર નહીં. કોઈ પણ સરકારી નોકરીની જેમ મોઈનુદ્દીનનો અડધો પગાર ડૉલરમાં એના પેન્શન સ્વરૂપે એના પોતાના હાથમાં ભારત પહોંચી જતો. જ્યારે અબ્દુલનો પગાર મોઈનુદ્દીન કરતાં સો ડૉલર વધારીને એને કામે રાખી લેવામાં આવ્યો હતો.

ઈદ, દિવાળી, હોળી કે રમઝાન - તહેવારની મીઠાઈ કે જરૂરી વસ્તુઓ સાહેબના ઘેરથી ન મળી હોય, એવું ક્યારેય નહોતું બન્યું છેલ્લા અઢી દાયકામાં. મોઈનુદ્દીનનો પરિવાર સાહેબને લગભગ ખુદાની તોલે ગણતા.

એ સાહેબ, આજે તદ્દન ભળતા જ મૂડમાં હતા. હજી તો અબ્દુલ ગાડી કાઢે એ પહેલાં એને બે વાર ધમકાવી નાખ્યો. "ગાડી આટલી રેઈઝ કરાય?" અબ્દુલ નવાઈ પામી ગયો. આમ તો બધું નોર્મલ હતું. સાહેબના હાથમાં એમનું લેપટોપ હતું. બીજા હાથમાં ન્યૂયોર્ક ટાઇમ્સ અને ભારતથી આવેલા ગયા અઠવાડિયાનાં છાપાં હતાં. સાહેબ રોજની જેમજ બરાબર સાડા આઠે ગાડીમાં બેઠા હતા. ફ્રી વે પર ગાડીની અંદર રોજની જેમ જ છાપું વાંચતાં સાહેબે અચાનક જ જોરથી બૂમ પાડી, "ધીરે ધીરે... મારી નાખીશ મને?"

એ પછી ઑફિસના સ્ટાફને પણ આજે વારાફરતી ખાસ્સો એવો પ્રોબ્લેમ થતો રહ્યો. પોતે જ કહેલી વાત સાહેબ પોતે જ ભૂલી જાય અને અડધો કલાકમાં નવી ઇન્સ્ટ્રક્શન આપે... જૂની ઇન્સ્ટ્રક્શન ફૉલો ન કરવા વિશે ધમકાવી કાઢે અને એક્સપ્લેઇન કરો ત્યારે માફી માગે. આવું દસેક જણ સાથે થયું...

આખી ઑફિસનો લગભગ સાડા સાતસો જણનો સ્ટાફ આજે એકજ વાત કરતો હતો, "સરનું ફટક્યું છે. બોલાવે નહીં ત્યાં સુધી એમની આજુબાજુ નહીં જતા!"

સ્ટાફના સૌથી જૂના, લગભગ પચાસેક વર્ષથી નોકરી કરતા મધુકાંતભાઈને પણ નવાઈ લાગી હતી. આટલાં વરસોમાં સૂર્યકાન્તભાઈ કોઈ દિવસ આવી રીતે નહોતા વર્ત્યા. ઊલટાનું આટલા મોટા સ્ટાફને ફર્સ્ટ નેમ

બેઈઝીસથી ઓળખતા, એમના અંગત સુખ-દુ:ખોની જાણ રાખતા અને સતત સારી જ રીતે વરતતા. સૂર્યકાન્તભાઈએ મૅનેજિંગ ડિરેક્ટર તરીકે કારભાર સંભાળ્યો ત્યારથી શરૂ કરીને છેલ્લા બે-અઢી દાયકા દરમિયાન મધુકાન્તભાઈએ ક્યારેય એમને આવી રીતે વરતતા નહોતા જોયા.

“શું થયું હશે? પ્રભુને ખબર. પણ સાહેબ અપસેટ છે એ નક્કી!” અંદર જવું કે ન જવું એ વિશે મન સાથે વીસેક વાર ચર્ચા-વિચારણા કર્યા પછી મધુકાન્તભાઈ ઊભા થયા. સાહેબની કેબિન પાસે જઈને ફરી એક વાર એમણે મનને પૂછ્યું, “જવું છે ને?” પછી ‘સ્મિતા ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીઝ – એમ.ડી.’ લખેલા મોટા દરવાજાને ધકેલી મધુકાન્તભાઈ દાખલ થયા. સાહેબ પોતાના હાથમાં કશુંક પકડીને જોઈ રહ્યા હતા. મધુકાન્તના આવતાં જ એમણે એ ઝડપથી ખાનામાં મૂકી દીધું. મધુભાઈએ દરવાજામાં ઊભા ઊભા જ પૂછ્યું, “સાહેબ આવું.” “આવો ને.” સૂર્યકાન્તભાઈએ કહ્યું પરંતુ એમના અવાજમાં ન આવો તો સારું એવું સ્પષ્ટ સંભળાયું. સામાન્ય રીતે સૂર્યકાન્તભાઈ મધુભાઈને બેસવાનું કહેતા. જો ફ્રી હોય તો ચા-કૉફી મંગાવતા. આજે એમણે સીધું જ પૂછ્યું, “કંઈ કામ હતું?”

મધુભાઈએ કેબિનમાં નજર દોડાવી. છેલ્લાં વીસ વરસથી આ કેબિન આમ જ હતી. સ્મિતા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝની એક માત્ર માલિક સ્મિતા કૃષ્ણપ્રસાદ અને કૃષ્ણપ્રસાદ માધવલાલના મોટા મોટા ફોટોગ્રાફ્સ સૂર્યકાન્તની ખુરશીની પાછળ લટકતા હતા. મધુભાઈને જેટલી વાર આ કેબિનમાં આવતા એટલી વાર સૂર્યકાન્તની ખુરશી પર સ્મિતા બેઠેલી દેખાતી. દીકરીની જેમ રમાડી હતી સ્મિતાને એમણે. કૃષ્ણપ્રસાદની એકની એક લાડકી દીકરી આમ તો હાથથી ગઈ હતી. અમેરિકામાં રહેતાં-રહેતાં ભારતીય સંસ્કારોને તદ્દન ભૂલી ગયેલી એ છોકરી અચાનક બરફ વરસતી એક સાંજે એક માણસને ઘેર લઈ આવી હતી અને કહ્યું હતું, “ડેડ, વી આર મેરીડ.” ત્યારથી સૂર્યકાન્ત કૃષ્ણપ્રસાદના ઘરમાં રહેતો હતો. એ ક્યાંથી આવ્યો હતો? કોણ હતો? એવું સ્મિતાએ કોઈને કહ્યું નહોતું અને સ્મિતાને પૂછવાની કોઈની હિંમત પણ નહોતી...

સૂર્યકાન્તના આવ્યા પછી બિઝનેસ ચાર-છ-આઠ-દસ ગણો વધ્યો હતો. વન થાઉઝન્ડ કરોડ ઇન્ડિયન રૂપિઝની કંપની ‘સ્મિતા ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીઝ’ ડાયમન્ડ માર્કેટમાં રાજ કરતી હતી. પેટ્રો કેમિકલ્સ, સોપ્સ એન્ડ કોસ્મેટિક્સ અને સેવન ઈલેવનના ચેઇન સ્ટોર્સ ધરાવતી આ કંપની દર વર્ષે ડાઈવર્સીફાઈ થતી જતી હતી. ન્યૂ યોર્કથી શરૂ કરીને શિકાગો, ન્યુ. જર્સી, બોસ્ટન, કોલોરાડો, ફ્લોરિડા, લોસ એન્જલસ અને વોશિંગ્ટન ડી.સી.માં ઑફિસિસ ધરાવતી આ કંપની વિશ્વભરમાં પોતાના હાથ-પગ ફેલાવીને પથરાઈ રહી હતી.

મધુકાન્તભાઈ સ્મિતાના પિતા કૃષ્ણપ્રસાદના મિત્ર હતા. એક-એક કરીને સૌને જતા જોયા હતા એમણે. પોતાની પત્ની અને દીકરો પણ. કૃષ્ણપ્રસાદની સાથેના કનિષ્કના વિમાન અકસ્માતમાં માર્યા ગયા હતા. ભારત જઈ રહેલા કનિષ્ક વિમાનમાં સાડા ત્રણસો પેસેન્જર્સની સાથે ત્રણ એવાં નામ ખોયાં હતાં એમણે, જેનાથી એમના જીવનમાં સૂનકાર વ્યાપી ગયો હતો.

“કંઈ કામ હતું?” સૂર્યકાન્ત મધુભાઈને એવી રીતે પૂછ્યું, જાણે કહેતા હોય કે, “કામ ન હોય તો જાવ ભઈસાબ.” તેમ છતાં મધુભાઈ ખુરશી ખેંચીને બેસી ગયા. ‘કામ તો છે, ભાઈ!” આખો સ્ટાફ એમને ‘સાહેબ’ અથવા ‘સર’ કહેતો. એક માત્ર મધુભાઈ એમને ‘ભાઈ’ કહીને સંબોધતા. “શું વાત છે? તમારો મૂડ બહુ ખરાબ છે!”

“કોણે કહ્યું?”

“સ્ટાફમાં વાતો થાય છે. કંઈ પ્રોબ્લેમ છે, ભાઈ?”

“પ્રોબ્લેમ?” સૂર્યકાન્તભાઈ ગૂંચવાયા. “મધુકાન્તભાઈને કહેવું કે નહીં?” પછી એમણે વાત બદલી નાખી. “કશું નથી. બિઝનેસના પ્રોબ્લેમ.”

“ભાઈ, બિઝનેસ કંઈ આજકાલનો છે? મેં તમને કરોડોની ખોટ ખાતા જોયા છે. અને એ પછી પણ તમારા મોઢા પર એક રેખા ના બદલાય, એનો હું સાક્ષી છું. શું વાત છે, ભાઈ? લક્ષ્મીએ તો કાંઈ...”

“ના, ના... એનું તો કંઈ નથી મધુભાઈ. પણ મારે થોડા દિવસ બહારગામ જવું છે.”

“તો જઈ આવોને જાપાન. આમેય કોન્ટ્રાક્ટ સાઈન કરવા જવાનું જ છે.”

“જાપાન નહીં મારે ઇન્ડિયા જવું છે.”

છેલ્લાં પચીસ વરસમાં સૂર્યકાન્તે ક્યારેય ઇન્ડિયા જવાની વાત નહોતી કરી. આજે અચાનક એના મોઢે ભારત જવાની વાત સાંભળીને મધુકાન્તને નવાઈ લાગી.

“જઈ આવો.” છતાં એમણે કહ્યું, “ક્યારે જવું છે?”

“કદાચ કાલે જ નીકળવું પડે. મેં ગ્રેઈસીને ટિકિટ માટે કહ્યું છે, છતાં તમે કન્ફર્મ કરો. જે ક્લાસ - ટુ ટિકિટ્સ - સિંગાપોર એરલાઇન્સ અથવા લુફ્ધાન્સા.”

“જી. હું જોઈ લઉં છું ભાઈ.” એ ઊભા થયા પછી ઊભા-ઊભા જ પૂછ્યું, “કંઈ સિરિયસ નથી ને ભાઈ? હું આવું?”

“ના, તમે અહીં જ રહો બંને જતા રહીએ તો કેમ ચાલશે?”

“ભલે.” કહીને મધુભાઈ બહાર ગયા.

સૂર્યકાન્તે ખુરશીના રેસ્ટ પર માથું ઢાળી દીધું. ઇટાલિયન ડિઝાઇનની એ ખુરશી આખી પાછળ ઢળી ગઈ. આંખો બંધ કરીને બંને હાથ રેસ્ટ ઉપર મૂકીને સૂર્યકાન્ત કોણ જાણે શું વિચારવા લાગ્યા!

*

પોતાનું કબાટ ખોલીને બેઠાં હતાં વસુમા.

એક રેશમી લાલ-સફેદ રંગની સાડી કાઢીને હળવે હાથે પંપાળી રહ્યાં હતાં. જાણે ભૂતકાળ પંપાળતાં હોય એમ એમની આંખો બંધ થઈ ગઈ હતી.

...એક સોળ વરસની રૂપાળી છોકરી ઉઘાડા પગે માત્ર ચણિયાચોળી પહેરીને, ઓઢણુંય લેવાની પરવા કર્યા વિના નિતંબ ઢંકાય એટલા લાંબા છૂટા વાળ લઈ અને હમણાં જ આવેલી એક ફોર્ડ મોટરની બાજુમાં ઊભી હતી. આંગણામાં સુંદર માટીનો તુલસીક્યારો હતો. મોટાં મોટાં વૃક્ષોથી ઘેરાયેલા એ આંગણાની જમણી તરફ મંદિર હતું. તુલસીક્યારાની ડાબી તરફ એક નાનકડું બેઠા ઘાટનું પણ પાક્કું મકાન હતું. મોટી ઓસરી લાકડાની જાળીથી ઢાંકી દેવામાં આવી હતી. જાળી ઉપર મધુમાલતીની વેલ ચઢાવી હતી. ચંપો, લીમડો અને

આંબાનાં મોટાં મોટાં વૃક્ષો આંગણામાં ખરી બપોરે પણ છાંયો કરી રહ્યાં હતાં.

મોટરમાંથી ઊતરેલા પ્રભાવશાળી જાજરમાન વડીલે એને બાથમાં લઈ લીધી. એ પણ ઊલટભેર એમને વળગી પડી અને પૂછ્યું, "દેવશંકરકાકા, મારે માટે શું લાવ્યા?"

"આ." દેવશંકરે લાલ-સફેદ રંગની રેશમી સાડી એના હાથમાં મૂકી દીધી.

"આ!" છોકરીના મુખભાવ બદલાઈ ગયા. "આ તો સાડી છે!" એણે છણકો કરીને કહ્યું.

"તે હવે સાડી જ પહેરવાની બેટા. હું તારા બાપ સાથે પેટછૂટી વાત કરવા આવ્યો છું. તને મારા ઘેર લઈ જવી છે."

"ના... હું નથી આવવાની મુંબઈ! ત્યાં તો ટ્રામ ફરે છે. રસ્તાની ઉપર! અને, કેટલો મોટો દરિયો છે! હું ડૂબી જાઉં તો?"

"વસુડી... તું એવી ને એવી રહી ગાંડી!" જેને એણે દેવશંકરકાકા કહીને સંબોધ્યા હતા એ જાજરમાન વ્યક્તિત્વ એને ગાલે ટપલી મારીને મંદિરની બાજુમાં આવેલા એના ઘરના નીચા દરવાજામાં માથું નમાવીને દાખલ થયા. એમણે ઉંબરની રજ માથે ચઢાવી.

"પધારો... પધારો. તમે અમારા આંગણે ક્યાંથી?" પૂજારી હાથ જોડતા બહાર આવ્યા. દેવશંકર પૂજારીના ચરણમાં ઝૂક્યા અને એમની ચરણરજ માથે લીધી.

"આ શું કરો છો, હું તો દીકરીનો બાપ છું." પૂજારીએ કહ્યું.

"દીકરી? સાક્ષાત્ સરસ્વતી અને લક્ષ્મી છે તારી દીકરી. આવી દીકરીના બાપની ચરણરજ તો માથે લેવી જ પડે. મારા મોટા જોડે એનો સંબંધ કરવાની 'હા' પાડીને તેં તો મારું કુળ ધન્ય કર્યું છે!" પછી એમણે ડ્રાઇવર અને સાથે આવેલા માણસને કહ્યું, "સામાન કાઢો."

ફોર્ડ ગાડીની ડેકી અને પાછલી સીટમાંથી લોખંડની મોટી-મોટી ટ્રંક ભરીને સામાન ઊતરવા લાગ્યો.

"આ બધું શું છે, દેવશંકર?" પૂજારીએ પૂછ્યું.

"મારી વહુને સગાઈના સાલ્લા છે. તારી ભાભીએ મોકલાવ્યા છે. મને કંઈ ના કહેતો."

"ભાઈ, જો. આપણે તો કંકુ ને કન્યાની વાત થઈ'તી. તું તો જાણે છે. હું નરસિંહ મહેતાથી જરાય ઊતરું એમ નથી. આ મા વગરની છોકરી માટે મારાથી થાય એટલું કર્યું છે... પણ તારા આ ઉપકાર સામે..."

દેવશંકરે હાથ મૂકી દીધો પૂજારીના મોઢા ઉપર.

"દેવશંકર મહેતાને ઘેર વહુ આવે છે. એમ ખાલી હાથે થોડી આવશે? આમાં તારું એક અંગરખુંય નથી. જે છે એ બધુંય મારી વહુ માટે છે." દેવશંકર મહેતાએ કહ્યું અને બહાર ઊભેલી વસુંધરા પોતાના હાથ વચ્ચે મોઢું ઢાંકીને શરમાઈ ગઈ!

સફેદ રંગની સાડીને લાલચટ્ટક કોર અને વચ્ચે જરીનો એક નાનકડો દોરો... આજે પાંચ દાયકાથી વધુ થયા

હોવા છતાં એ સાડી એવી ને એવી હતી. સાડી જ શું કામ? સ્મૃતિ પણ એમ જ હતી ને! સાઈઠના દાયકામાં એક કરોડ રૂપિયાનું ઝવેરાત પહેરીને પરણી હતી, પૂજારીની દીકરી વસુંધરા અને મુંબઈના માલેતુજાર શેઠિયાઓમાં જેમનું નામ લેવાતું એવા દેવશંકર પ્રાગજી મહેતાને ઘેર વહુ બનીને પગલાં માંડ્યાં હતાં.

અમરેલી જિલ્લાના ધારી ગામમાં પિતાને મૂકીને જ્યારે મુંબઈ જવા માટે વસુંધરા મોટરમાં બેઠી ત્યારે સાક્ષાત્ લક્ષ્મી દેખાતી હતી. પિતાને પગે લાગીને જ્યારે વિદાય લીધી વસુંધરાએ ત્યારે લોખંડની 31 પેટીઓ ગણી હતી ગામલોકોએ! ધારીથી મુંબઈ સુધીની મોટરની સફરમાં વસુંધરા ડૂસકે ડૂસકે રડતી રહી હતી અને દેવશંકર મહેતાનો મોટો દીકરો એની સામે જોઈને મનોમન હસી રહ્યો હતો!

મણિભુવનની પાછળ ગામદેવીમાં આવેલા વિશાળ બંગલામાં આંગણાથી શરૂ કરીને એના ઓરડા સુધી ગુલાબની પાંદડીઓ પથરાવી હતી દેવશંકર મહેતાની પત્નીએ. એના ઉપર પગલાં માંડીને વસુંધરા જ્યારે દાખલ થઈ એ બંગલામાં, ત્યારે સોનાના ઝુડામાં લગભગ 47 ચાવીઓ ભરાવીને એના ખોબામાં મૂકી હતી એનાં સાસુએ અને કહ્યું હતું, "કોઠારથી શરૂ કરીને આંગણાની બહારના ઝાંપા સુધીની ચાવીઓ છે આમાં. કયું તાળું ક્યારે વાસવું અને કયું તાળું ક્યારે ખોલવું, એ હવે તમારે નક્કી કરવાનું છે વસુંધરા!"

અને ખરેખર એ દિવસથી ઘરના તમામ નિર્ણયો વસુંધરાએ કર્યા હતા... તે છેક આજ સુધી!

વસુમા લાલ રંગની બોર્ડરવાળી સાડી પંપાળતાં બેઠાં હતાં, ત્યાં અચાનક વૈભવી દરવાજે આવીને ઊભી રહી.

"મા મારે વાત કરવી છે."

"આવતી કાલે સવારે! ડાઇનિંગ ટેબલ પર સૌની સામે જ કરીશું બેટા." વસુમાનો હાથ હજીય સાડી પર ફરી રહ્યો હતો.

"ના મારે હમણાં જ વાત કરવી છે."

"એવું તો કેમ બને બેટા? આ ઘરની પરંપરા..."

"પરંપરા... પરંપરા એટલે? એક કમાય ને બધાં ખાય. પરંપરા એટલે તમે કહો એ, અને એટલું જ થાય. ખરું?"

"તને એમ લાગતું હશે તો એમ જ હશે બેટા." વસુમાએ જવાબ આપ્યો અને સાડી લઈને કબાટમાં મૂકવા માંડ્યાં.

"મા, તમે કોને પૂછીને આપી છે આ જાહેરખબર?"

"મારે કોને પૂછવાનું?"

"અમને..."

"તમને?"

"હા. અમને. કારણ કે અમે આ ઘર ચલાવીએ. કારણ કે અમે ચૂકવીએ છીએ પાઈ-પાઈ. કારણ કે આ ઘરમાં જેટલા સભ્યો રહે છે, એ બધાં જ એમ માને છે કે અભય પાસે પૈસાનું ઝાડ છે."

"બેટા, સહેજ વધારે પડતું બોલ્યાં છો તમે. અત્યારે જો વાત ન કરીએ તો વધુ સારું."

"વાત? એક્ચ્યુલી વાત નથી કરવાની. મારે તમને એટલું જ કહેવાનું છે કે, આ ઘરમાં તમે ફાવે ત્યારે, ફાવે તેને નહીં બોલાવી શકો. અમે અહીં રહીએ છીએ. અમારા ગમા-અણગમા અને પ્રાઇવસીનો વિચાર કરો..." કહીને વૈભવીએ છાપું ફંગોળ્યું. છાપું હવામાં એક ચકરડું કાપીને વસુમાના પગ પાસે પડ્યું. વસુમાએ છાપું ઊંચકીને પેલી સાડી ઉપર મૂકી દીધું. કબાટ બંધ કરીને ચાવી ફેરવી. સોનાનો ઝૂડો લઈને પ્રભુના મંદિરની બહાર મૂક્યો.

વૈભવી આ બધી પ્રવૃત્તિ દરમિયાન ત્યાં જ ઊભી હતી.

"મેં જે કહ્યું તે તમે સાંભળ્યું મા?" વૈભવીએ અકળાઈને પૂછ્યું.

"હા." વસુમાનો અવાજ શાંત અને સંયત હતો. "જો બેટા, મેં પણ મારી જાતને અડતાળીસ કલાક આપ્યા છે. આજે સવારે છપાયેલી જાહેરાત જો પરમ દિવસ સવાર સુધીમાં કોઈ પરિણામ નહીં આપે તો બધી વાત અહીં, અને એની મેળે પૂરી થઈ જશે."

"અને જો જાહેરાતનું પરિણામ આવ્યું તો?" વૈભવીએ પૂછ્યું.

"તો?"

"તો?"

"તો?" વસુમાના મનમાં આ તેરસો મણનો 'તો' હથોડાની જેમ ઝિંકાતો રહ્યો.

દિવસભર વસુમા ટેલિફોનની આજુબાજુ ઘૂમતાં રહ્યાં. કોણ જાણે કેમ એમને આજે ચેન જ ના પડ્યું. એક-બે વાર જાત ઉપર હસવું પણ આવી ગયું. એમણે પોતે પોતાને કહ્યું, "સોળની નહીં, સાઈઠની છે વસુ! જરા ધીરજ રાખ!"

મોડી રાત સુધી બધાં પોતપોતાના કમરાઓમાં જાગતાં હતાં. સામાન્ય રીતે સાડા દસ વાગે અંધારાની ચાદર લપેટીને શાંત થઈ જનારું 'શ્રીજી વિલા' આજે બાર વાગી ને વીસ મિનિટ સુધી ઝળાંહળાં હતું. બહુ નવાઈની વાત હતી કે આજે વૈભવી પણ કોઈ પાર્ટી કે ડિનર પર નહોતી ગઈ. અભય અને અલય હજુ આવ્યા નહોતા. જાનકી આવતી કાલના લેશન્સ તૈયાર કરવાના બહાને જાગતી હતી તો અજય છતને તાકતો બેસી રહ્યો હતો, ચૂપચાપ!

ટ્રીન... ટ્રીન... ટ્રીન... ટ્રીન... ફોનની ઘંટી રણકી. વસુમાએ એક યુવતીને શરમાવે એટલી ત્વરાથી દોડીને ફોન ઉપાડ્યો.

"હલો..." એમણે કહ્યું અને સામેથી જવાબ આવે ત્યાં સુધીમાં તો એમનું હૃદય બમણી ઝડપે ધડકી રહ્યું. લોહી નસોમાં જે વેગથી ફરવા લાગ્યું હતું, એનાથી એમને લાગ્યું કે હવે લોહી નસો ફાડીને ફર્શ પર વહેવા લાગશે.

વૈભવી પોતાના કમરામાંથી બહાર નીકળીને સીડી પર આવીને ઊભી. જાનકી પણ પોતાના રૂમમાંથી નીકળીને દરવાજે આવીને ઊભી. અજય ઊભો તો ન થયો પણ એનું સમગ્ર અસ્તિત્વ ફોનની બાજુમાં જઈને ઊભું હતું.

“હલો…” વસુમાએ ફરી જોરથી બૂમ પાડી અને બધાં સામેથી આવનારા જવાબની રાહ જોઈ રહ્યાં.

* * *

3

"હલો..." એમણે કહ્યું અને સામેથી જવાબ આવે ત્યાં સુધીમાં તો એમનું હૃદય બમણી ઝડપે ધડકી રહ્યું. લોહી નસોમાં જે વેગથી ફરવા લાગ્યું હતું, એનાથી એમને લાગ્યું કે હવે લોહી નસો ફાડીને ફર્શ પર વહેવા લાગશે.

વૈભવી પોતાના કમરામાંથી બહાર નીકળીને સીડી પર આવીને ઊભી. જાનકી પણ પોતાના રૂમમાંથી નીકળીને દરવાજે આવીને ઊભી. અજય ઊભો તો ન થયો પણ એનું સમગ્ર અસ્તિત્વ ફોનની બાજુમાં જઈને ઊભું હતું.

"હલો..." વસુમાએ ફરી જોરથી બૂમ પાડી અને બધાં સામેથી આવનારા જવાબની રાહ જોઈ રહ્યા.

"હેલ્લો મા..." અલય હતો.

"અલય!" વસુમાએ કહ્યું અને સૌ પોતપોતાના રૂમમાં પાછાં ફરી ગયાં. "ક્યાંથી બોલે છે?" વસુમાએ પૂછ્યું.

"અહીં, નિરવના મઢના બંગલા પર આવ્યો છું. રાત્રે અહીં જ સૂઈ જઈશું..."

"વહેલો ફોન કરવો જોઈએ ને!" વસુમાએ કહ્યું.

"યાહ! પણ મને હતું કે હું ઘેર આવી જ જઈશ. હવે આ લોકો ના પાડે છે."

"આ લોકો? આ લોકો કોણ?"

"શ્રેયા અને નિરવ, બીજું કોણ?"

વસુમાએ નિરાંતનો શ્વાસ લીધો. "અચ્છા, શ્રેયા પણ તારી સાથે જ છે! ભલે સવારે આવજે." અને ફોન મૂક્યો.

*

"ઓય! તારી માને ગંધ તો નહીં આવી હોય ને?" નિરવે પોતાનો બકાર્ડીનો ગ્લાસ ટેબલ પર મૂકતાં કહ્યું.

"આવી હોય તો પણ હમણાં રિએક્ટ નહીં થાય મારી મા... કાલે ધૂળ ઝાપટશે."

"પણ માને ના ગમે એવું તમે કરો છો શું કામ?" શ્રેયાએ કહ્યું. એ બાર પાસે બેસીને કાકડી અને ટામેટાં સમારી રહી હતી.

"કારણ કે અમને ગમે છે." અલયે કહ્યું, "અને મા પણ, જેનો તું આટલો પક્ષ લે છે એ પણ બધું મને પૂછીને નથી કરતી."

નિરવે અલયનો ખભો થાબડ્યો. "છેક સવારની વાત છે, હજી એના મગજમાંથી નીકળી નથી."

"સવારની વાત નથી, 26 વર્ષ જૂની વાત છે અને તોય મારા મગજમાંથી નથી નીકળતી. કોઈ એક માણસ પોતાની પ્રેગનન્ટ બૈરીને મૂકીને ભાગી કેમ જાય? અને એ પણ ત્રણ બીજાં સંતાનોની જવાબદારીમાંથી છટકીને..."

"ઓહ કમ-ઓન!" શ્રેયાએ કહ્યું અને પછી ઊભી થઈને અલયની પાસે આવી. એના ખોળામાં બેઠી. પોતાનો એક હાથ એના ગળાની પાછળ નાખ્યો અને બીજો હાથ અલયના હાથમાં પરોવ્યો. પછી એની આંખોમાં આંખો નાખીને કહ્યું, "તું તો યાર બેનિફિટ ઑફ ડાઉટ આપવા પણ તૈયાર નથી. કોઈ કારણ હશે, તેં માત્ર વસુમાની વાત સાંભળી છે, તારા ફાધરની નહીં."

"એ મારો બાપ નથી, ડેમ-ઇટ..." અલયે જોરથી બૂમ પાડીને પોતાનો ગ્લાસ સામેની દીવાલ પર છુટ્ટો માર્યો. ખોળામાં બેઠેલી શ્રેયા પડી જાય એટલા જોરથી ઝટકાથી ઊભો થઈ ગયો અને દરવાજા તરફ જવા લાગ્યો. શ્રેયા દોડી, એણે અલયને પાછળથી પકડી લીધો. એની કમરમાં હાથ નાખી દીધો અને એની પીઠ સાથે ચોંટી ગઈ. "અલ, ક્યાં જાય છે?"

"ઘેર..."

"પણ હમણાં તો તેં કહ્યું કે તું નહીં જાય." નિરવે કહ્યું અને પછી પોતાનો ગ્લાસ ટેબલ પર મૂકીને ઊભો થયો. અલયની પાસે આવ્યો, એના ખભે હાથ મૂક્યો.

"દોસ્ત, તું જ્યારે જ્યારે દારૂ પીએ ત્યારે કારણ વગર ઇમોશનલ થાય છે."

"એક તો હું કારણ વગર ઇમોશનલ નથી થતો અને બીજું દારૂ પીઉં છું ત્યારે નથી થતો, તમે એ માણસની વાત કાઢો ત્યારે થાઉં છું."

"ઓ.કે. ઓ.કે." નિરવે પોતાના બંને હાથ ઊંચા કર્યા, "નહીં કરીએ આપણે કોઈની વાત... બસ? આપણે તારી ફિલમની વાત કરીએ. શું થયું? એન.એફ.ડી.સી.નું ફોર્મ ભરી દીધું?"

"ભરી દીધું. તેં પૈસા ના આપ્યા હોત તો આ વર્ષે પણ રહી જાત. પણ દોસ્ત હવે મારી ફિલમ આ વરસના અંત સુધીમાં ફ્લોર પર જશે એ નક્કી."

"ફાઇનાન્સ વગર?" શ્રેયાએ પૂછ્યું. "તું માત્ર સ્ક્રિપ્ટ ઉપર જ કામ કર્યા કરે છે. બે-ચાર પ્રોડ્યુસરને મળ તો કામ થશે."

"એમ સ્ક્રિપ્ટની ફાઇલો લઈને હું કોઈની ઑફિસનાં પગથિયાં નહીં ઘસું. સાલા પ્રોડ્યુસરો! અંદર હા-હા-ઠી-ઠી ચાલતી હોય અને આપણને કલાકો વેઇટ કરાવે. પ્યૂનને પૂછો તો કહેશે મિટિંગ મેં હૈ! ડેમ ધોઝ પ્રોડ્યુસર્સ! મારે તો અનુપમા મિશ્રાની સહી જોઈએ કોન્ટ્રેક્ટ ઉપર. પછી મને આવડે છે શું કરવાનું એ..."

"એ સ્ટૂપીડ!" શ્રેયાએ એનો મૂડ બદલાયેલો જોઈને લાડ કર્યા. "અનુપમા મિશ્રા નવરી નથી. એક કરોડની હીરોઈન છે. તારી સામે પણ નહીં જુએ."

"ભૂલેચૂકે જો એક વાર મારી સામે જોયુંને તો બીજા કોઈની સામે નહીં જુએ એવો મારો કોન્ફિડેન્સ છે." અલયે કહ્યું.

"અચ્છા?! એને ઑવર કોન્ફિડેન્સ કહેવાય."

અલયે પાછળથી વળગેલી શ્રેયાનો હાથ પકડીને એને પોતાની સામે કરી. પછી એની આંખોમાં આંખો નાખી અને એની ચિબૂક પકડીને ચહેરો એકદમ નજીક, સાવ નજીક લઈ ગયો... "કેટલાં વરસ થયાં મેડમ? બીજો

છોકરો જોવાની હિંમત છે તારી?" અને શ્રેયા સાચે જ પાણી પાણી થઈ ગઈ. "14 વર્ષની હતી ત્યારથી આજ સુધી મારા સિવાય કોઈનો વિચાર પણ આવ્યો છે તને?"

વાત સાચી જ હતી. શ્રેયા આમ તો અલયની પડોશણ હતી. શ્રેયા 13-14 વર્ષની થઈ અને ઓગણીસ વરસના અલયને પહેલી વાર જોયો ત્યારથી એણે અલય, અને માત્ર અલયને પ્રેમ કર્યો હતો. અલય હતો પણ એવો જ. કોઈ પણ છોકરી એના પ્રેમમાં પડી જાય. એ નખશિખ વસુંધરાનો દીકરો દેખાય છે. ગ્રીક ગૉડ જેવું કોતરેલા શિલ્પ જેવું શરીર. પહોળા ખભા, પાતળી કમર, નમણું નાક અને અત્યંત તેજસ્વી, ભાવવાહી વસુંધરા જેવી આંખો. એક રેસ્ટલેસ બોડી લેન્ગવેજ અને ઢગલો સપનાં, જે એ પોતાના ટક-ઇન નહીં કરેલા શર્ટના ખિસ્સામાં જ રાખતો! અલયની ભાષા એટલી તો અદ્દભૂત હતી કે એક વાર બોલવાનું શરૂ કેર તો ગમે તેને બોટલમાં ઉતારી દે અને શ્રેયા, છેલ્લાં 8 વર્ષથી અલયના મોહમાં ગરકાવ હતી.

"14 વર્ષની હતી ત્યારથી આજ સુધી મારા સિવાય કોઈનો વિચાર પણ આવ્યો છે તને?" અલયે ફરી પૂછ્યું એની ચિબૂક પકડીને અને શ્રેયા આંખો બંધ કરીને, હોઠ ખોલીને અલયનો ચહેરો નજીક આવે એની રાહ જોઈ રહી.

અલયનો મૂડ બદલાઈ ગયો અને આ પ્રણયબેલડીને એકબીજામાં ખોવાતી જોઈ એટલે નિરવે પોતાની મમ્મીને ફોન જોડ્યો...

"હલો!" રિયા દેસાઈએ પહેલાં નંબર જોયો, પછી ઘડિયાળ જોઈ અને ફોન ઉપાડ્યો. "બોલ બેટા." રિયાએ કહ્યું.

"હાય મોમ!" નિરવે કહ્યું.

"ફરી દારૂ પીધો?" રિયાએ સહેજ મજાકમાં અને સહેજ લાગણીભીના અવાજે કહ્યું.

"કેમ? હું માત્ર ડ્રિન્ક લઉં ત્યારે જ તને ફોન કરું?"

"અત્યાર સુધી તો એવું જ થતું આવ્યું છે. એક વાર તું વિષ્ણુ સાથે રહેવા ઇન્ડિયા ગયો પછી એના જેવો જ થઈ ગયો છે. જસ્ટ લાઇક યૉર ડેડ."

"મોમ! મારા ડેડ એટલા ખરાબ માણસ નથી."

"ઓહ યાહ!" રિયા હસી પડી. "હું આઠ વર્ષ રહી છું એની સાથે."

"અને હું અઢાર વર્ષ..." નીરવે કહ્યું.

"એટલે જ એના જેવો વધારે અને મારા જેવો ઓછો છે. એની-વે, અત્યારે રાત્રે એક વાગ્યો હશે તમારે ત્યાં, શું કરે છે?"

"અલય અને શ્રેયા સાથે બેઠો છું."

"ડ્રિન્ક લેતો, ખરું ને?" હસી પડી રિયા. "કેટલી ફની વાત છે બેટા, કે તું તારી માને મિસ કરે છે એ કહેવા માટે તારે ડ્રિન્કનો આશરો લેવો પડે છે. બેટા, ઈમોશન્સ જેટલી ચોખ્ખી કોઈ વસ્તુ નથી. એને શું કામ

આલ્કોહોલ સાથે ભેળવીને મને પીવડાવેછે? કદીક અમસ્તોય ફોન કરીને કહેકે મા હું તને મિસ કરું છું...” રિયાનો અવાજ ભીનો થઈ ગયો.

નિરવે આંસુ લૂછ્યાં. પછી એક લાંબી ચુપકીદી મા અને દીકરા વચ્ચે છવાઈ ગઈ. નિરવે બહુ જ ધીમેથી લગભગ વિસ્પરિંગ અવાજમાં કહ્યું “યેસ મોમ! આઇ મિસ યુ. હું ખૂબ યાદ કરું છું તમને... મારી પળેપળમાં ખૂટી જાય છે તું મને.”

બંને પક્ષે એક લાંબી ખામોશી પછી રિયાએ ધીમેથી કહ્યું “ટેક કેર બેટા, આઈ લવ યુ...”

“આઈ લવ યુ ટુ મોમ...” નિરવે કહ્યું અને ન્યૂયોર્ક મુંબઈ વચ્ચેનો એ પુલ તૂટી પડ્યો! નિરવે પાછળ ફરીને જોયું તો પેલા બંને જણાં ગાયબ હતાં નિરવ હસી પડ્યો. એણે ઉપર માસ્ટર બેડરૂમ તરફ જોયું. પછી ડ્રોઇંગરૂમની બાજુમાં જ આવેલા ગેસ્ટરૂમ તરફ આગળ વધી ગયો.

આજે પણ વસુમાનો નિત્યક્રમ બદલાયો નહોતો. એ પાંચ વાગે જ ઊઠ્યાં. ચાલવા પણ ગયાં. આવીને પૂજાઘરમાં બેઠાં ત્યારે એમનું મન વિચલિત થઈ ગયું.

સામે હસી રહેલા બાલ કૃષ્ણ સામે હાથ જોડીને આંખો મીંચતાં જ એમને જે ચહેરો દેખાયો એ ચહેરાએ એમની આંખો વધુ સમય સુધી બંધ ના રહેવા દીધી. વસુમા આંખો ઉઘાડીને ભગવાન સામે જોઈ રહ્યાં, “શું ધાર્યું છે તે? શું કરવાનો છે? હવે આથમતી સંધ્યાએ મને ખોટી પાડીશ?” એમણે મનોમન કાના જોડે વાત કરવા માંડી. “જો, હું તો કંઈ નથી કહેતી તને, પણ એક વાત સમજી લેજે, જિંદગીભર તારામાં શ્રદ્ધા રાખી છે. સારા-ખોટા બધા સમયમાં તે આપ્યું એ જ સ્વીકાર્યું છે. આજે પહેલી વાર કંઈ માગું છું તારી પાસે. મને નિરાશ નહીં કરતો.” અને પછી એમણે આંખો મીંચીને પ્રાર્થના કરવા માંડી. જેણે આટલાં વર્ષોમાં કંઈ નહોતું માગ્યું એણે શું માગ્યું એના કાના પાસે એ વાત માત્ર કાના અને વસુમાની વચ્ચે રહી!

વસુમાની પૂજા ચાલુ હતી અને અલય ઘરમાં દાખલ થયો. એણે જાનકીને ડાઇનિંગ ટેબલ લૂછતી અને પ્લેટો ગોઠવતી જોઈને એણે પાછળથી જઈને એની આંખો પર હાથ મૂકી દીધા. જાનકીએ અલયના હાથ પર પોતાના હાથ ફેરવ્યા. પછી શરમાઈને કહ્યું, “હે રામ! તમને તો શરમ જ નથી.”

“તમે જે નંબર ડાયલ કર્યો છે તે હાલમાં તમારો કોલ લઈ શકતા નથી, સૉરી ભાભી! રોંગનંબર!”

“અરે અલયભાઈ, તમે? આટલા વહેલા ઊઠી ગયા?”

“અહીં સૂતું જ કોણ છે?”

“એટલે? તમે રાતના ઘરમાં જ નહોતા?”

“નો, હું તો નિરવના બંગલે હતો, મઢ પર.” જાનકીએ ધ્યાનથી અલયની સામે જોયું. પછી મુઠ્ઠી વાળીને અંગૂઠાથી પીવાનો ઇશારો કર્યો અને પૂછ્યું, “પાર્ટી?”

“ત્રણ જણાની.”

“શ્રેયા પણ ખરી છે, આખી રાત બહાર કઈ રીતે રહેતી હશે?”

"જેમ હું રહું છું, એમ વળી." અલયે કહ્યું અને જાનકીનો ચાંદલો વાંકો હતો એને સરખો કર્યો.

"તમે પુરુષ છો" જાનકીએ કહ્યું, "એના બાપા એને કંઈ કહેતાય નથી ?"

"જાણે છે એ કે કહેવાનો અર્થ નથી. છોકરી હાથથી ગઈ છે અને લોહાણો છે, મારાથી સારો જમાઈ નહીં મળે એમ માનીને ચૂપ બેઠા છે. બાકી, બજારમાં ચાર જગ્યાએ મારો ભાવ કરાવે એમ છે!" અલય ખડખડાટ હસી પડ્યો. "વેપારી છે, વેપારી."

"છી... આવું બોલાય ? તમારા સસરા થવાના."

અલયે જાનકીની કમરમાં હાથ નાખ્યો અને પછી એનો બીજો હાથ પોતાના હાથમાં લીધો. બોલ ડાન્સની જેમ ભાભીને નચાવતાં એણે ગાવા માંડ્યું, "કભી ખોલે ના તિજોરી કા તાલા, હાં મેરા સસુરા બડા પૈસેવાલા..." જાનકી હસતી હસતી નાચતી હતી અને અલય એને નચાવી રહ્યો હતો.

"વાહ! ક્યા સિન હે!" સીડી પર આવીને ઊભેલી વૈભવીએ તાળી પાડતાં કહ્યું, "ડિરેક્ટર બનવાના ધખારા બહાર પૂરા નહીં થાય તો ઘરમાં જ ફિલમ બનાવશો કે શું ?"

"અફકોર્સ." અલયે કહ્યું, "હીરોઈન પણ છે, અને વેમ્પ પણ." અને પછી જાનકીનો હાથ છોડીને પોતાના રૂમ તરફ ચાલી ગયો.

વસુમા એ જ વખતે પૂજાના ઓરડાની બહાર આવ્યાં. એમણે વૈભવીને સીડી પર અને જાનકીને ડાઇનિંગ ટેબલ પાસે સ્થિર ઊભેલાં જોયાં.

"બહુ વહેલી ઊઠી ગઈ, વૈભવી ?" વસુમાએ ખામોશી તોડવાના ઇરાદાથી કહ્યું.

"અહી મારી ઊંઘની કોને ચિંતા છે ? જે દિવસે તમારું ભજન ના હોય એ દિવસે મારા દિયરનું ઑરકેસ્ટ્રા ચાલે છે. ઉફ! અભયને કેટલી વાર કહ્યું છે કે રૂમને સાઉન્ડ પ્રૂફ કરાવે, પણ સાંભળે તો ને ? એની વે જાનકી, મારી કૉફી તૈયાર છે ? મારું માથું ફાટી જાય છે."

"વૈભવી બેટા, તમે ઊઠી જ ગયાં છો તો કૉફી જાતે જ બનાવી લો. જાનકી બીજા કામમાં રોકાયેલી છે." વસુમાએ કહ્યું અને બગીચા તરફ આગળ વધી ગયાં.

વૈભવી છણકો કરીને સીડી ઊતરી અને જાનકી મનમાં ને મનમાં હસતી પોતાના રૂમ તરફ ગઈ.

આમ તો શ્રીજી વિલાનું વાતાવરણ આજે સામાન્ય લાગતું હતું. તેમ છતાં મનોમન બધા જ સાડા આઠ વાગવાની રાહ જોતાં હતાં ગઈ કાલે બ્રેકફાસ્ટ ટેબલ પર અધૂરી રહી ગયેલી ચર્ચા એ જ અનુસંધાનથી ફરી શરૂ થવાની, એની બધાને ખાતરી હતી.

પોતાના રૂમમાં જઈને અલય પથારીમાં આડો પડ્યો. એણે ઘડિયાળ જોઈ. બરાબર સાડા છ થયા હતા. નીચે માના અવાજમાં, "જાગીને જોઉં તો જગત દિસે નહીં, ઊંઘમાં અટપટા ભેદ ભાસે..."નું પ્રભાતિયું ગવાતું હતું. કિચનમાં ગુસ્સામાં કૉફી બનાવી રહેલી વૈભવીનાં વાસણો પછાડવાનો ખણખણાટ ચાલુ જ હતો. અલયને થયું કે પોતે સૂઈ જશે તો સાડા આઠે ઊઠી નહીં શકે. એટલે એ ઊભો થયો, મોઢા પર પાણી છાંટ્યું, વાળમાં બ્રશ ફેરવીને નીચે ઊતરી ગયો.

વસુમા બગીચામાં બનાવેલા એક નાનકડા ઓટલા ઉપર ખુરશીમાં બેઠાં હતાં. હમણાં જ વીણેલાં મોગરાં ભેગાં કરીને એનો ગજરો બનાવી રહ્યાં હતાં અને પ્રભાતિયું ગાઈ રહ્યાં હતાં. અલય આવીને જમીન પર બેસી ગયો. એણે માના ખોળામાં માથું નાખી દીધું. "મા... મને તેલ નાખી આપ ને!" અલયે કહ્યું, "બહુ માથું દુ:ખે છે."

"શું કામ કરે છે ઉજાગરા?" વસુમાએ કહ્યું, "વહેલા સૂઈ વહેલા ઊઠે જે વીર, બળ બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર... પણ તારું તો બધું ઊંધું જ છે."

"મા, અમારું કામ જ એવું છે."

"ચલ જા, ખોટી વાત નહીં કર. મને ખબર છે, તું કામ કરવા નહોતો ગયો. ગઈ કાલે છાપામાં છપાયેલી જાહેરખબરને કારણે ઘરમાંથી ભાગી ગયો હતો."

"એવું મેં કહ્યું?" અલયે માને પૂછ્યું.

"તેં નહીં, મેં કહ્યું." વસુમાએ કહ્યું, "તને પૂરેપૂરો ઓળખું છું. એક તો જાહેરખબર છપાઈ અને એમાં સવારના પહોરમાં કકળાટ થયો. મને ખાતરી જ હતી કે તું રાતના ઘેર નહીં આવે. પરિસ્થિતિ સામે ઊભા રહેવાને બદલે ભાગી છૂટવાની તારી આદત એમના જેવી જ છે. આખરે દીકરો તો એમનો જ ને..."

ઝટકા સાથે ઊભો થઈ ગયો અલય, "મા, મેં બહુ વાર કહ્યું છે તને, 'તારા એમની' સાથે મારે કોઈ સંબંધ નથી. જે માણસ મને તારા પેટમાં મૂકીને ભાગી છૂટ્યો હતો એની સાથે મને શું કામ સરખાવે છે? એ મારું અપમાન છે. અને બીજી વાત, મારું નામ અલય વસુંધરા મહેતા છે, ઑફિશિયલી! મે આજથી 13 વર્ષ પહેલાં ઍફિડેવિટ કરીને બદલાવ્યું છે. હું તારો દીકરો છું. તારો અને માત્ર તારો. મારે બીજા કોઈ સાથે કોઈ સંબંધ નથી. પ્લીઝ, બીજું કોઈ આ સમજે કે નહીં, તું આને કરેક્ટલી સમજી જા અને આજ પછી મને કોઈ દિવસ 'તારા એમની' વાત નહીં કરતી. મારે માટે એ માણસ મરી..."

"બસ અલય..." વસુમાએ એને વચ્ચેથી જ રોક્યો, "એ માણસ... એ માણસ... કરીને તું જે માણસની વાત કરે છે એ તારો બાપ છે."

"માત્ર જીવવિજ્ઞાનની દૃષ્ટિએ. જસ્ટ અ બાયોલોજિકલ એક્સિડન્ટ... બાકી, બાપની કઈ ફરજ બજાવી છે એમણે? અભયભાઈ પંદર વર્ષના, અજય અગિયારનો અને અંજલિ આઠની હતી, જ્યારે એ કરોડોનું દેવું મૂકીને નાસી છૂટ્યા હતા. એટલો પણ વિચાર ના કર્યો કે ત્રણ સંતાન આંગળીએ, એક પેટમાં લઈને એની પત્ની આ કરોડોના દેવા સામે કઈ રીતે ઊભી રહેશે? હું એ માણસને બાપ કહેવા કે ગણવા તૈયાર નથી અને તને પણ કહી દઉં કે તું આ બધું જે કરી રહી છે એનાથી ફક્ત પ્રોબ્લેમ્સ ઊભા થવાના છે." આટલું કહીને અલય પાછો રસોડાના દરવાજે થઈને ઘરમાં ચાલી ગયો.

કિચનમાં ઊભેલી વૈભવીએ અલયનો હાથ પકડીને એને ઊભો રાખ્યો અને એની સામે જોવા માટે લગભગ એક ફૂટ ઊંચું જોયું.

"શું છે?" અલયે કંટાળાથી વૈભવીને પૂછ્યું.

"મેં પણ માને એ જ સમજાવ્યું." વૈભવીએ લાડકા થઈને અલયને કહ્યું.

"શું?" અલયના ચહેરા પર ચીડ અને કંટાળો હતાં. એની ભમરો સંકોચાઈ ગઈ હતી.

"કે શું જરૂર છે આ બધું કરવાની... આપણે શાંતિથી રહીએ છીએ, શા માટે સામેથી પ્રોબ્લેમ્સ ઊભા કરવા જોઈએ? આ જાહેરખબર આપીને માએ..."

"સારું કર્યું." અલયે વૈભવીનું વાક્ય કાપીને વચ્ચે જ કહ્યું.

"હમણાં બહાર તો તમે..."

"ભાભી, આ બપોરના ટાઇમે ઓગણત્રીસ ઇંચના ટી.વી. ઉપર તમારા એરકન્ડિશન બેડરૂમમાં તમે જે વાહિયાત હિન્દી સિરિયલો જુઓ છો ને એમાંથી આ છુપાઈને વાત સાંભળવાનું શીખ્યાં છો. બેડ મેનર્સ... સાવ મિડલ ક્લાસ હેબિટ છે આ. તમારે આવું ના કરવું જોઈએ." અલયે કહ્યું અને પછી ઝાટકો મારીને હાથ છોડાવીને જતો રહ્યો.

"તમને એરકન્ડિશન નડે છે કે ઓગણત્રીસ ઈંચનું ટી.વી.?" બહાર નીકળતા અલયને વૈભવીએ બાણ તો માર્યું, પણ અલય પર એની કોઈ અસર ના થઈ.

સાડા આઠ વાગે બધાં ટેબલ પર આવી ગયાં હતાં. વસુમા પણ ડાઇનિંગ ટેબલની મુખ્ય ખુરશી પર ગોઠવાઈ ગયાં હતાં. ગઈ કાલની જેમ જ આજે વાત કોણ પહેલાં શરૂ કરે એની રાહ જોવાતી હતી ગઈ કાલની જેમ વાત બીજા પાટે ન ફંટાઈ જાય એટલે વસુમાએ જ શરૂ કર્યું, "ગઈ કાલની જાહેરખબર તો સૌએ જોઈ જ છે. ભારતભરનાં અખબારોમાં આ જાહેરખબર છપાઈ છે."

"આટલો ખર્ચો કરવાની શી જરૂર હતી?" વૈભવી બોલી.

"તું પ્લીઝ, ચૂપ રહીશ, મોમ?" લજ્જાએ કહ્યું, "હા દાદી, કન્ટીન્યુ..."

"બેટા, પૈસાનો પ્રશ્ન એટલા માટે નથી આવતો કે મે તમારા કોઈ પાસે આ જાહેરખબરના પૈસા નથી માગ્યા. આ મારા અંગત સુખ માટે, મારા અંગત ખર્ચમાંથી વપરાયેલા પૈસા છે. હવે મૂળ વાત, વર્ષો સુધી એક મા, એક સાસુ, એક શિક્ષિકા, એક દાદી બનીને જીવતી રહી હું... હવે મારે મારા ભાગની જિંદગી જીવવી છે. એક પત્ની તરીકે જીવવું છે. આજ સુધી મેં જે કંઈ કર્યું એનો ભાર લાગે છે હવે! હવે કોઈકના ખભે માથું મૂકીને આવનારાં વર્ષો માત્ર શાંતિમાં, સુખમાં ગાળવાં છે. કોઈ પ્રશ્નો, કોઈ જવાબો, કોઈ કાયદા, કોઈ ડિસિપ્લિન કે કોઈ આગ્રહી વગર માત્ર વસુંધરા બનીને જીવવું છે." એમનું ગળું ભરાઈ આવ્યું હતું. પાણીનો એક ઘૂંટડો પીધો એમણે. પછી આગળ બોલ્યાં, "શું આ વધારે પડતી માગણી છે?"

"જુઓ મા..." વૈભવી બોલવા જ જતી હતી કે અભયે એની વાત કાપી નાખી.

"ના, જરાય વધારે પડતું નથી. તને જેમ ગમે એમ કર મા."

"એમને ગમે એમ કરવામાં કેટલા પ્રોબ્લેમ્સ ઊભા થશે એનો વિચાર કર્યો છે?"

"કોઈ પ્રોબ્લેમ નહીં થાય. ઊલટાના એક-બે પ્રોબ્લેમ સૉલ્વ થઈ જાય એવું પણ બને." જાનકીએ હસીને કહ્યું અને પૂછ્યું, "ઉપમા બરાબર છે ને?"

વૈભવીએ મોઢું બગાડ્યું, "મને નથી લાગતું એ આવશે."

"યેસ..." હવે લજ્જાએ ચર્ચામાં ઝુકાવ્યું, "એ જો હોત તો આજ સુધીમાં આવી જ ગયા હોત."

"શટ-અપ લજ્જુ, સમજ્યા વિના કંઈ પણ બોલે છે." આદિત્યએ કહ્યું.

સ્વભાવે અને દેખાવે વૈભવીની પ્રતિકૃતિ લાગતી લજ્જાએ વાતનો તંત છોડ્યો નહીં, "કોઈને ખાતરી છે કે એ જીવતા છે?" એક સોપો પડી ગયો. લજ્જાનો આ પ્રશ્ન ખરેખર તો બધાનો પ્રશ્ન હતો, પણ એને પૂછવાની હિંમત કોઈની નહોતી. લજ્જાએ આ પ્રશ્ન પૂછીને ડાઇનિંગ ટેબલની વચ્ચોવચ્ચ બોંબ ફોડ્યો હતો.

થોડીક ક્ષણે કોઈ કશું ના બોલ્યું, બોલી શક્યું જ નહીં!

"મને! મને ખાતરી છે કે એ જીવતા છે." વસુમાએ કહ્યું એમની આંખોમાં અપાર્થિવ તેજ હતું, "એ એક વાર મને મળ્યા વિના મરી શકે જ નહીં. મારું ઋણ છે એમના પર." વસુમાએ કહ્યું અને પછી ત્યાંથી ઊભાં થઈ ગયાં.

ઊભાં ઊભાં જ જાણે વાત પૂરી કરતાં હોય એમ કહ્યું, "મેં મારી જાતને અને તમને સૌને અડતાળીસ કલાક આપ્યા છે. જેમાંના ચોવીસ અહીં પૂરા થાય છે. જો આવતી કાલ સવાર સુધીમાં એ નહીં આવે કે એમનો કોઈ સંદેશો નહીં આવે તો હું તમારા સૌની વાત માનીને મંગળસૂત્ર ઉતારી નાખીશ અને આપણે ગંગાકિનારે જઈને એમના શ્રાદ્ધની વિધિ કરીશું."

આટલું કહીને વસુમા તો ચાલી ગયાં. પણ ડાઇનિંગ ટેબલ પર બેઠેલાં સૌના ગળામાં જાણે એક ડૂમો, એક વણકહેલી વાતની અકળામણ મૂકતાં ગયાં.

એ પછીની પંદરથી વીસ મિનિટ સૌ ડાઇનિંગ ટેબલ પર હતાં, પરંતુ કોઈ એક અક્ષર પણ ના બોલ્યું.

"મને કોઈએ જણાવવાની જરૂર પણ ના સમજી?" અંજલિ પોતાના ઘરમાં અકળાયેલી હાલતમાં આંટા મારી રહી હતી. ચાળીસ બાય સાઇઠના વૈભવી ડ્રોઇંગરૂમમાં સત્તરમા માળે અંજલિ તરતીબથી ગોઠવાયેલા નાજુક ઇટાલિયન ફર્નિચરના એક પીસ જેવી લાગતી હતી. એણે ફરી એક વાર ગુસ્સો કરીને પૂછ્યું, "તમને પણ એવું ના લાગ્યું કે તમારે મને કહેવું જોઈએ?"

"ડાર્લિંગ..." રાજેશ શાહે અંજલિને પડખામાં લેવાનો પ્રયત્ન કર્યો. અંજલિએ એને ધક્કો માર્યો. "ડૉન્ટ પુશ મિ" રાજેશે કહ્યું. એના ગળામાં લગભગ નાડાપટ્ટી જેવી જાડી ચેઇન હતી. બંને હાથની ત્રણ-ત્રણ આંગળીઓ પર વીંટી અને જમણા હાથમાં ડાયમંડથી 'આર.એ.જે.ઈ.એસ.એચ.' લખેલી લક્કી... ભૂરાં અને પીળાં મોટાં-મોટાં ફૂલો ચીતરેલું કમરથી સહેજ નીચે લંબાઈ ધરાવતું લેટેસ્ટ શર્ટ અને 'લી'નું જીન્સ પહેરેલો રાજેશ પાર્ટીમાંથી પીને આવ્યો હતો. આવીને ફરી પીવા બેઠો હતો. અંજલિ એન.સી.પી.એ.ની મ્યુઝિક કોન્સર્ટમાંથી હમણાં જ પાછી ફરી હતી. કમર સુધીના છુટ્ટા વાળ, કાનમાં મોતી- માણેક અને ડાયમંડથી બનેલા લગભગ બે ઇંચ વ્યાસનાં કર્ણફૂલ, પતલી ચેઈનમાં એવું જ પેન્ડેન્ટ, જરી વગરની રેડ-વ્હાઇટ અને બ્લેકના કોમ્બિનેશનની કાંજીવરમ સાડી અને બહુ જ આછા મેક-અપ સાથે કપાળમાં કોરા કંકુનો મોટો લાલ ચાંદલો...

"તું કાલી મા જેવી લાગે છે." રાજેશે કહ્યું અને રિપિટ કર્યું, "ડૉન્ટ પુશ મિ... આઇ એમ યૉર હેસબન્ડ..."

"એટલે જ, એટલે જ મને કહેવાનું ભૂલી ગયા આવડી મોટી વાત."

"મને તો એમ કે તારા મધરે તને કહ્યું હશે."

"એમણે તો હું ઘરમાંથી ગઈ પછી મને જિંદગીમાંથી જ કાઢી મૂકી છે. અલય સિવાય કોઈ અહીં આવતું પણ નથી. અભયભાઈ ક્યારેક ફોન કરે છે. બાકી, કોઈને મારી ચિંતા નથી." એનું ગળું ભરાઈ આવ્યું અને આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં.

"ડાર્લિંગ," રાજેશે ફરી એના ખભાની આજુબાજુ હાથ વીંટાળ્યો અને પછી ગુજરાતી ઉચ્ચારો સાથે હિન્દીમાં કહ્યું, "મૈં હૂં ના..." અંજલિએ અણગમા સાથે રાજેશનો હાથ પોતાના ખભા પરથી ખસેડ્યો.

"પ્લીઝ, ડૉન્ટ જૉક..." અંજલિએ કહ્યું.

"આઈ એમ નોટ જૉકિંગ... મને તારી ખરેખર ચિંતા છે." રાજેશે કહ્યું, "એટલે તો મે તને આટલી મોટી વાત કહી. અંજલિ, તારા ડેડ સાચે પાછા આવે તો તું શું કરે?" રાજેશે પૂછ્યું. એ અંજલિના ખભે હાથ મૂકીને ડૉલી રહ્યો હતો.

અંજલિની આંખમાંથી હજીયે આંસુ વહી રહ્યાં હતાં. "એ પાછા નહીં આવે." અંજલિએ કહ્યું, "આવવાના હોય તો જાત જ શું કામ?"

રાજેશે ફરી પૂછ્યું, "પણ સપોઝ આવે તો?"

અંજલિએ કહ્યું, "તો હું એમને કૉલરમાંથી પકડીને પૂછીશ" એણે રાજેશનો કૉલર પકડી લીધો હતો. રાજેશને એણે હચમચાવવા માંડ્યો, "વ્હાય? કેમ કર્યું તમે આવું? અમારા બાળપણને શા માટે અભાવોમાં અને એકલતામાં તરફડવા છોડી દીધું તમે? હું પૂછીશ એને..." અંજલિ ધ્રુસકે ધ્રુસકે રડી રહી હતી અને રાજેશને કૉલરથી પકડીને હલબલાવી રહી હતી. રાજેશનો નશો ઊતરી ગયો હતો. એણે હળવેકથી પકડીને અંજલિને નજીક લીધી અને એની પીઠ પર હાથ ફેરવવા માંડ્યો.

"અંજુ, કમ ડાઉન અંજુ... પ્લીઝ શાંત થઈ જા." રાજેશ કહી રહ્યો હતો અને અંજલિ ધ્રુસકે ધ્રુસકે રડતી પાછલાં બાવીસ વર્ષનો હિસાબ એના એ પિતા પાસે માગી રહી હતી જેનો ચહેરો એને ધૂંધળો ધૂંધળો યાદ હતો... આંસુના પડદાને પેલે પાર જાણે એને એ ચહેરો દેખાઈ રહ્યો હતો અને એ ચહેરાને એ ફરી ફરીને પૂછી રહી હતી, "કેમ કર્યું તમે આવું? કેમ? કેમ? કેમ?"

*

સૂર્યકાંત બેન્ટ લીમાંથી ઊતરીને પોર્ચમાંથી જ્યારે ઘરમાં દાખલ થયા ત્યારે લક્ષ્મી કોઈકની સાથે ફોન પર વાત કરતી હતી. સૂર્યકાંતને જોઈને એણે ફોન મૂક્યો અને દોડતી આવી...

"ડેડ!" કહીને એ સૂર્યકાંતના ગળે વળગી. લગભગ એના જેટલી જ ઊંચી લક્ષ્મીના વાળ સોનેરી હતા, આંખો રાખોડી અને ચામડીનો રંગ ગોરો. પહેલી નજરે લક્ષ્મી અમેરિકન જ દેખાય. લગભગ વીસ વર્ષની સુંદર યુવતી હતી. "આપણે ઇન્ડિયા જઈએ છીએ?" એણે પૂછ્યું.

"હા બેટા!"

"કેમ અચાનક?" લક્ષ્મી ગુજરાતી બોલી શકતી, કારણ કે ભારતથી આવેલા ગુજરાતી સ્ટાફની સાથે ગુજરાતીમાં જ બોલવું એવો સૂર્યકાંતનો આગ્રહ રહેતો. એ પોતે પણ બને ત્યાં સુધી ગુજરાતીમાં જ વાત

કરતો.

"કામ છે." સૂર્યકાંતે કહ્યું.

"આપણે તાજમહાલ જઈશું, ફત્તેહપુર સિક્રી, ડેલ્હી અને... લાયન જોવા જૈઈશું ડેડી." લક્ષ્મી ખૂબ ઉત્સાહમાં હતી. "મેં તમારું ને મારું બંનેનું પેકિંગ કરી નાખ્યું છે. આખો દિવસ શોપિંગ કર્યું છે મેં..."

"એમ!' સૂર્યકાંતે કહ્યું, "ગુડ." અને પછી પોતાના રૂમ તરફ આગળ વધી ગયા.

લક્ષ્મીને એ ના સમજાયું કે એક વાર અમેરિકા આવ્યા પછી પહેલી વાર ભારત જઈ રહેલા એના પિતા ઉત્સાહમાં કેમ નહોતા? પોતે તો ભારત ક્યારેય જોયું નહોતું. તેમ છતાં એને આટલો ઉત્સાહ હતો, પણ ડેડી કેમ જાણે બુઝાયેલા, થાકેલા, ગૂંચવાયેલા અને દુ:ખી લાગતા હતા...

એમના લોન્ગ આયલેન્ડ પરના સત્તર રૂમના 'વિલા'માં ટેલિફોનની રિંગ વાગી. નાઇટ સૂટ પર ડ્રેસિંગ ગાઉન પહેરી રહેલા સૂર્યકાંતે મોઢામાંની સિગારેટ ઓલવીને ફોન ઉપાડ્યો. આ અંગત લાઇન હતી, માત્ર આઠ-દસ ગણતરીના લોકો સિવાય કોઈ પાસે આ બેડરૂમનો નંબર નહોતો.

"હેલો, સૂર્યકાંત હિયર..."

"રોહિત બોલું છું."

"યેસ, બહુ દિવસે બાપ યાદ આવ્યો?"

"ટેન થાઉઝન્ડ ડૉલર્સ જોઈએ છે ડેડી, મારા અકાઉન્ટમાં ટ્રાન્સફર માટે ફોન કરી દો..."

"હજી લાસ્ટ વીક મેં તને સેવન થાઉઝન્ડ ડૉલર મોકલ્યા હતા..."

"વપરાઈ ગયા." રોહિતના અવાજમાં બેફિકરાઈ અને તોછડાઈ હતી. "હું કાલે વિડ્રો કરવા જઈશ, પ્લીઝ મેનેજ..."

"રોહિત, આમ પૈસા..."

"પૈસા નહીં, ડૉલર્સ, યુ ઇન્ડિયન અને આ મારી માના ડૉલર્સ છે... મને ફાવે એમ વાપરું. કાલે મને મળી જવા જોઈએ. ઓ. કે.?"

"પણ રોહિત..."

"વ્હૉટ રોહિત? ડુ એઝ આઇ સે... અરે હા, સાંભળ્યું છે ઇન્ડિયા જઈ રહ્યા છો? હેવ અ નાઇસ ટ્રીપ ડેડ..."

ફોન કપાઈ ગયો હતો. સૂર્યકાંત ક્યાંય સુધી કપાઈ ગયેલા ફોનની ઘરઘરાટી સાંભળતો રહ્યો અને પછી એણે ફોન પછાડ્યો...

* * *

4

ફોન કપાઈ ગયો હતો. સૂર્યકાંત ક્યાંય સુધી કપાઈ ગયેલા ફોનની ઘરઘરાટી સાંભળતો રહ્યો અને પછી એણે ફોન પછાડ્યો...

કૉફી લઈને રૂમમાં આવતી લક્ષ્મીની રાખોડી આંખોમાં એક તરલ ભાવ હતો. એના સોનેરી વાળ છુટ્ટા હતા. એણે પહેરેલી ઘૂંટણથી સહેજ ઊંચી શોર્ટ્સમાંથી એના લાંબા પાતળા અમેરિકન લેગ્સ અને પાતળી દોરીવાળા નાઈટ શુટના ટોપમાંથી એની ગોરી અમેરિકન ચામડી દેખાતી હતી. લક્ષ્મી લગભગ સૂર્યકાન્ત જેટલી ઊંચી હતી. એણે રૂમમાં દાખલ થઈને સૂર્યકાન્તને ફોન પછાડતો જોયો. એણે સૂર્યકાન્તની સામે જોયું. "ડેડ, એની થિંગ રોંગ?"

"કમ હીયર માય ચાઈલ્ડ." સૂર્યકાન્તે કહ્યું. લક્ષ્મી કૉફીની ટ્રે મૂકીને સૂર્યકાન્તની નજીક આવી. સૂર્યકાન્તે એને નજીક ખેંચી લીધી અને એનું માથું પોતાના ખભા પર મૂકીને માથા પર હાથ ફેરવવા માંડ્યો. પિતામાં અચાનક આવેલા આ વહાલના ઊભરાને કારણે લક્ષ્મીને જરા નવાઈ તો લાગી પણ એ કાંઈ બોલી નહીં. થોડી વાર સુધી એમ જ રહ્યા પછી એણે કહ્યું, "ડેડ, કૉફી ઠંડી થાય છે."

"ઓહ યસ! યસ." સૂર્યકાન્તે કહ્યું અને પછી બેડની નજીક આવેલી નાનકડી બેઠક તરફ આગળ વધ્યો. પ્યોર ઇટાલિયન મારબલનાં બે પગથિયાં ચઢીને સહેજ અપર લેવલ પર એ બેઠક ગોઠવામાં આવી હતી. લાઇટ બ્રાઉન રંગના પ્યોર લેધરના બે મોટા મોટા સોફા અને બાજુમાં બે બીન બેગ. ઓફ વ્હાઇટ કલરની ગોળ ફરવાળી કાર્પેટ ઉપર વચ્ચે એક ટીનટેડ ગ્લાસનું સેન્ટર ટેબલ અને સોફાની બંને તરફ નાનાં નાનાં સ્ટૅન્ડ.

સૂર્યકાંત સામાન્ય રીતે સોફા પર બેસતા, જમણી તરફના સોફા પર... આજે જાણે ખૂબ થાક્યા હોય એમ બીન બેગ ઉપર ઢળી પડ્યા. પગ લાંબા કરી દીધા અને લસ્ત થઈ ગયેલું શરીર લંબાવી દીધું. આંખો મીંચી દીધી. એમના ચહેરા ઉપર પીડાના ભાવ સ્પષ્ટ દેખાતા હતા.

લક્ષ્મી પહેલાં સોફા પર બેસવા જતી હતી પછી પિતાની બાજુમાં જમીન ઉપર બેસી ગઈ અને હળવા હાથે સૂર્યકાન્તના માથામાં હાથ ફેરવવા લાગી.

"વ્હોટ ઈઝ ઈટ ડેડ? તમે મને કહી શકો. આઈ એમ યોર ફ્રેન્ડ..."

સૂર્યકાન્તે આંખો ખોલી. બાજુમાં બેઠેલી લક્ષ્મીને જોઈ. વીસ વરસની એ છોકરી કેટલી સમજદાર થઈ ગઈ હતી! "મા વગરનાં બાળકો જલદી જ મોટાં થઈ જતાં હોય છે..." એમણે મનમાં વિચાર્યું.

"...અને બાપ વગરનાં!?"

એમણે બાજુમાં બેઠેલી લક્ષ્મીના માથા ઉપર હાથ ફેરવ્યો. "કંઈ નહીં દીકરા, રોહિતનો ફોન હતો."

"અગેઈન?" લક્ષ્મીની ભ્રમરો સહેજ અણગમામાં સંકોચાઈ. "પૈસા માગવા ફોન કર્યો હશે..."

"એ સિવાય એ ક્યાં ફોન કરે છે?"

"પણ તમે એને પૈસા આપો છો શું કામ ડેડ? ના પાડી દો. જસ્ટ સે નો."

"કેવી રીતે ના પાડું બેટા? આ એની માના પૈસા છે. એની વાત સાચી છે. ના પાડવાનો મને અધિકાર નથી."

"ને મારી માના પૈસા નથી?" લક્ષ્મીએ પૂછ્યું. "એ મારી પણ મા હતી."

"યાહ... પણ તું સાવ જુદી છે..." સૂર્યકાન્તે નિસાસો નાખ્યો. લક્ષ્મીએ પિતાના વાળમાં ફરી એક વાર હાથ ફેરવ્યો અને કપાળ ઉપર હાથ મૂકીને કહ્યું, "હું તો તમારી દીકરી છું ને?" લક્ષ્મીએ કહ્યું અને પછી લાંબા થઈ ગયેલા બાપની છાતી પર માથું મૂકી દીધું. સૂર્યકાન્તે ફરી નિઃશ્વાસ નાખીને લક્ષ્મીના સોનેરી વાળમાં હાથ ફેરવવા માંડ્યો. સૂર્યકાન્તે આંખો મીંચી લીધી...

*

છ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતા દેવશંકર મહેતા જાણે હરતું-ફરતું જાજરમાન વ્યક્તિત્વ હતું. મુંબઈ શહેરમાં પહેલા દસ-બાર કરોડપતિઓના નામ લઈએ તો દેવશંકર મહેતાનું નામ લેવું પડે. આજે એ દેવશંકર મહેતાની સામે એનો મોટો દીકરો સૂર્યકાન્ત મહેતા ઊભો હતો.

ચાંદીનો ઢોળ ચઢાવેલી હાથી-ઘોડાવાળી હિંચકાની સાંકળોમાં ઝીણી ઝીણી ઘૂઘરીઓ લાગેલી હતી. મણિભુવનની પાછળ આવેલા ગામદેવીમાં એ વિશાળ બંગલો એ જમાનામાં આધુનિક ગણાતા અંગ્રેજી સ્થાપત્યની અસર નીચે બંધાયેલો હતો. બંગલાનો મોટો ઝાંપો વટાવતાં જ લાલ પથ્થરનો રસ્તો હતો. રસ્તાની બંને તરફ વિશાળ બગીચો અને લેન્ડસ્કેપીંગ કરેલી લૉન હતી. બંને લૉનની બરાબર વચ્ચે આરસપહાણના એક-એક ફુવારા હતા. ફુવારાની આસપાસ નાનકડા હોજ અને હોજમાં લાલ અને સફેદ રંગના કમળ ઉગાડવામાં આવ્યાં હતાં. હોજનું પાણી કમળનાં મોટાં મોટાં પાંદડાંથી ઢંકાઈ જતું.

લાલ પગથીનો રસ્તો પોર્ચ સુધી લગભગ સો મીટર ચાલીને પહોંચતો. બે થાંભલા ઉપર બંધાયેલી નાનકડી છતવાળી પોર્ચ સુંદર કુંડાઓ અને લટકતી વેલોથી શોભતી હતી. ચાર પગથિયાં ચઢીને બંગલાના વેઇટિંગ લાઉન્જ જેવી ઓસરીમાં દાખલ થઈ શકાતું. ઓસરીમાં આવનારાઓને રાહ જોવા માટે વાંસના સોફા અને ખુરશીઓ હતાં. લગભગ 40 ફીટ લાંબી એ ઓસરીની ફરતે કમર સુધીની દીવાલ ચણવામાં આવી હતી. ગાર-માટીના લીંપણવાળી એ દીવાલ ઉપર દર પાંચ ફૂટે એક થાંભલો હતો. જેના પર ગાર-માટીનું લીંપણ કરીને આભલા ચોડવામાં આવ્યા હતા. થાંભલાની બંને તરફ કુંડા મૂકવામાં આવ્યાં હતાં અને ઓસરીના લાલ નળિયાંવાળા છાપરામાંથી કુંડા લટકાવવામાં આવ્યાં હતાં.

મોટા ભાગના લોકોને ઓસરીમાં જ બેસાડીને આગતા-સ્વાગતા કરીને પાછા વાળવામાં આવતા. દાન માગનારા, સામાજિક સંસ્થાઓવાળા, ભલામણ-ચિઠ્ઠી લેવા આવનારા કેટલાય લોકોથી એ ઓસરી દિવસભર ભરાયેલી રહેતી.

ઓસરી વટાવીને અંદર આવો તો લગભગ સાઈઠ બાય સાઈઠનો એક વિશાળ દીવાનખંડ આવતો. ચાર વિભાગમાં વહેંચાયેલા એ દીવાનખંડમાં અંગ્રેજી અને દેશી બંને પ્રકારની બેઠક હતી. આવનારા મહેમાનોને એમના હોદ્દા અને મોભા પ્રમાણે અહીં બેસવાની વ્યવસ્થા કરવામાં આવતી. દીવાનખંડના સાવ છેડે એક આગવા-અલાયદા ખૂણામાં ચાર પગથિયાં ચઢીને એક બેઠક બનાવવામાં આવી હતી. જ્યાં ચાંદીનો ઢોળ ચઢાવેલી સાંકળોવાળો બે જ માણસ બેસી શકે એવો ચંદનના પાટિયાનો હિંચકો લગાડાયો હતો. હિંચકાની સામે આછા કથ્થઈ કલરના સોફા અને એની વચ્ચે ઑફ વ્હાઇટ કલરની પર્શિયન કાર્પેટ પાથરવામાં આવી હતી. ખૂબ અંગત મહેમાનોને અહીં સુધી લાવવામાં આવતા હતા. આ બેઠકની ડિઝાઇન એવી હતી કે અહીંથી

આખા ડ્રોઇંગ રૂમ અને છેક લાલ પગથીવાળા રસ્તા સુધી થતી તમામ હિલચાલો જોઈ શકાય. છેક ઝાંપો ખોલીને કમ્પાઉન્ડમાં દાખલ થતો માણસ હિંચકા સુધી આવે ત્યાં સુધી હિંચકા પર બેઠેલો માણસ એને જોઈ શકે એવી વ્યવસ્થા હતી.

દેવશંકર મહેતાની આ ફેવરીટ જગ્યા હતી. દિવસનો મોટા ભાગનો સમય એ ત્યાં જ ગાળતા. પેઢી પર જતા પહેલાં અને પેઢીએથી આવીને પત્ની સાથે અડધો કલાક અહીં બેસવાની જાણે પ્રથા પડી ગઈ હતી. સામાજિક પ્રશ્નો, ઘરની વાતો અને બીજી નાની-મોટી ચર્ચાઓ દેવશંકર મહેતા અને તેમનાં પત્ની ગોદાવરી દેવી અહીં જ બેસીને કરતાં...

દેવશંકર મહેતા હિંચકા પર બેઠા હતા. ધીમે-ધીમે હાલતા હિંચકા અને પવનને કારણે હિંચકા પર લાગેલી ઝીણી-ઝીણી ઘૂઘરીઓ રણઝણતી હતી. સામે એમનો મોટો દીકરો સૂર્યકાન્ત ઊભો હતો. પિતાનો લગભગ તમામ ભાર સૂર્યકાન્તે ઉપાડી લીધો હતો. દેવશંકર મહેતાની પેઢીનું તમામ કામ સૂર્યકાન્ત જોતો હતો. શહેરમાં સૂર્યકાન્તની શાખ ધીમે-ધીમે બંધાવા લાગી હતી. હમણાં જ પરણેલા સૂર્યકાન્તની પત્ની પણ સાક્ષાત્ સરસ્વતી હતી. ગોદાવરી દેવીએ એ પરણીને આવી એ ક્ષણથી એને ઘરનો તમામ ભાર સોંપી દીધો હતો અને મોટા ઘરના વ્યવહારો સમજતાં આ છોકરીને પખવાડિયુંય નહોતું થયું! એણે ઘરનો જ નહીં, સમાજનો અને વ્યવહારનો ભાર પણ ઉપાડી લીધો હતો. દેવશંકર અને ગોદાવરી દેવીને લગભગ વાનપ્રસ્થ જીવનનું સુખ અને સંતોષ મળવા માંડ્યાં હતાં. પણ આજે સૂર્યકાન્ત મહેતા, દેવશંકર મહેતાના મોટા દીકરાને પિતાની સામે ઊભા રહેવાના ફાંફા પડી ગયા હતા.

“આ... આ... આ શું છે?” દેવશંકર મહેતાનો અવાજ જાણે ધ્રૂજતો હતો.

“મારી ભૂલ થઈ ગઈ.” સૂર્યકાન્ત મહેતાએ નીચી નજરે કહ્યું.

“બેટા, મુંબઈ શહેરનાં ગણ્યાં-ગાંઠ્યાં ખાનદાન કુટુંબોમાં આપણું નામ લેવાય છે. આ શું કર્યું તે?”

“મને કલ્પના નહીં કે આવડું મોટું નુકસાન થશે.” સૂર્યકાન્તની નજર હજી નીચી હતી. દેવશંકરે હિંચકાને હળવી ઠેસ મારી. “નુકસાન? નુકસાનનો ભો નથી મને બેટા. મને તો, મારી પ્રતિષ્ઠાને આંચ આવે એની સામે વાંધો છે. આનાથી કેટલાંય મોટાં નુકસાન વેપારમાં સામી છાતીએ ઝીલ્યા છે દેવશંકર મહેતાએ. આજે નુકસાનની વાત કરવા નથી બોલાવ્યો તને.” સૂર્યકાન્તે હળવેથી ઊંચું જોયું.

“નુકસાનની નહીં તો પછી શેની? પિતાને શું વાત કરવી હશે?” સૂર્યકાન્તના મનમાં અવઢવ હતી.

“બેટા, લાભશંકર મહેતાની સાત પેઢીમાં ક્યારેય કોઈએ સટ્ટો નથી કર્યો. સાચા અને સારા વેપારથી કમાયા છીએ આપણે. આપણી શાખ છે બજારમાં અને સમાજમાં. હરામનો પૈસો લાભશંકર મહેતાના કુટુંબમાં કોઈએ લીધો નથી. બેટા, એ પૈસો આપણને પચેય નહીં. આપણે બ્રાહ્મણ છીએ, વાણિયા નહીં. તારા પરદાદાને એમની નાની સાત વરસે વિધવા થયેલી બહેનના ફરી વિવાહ કરવા માટે જ્યારે ન્યાત બહાર મુકાયા ત્યારે એમણે ગોરપદું છોડીને વેપાર કરવાનો નિશ્ચય કર્યો. આપણે શૈવ ધર્મ છોડીને શ્રીકૃષ્ણનું શરણ લીધું. સૌરાષ્ટ્રના નાનકડા ગામડામાંથી ઘરબાર વેચીને મુંબઈ આવીને અંગ્રેજોની નોકરી લીધી...’

સૂર્યકાન્ત મહેતાના ચહેરા પર કંટાળાના ભાવ આવવા લાગ્યા. એણે આ વાત પાંચસોથી વધારે વખત આ જ રીતે ઊભા રહીને સાંભળી હતી. જ્યારે કોઈ પણ વાત કહેવાની હોય ત્યારે દેવશંકર મહેતા ચાર પેઢી

પહેલાંના લાભશંકર મહેતાથી જ શરૂ કરતા...

"એનું શું છે?" સૂર્યકાન્તે સહેજ અકળામણભર્યા અવાજે પૂછ્યું.

"મને ખબર છે, તને આ વાત સાંભળવી નથી ગમતી." દેવશંકર મહેતાએ કહ્યું અને હિંચકાને ઠેસ મારી. "... પરંતુ આપણા ખાનદાનમાં જન્મેલા આવા પુણ્યાત્માઓને લીધે આપણે ઊજળા છીએ. બેટા, લાભશંકર મહેતાએ મુંબઈ આવવાનો નિર્ણય ન કર્યો હોત તો જામનગર પાસેના એ નાનકડા ગામમાં હું હજીય ગોરપદું કરતો હોત. તું ઇંગ્લૅન્ડ જઈને ભણી ન શક્યો હોત... આ વૈભવ, આ હવેલી, આ વેપાર, આ વ્યવહાર - બધુંય એમને આભારી છે."

"સમજું છું." સૂર્યકાન્તે કહ્યું, "મારી ભૂલ થઈ ગઈ. મે કહ્યું તો ખરું. ફરી નુકસાન..." દેવશંકરે એની વાત વચ્ચે જ કાપી નાખી. "નુકસાની ચર્ચા કરવા બોલાવ્યો જ નથી તને. બલકે, હું તો મુરલીધરનો હાથ જોડીને આભાર માનું છું કે એણે તને પહેલા જ સોદામાં નુકસાન કરાવીને સમજાવી દીધું કે આ ધંધો આપણે માટે બરાબર નથી."

"બાપુજી, આજ પછી આવી ભૂલ નહીં થાય." સૂર્યકાન્તે કહ્યું. એ હવે અહીંથી જવા માંગતો હતો, જેમ બને એમ જલદી.

"બેટા, પિતા થશો ત્યારે સમજાશે કે સંતાનની ભૂલ માવતરને કેટલું દુ:ખ આપતી હોય છે! મને તો મારા ઉછેરમાં જ ખોટ લાગે, જો મારું સંતાન સટ્ટાખોર કે જુગારી નીકળે તો."

"બાપુજી, હું હાથ જોડીને તમારી માફી માંગું છું. આજ પછી હું ક્યારેય મહેનત વગરના રૂપિયા કમાવાનો પ્રયત્ન નહીં કરું. આ વખતે માફ કરી દો." સૂર્યકાન્તે ત્રીજીવાર માફી માંગી. એ વાત ટૂંકાવવા માગતો હતો. નહીં તો, લાભશંકર મહેતા અહીં આવ્યા એ પછી એમણે ચાર રૂપિયા અને સાત આનાના પગારે શરૂ કરેલી નોકરી કઈ રીતે આજે ચાલીસ કરોડની પેઢી બની એની આખી કથા એણે અહીં ઊભા-ઊભા જ સાંભળવી પડશે, એની એને ખબર હતી.

"હું જાઉં બાપુજી? પેઢીએ જવાનું મોડું થાય છે." સૂર્યકાન્તે કહ્યું.

પોતાના અંગરખાના આડા ગજવામાંથી સોનાની ઘડિયાળ કાઢીને એને ખોલીને દેવશંકરે સમય જોયો. "ભલે. સિધાવો." દેવશંકર મહેતાના અવાજમાં હજીય અણગમો હતો. "જમ્યા?" એમણે સૂર્યકાન્તને પૂછ્યું.

"જી, બાપુજી." સૂર્યકાન્તે કહ્યું અને વાંકા વળીને પિતાનો ચરણસ્પર્શ કર્યો. રજ માથે ચઢાવીને એણે દીવાનખંડના મુખ્ય દ્વાર તરફ ચાલવા માંડ્યું. દીવાનખંડની જમણી તરફની દીવાલ ઉપર લાગેલી શ્રીનાથજીની સાચા સોનાના પતરામાંથી બનાવેલી છ ફૂટ મોટી તસવીર પાસે ઊભા રહી સૂર્યકાન્તે ઘડીભર હાથ જોડી આંખો મીંચી. નોકર એની મોજડી લઈ આવ્યો. એમાં પગ નાખી સૂર્યકાન્ત પોર્ચમાં ઊભેલી ગાડીમાં બેસીને પેઢી તરફ રવાના થયો.

બીન બેગ પર સૂતેલા સૂર્યકાન્ત મહેતા બંધ આંખે જાણે હિંચકાની ઘૂઘરીઓનો રણકાર સાંભળી રહ્યા હતા. એમને સામે હિંચકા પર બેઠેલા દેવશંકર મહેતા જાણે કહી રહ્યા હતા, "બેટા, પિતા થશો ત્યારે સમજાશે કે સંતાનની ભૂલ માવતરને કેટલું દુ:ખ આપતી હોય છે! મને તો મારા ઉછેરમાં જ ખોટ લાગે, જો મારું સંતાન સટ્ટાખોર કે જુગારી નીકળે તો."

"રોહિતને પૈસા આપી-આપીને મેં જ બગાડ્યો છે લક્ષ્મી સાચું કહે છે. આમ તો વાત સાચી છે. આ પૈસા લક્ષ્મીના પણ છે. હું રોહિતને પૈસા આપીને લક્ષ્મીનું નુકસાન કરું છું?" સૂર્યકાન્ત મહેતા પોતાની જાત સાથે દલીલો કરી રહ્યા હતા. "સ્મિતા આજે હોત તો શું કરત? એ જે પ્રકારની સ્ત્રી હતી, એ જોતાં એ રોહિતને ક્યારેય માફ ન કરત."

સૂર્યકાન્ત મહેતાને આ ઘરમાં પોતે આવ્યા એ બરફ વરસતી સાંજ યાદ આવી ગઈ સ્મિતા એક તદ્દન સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતી, અમેરિકામાં ઊછરેલી અમેરિકન વિચારસરણી ધરાવતી સ્ત્રી હતી. એના એક છૂટાછેડા થઈ ચૂક્યા હતા. સ્મિતાના પિતા કૃષ્ણપ્રસાદ માધવલાલ છેલ્લાં વીસ વરસથી પરદેશ હતા. એમનાં પત્ની સ્મિતાને એમના હાથમાં છોડીને મૃત્યુ પામ્યા પછી કૃષ્ણપ્રસાદ વેપાર કરવા દોઢ વરસની સ્મિતાને લઈને આફ્રિકા ગયા. આફ્રિકાથી ઇંગ્લૅન્ડ અને ઇંગ્લૅન્ડથી અમેરિકાનો એમનો પ્રવાસ સરળ નહોતો જ. એમણે ખૂબ મહેનત કરી હતી, જ્યાં હતા ત્યાં સુધી પહોંચવા માટે આજે અમેરિકામાં નાનકડો ધંધો જમાવીને એકની એક દીકરી સ્મિતા સાથે સમૃદ્ધિમાં આળોટતા હતા. પણ મા વગરની દીકરીના ઉછેરમાં કૃષ્ણપ્રસાદ પાછા પડ્યા હતા. એમના પૈસા કમાવાના વરસો દરમિયાન સ્મિતા તરફ ધ્યાન ન આપી શકાયાનો વસવસો એમને આજેય હતો. સ્મિતા તદ્દન અમેરિકન વિચારસરણી ધરાવતી હતી. હિપ્પી જેવાં ટૂંકાં કપડાં પહેરતી. સાવ નઠારા લોકો સાથે ફર્યા કરતી. કૃષ્ણપ્રસાદ એને કંઈ પણ કહેવાનો પ્રયાસ કરે કે ધમકાવે તો દિવસો સુધી ઘર છોડીને ગુમ થઈ જતી. કોકેઈન અને હેરોઈનના નશામાં ચૂર રહેતી સ્મિતા કૃષ્ણપ્રસાદના હાથમાંથી નીકળી ચૂકી હતી.

આલ્બર્ટ નામના એક અમેરિકામાં રહેતા જર્મન છોકરા સાથે લગ્ન કરીને સ્મિતાએ ઘર માંડ્યું ત્યારે કૃષ્ણપ્રસાદને લાગ્યું કે ખ્રિસ્તી તો ખ્રિસ્તી, હવે સ્મિતા ગોઠવાઈ જશે...

પરંતુ સવા વરસના રોહિતને લઈને સ્મિતા રડતી-કકળતી કૃષ્ણપ્રસાદના ઘરે પાછી ફરી હતી. આલ્બર્ટ કોઈના ખૂનના આરોપમાં પકડાઈ ગયો હતો. એને એકવીસ વરસની સજા થઈ હતી. સ્મિતા ફરી કૃષ્ણપ્રસાદ સાથે રહેવા લાગી હતી. હવે મા બનેલી સ્મિતામાં થોડુંક ઠરેલપણું આવ્યું હતું પરંતુ એની પ્રેમની, પુરુષની શોધ પૂરી નહોતી થઈ. વાર-તહેવારે નવા સંબંધોમાંથી ઊભા થતા મનદુઃખ અને એને કારણે સ્મિતાની જિંદગીમાં વધુ ને વધુ ખાલીપો ઉમેરાતો જતો હતો. સ્મિતા નશાની એવી તો બંધાણી થઈ ગઈ હતી કે લગભગ દિવસભર પોતાના ઓરડામાં પડી રહેતી. આંખ નીચે કાળાં-કાળાં કુંડાળાં થઈ ગયાં હતાં. વજન ઊતરી ગયું હતું. રોહિતને ઉછેરવાનીય એનામાં હામ નહોતી રહી...

કૃષ્ણપ્રસાદે રોહિતને ઉછેરવા માંડ્યો હતો. સ્મિતા પર ધ્યાન ન અપાયાના વસવસામાં એમણે રોહિતની બધી માંગણીઓ પૂરી કરવા માંડી હતી. રોહિત દિવસે દિવસે વધુ ને વધુ બગડતો જતો હતો. પરંતુ કૃષ્ણપ્રસાદને પોતાનાં વહાલ અને લાડની આડે રોહિતનું ભવિષ્ય નહોતું દેખાતું!

સાવ ખરાબે ચડી મૂકેલા એક કુટુંબમાં બરફ વરસતી એ સાંજે સૂર્યકાન્તને સ્મિતા હાથ પકડીને લઈ આવી હતી. નશામાં ધૂત સ્મિતાએ પિતાને સૂર્યકાન્તનો હાથ હાથમાં આપીને હેન્ડ-શેક કરાવ્યા હતા અને પછી શેમ્પેઇનની બૉટલ ખોલીને જોરથી અનાઉન્સમેન્ટ કર્યું હતું, "ડેડ, વી આર મેરીડ."

બીજા અનેક સંબંધોની જેમ આ પણ વહેલો-મોડો તૂટી જશે એમ માનનારા કૃષ્ણપ્રસાદે સૂર્યકાન્તમાં એક સાવ જુદો માણસ જોયો હતો. સૂર્યકાન્તના આવ્યાના દસમા દિવસે સ્મિતા ફરી મા બનવાની છે એ સમાચાર કૃષ્ણપ્રસાદને હાર્ટ અટેક લાવવા માટે પૂરતા નીવડ્યા હતા.

હૉસ્પિટલમાં પડેલા કૃષ્ણપ્રસાદ અને નશાખોર ગર્ભવતી સ્મિતાને સૂર્યકાન્તે અદ્ભુત રીતે સંભાળ્યાં હતાં. ત્રણ મહિનાની એ સારવાર દરમિયાન કૃષ્ણપ્રસાદને સ્મિતામાં સુંદર બદલાવ દેખાયો હતો. જિંદગીને ધિક્કારતી, જિંદગીથી ભાગતી સ્મિતા જાણે જીવવાનું શીખી ગઈ હતી...

શરૂઆતમાં સૂર્યકાન્તને ઘરના નોકરોથી સહેજ પણ સારી ટ્રીટમેન્ટ ન આપતા કૃષ્ણપ્રસાદ ધીરે-ધીરે સૂર્યકાન્ત પર આધારિત થવા લાગ્યા હતા. છ મહિનાના ગર્ભ સાથે સ્મિતા સોનોગ્રાફી કરાવવા ગઈ ત્યારે માંડ-માંડ જીવવાનું શીખેલી સ્મિતાના મોતનો પરવાનો એના રિપોર્ટમાં આવ્યો હતો...

સ્મિતાને કેન્સર હતું. ગર્ભાશયનું કેન્સર! બાળક ઉપર પણ ખતરો હતો. કારણ કે ગર્ભમાં ઊછરતા બાળકને અસર થાય એટલે સ્મિતાની ટ્રીટમેન્ટ એની ડિલિવરી પહેલાં શક્ય નહોતી. કેન્સર ફેલાતું જતું હતું. સૌએ ફફડતા જીવે ત્રણ મહિના કાઢ્યા હતા. દીકરીને જન્મ આપીને માંડ એક મહિનો જીવેલી સ્મિતાએ સૂર્યકાન્તના હાથમાં શ્વાસ છોડ્યો હતો. ત્યારે કૃષ્ણપ્રસાદને એટલું જ આશ્વાસન હતું કે, દીકરીનું મોત બગડ્યું નહોતું.

દીકરી ખોઈને દીકરો મેળવ્યો હોય એમ સૂર્યકાન્ત કૃષ્ણપ્રસાદ રોહિત અને લક્ષ્મીની સંભાળ લેવા માંડી હતી...

પરંતુ રોહિત ક્યારેય સૂર્યકાન્તનો થઈ શક્યો નહીં. નાનાના હઠાગ્રહ-દુરાગ્રહને કારણે એ સૂર્યકાન્તને ડેડ તો કહેતો પણ ક્યારેય એને પિતાની જગ્યાએ મૂકી શક્યો નહીં. એનું બાળપણ વિદ્રોહથી ભરેલું હતું. સૂર્યકાન્ત જેમ જેમ એને પોતાની નિકટ લાવવાના પ્રયાસ કરતા, એમ રોહિત વધુ ને વધુ દૂર થતો ગયો.

સોળ વરસનો રોહિત પહેલી વાર કાર એક્સિડન્ટના ગુનામાં પોલીસ લોક-અપમાં બેઠો હતો ત્યારે સૂર્યકાન્તને પિતાના શબ્દો યાદ આવ્યા હતા. તે દિવસથી શરૂ કરીને આજ સુધી, રોહિત છવ્વીસ-સત્તાવીસ વરસનો થયો ત્યાં સુધી રોજેરોજ સૂર્યકાન્તને જાણે પિતા દિવસમાં એક વાર કહેતા, “બેટા, પિતા થશો ત્યારે સમજાશે કે સંતાનની ભૂલ માવતરને કેટલું દુ:ખ આપતી હોય છે! મને તો મારા ઉછેરમાં જ ખોટ લાગે, જો મારું સંતાન સટ્ટાખોર કે જુગારી નીકળે તો.”

લક્ષ્મી સૂર્યકાન્તની છાતી પર જ માથું મૂકીને ક્યારે ઊંઘી ગઈ એની બાપ-દીકરી બેમાંથી કોઈનેય ખબર ના પડી. સૂર્યકાન્તની તંદ્રા અચાનક તૂટી ત્યારે એને ખ્યાલ આવ્યો કે લક્ષ્મી જમીન પર બેઠી-બેઠી જ ઘસઘસાટ ઊંઘી ગઈ હતી. સૂર્યકાન્તે એને ખૂબ માર્દવથી અને વહાલથી જગાડી, “બેટા લક્ષ્મી.. લક્ષ્મી દીકરા...”

“હા ડેડી.” લક્ષ્મી ચોંકીને જાગી.

“ગો ટુ યૉર રૂમ ઍન્ડ સ્લીપ બેટા.” સૂર્યકાન્તે કહ્યું અને લક્ષ્મી ઊભી થઈ પોતાના કમરા તરફ ઊંઘરેટાં ડગલાં ભરતી ચાલી ગઈ. સૂર્યકાન્તે બીન બેગ પર શરીરને વધુ લસ્ત કરીને સહેજ વધુ લંબાવ્યું. એમણે આંખો મીંચી દીધી. “આજે અહીં પડ્યા પડ્યા જ ઊંઘ આવી જાય તો સારું.” સૂર્યકાન્તે વિચાર્યું. પલંગની બરાબર સામે મૂકેલો સ્મિતાનો હસતો ચહેરો જોયા પછી કદાચ માંડ-માંડ આવેલી આછી-પાતળી ઊંઘ પણ ઊડી જાય એના કરતાં એમણે પહેલી ઊંઘ અહીં જ પૂરી કરી લેવાનું નક્કી કર્યું.

*

‘શ્રીજી વિલા’માં એક ગાડી આવીને ગેટની પાસે જોર-જોરથી હૉર્ન વગાડતી હતી. સ્કાય બ્લ્યુ કલરની

સ્કોડાનો હૉર્ન 'શ્રીજી વિલા'ના દરેક ઓરડામાં સંભળાયો. આદિત દોડતો બહાર આવ્યો. એણે અંજલિફોઈની સ્કોડા ગાડી જોઈ. દોડીને ગેટ ખોલ્યો. ગાડી અંદર આવીને ઊભી રહી. અંજલિ ગાડીમાંથી ઊતરીને આદિત સાથે કોઈ વાત કર્યા વિના સીધી બંગલાના દરવાજામાં થઈને અંદર દાખલ થઈ. એણે જૂતાં ઉતારવાની પણ તસ્દી ન લીધી. એ સીધી ડ્રોઇંગરૂમમાં દાખલ થઈ ગઈ.

જાનકી ડ્રોઈંગરૂમમાં બેસીને ટી.વી. જોઈ રહી હતી. વસુમા એમના ઓરડામાં હતાં, કદાચ.

અંજલિને જોઈને જાનકી ઊભી થઈ, "અરે અંજલિબહેન, તમે?" જાનકીએ નવાઈ લાગી છે એવું દેખાડવાનો પ્રયાસ તો કર્યો પણ ખરેખર એને નવાઈ નહોતી જ લાગી. ગઈ કાલે સવારના અખબારમાં જે જાહેરાત છપાઈ હતી, એ પછી અંજલિ તો ગઈ કાલે સાંજે આવવી જોઈતી હતી. જાનકીના હિસાબે એ ચોવીસ કલાક મોડી હતી.

જાનકી અંજલિ તરફ આગળ વધી. એણે અંજલિનો હાથ પકડ્યો. અંજલિના હાથમાં હીરાની ચાર બંગડીઓ હતી. એણે રીતુ બેરીનુ લેટેસ્ટ ડિઝાઇન કરેલું શિફોનનુ સલવાર-કમીઝ પહેર્યું હતું. પરફ્યૂમની મહેક એની સાથે દાખલ થઈને હવે ઓરડાના ખૂણે-ખૂણામાં ફેલાઈ ગઈ હતી. અંજલિએ જાનકીની ઉષ્મા તરફ ધ્યાન આપ્યા વિના પોતાનો હાથ છોડાવ્યો અને પૂછ્યું, "મા... મા ક્યાં છે?"

"એમના ઓરડામાં હશે." જાનકીએ કહ્યું.

બીજી કોઈ વાતચીત કર્યા વિના અંજલિ સીધી વસુમાના ઓરડા તરફ આગળ વધી. વચ્ચે ડાઇનિંગ ટેબલની ખુરશી હડફેટે ચડી. એને લાત મારીને સરખી મૂકવાની પરવા કર્યા વિના અંજલિ ટકટક કરતી વસુમાના ઓરડા તરફ આગળ વધી.

"અંજલિબહેન, સેન્ડલ." જાનકીએ બૂમ પાડી. વસુમાના ઓરડાની પહેલાં પૂજાઘર હતું. પૂજાઘર સુધી આ ઘરમાં કોઈ જૂતાં પહેરીને જતું નહીં. મા-દીકરી વચ્ચે વાત શરૂ થતાં પહેલાં જ મુદ્દો બદલાઈ જશે એવી બીકે જાનકીએ પાછળથી બૂમ પાડી.

ડાઇનિંગ ટેબલ પાસે જ બંને સેન્ડલ અત્યંત અવ્યવસ્થિત રીતે લાત મારીને ઉતારતાં અંજલિએ ખૂણામાં હડસેલવાનો પ્રયત્ન કર્યો પછી અટક્યા વિના વસુમાના ઓરડા તરફ આગળ વધી.

"મા... મા..." અંજલિના અવાજમાં રોષ અને અધીરાઈ પ્રગટ થતાં હતા. એ વસુમાના ઓરડાના દરવાજા પાસે આવીને ઊભી રહી. "આવ બેટા." વસુમાના અવાજમાં માર્દવ અને મમતાની સાથે સાથે એક સમતુલા હતી. એમની આંખોમાં અંજલિ શું કહેશે અથવા શું બોલશે એવો કોઈ સવાલ નહોતો. જાણે અંજલિની રાહ જ જોતાં હોય એવા સંયત અને સ્થિર અવાજે એમણે અંજલિને આવકારી અને હાથમાંનું પુસ્તક બાજુમાં મૂકી એમની આરામખુરશીમાંથી ઊભાં થયાં. "આવ બેટા."

"આ શું માંડ્યું છે?" અંજલિએ છાપું ફેંક્યું.

"બેસ બેટા." વસુમાએ શાંતિથી આગળ વધીને છાપું ઉપાડી લીધું.

"બેસવા નથી આવી હું. વાત કરવા આવી છું."

"બેસ્યા વિના વાત કેમ થશે?" વસુમાએ કહ્યું અને પછી એની પાછળ-પાછળ દરવાજે આવી લાગેલી જાનકીને

કહ્યું, "પાણી લઈ આવશે જાનકી?" જાનકી ત્યાં જ ઊભી રહી લગભગ બે સેકન્ડ. પછી ઊંધી ફરીને રસોડા તરફ ગઈ.

"મા શું કરો છો તમે? આ ઉંમરે આ બધું શોભે છે.?"

"આ જ ઉંમર છે આ કરવાની." વસુમાના અવાજ હજીય એટલો જ સંયત હતો.

"આજથી વીસ વરસ પહેલાં એમને શોધ્યા હોત તો લેખેય લાગત." અંજલિએ કહ્યું, "હવે શું કામ છે એમનું?" અંજલિનો અવાજ જાણે-અજાણે ખૂબ ઊંચો થઈ ગયો હતો. પોતાના રૂમમાં નેઈલ-પૉલિશ કરી રહેલી વૈભવીએ અંજલિનો અવાજ સાંભળ્યો.

"અંજલિ આવી લાગે છે. હવે જામશે મા-દીકરીની..." વૈભવીના ચહેરા પર સ્મિત આવી ગયું ગેટ ખોલીને ફરી પોતાનું હોમવર્ક કરવા બેઠેલો આદિત માના ચહેરા પર સ્મિત જોઈને સહેજ અકળાયો. "મોમ... એમાં સ્માઇલ કરવા જેવું કાંઈ નથી."

"મને તો ખડખડાટ હસવાનું મન થાય છે." વૈભવીએ કહ્યું અને ઊંધો હાથ ઊંચો કરી નેઈલ-પૉલિશનો બીજો કોટ બરાબર લાગ્યો છે કે નહીં એ જોયું. પછી આંગળીઓ વાળીને નખ ઉપર ફૂંક મારતાં આદિત સામે જોયું, "તારી ફોઈ ભરેલી બંદૂકે આવી છે. વસુમાને માથે ઍપલ મૂકીને બંદૂક ફોડશે. હું જાઉ છું નીચે, શૉ જોવા."

"મોમ... તમને આખો વખત દાદીની સામે શું પ્રોબ્લેમ છે?"

"દાદી જ મારો પ્રોબ્લેમ છે." વૈભવીએ કહ્યું અને ઊભી થઈ. ડ્રેસિંગ ટેબલ પાસે ગઈ. ટી-શર્ટ ખેંચીને સરખું કર્યું. વાળમાં બ્રશ ફેરવ્યું, લિપસ્ટિક લઈને હોઠ ઉપર સરખી રીતે લગાડી અને પોતાની જાતને અરીસામાં એક વાર જોઈ લીધી પછી એ નીચે જવા રૂમમાંથી બહાર નીકળી એવો જ એને અંજલિનો ભીનો ડૂમો ભરાયેલો અવાજ સંભળાયો.

"શું કામ બોલાવે છે એ માણસને? શું કરશે આવીને? હવે તો ફિઝિકલી પણ તને એની જરૂર નહીં રહી હોય... શું જોઈએ છે તારે એની પાસેથી?"

"જવાબ." વસુમાએ કહ્યું અને પછી છાતી સુધી ખૂંપી જાય એવી નજેર અંજલિ સામે જોયું. અંજલિ માની એ આંખો સહી ના શકી. એણે નીચું જોયું. એની આંખો છલછલાઈ આવી. આંસુનાં બે-ચાર ટીપાં ફર્શ પર પડી ગયાં. પછી એણે ફરી ઊંચું જોયું અને વસુમાને કહ્યું, "શા માટે માંડ-માંડ ગોઠવાયેલી જિંદગીમાં પથરા ફેંકે છે? એ માણસ અહીં આવશે તો પણ એને કોણ સ્વીકારશે?"

ધીમે-ધીમે પગથિયાં ઊતરીને વસુમાના ઓરડાના દરવાજા સુધી આવી પહોંચેલી વૈભવી અને રસોડામાંથી પાણી લઈને આવતી જાનકી સામસામે થઈ ગયાં. વૈભવીએ જાનકી સામે સ્મિત કર્યું. જાનકી નીચું જોઈ ગઈ. એ જાણતી હતી કે અંદર જે બળી રહ્યું છે એમાં ઘી હોમવા જ વૈભવી નીચે ઊતરી છે. પણ જાનકી ન વૈભવીને રોકી શકે એમ હતી, ન અંજલિને કંઈ કહેવાની એની હિંમત હતી.

વૈભવીએ જાનકીના બે હાથમાં પકડેલી ટ્રેમાંથી પાણીનો ગ્લાસ ઊંચકીને પી લીધો અને ફરી સ્મિત કર્યું. જાણે કહેતી હોય કે, "તારે ફરી પાણી લેવા જવું પડશે અને એ મિનિટ-દોઢ મિનિટ મારે માટે પૂરતી છે." જાનકીને ગુસ્સો તો બહુ જ આવ્યો પણ એક પણ અક્ષર બોલ્યા વિના પાછી વળી ગઈ. જાનકી રસોડા તરફ ગઈ અને

વૈભવી વસુમાના ઓરડાના દરવાજા પાસે જઈને ઊભી રહી.

"કુલ ડાઉન અંજલિબહેન." વૈભવીએ કહ્યું.

વસુમાએ ઊંચું જોયું, "બોલી લેવા દે એને. હક છે એનો."

"ખરી વાત છે. બિચારાં અંજલિબહેન, કેટલું સહન કર્યું છે એમણે. હવે જે માણસે એમને અને ઘરના સૌને આટલી તકલીફ આપી એને તમે પાછો બોલાવો... એમને તો પડી જ નથી હોં... આ તો તમે જાહેરાત આપી છે." વૈભવીએ કહીને અંજલિના ખભે હાથ ફેરવવા માંડ્યો. અંજલિ ધ્રુસકે-ધ્રુસકે રડવા માંડી.

"મા, શું મળે છે બધાંને આટલાં દુ:ખી કરીને?" વૈભવીએ અંજલિનું માથું જબરદસ્તી ખેંચીને પોતાના ખભા પર મૂકી દીધું.

"હું કોઈનેય દુ:ખી કરવા નથી માંગતી. આ સમજી-વિચારીને કરાયેલો યોગ્ય નિર્ણય છે." વસુમાએ કહ્યું પછી અંજલિ સામે સ્થિર નજરે જોયું. "કોઈ એમને સ્વીકારે કે ન સ્વીકારે, એ પ્રશ્ન તો ત્યારે ઊભો થાય જ્યારે એ આ ઘરના દરવાજા સામે આવીને ઊભા રહે."

"રાઇટ." વૈભવીએ કહ્યું અને પછી વસુમા સામે જોઈને એક ક્રૂર સ્મિત કર્યું. "એ આવે, ઘરના દરવાજે ઊભા રહે ત્યારે... ત્યારે અમારે શું કરવાનું? એમની આરતી ઉતારવાની? મા, એ જીવતા હોત તો ક્યારના પાછા આવ્યા હોત. એ નહીં આવે. શા માટે ઘરનાં બધાંની સાથે દુશ્મની કરો છો?"

"દુશ્મની?" હસ્યાં વસુમા, "કોણ કોનું દુશ્મન થાય છે બેટા? આ પરિવાર છે. એક અખંડ અવિભાજ્ય કુટુંબ. સૌને પોતપોતાના મત હોઈ શકે અને બે મત વચ્ચે ભેદ પણ હોઈ શકે. એથી મનભેદ નથી થતો. અહીં આવ અંજલિ." એમણે કહ્યું અને વૈભવીના આશ્ચર્ય વચ્ચે અંજલિ એની પકડમાંથી છટકીને માને ભેટી પડી. એ વસુમાની છાતી પર માથું મૂકીને નાના બાળકની જેમ ડૂસકે ડૂસકે રડી રહી હતી. વસુમા એના વાળ પર, પીઠ પર હળવે હાથે પંપાળી રહ્યાં હતાં.

જાનકી પાણીનો ગ્લાસ લઈને દાખલ થઈ.

"લો, પાણીથી લો." જાનકીએ પાણીનો પ્યાલો ઊંચકીને અંજલિ તરફ ધર્યો.

"એ આવશે કે નહીં? આવશે તો એમને કોણ સ્વીકારશે અને કોણ નહીં? એ કોને સ્વીકારશે? આ બધા પ્રશ્નોના જવાબ મળવામાં હવે ફક્ત બાર જ કલાક બાકી છે. આવતી કાલે સવારે મારી અડતાળીસ કલાકની મુદત પૂરી થાય છે. બેટા, જો આવતી કાલ સવાર સુધી તારા પિતા નહીં આવે તો હું મંગળસૂત્ર ઉતારીને મૂકી દઈશ. આપણે કાશી જઈને એમના શ્રાદ્ધની વિધિ કરી દઈશું. એ પછી એ આવે તો પણ..." જાનકીએ ચોંકીને ઊંચું જોયું. વસુમાની આંખો સાવ કોરી હતી. તો પછી એને વસુમાના અવાજમાં ડૂસકું કેમ સંભળાયું?

* * *

5

ધ્રુસકે ધ્રુસકે રડતી અંજલિની પીઠ પર વસુમાનો હેતાળ હાથ ફરી રહ્યો હતો. વૈભવી મનોમન આગ લગાડવાની પોતાની તરકીબ કામ ન લાગી એમ વિચારીને અકળાઈ રહી હતી. જાનકીએ વસુમાના શબ્દો સાંભળ્યા, "આવતી કાલે સવારે મારી અડતાળીસ કલાકની મુદત પૂરી થાય છે. બેટા, જો આવતી કાલ સવાર સુધી તારા પિતા નહીં આવે તો હું મંગળસૂત્ર ઉતારીને મૂકી દઈશ. આપણે કાશી જઈને એમના શ્રાદ્ધની વિધિ કરી દઈશું. એ પછી એ આવે તો પણ..." જાનકીને આ સ્ત્રીની સ્વસ્થતા અને પરિસ્થિતિ સાથે પનારો પાડવાની આખીયે રીત બહુ નવાઈ ભરેલી લાગી. 'કેટલી બધી સ્વાભાવિકતાથી એણે સત્યોને સ્વીકાર્યા હતાં!' જાનકીએ વિચાર્યું. પછી મા-દીકરીને એકલાં છોડીને બહાર જવા માટે એ પાછી ફરી. વૈભવીને ત્યાં ઊભેલી જોઈને એણે કહ્યું, "હું ચા મૂકું છું, તમે આવો છો ને?"

"હં...!" મનોમન વિચારોની ચેસ રમતી વૈભવી ચોંકી, "હા આવું છું." અને પછી અનિચ્છાએ જાનકીની સાથે ઓરડાની બહાર નીકળી.

"બેટા," બંનેના બહાર નીકળી ગયા પછી વસુમાએ અંજલિને કહ્યું, "તારી અકળામણ, તારો ક્રોધ અને તારો વિરોધ સુધ્ધાં હું સમજી શકું છું, પણ એમની તમામ ભૂલોને ભૂલો તરીકે સ્વીકારીએ તો પણ એ તારા પિતા છે."

"આટલાં વરસ ક્યાં હતા?" અંજલિના અવાજમાં ગુસ્સાની સાથે વસુમાની વાતનો સ્પષ્ટ અસ્વીકાર હતો. એણે માની છાતી પર મૂકેલું માથું લઈ લીધું. માને પકડીને આરામખુરશીમાં બેસાડી. પોતે સામે જમીન પર પલાંઠી વાળીને બેસી ગઈ, "કહે મને, ક્યાં હતા આટલાં વરસ?"

"એ જ પૂછવું છે મારે." વસુમાએ કહ્યું.

"છેક હવે, આટલાં વરસે?"

"હવે જ બેટા. આજ સુધીની જિંદગી તો હું તમારા સહુ માટે જીવી. નોકરી કરી, તમને ભણાવ્યા, પરણાવ્યાં, તમારી જિંદગીઓ ગોઠવાય એ જોવા માટે જીવી હું, પણ હવે આટલાં વરસે મને લાગે છે કે મારે મારા માટે જીવવું છે. જે વાત પચીસ વરસ સુધી ઘા બનીને દૂઝતી રહી છે મારી અંદર, એ ઘા પર હવે મલમ લગાડવો છે. જે સવાલોએ મને પચીસ વરસ નિરાંતની ઊંઘ નથી લેવા દીધી એ સવાલોનો જવાબ માત્ર એ જ માણસ આપી શકે એમ છે. ને બેટા, મારે એ સવાલોના પૂરા સાચા જવાબ જોઈએ છે. એ વિના મારો આત્મા મારો દેહ નહીં છોડે."

"મા..." અંજલિની આંખોમાંથી ડૂસકે ડૂસકે આંસુ સરતાં હતાં. "હું સમજું છું તારી વાત અને તોય સ્વીકારી નથી શકતી. એ માણસ અહીં આવશે તો કેટલીયે ભુલાયેલી વાતો યાદ આવશે. કેટલાય જૂના જખમ તાજા થશે મા."

"તને યાદ છે બેટા, તું નાની હતી ત્યારે હું તને કડુંકડિયાતું પીવડાવતી... ને તું પૂછતી મને, મા હું તને વહાલી છું ને? તો શું કામ મને કડવું પિવડાવે છે? ત્યારે હું તને કહેતી બેટા, કડવું એ જ પિવડાવે જે વહાલ કરતું હોય... તારા ભલા માટે, તારી સારી તબિયત માટે જે મા તને કડવું પીવડાવતી એ જ મા આજે તમારા

બધાના જખમ કાયમ માટે રૂઝવી દેવા એ જખમને ફરી એક વાર તાજા કરે છે...” વસુમાએ એક ઊંડો શ્વાસ લીધો. અંજલિ જોઈ રહી એમની સામે. માની સ્પષ્ટતા અને સ્વસ્થતા એણે પહેલાં નહોતી જોઈ એવું નહોતું, પણ આજે જાણે એને મા સાવ જુદી લાગતી હતી.

“કોઈ બીજું સમજે કે ના સમજે, તું તો મારી વાત સમજીશ એમ હું માનતી હતી...” વસુમાએ કહ્યું.

“મા, આનાથી શું મળશે? કેટલા પ્રશ્નો ઊભા થશે એની ખબર છે?”

“ન પણ થાય. કદાચ અત્યાર સુધી ઊભા થતા રહેલા પ્રશ્નોના ઉત્તરો મળી જાય એમ પણ બને. અડધો ખાલી ગ્લાસ અડધો ભરેલો પણ છે બેટા... તમે બધા જ શા માટે એક જ દિશામાં વિચારો છો.”

“બધાં? બધાં કોણ મા? હું મારી વાત કરું છું...” અને અંજલિનો અવાજ ફરી એક વાર ઊંચો થઈ ગયો. “તમે બધાંએ મને પરણાવીને જાણે આ ઘરમાંથી કાઢી મૂકી. બોજ ઉતારી નાખ્યો માથા પરથી. આ ઘરમાં શું બને છે, કોણ શું કરે છે એ જણાવવાની તસદી નથી લેતું કોઈ.” અંજલિ રડું રડું થઈ ગઈ ફરી એક વાર. “હું મરી ગઈ કે જીવું છું એનીય ખબર નથી રાખતું કોઈ.”

“તને ખરેખર એવું લાગે છે, બેટા?” વસુમાએ અંજલિની આંખોમાં જોયું. પછી એમના ખોળા પર બંને હાથની કોણીઓ ટેકવીને બેઠેલી અંજલિનો ચહેરો પોતાના બંને હાથની વચ્ચે લીધો. થોડી વાર જોઈ રહ્યાં એની સામે. પછી કહ્યું, “બેટા, આ ઘર જેટલું અભય, અજય અને અલયનું છે, એટલું જ તારું છે. મારા ઉપર જેટલા એમના અધિકારો છે એટલા જ તારા છે અને તેં આ વાત કાઢી છે એટલે તને કહી દઉં કે મેં તારા ત્રણ ભાઈઓમાંથી કોઈનીય સાથે વાત કરીને આ જાહેરાત નથી છપાવી. આ મારો નિર્ણય છે. સ્વતંત્ર રીતે મારો પોતાનો...” એમણે એકીશ્વાસે કહ્યું અને જાણે વાત અધૂરી છોડી હોય એમ શ્વાસ પણ છોડી દીધો.

“મા, પપ્પા આવશે?”

“નથી જાણતી દીકરા, પણ એટલું જરૂર જાણું છું કે આ જાહેરાત આપ્યા પછી મારું મન શાંત થઈ ગયું છે. પ્રયાસ કર્યાનું સુખ છે મને.”

“એ ખરેખર આવીને ઊભા રહે તો?”

“તો? તો શું બેટા?”

“તો શું થાય એની કલ્પના છે, મા? તમે ભલે ગમે તે કહો, પણ એકલા જીવતાં જીવતાં આ ઘરને એકલા હાથે ચલાવવાની, ઘરના તમામ નિર્ણયો એકલા જ લેવાની અને એકલા જીવવાની ટેવ પડી ગઈ છે તમને. રોજ એક એક ઈંટ મૂકતાં મૂકતાં તમારી આસપાસ એક કિલ્લો ચણી લીધો છે તમે અને એના દરવાજા બંધ કરી દીધા છે.” અંજલિ બોલતી હતી વસુમાની સામે જોઈને, એના અવાજમાં વસુમાને જાણે એક ચેતવણી, એક ભવિષ્યવાણી સંભળાતી હતી, “હવે એ કિલ્લાની બહાર તમે નીકળી શકો એમ નથી ને કિલ્લાની અંદર કોઈ આવી શકે એમ નથી મા... મને હજીયે એમ જ લાગે છે કે આ જાહેરાત આપીને તમે ભૂલ કરી છે.”

વસુમા એકીટશે જોઈ રહ્યાં અંજલિની સામે.

“શું આ છોકરી સાચું કહેતી હતી?” વસુમાનું મન ક્ષણભર માટે ગૂંચવાઈ ગયું, “ખરેખર એમણે જગ્યા નહોતી રાખી કોઈ માટે કે પછી એમના અજાણતાં જ એમની આસપાસની ખાલી જગ્યાઓ ભરાઈ ગઈ હતી.

જિંદગી પાણીની જેમ કોઈ પણ આકારના વાસણમાં ઢળીને પોતાનું લેવલ મેચ કરતી રહી હતી આટલાં વરસો દરમિયાન...” વસુમા વિચારે ચડી ગયાં.

મા-દીકરો વચ્ચે વધુ વાત થાય એ પહેલાં બહારથી જાનકીનો અવાજ સંભળાયો, “ચા તૈયાર છે.”

અને જાણે વસુમા પણ આ ચર્ચાને ટૂંકાવી નાખવા માગતાં હોય એમ ઊભાં થયાં અને અંજલિને કહ્યું, “ચાલ, ચા પી લઈએ.”

*

અલય કૉફી શોપમાં બેસીને લખી રહ્યો હતો. એણે શર્ટનાં બે બટન ખોલીને કૉલર પાછળ નાખી દીધો હતો. ફૂલ સ્લિવના શર્ટને વાળીને એની બાંય કોણીથી ઉપર સુધી ચડાવી હતી. એની છાતીના વાળ એના ખુલ્લા શર્ટમાંથી દેખાતા હતા. એની આંખો એ જે લખતો હતો એ ભાવને પ્રતિબિંબિત કરતી હતી. એના ચહેરા પર એક બહુ જ આછું સ્મિત હતું.

એણે છેલ્લી લીટીનું પૂર્ણવિરામ કરીને પાનું ફાડ્યું અને લખેલાં પાનાંની થપ્પીમાં મૂક્યું. પછી હાથ ઊંચા કરીને આળસ ખાધી અને ઘડિયાળ જોઈ, સાડા ચાર ને પાંચ. “આ નીરવે ત્રણ વાગ્યે આવવાનું કહ્યું હતું. ટાઇમસર આવે જ નહીંને કોઈ દિવસ!” અલયે મનોમન કહ્યું. પછી હાથના ઇશારાથી ત્રીજી કૉફીનો ઑર્ડર આપ્યો.

એ જ વખતે એણે કૉફી શોપનો કાચનો દરવાજો ધકેલીને દાખલ થતા નીરવને જોયો જેવી અલયની આંખ મળી એવા નીરવે જીભ કાઢીને કાન પકડ્યા. પછી અલય પાસે આવીને કહ્યું, “સૉરી યાર, મારા મહાન પિતાશ્રીએ બેસાડી દીધો. હવે એમને એવું તો કહેવાય નહીં કે તને મળવા આવવું છે. નહીં તો શ્રી વિષ્ણુપ્રસાદ ચોકસીને બે દાંત ફૂટી આવે આગળ ને આખા શરીર પર ચટાપટા ઊપસી આવે...”

કહીને હસતો હસતો એ અલયની સામેની ખુરશી ખેંચીને બેસી ગયો. પછી બોલ્યો, “મારી કૉફી મંગાવી કે નહીં? ટાઇગરે બે કલાકનું લેક્ચર આપ્યું, મારે જીવન કઈ રીતે જીવવું એ વિશે, પણ કૉફી સુધ્ધાં ના પીવડાવી...”

“બોલી લીધું?” અલયે પૂછ્યું.

“ના...” નીરવે કહ્યું, “બે કલાક ભાષણ સાંભળીને આવ્યો છું. હવે વીસ મિનિટ તો બોલવા દે.” પછી ફરી હસ્યો.

“હું જૉક્સના મૂડમાં નથી.” અલયે કહ્યું.

“ઓ.કે. બોલ શું વાત છે?” ગંભીર થઈ જતાં નીરવે કહ્યું. “તારો અચાનક ફોન આવ્યો, એ પણ ઑફિસ અવર્સમાં એટલે મને લાગ્યું જ કે કંઈક ઇમરજન્સી છે. બોલ, શું થયું છે?”

“થવાનું શું હતું? મારે તારા વાલકેશ્વરવાળા ફ્લૅટની ચાવી જોઈએ છે.”

“પાછું શું થયું?” નીરવે પૂછ્યું. “આપણે તે દિવસે મઢ ગયેલા ત્યારે નક્કી કર્યું હતું કે તું આ જાહેરખબર વિશે રિએક્ટ નહી થાય...”

"એવું નહીં બને. હું એ માણસનો વિચાર કરું છું અને મારું લોહી ગરમ થઈ જાય છે. એ આવે એ પહેલાં હું ઘર છોડી દેવા માગું છું" અલયના અવાજમાં અણગમો અને અકળામણ સ્પષ્ટ હતાં.

"ઘર છોડી દેવાથી છૂટી જઈશ તું એમ માને છે?" નીરવે કહ્યું. પછી ટેબલ પર આગળ ઝૂકીને અલયની આંખોમાં જોયું, "આ સમય તારી માની સાથે રહેવાનો છે. એને છોડીને ભાગવાનો નથી."

"અચ્છા!" અલયના અવાજમાં સહેજ કડવાશ ઊતરી આવી, "એમને અમારી જરૂરત જ નથી"

"એવું કહ્યું એમણે તને?" નીરવે પૂછ્યું. એ જ વખતે અલયની ટેબલ પર કૉફી આવી નીરવે એ કૉફી પોતાની તરફ સરકાવી લીધી અને કહ્યું, "એક ઔર..."

"વ્હોટ ઈઝ ધિસ?" અલયે કહ્યું. એ ચિડાયેલો હતો.

"કૉફી!" નીરવે કહ્યું.

"તું મને ચાવી આપીશ કે નહી?"

"કૉફી શોપની ચાવી મારી પાસે નથી." નીરવે કહ્યું અને પછી લુચ્ચું હસ્યો.

"મને તારી આ એક જ વાત નથી ગમતી. કોઈ પણ વાતને સિરિયસલી લેતો જ નથી"

"મૂરખ છે તું..." નીરવે કહ્યું, "તારી માએ આખી જિંદગી તમારા લોકો માટે જીવી કાઢ્યું છે. હવે જયારે એને તમારી જરૂર છે ત્યારે તારા અંગત ગમા-અણગમાની બેગ ઊંચકીને તું ઘર છોડી દેવા માગે છે. વેરી ગૂડ..." એણે તાળી પાડી. "વેરી ગૂડ... આનાથી વધારે કોઈ એક દીકરો મા માટે શું કરી શકે?"

"એટલે તું એમ કહેવા માગે છે કે એ માણસ આવે તો હું એને ગળે વળગી પડું? હિન્દી ફિલમના હીરોની જેમ પચીસ વરસ પછી મળેલા બાપને પાપા-પાપા કરીને રડવા માંડું?"

"ના રે, જરાય નહી. હું તો માત્ર એટલું જ કહું છું કે તારી માની પીડા જો તું નહીં સમજે તો કોણ સમજશે? જે સવાલો પચીસ-પચીસ વરસથી એની આંખોમાં લખાયેલા તેં વાંચ્યા છે એ સવાલો તારે પૂછવા જોઈએ તારા પિતાને..."

"પિતા? હું એને પિતા કહેતો જ નથી. ત્રણ બાળકો અને એક ગર્ભવતી પત્નીને છોડીને ભાગી ગયેલો માણસ ગમે ત્યારે પાછો આવે અને એને એનું કુટુંબ સ્વીકારી લે એવું ફિલ્મો અને નવલકથાઓમાં થાય, જિંદગીમાં નહીં. મારી મા જે રીતે ઇચ્છે છે એ રીતે હું એમની સાથે વર્તી નહીં શકું અને હું જે રીતે એમની સાથે વર્તીશ એ મારી મા સ્વીકારી નહી શકે. એના કરતાં બેટર છે કે હું..."

"મૂર્ખ છે તું." નીરવે એની વાત કાપી, "કદાચ તારી મા ઇચ્છતી હોય કે તું એની સાથે જ એ જ રીતે વર્તે, જે રીતે તારે વર્તવું છે અથવા તારે એમની સાથે જે રીતે વર્તવું છે એ રીતે વર્તવા માટે જ તારી મા બોલાવતી હોય એમને..."

"અઘરા ડાયલોગ નહીં બોલ. ઑડિયન્સને કાંઈ સમજ નહીં પડે." અલયે કહ્યું, "જો હું તો એક વાત સમજું છું. મારાથી એ માણસ સહન નહીં થાય..."

"એ માણસ સહન નહીં થાય... હું એની સાથે સારી રીતે નહીં વર્તું... આ બધી ચર્ચા અત્યારે કરવાનો કોઈ અર્થ જ નથી. સાદી-સીધી વાત એટલી જ છે કે એ માણસ આવે તો તારે કંઈ કરવાનું છે. ધાર કે એ આવે જ નહીં અને આખીય વાત પૂરી થઈ જાય તો?" નિરવે કહ્યું અને પછી છરીની ધાર જેવી દૃષ્ટિથી અલયની આંખમાં જોયું. "કે પછી તું પણ વસુમાની જેમ એમ જ માને છે કે, એ માણસ આવશે... જરૂર આવશે."

"હું... હું... કંઈ માનતો નથી. માએ જે કર્યું છે એ મને ગમ્યું નથી અને એટલે મારે..."

નિરવે ફરી વચ્ચે વાત કાપી, "તેં એવું કેટલું કર્યું છે, જે માને ના ગમ્યું હોય. મા તો ઘર છોડીને જતી નથી રહેતી..." અને પછી નિઃશ્વાસ નાખીને ઉમેર્યું, "નસીબદાર છે તું, કે તારા પિતા ગયા, તારી મા નહીં. મને પૂછ, કે મા ઘર છોડીને જતી રહે તો શું થાય? અલય, મારું બાળપણ અધૂરું રહી ગયું છે. માને છોડવાની ભૂલ નહીં કરતો, નહીં તો જિંદગી અધૂરી રહી જશે." પછી જાતને સંકેલીને પૂર્ણવિરામની જેમ ઉમેર્યું, "બેવકૂફી કરવાની કોઈ જરૂર નથી. ચૂપચાપ એ ઘરમાં રહે. તારા પિતા આવશે તો..."

"એ મારા પિતા નથી."

"સારું ભઈ, એ આવશે ત્યારે જોયું જશે."

લક્ષ્મી ખૂબ ઉત્સાહથી સૂર્યકાન્તને શોપિંગ દેખાડતી હતી. સાડીઓ, કોસ્મેટિક્સ, પરફ્યુમ્સ, ઇલેક્ટ્રોનિક આઈટમ્સ...

"સરસ છે! ખૂબ સરસ છે! પણ આ બધું તું આપીશ કોને?" સૂર્યકાન્તે લક્ષ્મીને પૂછ્યું.

"અરે ઇન્ડિયામાં આપણા રિલેટીવ્ઝ તો હશે ને?" લક્ષ્મીએ કહ્યું, "મારી એક ફ્રેન્ડ દર વર્ષે ઇન્ડિયા જાય છે. ખૂબ શોપિંગ કરે છે. કહે છે કે, ઇન્ડિયન રિલેટીવ્ઝને અમેરિકન વસ્તુઓ ખૂબ ગમે છે." સૂર્યકાન્ત હસ્યા. લક્ષ્મીના માથે હાથ ફેરવ્યો પછી એક નિઃશ્વાસ નાખીને કહ્યું, "હું પચ્ચીસ વરસે ઇન્ડિયા જાઉં છું. ખબર નથી કોણ રિલેટીવ્ઝ છે અને કોણ નથી."

"કોઈ તો હશે ને?" લક્ષ્મીએ પૂછ્યું.

"આમ જુઓ તો ઘણા છે." ફરી નિઃશ્વાસ નાખીને સૂર્યકાન્ત ઊંધા ફરી ગયા, "ને આમ જુઓ તો કોઈ નથી." સૂર્યકાન્તના આ વારંવારના નિઃશ્વાસથી વિચલિત થઈને લક્ષ્મી એની નજીક આવી. પોતાના બંને હાથ એની પીઠની આસપાસ લપેટી લીધા. છાતી ઉપર અંકોડા ભીડીને પીઠ પર માથું મૂકી દીધું, "ડેડી, તમે અચાનક ઇન્ડિયા જવાનું કેમ નક્કી કર્યું? કોઈ બીમાર છે? કોઈ પ્રોબ્લેમ છે ત્યાં?"

"ના બેટા." પછી લક્ષ્મીને કહેવું કે નહીં એનો નિર્ણય કરતા હોય એમ બે-ત્રણ ક્ષણ ચૂપ રહ્યા ને પછી ખૂબ ધીમેથી કહ્યું, "કોઈએ બોલાવ્યો છે મને ત્યાં." લક્ષ્મીએ ચોંકીને ઉપર જોયું. પિતાનો ચહેરો બીજી તરફ હતો પણ જાણે એમના અવાજમાંથી એક વેદના, એક તરસ ટપકતી હતી.

લક્ષ્મી આગળ આવીને સૂર્યકાન્તની સામે ઊભી રહી.

"ડેડી, શું વાત છે? પ્લીઝ મને કહો. હું બે દિવસથી જોઉં છું કે તમે ખૂબ ડિસ્ટર્બ છો. ગઈ કાલે આખી રાત બીન બેગ પર સૂઈ રહ્યા. ડેડી, એવું કોણ છે, જેનો મેસેજ આવતાં જ તમે આટલા ડિસ્ટર્બ થઈ ગયા છો."

"લક્ષ્મી... બેટા... આ દેશમાં એવું કોઈ નથી, જેને હું મારી વાત કહી શકું. કદાચ, હવે તો ભારતમાંય એવું નથી રહ્યું, જે મારા મનની વાત સમજશે. તું હંમેશાં મારી દીકરી ઓછી ને દોસ્ત વધારે રહી છે. આજે એક વાત કહેવી છે તને. બેસ." સૂર્યકાન્તે કહ્યું અને લક્ષ્મીનો હાથ પકડીને એને બેડ પર બેસાડી દીધી. પોતે ખુરશી ખેંચીને સામે બેઠા. બાપ-દીકરી વચ્ચે થોડીક ક્ષણો એમ જ વજનદાર પસાર થઈ ગઈ. લક્ષ્મી ઉચ્ચક શ્વાસે પિતા શું કહે છે, એની રાહ જોઈ રહી હતી. સૂર્યકાન્ત, પોતાની વાત કઈ રીતે કહેવી એના શબ્દો ગોઠવી રહ્યા હતા.

હળવે રહીને સૂર્યકાન્તે વાત શરૂ કરી.

"મારી પત્ની છે... ભારતમાં!" અને પછી સાવ ચૂપ થઈ ગયા. લક્ષ્મી થોડી વાર વાત આગળ વધવાની રાહ જોતી રહી પછી એને લાગ્યું કે, પિતાને થોડાક સહારાની, એકાદ પ્રશ્નની જરૂર છે એટલે એણે ધીમેથી પૂછ્યું, "જીવે છે?"

"હા. એણે જ બોલાવ્યો છે મને. ભારતનાં છાપાંઓમાં જાહેરાત છાપી છે મને બોલાવવા, મને શોધવા."

"શોધવા?" લક્ષ્મીના અવાજમાંથી આશ્ચર્ય છલકાઈ ગયું.

"હા, શોધવા." સૂર્યકાન્તને શબ્દો શોધવાના ફાંફાં પડી ગયા એમણે માંડ-માંડ થોડા શબ્દો ગોઠવીને લક્ષ્મીને કહ્યું, "હું... હું ઘર છોડીને ભાગી આવ્યો હતો બેટા. આજથી પચ્ચીસ વરસ પહેલાં."

"ડેડી!" લક્ષ્મીના અવાજમાં આશ્ચર્યની સાથે હવે આઘાત ભળ્યો હતો.

"હા, બેટા. કાયરની જેમ ભાગી આવ્યો હતો ત્યાંથી. એટલું જ નહીં, એ પછી મારાં સંતાનોની, મારી પત્નીની ખબર પણ નથી કાઢી મેં." સૂર્યકાન્તના અવાજમાં એક ગુનેગારની પીડા હતી.

"પણ આટલાં વરસે હવે ડેડી... એ લોકો તમને શું કામ શોધે છે?"

"નથી જાણતો બેટા. કદાચ હું પણ આ જ સંદેશાની રાહ જોતો હતો. એટલે જ હિંમત નહીં થઈ હોય!" સૂર્યકાન્તની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. "આ પચ્ચીસ વરસના બાર હજારથી વધુ દિવસો મેં કેટલા પશ્ચાત્તાપમાં અને કેટલા તરફડાટમાં કાઢ્યા છે, એની મને જ ખબર છે. મને ડર લાગતો હતો લક્ષ્મી કે, આવી રીતે ભાગી આવ્યા પછી, જો હું ત્યાં જઈશ તો જે તિરસ્કાર અને જાકારો મને મળશે, એ હું નહીં સ્વીકારી શકું."

"પણ ડેડી, એક વાર ટ્રાય તો કરવી જોઈતી'તી. જે લોકો પચ્ચીસ વરસ પછી પણ તમને શોધે છે, એમણે તમારી કેટલી રાહ જોઈ હશે? કેટલાં દુ:ખી થયાં હશે તમારા વિના? એસ્પેશ્યલી યોર વાઇફ..."

"જાણું છું બેટા. આજે આ વાત તને એટલા માટે કહી રહ્યો છું કે, તું મારી સાથે આવવાની છે. ખરું પૂછો તો તને મારી સાથે લઈ જઈ રહ્યો છું એટલા માટે કે એ ઘરમાં એકલા પગ મૂકવાની મારી હિંમત નથી. કોઈ એક જણનો હાથ હશે મારા હાથમાં તો એ દરવાજે જઈને ઊભો રહી શકીશ બાકી મારો પગ જ નહીં ઊપડે."

"ડેડી, તમારું ફેમિલી, આઈ મીન તમારાં વાઇફ મને જોઈને કેવું રિએક્ટ કરશે? એટલે કે... હું તમારી સેકન્ડ વાઇફની..." આ જ સવાલ સૂર્યકાન્તને પણ મૂંઝવી રહ્યો હતો. લક્ષ્મી વિના જવાની એમની હિંમત નહોતી અને લક્ષ્મીને લઈને જાય તો વસુંધરા અને ઘરનાં બધાં કઈ રીતે વર્તશે એની એને ખબર નહોતી...

"બેટા, આ જ સવાલ મને પણ મૂંઝવે છે, પણ તને અહીંયાં એકલી મૂકીને જવાની મારી તૈયારી નથી. કોણ જાણે પચીસ વર્ષે મને શા માટે બોલાવ્યો છે અને ત્યાં કેટલા દિવસ લાગશે એની પણ મને કલ્પના નથી." સૂર્યકાન્તે ચાર-પાંચ ક્ષણો ચૂપ રહીને ઉમેર્યું, "બેટા, એ લોકો શું કહેશે કે કરશે એની મને ખબર નથી, પણ તું મારા કુટુંબનો ભાગ છે. આજે નહીં ને કાલે એમને જાણ તો થવાની જ છે અને એક વાર કરેલી કાયરતા, કે બેજવાબદારીને ભૂલ કહી શકાય... બીજી વાર કરું તો એને ગુનો કહેવાય. તારી મા જીવતી હોત તો તને કે એને મૂકીને જવાનો સવાલ આવત?"

"ડેડી, મેં ઘણી જગ્યાએ વાંચ્યું હતું કે પુરુષો ઈમોશનલી બહુ વીક હોય છે. સ્ત્રીના સપોર્ટ વિના જીવવું એમને માટે અઘરું હોય છે. તમારાં વાઇફ, પછી મમ્મી અને હવે હું. તમે પણ એવા જ છો, ડેડી."

"બેટા, મને નબળા કે સક્ષમની ખબર નથી. પણ આજે જે પરિસ્થિતિ મારી સામે આવીને ઊભી રહી છે એનો સામનો હું એકલો કરી શકું એમ નથી, એ નક્કી છે..." એમની વાત વચ્ચે જ કાપીને લક્ષ્મીએ કહ્યું, "અને આજે સામનો નહીં કરો તો ફરી ક્યારેય નહીં કરી શકો, એ પણ નક્કી છે. ડેડી, હું પેકિંગ કરું છું. આપણે રાતની ફ્લાઇટથી જઈએ છીએ. વિચાર બદલતા નહીં. કામનું બહાનું કાઢતા નહીં અને પિતાને પોતાના રૂમમાં એકલા છોડી લક્ષ્મી બહાર ચાલી ગઈ.

લક્ષ્મીના રૂમમાં લગાડેલો સ્મિતા અને એક મહિનાની લક્ષ્મીનો ફોટો સૂર્યકાન્ત જોઈ રહ્યા. હોઠના એક ખૂણાથી બીજા ખૂણા સુધી સ્મિત કરી રહેલી સ્મિતાનો આ ફોટોગ્રાફ લેતી વખતે એના જીવનના ગણ્યા-ગાંઠ્યા દિવસો બાકી છે એની જાણ હતી એને. પણ એનો ચહેરો જિંદગીથી ભરપૂર, માતૃત્વમાં ઝબોળાયેલો અને કેટલો તેજસ્વી લાગતો હતો!

"ખરેખર, લક્ષ્મીની વાત સાચી છે કદાચ. વસુંધરા આમ ત્રણ સંતાનોને છોડીને ચાલી ગઈ હોત તો હું જીવી શક્યો હોત?" સૂર્યકાન્ત મનોમન વિચારી રહ્યા અને પછી એમણે આંખો મીચી લીધી. આંખોમાં ક્યારનાં ભરાઈને બેઠેલાં બે આંસુ, આંખ મીંચતી વખતે ભૂલમાં કે જાણી જોઈને પણ આંખની બહાર રહી ગયાં.

એમને મનોમન લક્ષ્મીની વાત ફરી સંભળાઈ, "વિચાર નહીં બદલતા. કામનું બહાનું પણ નહીં કાઢતા. આપણે ઇન્ડિયા જઈએ છીએ." અને એમનું ઢચુપચુ થઈ રહેલું મન દૃઢ થઈ ગયું.

* * *

6

સૂર્યકાંતને મનોમન લક્ષ્મીની વાત ફરી સંભળાઈ, “વિચાર નહીં બદલતા, કામનું બહાનું પણ નહીં કાઢતા, આપણે ઇન્ડિયા જઈએ છીએ.” અને એમનું ઢચુપચુ થઈ રહેલું મન ફરી એક વાર દૃઢ થઈ ગયું.

એમણે સામે લગાડેલા સ્મિતા અને લક્ષ્મીના ફોટા તરફ જોયું. આ ખરેખર સ્મિતાની જ દીકરી હતી. સ્મિતા જેટલી જ મજબૂત, સ્મિતા જેટલી જ સાચી અને ઈમાનદાર. જિંદગી સાથે સ્મિતાની જેમ જ જોડાયેલી... પળપળને જીવી લેવામાં માનતી સ્મિતા સાવ મૃત્યુના બિછાને હતી ત્યારે પણ એનું સ્મિત ઝંખવાયું નહોતું. એણે સૂર્યકાંતને પાસે બોલાવ્યો હતો. એનો હાથ પકડીને થોડી વાર એની આંખોમાં જોઈ રહી હતી. બોલતાં બોલતાં ખાંસી ચડી આવતી સ્મિતાને. શ્વાસ લેવામાં પણ મુશ્કેલી થવા લાગી હતી, પરંતુ એણે મનોબળ ભેગું કરીને પૂરેપૂરો શ્વાસ ભરી લીધો...

ત્યાં ઊભેલા બધાને હાથના ઇશારાથી જવાનું કહ્યું. મધુકાંતભાઈ, સ્મિતાના પિતા કૃષ્ણપ્રસાદ, નાનકડો રોહિત અને લક્ષ્મીને હાથમાં લઈને ઊભેલી આયા - બધાં જ જાણે વાત સમજ્યાં હોય એમ બહાર નીકળી ગયાં. સ્મિતાએ ઇશારતથી સૂર્યકાંતને નીચા વળવાનું કહ્યું... સૂર્યકાંત પોતાનો કાન સ્મિતાના હોઠ પાસે લઈ આવ્યો... સ્મિતાએ એનો હાથ પકડી લીધો.

સાવ ક્ષીણ અને મ્લાન અવાજે સ્મિતાએ કહ્યું, “કાન્ત! તું મને વહેલો કેમ ના મળ્યો? જિંદગીની સાંજ આમ ઢળી જશે એવું મેં નહોતું વિચાર્યું.” આટલું બોલતાં તો એને ખાંસી ચડી આવી.

સૂર્યકાંતે ખૂબ લાગણીવશ થઈને એને કહ્યું, “નહીં બોલ સ્મિતા, ખૂબ તકલીફ થાય છે તને...”

સ્મિતાના ચહેરા પર સ્મિત આવી ગયું... “આજે નહીં બોલું તો ક્યારેય નહીં બોલી શકું ખબર છે તને? સાંભળ... ખૂબ અન્યાય કર્યો છે મેં તારી સાથે. કશુંયે નથી આપ્યું ને બદલામાં જિંદગીભરનું વચન લખાવી લીધું છે. ઈશ્વર માફ નહીં કરે મને.”

“રિલેક્સ સ્મિતા, શા માટે વિચારે છે આ બધું?” સૂર્યકાંતની આંખોમાં ભીનાશ તરવરી ઊઠી હતી.

“ખરી વાત છે, હવે આ બધું વિચારીને શું ફાયદો? લક્ષ્મી એટલી નાની છે કે એને પિતાના નામે તારો જ ચહેરો દેખાશે.. પણ રોહિત વિચિત્ર ઉંમરમાં છે, એ આલ્બર્ટને જાણે છે, મારા અને આલ્બર્ટના ઝઘડા જોયા છે એણે...એને લગ્નની ખૂબ કડવી, ખૂબ દુઃખદાયી સ્મૃતિ છે! પણ શું કરું? આલ્બર્ટ સૂર્યકાંત નહોતો.”

સૂતેલી સ્મિતાની આંખોની બંને તરફથી આંસુની ધાર વહેતી હતી. સૂર્યકાંતે ખૂબ માર્દવથી એ આંસુ લૂછી કાઢ્યાં. એના માથે હાથ ફેરવ્યો.

સ્મિતા હજી બોલી રહી હતી, “કાન્ત, હું તને એ બે બાળકો સોંપીને જાઉં છું, જેની સાથે તારે કોઈ સંબંધ નથી - ન લોહીનો, ન લાગણીનો... પણ છતાંય કોણ જાણે કેમ મારું મન કહે છે કે મારા લોહી-માંસમાંથી જન્મેલાં મારાં સંતાનોને હું તારા સિવાય બીજા કોઈના હાથમાં નહીં સોંપી શકું. લક્ષ્મીની પ્રેગનન્સી કન્સીવ કરી ત્યારે એક ભૂલ કર્યાની લાગણી થઈ હતી મને. રોહિતને પહેલી વાર હાથમાં લીધો ત્યારે કોઈ રોમાંચ નહોતો થયો મને... મા થવાની લાગણી હજી પૂરી અનુભવી શકું એ પહેલાં તો ગુડબાય કહેવાનો સમય આવી ગયો. કાન્ત, આ બે બાળકોમાંથી એક તો તને પોતાનો પિતા માનશે અને બીજાને તારે પિતા થઈને સંભાળી

લેવાનો છે. તું કરીશને આટલું?"

સ્મિતાના જે હાથમાં પોતાનો હાથ હતો એ હાથને ખૂબ વહાલ અને વિશ્વાસથી પંપાળ્યો. પછી પૂછ્યું, "તને મારામાં વિશ્વાસ છે ને?"

"મારી જાતથીયે વધારે." સ્મિતાએ કહ્યું એને શ્વાસ લેવામાં ખૂબ મુશ્કેલી પડતી હતી.

"બસ તો, શાંત થઈ જા." સૂર્યકાંતે કહ્યું અને ફરી સ્મિતાના માથે હાથ ફેરવ્યો. સ્મિતાએ આંખો મીંચી દીધી. શાંતિથી, સંતોષથી, કોઈ અજબ શ્રદ્ધાથી... સૂર્યકાંતનો હાથ એમ જ સ્મિતાના માથે ફરતો રહ્યો અને સ્મિતા બંધ આંખે એ સ્પર્શ માણતી રહી. એણે હળવેકથી આંખો ખોલી. સૂર્યકાંતની આંખોમાં જોયું અને જાણે એનું સર્વસ્વ માગતી હોય એવા અવાજે પૂછ્યું, "પણ કાન્ત, હજી એક વચન માગવું છે, આપીશ?"

"તું જે માગીશ એ આપીશ."

ફરી એક વાર આંસુ આવી ગયાં સ્મિતાની આંખોમાં "માત્ર માગ્યું જ છે, આપી શકી નહીં કશું તને... અને હવે છેલ્લી ઘડીએ પણ માગું જ છું તારી પાસે, આપીશ?"

"બોલ, મારો જીવ આપીને પણ તને બચાવી શકાતી હોય તો તને બચાવી લઉં..." સૂર્યકાંતનો અવાજ અને આંખો બંને તર-બ-તર થઈ ગયાં.

"કાન્ત, તને મળ્યા પછી જાણે જીવવાની ઇચ્છા જાગી ઊઠી. રોજેરોજ ઈશ્વરને પ્રાર્થના કરતી કે હજી બે-ચાર દિવસ વધારે તારી સાથે જીવી શકાય, પણ એટલાં પાપ કર્યાં છે મેં કે ઈશ્વર મારી પ્રાર્થના ક્યાંથી સાંભળે?" ભીની આંખે પણ એક સ્મિત આવી ગયું સ્મિતાના ચહેરા પર. ધોધમાર વરસાદ પડ્યા પછી જેમ સૂરજનાં કૂણાં કિરણો નીકળે એવો ઉજાસ હતો એના ચહેરા પર, "અને એટલે જ તારી પાસે માગું છું, જે ભગવાને નથી આપ્યું એ તેં આપ્યું છે..."

"માગ, શું જોઈએ છે? મારાથી જે અપાશે તે આપીશ."

"આવતા જન્મે મને પરણજે..." સ્મિતાની આંખોમાંથી ઓશીકું ભીંજવતી આંસુની ધાર વહી રહી હતી, "બહુ મોડો મળ્યો મને આ જન્મે. ભટકી ભટકીને થાકી ગઈ જેની શોધમાં એ મળ્યું ત્યારે માણવાનો સમય ના રહ્યો... કાન્ત, મેં તારા જેવો જ પ્રેમાળ, સાચો અને સરળ પતિ ઝંખ્યો હતો..." સ્મિતા બંધ આંખે આંસુથી ભીના અવાજે સૂર્યકાંતને કહી રહી હતી, "બોલ, આપે છે ને વચન?"

"હા." સૂર્યકાંતને પોતાનો અવાજ જાણે બીજી ધરતી પરથી આવતો હોય એવો લાગ્યો...

સ્મિતાના હાથમાં પકડેલો સૂર્યકાંતનો હાથ ઘડીભર દબાયો અને સ્મિતાનો હાથ લસ્ત થઈને પથારીમાં પડી ગયો. એનાં આંસુ હજી એમ જ વહી રહ્યાં હતાં, પણ શ્વાસ બંધ થઈ ગયો હતો. ધમણની જેમ ઊંચી-નીચી થતી એની છાતી હવે શાંત થઈ ગઈ હતી. એના હોઠ પર પરમ સંતોષનું, સુખનું સ્મિત સ્થિર થઈ ગયું હતું...

સૂર્યકાંત સ્મિતા સામે જોઈ રહ્યો ઘડીભર. પછી એના બંને હાથ છાતી પર મૂક્યા, પગ સરખા કર્યા, એના વાળ ચહેરા પરથી હટાવીને સરખા ગોઠવ્યા અને પોતાની બે હથેળીઓ વચ્ચે એના બંને ગાલ પકડીને એના કપાળ પર એક ચુંબન કર્યું - હળવું, વાદળ જેવું...

સૂર્યકાંત સ્મિતાના ફોટાની સામે ઊભો ઊભો જાણો ભૂતકાળમાં એક આંટો મારી આવ્યો.

સામે મૂકેલો સ્મિતા અને એક મહિનાની લક્ષ્મીનો ફોટો સૂર્યકાંત સામે જોઈને સ્મિત કરી રહ્યો હતો. જીવનથી ભરપૂર એ સ્મિત સૂર્યકાંતને કહી રહ્યું હતું, "મારી સાથે જિંદગીનો જે ગાળો તું જીવ્યો એમાં માત્ર એક જ વાત શીખવી મેં તને... જિંદગીની આંખોમાં આંખો નાખીને જો, કાન્ત! જિંદગીથી ભાગીશ તો જિંદગી તારી પાછળ ભાગશે. દોડાવશે તને! હંફાવી નાખશે! થકવી દેશે... દોડતો જ રહીશ તું જિંદગીની આગળ... તને ઘડીભર ઊભો રહીને પોરોય નહીં ખાવા દે એટલી ક્રૂર હોય છે જિંદગી... પણ જો એનો હાથ પકડીને, એની આંખોમાં આંખો નાખીને જોઈશ તો મીણની જેમ પીગળી જશે... દરેક વળાંકે તારી સાથે રહેશે. તને રસ્તો દેખાડશે અને તને જીવતાં શીખવાડતી જશે જિંદગી પોતે..."

"ખરી વાત છે સ્મિતા. ભાગીને જઈશ પણ ક્યાં? જ્યાં જઈશ ત્યાં છાતીમાં ઘેરાયેલો ડૂમો અને આંખોમાં સંગ્રહાયેલાં સ્મરણો તો સાથે જ આવવાનાં ને? એના કરતાં હું જ જઈને ઊભો રહું સ્મરણોના દરવાજે, ને બારણાં ઠોકીને ઉઘડાવું ભૂતકાળના દરવાજા..." સૂર્યકાંતે ભીની આંખો લૂછી કાઢી. ફોટાની નજીક ગયો. એક હાથ ફેરવ્યો સ્મિતાના ગાલ પર અને કહ્યું, "થેન્ક્સ! થેન્ક્સ દોસ્ત!"

શ્રીજી વિલાની આજની રાત ઘરમાં રહેતાં સૌ પર ભારે હતી. સૌ પોતપોતાની રીતે આવનારી સવાર વિશે વિચારી રહ્યા હતા. આવતી કાલે સવારે વસુમાએ આપેલી અડતાળીસ કલાકની મુદત પૂરી થતી હતી અને જે રીતે સૌ વસુમાને ઓળખતાં હતાં, એ રીતે એમણે જે વિચાર્યું હતું એમ જ એ વર્તશે, એમાં કોઈનેય શંકા નહોતી.

પોતાના ઓરડામાં ઠાકોરજીની સામે બેઠેલાં વસુમાની આંખોમાં પાણી હતું. ગઈકાલને જાણે ફિલ્મની પટ્ટીની જેમ એ પોતાની નજર સામે જોઈ રહ્યાં હતાં...

...તેત્રીસ વરસની વસુંધરા શ્રીજી વિલાના દરવાજે ઊભી હતી. રાતનો દોઢ વાગ્યો હતો. છોકરાઓને એણે માંડ-માંડ ઢબૂરીને સુવડાવ્યાં હતાં. બાર વરસનો અભય, આઠ વરસનો અજય, ત્રણ વરસની અંજલિ, બે દિવસથી ઘેર નહીં આવેલા પિતાની રાહ જોતાં હતાં. વસુંધરાને ખબર નહોતી કે છેલ્લા બે દિવસથી ઘેર નહીં આવેલા પતિને ક્યાં શોધવો?

અત્યારે રાતનો દોઢ વાગ્યો હતો. વસુંધરાએ એ તમામ જગ્યાઓએ ફોન કર્યા હતા, એ તમામ સ્થળોએ તપાસ કરી હતી, જ્યાં એના પતિ સૂર્યકાંત મહેતાના હોવાની સંભાવના હતી પરંતુ એમને સૂર્યકાંત મહેતા ક્યાંય નહોતા મળ્યા. આજ સુધી તો સસરાની ઓથ હતી એમને. પરંતુ સસરાના ગુજરી ગયા પછી સૂર્યકાંતને કહેનારું કોઈ રહ્યું નહોતું અને સૂર્યકાંત ધાર્યું કરવા લાગ્યો હતો...

ગામદેવીના મહેલ જેવા વિશાળ બંગલામાંથી અહીં શ્રીજી વિલાના ચાર બેડરૂમના ઘરમાં મોકલતી વખતે સસરાએ કહ્યું હતું, "જુદાં નથી કરતો તમને. તારો અને છોકરાઓનો આ ઘર ઉપર, મારી મિલકત ઉપર પૂરેપૂરો અધિકાર છે, પરંતુ દેવશંકર મહેતાના પરિવારમાં હવે સૂર્યકાન્ત મહેતા સમાઈ શકે એમ નથી. મેં મારાથી થાય એટલું કર્યું બેટા. મને લાગે છે કે, હવે થોડો સમય સૂર્યકાન્ત પોતાની રીતે જીવે તો જ એને સમજાશે કે કેટલા વીસે સો થાય?"

સૂર્યકાન્તને તો સમજાયું હતું કે નહીં, રામ જાણ! પણ વસુંધરાને ચોક્કસ સમજાઈ ગયું હતું કે કેટલા વીસે સો થાય? ત્રણ-ત્રણ સંતાનોની જવાબદારી હોવા છતાં જ્યારે વસુંધરાનું માસિક ચૂક્યું ત્યારે એણે સૂર્યકાન્તને કહ્યું

હતું, "આ ત્રણની જવાબદારી પણ ભારે પડે છે આપણને. મારી નોકરી ન હોત તો આ લોકોનું ભણતર પણ અધરું પડી જાત. ચોથું સંતાન નથી જોઈતું આ ઘરમાં." ત્યારે હંમેશની જેમ સૂર્યકાન્ત મહેતાએ હસીને કહ્યું હતું, "ઈશ્વરે આપ્યું છે, તો સંભાળ પણ એ જ લેશે."

વસુંધરા જાણતી હતી કે ઈશ્વરે ન એના ત્રણ સંતાનોની સંભાળ લીધી હતી, ન એ લેવા આવવાનો હતો. એમની ફી, એમના ભણતરની રોજેરોજની જરૂરિયાતો, પાંચ જણનાં અનાજ, પાણી, મસાલા અને શાકભાજી ક્યાંથી આવતાં હતાં, એ વસુંધરાને જ ખબર હતી, ઈશ્વરને ખબર નહોતી!

રોજ સવારના છાપામાં વસુંધરા નોકરીની જાહેરાતો જોતી. લાલ પેનથી ચકરડાં કરતી અરજીઓ કરતી અને રોજ બપોરની ટપાલમાં એ અરજીઓના જવાબ આવવાની રાહ જોતી.

દેવશંકર મહેતાના કુટુંબની પુત્રવધૂને ક્યારેક નોકરી કરવી પડશે એવું કોઈ પ્રખર જ્યોતિષે પણ આજથી છ મહિના પહેલાં કહ્યું હોત તો એને પોતાની જોધપુરી મોજડી કાઢીને ધબેડી નાખ્યો હોત દેવશંકર મહેતાએ! આજે વસુંધરા સૂર્યકાંત મહેતા રોજ સવારે ઈશ્વરને એક નોકરી શોધી આપવાની પ્રાર્થના કરતી હતી.

જે વસુંધરા ગુલાબનાં ફુલોની પાંદડીઓ પર ચાલીને દેવશંકર મહેતાની હવેલીમાં દાખલ થઈ હતી એ વસુંધરા બબ્બે-ત્રણ-ત્રણ કલાક રેશનની લાઇનમાં ઊભી રહેતી. દેવશંકર મહેતાની પેઢીનો પાટવી વારસ કહેવાતો કિશોર અવસ્થામાં માંડ પ્રવેશેલો અભય સ્કૂલેથી આવીને એક કરિયાણાની દુકાનમાં બપોરની નોકરી કરતો. અજય વહેલો ઊઠીને દૂધના બૂથ પર હિસાબ રાખતો અને તોય માંડ માંડ બે છેડા ભેગા થતા...

ગોદાવરી જ્યારે આવતી ત્યારે ગાડી ભરીને વસ્તુઓ લઈ આવતી. વસુંધરાના સ્વમાનને એક વધુ ઠોકર વાગતી, પણ બાળકોના ભૂખ્યા ચહેરા અને તરસી આંખો સામે જોઈને એ વસ્તુઓ સ્વીકારી લેતી.

રોજેરોજ કોના ઠાકોરજીને હાથ જોડીને વિનંતી કરતી, "પ્રભુ, હવે બહુ થયું... કેટલી પરીક્ષા કરશો? મારી ઈમાનદારીથી અને મારા જ્ઞાનમાંથી મારાં બાળકોને ખવડાવી શકું એટલું તો તમારે કરવું જ પડશે..."

અને એક દિવસ વસુંધરાની અરજીનો ઠાકોરજીની સહીવાળો જવાબ આવ્યો હતો!

વિલે પાર્લાની મોટામાં મોટી ગુજરાતી સ્કૂલ ચંદુલાલ નાણાવટી કન્યા વિનય મંદિર નામની શાળામાં વસુંધરાનો ઇન્ટરવ્યૂ હતો. ચોથા ધોરણ સુધી છોકરા-છોકરીઓની ભેગી, અને પાંચમા ધોરણથી માત્ર કન્યાશાળા બની જતી આ સ્કૂલ મુંબઈની સન્માનનીય શાળાઓમાંની એક હતી.

વસુંધરા ઇન્ટર્વ્યૂના સમયે શાળામાં પહોંચી હતી. શાળા જોઈને જ વસુંધરાને એક પ્રકારની હાશ થઈ હતી. મોટું કંપાઉન્ડ, ઢગલાબંધ ઝાડ, કંપાઉન્ડમાં પેસતાં જ ડાબી તરફ પ્રાથમિક વિભાગ અને સામે માધ્યમિક વિભાગનું મોટું બિલ્ડિંગ. સિમેન્ટના થાંભલાઓથી ઘેરાયેલી પરસાળ વટાવીને એ આચાર્યની કૅબિન પાસે પહોંચી હતી. હૃદય ધડકી રહ્યું હતું. "પૂછશે? શું જવાબ આપીશ? અનુભવ પૂછશે તો? મારી પાસે તો એવી મોટી ડિગ્રીયે નથી... આ નોકરી નહીં મળે તો..." પટાવાળાએ બોલાવી ત્યારે ઠાકોરજીનું નામ લઈને વસુંધરા મહેતા આચાર્યની કૅબિનમાં દાખલ થઈ હતી.

મધુરીબહેન નામના કડક સાડી પહેરેલાં પણ ખૂબ મમતાળુ ચહેરો ધરાવતાં સન્નારીએ એનો ઇન્ટરવ્યૂ કર્યો હતો.

"બહેન, માત્ર ગ્રેજ્યુએશનની ડિગ્રી પર તો આ નોકરી કઈ રીતે આપી દઉં? તમારાથી ઘણી મોટી ડિગ્રીવાળા બહાર બેઠા છે. એમને અન્યાય થાય... ગાંધીજીના સિદ્ધાંતોને અનુસરતી શિક્ષકો અને વિદ્યાર્થીઓ બધાય માટે ફરજિયાત ખાદીનો નિયમ ધરાવતી આ શાળામાં ગેરરીતિ તો..."

"તમને જેમ યોગ્ય લાગે તેમ, પણ શિક્ષણ અને ડિગ્રીને કોઈ સંબંધ નથી બહેન..." વસુંધરાએ કહ્યું. એની આંખોમાં આત્મવિશ્વાસની ચમક હતી અને પિતાએ આપેલા સંસ્કાર એના ચહેરા પર ઝગારા મારતા હતા.

"સમજું છું. શિક્ષણને મારી અડધા ઉપરની જિંદગી આપી છે મેં. શિક્ષણ સાથે જોડાયેલા રહેવા માટે તો લગ્ન પણ નથી કર્યાં." કોણ જાણે કેમ આ સાવ અજાણી સ્ત્રી મધુરીબહેનને સાવ પોતાની લાગી હતી.

લાલચટક ચાંદલો, બે તેજસ્વી આંખો, દૂધથી ધોઈ હોય એવી સાફ ચમકતી ત્વચા, બધા વાળ વ્યવસ્થિત રીતે પાછળ ઓળીને બાંધેલો અંબોડો, ગુજરાતી સાડી અને ચહેરા પર એક આત્મવિશ્વાસનું, સત્યનું, તેજનું સ્મિત...

"મધુરીબહેન, તમને ઓળખતી નથી, પણ એક વાત કહી દઉં - શિક્ષણને જો કોઈ વાત સાથે સંબંધ હોય તો એ માણસના સંસ્કાર સાથે છે. ભણાવવાના પુસ્તકો તો હું વાંચીનેય શીખી લઈશ. કેમ ભણાવવું એ અનુભવે આવડી જશે કદાચ... પરંતુ એક સાવ કુમળા છોડને સાચો માણસ અને સંસ્કારી નાગરિક કઈ રીતે બનાવવો એને માટેનાં કોઈ પુસ્તકો તૈયાર નથી મળતાં કે નથી કોઈ ડિગ્રી એ શીખવતી... બાકી તો તમારી ઇચ્છા!" વસુંધરા ટેબલ પર હાથ મૂકી, ખુરશી ધકેલીને ઊભી થઈ. પછી ક્ષણાર્ધ માટે મધુરીબહેનની આંખોમાં જોયું અને જાણે જાતને કહેતી હોય એમ સ્વગત જ બોલી, "એક શિક્ષકમાં સૌથી પહેલાં તો એક મા હોવી જોઈએ, કારણ કે એક મા સો શિક્ષક બરાબર છે અને બહેન, હું તો માત્ર મા જ છું. એક એવી મા, જેનું સ્ત્રીત્વ, જેનું અસ્તિત્વ બધુંયે એના માતૃત્વમાં ખોવાઈને રહી ગયું છે..." પછી હાથ જોડીને નમસ્તે કર્યા, "માત્ર કહેવા ખાતર નથી કહેતી, પણ તમને મળીને ખરેખર આનંદ થયો." અને પીઠ ફેરવીને સડસડાટ બહાર નીકળી ગઈ હતી.

મધુરીબહેનને આ સ્ત્રીમાં રહેલું કશુંક એવું તો તીવ્રતાથી સ્પર્શ્યું હતું કે એમણે મેનેજમેન્ટની સામે પિસ્તાળીસ મિનિટ દલીલો કરીને વસુંધરાને આ નોકરી આપી હતી.

નોકરીનો અપોઇન્ટમેન્ટ લેટર જ્યારે 'શ્રીજી વિલા'ના સરનામે આવ્યો ત્યારે એને ઠાકોરજીની મૂર્તિ સામે મૂકીને વસુંધરા ધ્રુસકે ધ્રુસકે રડી હતી...

ઠાકોરજીની સામે બેઠેલાં વસુમા જાણો છવ્વીસ વરસ પહેલાંના ભૂતકાળમાં સરી પડ્યાં હતાં. જીવેલી જિંદગીને જાણે ફરી એક વખત પાછું વળીને જોઈ રહ્યાં હતાં. એમને સમજાતું નહોતું કે એ ક્યાં ખોટાં પડ્યાં હતાં? શું ભૂલ હતી એમની, જે માટે સૂર્યકાન્ત મહેતા એમને આમ છોડીને ચાલ્યા ગયા હતા. એ ગયા, એ રાતથી તેત્રીસ વરસની વસુંધરા રોજ રાત્રે દરવાજે જઈને ઊભી રહેતી હતી... તે છેક આજે, અઠ્ઠાવન વરસનાં વસુમા આજે પણ મનોમન જાણે એ જ સ્થિતિમાં, એ જ દરવાજે, ત્યાં જ જઈને ઊભાં હતાં!

એમનાથી ઠાકોરજીને પ્રાર્થના થઈ ગઈ, "મારાં આટલાં વરસની તપશ્ચર્યા, મારી આટલા વરસની જોયેલી રાહ ને મારા વિશ્વાસને ખોટો નહીં પાડતો મારાં સંતાનો સામે મારી શ્રદ્ધાને તૂટવા નહીં દેતા, મારા વ્હાલા! અને એમણે હાથ જોડ્યા, મંદિરનાં દ્વારને આડાં કર્યાં અને પથારીમાં પડ્યાં.

કોકટેલ પાર્ટીમાં ગયેલી વૈભવી હજુ પાછી નહોતી આવી. આદિત એનું અસાઈન્મેન્ટ લખી રહ્યો હતો. લજ્જા કાન પર હેડફોન લગાવીને ટેલિવિઝન જોતી હતી. અભય લેપટોપ પર સોલીટેર રમી રહ્યો હતો પણ એનું મન દસ જાતના વિચારો કરતું હતું. આવતી કાલની સવારે જો ખરેખર વસુમા મંગળસૂત્ર ઉતારી નાખે તો એનાં પરિણામો શું આવશે, એની કલ્પના અભય કરી જ શકતો નહોતો. એણે આજ સુધી માને લાલ ચાંલ્લા અને ગળામાં મંગળસૂત્ર સાથે જ કલ્પી હતી. પિતાની ગેરહાજરી એને માએ ક્યારેય સાલવા દીધી હતી જ નહીં. પૈસાના અભાવને છોડીને બીજો કોઈ અભાવ ચારે ભાઈ-બહેનોને કદીય સાલ્યો નહોતો. માએ ખરા અર્થમાં મા અને પિતા બંને બનીને એમને ઊછેર્યા હતા. એમના કુટુંબની યાદીમાંથી પિતાનું નામ લગભગ ભૂંસાઈ ગયું હતું. હવે અચાનક એ નામ ઉમેરાય તો શું થાય? એની કલ્પના અભયને આવતી નહોતી...

લજ્જાએ ટકોર કરી. "ડેડી, તમારું ધ્યાન જ નથી. તમે હાર્ટના અટ્ઠા પર સ્પેડનો સત્તો મૂક્યો છે..."

"ઓહ!" અભયે કહ્યું અને ભૂલ સુધારી પછી અચાનક જ ઊભો થઈ ગયો અને બેડરૂમ સાથે જોડાયેલી નાનકડી ગૅલેરીમાં આવીને ઊભો. એના બાળપણથી જ એને ધીમે ધીમે એવી ટેવ પડતી ગઈ હતી કે પોતાના મનની વાત કોઈને ન કહેવી. પિતાના ચાલ્યા જવાને કારણે એ અચાનક જ ઘરનો સૌથી મોટો પુરુષ થઈ ગયો હતો. માની સાથે રોજેરોજના પ્રોબ્લેમ ડિસ્કસ કરતાં-કરતાં એનું બાળપણ ક્યાં ખોવાઈ ગયું એનો એને તો ખ્યાલ નહોતો જ રહ્યો!

અભય ગેલેરીમાં ઊભો-ઊભો બહારના રસ્તા પર જોઈ રહ્યો હતો. વાહનોની અવર-જવર આવતાં-જતાં વાહનોના હૉર્નના અવાજ અને એના મનમાં ચાલી રહેલું ઘમસાણ યુદ્ધ...

એણે ઊંડો શ્વાસ લીધો જાણે એ વિચારોને ખંખેરી નાખવા માગતો હોય. પછી આંખો મીંચી અને ઘડીભર ત્યાં જ ઊભો રહ્યો. આવતીકાલ સવાર આખાય ઘરનાં બધાં સભ્યોની કુંડળીમાં કંઈ જુદું જ લખવાની હતી. એ ભાવિ શું હતું, એ વિશે અભયનું મન ગૂંચવાઈ રહ્યું હતું. એને અહીં ગેલેરીમાં ઊભા-ઊભા પણ ગૂંગળામણ થતી હતી...

અભયને હંમેશાં એમ લાગતું કે એ જ્યાં જીવે છે ત્યાં રહેતો નથી અને જ્યાં રહેવા માગે છે ત્યાં જીવી શકતો નથી. વૈભવીની સ્વચ્છંદતા, એનો સ્વભાવ, એનું બોલવું એનું કડવું સ્મિત - જાણે એક કોક સેકન્ડના ફ્લેશ-કટની જેમ અભયની આંખો સામે ઝબકી ગયું... એને વિચાર આવ્યો, "શા માટે, શા માટે સહે છે એ આ બધું? કઈ મજબૂરી બાંધે છે એને? વૈભવી પત્ની છે એની. એક ઝાપટ મારીને ધાર્યું કેમ નથી કરાવી શકતો પોતે? શું કોઈ ઊણપ રહી ગઈ છે એના વ્યક્તિત્વમાં? એના પુરુષત્ત્વમાં?" એણે જોરથી માથું ધુણાવીને વિચારોને ખંખેરી કાઢ્યા... અને રસ્તા પરથી આવતી-જતી ગાડીઓ જોઈ રહ્યો.

ઘડિયાળમાં બારના ડંકા પડ્યા...

લજ્જા ઊઠીને ગૅલેરીમાં ઊભેલા પિતાની પાસે આવી. એમના ખભે હાથ મૂક્યો.

અભયે પાછળ જોવાની પણ તસદી ના લીધી.

"ડેડી..." લજ્જાએ કહ્યું.

"હં..." અભયે કહ્યું.

"શું વિચારો છો?"

"ખાસ કશું નહીં."

"મને ખબર છે, તમે દાદી વિશે વિચારો છો."

"કદાચ." અભયે કહ્યું.

"ડેડી, એક વાત કહું? હું પણ એમના વિશે વિચારતી હતી અને મને એવો વિચાર આવ્યો કે હું એમની જગ્યાએ હોત તો શું કરત?"

"શું કરત?" અભયે હવે લજ્જાની સામે જોયું.

"જે મિનિટે એ માણસ ગયો ને એ મિનિટે હું મારો ચાંદલો ભૂંસી નાખત. સાત વર્ષે કોર્ટમાં અરજી કરીને કાયદેસર છૂટાછેડા લેત... અને મારા ઘરમાં એનું નામ પણ ના લેવાય એવું નક્કી કરત."

"એમ?" અભયના ચહેરા પર હળવું સ્મિત આવી ગયું. એ પેઢીના અંતરને જોઈ રહ્યો. એક એની મા હતી અને એક એની દીકરી. જિંદગીના બે ધ્રુવોની બરાબર મધ્યમાં ઊભેલો અભય જાણે પોતે જ પોતાને નહોતો ઓળખી શકતો.

"આવી રીતે જાય એટલે સમજે છે શું એના મનમાં? ખરેખર તો આવો માણસ મને છોડી જાય એ પહેલાં મે છોડ્યો હોત એને..." લજ્જાના અવાજમાં ગજબનો આવેશ અને ગજબનો ગુસ્સો હતો... "સ્ત્રી રમકડું નથી કે જ્યાં સુધી ગમે ત્યાં સુધી રમ્યા અને પછી છોડીને ચાલતી પકડી... બાળકો પેદા કરવાં એ કોઈ બાયોલોજિકલ એક્સિડન્ટ નથી. એકાદ વાર ભૂલ થાય, ચાર-ચાર સંતાનો થયાં ત્યાં સુધી શું જખ મારતો હતો એ માણસ?"

"એ મારો બાપ છે " અભયે કહ્યું.

"ડૉન્ટ ટેલ મી ધેટ. એ માત્ર તમારી માનો પતિ બનીને રહ્યો, એને ફાવ્યું ત્યાં સુધી... અને આ ઘરમાં મારો મત પુછાયો નથી, બાકી મારું ચાલે તો હું એને આ ઘરમાં દાખલ ન થવા દઉં... લાત મારીને..."

"બસ લજ્જા!" અભય વચ્ચે જ બોલી પડ્યો.

એક ક્ષણ પિતાની સામે જોઈ રહી લજ્જા... એની આંખોમાં સેંકડો સવાલ હતા અને દઝાડી નાખે એવો આક્રોશ!

પછી એ પીઠ ફેરવીને અંદર રૂમ તરફ જતી રહી.

અભય ત્યાં જ ઊભો રહ્યો - એકલો!

વિચારોનાં જાળાંમાં સપડાયેલો, ગૂંચવાયેલો...

શ્રેયાની ગાડીમાંથી ઊતરતી વખતે અલયે એની સામે જોયું, "ગુડ નાઈટ." એણે કહ્યું અને એ ઊતરવા જતો હતો. શ્રેયાએ એનો જમણો હાથ પકડીને નજીક ખેંચ્યો. "એય... કંઈ ભૂલી જાય છે?"

અલયે કહ્યું, "ના. કશું નહીં." અને ફરી ઊતરવાનો પ્રયત્ન કર્યો. શ્રેયાએ સેન્ટ્રલ લોકિંગથી ગાડી બંધ કરી દીધી. પછી અલયની સામે જોઈને સેન્શ્યુઅસ સ્મિત કર્યું. પછી કહ્યું, "તને જમાડ્યો, ગાડીમાં અહીં સુધી છોડ્યો એનો કંઈક તો બદલો મળે!"

"શ્રેયા, મારું મગજ ઠેકાણે નથી, પ્લીઝ." અલયે કહ્યું.

"ઠેકાણે આવી જશે." કહીને શ્રેયાએ એના માથાના પાછળના ભાગમાં હાથ નાખ્યો અને એને નજીક ખેંચ્યો. અલયના થોડાક વિરોધ પછી અલય ખેંચાઈ આવ્યો. શ્રેયાએ એના હોઠ પર પોતાના હોઠ મૂકી દીધા અને એક પ્રગાઢ ચુંબન શરૂ થયું.

અલયના હાથ આપોઆપ શ્રેયાના ગળા પર, એની પીઠ પર, એના બાવડા પર અને એનાં સ્તનો સુધી ફરવા લાગ્યા...

એ જ વખતે વૈભવીની ગાડી 'શ્રીજી વિલા'ના ગેટ પાસે આવીને ઊભી રહી. એણે કોણ જાણે કેમ આજે જાતે ઊતરીને ગેટ ખોલ્યો અને ગાડી લઈને અંદર દાખલ થઈ...

જ્યારે જ્યારે વૈભવી કોકટેલ પાર્ટીમાંથી આવતી ત્યારે બને ત્યાં સુધી કોઈને ગેટ ખોલવા ન બોલાવતી. વસુમાને પોતાના આલ્કોહોલ પ્રત્યેના પ્રેમની જાણ ન થાય, ત્યાં સુધી સારું, એમ માનીને જ કદાચ આજે પણ એણે જાતે ગેટ ખોલી લીધો!

વૈભવીની ગાડીના આવવાથી આ ચુંબનમાં વ્યસ્ત યુગલને સ્થળ-કાળનું ભાન થયું એટલે શ્રેયા હળવેથી અલગ થઈ. "આવી ગયું મગજ ઠેકાણે?" શ્રેયાએ પૂછ્યું અને અલયનું નાક પકડી એનો ચહેરો હલાવ્યો. અલયે શ્રેયાના ખભા પર એનું માથું મૂક્યું, "મને ઘેર જવાનું મન જ નથી થતું."

"ન જા." શ્રેયાએ કહ્યું. "ચાલ મારા ઘરે."

"જા, જા.." અલયે કહ્યું, "તારો બાપ લાકડી લઈને દોડે મારી પાછળ. અમથોય હું એને ગમતો તો નથી જ..."

"તે તારે એને ક્યાં પરણવું છે?" શ્રેયાએ કહ્યું અને પછી હસ્કી અવાજમાં અલયની છાતીના વાળમાં માથું ઘસતાં કહ્યું, "ને મને તું બહુ ગમે છે... આઈ કાન્ટ લિવ વિધાઉટ યુ. હું તારા વિના જીવી નહીં શકું, અલય."

"એવું લાગે! મારી મા જીવી જ ગઈને મારા બાપ વિના." અલયના અવાજમાં ફરી એક વાર તીખાશ અને કડવાશ બેઉ ઊભરાયાં અને એ દરવાજો ખોલવા લાગ્યો. આ વખતે શ્રેયાએ એને રોક્યો નહીં. સેન્ટ્રલ લોકિંગ ખોલી નાખ્યું. અલય ગાડીનો દરવાજો ખોલીને 'ગુડ નાઈટ' કે 'આવજો' પણ કહ્યા વિના પોતાના ઘર તરફ આગળ વધી ગયો.

શ્રીજી વિલાનો ગેટ ખોલીને ઘરમાં દાખલ થતાં અલયના આખા શરીરમાંથી એની બેચેની, એની તકલીફ અને પરિસ્થિતિ સાથે સમજૂતી નહીં કરવાનો એનો વિદ્રોહ પ્રગટ થતો હતો. એણે 'ધડામ્' અવાજ સાથે ગેટ બંધ કર્યો અને એવું જાણતો હતો કે શ્રેયા ગાડીમાં બેઠી છે છતાં, પાછળ જોયા વિના ઓટલાનાં પગથિયાં ચડી ગયો. શ્રેયા ઘડીભર એમ જ બેઠી રહી. પછી ગાડી ચાલુ કરીને પોતાના ઘર તરફ આગળ વધી ગઈ.

પથારીમાં પડેલાં વસુમાએ ગેટનો અવાજ સાંભળ્યો.

“એ હશે?” મનમાં રહી રહીને એક જ વિચાર આવતો હતો!

એક વાર ઊઠવા ગયાં પણ પછી આંખો મીંચીને એમ જ પડી રહ્યાં. એમનું મન એમના કહ્યામાં નહોતું, એ ખરું. પણ એમણે મનને એટલું છૂટું ય નહોતું મૂક્યું કે, એમના આટલાં વરસો સુધી સંચિત માન-સ્વમાન અને ગૌરવને નેવે મૂકીને કશું પણ કરે.

વસુમાની બંધ આંખોમાંથી બે આંસુ સરીને ઓશીકાના રૂમાં ગર્ત થઈ ગયાં. એમણે આવતી કાલ સવારનો નિર્ણય ઈશ્વર પર છોડીને ઊંઘવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

* * *

7

મુંબઈમાં જુલાઈ મહિનાની સવાર વાદળોથી ઘેરાયેલી હતી. આજે પણ 'શ્રીજી વિલા'ના કમ્પાઉન્ડમાં વસુમાનો અવાજ ગુંજતો હતો. આમ તો આ સવાર રોજની સવારો જેવી જ હતી. પરંતુ, વસુમાની છાતી ઉપર જાણે પચ્ચીસ વરસનો ભાર હતો. સંતાનોને એમણે વચન આપ્યા મુજબ 48 કલાક પૂરા થઈ ગયા હતા. અને એમને જે સમાચાર કે ઉત્તરની અપેક્ષા હતી એ નહોતો જ આવ્યો.

વસુમાને જાણે રહી-રહીને ડૂમો ભરાઈ આવતો હતો. આજથી પચીસ વરસ પહેલાં પતિના ચાલ્યા જવાનું દુ:ખ એમણે જે રીતે છાતીમાં ભરી રાખ્યું હતું, એ રીતે એમને રહી-રહીને ડર લાગતો હતો કે, કદાચ હળવી ઠેસ વાગશે તોય એ ભરી રાખેલો ડૂમો વેરાઈ જશે. એમના હાથ રોજની જેમ જ બગીચામાં કામ કરતા હતા પરંતુ એમનું મન એમને – એમની જાતને જ પ્રશ્નો પૂછી રહ્યું હતું.

પોણા આઠના આઠ વાગી ગયા. જાનકી રસોડામાં અન્યમનસ્ક જેવી કામ કરી રહી હતી. એ જાણતી હતી કે વસુમાએ નક્કી કરેલું કશુંય આજ સુધી વિખરાઈ નથી ગયું. જો એમણે નક્કી કર્યું છે કે, અડતાળીસ કલાક પૂરા થતાં જ એ પતિની શોધ છોડી દેશે તો એ ખરેખર છોડી જ દેશે. કોણ જાણે કેમ જાનકીનું મન વારેવારે આ અંગે વસુમાને સમજાવવા માગતું હતું. જો કે આ ઘરમાં આજ સુધી કોઈનીયે હિંમત નહોતી કે વસુમાએ કરેલા નિર્ણય સામે અવાજ ઉઠાવે... વસુમાની ઇચ્છા આદેશ મનાતી હતી આ ઘરમાં.

આઠ વાગે વસુમા ઘરમાં પ્રવેશ્યાં. જાનકી ડાઇનિંગ ટેબલ પર નાસ્તાની તૈયારી કરતી હતી. બંનેએ એકબીજાની સામે જોયું અને બંને જણા એકબીજાની વાત વગર કહ્યે જ સમજી ગયાં હોય એમ વસુમા રસોડા તરફ આગળ વધી ગયાં.

વૈભવી નહાઈને અરીસા સામે ઊભી હતી. અભય શર્ટ ટક-ઈન કરી રહ્યો હતો. એ જાણતો હતો કે, વૈભવી કશું બોલ્યા વિના રહેશે નહીં એટલે બંને જણા ઊઠ્યાં ત્યારથી જ એમના ઓરડાની હવા ગરમ હતી. અને, વૈભવીએ જાણે બધાની અપેક્ષા વિરુદ્ધ વરતવાનું નક્કી કર્યું હોય એમ એક પણ અક્ષર બોલ્યા વિના ચૂપચાપ નાહીને તૈયાર થઈ હતી. છેવટે અભયથી ના રહેવાયું, "જો, મહેરબાની કરીને નીચે કંઈ નહીં બોલતી."

"કેમ?" વૈભવીએ પૂછ્યું.

"માને કેટલું દુ:ખ થયું હશે એની તને કલ્પના નથી. પપ્પા જીવતા છે, એ એકમાત્ર શ્રદ્ધાના બળે એણે અમને મોટાં કર્યાં. પોતાની જિંદગી ખેંચી કાઢી. આજે એણે જે નિર્ણય કર્યો છે, એનાથી પચ્ચીસ વરસનું દુ:ખ એકસામટું તૂટી પડશે એના ઉપર."

"જો અભય, મને કોઈ રસ નથી કે હું તારી માને કંઈ કહું. મારે જે કહેવાનું હતું એ તો હું પહેલાં કહી જ ચૂકી છું અને એમની જેમ એકની એક વાત મને વારેવારે કહેવાની મજા નથી આવતી."

"એટલે?" અભયની આંખો ફરી ગઈ.

"એટલે એમ કે, મેં તો પહેલાં જ કહ્યું હતું કે, એક વાર નાસી ગયેલાં માણસો પાછા નથી આવતાં."

"ડેમ ઈટ..." અભયનો અવાજ ઊંચો થઈ ગયો. "મારો બાપ નાસી નથી ગયો."

"તારા કહેવાથી શું ફરક પડશે અભય? બધાં જ જાણે છે કે, એ માથે મસમોટું દેવું મૂકીને ચાર સંતાનોને રખડતાં છોડીને ભાગી ગયા. ઍન્ડ બિલીવ મી, મોટે ભાગે એમણે આપઘાત..."

"શટ્ અપ... મહેરબાની કરીને ચૂપ રહે. નહીંતર..."

"નહીંતર શું? મારીશ મને? હવે એટલું જ બાકી રહ્યું છે." વૈભવીએ કહ્યું અને હાથમાંનું હેર-બ્રશ ડ્રેસિંગ ટેબલ પર ફેંકીને દરવાજાની બહાર નીકળી ગઈ. પથ્થરના બાવલાની જેમ ઊભેલો અભય જાતને કોસવા લાગ્યો, "ખાસ્સી ચૂપ હતી, મેં વળી ક્યાં છંછેડી એને." અને પછી અરીસામાં પોતાની જાતને એક વાર જોઈને એ પણ નીચે ઊતરી ગયો.

એક માત્ર અલય કોણ જાણે કેમ નીચે જવા મનને મનાવી જ શકતો નહોતો. ખરેખર તો એણે જે માગ્યું હતું અથવા ઇચ્છ્યું હતું એમ જ થવાનું હતું. જે માણસને એ નહોતો મળવા માગતો અને ઘર સુધ્ધાં છોડવા તૈયાર હતો એ માણસ હવે નહોતો આવવાનો... અને છતાં, કોણ જાણે કેમ એનું મન ખૂબ ઉદાસ થઈ ગયું હતું. ક્યાંક ઊંડે-ઊંડે એને એવું લાગતું હતું કે જે વેર એણે છવ્વીસ વરસથી માની કૂખમાં સૂતાં-સૂતાં પણ પંપાળ્યું હતું, એ વેર નપુંસક થઈ ગયું હતું. જે માણસને અપમાનિત કરીને ખરું-ખોટું કહી નાખવાની કેટલીય ક્ષણો એણે અવારનવાર પોતાની કલ્પનામાં જોઈ હતી. એ ક્ષણો હવે ક્યારેય નહોતી આવવાની કદાચ! એ કારણે હોય કે પછી પોતાની માની શ્રદ્ધા ખોટી પડ્યાનો આઘાત હોય, અલય આજે નીચે જવા જ તૈયાર નહોતો. એનું મન રહી-રહીને આજે થનારી ઘટનાના ભાગીદાર બનવાની 'ના' પાડતું હતું. અને છતાં એ જાણતો હતો કે નીચે ગયા વિના તો નહીં જ ચાલે... આખરે જાતને ધક્કો મારીને એ ઊભો થયો. એણે ઘડિયાળ જોઈ, સવા આઠ. અને પછી, છાપું ફેંકીને બાથરૂમ તરફ ચાલી ગયો.

*

ડાઇનિંગ ટેબલ ઉપર આખું મહેતા કુટુંબ ગોઠવાયેલું હતું. અભય મહેતાનો પરિવાર, અજય અને જાનકી, અલય...

સહુ આવનારી ક્ષણની પ્રતીક્ષામાં ચૂપચાપ નાસ્તો કરી રહ્યાં હતાં. છેવટે, ખાસ્સી વજનદાર ક્ષણો પસાર થઈ ગયા પછી વસુમાએ ધીમેથી કહ્યું, "અડતાળીસ કલાક પૂરા થઈ ગયા છે. તમારા પિતા પાછા ફર્યા નથી. હું સમજી શકું છું કે હવે એમની પ્રતીક્ષા કરવી અર્થહીન છે. હવે કદાચ આવે તો પણ મને લાગે છે કે જે સમય એ ચૂકી ગયા એ ફરી નહીં આવે..."

કોઈ કશું બોલ્યું નહીં.

"અભય, અજય અને અલય... મને લાગે છે આપણે શ્રાદ્ધની તૈયારીઓ કરી નાખવી જોઈએ."

"પણ મા..." અજયથી બોલ્યા વિના ના રહેવાયું.

"સાત વરસ પછી તો કોર્ટ પણ વ્યક્તિને મરેલા સ્વીકારી લે છે." વૈભવીએ કહ્યું, "આટલી લાંબી રાહ જોવી એ જ મારે હિસાબે તો..."

"બસ વૈભવી." અભયે કહ્યું. અને મા તરફ જોયું, "મા, મને લાગે છે, આપણે એમની એક વાર ફરી તપાસ..."

“તપાસ?” વૈભવીએ કહ્યું, “ક્યાં તપાસ કરશો? અને જો તપાસ કરવી જ હતી તો આટલાં બધાં વરસો શું કર્યું?”

“ભાભી, મને લાગે છે આ નિર્ણય કરવાનો અધિકાર માત્ર માનો છે.” અલયે પૂર્ણવિરામની જેમ કહ્યું. અને આ આખી ચર્ચાથી ત્રાસ થતો હતો.

“અને મેં નિર્ણય કરી લીધો છે.” વસુમાએ કહ્યું.

“મા, કદાચ એવું બને કે એમને સમાચાર મોડા મળે. આપણે ઉતાવળ કરીને અહીં શ્રાદ્ધ કરી નાખીએ અને પછી એ આવે તો...” જાનકીએ ખૂબ ધીમા અવાજે ડરતાં-ડરતાં કહ્યું.

“બેટા, મેં સહુથી પહેલું વાક્ય જ એ કહ્યું કે, મેં એમને આપેલો સમય પૂરો થયો છે. હવે એ આવે તો પણ આખીય વાત અર્થહીન બની જશે.” વસુમાની આંખોમાં એક અજબ પ્રકારનો ખાલીપો અને ઉદાસી હતી.

“તમે જેમ યોગ્ય સમજો તેમ મા.” અભયે કહ્યું. અને પછી, ફરીથી ડાઇનિંગ ટેબલ પર શાંતિ પથરાઈ ગઈ. જાનકીએ આંખમાં આવી ગયેલાં આંસુને માંડ-માંડ ખાળ્યાં. એ કશું બોલી નહીં પણ એ જાણતી હતી કે વસુમાના ઉદય પર કેવા ઘા પડતા હશે!

*

ન્યુ યોર્ક ઍરપોર્ટ ઉપર ‘પેસેન્જર્સ ટ્રાવેલિંગ ટુ ઇન્ડિયા...’ની જાહેરાત સાંભળીને સૂર્યકાન્ત મહેતાનું હૃદય એક થડકારો ચૂકી ગયું. ભારત... મુંબઈ... પચ્ચીસ વરસમાં શું-શું અને કેટલું બદલાયું હશે! એમને ફરી એક વાર વિચાર આવી ગયો. ‘શું હું યોગ્ય કરું છું? મારે જવું જોઈએ?’ એ બેધ્યાનપણે વેઇટિંગ લાઉન્જની ખુરશીમાં બેઠા હતા. લક્ષ્મી ઉત્સાહિત અને રોમાંચિત હતી. કોણ જાણે ક્યારની એ શું બોલી રહી હતી...

“ડેડી... ડેડી, ડેડી...” એણે સૂર્યકાન્તને હલબલાવી નાખ્યા. સૂર્યકાન્તની તંદ્રા તૂટી.

“હા, બેટા.” એમણે કહ્યું.

“ડેડી, આપણે ક્યાં રહીશું? સીધા તમારા ઘેર જ જઈશું?” લક્ષ્મીએ જાણે સૂર્યકાન્તના મનમાં ચાલી રહેલો પ્રશ્ન પૂછી નાખ્યો. સૂર્યકાન્ત પોતે પણ વિચારી રહ્યા હતા કે મુંબઈ ઊતરીને સીધા ‘શ્રીજી વિલા’ જવું કે નહીં? એમનું મન વારેવારે એ વિશે એમની જ સાથે દલીલો કરી રહ્યું હતું. પણ આખરે એમણે નક્કી કર્યું હતું કે એ હોટેલમાં ઊતરીને પછી ‘શ્રીજી વિલા’ જશે.

એમણે લક્ષ્મીને કહ્યું, “ના આપણે હોટેલમાં ઊતરીશું.”

“તો પછી પહેલાં તમે એકલા જ જજો, ડેડી.” લક્ષ્મીએ કહ્યું.

“સારું.” સૂર્યકાન્તે કહ્યું અને વાત બંધ કરી. એમના મનમાં જિવાઈ ગયેલાં કેટલાંય વર્ષો જાણે ફરી એક વાર સજીવ થઈને આવ્યાં હતાં એ માણસો, એ ચહેરાઓ અને એ પ્રસંગો એમની આંખ સામે ઊઘડતા જતા હતા, એક પછી એક...

ગામદેવીમાં આવેલો એ વિશાળ બંગલો છોડતી વખતે સૂર્યકાન્ત મહેતાએ મનોમન ગાંઠ વાળી હતી, “મારા

બાપના બંગલાની બાજુમાં એનાથી વેંત ઊંચો બંગલો ન બાંધું તો મારું નામ સૂર્યકાન્ત નહીં.' જે રીતે એમણે આ બંગલો છોડ્યો હતો એ પ્રસંગ અને એની કડવી સ્મૃતિ એમના મનમાં રહી-રહીને ઊભરાઈ આવતી હતી.

*

અવારનવાર 'ના' પાડવા છતાં સૂર્યકાન્ત સટ્ટો કરવાનું છોડ્યું નહોતું. દેવશંકર મહેતા પોતાના આ મોટા પુત્રને કહેવાય એટલું કહેતા. પછી પત્નીને કારણે સમસમીને રહી જતા. એમનો બીજો દીકરો માનસિક રીતે અસ્થિર હતો. મોટે ભાગે એના ઓરડામાં જ રહેતો. પત્ની ગોદાવરીની બધી જ આશાઓ એકમાત્ર સૂર્યકાન્ત પર આવીને અટકી જતી હતી. દેવશંકર મહેતા પત્નીને ખૂબ માન આપતા. ઘરના મોટા ભાગના નિર્ણયો પત્નીને પૂછીને જ કરાતા અને સૂર્યકાન્તની બાબતમાં પત્નીનો કૂણો ખૂણો દેવશંકર જાણતા એટલે બને ત્યાં સુધી એ સૂર્યકાન્તની બાબતમાં કડકાઈ કરવાનું ટાળતા. એ જાણતા કે પત્નીના લાડે જ સૂર્યકાન્તને મનસ્વી અને સ્વચ્છંદી કરી નાખ્યો છે. એ પત્નીને ટકોર પણ કરતા પરંતુ ગોદાવરીના પ્રેમની સામે એ આખરે એ હથિયાર નાખી દેતા...

આજે બેચેન થઈને હિંચકા પર બેઠેલા દેવશંકર મહેતા માત્ર ક્રોધમાં જ નહોતા. એમનો આત્મા ખૂબ દુભાયો હતો. આટઆટલી વાર સૂર્યકાન્તને સમજાવ્યા છતાં એ કોઈ રીતે સાંભળતો નહોતો. બજારમાંથી આવતા ખબર બહુ સારા નહોતા. આસમાની-સુલતાની ચાલ્યા કરતી હતી. બજારોની દશા બહુ સારી નહોતી... અને એવા સમયે સૂર્યકાન્ત ગાંડા સટ્ટા કરતો.

આજે જે સમાચાર આવ્યા હતા, એ એમને દુ:ખી કરવા માટે તો પૂરતા હતા જ પરંતુ પેઢી કાચી પડી જાય એવી સંભાવના ઊભી થઈ હતી. સૂર્યકાન્તે વીસ કરોડ રૂપિયાનો દાવ લગાડ્યો હતો અને વલણમાં જો એકના ત્રણ ચૂકવવા પડે તો આટઆટલાં વરસોથી સંચિત દેવશંકર મહેતાની પ્રતિષ્ઠા અને સંપત્તિ બંને દાવ પર લાગી જાય એમ હતું. સાંજના આઠ વાગ્યા હતા. સૂર્યકાન્ત હજી ઘેર આવ્યો નહોતો. ગોદાવરી અને વસુંધરા બંને જણા જમવાની રાહ જોતાં હતાં. દેવશંકર મહેતાએ વિચાર્યું હતું કે જમી પરવારીને એ સૂર્યકાન્ત સાથે પેટછૂટી વાત કરી લેશે. પરંતુ એ જ સમયે પેઢીનો એક માણસ આવ્યો. એનું મોઢું જોઈને, એની ઢીલી ચાલ જોઈને દેવશંકર મહેતા એટલું તો સમજી જ ગયા કે એ કોઈ મોંકાણના સમાચાર લાવ્યો હતો.

"શેઠ..." પેલા માણસની જીભ નહોતી ઊપડતી.

"બોલ, બોલ... મુરારિ... શું વાત છે?"

"શેઠ, એકના સાત..."

"શું વાત કરે છે?"

"શેઠ ભાવ બદલાઈ ગયો. સાંજના છેડે બજાર ઊથલપાથલ થઈ ગઈ."

"હશે... દેવશંકર મહેતાએ લાંબો નિ:શ્વાસ નાખ્યો. "કેટલા ચૂકવવાનાં થશે?"

"હજી હિસાબ નથી કર્યો. પણ... મોટી રકમ છે શેઠજી."

"જે થશે તે જોયું જશે. કોઈનોય પૈસો બાકી ના રાખશો." દેવશંકર મહેતાએ કહ્યું અને હિંચકા પરથી ઊભા

થઈ ગયા. એ દિવસે રાત્રે દેવશંકર મહેતા પોતાના જ ઓરડામાં બેસી રહ્યા. જમવા પણ ના આવ્યા. ગોદાવરી દેવી આખી રાત જાગતાં બેસી રહ્યાં પણ સૂર્યકાન્ત ઘરે જ ના આવ્યો બીજે દિવસે સવારે જ્યારે સૂર્યકાન્ત ઘરે પહોંચ્યો ત્યારે દેવશંકર મહેતાએ હિસાબ સંભાળી લીધો હતો. જેના-જેના ચૂકવવાના બનતા હતા એ બધાને દેવશંકર મહેતાએ પૈસા ચૂકવી દીધા હતા. સૂર્યકાન્ત હજી તો ઘરમાં દાખલ થાય એ પહેલાં જ ઓસરીમાં બેઠેલા દેવશંકર મહેતાએ કહ્યું હતું, "ત્યાં જ ઊભો રહી જજે..." સૂર્યકાન્ત ત્યાં જ ઊભો રહી ગયો હતો.

"અરે પણ બિચારાને અંદર તો આવવા દો." ગોદાવરી વચ્ચે બોલવા ગયાં હતાં.

"હવે તમે વચ્ચે નહી બોલતાં." દેવશંકર મહેતાએ કહ્યું હતું અને સૂર્યકાન્ત તરફ ફરીને કહ્યું હતું. "તું જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે. આ ઘરના દરવાજા આજથી તારા માટે બંધ છે. દેવશંકર મહેતાના પરિવારમાં એક દીકરો ગાંડો નીકળ્યો અને બીજો... દેવશંકર મહેતાની આંખમાં પાણી ધસી આવ્યાં હતાં.

ગોદાવરીએ રડવા માંડ્યું હતું.

વસુંધરા બહાર આવીને ઊભી રહી હતી.

દાદીને રડતાં જોઈને અભય, અંજલિ અને અજય પણ રડવા માંડ્યાં હતાં.

"ચાલો, વસુંધરા." સૂર્યકાન્તે કહ્યું.

"એ ક્યાંય નહીં જાય." દેવશંકર મહેતાએ કહ્યું.

"એ મારી પત્ની છે. જો એને અહીં જ રહેવું હોય તો મારી સાથેનો સંબંધ પૂરો કરવો પડશે." સૂર્યકાન્ત જે અવાજે બોલતો હતો એટલો ઊંચો અવાજ દેવશંકર મહેતાના બંગલામાં પહેલાં ક્યારેય કોઈએ નહોતો સાંભળ્યો. "તું આવે છે વસુંધરા?"

"બાપુજી... વસુંધરાએ સસરાની સામે જોયું હતું.

"બેટા, ધર્મસંકટની સ્થિતિમાં છું હું. શું કહું તમને? પણ તમે જ્યાં જશો ત્યાં મારા આશીર્વાદ તમારી સાથે રહેશે" અને પછી પત્ની તરફ જોઈને ઉમેર્યું હતું, "ગોદાવરી, આપણા વિલે પાર્લાના બંગલાની ચાવી આપી દો."

"નથી જોઈતી તમારી ચાવી." સૂર્યકાન્તે કહ્યું હતું, એ હજી ક્રોધમાં હતો. પિતા આમ ઘરમાંથી જવાનું કહી દેશે એમ કદાચ એણે નહોતું ધાર્યું.

"તમને નથી આપતો સૂર્યકાન્ત. દેવશંકર મહેતાના પૌત્રો અને પૌત્રી રસ્તા પર ન જ રહી શકે." ગોદાવરીએ ચાવી લાવીને સૂર્યકાન્તના હાથમાં આપવાનો પ્રયાસ કર્યો હતો. સૂર્યકાન્તે ચાવી હાથમાં લીધી જ નહીં. છેવટે ગોદાવરીએ ચાવી વસુંધરાના હાથમાં આપી...

વસુંધરા આગળ વધીને સાસુ-સસરાને પગે લાગી.

"જે ઘરમાંથી લક્ષ્મીની વિદાય થાય, એ ઘરમાં ક્યારેય સુખ નથી આવતું બેટા અને એ જાણવા છતાં મારે તમને વિદાય આપવી પડે છે. પણ આ ઘરના દરવાજા હંમેશા તમારા માટે ખુલ્લા છે."

"જો મારે માટે આ ઘરના દરવાજા બંધ હોય તો એ પણ આ ઘરમાં પગ નહીં જ મૂકે."

"બેટા... ગોદાવરીનો અવાજ ફાટી ગયો.

"જેવી તમારી ઇચ્છા." દેવશંકરનો અવાજ એકદમ સંયત હતો.

"ચાલો, વસુંધરા." સૂર્યકાન્તે કહ્યું અને પગથિયેથી જ ઊંધો ફરીને ચાલવા લાગ્યો. વસુંધરા ત્રણ સંતાનો સાથે એની પાછળ-પાછળ ઘસડાઈ. અભય તો થોડું ઘણું પણ સમજી શકતો હતો. અજય અને અંજલિને એ જ નહોતું સમજાતું કે આમ તૈયાર થયા વિના, મોટર લીધા વિના એ લોકો ક્યાં જઈ રહ્યાં હતાં?

*

વસુમા પોતાના ઓરડામાં બેઠા હતા. એમના મન ઉપરથી જાણે પ્રતીક્ષાનો ભાર ઊતરી ગયો હતો. એમને પોતાને પણ નવાઈ લાગી કે જે વાતથી હૃદય ભાંગી પડવું જોઈતું હતું એ વાતથી એ હળવાશ કેમ અનુભવી રહ્યાં હતાં!

'શ્રીજી વિલા'માં જાણે આખુંય વાતાવરણ ગમગીન, શોકમય થઈ ગયું હતું. વસુમાના શબ્દોની એટલી તો અસર થઈ હતી કે જાણે સૂર્યકાન્ત મહેતા આજે, હમણાં ગુજરી ગયા હોય, એમ ઘરનું વાતાવરણ સૂનું અને બોઝલ થઈ ગયું હતું.

વસુમા પોતાના ઓરડામાં વિચારી રહ્યાં હતાં અને જોઈ રહ્યાં હતાં વીતી ગયેલી કાલ... વીતેલાં વરસો અને વરસોમાં પોતે જીવેલી જિંદગી...

'શ્રીજી વિલા'માં રહેવા આવ્યા પછી એમણે એક શાળામાં નોકરી લઈ લીધી હતી. બાળકોની સાર-સંભાળ અને નોકરીમાં સમય ક્યાં પૂરો થઈ જતો એની વસુંધરાને ખબર જ નહોતી પડતી. ક્યારેક સાસુ આવતાં પણ સસરાથી છુપાઈને. છોકરાઓ માટે ફળ, ચોકલેટો, બિસ્કિટો અને ઘર માટે શાકભાજી, અનાજ, ઘી અને એવી વસ્તુઓ લઈને...

વસુંધરા ઘણી વાર 'ના' પાડતી એમને. પણ સાસુનું મોઢું જોઈને વધુ કહેવાની હિંમત નહોતી થતી એની. સાસુ જેટલી વાર આવતાં એટલી વાર રડતાં. પણ વસુની આંખોય જાણે રડવાનું ભૂલીને જાગવાનું શીખી લીધું હતું. મોડી રાત સુધી એ શાળાની તૈયારી કરતી. ઘરનું બધું કામ હાથે કરતી. સસરાએ ચૂકવી દીધેલા દેવાનો ભાર એને ક્યારેક એટલો તો લાગતો કે જાત વેચીને પણ સસરાનું દેવું ચૂકવી દેવાની ઇચ્છા થતી એને.

સૂર્યકાન્ત વધુ ને વધુ બહાર રહેવા લાગ્યો હતો. હવે એ કલાકારોના છંદે ચડ્યો હતો. નાટકવાળાઓ અને કહેવાતા કવિઓ અને સંગીતકારોની સાથે રાતભર બહાર રહેતો. ક્યારેક છાંટો-પાણી પણ કરવા લાગ્યો હતો. બંગલામાં રહેતા હતા ત્યાં સુધી એને પિતાનો ભય હતો. પરંતુ અહીં એને કહેનારું કોઈ નહોતું. વધુમાં, સંતાનોની જવાબદારી વસુંધરાએ ઉપાડી લીધી હતી એટલે એને જાણે છૂટો દોર મળી ગયો હતો.

મોડી રાત કે વહેલી સવારે ઘેર આવે ત્યારે સામાન્ય રીતે વસુંધરા જાગતી જ મળતી... એ ઘણી વાર વાત કરવાનો પ્રયત્ન કરતી, પરંતુ સૂર્યકાન્તને વધુ ને વધુ કુછંદ લાગતા જતા હતા. હવે એને પોતાને નાટક કંપની ખોલવી હતી. એને નાટકના ધંધામાં ખૂબ પૈસા દેખાવા લાગ્યા હતા. નામ અને દામ બંને મળશે એમ માનતા સૂર્યકાન્તે ધીમે ધીમે એ કંપનીની મીટિંગો ઘરમાં કરવા માંડી હતી. લેખકો, કવિઓ અને એક્ટરો ઘરમાં

આવતા. મોડી રાત સુધી નાસ્તા-પાણી ચાલતાં. વસુંધરા સંતાનોને લઈને ઉપરના ઓરડામાં સૂઈ જતી, પરંતુ સવારે વેરાયેલા નાસ્તા અને ચાના કપ-રકાબીઓની સાથે સાથે કાચના ખાલી પ્યાલાઓ અને બોટલો જોઈને એનો આત્મા કકળી ઊઠતો. એવું કોઈ નહોતું જે સૂર્યકાન્તને સમજાવી શકે.

બીજી તરફ, દેવશંકર બાપાની તબિયત ખૂબ ખરાબ રહેતી હતી. સૂર્યકાન્તે આ ઘરમાં આવતાંની સાથે જ, વસુંધરાને સોગંદ આપ્યા હતા, "જો ફરીને બંગલાનાં પગથિયાં ચઢી છે તો મારું મરેલું મોઢું જોઈશ."

વસુંધરા આવા સમ-સોગંદમાં આમેય નહોતી માનતી. પરંતુ જ્યારે સાસુ પોતે મોટર લઈને લેવા આવ્યાં ત્યારે વસુંધરાએ બધું નેવે મૂકીને ગામદેવી જવા માટે સાડલો બદલી લીધો.

દેવશંકર મહેતાના છેલ્લા શ્વાસ ચાલતા હતા. એમણે વસુંધરાને જોઈ અને એમની આંખમાંથી આંસુ પડી ગયાં.

એ દશ્ય યાદ આવતાં આજેય વસુમાનો આંખો ભીની થઈ ગઈ. ઓરડામાં એકલાં બેઠેલાં વસુમા જાણે નજર સામે સસરાની પથારી, એની આસપાસ વીંટળાયેલા લોકો અને સાસુની આંખમાંથી વરસી રહેલો શ્રાવણ-ભાદરવો જોઈ રહ્યાં હતાં. સસરાની આંખોમાં એ વખતે જોયેલો ભાવ, આજેય વસુમાના હૃદયમાં એક શૂળની જેમ ભોંકાઈ રહ્યો હતો. એ સમયે સસરાની આંખોમાં અપરાધના ભાવ હતા. જાણે પોતે વસુંધરાનાં લગ્ન સૂર્યકાન્ત સાથે કરાવીને ભૂલ કરી હોય એવી લાગણી દેવશંકર મહેતાને જિંદગીના અંતિમ સમય સુધી રહી.

વસુમાને સસરાની આંખો આજે પણ યાદ આવતાં એક પીડા, એક તરફડાટ થઈ આવ્યો. "શા માટે કર્યું હશે સૂર્યકાન્તે આવું? આવા દેવ જેવા પિતા, સાક્ષાત્ લક્ષ્મી જેવી પત્ની અને સુંદર સંતાનોને શા માટે આમ રઝળતાં છોડી દીધાં હશે એણે? માત્ર અભિમાન હશે એનું? કે એના મનમાંય કોઈ ખાલીપો, કોઈ પીડા હશે જેને લીધે એણે આટલું મોટું પગલું ભરી લીધું."

વસુમાને સસરાની અંતિમ ક્ષણો નજર સામે દેખાઈ રહી હતી.

વસુંધરા ઓરડામાં દાખલ થઈ ત્યારે ડૉક્ટર, પેઢીના બે-ત્રણ માણસો અને થોડા નજીકના સગાવ્હાલા, સસરાની પથારીને વીંટળાઈને બેઠા હતા. દેવશંકર મહેતાએ મહામુશ્કેલીએ પત્ની ગોદાવરીને નજીક બોલાવી. ઇશારાથી સહુને બહાર જવાનું કહ્યું. વારાફરતી સહુ ઊઠીને બહાર ગયા, એટલે દેવશંકર મહેતાએ ત્રુટક ત્રુટક અવાજમાં શરૂ કર્યું. "બેટા વસુ, જો થઈ શકે તો મને માફ કરજે. તું તો મારા સૌથી નિકટના, બાળપણના ભેરુબંધની દીકરી, અમારા પૂજારીની દીકરી... બેટા, તને આ ઘરમાં લાવીને એક દિવસેય સુખ દેખાડી નથી શક્યો. મને માફ કરજે." મહામુશ્કેલીએ બે હાથ ઊંચક્યા એમણે.

"અરે, બાપુજી! આ શું કરો છો?" વસુંધરાએ લાજ છોડીને હાથ પકડી લીધો.

"બેટા આ થોડાં કાગળિયાં છે." એમણે ગોદાવરીને ઇશારો કર્યો. ગોદાવરીએ કાગળિયાં આપ્યા. વસુએ હાથમાં લઈ લીધાં. "બેટા, બંગલો તો ક્યારનોય ગીરવી છે. પેઢીમાં પણ ખાસ રૂપિયા નથી રહ્યા. પરંતુ જે કંઈ છે તે અને સાથે 'શ્રીજી વિલા'નો બંગલો મેં તારા નામે કરી દીધો છે."

"બાપુજી, મારા નામે? એમને ખબર પડશે તો?"

"એનેય એક કોપી મોકલાવી જ દીધી છે. એને મળી જ ગઈ હશે."

"પણ શું કામ બાપુજી?"

"બેટા, તારી બા તો ગામને ઘેર જઈને રહેવા માંગે છે. હું હવે મોટા ગામતરે જાઉં છું. કાલે સવારે કંઈ થયું તો તું અને છોકરાઓ રસ્તા પર ન આવી જાવ એટલું જોવાની ફરજ બને છે મારી, કુટુંબના વડીલ તરીકે."

"બાપુજી, એમને કારણ વગર..."

"કારણ વગર નહીં બેટા. કારણો તો બહુ આપ્યાં છે એણે. નાનાની તો આશા ક્યાંથી હોય મને? પણ મોટાએય બહુ દૂભવ્યો મને. કોણ જાણે કયા જનમનાં પાપ મારી સામે આવીને ઊભાં રહ્યાં..." પછી ઊંડો શ્વાસ લઈને સાવ ક્ષીણ અવાજે ઉમેર્યું, "એક વિનંતી કરવાની છે દીકરા."

"બોલો, બાપુજી, તમારે તો હુકમ કરવાનો હોય."

"મારી ચિતાને અગ્નિ-સંસ્કાર તું કરજે બેટા."

"બાપુજી..." એટલું કહીને એણે સાસુની સામે જોયું. સાસુના ચહેરા ઉપર શાંત, સંયત ભાવ હતા. વસુને રામજાયું કે આ ચર્ચા પહેલાં થઈ ચૂકી હશે.

"બેટા." દેવશંકર મહેતાનો અવાજ ડૂબતો જતો હતો. "ના નહીં પાડતી. મારે માટે તો તું જ સાચો દીકરો સાબિત થઈ છે."

"બાપુજી, પણ એમને..."

"એને તારી સાસુ કહી દેશે. આને મારી છેલ્લી ઇચ્છા ગણ તો એમ અને મારા મોક્ષ માટેની મારી વિનંતી ગણ તો એમ. પણ એ સટોડિયા, દારૂડિયા પાસે મારો અગ્નિ-સંસ્કાર ન કરાવતા..."

વસુમાની આંખોમાં સસરાની ચિતા જાણે ભડભડ સળગી રહી હતી. સામે ઊભેલા ચંદ્રશંકરને બે માણસોએ પકડી રાખ્યો હતો. એ તાળી પાડીને હસતો હતો. પિતાના મૃત્યુ સાથે એને કોઈ નિસબત જ નહોતી. એના મોઢામાંથી લાળ પડી રહી હતી. એણે થોડી વાર પછી બાજુમાં ઊભેલા નોકરને કહ્યું, "ખાવા ક્યારે મળશે?"

"બસ, હમણાં હોં નાના શેઠ." નોકરે કહ્યું અને પોતાનાં આંસુ લૂછી કાઢ્યાં.

*

વિમાનમાં બંધ આંખે સૂતેલા સૂર્યકાન્તની આંખો સામે પણ પિતાની ચિતા સળગી રહી હતી. એ અગ્નિમાં એનું સન્માન, એના અધિકારો અને એની તમામ લાગણીઓ પણ સાથે જ સળગી રહી હતી.

એ દિવસે એણે ગાંઠ વાળી હતી કે, 'આજ પછી દેવશંકર મહેતાના નામને લોકો ભૂલી જશે. હું સૂર્યકાન્ત મહેતા, દેવશંકર મહેતાના નામ તરીકે નહીં ઓળખાઉં પણ દેવશંકર મહેતાને લોકો સૂર્યકાન્ત મહેતાના પિતા તરીકે યાદ કરશે.'

એણે એ દિવસથી સાચા અર્થમાં એણે કાળી મજૂરી કરવા માંડી હતી રાત-દિવસ ધંધાની શોધ કરતો અને જાત-જાતનાં લોકોને મળતો રહેતો બજારમાં એની શાખ સટોડિયા તરીકે મશહૂર થઈ ચૂકી હતી એટલે લોકો એના પર વિશ્વાસ કરવા તૈયાર નહોતા. કોઈ પાંચસો રૂપિયાય ધીરવા તૈયાર નહોતું એ નોકરી માગવા જતો તો લોકો મશ્કરી કરતા, "ભાઈ, દેવશંકર મહેતાના દીકરાને નોકરીએ રાખીએ એવી અમારી હેસિયત નથી."

રાત-દિવસ માર્યા-માર્યા ફરતા સૂર્યકાન્તે વસુંધરાની સાથે વાત કરવાની બંધ કરી દીધી હતી. જરૂર સિવાયનાં વાક્યોની ભાગ્યે જ આપ-લે થતી. સૂર્યકાન્ત વહેલી સવારે ઘરમાંથી નીકળી જતો. ક્યારેક મોડી રાત્રે, ક્યારેક એક દિવસે તો ક્યારેક બે દિવસે ઘેર આવતો. ક્યારેક જો મન સારું હોય તો વસુંધરાના પડખામાં જઈને એને થોડું વ્હાલ કરતો... વસુંધરાને એનો સ્પર્શ અંગારા જેવો લાગતો. પણ પતિને 'ના' પાડવાના સંસ્કાર નહોતા એનામાં! વસુંધરા એને કશું પૂછતી નહીં પણ એણે ધારી લીધું હતું કે એ એની નાટક-ચેટકની મંડળીઓમાં અને ખોટી જગ્યાઓએ સમય પસાર કરે છે. ન એણે ક્યારેય પૂછ્યું. ન સૂર્યકાન્તે ક્યારેય કહેવાની તસ્દી લીધી...

પતિ-પત્ની વચ્ચેનું અંતર વધતું જતું હતું. વસુંધરા પણ નોકરી કરીને ઘર ચલાવતાં, સંતાનોનો ઉછેર કરતાં થાકી જતી હતી. એ જ સમયે વસુંધરાએ ચોથા સંતાનનો ગર્ભ રહ્યાની ખબર આપી. સૂર્યકાન્તે હસીને કહ્યું, "ઈશ્વરે આપ્યું છે તો સંભાળ પણ એ જ લેશે." અને પહેલીવાર વસુંધરાનું મગજ છટક્યું હતું. એણે સૂર્યકાન્તને મોઢે કહી દીધું હતું.

"ઈશ્વરે નથી આપ્યું. આ સંતાન તમે આપ્યું છે મને અને તમારા થોડીક પળોના સ્વાર્થી આનંદને ઈશ્વરના માથે નાખવાને બદલે એટલું વિચારો કે મારી હાલત શું થશે? પણ તમને ક્યાં કોઈનાય વિશે વિચારવાની આવડત કે ફુરસદ છે? જાતમાંથી ઊંચા આવો તો કંઈ કરો ને? મન તો એવું થાય છે કે તમારા પિતાની જેમ હું પણ આ ઘરના દરવાજા તમારા માટે બંધ કરી દઉં. અમથીય હું જ મોટા કરું છું ને છોકરાઓને. હું જ કરી દઈશ. જવાબદારી વહેંચવાની વાત તો દૂર ગઈ. તમે તો ભાર નાખી રહ્યા છો, મારા માથે. પણ યાદ રાખજો, હું આ સંતાનને જનમ નહીં આપું. ત્રણની જિંદગી તો બરબાદ કરી... ચોથા સંતાનને આ ધરતી પર બોલાવીને એની જિંદગી બરબાદ નહીં કરવા દઉં તમને..."

સૂર્યકાન્ત ઘડીભર વસુની સામે જોઈ રહ્યો હતો. એનો આક્રોશ, એનું ધ્રૂજતું શરીર, એના શબ્દોમાંથી ચંપાતી લ્હાય... અને એનો સૂર્યકાન્ત માટેનો તિરસ્કાર રૂંવે રૂંવેથી ટપકતો હતો.

સૂર્યકાન્ત ઘડીભર એમ જ ઊભો રહ્યો અને પછી પીઠ ફેરવીને ચાલી નીકળ્યો...

*

"સર, વેજિટેરિયન ઓર નોન વેજિટેરિયન?" એર-હોસ્ટેસ મૂકીને પૂછી રહી હતી.

"વેજિટેરિયન." લક્ષ્મીએ કહ્યું, "બંને માટે." અને પિતાની આંખના ખૂણેથી સરકી પહેલું આંસુ હળવેથી લૂછી નાખ્યું. લક્ષ્મીએ પિતાના બાવડાની આજુબાજુ પોતાનો હાથ વીંટાળ્યો અને પોતાનું માથું પિતાના ખભા પર મૂકી દીધું...

'શ્રીજી વિલા'ના પચ્ચીસ વરસથી ઉઘાડા દરવાજા એક તરફ હળવેથી વસાવાની તૈયારી કરી રહ્યા હતા અને બીજી તરફ સિંગાપોર ઍરલાઇન્સની ન્યુ યોર્ક-મુંબઈની ફ્લાઇટ મુંબઈની જમીન પર પોતાનાં પૈડાં ઘસતી અટકવાની તૈયારીમાં હતી.

* * *

8

અભયે ઘડિયાળમાં જોયું. સવારે ત્રણ ને પાંત્રીસ... એ સફાળો બેઠો થઈ ગયો. "ઓહ શીટ..." અને ઝડપથી બાથરૂમમાં જઈ મોઢે પાણી છાંટ્યું. પછી વીખરાયેલાં કપડાં શોધવા માંડ્યાં... આછા બ્લ્યુ અંધારામાં એને કપડાં જડ્યાં નહીં એટલે એણે લાઇટ કરી.

"ઓહ માય ગૉડ! આર યુ લિવિંગ?" બેડમાં ઊંધી સૂતેલી છોકરીએ માથું ઊંચકીને અભય સામે જોયું. એ કમર સુધી ચાદર ઓઢીને સૂતી હતી. એની આરસપહાણમાંથી કંડારી હોય એવી ડાઘ વગરની સુંદર પીઠ ઉઘાડી હતી. લાઇટ પડતાં જ એની ગોરી ચામડી ચમકી ઊઠી. એ હાથને કોણીમાંથી વાળીને માથા નીચે મૂકી ઊંધી સૂતી હતી. ઓઢેલી ચાદરમાંથી પણ એના શરીરનો આકાર સ્પષ્ટ થતો હતો. કમર સુધીના એના વાળ પલંગમાં આમતેમ વીખરાયેલા હતા. સુંદર, નમણો ચહેરો અને મોટી મોટી માછલી જેવી ભાવવાહી આંખો એણે અડધી ખોલી અભય સામે જોયું, "ક્યાં જાય છે?" એણે પૂછ્યું.

"ખબર તો છે, મારે સાડા અગિયારની ફ્લાઇટમાં દિલ્હી જવાનું છે અને ત્યાંથી હરિદ્વાર..." અભયે કહ્યું અને છોકરીનું સ્કર્ટ જમીન પરથી ઊંચકીને એના તરફ ફેંક્યું. પછી નીચેથી પોતાની અંડી અને પેન્ટ ઉઠાવી અને બાથરૂમ તરફ ચાલવા માંડ્યું.

"કોણ કોણ જાવ છો?" પેલી છોકરીએ પૂછ્યું.

"અમે ત્રણ ભાઈઓ અને મા." અભયે કહ્યું અને બાથરૂમમાં કપડાં પહેરવા માંડ્યાં.

"વ્હાય અભય?" પેલી છોકરીના ચહેરા પર અચાનક જ ઉદાસી ઊતરી આવી. "સવારની ચા તારી સાથે પીવાનું ક્યારેય મારા નસીબમાં નહીં હોય?"

"સ્વીટહાર્ટ!" અભય બાથરૂમમાં કપડાં પહેરતો હતો. એણે અંદરથી જ વાત કરવા માંડી, "યુ નો માય સિચ્યુએશન, રાઇટ? મારે બહુ બધા લોકોને જવાબો આપવા પડે છે અને છતાં હું અઠવાડિયામાં બે રાત તારી સાથે ગાળું છું. મને સમજવાનો પ્રયત્ન કર. અઘરું છે મારા માટે."

"હું તને બહુ મિસ કરું છું અભય. મારા નસીબમાં માત્ર તારી રાહ જોવાનું લખ્યું છે." એની માછલી જેવી આંખો સહેજ ભીની થઈ ગઈ હતી.

"જાન! મને તકલીફ નહીં થતી હોય? તું તો એકલી રહે છે, એકલતા સિવાય કોઈ પ્રોબ્લેમ નથી તારો. મારે તો મન મારીને રાત-દિવસ પેલી કર્કશા સાથે જીવવું પડે છે. એની કમેન્ટ સાંભળવાની, એની દાદાગીરી સાંભળવાની અને છતાંય એને પ્રેમ કરું છું એવો ડોળ કરવાનો...

"એકલતા..." પેલી છોકરીની આંખમાંથી આંસુ હવે છલકાવા લાગ્યાં હતાં. "તને શું ખબર એકલતા શું હોય છે? આખું ઘર ખાવા ધાય છે મને. સાંજના સાત વાગે ઑફિસથી ઘેર આવું, પછી છેક બીજા દિવસની સવાર સુધી મારે એક જ કામ કરવાનું હોય છે... તારા ફોનની રાહ જોવાની, અને એ પણ હવે તો તું રોજ નથી કરતો."

અભય શર્ટનાં બટન બંધ કરતો બાથરૂમમાંથી બહાર નીકળ્યો. એણે પેન્ટ ખોલીને શર્ટ બરાબર ટક-ઇન કર્યું,

બેલ્ટ પેન્ટના લુકમાં પરોવ્યો. અરીસામાં જાતને એક વાર જોઈ, પછી ડ્રેસિંગટેબલનો કાચ ખોલીને અંદર પડેલું પરફ્યૂમ કાઢ્યું. શરીર પર છાંટ્યું. વાળમાં બ્રશ ફેરવ્યું...

પછી પેલી છોકરી પાસે આવીને એનાં આંસુ લૂછ્યાં. એનો ચહેરો પોતાના બે હાથની વચ્ચે પકડ્યો અને પછી એની આંખોમાં આંખો નાખીને કહ્યું, "પ્રિયા, હું જ્યારે ઘેર જાઉં ત્યારે તું આમ રડે એ તો કેમ ચાલે? તને ખબર છે મારે એક ઘર છે, પત્ની છે, બે બાળકો છે, એક મા છે. કશું છુપાવીને તો નથી બાંધ્યો આ સંબંધ તારી સાથે."

"આઇ નૉ, જાણું છું હું..." પ્રિયા બેઠી થઈ. એણે ચાદર ખેંચી, પછી એના બે છેડા પકડીને પોતાના ખભા પર થઈને ગરદનની પાછળ ગાંઠ વાળી અને અભયને બાવડામાંથી પકડી લીધો. એના ખભે માથું મૂકીને લાડથી કહ્યું, "બધું જાણું છું હું, પણ છતાંય તારા વિના જીવવું અઘરું પડે છે. આઈ લવ યુ અભય..."

"આઈ લવ યુ ટુ સ્વીટહાર્ટ!" અભયે કહ્યું અને પછી હળવેકથી બાવડું છોડાવી ઊભો થયો. પ્રિયાના ગાલ પર ટપલી મારી, "ચલ, ઑફિસમાં મળીએ છીએ." અને બેડરૂમના દરવાજા તરફ આગળ વધી ગયો.

પ્રિયા ઊભી થઈ, એણે લગભગ બૂમ પાડી, "અ..ભ..ય.."

"બોલ સ્વીટહાર્ટ, મને મોડું થાય છે." અભય બારણાની ફ્રેમમાં ઊભો રહી ગયો.

પ્રિયાએ દોડતાં આવીને અભયની છાતી પર માથું મૂકી એના શરીરની આસપાસ હાથ લપેટી દીધા. "કંઈ ભૂલી નથી ગયો ને?"

"બધું જ અહીં મૂકીને જાઉં છું, જાણી જોઈને, ભૂલીને નહીં. તને શું ખબર મને કેટલી તકલીફ પડે છે તારા વિના, પણ જીવવું પડે સ્વીટહાર્ટ!" કહીને એણે પ્રિયાને હળવેકથી પોતાનાથી અળગી કરી, "અને જીવવું હોય તો જવું પણ પડે." કહીને એણે એ બે બેડરૂમના ફ્લૅટના મુખ્ય દરવાજા તરફ ચાલવા માંડ્યું.

એ દરવાજા સુધી પહોંચે એ પહેલાં દોડીને દરવાજા સુધી પહોંચી ગયેલી પ્રિયા આડી ઊભી રહી ગઈ. એણે દરવાજા સાથે પીઠ ટેકવી અને પોતાના બંને હાથ દરવાજાની ફ્રેમ પર જોડી દીધા. "જાન, એક રાત... એક રાત એવી જેની સવાર મારા પડખામાં પડે..."

"તથાસ્તુ!" અભયે કહ્યું હસીને, "આ વખતે સિંગાપોરની કૉન્ફરન્સમાં તને લઈને જઈશ, બસ!'

"પ્રોમિસ?" પ્રિયાની આંખો ચમકી ઊઠી.

"પ્રોમિસ." અભયે કહ્યું અને એનો હાથ પકડીને ખસેડીને બારણું ખોલ્યું અને બહાર જવા લાગ્યો

"આઈ લવ યુ અભય..."

"લવ યુ ટુ..." વાક્ય પૂરું થાય એ પહેલાં અભય દાદરા ઊતરી ગયો હતો.

*

વૈભવીએ મોબાઇલની સ્વિચ ઑન કરીને સમય જોયો. ચાર...

"આજે અભયની વાત છે." એ સ્વગત બબડી, "આટલી લાંબી કઈ પાર્ટી ચાલે? ને મલહોત્રાનું નામ લઈને ગયો છે. ત્યાં તો કોઈ પાર્ટી જ નહોતી... જરૂર પાર્ટીના નામે ક્યાંક પીવા બેઠો હશે. આજે આવે એટલે સીધો કરી નાખીશ આજ પછી બાર વાગ્યે મોડામાં મોડા ઘેર આવી જવાનું... સમજે છે શું એના મનમાં..." વૈભવી અકળાઈ રહી હતી. એણે હાથમાં પકડેલા મોબાઇલ પર અભયનો નંબર ડાયલ કર્યો.

કંપાઉન્ડમાં દાખલ થતી ગાડીનો અવાજ સાંભળીને ફોન કટ કર્યો અને આંખો મીંચીને ઊંઘવાનો ડોળ કરવા લાગી.

લથડતા પગે લગભગ પાંચ-સાત મિનિટ પછી અભય રૂમમાં દાખલ થયો. બાથરૂમમાં ગયો. નાઇટસૂટ પહેરી, બહાર આવી પથારીમાં પડ્યો વૈભવી હળવેકથી અભય તરફ ફરી અને જાણે અભયના પથારીમાં પડવાથી જાગી હોય એમ ઊંઘરેટા અવાજે બોલી, "કેટલા વાગ્યા?"

"બે..." અભયે કહ્યું.

"ઓહ જાનુ..." કહેતી કહેતી વૈભવી નજીક આવી ગઈ. એણે પોતાનો એક હાથ એના ગળામાં લપેટી એક પગ એના પગ પર નાખ્યો, "મને તો એમ કે બહુ બધા વાગ્યા હશે. કેવી રહી પાર્ટી?"

"ગુડ... વેરી ગુડ..." અભયે કહ્યું, "દેસાઈએ ત્રીસેક લાખના કોન્ટ્રેક્ટનું પ્રોમિસ કર્યું છે." અને વૈભવીનો હાથ હળવેકથી ગળામાંથી કાઢી નાખ્યો. વૈભવીએ એ હાથ ફરી ગળામાં નાખ્યો અને બળપૂર્વક અભયને નજીક ખેંચ્યો, "તારી પાર્ટી જ્યાં હતી ત્યાં, પણ મને તો એટલી તો ખબર જ છે કે મલહોત્રાને ત્યાં આજે કોઈ પાર્ટી નહોતી... શોધવાનું એ છે કે તું હતો ક્યાં?" વૈભવીએ સ્વગત કહ્યું અને પછી અભયના હોઠ પર હોઠ મૂકીને એક ગાઢ ચુંબન લેવાનો પ્રયત્ન કર્યો, પણ અભયની ઠંડક અને સાવ માંદલી રિસ્પોન્સ જોતાં એના અભિમાનને ઠેસ પહોંચી.. એણે પોતાનો પગ અને હાથ અભય પરથી લઈ લીધા અને પડખું ફરીને સૂઈ ગઈ. અભયે નિરાંતનો શ્વાસ લીધો અને એ પણ વૈભવીની વિરુદ્ધ દિશામાં પડખું ફરીને સૂઈ ગયો.

*

અલય પેકિંગ કરી રહ્યો છે. કોણ જાણે કેમ એનું મન મા સાથે હરિદ્વાર જવા તૈયાર નહોતું. જે માણસને એ આટલો બધો ધિક્કારતો હતો એનું શ્રાદ્ધ કરવા એણે શું કામ જવું જોઈએ? એવો સવાલ એનું મન એને સેંકડો વાર પૂછી ચૂક્યું હતું. પરંતુ વારે વારે એને શ્રેયા પર ગુસ્સો આવતો હતો. એ છોકરીએ એટલી તો ચાલાકીથી એને ફસાવીને એની પાસે વચન લીધું હતું કે એ ના નહોતો પાડી શક્યો.

માત્ર અને માત્ર શ્રેયાનું મન રાખવા ખાતર એ હરિદ્વાર જઈ રહ્યો હતો. સાથે સાથે એને એક વાતની નિરાંત પણ હતી કે હવે આ ઘરમાં એ માણસને મૃત્યુ પામેલો ગણવામાં આવશે. એની મા કોઈની રાહ જોઈને જીવ નહીં બાળે. કદાચ પોતાની માને એ માણસને મૃત્યુ પામેલો સ્વીકારતી જોવાની લાલચે પણ એને હરિદ્વાર જવા માટે થોડોક તૈયાર કર્યો હતો. એ પોતાની બેગ ભરી રહ્યો હતો...

"ચાચુ," લજ્જા એના રૂમમાં દાખલ થઈ. એના હાથમાં સફરજન હતું. એ સફરજનને બટકું ભરીને કૂદકો મારીને અલયના રાઇટિંગ ટેબલ પર ગોઠવાઈ ગઈ એણે પહેરેલી શોર્ટ્સ ખરેખર શૉર્ટ-ટૂંકી હતી. વળી એટલું ઓછું હોય એમ રિવૉલ્વિંગ ચેરના બે હાથા પર પગ મૂકીને એને પગથી જ પોતાની નજીક ખેંચીને એણે અભયને કહ્યું, "ચાચુ, ડૉન્ટ ગો યાર, આઈ વીલ મિસ યુ..."

"વેલ..." અલય નજીક આવ્યો. એણે લજ્જાના પગ ખુરશીના હાથા પરથી ખસેડ્યા અને ખુરશીની પીઠ ઉપર લટકાવેલો નેપ્કિન લઈ એના પગ ઉપર ઢાંક્યો, "સીટ લાઇક અ લેઇડી.. તું હવે નાની નથી અને પૂરાં કપડાં પહેરતાં શીખ."

"ચાચુ, બહુ ઑર્થોડેક્સ છે તું." લજ્જાએ કહ્યું, "મારા પગ કેટલા સરસ છે, એકદમ ડાઘ વગરના લાંબા અને અમેરિકન!"

"આવું તને કોણે કહ્યું?"

"મારા બોયફ્રેન્ડ્સ કહે છે." લજ્જાએ કહ્યું અને અલય સામે આંખ મારીને હસી.

"સિલી ગર્લ..." અલયે કહ્યું, "મૂર્ખા છે તારા બૉયફ્રેન્ડ, તને ખબર છે - સુંદર પગ કોને કહેવાય? અનુપમા ઘોષના પગ જોયા છે? ઉફ! શું પગ છે છોકરીના! જાણે ચામડી નહીં, માખણ પાથર્યું હોય. અડતાંય બીક લાગે."

"તે તમારે ક્યાં અડવું છે?" લજ્જા હસી, "એક કરોડની હિરોઇન છે, તમને અડવા નહીં દે... એ તો સ્ક્રિન પર જોવાના..."

"એક દિવસ અડીશ..." અલયે કહ્યું.

એની આંખમાં કોણ જાણે શું ભાવ હતો એ સોળ વર્ષની છોકરીને સમજવામાં જરા અઘરો પડી ગયો પણ, લજ્જાએ વાત બદલી નાખી. "ચાચુ... ડુ યુ બિલિવ ઇન શ્રાદ્ધ?"

"આઇ બિલિવ ઇન માય મધર અને મારી મા જે કહે એ મારે કરવું પડે..."

"ચાચુ, મારે આવવું છે."

"જઈને કહે દાદીને."

"એમણે તો પહેલાં જ પોતાનો નિર્ણય આપી દીધો હતો. ત્રણ દીકરાઓ અને એ, એના સિવાય કોઈ નહીં. હવે હું કંઈ પણ કહું, દાદીનું ડિસિશન બદલાવાનું છે?"

"કોઈ સવાલ જ નથી." અલયે કહ્યું અને હસી પડ્યો. "મારે જવાનું નક્કી છે અને તું નહીં આવી શકે એ પણ નક્કી છે."

કોઈ ગોસિપ શૅર કરતી હોય એમ ટેબલ પર બેસીને પગ હલાવતાં લજ્જાએ કહ્યું, "મારી મા બહુ અપસેટ છે, ખબર છે તમને?" અને સફરજનનું એક બીજું બચકું ભર્યું.

"આઈ નૉ," અલયે કહ્યું, "માએ જ્યારથી ત્રણ દીકરાઓની સાથે એકલા હરિદ્વાર જવાની વાત કરી છે ત્યારથી તારી મા અને મારી બહેન બંને ધૂંઆપૂંઆ છે."

"એમ? અંજલિ ફોઈ પણ ગુસ્સે છે?"

"તે હોય જ ને... ત્રણ દીકરાઓ જાય ને અંજલિ રહી જાય એ વાતે એની છટકે તો ખરી જ ને?"

“પણ અંજલિ ફોઈને કેમ ના પાડી દાદીએ?”

અલયે કહ્યું, “કેમ તે, એ પ્રેગનન્ટ છે. એણે આટલું લાંબું ટ્રાવેલ પણ ના કરવું જોઈએ અને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શ્રાદ્ધમાં હાજર ના રહેવું જોઈએ.”

“આ બધી વાહિયાત માન્યતાઓ છે.” લજ્જાએ કહ્યું.

“હશે, હવે તું જરા ખસ તો હું પેકિંગ કરું. હમણાં મા બૂમ પાડશે. આઠ ને વીસ થઈ છે. બ્રેકફાસ્ટ ટાઇમ.”

“મને પણ પૅક કરી દોને ચાચુ...” લજ્જાએ લાડ કર્યાં.

“જા... જા, તારા રૂમમાં જઈને સરખાં કપડાં પહેરીને નીચે આવ. સ્ટુપીડ ગર્લ...” અલયે કહ્યું અને લજ્જાને કમરમાંથી પકડીને ટેબલ પરથી નીચે ઉતારી.

લજ્જા હસતી હસતી અલયને બાવડામાં ચૂંટલો ખણી નીચે ઊતરી ગઈ... અલય એને જોઈ રહ્યો. પછી સ્વગત જાણે જાતને જ કહેતો હેય એમ બબડ્યો, “આ છોકરી દુ:ખી થવાની છે.” એ જ વખતે અલયનો મોબાઇલ રણક્યો.

“શ્રેયા... લજ્જાએ કહ્યું.

“શ્રેયાકાકી કહે.”

“શું કામ?”

“અરે! કાકી થવાની છે તારી!”

“પણ થઈ તો નથી ને! થાય ત્યારે કહીશ.” લજ્જાએ કહ્યું. અલયે એના ગાલ ઉપર એક હળવી ટપલી મારી અને શ્રેયાનો ફોન ઉપાડ્યો.

“બોલો..” અલયે કહ્યુ.

“થઈ ગયું પેકિંગ?” શ્રેયાએ પૂછ્યું.

“થઈ રહ્યું છે.” અલયે કહ્યું.

“થેન્ક ગૉડ!” શ્રેયાએ કહ્યું, “મને તો એમ હતું કે તું સવારે કહીશ કે તું નથી જવાનો...”

“હિંમત છે મારી, તું કહે અને હું ન જાઉં?”

“જા જા હવે, તું મહા જિદ્દી છે. તારું ધાર્યું જ કરે એમ છે. મને તો ડર હતો કે ગમે તેટલું સમજાવું, તારા મગજમાં ઊતરશે નહીં.”

અલય અચાનક ગંભીર થઈ આવ્યો. “ન જ જાત, પણ મને તો એ માણસના શ્રાદ્ધમાં રસ છે. અમસ્તોય એ માણસ મારે માટે જીવતો જ નહોતો. પણ જો મારી મા એના પડછાયામાંથી મુક્ત થતી હોય તો મને હરિદ્વાર શું, હિમાલય સુધી જવામાં વાંધો નથી.”

"અલય જે થાય છે તે સારા માટે..."

"કોને ખબર... ખરાબ કે સારા મને નથી ખબર, પણ હું જે કરું છું તે મારા માટે નથી કરતો, મારી મા માટે કરું છું."

"અલય, મન શાંત રાખજે."

અલય હસી પડ્યો, "તું તો એવી રીતે કહે છે જાણે હું સાચેસાચ મારા પપ્પાનું શ્રાદ્ધ કરવા જતો હોઉં."

"જાય છે તો શ્રાદ્ધ કરવા અને એ પણ સાચે જ."

"હા, પણ એ માણસનું, જે મારા માટે પચીસ વર્ષ પહેલાં મરી પરવાર્યો છે. અરે, એમ કહે કે એ હતો જ નહીં. મારે માટે તો નહોતો જ. મે જોયો છે એને? મળ્યો છું ક્યારેય? તો પછી મારે માટે શું મહત્ત્વ હોઈ શકે એનું?"

"એમ તો તેં ઈશ્વરને પણ નથી જોયો, એને પણ નથી મળ્યો, તો?"

"ઈશ્વર અને આને એક કક્ષાએ મૂકે છે તું? એક, જે પોતાનાં કરોડો સંતાનોની સંભાળ લે છે અને બીજો, જે પોતાનાં ત્રણ સંતાનોની પણ સંભાળ ના લઈ શક્યો."

"અલય, એક વાત કહું - આ જે કડવાશ ઘૂંટે છે તું મનમાં, એને કાઢી નાખ. એ તને જ પીડા આપે છે... જેને વિશે આટલી કડવાશ ભરી છે તેં મનમાં એને તો તારા અસ્તિત્વ વિશે પણ..."

અલયનો અવાજ અચાનક ઊંચો થઈ ગયો, "હા, એને તો મારા અસ્તિત્વ વિશે પણ જાણ નહીં હોય. ને ક્યાંથી હોય? સમયના એક ટુકડા પૂરતા જાગેલા પ્રેમમાં મારી માને પત્ની બનાવીને અનિચ્છાએ જોડાયેલા સંબંધનું પરિણામ છું હું.. નો બડી વૉન્ટેડ મી... આઇ એમ જસ્ટ ધેર, બિકોઝ કુડ નૉટ બી અવોઇડેડ..."

"અલય..." શ્રેયાના અવાજમાં ખૂબ માર્દવ અને લાગણી ઊતરી આવી હતી. અલયને લાગ્યું, એનો અવાજ જાણે ભીનો થઈ ગયો હતો. અલયની આંખો પણ સહેજ, ખૂબ સહેજ - પણ ભીની થઈ ગઈ. એણે કહ્યું, "એક તું ને એક મારી મા, એ સિવાયના કોઈની ચિંતા નથી મને. કોણ શું માને છે, શું વિચારે છે, મને કોઈ રસ નથી. બસ, એક મારી ફિલ્મ રિલીઝ થાય... એ જ શુક્રવારે પરણી જઈશ તને."

"અચ્છા! મને પૂછ્યું છે?" શ્રેયાએ અલયનો મૂડ બદલવા માટે તોફાની સવાલ પૂછ્યો.

"પૂછવાનું શું? આવીશ અને ઠક્કર સાહેબ પાસેથી તને માગી લઈશ."

"અલય..." શ્રેયાના અવાજમાં એક આખેઆખી સ્ત્રી ધબકવા માંડી હતી. "ક્યારે થશે એવું, કોને ખબર?"

"મારું ચાલે તો કાલે, કાલે શું કામ? અત્યારે! લગન પહેલાં ફિલમ પૂરી કરવાની શરત તો તે મૂકી છે, મેં નહીં."

"હા, મેં જ મૂકી છે, અને એ એટલા માટે મૂકી છે કે તારી સામે કે તને બે ગૉલ તરફ ઝડપથી ધકેલી શકું. અલય, હું તને સફળ જોવા માનું છું. તારું નામ આકાશમાં લખાયેલું હોય તો હું બૂમ પાડીને કહીશ કે આ મારો અલય છે - મારી એકલીનો..."

“તને ખબર છે ને કે તું ગાંડી છે?”

“સર્ટિફાઇડ!”

“આઈ લવ યુ શ્રેયા!”

“આઈ લવ યુ મોર ધેન યુ લવ મી...”

ફોન કપાઈ ગયો હતો, પણ અલય શ્રેયાના વહાલના નશામાં તરબોળ ફોન પકડીને થોડી વાર એમ જ ઊભો રહ્યો. પછી ધીમેથી ફોન નીચે મૂકીને ફરી પાછો બેગ તરફ વળ્યો. એ જ વખતે નીચેથી જોર જોરથી રડવાનો અવાજ આવતો હતો. અલયે પોતાના રૂમમાંથી બહાર નીકળીને પેસેજના કઠેડાથી વાંકા વળીને જોયું.

અંજલિ ડાઇનિંગ ટેબલ પર બેસીને રડી રહી હતી. જાનકી એની બાજુમાં બેઠી હતી. બીજી તરફ રાજેશ બેઠો હતો. રાજેશે ટેબલ પર પડેલા ટીસ્યુના બોક્સમાંથી એક બીજું ટીસ્યુ ખેંચીને અંજલિને આપતાં કહ્યું, “ડોન્ટ ક્રાય બેબી. તને ખબર છે ને, આવી હાલતમાં રડવું તારા અને બાળક - બંને માટે ખરાબ છે. હું લઈ જઈશ તને હરિદ્વાર, નેક્સ્ટ ઈયર.” પછી હસીને ઉમેર્યું, “આપણે ત્રણેય જઈશું બસ?”

“મારે તો હમણાં જ જવું છે. બધાંની સાથે, માની સાથે.”

“અંજલિબેન, તમે જાવ એટલે સાથે સાથે બીજા કેટલા પ્રશ્નો ઊભા થાય ખબર છે ને? વૈભવીભાભીને તો દલીલ કરવાનો અવકાશ જ નથી રહેતો, બાકી એ અભયભાઈને એકલા જવા દે?” જાનકીએ ખૂબ શાંતિથી એને સમજાવતા કહ્યું.

“આ મારા બાપનું શ્રાદ્ધ છે, ડેમ ઈટ. વૈભવીભાભી જાય કે નહીં, એ મારે નથી જોવાનું. મારો હક્ક છે જવાનો...”

“બેબી, તું સમજે છે ને? હું તો તારી ટિકિટના પૈસા પણ આપું. અરે એક વાર, ફ્લાઇટ ચાર્ટર કરી દઉં, પણ તારાં મમ્મી તને નહીં લઈ જાય, પછી શું કામ રડે છે? આપણે અહીંયાં મજા કરીશું. ‘ઓલીવ’માં જમવા લઈ જઈશ તને, બસ?”

“નથી આવવું મારે.”

“તો બોમ્બે બ્રેઝરીમાં?” રાજેશ કોઈ પણ ભોગે અંજલિને મનાવવાના મૂડમાં હતો પણ અંજલિને ખરેખર ગુસ્સો આવ્યો, દુ:ખ થયું હતું કે માએ સાવ આવી રીતે માત્ર ભાઈઓને લઈને જવાનો નિર્ણય કરી લીધો. પોતે આ ઘરની દીકરી હતી, એ વાત જાણે કોઈ સ્વીકારતું નહોતું, એવું અંજલિને સતત લાગ્યા કરતું. એને લડી-ઝઘડીને, રડી-કકળીને પણ બાળપણના દિવસોની જેમ પોતાની વાત સાચી સાબિત કરવી હતી. કોઈ પણ રીતે એને મા પાસે હા પડાવવી હતી. પણ એને ખબર હતી કે મા ‘હા’ નહોતી જ પાડવાની! ક્યારેય નહોતી પાડી.

વસુમાની ‘ના’ ‘હા’માં કે ‘હા’ ‘ના’માં પલટાતી કોઈએ નહોતી જોઈ, આજ સુધી!

રાજેશ ડાઇનિંગ ટેબલ પર એની બાજુમાં બેસીને એને સમજાવી રહ્યો હતો.

"આપણે જઈશું ને આવતે વરસે?! આઈ ગીવ યુ પ્રોમિસ." અને એણે ફરી એક ટીસ્યુ ખેંચીને અંજલિના હાથમાં મૂક્યું...

*

સિંગાપોર ઍરલાઇન્સની ન્યુ યોર્ક-મુંબઈની ફ્લાઇટ હજી હવામાં ચક્કર કાપી રહી હતી. મુંબઈના સહારા ઇન્ટરનેશનલ અથવા છત્રપતિ શિવાજી ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર આ જેટને ઊતરવાની જગ્યા નહોતી મળતી હજી.

સૂર્યકાન્ત આંખો બંધ કરીને વિમાન ઊતરવાની રાહ જોતા હતા બાજુમાં લક્ષ્મી ઘસઘસાટ ઊંઘતી હતી. અઢાર કલાકની ન્યુ યોર્ક-મુંબઈની ફ્લાઇટમાં લક્ષ્મી તો જાણે સદીઓની થાકી હોય એમ ઘોરતી રહી હતી. પણ સૂર્યકાન્તની આંખોમાં એક ક્ષણ માટે પણ ઊંઘ ડોકાઈ નહોતી.

એનાં બે કારણો હતાં: એક, મુંબઈ ઊતરીને બનનારી ઘટનાઓ વિશે એમનું મન જાત-જાતની કલ્પનાઓ કર્યા કરતું હતું. અભય અને અજયના નાનકડા ચહેરાઓ એમની આંખો સામે આવીને નીકળી જતા હતા. અંજલિ નાના-નાના પગે દોડતી આવતી અને પિતાના ગળામાં ઝૂલી જતી હતી... "એ બધાં જ હવે પુખ્ત હશે. સમજદાર, જિંદગી જોઈ ચૂકેલી વ્યક્તિઓ હશે. લગ્નો થઈ ગયાં હશે એમનાં. કદાચ એમને ઘેર પણ સંતાનો હશે... આ બધા પછી શા માટે બોલાવ્યો હશે મને? વસુની તબિયત તો..." પરંતુ વસુંધરા વિશે કોઈ અમંગળ કલ્પના કરવા એમનું મન તૈયાર નહોતું. અને છતાંય, અમંગળ કલ્પનાથી દૂર રહી શકાતું નહોતું. જે રીતે ગયા હતા એ પોતે, એ પછી સંતાનો કઈ રીતે વર્તશે, એ વિચારતાં મન ધ્રૂજી જતું હતું. તો બીજી તરફ વસુંધરાના સંસ્કારમાં અને એના ઉછેરમાં જે શ્રદ્ધા હતી, એ કોઈ રીતેય ડગવા તૈયાર નહોતી...

અને બીજું કારણ હતું, રોહિતનું વર્તન!

સામાન ગાડીમાં મુકાઈ ચૂક્યો હતો. મધુકાન્તભાઈ અને ઘરના નોકરો પોર્ચમાં ઊભા હતા. લક્ષ્મી તો ક્યારનીય ગાડીમાં બેસી ગઈ હતી. ઇન્ડિયા જવાની ઉતાવળે એ છોકરી તો જાણે ગાંડી થઈ ગઈ હતી. એની માની એક સાડી અને ફોટો સાથે લીધો હતો એણે. સ્મિતાના એક પત્રમાં ગંગામાં એની સ્મૃતિ પધરાવવાની વિનંતી હતી... આઠ વરસે વાંચેલો એ પત્ર લક્ષ્મી આજેય ભૂલી નહોતી.

સૂર્યકાન્ત બસ બંગલાનાં પગથિયાં ઊતરીને બેન્ટ લીનો દરવાજો ખોલીને બેસવા જ જતા હતા ત્યાં એક સ્પોટ્ર્સ કાર આવીને ઊભી રહી. જે રીતે એ ગાડીની બ્રેકના ચીચુડા બોલ્યા, એનાથી બધાનાં હૃદય એક ધડકારો ચૂકી ગયા. હજી તો સૂર્યકાન્ત ગાડીમાં બેસે એ પહેલાં સ્પોટ્ર્સ કારમાંથી ઊતરીને રોહિત ધસી આવ્યો.

"મારા ડૉલર્સ મળ્યા નથી મને."

"નહીં મળે." સૂર્યકાન્તના અવાજમાં બરફની ઠંડક અને સંન્યાસીની સ્વસ્થતા હતી.

"ન તો શું મળે? યુ ઓલ ડોન્ટ નો મી. મને ઓળખતા નથી તમે." રોહિતની આંખો અંગારા વરસાવવા લાગી હતી.

સહેજ ઊંડો શ્વાસ લે તો નીચે ઊતરી જાય એટલું લોએસ્ટ પેન્ટ, ભૂરા રંગનું ગંજી જેવું વેસ્ટ, કમરે બાંધેલું

ડેનિમનું જેકેટ, કાનથી નીચે આવતાં વચ્ચે પાંથી પાડીને ઓળેલા સોનેરી રંગલા વાળ, ડાબા કાનમાં એક બુટ્ટી અને કાંડામાં ત્રણ-ચાર જાતનાં કડાં, બાવડે કોતરેલું મોટુંમસ અજગરનું ટાટુ... અને સાવ મવાલીની જેમ જે રીતે ઊભો હતો રોહિત, એ જોતાં જ સૂર્યકાન્તનુ હૃદય દ્રવી ઊઠ્યું.

રોહિતના ઉછેરમાં શું ભૂલ રહી ગઈ હતી? એ જેટલી વાર રોહિતને મળતા, એટલી વાર એમને આ જ વિચાર આવતો. જો કે મળવાનું બહુ થતું નહીં. રોહિતના કહેવા પ્રમાણે રોહિતને એમનું "ફોલ્સ ઍન્ડ સીલી બિહેવીયર" નહોતું ગમતું. એટલે રોહિત એમને મળવાનું ટાળતો. માત્ર આર્થિક જરૂરિયાત ઊભી થાય ત્યારે જ એ સૂર્યકાન્તને ફોન કરતો...

એણે આગલે દિવસે પણ ફોન કર્યો જ હતો. અને દસ હજાર ડૉલર માંગ્યા હતા. સામાન્ય રીતે સૂર્યકાન્ત એને પૈસા આપીને વાત ટૂંકી પતાવતા. પણ, લક્ષ્મી સાથે વાત થયા પછી પહેલી વાર આ વખતે સૂર્યકાન્તે રોહિતના અકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર નહોતા કર્યા.

કદાચ એમણે વિચાર્યું હતું કે એક વાર ઇન્ડિયા જતા રહેશે તો પાછા આવતા સુધીમાં પડતી તકલીફોના કારણે રોહિતને કદાચ ડૉલર્સની કિંમત સમજાશે. પણ રોહિત એમણે ધાર્યું હતું એટલો ગાફેલ નહોતો. એ ઘેરથી નીકળે અને ચેક-ઈન કરીને ઍરપોર્ટમાં ઘૂસી જાય એ પહેલાં જ રોહિતે એમને પકડ્યા હતા.

"મને હમણાં જ ટેન થાઉઝન્ડ ડૉલર્સ જોઈએ છે."

"નથી મારી પાસે."

"યુ... લાયર..." રોહિતે ખિસ્સામાંથી રિવોલ્વર કાઢી હતી.

મધુકાન્ત અને ઘરના નોકરો ધસી આવ્યા હતા. લક્ષ્મી પણ ગાડીનો બીજી તરફનો દરવાજો ખોલીને પિતાની બાજુમાં આવીને ઊભી રહી ગઈ હતી. નોકરોએ રોહિતને બાવડેથી ઝાલી લીધો હતો. રોહિત હાથમાં રિવોલ્વર પકડીને બરાડા પાડતો હતો. "યુ રાસ્કલ, યુ ચીટ, યુ લાયર. આઈ વોન્ટ માય મની. આઈ વોન્ટ માય ટેન થાઉઝન્ડ ગ્રાન્ડસ... ગીવ મી માય મની ઓર આઈ'લ કિલ યુ... યુ બ્લડી ઇન્ડિયન. યુ ચીટેડ માય મધર... યુ કાન્ટ ચીટ મી..." નોકરોએ પકડેલો રોહિત ઉશ્કેરાટમાં જમીનથી ઊંચો થઈ ગયો હતો. હવામાં ટાંટિયા ઉછાળતો હતો અને રાડારાડ કરતો હતો...

"હું પોલીસને બોલાવીશ" મધુભાઈએ કહ્યું.

"રોહિત, શું કરે છે?" લક્ષ્મીએ કહ્યું.

"યુ સ્ટે આઉટ ઓફ ધીસ." રોહિતે લક્ષ્મીને કહ્યું, "એ તને પણ મૂરખ બનાવે છે."

"બેટા." સૂર્યકાન્તે ખૂબ શાંત અને સંયત અવાજે કહ્યું, "મારી નાખવો છે મને? મારી નાખ... પણ એથી તો એકેય પૈસો નહીં મળે. મેં બધી મિલકત લક્ષ્મીના નામે વિલ કરી દીધી છે."

"યુ... સ્કાઉન્ડ્રલ." રોહિત ફરી બરાડ્યો.

"પૈસા જોઈએ છે ને તારે?" સૂર્યકાન્તે પૂછ્યું.

"પૈસા નહીં, યુ બ્લડી ઇન્ડિયન, ડૉલર્સ... ટેન થાઉઝન્ડ ડૉલર્સ..."

"મધુભાઈ, આને પૈસા આપી દેજો."

"પણ ભાઈ..."

"એના પૈસા છે, હું ના પાડનાર કોણ?"

"હું ના પાડું છું." લક્ષ્મીએ કહ્યું. "આ મારા પૈસા છે. યુ વીલ નોટ ગેટ એ સિંગલ પેની... ઈઝ ધેટ ઓલ? ચલો, ડેડી." અને એ ફરી પોતાની તરફનો દરવાજો ખોલીને બેસવા જતી હતી. ત્યાં જ રોહિતે હવામાં ધડાકો કર્યો.

"આઈ વીલ કિલ યુ..." અને પછી, કોઈ કશું સમજે એ પહેલાં જઈને લક્ષ્મીનો ડાબો હાથ પકડી, ઊંધો વાળીને પીઠ પર દબાવી દીધો. એના લમણા પર રિવોલ્વર મૂકીને એ ગાંડા માણસ જેવું હસ્યો. "આઈ વીલ કિલ યોર ડોટર."

"એને કંઈ નહીં કરતો."

"આઈ નો... હવે પ્રાઇસ વધી ગઈ. આઈ વોન્ટ ટ્વેન્ટી થાઉઝન્ડ... નાઉ... હીયર..."

સૂર્યકાન્તે પોતાનો ફોન બહાર કાઢ્યો. નંબર જોડ્યો. કસ્ટમર કોડ જોડ્યો અને રોહિતને પૂછ્યું, "અકાઉન્ટ નંબર બોલ."

રોહિતે જે નંબર કહ્યો તે જોડીને થોડી વાર ઊભા રહ્યા. પછી ફોન ખિસ્સામાં મૂકતાં અત્યંત સ્વસ્થતાથી રોહિતને કહ્યું, "યોર મની ઈઝ ટ્રાન્સફર્ડ. ટ્વેન્ટી ફાઇવ થાઉઝન્ડ ડૉલર્સ. લીવ માય ડોટર."

"મારે આમેય કાંઈ કામની નથી." રોહિતે લક્ષ્મીને ધક્કો માર્યો. એનું માથું દરવાજા પર અથડાયું.

મધુકાન્તભાઈ અને ઘરના નોકરો સ્તબ્ધ થઈને આખું નાટક જોઈ રહ્યા હતા.

સૂર્યકાન્ત એક પણ અક્ષર બોલ્યા વિના પોતાની તરફનો દરવાજો ખોલીને ગાડીમાં બેઠા અને ખૂબ સ્વસ્થતાથી કહ્યું, "અબ્દુલ, ચલો."

એક પણ અક્ષર બોલ્યા વિના અબ્દુલે ગાડી ચાલુ કરી અને ગાડી 'આઉટ'ના ગેટમાંથી બહાર નીકળી ગઈ. ગાડી ચલાવતા અબ્દુલના હાથ સ્ટીયરિંગ પર એવી રીતે ભીંસાતા હતા કે જો એ રોહિતનું ગળું હોત તો જીવતો બચ્યો ના હોત!

*

સિંગાપોર એરલાઇન્સની ન્યુ યોર્ક-મુંબઈની ફ્લાઇટ મુંબઈની જમીન પર પોતાનાં પૈડાં ઘસતી અટકી...

ઍર-હૉસ્ટેસે આરોહ-અવરોહ વગરના અવાજમાં અનાઉન્સમેન્ટ કર્યું, "મુંબઈના છત્રપતિ શિવાજી ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર તમારું સ્વાગત છે. બહારનું તાપમાન 28 ડિગ્રી સેલ્સિયસ છે અને અત્યારે સવારે 8 વાગી ને 36 મિનિટ થઈ છે..."

અને સૂર્યકાન્તે આંખો ખોલી.

ઊંડો શ્વાસ લીધો અને ધીમેથી પોતાની સીટ પરથી ઊભા થયા. એમણે જોયું કે બાજુની સીટમાં લક્ષ્મી ઘસઘસાટ ઊંઘી રહી હતી. એમણે હળવેથી લક્ષ્મીના માથે હાથ ફેરવ્યો અને કહ્યું, "બેટા..."

લક્ષ્મીએ હળવેથી આંખો ખોલી. પછી પૂછ્યું, "આવી ગયાં?"

* * *

9

"હા, બેટા." સૂર્યકાન્તે કહ્યું. અને લક્ષ્મી ઝટકાથી ઊભી થઈ.

વિમાનને સીડી લાગી અને બાપ-દીકરી હેન્ડ લગેજ લઈને નીચે ઊતરવા લાગ્યાં.

મુંબઈની હવાનો પહેલી શ્વાસ સૂર્યકાન્તનાં ફેફસાંમાં ભરાયો અને એમને લાગ્યું કે જિંદગી જાણે પચ્ચીસ વરસ પાછળ ધકેલાઈ ગઈ હતી. આ શહેર સાથેનાં ગણી ના શકાય એટલાં સ્મરણો એમના મન અને મગજમાં ઘમસાણ મચાવવા લાગ્યાં. અહીંથી જ અમેરિકા ગયા હતા એ, આજથી બરાબર પચ્ચીસ વરસ પહેલાં કેટલું બધું પાછળ છોડીને...

અને આજે આવ્યા હતા તોય પાછળ કેટલુંય છોડીને આવ્યા હતા! શું હતું આ શહેરમાં, જે ખેંચી લાવ્યું હતું એમને?

સૂર્યકાન્ત મહેતાએ કોઈ કારણ વગર ઊભેલા લોકો તરફ નજર દોડાવી. પછી એમ જ એમના ચહેરા પર સ્મિત આવી ગયું, "કોણ હતું જે લેવા આવવાનું હતું?"

બાપ-દીકરી બહાર નીકળીને અમસ્તાં જ ઊભાં રહ્યાં. લક્ષ્મી ચારે તરફ જોઈ રહી હતી. ટૅક્સીઓની દોડાદોડ, ટ્રાફિક, માણસો અને આછો ઉકળાટ... મુંબઈ દોડતું-હાંફતું સવારની દિશામાં આગળ વધી ગયું હતું, વધી રહ્યું હતું.

"ગંદું શહેર છે નહીં?" બોલ્યા પછી લક્ષ્મીને થયું, નહોતું બોલવું જોઈતું.

"હા. અને હજી તો ગંદકી શરૂ જ નથી થઈ બેટા. ઍરપોર્ટ તો મુંબઈની ચોખ્ખી જગ્યાઓમાંનું એક છે. વિશ્વનાં મોટાં મોટાં સ્લમમાં મુંબઈનું નામ આવે છે. તને ખબર છે ને?" સૂર્યકાન્તે કહ્યું. પછી લક્ષ્મીના માથે હાથ ફેરવીને એને ત્યાં જ ઊભા રહેવાનું કહી, પ્રિ-પેઈડ ટૅક્સીના બૂથ તરફ આગળ વધ્યા.

"તાજ હોટલ." અને ખિસ્મામાંથી સો ડૉલરની નોટ કાઢી, કાઉન્ટર પર મૂકી.

"ઇન્ડિયન રૂપિસ સર." પેલાએ કહ્યું,

"ઓહ યસ!" સૂર્યકાન્તે કહ્યું અને અંદરના ખિસ્સામાંથી વોલેટ કાઢીને એક્સચેન્જ કરાવેલા પૈસા કાઢી, હજાર રૂપિયાની નોટ આપી.

"એર કન્ડિશન્ડ, સર?" પેલાએ કહ્યું.

"ઓહ યસ. ઓફ કોર્સ" સૂર્યકાન્તે કહ્યું અને રસીદ લઈને લક્ષ્મી પાસે આવ્યા.

બંને જણા આવીને ઊભેલી ઍર કન્ડિશન્ડ પ્રિ-પેઈડ ટૅક્સીમાં ગોઠવાયાં. ટૅક્સી શહેરના રસ્તે બહાર નીકળી અને હાઇવે ઉપર મુંબઈ તરફ વળી ગઈ...

*

વસુમા, અભય, અલય અને અજયને જેટ એરવેઝના ડિપાર્ચરના ગેટ પાસે ઉતારીને વૈભવીએ ટર્ન માર્યો. અને ચારેયને ગેટમાંથી અંદર દાખલ થતાં જોઈને મોબાઇલ પર ફોન લગાડ્યો.

"ધે હેવ લેફ્ટ." જાણે ઉત્સાહ ઊભરાઈ જતો હતો એના અવાજમાંથી "હવે ત્રણ દિવસ કોઈ સવાલ-જવાબ નહીં. આજની કિટ્ટી મારા ઘેર."

"વાઉ પાંચ વરસમાં પહેલી વાર અમે બધાં તારા ઘેર આવીશું." સામેનો અવાજ પણ એટલો જ ઉત્સાહી હતો.

"શું કરું? મારી સાસુની હાજરીમાં તમને બોલાવાય નહીં અને એ 'શ્રીજી વિલા' છોડીને ક્યાંય જાય નહીં..."

"નો પ્રોબ્લેમ! બેટર લેટ ધેન નેવર. કેટલા વાગે?"

"રેગ્યુલર ટાઇમે. ટુ થર્ટી." અને પછી ઉમેર્યું, "બધાંને કહી દેજે હોં." અને એક્સિલરેટર પર પગ જરા વધુ જોરથી દબાવ્યો.

અલયનો ફોન રણકી ઊઠ્યો.

"હલો" એણે મોબાઇલ કાઢીને દબાયેલા અવાજે કહ્યું, "શું છે?"

"મને યાદ કરે છે ને?" શ્રેયાનો ખળખળતો અવાજ વહી નીકળ્યો.

"ના."

"હાય લ્લા! માને ફોન આપ."

"ના." અલયે કહ્યું.

"ડરે છે?"

"ના." અલયે ફરી કહ્યું.

"બીજું કંઈ બોલતાં જ નથી આવડતું?"

"ના." અલયે કહ્યું.

"જો હું સાથે નથી આવી એ મારી ભલમનસાઈ છે."

"અચ્છા!" અલયે કહ્યું. "હું લઈ ન જાઉં તો આવે કેવી રીતે?"

"એ મિસ્ટર, જેટ એરવેઝમાં એકસો ને બોતેર મુસાફરો પ્રવાસ કરી શકે છે. તમે ચાર છો, બાકીની 168 ખાલી સીટો હોય. ગમે તેના પર બેસીને આવી શકું..." અને પછી ખૂબ તોફાની અવાજે ઉમેર્યું, "વિમાનમાં તો અડધા રસ્તે ઊતરી પણ ના શકાય, ખબર છે ને?"

"એમ? એમાં સ્ટેશન ના હોય?" અલયે કહ્યું. "હું તો પહેલી વાર વિમાનમાં બેસીશ." પછી ઉમેર્યું, "હવે મૂકું?"

"પકડી જ ક્યાં છે કે મૂકીશ?" શ્રેયાએ કહ્યું.

"તું મારી જાન છોડ. મા મારી સામે જ જુએ છે." અલયે કહ્યું.

"તો?" શ્રેયાએ કહ્યું. "મારાથી તને ફોન પણ ના કરાય? તને ખબર છે, તારી ગાડી જેવી કમ્પાઉન્ડની બહાર નીકળી એ સેકન્ડથી હું તને મિસ કરું છું."

"હું ત્રણ જ દિવસમાં પાછો આવવાનો છું."

"ત્રણ દિવસ... બોતેર કલાક કોને કહેવાય ખબર છે તને? બે લાખ ઓગણસાઈઠ હજાર બસો સેકન્ડ કાઢવાની છે તારા વિના... ક્યાંક મારું હૃદય બંધ પડી જશે."

"બંધ ક્યાંથી પડે? એ તો મારી પાસે છે. હું ચાલુ જ રાખીશ. પણ ફોન બંધ કરવો પડશે. નહીં તો મા મારશે."

"તને?"

"ના તને." અલયે કહ્યું અને સહેજ હસી પડ્યો.

શ્રેયાએ પૂછ્યું, "પૈસા લીધા છે ને સાથે?"

"ના, મોટા ભાઈને લીધા છે." અલયે કહ્યું અને ફરી હસ્યો, પણ આ વખતે એનું હસવું જાણે સહેજ ખાલી થઈ ગયું હતું. પછી એણે ધીમેથી કહ્યું, "તેં આપેલા આ પૈસાની સાથે બે લાખ બોંતેર હજાર ત્રણસો ને પાંસઠ રૂપિયા થયા."

શ્રેયાના અવાજમાંથી પણ જાણે સહેજ ખાલીપો પડઘાયો, "આપી દેજે બધા એકસામટા, આમ શું ગણ ગણ કરે છે?"

"આપવા છે એટલે જ ગણું છું. શ્રેયા, બિલિવ મી.. આ એક એક પૈસો ગણી ગણીને પાછો આપીશ તને."

"જાણું છું. જાણું છું કે તને મારી પાસેથી પૈસા લેવામાં વાંધો પડે છે. અલય, આપણે ડાયરી રાખી છે ને? ગણીએ છીએ ને? ને હું લઈ લઈશ પાછા, હું ક્યાં ના પાડું છું? આ દાન કે મદદ નથી, ઉધારી છે બસ! પણ પ્લીઝ, જીવ નહીં બાળ..." પછી એના અવાજમાં જાણે કે એક તરસ છલકાઈ આવી. "એ અલય, મને પ્રેમ કરે છે ને?"

અલયે વાત બદલવાનો પ્રયત્ન કરીને અવાજને બને એટલી હળવો કરીને કહ્યું, "હે ઈશ્વર, આ બાઈને સદ્‌બુદ્ધિ આપો. હું એક નોટમાં રામ-નામની જેમ "આઈ લવ યુ" લખવાનો છું, સવા લાખ વાર. ને પછી તને આપી દઈશ. જપ્યા કરજે. સાત વરસમાં સાત કરોડ વાર કહ્યું છે, પણ મોહ નથી છૂટતો."

"એય... હરિદ્વાર જતાં પહેલાં મોહ છોડવાની વાત નહીં કર."

"હું તો સાધુ જ થઈ જવાનો છું. પાછો જ નથી આવવાનો."

"સાતમા પાતાળમાંથી પકડી લાવીશ. મને પરણ્યા વિના ક્યાંય જવાનું નથી." એનો અવાજ અચાનક તરલ

થઈ આવ્યો. અલય એના અવાજમાં બાઝી ગયેલો ડૂમો અને આંખોને ઘેરી વળતી ભીનાશને અનુભવી શક્યો, ફોન ઉપર પણ. "તું તો સાધુ થઈ જઈશ પણ મને પરણીશ નહીં તો મારો મોક્ષ કેમ થશે?"

"ગાંડી." અલયે કહ્યું અને ખૂબ ધીમેથી, કોઈ ન સાંભળે એનો ખ્યાલ રાખીને, આમતેમ જોઈને ઉમેર્યું, "આઈ લવ યુ."

અને પછી, ફોન ડિસ્કનેક્ટ કરીને ખિસ્સામાં મૂકી દીધો.

વસુમા જે ક્યારનાં અલયની સામે જોઈ રહ્યાં હતાં, એમણે પૂછ્યું:

"શ્રેયા?"

અલયે માત્ર ડોકું ધુણાવ્યું અને સિક્યોરિટી ચેક તરફ આગળ વધી ગયો.

*

તાજ હોટલના રિસેપ્શન કાઉન્ટર પર સૂર્યકાન્ત મહેતાએ પોતાનો અને લક્ષ્મીનો અમેરિકન પાસપોર્ટ મૂક્યા. રિસેપ્શનીસ્ટે વિગતો લખી ને એમને 1011ની દસમા માળના સ્યુટની ચાવી આપી દીધી.

રૂમમાં દાખલ થઈને લક્ષ્મી તો ઊછળી જ પડી.

સંઘેડાનું ફર્નિચર, રૂમમાં હિંચકો, જેના પર પિત્તળની સાંકળો, બ્રાસનો ઢોલિયો અને ખૂબ ટેસ્ટફુલ ઇન્ડિયન ડેકોરવાળા આ રૂમમાંથી દરિયો સીધો દેખાતો હતો.

લક્ષ્મીને દરિયાની નવાઈ નહોતી. પણ મુંબઈનો દરિયો એને માટે સાવ નવો જ અનુભવ હતો. સામે દેખાતા ગેટ વે ઓફ ઇન્ડિયાના ફોટા જોયા હતા એણે. આજે મુંબઈનું આ પ્રવેશદ્વાર નજરોનજર દેખાતું હતું.

ઍરપોર્ટ પર ઊતરીને કહેલું વાક્ય તો જાણે, ક્યાંય ખોવાઈ ગયું હતું. આ શહેરની ગંદકી, ગરમી, ઝૂંપડપટ્ટી, ટ્રાફિક અને ધૂળ-ધુમાડાથી એને કોઈ તકલીફ નહોતી...

એણે ધીમેથી સૂર્યકાન્તને પૂછ્યું, "ડેડ, હું થોડી વાર સામે જાઉં?"

"અત્યારે?" સૂર્યકાંતે પૂછ્યું. તાજ હૉટેલની પાછળથી ઊગતા સૂરજનો તડકો ધીમે ધીમે દરિયા પર ફેલાવા લાગ્યો હતો. દરિયાનું પાણી હલકા સોનેરી રંગનું થઈ ગયું હતું.

"પ્લીઝ ડેડી, થોડી વાર..." લક્ષ્મીએ કહ્યું.

"થાકી નથી?" સૂર્યકાંતે પૂછ્યું.

"વ્હોટ ડેડી? આઠ કલાક બેસીને કોઈ થાકે? હું તો બોર થઈ ગઈ છું ઊંઘી ઊંઘીને... થોડી વાર તમે સૂઈ જાવ, તમને જેટલેગ હશે."

"મારે નથી સૂવું દીકરા, હું તો નાહીને જૂહુ જઈશ."

"જૂહુ?"

"ઘેર..." સૂર્યકાંતે કહ્યું. પછી સહેજ અચકાઈને ઉમેર્યું, "મારે ઘેર..."

"હું ના આવું ને?" લક્ષ્મીએ પૂછ્યું.

"હમણાં નહીં." સૂર્યકાંતે કહ્યું અને બેગ ખોલીને બ્રશ, દાઢીનો સામાન વગેરે કાઢવા લાગ્યા.

"હું પાછી આવીને અહીં જ તમારી રાહ જોઈશ." લક્ષ્મીએ કહ્યું અને હસીને ડેડીના ગળે વળગીને એક પપ્પી કરી લીધી. "ઑલ ધ બેસ્ટ ડેડ... કીપ કુલ... મને ફોન કરશો ને?"

"હું બે કલાકમાં પાછો આવીશ." મુંબઈના ટ્રાફિકથી અજાણ સૂર્યકાંતે કહ્યું.

"એની વે, હું સામે ચક્કર મારીને આવ્યા પછી રૂમમાં જ તમારી રાહ જોઈશ." લક્ષ્મી સ્યૂટનો દરવાજો ખોલીને બહાર નીકળી ગઈ.

"આ છોકરી મને એકાંત આપવા બહાર જતી રહી હશે." સૂર્યકાંતના મનમાં વિચાર આવ્યો. "કેટલી સમજદાર, કેટલી મેચ્યોર છોકરી છે!" અને પછી એણે જિંદગીમાં પચીસ વર્ષ પાછા ફરવાની તૈયારી કરવા માંડી.

*

વૈભવી ગાડી પાર્ક કરીને ઘરમાં દાખલ થઈ. જાનકી ડાઇનિંગ ટેબલ પર બેસીને પેપર તપાસી રહી હતી. વૈભવીએ ઘરમાં દાખલ થતાંની સાથે જાનકીને કહ્યું, "આ બધું અહીંથી લઈ લે. મારી ફ્રેન્ડ્ઝ આવે છે."

જાનકીએ નવાઈથી એની સામે જોયું.

"કિટી છે." વૈભવીએ કહ્યું. પછી સહેજ ચાપલૂસીથી, લાડથી જાનકીને કહ્યું, "તારે કાંઈ નહીં કરવું પડે, મેં બધું જ ઑર્ડર કર્યું છે. સર્વ કરવા માટે વેઇટર્સ પણ આવશે."

"પણ..."

"લૂક યાર, હું રોજ રોજ બધાના ઘેર જાઉં છું. સાસુમાને કારણે અહીં કોઈને બોલાવી શકાતાં નથી. માંડ માંડ એ ત્રણ દિવસ માટે ગયાં છે, લેટ મી એન્જોય પ્લીઝ..." અને પછી સાથે લાવેલી વાઇન બોટલ્સ ફ્રીઝમાં ઠંડી કરવા ગોઠવવા માંડી.

"તમે આ ઘરમાં ડ્રિન્ક..." જાનકીનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ વૈભવી આંખ મારીને હસી. "વાઇન છે... દારૂ નથી."

"પણ આ ઘરમાં?"

"ઘર છે આ, મંદિર નથી." વૈભવીએ કહ્યું અને પછી જરા કડવાશથી ઉમેર્યું, "ચમચાગીરી કરવાની જરૂર નથી. બહુ લાગી આવતું હોય તો બહાર જતી રહેજે બે-ચાર કલાક. બાકી અઢી વાગે મારી ફ્રેન્ડ્ઝ તો આવશે જ અને અમે આ વાઇન પણ પીશું જ."

"આઈ થિન્ક, હું બહાર જ જતી રહીશ." જાનકીએ કહ્યું અને પછી વૈભવી સામે ધારદાર નજરે જોઈને ઉમેર્યું,

“આમ પણ તમારી ફ્રેન્ડ્ઝની સામે હું ખાસ્સી મિડલક્લાસ લાગીશ. નકામી તમારે મારી ઓળખાણ કરાવવી પડશે…” અને પછી ટેબલ પર પડેલા પોતાના પેપર્સ એકઠા કરવા લાગી.

“જરા ડ્રોઇંગરૂમ સાફ કરાવી દઈશ?” વૈભવીએ પૂછ્યું. ફરી એક વાર એના અવાજમાં લાડ અને ચાપલૂસી ભળી ગયાં હતાં.

“મને સમય નથી.” જાનકીએ કહ્યું અને પોતાના ઓરડા તરફ આગળ વધી ગઈ.

તાજમહાલ હૉટેલની પોર્ચમાં ટૅક્સી માટે ઊભેલા સૂર્યકાંત મહેતાએ પોતાની રોલેક્સ ઘડિયાળમાં સમય જોયો. બાર ને ત્રીસ થઈ હતી. ગેટ-વે ઑફ ઇન્ડિયા પરથી પાછી ફરેલી લક્ષ્મી સાથે એની ઉત્સાહતરબોળ વાતો સાંભળતાં બ્રેકફાસ્ટ કરીને નીકળતાં નીકળતાં સૂર્યકાંત મહેતાને સાડા બાર થઈ ગયા હતા.

હવે ટેક્સી લઈને એ ‘શ્રીજી વિલા’ તરફ જવા નીકળ્યા.

કોલાબાથી જહાંગીર આર્ટ ગૅલેરી પાસે થઈને ચર્ચગેટના રસ્તે મરીન ડ્રાઇવ પાસેથી પસાર થતી ટૅક્સીમાં ટૅક્સી કરતાંયે પાંચ ગણી ઝડપે સૂર્યકાંત મહેતાનું મન દોડતું હતું. આ શહેર કેટલીયે વીતી ગયેલી પળોને પોતાની અંદર સંઘરીને ચૂપચાપ તાકી રહ્યું હતું સૂર્યકાંત મહેતા સામે.

કંઈ કેટલુંયે બદલાઈ ગયું હતું.

આકાશ પણ જાણે મેલું થઈ ગયું હતું આટલાં વર્ષોમાં.

આ મરીન ડ્રાઇવના દરિયાની એ જ પાળી હતી જેના ઉપર વસુંધરા સાથે કેટલીય સાંજ ગાળી હતી એમણે.

ઘેરથી મોટર લઈને ચોપાટી ઊભી રાખતાં અને સૂર્યકાંત અને વસુંધરા ધીમાં ડગલે લેન્ડ્સ-એન્ડ સુધી ચાલતાં…

લગ્નજીવનની શરૂઆતના દિવસો હતા એ ગામડેથી આવેલી વસુંધરા ભણેલી ખૂબ હતી, વાંચન પણ ખૂબ હતું એનું. પણ શહેરની રીતભાત સાથે હજુ અનુકૂળ નહોતી થઈ.

ગોદાવરીદેવી અને દેવશંકર મહેતા તો વસુંધરાને પુત્રવધૂ તરીકે પામીને ધન્ય થઈ ગયાં હતાં. વસુંધરાની પ્રત્યેક ઇચ્છા આ ઘર માટે આદેશ બની જતી, પરંતુ સૂર્યકાંત વસુંધરાને પોતાની પત્ની તરીકે પ્રેમ નહોતો કરી શકતો.

પોતાનાથી વધુ ભણેલી, પોતાનાથી ઘણી વધુ રૂપાળી, મા-બાપને આવતાંની સાથે પોતાનાથી વધુ લાડકી થઈ ગયેલી પત્નીની સામે સૂર્યકાંતને જાણે પોતે નાનો લાગવા માંડ્યો હતો. વસુંધરાની ભાષા, એનું વર્તન, એની ઢબછબ અને એનું રૂપ જોનારા દરેકેદરેક જણા એક યા બીજી રીતે પોતાની વાત કહી દેતા…

કાગડો દહીંથરું લઈ ગયો…” અને જેટલી વાર વસુંધરાનાં વખાણ થતાં એટલા વાર સૂર્યકાંત જાણે અડધો ઇંચ વધુ નાનો થઈ જતો. જોકે વસુંધરાએ ક્યારેય સૂર્યકાંતનું માન મૂકીને વર્તન કર્યું હોય એવું આજ સુધી બન્યું નહોતું, પણ કોણ જાણે કેમ સૂર્યકાંતના મનમાં વસુંધરા પ્રત્યે એક બહુ જ હળવો, ન સમજી શકાય એવો અભાવ જન્મી ગયો હતો.

એક તો સ્ત્રી અને એમાંય બુદ્ધિશાળી. વસુંધરા આ અભાવને ઓળખી ગઈ હતી. વધુ ને વધુ ઘરની બહાર રહેવા માંડેલા સૂર્યકાંતે વસુંધરાને મનથી તો ખાસ્સી અળગી કરી નાખી હતી. ધીમે ધીમે શરૂઆતના શારીરિક આકર્ષણના ઊભરા પણ શમી જવા આવ્યા હતા. હવે સૂર્યકાંત સાંજે ઘેર આવીને ટેનિસ રમવા હિન્દુ જીમખાના ચાલી જતો. ત્યાંથી કોઈ દિવસ વિલિંગ્ડન ક્લબ તો કોઈ દિવસ રેસકોર્સ... ઘરે આવતાં ગમે તેમ કરીને સાડા નવ-દસ વગાડી જ દેતો! વસુંધરાની સાથે ઓછામાં ઓછી વાત કરવી પડે અને ઓછામાં ઓછો એનો સામનો થાય એવો પ્રયાસ સભાનપણે કરવા લાગ્યો હતો સૂર્યકાંત.

...અને એટલે જ એણે હળવેકથી એક દિવસ સૂર્યકાંતને કહ્યું હતું, “આપણે ચોપાટી ફરવા જઈએ?”

“આપણે?” સૂર્યકાંતે નવાઈથી પૂછ્યું હતું.

“મને પરણીને આવે માગશરમાં વરસ પૂરું થશે. મેં હજુ સુધી ચોપાટીયે નથી જોઈ. આવતાં બાબુલનાથનાં દર્શન પણ કરતાં આવીશું.” વસુંધરાએ કહ્યું હતું.

“ભલે...” સૂર્યકાંત પાસે ના પાડવાનું કોઈ કારણ નહોતું.

...અને એ દિવસથી અઠવાડિયામાં એકાદ વાર વસુંધરા આગ્રહપૂર્વક સૂર્યકાંતને અહીં ચાલવા લઈ આવતી.

ખાસ વાત નહોતી થતી બે જણા વચ્ચે, પણ સાથે ગાળવાનો આટલો સમય અને આટલું એકાંત પૂરતું થઈ રહેતું વસુંધરા માટે.

એક દિવસ અહીં જ ધીમાં ડગલે ચાલતાં ચાલતાં એણે સૂર્યકાંતનો હાથ પકડી લીધો હતો અને ખૂબ મૃદુતાથી સાવ ગણગણતી હોય એવા અવાજમાં કહ્યું હતું, “તમે પિતા બનવાના છો.”

સૂર્યકાંતને અભયનો ચહેરો આંખો સામે તરવરી ગયો.

“કેવડો હતો અભય! બારનો? દસનો? ના, ના, ચૌદનો કદાચ... એને હું યાદ હોઈશ? ઓળખશે મને? કેટલો રોષ, કેટલો તિરસ્કાર હશે મારા માટે? કઈ રીતે સમજાવીશ સૌને? શું કહીશ?”

સૂર્યકાંત મહેતાના મનમાં વિચારો સડસડાટ દોડી રહ્યા હતા. સિદ્ધિ વિનાયકનું મંદિર પસાર કરીને ટૅક્સી પ્રભાદેવી તરફ આગળ વધી.

ટ્રાફિક જોતાં અકળાયેલા સૂર્યકાંતે ટૅક્સીવાળાને પૂછ્યું, “કિતના ટાઇમ લગેગા?”

“સા’બ, એકાદ ઘંટા તો ઓર લગ હી જાયેગા...” ટૅક્સીવાળાએ કહ્યું.

સૂર્યકાંત મહેતાએ ટૅક્સીની સીટ ઉપર પીઠ ટેકવીને આંખો મીંચી લીધી... હવે પહોંચવાની રાહ જોવા સિવાય બીજું કશુંયે થઈ શકે એમ નહોતું. એમનું મન જેટલી ઝડપથી પ્રવાસ કરતું હતું એટલી ઝડપથી મુંબઈના રસ્તા એમની ટૅક્સીને આગળ વધવા દે એમ નહોતા...

*

“આન્ટી, વ્હોટ કેન આઇ ડુ ફૉર યુ?” ઍરહૉસ્ટેસે વિનયથી વસુમાને પૂછ્યું.

"નથિંગ.. થેન્ક્યૂ..." વસુમાએ કહ્યું અને વ્હાલસોયું સ્મિત કર્યું.

"ચા, કૉફી, જ્યુસ..." ઍરહૉસ્ટેસે થોડો વધુ આગ્રહ કર્યો.

"નથિંગ, માય ચાઈલ્ડ..." વસુમાએ કહ્યું અને ઍરહૉસ્ટેસ આગળ વધી ગઈ.

વસુમાએ ફરી આંખો મીંચીને પીઠ સીટ પર ટેકવી દીધી.

"શ્રાદ્ધ એટલે શું એની ગંભીરતા સમજતા હશે આ છોકરાંઓ?" એમને વિચાર આવ્યો. પછી એમણે જ મનોમન જવાબ આપ્યો, "એમને માટે તો પિતા આજથી પચીસ વરસ પહેલાં જ... એમને શું ફેર પડે ખરું પૂછો તો..."

સમય જાણે ઘડીમાં આગળ તો ઘડીમાં પાછળ થઈ જતો હતો. લગ્ન કરીને આવેલી સત્તર વરસની વસુંધરા ઘડીકમાં બંધ આંખો સામે ખડખડાટ હસતી હતી તો ઘડીકમાં તેત્રીસ વરસની પત્ની ત્રણ સંતાનો સાથે પતિની પ્રતીક્ષા કરતી હતી. બેતાળીસ વરસની મા ગ્રૅજ્યુએટ થયેલા દીકરાને માથે હાથ ફેરવીને આશીર્વાદ આપતી હતી તો એ જ વખતે અનાથાશ્રમમાંથી જાનકીને લઈને આવેલો અજય ઘરના દરવાજે ઊભો રહીને લગ્નની રજા માગતો હતો... લજ્જાનો જન્મ, આદિત્યનો જન્મ...

'શ્રીજી વિલા'માં બનતી રહેલી દરેક ઘટના, દરેક ક્ષણ આજે જાણે વસુમાની આંખો સામે પસાર થતી હતી અને એમને ઢંઢોળીને, જગાડીને કહેતી હતી, "આવજો!"

સમય જાણે એક નદીની જેમ વહેતો રહ્યો હતો અને આજે એ નદીના પ્રવાહની એક એક લહેર વસુમાની છાતીમાં ઉછાળા મારતી હતી.

"મારો નિર્ણય સાચો છે? એ કદાચ પાછા આવે તો? મે ઉતાવળ કરી છે?" વસુમાનું મન એ લહેરના ઊંચા-નીચા થતા પ્રવાલલય સાથે ડૂબતું-તરતું જતું હતું.

એમને સમજાતું નહોતું કે આ શું થઈ રહ્યું હતું. જિંદગીની નબળામાં નબળી અને કપરામાં કપરી ક્ષણે પણ આશ્ચર્યજનક સ્વસ્થતા ધારણ કરી શકનારી આ સ્ત્રી. આજે કેમ ગૂંચવાતી, ગૂંગળાતી હતી?

એમણે આંખો ઉઘાડીને બાજુમાં જોયું. અજય કશુંક વાંચી રહ્યો હતો. જમણી બાજુની બે સીટમાં અભય અને અલય બેઠા હતા. અલય આંખ મીંચીને ઊંઘી ગયો હતો. જ્યારે અભય કંઈક ખાવામાં બિઝી હતો.

"ઈશ્વરે ઉત્તમ સંતાનો આપીને સમૂહ કરી દીધી છે મને. મારા એક જ શબ્દ ઉપર ત્રણેય દીકરાઓ મારી સાથે ચાલી નીકળ્યા... શેની ફરિયાદ કરું છું હું? બીજું જોઈએ શું એક માને?" વસુમાએ મનોમન સંવાદ કરવા માંડ્યો.

"મા?! માત્ર મા છે તું? પત્ની નથી?"

"હતી, હવે નથી. જે ક્ષણે ત્યજી દીધી એમણે મને, એ ક્ષણથી એમની પત્ની તો મટી જ ગઈને?"

"તો પછી કોની રાહ જુએ છે તું?" વસુમાના જ મનમાં જાણે બે વસુંધરાઓ સામસામી દલીલો કરતી હતી.

"હું ક્યાં રાહ જોઉં છું? રાહ જોતી હોત તો શ્રાદ્ધ કરવા જાત?" એમણે જ પોતાના મનને પૂછ્યું.

"ધાર કે તું શ્રાદ્ધ કરીને પાછી ફરે અને એ જીવતા હોય તો?"

"હોય તો શું, છે જ? ખાતરી છે મને."

"તો પછી આ શ્રાદ્ધનું નાટક શું કામ કરે છે?"

"નાટક નથી. સત્ય છે આ. મારી જિંદગીનું સૌથી કડવું અને હડહડતું સત્ય. મારી જાતને હવે મારે કહી દેવું જોઈએ કે બધું પૂરું થયું... પચીસ વર્ષ પહેલાં જે મનને વાળી લેવાનું હતું એ મનને આજે વાળી જ લઈશ હું..."

વિચારો કોઈ રીતે અટકે એમ નહોતા, પણ ફ્લાઈટનાં પૈડાં જમીનને અડ્યાં અને લાગેલા ઝટકાએ વસુમાની વિચારશૃંખલા તોડી નાખી.

વિમાન દિલ્હી ઍરપોર્ટ પર આવી લાગ્યું હતું.

"બસ, થોડા કલાકો વધુ અને હું એક માની લીધેલા, મનાતા રહેલા સંબંધમાંથી મુક્ત થઈ જઈશ." વસુમાએ ચાલી રહેલા સંવાદનું છેલ્લું વાક્ય જાતને કહ્યું અને ફેલાયેલા ભૂતકાળને સમેટીને નીચે ઊતરવા માટે સરકતી ક્યુમાં જોડાઈ ગયાં.

*

એસ.વી. રોડથી વિલે પાર્લે તરફ ટૅક્સી વળી અને સૂર્યકાંતનું હૃદય બમણી ઝડપે ધડકવા લાગ્યું. ટૅક્સી આવીને 'શ્રીજી વિલા'ના ગેટ પાસે ઊભી રહી. સૂર્યકાંતને આ ઘર શોધતાં સહેજ પણ તકલીફ નહોતી પડી. મુંબઈ આમ ખાસ્સું બદલાયું હતું, પણ સરનામાંઓ એનાં એ જ રહ્યાં હતાં એવું લાગ્યું સૂર્યકાંતને.

ટૅક્સીના પૈસા ચૂકવીને સૂર્યકાંત ઝાંપા સામે ઊભા રહ્યા થોડી વાર... પગ જાણે ઊપડતો નહોતો. થંભી ગયેલા સમયને વળોટીને પચીસ વરસ પેલે પાર જવાનું હતું... સહેલું નહોતું જ. મન મક્કમ કરીને એમણે લોખંડનો ગેટ ઉઘાડ્યો. ખૂબ હળવા કિચૂડાટ સાથે ગેટ ખૂલ્યો.

પથ્થરની પગથી અને વસુમાના વ્હાલથી ઊછરેલા બગીચાને ઓળંગીને એ દરવાજા સુધી આવ્યા. બેલ વગાડ્યો અને ખૂલનારા દરવાજાને પેલે પારથી સંભળાનારા પચીસ વરસ જૂના સાદની પ્રતીક્ષામાં આંખો બંધ કરી દીધી એમણે.

વૈભવીએ દરવાજો ખોલ્યો.

સૂર્યકાંત મહેતાને એ ન ઓળખે એવું તો શક્ય જ નહોતું. આ ઘરના ડ્રોઇંગરૂમમાં બે બાય ત્રણની મસમોટી તસવીર બનીને લટકતો હતો આ માણસ છેલ્લાં કેટલાંય વરસોથી. આંખ બંધ કરીને ઊભેલા સૂર્યકાંત મહેતાને જોયા એણે.

પછી તદ્દન અજાણ્યા થઈને પૂછ્યું, "યસ..."

એ "યસ..."ના રણકા સાથે સૂર્યકાંત મહેતાએ આંખો ઉઘાડી. સામે ઊભેલી વૈભવીને જોઈ.

લજ્જાની શૉર્ટ્સ અને સ્પગેટી ટી-શર્ટ પહેરીને હાથમાં વાઇનના ગ્લાસ સાથે ઊભેલી વૈભવીને એ એક ક્ષણ

જોઈ રહ્યા.

અંજલિ નહોતી આ... "ન જ હોઈ શકે!" સૂર્યકાંતના મનમાં વિચાર આવ્યો.

"શું પૂછવું? વસુંધરા મહેતા? અભય મહેતા... કે પોતાની ઓળખાણ આપવી?" ગડમથલમાં ઊભેલા સૂર્યકાંત મહેતાને વાળ ઉછાળીને પાછળ નાખતાં વૈભવીએ ફરી પૂછ્યું. "યેસ... હુમ ડુ યુ વૉન્ટ પ્લીઝ!"

"વસુંધરા મહેતા!"

"ઓહ, એ તો ઘેર નથી." વૈભવીએ કહ્યું.

"ઘરે નથી?" સૂર્યકાંતના અવાજમાં આશ્ચર્ય ઊતરી આવ્યું. વૈભવી જાણી જોઈને દરવાજાની બારસાખની વચ્ચે ઊભી હતી. એ સહેજ ખસે તો ડ્રોઇંગરૂમમાં લટકતો ફોટો સૂર્યકાંતને દેખાય એમ હતો.

"ઘરે નથી? તો..." સૂર્યકાંતને આગળ શું બોલવું તે સૂઝ્યું નહીં.

"બહારગામ ગયાં છે." વૈભવીએ કહ્યું. પછી એક એક અક્ષર ચાવીને કહ્યું, "હ..રિ..દ્વા..ર.."

"હરિદ્વાર? કેમ?" સૂર્યકાંતને લાગ્યું કે અજાણ્યા માણસ તરીકે એ વધુ પડતી પૂછપરછ કરી રહ્યો છે, પણ એનું મન આ ઘરના દરવાજે આવ્યા પછી વશમાં નહોતું...

"અ..." વૈભવીએ ચેસની બાજી ગોઠવવા માંડી, "મારા સસરાનું શ્રાદ્ધ કરવા."

"તમારા સસરા એટલે?" સામે ઊભેલો માણસ જાણી જોઈને હારે એવી જ ચાલ ચાલી રહ્યો હતો. વૈભવીના ચહેરા પર સ્મિત આવી ગયું, પણ એણે તરત સમેટીને કહ્યું, "મારા સસરા એટલે... સૂર્યકાંત મહેતા..."

"એ ગુજરી ગયા એવું કોણે કહ્યું?"

હવે ચેકમેટનો સમય આવી ગયો હતો.

"અમારા સૌ માટે તો પચીસ વરસ પહેલાં જ ગુજરી ગયા હતા. બિચારાં માએ હવે સ્વીકારી લીધું... અને એમનું જ શ્રાદ્ધ કરવા ગયાં છે. શું કરે, ભાગેડુ માણસની કોઈ ક્યાં સુધી રાહ જુએ?" વૈભવીએ કહ્યું અને પછી સાવ ભોળા અજાણ્યા અવાજમાં ઉમેર્યું, "તમારે કંઈ કામ હતું માનું?"

"હં..." આખેઆખી બાજી હારી ગયેલો માણસ અન્યમનસ્ક જેવો ઊભી હતો.

"તમારે કંઈ કામ હતું માનું?" વૈભવીએ ફરી પૂછ્યું.

"ના... ના... હું ફરી આવી જઈશ."

"તમારું નામ તો કહેતા જાવ..." વૈભવીએ છેલ્લો ફટકો માર્યો.

"હું... હું આવીશ પાછો..." સૂર્યકાંત મહેતાએ કહ્યું અને પછી વધુ સવાલ-જવાબ ન કરવા પડે એટલે બને એટલી ઝડપથી ઊંધા ફરીને ચાલવા માંડ્યું.

પાછળ બંધ થતો ઘરના દરવાજાનો અવાજ એમને સંભળાયો અને છાતીમાં જાણે એક તિરાડ પડી ગઈ...

* * *

10

સૂર્યકાંત જ્યારે 'શ્રીજી વિલા'ની બહાર નીકળ્યા ત્યારે એમના આખા શરીરે પરસેવો વળતો હતો. પગ પાણી પાણી થતા હતા, આંખે અંધારાં આવતાં હતાં અને હવે કઈ દિશામાં જવાનું છે એની જાણે સૂઝ જ પડતી નહોતી. બહાર આવીને એ થોડી વાર રસ્તા પર એમ જ ઊભા રહ્યા. નમતી બપોરનો ટ્રાફિક પ્રમાણમાં હળવો થઈ ગયો હતો. સૂર્યકાંતને કંઈ સૂઝ્યું નહીં એટલે પસાર થતી ટૅક્સીને હાથ કરી ઊભી રાખી. બારણું ખોલીને પાછળ બેસી ગયા...

"કિધર જાના હૈ?" ટૅક્સીવાળાએ પૂછ્યું.

"ક્યા?" સૂર્યકાંતને વિચાર આવ્યો. "ક્યાં જવાનું છે મારે? જ્યાં જવા માટે આવ્યો હતો..." પછી પ્રયત્નપૂર્વક યાદ કરીને ટૅક્સીવાળાને કહ્યું, "તાજ!"

આખે રસ્તે સૂર્યકાંતના મનમાં વૈભવીએ કહેલાં વાક્યો પડઘાતા રહ્યાં- "મારા સસરાનું શ્રાદ્ધ કરવા..."

"અમારા સૌ માટે તો પચીસ વરસ પહેલાં જ ગુજરી ગયા હતા, બિચારાં માએ હવે સ્વીકારી લીધું અને એમનું જ શ્રાદ્ધ કરવા ગયાં છે."

"ભાગેડુ માણસની કોઈ ક્યાં સુધી રાહ જુએ?"

સૂર્યકાંતનું મન વિચલિત થઈ ગયું હતું. એમને વિચાર આવ્યો કે પાછો ન જ ફર્યો હોત તો સારું થાત. અહીં સુધી આવીને શું મેળવ્યું મેં? જાકારો? જે લોકો મને મરેલો માની લેવા તૈયાર થઈ ગયાં છે એ લોકો માટે હું અહીં સુધી દોડી આવ્યો? એમનું મન તરફડી રહ્યું હતું.

અપમાન હતું આ? જે એમને પીડા આપતું હતું... અહીં સુધી આવ્યા પછી જે રીતે એમને શ્રાદ્ધની માહિતી મળી એ પછી એમને લાગતું હતું કે એમનું અપમાન કરવા જ બોલાવ્યા હતા એમને...

"જો આ જ કરવું હતું તો મને બોલાવ્યો શું કામ વસુએ? હું તો આમેય મરેલો જ હતો. ચૂપચાપ મારું શ્રાદ્ધ કરી નાખત તો શું ફેર પડત?"

આવા ને આવા વિચારોમાં ટૅક્સી ક્યારે તાજની સામે આવીને ઊભી રહી એની સૂર્યકાંતને ખબર જ ના પડી. વિલે પાર્લે જતાં જે બે કલાક એમને બે વરસ જેવા લાગ્યા હતા એ જ બે કલાક પાછા ફરતાં ક્યાં પૂરા થઈ ગયા એની ખબર જ ના પડી...

ગાડીમાંથી નીચે ઊતર્યા. "પાનસો સોલાહ..." ડ્રાઇવરે કહ્યું સૂર્યકાંતે ખિસ્સામાંથી હજાર રૂપિયાની નોટ કાઢીને એના હાથમાં મૂકી અને અન્યમનસ્કની જેમ ચાલવા લાગ્યો.

"સાબ.. સાબ..." ડ્રાઇવરે બૂમ પાડી. ત્યાં સુધીમાં તો સૂર્યકાંત કાચનો દરવાજો ખોલીને લૉબીમાં પ્રવેશી મૂક્યા હતા. ડ્રાઇવરે હજારની નોટ બક્ષિસ સમજીને માથે અડાડી અને પછી ટૅક્સી ફેરવીને કાઢી લીધી.

તાજની શોપિંગ આર્કેડમાં આંટા મારતી લક્ષ્મીની નજર 'નાલંદા' પર પડી. "નમસ્કાર" અને બીજાં કેટલાંય મૅગેઝિન્સમાં એણે તાજની શોપિંગ આર્કેડમાં આવેલી પુસ્તકોની આ દુકાન વિશે વાંચ્યું હતું. એ અમસ્તી જ

અંદર ઘૂસી ગઈ. મોટીમસ દુકાન, ઢગલાબંધ પુસ્તકો. લક્ષ્મીને તો જાણે ભગવાન મળી ગયા. “ડેડી ક્યારે આવશે કોને ખબર, એના કરતાં થોડી બુક્સ લઈ લઉં” વિચારીને લક્ષ્મીએ પુસ્તકો ફેંદવા માંડ્યાં. એની નજર પોલો કોહેલાની ‘ઝાહેર’ પર પડી. ન્યુ અરાઈવલના આખા રેકમાં એક જ કૉપી હતી. લક્ષ્મી એ ઉપાડવા જાય એ પહેલાં એક બીજો હાથ લંબાયો અને ચોપડી ઊપડી ગઈ. લક્ષ્મીએ જોયું, એક જીન્સ અને વ્હાઇટ શર્ટ પહેરેલો છોકરો ઊંધો ફરીને ચોપડીનાં પાનાં ઉથલાવી રહ્યો હતો. એના વ્હાઇટ લિનના શર્ટની બાંય કોણી સુધી વાળેલી હતી. જીન્સ ઉપર ‘પેપે’નો ટેગ એવું સમજાવતો હતો કે એ કોઈ પૈસાવાળા, સારા કુટુંબનો છોકરો છે. પુસ્તક હાથમાં આવતાં જ એ એમાં તલ્લીન થઈ ગયો. લક્ષ્મીને એનો ચહેરો નહોતો દેખાતો, પણ એની પીઠ દેખાતી હતી. લગભગ છ ફૂટ જેટલી હાઈટ, પહોળા ખભા, સફાઈથી કાપેલા નાના વાળ...

લક્ષ્મી હિંમત કરીને એની પાસે ગઈ.

“એક્સક્યુઝ મી...” લક્ષ્મીએ કહ્યું. એ છોકરો વાંચવામાં તલ્લીન હતી. એને લક્ષ્મીની વાત સંભળાઈ જ નહોતી કદાચ.

“એક્સક્યુઝ મી પ્લીઝ...” લક્ષ્મીએ ફરી કહ્યું. કોઈ પ્રતિભાવ નહીં.

લક્ષ્મીએ એના ખભા પર હાથ મૂક્યો, “એક્સક્યુઝ મી...” અને પેલો અચાનક ફર્યો. “યેસ...” એણે કહ્યું.

છોકરીનો અવાજ સાંભળીને એણે જ્યાં નજર નોંધી, એનાથી લક્ષ્મી ઘણી ઊંચી હતી. અચાનક ખભે હાથ મુકાવાને કારણે હોય કે ઝડપથી ફરવાના કારણે હોય, પણ એ લક્ષ્મીની એકદમ નજીક આવી ગયો હતો. એણે લક્ષ્મી સામે જોયું. લગભગ એના નાક સુધી લક્ષ્મીનું માથું આવતું હતું. સોનેરી વાળ, રાખોડી આંખો... એક અમેરિકન છોકરી એને “એક્સક્યુઝ મી” કહી રહી હતી.

“યેસ...” એણે ફરી કહ્યું - બે ડગલાં પાછળ જઈને.

“આ બુક તમે ખરીદવાના છો?”

“કેમ?”

“કારણ કે મને જોઈએ છે.”

સામેવાળાના ચહેરા પર મગજમાં ઝબકેલા એક તોફાની વિચારનું સ્મિત હોઠના એક ખૂણેથી બીજા ખૂણે ફેલાઈ ગયું.

“એટલે હું ખરીદું તો તમારે જોઈએ છે એમ?” એણે કહ્યું.

“નૉ... નૉ...” લક્ષ્મી ઝંખવાઈ, “આ તો મારે જોઈએ છે, એટલે મને થયું જો તમે ન ખરીદવાના હો તો...”

“કેમ? પબ્લિશરે એક જ કૉપી છાપી છે?”

“ના, પણ આ છેલ્લી કૉપી છે.”

“ઓહ! તો તો મારે ખરીદવી જ છે. મારે આજે જ વાંચવાની છે.”

"મારે પણ..."

"આઈ એમ સૉરી..." પેલા છોકરાએ કહ્યું અને આગળ વધી ગયો. લક્ષ્મી નિરાશ જેવી થોડી વાર ત્યાં ઊભી રહી. પછી બીજા રેક્સ તરફ આગળ વધી અને ઇન્ડિયન રસોઈની, ફેશનની ચોપડીઓ ફેંદવા માંડી... એણે પોતાના સંતોષ ખાતર દુકાનમાં અટેન્ડ કરતી છોકરીને પૂછી જોયું, "ઝાહેરની બીજી કૉપી..."

"સોરી મેમ, પરમ દિવસે આવશે." પેલી છોકરીએ ખૂબ વિનયપૂર્વક કહ્યું આમતેમ પુસ્તકો ફેંદીને એક-બે બિનજરૂરી પુસ્તકો હાથમાં લઈને એ બિલ કાઉન્ટર તરફ ગઈ. એણે પુસ્તકો ટેબલ પર મૂક્યાં. બિલ બનાવવાવાળી બાઈએ એની સામે જોઈને સ્મિત કર્યું, "ધેટ્સ ઓલ?" એણે પૂછ્યું.

"યાહ..." લક્ષ્મીએ કહ્યું અને પછી નિરાશ અવાજે ઉમેર્યું, "મને ઝાહેર જોઈતી હતી, બટ..."

પેલી છોકરીએ ધ્યાનથી એની સામે જોયું અને પછી ઝડપથી અપરાધભાવે ઉમેર્યું, "આઈ એમ સૉરી મેમ, આઈ એમ ટેરીબલી સૉરી..."

"કેમ?"

"એક જેન્ટલમેન તમારા માટે ઝાહેરની આ કૉપી મૂકી ગયા છે..." ગિફ્ટ પેક કરેલી ચોપડી લક્ષ્મીના વિસ્મય વચ્ચે સ્થિત કરતી કાઉન્ટર પર પડી હતી.

"થેન્ક ગૉડ... કેટલા પૈસા આપવાના છે?" લક્ષ્મીએ પૂછ્યું.

"પૈસા તો એમણે આપી દીધા." પેલી છોકરીએ કહ્યું.

"આર યુ શ્યોર?" લક્ષ્મીએ પૂછ્યું.

"વેરી મચ" એણે કહ્યું અને પછી લક્ષ્મીનાં બીજાં પુસ્તકો સાથે પેલી ચોપડી પણ એણે પેક કરી દીધી. પુસ્તકો લઈને લક્ષ્મી જ્યારે બહાર નીકળી ત્યારે એના મનમાં અજબ પ્રકારનો આનંદ અને આશ્ચર્ય હતાં. "ફની મેન..." એણે મનોમન કહ્યું અને લૉબીમાંની લિફ્ટમાં દાખલ થઈ. રૂમમાં આવીને પહેલું કામ એણે ચોપડી બહાર કાઢવાનું કર્યું. ચોપડી ખોલી પહેલા જ પાના ઉપર અંગ્રેજીમાં લખેલું હતું, "અમારા દેશમાં મહેમાનોને ના પાડવાનો રિવાજ નથી." લક્ષ્મી હસી પડી. પછી પાનાં ઉથલાવવા માંડી. એને એમ હતું કે આમાં ક્યાંક, કોઈક ફોન નંબર, કોઈક વિગત તો છોડી હશે પેલા માણસે...

પણ...

એણે પુસ્તક વાંચવા માંડ્યું...

કેટલા કલાક ગયા હશે કોને ખબર, પણ અચાનક એને વાંચવામાં અંધારું પડવા માંડ્યું. એણે આમતેમ જોયું, બહાર કાળુંડિબાંગ આકાશ ઘેરાઈ ગયું હતું. જુલાઈ મહિનાનો વરસાદ જાણે તૂટી પડવા માટે બેતાબ હતો. માંડ સાડા પાંચ થયા હશે, પણ એવું લાગતું હતું કે સાડા સાત - આઠ વાગ્યા હોય. એણે સૂતાં સૂતાં જ નજર નાખી - સવારના ગેટવે ઑફ ઇન્ડિયાનું દૃશ્ય સાવ બદલાઈ ગયું હતું. સવારનો તડકો, દરિયાનું સોનલ પાણી અને બે-ચાર ફેરિયાઓ સિવાય કંઈ જ નહોતું, અને અત્યારે જાણે મેળો લાગ્યો હતો ત્યાં. સામે પાલવાથી ઊપડતી ફેરીઝ અને લોકોની ભીડ... ચણાજોર ગરમવાળા, કેળાં, કુલ્ફી, બુઢ્ઢી કા બાલ વેચનારાઓના

ખૂમચા... ફોટા પાડનારા ફોટોગ્રાફરો અને પાળી પર એકબીજાને અઢેલીને બેઠેલાં યુગલો...

લક્ષ્મી માટે આવું દૃશ્ય વીસ વરસમાં પહેલી વાર ઉદ્ભવ્યું હતું. આટલો કાળો દરિયો એણે પહેલાં ક્યારેય નહોતો જોયો અને એની ઉપર ઝૂકેલા કાળા આકાશ સાથે જાણો એકાકાર થઈ જવા મથતો હોય એમ મોટાં મોટાં મોજાં ઉછાળીને દરિયો આકાશને અડવાનો પ્રયત્ન કરતો હતો.

લક્ષ્મીને અચાનક જ આવેલી આ કલ્પના ખૂબ રોમૅન્ટિક લાગી. આવી રીતે અજાણ્યા શહેરમાં, અજાણી જગ્યાએ, એક અજાણ્યો માણસ એને પુસ્તક ભેટ કરી જશે એવું તો સ્વપ્નેય નહોતું વિચાર્યું એણે. પહેલી વાર આવી હતી આ શહેરમાં. છતાંય આ ભીડ સાથે, આ દરિયા સાથે, આ શહેર અને એના ટ્રાફિક સાથે એ જાણે પ્રેમમાં પડી ગઈ હતી. કશુંક એવું હતું, આ શહેરમાં જેણે એને પગ મૂકતાંની સાથે બાંધી લીધી હતી. એ આજે મુંબઈમાં પહેલી વાર આવી હતી અને છતાં મુંબઈને જાણે વરસોથી ઓળખતી હોય એમ સાવ પોતાનું. સાવ અંગત લાગવા માંડ્યું હતું એને આ શહેર...

પુસ્તકમાં એકદમ ગૂંથાઈ ગયેલી લક્ષ્મીને ખબર પણ ના પડી કે સૂર્યકાંત ક્યારનાય ઓરડામાં આવીને સોફામાં ગોઠવાઈ ગયા હતા... લક્ષ્મીએ એમને જોયા અને ચોંકીને ઊભી થાઈ, "અરે ડેડી, તમે ક્યારે આવ્યા?"

"થોડી વાર થઈ." સૂર્યકાંતે કહ્યું.

"મારું ધ્યાન જ નહોતું" લક્ષ્મીએ કહ્યું.

"હા, તું વાંચતી હતી."

"ડેડી પોલો કોહેલોનું નવું પુસ્તક છે - ઝાહેર... મારે ત્યાં જ ખરીદવું હતું, પણ ટાઇમ ના રહ્યો. જુઓ..."

સૂર્યકાંતે પુસ્તક હાથમાં તો લીધું પણ જોયું નહીં...

આ લક્ષ્મીના ધ્યાન બહાર ના રહ્યું. જે પિતા પાસેથી પુસ્તકપ્રેમ પોતાને વારસામાં મળ્યો હતો એ પિતા એમના પ્રિય લેખકનું પુસ્તક ખોલીને જુએ પણ નહીં?

"ડેડી આર યુ ઓ.કે.?" એમના ખભે હાથ મૂકીને લક્ષ્મીએ પૂછ્યું.

સૂર્યકાંતે ફક્ત ડોકું ફેરવીને બાજુમાં બેઠેલી લક્ષ્મી સામે જોયું. એમની આંખો ખાલી હતી. ભય લાગે એટલી ખાલી. આંસુ જાણો સુકાઈ ગયાં હોય અને ઊઠેલી આંધીમાં રેતીનું તોફાન આવ્યું હોય એવી આંખો હતી એમની...

"ડેડી..." લક્ષ્મીએ કહ્યું. એ ડરી ગઈ હતી. "શું થયું ડેડી? એ લોકો ના મળ્યા? ઘર બદલી નાખ્યું છે?"

"ના... ઘર તો એ જ છે..."

"તો? એ લોકોએ તમારી સાથે સરખી રીતે વાત ના કરી? તમારાં વાઇફ..."

"હરિદ્વાર ગઈ છે. વસુ - વસુંધરા હરિદ્વાર ગઈ છે."

"ઓહ! આવી જશે, આપણે તો રોકાવાનાં છીએ ને?"

થોડી વાર એવી જ ખાલી રેતાળ આંખોથી લક્ષ્મી સામે જોઈ રહ્યા પછી સૂર્યકાંતે જાણે પોતાની જાત સાથે વાત કરતા હોય એટલા ધીમા અવાજે કહ્યું "મારું શ્રાદ્ધ કરવા હરિદ્વાર ગઈ છે."

"વ્હૉટ?" લક્ષ્મીએ પૂછ્યું.

"આપણે રોકાવું છે કે ચાલી જવું છે?" સૂર્યકાંતની આંખોમાં એક પુરુષનો ચૂરચૂર થઈ ગયેલો અહમ્ દેખાતો હતો.

"ડેડી..." લક્ષ્મીએ અવાજ બને એટલો સંયત કરવાનો પ્રયાસ કર્યો, પછી પોતાનો એક હાથ સૂર્યકાંતના બાવડે લપેટી લીધો. બીજા હાથે એનું કાંડું પકડીને માથું એના ખભે મૂકી દીધું.

"ડેડી... એ લોકો પાછાં આવે ત્યાં સુધી રાહ તો જોઈએ. કદાચ કોઈ ગેરસમજ હોય તો દૂર થઈ જશે. આટલાં વર્ષે અહીં સુધી આવ્યા છો તો હવે..."

"બેટા, એ શ્રાદ્ધ કરવા ગઈ એનું દુઃખ નથી મને. અધિકાર છે એને, પણ આટલાં વરસ સુધી રાહ જોયા પછી મને સાદ શું કામ પાડ્યો? અને જો સાદ પાડ્યો તો પડઘો પડે છે કે જવાબ મળે છે એની રાહ તો જોવી જોઈએ ને?"

"ડેડી, પચીસ વરસ રાહ જોઈ છે એમણે."

ઝૂંઝલાઈ ઊઠ્યા સૂર્યકાંત, "એની કોણ ના પાડે છે? પણ તો પછી ચૂપચાપ શ્રાદ્ધ કરી આવવું જોઈતું હતું. મને બોલાવવા માટે આ નાટક કરવાની જરૂર નહોતી."

ઊંડો શ્વાસ લીધો લક્ષ્મીએ, "આ નાટક છે એવું કોણે કહ્યું તમને? કદાચ એ હારી ગયાં હોય, થાકી ગયાં હોય, હવે તમે નહીં જ આવો એવી ખાતરી થઈ ગઈ હોય તો કોઈ શું કરે?"

"જેને જોઈ નથી, જાણતી નથી એનો પક્ષ લે છે? એણે આ બધું ઊભું જ એટલે કર્યું હશે કે મને પાઠ ભણાવી શકે." સૂર્યકાંત 25 વરસ જૂના ભૂતકાળમાંથી અચાનક જાગી ગયો હતો. પોતાના કરતાં વધુ રૂપાળી, વધુ ભણેલી, વધુ સહનશીલ અને વધુ સમજદાર પત્નીના પતિ હોવાની પીડા આટલાં વરસે પણ જાણે એને ફરી ડંખી ગઈ. એમનું મન તૂરું થઈ ગયું. એમણે ઉમેર્યું, "તું બે-ત્રણ દિવસ ફરી લે, શોપિંગ કરી લે, પછી આપણે પાછાં જતાં રહીશું. તું નથી ઓળખતી વસુંધરાને..."

"એટલે જ ઓળખવા માગું છું." લક્ષ્મીએ કહ્યું, "મને તમે જ શિખવાડ્યું છે ડેડી, કે કોઈ પણ વાતનો નિર્ણય કરતાં પહેલાં પોતાને અને બીજાને સમય આપવો."

"હા, તો? એણે આપ્યો મને સમય?"

"ડેડી એવું ન બને કે એમની પાસે જ સમય ન હોય?"

સૂર્યકાંત ચોંક્યા. શું કહેતી હતી આ છોકરી? વસુ પાસે સમય ન હોય? એટલે વસુ... એટલે વસુ... અને પોતાના જીવતા શ્રાદ્ધ કરવા માગતી હોય...

"ઓહ માય ગૉડ! ઓહ માય ગૉડ! આ વિચાર મને કેમ ના આવ્યો? લક્ષ્મી સાચી જ હશે નહીં તો પચીસ વર્ષે મને યાદ શું કામ કરે? શું કામ શોધે મને? અને એણે તો જાહેરાતમાં સ્પષ્ટ લખ્યું જ હતું કે આ જાહેરાત છપાયાના અડતાલીસ કલાક દરમિયાન જો તમે મને સંપર્ક નહીં કરો તો હું માનીશ કે આપણી વચ્ચેનો પુલ તૂટી ગયો છે... ને અડતાળીસ કલાક તો પૂરા થઈ ગયા! હવે?"

સૂર્યકાંતને વિચારમાં પડી ગયેલો જોઈને લક્ષ્મીએ આગળ કહ્યું, "ડેડી, અહીં સુધી આવ્યા છો તો એક વાર, એક વાર મળી લો એમને... જે કામ માટે આવ્યા છો એ પૂરું કરો. એક સંબંધ જે આટલાં વર્ષથી અધૂરો હતો, પૂરો કરી દો એને. જોડીને અથવા તોડીને... હું મારા ડેડીને અધૂરા પાછા જતા જોવા નથી માગતી... ક્યારેય નહીં..."

સૂર્યકાંતે લક્ષ્મીની સામે જોયું. "આટલી મોટી થઈ ગઈ હતી આ છોકરી? મને ખબરેય ના પડી?" લક્ષ્મીના માથે હાથ ફેરવ્યો એમણે. "મને લાગે છે તારી વાત સાચી છે બેટા. વસુ પાછી આવે ત્યાં સુધી તો હું રાહ જોઈશ જ." પછી અવાજમાં મક્કમતા ઊભરાઈને છલકાઈ જાય એવા અવાજે કહ્યું, "અહીં સુધી આવ્યો છું તો મળીને તો જઈશ જ..."

એમનું બાવડું અને કાંડું પકડીને ખભે માથું મૂકીને સૂતેલી લક્ષ્મીએ બાવડા પરની પકડ સહેજ વધુ ટાઇટ કરી અને માથું ઊંચકીને બાપના ગાલે ચૂમી ભરી લીધી. "ધેટ્સ લાઇક માય ડેડ..."

*

અંજલિ બાથરૂમમાં જોર-જોરથી ઊલટી કરી રહી હતી. રાજેશ એની પીઠ ઉપર હાથ ફેરવી રહ્યો હતો.

"ઇઝી બેબી, ઇઝી બેબી... ડૉક્ટરને ફોન કરું?" રાજેશે પૂછ્યું. અંજલિને કંઈ પણ થાય તો રાજેશ એટલો વિચલિત થઈ જતો કે જો એનું ચાલે તો બાળક પોતાના પેટમાં મુકાવી દે. લગ્નનાં ત્રણ વરસે અંજલિ પ્રેગનન્ટ હતી. અને રાજેશ માટે આખી સદીમાં એનાથી મોટી કોઈ ઘટના બની જ નહોતી!

રાજેશ અંજલિને ખૂબ ચાહતો... ચાહતો? એવું કહેવું જોઈએ કે, એને માટે અંજલિ 'કોહીનૂર'થી ઓછી નહોતી! અંજલિ જેવી પત્ની પોતાને ક્યારેય મળશે, એવી રાજેશને સપનામાંય આશા નહોતી...

અને અંજલિને પણ સ્વપ્નેય એવી કલ્પના નહોતી કે રાજેશ જેવા માણસને એ પરણી જશે!

ડી-બેર્સ જેવી એક હજાર કરોડની કંપની સાથે જોડાયેલો રાજેશ કરોડોમાં રમતો હતો. માતાપિતાનું એક માત્ર સંતાન રાજેશ કરોડોનો એક માત્ર વારસદાર હતો. નિરવના પિતા વિષ્ણુપ્રસાદ ચોકસીની સાથે ધંધો કરતા રાજેશના પિતા મહેન્દ્ર ઝવેરીને ત્યાં એક પાર્ટીમાં રાજેશે અલયની સાથે અંજલિને જોઈ હતી. અને પછી તો જાણો પાછળ જ પડી ગયો હતો. અંજલિને, અને માત્ર અંજલિને જ પરણવાના સોગંદ ખાધા હતા એણે!

વારંવાર માગાં લઈને એમના ઘરે આવતા મહેન્દ્ર ઝવેરી અને એનાં પત્નીથી કંટાળીને વસુમાએ એક દિવસ અંજલિને સ્પષ્ટ પૂછ્યું હતું, "છેલ્લી વાર જવાબ આપી દે. શું કહું એમને?"

"ના. ચોખ્ખી ના... ગળામાં ચેઇન, હાથમાં ત્રણ વીંટીઓ અને લાલ રંગનું શર્ટ પહેરે છે એ. કેમ પરણાય એને?" અંજલિએ છનછનાટ કર્યો હતો.

અંજલિ એ વખતે સંગીતમાં વિશારદ કરતી હતી. પંડિત પ્રયાગરાજની પ્રિય શિષ્યા હતી. પંડિતજી હંમેશાં કહેતા, “યે લડકી મેરા નામ રોશન કરેગી.” અને અંજલિને પણ સંગીતમાં કારકિર્દી બનાવવી હતી. સ્ટેજ ઉપરથી પોતે ગાતી હોય અને કરોડોની મેદની એના અવાજના તાલે ડોલતી હોય એવું સપનું ઊંઘતાં અને જાગતાં એ જોયા જ કરતી હતી.

એ સમયે આવી પડેલું રાજેશ ઝવેરી નામના હીરાના વેપારીનું માગું અંજલિ માટે જરાય મહત્ત્વનું નહોતું. સેલની જાહેરાતના છાપાની અંદર આવેલા પેમ્ફલેટથી વધારે અંજલિને એમાં કશું દેખાતું નહોતું. એ રાજેશને જોતાં જ હસવા માંડતી. એનું ખોટું અંગ્રેજી, એની મર્સીડીઝ, અંજલિ માટે લવાયેલી બાર લાખ રૂપિયાની સોલિટેરની વીંટી... કશું જ અંજલિને આકર્ષી શકતું નહોતું. રોજ પ્રયાગરાજના ઘરેથી અંજલિ રિયાઝ કરીને સાત વાગે નીચે ઊતરે ત્યારે રાજેશ દોડીને એનો તાનપુરો ઊંચકી લેતો...

અંજલિ દરેક વખતે રાજેશની રીડિક્યુલ કરતી... એને પૂછવા માટે એવા સવાલો શોધી કાઢતી, જેના જવાબો એની પાસે નહીં હોય એવી અંજલિને ખાતરી હોય...

અને છતાં, રાજેશ સંનિષ્ઠતાથી સંપૂર્ણપણે અને સહૃદયતાથી અંજલિને ચાહતો. રાજેશ પાસે અંજલિની બુદ્ધિ, એના સૌંદર્ય કે એના સંગીત સાથે તાલ મિલાવી શકે એવું કશું જ નહોતું... અને છતાં, એક વસ્તુ હતી - જેની કિંમત અંજલિને અત્યારે સમજાતી નહોતી અથવા હજી સમજાઈ નહોતી!

ઊલટી કરીને નિઢાલ થઈ ગયેલી અંજલિને હાથનો ટેકો આપી બાહુપાશમાં લપેટીને બહાર લઈ આવતાં રાજેશે પૂછ્યું, “મા ક્યારે પાછાં આવવાનાં છે? તારે થોડા દિવસ ત્યાં રહેવા જવું છે?”

અને અંજલિને રડવું આવી ગયું...

“માએ પણ અત્યારે જ જવાનું નક્કી કર્યું! કોઈને મારી ચિંતા નથી!” અંજલિએ રડતાં-રડતાં કહ્યું. “બાપ એવી ઉંમરે છોડીને ભાગી ગયો જ્યારે મને એની સૌથી વધારે જરૂર હતી. ફરીને ખબર પણ નથી લીધી મારી. ભાઈઓ પોતપોતાની દુનિયામાં બિઝી છે અને મા, લાડ કરવામાં સમજી જ નથી! બસ, ડિસિપ્લિન, નિયમો, કાયદા અને સિદ્ધાંતો...” એ રડી રહી હતી. રાજેશ શું કરવું એ ન સમજાતાં એની સામે જોઈ રહ્યો હતો...

અંજલિને અચાનક બાળપણના કેટલાય પ્રસંગો સાંભરી આવ્યા. જ્યારે દાદાજી અને પિતા બંને અંજલિને ધાર્યું કરવા દેતા. ઘરમાં એકની એક દીકરી હોવાને કારણે તો દાદાજીને લાડકી હતી જ, પરંતુ કોણ જાણે કેમ દેવશંકર મહેતાને એવો વહેમ ઘૂસી ગયો હતો કે અંજલિને રૂપે એમનાં મા પાછાં ફર્યાં હતાં! દેવશંકર મહેતા અંજલિને ‘મા’ કહીને બોલાવતા. આમ તો ઘરમાં કૃષ્ણની, શ્રીનાથજીની પૂજા થતી. પરંતુ અંજલિને આવ્યા પછી ઘરમાં નવરાત્રિ ઊજવાતી થઈ હતી. દેવીપૂજાનું મહત્ત્વ વધ્યું હતું. વળી, દેવશંકર મહેતા અને ગોદાવરી - બંનેનું માનવું હતું કે અંજલિના આવ્યા પછી ઘરમાં સમૃદ્ધિ અને શાંતિ પણ વધ્યાં હતાં...

અને, સૂર્યકાન્તને તો એની દીકરી કોઈ પરીથી ઓછી નહોતી લાગતી! છાશવારે નવાં કપડાં, નવી ઢીંગલીઓ, ઘર-ઘર રમવાનાં નવાં-નવાં વાસણોની સાથે સાથે સૂર્યકાન્ત દીકરીના મોઢામાંથી નીકળે એ ઇચ્છા પૂરી કરતો.

વસુંધરા એને વારંવાર ટોકતી, “તમે બગાડો છો એને.”

“ખબર છે.” સૂર્યકાન્ત કહેતો.

“પરણીને પારકે ઘેર જવાનું છે, એ ભૂલી ના જતા.”

“પળે પળે એ જ યાદ આવે છે. એટલે જ આ ઘરમાં એની બધી ઇચ્છા પૂરી કરી લઉં છું. સાસરે જઈને મારી દીકરીનો કોઈ અભરખો અધૂરો ના રહેવો જોઈએ.”

“ને પછી એવો વર નહીં મળે તો?”

“એને માટે તો રાજાઓના ઘેરથી માંગાં આવશે. મહારાણી થવા જન્મી છે મારી દીકરી. યાદ નથી? ગોરબાપાએ એની કુંડળી જોઈને શું કહ્યું હતું?”

“મને કુંડળીઓમાં વિશ્વાસ નથી... આપણો એને સંસ્કાર જ એવા આપીએ કે જે ઘેર જાય ત્યાં મહારાણીની જેમ માન પામે.” વસુંધરા કહેતી.

“અરે, દોમદોમ સાહેબીમાં જીવવાની છે આ છોકરી... લાખો-કરોડોના દાગીના પહેરશે. ને પતિ, પડ્યો બોલ ઝીલશે. કહ્યું’તું ને ગોરબાપાએ?” સૂર્યકાન્ત હસીને કહેતો અને વસુંધરા જોઈ રહેતી આ માણસના નસીબ પરના આંધળા વિશ્વાસને...

ટેબલ પર બેસીને રડતી અંજલિને પિતાનું વ્હાલ યાદ આવી ગયું. પિતાના ગયા પછી ક્યારેય લાડ નહોતી પામી અંજલિ. બલ્કે નોકરી કરતી માને રસોડામાં અને ઘરકામમાં મદદ કરાવવી પડતી. ક્યારેક આનાકાની કરતી ત્યારે વસુંધરા કહેતી, “તું નહીં સમજે તો કોણ સમજશે, બેટા? તું દીકરી છે મારી. મારા શરીરનો નહીં, મારા મનનો પણ ભાગ છે તું...” અને અંજલિ પીગળી જતી.

અત્યારે પણ એ પીગળીને રડી રહી હતી. એને કોઈ પણ ભોગ મા અને ભાઈઓની સાથે જવું હતું-હરિદ્વાર.

જો કે, ‘ના’ માત્ર વસુમાએ પાડી હતી.

રાજેશ તો ‘ના!’ પાડે એવો હતો જ નહીં. આમ જોવા જાવ તો ગોરબાપાએ કહેલું સાચું જ પડ્યું હતું ને?

...એ જ વખતે અંજલિના મોબાઇલની રિંગ વાગી. રડતાં રડતાં અંજલિએ શ્વાસ ઘૂંટીને ફોન ઉપાડ્યો.

“હલ્લો...”

“હલ્લો..” સામેથી પહાડની ગુફાઓમાંથી આવતો હોય એવો ઘેરો-ઘૂંટાયેલો એક અવાજ આવ્યો. આ અવાજને ભારતના જ નહીં, વિશ્વના તમામ સંગીતપ્રેમીઓ જાણતા હતા... માનતા હતા! “હલ્લો... અંજલિ?” એ અવાજે ફરી કહ્યું.

“તું... તમે?” અંજલિએ કહ્યું અને પછી સ્તબ્ધ થઈ ગઈ. જાણે મૂર્તિ હોય એમ... કોઈ ચિત્રમાં ચીતરી હોય એમ અંજલિ સ્થિર થઈ ગઈ હતી...

“કોણ છે?” રાજેશે પૂછ્યું.

“હં...” અંજલિ હાથમાં ફોન પકડીને ડઘાયેલી ઊભી હતી. “કોણ છે?” રાજેશે ફરી પૂછ્યું.

“હલ્લો..” અંજલિએ કહ્યું, “હલ્લો.. હલ્લો... હલ્લો...” જાણે સામેથી કશું સંભળાતું ન હોય એમ અંજલિ બૂમો

પાડતી રહી.

સામેથી જવાબ આવતો રહ્યો, "હલ્લો અંજલિ... અંજલિ, હું બોલું છું..."

પણ અંજલિએ ફોન કાપી નાખ્યો.

"કોણ હતું?" રાજેશે પૂછ્યું.

"કોને ખબર... કંઈ સંભળાયું નહીં." અંજલિએ કહ્યું અને પછી ફોન સ્વિચ ઑફ કરી નાખ્યો...

...ફોન તો સ્વિચ ઑફ કરી નાખ્યો એણે, પણ એનું સમગ્ર અસ્તિત્વ રાજેશ ક્યારે બહાર જાય અને ક્યારે એ પેલા આવેલા નંબર પર ફોન કરે એની રાહ જોતું તરફડતું રહ્યું.

*

નિરવ જ્યારે તાજની 'સી-લાઉન્જ' કૉફી શોપમાં દાખલ થયો ત્યારે એના ચહેરા ઉપર એક અજબ સ્મિત હતું... જાણે એની અંદર કશુંક એવું વરસ્યું હતું જે વાતે એને સરાબોર ભીંજવી નાખ્યો હતો. એને પોતાને પણ નહોતું સમજાતું કે એ શું હતું?

આમ તો નિરવ નાની-નાની વાતે ઇમોશનલ થાય એવો માણસ જ નહોતો. એની મમ્મી-રિયા અમેરિકામાં રહેતી. નિરવનાં માતા-પિતા લગભગ છેલ્લા બે દાયકાથી છૂટાં પડી ગયાં હતાં. નિરવ દસ વર્ષનો થયો ત્યાં સુધી કાયદાની રૂએ એની મા પાસે રહ્યો - ન્યૂ યોર્ક. પછી એના પિતા શ્રી વિષ્ણુપ્રસાદ ચોકસીએ એનો કાયદેસરનો કબજો લીધો ત્યારથી નિરવ અહીં મુંબઈમાં એના પિતા પાસે રહેતો હતો...

વિષ્ણુપ્રસાદ ચોકસી હીરાના વેપારી હતા. વિશ્વભરમાંથી કાચા હીરા લાવીને એને પહેલ પાડીને મોટી-મોટી બ્રાન્ડેડ કંપનીઝને સપ્લાય કરવાનો એમનો ધંધો હતો એમણે અઢાર વર્ષનો હતો ત્યારથી નિરવને ધંધામાં લગાડી દીધો હતો. વિષ્ણુપ્રસાદ ચોકસી માનતા કે લાગણીઓથી બેકાર અને ફાલતુ બીજી કોઈ વસ્તુ નથી... બજારમાં જેની કિંમત ના ઊપજે એવી કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે વિચાર શ્રી વિષ્ણુપ્રસાદ ચોકસી માટે 'બે પૈસાની ચીજ' હતી!

નિરવ કોઈ એક જમાનામાં પેઇન્ટર બનવા માગતો હતો. એને માટે કલાની દુનિયા શ્વાસ લેવાની જગ્યા હતી. વાંચવાનો ગજબનો શોખ હતો નિરવને...

આમ તો વિષ્ણુપ્રસાદ ચોકસીને એણે પોતાની ઑફિસ-અવર્સની મિનિટે-મિનિટનો હિસાબ આપવો પડતો. નિરવ લાઇબ્રેરીમાં, આર્ટ ગૅલેરીમાં કે મ્યુઝિક કોન્સર્ટમાં 'ટાઇમ બગાડે' એ ચોકસી સાહેબને પોષાય એમ નહોતું.

"મિનિટે-મિનિટની કિંમત ઊપજવી જોઈએ! ટાઇમ ઈઝ મની." ચોકસી સાહેબ નિરવને દિવસમાં વીસેક વાર તો આ વાક્ય કહેતા જ. એમનું 'સ્ટ્રોંગલી' માનવું હતું કે નિરવને એની માએ તદ્દન બગાડી મૂક્યો છે... આમ તો નિરવ અને એની માના સંબંધો વિશે ચોકસી સાહેબ જે માનતા કે કહેતા, એ બધું જ ખાસ્સું 'સ્ટ્રોંગલી' હતું. નિરવ માટે ચાલુ ઑફિસ દરમિયાન દસ-પંદર મિનિટ પણ બહાર નીકળવું ખરેખર અઘરું થઈ જતું.

"પેરોલ પર છૂટ્યો છે" અલય એને હંમેશાં પૂછતો.

ચોકસી સાહેબને નિરવ અને અલયના સંબંધ સામે પણ વાંધો હતો. ફિલ્મ મેકર બનવા માંગતા અલયને એ 'રખડેલ અને બેકાર' કહેતા...

નિરવ આ કોઈ બાબતનો જવાબ ના આપતો પણ, ચોકસી સાહેબને એ ખબર હતી કે, નિરવ માત્ર અને માત્ર ધાર્યું જ કરતો.

ધાર્યું કરવાનો એવો એક દિવસ નિરવને અણધાર્યો મળી ગયો હતો. આજે વિષ્ણુપ્રસાદ ચોકસી-નિરવના પપ્પા એક ડાયમંડ મર્ચન્ટ એસોસિયેશનની અગત્યની મીટિંગમાં બિઝી હતા. એમણે સેલ પણ સ્વિચ ઑફ કર્યો હતો, અને એટલે નિરવ માટે થોડા કલાકનું વૅકેશન હતું...

અને એટલે, નિરવે અદ્‌ભૂત પ્રોગ્રામ ઘડી કાઢ્યો હતો. પહેલાં 'નાલંદા'માં જઈને ઢગલો પુસ્તકોની ખરીદી... પછી 'સી-લાઉન્જ'માં બેસીને સ્કેચિંગ અને છેલ્લે સાંજ ઢળે ત્યારે 'પાલવા' પરથી ફેરી લઈને મોટરબોટમાં 'એલિફન્ટા' સુધીની દરિયાઈ સફર...

આજના દિવસમાં આટલું જ થઈ શકે એમ હતું, કારણ કે ચોકસી સાહેબ સાડા છએ 'ઓન ડોટ' ઑફિસ પહોંચવાના હતા!

તો નિરવ જયારે 'સી-લાઉન્જ'માં દાખલ થયો ત્યારે ત્યાં બે કે ત્રણ જ ટેબલ્સ ભરેલાં હતાં. ખરા બપોરે ત્યાં બહુ માણસોના હોવાની સંભાવનાય નહોતી. કાચની દીવાલ પાસે આવેલા પોતાના ફેવરીટ કોર્નર ટેબલને ખાલી જોઈને નિરવ ખુશ થઈ ગયો.

એ ટેબલ પર બેઠો. કાગળિયાં અને પેન્સિલો કાઢીને ટેબલ પર ગોઠવ્યાં અને દરિયા તરફ જોઈ રહ્યો.

બહારનાં દૃશ્યો આકર્ષક હતાં. લાઉન્જમાં બેઠેલા લોકોના ચહેરા પણ રસ પડે એવા જ હતા... "શું કરવું? શું ચીતરવું?" વિચારી રહ્યો હતો નિરવ... આમ તો, દસ હજાર વિચારો આવતા હતા, મગજમાં. પણ એ બધા વિચારને ધકેલીને બે રાખોડી આંખો એની સામે જોઈ રહી હતી, આશ્ચર્યમાં, વિનંતીમાં અને નિરવ એ બે આંખો સિવાય બીજું કંઈ જોઈ નહોતો શકતો!

એણે પેન્સિલ ઉઠાવી, કારણ વગર કાગળ પર હાથ ફેરવ્યો અને પહેલી લીટી દોરી...

એની પેન્સિલ ફરતી રહી...

નમણું નાક, વિખરાયેલાં-ફેલાયેલા ચહેરાને સહેજ ઢાંકતા અને વધુ ઉઘાડતાં એક અદ્‌ભુત ફ્રેમ બનાવતા સોનેરી વાળ, પરવાળા જેવા હોઠ - જેના પર એક એવું સ્મિત હતું, જે કાગળ પર ઉતારવું અઘરું હતું, બે આંખો - જે તાકી રહી હતી નિરવ સામે અને કહી રહી હતી, "એક્સક્યુઝ મી, પ્લીઝ... આ પુસ્તક તમે ખરીદવાના છો?"

* * *

11

કનખલ પાસે આવેલા ઉત્તરપ્રદેશ ટૂરિઝમના ગેસ્ટ હાઉસની પાછળની તરફ ફાંટો પાડીને ઊભો કરાયેલો ગંગાનો આર્ટિફિશિયલ પ્રવાહ ઉછાળા મારતો વહી રહ્યો હતો. મૂળ ગામ હરિદ્વારથી બે-ત્રણ કિ.મી.ના અંતરે આવેલું યુ.પી.ટી.ડી.સી.નું મકાન હરિદ્વારની ચહલ-પહલ અને કોલાહલથી થોડું દૂર હતું. મોટે ભાગે અહીંયાં ફોરેનર્સ ઊતરતાં. હરિદ્વારની સામાન્ય ધર્મશાળાઓ કરતાં થોડું મોઘું, પણ જો સાચા અર્થમાં ગંગા માણવી હોય તો આ સ્થળ એકદમ યોગ્ય હતું.

તમામ રૂમોની બાલ્કની પાછળની તરફ પડતી હતી. કોઈ પણ એન્ગલમાં કોઈ પણ રૂમમાંથી બહાર નીકળીને ઊભા રહો તો સીધી ગંગા દેખાય. ધસમસતો - ફીણ ફીણ થઈ જતો ધોળા પાણીનો પ્રવાહ, પગથિયાં બાંધીને બનાવેલો ઘાટ, પગ બોળીને બેસવું હોય કે નહાવું હોય તો લોખંડના થાંભલા રોપીને બનાવેલી લોખંડની સાંકળવાળી રેલિંગ, ગેસ્ટહાઉસના આંગણાનો સુંદર બગીચો અને કુલ મળીને ઊભું થતું એક સુંદર, રમણીય વાતાવરણ...

વસુમા ઘાટના કિનારે બેસીને ધસમસતી ગંગાને જોઈ રહ્યાં હતાં. વહેલી સવારનો સમય હતો. સૂરજ હજુ ઊગ્યો નહોતો. પ્હો ફાટીને લાલ થયેલું આકાશ અને દૂર સંભળાતા ભજનનો ધ્વનિ, ગંગાના પ્રવાહનો ધસમસતો અવાજ અને વહેલી સવારની ફરફર કરતી ઠંડી હવા...

જુલાઈ મહિનામાં પણ અહીં બફારો નહોતો. એક અજબ શાંત ઠંડક હતી. હિમાલયનાં શિખરો પરથી વહી આવતી હવાની ભીની ઠંડક!

વસુમાની આંખો વર્ષો પહેલાંના એક એવા દિવસને જોઈ રહી હતી જે આ જ નદીના કિનારે આવી જ કોઈક રીતે ઊગ્યો હતો...

વસુંધરા, ગોદાવરીબહેન, ત્રણ બાળકો અને ચંદ્રશંકર અહીં દેવશંકર મહેતાનું અસ્થિવિસર્જન કરવા આવ્યાં હતાં. સૂર્યકાંતને કેટલુંય સમજાવ્યા પછી, હાથ-પગ જોડ્યા પછી પણ એણે સાથે આવવાની ના પાડી હતી ગોદાવરીબહેન અને વસુંધરા બંનેએ જુદી જુદી રીતે સમજાવ્યો હતો એને, વિનંતીઓ કરી હતી આંખમાં આંસુ સાથે મરેલા પિતાના સોગંદ આપ્યા હતા, પણ એણે આખીયે વાતને એના અહમ્ સાથે જોડીને ઘસીને ના પાડી હતી.

"ચિતાને આગ વસુએ આપી છે ને, તો હવે તર્પણ પણ વસુ જ કરશે. મારો સમય શું કામ બગાડો છો? ને આ ચંદ્રશંકર તો છે જ ને? એય દેવશંકર મહેતાનું જ ફરજંદ છે ને? મારા વિના જો દેહ પંચમહાભૂતમાં ભળી ગયો તો હવે આત્મા અટકી નહીં રહે મારા વિના..."

આખરે વસુંધરાની ધીરજ ખૂટી હતી અને એણે કાકલૂદી કરતી સાસુને એકીઝાટકે ઊભી કરી દીધી હતી, "ચલો મા, બહુ થયું... આનાથી વધારે વિનંતી કરવાની જરૂર નથી... બાપનું તર્પણ કરવું એ દીકરાની ફરજ છે. જેના કારણે એનું અસ્તિત્વ છે આ ધરતી ઉપર એના આત્માને તૃપ્ત કરવાની જો તૈયારી ના હોય તો..."

"તો શું?" સૂર્યકાંત ધસી આવ્યો હતો વસુંધરા તરફ.

"તો.. ચંદ્રશંકર પણ એમનું જ લોહી છે, વાત સાચી છે તમારી. એને ભલે ન સમજાય કે એ શું કરે છે, પણ

તર્પણ સ્વીકારનારા તો સમજશે... ચાલો, મા."

અને આંસુભરેલી આંખો સાથે વસુંધરા સાસુને લઈને બીજા ઓરડામાં ચાલી ગઈ હતી.

બોલેલું પાળી બતાવ્યું હતું એણે. ત્રણ બાળકો, ઘરડાં સાસુ અને અર્ધપાગલ ચંદ્રશંકરને લઈને એ હરિદ્વાર આવી હતી. ધર્મશાળામાં ઊતરી હતી અને હરકીપૈડી પર અર્ધપાગલ, વારે વારે ઊઠીને નાસી જતા ચંદ્રશંકરને રબડીની લાલચ આપીને પૂજા કરવા બેસાડ્યા હતા... એનો હાથ પકડી રાખીને, દરેક વિધિમાં પોતાના હાથે એને સહારો આપીને સંપૂર્ણ પિતૃતર્પણની વિધિ કરાવી હતી. ગંગામાં અસ્થિ પધરાવ્યાં હતાં અને ચંદ્રશંકરનો હાથ પકડીને માથાબોળ સ્નાન પણ કરાવ્યું હતું...

...જાણે એ આખોય પ્રસંગ અહીં ફરી ભજવાયો હોય એમ વસુધાના શરીરમાંથી ઠંડીનું એક લખલખું પસાર થઈ ગયું.

અચાનક એના ખભા પર કોઈએ શાલ નાખી. વસુમાએ પાછળ ફરીને જોયું - અભય હતો.

"બહુ વહેલી ઊઠી ગઈ મા..." પૂછ્યા પછી અભયને તરત જ સમજાયું કે વહેલો તો પોતે ઊઠ્યો હતો આજે, મા તો રોજ જ વહેલી ઊઠતી હતી.

"તું બહુ વહેલો ઊઠી ગયો." વસુમાએ જાણે એના મનની વાત કહી દીધી અને અભય એમની બાજુમાં બેસી ગયો.

"યાદ છે મા, આપણે દાદાજીનું શ્રાદ્ધ કરવા આવ્યાં હતાં અહીંયાં..."

"હું એ જ યાદ કરતી હતી. કેટલો બધો નાનો હતો તું! સમય ક્યાં જાય છે સમજાય છે?"

"સમજાય છે મા... સમય કેમ વીત્યો છે એ ખરેખર તો મને ને તને બે જ જણને સમજાયું છે. સમયે ચિરાડા પાડી દીધા છે હૃદયો ઉપર... નહોર ભરી ભરીને ઊઝરડા પાડ્યા છે આપણા મન ઉપર..."

"અભય, જનારાની પાછળ કેટલા દિવસ રડી શકાય?"

"મા!" અભયના અવાજમાં આશ્ચર્ય ઓછું અને આઘાત વધારે હતો.

"બેટા, જેનાથી મુક્ત થવા આવ્યાં છીએ એને છાતી સાથે વળગાડીને પાછાં જ જવાનું હોય તો આ ફેરો વ્યર્થ છે. ગંગાના કિનારે અસ્થિની જગ્યાએ સ્મૃતિ વિસર્જિત કરીને જવાનું છે. બધી કડવાશ, બધી ફરિયાદો, અભાવોની બધી ગણતરીઓ... અહીં જ મૂકી દઈશ તો જ આ સાચું શ્રાદ્ધ બનશે બેટા..."

"મા તને ખરેખર લાગે છે કે આ શ્રાદ્ધ ..."

હસી પડ્યાં વસુમા. ઊગતા સૂરજનાં કેસરી કિરણો સીધાં એમના ચહેરા પર પડતાં હતાં. કેસરી પ્રકાશમાં ચહેરો જાણે દીપકના પ્રકાશમાં કોઈ દેવીમૂર્તિનો ચહેરો હોય એવો લાગતો હતો. સીધા પ્રકાશનાં કિરણો પડવાના કારણે એમની કથ્થઈ આંખો પારદર્શક લાગતી હતી...

"આ લાલ ચાંદલો થોડાક જ કલાકોમાં આ કપાળ પર નહીં હોય?!" અભયને વિચાર આવ્યો. એ માના ચહેરાને ચાંદલા વગર કલ્પી જ શકતો નહોતો... એને જાણે માના કપાળ પરનું કંકુ વેરાતું-વીખરાતું લાગ્યું.

એણે આંખો મીંચી દીધી અને આંસુનું એક ટીપું એના ગાલ પર થઈને એના ગળા સુધી વહી નીકળ્યું..

"શું વિચારે છે?" વસુમાએ પૂછ્યું.

"મા, આ બધી વિધિ સંપન્ન કરીને આપણે પાછાં જઈએ અને પછી બાપુ આવે તો?"

"તો?" વસુમાના અવાજમાં હિમાલયની ઠંડક અને નિશ્ચલતા હતી. "એમનું ઘર છે, ભલેને આવે."

"પણ આપણે તો અહીંયાં એમનું શ્રાદ્ધ.."

"આ શ્રાદ્ધની વિધિ આપણા સુખ માટે છે દીકરા. આ તર્પણ એમનું નથી, મારું છે. હું અહીં કોઈ સંબંધ પૂરો કરવા નથી આવી, અહીં આવી છું મારો તરફડાટ શાંત કરવા... જે ઘરના દરવાજે હું પચીસ વરસ બેસી રહી ત્યાંથી ઊઠીને હવે મારે બીજું કોઈ કામ કરવું છે, પ્રતીક્ષા સિવાયનું કોઈ કામ! હું દરવાજા બંધ નથી કરતી, માત્ર ત્યાં બેસી રહેવાનું છોડી દઈશ હવે!"

"પણ મા, એમને કદાચ ખબર પડે કે આપણે આવી રીતે શ્રાદ્ધ..."

"હું જ કહીશ એમને. મને ભય શાનો છે? આપણે ગુનો નથી કરતા... જે માણસની પ્રતીક્ષા કરી કરીને મારું મન, મારો આત્મા અને મારાં વર્ષો લોહીલુહાણ થતાં રહ્યાં, એના પર પાટો બાંધવો એ ગુનો છે?"

પૂર્વમાં સૂરજ ઊગવા લાગ્યો હતો ગંગાનો પ્રવાહ એમ જ ધસમસતો વહી રહ્યો હતો. વસુમાના અવાજની પાછળ એ ધસમસતા પાણીનો ખળખળ અવાજ જાણે બધી પીડા, બધી પ્રતાડના ધોઈને, વીછળીને આગળ જઈ રહ્યો હતો. અભયનું મન પણ જાણે એ બધી પ્રતાડનાને, એ બધી પીડાને ધીમે ધીમે ઓગાળી રહ્યું હતું. એણે બહુ જ હળવેથી વસુમાના ખભે માથું મૂકી દીધું.

"મા, ક્યારેક વિચારું છું... હું બહુ સારો દીકરો નથી બની શક્યો, નથી સારો પતિ કે નથી ઉત્તમ પિતા..."

વસુમા એક પણ શબ્દ બોલ્યા વિના અભયના વાળમાં પોતાની આંગળીઓ ફેરવતાં રહ્યાં. મા-દીકરો બંને ખાસ્સી વાર સુધી નિઃશબ્દ બેસી રહ્યાં. સૂરજ ધીરે ધીરે આકાશમાં ઉપર ચડતો રહ્યો અને ગંગાનું કેટલુંય પાણી એમની નજર સામે થઈને વહેતું રહ્યું...

અભય જાણે બાર વર્ષનો થઈ ગયો. પિતા છોડીને ગયા એ સમયની રાત્રીઓ અને દિવસો માએ જે રીતે કાઢ્યાં હતાં એ બધાં જ જાણે અભયની આંખો સામે ગંગાના પ્રવાહ ઉપર તરવરવા લાગ્યાં...

વસુમાનો તરફડાટ, એમની પ્રતીક્ષા, લોકોના પ્રશ્નો, લોકોની વીંધતી નજરો, શાળામાં મિત્રો દ્વારા થતી મશ્કરીઓ...

મિત્રોના ઘરે એમનાં માતા-પિતા દ્વારા પુછાતા પ્રશ્નો અને કાળજું વીંધી નાખનારા એ સવાલોની પાછળ રહેલી ગોસિપની ઠંડી ચાબુક... રાત્રે જાગીને હિસાબ લખતી મા, પગારના પૈસા છૂટા છૂટા પાડીને ચૂકવવાનાં બિલોની વ્યવસ્થા કરતી મા. નાની ઉંમરે સાઇકલ ઉપર બેસીને છાપાં નાખવા જતો અજય... અને દિવસે નોકરી કરીને રાતની કૉલેજમાંથી પાછો ફરીને લાશ થઈને ઢળી પડતો એ અભય...

સરકારી નોકરીમાં આઈ.એ.એસ. ઑફિસરના હાથ નીચે પહેલી વાર લીધેલી લાંચ અને છાતી પર

અજગરની જેમ ભીંસ દઈને લપેટાતુ જતું ગિલ્ટ! વૈભવીના આઈ.એ.એસ. પિતાની મદદથી શરૂ કરાયેલો ધંધો અને ધીમે ધીમે એના પ્રેમમાં પડતી જતી વૈભવી - ના ન પાડી શકવાના કારણે થઈ ગયેલાં લગ્ન અને છાતી પર રોજ વધતો જતો નાની નાની બેઈમાનીનો ભાર!

અભયને શ્વાસ લેવામાં તકલીફ પડવા માંડી.

વસુમા સમજતાં હતાં અભયની આ પીડા, આ શબ્દવિહીન ફરિયાદ... એમને ખબર હતી અભયની નોકરીમાં પહેલાં નાની નાની જરૂરિયાતના કારણે શરૂ થયેલી, અને હવે અભયના પોતાનાથી પણ મોટી થઈ ગયેલી એની બેઈમાની વિશે. એ કશું પણ બોલીને કે કહીને અભયને નાનો કરવા નહોતાં માગતાં, પણ એમને રહી રહીને અફસોસ થઈ આવતો કે જો એમને પહેલે જ દિવસે જાણ થઈ હોત તો એ ત્યાં ને ત્યારે જ અભયને રોકી શક્યાં હોત! વસુમા દૃઢપણે માનતાં કે કોઈ જરૂરિયાત આપણા સિદ્ધાંત કે આપણી ઈમાનદારીથી મોટી હોઈ જ શકે નહી!

અને, અભય પણ જાણતો વસુમાની આ દૃઢ માન્યતા વિશે અને એટલે જ એ વસુમાની સાથે એકાંત ટાળતો. એને હંમેશાં ભય લાગતો કે મા કોઈ પ્રશ્ન પૂછી બેસશે અને પોતાની પાસે એનો સાચો જવાબ નહીં હોય તો શું થશે?

મા-દીકરો બંને જાણે વર્ષો પછી એકબીજાને મળ્યાં હોય એમ પીગળી રહ્યાં હતાં. વસુમાની આંખોમાં આંસુ નહોતાં, પણ રુદન એમના શ્વાસને પણ રૂંધી રહ્યું હતું.

વસુમાએ અભયના વાળમાં ફરતો હાથ હળવેથી એની પીઠ પર ફેરવવા માંડ્યો. શું થયું અભયને કોણ જાણે, પણ એ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. સાવ નાના બાળકની જેમ!

બાર વરસની ઉંમરથી છાતીમાં ઊંડે ઊંડે દાટી દીધેલું એ રુદન જાણે આ ગંગાના કિનારે ફૂટી નીકળ્યું. અભય જાણે આટલાં વર્ષની સંચિત ફરિયાદ, સંચિત પીડા, સંચિત અભાવો અને ગિલ્ટને અહીં જ ગંગામાં વહાવી દેવા માગતો હતો. પિતાના આવવાની આશાને એણે માની જેમ જ અહીં ગંગામાં ડુબાડી દેવાનું અત્યારે, આ ક્ષણે જ નક્કી કરી લીધું.

*

“હું... હું આવીશ પાછો...” સૂર્યકાંત મહેતાએ કહ્યું અને પછી વધુ સવાલ-જવાબ ન કરવા પડે એટલે બને એટલી ઝડપથી ઊંધા ફરીને ચાલવા માંડ્યું.

સૂર્યકાંતના ગયા પછી દરવાજો બંધ કરીને લજ્જાની શોર્ટ્સ અને સ્પગેટી ટૉપ પહેરીને ઊભેલી વૈભવીએ વાળ ઝટકો આપીને પાછળ નાખ્યા... એક સ્મિત સાથે આવીને ફરી સોફામાં ગોઠવાઈ ગઈ.

“કોણ હતું?” એક બિલ્ડરની પત્ની જે આ કિટ્ટીની નિયમિત સભ્ય હતી એણે પૂછ્યું. આઠ સભ્યોની આ કિટી દર મહિને બે વાર મળતી... ખાણી-પીણી, પત્તાંબાજી, ગોસિપબાજી અને પાંચ-પાંચ હજાર રૂપિયાની બેન્ક કરીને ચિઠ્ઠી કાઢવામાં આવતી. જેના નામે ચિઠ્ઠી નીકળે એ ચાળીસ હજાર રૂપિયા એકસામટા જીતી જતી. વારાફરતી સૌનો વારો આવતો... કિટી સિવાય પત્તામાં પણ હજારોની હાર-જીત થતી... અને વૈભવી માટે આ પ્રસંગ પોતાના નવા ડાયમંડ્સ કે ડિઝાઇનર કલેક્શન્સ દેખાડવાનો ઉત્તમ સમય હતો. વસુમાની ઘરમાં સતત

હાજરીને કારણે વૈભવીએ હંમેશાં પોતાની પાર્ટીઝ હૉટેલના રૂમમાં કે મોટી મોટી રેસ્ટોરન્ટમાં કરવી પડતી...

વસુમાના હરિદ્વાર જવાના કારણે એણે તકનો લાભ લીધો હતો અને આજે અહીં મંડળી જામી હતી...

"કોણ હતું?" વૈભવીની કિટીની જરા વધુ પંચાતિયણ અને ચિબાવલી બિલ્ડરની પત્નીએ પૂછ્યું.

"કોણ જાણે, મારી સાસુને મળવાવાળા પચાસ જણા આંટા મારે છે."

"તારી સાસુ છે જ એવી યાર! આ ઉંમરે પણ ફટકો દેખાય છે."

"એટલે જ મારા સસરા છોડી ગયા, આઈ એમ શ્યોર, કંઈક એવું હશે જે કહેતાં નથી. બાકી આવી ભણેલી-ગણેલી બૈરીને ચાર છોકરાં સાથે કોઈ મૂકી જાય?" વૈભવીની નજર સામે ફરી એક વાર ઘરના દરવાજે ઊભેલા સૂર્યકાંત મહેતા તરવરી ગયા...

લેટેસ્ટ કટનો 'અરમાની'નો સૂટ, હાથમાંની 'રાડો' ઘડિયાળ, 'લી કૂપર'ના ઇટાલિયન શૂઝ અને આખા વ્યક્તિત્વમાંથી ટપકતો પૈસો...

"ખોટા જવા દીધા એમને?" વૈભવીને વિચાર આવી ગયો. "અહીંથી ગયા પછી એવું તે શું કર્યું હશે કે આવા થઈને આવ્યા? રહેવા દીધા હોત તો કદાચ અમને જ ફાયદો થાત? કે પછી... દેખાડો હશે બધો? ઇમ્પ્રેસ કરવા માટે ભાડૂતી લીધું હશે એ બધું..." વૈભવીના મનમાં વિચારો ચાલતા હતા. એ જ વખતે કિટીમાંની એક વધુ પૈસાવાળી ગોસિપમૉન્કરે પૂછ્યું:

"યુ મીન લફરું?"

"ગૉડ નોઝ... મને તો એટલી સમજણ પડે છે કે પચીસ વરસમાં એ માણસે પાછળ વળીને નથી જોયું... એનું કોઈ કારણ તો હશે ને?" વૈભવીએ કહ્યું અને સૂર્યકાંત મહેતાના વિચારોને ખંખેરી કાઢ્યા...

જાનકી ઘેર આવી ત્યારે આખા ડ્રોઇંગરૂમમાં ગ્લાસીસ, પ્લેટ, ખાવાના ટુકડાનો કચરો અને બીજું કંઈ કેટલુંયે વિખરાયેલું હતું... ડ્રોઇંગરૂમ તદ્દન અસ્તવ્યસ્ત હતો અને વૈભવી ઉપર પોતાના રૂમમાં જતી રહી હતી.

જાનકીએ પહેલાં બધું સમેટવા માંડ્યું, પછી કોણ જાણે શું વિચાર આવ્યો તે બધું એમ જ મૂકીને ઉપર ચડી ગઈ. વૈભવીના બંધ રૂમના દરવાજે એણે ટકોરા માર્યા.

વૈભવી કોઈની સાથે મોબાઇલ પર વાત કરતી હતી. એણે એ જ સ્થિતિમાં બારણું ખોલ્યું.

"ભાભી, આ બધું નીચે..." અનિચ્છાએ જાનકીનો અવાજ સહેજ ઊંચો થઈ ગયો.

વૈભવીએ હાથથી ઇશારો કર્યો, "પાંચ મિનિટ.. " જાનકી અકળાઈ ગઈ.

"કોણ સાફ કરશે આ બધું?"

"એક મિનિટ હં... હું તને ફોન કરું." વૈભવીએ ફોનમાં કહ્યું. પછી ફોન મૂકીને જાનકી સામે એવી રીતે જોયું, જાણે જાનકીએ કોઈ મહાન ગુનો કરી નાખ્યો હોય, "યેસ, શું પ્રોબ્લેમ છે?" એણે જાનકીને પૂછ્યું.

"આ નીચે જે બધું..."

"કોઈને બોલાવી લે, સો રૂપિયા આપી દેજે... આઇ મીન હું આપી દઈશ." વૈભવીએ કહ્યું અને પછી બારણું બંધ કરવાની તૈયારી કરતાં કહ્યું, "બીજું કંઈ?"

"ભાભી, અત્યારે કોઈ મળશે નહી."

"એ મારો પ્રોબ્લેમ નથી " વૈભવીએ કહ્યું, "કાલે કરાવજે મને ઉતાવળ નથી." અને બારણું ઑલમોસ્ટ બંધ કરી દીધું.

"એક મિનિટ!" જાનકીએ બંધ થતા બારણાને હાથથી રોક્યું, સહેજ જોરથી ધક્કો માર્યો અને કહ્યું, "હું આ બધું નથી કરવાની, કે નથી કરાવવાની... હું હ્દયને લઈને મારી ફ્રેન્ડને ત્યાં જાઉ છું, સાફ થઈ જાય તો મને ફોન કરજો." અને વૈભવીના જવાબની રાહ જોયા વિના સડસડાટ નીચે ઊતરી ગઈ.

અધખુલ્લા બારણાની વચ્ચે ઊભેલી વૈભવી નીચે ઊતરતી જાનકીને જોઈ રહી...

અને પછી, એણે બારણું ધડામ્ દઈને બંધ કર્યું.

બારણું બંધ કરીને વૈભવી પલંગમાં પડી... વિચારવા લાગી. "સૂર્યકાંત મહેતા જો રોકાઈ જાય અને માના પાછા આવ્યા પછી ફરી આવી પડે તો શું કરવું? ત્યારે મેં એમને કાઢી મૂક્યા હતા આ વાત અછતી નહીં રહે..."

વૈભવીનું મગજ દસ ગણી ઝડપે ચાલી રહ્યું હતું. આ આખીયે વાતને કઈ રીતે ગોઠવવી અથવા કઈ વાતના છેદ કઈ રીતે ઉડાડવા એ એની ગણતરીઓ એના મગજમાં ગોઠવાવા લાગી. એ ઝટકાથી ઊભી થઈ. બારણું ખોલીને સડસડાટ નીચે ઊતરી...

જાનકી પોતાના કમરામાં હ્દયને તૈયાર કરી રહી હતી.

વૈભવી એના દરવાજે જઈને ઊભી રહી. પછી જાનકીને કહ્યું, "તું ખરેખર બહાર જાય છે?"

"તો શું કરું? અહીં રહીને સફાઈ કરું?"

"સૉરી યાર ચલ બંને મળીને કરી નાખીએ.. અચ્છા, વેઇટ, હું પપ્પાને ફોન કરું છું. ડ્રાઇવરની સાથે માણસ મોકલી આપશે. બહાર નહીં જા." પછી અવાજમાં એક કિલો મધ ઉમેરીને કહ્યું, "પ્લીઝ..."

જાનકી એની સામે જોઈ રહી એ વૈભવીને નહોતી ઓળખતી એવું નહોતું એવું પણ સમજતી હતી કે આની પાછળ વૈભવીની કોઈ ચાલ હશે અને છતાં ફાલતુ કારણસર પોતાના ઘરની બહાર જવાની વાત એનેય નહોતી ગમતી, એટલે એણે ટાળી દીધી. "સારું..." એણે કહ્યું.

પછી વૈભવીએ બહુ જ સાવચેતીપૂર્વક અને સમજી સમજીને ડગલાં મૂકવા માંડ્યાં... "કોઈ આવ્યું હતું, વસુમાને મળવા."

"કોણ?" જાનકીને ધ્રાસકો પડ્યો.

"મને ખબર નથી, એમણે એમનું નામ પણ ના કહ્યું"

"પપ્પાજી હતા?"

હસી પડી વૈભવી. "આવનારો દરેક માણસ પપ્પાજી ના હોય સ્વીટહાર્ટ!"

"તેં ફોટો જોયો છે, એવા લાગતા હતા?"

"જો, હું પાર્ટીમાં બિઝી હતી. મને કંઈ ધ્યાનથી જોવાનો સમય નથી મળ્યો, પણ... નાઇસ જેન્ટલમૅન! મા માટે પૂછ્યું..."

"તમે શું કહ્યું?"

"શું કહેવાનું? ડિસ્કોથેકમાં ગયાં છે?! જયાં ગયાં છે તે કહ્યું"

"એટલે તમે એવું કહ્યું કે શ્રાદ્ધ કરવા હરિદ્વાર ગયાં છે?"

"અફકોર્સ..." વૈભવીએ કહ્યું ખભા ઉછાળીને, અને જાનકી કંઈ બોલે એ પહેલાં ફોન જોડવા લાગી... "હેલ્લો ડેડી..."

જાનકી વિચલિત થઈ ગઈ. કોણ જાણે કેમ એના મનમાં એક ફાળ પડી ગઈ...

"ખરેખર સૂર્યકાંત મહેતા આવ્યા હશે તો? શ્રાદ્ધની વાત જાણીને પાછા જતા રહેશે તો શું જવાબ આપીશ હું, માને?"

*

સૂર્યકાંત મહેતાને, પોતાના પિતાને આટલા વિચલિત લક્ષ્મીએ ભાગ્યે જ જોયા હતા. વિલે પાર્લે જઈને પાછા આવેલા પિતાના ચહેરા પરથી જાણે નૂર ઊડી ગયું હતું... અને છતાં અવાજમાં મક્કમતા ઊભરાઈને છલકાઈ જાય એવા અવાજે કહ્યું હતું, "મને લાગે છે તારી વાત સાચી છે બેટા. વસુ પાછી આવે ત્યાં સુધી તો હું રાહ જોઈશ જ. અહીં સુધી આવ્યો છું તો મળીને તો જઈશ જ..."

એ પછી બાપ-દીકરી ક્યાંય સુધી એકબીજાની સાથે ચૂપચાપ બેસી રહ્યાં. બહાર ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો.

લક્ષ્મીએ પિતાને કહ્યું, "ચલો, કૉફી પીએ."

સૂર્યકાંતે અન્યમનસ્કની જેમ કહ્યું, "ઑર્ડર કરી દે."

લક્ષ્મીએ પિતાનો મૂડ બદલવાના ઇરાદાથી એમને કહ્યું, "ના, ઑર્ડર નહીં, આપણે કૉફી શોપમાં જઈએ. બહાર નીકળીશું તો જરા મૂડ પણ બદલાશે."

સૂર્યકાંતની બહુ ઇચ્છા નહોતી, પણ દીકરીનું મન રાખવા એ ઊભા થયા.

"પાંચ મિનિટ... હું જરા ચેન્જ કરી લઉં." જીન્સ અને ટી-શર્ટમાં સજ્જ થઈ સૂર્યકાંત દીકરીની સાથે નીચે જવા લિફ્ટમાં દાખલ થયા ત્યારે સાંજના પોણા સાત થયા હતા. બાપ-દીકરી સી-લૉંજની કૉફી શોપમાં દાખલ થયાં ત્યારે નિરવ બહાર પડી રહેલા એકધારા વરસાદને જોતો સ્કેચ બનાવવામાં મગ્ન હતો. એ જોતો

હતો વરસાદ અને ચીતરી રહ્યો હતો કંઈ બીજું જ. એની આંખોમાં ભરાઈ બેઠેલી પેલી બે રાખોડી આંખો કેમે કરી એનો પીછો નહોતી છોડતી. આંખોના એ અજબ જેવા રાખોડી રંગને કાગળ પર ઉતારવા નિરવ એકધારી મહેનત કરી રહ્યો હતો. બારેક પાનાં બગડી ચૂક્યાં હતાં, પણ હજુ સુધી નિરવને સંતોષ થાય એવો સ્કેચ બની શક્યો નહોતો.

લક્ષ્મી અને સૂર્યકાંત સી-લૉંજમાં દાખલ થઈને એક ખૂણાના ટેબલ પર બેઠાં. સદ્ભાગ્યે કે દુર્ભાગ્યે લક્ષ્મીનું ધ્યાન હજુ સુધી નિરવ પર નહોતું પડ્યું. એ પિતાનો મૂડ ઠીક કરવાના ઇરાદાથી જ અહીં આવી હતી. એટલે એ જાતજાતની વાતો કરીને પિતાનું મન બહેલાવવાની કોશિશ કરી રહી હતી. એના હાથમાં અત્યારે પણ પેલું પુસ્તક એણે પકડી રાખ્યું હતું.

બંને જણાં વાતો કરી રહ્યાં હતાં. કોણ જાણે કેમ અચાનક જ નિરવને લાગ્યું કે હવે આ સ્કેચ નહીં બને. એ ઊભો થઈ ગયો. બધાં કાગળિયાં સમેટીને કૉફી શૉપની બહાર નીકળવા માટે મુખ્ય દરવાજા તરફ ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં બેધ્યાનપણે એ બહારની તરફનો વરસાદ જોતો હતો. એ જ વખતે કૉફી શૉપમાં દાખલ થતાં યુગલમાંની છોકરી સાથે અથડાયો. એના અથડાવાની સાથે એના હાથમાંનાં બધાં કાગળિયાં વિખરાઈ ગયાં... અને એ જ વખતે લક્ષ્મીએ પાછળ જોયું વેઇટરને બોલાવવા. નિરવ નીચો વળીને કાગળિયાં એકઠો કરતો હતો. એની પીઠ લક્ષ્મી તરફ હતી. એ જ વ્હાઇટ લિનનનું શર્ટ કોણી સુધી બાંય વાળીને પહેરેલું... અને એ જ પેપેનું બ્લ્યુ જીન્સ... લક્ષ્મી ઊભી થઈ અને નિરવ તરફ આગળ વધી. નિરવે બરાબર એ જ વખતે કાગળિયાં એકઠાં કરી લીધાં હતાં એટલે એ ઊભો થયો. એના ઊભા થવું અને લક્ષ્મીનું એના સુધી પહોંચવું લગભગ સાથે સાથે બન્યું. નિરવે ઊભા થતાંની સાથે એની પાછળ સુધી આવી પહોંચેલી લક્ષ્મીને જોઈ.

“હાય...” નિરવે કહ્યું.

“હાય..” લક્ષ્મીએ સહેજ સંકોચાઈને જવાબ વાળ્યો અને પછી નજર સહેજ નીચી ઢાળીને કહ્યું, “થેન્ક યુ...”

“કેવું છે પુસ્તક?” નિરવે પૂછ્યું.

“શરૂઆત તો સારી છે.” લક્ષ્મીએ કહ્યું.

“તો અંત પણ સારો જ હશે.” નિરવે કહ્યું.

“તમે સ્કેચ કરો છો?” લક્ષ્મીએ એના હાથમાં રહેલાં કાગળિયાં અને ઢગલાબંધ પેન્સિલો જોઈને પૂછ્યું.

“પ્રયત્ન કરું છું.” નિરવે કહ્યું

“કેન આઇ સી?” લક્ષ્મીએ પૂછ્યું.

હવે નિરવ પાસે એને એ કાગળિયાં સોંપી દીધા સિવાય કોઈ વિકલ્પ નહોતો. એણે કાગળિયાંનો આખો થપ્પો લક્ષ્મીના હાથમાં આપી દીધો અને પોતે બહારનો વરસાદ જોતો ઊભો રહી ગયો. લક્ષ્મીએ એક પછી એક પાનું ફેરવવા માંડ્યું.

એના ચહેરાના રંગો બદલાતા ગયા...

નિરવ જાણે એની તરફ જોવા જ નહોતો માગતો. સી-લાઉન્જની કાચની દીવાલની બહાર દરિયો તોફાને ચડ્યો હતો. મોટાં મોટાં મોજાં ઊછળીને ગેટ-વે ઑફ ઇન્ડિયાની પાળીઓ સાથે અથડાઈને ફીણ ફીણ થઈને વિખરાઈ જતા હતાં. દરિયો જાણે આકાશને અડવા માગતો હોય એમ ઊછળી ઊછળીને પોતાનો હાથ લંબાવતો હતો અને આકાશ જાણે આજે ખારા દરિયાને મીઠો કરી નાખવાનું હોય એવી રીતે ધોધમાર મુશળધાર વરસી રહ્યું હતું!

"હું આ રાખું?" લક્ષ્મીએ પૂછ્યું. એનો અવાજ પણ જાણે વરસાદથી ભીંજાઈ રહ્યો હતો.

"હેં?" એકીટશે બહારનો વરસાદ જોઈ રહેલા નિરવે ચોંકીને પૂછ્યું.

"હું આ... સ્કેચિસ મારી પાસે રાખું?"

"રાખો... પણ બહુ સારા નથી થયા..."

"વેલ, મને ગમ્યા."

"તો રાખો. મને નથી ગમ્યા, છતાં ફાડવાની હિંમત ના થઈ."

"આના પર કંઈ લખી આપશો?"

"શું?" નિરવને પોતે શું બોલી રહ્યો છે એ જ નહોતું સમજાતું.

"કંઈ પણ... તમારો ઓટોગ્રાફ... જે તમે બુકમાં કરવાનું ભૂલી ગયા છો."

"હું કંઈ પેઇન્ટર નથી." નિરવે કહ્યું.

"જાણું છું." લક્ષ્મીએ કહ્યું.

"કેવી રીતે?" નિરવે પૂછ્યું.

"કોઈ પણ પેઇન્ટર પૈસા લીધા વિના પોતાના સ્કેચ આટલી સરળતાથી કોઈને આપે નહીં..." લક્ષ્મી હસી પડી. નિરવે આસપાસ જોયું. સી-લાઉન્જમાં અચાનક આટલાં બધાં વાયોલિન ક્યાંથી વાગવા માંડ્યાં!!!

...અને પછી હસીને એણે ઉપરનો એક સ્કેચ હાથમાં લીધો. જેમાં ફક્ત બે આંખો જ હતી. તગતગતા કપાળ ઉપર ધસી આવેલી સોનેરી લટો અને એની નીચે લાંબી લાંબી પાંપણો સાથેની રાખોડી આંખોની એક જોડી... નિરવ ઘડીભર જોઈ રહ્યો એ સ્કેચને અને પછી એણે લખ્યું, "તું બરફની જેમ હાથને થીજવી દે છે અને એક ન સમજાય એવું દર્દ આપીને મારું ચિત્ર અધૂરું છોડાવે છે. તારી સાવ-ખુલ્લી નિર્દોષ આંખોનો ક્લોઝ-અપ મને કશુંય કરવા માટે... Close કરી દે છે-" અને પછી સહી કરતા પહેલાં લક્ષ્મી સામે જોયું ને પૂછ્યું, "મારું નામ શું છે?!"

લક્ષ્મી ફરી હસી પડી... ને એણે કહ્યું, "મને શું ખબર?" ક્યારની ઊભી થઈને ગયેલી લક્ષ્મી હજુ પાછી ન ફરી એટલે બરાબર એ જ વખતે સૂર્યકાંતે પાછળ જોયું.

નિરવની સામે ઊભી રહીને હસતી લક્ષ્મીને જોઈને સૂર્યકાંત પણ ઊભા થયા અને બંનેની પાસે આવી ગયા.

લક્ષ્મીના હાસ્યથી અવાચક થઈને એની સામે જોઈ રહેલો નિરવ સૂર્યકાંતને સામે જોઈને સાવ ચિત્તભ્રમજેવો થઈ ગયો.

કોણ હતું આ?

જેની પ્રતીક્ષાની ચાદર ઓઢીને વર્ષોથી સૂતેલું એક હ્દય આજે એના વિશ્વાસ અને શ્રદ્ધાને ગંગામાં વહાવવા ગયું હતું, ત્યારે આ માણસ અહીં શું કરતો હતો?

આ ચહેરો જોવા માટે કોઈકે વેદનાને રાત-દિવસ ઘૂંટી હતી, એ ચહેરો આજે આમ એની નજર સામે ખરેખર ઊભો હતો?

એના મગજમાં વસુમાના ઘરમાં ડ્રોઈંગરૂમમાં જોયેલો બ્લેક ઍન્ડ વ્હાઇટ ફોટો ઝુલવા લાગ્યો...

એનું મગજ જાણે કામ કરતું અટકી ગયું.

* * *

12

નિરવના મગજમાં વસુમાના ઘરના ડ્રોઇંગરૂમમાં વર્ષોથી એકધારો લટકતો બ્લૅક ઍન્ડ વ્હાઇટ ફોટો ઝૂલી રહ્યો હતો...

એનું મગજ જાણે કામ કરતું અટકી ગયું હતું.

"તમે?!!..." એણે સૂર્યકાંત તરફ એવી રીતે જોયું જાણે હમણાં જ બેભાન થઈ જશે. એ તદ્દન બીજી દુનિયામાં હોય એમ અન્યમનસ્ક હતો. ઘડીભર પહેલાંનો રોમાન્સ આ બે રાખોડી આંખોમાં ડૂબવાની-તરવાની ઝાંખનાની ક્ષણો અને લક્ષ્મીનું રણકતું હાસ્ય જાણે ભૂંસાઈ ગયું હતું, કાચની દીવાલ પરના ભેજની જેમ.

પેલે પારનું દૃશ્ય સ્પષ્ટ થયું હતું અને એ દૃશ્યમાં જે દેખાતું હતું એ મન કે બુદ્ધિ કોઈ માની શકે તેમ નહોતું.

"ત...તમે?!" એણે ફરી પૂછ્યું.

"આ મારા ડેડી છે. સૂર્યકાંત મહેતા. અમે અમેરિકાથી આવ્યાં છીએ. ન્યૂયોર્ક." લક્ષ્મીએ કહ્યું અને પછી સૂર્યકાંત સામે જોઈને ફરી એક વાર હસી પડી, "ડેડી, આ..., આમને એમનું નામ યાદ નથી આવતું! સ્કેચિઝ બહુ સારા કરે છે અને મને પેલું પુસ્તક - ઝાહેર- એમણે જ આપ્યું છે."

નિરવ હજીયે એકીટશે સૂર્યકાંત સામે જોઈ રહ્યો હતો

એણે લક્ષ્મીની વાત સાંભળી, પણ કોઈ પ્રતિભાવ આપ્યા વગર સૂર્યકાંતની આંખમાં આંખ નાખીને જોયું.

"તમે ક્યાં હતા આટલાં વર્ષ?" એણે પૂછ્યું. સૂર્યકાંતને જાણે ઇલેક્ટ્રિક કરંટ લાગ્યો હોય એમ એ ચોંક્યા

લક્ષ્મી પણ ચોંકી.

"તમે ડેડીને ઓળખો છો?" એણે નિરવને પૂછ્યું, પણ નિરવ માટે તો એ પળે સૂર્યકાંત મહેતા સિવાયની કોઈ વ્યક્તિ ત્યાં હાજર જ નહોતી

"ક્યાં હતા તમે? આટલાં વર્ષ? તમને તમારી પત્નીની, તમારા પરિવારની યાદ ન આવી?" નિરવે પૂછ્યું.

"બેટા..." સૂર્યકાંતે નિરવના ખભે હાથ મૂક્યો, "મારો વિશ્વાસ કરી શકે તો કરજે, પણ એક ક્ષણ એવી નથી કાઢી જયારે તમને યાદ ન કર્યા હોય."

"એમ?" નિરવ ખડખડાટ હસી પડ્યો, "તો કહો જોઉં, હું કોણ છું?"

"અ... અ... અજય?" સૂર્યકાંતે ડરતાં ડરતાં પૂછ્યું.

નિરવ હજી હસી રહ્યો હતો, પણ એનું આ હાસ્ય કોઈ નિર્દોષ, નિખાલસ, આનંદી હાસ્ય નહોતું. એના હાસ્યમાં વ્યંગ હતો, તિરસ્કાર હતો. એક એવું તીર હતું જે સૂર્યકાંતની છાતીમાં સોંસરું ઊતરી ગયું હતું.

"સાચું કહું? મને તમારી દયા આવે છે. સગો બાપ પોતાના દીકરાને ઓળખી ના શકે એનાથી વધુ કરુણ સ્થિતિ શું હોઈ શકે?"

સૂર્યકાંત થોડી વાર ચૂપ રહ્યા.

એમનો હાથ નિરવના ખભે જ હતો. એમની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. લક્ષ્મી બંનેને જોઈ રહી હતી.

નિરવ સૂર્યકાંતની આંખોમાં જોઈ રહ્યો હતો. એનું લોહી ઊકળી ઊઠ્યું હતું અલયનો આટઆટલાં વર્ષનો તરફડાટ, એની પિતા પ્રત્યેની નફરત, એના સવાલો અને સૂર્યકાંત મહેતાને ન સ્વીકારવાની એની જીદ જાણે નિરવની આંખોમાં ઝેર બનીને ઊતરી આવી હતી...

"નથી ઓળખતો..." સૂર્યકાંતની આંખો એકદમ તરલ, એકદમ ભાવુક થઈ આવી. "અને એ મારો ગુનો પણ છે. એ વાત પણ સ્વીકારું છું. તો શું કરું? બોલ... તું સજા આપ..."

"સજા? સજા આપનાર હું કોણ?" નિરવે કહ્યું... પણ એના અવાજમાં ભારોભાર કડવાશ હતી.

"કેમ? તું દીકરો છો મારો! હું તારો પણ ગુનેગાર છું." સૂર્યકાંતે કહ્યું.

લક્ષ્મીનું હૃદય જાણે એક ધડકારો ચૂકી ગયું. "સૂર્યકાંત મહેતાનો દીકરો? આ માણસ...!!" હજી પાંચ-સાત મિનિટ પહેલાં જે માણસ એના મન અને મગજનો કાબૂ લેવા માંડ્યો હતો... જેને જોઈને એના શ્વાસ તેજ થવા લાગ્યા હતા... જે એને જોઈને પોતાનું નામ ભૂલવા લાગ્યો હતો... એ માણસ, સૂર્યકાંત મહેતાના પ્રથમ લગ્નનું સંતાન હતો? એટલે એનો ભાઈ?"

"ઓહ નો!" લક્ષ્મીના મનમાંથી ઉદ્‌ગાર નીકળી ગયો.

"બોલ બેટા! શું સજા કરે છે આ તારા ગુનેગાર બાપને?" સૂર્યકાંતનુ ગળું તરડાવા લાગ્યું હતું. ડેડી જાણે હમણાં જ રડી પડશે એવું લક્ષ્મીને લાગ્યું.

"પણ સજા કરે એ પહેલાં મારી વાત તો સાંભળીશને? હું ગયો હતો - ઘરે. શ્રીજી વિલા! મને ત્યાંથી ખબર પડી કે વસુ તો મારું શ્રાદ્ધ કરવા હરિદ્વાર..." સૂર્યકાંતનું ગળું રૂંધાઈ ગયું. એમણે વાક્ય અધૂરું જ છોડી દીધું.

"અચ્છા! તો આ વાત હતી! જે વાતે ડેડી વિલે પાર્લેથી પાછા આવીને આટલા વિચલિત - આટલા ગૂંચવાયેલા અને આટલા ડિસ્ટર્બ લાગતા હતા." લક્ષ્મીનો મનોમન સંવાદ ચાલુ હતો. "એ લોકોએ રાહ પણ ના જોઈ? આટલાં વર્ષ રાહ જોયા પછી બે દિવસ વધારે રાહ જોતાં શું તકલીફ પડી હોત..." એના મનમાં સવાલ-જવાબ ચાલતા હતા. એની નજર સૂર્યકાંત અને નિરવના ચહેરા પર વારાફરતી બદલાતા રંગો જોઈ રહી હતી.

જે માણસ એક પળ પહેલાં સાવ ઘેલો, પાણીની જેમ ખળખળ વહેતો લાગ્યો હતો લક્ષ્મીને, એ માણસના ચહેરા પર આવી ગયેલા નફરત અને કડવાશના રંગોએ જાણે આખેઆખો માણસ જ બદલી નાખ્યો હતો.

"તો? શું કરે બીજું?" નિરવે સૂર્યકાંતને પૂછ્યું

"હા - સાચી વાત છે. શું કરે બીજું?" સૂર્યકાંત જાણે વધુ ને વધુ નરમ, વધુ ને વધુ નાના થઈને વાત કરતા હતા. લક્ષ્મીએ પોતાના ડેડીને હંમેશાં એક સફળ, પ્રતિભાવંત, લાગવગ ધરાવતા, સત્તાધારી વ્યક્તિ તરીકે જોયા હતા. એ જ ડેડી, આજે જાણે પરિસ્થિતિની સામે ઘૂંટણિયે પડી, માથું નમાવી કરગરતા હતા.

લક્ષ્મીથી આ ન જોવાયું. એની આંખોમાં આંસુ ધસી આવ્યાં.

એ પણ જાણતી હતી, સમજતી હતી કે એના પિતાએ જે કર્યું હતું એ અક્ષમ્ય હતું. એમનાં સંતાનોની જગ્યાએ પોતે હોત તો પણ આમ જ વર્તી હોત! અને છતાં, એના ડેડી... એના હીરો... એના આઇડિયલ પુરુષને કોઈ આટલો નાનો બનાવી નાખે એ વાત એના મનને મંજૂર નહોતી જ!!

“થોડી રાહ જોઈ હોત તો... આમ, સાવ શ્રાદ્ધ કરીને કોઈને... ” એનાથી બોલ્યા વિના ના રહેવાયું.

“રાહ?!” નિરવે હવે નિશાન લક્ષ્મીની આંખોમાં તાક્યું. “પચીસ વર્ષથી વધુ કેટલી રાહ જુએ કોઈ? તમે એમની જગ્યાએ હોત તો...” નિરવે સીધો જ સવાલ પૂછ્યો.

“આ... બ...” લક્ષ્મી ગૂંચવાઈ.

“ચાર સંતાનો - અને પચીસ લાંબાં એકલતાનાં વર્ષો... મેડમ, આ કોઈ ફિલ્મની વાર્તા કે નવલકથા નથી. જિંદગી છે. ઝેર જેવી કડવી અને સોયની જેમ પેસી જાય એવી તીણી...” નિરવ બોલતો જતો હતો. સૂર્યકાંતની આંખમાં ક્યારનાં રોકી રાખેલાં આંસુ ધસી આવ્યાં હતાં હવે... “તમારો દેશ નથી આ. અહીં એકલી જીવતી સ્ત્રી માટે કેવા પ્રશ્નો અને સમસ્યાઓ હોય એ તમને ક્યારેય નહીં સમજાય...”

“એને ભલે ના સમજાય. મને સમજાય છે બેટા... વસુનું દુઃખ પણ - ને મારી ભૂલ પણ.” સૂર્યકાંતે કહ્યું આંસુ ભરેલી આંખે.

વાહ! કેટલું ઝડપથી સમજી ગયા તમે?” નિરવે ગુસ્સામાં કહ્યું અને એનાથી કંઈ બોલાઈ જાય કે ખરાબ વર્તાઈ જાય એ બીકે ત્યાંથી જવા લાગ્યો.

સૂર્યકાંતનો હાથ હજી એના ખભા ઉપર જ હતો. એમણે હાથની પકડ મજબૂત કરી, એને રોકવા.

“પણ બેટા, મોડી તો મોડો, હું આવ્યો તો ખરો ને? વસુને એનો હક આપવા. તમને સૌને તમારા ભાગનો ન્યાય અને વહાલ આપવા...”

“મોડો મળેલો ન્યાય અને અન્યાયમાં ઝાઝો ફરક નથી શ્રી સૂર્યકાંત મહેતા... જસ્ટિસ ડિલેઇડ ઇઝ જસ્ટિસ ડિનાઇડ!” ખભા પરનો હાથ ખસેડી નિરવે કહ્યું, “અને તમે જયારે ન્યાય - હક આપવા આવ્યા છો ત્યારે એમને એ સ્વીકારવો છે કે નહી, એ પૂછ્યું છે ખરું?”

“દીકરા મારા, તારી માએ જાતે જાહેરાત આપીને મને બોલાવ્યો છે...” સૂર્યકાંત મહેતાએ ફરી એના ખભે હાથ મૂક્યો. ‘હું આવ્યો છું - માફી માગવા અને તમે સૌ જે સજા આપો તો ભોગવવા...”

“સૉરી સર! હું તમારો દીકરો નથી.” નિરવે ખભેથી ફરી હાથ ખસેડી નાખ્યો અને ઉમેર્યું, “અને જો તમારો દીકરો હોત તો પણ - તમે માફી માગો એટલે તમને માફ કરી જ દેવા, અથવા તમે આવ્યા છો એટલે આવકાર આપવો જ એવું હું નથી માનતો. ને રહી વાત સજાની, તો તમે જે ગુનો કર્યો છે એને માટે જગતની કોઈ પણ સજા નાની જ પડત...” નિરવે કહ્યું.

“દીકરો નથી...” સાંભળતાં જ લક્ષ્મીને જાણે હાશ થઈ.

"ઓહ!" સૂર્યકાંતે ઉદ્‌ગાર કાઢ્યો, "તો... તો કોણ છે બેટા તું? અને મારે વિશે આટલું બધું કઈ રીતે જાણે છે? એ પરિવાર સાથે શું સંબંધ છે તારે? બધાં કેમ છે? મારા દીકરાઓ શું કરે છે? અંજલિ... અંજલિ તો મોટી થઈ ગઈ હશે નહીં?" સૂર્યકાંત તો હજીયે બોલ્યા જ કરત પણ લક્ષ્મીએ વચ્ચે જ કહ્યું, "રૂમમાં જઈને વાત કરીએ? આરામથી?"

"ના." નિરવે ઘડિયાળ જોઈ, "મને મોડું થાય છે. મારે ઑફિસ પહોંચવાનું છે."

"પણ બેટા, તારું નામ - સરનામું - ફોન..." સૂર્યકાંતે જાણે લક્ષ્મીના મનની વાત પણ કહી દીધી.

"મારું નામ નિરવ ચોકસી છે. નિરવ વિષ્ણુપ્રસાદ ચોકસી, અને આ મારું કાર્ડ છે." નિરવે કાર્ડ આગળ ધર્યું.

સૂર્યકાંતે કાર્ડ હાથમાં લીધું - ધ્યાનથી જોયું. પછી કાર્ડ જીન્સના પાછળના પૉકેટમાં મૂકી હાથ મિલાવ્યો.

"ઓકે. યંગમેન. નાઇસ મિટિંગ યુ."

"ખરેખર?" નિરવે એક છેલ્લું તીર છોડ્યું, "મને તો એમ કે મેં જે કંઈ કહ્યું એનાથી તમને દુ:ખ થયું હશે, આઘાત લાગ્યો હશે. તકલીફ પહોંચી હશે..."

"તમે આટલી કડવાશથી કેમ વાત કરો છો?" લક્ષ્મીએ હવે વાતમાં ઝુકાવ્યું, "આખરે આપણે સૌ માણસ છીએ. ભૂલ થઈ ગઈ ડેડીની તો શું?"

"તો – કંઈ નહીં..." નિરવે જવાની તૈયારી કરતાં ઉમેર્યું, "સામાન્ય રીતે નિયમ એવો હોય મેડમ, કે જે ભૂલ કરે એ જ સજા પામે. પણ અહીં ભૂલ તમારા ડેડીએ કરી છે અને એની સજા બીજાંને મળીને છે. એકને નહીં... અનેકને..." પછી સૂર્યકાંત સામે જોયું, "ગુડ બાય સર..."

"નિરવ બેટા, જો બને તો વસુનો સંપર્ક કર. એને જણાવ કે હું આવી ગયો છું. મુંબઈમાં!!"

નિરવે ફરી ઘડિયાળ જોઈ. એ જાણતો હતો કે મોડું નથી થયું. જો અલયને હમણાં જ મોબાઇલ પર સંપર્ક કરી શકાય તો વાત બદલાઈ શકે...

વસુમાને પાછાં બોલાવી શકાય એમ હતાં. હજીયે શ્રાદ્ધ તો આવતી કાલે સવારે થવાનું હતું...

જો વસુમાને ખબર પડે કે સૂર્યકાંત મહેતા જીવે છે અને એમને મળવા મુંબઈ આવી પહોંચ્યા છે તો એ શ્રાદ્ધની વિધિ ના કરે, સ્વાભાવિક જ હતું.

નિરવે સૂર્યકાંત સામે જોયું, "જોઉં છું. ફોન કરું છું."

"મને નંબર આપ, હું વાત કરું. જાતે." સૂર્યકાંતની ઉતાવળ સમજી શકાય એવી હતી ને છતાં -

"પચીસ વર્ષ સુધી આ ઉતાવળ ક્યાં હતી?" એ વિચારે નિરવને ફરી એક વાર ચીડ ચઢી આવી.

"ના, હું કરીશ." નિરવે કહ્યું, ઠંડકથી. "શ્રાદ્ધ તો કાલે સવારે કરશે – એ પહેલાં વાત કરી લઈશ હું." અને હવે વાત વધે એ પહેલાં ત્યાંથી નીકળવા માગતો હતો, પણ સૂર્યકાંત એને આસાનીથી જવા દે એમ નહોતા.

એમણે ફરી એનો હાથ પકડી લીધો.

"બેટા, કોની પાસે છે ફોન? અભય પાસે, અજય પાસે... અંજલિ ગઈ છે સાથે?"

"અંજલિ પ્રેગનન્ટ છે. નથી ગઈ." નિરવે કહ્યું.

"ઓહ! એનાં લગ્ન થઈ ગયાં?"

"હા-" નિરવે એકાક્ષરી ઉત્તર વાળ્યો, "તમારે એક ચોથું સંતાન પણ છે, તમને યાદ છે ખરું?" નિરવથી પુછાયા વિના ના રહેવાયું.

"હા, જાણું છું. વસુ... મા બનવાની હતી. મારા ચોથા સંતાનની. જયારે હું..." સૂર્યકાંતની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં.

"તમારે એના વિશે કંઈ નથી પૂછવું?"

"શું પૂછું બેટા? મને તો બધા વિશે." સૂર્યકાંતને જોઈને નિરવને દયા અને તિરસ્કારની મિશ્ર લાગણી થઈ આવી...

"હું ફોન કરવાનો પ્રયત્ન કરીશ." એણે કહ્યું અને હવે જરાય રોકાયા વિના ત્યાંથી ચાલી નીકળ્યો.

લક્ષ્મી અને સૂર્યકાંત બંને એને સડસડાટ ત્યાંથી જતો જોઈ રહ્યાં

*

રાતના અગિયાર વાગ્યા. અત્યાર સુધી કોઈ ને કોઈ રીતે જાણે ફોન ન કરવાનાં બહાનાં શોધતો રહ્યો.

સૂર્યકાંતથી છૂટા પડીને એ સીધો પોતાની ઑફિસે આવ્યો ત્યારે સાંજ પડી ગઈ હતી. છ વાગવાની તૈયારી હતી. ચોકસી સાહેબ ગમે તે પળે ટપકવા જ જોઈએ, એવું સ્ટાફની ડિસિપ્લિન અને ઑફિસના વાતાવરણ પરથી સ્પષ્ટ જણાઈ આવતું હતું!

નિરવ જેવો ઑફિસમાં દાખલ થઈને પોતાની કેબિનમાં બેઠો કે તરત ચોકસી સાહેબના પર્સનલ આસિસ્ટન્ટ સુરેશભાઈ ધસી આવ્યા..

"સારું થયું - તમે આવી ગયા તે!"

"કેમ?" નિરવે પૂછ્યું. પણ આજે એનો મૂડ રોજની જેમ જોક મારવાનો નહોતો એવો ખ્યાલ સુરેશભાઈને પણ આવી ગયો. એ નિરવ સામે જોઈ રહ્યા. રોજનો હસતો-રમતો આ છોકરો આજે જરા વધારે ગંભીર લાગતો હતો.

"કેમ? કંઈ પ્રોબ્લેમ થયો છે?" નિરવે સુરેશભાઈને પૂછ્યું.

"ના, ના. પ્રોબ્લેમ તો કંઈ નહીં, પણ સાહેબ આવી જાય તો..."

"તો?" નિરવે ભવાં ઊંચક્યાં.

"તો... તો પૂછે ને!" સુરેશભાઈએ કહ્યું.

"હા, મારી જાસૂસી કરવા સિવાય તમારા સાહેબને બીજું કામ ક્યાં છે?" નિરવે કંટાળેલા અવાજમાં કહ્યું અને પછી ઊભેલા સુરેશભાઈને પૂછ્યું, "કઈ કામ નહોતું ને?"

"ના... ના..." કહીને સુરેશભાઈ બહાર નીકળ્યા.

એ પછી નિરવ અમસ્તો ફાઇલો ફેંદતો, જૂનાં અને નવાં ટેન્ડર્સ, પ્રોજેક્ટ્સ પર કામ કરતો કલાકો બેસી રહ્યો.

વિષ્ણુપ્રસાદ ચોકસી આવ્યા. એમણે નિરવે આટલા ધ્યાનથી કાગળો જોતો ભાગ્યે જ જોયો હતો. એમને પણ નવાઈ લાગી.

એ સાડા આઠે ઘેર જવા નીકળ્યા ત્યારે નિરવને ઇન્ટરકોમ પર ઘરે આવવા અંગે પૂછ્યું, પણ નિરવે "કામ છે" કહીને ટાળી દીધું. સામાન્ય રીતે ભાગી છૂટવાનાં બહાનાં શોધતા દીકરાને આટલું કામ કરતો જોઈને વિષ્ણુપ્રસાદ મનોમન રાજી થતા ઘરે જવા નીકળ્યા.

નવ... દસ... ને હવે અગિયાર વાગ્યા હતા. નિરવ હજી ઑફિસમાં જ બેસી રહ્યો હતો! કોણ જાણે કેમ એનું મન અને મગજ જુદી જુદી દિશામાં દોડી રહ્યાં હતાં.

એનું મન, એને અલયની જેમ વિચારવા મજબૂર કરી રહ્યું હતું. એણે આટલાં વર્ષોની દોસ્તી દરમિયાન જોયેલો અલયનો એના પિતા પ્રત્યેનો તિરસ્કાર, એની કડવાશ- એને થયેલી અન્યાય અને જીવનના ડગલે ને પગલે અલયે ચૂકવેલી સૂર્યકાંતની ગેરહાજરીની કિંમતનો સરવાળો માંડીને એનું મન એને કહેતું હતું કે એણે ફોન ન જ કરવો જોઈએ. જે માણસે સૌને આટલાં વર્ષ તરફડાવ્યાં એને એની સજા મળવી જોઈએ.

તો બીજી તરફ એના મગજમાં વસુમાનો ચહેરો - એમની બે આંખો અને લાલચટ્ટક ચાંદલો દેખાતાં હતાં. એને કહેતાં હતાં કે એણે ફોન કરીને સૂર્યકાંતના મુંબઈ પહોંચ્યાના ખબર આપવા જ જોઈએ...

અજબ દ્વંદ્વ હતું - એનું મન ક્યારેક મગજ પર સવાર થઈ જતું તો ક્યારેક મગજ મન પર...

આખરે-

રાત્રે અગિયાર વાગ્યે એણે ફોન જોડ્યો.

અલય કનખલના ગંગાના કિનારે બેઠો હતો.

શ્રેયાથી લઈને સિનેમા સુધીના વિચારો એના મગજમાં ગંગાના પ્રવાહની જેમ ઉપર-તળે થતા હતા. ગંગાના આ ધસમસતા પ્રવાહની બંને તરફ પગથિયાંવાળા પ્લૅટફોર્મ જેવા બાંધેલા હતા, જે છેક હરકી પૈડી સુધી સીધેસીધા ગંગાના પ્રવાહને સમાંતર ચાલ્યા જતા હતા. એના ઉપર મૂકેલી લૅમ્પ પોસ્ટની લાઇટોનું અજવાળું પ્રવાહના અને પ્લૅટફૉર્મના સીમિત ભાગ પર પડીને એક વર્તુળ રચતું હતું ને આગળ જતાં ઝાંખું થઈને અંધારામાં ઓગળી જતું હતું. અજવાળાનો ટુકડો ધસમસતા પ્રવાહ પર જ્યાં પડતો ત્યાં પાણી સ્વચ્છ... સફેદ... ફીણવાળું દેખાતું અને બાકીનું પાણી કાળું ડિબાંગ અંધારું વહી જતું હોય એમ અવાજ કરતું આગળ વધતું જતું હતું...

અલય પાણીમાં પગ બોળીને પગથિયાં પર બેઠો હતો -

એના મનમાં વિચારો પણ પાણીની જેમ જ એક તરફથી ધસમસતા આવતા અને બીજી તરફથી નીકળી જતા. એના વિચાર પણ થોડા અજવાળિયા તો થોડા અંધારિયા હતા...

અલયના બધા જ વિચારો હરીફરીને સિનેમા સુધી આવતા હતા. સિનેમા! સિનેમા! સિનેમા!

ફિલ્મ બનાવવી અલયનું એકમાત્ર સપનું હતું. એ આઠ વર્ષનો હતો ત્યારથી માત્ર એક જ વિચાર કરતો... ફિલ્મ બનાવવાનો!

એની રમત પણ 'શૂટિંગ શૂટિંગ' કે ઘરમાં પડદા બાંધીને સિનેમા થિયેટર બનાવવાની રહેતી. એ સમજણો થયો ત્યારથી શરૂ કરીને આજ સુધીની કોઈ પણ ફિલ્મ, એક જ વાર જુએ કે અલયને સીન-ટુ-સીન મોઢે થઈ જતી.

અલય માટે ફિલ્મ ક્યારેય મનોરંજનનો વિષય નહોતી બની શકતી - એ ફિલ્મ જોયા પછી એ ફિલ્મ વિશે એટલું બોલતો કે શ્રેયા અને નિરવ બંને એને હાથ જોડતા...

અલય અત્યારે ગંગાના કિનારે બેસીને પોતાની ફિલ્મ જોઈ રહ્યો હતો. શોટ-ટુ-શોટ!

અને, એને પોતાની ફિલ્મનાં દરેક પાત્ર જાણે જીવતાં થઈને દેખાતાં હતાં

ખાસ કરીને અનુપમા!

અલય, સિનેમા અને અનુપમાને જુદાં પાડીને જોઈ નહોતો શકતો.

અને, અનુપમા ઘોષ નામની એ 23 વર્ષની છોકરી.

એકલા અલયનું જ નહીં, સિનેમા સાથે જોડાયેલા, સિનેમા જોતા અને સિનેમા ન જોતા હોય એવા લોકોનું પણ સપનું હતી.

એક કરોડ રૂપિયાની હીરોઈન કહેવાતી - અનુપમા.

સહેજ ભીને વાન પણ જાણે નખશિખ માપ લઈને કોતરી કાઢી હોય એવી બેનમૂન હતી અનુપમા! નિતંબથી લાંબા વાળ, નમણું નાક, પણછ જેવી ભ્રૂકુટિ અને નીચે ચંચળ માછલી જેવી બે મોટી આંખો. માખી બેસે તો લપસી પડે એવી લિસ્સી ચમકતી ત્વચા અને બંગાળનું સમગ્ર નારીત્વ અને સૌંદર્ય એના શરીરમાં ઠાંસી ઠાંસીને ભરી આપ્યું હતું ઉપરવાળાએ! માત્ર સુંદરતા જ નહીં, ટેલેન્ટ આપવામાં પણ ઈશ્વરે જાણે પક્ષપાત કર્યો હતો. ઉત્તમ અભિનેત્રી - અદ્‌ભુત નૃત્યાંગના હતી - અનુપમા ઘોષ. અનુપમા ઘોષના નામે સોળથી સાઇઠની ઉંમરના પુરુષ દર્શકોનો સિસકારો નીકળી જતો... એનાં સ્ત્રીદર્શકો એના બ્લાઉઝની પેટર્ન કે એના સલવાર-કમીઝના કટ માટે દરજીને ફિલ્મની સીડી આપતા...

ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં એક ઇતિહાસ બની ગઈ હતી એ છોકરી. પુરુષો જ્યાં રાજ કરતા એવી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં હીરોથી વધારે પૈસા લેતી પહેલી અને કદાચ છેલ્લી હીરોઈન હતી એ!

સોળમે વર્ષે એની પહેલી ફિલ્મ રિલીઝ થઈ એ પછી છેલ્લાં સાત વર્ષથી ઇન્ડસ્ટ્રી પર રાજ કરતી હતી એ છોકરી!

મગજની ફરેલી હતી, મિજાજ ફાટીને ધુમાડે ગયો હતો એનો.

ખરાબ કે નબળી સ્ક્રિપ્ટ સાથે એને અપ્રોચ કરનારા પ્રોડ્યુસર્સની પાછળ કૂતરાં દોડાવ્યાના દાખલા હતા ઇન્ડસ્ટ્રીમાં! એના મિજાજ અને મહત્ત્વાકાંક્ષાના નામે અનેક દંતકથાઓ કહેવાતી, ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં. જીવતી-જાગતી એ છોકરી જાણે એક રહસ્યકથા બનીને રહી ગઈ હતી...

એના કુટુંબની વિગતો કોઈને ખબર નહોતી. મુંબઈમાં એકલી રહેતી. સેટ ઉપર સાથે આવતી એક આયા સિવાય એના કોણ સગા છે અથવા ઘરમાં કોણ છે એની કોઈને ખબર નહોતી...

કદી પાર્ટીમાં જતી નહોતી કે નહોતી કદી પાર્ટી આપતી!

એના સેટ પર પત્રકારોને દાખલ થવાની રજા નહોતી!

એક જ શિફ્ટમાં કામ કરતી!

સિદ્ધાંતો પણ જરા જુદા હતા એ છોકરીના. આમ એને ટૂંકાં કપડાં પહેરવા કે દેહપ્રદર્શન કરવા સામે વાંધો નહોતો, પણ ફિલ્મ ચલાવવા ખાતર કદીયે અનુપમાએ ઓઢણી પણ ઉડાડી નહોતી!

ફિલ્મના બધા પૈસા ઍડ્વાન્સમાં લેતી! આપેલી ડેટ્સ અનિવાર્ય સંજોગો સિવાય શિફ્ટ ન કરવી એવી કડક સૂચના રહેતી! સાથે કામ કરતા કલાકારો - ખાસ કરીને હીરોને એના મેક-અપરૂમમાં દાખલ થવાની પરવાનગી લેવી પડતી...

ટૂંકમાં આ બધી વિચિત્રતાઓ સાથે અનુપમા ઘોષ સફળ હતી, ઇન્ડસ્ટ્રીમાં એક કહેવત હતી- 'કોઈ પણ ફિલ્મની સફળતા બે જ વસ્તુ ઉપર આધારિત છે, કાં તો તમારી પાસે અનુપમા હોવી જોઈએ અને કાં તો એડલ્ટ ઓન્લીનું સર્ટિફિકેટ!'

અલય જાણતો હતો કે અનુપમા ઘોષ જો એક વાર હા પાડશે તો અલય માટે ફિલ્મ બનાવવી સાવ સરળ થઈ જશે. આમ તો સ્ક્રિપ્ટ એના ખિસ્સામાં હતી. શરૂઆતથી અંત સુધીની ડાયલોગ સાથેની કમ્પ્લિટ બાઉન્ડ સ્ક્રિપ્ટ! અલય એ સ્ક્રિપ્ટ બીજાને આપવા નહોતો માગતો... અને આ ઇન્ડસ્ટ્રીમાં આવી રીતે 'નવાસવા છોકરડા'ને તક આપવાનું રિસ્ક કોણ લે?

એની પાસે નહોતું કોઈ ફિલ્મી બૅકગ્રાઉન્ડ કે નહોતો કોઈ અનુભવ. અલયે ફિલ્મી દુનિયામાં બે-ચાર મોટા કહેવાય એવા દિગ્દર્શકો સાથે કામ કર્યું હતું - એમના આસિસ્ટન્ટ તરીકે, પણ એને સમય સાથે સમજાયું હતું કે એ મોટા કહેવાય એવા દિગ્દર્શકો ન કોઈને ક્રેડિટ આપવામાં માનતા કે ન કોઈને આગળ વધવા દેવા માગતા હતા. એ લોકોને તો આસિસ્ટન્ટ - જીવનભર આસિસ્ટન્ટ જ રહે એમાં રસ હતો! અલયની ટેલેન્ટ્સ કે એનું સજેશન આ મોટા કહેવાતાં નામો માટે ઇગો પ્રોબ્લેમનું કારણ બની જતું. જ્યારે પણ અલય કોઈ પણ સજેશન કરતો ત્યારે એના આ કહેવાતા સિનિયર માણસોએ એનું અપમાન જ કર્યું હતું...

અલય જ્યારે એકાંતમાં કોઈ સજેશન કરતો ત્યારે એના સજેશનની ઠેકડી ઉડાવવામાં આવતી. એને નીચો પાડવામાં આવતો અને પછી કૅમેરા એન્ગલમાં, સ્ટોરીમાં કે લાઇટિંગમાં કરવામાં આવેલું એ જ સજેશન દિગ્દર્શક પોતાના નામે ચડાવીને વાહ વાહી લૂંટતા! અલય ગળા સુધી આવી ગયો હતો આ દંભી અને બે મોઢાળી દુનિયાથી...અલયે ધીરે ધીરે સમય સાથે એવું નક્કી કર્યું કે એ હવે કોઈના હાથ નીચે કામ નહીં કરે.

સ્વતંત્ર રીતે પોતાની ફિલ્મ બનાવશે. એને માટે પાંચ વર્ષ રાહ જોવી પડે તો પણ એ જોવા તૈયાર હતો!

અલયની ફિલ્મ બને અને એ સફળ થાય એની રાહ અલય તો જોતો જ હતો, સાથે સાથે શ્રેયા પણ એની રાહ જોતી હતી. બંનેએ મળીને એવું નક્કી કર્યું હતું કે જ્યાં સુધી અલયની પહેલી ફિલ્મ રિલીઝ ન થાય ત્યાં સુધી લગ્ન ન કરવાં...

ક્યારેક અલય અકળાઈ જતો. "હવે બાકી શું છે લગ્ન કરવામાં? માત્ર કાગળિયાં કે વિધિ? પરણી જા મને, આમ પારકા બેડરૂમમાં, બીજાના ઘરે તું મને મારી પોતાની નથી લાગતી..."

ને શ્રેયા કહેતી, "અલય, આ તરસ, આ અધૂરપ તને ધીમે ધીમે વધુને વધુ મજબૂતીથી તારા ધ્યેય તરફ ધકેલશે. તું શું માને છે? મને તારી સાથે નથી જીવવું? પળેપળ મને તારી પત્ની બનીને જીવવું છે, તારા કરતાં વધારે ઉતાવળ છે મને. મારે તારા પડખામાં, તારા ઘરમાં તારી સાથે તારા બેડરૂમમાં સૂવું છે... પણ અલય, હું તારી અંદર કશું અધુરું રાખવા માગું છું, જે તને વારે વારે તારા ગૉલની, તારા ધ્યેયની યાદ અપાવ્યા કરે!"

શ્રેયા અને નિરવ બંને જણા અલયની પહેલી ફિલ્મ રિલીઝ થાય એ માટે પોતાનાથી શક્ય તમામ પ્રયત્નો કરી રહ્યાં હતાં. પ્રોડ્યુસર્સને કૉન્ટેક્ટ કરવાથી શરૂ કરીને અલયને પટાવીને એની સ્ક્રિપ્ટ સંભળાવવા માટે મોકલવા સુધીનું બધું જ બંને જણાં કરી ચૂક્યાં હતાં, પણ આજ સુધી કોણ જાણે કેમ અલયનું નસીબ જાગ્યું નહોતું!

આજે ગંગાના કિનારે બેસીને અલય વિચારી રહ્યો હતો, "એક વાર અનુપમા હા પાડેને તો બાકી દુનિયા જખ મારે છે. અનુપમાના સાઈન કરેલા કૉન્ટ્રેક્ટ ઉપર હું દુનિયાનો કોઈ પણ પ્રોડ્યુસર પટાવી લાવીશ."

પણ અનુપમાના કિલ્લામાં દાખલ થવું સહેલું નહોતું. પહેલાં એનો સેક્રેટરી, પછી એનો પર્સનલ આસિસ્ટન્ટ અને પછી એનો સ્ક્રિપ્ટ વાંચીને અનુપમા સુધી પહોંચાડનારો એક ખાસ માણસ. આ ત્રણ જણાને વટાવીને કદાચ અનુપમા સુધી પહોંચી પણ જવાય તોય એ સ્ક્રિપ્ટ હાથમાં લે એવી કોઈ ખાતરી નહોતી અને એક વાર જો એ ના પાડી દે તો એની હા નહીં થાય એવી અલયને ખબર હતી! છેલ્લા એક વર્ષથી અલય અનુપમા સુધી પહોંચવાનો કોઈક રસ્તો શોધી રહ્યો હતો - યેનકેન પ્રકારેણ.

એને ખબર હતી કે એની ફિલ્મજગતની સફળતાની સીડીના પહેલા પગથિયાનું નામ અનુપમા ઘોષ હતું!

ગંગાનો પ્રવાહ અલયની સામે ધસમસતો વહી રહ્યો હતો. એણે ઘડિયાળ જોઈ. અગિયાર ને દસ. અચાનક એની નજર પડી, એના મોબાઇલ પર. બે મિસ્ડ કૉલ હતા! નિરવના!

'અત્યારે? કંઈ પ્રોબ્લેમ હશે?'

એણે ફોન ઊંચક્યો અને નિરવને લગાડ્યો.

"હલ્લો..." નિરવના અવાજમાં ઉચાટ હતો.

"બોલ..."

"તું એકલો છે ને?"

"ના, અનુપમા છે મારી સાથે..." જોરથી હસ્યો અલય. પણ નિરવે સામે પડઘો ના પાડ્યો. અલયને સહેજ

નવાઈ લાગી.

“શું થયું છે? તું મૂડમાં નથી...”

“એક ખાસ વાત કરવી છે.”

“બોલ... વિષ્ણુપ્રસાદે પજવ્યો લાગે છે. હું બહારગામ જાઉં એટલે એમને છૂટો દોર મળી જાય છે. આવીને જરા ઠમઠોરવા પડશે.” અલયે ફરી જૉક માર્યો.

“વિષ્ણુપ્રસાદની વાત છોડ. સૂર્યકાંત મહેતા મુંબઈમાં છે.” નિરવે સીધે મૂળ મુદ્દો પકડ્યો.

“તને કેવી રીતે ખબર?”

“હું મળ્યો એમને!”

“તો?”

ખાસ્સી ક્ષણો સુધી ચૂપ રહ્યા પછી નિરવે કહ્યું, “એ ઘેર ગયા હતા. એમને શ્રાદ્ધની વાત ખબર પડી ગઈ છે.”

“આ બધું તું મને શું કામ કહે છે?”

“એ મુંબઈમાં હોય છતાં શ્રાદ્ધ...”

“માત્ર વિધિ... શ્રાદ્ધ તો પચીસ વર્ષ પહેલાં પતી ગયું હતું.” અલયે વચ્ચે જ વાત કાપી નાખી. “બીજું કંઈ કહેવું છે?”

“એટલે... તું વસુમાને... આ નહીં કહે?”

“કહીશ.. આવતી કાલે... શ્રાદ્ધ પત્યા પછી ને તું પણ હમણાં કોઈ દોઢડહાપણ નહીં કરતો. એક વાર આ મુદ્દા પર પૂર્ણવિરામ મુકાવું જ જોઈએ.”

“પણ અલય...”

“મને કોઈ સલાહ કે પ્રામાણિકતાના સર્ટિફિકેટમાં રસ નથી. મારે તારું કશું જ નથી સાંભળવું. માત્ર એક વાત કહેવી છે તને...”

“બોલ...” નિરવ અચકાયો.

“તને સૂર્યકાંત મહેતા મળ્યા જ નથી હજી. આવતી કાલે સવારે મળશે અને જેવા મળશે એવો તું મને ફોન કરીશ, પણ એમના દુર્ભાગ્યે અને અમારા સૌના સદ્‌ભાગ્યે અહીં શ્રાદ્ધ પતી ગયું હશે. કાલે સાડા બારે ફોન કરજે.”

“અરે પણ.”

“કાલે. સાડા બારે.” અલયે ફોન કાપી નાખ્યો.

અલયનો ફોન કપાયો અને અભયનો માથા પાસે મૂકેલો મોબાઇલ રણક્યો.

અભયે ચશ્માં પહેર્યાં, નંબર જોયો. એને આશ્ચર્ય થયું. “અત્યારે ? રાત્રે સાડા અગિયારે ?”

અને ફોન ઉપાડીને કહ્યું, “બોલ…!”

* * *

13

અંજલિ કોઈ પણ હિસાબે વસુમા અને ભાઈઓ સાથે હરિદ્વાર જવા માગતી હતી. એની પ્રેગનન્સીની સાવ શરૂઆત હતી. પેટમાં પાણીયે ટકતું નહોતું. ખાવાનું, જ્યુસ, દૂધ, ફ્રુટ્સ - બધું જ નીકળી જતું. થોડી નબળી પણ થઈ ગઈ હતી. એના ડૉક્ટરે એને પ્રવાસ કરવાની ના પાડી, અને સમજાવી કે પ્રેગનન્સીના શરૂઆતના ત્રણ મહિના સાચવી લેવા અનિવાર્ય છે. ત્યારથી જ એનું મન ઉદાસ થઈ ગયું હતું.

વસુમા અને ભાઈઓ નીકળ્યાં ત્યારે એ ખૂબ રડી.

વસુમા અને ભાઈઓ ગયાં એ પછી પોતાના ઘેર જઈને એને ફરી ઊલટી થઈ ભયાનક ચક્કર આવવા માંડ્યાં અને છતાં ટેબલ પર બેસીને એ ક્યાંય સુધી રડતી રહી... રાજેશ એને સમજાવતો રહ્યો...

ડૂસકાં ભરીને રડતી અંજલિનો મોબાઇલ રણક્યો. એણે ફોન ઉપાડ્યો.

"હલ્લો..."

"હલ્લો..." સામેથી પહાડની ગુફાઓમાંથી આવતો હોય એવો ઘેરો-ઘૂંટાયેલો એક અવાજ આવ્યો. આ અવાજને ભારતના જ નહીં, વિશ્વના તમામ સંગીતપ્રેમીઓ જાણતા હતા... માનતા હતા! "હલ્લો... અંજલિ?" એ અવાજે ફરી કહ્યું.

"તું... તમે?" અંજલિએ કહ્યું અને પછી સ્તબ્ધ થઈ ગઈ. જાણે મૂર્તિ હોય એમ... કોઈ ચિત્રમાં ચીતરી હોય એમ અંજલિ સ્થિર થઈ ગઈ હતી...

"કોણ છે?" રાજેશે પૂછ્યું.

"હં..." અંજલિ હાથમાં ફોન પકડીને ડઘાયેલી ઊભી હતી. "કોણ છે?" રાજેશે ફરી પૂછ્યું.

"હલ્લો..." અંજલિએ કહ્યું, "હલ્લો... હલ્લો... હલ્લો..." જાણે સામેથી કશું સંભળાતું ન હોય એમ અંજલિ બૂમો પાડતી રહી.

સામેથી જવાબ આવતો રહ્યો, "હલ્લો અંજલિ... અંજલિ, હું બોલું છું..."

પણ અંજલિએ ફોન કાપી નાખ્યો.

"કોણ હતું?" રાજેશે પૂછ્યું.

"કોને ખબર... કંઈ સંભળાયું નહીં." અંજલિએ કહ્યું અને પછી ફોન સ્વિચ ઑફ કરી નાખ્યો...

એનું રડવાનું તો ક્યારનું બંધ થઈ ગયું હતું. હવે એનું મન જાણે બીજી જ દિશામાં પ્રવાસ કરવા લાગ્યું હતું. આવેલા ફોનમાં સાંભળેલો અવાજ એને રહી રહીને સંભળાતો હતો. જાણે એના ડ્રોઇંગરૂમમાં એ અવાજ કેરમના બોર્ડ પર કેરમની કૂકરી એક દીવાલથી બીજી દીવાલે જઈને અથડાય એમ આમથી તેમ અથડાઈ રહ્યો હતો.

સાગરની ગુંજ જેવો ઘેરો, ગંભીર અને સુરીલો એ અવાજ અંજલિને બેચેન કરી રહ્યો હતો. એણે આવી રીતે

ફોન મૂકી દેવો પડ્યો એ વાતે એનું મન વિચલિત થઈ ગયું હતું.

કેટલાં વર્ષો પછી સાંભળ્યો આ અવાજ. કેમ ફોન કર્યો હશે એણે?

"ડાર્લિંગ... તું થોડી વાર આરામ કર. સવારે ઊઠી ત્યારથી પીઠ લંબાવીને આડી જ નથી પડી. યાદ છે ને ડૉક્ટરે શું કહ્યું છે?"

"તેલ પીવા જાય તમારો ડૉક્ટર."

"અરે! અહીં ક્યાં દારૂબંધી છે? તેલ શું કામ પીએ બિચારો?" રાજેશે અંજલિને હસાવવાનો પ્રયાસ કર્યો. એ હસી નહીં, ઊલટાના એની આંખોમાં પાણી આવી ગયાં. રાજેશ જરા ઝંખવાઈ ગયો.

"તું પલંગમાં પગ ઊંચા રાખીને થોડી વાર સૂઈ જા. પ્લીઝ..."

"મને ઊંઘ નથી આવતી."

"ઊંઘી જવાનું કોણ કહે છે? આરામ કર."

"સારું કરીશ. તમારે ઑફિસ નથી જવાનું?"

"મને તો મોડું થાય છે, પણ તું જરા સારા મૂડમાં આવે તો જાઉં ને... તને ખબર છે ને તારી આંખોમાં આંસુ જોયાં પછી મને આખો દિવસ કામ કરવાનું મન નથી થતું."

"નહીં રડું, તમે જાવ."

"પ્રોમિસ?"

"પ્રોમિસ!"

"ગુડ ગર્લ..." રાજેશે અંજલિનો ગાલ થપથપાવ્યો. "તો હું જાઉ?"

"હા."

"સાંજે વહેલો આવીશ હોં... તને ચાઇનીઝ ખાવા લઈ જઈશ." રાજેશ ઊભો થયો. એની બૅગ લઈને બહાર નીકળવા લાગ્યો. "જય શ્રીકૃષ્ણા..."

"જય શ્રી કૃષ્ણા..." રાજેશ જેવો ફ્લૅટનો દરવાજો ઉઘાડીને બહાર ગયો કે અંજલિએ નિરાંતનો શ્વાસ લીધો. એને પેલા અવાજની સાથે એકલા પડવું હતું. આ ઘરમાં પડઘાતો એ અવાજ એના માથામાં હથોડાની જેમ વાગતો હતો. ફોન તો સ્વિચ ઑફ કરી નાખ્યો એણે, પણ એનું સમગ્ર અસ્તિત્વ રાજેશ ક્યારે બહાર જાય અને ક્યારે એ પેલા આવેલા નંબર પર ફોન કરે એની રાહ જોતું તરફડતું હતું.

એના ઘરની દીવાલો ઉપર એને જાણે એક ચહેરો દેખાવા માંડ્યો હતો. આ દેશની કે વિદેશની સંગીત વેચતી એક પણ દુકાનમાં આ ચહેરાના ફોટા છાપેલી સી.ડી. અને કેસેટ ન હોય એવું શક્ય જ નહોતું! આ ચહેરા અને આ અવાજે ગઝલની દુનિયામાં એક નવી વ્યાખ્યા આપી હતી. સાવ નવું, પણ એક એવું નામ હતું આ કે જે આ દેશના સંગીતપ્રેમીઓનાં દિલમાં ધડકવા લાગ્યું હતું...

શફ્ફાક!... આ નામ ગઝલ અને શાસ્ત્રીય સંગીતના જગતમાં આદરપૂર્વક લેવાવા લાગ્યું હતું. માત્ર ૩૨ વર્ષની નાનકડી ઉંમરે આ છોકરો સફળતાનાં શિખર પર શિખર સર કરી રહ્યો હતો. ગઝલપ્રેમી ઘરોના ડ્રોઇંગરૂમની મ્યુઝિક સિસ્ટમ્સ આ અવાજથી ગુંજી ઊઠતી હતી!

આ ચહેરો, આ નામ, આ અવાજ અંજલિ ખૂબ સારી રીતે ઓળખતી હતી એમ કહીએ તો ચાલે! આ નામ, આ ચહેરો, આ અવાજ અંજલિની યુવાનીનો, એના સંગીતના સુરીલા દિવસોનો, એના ભવ્ય ભૂતકાળનો એક એવો સાક્ષી હતો જેનો સૂર અંજલિના સૂરમાં મળતાં મળતાં અચાનક જ બેસૂરો થઈ ગયો હતો...

એણે ફોન સ્વિચ ઑન કર્યો.

રિસિવ્ડ નંબર્સમાં જઈને પેલો નંબર જોયો. નંબર જોડું કે નહીં એની અવઢવમાં ગૂંચવાતી અંજલિ મોબાઇલનું નાનકડું ઇનસ્ટ્રુમેન્ટ હાથમાં પકડીને એની સામે એકીટશે જોઈ રહી હતી ત્યારે ફરી રિંગ વાગી. ફોન રિસિવ કરવો કે નહીં એની અવઢવમાં અંજલિએ થોડી વાર રિંગ વાગવા દીધી...

પછી, ફોન કાને લગાડીને કહ્યું, "હલ્લો..."

"હલ્લો... અંજલિ છે?"

"બોલ... હું અંજલિ છું"

"ઓહ! હું તારો અવાજ ઓળખી ના શક્યો."

"ખરી વાત છે. આ અવાજ હવે ભુલાઈ ગયો છે - મને પોતાને પણ..."

"અંજલિ, એમ ભુલાઈ શકાતું હોત તો કેટલું સારું થાત. માણસની સ્મૃતિ જ માણસનો સૌથી મોટો દુશ્મન છે."

"ખરેખર તો યાદ રાખીને ફાયદો નથી થતો - કોઈનેય..."

"બહુ બદલાઈ ગઈ છે તું. વેપારી પતિની સાથે રહીને એક કલાકાર છોકરી ફાયદા-નુકસાનનો ભાષા બોલવા લાગી છે."

"શું કરું - અહીં આ જ ભાષા સમજે છે બધાં..."

"ને તું? તું તો સમજે છે ને?

"શફી, સમજદારી જ બહુ દુઃખ આપતી હોય છે. નાસમજ માણસો સરવાળે સુખી થતા હોય છે."

"અંજલિ, એક વાર... એક વાર - મળી ન શકાય?"

"તું મળીશ મને? તારી સફળતામાંથી, તારી વાહવાહીમાંથી, તારા ભરચક કાર્યક્રમોમાંથી સમય મળશે તને? શફ્ફાક અખ્તર... દુનિયા પૂજે છે તને!"

"આ તો તારી જગ્યા છે. અનાયાસે મળી મને. બાકી ગુરુજીએ આ સપનું તારા માટે જોયું હતું."

"સપનું..." કડવું હસી અંજલિ. "સપનાં જોવા પર ક્યાં પ્રતિબંધ હોય છે, માત્ર એને સાચાં પાડવાની જીદ નહીં

રાખવાની."

"કેટલાંક સપનાં મોડાં મોડાં પણ સાચાં પડતાં હોય છે... પાડી શકાય..."

"ના શફી, જેમાં માત્ર પીડા હોય - વર્ષો સુધી રાહ જોયા પછીયે તરસ્યા પાછા વળવાની નિરાશા હોય - એ સપનાં જોઈનેય શું કામ? શું કામ ખંડેરોના ઝરૂખે દીવા કરે છે? ભેંકાર છે બધું - લીવ મિ અલોન ઇન માય વર્લ્ડ... તારી અને મારી દુનિયા જુદી છે. હવે આપણા રસ્તા પણ જુદા છે."

"અંજલિ, આપણે સારાં મિત્રો હતાં, આપણે સારાં મિત્રો રહી શકીએ."

"શફી, શા માટે છેતરે છે, મને અને તારી જાતને?"

"અંજલિ, મારે તને મળવું છે. મારે... મારે તને કહેવું છે - ઘણુંબધું. સાંભળવું છે કેટલુંયે તારી પાસે... હું આજે મુંબઈમાં છું - જે. ડબ્લ્યુ. મેરિયટમાં. તારા ઘરની સાવ પાસે... થોડીક વાર માટે..."

અંજલિએ વચ્ચે જ કહ્યું, "પણ કાલે હું બહારગામ જાઉં છું - મારા પતિ સાથે, પરદેશ."

"સાચું બોલે છે?"

"ના જો શફી, હવે કશું જ કહેવા-સાંભળવાનો અર્થ નથી રહ્યો."

"ક્યાં જાઉં? કેમ કાઢીશું આ જિંદગી એવોય વિચાર નથી આવતો?"

"હું મારી જાતને એક સારી પત્ની સાબિત કરવાનો પ્રયત્ન કરીશ અને તું ઉચ્ચ કોટિનો કલાકાર સાબિત થવા પ્રયત્ન કર... આપણી દિશાઓ અલગ છે - આપણા રસ્તાઓ જુદા છે... તું ખૂબ આગળ વધે, ખૂબ સફળ થાય એવી શુભેચ્છા છે - મારી"

"મારી સફળતાની ક્ષણો ખૂબ કપરી હોય છે, ખાસ કરીને કોઈકની આંખોમાં આંખો નાખીને જોવું હોય ત્યારે..."

"શફી, આ બધી જ વાતો - આ બધી જ લાગણીઓ જ્યાં પહોંચે છે ત્યાં એક બોર્ડ છે, તને નહીં વંચાતું હોય કદાચ - પણ એના પર સ્પષ્ટ લખ્યું છે - ડેડ એન્ડ... આગળ રસ્તો બંધ છે..."

"પણ અંજુ..."

"ગુડ બાય શફી..પણ, કોઈ એક અંજલિ - કોઈ એક શફીની સફળતા હંમેશાં ઝંખતી રહેશે - એટલું વિચારીશ તો એ સફળતાની ક્ષણો કપરી નહી લાગે તને - આવજે... અને બને તો હવે, અચાનક અકસ્માતે પણ નહીં મળી જતો મને..."

અંજલિએ કહ્યું અને ફોન બંધ કર્યો. એના શ્વાસ તેજ થઈ ગયા હતા. ડૂમો ભરાઈ આવ્યો'તો. આંખોના ખૂણા પલળી ગયા હતા...

એને લાગ્યું કે આ ઘરની દીવાલો એની નજીક ને નજીક ખસી રહી હતી. એક અવાજ દીવાલોને અથડાતો, આમથી તેમ થતો એની નજીક ને નજીક આવતો જતો હતો. એને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી...

એણે રાજેશનો નંબર જોડ્યો.

"બોલ જાન!" રાજેશે કહ્યું.

"કાંઈ નહી... એમ જ!" અંજલિનો અવાજ જાણે ભરાઈ આવ્યો હતો. રાજેશ વિચલિત થઈ ગયો.

"શું થાય છે બેબી? ઘેર આવી જાઉં?"

"ના, ના..." અંજલિએ આંસુ લૂછી નાખ્યાં.

"બેબી, આર યુ ઓ.કે.?" રાજેશે પૂછ્યું.

"હા, હા..."

કોણ જાણે કેમ રાજેશના મનમાં અંજલિની વાત પર વિશ્વાસ ના બેઠો. એણે ફરી પૂછ્યું, "તબિયત તો સારી છે ને?"

"તમે... તું... આજે જલદી આવજે."

"હા, હા, ચોક્કસ. પણ કેમ?"

"તું બહુ યાદ આવે છે." અંજલિએ કહ્યું. રાજેશને એટલું સમજાયું કે એ રડી રહી હતી, પણ એણે એ રુદનને સવારની વાત સાથે જ જોડ્યું.

"હું ચોક્કસ વહેલો આવી જઈશ, પ્લીઝ.. તું રડ નહીં... તને ખબર છે ને આઈ લવ યુ."

"હં..." અંજલિ એટલું જ કહી શકી અને પછી અંજલિએ કશું જ કહ્યા વિના ફોન ડિસ્કનેક્ટ કરી નાખ્યો અને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. કેટલાંય વર્ષો પછી સાંભળેલા આ અવાજે અંજલિને એક સપનું યાદ કરાવી દીધું હતું. એ સપનું જેને અંજલિએ સાવ બાળપણથી પંપાળ્યું હતું. એ સપનું, જે અંજલિના જીવનનું ધ્યેય હતું. એ સપનું, જેને માટે અંજલિએ જાત ન્યોછાવર કરવાની પણ તૈયારી રાખી હતી... ને તેમ છતાં એનું એ સ્વપ્ન અધૂરું જ તરફડીને મૃત્યુ પામ્યું હતું.

અંજલિને પ્રોફેશનલ સિંગર બનવું હતું. શાસ્ત્રીય સંગીતમાં કારકિર્દી બનાવવી હતી. એ વારંવાર ઊંઘતાં અને જાગતાં સ્વપ્ન જોયા કરતી. પોતે સ્ટેજ પર ગાઈ રહી છે અને હજારો પ્રેક્ષકો એના અવાજના સંમોહનમાં બંધાઈને ડોલી રહ્યા છે.

અંજલિના ગુરુ પ્રયાગરાજ અંજલિને હમેશાં કહેતા, "તું તો મારું નામ ઉજાળીશ. એક તો ઈશ્વરે આવું રૂપ ને આવો અવાજ આપ્યો છે ને બીજી તારી લગન... બેટા, તારું ભવિષ્ય બહુ ઉજ્જવળ છે. મને તારી પાસેથી બહુ આશાઓ છે. સંગીત ક્યારેય નહીં છોડતી. ઈશ્વર સાથે નાતો બાંધવાનો સૌથી સહેલો ઉપાય સંગીત છે..."

અંજલિ પણ જયારે ગાતી ત્યારે એને લાગતું કે એ ઈશ્વરની સાવ લગોલગ ઊભી રહી, ઈશ્વરની આંખમાં આંખ નાખીને એની પૂજા કરી રહી છે.

રાજેશના ઘેરથી માગું આવ્યું ત્યારે અંજલિએ ઘસીને ના પાડી હતી. વૈભવીનાં માસીની નણંદનો દીકરો હતો

રાજેશ. માગું પણ વૈભવીનાં મા-બાપને ત્યાંથી જ આવ્યું હતું. અંજલિએ છોકરો જોવાની પણ ના પાડી. માંડ માંડ સમજાવીને અભયે એને છોકરો જોવા તો રાજી કરી હતી, પરંતુ અંજલિ ના પાડશે એની બધાને ખાતરી હતી અને વૈભવીએ અભયને અલ્ટિમેટમ આપી દીધું હતું, "તમારી બહેનને સમજાવી દેજો સાનમાં, આનાથી સારો છોકરો નહીં મળે... આટલો પૈસો..."

"વૈભવી, અમારા ઘરમાં પૈસાનું કોઈ મહત્ત્વ નથી. અમારા ઘરમાં સંસ્કારો અને સ્નેહ ઉપર સંબંધ બંધાય છે. સંપત્તિ જોઈને નહીં."

"સારું સારું... મારે ભાષણ નથી જોઈતું. આવા ઘરમાંથી માગું આવ્યું છે અને રાજેશ ગાંડો છે અંજલિ પાછળ. એને કહેજો કો દોઢડહાપણ કરવાને બદલે પરણી જાય, પછી ભલે તાણ્યા કરે રાગડા... સંગીતથી પેટ નહીં ભરાય."

"સંગીતથી પેટ ન જ ભરાય, એ આત્માનો ખોરાક છે."

"મારે દલીલો નથી કરવી. સો વાતની એક વાત સમજી લો કે તમારે કોઈ પણ સંજોગોમાં આ લગ્ન માટે હા પડાવવાની છે."

"પણ શું કામ?"

"કારણ કે મારાં માસીને નારાજ કરવા અમને કોઈને પોસાય એમ નથી ને છોકરામાં ખોટ પણ શું છે? વન થાઉઝન્ડ કરોડ્સની કંપની છે એમની... મુંબઈના હીરાબજારમાં વેપારીઓ પગે પડે છે."

"હું અંજલિને કહીશ, દબાણ નહીં કરી શકું."

"તો પસ્તાજો બીજું શું?" વૈભવીએ કહ્યું અને જતી રહી. એણે તમામ રીતે પ્રયત્ન કરી જોયા હતા. આ લગ્નની એ હા જ પાડે.

રાજેશ અને અંજલિ મળ્યાં હતાં. અંજલિને રાજેશમાં એક પણ મુદ્દો એવો નહોતો લાગ્યો જેને કારણે એની સાથે લગ્નની હા પાડી શકાય. બંને વારંવાર મળતાં રહ્યાં. અંજલિની ઇચ્છા હોય કે નહીં, રાજેશ અંજલિના મ્યુઝિક ક્લાસની બહાર, એની કૉલેજની બહાર, અરે! એની પિકનિક ઉપર પણ એને મળવા પહોંચી જતો. અંજલિ માટેની રાજેશની લાગણી ખૂબ સાચી હતી એટલું તો ઘરના બધા જ જોઈ શકતા હતા.

રાજેશના પપ્પા મહેન્દ્ર ઝવેરી અને એનાં મમ્મી વસુમાને વારંવાર ફોન કરતાં અને અંજલિને સમજાવવાનું કહેતાં. એક દિવસ વસુમાએ અંજલિને બેસાડીને સમજાવી હતી. "જો બેટા, રાજેશ સાથે કે બીજા કોઈની પણ સાથે લગ્ન કરવાં કે નહીં એ નિર્ણય સંપૂર્ણપણે તારો જ હોઈ શકે, પણ મારે એક વાત કહેવી છે તને. જે માણસ આપણને આટલું ચાહતો હોય એની સાથે જીવન એટલા માટે જોડવું જોઈએ કે એને આપણી કિંમત - આપણું મૂલ્ય, આપણું મહત્ત્વ ખબર હોય છે."

"કિંમત અને મૂલ્ય? મા, લગ્ન હૃદયનો સંબંધ છે. એમાં વળી કિંમત અને મૂલ્યની વાત ક્યાં આવી?"

"જો અંજલિ, તારા પિતાએ જે કર્યું છે એનાથી દેવશંકર મહેતાના ખાનદાનને બટ્ટો તો લાગ્યો જ છે. હું ડરતી નથી, મને એવો ભય પણ નથી કે તારા માટે બીજાં માગાં નહીં આવે, પણ આ છોકરો રાજેશ તને સાચા હૃદયથી ચાહે છે. બેટા, ચાહનારાય મળી રહેશે તને, પણ એનાં મા-બાપ જેવાં મા-બાપ, એના ઘર જેવું ઘર

અને આવો છોકરો - બધું સાથે કદાચ નાય મળે."

"એ ઘરમાં સંગીતની કોઈ કિંમત નથી મા. મારું ગળું રૂંધાઈ જશે એ ઘરમાં."

"બેટા, સંગીત શોખ હોઈ શકે, પણ ..."

"શોખ નહીં મા, સંગીત મારું જીવન છે. હું ગાવાનું છોડીશ તો જીવવાનું પણ છૂટી જશે."

"એવું લાગે દીકરા, મને પણ હતું કે સૂર્યકાંત મહેતા નહીં હોય તો હું જીવી નહીં શકું ને છતાંય જીવી ગઈ ને? કોઈ સમય ટકતો નથી બેટા, ને નથી કોઈ વિચાર કાયમી બની જતો. કોઈ સામાન્ય મધ્યમ વર્ગના છોકરાના પ્રેમમાં પડીને સંગીત સાચવી શકીશ તું? વિચારી જોજે. પૈસા મારા માટે જરાય મહત્ત્વના નથી, પણ પૈસા વિના જીવી નથી શકાતું એ પણ જોયું છે મેં. ભલભલા પ્રેમમાં ધબકતાં હૃદય ખોટકાઈ જતાં જોયાં છે, પૈસા વગર..." વસુમા તો ચાલ્યાં ગયાં, પણ અંજલિના મનમાં એ વાત ધુમરાતી રહી.

સાંજે રિયાઝના સમયે અંજલિની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. ગુરુજીએ આ જોયું. અંજલિના માથે હાથ ફેરવ્યો અને પૂછ્યું, "શું વાત છે બેટા?"

અંજલિએ બધું જ કહ્યું.

ગુરુજીએ અંજલિને એક જ વાક્યમાં જવાબ આપ્યો, "જે સાચું લાગે અને સારું લાગે એમ કર બેટા. તારા હૃદયમાં સ્વયં ઈશ્વરનો નિવાસ છે. હૃદયને પૂછ, અંદર વસતો ઈશ્વર તને ખોટી સલાહ નહીં આપે."

રિયાઝ પતાવીને બહાર નીકળતી વખતે અંજલિએ શફ્ફાકનો હાથ પકડી લીધો હતો. "જવાબ આપ... મારે શું કરવાનું?"

"અંજુ, હજી તો હું કમાતો નથી. મારે કારકિર્દી બનાવવાની છે. કેટલીયે સ્ટ્રગલ હજી મારા નસીબમાં લખી છે એની મને જ નથી ખબર તો તને શું જવાબ આપું?"

"એટલે? આપણી વચ્ચે જે થયું એ બધું..."

"બધું જ સાચું અંજુ, પણ સમય ખોટો. હું તને ચાહું છું એ સત્ય છે અને એથીયે મોટું સત્ય એ છે કે હું હમણાં તાત્કાલિક તારી સાથે પરણી શકું એમ નથી."

"પણ મારી માને મળી લે, એક વાર... હું જીવનભર રાહ જોવા તૈયાર છું."

"તારી પહેલાં તો મારે મારા ઘરવાળાને મનાવવાં પડશે. બીજા મઝહબની છોકરી... અને એ પણ હિન્દુ..."

"આ બધું પહેલાં નહોતું વિચાર્યું?"

"વિચાર્યું હતું. બધું જ વિચાર્યું હતું અંજુ, પણ હું મારા હૃદય આગળ લાચાર થઈ ગયો અને તને પ્રેમ કરી બેઠો."

"તું મારી સાથે લગ્ન કરીશ કે નહીં?"

"અંજુ, તારા વિના જીવવું અશક્ય છે અને છતાં જિંદગીના આ તબક્કે હું તને કોઈ જવાબ આપી શકું એમ

નથી.”

પળભર શફ્ફાકની આંખોમાં જોઈ રહી અંજલિ. પછી હાથ ઉઠાવીને એક ઝન્નાટેદાર થપ્પડ ઠોકી એણે! અને, મરીન ડ્રાઇવની સામે આવેલા એ બિલ્ડિંગની ફૂટપાથ પરથી દોડીને રસ્તો ક્રોસ કરી લીધો.

શફ્ફાક હજી ત્યાં જ ઊભો હતો. એની આંખોમાં પાણી હતાં. એ અંજલિને જતી જોઈ રહ્યો. નજર સામેથી અને પોતાની જિંદગીમાંથી પણ...

એ વાતને આજ ત્રણ વર્ષ થઈ ગયાં.

“આજે અચાનક શેને માટે ફોન કર્યો હશે?” અંજલિનું મન એના વશમાં નહોતું.

રાજેશને પરણીને અંજલિને કોઈ વાતનું દુઃખ નહોતું. રાજેશના માતા-પિતાએ એને જુદો ફ્લૅટ લઈ આપ્યો હતો, જેમાં ફક્ત અંજલિ અને રાજેશ રહેતાં. રાજેશ અંજલિનો પડ્યો બોલ ઝીલતો. પાંચ વર્ષના લગ્નજીવન પછી પણ જાણે હજી હમણાં જ પરણ્યાં હોય એમ અંજલિની પાછળ ઘેલાં કાઢતો. ફૂલ, પરફ્યૂમ, કપડાં, ડાયમંડ્સ અને કાર્ડ્સથી અંજલિને પોતાના પ્રેમની સાબિતીઓ આપ્યા જ કરતો.

છતાં અંજલિને સંગીત વિનાનો એ સંબંધ અધૂરો લાગતો, લાગ્યા જ કરતો.

રાજેશ અંજલિને ઘણી વાર કહેતો કે, “તું તારું સંગીત ચાલુ રાખ. તારા પ્રોગ્રામ્સ કરીએ, તારી સી. ડી. કરાવીએ.” પણ અંજલિનું મન જાણે ઊઠી ગયું હતું. લગ્ન પછી ભાગ્યે જ એણે તાનપુરો હાથમાં લીધો હતો. એના મ્યુઝિકરૂમના એક ખૂણે કેટલાય વખતથી તાનપુરો ધૂળ ખાતો પડ્યો હતો. આજે અચાનક જ અંજલિને એ તાનપુરાને અડવાની, સાફ કરવાની અને સૂર મેળવવાની ઇચ્છા થઈ આવી...

શફ્ફાકના ફોને અંજલિની અંદર રહેલી એક બીજી અંજલિ ઉપરથી ધૂળ ઉડાડી હતી અને એ બીજી અંજલિ આ અંજલિને પૂછતી હતી, “કેમ? કેમ છોડી દીધું સંગીત?”

*

અલયનો ફોન કપાયો અને અભયનો માથા પાસે મૂકેલો મોબાઇલ રણક્યો.

અભયે ચશ્માં પહેર્યાં, નંબર જોયો. એને આશ્ચર્ય થયું. “અત્યારે? રાત્રે સાડા અગિયારે?”

અને ફોન ઉપાડીને કહ્યું, “બોલ...!”

“એક ખાસ વાત કરવી છે.”

“ગઈ, કાલે આખી રાત તારી સાથે હતો ત્યારે યાદ ના આવ્યું?”

“અભય, આઈ વૉઝ વેઇટિંગ ફોર ધ રિપોર્ટ.”

“રિપોર્ટ? શાનો રિપોર્ટ?”

“આઇ એમ પ્રેગનન્ટ અભય...”

“વ્હૉટ નોનસેન્સ… આટલું બધું પ્રોટેક્શન લીધા પછી એ કેવી રીતે શક્ય છે?”

“મને નથી ખબર.”

“તો કોને ખબર છે?” અભયનો અવાજ અચાનક ઊંચો થઈ ગયો. બાજુમાં સૂતેલા અજયની ઊંઘ ઊડી ગઈ, પણ એણે આંખો મીંચીને પડ્યા રહેવું જ યોગ્ય સમજ્યું.

“હું તને પૂછું છું, ચૂપ રહેવાનો કોઈ અર્થ નથી. તને નથી ખબર તો કોને ખબર છે? લૂક મને બ્લેકમેલ કરવાનો પ્રયત્ન નહીં કરતી. હું તને પહેલાં જ કહી ચૂક્યો છું કે મારા કુટુંબને અને મારી માને આ સંબંધની ખબર ના પડવી જોઈએ. હું તારી કોઈ મદદ નહીં કરી શકું.”

“અભય…!” પ્રિયાના અવાજમાં આઘાત અને આશ્ચર્ય બંને હતાં. “હાઉ કેન યુ સે ધીસ?”

“જો પ્રિયા…” અભયે કહ્યું અને પછી બાજુમાં સૂતેલા અજય તરફ ધ્યાનથી જોયું. એની આંખો બંધ હતી. “મારી દીકરી સોળ વર્ષની છે. આ ઉંમરે મને આવા બધા ભવાડા ના પોસાય.”

“ભવાડા? આ ભવાડા છે?”

“આપણી વચ્ચે સ્પષ્ટ સમજૂતી હતી કે…”

“હતી! સમજૂતી હતી… તેથી શું? હવે હું પ્રેગનન્ટ છું એ સત્ય છે અને આ બાળક…”

“શેનું બાળક? કોનું બાળક?” લગભગ રાડ પાડી અભયે, “ચૂપચાપ અબોર્શન કરાવી લે. આ ભૂલને બાળક કહીને કારણ વગરના ઇમોશન્સમાં ઘસડાઈશ નહીં ને મને પણ ઘસડવાનો પ્રયત્ન ના કરીશ.”

“આઈ લવ યુ અભય, આ આપણા પ્રેમની…”

“શટ-અપ ઍન્ડ ડુ એઝ આઇ સે. મને આ પ્રોબ્લેમથી છૂટકારો જોઈએ છે. જેમ બને એમ જલદી. તારી મેળે મેનેજ કરી લે, હું પૈસા આપી દઈશ અને બીજી વાત, હું મારા કુટુંબ સાથે હોઉં ત્યારે ફોન નહીં કરવાનો એવું કેટલી વાર કહ્યું છે તને? મારે ઇનફ પ્રોબ્લેમ્સ છે, એક વધારાનો પ્રોબ્લેમ નથી જોઈતો. સમજી? હું પાછો ન આવું ત્યાં સુધી મને ફોન નહીં કરતી.” અભયે ફોન ડિસ્કનેક્ટ કરી નાખ્યો અને માથું ઓશીકા નીચે નાખી માથા પર ઓશીકું દબાવીને ઊંઘવાની કોશિશ કરવા માંડી.

લક્ષ્મી સ્વિટના બહારના ભાગમાં સોફા પર લંબાવીને ‘ઝાહેર’ વાંચી રહી હતી. વારંવાર એની નજર પેલા પહેલા પાના પર જવા લલચાઈ જતી. ટેબલ પર મૂકેલા સ્કેચિસમાંની આંખો એની સામે જોતી હતી…

જાણે એને પૂછતી હોય, “શું વાત છે લક્ષ્મી?” લક્ષ્મી શરમાઈ. એને નિરવનું કહેલું યાદ આવી ગયું, “મારું નામ શું?” લક્ષ્મીના ચહેરા પર સ્મિત આવી ગયું. એણે સામે મૂકેલું કાર્ડ જોયું. સૂર્યકાંત મહેતાએ જીન્સના પોકેટમાંથી કાઢીને સામે રાઇટિંગ ટેબલ પર નિરવનું કાર્ડ મૂક્યું હતું.

લક્ષ્મીએ ઊઠીને એ કાર્ડ હાથમાં લીધું.

નિરવ ચોકસી

વી. કે. ચોકસી એન્ડ કંપની

ઑપેરા હાઉસનું ઍડ્રેસ હતું એમાં અને થોડા ફોન નંબર "બધા જ નંબર ઑફિસના હશે." લક્ષ્મીએ વિચાર્યું. છતાં એક વાર નંબર જોડ્યો. રિંગ વાગી.

લક્ષ્મીના હૃદયની ધડકન તેજ થઈ ગઈ.

નિરવના ટેબલ પર પડેલો ફોન રણકી રહ્યો હતો. અલયનો ફોન મૂકીને ગૂંચવાયેલો નિરવ હજીયે ટેબલ પર જ બેસી રહ્યો હતો. એનું મન જાણે ક્ષુબ્ધ થઈ ગયું હતું. અલયે વસુમાને જણાવવાની ના પાડીને એને વધુ બાંધી લીધો હતો.

માને છોડીને અમેરિકાથી ભારત આવેલા નિરવને વસુમાએ માનો પ્રેમ આપ્યો હતો. નિરવ માટે વસુમા પોતાની માથી જરાય ઓછાં નહોતાં એમને નહીં જણાવીને પોતે ગુનો કરતો હતો અને એ ગુનાનો અપરાધભાવ પીડી રહ્યો હતો એને...

અને સામે પક્ષે અલયની દોસ્તી હતી. અલયને વળોટીને એની 'ના' છતાં અભયભાઈને કે બીજા કોઈને ફોન કરવો કે નહીં એની ગૂંચવણ એના મનમાં ચાલતી હતી. અલયને ફોન જ શું કામ કર્યો એવો અફસોસ પણ થતો હતો...

બરાબર એ જ વખતે એના ટેબલ પરનો ફોન રણક્યો.

"અત્યારે? સાડા અગિયારે ઑફિસમાં? કોણ હશે?"

એણે ફોન ઉપાડ્યો.

"હલ્લો..."

"કોણ?"

"લક્ષ્મી!"

"લક્ષ્મી?! કોણ લક્ષ્મી?"

"હું... આજે તમને તાજમાં મળી હતી..."

"ઓહ તમે! કેમ અત્યારે ફોન કર્યો? કંઈ પ્રોબ્લેમ નથીને?"

"ના, ના, આમ જ ફોન કર્યો. જસ્ટ ટુ ટૉક."

"ટૉક વ્હૉટ?"

"નથિંગ." લક્ષ્મીને આગળ શું કહેવું એ સૂઝ્યું નહીં.

"ધેન લેટ અસ ટૉક નથિંગ." નિરવે કહ્યું અને હસી પડ્યો. સામે લક્ષ્મી પણ હસી પડી અને એક ક્યાંય ન પહોંચનારી, એકબીજાને બધું જ કહીને છતાં કશુંય ન કહેવાની... વર્ષથી બે યુવાન હૃદયો વચ્ચે રમાતી રમત

શરૂ થઈ ગઈ.

*

અહીં વૈભવીનું ચિત્ત ચકડોળે ચડ્યું હતું.

“જે માણસે એક વાર ઘર શોધી કાઢ્યું એ પાછો નહીં આવે એની તો કોઈ ખાતરી જ નથી અને જો પાછો આવશે તો... એ એવું પણ કહેશે જ કે હું એને મળી હતી અને જો એમ કહે તો..”

વૈભવી પલંગમાં બેઠી થઈ ગઈ.

જો ખરેખર આવું બને તો કુટુંબનો એક પણ સભ્ય વૈભવીને માફ ના કરે એ સ્વાભાવિક હતું. સૂર્યકાંત મહેતાને કાઢી મૂક્યા પછી વૈભવીનું મગજ એકસરખું એમના વિશે વિચાર્યા કરતું હતું.

“ખરેખર આટલો પૈસાવાળો હશે? કેવી રીતે બનાવ્યા હશે આટલા પૈસા? શું કરતો હશે? પરદેશ રહેતો હશે? આટલાં વરસ આવ્યો કેમ નહીં? ફરી પરણ્યો હશે?” આ બધા વિચારોની સાથે સાથે વૈભવીને વિચાર આવ્યો કે એણે સૂર્યકાંત મહેતાને એ તો પૂછ્યું જ નહીં કે એ મુંબઈમાં ક્યાં ઊતર્યા હતા?

જરૂર પડે એમને શોધવા ક્યાં?

વૈભવીના ચેસની બાજી ગોઠવાઈ ગઈ હતી. વસુમા શ્રાદ્ધ કરીને પાછાં આવે અને પછી જો સૂર્યકાંત મહેતા મળે તો પોતે પકડાય, પણ જો એ હમણાં જ ફોન કરીને કહી દે કે સૂર્યકાંત મહેતા મુંબઈમાં છે તો શ્રાદ્ધ રોકી શકાય અને સૂર્યકાંત મહેતાને પોતાની સાસુ સુધી પહોંચાડવાનો યશ પણ પોતે મેળવી શકે.

“પણ એમને શોધવા ક્યાં?” વૈભવીનુ મગજ કામે ચડી ગયું. “સૌથી પહેલી તપાસ હૉટેલોમાં કરવી જોઈએ. ત્યાંથી જ ખબર પડશે... આટલાં વરસથી મુંબઈ છોડી ગયેલા માણસનું ઘર તો હશે નહીં આ ગામમાં. કોઈ સગાને ત્યાં ઊતરે નહીં એવા તો દિદાર હતા એમના. એટલે શક્યતા તો હોટેલની જ વધારે હતી.” વૈભવીએ ફોન ઉપાડ્યો...

ઑબેરોય, ન્યુ ઑબેરોય, જે. ડબલ્યુ મેરિયટમાં ફોન કરી જોયા. ત્યાં તો નહોતા જ. સૂર્યકાંત! મહેતા નામનો કોઈ માણસ આ હૉટેલોમાં ઊતર્યો નહોતો. હવે એક માત્ર તાજ બાકી હતી.

વૈભવીએ તાજનો નંબર જોડ્યો.

“ગુડ મોર્નિંગ તાજ...” બાર ને પાંચ થઈ હતી.

વૈભવીએ અત્યંત સલૂકાઈથી અને ચાલાકીથી સૂર્યકાંત મહેતાની પૃચ્છા કરવા માંડી. રિસેપ્શન પરથી એને ફક્ત એટલી માહિતી મળી શકી કે ન્યૂ યોર્કથી આવેલા સૂર્યકાંત મહેતા અને લક્ષ્મી મહેતા તાજના બારમા માળે 1011 માં ઊતર્યા હતાં.

“તાજમાં ઊતરી શકે એટલો પૈસો તો છે! એમને મળવું જોઈએ અને વસુમા સુધી એમને પહોંચાડવાનો જશ ખાટી જ જવો જોઈએ. હું ગમે તેટલું રોકીશ તોય એ વસુમાને મળશે જ અને મળ્યા પછી બધી વાત પણ કરશે. એને બદલે હું જ એમને ગોતી કાઢું...”

વૈભવીએ ફરી નંબર જોડ્યો અને 1011 માગ્યો.

"ફોન એન્ગેજ છે મેડમ..."

"એન્ગેજ?? રાત્રે બાર ને દસે??" વૈભવીને ફાળ પડી.

* * *

14

વૈભવીએ ફરી નંબર જોડીને વન-નોટ-વન-વન માગ્યો.

'ફોન એન્ગેજ છે, મૅડમ...'

'એન્ગેજ? રાત્રે બાર ને દસે?' વૈભવીને ફાળ પડી.

અને સૌથી પહેલો વહેમ જાનકી પર પડ્યો.

હજી આજે સાંજે જ એને જાનકીએ પૂછ્યું હતું:

પપ્પાજી તો નહોતાને?

એણે એ વખતે તો હસીને ટાળી દીધું હતું, પણ જો સૂર્યકાંત મહેતા પાછા આવે તો પોતાની સ્થિતિ કફોડી થશે.

આવા સમયે એણે પોતાને બચાવવાનો પ્રયાસ કરવો પડે. એને બદલે એ જો સામેથી સૂર્યકાંતને શોધીને વસુમાની સામે ઊભા કરી દે તો...

તો?!

તો?!

વૈભવીનું ચિત્ત ચકડોળે ચઢ્યું હતું. એણે મહેનત કરીને સૂર્યકાંતનો પત્તો તો કાઢ્યો, પણ તાજનો 1011 સ્વીટનો ફોન એન્ગેજ હતો.

આ સમયે કોણ હોઈ શકે?

વૈભવી પરેશાન થઈ ગઈ. એ ધીમેથી ઊઠી. એ જાનકીના રૂમ તરફ ગઈ. ધીમેથી એણે રૂમનો દરવાજો ધકેલ્યો.

પુત્ર હૃદયને પડખામાં લઈ જાનકી ઘસઘસાટ ઊંઘતી હતી...

એટલે આ જાનકી તો નહોતી.

તો પછી? કોણ હોઈ શકે? પચ્ચીસ વર્ષ પહેલાં દેશ અને મુંબઈ શહેર છોડીને ચાલી ગયેલા સૂર્યકાંત મહેતાને આ શહેરમાં એવો બીજો કયો સંબંધ હતો, જે રાત્રે બાર ને દસે પણ જાગતો હોય?!

*

નીરવે ઘડિયાળમાં જોયું: સવા બાર...

લક્ષ્મીને જાણે આજે જ નીરવની સાત પેઢીનો ઇતિહાસ જાણી લેવો હતો એના ગમા-અણગમા, શોખ...

લક્ષ્મી પ્રશ્નો પૂછ્યે જ જતી હતી ને નીરવ જવાબ આપ્યે જ જતો હતો બન્ને જાણે એકબીજાને વર્ષોથી

ઓળખતાં હોય એમ...

એકબીજા સાથે લગભગ અંગત વાતો પર ઊતરી આવ્યાં હતાં.

નીરવનું બાળપણ પણ અમેરિકામાં એની મા રિયા પાસે વીત્યું હતું એ વાત નીકળતાં જ નીરવનાં જાણે બે-ચાર પડ ઊઘડી ગયાં. એણે પોતાની અંગત લાગણીઓ લક્ષ્મી સાથે એવી રીતે વહેંચવા માંડી જાણે લક્ષ્મી એની બાળપણની મિત્ર હોય..

આમ નીરવ જલદી ખૂલે એવો માણસ નહોતો. મા રિયાને છોડીને આવ્યા પછી વિષ્ણુપ્રસાદ પાસે રહી રહીને તો નીરવે જાણે પોતાનાં બધાં જ બારી-દરવાજા બંધ કરી દીધાં હતાં. હસતા-જોક મારતા માણસનો મુખવટો પહેરીને જીવતો નીરવ ધીરે ધીરે ભૂલવા લાગ્યો હતો કે એ મૂળ કોણ હતો... એની ઝંખનાઓ શું હતી... એનાં સપનાં શુ હતાં... એ પોતે જ ભૂલી ગયો હતો કે એની અંદર કશુંક ભીનું, કશુંક ધબકતું પણ હતું ક્યારેક!

ઘરમાં બાપ-દીકરો ભાગ્યે જ સાથે જમતા. સામસામે બેસીને વાત કરવાના પ્રસંગ ભાગ્યે જ બનતા. આમ તો વિષ્ણુપ્રસાદને દીકરાનાં સંવેદન સમજવાનો સમય જ નહોતો. સંવેદન નામની ચીજ વિષ્ણુપ્રસાદ માટે સમય બગાડવા જેવી જ વસ્તુ હતી. નીરવ સમય સાથે એવું શીખી ગયો હતો કે કોઈનેય પોતાની વાત ન કહેવી.

પણ આજે...

લક્ષ્મીએ જાણે એક હળવો ધક્કો મારીને નીરવના મનના દરવાજા ખોલી નાખ્યા. કેટલા સમય પછી બહારની તાજી, ખુલ્લી હવા નીરવના મનના પ્રદેશમાં દાખલ થઈ હતી.

જે નીરવ ભાગ્યે જ પોતાના વિશે બોલતો એ નીરવ આજે અચાનક જ લક્ષ્મીને જાણે પોતાના અંગત જીવનની બધી માહિતી બિનશરતી આપવા તૈયાર થઈ ગયો હતો.

દસમે વર્ષે નીરવને એની ઇચ્છા વિરુદ્ધ ભારત લાવવામાં આવ્યો હતો અને પિતા સાથે રહેવાની સહેજ પણ ઇચ્છા ન હોવા છતાં કોઈ કારણ વગર છેલ્લા બે દાયકાથી એ અહીં મુંબઈમાં રહેતો હતો. એક દિવસ પણ એવો નહોતો, જ્યારે એણે એની મા રિયાને મિસ ન કરી હોય. શરૂઆતમાં સ્કૂલમાં વાપરવા મળતા પૉકેટમની, જે એ બચાવી રાખતો તે માને ફોન કરવામાં જ વપરાઈ જતા...

અલય એની સ્કૂલમાં એના ક્લાસમાં ભણતો. અલય પાસે પણ પૈસાની કાયમ તંગી જ રહેતી. બીજા મિત્રો જ્યારે કૅન્ટીનમાં જઈને સમોસાં, વડાપાંઉ, ચૉકલેટ કે મિસળ ખાતા ત્યારે આ બે જણ સાવ નજીક આવેલા ઘેર જઈને વસુમાએ તળી રાખેલી કાતરી કે બનાવી રાખેલા બટાકા-પૌંઆ ઝાપટતા, નીરવને હંમેશાં વસુમાના ચહેરામાં મમ્મી રિયાનો ચહેરો દેખાતો...

વસુમા પણ સમજતાં કે નીરવને માની ખોટ સાલે છે. ક્યારેક નીરવને ખોળામાં બેસાડીને વહાલ કરતાં તો ક્યારેક એને હોમવર્કમાં મદદ કરતાં. એટલી નાની ઉંમરે પણ નીરવ આને ઉપકાર સમજતો અને જ્યારે જ્યારે અમેરિકા જતો ત્યારે ત્યારે ઘરનાં બધાં માટે ઢગલાબંધ વસ્તુઓ લઈ આવતો. નીરવને નાનપણથી જ વહાલની સામે વસ્તુ આપી દેવાનું શિખવાડવામાં આવ્યું હતું. જો કે સમય સાથે એણે પોતાની જાતને ઘણી બદલી હતી, પરંતુ વસુમા માટે આદર કહો, વહાલ કહો કે આકર્ષણ કહો, એમાં કોઈ ફેર પડ્યો નહોતો.

વૅકેશનમાં વર્ષે-બે વર્ષે એ માને મળવા અમેરિકા જતો ખરો ને દરેક વખતે નક્કી કરીને જતો કે પાછો નહીં આવું.

વિષ્ણુપ્રસાદ શરૂઆતમાં ફોન ન કરતા. પછી અઠવાડિયે, બબ્બે દિવસે, રોજ અને પછી દિવસમાં બે ફોન કરવા લાગતા, કામના બહાને કે બીજી કોઈ પણ વાત કરવા માટે, પણ ક્યારેય એવું ન કહેતા કે પાછો આવ. ઈગોઈસ્ટ પિતાની એકલતાને ઓળખીને નીરવ મુંબઈ પાછો આવી જ પહોંચતો.

નીરવને રિયા કહેતી:

'ન જા! એ માણસને એક વાર તો પીગળવા દે. એને કહેવા દે કે એ તને યાદ કરે છે, તને મિસ કરે છે.'

પણ નીરવ હસીને હંમેશાં એક જ જવાબ આપતો:

'મૉમ, આપણે બન્ને જાણીએ છીએ કે એ પથ્થર છે પછી એને પિગળાવવાની જીદ શું કામ કરવાની? એ આવા જ છે અને એટલે જ તેં તો એમને છોડી દીધા છે. હવે જો હું પણ એમને છોડી દઉં તો આ પથ્થર બીજા કેટલાનાં માથાં ફોડશે એ ખબર છે?'

મા-દીકરો હસતાં.

-અને નીરવ મુંબઈ પાછો આવવા નીકળતો ત્યારે રિયાની આંખો છલકાવા લાગતી:

'તું ક્યારેય મારી સાથે નહીં રહે?'

'રહીશને! તું મુંબઈ ચાલ...'

'ના, મને નફરત છે એ શહેરથી. એ શહેરનો વિચાર કરું તો પણ ત્યાં ગાળેલા દુ:ખ અને તકલીફના દિવસોની કડવાશનો સ્વાદ આવે છે મને...'

'મૉમ!'

'નીરવ!'

અને બન્ને જણ ભેટીને છૂટાં પડી જતાં...

અત્યારે પણ નીરવ જ્યારે લક્ષ્મીને રિયા વિશે કહી રહ્યો હતો ત્યારે એનું ગળું ભરાઈ આવ્યું હતું. સામે છેડે એની વાત ચૂપચાપ સાંભળી રહેલી લક્ષ્મીની આંખો પણ ભીની થઈ ગઈ હતી.

બન્ને જણ થોડી વાર સાવ ચૂપ રહ્યાં. બન્ને છેડે જાણે લાગણીઓનો ભાર લાગવા માંડ્યો. બન્ને જણ જાણે પોતપોતાના ભૂતકાળના અતલ ઊંડાણમાં ડૂબકી મારી આવ્યાં. બે માણસ જ્યારે નિકટ આવે છે ત્યારે પીડાદાયક બાળપણ એક પુલ બની જતું હશે... એવો પુલ, જે બન્નેને એકબીજાની વધુ ને વધુ નજીક લઈ આવે!

સ્મૃતિમાં સચવાયેલાં આંસુથી વધુ ખારું અને વધુ ઊનું કદાચ બીજું કંઈ નથી, મૌનનો ભાર જાણે બન્નેને કચડવા લાગ્યો ત્યારે લક્ષ્મીએ આખરે ચુપકીદી તોડી:

'મેં તો મારી મૉમને જોઈ જ નથી. હું એક મહિનાની હતી ત્યારે એ ગુજરી ગઈ.'

"ઓહ! તારી મૉમ એટલે સૂર્યકાંત મહેતાની બીજી પત્ની.." નીરવથી બોલ્યા વિના ન રહેવાયું.

'હા!' લક્ષ્મીએ થૂંક ગળે ઉતાર્યું: 'પણ મારી મૉમને કદાચ ખબર નહીં હોય વસુ આન્ટી વિશે...'

'હા, અને વસુમાને પણ તારી મૉમ વિશે ખબર નહીં હોય. તને ખબર છે પહેલી પત્ની જીવતી હોય અને બીજાં લગ્ન કરો તો એ કાયદેસર ગુનો બને છે?'

'મને ખબર છે, પણ તમારે એમને પૂછવું જોઈએ કે તમે આવું કેમ કર્યું...'

"મારે? મારે શા માટે પૂછવું જોઈએ?"

'કારણ કે તમે જ આખી પરિસ્થિતિને ત્રીજા માણસ તરીકે જોઈ શકો. વસુ આન્ટી કે ઘરનાં બીજાં...'

નીરવની આંખ સામે અલયનો ચહેરો તરવરી ઊઠ્યો:

'ઘરનાં બીજાં... લક્ષ્મી, સૌને એમની સામે ફરિયાદ છે, પીડા છે, દુ:ખ છે.'

'હોય જ, હું ક્યા ના પાડું છું? પણ વીતેલા સમયની કડવાશને યાદ કરીને આવનારો સમય શા માટે બગાડવો?'

લક્ષ્મીએ એકદમ સંયત, સમજદાર અવાજમાં દલીલ કરી:

'નીરવ, જીવન માત્ર ભૂતકાળનાં બૅગેજિસ નથી કે નથી ભવિષ્યની ચિંતાના ઢગલા... લાઇફ ઈઝ ધિસ વેરી મોમેન્ટ! જીવન વર્તમાન છે અને વર્તમાન એ છે કે મારા ડૅડી છેક અમેરિકાથી તારાં વસુમાના બોલાવવાથી અહીં આવ્યા છે.'

'ભલેને આવ્યા.'

'અને એ વસુ આન્ટીને મળ્યા વિના પાછા અમેરિકા ન જાય એ હું જોઈશ...'

'વેરી ગુડ! આમ તો એ જ શ્રેષ્ઠ છે.'

'શું છે?' અમેરિકન છોકરીને શ્રેષ્ઠ સમજાયું નહીં કદાચ.

'શ્રેષ્ઠ છે-બેટર છે-કરેક્ટ છે.' નીરવે કહ્યું અને હસી પડ્યો...

એક તોળાઈ રહેલી દલીલ વીખરાઈ ગઈ. બન્ને જણ બીજી વાતે ચડી ગયાં.

ફોન એન્ગેજ જ રહ્યો...

*

વૈભવીએ ઘડિયાળ જોઈ: સાડા ચાર...

એ પથારીમાંથી ઊભી થઈ. બાલ્કનીમાં આવીને ઊભી રહી. એ લગભગ આખી રાત સૂતી નહોતી. એનું

મગજ જાતજાતના દાવપેચ કરતું રહ્યું. આખી રાત માનસિક દાવપેચ રમીને થાકેલી વૈભવી ગૅલરીમાં જઈને ઊભી રહી...

અભયને ફોન કરીને જો કહી દઉં કે એના પિતા આવી ગયા છે તો આજે સવારે થનારી શ્રાદ્ધની ક્રિયા અટકી જાય. હરિદ્વાર ગયેલું આખુંય ટોળું લીલાં તોરણે પાછું ફરે! અભયની નજરમાં મારું મહત્ત્વ વધી જાય અને વસુમાની નજરમાં મારી ઇમેજ ચોખ્ખી થઈ જાય. સૂર્યકાંત મહેતા ગદ્ગદ થઈ જાય અને આજે જે કંઈ કમાયા છે એ બધું કદાચ...

વૈભવીના ચહેરા પર સ્મિત આવી ગયું. અને પોતાની જાત પર જ ગર્વ થઈ ગયો: શું વિચારે છે! વેલ્ડ યુ આર જિનિયસ...

એણે પોતાનો મોબાઇલ હાથમાં લીધો અને અભયને નંબર લગાડ્યો. માથા પર ઓશીકું દાબીને ઘસઘસાટ ઊંઘતા અભયના ફોનની રિંગ વાગી. અભયે પ્રિયાનો ફોન હશે એમ માનીને જોયા વિના જ ફોન કાપી નાખ્યો

વૈભવી ચિડાઈ. એણે ફરી ફોન લગાડ્યો. અભયે તંદ્રામાં ફરી ફોન કાપી નાખ્યો.

વૈભવીએ ત્રીજી વાર ફોન લગાડ્યો. અભયે ફોન ડિસ્કનેક્ટ કર્યો. એટલું જ નહીં, સ્વિચ ઑફ પણ કરી નાખ્યો...

વૈભવીની અકળામણ હદ વટાવી ગઈ. અભયે એનો ફોન કાપ્યો.. એનો! વૈભવીનો!

અને બીજું કે જો આ સમાચાર સમયસર ન પહોંચે અને શ્રાદ્ધ થઈ જાય તો બાજી પોતાના હાથમાંથી સરકી જાય. એ પછી વસુમાને એ જણાવે કે ન જણાવે બહુ મોટો ફેર ન પડે... આ વાત વૈભવી બરાબર સમજતી હતી. એને તકનો લાભ લેવો હતો, પણ અભય એની પહોંચની બહાર હતો. એણે થોડી વાર વિચાર કરીને અલયનો નંબર જોડ્યો...

ઘસઘસાટ ઊંઘતા અલયે ઊંઘમાં જ ફોન ઉપાડ્યો:

'બોલ, મારી જાન... રાત્રે સપનામાં આવીને સૂવા નથી દેતી અને સવાર પડે એ પહેલાં ઊંઘ ઉડાડી મૂકે છે... હુકમ કરો.'

'વૈભવી બોલું છું.'

'હલ્લો... હલ્લો... હલ્લો... હલ્લો...'

ફોન કટ થઈ ગયો. વૈભવીનો અવાજ સાંભળતાંની સાથે જ અલયની ઊંઘ ઊડી ગઈ એનું મગજ ફટાફટ ગણતરી કરવા લાગ્યું ગઈ કાલ રાતના નીરવના ફોન સાથે એણે દાખલાનો તાળો મેળવી લીધો. એ સમજી ગયો અથવા એણે ધારી લીધું કે વૈભવીનો ફોન એના પર શું કામ આવ્યો?

હવે આખી બાજી ધીમે ધીમે ખૂલી રહી હતી.

સૂર્યકાંત મહેતા કદાચ ઘરે ગયા હોય. વૈભવીને મળ્યા હોય અને વૈભવી... બાકી, અભયનો ફોન છોડીને આ મહામાયા મને શું કામ ફોન કરે? પરંતુ એ જાણે છે કે સૌથી પહેલાં સૂર્યકાંત મહેતાના સમાચાર જો મને આપે

તો જ આગ બરાબર લાગે... પણ વૈભવી મહેતા, તમારી ભૂલ થાય છે. મારું નામ અલય મહેતા છે. અલય વસુંધરા મહેતા... હું તમારાથી બે ચાલ આગળ વિચારી શકું છું. ગુડ બાય. મિસિસ મહેતા...

અને અલયે પણ ફોન સ્વિચ ઑફ કરી નાખ્યો!

વૈભવીએ ફરી ફોન જોડ્યો.

તમે જે નંબરનો સંપર્ક સાધવા માગી છો એ હાલમાં તમારો કૉલ લઈ શકતા નથી, આભાર...

ઉફ્ફ! આ ભાઈઓને થઈ શું ગયું છે?

વૈભવીની અકળામણ હદ વટાવી ગઈ. એ બાથરૂમમાં ગઈ. મોઢામાં બ્રશ નાખીને શાવર ચાલુ કર્યો. ઠંડાં પાણીએ જ નાહીને રોબ પહેરીને બહાર નીકળી.

કબાટમાંથી સિલ્કની સાડી કાઢી. તૈયાર થઈ અને નીચે ઊતરી...

*

ડૉ. પારેખના ક્લિનિકમાં સવારે સાડા દસે પણ ખાસ્સી ભીડ હતી. બેસવાની જગ્યા પણ કરી લેવી પડે એમ ખીચોખીચ પ્રેગ્નન્ટ સ્ત્રીઓ બેઠી હતી. અમુકનાં પેટ જોઈને પ્રેગ્નન્સીનો ખ્યાલ આવી જતો હતો, જ્યારે અમુક સ્ત્રીના ચહેરા પરની ખુશી અને એમના પતિઓની એમના પરત્વેની કાળજી એમની પ્રેગનન્સી જાહેર કરી દેતી હતી.

પ્રિયાએ ચારે તરફ નજર દોડાવી.

એક ખૂણામાં અંજલિ અને રાજેશ બેઠાં હતાં. અંજલિનો ચહેરો રાજેશ તરફ હતો. રાજેશ એનો એક હાથ પોતાના હાથમાં લઈ પંપાળી રહ્યો હતો અને કંઈક કહી રહ્યો હતો. અંજલિ ચહેરા પર હળવા સ્મિત સાથે સાંભળી રહી હતી. પ્રિયા એમને જોઈને પાછી વળતી જ હતી કે પોતાના વાળ સરખા કરવા ગયેલી અંજલિની નજર પ્રિયા પર પડી...

'અરે, પ્રિયા!'

અંજલિ ઊઠીને એની પાસે આવી.

પ્રિયા ગભરાઈ ગઈ. એના ચહેરા પર પકડાઈ ગયાના ભાવ સ્પષ્ટ થઈ ગયા.

'અહીં શું કરે છે?'

'અ... બ... પ... થોડો ગાયનેક પ્રોબ્લેમ છે, પણ બહુ ભીડ છે, હું પછી આવીશ...'

પ્રિયા અંજલિનો હાથ છોડાવીને જવા લાગી, પણ અંજલિએ હાથ પકડી રાખ્યો.

'તને ખબર છે પ્રિયા, હું પ્રેગ્નન્ટ છું? ટુ મન્થ્સ કમ્પ્લિટ, થર્ડ રનિંગ...'

'ક... ક... કૉન્ગ્રેચ્યુલેશન...'

પ્રિયાએ ફરી હાથ છોડાવવાનો પ્રયાસ કર્યો. એ જ વખતે સામેથી ડૉ. પારેખની આસિસ્ટન્ટ બહાર નીકળી.

'હાઈ, પ્રિયા!'

'અ... હાઈ!'

'યુ આર પ્રેગ્નન્ટ! કૉન્ગ્રેચ્યુલેશન્સ... તારો રિપોર્ટ કલેક્ટ કરી લેજે અંદરથી... તૈયાર જ છે!'

એ બાજુનો દરવાજો ધકેલીને અંદર જતી રહી.

પ્રિયા અને અંજલિ એકબીજાની સામે જોઈ રહ્યાં. કોઈ સવાલ-જવાબની જગ્યા બાકી નહોતી બચી. પ્રિયા નજર બચાવીને ઊભી હતી અને અંજલિના હાથમાં પકડાયેલો એનો હાથ થરથર ધ્રૂજી રહ્યો હતો. બીજા કોઈ સવાલ-જવાબ થાય એ પહેલાં પ્રિયાએ ઝટકાથી અંજલિનો હાથ છોડાવ્યો અને ક્લિનિકની બહાર નીકળી ગઈ. અંજલિ હજી ત્યાં જ ઊભી હતી. ચૂપચાપ! સ્તબ્ધ!

હજી દોઢ મહિના પહેલાં તો ડાયમંડના એક વેપારીના દીકરાનાં લગ્નમાં બધા પ્રિયા માટે મુરતિયો શોધતા હતા...

અભય સાથે લગ્નમાં આવેલી પ્રિયાને જોઈને ડાયમંડના એક બીજા વેપારીની પત્નીએ કમેન્ટ પણ કરેલી: છોકરીઓ કમાતી થઈ જાય એટલે લગ્નની ઉતાવળ ન રહે! ને બહુ અર્થપૂર્ણ રીતે પ્રિયાને પૂછેલું:

'છોકરા જુએ છે કે નહીં તારાં મા-બાપ?'

ત્યારે રાજેશે કહેલું:

'પ્રિયા માટે છોકરાની ક્યાં કમી છે? એક વાર હા પાડે તો લાઇન લગાડી દઉં મુરતિયાઓની... ઘરમાં પત્ની ને ઑફિસમાં સેક્રેટરી... આવી ટુ ઈન વન ક્યાં મળે?'

બધાં હસી પડેલાં. પ્રિયા નહીં!

જો કે એ વખતે અભયે કહેલું: 'હુંય કહું છું, હવે પરણી જા... પણ આ ક્યાં સાંભળે છે?' ને ત્યારે પ્રિયાએ અભય સામે કેવી ધારદાર નજરે જોયેલું એ અંજલિને યાદ આવી ગયું...

એ પરણેલી તો નથી જ તો પછી...

અંજલિનું મન વિચારે ચડી ગયું. એ ત્યાં જ ઊભી હતી. રાજેશે પાછળથી આવીને એના ખભે હાથ મૂક્યો:

'બેબી, અહીં શું કરે છે? ચાલ, ડૉક્ટર ઈઝ કૉલિંગ અસ...'

*

સવારના સાડા દસ થયા હતા.

ત્રણેય ભાઈ નાહી-ધોઈને ડાક બંગલાના પૅસેજમાં ઊભા હતા. વસુમાની રાહ જોવાતી હતી. વસુમાએ નાહી લીધું હતું. પણ એ ઠાકોરજીની પૂજા કરતાં હતાં. શ્રાદ્ધ પહેલાં કંઈ ખાવું નહીં એવું બ્રાહ્મણે ગઈ કાલે જ કહી

દીધું હતું એટલે બ્રેકફાસ્ટનો સવાલ નહોતો.

ત્રણેયનાં મન જુદી દિશામાં હતાં. ત્રણેય સાવ જુદું જ વિચારતા કશુંય બોલ્યા વિના ઊભા હતા. લગભગ આઠ-દસ મિનિટથી સાથે ઊભેલા આ ત્રણ સગા ભાઈ એકબીજા સાથે એક શબ્દેય બોલ્યા નહોતા.

અલયના મનમાં કોઈ પણ રીતે આ શ્રાદ્ધ કઈ રીતે પૂરું થઈ જાય એની રમત ગોઠવાતી હતી. એણે નીરવને કહ્યું હતું એટલે એ સાડા બાર પહેલાં ફોન નહીં જ કરે એવી અલયને ખાતરી હતી. તેમ છતાં કદાચ નીરવનો વસુમા પ્રત્યેનો પ્રેમ જાગી ઊઠે, પોતાના બાળપણના દિવસો એને યાદ આવી જાય તો નીરવ પણ પોતાની જાતને રોકી ન શકે એવું બને એમ માનીને અલયે સ્વિચ ઑફ કરેલો ફોન ચાલુ કર્યો જ નહોતો. આમ તો એના મનમાં ક્યારની ચટપટી હતી શ્રેયા સાથે વાત કરવાની...

એલાર્મની ઘંટડી જેવો શ્રેયાનો અવાજ ન સાંભળે ત્યાં સુધી અલયની સવાર ભાગ્યે જ પડતી, પરંતુ આજે શ્રેયાના ફોનની રાહ જોયા વિના એણે ફોન બંધ જ રાખ્યો હતો. એને ખાતરી હતી કે એક વાર પ્રયત્ન કરીને જો ફોન નહીં લાગે તો શ્રેયા અકળાયા વિના એના ફોનની રાહ જોશે. અથવા એક, બે અથવા દસ-બાર મેસેજિસ કરશે! મિટિંગમાં કે બીજી કોઈ પણ જગ્યાએ અલય બિઝી હોય, ફોન ન ઉપાડે અથવા એનો ફોન ઑફ મળે ત્યારે શ્રેયા સુંદર મેસેજ મોકલતી. કવિતા કે સેન્સ ઑફ હ્યુમરવાળા એવા અદ્ભુત મેસેજિસની અલયને જાણે તરસ રહેતી. ઘણી વાર તો માત્ર શ્રેયાના સારા મેસેજ આવે એટલા માટે પણ એ ફોન બંધ કરી દેતો! પછી ફોન ચાલુ કરતાં પહેલાં વિચારતો, ધારતો કે શ્રેયાએ શું લખ્યું હશે!

એણે ખિસ્સામાંથી ફોન કાઢી એક વાર જોયો. પછી ફોન ચાલુ કર્યો. બંધ ફોન ચાલુ થતાં જ સ્ક્રીન પર સ્ક્રીન સેવરમાં એને શ્રેયાનો ચહેરો દેખાયો. સ્ક્રિન પરની શ્રેયા ખડખડાટ હસી પડી. એણે ચહેરા પર આવી ગયેલા વાળ ખસેડ્યા અને અલયે એ ચહેરા પર હાથ ફેરવી લીધો... પહેલો મેસેજ, બીજો, ત્રીજો, ચોથો... અલય બધા તો વાંચી શકે એમ નહોતો. પણ એણે પહેલા બે મેસેજ વાંચવાની તરસ છિપાવી લીધી...

કેમ ડાર્લિંગ, તરફડવાની મજા લે છે? બંધ ફોને પણ મેં શું લખ્યું હશે એ વિચારતો હતોને? પણ આ વખતે મેં કંઈ નથી લખ્યું...

અલયના ચહેરા પર એક સ્મિત આવી ગયું. લખીને પણ કંઈ નથી લખ્યું કહેતી આ છોકરીની એના માટેની ઘેલછા અલયને પોતાને ક્યારેક પિગળાવી દેતી.

એણે બીજો મેસેજ ઑન કર્યો:

બુંદ બુંદ તુમ બહતે હો, મૈં પીઘલતી કતરા કતરા
જાને કૈસા યે રિશ્તા હૈ બનતા જાતા કતરા કતરા
મેરા જિસ્મ મોમ હો ચલા હૈ આંચ તુમ્હારે હાથોં મેં
રોઆં રોઆં જલને લગતા, સાસ સુલગતી કતરા કતરા
હોઠોં પર એક ખાસ ઊગી હે રંગ છલકતે આંખોં મેં
તુમ જૈસે અહેસાસ કી બારિશ મેં ભીગતી કતરા કતરા
જાને કૈસે ઇતની સદિયાં તુમ બિન મેરી સાસ ચલી
તુમકો જાના, તો જાના હૈ જીના મૈંને કતરા કતરા

અલયના મનમાં એક તોફાની વિચાર આવી ગયો. આ ઠક્કર લોહાણાના ઘરમાં આવી કવિતા લખતી છોકરી ક્યાંથી જન્મી? સતત અને સખત રીતે પ્રેમમાં જ રહેવા માગતી આ છોકરી અલયની આગળ, અલયની પાછળ કે અલય વગર કશું વિચારી જ શકતી નહોતી...

અલયના ચહેરા પર સ્મિત જોઈને અભય સમજી ગયો કે એ શ્રેયાનો મેસેજ વાંચે છે. એને પણ પ્રિયા યાદ આવી ગઈ.

અભય જાણતો હતો કે પ્રિયા એને બહુ પ્રેમ કરતી હતી. એની જિંદગીમાં એક દારૂડિયા પિતા સિવાય બીજું કોઈ નહોતું. સ્કૉલરશિપ પર ભણેલી પ્રિયા પહેલી વાર અભયની ઑફિસમાં નોકરી માટે આવી ત્યારથી જ અભયને એના માટે સહાનુભૂતિ થઈ હતી. એ સહાનુભૂતિ ધીમે ધીમે ક્યારે પ્રેમ બની ગઈ એની અભયને જ ખબર ન પડી.

જૂહુ-વિલે પાર્લેની હોટેલ હોરાઈઝનથી ઈસ્કોન તરફ જતી ક્રિશ્ચિયન વસતિની નાનકડી ગલીમાં એક રૂમ-રસોડાના મકાનમાં પ્રિયા અને એનો બાપ રહેતાં હતાં. એ પછી અભયે એને જૂહુ ગલીમાં એક ફ્લૅટ અપાવી દીધો હતો. અભયે સમજીને એ ફ્લૅટ પ્રિયાના નામે ખરીદ્યો હતો... અને શ્રીજી વિલાથી બહુ દૂર નહીં અને બહુ નજીક નહીં એવી જગ્યાએ ખરીદ્યો હતો.

અઠવાડિયામાં બે રાત, ક્યારેક તક મળે તો ત્રણ-ચાર રાત અભય પ્રિયાના ફ્લૅટ પર ગાળતો. પ્રિયા એક પત્ની કરે એ બધું જ કરતી. અભય માટે ગરમ ગરમ રોટલી ઉતારવી, એના માથામાં તેલ નાખી આપવું... અભય કલાકો પ્રિયાના ખોળામાં સૂઈને એની સાથે વાતો કર્યા કરતો. એમની વચ્ચે શરીરનો સંબંધ નકારી શકાય એમ નહોતું. પણ અભયને એ પ્રિયા આપતી જેને માટે અભય પોતાનાં લગ્નનાં આટલાં વર્ષમાં તરસતો રહ્યો! અભય માટે પ્રિયા સુકૂન અને નિરાંતની એવી પળ હતી, જે એના માટે આટલાં વર્ષોથી એક તદ્દન સ્વપ્નવત્ બની ચૂકી હતી...

પ્રિયાનો વિચાર આવતાં જ અભયનાં તન-મનમાં જાણે એક ઠંડક થઈ ગઈ. ગંગાના પ્રવાહમાં પગ બોળ્યાની અનુભૂતિ જેવી શાંત અને ઠંડી અનુભૂતિ એના આખા શરીરમાં વ્યાપી ગઈ. ગઈ કાલે રાત્રે એણે પ્રિયા સાથે બહુ સારી રીતે વાત નહોતી કરી. થોડો અફસોસ પણ થયો. એને ફોન ચાલુ કરવાનું મન થયું, પણ પછી વિચાર આવ્યો કે ફોન ચાલુ કરે અને પ્રિયાનો ફોન આવે તો બધાની હાજરીને કારણે ફરી ગઈ કાલ જેવું જ થશે એટલે એણે નક્કી કર્યું કે શ્રાદ્ધ પૂરું થયા પછી ફોન કરીને એ મનાવી લેશે.

*

સામેથી વસુમા આવતાં દેખાયાં.

મરુન કલરની ખાદી સિલ્કની સાડી, જેમાં ઑફ વ્હાઇટ કલરનાં નાનાં નાનાં ફૂલ ચીતરેલાં હતાં. મોટો વેલબુટ્ટાનો પાલવ હતો અને બંધ ગળાનું કોણી સુધીની બાંયવાળું ઑફ વ્હાઇટ કલરનું બ્લાઉઝ. કપાળમાં એ જ મોટો ચાંદલો, ગળામાં મંગળસૂત્ર અને બે હાથના ખોબામાં સમાય એવો ગરદન પર ઝુકી આવેલો અંબોડો...

'મા આજે પણ કેટલી સુંદર લાગે છે નહીં?'

અજયથી બોલ્યા વિના ન રહેવાયું. અભય અને અલયે એકબીજાની સામે જોયું. વગર બોલ્યે પણ જાણે બન્ને વચ્ચે બધી જ વાતચીત થઈ ગઈ.

'આજે પૂજામાં જરા વધારે વાર લાગી ગઈ નહીં?'

વસુમાએ પૂછ્યું અને જવાબની રાહ જોયા વિના જ રિસેપ્સનની બહાર પોર્ચમાં ઊભેલી ગાડી તરફ ચાલવા માંડ્યું.

વસુમાની પાછળ પાછળ ત્રણે ભાઈ દોરાયા. ચારેય બહાર ઊભેલી ઇન્ડિકા ટૅક્સીમાં બેસીને હર કી પૈડી તરફ રવાના થયાં...

*

બધા પાસે પોતાના મોબાઇલ હોવાના કારણે ક્યાં ઊતરવાના છે અથવા ક્યાં બુકિંગ છે એ વિશે કોઈ પૂછપરછ ન કર્યાનો વૈભવીને અફસોસ થયો.

આમ તો એ અભયની બધી જ પંચાત કરતી. બહારગામ મિટિંગ માટે કે કૉન્ફરન્સ માટે જતા અભયે પણ હોટેલનું બુકિંગ, ફોન નંબર આપીને જવાની ટેવ હતી, પણ એમાં તો વસુમાનું કારણ વધુ અગત્યનું હતું. વસુમાએ સૌને ટેવ પાડી હતી. ઘરમાંથી કહ્યા વિના બહાર નહીં જવાનું. ઘરના લોકોને પોતાના વિશે માહિતી આપવાની...

આ વખતે તો વસુમા જ સાથે હતાં એટલે અભયે વિગતો આપવાની ચિંતા નહોતી કરી અને વૈભવીએ પણ છૂટ્યાના હાશકારામાં અને ઓવર કૉન્ફિડન્સમાં અભયને કશું પૂછ્યું જ નહોતું...

હવે એ બરાબરની અકળાઈ હતી. અગિયાર વાગવા આવ્યા. અભયનો ફોન હજુ બંધ હતો!

એને સમજાતું નહોતું કે આ લોકોનો સંપર્ક કરવો કઈ રીતે? સવારે સાડા છ વાગ્યાની નાહીધોઈ સિલ્કની સાડી પહેરીને બેઠેલી વૈભવી તાજ પહોંચી જવું કે નહીં એનો નિર્ણય ચાર કલાકના મનોમંથન પછી પણ નહોતી કરી શકી.

વૈભવીને સાડી પહેરીને તૈયાર થઈ ગયેલી જોઈને જાનકીએ બેભાન થવાની ઍક્ટિંગ કરતાં પૂછ્યું:

'અરે, આજે સૂરજ ઊગ્યો છે કે નહીં? તમે મારી પહેલાં ઊઠ્યાં, નાહી લીધું... સાડી પણ પહેરી લીધી... હું સપનું જોઈ રહી છું કે શું'

વૈભવી ફિક્કું હસી:

'આજે શ્રાદ્ધ છેને? આપણે જઈ તો શક્યાં નહીં, પણ ઘરમાં તો...'

જાનકીને નવાઈ તો લાગી હતી અને એવું પણ સમજાયું કે વૈભવી જે કહે છે એ સાચું નથી, પણ આગળ પૂછપરછ કરવાના બદલે એ કામે વળગી. કામ કરતાં કરતાં એના કાન વૈભવીના ફોન પર લાગેલા રહ્યા. વૈભવી બે વાર તાજનો રૂમ નંબર 1011 માગી ચૂકી હતી... ફોન કોઈ ઉપાડતું નથી એવો જવાબ સાંભળીને એણે ફોન પટક્યો હતો એ જાનકીની નજરથી છાનું નહોતું... વૈભવી જે ઉશ્કેરાટથી અને ચીડમાં ફોન જોડતી

હતી, પટકતી હતી એ જાનકી સતત નોંધતી જતી હતી. એણે વૈભવીને બબડતી પણ સાંભળી...

'જરૂર હોય ત્યારે જ મોબાઇલ બંધ કરી દે એનું નામ અભય મહેતા! ફોન બંધ કરવાની શી જરૂર હતી? સાઇલન્ટ પર રાખે તો ખબર તો પડે કે કોઈ ટ્રાય કરે છે.'

વૈભવીનો બબડાટ સતત ચાલુ હતો:

'અલયે પણ ફોન બંધ કરી દીધો છે કોણ જાણે એવું તે ત્યાં શ્રાદ્ધમાં શું દાટ્યું છે. કેટલા અગત્યના સમાચાર આપવાના છે, પણ સમજે તોને...'

જાનકીએ મનોમન તાજનો રૂમ નંબર અને વૈભવીની અકળામણનો તાળો મેળવવા માંડ્યો. ગઈ કાલે કોઈ આવીને ગયું એ વાત હજી એના મનમાંથી નીકળી નહોતી.

સ્ત્રીસહજ સિક્સ્થ સેન્સ કામે લગાડીને એણે મનોમન એક નિર્ણય કરી લીધો.

કૉલેજ જવાના બદલે જાનકી વિલે પાર્લેથી ચર્ચગેટ સ્ટેશન અને ત્યાંથી ટૅક્સી પકડીને તાજ પહોંચી...

તાજની લોબીમાં દાખલ થઈને એ થોડી વાર આમતેમ જોતી રહી. પૂછવું કે નહીં, તપાસ કરવી કે નહીં એના વિચારમાં, ગડમથલમાં એણે થોડી મિનિટો કાઢી નાખી. પછી રિસેપ્શન પર જઈ પૂછ્યું:

'રૂમ નંબર 1011 માં કોણ છે?'

રિસેપ્શનિસ્ટે મધ જેવું સ્મિત કર્યું:

'મૅમ, અમારા ગૅસ્ટની ગોપનીયતા અને વિશ્વસનીયતા અમારી ફરજ છે. હું તમને વિગતો નહીં આપી શકું.'

'એક્ચ્યુઅલી હું રૂમ નંબર ભૂલી ગઈ છું એટલે પૂછું છું. મારા એક ગેસ્ટ આવ્યા છે.'

'ક્યાંથી?' ચાલાક રિસેપ્શનિસ્ટે પૂછ્યું.

'અ... બ...' જાનકી ગૂંચવાઈ પછી લાગ્યું તો તીર, નહીં તો તુક્કો કરીને એણે રિસેપ્શનિસ્ટની આંખમાં આંખ નાખીને ફેંકી:

'ક્યાંથી... ધૅટ'સ નૉટ ઈમ્પોર્ટન્ટ... એમનું નામ સૂર્યકાંત મહેતા છે. એવા કોઈ ગેસ્ટ છે તમારે ત્યાં?'

જાનકીની સાડી, વાળેલો અંબોડો, ચાંદલો, પ્રોફેસર લૂક અને એનું જાજરમાન વ્યક્તિત્વ કામ કરી ગયું, કદાચ! રિસેપ્શન પર ઊભેલી છોકરીએ કહ્યું:

'એક મિનિટ...' એણે કમ્પ્યૂટરમાં ચેક કર્યું અને કહ્યું:

'યસ મૅડમ, યુ આર રાઇટ... તમે જે રૂમ નંબર કહ્યો હતો એ સૂર્યકાંત મહેતાનો જ છે. આઈ એમ સૉરી ફૉર ધ ઈનકન્વિનિયન્સ... પણ તમે જાણો છો કે અમારે...'

'નૉટ અ પ્રોબ્લેમ...'

જાનકી હસીને લિફ્ટ તરફ આગળ વધી ગઈ. એણે લિફ્ટનુ બટન દબાવ્યું લિફ્ટ આવતાં લાગેલી થોડીક ક્ષણ

પૂરતું જાનકીનું હૃદય ધબકતું અટકી ગયું.

એણે ઘડિયાળમાં જોયું, શ્રાદ્ધ... હરિદ્વાર ફોન કરવો કે આ સાચા સૂર્યકાંત મહેતા છે એ ચેક કરવું... આ બે વચ્ચે ઝોલાં ખાતી જાનકી હજુ પહેલા આઘાતમાંથી બહાર આવે એ પહેલાં લિફ્ટનો દરવાજો ખૂલ્યો...

લિફ્ટમાં નીરવ અને એક અમેરિકન છોકરી ઊભાં હતાં...

જાનકી એકીટશે નીરવ સામે જોતી રહી. નીરવના ચહેરાનો રંગ ઊડી ગયો. બન્ને એકબીજા સામે જોતાં રહ્યાં અને જાનકી લિફ્ટમાં દાખલ થાય એ પહેલાં ઓટોમેટિક ડોર ક્લોઝરે પોતાનું કામ કરી લીધું...

બંધ થતા ડોરને જાનકી વિસ્ફારિત આંખે જોઈ રહી!

* * *

15

ગાયનેકોલૉજિસ્ટના ક્લિનિકમાંથી ઝડપભેર બહાર નીકળીને પ્રિયાએ અભયનો નંબર ડાયલ કર્યો. અભયનો ફોન સ્વિચ ઑફ હતો. પ્રિયા ઝનૂનથી નંબર ડાયલ કરતી જતી હતી અને દરેક વખતે સ્વિચ ઑફનો સંદેશો સાંભળીને એની અકળામણ એક ડિગ્રી વધતી જતી હતી...

પ્રિયાની આંખોમાં આંસુ આવી ગયાં. એને કાલ રાતનો અભયનો અવાજ યાદ આવી ગયો:

શેનું બાળક, કોનું બાળક? ચૂપચાપ અબોર્શન કરાવી લે. આ ભૂલને બાળક કહીને કારણ વગરના ઇમોશન્સમાં ઘસડાઈશ નહીં ને મને પણ ઘસડવાનો પ્રયત્ન ન કરીશ...

પ્રિયા ક્યારેક અભયને સમજી નહોતી શકતી. ક્યારેક તો અભય એવો વહી જતો કે પ્રિયાને લાગતું કે એ પ્રિયા વિના જીવી નહીં શકે તો ક્યારેક સાવ અતડો, સાવ દૂર, સાવ અજાણ્યો બની જતો. ક્યારેક એના મનના દરવાજા ખુલ્લા મૂકી દેતો પ્રિયા માટે. ઝીણામાં ઝીણી વાત ડિસ્કસ કરતો. એનાં નાનાં નાનાં સુખ, નાનાં નાનાં સપનાં પ્રિયા સાથે વહેંચતો ને ક્યારેક કલાકો ચૂપચાપ બેસી રહેતો પ્રિયાના ખોળામાં માથું નાખીને એક પણ શબ્દ બોલ્યા વિના...

પ્રિયા અને અભયની ઉંમર વચ્ચે 14 વર્ષનો તફાવત હતો. પ્રિયાએ જિંદગીમાં અભાવ અને તકલીફ સિવાય કશું જોયું જ નહોતું. મા નાની ઉંમરે કેન્સરમાં મરી ગઈ હતી. માની સારવાર બરોબર ન કરી શક્યાના અપરાધભાવમાં દારૂ પીતા થઈ ગયેલા પિતા ધીમે ધીમે એટલા તો દારૂડિયા થઈ ગયા હતા કે એમને રાતના બે-અઢી વાગે દેશી દારૂના બારની સામેની ગટરોમાંથી શોધી લાવવા પડતા. નાનકડી પ્રિયા ચૌદ-પંદર વર્ષની ઉંમરથી પૈસા-પૈસાનો હિસાબ કરતાં શીખી ગઈ હતી. બાપની સરકારી નોકરી દારૂના દાનવે છોડાવી દીધી હતી.

પ્રિયા મોર્નિંગ સ્કૂલમાં જતી. બપોરના સમયે પાસપડોશનાં નાનાં નાનાં કામ કરતી. ચાર જણનાં ટિફિન બનાવતી અને બે બેબી સીટિંગ કરતી ગમે તેમ કરીને ઘર ચલાવવાની આવડત પ્રિયામાં સાવ નાની ઉંમરથી આવી ગઈ હતી.

ગરીબી અને અભાવ એની જિંદગીનો ભાગ બની ગયાં હતાં. એ પહેલી વાર અભયને મળી ત્યારે માંડ વીસી પૂરી થઈ હતી એની. મહામુશ્કેલીએ ગ્રૅજ્યુએટ થયેલી પ્રિયા પહેલી વાર અભયની ઑફિસમાં એના ટેબલની સામે ઊભી હતી અને આશાભરી આંખે અભયની સામે જોઈ રહી હતી. એને આ નોકરી નહીં મળે તો શું થશે એવો ભય એની આંખોમાં સ્પષ્ટ ડોકાઈ રહ્યો હતો.

'તમને કોઈ અનુભવ નથી. સેક્રેટરીની જૉબ માટે થોડોઘણો અનુભવ તો જોઈએ, મૅડમ...'

અભયે એની સામે જોઈને કહ્યું હતું.

'કોઈ, જૉબ નહીં આપે અને બધા એક્સપિરિયન્સ જ પૂછ્યા કરશે સર, તો...'

પ્રિયાને ડૂમો ભરાઈ ગયો હતો. એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં:

'સર, આઈ એમ વેરી ગુડ ઍટ માય વર્ક... મને એક મોકો તો આપો!'

કોણ જાણે કેમ અભયને પહેલી વાર નોકરી માગવા ગયેલી વસુંધરા યાદ આવી ગઈ હતી. એની આંખોમાં પણ એ જ અસહાયતા દેખાઈ હતી અભયને. અભયે ઊભા થઈને અચાનક જ કહ્યું હતું:

'કાલથી આવી જાવ...'

પ્રિયા રડી પડી હતી ત્યારે. પ્રિયાએ સૌથી પહેલો પોતાનો જ એપોઇન્ટમેન્ટ લેટર ટાઇપ કર્યો હતો!

અભય આમ તો સરકારી નોકર હતો. દિવસ દરમિયાન ખાસ ઑફિસમાં નહોતો રહેતો. એનો બધો જ ધંધો વૈભવીના નામે ચાલતો. જો કે વૈભવી ભાગ્યે જ ઑફિસે આવતી. અભય સવારે-સાંજે ઑફિસે આવતો. એ દરમિયાન જ દિવસભરનાં કામ જોઈ લેતો. બીજા માણસને જે કામ કરતાં સાત-આઠ કલાક લાગે એ બધાં જ કામ અભય ત્રણ-ચાર કલાકમાં નિપટાવી દેતો. પ્રિયા આ માણસની યાદશક્તિ, કાબેલિયત અને બુદ્ધિપ્રતિભા પર ફિદા થઈ ગઈ હતી. જાણે-અજાણે એ અભયની રાહ જોયા કરતી. દિવસ દરમિયાન એનું મન અભય ક્યારે ઑફિસમાં આવશે એ વિચારે વારંવાર ઘડિયાળ તરફ ખેંચાયા કરતું.

અભય ઑફિસે આવતાંની સાથે કામે વળગી જતો. પ્રિયાને કાગળો લખાવવા, ટેન્ડર ડ્રાફ્ટ કરવા અને દિવસ દરમિયાન તૈયાર કરી રાખવામાં આવેલી બધી જ ફાઈલો અને પેપર્સ જોઈ જવા, એની યોગ્ય વ્યવસ્થા કરવી... પ્રિયાની કૅબિનમાં એક દીવાલ કાચની હતી, જેમાંથી અભયની કૅબિન દેખાતી. કાચની એ દીવાલમાં એક બારણું હતું, જે પ્રિયા અને અભયની કૅબિનને જોડતું.

આમ જુઓ તો અભયની મોટી કૅબિનમાં કાચની એક આડી દીવાલ ઊભી કરીને પ્રિયા માટે જગ્યા કરવામાં આવી હતી. અભયને એ જોયા કરતી. કામ માટેની એની લગન, એનું ઈન્વોલ્વમેન્ટ પ્રિયાને મોહિત કરી જતું. ત્રણ-ત્રણ વાર કૉફી બને અને ઠંડી પડી જાય છતાંય અભયને એની ખબર સુધ્ધાં ન પડતી. ક્યારેક પ્રિયાને એ કહેતો:

'અરે, મને હમણાં જ યાદ આવ્યું કે મેં સવારથી કંઈ ખાધું જ નથી! કંઈ મગાવી દેશો, પ્લીઝ...?'

'શું' પ્રિયા અચકાઈને પૂછતી.

'કંઈ પણ, ફૂડ...' અભય કહેતો અને પ્રિયા એની સરળતા અને સાદગીને આશ્ચર્યચકિત થઈને જોઈ રહેતી.

કોને માટે કમાય છે આ માણસ... આટલું બધું? પ્રિયાને ક્યારેક વિચાર આવતો.

ક્યારેક અભય બે-ત્રણ લાખ રૂપિયા કૅશ હોય એવી બૅગ પ્રિયાને સોંપી જતો:

'તમારી પાસે રાખજો, પછી માગી લઈશ.'

અઠવાડિયા-દસ દિવસ પછી પ્રિયા અચકાતાં અચકાતાં યાદ કરાવતી એ પૈસા વિશે અને અભય કહેતો:

'ઓહ યસ, હું તો ભૂલી જ ગયેલો...'

પ્રિયા ડઘાઈને જોઈ રહેતી આ માણસ સામે: ત્રણ લાખ રૂપિયા ભૂલી ગયેલો!

ક્યારેક ક્લાયન્ટ મિટિંગમાં કે પ્રેઝન્ટેશન માટે સાથે ગયેલાં અભય અને પ્રિયા આવતાં હોય ત્યારે પેટ્રોલ ભરાવવાના રોકડા પૈસા અભયના ખિસ્સામાં ન હોય એવું બનતું તો ક્યારેક કોઈ રેસ્ટોરાંમાં જઈને અભય

ખિસ્સાં ફંફોસતો અને આખરે ક્રેડિટ કાર્ડ કાઢીને આપતાં પ્રિયા સામે હસતો:

'મારી પાસે પૈસા જ નથી, મને ખબર જ નહીં.' અને પ્રિયા એની સામે બસ જોઈ રહેતી.

સમય વહેતો રહ્યો. પ્રિયાની નજર સામે અભયનાં એક પછી એક પડ ઊઘડતાં રહ્યાં એને અભય રોજેરોજ જુદો લાગતો. મોડી રાત સુધી ઘરે ન જતો અભય, સેલની સ્વિચ ઑફ કરી દેતો અભય, ઘણી વાર અન્યમનસ્ક જેમ બેસીને વિચાર્યા કરતો અભય, ક્યારેક કારણ વગર મગજ ગુમાવી બૂમાબૂમ કર્યા પછી બૉસ થઈને પણ માફી માગતો અભય એક કોયડો બનતો જતો હતો. પ્રિયાને નવાઈ લાગતી, આ માણસનાં સદ્વર્તન અને શિષ્ટાચાર વિશે. અભય ક્યારેય પ્રિયા સાથે કામ વગરની વાત ન કરતો. હંમેશા તમે કહીને બોલાવતો અને લગભગ રોજ એને પૂછતો:

'જમી લીધું - ડિડ યુ હેડ યૉર લંચ?'

અભય અવારનવાર પ્રિયાને જાતજાતની ફેવર્સ કરતો. સરકારી નોકર તરીકે એને મળેલી નાની-મોટી ભેટો કે ગિફ્ટ-કૂપન્સ એ પ્રિયાને આપી દેતો. ક્યારેક કોઈ સ્ટોરમાં સાથે જવાનું થાય તો બહુ સ્વાભાવિકપણે પ્રિયાને પૂછતો:

'તમારે કંઈ લેવું છે?'

પગાર ઉપરાંત દર મહિને કોઈક નં કોઈક રીતે પ્રિયાને બીજી આવક થઈ રહે એવો એ પ્રયાસ કરતો.

પ્રિયા આ માણસને હંમેશાં સમજવાનો પ્રયત્ન કરતી. છેલ્લા બાર મહિનાની નોકરી દરમિયાન એ પાંચેક વાર વૈભવીને મળી હતી. બેએક વાર ઑફિસમાં અને ત્રણેક વાર ક્લાયન્ટ્સને ત્યાં પાર્ટીમાં. વૈભવીનું રૂપ, એનો ઠસ્સો, એનું વર્તન, એની મોહક અદા અને એનું જાજરમાન વ્યક્તિત્વ પ્રિયાને ઈમ્પ્રેસ કરી ગયું હતું. એ હંમેશાં જોતી કે વૈભવીની હાજરીમાં અભય દબાયેલો, સહેજ ઝંખવાયેલો લાગતો...

વૈભવી પણ ઑફિસમાં આવીને માલિકની જેમ વર્તતી. ઑફિસના સ્ટાફની સામે અભયનું માન જાળવવાના બદલે ક્યારેક મશ્કરી કરતી હોય એવી રીતે બોલતી. અભય બને ત્યાં સુધી સારી રીતે વર્તતો, પરંતુ એ જ અભયને ઘણી વાર ફોન પર બૂમો પાડીને ફોન મૂકી દેતો પ્રિયાએ જોયો હતો. આવું થાય ત્યારે અભય મોડી રાત સુધી ઘેર જવાનું ટાળતો. કોઈ ને કોઈ કામનું બહાનું કરીને એ ઑફિસમાં બેસી રહેતો.

ઘણી વાર મોડી રાત સુધી કામ કરે ત્યારે અભય ઑફિસમાં જ એકાદ-બે ડ્રિન્ક લેતો, ડિનર મગાવતો... પ્રિયાને પણ સાથે જ જમી લેવાનો આગ્રહ કરતો. પ્રિયા ધીમે ધીમે અભયને સમજવા લાગી હતી.

પ્રિયાને આજે પણ યાદ હતો એ દિવસ...

મોડી રાત થઈ ગઈ હતી, છતાં પ્રિયા કામ કરતી હતી. અભય એની કૅબિનમાં કામ કરતાં કરતાં ડ્રિન્ક લઈ રહ્યો હતો. અચાનક બન્નેની કૅબિનનું ઇન્ટરકનેક્ટિંગ બારણું ધડાકા સાથે ખૂલ્યું હતું, પ્રેઝન્ટેશન ટાઇપ કરતી પ્રિયા ડઘાઈ ગઈ હતી. અચાનક જ અભય એની કૅબિનમાં આવ્યો હતો. ખોલી નાખેલી ટાઈ, ટક-ઈન કરેલું શર્ટ અસ્તવ્યસ્ત થઈ ગયું હતું... પ્રિયાની કૅબિનમાં આવીને એણે અચાનક જ પ્રિયાને પૂછ્યું હતું:

'ડ્રાઇવ પર આવે છે મારી સાથે?'

એણે પહેલી વાર પ્રિયાને તુંકારાથી બોલાવી હતી. એના પગ ડગુમગુ થતા હતા. પ્રિયાના ટેબલનો સહારો લઈને એ માંડ ઊભો હતો. પ્રિયાએ જોયું કે એ મહામુશ્કેલીએ પોતાના પગ પર ઊભો રહી શકતો હતો. પ્રિયા એને જોઈને જ સમજી ગઈ હતી કે એણે ખાસ્સું પીધું હતું. બાળપણથી પિતાની આવી હાલત જોતી આવેલી પ્રિયા માટે આ સિચ્યુએશન નવી નહોતી. એણે ખૂબ સલૂકાઈથી અભયને સહારો આપ્યો હતો. છેક ગાડી સુધી લઈ ગઈ હતી અને ગાડી ડ્રાઇવ કરીને ઘર સુધી લઈ ગઈ હતી. આખે રસ્તે લગભગ તંદ્રામાં અભય કંઈ પણ બોલી રહ્યો હતો...

'માણસના સંબંધો કેમ ઠરી જતા હોય છે? હું ખરેખર ખોટો નથી, પ્રિયા, તને ખબર છે મેં બધું જ કર્યું છે આ ઘર માટે... વૈભવી માટે... તું ઓળખે છે વૈભવીને? માય વાઇફ... મારી પત્ની આજે મને કહે છે કે હું બાયલો છું... માવડિયો છું... મારી માનો પાલવ છોડતો નથી... માય વાઇફ-મારી પત્ની મને કહે છે કે એના બાપે મારો હાથ ન પકડ્યો હોત તો હું ક્યાં હોત એની મને ખબર જ નથી...'

પ્રિયા ચૂપચાપ કાર ડ્રાઇવ કરતી રહી. અભય બોલે જતો હતો. એની આંખો બંધ હતી. પ્રિયાની બાજુની સીટમાં પગ લાંબા કરીને સીટનો બૅકરેસ્ટ લંબાવીને અભય લસ્ત પડ્યો હતો...

'પ્રિયા, હું સારો માણસ નથી?'

અભયે આંખો ખોલીને પ્રિયા સામે જોયું હતું.

'તમે બહુ સારા માણસ છો, સર.'

'કોણ! માને છે? મારી મા મને બેઈમાન માને છે અને પત્ની બાયલો... કોઈ નથી માનતું કે હું સારો માણસ છું'

'હું માનું છું, સર.'

અભયે તરલ આંખે પ્રિયા સામે જોયું હતું. પ્રિયાએ ઇમોશનલ થઈને અભયના હાથ પર હાથ મૂક્યો હતો:

'આઈ મીન ઈટ, સર...'

'સર નહીં, અભય... તું મને અભય કહી શકે છે, પ્રિયા!'

ગાડી શ્રીજી વિલાના ગેટ પાસે પહોંચી હતી.

'સર, ઘર આવી ગયું.'

અભય ખડખડાટ હસ્યો હતો:

'ઘર.. ઘર તમે કોને કહો છો? જ્યાં ટપાલી પત્ર લાવે? એક સરનામું હોય, જે તમે પાસપોર્ટમાં, રેશન કાર્ડમાં, ડ્રાઇવિંગ લાઇસન્સમાં લખી શકો? આ ઘર નથી પ્રિયા, આ તો શ્રીજી વિલા છે. વસુંધરા મહેતાનો કિલ્લો...'

'સર, એવું શું કામ બોલો છો?'

'અભય... અભય કહેવાનું મને.'

'જી!' પ્રિયા જાણતી હતી કે આજની આ મનઃસ્થિતિ આવતી કાલે નહીં રહે. પીધેલા માણસની મનઃસ્થિતિ પ્રિયાથી વધારે કોણ જાણી શકે એમ હતું?

એણે વાંકા વળીને ગાડીનો દરવાજો ખોલવાનો પ્રયત્ન કર્યો. અભયની આગળ થઈને એ ગાડીના દરવાજા તરફ ઝૂકી. એની ગરદન અભયના ચહેરાની સામે હતી. ડ્રાઇવિંગ સીટમાં બેઠેલી પ્રિયા અડધી અભય પર ઝૂકેલી હતી. અભયે હાથ ઉઠાવીને એને કમરમાંથી પકડી લીધી.

એના હોઠ પ્રિયાની ગરદન પર ચંપાઈ ગયા. પ્રિયા કશું સમજે એ પહેલાં અભયના હાથ એની પીઠ પર, એના ખભા પર, એના વાળમાં, એની ગરદન પર ફરી રહ્યા હતા... અભયના હોઠ પ્રિયાની ગરદન પર બેત્રણ ભૂરાં ચાઠાં પાડી ચૂક્યા હતા. પ્રિયા કંઈ બોલે એ પહેલાં અભયે એના હોઠ પોતાના હોઠથી બાંધી લીધા હતા...

અને કોણ જાણે કેમ, પણ પ્રિયાએ આ વાતનો સહેજ પણ વિરોધ ન કર્યો. એનું મન પણ અભયના સ્પર્શથી તૃપ્ત થઈ રહ્યું હતું. એને પોતાનેય ખબર નહોતી એવી રીતે એ અભયને પ્રેમ કરવા માંડી હતી કદાચ. આ માણસની સારાઈ, એની સરળતા, એની નિખાલસતા અને એની શાલીનતા છેલ્લા 13-14 મહિનાથી ધીમે ધીમે એને ભીંજવી રહ્યાં હતાં. પોતે સરાબોર ભીંજાઈ ગઈ ત્યાં સુધી પ્રિયાને પોતાનેય ખબર નહોતી પડી કે એ અભયને મનોમન ચાહવા લાગી હતી!

અભય પાગલની જેમ પ્રિયાને ચૂમી રહ્યો હતો. એના હાથ પ્રિયાની પીઠ પર જાણે ખૂંપી જવા માગતા હોય એમ રોકાઈ રહ્યા હતા. એની શાલીનતા, એની સભ્યતા અથવા કદાચ એના સંસ્કાર એના હાથને પ્રિયાના શરીર પર આગળ વધતા રોકી રહ્યા હતા. એના મનનો સંયમ તૂટી ગયો હતો, છતાં આટલા નશામાં પણ એ પોતાની શાલીનતા અને સંયમની દીવાલ ઓળંગી શકતો નહોતો. બે વખત એના હાથ પ્રિયાના સ્તન સુધી આવીને અટકી ગયા. જાણે કોઈ અગમ્ય બળે એના હાથ ખેંચી લીધા હોય એમ એના હાથ પાછા પીઠ પર જઈને ખેંચી લીધા હોય એમ એના હાથ પાછા પીઠ પર જઈને એવા તો સખત ખૂંપ્યા કે પ્રિયાથી હળવી ચીસ પડાઈ ગઈ...

જાણે સંપૂર્ણ સમર્પણ કરવાના ઇરાદાથી પ્રિયાએ અભયની પીઠ પર મુકાયેલો પોતાનો હાથ ઊંચક્યો. પોતાની પીઠ પર ચોંટી ગયેલો અભયનો હાથ પોતાના હાથમાં લઈને હળવેકથી પોતાના તન-બદન તરફ ખેંચ્યો.

અભયના સંયમના બધા જ બંધ તૂટી ગયા ને પ્રિયાએ પણ સંપૂર્ણ સંનિષ્ઠતાથી અને સંવેદનાથી સમર્પણ કરી દીધું. શ્રીજી વિલાની બહાર અંધારામાં સાવ ગેટ પાસે અભય અને પ્રિયા એકમેકમાં ખોવાઈ ગયાં. અભયની મોટી પજેરોની પાછલી સીટ એમના માટે બેડરૂમની પથારી બની ગઈ. કોણે શું કર્યું અને કોણે શું કહ્યું એની બેમાંથી કોઈને ખબર જ નહોતી જાણે...

એક આત્મા ખૂબ તરસ્યો ભટકતો ભટકતો જાણે પોતાનો આધાર શોધતી હતો અને બીજું શરીર એ આત્માને પોતાનામાં સમાવી લેવા તત્પર હતું...

*

પ્રિયાએ ફરી એક વાર નંબર ડાયલ કયો.

તમે જે નંબર ડાયલ કર્યો છે તે હાલમાં તમારો કૉલ લઈ શકતા નથી... પ્રિયાને ફોન ફેંકવાની ઇચ્છા થઈ ગઈ.

આ એ જ અભય હતો, જેને પોતે આટલો બધો પ્રેમ કર્યો હતો! જે કહેતો હતો કે મારું સરનામું શ્રીજી વિલા છે, પણ હું અહી તારી સાથે રહું છું પ્રિયા...

પ્રિયાને વિચાર આવી ગયો. એને ફરી એક વાર અભયના ગઈ કાલ રાતના શબ્દો યાદ આવી ગયા:

શટ અપ ઍન્ડ ડુ ઍઝ આઈ સે... મને આ પ્રોબ્લેમથી છૂટકારો જોઈએ છે, જેમ બને તેમ જલદી... તારી મેળે મૅનેજ કરી લે, હું પૈસા આપી દઈશ...

એનું મોઢું એક કડવા સ્વાદથી ભરાઈ ગયું. છાતી જાણે ભીંસાઈ ગઈ. એક અજબ પ્રકારનો ડૂમો એના શ્વાસ રૂંધવા લાગ્યો. ગરમ ખારાં પાણીથી એનું ગળું ભરાઈ આવ્યું. ઘણું રોકવા છતાં આંખમાંથી બે-ચાર આંસુ સરકી પડ્યાં...

આખીય વાત ખૂબ સંવેદનશીલતાથી પણ કરી જ શકાઈ હોત! એ એવું પણ કહી શક્યો હોત કે કંઈ વાંધો નહીં. હું પાછો આવું એટલે તરત અબોર્શન કરાવી લઈશું. ચિંતા નહીં કરતી, હું તારી સાથે જ છું...

પ્રિયાનું મન એટલું તો દુભાયું હતું કે એને અભયનો વિચાર પણ મનમાંથી કાઢી નાખવો હતો અત્યારે ને છતાં એનો એ જ વિચાર વારે વારે એના હૃદય પર આડા-ઊભા ઘાની ચોકડીઓ પાડતો જતો હતો.

પ્રિયા ક્ષણભર એમ જ ઊભી રહી. બ્લૅન્ક-શૂન્યમાં તાકતી. પછી આંસુ લૂછીને પ્રિયા પાછી ફરી અને ક્લિનિકના વેઇટિંગ રૂમમાં જઈને ગોઠવાઈ ગઈ. અંદરથી પાછી ફરેલી ડૉક્ટરની આસિસ્ટન્ટે પ્રિયાને બેઠેલી જોઈ:

'તેં રિપોર્ટ કલેક્ટ કર્યો?'

'ના' પ્રિયાએ કહ્યું. એ જ વખતે ડૉ. પારેખની ચૅમ્બરમાંથી રાજેશ અને અંજલિ બહાર નીકળ્યાં. પ્રિયાનો અવાજ અજાણતાં જ સહેજ ઊંચો થઈ ગયો:

"રિપોર્ટને શું કરવો છે? મને આ બાળક નથી જોઈતું."

'યુ મીન...' ડૉક્ટરની આસિસ્ટન્ટ ચ્હેરા પર આશ્ચર્ય હતું.

'યસ, મારે અબોર્શન કરાવવું છે.'

ડૉ. પારેખની ચૅમ્બરમાંથી નીકળેલી અંજલિ ત્યાં જ થીજી ગઈ. રાજેશ પણ અંજલિને ઊભેલી જોઈને ત્યાં જ ઊભો રહી ગયો.

'મારે અબોર્શન કરાવવું છે. આઈ વૉન્ટ ટુ ટર્મિનેટ ધ પ્રેગ્નન્સી.'

પ્રિયાએ જાણે ઘૂંટતી હોય એમ ભારપૂર્વક કહ્યું.

'પણ કેમ?' પેલી છોકરીએ પૂછ્યું.

'કારણ કે હું કુંવારી છું અને મારો બૉયફ્રેન્ડ આ બાળકની જવાબદારી લેવા તૈયાર નથી...'

પ્રિયાએ કહ્યું અને ક્યારનો રોકી રાખેલો ડૂમો વેરાઈ ગયો. પ્રિયા રડી પડી. ડૉ, પારેખની ચેમ્બરની બહાર

થીજી ગયેલી અંજલિ આગળ વધી અને એક પણ શબ્દ બોલ્યા વિના એણે પ્રિયાના ખભે હાથ મૂક્યો. પ્રિયા પાછળ ફરી અને અંજલિને વળગી પડી. પ્રિયા ડૂસકે ડૂસકે રડતી રહી અને અંજલિ એક અક્ષર બોલ્યા વિના એની પીઠ પર હાથ ફેરવતી રહી. રાજેશ કશું સમજ્યા વિના અથવા બધું જ સમજીને ચૂપચાપ ત્યાં ઊભો હતો. વેઇટિંગ રૂમમાં બેઠેલી સ્ત્રીઓ આ દૃશ્યને જોઈ રહી હતી.

થોડી વાર રડી લીધા પછી અંજલિથી છૂટી પડીને પ્રિયા કાઉન્ટર તરફ ફરી:

'મારે અબોર્શન કરાવવું છે' હમણાં જ...'

'ડૉક્ટર સાહેબને મળી લો.'

રિસેપ્શનિસ્ટની આંખો પણ પલળી ગઈ હતી. પ્રિયા આઉટ ઑફ ટર્ન ચેમ્બરનો દરવાજો ધકેલીને અંદર દાખલ થઈ ગઈ ત્યારે બહાર બેઠેલી સ્ત્રીમાંથી કોઈ કશું બોલ્યું નહીં...

'અંજુ, આપણે...'

રાજેશ જવું કે ઊભા રહેવું એની અસમંજસમાં હતો. બીજા કોઈ પણ પ્રસંગે એ પ્રિયાની સાથે જ રહ્યો હોત એટલું સ્ત્રીદાક્ષિણ્ય અને સારાઈ હતી એનામાં, પણ માંડ માંડ મા બનવા જઈ રહેલી પત્નીની સામે આવી સંવેદનશીલ ક્ષણ ઊભી ન થાય તો સારું એવું એની અંદરનો પતિ અને ભાવિ પિતા કહી રહ્યો હતો...

'આપણે રોકાઈએ. પ્રિયા બહાર નીકળે પછી જઈએ.'

અંજલિએ નિર્ણય કર્યો, જે એક રીતે રાજેશને ગમ્યું. એનો ઉછેર અને એનો સ્વભાવ પ્રિયાને આ હાલતમાં છોડીને એને ત્યાંથી જવા તો ન જ દેત... અંજલિએ કહ્યું એટલે એને એક જાતની નિરાંત થઈ ગઈ. માંડ પાંચેક મિનિટ થઈ હતો અને પ્રિયા રૂમાલથી આંખો લૂછતી, નાક લૂછતી ચેમ્બરની બહાર નીકળી.

'શું કહ્યું?' અંજલિએ પૂછ્યું.

'કાલે સવારે નવ વાગે...' એણે અંજલિનો હાથ પકડ્યો. સહેજ દબાવ્યો:

'થેન્કસ!' એની આંખો ફરી ઊભરાઈ આવી હતી.

'હું આવું સવારે તારી સાથે?'

તું?' પ્રિયાની આંખોમાં આશ્ચર્ય હતું. રાજેશને બોલવું હતું, પણ એ ચૂપ રહ્યો.

'કેમ? તું એકલી તો નહીં જ આવેને?'

'આઈ વિલ મૅનેજ.'

'ના, હું આવીશ તારી સાથે. હું અને રાજેશ આવીશું તારા ઘરે સવારે સાડા આઠે. રાજેશ અહીંયાં આપણને ઉતારી જશે અને પછી ડોક્ટર કહેશે ત્યારે લઈ જશે.'

'શ્યૉર...' રાજેશને કહેવું નહોતું, પણ કહેવાઈ ગયું.

'તમે? તું?'

પ્રિયાની આંખોમાં આંસુની સાથે આશ્ચર્ય પણ હતું. 'કાલે સવારે સાડા આઠે...'

અંજલિ પોતાનો હાથ પ્રિયાના ખભાની આજુબાજુ લપેટીને એને લઈને બહારની તરફ ચાલવા માંડી. પ્રિયા લગભગ ઘસડાઈ.

*

લિફ્ટ આવતાં લાગેલી થોડીક ક્ષણો જાનકીનું હૃદય ધબકતું અટકી ગયું હતું. એણે ઘડિયાળમાં જોયું:

શ્રાદ્ધ... હરિદ્વાર ફોન કરવો કે આ સાચા સૂર્યકાંત મહેતા છે એ ચેક કરવું...

આ બે વિચાર વચ્ચે ઝોલાં ખાતી જાનકી હજુ પહેલા આઘાતમાંથી બહાર આવે એ પહેલાં લિફ્ટનો દરવાજો ખૂલ્યો...

લિફ્ટની અંદરની તરફ નીરવ અને એક અમેરિકન છોકરી ઊભાં હતાં... જાનકી એકીટશે નીરવ સામે જોતી રહી. નીરવના ચહેરાનો રંગ ઊડી ગયો હતો. બન્ને એકબીજા સામે જોતાં રહ્યાં અને જાનકી લિફ્ટમાં દાખલ થાય એ પહેલાં ઑટોમેટિક ડોર ક્લોઝરે પોતાનું કામ કરી લીધું હતું.

જાનકી વિસ્ફારિત નજરે એ જોતી રહી...

નીરવભાઈ! અહીં? અહીં શું કરે છે નીરવભાઈ આ પરદેશી છોકરી સાથે?

જાનકીને મનમાં ઊઠેલા સવાલોના જવાબ મળે એ પહેલાં લિફ્ટની અંદરનું બટન દબાયું અને બંધ થઈ ગયેલું ડોર ક્લોઝર ફરી ખૂલ્યું.

નીરવ અને પેલી પરદેશી છોકરી બહાર નીકળ્યાં.

લક્ષ્મી આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. થોડી વાર પહેલાં લિફ્ટમાં તોફાન કરતો, હસતો આ માણસ અચાનક આ સ્ત્રીને જોઈને પથ્થરના પૂતળા જેવો કેમ થઈ ગયો હતો?

સ્માર્ટ લક્ષ્મીને એટલું જોડતાં વાર ન લાગી કે આ સ્ત્રી સૂર્યકાંત મહેતાના પરિવારમાંથી છે. ઉંમર જોતાં એ દીકરી કે પુત્રવધૂ હશે એવું એ ધારી શકી, પરંતુ નીરવ એને જોઈને આટલો ફિક્કો કેમ પડી ગયો એ વાત એને નહોતી સમજાઈ. એણે પેલી સ્ત્રીની આંખોમાં જોયું.

જાનકીની આંખોમાં છેતરાયાની લાગણી હતી. નીરવે જાણે વિશ્વાસઘાત કર્યો હોય એવા ભાવ હતા. જાનકીની આંખોમાં અને નીરવની આંખોમાં ચોરી કરતાં પકડાયો હોય એવો ગુનેગારનો ભાવ હતો. જાનકી અને નીરવ એકબીજાની સામે જોઈને એક પણ અક્ષર બોલ્યા વિના થોડી ક્ષણ ઊભાં રહ્યાં.

આખરે નીરવે ચુપકીદી તોડી:

'ભાભી..'

'નીરવભાઈ, તમને બધી ખબર હતી?'

'ના ભાભી, હું પણ આમને ગઈ કાલે જ મળ્યો છું.'

'આ...'

'આ લક્ષ્મી છે ભાભી, પપ્પાજીની દીકરી...' પછી થૂંક ગળે ઉતારીને સુધાર્યું:

'સૂર્યકાંત મહેતાની દીકરી.'

લક્ષ્મીએ નમસ્તે કર્યા. જાનકી જોઈ રહી એની સામે. નમસ્તેનો જવાબ પણ ન આપી શકી. એના મગજમાં એકસામટા સેંકડો વિચાર ઊમટી પડ્યા.

તો એ માણસ ફરી પરણી ગયો? પચ્ચીસ-પચ્ચીસ વરસ સુધી રાહ જોતાં વસુમાને જ્યારે આ ખબર પડશે ત્યારે શું થશે? કેવો માણસ છે આ, જેને પોતાની પત્નીની આવી સંનિષ્ઠ પ્રતીક્ષા પણ પાછો ન લાવી શકી... છોકરીને જોઈને તો પરદેશી સ્ત્રી સાથે લગ્ન કર્યાં એવું લાગે છે. એની પત્ની જીવતી હશે? સાથે આવી હશે...

'ભાભી...' જાનકીના કાને નીરવનો અવાજ પડ્યો જ નહીં જાણે.

'ભાભી...' નીરવે ફરી કહ્યું.

'હં... હં...' જાનકી ચોંકી:

'તમે વસુમાને ફોન કર્યો?'

નીરવ આ જ સવાલની રાહ જોતો હતો. આ જ સવાલનો ભય હતો એને ને જાનકીએ એ સવાલ પૂછી નાખ્યો હતો.

કર્યો હતો, ગઈ કાલે રાતે જ અલયને ફોન કર્યો હતો મે.'

'થેન્ક ગૉડ...' જાનકીએ કહ્યું.

'ભાભી, આપણે બેસીને વાત કરીએ? કૉફી શોપમાં...'

નીરવને કંઈ જ સમજાતું નહોતું. આખીય વાત એણે નહોતી ધારી એવી રીતે ગૂંચવાઈ હતી.

'માને ખબર છે ને? એ લોકો પાછાં આવે છે ને કાલે સવારે?'

પાછાં તો આવે જ ને, ટિકિટ તો કન્ફર્મ છે ને ભાભી...'

'એટલે શ્રાદ્ધ...'

'આપણે બેસીને વાત કરીએ ને?'

નીરવ અકળાઈ ગયો. લક્ષ્મી સમજી શકી નહોતી કે આખી પરિસ્થિતિમાં ગૂંચવાડો ક્યાં હતો?

એ લક્ષ્મીને લેવા આવ્યો ત્યારે મૂળ કાર્યક્રમ એલિફન્ટા જવાનો હતો. ઘેરથી વિષ્ણુપ્રસાદને બપોર સુધી ક્લાયન્ટ મિટિંગમાં વ્યસ્ત છે એવું કહીને નીરવ નીકળ્યો હતો.

લક્ષ્મીને લઈને એલિફન્ટા જવા નીકળતો જ હતો કે લિફ્ટની સામે જાનકી ભટકાઈ હતી.

'આપણે ક્યાંક બેસીને વાત કરીએ ને?'

નીરવે ફરી કહ્યું અને પછી જાનકીનો હાથ પકડીને એને લગભગ કૉફી શૉપની દિશામાં ઘસડી. લક્ષ્મી પણ પાછળ પાછળ ચાલી.

કૉફી શોપની દિશામાં વળી ગયેલાં નીરવ, જાનકી અને લક્ષ્મીનું ધ્યાન પોતપોતાના વિચારોમાં હતું. નહી તો એમણે લૉબીમાં દાખલ થતી વૈભવીને જોઈ હોત.

લૉબીમાં દાખલ થઈને સડસડાટ લિફ્ટ તરફ આગળ વધતી વૈભવી પણ પોતાની ગણતરીમાં ખોવાયેલી હતી એટલે એણે પણ એનાથી સો ફૂટના અંતરે જઈ રહેલા નીરવ અને જાનકીને ન જોયાં.

એ લિફ્ટ પાસે જઈને ઊભી રહી.

1011 ...

એના હોઠ ફફડ્યા અને એણે લિફ્ટનું બટન દબાવ્યું.

*

સવારના પહોરમાં નીરવ લક્ષ્મીને લેવા આવ્યો ત્યારે સૂર્યકાંતને નવાઈ તો લાગી હતી. રાત્રે પણ બે-ત્રણ વાર તંદ્રામાં એમણે લક્ષ્મીને કોઈ સાથે ફોન પર વાત કરતી સાંભળી હતી. અમેરિકા વાત કરતી હશે એમ માનીને બહુ ધ્યાન નહોતું આપ્યું. પણ આખી રાત જાગેલી લક્ષ્મી સવારે વહેલી ઊઠીને તૈયાર થઈ ગઈ અને નીરવ આવી પહોંચ્યો ત્યારે એમની અનુભવી આંખોથી લક્ષ્મીના ચહેરા પર ઊભરાતો આનંદ અછતો નહોતો રહ્યો.

અમેરિકામાં જન્મેલી અને મોટી થયેલી લક્ષ્મીએ જ્યારે સૂર્યકાંતની સામે જોઈને સહેજ શરમાતાં નીરવ સાથે બહાર જવાની પરમિશન માગી ત્યારે સૂર્યકાંતના મનમાં ઈર્ષ્યા અને આનંદનો એક ભળતો જ મિશ્ર ભાવ જાગી ઊઠ્યો હતો.

ન્યૂ યોર્કમાં લક્ષ્મી ડેટ પર નહોતી જતી કે એના પુરૂષમિત્રો નહોતા એવું નહોતું, પણ આજે લક્ષ્મીના ચહેરા પર જે ભાવ હતો એ સૂર્યકાંતે પહેલાં ક્યારેય નહોતો જોયો. વીસીમાં પ્રવેશી રહેલી યુવાન છોકરી આમ શરમાઈને કોઈકની સાથે બહાર જવાની રજા માગે ત્યારે એનો અર્થ શું થાય એ સૂર્યકાંતને સમજાવવું પડે એમ નહોતું. લક્ષ્મીની આંખોમાં એ શરમ અને એ ભાવ જોઈને સૂર્યકાંતને દીકરી કોઈકની થઈ ગઈ એની નાનકડી ઈર્ષ્યા અને દીકરીના જીવનમાં કોઈક પ્રવેશ્યાના આનંદ એકઠાં થઈ ગયાં...

અફ કોર્સ!' એમણે કહ્યું: 'જાવ જાવ, મજા કરો. બસ, ગમે ત્યાં ખાતી નહીં. હજી ચોવીસ કલાક થયા છે તને આવ્યે... કદાચ અહીંનું પાણી કે ખાવાનું સૂટ ન થાય...'

'આઈ વિલ ટેક કૅર, સર...'

નીરવની આંખોમાં એવો ભાવ હતો કે હવે તમે ચિંતા છોડી દો. મૈં હૂં ના!

'ઓકે...' સૂર્યકાંતને કંઈ ખાસ કહેવાનું નહોતું.

'પાછાં ક્યારે આવશો?'

'લંચ પછી તરત મૂકી જઈશ. મારે પણ ઑફિસે જવાનું છે.'

'બ્રેકફાસ્ટ?' સૂર્યકાંતે વિવેક કર્યો.

'ના ડેડી, મોડું થાય છે.'

લક્ષ્મીએ નીરવને બદલે જવાબ આપી દીધો. સ્વાભાવિક હતું, લંચ પછી ઑફિસ જવા માગતા નીરવ સાથે ગાળવાના સમયમાં એ અહીં બેસીને બ્રેકફાસ્ટ કરવાનો સમય ગુમાવવા નહોતી માગતી. સૂર્યકાંત હસી પડ્યા. એમણે નીરવનો ખભો થાબડ્યો:

'ઑકે, યંગ મેન, મારી એકની એક દીકરી છે એટલું યાદ રાખજે.'

'જી, સર...' નીરવે કહ્યું અને બન્ને જણ બહાર નીકળી ગયાં. એમના ગયા પછી સૂર્યકાંતને વિચાર આવ્યો:

ફોનનું તો પૂછ્યું જ નહીં... એણે વસુને ફોન કર્યો હશે?

હાશ! એમણે ફોનનું પૂછ્યું નહીં...

નીરવને પણ બહાર નીકળીને પહેલો આ જ વિચાર આવ્યો અને લિફ્ટમાં પોતાની બાજુમાં ઊભેલી લક્ષ્મી તરફ એની નજર ગઈ. લક્ષ્મી એકીટશે નીરવ સામે જોઈ રહી હતી. કોણ જાણે શું હતું એ છોકરીની નજરમાં?

નીરવને એવું લાગ્યું કે એ નજરના તાપમાં પોતે ઓગળી જશે. એ નજર જાણે નીરવને આખેઆખો પિગળાવી રહી હતી ને નીરવ ટીપે ટીપે, બુંદ બુંદ પીગળી રહ્યો હતો.

*

7-8-9...

લિફ્ટ ઝટકા વગર દસમા માળે ઊભી રહી. વૈભવી લિફ્ટમાંથી બહાર નીકળી.

લિફ્ટની સામે જ 1001 થી 1010 અને 1011 ટુ 10૨0નું પિત્તળનું બોર્ડ ચમકી રહ્યું હતું, વૈભવી 1011ની સામે જઈને ઊભી રહી.

પોતાની સિલ્કની સાડી સરખી કરી, પાલવ ખેંચ્યો, કમરનો કટ સ્પષ્ટ દેખાય એ રીતે ગોઠવ્યો, જમણી બાજુનો પાલવ બ્લાઉઝ પર સહેજ નીચે ઉતાર્યો અને સ્તનનો કટ સ્પષ્ટ કર્યો...' પર્સમાંથી અરીસો કાઢીને એક વાર ચહેરો જોયો. બે હોઠ ભેગા કરીને લિપસ્ટિક સરખી કરી. પછી હાથ લંબાવીને જમણી બાજુ રહેલો ડોર બેલ વગાડ્યો.

ટિંગ ટોંગ...

આ છોકરી કંઈ ને કંઈ ભૂલી જ જાય...

સૂર્યકાંત સોફા પર છાપું મૂકીને ઊભા થયા. એમણે દરવાજો ખોલ્યો.

સામે લક્ષ્મીને બદલે વૈભવી ઊભી હતી.

સૂર્યકાંત એક ક્ષણ એની સામે જોઈ રહ્યા. આ ચહેરો એમણે ક્યાંક જોયો હતો: ક્યાં…? ક્યાં?

સૂર્યકાંત હજી કશું સમજે એ પહેલાં વૈભવીએ એમની સામે 440 વૉલ્ટનુ સ્માઇલ કર્યું:

‘મને ઓળખી?’

‘જી…’

‘પપ્પાજી, હું વૈભવી.. તમારી મોટી વહુ…’

વૈભવી નીચી નમીને પગે લાગી. સૂર્યકાંતને સમજ ન પડી કે એમણે શું કરવું જોઈએ.

અનાયાસ વૈભવીની પીઠ પર આશિષ આપવા માટે એમનો હાથ લંબાયો…

* * *

16

'આજે પૂજામાં જરા વધારે વાર લાગી ગઈ નહીં?' વસુમાએ કહ્યું પછી જવાબની રાહ જોયા વિના જ પોર્ચમાં ઊભેલી ગાડી તરફ ચાલવા માંડ્યું. વસુમાની પાછળ ત્રણે ભાઈ દોરાયા. ચારેય જણ બહાર ઊભેલી ઇન્ડિકા ટૅક્સીમાં બેસીને હર કી પૌડી તરફ રવાના થયાં.

ગંગાના કિનારે હર કી પૌડી પર ગંગાજીનું મંદિર છે. મંદિરની બિલકુલ સામે ગંગાજીનો પ્રવાહ વાળીને ઊભો કરવામાં આવેલો આર્ટિફિશિયલ ઘાટ છે. ઘાટ પર પંડા-બ્રાહ્મણોની સાથે સાથે ગંગાસ્નાન કરવા, પિતૃદોષ-નિવારણ અને શ્રાદ્ધ કરવા આવનારા શ્રદ્ધાળુઓની ભીડ બારેમાસ રહે છે.

ગંગાના પ્રવાહમાં વર્ષમાં બે વાર પાણી ધસમસતું વહે છે. પહેલી વાર, જ્યારે મે મહિનામાં હિમાલયનો બરફ પીગળે અને ગંગાના પાણીમાં ભળે. બીજી વાર, જ્યારે ચોમાસામાં ઉપરવાસમાં વરસાદ પડે...

અત્યારે ચાલી રહેલા ચોમાસાને કારણે પ્રવાહ દેખીતી રીતે જ વેગવંતો હતો. સૂરજનો ઑફિસ ટાઇમનો તડકો જાણે ઉતાવળે ઉતાવળે ગંગાનાં પાણી પર થઈને દોડતો-હાંફતો આગળ જતો હતો. પાણીનો રંગ સોનેરી, ભૂરો, ક્યાંક નીલ તો ક્યાંક પારદર્શક દેખાતો હતો.

હર કી પૌડી પર શ્રદ્ધાળુઓની ભીડ હતી. માત્ર પંચિયું પહેરીને નહાતા સાધુ. ચણિયા-ચોળીમાં ડૂબકી મારતી સ્ત્રીઓની સાથે સાથે છાતી પર માત્ર ચણિયો બાંધીને નહાઈ રહેલી બે-ચાર સ્નાનસુંદરીઓ...

જો કે સૌ અહીં શ્રદ્ધાળુ હતાં - ગંગાસ્નાન કરવા આવેલાં એટલે ફાઇવ સ્ટારના સ્વિમિંગ પુલથી પણ વધુ સ્નાનસુંદરીઓ અહીં હોવા છતાં સૌનું ધ્યાન ઈશ્વરસ્મરણમાં હતું. અલબત્ત, અભય અને અલયનું ધ્યાન પોતપોતાની રીતે પોતપોતાની દિશામાં ભટક્યા કરતું હતું.

હર કી પૌડી પર આવીને વસુમાએ આમતેમ જોયું. ગઈ કાલે જે બ્રાહ્મણ સાથે નક્કી કરેલું એ દોડતો આવ્યો:

'નમસ્કાર, માજી! હમ કબ સે ઇન્તેજાર કર રહા હૂં...'

'હાં, જરા લેટ હો ગયા...'

વસુમા અને ત્રણેય દીકરા બ્રાહ્મણે બતાવેલી જગ્યાએ ગોઠવાઈ ગયાં. મુખ્ય બ્રાહ્મણની સાથે બીજા ત્રણ બ્રાહ્મણ હતા. એમના અવાજમાં શ્લોકો પઢાવવા લાગ્યા. પૂજા શરૂ થઈ ગઈ:

સ્વસ્તિના ઇન્દ્રૌવૃદ્ધશ્રવા: સ્વસ્તિન: પુષા વિશ્વવેદા:

બ્રાહ્મણે હાથમાં પાણી લઈને સંકલ્પ કરવાનું કહ્યું ને પૂછ્યું:

'કોનું શ્રાદ્ધ કરવું છે?'

ચારમાંથી કોઈએ જવાબ ન આપ્યો. સૌ ચૂપચાપ અન્યમનસ્ક જેવાં બેઠાં હતાં. વસુમાએ હળવેકથી કહ્યું:

'મારા પતિનું...'

ચારેય બ્રાહ્મણની આંખો પહોળી થઈ ગઈ. મંગળસૂત્ર પહેરેલી, ચાંદલો કરેલી આ સ્ત્રી પતિનું શ્રાદ્ધ કરવા

આવી છે? મુખ્ય બ્રાહ્મણે ધીમેથી વસુમાને કહ્યું:

'માજી, મંગલસૂત્ર ઉતારના હોગા...'

'ક્યૂં?' વસુમાએ પૂછ્યું.

'પતિ કે મૃત્યુ કે પશ્ચાત્...'

'આપ અપના કામ કીજિયે.'

અલયથી રહેવાયું નહીં. એ ક્યારનો અકળાયા કરતો હતો. એને વિધિ-વિધાનમાં અમસ્તીય શ્રદ્ધા નહોતી અને અહીં બેસીને આવી પૂજા કરવાનું એણે માત્ર વસુમાના સુખ ખાતર સ્વીકાર્યું હતું. ગઈ કાલ રાતનો નીરવનો ફોન એને હજીય ફરી ફરીને સંભળાઈ રહ્યો હતો. એને સમજાતું નહોતું કે એ સાચું કરે છે કે ખોટું, પરંતુ એના મનમાં સૂર્યકાંત મહેતા પ્રત્યેની નફરતનાં મૂળ એટલાં તો ઊંડાં હતાં કે એને સારા-ખરાબ, સાચા-ખોટાને પેલે પાર માત્ર એક જ શબ્દ સંભળાતો હતો... ધિક્કાર.

બ્રાહ્મણો મોટા અવાજે શ્લોક ભણી રહ્યા હતા:

સર્વ જના: સુખીન ભવન્તુ, સર્વ સન્તુ નિરામયા...

અલયના કાનમાં એ શ્લોકો જાણે પડઘાઈ રહ્યા હતા. સાથે સાથે એની અંદરનો તાપ એને દઝાડતો જતો હતો...

સાડા ત્રણ વર્ષના અલયને પહેલી વાર સ્કૂલમાં મૂકવા ગયેલી વસુંધરાએ પ્રિન્સિપાલની સામે હળવેકથી નીચી નજરે કહેલી વાત:

'એ અમારી સાથે નથી રહેતા...'

સ્કૂલમાં ક્લાસમાં જ્યારે જ્યારે ઝઘડો થાય અને વાત મારામારી પર આવે અને અલયની સામે ટકી ન શકાય એવું લાગે ત્યારે છેલ્લા હથિયાર તરીકે વપરાયેલા મિત્રોના ટોણા અલયને વીંધી નાખતા:

તારા બાપને બોલાવ... ખબર છે ક્યાં ગયો છે એ?

બ્રાહ્મણોના શ્લોકોની સાથે સાથે પેલા ટોણા, પેલાં ખડખડાટ હાસ્ય આજે આટલાં વર્ષો પછી ભેગાં થઈને અલયને વિચલિત કરી રહ્યાં હતાં.

શ્રોયાના પિતાને પહેલી વાર મળવા ગયેલો અલય ઠક્કર સાહેબ સામે બેઠો હતો ત્યારે ખૂબ કંડકથી એમણે છોડેલું તીર અલયની નસ નસમાં ઝેર ભરી ગયું હતું:

'પછી કંઈ ખબર પડી તારા પપ્પાની?'

એ દિવસે એમને જવાબ આપ્યા વિના એમનાં પગથિયાં ઊતરી ગયેલો અલય આજે ચાર વર્ષે પણ એમના ઘેર નહોતો જતો.

નીરવના પિતા વિષ્ણુપ્રસાદે એક વાર અલયને પૂછેલું:

'તારી મમ્મી શોધતી કેમ નથી તારા પપ્પાને?'

અલયે ત્યારે એકદમ કડવાશથી સંભળાવી દીધું હતું:

'કારણ કે એ માણસ શોધવા જેવો છે જ નહીં...'

આ વાક્ય, આ શબ્દો, આ અને આવા કેટલાય પ્રસંગો અલયને સાપની જેમ ડંખી રહ્યા હતા. અજગરની જેમ ભરડો લઈને એનાં હાડકાંનો ચૂરો કરી રહ્યા હતા. વારે વારે ઊભા થઈ જવાની તીવ્ર ઇચ્છા અલયે માંડ માંડ રોકી હતી.

જો કે સાથે એક સમાંતર ટ્રૅકની જેમ એને નીરવનો અવાજ સંભળાયા જ કરતો હતો:

સૂર્યકાંત મહેતા મુંબઈમાં છે... સૂર્યકાંત મહેતા મુંબઈમાં છે...

શ્રાદ્ધની વિધિ ચાલી રહી હતી. હાથ ધોવડાવતા, ફૂલ ચડાવવા, ચોખા ચડાવવા માટે સૂચનાઓ આપતા બ્રાહ્મણોની સામે તો ત્રણે દીકરા ચૂપચાપ સૂચનાઓનો અમલ કરી રહ્યા હતા, પણ એમની નજર વારે વારે વસુમાના ચહેરા પર જ પડતી હતી. વસુમાના ચહેરા પર એક અજબ સખતાઈ, નિર્ણય થઈ ચૂક્યાની કોઈ અજબ ઑથોરિટી હતી. આ ચહેરા પર પહેરાવેલા મુખવટાની પાછળ ચોક્કસ એક ડૂમો હશે એની ત્રણે ભાઈને ખબર હતી. પચ્ચીસ-પચ્ચીસ વર્ષ સુધી જે સ્ત્રીએ એક માણસની પ્રતીક્ષા કરવા સિવાય બીજું કંઈ કર્યું નથી એ સ્ત્રી માટે એના જીવવાનું અવલંબન પૂરું થઈ રહ્યું હતું. સામે પડેલા પિંડના ત્રણ ભાગ થયા પછી પિતૃલોક, દેવલોક અને ભૂમિલોકમાં મળી જનારા એ પિંડ સાથેનો સંબંધ પૂરો થવાનો હતો...

મુખ્ય બ્રાહ્મણ વિધિ સમજાવતો હતો અને કહેતો હતો કે આત્મા અવગતે ન જાય... પિતૃલોકમાં ભળી જાય અને એની મુક્તિ થાય એ માટે હિંદુ ધર્મશાસ્ત્રોમાં શ્રાદ્ધની વિધિ કરવામાં આવે છે. એણે અચાનક પૂછ્યું:

'બહનજી, ષષ્ઠી પિંડ તો કિયા હૈ ના? કૌન સા શ્રાદ્ધ હૈ યે? દશા, એકદશા, દ્વાદશા યા ત્રાદશા?'

વસુમાએ એની સામે એક કોરી નજર નાખી.

બ્રાહ્મણને સમજાયું કે આ બહેન સવાલ સમજ્યાં નથી. એટલે એણે લંબાવ્યું:

'કૌન સા દિન હૈ યે? દસવા, ગ્યારવા, બારવા...'

'ઉસસે ક્યા ફરક પડતા હે?'

અજયે જવાબ આપ્યો. એ રડું રડું થઈ ગયો હતો. એની આંખો સામે પિતાનો આછો-પાતળો યાદ હતો એવો વહાલસોયો ચહેરો તરવરી રહ્યો હતો.

શ્રીજી વિલાનો ગેટ ખૂલવાનો અવાજ આવે કે તરત જ અજય લેસન પડતું મૂકીને દોડતો. પિતાના ગળે હાથ નાખીને વળગી પડતો. બે પગ ઊંચા લઈ સૂર્યકાંતની કમર પર વીંટાળી દેતો. ઘણી વાર તો સૂર્યકાંત રાત્રે અગિયાર-બાર વાગે આવે તો પણ ગેટ ખૂલવાંના અવાજ આવે કે ઘસઘસાટ ઊંઘતો અજય સફાળો બેઠો થઈને બારણું ખોલવા દોડતો. બારણું ખૂલે કે ઓટલા પર બેઠેલી મા દેખાતી.

આ એ જ મા હતી, જેને દિવસો સુધી અજયે ઓટલા પર બેસીને પિતાની પ્રતીક્ષા કરતી જોઈ હતી. આ એ

જ મા હતી, જે રાતોની રાતો રડ્યા કરતી અને અજયને સમજાતું નહીં કે એ માને રડતી કેવી રીતે રોકી શકે? માના ગળે હાથ ભરાવીને આખી રાત માની જોડે જાગતો અજય એવી ઉંમરમાં હતો કે એને એટલું જ કહેતાં આવડતું, રડ નહીં મા, રડ નહીં... એ કહેતાં કહેતાં એ પોતે પણ રડતો!

આ દૃશ્ય યાદ આવતાં આજે પણ અજયની આંખોમાં આંસુ ધસી આવ્યાં. એ એવડો જ આઠ વર્ષનો અજય થઈ ગયો. એને વિચાર આવ્યો કે એ માના ગળામાં હાથ નાખી દે અને આ સખત ચહેરો કરીને શ્રાદ્ધની વિધિ કરી રહેલી માને આજે કહે:

રડી નાખ મા, રડી નાખ... પચ્ચીસ વરસનાં ભેગાં કરેલાં તારાં આંસુ વહાવી દે ગંગામાં. મને ખબર છે મા, તારે રડવું છે અને છતાંય તું રડતી કેમ નથી?

અજયની વાત જાણે વગર કહે સંભળાઈ હોય એમ વસુમાએ એની આંખમાં જોયું અજયને માની આંખમાં સહેજ ભીનાશ દેખાઈ - ન દેખાઈ અને વસુમાએ નજર ઝુકાવીને પૂજા કરવા માંડી.

મોટા અવાજે શ્લોકો બોલાઈ રહ્યા હતા:

નૈનમ છીન્દતી શસ્ત્રાણી, નૈનમ દહતી પાવક:

બ્રાહ્મણોના ઊંચા અવાજે પઢાતા શ્લોકોની સાથે સાથે અજયને બીજા પણ કેટલાય અવાજો સંભળાઈ રહ્યા હતા.

અજય માંડ અગિયારેક વર્ષનો હશે. એક દિવસ એના મિત્રની બર્થ-ડે પાર્ટીમાં કોઈકે એને પૂછ્યું હતું:

'તારા પપ્પા શું કરે છે?'

'ખબર નહીં.' અજયની આંખોમાં ક્ષોભ હતો.

'એના પપ્પા એને મૂકીને ચાલી ગયા છે.'

મિત્રની મમ્મીએ કોઈને કહ્યું હતું ત્યારે અજય પાર્ટી છોડીને દોડતો ઘેર આવી ગયો હતો. માને વળગીને રડી પડ્યો હતો અને એ દિવસ પહેલી વાર એણે વસુમાને કહ્યું હતું:

મા, પપ્પાને શોધી કાઢ. ગમે ત્યાંથી શોધી કાઢ...

ત્યારે વસુમા એક પણ શબ્દ બોલ્યા વિના ધ્રુસકે ધ્રુસકે રડતાં અજયની પીઠ પર હાથ ફેરવતાં રહ્યાં હતાં.

અજય એલ.એલ.બી. થઈ ગયો અને લગ્ન કરવાની વાત આવી ત્યારે પહેલી વાર કોઈક ઓળખીતાએ બતાવેલી છોકરીના ઘરે એના પિતાએ વસુમાને પૂછ્યું હતું:

'એટલે... તમારા હસબન્ડના પાછા આવવાના કોઈ ચાન્સ નથી?'

'કંઈ ઝઘડો થયેલો?' છોકરીની માએ પૂછ્યું હતું.

'એમનો કોઈ અફેર હશે...'

છોકરીના કાકા આ બોલ્યા એની સાથે જ અજય ઊભો થઈને માનો હાથ પકડીને એમના ઘરની બહાર નીકળી ગયો હતો. એ પછી અરેન્જ મૅરેજ કરીને લગ્ન કરવાની વાત અભરાઈએ ચડી ગઈ હતી. અમસ્તી પણ અજયની પ્રૅક્ટિસ ચાલતી નહોતી એટલે અજય લગ્ન ટાળતો હતો.

પહેલી વાર અનાથ આશ્રમની જમીનના કેસ માટે મળેલા અજયને એક દિવસ જાનકીએ મરીન ડ્રાઇવના દરિયાની પાળી પર કહ્યું હતું:

'તારો ને મારો સવાલ એક જ છે. જનમ આપવા માટે જવાબદાર માણસ આપણને મૂકીને જતો રહ્યો છે.'

અજય ઘડીભર જાનકીની આંખોમાં જોઈ રહ્યો હતો પછી એણે જાનકીનો હાથ પકડીને કહ્યું હતું:

'મને પરણીશ? હું તને મૂકીને ક્યાંય નહીં જાઉં...'

શ્લોકોનાં ઉચ્ચારણ સાથે વસુમાના હાથ પૂજાની વિધિ કરી રહ્યા હતા, પણ અજયને એમની ખાલી આંખોએ કેટલાંય વર્ષો પાછળ ધકેલી દીધો હતો.

અત્યારે પણ અજય એની માને થાંભલા પર માથું ટેકવીને ઓટલા પર બેસીને ઝોકાં ખાતી જોઈ રહ્યો હતો. બહાર વરસાદ પડતો હોય, ઉનાળો હોય કે શિયાળો, પિતા ઘરે ન આવે ત્યાં સુધી માને ઊંઘતી ચારમાંથી એકે સંતાને નહોતી જોઈ...

આજે... આજે પચ્ચીસ વરસની એ પ્રતીક્ષાના તાંતણે લટકી રહેલા સંબંધને તોડી નાખવા માટે મક્કમ ચહેરે પૂજા કરતી આ સ્ત્રીના મનમાં શું ચાલતું હશે?

અજયના મનમાં વિચાર આવ્યો: હાથમાં પાણી લઈને જે સહજતાથી મૂકી દે છે આ સ્ત્રી એ સહજતાથી છૂટી જતા હોય છે સંબંધો? ને જો છૂટી જ જતા હોય તો શા માટે એણે પચ્ચીસ વરસ સુધી છૂટવા દીધું નહીં કશુંય...

અજયના મનની વાત સમજી ગઈ હોય એમ વસુમાની આંખો ફરી ઊંચી થઈ. એમણે અજયની સામે જોયું અને અજય કશું જ નહોતો બોલ્યો છતાં જાણે અજયને એના પ્રશ્નનો જવાબ આપતાં હોય એમ એ બોલી ઊઠ્યાં:

'બેટા, સ્નેહ હોય કે સગપણ, સવાલ શ્રદ્ધાનો છે. એક વાર શ્રદ્ધા ઊઠી જાય પછી શ્રાદ્ધ તો માત્ર વિધિ બની જાય છે. હું સમજું છું કે તમને સૌને એમ લાગે છે કે આની જરૂર નહોતી...'

"ના, મા..." અજયે ડૂમો ભરાયેલા અવાજે જવાબ આપવાનો પ્રયત્ન કયો.

'બેટા, લાગણીઓનાં ગણિત અજબ હોય છે. તમે રકમ ઉમેર્યા જ કરો ને છતાં તાળો મેળવવા બેસો ત્યારે શૂન્ય આવે અને ક્યારેક તમને સમજાય કે મૂળ રકમ કરતાં પણ શેષ વધી ગઈ છે... દીકરા, તમારામાંથી કોઈએ મને પૂછ્યું નહીં કે આ શ્રાદ્ધ હું શું કામ કરવા માંગું છું? અને એ પણ ગંગાના કિનારે શા માટે?'

ત્રણે ભાઈની નજર વસુમા તરફ નોંધાઈ.

પેલા ચાર બ્રાહ્મણ પણ ભાષા પૂરેપૂરી ન સમજતા હોવા છતાં વસુમાની ધારદાર આંખો અને અવાજમાં રહેલી

તીવ્રતા તો સમજી જ શકતા હતા.

'તમે દીકરાઓ છો મારા, તમારામાંથી કોઈકે તો મને પૂછવું જોઈતું હતું.'

'મા, સવાલ પૂછવાનો અધિકાર તેં અમને ક્યારેય આપ્યો જ નહીં.'

અલયને નહોતું બોલવું છતાં એનાથી બોલાઈ ગયું:

'તે હંમેશાં તને જે ગમ્યું એ જ કર્યું. ક્યારેય અમારી સલાહ કે અભિપ્રાય તેં માગ્યાં જ નહીં...'

'આ ફરિયાદ છે?'

'ના, મા, ફરિયાદ નથી.' અભય વચ્ચે બોલી ઊઠ્યો:

'તું બધાના અભિપ્રાય કે સલાહ માગતી રહેત તો અમે જે રીતે ઊછર્યા એ સ્વમાનથી અને એ નિષ્ઠાથી ઊછરી જ શક્યા ન હોત, પણ અમે મોટા થઈ ગયા પછી પણ તે હંમેશાં તારો નિર્ણય જણાવ્યો...'

"હા, સાચી વાત છે તમારી."

વસુમાના સ્વરમાં ગંગાના પ્રવાહ જેટલી સરળતા, નિખાલસતા અને ઠંડક હતી:

'એ અંગે પણ પ્રશ્ન પૂછી જ શકાયો હોત...'

'મા, અહીં અત્યારે આ વાત...'

અભય પહેલી વાર એક વાક્ય બોલ્યો:

'શ્રાદ્ધની વિધિ પતાવી લઈએ પછી ગેસ્ટ હાઉસ પર જઈને વાત કરીએ.'

"ના, આ વાત અહીં જ કરીશું, ગંગાના કિનારે. પિંડદાન કરતાં પહેલાં."

'બોલ મા, અમે સાંભળીએ છીએ.' અજયે કહ્યું.

'તમને બધાને એમ લાગશે કે પચ્ચીસ વરસ સુધી રાહ જોઈને માત્ર અડતાળીસ કલાકના સમયમાં મેં આ સંબંધ પૂરો કરવાનો નિર્ણય શા માટે કર્યો? જાહેરાત છપાયાના માત્ર અડતાળીશ કલાક પછી મેં રાહ ન જોવાનો નિર્ણય કેમ કર્યો?'

'મા, આ નિર્ણય તો તારે ક્યારનો કરવાનો હતો. એ માણસ...'

'અલય, એ માણસ તારા પિતા અને મારા પતિ મટી નથી જતા. મરી જવાથી સંબંધો પૂરા નથી થઈ જતા. માત્ર સંપર્ક પૂરો થાય છે. શરીર હોય ત્યાં સુધી માણસની આશા રહે છે તમને. એ કશું કરશે, કશું કહેશે એવું થયા કરે... અપેક્ષાઓ રહે - સ્નેહની, સમજદારીની, પરંતુ માણસના ગયા પછી માત્ર એક જ વાત બાકી રહી જાય છે અને એ છે સ્મૃતિ!'

વસુમાની આંખોમાં આટલાં વર્ષોમાં પહેલી વાર ત્રણેય દીકરાએ ઝળઝળિયાં જોયાં. ભરાઈ આવેલા ગળે એમણે ત્રણેય દીકરાઓ સામે વારાફરતી જોયું, ઘડીભર આંખ મીચી. છલોછલ ભરાઈ આવેલી આંખોમાંથી

બે આંસુ એમના ગાલ પર થઈને સરકી ગયાં. એક ઊંડો શ્વાસ લીધો એમણે:

'બેટા, આજ સુધી અમારો સંબંધ ધબકતો હતો. જીવતો-શ્વાસ લેતો! જાણે-અજાણે મને એવી આશા હતી કે તમારા પિતા પાછા ફરશે ક્યારેક... એમની પાસેથી મારું પત્નીત્વ પાછું જોઈતું હતું મારે, સમજો છો?'

ત્રણે દીકરા એકીટશે મા સામે જોઈ રહ્યા હતા. વસુમાએ આટલાં ખૂલીને પોતાના મનની વાત ક્યારેય નહોતી કહી.

'આજે આ શ્રાદ્ધ કરવાનું કારણ એ છે કે હવે મને એમની પાસેથી કોઈ અપેક્ષા નથી. આ તમારા પિતાનું શ્રાદ્ધ નથી બેટા, આ અમારા નસીબનું શ્રાદ્ધ છે. મારી અપેક્ષાઓનું શ્રાદ્ધ છે. વગર તાંતણે લટકી રહેલી મારી આશાનું શ્રાદ્ધ છે!'

વસુમાની આંખમાંથી આંસુ સરકી રહ્યાં હતાં:

'અને જાહેરાત છપાયાના અડતાળીસ કલાકની અંદર અંદર આ નિર્ણયનો અમલ કરવાનું કારણ એ કે હું તમને સૌને મુક્ત કરવા માગું છું, મારા બંધનમાંથી...'

'મા...!' એકમાત્ર અભય સમજી શક્યો વસુમાની વાત.

'હા, બેટા તમે બધાએ મારો બોજ ઉપાડ્યો છે. મારી લાગણીઓનો, મારી પ્રતીક્ષાનો, મારી આશાનો બોજ તમારા ખભે લાદવાનો મને કોઈ અધિકાર નથી એવું મને રોજ લાગતું, પણ કશુંક કાપીને તોડવું મારો સ્વભાવ નથી... મને હતું કે સમય સાથે વહી જશે બધું! પણ એવું થઈ શક્યું નથીં. મારી પ્રતીક્ષાનું ઝાડ રોજ રોજ સિંચાતાં મૃગજળથી એવડું મોટું થઈ ગયું કે એના પડછાયામાં તમારા બધાનો સૂરજ ઢંકાઈ ગયો...'

'મેં તો સૂરજ જોયો નથી. મારા નસીબે તો ગર્ભનો અંધકાર આજ સુધી મારી આજુબાજુ વીંટળાયા કર્યો છે, મા.'

અલયનો અવાજ કડવો ઝેર જેવો થઈ ગયો.

'એટલે જ આજે તમારા બધાના ભાગનો સૂરજ અને તમારા બધાના ભાગનું અજવાળું તમને વહેંચી આપવા આવી છું. અહીં ગંગાના કિનારે મારાં બધાં પોટલાં વહાવી દેવાં છે - મોહનાં, માયાનાં અને કદાચ જો હોય તો મારા અહંકારનાં પણ...'

'અહંકાર?' અભયથી પુછાઈ ગયું.

'હા બેટા, તમને એકલા હાથે ઉછેર્યાનો અહંકાર. મા થઈને બાપની જવાબદારીઓ નિભાવ્યાનો અહંકાર, પતિ વિના સંસારનું ગાડું એક પૈડા પર અહીં સુધી ખેંચ્યાનો અહંકાર! આજે એ બધું જ અહીં ગંગામાં વહાવી દેવું છે. સાવ હળવા અને સ્વચ્છ થઈને પાછાં જવું છે. કોરી પાટીની જેમ અને નવેસરથી લખવો છે જિંદગીનો હિસાબ.'

'મા, એને માટે આટલું બધું? છેક હરિદ્વાર સુધી...'

માની આ અસ્ખલિત વહી રહેલી વર્ષોથી એના મનમાં દબાયેલી વાતના ઉઘાડથી જાણે અજય માને નવેસરથી

ઓળખી રહ્યો હતો.

'તારા દાદાનો આત્મા છે અહીં ગંગાકિનારે. અભયને યાદ હશે, અમે અસ્થિ પધરાવવા આવ્યાં હતાં અહીં. તારા બાપુ નહોતા આવ્યા. મેં એ દિવસે તારાં દાદીને વચન આપ્યું હતું કે આ કુટુંબના કોઈનોય આત્મા હું જીવું છું ત્યાં સુધી અવગતે નહીં જવા દઉં... તારા બાપુ જે રીતે ગયા એ પછી એમનો આત્મા કેટલું ભટક્યો હશે કોને ખબર?'

વસુમાનો ડૂમો ધીમે ધીમે ઓગળી રહ્યો હતો. આંખમાંથી ઝરતાં આંસુ જાણે સૂર્યકાંતની સાથેના સંબંધનું સાચું શ્રાદ્ધ કરી રહ્યાં હતાં.

'ગંગાકિનારે આજે મારે એમના આત્માની શાંતિ માગવી છે. એ જીવતા હોય તો પણ અને...'

વસુમાએ વાક્ય અધૂરું છોડીને આંસુ લૂછી કાઢ્યાં.

એમનો ચહેરો ફરી એક વાર જાણે હતો એવો થઈ ગયો. એમણે મુખ્ય બ્રાહ્મણની સામે જોયું ને કહ્યું:

'ચલિયે શરૂ કીજિયે...'

*

કૉફી શોપમાં દાખલ થઈને નીરવે જાનકીને બેસાડી દીધી. પછી એની સામે મેનુ ધકેલ્યું:

'શું લેશો, ભાભી?'

"નીરવભાઈ, તમે ફોન કર્યો છે? ત્યાં શ્રાદ્ધ થઈ જશે તો અનર્થ થઈ જશે."

"ભાભી.? નીરવને લાગ્યું કે હવે સત્ય કહ્યા વિના છૂટકો નથી:

'મેં ફોન કર્યો હતો, પણ અલયે...'

'શું કહ્યું અલયભાઈએ?'

જાનકીના અવાજમાં ધ્રાસ્કો હતો.

'એણે કહ્યું, સાડા બાર પછી ફોન કરજે, શ્રાદ્ધ પતી જાય પછી...'

'એટલે એ વસુમાને કહેવાના નથી?'

જાનકી નીરવ સામે ફરિયાદી નજરથી જોઈ રહી:

'એ તો બધું કહે નીરવભાઈ, તમે કેમ માની લીધું?'

'નીરવ! તેં મને કહ્યું નહીં? મારા ડેડીનું એમના જીવતાં શ્રાદ્ધ થઈ જશે?' લક્ષ્મીની આંખો ભરાઈ આવી:

'યુ કાન્ટ ડુ ધિસ...'

એ ઊભી થવા જતી હતી. નીરવે એનો હાથ પકડીને એને બેસાડી દીધી.

'મને સમજવાનો પ્રયત્ન કરો, હું શું કરી શકું? ને ભાભી, તમે તો બરાબર ઓળખો છો અલયને...'

'પણ ડૅડીનું... એમના જીવતાં... મારા ડૅડી જીવે છે, નીરવ!'

લક્ષ્મીના અવાજમાં દર્દ ભળ્યું હતું. જે માણસને પોતે પોતાની જિંદગી સોંપવાનો લગભગ નિર્ણય કરી લીધો હતો એ માણસે એને છેતરી હતી.

'પણ વસુમાને ખબર પડશે તો?' જાનકીએ ઘડિયાળ જોઈ: 'શ્રાદ્ધની વિધિ શરૂ થઈ ગઈ હશે...'

'ફાંસીએ લટકાવી દો મને. બહુ મોટો ગુનો કર્યો મેં.'

નીરવનો અવાજ એટલો ઊંચો થઈ ગયો કે કૉફી શૉપમાં બેઠેલા બધાએ એમની તરફ જોયું.

'શ્રાદ્ધ કરવાથી કોઈ મરી નથી જતું. કેટલાય લોકો પોતાના જીવતાં પોતાના શ્રાદ્ધની વિધિ નથી કરતા? અને મને શું કામ ગુનેગાર ઠરાવો છો? મેં તો કંઈ નથી કર્યું? લો આ ફોન, લગાવો અલયને અને કહો કે રોકે શ્રાદ્ધની વિધિ...'

'નીરવભાઈ, જે થવાનું હતું એ થઈ ગયું હશે અને ઈશ્વરે જેમ ધાર્યું હશે એ સિવાય કાંઈ થઈ નહીં શકે. તમને શું કામ ગુનેગાર ઠરાવીએ? હું તો અલયભાઈને પણ ગુનેગાર નથી ગણતી...'

જાનકીની આંખ ભરાઈ આવી. એણે પર્સમાંથી રૂમાલ કાઢીને આંખ પર દાબી દીધો.

'નીરવ, આ સારું નથી થયું. ડૅડીને ખબર પડશે તો...'

લક્ષ્મીને હવે ભય પેઠો હતો કે પિતા નીરવ વિશે શું ધારશે?

'જો લક્ષ્મી, મેં ફોન કર્યો હતો, પરંતુ અલયની મનઃસ્થિતિ જોતાં જે થયું તે સારું જ થયું. બધાનાં મનમાંથી એક વાર ધુમાડો નીકળી જાય એ જરૂરી હતું અને ડૅડી મળવાના જ છે વસુમાને...'

'હા, પણ શ્રાદ્ધ થઈ ગયા પછી...'

'તો? તો શું વસુમા એમને ઓળખવાની ના પાડશે? કે પછી એવું કહેશે કે શ્રાદ્ધ થઈ ગયું છે. હવે તમે અમારા માટે મરી ગયા...'

નીરવ હવે ખરેખર અકળાઈ ગયો હતો. વસુમાને ન જણાવ્યાનો અપરાધભાવ તો હતો જ એના મનમાં અને એમાં આ બે સ્ત્રી ભેગી થઈને એ જ લાગણી ઘૂંટી રહી હતી.

'હું ને ડૅડી જઈશું એ લોકોને ઍરપોર્ટ લેવા, બસ?' નીરવે કહ્યું: એણે હજી લક્ષ્મીનો હાથ પકડી રાખ્યો હતો.

'આપણે ઉપર જઈને ડૅડીને કહીએ તો ખરાં કે તે ફોન નથી કર્યો અને ત્યાં શ્રાદ્ધ થઈ ગયું છે.'

'બે મિનિટ ઊભી રહે. મને વિચારવા દે.'

'હવે શું વિચારવાનું? તેં વસુઆન્ટીને નથી કહ્યું તો ઍટલીસ્ટ ડૅડીને તો કહી દે...'

લક્ષ્મી ઊભી થઈ ગઈ. નીરવે એનો જે હાથ પકડ્યો હતો એ છોડાવવાનો પ્રયત્ન કર્યા વિના બીજા હાથથી

એનો હાથ ખેંચ્યો:

'ઊભો થા, જલદી ઉપર જઈએ અને ડેડીને કહીએ,'

નીરવે જાનકીની સામે જોયું. જાનકી પણ જાણે લક્ષ્મીની વાત સાથે સંમત હોય એમ ઊભી થઈ ગઈ. એ ત્રણેય કૉફી શોપની બહાર નીકળ્યાં

*

સૂર્યકાંત હજી કશું સમજે એ પહેલાં વૈભવીએ એમની સામે 440 વૉલ્ટનું માઇલ કર્યું:

'મને ઓળખી?'

'જી...'

'પપ્પાજી, હું વૈભવી.. તમારી મોટી વહુ...'

વૈભવી નીચી નમીને પગે લાગી. સૂર્યકાંતને સમજ ન પડી કે એમણે શું કરવું જોઈએ. એમણે હાથ લંબાવીને એની પીઠ પર આશિષ માટે હાથ મૂક્યો...

વૈભવી ઊભી થઈ. એણે સૂર્યકાંતની આંખમાં જોયું.

'તમે મને ઓળખી નથી...' એ હસી:

'જો કે મેંય તમને નહોતા ઓળખ્યા.'

હવે સૂર્યકાંતને યાદ આવ્યું. શોટ્‌ર્સ અને સ્પેગેટી ટૉપ પહેરેલી આ જ સ્ત્રીને એમણે શ્રીજી વિલાના પ્રવેશદ્વાર પર જોઈ હતી.

'વૈભવી...' સૂર્યકાંતે એનો હાથ પકડી લીધો:

'અંદર આવને બેટા...'

'આવીશ જ. તમને લેવા આવી છું.'

એટલું કહેતી વૈભવી સૂર્યકાંતના સ્વીટમાં દાખલ થઈ...

તો તાજના સ્વીટમાં રહે છે આ માણસ... એકલો જ હશે? હજી પરણ્યો નહીં હોય? આટલા પૈસા ક્યાંથી કમાયો હશે?

જાતજાતના વિચારો કરતી વૈભવી જઈને સોફામાં બેઠી. એણે સ્વીટમાં નજર ફેરવી. કોઈ સ્ત્રીનાં કપડાં કે બીજી કોઈ નિશાની હોય તો જોવા માટે...

'એકલા જ આવ્યા છો?' વૈભવીએ પૂછ્યું.

'ક્યાંથી આવ્યો છું એમ નહીં પૂછે? ક્યાં હતો આટલાં વરસ એમ પણ નહીં પૂછે?'

વૈભવી ગૂંચવાઈ:

‘એ તો... મા પૂછશે ને?’

‘વસુને ફોન કર્યો તમે?’

‘લાગતો નથી. બધાના ફોન સ્વિચ ઑફ આવે છે એટલે જ હું તમને મળવા આવી ગઈ.’

‘પણ તને ખબર કેવી રીતે પડી કે હું અહીં રોકાયો છું?’

‘જેમને પોતાના માણસને શોધવા હોય એ ગમે તેમ કરીને શોધી કાઢે...’

વૈભવીએ પત્તું ફેંક્યું:

‘માને પણ તમને શોધવા હોત તો...

‘વસુ...’ સૂર્યકાંતે ઊંડો નિસાસો નાખ્યો:

‘વસુ મને થોડુંક સમજી હોત તો કદાચ જવાની જ નોબત ન આવત. શોધવાની વાત તો દૂર રહી...’

‘પપ્પાજી, જૂની વાતો ભૂલી જાવ અને માફ કરી દો.’

‘માફી તો મારે માગવાની છે વસુની, તમારાં બધાંની...’

‘અમે બધાંએ તો તમને ક્યારનાય માફ કરી દીધા છે. બહુ રાહ જોઈ તમારી અમે બધાંએ... અમે તો માને બહુ સમજાવ્યાં હતાં કે જાહેરાત આપ્યા પછી તમારી રાહ જોવી જોઈએ, પણ એ માન્યાં જ નહીં!’

આટલુ કહીને વૈભવી ઇરાદાપૂર્વક અટકીને ફરી બોલી:

‘અડતાળીસ કલાક કંઈ પૂરતો સમય નથી! નહીં પપ્પાજી?’

વૈભવી ધીમે ધીમે સૂર્યકાંતના હૃદયની નજીક સરકતી જતી હતી. એણે ગાંઠ વાળી હતી કે સૂર્યકાંત ઘરના કોઈને પણ મળે એ પહેલાં પોતાની મુઠ્ઠીમાં એમને બંધ કરી લેવા.

‘બેટા, વસુ પહેલેથી જ થોડી જિદ્દી છે. પત્ની છે મારી. પણ ક્યારેય એવું સમજી નહીં કે પતિનો અહંકાર છંછેડવાની નહીં, પંપાળવાની વસ્તુ છે.’

‘પપ્પાજી, તમારા ગયા પછી હું તો બહુ વર્ષે આવી આ ઘરમાં, પણ એક વાત કહું તમને, અભય-મારો વર તમને બહુ ચાહે છે. અજયભાઈ પણ ખાસ વાંધો નહીં ઉઠાવે, પણ અલયભાઈ...’

‘અલય એટલે...’

સૂર્યકાંતના અવાજમાં નહીં જોયેલા દીકરા માટે વ્હાલ છલકાઈ ગયું.

‘એ તમને ધિક્કારે છે.’

વૈભવી ચેસની એક બીજી ચાલ ચાલી.

'સ્વાભાવિક છે. જે બાપ ગર્ભમાં મૂકીને નાસી ગયો એને માટે પ્રેમ તો કેમ હોય? પણ મને વિશ્વાસ છે, હું જીતી લઈશ બધાંને બેટા. કરોડો રૂપિયાની સંપત્તિ છે આપણી ન્યૂ યોર્કમાં. આખા અમેરિકામાં ઑફિસ છે. દેશ-વિદેશમાં ફેલાયેલો વ્યાપાર છે. હવે દુ:ખના દિવસો પૂરા થયા, બેટા.'

'પપ્પાજી, દુ:ખના દિવસો પૂરા નથી થયા, શરૂ થયા છે.'

'હું સમજ્યો નહીં.'

'મારાં સાસુ તમારું શ્રાદ્ધ કરવા ગયાં છે, પપ્પાજી...'

વૈભવીએ એક એક શબ્દ ચાવી ચાવીને તોળી તોળીને સૂર્યકાંતની સામે ગોઠવ્યો:

'આવીને તમને સ્વીકારવાની ના પાડશે તો?'

'મને? સ્વીકારવાની ના કેવી રીતે પાડી શકે? હું પતિ છું એનો.'

'શ્રાદ્ધ થઈ ગયા પછી...'

'પછી શું?'

સૂર્યકાંતનો અવાજ અજાણતાં જ ઊંચો થઈ ગયો. પચ્ચીસ વર્ષ પહેલાંનો અહંકારી, બેજવાબદાર સૂર્યકાંત જાણે આળસ મરડી રહ્યો હતો. પોતાનાથી વધુ સુંદર, વધુ ભણેલી, વધુ હોશિયાર અને પોતાના પિતાને જીતી લઈને પોતાને નાનો દેખાડનાર પત્નીની સામેના એના બધા જ વિરોધ ફરી એક વાર ધીમે ધીમે જાગી રહ્યા હતા... વૈભવી ઢબૂરાયેલા અંગારા પરથી હળવી ફૂંકો મારીને રાખ ઉડાડી રહી હતી. જાણતાં કે અજાણતાં એણે સૂર્યકાંતની એ નસ પકડી પાડી હતી, જે વર્ષો પહેલાં દુખતી હતી અને વર્ષો સુધી દુખતી રહી હતી.

'પપ્પાજી, આપણે બધાં વસુમાને ઓળખીએ છીએ. એમણે જે નક્કી કર્યું હશે એમ જ કરશે ને?'

વૈભવીએ સહાનુભૂતિનું સ્મિત કર્યું.

'જો બેટા, હું મારી મેળે નથી આવ્યો. એણે બોલાવ્યો ત્યારે આવ્યો છું અને હવે એ મારો સ્વીકાર કરે કે અસ્વીકાર એની મને પરવા નથી...'

સૂર્યકાંત મહેતાનું પુરુષત્વ ફુત્કારી રહ્યું હતું.

'પપ્પાજી, મારે આવું કહેવું તો ન જોઈએ, પણ એ સ્વીકારે કે નહીં, અમે તો સ્વીકારીએ છીએ ને તમને? અમે બધાં પણ છીએ ને ઘરમાં? અમારો નથી કોઈ અધિકાર તમારા પર? તમારો કોઈ અધિકાર નથી અમારા પર? લગ્નના સંબંધ કરતાં લોહીનો સંબંધ મજબૂત હોય છે એટલું તો માનો છો ને?'

'એટલા માટે જ આવ્યો છું. વસુ ગમે તે માને અને ગમે તે કરે, મારાં સંતાનોને એમનો અધિકાર મળવો જોઈએ.'

સૂર્યકાંત મહેતાનું ગળું ભરાઈ આવ્યું:

'હું જાણું છું કે હું મોડો છું, પણ બેટર લેટ ધેન નેવર.'

'હું પણ એ જ કહું છું.'

વૈભવીના મનમાં ધીમે ધીમે આખી ચેસ ગોઠવાઈ ગઈ. એણે નક્કી કરી લીધું કે આ માણસની દુખતી નસ થોડી થોડી વારે દબાવવી પડશે. એનું દુ:ખ એને યાદ કરાવવું, કરાવતા રહેવું એ જ એને જીતવાનો સરળ રસ્તો છે.

એ જ વખતે ડોર બેલ રણક્યો. સૂર્યકાંત ઊઠવા જતા હતા કે વૈભવીએ કહ્યું:

'હું છું ને પપ્પાજી... તમે બેસો.'

વૈભવીએ દરવાજો ખોલ્યો.

'તમે?'

જાનકીની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ

'આવી ગઈ તું?'

વૈભવીએ એકદમ આત્મીયતાથી કહ્યું:

'મને હતું જ કે તું આવીશ. એક વાર જાણ્યા પછી પોતાનાઓ લાગણી થોડી રોકી શકે?' પછી સૂર્યકાંતની સામે જોઈને ઉમેર્યું:

'આ જાનકી છે-અજયની વહુ... અનાથ આશ્રમમાં મોટી થઈ છે, પણ ખૂબ સંસ્કારી છે. વસુમાની ફેવરીટ વહુ... નહીં જાનકી?'

'તમે કહો છો તો હોઈશ જ ને? આમ પણ આ ફેવરીટ અને નૉન-ફેવરીટની ભાષા આખા ઘરમાં તમને જ આવડે છે. મને ને વસુમાને તો આ ભાષા જ સમજાતી જ નથીને, ભાભી!'

'ભાભી, તમે અહીં કઈ રીતે?'

નીરવે આ ચર્ચા આગળ વધતી રોકવા માટે વચ્ચે સવાલ પૂછી નાખ્યો

'તમે મને ન કહો એટલે મને ખબર ન પડે? નીરવભાઈ, તમે મને કહ્યું હોત તો હું અભયને કહી દેત અને વસુમાને સંદેશો પહોંચી જાત. તમે અલયને કહીને ભૂલ કરી, નીરવભાઈ... કે પછી જાણી જોઈને અલયને કહ્યું?'

વૈભવીએ સહજતાથી કાળીનો એક્કો ફેંક્યો અને છેલ્લો હાથ પણ લઈ લીધો.

જાનકી-નીરવ અને લક્ષ્મી હતપ્રભ હતાં.

સૂર્યકાંત વિચલિત.

અને, વૈભવી પોતાની પહેલી જીત પર મુસ્તાક!

* * *

17

દિલ્હી-મુંબઈની જેટ ઍરવેઝની ફ્લાઇટ મુંબઈના છત્રપતિ શિવાજી ઍરપોર્ટ પણ લૅન્ડ થઈ ત્યારે રાતના સાડા દસ થવા આવ્યા હતા.

બપોરે શ્રાદ્ધ પતાવી, જમી અને એ જ એસી ટૅક્સીમાં વસુમા અને ત્રણ ભાઈ હરિદ્વારથી દિલ્હી આવવા નીકળ્યાં હતાં. દિલ્હીથી ફ્લાઇટ પકડીને એ લોકો મુંબઈ ઊતર્યા ત્યારે રાતના સાડા દસ થયા હતા. શહેર આખું વરસાદમાં તરબોળ હતું. ધોધમાર વરસાદ પડી રહ્યો હતો...

ઍરપોર્ટના અરાઈવલ ટર્મિનલની બહાર ઉતાવળે નીકળીને અભયે ચારે બાજુ જોયું:

વૈભવી પાસે ફ્લાઇટની વિગતો હતી જ એટલે એ લેવા તો આવી જ હશે!

એ જ વખતે પાછળ પાછળ અલય, અજય અને વસુમા આવી પહોંચ્યા. લેવા આવનારાઓ ઉપરાંત એક પછી એક લૅન્ડ થતી જતી ફ્લાઇટને કારણે ભીડ ખાસ્સી હતી. અભયે ઊંચી ડોક કરીને ચારે તરફ તપાસવાનો પ્રયાસ કર્યો. વૈભવી ક્યાંય દેખાઈ નહીં. આમ પણ બપોરની વાત પછી અને શ્રાદ્ધને કારણે બધાંનાં મન જાણે ઉદાસ હતાં. કોઈ પણ અહીં વધુ રોકાઈને રાહ જોવાના મૂડમાં નહોતું જ.

'ભાભી નથી આવ્યાં?' અજયે પૂછ્યું.

'દેખાતી તો નથી.' અભયે કહ્યું.

'ચાલો, ઘરે જતાં રહીએ. ટૅક્સી બોલાવું?'

અલયને તો અમસ્તાંય વૈભવીની ગાડીમાં જવામાં કોઈ રસ નહોતો, પણ શ્રેયા કેમ ન આવી એ વાતે એને નવાઈ જરૂર લાગી હતી. જો કે આજે આખા દિવસમાં એણે ફોન ચાલુ જ ન કર્યો. એને શ્રેયા સાથે વાત કરવાની ઇચ્છા થઈ હતી બે-ત્રણ વાર, પણ શ્રાદ્ધની વિધિએ અને મા સાથે થયેલી વાતચીતે એટલો તો લાગણીવશ કરી નાખ્યો અલયને કે એને ડર લાગતો હતો કે શ્રેયા સાથે વાત કરતાં કદાચ રડી પડાય તો? જે માણસને એણે જોયો નહોતો, જે માણસ સાથે એનો કોઈ સંબંધ નહોતો એવું એ વારંવાર ઠસાવીને કહેતો હતો, જેનું નામ એ પોતાના નામની પાછળ લખવાની પણ ના પાડતો હતો એ માણસના શ્રાદ્ધની એના પર આવી અસર થશે એવી અલયને પોતાનેય કલ્પના નહોતી...

કોણ જાણે કેમ એનું મન રહી રહીને ઉદાસ થઈ જતું હતું. દિલ્હી આવવા નીકળ્યાં ત્યાં સુધી અલયના મનમાં ક્યાંક ખૂબ ઊંડે પણ એવી ઇચ્છા ઘરબાયેલી હતી કે સૂર્યકાંત મહેતા આવે, જેથી એનું વેર, એનો ધિક્કાર, એની નફરત એ દેખાડી શકે! સૂર્યકાંત મહેતાને એ જ રીતે નકારી શકે પોતે જે રીતે એમણે નકાર્યું હતું એના અસ્તિત્ત્વને... આ બધું કરવા માટે કેટલાં વર્ષથી રાહ જોતો હતો અલય અને દિલ્હી જતાં પહેલાં વસુમાની સાથે સાથે એણે પણ માની લીધું હતું કે સૂર્યકાંત મહેતા નહીં આવે. હવે એ કોને નફરત કરશે? કોને ધિક્કારશે? આજ સુધી તો માની પ્રતીક્ષાને ઢાલ બનાવીને બહુ લડ્યો હતો અલય, પણ હવે તો માએ જ પ્રતીક્ષા કરવાનું છોડી દીધું તો બાકી શું રહ્યું?

અને હવે આવ્યો હતો એ માણસ!

નસીબદાર છે એ પણ... અલયે મનોમન વિચાર્યું:

બધાંએ એને માફ કરી દીધો... શ્રાદ્ધ કરીને જાણે મેં પણ છોડી દીધો એને. એ પછી પહોંચ્યો છે... એના ગુનાઓનો હિસાબ તો અમે કરી નાખ્યો સવારે. હવે એ સામે આવીને ઊભો રહે તો શું કહીશ હું? મારો ધિક્કાર, મારી ફરિયાદો, મારી તકલીફો કેમ એટલી ને એટલી તીવ્ર નથી રહી! એ માણસના નામથી મારું રૂવેંરૂવું ઝેરથી ભરાઈ જતું હતું: મારું લોહી ગરમ ગરમ થઈને શરીરમાં ફરવા માંડતું હતું. માથાની નસ ફાટીને ગુસ્સો બહાર નીકળી જશે એવો ત્રાસ થતો હતો એના નામ માત્રથી... અને આજે એ આવી ગયો છે એવું જાણ્યા પછી પણ કેમ કશું થતું નથી મને? મેં એને માફ કરી દીધો છે કે મારું વેર હવે નપુંસક થઈ ગયું છે...

અલય શૂન્યમાં જોતો વિચારી રહ્યો હતો.

'અહીં ઊભા રહીને રાહ જોવાનો કોઈ અર્થ નથી. કદાચ ભૂલી ગઈ હશે વૈભવી...'

'એવું તો ન બને, ટ્રાફિકમાં ફસાઈ હોય કદાચ. ફોન કરું?'

અભયે દાંત પીસ્યા અને વૈભવીને મનોમન બે ગાળ દીધી. પછી પોતાનો ફોન ઑન કર્યો...

એણે પણ સવાર પછી ફોન ચાલુ જ નહોતો કર્યો. પહેલાં વિચાર્યું હતું કે પ્રિયાને ફોન કરીને મનાવી લઈશ.

ગંગાકિનારે શ્રાદ્ધની વિધિ કરતાં અને ગંગામાં ડૂબકી મારતાં કોણ જાણે એના મનને શું થઈ ગયું. એને સૌથી પહેલો વિચાર પ્રિયાનો આવ્યો. ગંગાનાં કમરસમાણાં પાણીમાં ઊભા રહીને બ્રાહ્મણના કહ્યા પ્રમાણે અર્ઘ્ય આપતા અભયને જાણે સૂર્યકાંત મહેતા સાક્ષાત્ નજર સામે દેખાયા.

'બેટા, જે ભૂલ મેં કરી એ જ તું કરીશ?'

ગંગાનું ઠંડું પાણી અભયને થથરાવી ગયું:

'એટલે? સમજ્યો નહીં, બાપુ...'

'બેટા, લગ્ન તો એક બંધન છે. સામાજિક પરંપરા અથવા સંસ્થા માત્ર. જેને સ્નેહ કર્યો, જેણે શરીર સોંપી દીધું એને આમ અધવચ્ચે મૂકી દઈશ?'

'તો શું કરું બાપુ? મારે સામાજિક જવાબદારીઓ છે, પત્ની છે, બાળકો છે...'

'બેટા, પત્ની પાસે તો કાયદેસરનો મોભો છે, ઘર છે, તારાં સંતાનોની માતા હોવાનું ગૌરવ છે, પણ પેલી પાસે શું છે? એણે કશુંય માગ્યા વિના તને બધુંય આપ્યું, બેટા... તારી ફરજ એની કાળજી લેવાની છે. એ પણ તારી જવાબદારી જ છે.'

'બાપુ, તમે તો કહો છો' પણ મા...'

અભયે ગંગામાં માથાબોળ સ્નાન કરી રહેલાં વસુમા તરફ જોયું. એમની આંખોમાં કોઈ ગજબની મુક્તિ અને શાંતિ હતી. એમના ચહેરા પર એક અગત્યનું કામ પૂરું થયાનો સંતોષ હતો.

માને ખબર પડે તો શું થાય?

અભયને વિચાર આવ્યો અને એ પાણીમાં પણ વસુમાથી ઊંધો ફરી ગયો.

'બાપુ, હું પણ નથી ઇચ્છતો કે હું એ છોકરીને છેહ દઉં, પણ હું સંતાનની જવાબદારી સ્વીકારી શકું એમ નથી.'

'તો ન સ્વીકારીશ, પણ એને કહે, એને સમજાવ તારી મજબૂરી. ભાગી જવાથી પ્રશ્ન વધુ ગૂંચવાશે. તું એ જ ભૂલ કરી રહ્યો છે, જે મેં આજથી વર્ષો પહેલાં કરી હતી...'

અભયના હાથમાંથી પાણી લઈને સૂર્યને અર્ધ્ય આપતો રહ્યો, પણ સાથોસાથ એણે નિર્ણય કર્યો કે એ પ્રિયાને એની મરજી પૂછશે અને પ્રિયા તમામ પરિસ્થિતિ સમજીને પણ જો બાળકને જન્મ આપવા માગતી હશે તો પોતે એની પડખે ઊભો રહેશે...

અને એ વિચારે એણે પ્રિયાને ફોન કરવાનું ટાળ્યું હતું. એણે નક્કી કર્યું હતું કે ભલે ગમે તેટલા વાગે, પોતે રાત્રે જ જઈને પ્રિયાને એના ફ્લૅટ પર મળશે. એની સાથે વાત કરશે. એને એટલું વહાલ કરશે કે એ ગઈ કાલ રાતની વાત ભૂલી જાય.

હરિદ્વારથી નીકળ્યા ત્યારથી અભયના મનમાં એક જ વાત ઘુમરાયા કરતી હતી અને એ હતી પ્રિયાના સુખની વાત.

પ્રિયા જે કહેતી હતી એ કદાચ સાચી વાત હતી. અભય પાસે પોતાની જિંદગી હતી, પોતાનું કુટુંબ, પોતાનું ઘર, પણ પ્રિયાએ તો અભયને જ પોતાની જિંદગી બનાવી દીધી હતી. આટલો ગાંડો પ્રેમ કરતી સ્ત્રીને પોતે શું આપ્યું હતું?

અભય હરિદ્વારથી દિલ્હી સુધી પાંચ કલાકમાં ભાગ્યે જ બે વાક્ય બોલ્યો હશે. એનું મન સતત પ્રિયામાં હતું...

એણે ઍરપોર્ટ પર વૈભવીને ફોન કરવા માટે જેવો ફોન ઑન કર્યો કે એને અપેક્ષા હતી કે પ્રિયાના બે-ચાર મેસેજિસ હશે, જેમાં એણે પોતાના મનની પીડા અને લાગણીઓ કદાચ કડવાશ સાથે પણ વ્યક્ત કરી હશે, પરંતુ ખૂબ નવાઈ લાગી અભયને. એક પણ મેસેજ નહોતો!

બહુ ચિડાઈ છે!

અભયે વિચાર્યું અને પછી વૈભવીના બદલે પહેલાં પ્રિયાનો નંબર ડાયલ કર્યો. એનો ફોન બંધ હતો! અભયને ફાળ પડી. પ્રિયા ક્યારેય ફોન સ્વિચ ઑફ નહોતી કરતી, પણ અત્યારે વધુ સમય વેડફી શકાય એમ નહોતું એટલે અભયે વૈભવીનો નંબર ડાયલ કર્યો... રિંગ વાગતી રહી. સામે છેડે કોઈ ફોન ઉપાડતું નહોતું!

એણે ફરી ફરીને ત્રણ વાર નંબર ડાયલ કર્યો. ત્રણેય વખત રિંગ વાગતી રહી, રિંગ પૂરી થઈને ફોન કપાઈ ગયો ત્યાં સુધી કોઈએ ફોન ઉપાડ્યો નહીં!

'ટ્રાફિકમાં ફસાઈ લાગે છે. ફોન પણ નથી લેતી.' અભયે કહ્યું.

અલયે એની સામે અર્થસૂચક નજરે જોયું અને પછી પૂછ્યું:

'ટૅક્સી લઈ આવું?'

કોઈ કશું ન બોલ્યું અને એ ટૅક્સી લેવા કાઉન્ટર તરફ આગળ વધી ગયો.

ટૅક્સીના કાઉન્ટર પાસે જઈને અલય થોડી વાર એમ જ ઊભો રહ્યો:

શ્રેયા કેમ નહીં આવી હોય? સૂર્યકાંત મહેતા ઘેર પહોંચ્યા હશે? ઓહ ગૉડ! એ ઘેર હશે તો માને કેમ સંભાળીશ?

અલય પોતાના જ વિચાર પર હસી પડ્યો:

માને ક્યાં સંભાળવી પડે એમ છે? એણે જ અમને સંભાળ્યાં છે આટલાં વર્ષો અને આજે પણ એ જ અમને સંભાળીને પાછા લઈ આવી...

અલયનું મન વસુમા પ્રતિ શ્રદ્ધાથી ભરાઈ ગયું અને આંખો ભીની થઈ આવી.

અલય ચૂપચાપ અન્યમનસ્ક જેવો ઊભો હતો. શૂન્યમાં તાકી રહ્યો હતો.

કોણ જાણે કેટલા અને શું શું વિચારો ચાલતા હતા એના મનમાં... ત્યાં પાછળથી શ્રેયાએ આવીને એના ગળામાં બે હાથ વીંટ્યા.

'ફોન બંધ કરી દે એટલે સંબંધ પૂરો નહીં થાય, ડબ્બા... હું તો તારા ગળામાં બાંધેલો ઘંટ છું...'

'મને હતું જ કે તું આવીશ.'

'તે આવું જ ને! તારી રાહ જોઈ જોઈને થાકી ગઈ.'

'આમ થાકી જઈશ તો જિંદગી કેમ ચાલશે? હજુ તો ઘણી રાહ જોવાની છે તારે.'

'જોઈશ હજી દસ વર્ષ રાહ જોઈશ, પણ ફોન ચાલુ રાખીને, સમજ્યો? ફોન કેમ બંધ કર્યો હતો એ કહે...'

'ખબર નથી. મારું મન બહુ ઉદાસ હતું.'

'તો સૌથી પહેલો મને ફોન કરવો જોઈએ, ડબ્બા... મૂડ ખરાબ હોય ત્યારે વિથડ્રો કરવાની ટેવ ક્યાંથી પડી તને?'

'એ બધી વાત પછી કરીશું, અત્યારે બધાં રાહ જુએ છે...'

'હા ચલ, હું ગાડી લાવી છું...'

શ્રેયા ઊંધી ફરીને આગળ ચાલવા લાગી. અલયે એનો હાથ પકડ્યો,

શ્રેયાએ પાછળ જોયું.

'પેલો ઘેર છે?'

'કોણ નીરવ? એણે તો મને બે દિવસથી ફોન જ નથી કર્યો. મને તો એમ હતું કે તું બહારગામ છે એટલે ચાન્સ મારીને ડેટ કરીશ એની સાથે, પણ ફોન જ નથી ઉપાડતો તારો દોસ્ત..'

ઓહ! એટલે આને કાંઈ ખબર નથી.

અલયથી રાહતનો ઊંડો શ્વાસ લેવાઈ ગયો.

બન્ને જણ અજય, અભય અને વસુમાની પાસે આવ્યાં. શ્રેયા નીચી નમીને પગે લાગી.

'અરે બેટા, તું?'

'મને જોઈને નવાઈ ન લાગવી જોઈએ તમને...'

'હા.' વસુમા હસી પડ્યાં:

તારો અલય અડતાળીસ કલાક પછી ગામમાં પાછો આવે તો એ ઘેર પહોંચે ત્યાં સુધી તારાથી રાહ ન જ જોવાય... ખબર છે મને.'

'મા, હું તો તમને પણ મિસ કરતી હતી.'

શ્રેયા શરમાઈ ગઈ.

'હા, એ ખરું!'

વસુમાએ એના માથે હાથ ફેરવ્યો:

'તું પાછી રોજ મને મળે ખરીને! એટલે મિસ તો કરે જ ને!'

અભય અને અજયના ચહેરા પર પણ નાનકડું સ્મિત ફરકી ગયું. ઘરનાં બધાં શ્રેયાની અલય માટેની ઘેલછા જાણતાં. ખાસ કરીને વસુમા એને ખૂબ ચાહતાં. કદાચ એટલા માટે કે એ સમજતાં હતાં. આ છોકરીની પ્રતીક્ષા, એની તરસ અને એનો તરફડાટ...

બધાં શ્રેયાની ગાડી તરફ ચાલ્યાં. શ્રેયાએ આગળનો દરવાજો ખોલીને વસુમાને બેસાડ્યાં. સામાન ડિકીમાં મૂકીને અલય બે ભાઈઓની બાજુમાં ગોઠવાઈ ગયો. ગાડી ઍરપોર્ટનો રસ્તો છોડીને હાઈ-વે પર વળી ત્યારે ત્રણે ભાઈના હૃદયના ધબકારા વધી ગયા હતા.

અલબત્ત ત્રણેય પાસે જુદાં જુદાં કારણ હતાં!

*

'તમને મને ના કહો એટલે મને ખબર ન પડે? નીરવભાઈ, તમે મને કહ્યું હોત તો હું અભયને કહી દેત અને વસુમાને સંદેશો પહોંચી જાત. તમે અલયને કહીને ભૂલ કરી, નીરવભાઈ... કે પછી જાણીજોઈને અલયને કહ્યું?'

વૈભવીએ કાળીનો એક્કો ફેંક્યો અને છેલ્લો હાથ પણ લઈ લીધો.

‘એટલે તેં અલયને ફોન કર્યો હતો?’ સૂર્યકાંતે પૂછ્યું.

નીરવના દાંત ભીંસાઈ ગયા: આ બાઈ!

એણે સૂર્યકાંતની સામે જોઈને બની શકે એટલો અવાજ પર કાબૂ રાખીને સલૂકાઈથી કહ્યું:

‘જી, કર્યો હતો, પણ ફોન સ્વિચ ઑફ હતો.’

‘ઓહ!’ વૈભવીએ નીરવની સામે જોઈ એક સ્મિત કર્યું:

‘મને પણ ફોન બંધ જ મળ્યા બધાના...’

પછી સૂર્યકાંતની સામે જોઈને ખૂબ લાગણીવશ અવાજે ગળગળા થઈને કહ્યું:

‘શ્રાદ્ધ કરવા ગયાં હતાં, ફોન તો બંધ જ કરી દે ને!’

‘આપણે ઘરે જઈએ?’ જાનકી અકળાઈ ગઈ હતી.

‘હા, હા.’ વૈભવીએ ખૂબ લાડભર્યા અવાજે સૂર્યકાંતની સામે જોઈને કહ્યું:

‘ચલો પપ્પાજી, તૈયાર થઈ જાવ.’ ને લક્ષ્મી સામે જોઈને ઉમેર્યું:

‘મને તમારું નામ નથી ખબર... પણ તમેય... ચાલો બધાં ઘરે જઈને સાથે જમીએ. નીરવભાઈ, તમે આવો છો ને?’

થોડીક ક્ષણ માટે સાવ સોપો પડી ગયો. જાનકીનું મગજ ફાટફાટ થતું હતું. એને ઘણું કહેવું હતું. એનું ચાલે તો એ અહીં જ વૈભવી સાથે ઝઘડી નાખત, પણ એની બુદ્ધિ અને એની કુનેહ એને રોકતાં હતાં...

એણે હજી પરિસ્થિતિનો તાગ લેવાનો હતો. વૈભવી અહીં ક્યારની આવી હતી. એણે સૂર્યકાંત સાથે શું વાત કરી હતી એ બધું સમજ્યા વિના પરિસ્થિતિમાં કૂદી પડવું કુહાડી પર પગ મારવા જેવું થશે એની જાનકીને ખબર હતી. આટલા વર્ષ વૈભવી સાથે રહીને જાનકી એટલું તો જાણતી જ હતી કે વૈભવીએ પરિસ્થિતિ સંપૂર્ણપણે પોતાના કાબૂમાં લઈ લીધી હશે અને એવા સમયે કંઈ પણ કરવું કે બોલવું પોતાની વિરુદ્ધ જશે.

‘પપ્પાજી, આવો છો ને?’

વૈભવીના ચહેરા પર એ જ 440 વૉલ્ટનું સ્મિત ઝગારા મારતું હતું.

‘મારે તો ઑફિસ જવાનું છે.’ નીરવે કહ્યું.

‘પણ તું તો લંચ સુધી ફ્રી હતોને, બેટા?’

‘હા, ડેડી, પણ...’ નીરવ થોથવાઈ ગયો:

‘એક ફોન આવી ગયો, મારે જવું પડશે.’

નીરવ સામે જાનકીએ એ રીતે જોયું, જાણે કહેતી હોય કે આ પરિસ્થિતિમાં મને એકલી મૂકીને ભાગી જશો?

'આઈ એમ સૉરી, ભાભી.' નીરવે જાણે જાનકીની વાતનો જવાબ આપી દીધો.

'આજે તમે બધાં અહીં આવી જ ગયાં છો તો આપણે અહીં જ જમી લઈએ. હું કાલે આવીશ.'

સૂર્યકાંતે સમય માગવાનો પ્રયત્ન કર્યો:

'વસુના આવ્યા પછી.'

'પપ્પાજી, મા ગયાં છે, ઘર થોડું લઈ ગયાં છે? અને શ્રીજી વિલા તો તમારું પોતાનું ઘર છે...'

વૈભવીએ સૂર્યકાંતના અહમ્‌ને હળવી ફૂંક મારી.

'મારું નથી એ ઘર. દેવશંકર મહેતાએ વસુંધરા મહેતાના નામે કર્યું છે.'

સૂર્યકાંત મહેતા બોલ્યા અને જાનકીએ વૈભવી સામે એવી રીતે જોયું જાણે એને કાચી ને કાચી ખાઈ જવા માગતી હોય. વૈભવીએ પણ જાનકીની સામે એક સ્મિત કર્યું, જેનો અર્થ હતો, જોઈ લે... હું શું કરી શકું છું તે!

પછી સૂર્યકાંત મહેતાની સામે રડું રડું થતાં અવાજે બોલી:

'જૂની વાતો ભૂલી ન શકાય, પપ્પાજી?'

'જૂની નથી આ વાત. છેલ્લાં પચ્ચીસ વર્ષ દરમિયાન રોજરોજ આ વાત મને તસુ તસુ કોરતી રહી છે. મારી અંદર દેવશંકર મહેતાનો એ ચહેરો કોતરાઈ ગયો છે. એમની ચિતાને અગ્નિદાહ આપવાનો ઝૂંટવાયેલો મારો અધિકાર અને મારી નાનકડી ભૂલના બદલામાં મને આપવામાં આવેલો જાકારો રોજરોજ મને યાદ કરાવતા રહ્યા છે કે વસુએ મારી સાથે અન્યાય કર્યો છે... તમારાં વસુમાને ઘણું સહન કરવું પડ્યું, માનું છું, પણ મેંય ઓછું નથી સહ્યું...'

લક્ષ્મી અચાનક પિતાની નજીક આવી ગઈ. એણે પિતાનો હાથ બાવડામાંથી પકડી લીધો અને એમના ખભે માથું મૂકી દીધું. એની આંખમાંથી પિતાની પીડા જોઈને આંસુ સરી પડ્યાં.

'હું સમજું છું, પપ્પાજી.'

વૈભવી એક પછી એક પ્યાદાં મારતી જતી હતી. એ ચેકમેટ આપવા માટે કટિબદ્ધ હતી અને વસુમાના આવતાં પહેલાં જાનકી પરિસ્થિતિ કોઈ રીતે વણસે નહીં એવો મરણિયો પ્રયાસ કરવા માગતી હતી.

'પણ પપ્પાજી, તમારી ફરિયાદો કે પીડાની વાતચીત થઈ શકી હોત, તમે ક્યારેય કહ્યું હતું માને?'

જાનકીએ અનિચ્છાએ દલીલમાં ઊતરવું પડ્યું.

'બેટા, તમને નહીં સમજાય આ બધું, પણ એક વાત કહી દઉં, મારી પાસે મારાં પોતાનાં કારણ છે. મારું કુટુંબ, મારું ઘર, મારું શહેર અને મારી પત્નીને મૂકીને ચાલી જવાનાં... બાકી, કોઈનેય એમ ગોઠવાયેલી જિંદગીમાંથી ચાલી જવું ગમે?'

'પપ્પાજી, દરેક બુદ્ધિશાળી માણસ પાસે પોતાના બચાવ માટે સો કારણ હોય જ...'

'બચાવ?'

સૂર્યકાંત મહેતાનો અવાજ ઊંચો થઈ ગયો:

'હું બચાવ કરીશ? ને એ પણ મારાં સંતાનો સામે? બેટા, તમે શું જાણો છો? તમે તો મારા ગયાનાં કેટલાંય વર્ષો પછી એ ઘરમાં પ્રવેશ્યાં. તમારી પાસે એ જ ચિત્ર છે, જે તમને દેખાડવામાં આવ્યું. અજય તો બહુ નાનો હતો...'

'પણ અભય તો મોટા હતા ને? એમને યાદ છે બધું. એમણે અવારનવાર મને કહ્યું છે તમારા વિશે, તમારા વહાલ વિશે, તમારી તકલીફો વિશે...'

વૈભવી જાનકી સામે જોઈને ફરી હસી.

'પપ્પાજી, માએ તમારી બહુ પ્રતીક્ષા કરી છે. ખૂબ ચાહ્યા છે તમને... નહીં તો પચ્ચીસ વર્ષ પણ આવી રીતે જાહેરાત આપીને બોલાવવાનું કોઈ કારણ છે?'

'છે, બેટા...'

સૂર્યકાંત જાણે જાનકીની કોઈ વાત સ્વીકારવા જ નહોતા માગતા. નીરવને પણ લાગ્યું કે જાનકી કારણ વગરની દલીલોમાં ઊતરી રહી છે. આનાથી પરિસ્થિતિ વણસી જશે. હવે માંડ આઠ કલાક બાકી હતા વસુમાને પાછાં ફરવામાં ત્યારે પરિસ્થિતિ સાચવી લેવી જોઈએ એમ વિચારીને એણે જાનકીને કહ્યું:

'ભાભી, હું પાર્લા સુધી જાઉં છું, તમને ઉતારી દઉં?'

'હું પણ ગાડી લઈને આવી છું અને ઘરે જ જવાની છું. હું લઈ જઈશને જાનકીને... સિવાય કે એને મારી સાથે આવવામાં વાંધો હોય અથવા અહીં પપ્પાજી સાથે જમવામાં વાંધો હોય...'

'મને શું વાંધો હોય?' હવે જાનકી પાસે કોઈ રસ્તો નહોતો.

'તો હું નીકળું?' હવે નીરવ પાસે પણ કોઈ રસ્તો નહોતો.

'જમીને જાને, પ્લીઝ...' લક્ષ્મીએ સાવ નબળો, પણ આગ્રહ કર્યો.

'ના, ફરી ક્યારેક.'

આગળ ચર્ચા થાય એ પહેલાં નીરવ તાજના સ્વીટ 1011માંથી વીજળીની ઝડપે બહાર નીકળી ગયો.

*

બહાર નીકળીને સૌથી પહેલાં નીરવે ઘડિયાળ જોઈ.

૧૨ ને 40... માય ગૉડ! આ બધી માથાકૂટમાં કેટલો સમય નીકળી ગયો! એ વિચારતો હતો:

પરિસ્થિતિ આટલી હદે ગૂંચવાઈ જશે એવું તો સપનેય નહોતું વિચાર્યું. કોણ જાણે વસુમાના નસીબમાં શું લખ્યું છે? આ માણસ ગયો ત્યારેય પાછળ ગૂંચવાડો મૂકતો ગયો, સવાલો છોડી ગયો અને હવે આવ્યો છે તોય સાથે

ગૂંચવણો અને સવાલો લઈને આવ્યો છે…

લિફ્ટની સામે ઊભેલો નીરવ ઝનૂનથી અલયનો નંબર ડાયલ કરી રહ્યો હતો. અલયનો મોબાઇલ સ્વિચ ઑફ હતો.

*

ડૉ. પારેખના ક્લિનિકમાંથી નીકળીને ઘરે જવા માટે રાજેશ અને અંજલિ ગાડીમાં બેઠાં એ પછી લગભગ દસ મિનિટ અંજલિ સાવ ચૂપ હતી. એક પણ અક્ષર બોલ્યા વિના એ ડાબી બાજુ બારીની બહાર રસ્તો જોયા કરતી હતી. આખરે રાજેશથી ન રહેવાયું. પોતાના ખોળામાં મૂકેલા અંજલિના બે હાથમાંથી એક હાથ પર એણે હાથ મૂક્યો:

'બેબી, શું વિચાર કરે છે ક્યારની? ડૉક્ટરે કહ્યું છે ને તને, મન આનંદમાં રાખવાનું… પ્રિયાને જે પ્રોબ્લેમ હશે એ આપણે સૉલ્વ કરીશું, પણ તું ઉદાસ ન થા, પ્લીઝ… તને ખબર છે ને? તને ઉદાસ જોઈને મને કંઈનું કંઈ થઈ જાય છે…' પછી જોક મારવાનો પ્રયત્ન કર્યો:

'રાક્ષસનો જીવ પોપટમાં હોયને એમ મારો જીવ તમારામાં છે, સ્વીટ હાર્ટ!'

અંજલિએ બારી તરફથી નજર રાજેશ તરફ ફેરવી. રાજેશે સ્મિત કર્યું:

'ખરેખર કહું છું…'

'રાજેશ, આ પ્રિયાના બચ્ચાનો બાપ કોણ હશે?'

'જે પણ હોય, પણ એક બેજવાબદાર અને લંપટ માણસ હશે એ નક્કી.'

'પણ પ્રિયા તો ખૂબ પ્રેક્ટિકલ અને હોશિયાર છોકરી છે. આવા માણસમાં કઈ રીતે ફસાઈ ગઈ?'

પોતાના હાથમાં પકડેલી અંજલિનો હાથ રાજેશે જરા દબાવ્યો:

'બેબી, મેં તને કહ્યુંને, આવું બધું વિચારવાનું છોડી દે. જે થયું તે, આપણે એની મદદ કરીશું, એની સાથે રહીશું. તું દુ:ખી નહીં થા. એના નર્સિંગ હોમનું બિલ પણ હું ચૂકવી દઈશ, બસ!'

રાજેશે અંજલિને રાજી કરવાનો પ્રયત્ન કરી જોયો.

'રાજેશ, પુરુષો આવા જ હોય… બેજવાબદાર, અય્યાશ અને જુઠ્ઠા… પોતાના જ શબ્દોની કિંમત ન હોય એમને… એક વાર સ્ત્રી સમર્પણ કરી દે પછી એની કિંમત કોડીની થઈ જાય એમના માટે, એનાં સુખ-દુ:ખ, એના ગમા અણગમાની કોઈ ચિંતા ન રાખે.'

અંજલિના મનમાં પિતા અને શફીના ચહેરા તરવરી રહ્યા હતા. એની આંખો સામે માનો ચહેરો અને મરીન ડ્રાઇવના દરિયાની સામે ઊભેલી શફ્ફાક અખ્તર સજીવ થઈ આવ્યા હતા. એના અવાજમાં એક તીવ્ર કડવાશ ઊભરાઈ આવી:

'ઑલ મૅન આર અલાઇક!'

'હું પણ એવો છું? તું મારા વિશે પણ આવું જ ધારે છે. ડાર્લિંગ? હું તારા ગમા-અણગમાની, સુખ-દુ:ખની પરવા નથી કરતો? તું મને મળી ગઈ એ પછી તારી કિંમત મારા માટે કોડીની છે?' રાજેશ જાણે ઘવાઈ ગયો હતો.

'એવું નથી કહ્યું મેં.' અંજલિએ વાત બદલવાનો પ્રયત્ન કર્યો:

'હું જનરલ પુરુષોની વાત કરું છું.'

'ડાર્લિંગ, હું જનરલ પુરુષોની વ્યાખ્યામાં નથી આવવા માગતો... હું તને ખૂબ ચાહું છું અને જાણું છું કે હું તારા કરતાં ઘણીબધી બાબતોમાં ઊતરતો છું. તારા જેટલો દેખાવડો નથી, તારા જેટલું ભણેલો નથી, તારી જેમ કળા કે સંગીતનું જ્ઞાન નથી મને. મારો ટેસ્ટ પણ કદાચ તારા જેટલો સારો નથી, પણ એક વાત કહું?'

રાજેશનો અવાજ ભીનો થઈ ગયો હતો. એના હોઠ બોલતાં બોલતાં થરથરી રહ્યા હતા. છાતીમાં ભરાઈ આવેલી કોઈ વાતને જાણે એ ખાલી રહ્યો હતો.

'તું મારી જિંદગી છે. ઈશ્વરે તને લખી દીધી મારા નસીબમાં એ પછી એટલો તો તૃપ્ત થઈ ગયો છું કે ઈશ્વર પાસે બીજું કંઈ માગવાની હિંમત નથી થતી, સ્વીટ હાર્ટ! બહુ મોટી વાત નથી કરતો, પણ આજે વાત નીકળી છે એટલે તને કહું છું કે જિંદગીમાં ક્યારેય પણ અજમાવી જોજે મારા પ્રેમને... તને નિરાશા નહીં થાય.'

અંજલિ જોઈ રહી રાજેશની સામે. કેટલી સરળતાથી કેટલી મોટી વાત કહી હતી આ માણસે. આઈ લવ યુના ત્રણ શબ્દ નહોતા કહ્યા અને છતાં પોતાના પ્રેમની વાત કેટલી સાદાઈથી અને કેટલી સચ્ચાઈથી કહી હતી એણે! 'રાજ...' અંજલિએ રાજેશના હાથ પર પોતાનો હાથ મૂકી દીધો:

'આઈ લવ યુ.'

'આઈ લવ યુ ટુ, સ્વીટ હાર્ટ! લગ્નની પાંચ વર્ષ પછી પણ મને તું એટલી જ અદ્દભૂત, એટલી જ અઘરી અને એટલી બેનમૂન લાગે છે. તું નહીં માને, પણ હું રોજ ભગવાનના મંદિરે જઈને એક જ પ્રાર્થના કરતો રોજ-મને મારી અંજલિ આપી દો... પછી તમારી પાસે ક્યારેય કશું નહીં માગું...'

અંજલિએ રાજેશના ખભે માથું મૂકી દીધું: રાજ...' અંજલિનો અવાજ જાણે ખળખળ વહી નીકળ્યો હતો.

'સબ કુછ ખુદા સે માંગ લિયા, એક તુજકો માંગ કર,
ઊઠતે નહીં હૈ હાથ, મેરે ઈસ દુઆ કે બાદ...'

અંજલિએ નવાઈથી રાજેશની સામે જોયું:

'આ સામે લખ્યું છે હોર્ડિંગ પર...' રાજેશે કહ્યું અને હસી પડ્યો.

ગાડી સિગ્નલ પર ઊભી હતી.

અંજલિએ સામે નજર કરી.

શફ્ફાક અખ્તરના મુંબઈમાં યોજનારા કાર્યક્રમની જાહેરાત હતી. અપંગ બાળકો માટેનો ચૅરિટેબલ કાર્યક્રમ હતો એ! અને રાજેશે હમણાં જ જે લાઇન કહી એ શફ્ફાક અખ્તરના મુસ્કુરાતા ચહેરાની ઉપર લખી

હતી...

કેવી નવાઈની વાત છે. જેને ખોઈ દીધો એના ફોટા પર લખેલી લાઇનો જેને મેળવ્યો છે એ બોલે છે!

અંજલિની આંખમાં આંસુ પણ ધસી આવ્યાં.

'જાન, રડ નહીં. મેં કહ્યુંને, તું જેમ કહીશ એમ કરીશ હું પ્રિયા માટે...'

'રાજેશ, એટલો પ્રેમ નહીં કરો કે મારાથી સહન ન થાય!'

અંજલિએ ફરી એના ખભે માથું મૂકી આંખો મીંચી દીધી. જાણે શફ્ફાકનો ચહેરો જોવાની ઇચ્છા ન હોય એમ... અને ઈશ્વરે પણ એની વાત માની લીધી હોય એમ સિગ્નલ ચાલુ થયો અને ગાડી આગળ વધી ગઈ.

*

શ્રેયાની ગાડી ઍરપોર્ટનો રસ્તો છોડીને હાઈ-વે પર નીકળી ત્યારે અલય કોઈ પણ રીતે વસુમાને જણાવવા માંગતો હતો કે સૂર્યકાંત મહેતા મુંબઈમાં આવી ચૂક્યા છે. એની હિંમત નહોતી થતી એ વાત કાઢવાની...

શ્રેયા એક પછી એક જોક મારી રહી હતી. એક માત્ર અજય એના જોકના પ્રતિભાવ પર ખડખડાટ હસી રહ્યો હતો. વસુમા સ્મિત કરી રહ્યાં હતાં વચ્ચે વચ્ચે... અભય બારીની બહાર જોતો કેટલી ઝડપથી વૈભવીને ચક્કરમાં નાખીને પ્રિયાના ઘરે પહોંચી શકાય એની ગણતરીઓ ગણતો હતો. એને ફરી એક વાર ફોન કરવાનું યાદ આવ્યું.

એણે મોબાઇલ કાઢીને પ્રિયાનો નંબર ડાયલ કર્યો. સામે છેડે ફોન હજુ પણ સ્વિચ ઑફ હતો!

ગાડી શ્રીજી વિલાના ગેટ પાસે આવી ગઈ. શ્રેયાએ ઝટકાથી ગાડી રોકી અને વસુમાને કહ્યું:

'મૅડમ, તમારું ઘર આવી ગયું!'

'થેન્ક યુ...' વસુમાએ પણ એટલી જ હળવી શૈલીમાં જવાબ વાળ્યો:

'શું આપવાનું અમને અહીં પહોંચાડવા બદલ...'

'તમારો દીકરો આપી દો.' શ્રેયા આટલું કહીને ખડખડાટ હસી પડી.

'એ તો આપેલો જ છે ને!' વસુમાએ કહ્યું:

'તું લઈ નથી જતી.'

'લઈ જઈશ, લઈ જઈશ. મારી પાસે એટલી બચત તો ભેગી થવા દો. અત્યારે તો તમારો દીકરો મને મોંઘો પડે છે. બૅન્કમાં લોન માટે અપ્લાય કર્યું છે મેં. લોન પાસ થશે એટલે લઈ જઈશ!'

'ઉધાર લઈ જા, હપ્તે હપ્તે ચૂકવજે.'

વસુમાએ પણ સામે મજાક કરી. એ ગાડીનો દરવાજો ખોલીને ઊતરવા જતાં હતાં ત્યાં શ્રેયાએ એમનો હાથ પકડી લીધો:

"ઉધાર લઈ જાઉં બે કલાક?"

'અરે, બે દિવસ લઈ જા!'

વસુમા હસીને ઊતરી ગયાં. પછી ઝૂકીને ગાડીની બારીમાંથી શ્રેયાની સામે જોઈને ઉમેર્યું:

'એ જ્યાં હશે ત્યાંથી પાછો જ આવશે, ખોટો રૂપિયો છે મારો!'

વરસાદ ઓછો થયો હતો, પણ હજી ઝરમર વરસી રહ્યો હતો. સામાન અજય અને અભયે લઈ લીધો. વસુમાના પગ પાસે પડેલી નાની હેન્ડબૅગ લેવા અલય દરવાજો ખોલીને ઝૂક્યો કે શ્રેયાએ એનો હાથ પકડીને નજીક ખેંચ્યો. અસાવધ અલય લગભગ શ્રયાની ઉપર પડ્યો. શ્રેયાએ એના ગાલ પર એક ચૂમી ભરી:

'આવે છે ને જાન? તારી મા પાસેથી ઉધાર લીધો છે તને...'

'તારો ત્રાસ છે.' અલયે કહ્યું:

'તને રોમાન્સ સિવાય કશું સૂઝતું જ નથી.'

'બે દિવસે મળ્યો છે, બીજું શું સૂઝે?' અને અલયના શર્ટનો કોલર પકડી એને નજીક ખેંચ્યો અને ફરી એક ચૂમી ભરી લીધી:

'બે દિવસનો બૅકલોગ ક્લિયર કરવાનો છે. જા, અંદર જઈને જલદી પાછો આવ... હું રાહ જોઉં છું.'

'ઓપ્શન નથી.' અલયે હસીને શ્રેયાના માથામાં હાથ ફેરવ્યો:

'સાવ પાગલ છે તું.'

'તારી પાછળ...!'

*

ગાડીનો અવાજ સાંભળીને શ્રીજી વિલાનો દરવાજો ખૂલ્યો હતો. જાનકી અને વૈભવી બને ઓટલા પર આવીને ઊભાં હતાં. ઓટલા પરનો એકમાત્ર યલો લૅમ્પ ચાલુ હતો. એમાંથી આછું અજવાળું ઓટલા પર રેલાઈ રહ્યું હતું. ગેટ ખોલીને કમ્પાઉન્ડમાં દાખલ થતાં વસુમાએ આછા અંધારામાં જાનકી અને વૈભવીના ચહેરા જોયા.

કોણ જાણે કેમ, પણ વસુમાને લાગ્યું કે બન્ને ચહેરા એમને કંઈક કહી રહ્યા છે. એક એવી વાત, જે સાંભળ્યા પછી એમની મનઃસ્થિતિ બદલાઈ જવાની છે.

સામાન્ય રીતે બહારગામથી પાછા ફરેલા કોઈ પણ માણસ વર્તે એમ ન વર્તીને વસુમાએ એક સરસરી નજર બન્નેના ચહેરા પર નાખી.

ઓટલાનાં પગથિયાં ચડતાં નજીક ઊભેલી જાનકીના ખભે હાથ મૂક્યો અને ઘરમાં દાખલ થઈ ગયાં. જાનકી સામેથી આવતા અજય તરફ આગળ વધી.

વૈભવી ત્યાં જ ઊભી રહી, અભયની રાહ જોઈને...

એક પણ અક્ષર બોલ્યા વિના વસુમા ઘરમાં દાખલ થઈને સીધાં સૂર્યકાંતના ફોટા પાસે ગયાં. હાથમાં પકડેલી પર્સમાંથી એમણે સુખડનો હાર કાઢ્યો અને પંજા પર ઊંચાં થઈને ફોટાને પહેરાવી દીધો...

* * *

18

સામેથી આવતા અજય તરફ જાનકી આગળ વધી. વૈભવી ત્યાં જ ઊભી રહી. અભયની રાહ જોઈને...

અજયે કમ્પાઉન્ડમાં દાખલ થતાં જ જાનકીનો ચહેરો જોયો. ખબર નહીં એને શું થઈ ગયું, પણ એણે જાનકીનો હાથ પકડી લીધો.

શ્રાદ્ધ પૂરું કરીને આવેલા અજયને ક્યારનુંય કોઈને વળગીને રડી પડવું હતું. જાનકી જાણતી હતી કે અજય હરિદ્વારથી આવશે ત્યારે ઢીલો થઈ ગયો હશે. પિતા માટેની એની લાગણી જાનકી જાણતી હતી. ઘરમાં કોઈ પણ સૂર્યકાંત મહેતા વિશે ઘસાતું બોલે એ અજયને બહુ ગમતું નહીં. ચારેય ભાઈ-બહેનમાં અજયને એના પિતા માટે થોડો વધારે જ પ્રેમ હતો. કદાચ એટલે જ આખા ઘરમાં આટલાં વરસે પણ જો કોઈને સૂર્યકાંત મહેતાના આવવાની સૌથી વધુ પ્રતીક્ષા હોય તો એ અજયને હતી. એણે વસુમાને સમજાવવાનો પ્રયાસ પણ કરી જોયો હતો. હરિદ્વાર જવાનો નિર્ણય જાહેર થયો એ પછી અજય વસુમાના ઓરડામાં ગયો હતો.

સામાન્ય રીતે માનો પડ્યો બોલ ઉઠાવતો અજય વસુમાના ઓરડામાં કોઈ દિવસ પૂછ્યા વગર દાખલ ન થતો. આજે પહેલી વાર એ વસુમાના ઓરડામાં સડસડાટ દાખલ થયો હતો. વસુમા કંઈક કામ કરી રહ્યાં હતાં. અજય જઈને એમની સામે ઊભો રહ્યો. આટલી ઉંમર થઈ હોવા છતાં વસુમાને ફક્ત વાંચવાનાં ચશ્માં પહેરવાં પડતાં. અડધો ઇંચનાં એ બેતાલાનાં ચશ્માંની ઉપરથી વસુમાએ અજયની સામે જોયું:

'બોલ, દીકરા.'

'મા...' અજયને વાત કઈ રીતે શરૂ કરવી એ સમજાતું નહોતું.

'કંઈ કહેવું છે, દીકરા?'

'મા, આ...' અજય શબ્દો ગોઠવી રહ્યો હતો:

'શ્રાદ્ધ કરવું જરૂરી છે? આપણે એમ જ એમના આવવાની પ્રતીક્ષા છોડીને આપણી સામાન્ય જિંદગી જીવવા માંડીએ તો? આવી વિધિ શું કામ? ને મા, આ જાહેરાત આપ્યા પછી કદાચ વહેલા-મોડાય આવે તો શ્રાદ્ધની વાત જાણીને એમને કેવું લાગે?'

'બેટા, મેં પણ વિચારી જોયું હતું આ વિશે. મારી જાતને પૂછ્યું હતું કે આ શ્રાદ્ધ હું તારા પિતાને કોઈ પાઠ ભણાવવા કે એમના પ્રત્યે મારી કોઈ કઠોરતા કે નિષ્ઠુરતા સાબિત કરવા તો નથી કરતી ને? આવી કોઈ વિધિ કર્યા વિના હું એમની રાહ જોવાની છોડી નહીં શકું?'

વસુમાની આંખો એકદમ તરલ થઈ આવી હતી.

'તો? મા...'

'પણ બેટા, મને લાગે છે, મારે પણ મન મનાવવા માટે કશુંક જોઈશે. આ રોગ તો પચ્ચીસ વર્ષ જૂનો છે બેટા, એને જડમૂળથી ઉખાડીને ફેંકવો પડે.'

'પણ મા, પછી કદાચ બાપુ આવે તો? મને તો લાગે છે કે એ આવશે જ.'

'એવું તો મને પણ લાગે છે.'

અજય આશ્ચર્યથી વસુમાની સામે જોઈ રહ્યો. આ સ્ત્રી કેટલાં પડની બનેલી હતી. એક ખોલો તો બીજું નીકળતું હતું. જો એને ખબર જ છે કે બાપુ પાછા આવશે તો શ્રાદ્ધની વિધિ...

એનાથી બોલ્યા વિના ન રહેવાયું:

'એટલે તું વેર લે છે એમના પર?'

'કોઈ પોતાના માણસ પર વેર લેતું હશે, બેટા?'

'વેર નહીં તો બીજું શું, મા? આટલાં વર્ષથી સંચિત આ તારો ક્રોધ અને નફરત છે. જો તારા મનમાં પણ એવું હોય કે એ આવશે તો શ્રાદ્ધ કરીને શું સાબિત કરવા માગે છે તું? એ જ ને કે લો સૂર્યકાંત મહેતા, મેં તો તમારું શ્રાદ્ધ કરી નાખ્યું, હવે મારે તમારી કોઈ જરૂર નથી...'

સામાન્ય રીતે કદીય ન ઉશ્કેરાતો અજય ત્યારે ગુસ્સે થઈ ગયો હતો. એનું આખું શરીર ગુસ્સામાં ધ્રૂજી રહ્યું હતું. માની સામે એણે આ અવાજમાં ક્યારેય વાત નહોતી કરી એટલે એના અપરાધભાવથી એ વસુમાની સામે જોયા વિના બોલતો હતો. એનામાં હિંમત નહોતી વસુમાની આંખમાં આંખ નાખવાની.

વસુમા નજીક આવ્યાં. એમણે અજયના ખભા પર હાથ મૂક્યો અને એ જ્યાં ઊભો હતો એની પાછળ પડેલા એક મોટા આસન પર બેસાડી દીધો. અજયે આસનના બન્ને હાથા પોતાના હાથમાં જોરથી પકડી લીધા. એને ઘણું કહેવું હતું, એને ઘણી દલીલ કરવી હતી. એને લાગતું હતું કે મા ભૂલ કરી રહી છે... સાથે જ મા પણ કોઈ દિવસ ભૂલ કરી શકે એ વિચારે જ એનું મન પાછું પડતું હતું. વસુમાની આજ સુધી અત્યંત આદરથી જોયેલી છબી એને રોકતી હતી કંઈ પણ બોલતાં, કહેતાં કે પૂછતાં.

એ બન્ને હાથા પોતાના હાથમાં મજબૂત પકડીને નીચું જોઈને બેસી રહ્યો. વસુમાએ સાવ નજીક ઊભાં રહીને એના વાળમાં હાથ ફેરવવા માંડ્યો. અજય ઢીલો થઈ ગયો. એણે બેય હાથે વસુમાને પકડી લીધાં અને નાના બાળકની જેમ રડી પડ્યો:

'મા, શા માટે કરે છે આવું? બાપુના આવવાની એકમાત્ર આશા શું કામ ભૂંસી નાખે છે, મા?'

વસુમાએ અજયને થોડી વાર રડવા દીધો. પોતે ચૂપચાપ એના વાળમાં હાથ ફેરવતાં રહ્યાં. અજય પોતાના બન્ને હાથ વસુમાની કમર પર વીંટાળીને જાણે આઠ-નવ વર્ષનું બાળક હોય એમ હીબકાં ભરી રહ્યો હતો. થોડી વારે વસુમાએ એની ચિબૂક પકડીને ઊંચી કરી. એની આંખમાં આંખ નાખી, બીજો હાથ હજીય એના કપાળ પર, એના ગાલ પર ફરી રહ્યો હતો. એમણે સાવ હળવેથી જાણે સ્વગત બોલતાં હોય એમ કહ્યું:

'બેટા, જો આ વેર હોય તો એ મારી જાત સામે છે. જો આ નફરત હોય તો એ મારા પોતાના સ્ત્રીત્વ પરત્વે છે. જો આ ક્રોધ હોય તો મારી પોતાની નિયતિ પ્રત્યે છે. તારા પિતા સામે મને કોઈ વિરોધ નથી બેટા, આ દુ:ખ, આ તકલીફ, આ પીડા મારા પતિ સામે છે. એ આવશે એવી મને ખાતરી છે, કારણ કે એ તમારા પિતા છે. જે રિસાઈને ગયા છે એ પતિ છે મારા, જેમને વસુંધરા નામની એમની પત્ની સામે વિરોધ હતો. જો તમારી મા સામે હોત તો એ મારા ભરોસે છોડી જાત તમને? બેટા, એમને ખાતરી હશે કે હું પત્ની તો કદાચ એમને જેવી જોઈતી હતી એવી ન બની શકી પણ મા ઉત્તમ સાબિત થઈશ... અને એટલે જ જે આવશે એ તમારા પિતા

આવશે ને એમને હું આવકારીશ બેટા, પણ મારી અંદર અતૃપ્ત આત્માની જેમ તરફડતી પત્નીને પણ કોઈ જવાબ તો આપવો પડશે ને?'

આટલું બોલતાં બોલતાં વસુમાનું ગળું ભરાઈ આવ્યું હતું, પણ આંખો કોરી હતી. જાણે નહીં રડવાનું નક્કી કર્યું હતું એમણે.

થોડી ક્ષણના મૌન પછી એમણે વાતનો દોર સાધી લીધો: 'અને એટલે જ આ શ્રાદ્ધ એ પત્નીને આપવાનો જવાબ છે બેટા, હું આજ પછી સારા-ખરાબ પ્રસંગે એમની ગેરહાજરી બદલ બે આંસુ સારી શકું એટલી તો છૂટ આપો મને.'

કોઈ ગજબ હિંમતથી, ગજબ આત્મવિશ્વાસથી વર્તી રહ્યાં હતાં એ.

અજય જોઈ રહ્યો એમની સામે. પછી હળવેકથી ઊભો થઈને બહાર જવા લાગ્યો. વસુમાએ ધીમા ડગલે બહાર જતા અજયને કહ્યું:

'બેટા તું એક જ છે, જેણે તારી માની આંખમાં આંસુ જોયાં છે. અંજલિ અને અલય એટલાં નાનાં હતાં કે એને મારા આખી આખી રાત જાગીને રડવાના પ્રસંગ યાદ નથી... દિવસભરનો થાકેલો અભય મારું રડવું સાંભળી શકે એટલા ભાનમાં જ નહોતો રહેતો. એક તું જ હતો, જે આખી રાત મારા ગળામાં હાથ નાખીને મારી સાથે રડ્યો છે. તું પણ જો મારી મુક્તિને વેર, ક્રોધ કે નફરત માનીશ તો હું બીજાઓને કઈ રીતે સમજાવીશ, દીકરા? તું તારી માનાં આંસુનો સાક્ષી છે. હવે મુક્તિની દિશામાં તારે મને લઈ જવાની છે હાથ પકડીને. એને બદલે...' વસુમાએ આંખ લૂછી નાખી હતી:

'ને છતાંય જો તમને બધાયને એમ લાગતું હોય કે જરૂર નથી તો મારે કંઈ નથી કરવું. માત્ર ગંગાકિનારે જળનો અર્ઘ્ય આપીને જ શ્રાદ્ધ થાય એવું નથી બેટા, એક વિધિ મનોમન પણ થતી જ હોય છે...'

'મા...' અજય બારણેથી પાછો ફરીને દોડતો આવીને વસુમાને વળગી પડ્યો હતો. એમના ગળામાં હાથ નાખીને ફરી એક વાર રડી પડ્યો હતો અજય. વસુમા પણ જાતને રોકી નહોતાં શક્યાં.

બે દાયકા પહેલાંનું એ દૃશ્ય જાણે ફરી ભજવાઈ ગયું વસુમાના ઓરડામાં... અજય એમના ગળામાં હાથ નાખીને એમને કહી રહ્યો હતો:

મા, રડ નહીં... રડ નહીં, મા.

*

જાનકીનો હાથ પકડી લીધો અજયે અને ક્ષણભર જાનકીની આંખોમાં જોઈ રહ્યો.

આ પતિ-પત્નીની સંવાદિતા એવી હતી કે એમની વચ્ચે મોટા ભાગની વાતો કહ્યા વગર જ થઈ જતી. બન્ને જણે ભાગ્યે જ આટલાં વરસમાં એકબીજાને આઈ લવ યુ જેવા શબ્દો કહ્યા હશે, છતાં બન્ને જાણતાં કે એકબીજાને કેટલો પ્રેમ કરતાં હતાં.

જાનકીની આંખમાં જોઈને અજયને સમજાઈ ગયું કે કશું અજુગતું બન્યું છે!

આમ તો અજયને ખાસ બહારગામ જવાનું થતું નહીં. આમ છતાં અજય બહારગામથી આવે ત્યારે જાનકી એણે અજય વગર ગાળેલા બે-ચાર-દસ દિવસની ફરિયાદ લઈને ઊભી જ હોય. એની આંખોમાં અજય વિના ગાળેલા દિવસોનો ખાલીપો અકબંધ હોય, જે અજયને જોતાં જ વાદળની જેમ વરસી પડે. અજય ક્યારેક હસતો અને જાનકીને કહેતો:

'ગાંડી છે તું. એમાં રડવાનું શું?'

'તારા વિના મને એક પળ ગમતું નથી, અજય.'

'કૉલેજ જાય છે ત્યારે? રહે છે ને મારા વિના?!'

'એ નોકરી છે, મજબૂરી છે. મારું ચાલે તો હું તને મૂકીને ક્યાંય ન જાઉં...'

અજયના ખભા પર એ માથું ઢાળી દેતી અથવા બન્ને હાથ લપેટીને છાતીમાં જાણે સમાઈ જવું હોય એવી ભીંસ આપતી.

'ખરી વાત છે...' દરેક વખતે આવો પ્રેમાળ-મધુર સંવાદ કોણ જાણે કેમ કડવાશ તરફ વળી જતો.

'હું બરાબર કમાતો નથી એટલે તારે નોકરી કરવી પડે છે...'

જાનકીથી અડધો ઇંચ પણ દૂર ન હોય તોય અજય જાણે માઈલો દૂર ધકેલાઈ જતો.

'આમાં કમાવાની ને નોકરીની વાત ક્યાં આવી?'

જાનકી આવું કહીને અજયને ખૂબ વહાલ કરતી, પણ એ વહાલ અજયને ભીંજવી શકતું નહીં. પોતે અભયભાઈ જેટલું કમાઈ નથી શકતો અને પોતાની પત્નીને નોકરી કરવી પડે છે એ વાત અજયને મનોમન કોરતી રહેતી અને ક્યારેક આવી રીતે બહાર પણ આવી જતી...

આજે પણ અજય બહારગામથી પાછો ફર્યો ત્યારે એને હતું કે જાનકીની આંખો ભીની થઈ જશે. લગભગ ગેટ સુધી આવી પહોંચેલી જાનકીની આંખો ભીની નહોતી, પણ ભારે બોલકણી હતી, એને જાણે કોઈ અગત્યની વાત કહેવી હતી અજયને. એના આખા ચહેરા પર કંઈક એવું લખાયેલું હતું જે અજય વાંચી તો શકતો હતો, પણ ઉકેલી નહોતો શકતો..

'કંઈ થયું છે?' અજયે પૂછ્યું.

'હા, તમે અંદર ચાલો, મારે તમારી સાથે વાત કરવી છે.'

'જો', વૈભવીભાભીનો સ્વભાવ આપણે બધાં જ જાણીએ છીએ. એ બોલ્યાં કંઈ? તો મનમાં નહીં લેવાનું...'

વૈભવીએ પોતાની ગેરહાજરીનો ફાયદો ઉઠાવ્યો હશે એમ માનીને અજયે જાનકીને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'તમે અંદર ચાલો તો ખરા.'

જાનકી અજયના હાથમાંથી એકાદ લગેજ ઊંચકીને આગળ વધી.

અજયને માટે આગળ વધેલી જાનકી અને અભય પથ્થરની પગથી પર ક્રોસ થયાં. જાનકીએ અભયની સામે માત્ર સ્મિત કર્યું.

આજે જાનકી કંઈ બોલી નહીં!

અભયે મનોમન નોંધ્યું, બાકી, ખુશમિજાજ જાનકી કંઈ બોલ્યા વિના, ટ્રિપ વિશે કશું પૂછ્યા વિના રહે જ નહીં...

અભય ઓટલા પર ઊભેલી વૈભવી તરફ આગળ વધતાં મનોમન વિચારી રહ્યો હતો કે કેટલી ઝડપથી કામનું બહાનું બનાવીને ઘરમાંથી નીકળી શકાય અને પ્રિયાની પાસે પહોંચી જવાય...

એણે ખુશમિજાજ સ્માઇલ કર્યું:

'હાઈ ડાર્લિંગ, બહુ મજા કરી બે દિવસ?'

'હાસ્તો, તમે મજા કરવા જાવ તો અમે શું કામ ન કરીએ?'

'હું શ્રાદ્ધ કરવા ગયો હતો, મજા કરવા નહીં.'

અભયના અવાજમાં અજાણે કડવાશ આવી ગઈ. પણ તરત જ એને સમજાયું કે એણે ખોટા સૂર પર વાત શરૂ કરી હતી.

'શ્રાદ્ધ તો અડધો કલાક હોય, બાકીનો સમય તો ત્રણ દીકરા અને માએ મજા જ કરી હશે ને! એ વગર બધાના ફોન બંધ હોય?'

'બધાંનાં મન બહુ ઉદાસ હતાં ડાર્લિંગ. કોઈ વાત કરવાના મૂડમાં જ નહોતું.'

'એ ખરું... તમારા પિતાશ્રી ગુજરી ગયા એટલે મન તો ઉદાસ જ હોય ને!'

'વૈભવી!'

અભયનો અવાજ ઊંચો થઈ ગયો અને આગળ ચર્ચા થાય એ પહેલાં જ એ સડસડાટ ઘરમાં દાખલ થઈ ગયો. અભયને જતો રોકવા વૈભવીએ એનો હાથ પકડવાનો પ્રયત્ન કર્યો, પણ અભયને એટલા જોરથી હાથ ઝટકાવ્યો કે વૈભવીને એ ઝાટકો ખભા સુધી લાગ્યો. ડાબા હાથે જમણા હાથનો ખભો દબાવતી વૈભવી પણ એક ક્ષણ માટે અજય અને જાનકીને એકબીજાનો હાથ પકડીને ઊભેલાં જોઈ રહી, પછી બબડતી એ પણ ઘરમાં દાખલ થઈ.

એક બાજુ રોમિયો-જુલિયેટની જોડી જોઈ લો અને બીજી બાજુ બે વાક્ય પણ સરખી રીતે બોલી નથી શકાતાં મારા ધણીથી!... જો કે જેવા બેડરૂમમાં જશે કે તરત મિજાજ બદલાઈ જશે એમનો... પુરુષો બધા સરખા!

*

વસુમા ઘરમાં દાખલ થઈને સીધાં સૂર્યકાંતના ફોટા પાસે ગયાં.

હાથમાં પકડેલી પર્સમાંથી એમણે સુખડનો હાર કાઢ્યો અને પંજા પર ઊંચા થઈને ફોટાને પહેરાવી દીધો...

વૈભવીનો હાથ ઝટકાવીને ગુસ્સામાં ડ્રોઇંગ રૂમમાં દાખલ થયેલા અભયે વસુમાને હાર ચડાવતાં જોયાં. એ ત્યાં જ ડઘાયેલો ઊભો રહી ગયો. એના મોઢામાંથી એક શબ્દ નીકળી શક્યો નહીં. એની આંખો ભરાઈ આવી. એણે પહેલી આંગળી અને અંગૂઠાથી આંખ લૂછી નાખી પછી બન્ને હાથના પંજા ભેગા કરી માથું નમાવી દીધું.

અભય તો કશું ન બોલ્યો, પણ અભયની પાછળ ગુસ્સામાં તમતમતી ડ્રોઇંગ રૂમમાં દાખલ થયેલી વૈભવીએ કસર પૂરી કરી નાખી:

'હાર પહેરાવવાથી જીવતા માણસ મરેલા સાબિત નથી થતા.'

'વૈભવી...' અભય હજુ ગુસ્સામાં હતો.

'મારા પર શું કરવા બૂમો પાડો છો? મેં તો સાચું કહ્યું છે.' પછી વસુમાની સામે જોઈ આંખો નચાવીને ઉમેર્યું:

'આ ઘરમાં તો હંમેશાં સત્યનો આદર થતો આવ્યો છે, ખરુંને, મા?'

'હા, બેટા.'

વસુમાએ આ બધાથી પર તદ્દન સંયત અવાજે કહ્યું પછી એ પોતાના ઓરડા તરફ જવા લાગ્યાં. વૈભવીને લાગ્યું કે એના હાથમાં આવેલી બાજી સરી રહી છે...

મા-દીકરાની સામે પોતાના હાથમાં આવેલું જબરદસ્ત રહસ્ય ઉઘાડું પાડવાનો આનંદ જો વસુમા એમના ઓરડામાં જતાં રહેશે તો પૂરો થઈ જશે એટલે એણે એકશ્વાસે ઊંચા અવાજે એટલા જોરથી કહ્યું કે બહાર ઊભેલાં અજય-જાનકી અને ગેટ ખોલીને અંદર આવી રહેલા અલયને સુધ્ધાં સંભળાયું...

'જેમના ફોટા પર તમે હાર ચડાવી દીધોને એ સૂર્યકાંત મહેતા જીવે છે! એટલું જ નહીં, મુંબઈ આવી પહોંચ્યા છે અને તાજમાં ઊતર્યા છે...'

પછી જાણે પોતાનો હાથ ઝટકાવ્યાના બદલામાં એક તમાચો મારતી હોય એમ પહેલાં અભય સામે ને પછી વસુમા સામે જોઈને ઉમેર્યું:

'એમની સાથે એમની બીજા ઘરની દીકરી પણ છે. એકદમ પરદેશી દેખાય છે... એમની બીજી વારની પત્ની પાસે સારો એવો પૈસો હશે એમ લાગે છે. બાકી, દેવાથી ડરીને ઘર છોડીને ભાગી ગયેલા માણસને તાજમાં રહેવાનું ક્યાંથી પોસાય?'

આટલું કહીને એ ઉપર પોતાના રૂમ તરફ આગળ વધી ગઈ. ડાઇનિંગ ટેબલ પાસે થઈને ઉપર જવાની સીડી તરફ જતી વૈભવીને અભયે જે અવાજે બૂમ પાડી એ એટલો બધો ઊંચો હતો કે આટલો ઊંચો અવાજ શ્રીજી વિલાની દીવાલોએ પણ ભૂતકાળમાં ક્યારેય નહોતો સાંભળ્યો... બહાર ગાડીમાં બેસીને અલયની રાહ જોઈ રહેલી શ્રેયા પણ એ સાંભળીને ડરી ગઈ.

અજય અને જાનકી દોડતાં ઘરમાં આવ્યાં.

અલય પણ એકશ્વાસે સડસડાટ ડ્રોઇંગ રૂમમાં દાખલ થયો. પાછળ ગાડી લોક કરીને શ્રેયા પણ દોડી...

વૈભવી... ઈઈઈ...

ડ્રોઇંગ રૂમની મધ્યમાં ઊભેલો અભય બે જ ડગલાંમાં ડાઇનિંગ ટેબલ સુધી પહોંચી ગયો. એણે હાથ ઉઠાવ્યો અને વૈભવીના ગાલ પર તમાચો પડે એ પહેલાં જ વૈભવીએ અભયનો હાથ કાંડા માંથી પકડીને વચ્ચે જ રોકી લીધો.

અંદર દાખલ થયેલાં અજય, જાનકી, અલય અને શ્રેયા આ દૃશ્ય જોઈને દરવાજામાં જ સ્થિર થઈ ગયાં. પોતાના ઓરડા તરફ જવા માટે નીકળેલાં વસુમા આ બધા રમખાણને કારણે બેએક ક્ષણ અટક્યાં ખરાં, પરંતુ એમણે ફરી પોતાના ઓરડા તરફ જવા પગ ઉપાડ્યા:

'અભય... આટલો બધો ક્રોધ શાના માટે? એણે ખોટું શું કહ્યું છે? જો સૂર્યકાંત મહેતા મુંબઈમાં હોય અને તાજમાં ઊતર્યા હોય અને એમાં વૈભવીને નવાઈ લાગે તો એ કહે પણ નહીં?'

'ભાભી, આ વાતને આવી રીતે ન કહી હોત તો ન ચાલત?'

જાનકી બોલી અને પછી વસુમા તરફ જોઈ ઉમેર્યું:

'મા, પપ્પાજી મુંબઇમાં છે. તમારી જાહેરખબર વાંચીને આવ્યા છે ન્યૂયોર્કથી...?

'અચ્છા.'

કહીને વસુમા પોતાના ઓરડાના દરવાજે પહોંચી ગયાં. એક ક્ષણ ત્યાં અટક્યાં પછી ફરીને ત્રણ દીકરા અને ત્રણ વહુ તરફ વારાફરતી જોયું. સહેજ ઊંડો શ્વાસ લીધો અને પછી વૈભવીની આંખમાં આંખ નાખીને બોલ્યાં:

'વૈભવી, તમે આ ઘરનાં મોટાં વહુ છો. તમારા સસરા તાજમાં ઊતર્યા છે એની ખબર છે એટલે રૂમ નંબર પણ ખબર હશે જ. એમને ફોન કરીને કાલે જમવા બોલાવી લો. એમની સાથે જે કોઈ પણ આવ્યું હોય એ બધાંને પણ આગ્રહપૂર્વક નિમંત્રણ આપજો, અને હા. અંજલિ અને રાજેશને પણ કહી જ દેજો.' પછી ફરી એક ઊંડો શ્વાસ લીધો:

'ઘણા વખતે આખું મહેતાકુટંબ જોડે જમશે.'

અને પોતાના ઓરડામાં જઈ બારણું બંધ કરી દીધું.

વસુમાના ગયા પછી ડ્રોઇંગ રૂમમાં બાકી રહેલાં છએ જણ જાણે થીજી ગયાં હોય એમ ઊભાં હતાં. એમની વચ્ચેથી પસાર થઈ રહેલી ક્ષણો એટલી તો વજનદાર અને તીક્ષ્ણ હતી કે સૌને વારાફરતી એ ઉઝરડા પાડતી રહી...

પળેપળ લોહી ઝમતા એ ઉઝરડાને રોકી શકવાની પણ ત્યાં ઊભેલાં છ જણમાંથી એકેયમાં હિંમત નહોતી. પ્રિયાને ત્યાં નહીં જઈ શકાયાનો અભયને અફસોસ તો થયો જ. એની સાથે સાથે વૈભવીએ જે રીતે આ સમાચાર આપ્યા અને વાતાવરણ ડહોળી નાખ્યું એને માટે વૈભવીની જીભ કાપી લેવાની ઇચ્છા થઈ ગઈ. આટલાં વર્ષ સુધી એને અને એની ભાષાને ચૂપચાપ સહી રહેલા અભયનો પિત્તો વૈભવીના આજના વર્તનથી સાચા અર્થમાં ગયો હતો.

થોડીક ક્ષણના સન્નાટા પછી જાણે ઊંઘમાંથી જાગ્યો હોય એમ એ વૈભવી તરફ ફર્યો અને વૈભવી કંઈ સમજે એ પહેલાં એના ગાલ પર એક જોરદાર થપ્પડ મારી દીધી.

વૈભવીએ એક ક્ષણ અભયની આંખમાં જોયું અને પછી પોતાનો હાથ ઉઠાવીને અભયના ગાલ પર એટલા જ જોરથી થપ્પડ ઝીંકી...

અભયમાં રહેલો પુરુષ ફુત્કારીને જાગી ઊઠ્યો. એણે વૈભવીનો હાથ પકડ્યો. મરડીને એની પીઠ પાછળ દબાવ્યો. વૈભવીએ દાંત વચ્ચે હોઠ દબાવી દીધા, પણ ચીસ ન પાડી. પીડાથી એની આંખ ભીની થઈ ગઈ.

'બોલ, હવે બોલ...' અભયે હાથ સહેજ વધુ મરડ્યો. ત્યાં ઊભેલાં બધાં જ આ જોઈ રહ્યાં હતાં, પણ અભયનું આ રૌદ્ર સ્વરૂપ જોઈને કોઈની હિંમત નહોતી કે આમાં વચ્ચે પડે.

સૌથી પહેલાં હિંમત કરીને શ્રેયા આગળ વધી. એણે અભયનો હાથ કાંડામાંથી પકડી લીધો.

'છોડો, અભયભાઈ,'

અભયે હાથ થોડો વધુ મરડ્યો.

'છોડો કહ્યું ને અભયભાઈ, સારું નથી લાગતું.'

શ્રેયાએ માંડ માંડ વૈભવીનાં હાથ અભયના હાથમાંથી છોડાવ્યો. હાથ પંપાળતી વૈભવી ઉપર પોતાના ઓરડા તરફ જવા લાગી. અભય એક ક્ષણ ત્યાં ઊભો રહ્યો પછી બહાર જવા મુખ્ય પ્રવેશદ્વાર તરફ આગળ વધી ગયો.

'જેનું બીજે ક્યાંય ન ચાલેને એ બૈરી પર હાથ ઉપાડે... અને આવાને બાયલા કહેવાય!'

વૈભવી હજીય અભયને ડંખ મારવા ફેણ ઊંચકીને ઊભી હતી. પાછળ ફરીને અભયે એક વાર વૈભવી સામે જોયું, આરપાર ઊતરી જાય એવી નજરે અને પછી સડસડાટ બહાર નીકળી ગયો.

વૈભવી પણ ઝડપભેર પગથિયાં ચડીને પોતાના રૂમમાં જતી રહી.

જાનકીએ ધીમેથી અજયને કહ્યું:

'તમે નાહી લો, હું જમવાનું કાઢું.'

'મારે નથી ખાવું. મેં પ્લેનમાં ખાધું છે.'

અજય સડસડાટ એના રૂમ તરફ ચાલી ગયો. જાનકી અસહાય નજરે અલય અને શ્રેયા સામે જોઈ રહી પછી એ પણ. પોતાના રૂમ તરફ આગળ વધી.

શ્રેયાએ હળવેકથી અલયના ખભે હાથ મૂક્યો. અલયે એની સામે જોયું પછી જાણે ગુનો કબૂલતો હોય એમ હોઠમાંથી શબ્દો સરી પડ્યા:

'મને ખબર હતી, નીરવનો ગઈ કાલે રાત્રે જ ફોન આવ્યો હતો.'

'વ્હૉટ?' શ્રેયા અવિશ્વાસથી અલય સામે જોઈ રહી.

'સૂર્યકાંત મહેતા સૌથી પહેલાં નીરવને મળ્યા હતા અને નીરવે મને ગઈ કાલે રાત્રે હરિદ્વાર ફોન કર્યો હતો આ

કહેવા…'

'એટલે તેં… વસુમાને…' શ્રેયાએ અલયને કૉલરમાંથી પકડીને હચમચાવી નાખ્યો:

'એટલે આ શ્રાદ્ધ…'

'બધું જાણીને… મેં કરાવ્યું.'

અલયના અવાજમાં વસુમાના જેટલી જ સ્વસ્થતા કોણ જાણે ક્યાંથી આવી ગઈ. એણે કૉલરમાંથી પકડેલા શ્રેયાના હાથ પોતાના હાથમાં પકડ્યા:

'જાન, એક તું જ છે, જે મારી વાત સમજી શકીશ. આ સંબંધ કોઈ એક દિશામાં લઈ જવો અનિવાર્ય હતો. પ્રતીક્ષાના પીંજરામાંથી નીકળીને મારી મા હવે ખુલ્લા આકાશમાં આવી ગઈ છે. તેં જોયું નહીં-કેટલી સ્વસ્થ, કેટલી શાંત થઈ ગઈ છે એ. હું આ જ ઇચ્છતો હતો. ભાંગેલી-તૂટેલી અને સમયના હથોડાથી પડેલી તિરાડોવાળો ચહેરો લઈને મારી મા એ માણસને મળે એ મને મંજૂર નહોતું…'

'પણ એમને ખબર પડશે તો?'

'ખબર પડશે…હું જ કહીશ એને. મને વિશ્વાસ છે, મારી મા મારી વાત સમજશે. શ્રેયા, જાન.' અલયે એક એક શબ્દ ગોઠવીને કહેવા માંડ્યું:

'મારી મા પચ્ચીસ વર્ષથી એક તાંતણે બાંધેલી તલવાર નીચે બેસીને એક એક શ્વાસ ગણી ગણીને લેતી હતી. એ માણસ આવશે એની શ્રદ્ધાના બળે એણે આટલાં વર્ષો ખેંચી નાખ્યાં. અમને મોટાં કર્યા, ભણાવ્યા… એ પછી હજીય જો એ માણસના આવવા પર આધારિત રહીને મારી મા એના શ્વાસ ગણ્યા કરે તો અમારે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવું જોઈએ… થોડી સૂર્યકાંત મહેતાની, થોડી અભયની, થોડી અજયની, થોડી અંજલિની ને થોડી અલયની જિંદગી જીવી ગયેલી મારી મા હવે પોતાના ભાગની જિંદગી જીવે એટલો પ્રયત્ન તો એક દીકરા તરીકે કરવાનો મને અધિકાર છે કે નહીં?'

'પણ શ્રાદ્ધ થયા પછી એટલે કે આવતી કાલે સવારે…'

'શું?' અલયને શ્રેયાનો સવાલ ન સમજાયો.

'તારા ડૅડી અહીંયાં આવશે અને આ હાર… શ્રાદ્ધ વિશે જાણશે તો?'

'તો શું?'

અલય ખૂબ વહાલથી શ્રેયાનો ચહેરો પોતાના બે હાથની વચ્ચે લઈને નજીક લઈ આવ્યો. એના કપાળ પર હળવેકથી એક ચુંબન કર્યું:

'એ ગયા ત્યારે વસુંધરાના પતિ તરીકે, ચાર સંતાનોના પિતા તરીકે ગયા હતા. આવતી કાલે સવારે અમારા કુટુંબના એક પરદેશથી આવેલા સભ્ય અમારી સાથે જમવા આવવાના છે. એમનું નામ સૂર્યકાંત મહેતા છે અને આ ઘરના દરેક માણસ સાથે સદ્ભાગ્યે કે દુર્ભાગ્યે એમનો કોઈ ને કોઈ સંબંધ છે…'

અલયની આંખોમાં શ્રેયા જોઈ રહી. એની આંખો સામે એક એવો માણસ હતો જેને એ છેલ્લાં સાત વર્ષથી

ગળાડૂબ-સરાબોર પ્રેમ કરતી હતી છતાં જાણે જરાય ઓળખતી નહોતી!

*

વૈભવીએ પોતાના રૂમમાં જઈને નંબર જોડ્યો.

'વન-નૉટ-વન-વન, પ્લીઝ..?' એણે ડૂસકાં ભરતાં કહ્યું.

તાજના રૂમમાં ફોનની રિંગ વાગી.

'યસ!?' સૂર્યકાંત મહેતાએ ફોન ઉપાડ્યો.

'પપ્પાજી, હું વૈભવી બોલું છું.'

વૈભવીનો અવાજ થોડો રડું રડું હતો અને થોડો વધારે રડું રડું કર્યો.

'બોલ બેટા, તારો અવાજ આવો કેમ છે?'

'મા હરિદ્વારથી આવી ગયાં છે.'

'ઓહ!'

સૂર્યકાંતને આગળ શું બોલવું એ સમજાયું નહીં. એ થોડી વાર ફોન પકડીને એમ જ ઊભા રહ્યા.

વૈભવીને થયું કે ચાલ તો એણે જ ચાલવી પડશે એટલે સાવ રડમસ અવાજે. સાવ નબળા થઈને એણે સૂર્યકાંત મહેતાને કહ્યું:

'મા જેવાં હરિદ્વારથી આવ્યાં કે મેં તરત જ તમારા આવ્યાની વાત કરી... અમારા ઘરમાં મસમોટો ઝઘડો થયો અને અભયે...'

વૈભવીએ ડૂસકું છોડી દેતાં કહ્યું:

'અભયે મને મારી, પપ્પાજી...'

'વ્હૉટ?' સૂર્યકાંત મહેતાનો અવાજ ઊંચો થઈ ગયો.

'હા, પપ્પાજી... માએ તમને કાલે જમવા આવવા કહ્યું છે.'

'આટલું થયા પછી?'

'લક્ષ્મીબહેનને પણ લઈ આવવાનું કહ્યું છે.'

'જો વૈભવી, વસુને કહી દેજે...'

લક્ષ્મીએ પિતાનો ઊંચો અવાજ સાંભળીને બેડરૂમના એક્સટેન્શનનો ફોન ઉપાડ્યો હતો. સ્વીટના આગળના સીટિંગ એરેન્જમેન્ટના ભાગમાંથી વાત કરી રહેલા પિતાની વાત એ ચૂપચાપ સાંભળી રહી. પછી વસુને કહી દેજે... સાંભળીને લક્ષ્મીએ વાતમાં ઊતરવાનું નક્કી કર્યું:

'હલ્લો...?

'હલ્લો... હલ્લો...?' લક્ષ્મીનો અવાજ સાંભળીને વૈભવીને નવાઈ લાગી.

'લક્ષ્મી ફોન મૂકી દે.' સૂર્યકાંતે બહારથી કહ્યું.

'અમે કાલે જમવા આવીશું, ભાભી.'

'લક્ષ્મી!'

સૂર્યકાંત મહેતાના અવાજમાં લક્ષ્મીની નાફરમાની પ્રત્યે ગુસ્સો હતો.

'ડેડી, આપણે વાત કરીએ છીએને?!' પછી ફોનમાં વૈભવીને કહ્યું:

'કાલે મળીએ ભાભી, કેટલા વાગે?'

'અ... બ... સાડા અગિયારે.' બઘવાયેલી વૈભવી પાસે હવે કોઈ રસ્તો નહોતો.

'ઓકે, ભાભી.'

લક્ષ્મીએ ફોન મૂક્યો અને સૂર્યકાંત પાસે આવીને એમને વીંટળાઈ ગઈ:

'ડેડી, તમે પચ્ચીસ વર્ષે વસુ આન્ટીને મળશો...'

'એણે મારા આવવાની ખબર સાંભળીને ઝઘડો કર્યો.'

'એવું તમને કોણે કહ્યું? વૈભવી ભાભીએ? ડેડી, એટલો તો વિચાર કરો કે જો વસુ આન્ટીએ ઝઘડો કર્યો હોય તો એ તમને જમવા શું કામ બોલાવે?'

'પણ વહુ પાસે ફોન કરાવ્યો... પોતે તો ન જ કર્યાને? મારી રાહ જોયા વિના હરિદ્વાર જઈને શ્રાદ્ધ કરી આવી... તો જાહેરાત શું કામ આપી હતી? આ વસુ છે, બેટા... એના અભિમાનની તને હજી ખબર નથી.'

'ડેડી, તમે પણ જાહેરાત વાંચીને ફોન કરી જ શક્યા હોત... પચ્ચીસ વર્ષ દરમિયાન તમે ક્યારેય ફોન નથી કર્યો, ડેડી... હવે પચ્ચીસ-પચ્ચીસ વર્ષ રાહ જોઈને, ચાર-ચાર સંતાનને એકલે હાથે ઉછેર્યા પછી એક પત્ની એટલી તો આશા રાખેને કે પહેલો ફોન તમે કરો!'

'પણ...' સૂર્યકાંત મહેતા પાસે જવાબ નહોતો.

લક્ષ્મી હજીય એમને વીંટળાઈને ઊભી હતી અને એમની પીઠ પર હાથ ફેરવી રહી.

'હમણાં ન કરવો હોય તો નહીં કરતા, આપણે કાલે જવાનાં જ છીએ.'

'જા... હું...' સૂર્યકાંત કંઈ કહેવા માગતા હતા, પણ શું એની પોતાને ખબર નહોતી.

'ચાલો, સૂઈ જઈએ? સવારે વહેલા જવું છે.'

હાથ પકડીને એ સૂર્યકાંતને દોરીને બેડરૂમ તરફ લઈ ગઈ. સૂર્યકાંત જાણે ચાવી આપેલું રમકડું હોય એમ

લક્ષ્મીની પાછળ પાછળ દોરાયા.

*

વસુમાએ પલંગના સાદા ટેબલ પર મૂકેલી ઘડિયાળ જોઈ:

રાતના પોણા બે..

એમને કોઈ રીતે ઊંઘ નહોતી આવતી.

એ ઊભાં થઈને ઠાકોરજીના મંદિર પાસે ગયાં. રાતના સૂતાં પહેલાં વાસી દીધેલું મંદિર ખોલ્યું. સામે બેઠાં.

'જો...?' એમણે સીધી ઠાકોરજીની સાથે જ વાત કરવા માંડી:

'કાલે એ આવશે. આટલાં વર્ષ તે ખૂબ હિંમત અને બળ આપ્યું છે. હવે કાલના દિવસે મારો હાથ છોડી નહીં દેતો, હોં.. મને ખબર નથી શું કરીશ, પણ તને ખબર છે કે તું મારી પાસે શું કરાવવાનો છે. નથી કોઈ વિનંતી કરતી કે નથી તારી પાસે કંઈ માગતી... બસ, એક જ વાત કહેવા માગું છું તને કે આજ સુધી જેમ સુખમાં અને દુ:ખમાં મારી લગોલગ ઊભો રહ્યો છે એમ આવીને ઊભો રહેજે... મારા સમ્માનની, મારા સ્વત્વની, મારી સ્ત્રીત્વની અને મારા પત્નીત્વની બધી જવાબદારી હું તને સોંપું છું. સમજે છે ને તું મારી વાત?

*

ઓઢવાનું ફગાવીને સૂર્યકાંત મહેતા ઊભા થયા.

પડખાં બદલી બદલીને એ થાક્યા હતા. લક્ષ્મીએ એમને અગિયાર વાગે પથારીમાં નાના બાળકની જેમ સુવડાવ્યાં હતા અને ઓઢવાનું સરખું ઓઢાડ્યું ત્યારથી શરૂ કરીને અત્યારે લગભગ બે વાગવાની તૈયારી હતી. એમને કોઈ રીતે ઊંઘ નહોતી આવતી. એમનું મન રહી રહીને ભૂતકાળમાં સરી જતું હતું.

વસુએ ફોન ન કર્યો એ બાબતે ખોટું લગાડીને ન જવું કે લક્ષ્મીના કહેવા પ્રમાણે ઘેર જઈને વીતેલી વાત ભૂલી જવી એ દ્વંદ્વ વચ્ચે એક પતિ અને પિતા આમથી તેમ ઝૂલી રહ્યા હતા. એમને ફરી એક વાર લક્ષ્મીના શબ્દો યાદ આવી ગયા:

પચ્ચીસ વર્ષ દરમિયાન તમે ક્યારેય ફોન નથી કર્યો. ડૅડી... હવે પચ્ચીસ-પચ્ચીસ વર્ષ રાહ જોઈને, ચાર-ચાર સંતાનને એકલે હાથે ઉછેર્યા પછી એક પત્ની એટલી તો આશા રાખે ને કે પહેલો ફોન તમે કરો...

ઊંડા વિચારમાં ગરક સૂર્યકાંત મહેતા ઘડીભર ઘસઘસાટ ઊંઘતી લક્ષ્મી સામે જોઈ રહ્યા. પછી જરાય અવાજ ન થાય એમ સેટિંગ એરેન્જમેન્ટ તરફ આગળ વધ્યા-

- સોફામાં બેસીને રિસીવર ઉપાડ્યું.

- ઘડીભર હાથમાં એમ જ પકડી રાખ્યું.

- પછી પાછું મૂકી દીધું...

આખરે જાણે નિર્ણય કરતા હોય એમ રિસીવર ઉપાડ્યું. ઝીરો ડાયલ કરી નંબર જોડ્યો...

ટ્રિન... ટ્રિન...

બે વાગવામાં પાંચ મિનિટ ઓછી...

શ્રીજી વિલાના ફોનની ઘંટડી રણકી રહી હતી.

વસુમાને ખબર નહીં, ખાતરી હતી કે આ ફોન કોનો હશે.

એમણે પોતાના કાના સામે જોયું. એક સ્મિત કર્યું અને ઓરડાનો દરવાજો ઉઘાડી એ ફોન ઉપાડવા આગળ વધ્યાં...

* * *

19

વૈભવી પોતાના બેડરૂમમાં પડખાં ઘસી રહી હતી.

અભયે જે રીતે જાહેરમાં એને તમાચો માર્યો હતો અને એ પણ વસુમાની હાજરીમાં ત્યાર પછી એ ઘરમાં કોઈને મોઢું બતાવી શકે એવી સ્થિતિમાં નહોતી. પોતાનું વર્ચસ્વ આ ઘરમાં જમાવવા માટે પરણીને આવી એ દિવસથી વૈભવી ઝઝૂમી રહી હતી. એનો પૈસો, એની સુંદરતા કે એની બુદ્ધિ કશુંય કામ નહોતું લાગ્યું. હજુ સુધી આ ઘર વસુમાનું હતું અને એમના બધા જ દીકરા-વૈભવીનો પતિ સુધ્ધાં - આજની તારીખ સુધી એમનો પડ્યો બોલ ઝીલતા હતા.

રાતના પોણા બે થવા આવ્યા હતા. અભય હજી ઘેર નહોતો આવ્યો અને આજે વૈભવીનું અભિમાન એને ફોન કરતાં પણ રોકી રહ્યું હતું.

ક્યાં ગયો હશે... બેઠો હશે કોઈ બારમાં ઢીંચતો.

વૈભવીએ ઊંઘવાની કોશિશ કરવા માંડી. અભય પાછો આવે એટલે ફરી ઝઘડો માંડવો હતો એને. આટલાં વર્ષોની એની જૂની આદત હતી. એમાંય અભય જો ઝઘડો અધૂરો મૂકીને બહાર જતો રહે તો વૈભવી એના પાછા આવવા સુધી રાહ જોતી. રાતના બે-ત્રણ, સવારે ચાર - વૈભવીને સમયની કોઈ પરવા નહોતી. અભય જેવો ઓરડામાં દાખલ થાય કે તરત જ જ્યાંથી એ અધૂરો મૂકીને ગયો હોય ત્યાંથી જ પિકઅપ કરતી વૈભવી!

*

'હું થાકી ગયો છું એ બાઈથી અને એના સ્વભાવથી. શું કરું કહે! એને છોડી પણ શકું એમ નથી. મારી દીકરી સોળ વર્ષની છે. પ્રિયા, એનાં લગ્ન થશે કાલે ઊઠીને મારી નોકરી, મારો ધંધો-બધામાં એ બાઈ સાપની જેમ ફેણ ફેલાવીને બેઠી છે. બહુ મુશ્કેલ થશે એનાથી છૂટા પડવું.'

'હું ક્યાં છૂટા પડવાનું કહું છું?'

પ્રિયાની આંખોમાં આંસુ હતાં.

'તું નથી કહેતી, હું કહું છું. એક પળ નથી રહેવું મારે એની સાથે. એનો શબ્દેશબ્દ દઝાડે છે. મને નાની નાની વાતમાં એની ચાલાકીથી હવે મને નફરત થવા લાગી છે. એ જેમ કહે એમ કરું છું. એને ખુશ રાખવાનો પ્રયત્ન કરું છું... મનથી.' ને પછી ઊંડો નિઃશ્વાસ નાખીને ઉમેર્યું:

'મારી ઇચ્છા ન હોય છતાં તનથી, પણ... શું કરું તો એ શાંતિથી રહે એ સમજાતું નથી.'

'અભય, તમારે એના પર હાથ ઉપાડવાની જરૂર નહોતી.'

'માણસમાં ધીરજની પણ હદ હોય છે, પ્રિયા. મારે હાથ ઉપાડવો નહોતો, પણ ઊપડી ગયો મારી માને જો આની ખબર પડશે તો કેટલો પ્રોબ્લેમ થશે કોને ખબર...'

'અભય, મેં બહુ વિચારી જોયું. અગિયાર વાગે આવ્યા ત્યારથી શરૂ કરીને હમણાં સુધી હું આ વાત પર જ

વિચારતી રહી હતી. લાગે છે, તમારી વાત સાચી છે. અત્યારના સંજોગોમાં બાળકની જવાબદારી તમને અને મને, બન્નેને તકલીફ કરશે.'

'સ્વીટ હાર્ટ છતાંય તું જે નક્કી કરે એ હું તારી સાથે જ છું. કાલે સવારે હું આવીશ તારી સાથે ડૉક્ટર પારેખના ક્લિનિકમાં.'

પ્રિયા એક ક્ષણ જોઈ રહી અભયની સામે, પછી એને વળગી પડી. એના ગળામાં હાથ નાખીને એની છાતીમાં માથું નાખી દીધું અને એકદમ ધીમેથી કહ્યું:

'આઈ લવ યુ, અભય, આઈ રિયલી લવ યુ..'

'આઈ લવ યુ ટુ, પ્રિયા...'

પ્રિયાના વાળમાં આંગળીઓ ફેરવતાં શૂન્યમાં જોઈને અભયે કહ્યું:

'કોણ જાણે મારાથી આવું કેવી રીતે થઈ ગયું? આઈ એમ સૉરી, પ્રિયા!'

'બસ, અભય બસ, હવે માફી નહીં માગતા, નહીં તો હું રડી પડીશ.'

પ્રિયા અભયની છાતીમાં માથું નાખી એની પીઠ પર હાથ ફેરવતી રહી:

'હું સમજી શકું છું તમારું ટેન્શન... મારે પણ હરિદ્વાર ફોન નહોતો જ કરવો જોઈતો. બે દિવસ રાહ જોઈ હોત તો શું ખાટું-મોળું થઈ જવાનું હતું? આઈ એમ સૉરી...'

બન્ને જણ એકબીજાની માફી માગતાં રહ્યાં અને વહાલ કરતાં રહ્યાં

બીજા દિવસે સવારે પ્રિયાએ ડૉ. પારેખને ત્યાં જવાનું હતું. અભયે સાથે આવવાનું તો કહ્યું, પણ પ્રિયાને એ નહોતું સમજાતું કે હવે એ અંજલિને કઈ રીતે ટાળે? અથવા અભયને કઈ રીતે કહે કે એની જ બહેન આ વાત જાણે છે અને એની સાથે ક્લિનિક આવવા તૈયાર થઈ છે. અવઢવ અને અસમંજસમાં પ્રિયાએ અભયને કશું ન કહ્યું. આખરે રાત્રે પોણા બે વાગે એણે અભયને પૂછ્યું:

'તમારે જવું નથી?'

'કેમ, થાકી ગઈ મારાથી?'

પ્રિયાએ અભયને લપેટી લીધો:

'જીવનભર અહીંયાં રહો, અભય. હું ક્યારેય તમારાથી નહીં થાકું, પણ હું નથી ઇચ્છતી કે ઝઘડો આગળ ચાલે.'

'ઝઘડો તો આગળ ચાલશે જ, પ્રિયા! હું ગમે એટલા વાગે ઘેર જઈશ એ ઝઘડો પૂરો કર્યા વિના ઊંઘશે નહીં એટલે વિચારું છું કે જઈને એને જે કહેવું હોય એ સાંભળી લઉં તો ચાર-પાંચ કલાકની ઊંઘ મળે. જો બહુ મોડો જઈશ તો મા ઊઠશે અને અમારા ઓરડામાં ચાલતી આર્ગ્યુમેન્ટ એમના કાન સુધી પહોંચશે...'

'એટલે જ કહું છું, તમે નીકળો.' પછી જરા હોશિયારીથી અભયને તકલીફ ન પડે એ રીતે એણે કહ્યું:

'સવારની ચિંતા નહીં કરતા, હું મૅનેજ કરી લઈશ.'

'અરે, એમ સાવ એકલી થોડી મોકલાય તને? મારામાં હિંમત છે મેં જે કર્યું છે એ માટેની જવાબદારી લેવાની.'

'હું એકલી નથી, અભય' પ્રિયાને ખબર હતી આના પછીનું વાક્ય બૉમ્બશેલની પાછળ ફૂટવાનું છે:

'અંજલિ આવવાની છે મારી સાથે.'

રિલેક્સ થઈને સૂતેલો અભય વીજળીનો કરન્ટ લાગ્યો હોય એમ બેઠો થઈ ગયો:

'વ્હોટ? અંજલિ ક્યાંથી આવી આખી વાતમાં?'

'હું... આઈ મીન, ડૉક્ટર પારેખને ત્યાં અમે ભેગા થઈ ગયાં...'

'વ્હૉટ? જાણે છે એ?'

'ડોન્ટ વરી, મેં એને કંઈ નથી કહ્યું.'

'ઓ, ગૉડ! શું થવા બેઠું છે? ચારે તરફથી જાણે મુસીબતોનો પહાડ તૂટ્યો છે. અંજલિ મારી માને કીધા વિના રહેશે નહીં અને મારી મા બે ને બે ચાર કરી લેશે.'

'યુ મીન, વસુ આન્ટી આ બધું...'

'જાણતી નથી, પણ એની નજરની બહારેય નહીં હોય, પ્રિયા! મારી માથી ચતુર સ્ત્રી મેં બીજી જોઈ નથી. એ મને પૂછશે નહીં, પણ મારાથી એની આંખોનો સામનો નહીં કરાય. શીટ... પ્રિયા, શીટ...'

'સૉરી ડાર્લિંગ, રિયલી સૉરી...'

પ્રિયા અભયને ગળે વળગીને એને મનાવવાનો પ્રયાસ કરી રહી હતી.

જો કે બીજી તરફ અભયના તો જાણે પગ નીચેની જમીન સરકી રહી હતી.

એક તરફથી સૂર્યકાંત મહેતાના મુંબઈમાં હોવાના સમાચાર વૈભવી તરફથી આવ્યા, બીજી તરફ એમનું શ્રાદ્ધ કરીને આવેલી મા, ત્રીજી તરફ પ્રિયાની પ્રેગનન્સી અને ચોથી તરફ વૈભવીનું ઘવાયેલું અભિમાન...

ચારે તરફથી ઘેરાયેલો અભય ખરેખર અકળાઈ ઊઠ્યો. પ્રિયાને હવે કશું કહેવાનો અર્થ નહોતો. એણે ઊઠીને શુઝ પહેરવા માંડ્યાં. પ્રિયાનું મોઢું પડી ગયું હતું. એ જાણતી હતી કે આ વાત અભયને કેટલું મોટું નુકસાન કરશે. એની પાસે પણ કોઈ રસ્તો નહોતો. એને આટલા મોટા નુકસાનનો અંદાજ આજે સવાર સુધી નહોતો, પણ હવે તીર કમાનથી નીકળી ચૂક્યું હતું...

'જેવી એનેસ્થેસિયાની અસર ઊતરે કે તરત મને ફોન કરજે.'

'હા..' પ્રિયાનો અવાજ રડમસ હતો અને ફરી એક વાર એણે સાવ મૂરઝાયેલા અવાજે અભયને કહ્યું:

'આઈ એમ રિયલી સૉરી, ડાર્લિંગ...'

‘નૉટ અ પ્રોબ્લેમ…’ અભયે પ્રિયાના માથા પર હાથ ફેરવ્યો:

‘ટેક કેર, આઈ લવ યું.’ અને ફ્લૅટનો દરવાજો ખોલી સડસડાટ નીચે ઊતરી ગયો. પ્રિયા ત્યાં સોફા પર ધબ દઈને બેસી પડી.

*

ટ્રિન… ટ્રિન…

બેમાં પાંચ.

શ્રીજી વિલાના ફોનની ઘંટડી રણકી રહી હતી.

વસુમાને ખબર નહીં, ખાતરી હતી કે આ ફોન કોનો હોઈ શકે. એમણે એમના કાના સામે જોયું. એક સ્મિત કર્યું પછી ઓરડાના દરવાજા ઉઘાડી ફોન ઉપાડવા આગળ વધ્યાં.

વસુમા ફોન ઉપાડવા આગળ વધ્યાં ત્યારે એમનું હૃદય જાણે એમને પૂછી રહ્યું હતું:

વસુ, તું જાણે છે આ ફોન કોનો છે. શું કહીશ એને? તેં જે કર્યું છે એના વિશે ખુલાસો માગશે તો આપી શકીશ? કોને પૂછીને આમ પૂરો કરી નાખ્યો સંબંધ? એવું પૂછશે તને કે પચ્ચીસ વર્ષ રાહ જોયા પછી માત્ર અડતાળીસ જ કલાકનો સમય? તો શું કહીશ તું?

જો કે એમના મનમાં સાથે જ એક બીજી સ્પષ્ટતા પણ હતી જ:

એ જે પૂછશે એનો જવાબ આપીશ… મારા મને જેમ કહ્યું એમ કર્યું છે મેં.. મારા ઈશ્વરની પરવાનગી લીધી છે…

પોતાના ઓરડામાંથી માત્ર ફોન સુધી પહોંચવાનાં પંદર-વીસ ડગલાંમાં કંઈકેટલાય વિચાર આવ્યા અને ભૂંસાઈ ગયા વસુમાના મનમાં…

જાનકીના ઓરડામાં ફોનની ઘંટડી સાંભળીને અજય ઊભો થવા જતો હતો, પણ જાનકીએ એનો હાથ પકડીને રોક્યો.

‘કેમ?’ અજયને નવાઈ લાગી.

‘શું કેમ? પપ્પાજીનો ફોન છે!’

‘તને કેવી રીતે ખબર?’

‘હું પણ પત્ની છું… સ્ત્રી છું અને પપ્પાજીનો નહીં, પણ પુરુષનો સ્વભાવ ઓળખું છું.’

જાનકીને ખેંચીને અજયે પડખામાં લીધી અને ઊંઘવાનો પ્રયાસ કર્યો.

જો કે અજય કે જાનકી બેમાંથી કોઈનેય. હવે ઊંઘ ક્યાં આવવાની હતી?

અજયના બાહુપાશમાં લપટાઈને સૂતેલી જાનકીએ ઈશ્વરને મનોમન પ્રાર્થના કરી:

હે ઈશ્વર, મા અને પપ્પાજી વચ્ચે પહેલી જ સંવાદ એટલો સુંદર થાય કે પચ્ચીસ વર્ષનો સમય પલક ઝપકતાં ભૂંસાઈ જાય...

બીજી તરફ, પોતાના બેડરૂમમાં પડખાં ફેરવતી વૈભવીનું મગજ ચકરાવે ચડ્યું હતું.

અભયે એનું કરેલું અપમાન કોઈ રીતે ભૂલાતું નહોતું. ઊંઘ આવવાનો તો સવાલ જ નહોતો. ઊલટાનું આવતી કાલે સવારે સૂર્યકાંત મહેતા ઘરમાં આવે ત્યારે શું કરવાથી અપમાનનો બદલો લઈ શકાય એની ગણતરીમાં એ હતી ત્યાં એણે ફોનની ઘંટડી સાંભળી.

અભય જે રીતે ઘરમાંથી બહાર નીકળી ગયો હતો એ રીતે એને ફાળ પડી. એ પોતાના રૂમની બહાર નીકળી. પેસેજમાં આવીને ઉપર જ ઊભી રહી. એણે લાકડાની રેલિંગ પરથી ઝુકીને નીચે જોયું. અંધારું હતું. એક નાનો નાઇટલૅમ્પ ચાલુ હતો.

'હલ્લો..'

વસુમાએ ફોન ઉપાડ્યો હતો.

સૂર્યકાંત મહેતાના આખા શરીરમાં ઝણઝણાટી વ્યાપી ગઈ. એ જ રણકતો અવાજ, એ જ ભાષાની મીઠાશ, એ જ ઉચ્ચારોની શુદ્ધતા...

એટલી જ સુંદર દેખાતી હશે વસુ? કે ઉંમરે આંકા પાડ્યા હશે એના ચહેરા પર?

'હલ્લો...' વસુમાએ ફરી કહ્યું.

સૂર્યકાંત મહેતાની જાણે જીભ ઊપડતી જ નહોતી. એમને બોલવું હતું, કહેવું હતું, પણ જાણે અવાજ થીજી ગયો હતો. એક અક્ષર ગળામાંથી બહાર નહોતો નીકળતો. એ ફોન પકડીને એમ જ ઊભા હતા - સ્થિર, ચૂપચાપ, આંખ બંધ કરીને. જાણે આજથી પચ્ચીસ વર્ષ પહેલાંની વસુંધરા એમની સામે ઊભી રહીને એમને વીનવતી હતી:

બોલો, કંઈક તો બોલો...

એ જ વખતે એમના કાનમાં ફરી એ જ રણકતી ઘંટડી જેવો અવાજ રેડાયો:

'બોલો કાંત, હું સાંભળું છું...:

ઓહ, તો એને ખબર છે કે આ મારો ફોન છે...

એમનું પતિપણું પોરસાયું:

મારા ફોનની રાહ જોતી હતી, એમ ને?

છતાંય એ કશું બોલી શક્યા નહીં.

'પચ્ચીસ વર્ષે તમારા શ્વાસનો લય સાંભળી શકું છું, કાંત. રોકો નહીં જાતને... બોલો!'

સૂર્યકાંતને દોડીને વસુંધરાને ભેટી પડવાનું મન થયું.

આ સ્ત્રી! એમની પત્ની, જાણે પુસ્તકની જેમ વાંચતી હતી એમને... એમના શ્વાસના લય પરથી એમના મનની અવઢવ સમજી શકતી હતી, આવી સ્ત્રી - આવી અદ્‌ભુત સ્ત્રીથી પચ્ચીસ વર્ષ દૂર કેવી રીતે રહી શક્યા પોતે?

સૂર્યકાંત મહેતા એક ઝટકામાં જાણે પચ્ચીસ વર્ષ પાછળ જવા માગતા હતા.

બધો ભૂતકાળ ભૂંસાઈ જાય, ફરી એક વાર કોરી પાટી મળે મને અને સંબંધોના ગણિતનો દાખલો ફરી એક વાર ગણી શકાય તો કેવું?

એમના મનમાં વિચાર આવ્યો ને આંખો ભીની થઈ ગઈ. એમણે ગળું ખોંખાર્યું પછી માંડ બોલી શક્યા;

'વસૂ... હજી જાગે છે?'

'હું સૂતી જ ક્યાં છું તમારા ગયા પછી? કેટલી રાતો ઉઘાડી આંખે જ ઊંઘી છું...'

'બહુ તકલીફ આપી મેં તને.'

'તમે નહીં... સમયે! કાંત, આપણે બેઉ સમયનો માર ખાતાં હતાં, પણ નિયતિના એ ઝંઝાવાત સામે હાથમાં હાથ પકડી રાખ્યો હોત તો...'

'હા! હું જ ભાગી નીકળ્યો. ઊભો ન રહી શક્યો મુશ્કેલીઓ સામે... ગુનેગાર છું તારો.'

'ના રે...'

સૂર્યકાંતને હતું કે વસુ રડી પડશે, ફરિયાદ કરશે. આટલાં વર્ષોના દિવસોનું રોકી રાખેલું રુદન છાતી ફાડીને વહી નીકળશે, પણ એમના આશ્ચર્ય સાથે વસુમાના અવાજમાં ગજબની સ્થિરતા હતી.

'ગુનેગાર કોણ અને કોનું? તમારા મને જેમ કહ્યું એમ તમે કહ્યું અને મારા મને જેમ કહ્યું એમ હું કરતી રહી... જૂની વાતો યાદ કરવાનો સમય નથી હવે. તમે આવ્યા છો એ વાત જ પૂરતી છે છોકરાં માટે.'

હિંમત કરીને સૂર્યકાંતે પૂછી નાખ્યું:

'ને તારા માટે?'

બે-ચાર ક્ષણ એમ જ શાંત અને છતાં ભયાનક વજન સાથે પસાર થઈ ગઈ. પછી જાણે આંખો મીંચીને કશુંક વસુમાએ થૂંકની સાથે છાતીમાં ઉતારી દીધું:

'કાંત, હું તમારા જ ફોનની રાહ જોતી હતી. આવતી કાલે સવારે આવો છો ને?'

'હં?!?!'

હવે સવાલ પૂછવામાં આવ્યો હતો અને જવાબ આપ્યા વિના સૂર્યકાંત મહેતાનો છૂટકો નહોતો:

'હા, હા' આવું છું.'

'ભલે તો, સવારે મળીએ.'

'હેં? હા...'

સૂર્યકાંત જાણે આગળ શું કહેવું એ સમજી જ શક્યા નહીં.

'જય શ્રીકૃષ્ણ...'

'જય શ્રીકૃષ્ણ...'

સૂર્યકાંત હજીય ફોન પકડીને ઊભા હતા અને સામે છેડે ફોન મુકાઈ ગયો હતો.

ફોન મૂકીને વસુમાએ જોયું તો ઘરના દરવાજે અભય ઊભો હતો. અભય અને વૈભવી પાસે ઘરના મુખ્ય દરવાજાની ચાવી રહેતી. એમના રાતે પાછા ફરવાના સમય ભાગ્યે જ નિશ્ચિત હતા એટલે ઘરના બીજા સભ્યોની ઊંઘ ન બગડે એટલા માટે એમની ચાવી એમની પાસે રહેતી. અભય દરવાજો ખોલીને અંદર આવ્યો ત્યારે વસુમાને ફોન પર વાત કરતાં જોયાં હતાં. વૈભવી ઉપર ઊભી હતી એટલે એણે અભયને આવતો જોયો, પણ વસુમાની પીઠ મુખ્ય પ્રવેશદ્વાર તરફ હતી અને સમગ્ર ધ્યાન કદાચ ફોનમાં એટલે પ્રવેશદ્વાર ખૂલવાનો અવાજ એ સાંભળી શક્યાં નહીં... પણ વૈભવી એટલું તો સમજી જ શકી કે ફોન સૂર્યકાંત મહેતાનો હતો. વસુમાએ અભયની સામે જોયું, એવી રીતે જાણે પૂછતાં હોય:

અત્યાર સુધી ક્યાં હતો?

'અ... બ... એક કામ હતું એટલે બહાર ગયો હતો.'

અભયે જાણે વગર પૂછ્યે જ જવાબ આપી દીધો અને પછી એક ક્ષણ પણ વસુમાની આંખમાં આંખ નાખવી ન પડે એટલે સડસડાટ પગથિયાં ચઢ્યો. પેસેજમાં જ એણે વૈભવીને ઊભેલી જોઈ છતાં એ સીધો પોતાના રૂમમાં જતો રહ્યો. વૈભવીએ અભયને બાવડાંથી પકડવાનો પ્રયત્ન કર્યો. અભયે હાથ છોડાવી દીધો... વૈભવીએ ચીડમાં જોરથી કહ્યું:

'સાહેબ અડધી રાતે રખડીને ઘેર પધાર્યા છે... એવું તે કયું કામ હોય, જે રાતે અગિયારથી બેમાં જ થાય?'

નીચે ઊભેલાં વસુમાએ એક વાર પણ ઉપર જોયા વગર ફરીને પોતાના ઓરડા તરફ જવા માંડ્યું...

અભયને સંભળાય એટલા મોટા અવાજે વૈભવીએ વસુમાને સંબોધીને કહ્યું:

'આ સુખડનો હાર સવાર પહેલાં ઉતારી લેજો. બાકી, આપણા બધાંયની અક્કલ એ હારની જોડે પ્રદર્શનમાં મૂકવામાં આવશે.'

વસુમા જાણે કશુ સાંભળ્યું જ નથી એમ પોતાના ઓરડા તરફ આગળ વધી ગયાં.

અને વૈભવી મનોમન ગાંઠ વાળીને પોતાના રૂમમાં દાખલ થઈ. અભય ડ્રેસિંગ એરિયામાં કપડાં બદલી રહ્યો હતો. એણે બારણું આડું કર્યું હતું. વૈભવીએ પગની લાતથી બારણું ખોલ્યું.

'ક્યાં હતા અત્યાર સુધી?'

‘બહાર.?’

‘કોની સાથે?’

‘તું નથી ઓળખતી. એક બિઝનેસ ઍસોસિયેટ છે.’

ડ્રેસિંગ રૂમના બારણાની વચ્ચોવચ ઊભેલી વૈભવીને હાથથી ખસેડીને એ પલંગ તરફ આગળ વધ્યો. વૈભવીએ દોડીને અભયને કૉલરમાંથી પકડી લીધો:

‘ક્યાં જાવ છો?’

અભય હસી પડ્યો.

‘રાતે બે વાગે નાઇટ સૂટ પહેરીને માણસ ક્યાં જાય? સૂવા જાઉં છું...’

‘હું સૂવા નહી દઉં. બે દિવસે આવ્યા છો... તમારા પિતાની પચ્ચીસ વર્ષે ભાળ મળી છે. મારી સાથે વાત પણ નહીં કરો?’ વૈભવીએ રંગ બદલ્યો.

‘જો, મને ઊંઘ આવે છે. જે વાત કરવાની હતી એ હું આવ્યો કે તરત પતી ગઈ. હવે શું વાત કરવાની?’

પોતાના ગળામાં નાખેલા વૈભવીના હાથ કાઢીને અભય આડો પડ્યો.

વૈભવીએ અભયને ફરી કૉલરમાંથી પકડી લીધો અને હચમચાવી નાખ્યો:

‘અભય, તમારે માફી માગવી પડશે.’

અભયે ખૂબ શાંતિથી એના હાથ કૉલરમાંથી છોડાવ્યા:

‘માગત, જો તેં મને સામે થપ્પડ ન મારી હોત. હવે હિસાબ બરાબર થઈ ગયો વૈભવી. ન તારે મારી માફી માગવાની, ન મારે તારી...’

‘તમે મને જાહેરમાં થપ્પડ મારી છે.’

ફરી હસી પડ્યો અભય:

‘ને તેં પણ... ચલ, સૂઈ જા ને મને પણ સૂવા દે. હું થાક્યો છું.’

‘મારાથી?’

વૈભવીએ પૂછ્યું અને અભયના હોઠ પર આંગળી ફેરવી.

‘એવું મેં કહ્યું નથી.’

વૈભવીની આંગળી ખસેડી નાખી એ પડખું ફરી ગયો. વૈભવી પડખું ફરીને સૂતેલા અભયની ઉપર પગ નાખીને એકદમ એની સમીપ સૂતી. ગળામાં નાખેલો હાથ આગળ લઈ જઈને એણે અભયના નાઈટ સૂટના શર્ટનાં બે બટન ખોલી નાખ્યાં અને એની છાતી પર હાથ ફેરવવા માંડ્યો.

અભય શાંત, સ્વસ્થ પડી રહ્યો. એ જાણતો હતો કે આ હાથ કાઢી નાખવાથી વૈભવી વધુ ગુસ્સે થશે. થોડી વાર એ હાથ એમ જ ફરતો રહ્યો અને પછી વૈભવીએ એના ખભાને ખેંચીને એને ચત્તો કરી નાખ્યો એના ગળામાં એની છાતી પર, એની કાનની બૂટ પર ચુંબન કરવા લાગી...

'વૈભવી, રાતના બે વાગ્યા છે.'

અભયે એને સહેજ દૂર ખસેડવાની કોશિશ કરી

'કેમ જાણે કોઈ વાર રાતના બે વાગે મને પ્રેમ કર્યો જ નથી તમે... કેટલા મિસ કર્યા તમને, ખબર છે? ફોન પણ તમે સ્વિચ ઑફ કરી દીધો હતો...'

વૈભવીના હોઠ, એના હાથ અભયના પુરુષત્વને જગાડવાની કોશિશ કરી રહ્યા હતા.

'ત્યારની વાત જુદી હતી. હવે મારી ઉંમર થઈ છે.'

અભયે પડખું ફરવાની કોશિશ કરી, પણ વૈભવીએ એના ખભાને પકડી રાખ્યો હતો...

'અભય, પ્લીઝ! મારી ભૂલ થઈ ગઈ. મને ગુસ્સો આવી ગયો. આઈ એમ સૉરી...'

વૈભવીના હાથ હજીય અભયના શરીર પર ફરી રહ્યા હતા.

'ઈટ'સ ઓકે, વૈભવી. આપણે કાલે વાત કરીશું.'

'ભલે, વાત કાલે કરીશું, પણ અત્યારે વહાલ તો કરો.'

'હું ડિસ્ટર્બ છું, વૈભવી...'

'કે પછી બહારથી ધરાઈને આવ્યા છો?'

'વૈભવી, પ્લીઝ! મારે અત્યારે કોઈ આર્ગ્યુમેન્ટ નથી કરવી.'

'ઓકે. કોઈ આર્ગ્યુમેન્ટ નહીં, માત્ર પ્રેમ! અભય! મને પ્રેમ કરો. બાકી, તમને સૂવા નહીં દઉં.'

વૈભવીએ અભયના નાઈટ સૂટના શર્ટનાં બીજાં બે બટન ખોલ્યાં...

એ પછીની પળો એ ઓરડામાં બે શરીર વચ્ચે બંધાયેલો એક એવો સંબંધ હતો, જેમાં એક શરીર પોતાની જીદ પર મુસ્તાક હતું અને બીજું માત્ર મશીનની જેમ પોતાની ફરજ બજાવી રહ્યું હતું...

એ સમયે જો વૈભવી આંખો ખૂલી હોત તો કદાચ એને અભયની ભીની આંખો દેખાઈ હોત, પણ એને એ આંખોની ભીનાશ જોવાની ફુરસદ આટલાં વર્ષોમાં ક્યારેય નહોતી મળી તો આજે ક્યાંથી મળે?

સંતોષથી આંખ મીંચીને ચત્તીપાટ સૂતેલી વૈભવી પરથી ખસીને અભય પડખું ફરીને સૂતો ત્યારે એણે પોતાની ભીની આંખો લૂછી કાઢી અને મનોમન પ્રિયાના ચહેરા પર હાથ ફેરવી લીધો...

*

સવારે ઊઠીને છાપું વાંચી રહેલા સૂર્યકાંતની પાછળ જઈને ગળામાં હાથ નાખી ગાલ પર એક ચૂમી કરતાં લક્ષ્મીએ કહ્યું:

'ગુડ મોર્નિંગ, ડેડી!'

'ગુડ મોર્નિંગ, માય લવ!'

સૂર્યકાંતે હાથ પકડીને લક્ષ્મીને આગળ કરી અને પોતાના ખોળામાં બેસાડી.

'ડેડી, આ શું કરો છો?'

'મારી ઢીંગલીને વહાલ કરું છું, કેમ?'

સૂર્યકાંતે લક્ષ્મીના વાળમાં હાથ ફેરવ્યો. એના કપાળ પર, ગાલ પર હળવેકથી હાથ ફેરવતાં એકદમ સભર નજરથી એ જોઈ રહ્યા:

'માય ડૉલ...'

'ડેડી! હવે હું મોટી થઈ ગઈ છું.' લક્ષ્મી સહેજ શરમાઈ.

'એવું ગઈ કાલે પેલા છોકરાએ શિખવાડ્યું કે?'

સૂર્યકાંતે મજાક કરી. લક્ષ્મી વધુ શરમાઈ. એણે સૂર્યકાંતને બાથ ભરીને એમની છાતીમાં મોઢું સંતાડી દીધું અને લાડભર્યા અવાજે કહ્યું:

'ડેડી...'

'ગમે છે તને?' સૂર્યકાંતે પૂછ્યું.

લક્ષ્મી સીધી થઈ ગઈ. એણે સૂર્યકાંતની આંખોમાં જોયું:

'ઈટ ઈઝ ટૂ અર્લી ડેડી, અઘરું છે હમણાંથી કંઈ પણ કહેવું... સારો છોકરો છે, સમજદાર છે, મૅચ્યોર છે, સારું કમાય છે, દુનિયા જોઈ છે, પણ...'

'તમારી નવી પેઢીની આ વાત મને બહુ ગમે છે. બહુ નિખાલસ છો તમે બધાં. તમારા ગમા-અણગમા ખાસ્સા સ્પષ્ટ છે.'

'જિંદગી જોડવાની છે, ડેડી. જે માણસ સાથે આખી જિંદગી રહેવાનું હોય એને સમજવો તો પડે કે નહીં?'

'વાહ, બેટા! સમજવો જ જોઈએ, નહીં તો જિંદગી ક્યાંની ક્યાંય ફંટાઈ જાય...'

ઊંડો નિઃશ્વાસ નાખી સૂર્યકાંત મહેતાએ ઉમેર્યું:

'મારી જેમ...'

'ડેડી, જૂની વાતો શું કામ યાદ કર્યા કરો છો? ચાલો, તૈયાર થઈ જાવ, આપણે જવાનું છે.'

લક્ષ્મીએ એમને ચિયર-અપ કરવાનો પ્રયત્ન કર્યો.

ફિક્કું હસ્યા સૂર્યકાંત મહેતા:

'બેટા, મારામાં જો તારા જેટલી સ્પષ્ટતા અને હિંમત હોત તો બહુ બધી જિંદગીઓ બગડતાં અટકી ગઈ હોત.'

'હું સમજી નહીં, ડેડી.'

દીકરીને કહેવું કે નહીં એનો નિર્ણય કરતાં સૂર્યકાંત મહેતા પળભર એની આંખોમાં જોઈ રહ્યા. પછી એણે લક્ષ્મીને છાતીસરસી લઈને એના માથામાં હાથ ફેરવ્યો. ભૂતકાળના પુસ્તકનું જાણે કોઈ પાનું ઉઘાડતા હોય એમ સૂર્યકાંત મહેતાએ સાવ હળવા અવાજે કહ્યું:

'મારે પણ લગ્નની ના પાડવી જોઈતી હતી.'

લક્ષ્મીએ ઝટકા સાથે સૂર્યકાંત મહેતાની આંખમાં જોયું:

'ડેડી?!'

'હા બેટા, દેવશંકર મહેતા...'

'દાદાજી?'

આ રાખોડી આંખો અને સોનેરી વાળવાળી નખશિખ અમેરિકન દેખાતી છોકરી દેવશંકર મહેતાને દાદાજી કહી રહી હતી... સૂર્યકાંત મહેતાને એના ભોળપણ પર વહાલ આવી ગયું:

'હા બેટા, દેવશંકર મહેતા જ્યારે વસુંધરા સાથે મારા વિવાહ કરીને આવ્યા ત્યારે મારે ના પાડવી જોઈતી હતી.'

'કેમ ડેડી? તમને વસુ આન્ટી નહોતાં ગમતાં?'

'મેં એને જોઈ'તી જ ક્યાં? અમારા સમયમાં તો એકબીજાને મળવાનો, જોવાનો રિવાજ જ નહોતો.'

'રિડિક્યુલસ...'

'બેટા, મા-બાપ નક્કી કરે એ જ લગ્ન... અને એ સમયમાં દેવશંકર મહેતાની જે પ્રતિષ્ઠા અને શાખ હતી, જે દબદબો હતો, જે માન-મરતબો હતા એ પછી એમના નિર્ણય સામે અવાજ ઉઠાવવાનો અધિકાર કોઈનેય નહોતો...'

'પણ ડેડી, તમારે કેમ નહોતું પરણવું?'

'બેટા...'

સૂર્યકાંત મહેતા ખાસ્સી એવી ક્ષણો ચૂપ રહ્યા. એમના હાથ લક્ષ્મીના માથા પર ફરતા હતા, આંખો બંધ હતી અને નજર સામે જાણે ચાર દાયકા પહેલાંનો ભૂતકાળ ભડભડ સળગી રહ્યો હતો.

શું કહેવું, કેમ કરીને શરૂ કરવું.. કહેવું કે નહીં..

સૂર્યકાંત મહેતાના મનમાં તાણાવાણા ગૂંચવાતા જતા હતા. એમની છાતી પર જ માથું રાખીને લક્ષ્મીએ હળવેકથી પૂછ્યું;

'ડેડ, ડીડ યુ લવ સમ વન... તમે કોઈ બીજાને પ્રેમ કરતા હતા?'

હજીય બંધ આંખે લક્ષ્મીના વાળ પર હાથ ફેરવતા સૂર્યકાંતે જાણે જાતને જવાબ આપતો હોય એટલા ધીમા અવાજે કહ્યું:

'પ્રેમ હતો કે નહીં, એ ખબર નથી મને, પણ હા, એ મને ગમતી. એની સાથે જિંદગી જીવી શકાય તો કેવું એવા વિચાર આવતા મને...'

'ઓહ, ડેડી!'

'વસુને પહેલી વાર જોઈ ત્યારે જાણે-અજાણે મનમાં એની સાથે સરખામણી થઈ ગઈ. બહુ ભણેલી છે વસુ... પોતાના જમાનામાં એમ.એ. ભણી છે. દેખાવડી પણ ખૂબ છે, પણ શહેરની છોકરી અને એમાંય નાટકની ઍક્ટ્રેસ... વસુ પાસે એ બધું નહોતું. જે યશોધરામાં હતું.'

'એનું નામ યશોધરા હતું, ડેડી?'

'ના, નામ તો એનું હતું ચંદા, પણ યશોધરાના નામે નાટકો કરતી... બાજ બહાદુર, રૂપમતી, રંગરંગ વાદળિયાં, દુનિયા દો રંગી જેવાં કેટલાંય નાટકમાં અભિનય કર્યો હતો એણે...'

'તો ડેડી, તમે...' લક્ષ્મીએ અચકાતાં, પણ પૂછી નાખ્યું:

'દાદાજીને કહ્યું જ નહીં?'

'કહેવાતું હશે? દેવશંકર મહેતાના ખાનદાનમાં નટી વહુ બનીને આવે?'

સૂર્યકાંત મહેતાના અવાજમાં કડવાશ ઊતરી આવી:

'મારી માને કહ્યું હતું એક વાર... પણ દેવશંકર મહેતા સુધી એ વાત પહોંચાડવાની હિંમત કોઈનીય નહોતી...'

'પછી?'

'પછી શું દીકરા?'

સૂર્યકાંત મહેતા હસી પડ્યા, સાવ ખોખલું-પોલું:

પછી ધામધૂમથી લગ્ન થયાં મારાં. દેવશંકર મહેતાના બાળપણના મિત્ર અને અમારા કુળમંદિરના પૂજારીની દીકરી વસુંધરા જોડે...'

એમણે માથું હલાવીને જાણે ભૂતકાળ ખંખેરી નાખ્યો. પછી લક્ષ્મીના ખભા પર હાથ થપથપાવ્યો:

'ચાલ દીકરા, તૈયાર થઈ જા. શ્રીજી વિલા આવવું છે ને?'

'યસ, ડેડ…'

લક્ષ્મી કૂદકો મારીને ઊઠી એમના ખોળામાંથી

એ બાથરૂમ તરફ ગઈ અને સૂર્યકાંત મહેતા સોફામાં પાછળ માથું ઢાળી આંખો મીંચીને જાણે ફરી એક વાર એ પળ, એક ક્ષણમાં પહોંચી ગયા, જ્યાંથી વાત અધૂરી છૂટી હતી…

*

વસુમા બગીચામાં ગોડ કરી રહ્યાં હતાં.

છેલ્લા ત્રણ-ચાર દિવસથી જાણે એમને એમનાં ફુલ-છોડ પાસે આવવાનો સમય જ નહોતો મળ્યો. એમના અવાજમાં એ જ મીઠાશ હતી. આખાય ઘરમાં ભજન ગુંજી રહ્યું હતું…

રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી, સાધુ પુરુષે સૂઈ ન રહેવું, નિદ્રાને પરહરી સમરવા શ્રીહરિ, એક તું એક તું એમ કહેવું…

પાછળથી આવીને અલયે માના ગળામાં હાથ નાખ્યો:

'મા…'

'બહુ વહેલો ઊઠી ગયો?'

'અહીં સૂતું જ કોણ છે? મા, સૂર્યકાંત મહેતા આવે એ પહેલાં હું ચાલી જાઉં તો તને વાંધો છે?'

'ભાગે છે?'

'ભાગું શું કામ? મને ડર છે…'

'કે તું ગમે તેમ બોલી નાખીશ, ખરાબ રીતે વર્તીશ, ખરું?'

'કદાચ હા અને તને એ નહીં ગમે.'

'ના જ ગમે. મારો દીકરો પોતાની લાગણીઓ પરનો કાબૂ ગુમાવીને, પોતાની જાત પરથી કાબૂ ખોઈને ગમે તેમ વર્તે એ મને ન જ ગમે ને છતાં તારું જવું પણ મને નહીં ગમે.'

'એટલે?'

'એટલે એમ દીકરા કે હું ઇચ્છું છું કે આવનારી પળનો સામનો તું મારી હાજરીમાં મારી સાથે અને આજે જ કરે… સંપૂર્ણ સ્વસ્થતાથી અને સંયમથી… બોલ, કરી શકીશ?'

વસુમાની આંખોમાં એક એવો રંગ હતો, જે અલય માટે અજાણ્યો હતો:

'મારાં આટલાં વર્ષોની મહેનત, આટલાં વર્ષોની તપસ્યા અને મારી એકલતાનો હિસાબ કરવાનો સમય છે આ

બેટા... ને તું ભાગી જઈશ?'

એકે પણ અક્ષર બોલ્યા વિના અલય માને વળગી પડ્યો. જાણે મા-દીકરા વચ્ચે બાકીની બધી જ વાત વગર કહે, વગર બોલે થઈ ગઈ.

*

સાડા આઠ વાગે નાસ્તાના ટેબલ પર સ્મશાનવત્ શાંતિ હતી.

આખુંય મહેતાકુટુંબ હાજર તો હતું, પણ કોઈ એક અક્ષર બોલવા તૈયાર નહોતું. બધાં ચૂપચાપ કોઈ એક જણ શરૂ કરે એની રાહ જોતાં પોતાના શબ્દો જીભના ટેરવે લઈને બેઠાં હતાં.

હંમેશની જેમ વૈભવીથી ન રહેવાયું:

'અભય, આ હાર...'

'ત્યાં જ રહેશે.' વસુમાએ કહ્યું.

'પણ મા, બાપુ જુએ તો...'

અભયે વાક્ય અધૂરું છોડ્યું.

'તો?'

વસુમાનો અવાજ બરફ જેવો ઠંડો હતો.

'જાણીજોઈને શું કામ ઝઘડો ઊભો કરે છે?'

અજયનો અવાજ સમતુલા ખોઈ બેઠો.

'મને લાગે છે ત્યાં સુધી હાર ઉતારવાની જરૂર નથી.'

'આઈ થિન્ક, મા બરાબર કહે છે.'

અલય માટે પિતાનું આનાથી મોટું બીજું કોઈ અપમાન જ નહોતું.

'તેમ છતાં આ ઘર તમારું પણ છે અને એ તમારા પિતા છે... સર્વાનુમતે જે યોગ્ય લાગે એમ કરો.'

વસુમા ઊભાં થયાં અને ખાલી પ્લેટ લઈને રસોડા તરફ આગળ વધ્યાં...

ટેબલ પર બેઠેલાં બાકીનાં સાતેય જણ જાણે ચિત્રમાં દોર્યાં હોય એમ સ્થિર થઈ ગયાં...

*

ડૉ. પારેખના દવાખાનામાં દાખલ થતી વખતે પ્રિયાએ અભયનો નંબર કી-ઈન કર્યો.

અભયનો સેલ રણકી ઊઠ્યો. એણે નંબર જોયો. ક્ષણેક વિચાર્યું, પછી કહ્યું:

'બોલ!'

નાસ્તાના ટેબલ પર ફોન નહીં ઉપાડવાનો કેટલાંય વર્ષનો નિયમ આજે તૂટ્યો હતો. સૌ અભય સામે જોઈ રહ્યાં, પણ અભયે વાત ચાલુ રાખી:

'બધું બરાબર છે ને? ટેક કેર ઑફ યૉરસૅલ્ફ.'

'કોણ છે?' વૈભવીએ પૂછ્યું.

અભયે જવાબ ન આપ્યો:

'ટેન્શન નહીં કરતી. જસ્ટ રિલેક્સ.. આઈ એમ ઑલ્વેઝ વિથ યુ...'

વૈભવીએ અચાનક ઊભાં થઈને ફોન ખેંચ્યો. અભયે મજબૂત પકડી રાખ્યો. ફોન ખેંચવા વૈભવીએ પોતાનું બધું જ બળ અજમાવ્યું.. અભયે અચાનક ફોન છોડી દીધો. વૈભવી પછડાઈ. સાથે ફોન દૂર ફંગોળાયો.

વૈભવી કંઈ સમજે એ પહેલાં અભયે ઊભા થઈને ફ્લોર પરથી મોબાઇલ ઊંચકી લીધો:

'મને ફોન કરજે, હું રાહ જોઈશ.'

એ જ વખતે વસુમા રસોડામાંથી બહાર આવ્યાં અને વૈભવીએ જમીન પર પડ્યાં પડ્યાં દાંત પીસીને કહ્યું:

'સાલ્લો બાયલો... બૈરી પર હાથ ઉપાડે છે... હજી તો બાપ ઘરમાં નથી આવ્યો ને એનાં લક્ષણ આવી ગયાં?'

આ સાંભળીને બધાંને થયું:

આખેઆખું ડાઇનિંગ ટેબલ પર ધરતી ફાડીને શ્રીજી વિલાની જમીનમાં ઊતરી જાય તો સારું...

* * *

20

વૈભવીએ દાંત પીસીને અભયને ગાળ આપી.

સાલો બાયલો... બૈરી પર હાથ ઉપાડે છે... હજી તો બાપ ઘરમાં નથી આવ્યો અને એનાં લક્ષણ આવી ગયાં?

એ જ વખતે વસુમા રસોડામાંથી બહાર આવ્યાં.. આખેઆખું ડાઇનિંગ ટેબલ ધરતી ફાડીને શ્રીજી વિલાની જમીનમાં ઊતરી જાય તો સારું એવું લગભગ બધાંનાં મનમાં થયું.

'બેટા વૈભવી, આ ઘરમાં આવી ભાષા છેલ્લાં પચ્ચીસ વર્ષમાં વપરાઈ નથી, ન વપરાય એવો મેં પ્રયાસ કર્યો છે... આજે તમારા સસરા પચ્ચીસ વર્ષે પાછા ફરે છે ત્યારે આટલાં વર્ષો દરમિયાન મેં શું કર્યું એનો હિસાબ આ રીતે ન આપો તો સારું!'

'આઈ એમ સૉરી, મા.' અભય ઊભો થઈ ગયો:

'અમે ખ્યાલ રાખીશું મા, કે બાપુની સામે કોઈ...'

'બેટા, મારે કોઈ હિસાબ આપવાની જરૂર નથી અને મેં એમને એ દેખાડવા નથી બોલાવ્યા કે મેં આટલાં વર્ષોમાં શું કર્યું? તેમ છતાં આપોઆપ એમની સામે જે ઊઘડી આવશે એ એમને દેખાશે જ અને બેટા, એ કંઈ ચોવીસ કલાક માટે નથી આવતા. પિતા છે તમારા. એમને પાછા બોલાવવાનું નક્કી કર્યું ત્યારથી જ મારા મનમાં કેટલીક સ્પષ્ટતા તો હશે જ ને? મને ભય નથી લાગતો કે મારો ઉછેર કાચો દેખાશે... હા, દુઃખ જરૂર થાય છે કે મેં જેમ ધાર્યું હતું એમ નથી થયું...'

'મા, તું તો ઓળખે છે ભાભીને, જ્યારે પણ આવી કોઈ તક મળે તો એ નહીં છોડે એની તને ખાતરી હોવી જોઈએ.'

અલયના અવાજમાં જાણે કડવાશનો કોગળો હતો.

'હા, હા... હું તો ખરાબ જ છું, પણ એટલી ખરાબ નથી કે ધણીએ છોડી જવી પડે...'

'વૈભવીઈઈઈઈ...' અભયનો હાથ ફરી ઊંચો થઈ ગયો.

"માર.. મારી નાખ એટલે તુંય છૂટે ને હુંય છૂટું..."

'અભય, વૈભવી અને તમે બધાં, જે થઈ રહ્યું છે એ તમારા બધાં જ માટે દુઃખદાયક છે એ સમજું છું હું, પણ આજનો દિવસ સાચવી લેવાની વિનંતી નથી કરતી હું. તમને જે યોગ્ય લાગે અને જેમ યોગ્ય લાગે એમ વર્તવાની તમને છૂટ છે. આજથી, આ પળથી હું હવે તમારા પરના મારા તમામ અધિકાર ઉઠાવી લઉં છું. મને લાગે છે કે તમે બધાં એટલાં મોટાં થઈ ગયાં છો કે તમને માના ઉછેરની જરૂર નથી...'

અને પછી એ પોતાના ઓરડામાં ચાલી ગયાં.

અલય સિવાય ભાગ્યે જ કોઈને સમજાયું કે વસુમાનાં પગલાં સહેજ ઢીલાં સહેજ ભાંગેલાં હતાં...

*

અંજલિ અને રાજેશ બેડરૂમમાં હતાં.

એકદમ ધીમા અવાજે સરોદ વાગી રહ્યું હતું. રાજેશ કોઈ ટેન્ડરની ફાઈલનું કેલક્યુલેશન કરી રહ્યો હતો. અંજલિના મનમાં જાતજાતના વિચારોની ભરતી આવીને પાણી પાછાં વળતાં હતાં.

કોણ હશે આ પ્રિયાના બાળકનો બાપ? જો કે મારે શું કામ જાણવું જોઈએ? એ એની પર્સનલ બાબત છે. ક્યાંક ઑપરેશન ટેબલ પર એને વધારે તકલીફ થઈ ગઈ તો!? એ છોકરી બિચારી કેમ કરતાં ફસાઈ હશે? જેણે ફસાવી હોય એને તો મારી નાખવો જોઈએ...

એ છતમાં સ્થિર નજરે જોઈ રહી હતી. એના હાથમાં પકડેલું મૅગેઝિન છેલ્લી દસ મિનિટથી પકડેલું હતું. એ વાત રાજેશના ધ્યાન બહાર નહોતી. આખરે રાજેશથી ન રહેવાયું એટલે એણે હળવેકથી અંજલિના માથે હાથ ફેરવ્યો:

'બેબી, શું વિચારે છે ક્યારની?'

'કશું નહીં.'

'બેબી, તું આટલા બધા વિચારો નહીં કર. તારી તબિયત પર અસર થશે. સૂઈ જવાનો પ્રયત્ન કર.'

એણે અંજલિના હાથમાંથી મૅગેઝિન લઈ લીધું. પ્યૉર સિલ્કની ક્વિલ્ટ એને સરખી ઓઢાડી અને બેડસાઈડનો લૅમ્પ ઓલાવી દીધો.

બાજુમાં સૂઈને એ હળવે હળવે અંજલિના માથામાં હાથ ફેરવવા લાગ્યો:

'બેબી, દુનિયામાં દરેક માણસ સરખો નથી હોતો. તું તારી તબિયતનું ધ્યાન રાખ.'

'ધ્યાન તો રાખું છું...'

અંજલિની આંખોમાંથી અનાયાસ જ બે આંસુ સરી પડ્યાં. રાજેશને એનો અવાજ ભીનો લાગ્યો એટલે એણે ખેંચીને એને પડખામાં લીધી:

'આઈ લવ યુ... તારા સુખ માટે હું કંઈ પણ કરીશ, અંજલિ બસ, તારી આંખમાં આંસુ ન આવવાં જોઈએ...'

રાજેશનું આ વાક્ય પૂરું થાય એ પહેલાં અંજલિનો મોબાઇલ રણકી ઊઠ્યો. અંજલિએ બેડસાઈડ પર પડેલી મોબાઇલ ઊંચકીને જોયું:

શ્રીજી વિલાનો નંબર હતો.

અંજલિને નવાઈ લાગી: 'અત્યારે? રાત્રે પોણા બાર વાગે? કંઈ પ્રોબ્લેમ તો નહીં હોય ને?'

એણે ફોન ઉઠાવ્યો.

'હું જાનકી બોલું છું, અંજલિબહેન.'

'અરે ભાભી! બધું બરાબર તો છે ને?'

'હા, હા, એક ખુશખબર આપવા ફોન કર્યો છે.'

'અત્યારે?'

'બાપુ પાછા આવી ગયા છે.'

અંજલિને પોતાના કાન પર વિશ્વાસ ન પડ્યો.

એણે ફરી પૂછ્યું: 'શું કોણ?'

'બાપુ - સૂર્યકાંત મહેતા પાછા આવ્યા છે.'

અત્યાર સુધી આડી પડીને વાત કરતી અંજલિ ઝટકાથી બેઠી થઈ ગઈ:

'ક્યારે આવ્યા? ક્યાંથી આવ્યા? ક્યાં હતા અત્યાર સુધી? માને ખબર છે? મા આવી ગઈ દિલ્હીથી?'

આટલુ પૂછતાં પૂછતાં તો અંજલિને ડૂમો ભરાઈ આવ્યો. એના અવાજના ઉશ્કેરાટથી રાજેશને પણ લાગ્યું કે કશુંક ખૂબ મહત્ત્વનું છે. એણે બેઠા થઈને લૅમ્પ ઑન કર્યો. પછી અંજલિની પીઠ પર હાથ ફેરવ્યો:

રિલેક્સ, બેબી... ટેક ઈટ ઈઝી...'

'ભાભી, મારે એમને મળવું છે. ક્યાં છે એ? ત્યાં શ્રીજી વિલા આવ્યા છે?'

'ના, કાલે સવારે આવવાના છે, માએ તમને બધાંની સાથે જમવા બોલાવ્યાં છે.'

'સવારે?'

અંજલિને અચાનક પ્રિયાનો વિચાર આવી ગયો. પચ્ચીસ વર્ષ પાછા ફરેલા પિતા અને એક અસહાય છોકરીની વચ્ચે કોની પસંદગી થઈ શકે?!

'ભાભી, હું પહોંચીશ ખરી, પણ મને થોડું મોડું થશે.'

એણે તરત જ નિર્ણય કરીને જવાબ પણ આપી દીધો.

'એ લોકો સાડા અગિયારેક વાગે આવવાના છે.'

'એ લોકો!?'

હવે જાનકી જરા ખચકાઈ ગઈ:

'હા, એટલે એમની સાથે એમની દીકરી પણ છે.'

'વ્હૉટ?'

અંજલિનો અવાજ તરડાઈ ગયો:

'સૂર્યકાંત મહેતાની એક જ દીકરી છે અને એનું નામ અંજલિ છે.'

'અંજલિબહેન...'

જાનકી અટકી અટકીને, ગોઠવી ગોઠવીને બોલતી હતી:

'એમણે કદાચ કોઈ પરદેશી સ્ત્રી સાથે... આઈ મીન... એમને એક દીકરી છે, વીસેક વર્ષની, લક્ષ્મી નામ છે એનું...'

'એટલે અમે અહીંયાં અમારા પિતા વિના એક એક ક્ષણ તરફડી તરફડીને મોટાં થતાં હતાં અને એમણે ત્યાં બીજાં લગ્ન કરી લીધાં? માણસો શું સમજતા હશે પોતાને, સ્ત્રી કોઈ રમકડું છે? એમને મારી માનો વિચાર પણ ન આવ્યો?'

અંજલિનું ડૂસકું છૂટી ગયું:

'માને ખબર છે?'

'હા, ખબર છે.'

'અને છતાંય એણે એમને ઘરે બોલાવ્યા છે? બધાંને ભેગાં કરવાનું નક્કી કર્યું છે?'

'અંજલિબહેન, શાંત થઈ જાવ. આપણે કાલે મળીએ છીએ.'

જાનકી હવે વધુ સવાલ-જવાબમાં ઊતરવા નહોતી માગતી. એણે ફોન મૂકી દીધો. અંજલિ થોડી વાર એમ જ ફોન પકડીને ડઘાયેલી રડતી રહી અને પછી અચાનક રાજેશને ભેટી પડી. જોરથી પોક મૂકીને રડતાં એણે રાજેશને કહ્યું:

'રાજેશ, બાપુ પાછા આવી ગયા છે...'

રાજેશ એક પણ અક્ષર બોલ્યા વિના અંજલિની પીઠ પર હાથ ફેરવતો રહ્યો અને અંજલિ નાભિમાંથી નીકળતું રુદન કોઈ રીતે રોકી નહોતી શકતી!

*

શ્રીજી વિલાનો ગેટ ખોલીને અંદર દાખલ થતાં સૂર્યકાંત મહેતાને લાગ્યું કે જાણે એમની સામે ભૂતકાળના દરવાજા ખૂલે છે...'

એમનું મન ખૂબ દ્વિધામાં હતું. ગઈ કાલે રાતે વસુમા સાથે વાત થયા પછી એમનો જીવ થોડો હેઠો બેઠો હતો, છતાં અભય, અજય અને અંજલિને આટલાં વર્ષો પછી જોવાની લાગણી એમને સમજાતી નહોતી. સપાટી પર જાણે આનંદ હતો સંતાનોને મળવાનો, ઘરે પાછા ફરવાનો, પરંતુ ઊંડે ઊંડે ખૂબ વિશાદ હતો... એ વાતનો કે પોતે પચ્ચીસ-પચ્ચીસ વર્ષ સુધી પોતાની કોઈ ફરજ નિભાવી નહોતા શક્યા!

સવારના પહોરમાં અભયે એમને ફોન કર્યો હતો - લેવા આવવા માટે... પરંતુ સૂર્યકાંતે જ કહ્યું કે પોતે જાતે પહોંચી જશે. એમને કદાચ એ સમય પોતાની જાતને તૈયાર કરવા માટે વિતાવવો હતો. એમણે ઘણી અઘરી

છતાં મક્કમ રીતે ના પાડી અને ટૅક્સીમાં જ જવાનું પસંદ કર્યું...

ટૅક્સીમાં આવતી વખતે એમને વિચાર આવતો હતો:

પચ્ચીસ વર્ષ દરમિયાન તો ક્યારેય આટલો બધો વિશાદ કે અપરાધભાવ નથી જાગ્યો મને. આજે જ્યારે ખરેખર સંતાનોને મળવાનું છે ત્યારે મન કેમ પાછું પડે છે? કેમ રહી રહીને એમ થાય છે કે મારે વહેલા આવી જવું જોઈતું હતું...

જાણે પિતાનો વિચાર સમજી ગઈ હોય એમ લક્ષ્મીએ ટૅક્સીના સીટ પર મુકાયેલા પિતાના હાથ પર પોતાનો હાથ મૂક્યો:

'શા વિચારમાં છો, ડૅડ?'

'બેટા, પચ્ચીસ વર્ષે મારા ઘરે પાછો જાઉં છું, જે ઓટલાના ચાર પગથિયાં પચ્ચીસ વર્ષ પહેલાં ઊતરી ગયો હતો, એ ચાર પગથિયાં ચડતાં આજે મારા પગ મણ મણના થઈ જવાના છે. અભય, અજય, અંજલિ... કેવી રીતે સ્વીકારશે મને? સ્વીકારશે કે નહી? અને સૌથી નાનો અલય, એને તો મેં જોયો જ નથી! લક્ષ્મી બેટા, એક મનને આ બધું જ જોઈએ છે અને બીજું મન ભાગી રહ્યું છે ભયથી...'

'ડૅડ, કમ ઑન! તમને એ ભય નથી કે તમારાં સંતાનો તમને સ્વીકારશે કે નહીં, તમને ભય વસુ આન્ટીનો છે. એમને કેવી રીતે ફેસ કરશો એનો ડર લાગે છે, ખરું?'

'ખબર નથી!'

સૂર્યકાંત બારીની બહાર જોવા લાગ્યા. બાપ-દીકરી ખાસ્સી વાર એ પછી ચૂપ જ રહ્યાં. માત્ર રસ્તો બતાવવા પૂરતાં સૂર્યકાંતે જે એક-બે વાક્ય બોલવા પડ્યાં એ સિવાય ટૅક્સીમાં વજનદાર મૌન રહ્યું.

શ્રીજી વિલાના ગેટ સામે જ્યારે ટૅક્સી આવીને ઊભી રહી ત્યારે સૂર્યકાંતને એક વાર ભાગી જવાનું મન થઈ ગયું. લક્ષ્મીએ એમનો હાથ પકડી રાખ્યો અને શ્રીજી વિલાનો ગેટ ખોલ્યો...

જાણે કેટલાય દિવસો એકસામટા ખૂલી ગયા...

દેવશંકર મહેતાનું ઘર છોડીને શ્રીજી વિલામાં પહેલી વાર દાખલ થતી વખતે જે કડવાશ હતી મનમાં એ ફરી ઊભરાઈ આવી હતી. ત્રણ સંતાન અને પત્ની સાથે આ મકાનમાં રહેવા આવ્યા ત્યારે સૂર્યકાંત મહેતાએ ગાંઠ વાળી હતી કે દેવશંકર મહેતાની હવેલીથી વ્હેંત ઊંચી હવેલી જો બરાબર એમની બાજુમાં ન બાંધું તો મારું નામ સૂર્યકાંત દેવશંકર મહેતા નહીં!

કાશ, આજે દેવશંકર મહેતા જીવતા હોત... હું બતાવત એમને કે એમનો નકામો-કામચોર અને સટોડિયો દીકરો આજે ક્યાં પહોંચ્યો છે!

સૂર્યકાંત મહેતાના મનમાં શ્રીજી વિલાની શરૂઆતના એ દિવસો જાણે રહી રહીને ઊભરાવા લાગ્યા. પથ્થરની પગથી, સામેનો ઓટલો, ઓટલા પર ચઢાવેલી મની વેલ, એ પોર્ચ, ખૂણામાંની પથ્થરની બેઠક - બધું એમનું એમ જ હતું. બદલાયાં હતાં તો માત્ર મન!

માણસનું મન બદલાતાં ક્યાં વાર લાગતી હોય છે?

સૂર્યકાંત મહેતાના વિચારો ભટકી રહ્યા હતા:

શરીરના કયા ખૂણામાં હોય છે એ મન? કોઈએ જોયું છે ક્યારેય? અને તોય મન ધાર્યું કરાવે છે માણસ પાસે... મેં ક્યારેય નહોતું વિચાર્યું કે હું આમ મારાં સંતાનોને અને પત્નીને મૂકીને ભાગી જઈશ... અને તોય મને ધાર્યું કરાવ્યું... ક્યાં શ્રીજી વિલા અને ક્યાં અમેરિકા! ક્યાંથી શરૂ થયેલી સફર ક્યાં જઈને પૂરી થઈ! ને તોય, પેલું કહે છે ને - ધરતીનો છેડો ઘર, એમ પાછો ફર્યો છું...

કોણ જાણે શુંનું શુંય વિચારતાં વિચારતાં સૂર્યકાંત મહેતા છેક દરવાજે આવીને ઊભા અને બેલ મારવા હાથ લંબાવ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે દરવાજો તો ખુલ્લો જ હતો. બલકે, ઘરનાં બધાં જ સભ્ય એમના સ્વાગત માટે દરવાજે આવીને ઊભાં હતાં.

સૂર્યકાંતની આંખોમાં પાણી આવી ગયાં. આ ઘર, આ પરિવાર એ છોડી ગયા હતા!

થોડીક ક્ષણ કોઈ કશું જ બોલ્યું નહીં. સૌ સ્તબ્ધ... ગળે બાઝેલા ડૂમા સાથે એમ જ ઊભાં હતાં એકબીજાને જોતાં. મિલનની આ અવર્ણનીય ક્ષણને અનુભવતાં!

પછી વૈભવીથી ન રહેવાયું એટલે એણે એ ભીના મૌનનો ભંગ કર્યો:

'આવોને પપ્પાજી, અંદર...'

એને સૂર્યકાંત મહેતા પોતાના ફોટા પર ચડાવેલો હાર જુએ એ ક્ષણની પ્રતીક્ષા હતી.

'હેં? હા...' સૂર્યકાંતે ચોંકીને કહ્યું પછી ઘરમાં દાખલ થયા.

અભય, અજય, અને વૈભવી, જાનકી, લજ્જા, અને આદિત્ય એમને વારાફરતી પગે લાગ્યાં. હજી અંજલિ અને રાજેશ નહોતાં પહોંચ્યાં. અલય કોઈ ને કોઈ બહાને વારે વારે ઉપર પોતાના ઓરડામાં જતો રહેતો હતો અને ત્યાં બને એટલો વધારે સમય ગાળવાનો પ્રયત્ન કરતો. ટૅક્સીનો અવાજ સાંભળીને એ ઉપર જતો રહ્યો... એટલે અલય પણ નહોતો.

પગે પડેલા દીકરાઓને ઊભા કરીને છાતીસરસા ચાંપતાં સૂર્યકાંતનું હૃદય ભરાઈ આવ્યું. માંડ કમર સુધી આવતો અજય આજે અડધો વેંત ઊંચો થઈ ગયો હતો!

અભયના તો કાન પાસેના વાળ ધોળા થઈ ગયા હતા!

એમણે અલયને શોધવા આમતેમ જોયું.

ઘરની સજાવટ અને બીજી વસ્તુઓ પર એક સરસરી નજર નાખતાં સૂર્યકાંત મહેતાની નજર હારવાળા ફોટા પર આવીને અટકી. એમનું આખુંય અસ્તિત્વ જાણે બરફની જેમ થીજી ગયું:

'વસુ...!'

એમનાથી આગળ બોલી ન શકાયું.

'મેં કહ્યું હતું માને કે આ હાર ઉતારી લો, પણ એમણે સાંભળ્યું નહીં.'

વૈભવીએ આજે અહીં સીન કરવાનું નક્કી કરી લીધું હતું જાણે. અભયે દાંત કચકચાવ્યા:

આજે જો ડહાપણ કરશે તો ચોટલો પકડીને ઓટલો ઉતારી મૂકતાં અચકાઈશ નહીં.

'પપ્પાજી, આ હૃદય છે.'

જાનકીએ વાત બદલવા પોતાના દીકરાને આગળ કર્યો:

'દાદાજીને પગે લાગો...'

હૃદય વાંકો વળીને પગ લાગ્યો. સાડા ત્રણ વર્ષના એ મીઠડા છોકરાને સૂર્યકાંતે ઊંચકી લીધો, પણ એમના મનમાંથી વાત નહોતી જતી.

'તું મારું શ્રાદ્ધ કરી આવી તેમ છતાં હું કંઈ નથી બોલ્યો, પણ આ ફોટા પરનો હાર...'

'કાંત, ઘણી વાતો કરીશું, હમણાં તો અંદર આવીને બેસો.'

'વસુ, અહીં સુધી આવ્યો છું એટલે અંદર આવીશ તો ખરો જ, બેસીશ પણ ખરો, જમીશ પણ ખરો.. પણ આ હાર ચડાવીને શું સાબિત કરવા માગે છે તું? મારું અપમાન કરવા બોલાવ્યો છે મને? એ કહેવા કે હું મરી ગયો છું તમારાં બધાં માટે?'

'ધારી શું કામ લો છો કે હું શું કહેવા માંગું છું...?'

વસુમાના ચહેરા પર સાવ હળવું, મમતાવાળું સ્મિત આવી ગયું.

'ધારતો નથી, પૂછું છું તને.'

સૂર્યકાંતનો અવાજ અનિચ્છાએ સહેજ ઊંચો થઈ ગયો.

'આપણાં સંતાનોએ પણ મને પૂછ્યું હતું, પણ મેં નક્કી કર્યું હતું કે આ વાતનો જવાબ હું બધાંની વચ્ચે આપીશ.'

'વસુ આન્ટી. મારા ડેડીએ તમને દુ:ખ પહોંચાડ્યું એ વાત સાચી, પણ આવું કરીને તમે પણ એમને દુ:ખ જ પહોંચાડ્યું ને...!'

જીવતા પિતાના ફોટા પર ઝૂલતો હાર જોઈને લક્ષ્મીનું હૃદય કકળી ઊઠ્યું હતું. એની આંખો ભીની થઈ ગઈ હતી.

વસુમા એની નજીક આવ્યાં. પોતાનાથી ત્રણેક ઇંચ ઊંચી લક્ષ્મીના માથા પર હાથ ફેરવ્યો. હાથ માથા પર થઇને ગાલ સુધી ઊતરી આવ્યો. લક્ષ્મી જાણે એ હાથમાં એક માના સ્પર્શ સિવાય બીજું કંઈ જ અનુભવી ન શકી. એણે હળવેકથી પૂછ્યું:

'મ... આન્ટી, તમે આ હાર ઉતારી ન શકો?'

'એ કામ તારા પિતાએ કરવાનું છે, બેટા.'

સૌએ ચોંકીને વસુમા તરફ જોયું. સૂર્યકાંતની આંખોમાં પણ આશ્ચર્ય હતું:

'વસુ તું મને ક્યારેય નથી સમજાઈ.'

'સમજાવું!' વસુમાએ ખૂબ હળવેકથી કહ્યું:

'મેં મારા તરફથી આ સંબંધને એક છેડો, એક અંત આપવાનો નિર્ણય કરી લીધો હતો, આપી પણ દીધો, મારે મારા તરફથી એક વાત પૂરી કરવી અનિવાર્ય હતી, કાંત... હવે તમે આ ઘરમાં પાછા ફર્યા છો. આ ઘર, આ સંતાનો તમારાં છે. આ કુટુંબ તમારું છે અને આ ફોટો પણ તમારો જ છે. એના પર લટકતો હાર ઉતારીને આ સંબંધને એક નવી શરૂઆત આપવાનું કામ પણ તમારે કરવાનું છે...'

'વસુ!'

સૂર્યકાંતની આંખો પલળી ગઈ.

'પચ્ચીસ વર્ષ પહેલાં જે પતિ ચાલ્યો ગયો હતો એને માટેની તમામ ફરિયાદો, પીડાઓ હું ગંગામાં વહાવીને આવી છું... એક નવા સંબંધની શરૂઆત જુનો સંબંધ પૂરો કર્યા વિના કેમ થઈ શકે, કાંત? આજે જે અહીં ઊભા છે એ સૂર્યકાંત મહેતાને મારે કંઈ પૂછવાનું નથી. મારે એમને કંઈ કહેવાનું પણ નથી. આ ઘરમાં, આ કુટુંબમાં એમણે પોતાની જાતને ગોઠવી લેવાની છે.'

'મા...' અજયનો અવાજ ધ્રૂજી ગયો.

'કાંત! જાવ, ઉતારી લો એ હારને અને તમારાં સંતાનો સાથેનો એક નવો સંબંધ શરૂ કરો.'

સૂર્યકાંત મહેતા આગળ વધ્યા. પોતાના જ ફોટા પર ચડાવેલો હાર ઉતારતાં એમને અજબ જેવી લાગણી થઈ. દેવશંકર મહેતાના રોષે ભરાયેલા ચહેરાથી શરૂ કરીને શ્રીજી વિલા છોડીને ગયા એ રાત સુધીનો આખોય ભૂતકાળ જાણે એમની આંખો સામે સડસડાટ પસાર થઈ ગયો.

હાર ઉતારીને એમણે સંતાનો તરફ જોયું:

'તમારો મરેલો બાપ આજે ફરી એક વાર પોતાની જ રાખમાંથી જીવતો થયો છે. આ ઘર સાથેના મારા સંબંધો આજથી, આ ક્ષણથી ફરી શરૂ થાય છે. તમારી માએ એક ભુલાઈ ગયેલા નામ પરથી રાખ ઉડાડીને એને ફરી ધબકતું કર્યું છે. વસુ, હું તારો આભાર માનું?'

'મારો? મારો આભાર શા માટે? મેં તો કંઈ કર્યું નથી.'

'કંઈ કર્યું નથી? તું તો મને પાછો લઈ આવી આ ઘરમાં... તારી જાહેરાતે તો મારા પાછા આવવાનાં દ્વાર ખોલ્યાં.'

'કાંત, જાહેરાત તો બહાનું હતું. મારા માટે પણ અને તમારા માટે પણ. હું વર્ષો પહેલાંય આપી જ શકી હોત આવી જાહેરાત... ને તમેય વગર જાહેરાત વાંચે આવી જ શક્યા હોત. ખરેખર તો સમયે તૂટેલા તાંતણા જોડી દીધા છે સંબંધોના, લાગણીઓના તાંતણા તો કોણ ક્યારે જોડી શક્યું છે?'

પછી એક ઊંડો નિઃશ્વાસ નાખીને સાવ ગણગણતાં હોય એમ બોલ્યાં:

'મન, મોતી ને કાચ…'

'વસુ, તેં મને માફ નથી કર્યો, નહીં?'

'જ્યારે ફરિયાદ જ નથી રહી ત્યારે માફીની વાત જ ક્યાં આવે?'

'તેમ છતાં આ હાર પહેરાવીને તેં આટલું તો સાબિત કરી જ દીધું કે આપણો સંબંધ પૂરો થયો, ખરું ને?'

'એમ પૂરા કરવાથી સંબંધો પૂરા થતા હોત કાંત, તો એ કામ તમે પચ્ચીસ વર્ષ પહેલાં કર્યું હતું..'

'એ ભૂલ હતી મારી'

'કાંત, સમય બળવાન છે. માણસ શું ઇચ્છે છે અને શું થઈ જાય છે? હું તમને દોષ નથી દેતી, દેતી હોત તો કદાચ આમ તમને શોધ્યાય ન હોત…'

'મા, તમે પપ્પાજીને શોધવાનો પ્રયત્ન સહેજ વહેલાં પણ કરી જ શક્યાં હોત ને? આ જ જાહેરાત તમે જો પાંચ વર્ષ-દસ વર્ષ વહેલી આપી હોત તો પપ્પાજી વહેલા ઘેર ન આવ્યા હોત?'

વૈભવી બોલી ઊઠી.

અભયે ફરી દાંત કચકચાવ્યા: આને કોઈ પણ રીતે સીધી કરવી પડશે. બાકી પચ્ચીસ વર્ષ ઘેર પાછા ફરેલા બાપ સામે આ કાણા પૈસાની ઈજ્જત નહીં રહેવા દે…

'પોતાના માણસને ઘેર પાછો બોલાવવા જાહેરાત આપવી પડે એ વાત જ મને તો ગળે નથી ઊતરતી…'

વસુમાએ સહેજ પણ ઉશ્કેરાયા વિના વૈભવીને જવાબ આપ્યો.

'વસુ, ખરું કહું, મને રોજ પાછા આવવાની ઇચ્છા થતી. રોજ વિચાર આવતો કે ચાર-ચાર સંતાન સાથે તું કેમ દિવસો કાઢતી હોઈશ? પણ પછી પગ ભારે થઈ જતા. મને વિચાર આવતો કે તું મને સ્વીકારીશ કે નહીં? તારો જાકારો સહેવાની તૈયારી નહોતી મારી એટલે મન પાછું પડી જતું.'

સૂર્યકાંત મહેતા કોઈ ઢાલ વિના સાવ નિખાલસ થઈને બોલી રહ્યા હતા:

'ને બીજો સવાલ હતો દેવાનો. મારા ચાલ્યા ગયા પછી તો દેવું માફ થઈ ગયું હશે એમ માનીને પણ મેં પાછા આવવાની હિંમત ન કરી. હું પાછો આવું તો દટાયેલાં હાડપિંજર ફરી ઊભાં થઈને નાચવા લાગે…'

'દેવું! દેવશંકર મહેતાના પરિવારનું દેવું દયાને કારણે માફ થાય? એ મને કે તમારા સદ્દગત પિતાના આત્માને ક્યારેય રૂચે ખરું? મેં હવેલી વેચી નાખી, થોડીઘણી જમીન હતી એ પણ વેચી નાખી, પેઢી સંકેલી લીધી અને પાઈ પાઈ ચૂકવી દીધી. સૂર્યકાંત મહેતા, આજે તમારા માથે એક પાઈનુંય દેવું નથી!'

વસુમા આ બોલ્યાં, પણ એમાં ક્યાંય ફરિયાદ કે પીડા નહોતી. બસ, એક વાત હતી માત્ર.

'પપ્પાજી, જમવાની તૈયારી કરું?' જાનકીએ પૂછ્યું.

‘રાજેશ અને અંજલિ ન દેખાયાં હજી?’

સૂર્યકાંત મહેતાને લાડકી દીકરીને જોવાની તાલાવેલી હતી.

‘ફોન કરું?’ વૈભવીએ પૂછ્યું.

‘હું કરું છું.’ અભયે કહીને ફોન જોડ્યો અને મુખ્ય દ્વાર તરફ ગયો. આમ પણ એ પ્રિયાના સમાચાર જાણવા તરફડી રહ્યો હતો.

‘અભય બોલું છું.’

‘હા ભાઈ! અમે પહોંચીએ જ છીએ.’

અંજલિ ફોન લઈને પ્રિયાના ઓરડાની બહાર નીકળી ગઈ.

‘પ્રિયા હજી બેહોશ જ છે?’

અભયના હોઠો પરથી અનાયાસ આ વાક્ય સરી ગયું!

‘ના, હમણાં જ ભાનમાં આવી છે, પણ વિકનેસ બહુ છે. ક્યારની રડ્યા જ કરે છે એટલે એને મૂકીને નીકળાય એમ નથી.’

‘ઓહ!’

અભયનું મન જાણે કોઈએ મુઠ્ઠીમાં લઈને નિચોવી નાખ્યું હોય એમ એને અકળામણ થઈ આવી. આ જ ક્ષણે એણે પ્રિયા પાસે પહોંચી જવું હતું... જ્યાં એની સૌથી વધારે જરૂર હતી ત્યાં હોવાને બદલે એ અહીં શું કરી રહ્યો હતો? એને પોતાના હોવા પર નફરત થઈ આવી...

‘કંઈ ચિંતા જેવું નથીને?’

‘ના, ચિંતા જેવું કંઈ નથી. અમે દસ-પંદર મિનિટમાં આવીએ છીએ.’

અંજલિનું મન પિતાને મળવા ઉતાવળું થઈ ગયું હતું, પરંતુ આ છોકરીની અસહાયતા જોતાં ત્યાંથી નીકળવા એનો પગ ઊપડતો નહોતો.

ફોન મૂકીને પ્રિયાના રૂમમાં અંજલિ પાછી આવી.

‘તમે નીકળો.’ પ્રિયાએ કહ્યું. એની આંખોમાં હજીય આંસુ હતાં, પણ હવે એણે રડવાનું કન્ટ્રોલ કરી લીધું હતું:

‘તમારા પિતા આટલા બધા વખતે આવ્યા છે. તમે અહીં રહો એ બરાબર નથી. બધાં તમારી રાહ જોતાં હશે અને હવે મને સારું છે. તમે જેટલું કર્યું એટલું તો કોઈ પોતાના પણ ન કરે.’

‘એટલે અમે પારકાં છીએ?’

‘એવું નથી કહેતી, પણ તમારી જિંદગીનો આટલો મહત્ત્વનો પ્રસંગ છોડીને તમે મારી સાથે...’

‘કારણ કે તને અમારી જરૂર હતી... પણ હવે જવું જ પડશે.’

રાજેશ સામે જોઈને એણે ઉમેર્યું:

‘બાપુ આવી ગયા છે.’

‘તમારે જવું જોઈએ.’

પ્રિયા મુશ્કેલીથી ઊભી થઈને બેઠી.

‘ટેક કૅર ઑફ યૉરસૅલ્ફ.’

અંજલિએ પ્રિયાને વહાલ કર્યું. પોતાની પર્સ લીધી અને બહાર નીકળી. રાજેશ પણ પ્રિયાના માથે હાથ ” અંજલિની પાછળ બહાર નીકળ્યો.

*

‘એ લોકો આવે જ છે.’

અભયે ઘરમાં આવીને જણાવ્યું.

‘તો પછી હું તૈયારી કરવા જ માંડું.’ જાનકી રસોડા તરફ વળી.

‘હું આવું છું ને રસોડામાં.’ વૈભવીએ લાડ કર્યાં.

‘ભાભી! તમે ને રસોડામાં? ધન્ય ઘડી ધન્ય ભાગ...’ સીડી ઊતરતાં અલયે ફટકો માર્યો.

‘અ...લ...ય...’

સૂર્યકાંત મહેતા એને નજર ભરીને જોઈ રહ્યા.

અલય સીડીમાં જ ઊભો રહી ગયો. એને જાણે સૂર્યકાંત મહેતા સાથે કોઈ વાત જ નહોતી કરવી. ઉપર ચાલી ગયા પછી એને ખબર હતી કે નીચે સૂર્યકાંત મહેતા આવી પહોંચ્યા છે, પણ પોતાના મનને મનાવતાં અને તૈયાર કરતાં એને ખાસ્સો સમય લાગ્યો હતો. એ માંડ માંડ નીચે ઊતરીને આવ્યો હતો.

‘અહીં આવ બેટા, મારે તને જોવો છે.’

અલયે વસુમા સામે જોયું. વસુમાના ચહેરા પર કોઈ ભાવ નહોતા.

‘અહીં આવ, અલય’ અભયે કહ્યું.

અલય અચકાતાં ડગલે આગળ આવ્યો અને સૂર્યકાંત મહેતાની આગળ આવીને ઊભો રહ્યો. સૂર્યકાંત એને ઘડીભર જોઈ રહ્યા. છ ફૂટની ઊંચાઈ, સુંદર, સુદૃઢ શરીર, ભાવવાહી આંખો, નમણો ચહેરો, નખશિખ વસુંધરાનો દીકરો દેખાતો હતો એ!

‘બેટા!’

એમણે અલયના માથા પર હાથ ફેરવ્યો. અનિચ્છાએ પણ અલયથી માથું હલી ગયું. હાથ ખસી જાય એમ.

'હું જાણું છું. હું જાણું છું કે તને મારી સામે ખૂબ ફરિયાદ હશે... તું ધિક્કારતો હોઈશ મને, જે બાપ પોતાના બાળકને માના ગર્ભમાં મૂકીને ચાલ્યો જાય...'

'એ બધા ઇમોશનલ સીન તો પતી ગયા ને?'

અલયે વચ્ચે જ વાત કાપી નાખી:

'મને એ બધા લાગણીવેડામાં કોઈ રસ નથી. ત્યારે ગયા હતા અને આજે આવ્યા છો એ બે જ વાત સત્ય છે, મિસ્ટર મહેતા!'

અચાનક સોપો પડી ગયો.

થોડી વાર સુધી કોઈ કશું બોલ્ય નહીં. પછી સૂર્યકાંત મહેતાએ ફરી એક વાર વાત શરૂ કરવાનો પ્રયાસ કરી જોયો:

'શું કરે છે, બેટા અભય?'

'એમનો પોતાનો બિઝનેસ છે અને ગવર્નમેન્ટમાં ઑફિસર છે.'

વૈભવીએ રસોડાની બહાર આવીને જવાબ આપ્યો:

'ખૂબ સારો ચાલે છે બિઝનેસ. ઘર અભય જ ચલાવે છે...'

'એવું કંઈ નથી. અજય વકીલ છે.'

'પણ વકીલાત ચાલતી નથી. અનાથાશ્રમની જમીનો કેસ લડ્યા, છાપાંઓએ પ્રસિદ્ધિ તો બહુ આપી, પણ કેસ હારી ગયા. જો કે જાનકીને જીતી લાવ્યા એ જુદી વાત છે.'

આખા ઘર વતી જાણે વૈભવી જ વાત કરી રહી હતી.

'ને અલય? બેટા તું...'

'અલયભાઈ...'

વૈભવી બોલવા ગઈ, પણ અલયે વચ્ચેથી જ તોડી પાડી:

'મને લાગે છે, સવાલ મને પુછાયો છે, ભાભી, હું જવાબ આપી દઉં છું.' પછી સૂર્યકાંત તરફ ફરીને ઉમેર્યું:

'હું સ્ટ્રગલ કરું છું. મારી પોતાની ફિલ્મ બનાવવા માંગું છું.'

'સરસ, બહુ સરસ...'

સૂર્યકાંત મહેતા જાણે બે-ત્રણ વર્ષના છોકરાનું ડ્રોઇંગ જોઈને ખુશ થતા બાપની જેમ બોલી રહ્યા હતા:

'હવે આપણી પાસે સગવડ છે. સ્ટ્રગલ કરવાની જરૂર નથી, બેટા. તું બજેટ બનાવ. આપણે તારી ફિલ્મ

પ્રોડ્યુસ કરીશું. ભારતમાં, ભારતની બહાર તારે જ્યાં શૂટિંગ કરવું હશે, જેટલો ખર્ચ કરવો હશે એ બધું જ થઈ જશે...'

'વેરી ગુડ.' અજય ખુશ થઈ ગયો:

'છેલ્લાં ત્રણ વરસથી સ્ટ્રગલ કરે છે અલય, પણ નવા માણસને આ ઇન્ડસ્ટ્રીઝમાં ચાન્સ કોણ આપે?'

'હું આપીશ... મારા દીકરા માટે ફિલ્મ હું પ્રોડ્યુસ કરીશ.'

'થેન્ક યુ, મિસ્ટર મહેતા, પણ મારે બે-ચાર પ્રોડ્યુસર્સ સાથે વાત ચાલે છે. બધું ગોઠવાઈ જશે. મને જરૂર નથી તમારી હેલ્પની.'

અલયથી અનાયાસે જ વસુમા તરફ જોવાઈ ગયું. વસુમાનો આંખોમાં કોણ જાણે એવું શું હતું, જે જોઈને અલયને પોતાની જાત પર વહાલ આવી ગયું!

*

અંજલિ અને રાજેશ કારમાં બેઠાં ત્યાં સુધી અંજલિનું મન પિતાને મળવા સિવાય બીજો કોઈ વિચાર કરી શકતું જ નહોતું.

નાનકડી અંજલિ નવું ફ્રોક પહેરીને દાદાજીના ખોળામાંથી ઊતરીને હવેલીની પોર્ચમાં દાખલ થઈ રહેલા પિતા તરફ દોડતી હતી જાણે!

વિચારોમાં ખોવાયેલી અંજલિ તરફ જોઈને રાજેશે અચાનક જ પૂછ્યું;

'તેં પ્રિયાને વાત કરી હતી કે બાપુ આવ્યા છે?'

'ના.'

'તો એને કેવી રીતે ખબર પડી?'

'કેવી રીતે? આઈ ડોન્ટ નો.'

અચાનક એના મનમાં ઝબકારો થયો:

'ભાઈ તો ગઈ કાલે આવ્યા છે દિલ્હીથી. પ્રિયાના અબોર્શન એમને કેવી રીતે ખબર?'

'અંજુ...' રાજેશ એટલું બોલીને ચૂપ થઈ ગયો. જાણે આગળનું વાક્ય ગળી ગયો હોય.

'એટલે... ભાઈ... અને પ્રિયા?'

અંજલિએ ફાટેલી આંખે, તરડાયેલા અવાજે રાજેશ સામે જોયું.

'કૂલ ડાઉન, બેબી! કંઈ પણ ધારી લેવાની જરૂર નથી. આ તો મને વિચાર આવ્યો એટલે મેં અમસ્તુ પૂછ્યું. હમણાં ત્યાં બાપુ છે. જઈને રિએક્ટ નહીં કરતી, પ્લીઝ.'

'પણ ભાઈ?'

'અંજુ...'

એ પછી ડૉક્ટર પારેખની હૉસ્પિટલમાંથી શરૂ કરીને શ્રીજી વિલા સુધી રાજેશ કે અંજલિ બેમાંથી કોઈ કશું બોલ્યું નહીં.

બન્નેના મનમાં તાણાવાણા ગૂંથાતાં રહ્યા અને કેટલાંય કોકડાં ઊકલતાં રહ્યાં ને કેટલાંય કોકડાં ગૂંચવાતા રહ્યાં...

* * *

21

સૌ જમવા બેઠાં ત્યારે સૂર્યકાંત મનોમન સહેજ મલકાયા: ભલે જરા કડક વર્તી લે હમણાં. બાકી વસુ કશુંય ભૂલી નથી. બધી જ મારી ભાવતી વાનગીઓ, મને ગમે એવી જ રીતે બનાવવામાં આવી છે. ઘરનો શ્રીખંડ, બટાકાનું લીલા મસાલાનું શાક, મિક્સ કઠોળ પર કાચું તેલ અને ઝીણા સમારેલા કાંદા, લવિંગવાળા ભાત અને સહેજ ગળી કઢી...

'આટલાં વર્ષો પછી પણ વસુના હાથની રસોઈ એવી ને એવી છે.'

સૂર્યકાંતથી વસુની સામે જોઈને વખાણ કર્યા વિના ન રહેવાયું.

'હું તો રસોડામાં ગઈ જ નથી. બધું જાનકીએ જ બનાવ્યું છે.'

'પણ મેનુ તો તેં બનાવ્યું ને? તું કશુંય ભૂલી નથી વસુ, એ વાતનો મને આનંદ છે.'

સહેજ હસ્યાં વસુમા:

'મેનુ પણ અજયે બનાવ્યું છે. એને યાદ છે બધું. ખરું પૂછો તો મેં પણ થાળી હમણાં જ જોઈ છે. શું બનવાનું છે એની પણ મને ખબર નહોતી.'

'એવું કહીને તમે પપ્પાજીની લાગણીનું અપમાન કરો છો, મા.'

વૈભવીએ સૂર્યકાંતનો પક્ષ લેવાનો પ્રયત્ન કર્યો.

'વૈભવી...'

અભયે એને રોક્યા વિના છૂટકો નથી એમ માનીને કહ્યું, પણ વૈભવીએ તો નક્કી કરી જ લીધું હતું એટલે એણે આગળ ચલાવ્યું:

'તમારાં વખાણ જ કર્યાં છે ને પપ્પાજીએ... એમાં આવું ન કહ્યું હોત તો ન ચાલત?'

'વૈભવી બેટા જે કામ મેં કર્યું નથી એને માટેનાં અભિનંદન હું શું કામ લઉં? અને કાંત સાચું પૂછો તો ગંગામાં હું બધું જ વહાવી આવી છું. મારી સ્મૃતિના કેટલાક અંશ, જે કોઈ રીતે છૂટ્યો નહીં એ સિવાયની સ્મૃતિ પણ ગંગાનાં પાણીમાં વહી નીકળી શ્રાદ્ધની સાથે!'

'વસુ. હું સમજી નથી શકતો કે તને મારી જરૂર છે કે નહીં?'

સૂર્યકાંતના અવાજમાં સહેજ ચીડ ઊતરી આવી.

'જરૂર?' વસુમાના અવાજ હજીય શાંત, હજીય સંયત જ હતો:

'જરૂર ખરેખર આપણને કોની હોય છે? અને જ્યારે જરૂર હોય છે ત્યારે એ વ્યક્તિ કે વસ્તુ ક્યાં મળે છે આપણને? કાંત, જરૂર પૂરી થઈ જાય પછી વ્યક્તિ કે વસ્તુ નકામી નથી થઈ જતી, પણ હા, એનો મોહ જરૂર ઊતરી જાય છે.'

વસુમા સહેજ અટક્યાં. વાત ફરી આગળ વધારી:

‘તમને સમજાઈ જાય છે કે જે ચીજ માટે - જે વ્યક્તિ માટે આટલાં વલખાં માર્યાં એના વિના પણ જીવી તો શકાયું જ... એ જ ક્ષણે તમે થોડાક વધુ પોતાની નજીક આવી જાવ. થોડાક વધુ આત્મનિર્ભર થઈ જાવ... કાંત, જરૂરતોના આવા તરફડાટમાંથી હું દરેક ક્ષણે પસાર થઈ છું અને હવે હું મારી સાવ નિકટ, સાવ પાસે આવી ગઈ છું. એટલી પાસે કે મારી અને મારી જાત વચ્ચે સદ્ભાગ્યે કે દુર્ભાગ્યે કોઈ માટે જગ્યા નથી બચી...’

સૌ સ્તબ્ધ થઈને વસુમાને સાંભળી રહ્યાં.

સૂર્યકાંતનો ચહેરો તમતમી ગયો.

એમને એવો જવાબ આપવો હતો કે વસુમાની બધી ફિલોસોફીનું પિંડલું વળી જાય. એ કશું બોલવા મોઢું ખોલે એ પહેલાં, ક્યારની ચૂપચાપ બધાંને સાંભળતી, સમજવાનો પ્રયત્ન કરતી લક્ષ્મી અચાનક જ બોલી ઊઠી:

‘કેટલી સાચી વાત છે, તમારી? આપણી પાસે હોય એ વસ્તુની આપણને કિંમત નથી હોતી અને ખોયા પછી એ વસ્તુ વિના નહીં ચાલે એવું લાગે છે... એવી જ રીતે કોઈ વ્યક્તિ કે વસ્તુ વિના ચલાવતાં આવડી જાય પછી એની હાજરી કે ગેરહાજરીથી મોટો ફરક નથી પડતો.’

‘બહુ નાની છે તું આ બધું સમજવા.’ વસુમા ફરી એક વાર મમતાવાયું હસી પડ્યાં:

‘ઘણી જિંદગી જોવાની બાકી છે, દીકરા! અત્યારથી આવી મોટી મોટી વાતો ન કર. તારી લજ્જાની ઉંમરમાં કંઈ ઝાઝો ફરક નથી. અમારી લજ્જા તો હજીય લાડ કરે છે. આજે પણ ક્યારેક મારા હાથે કોળિયા ભરીને જમે છે.’

‘પણ લજ્જા પાસે એની મા છે અને એથીય વધારે તમારા જેવી દાદી છે એટલે એને પોસાય લાડ કરવાનું. મેં તો મારી માને જોઈ જ નથી. પહેલી વાર ચાલતી થઈ ને પડી હોઈશ ત્યારે કોણે ઊભી કરી એ યાદ નથી મને.’

લક્ષ્મીના સ્વરમાં સહેજ ભીનાશ પથરાઈ ગઈ.

‘મેં લાડ નથી કર્યાં તને?’ સૂર્યકાંત સહેજ ઘવાઈ ગયા.

‘ડેડી, તમે જે આપ્યું છે એનું મૂલ્ય થઈ શકે એમ નથી, પણ મા ન હોવાની જે ખોટ રહી છે એ આજે વધારે શાર્પ થઈને વાગી રહી છે મને. મેં મારી માને માત્ર ફોટામાં જોઈ છે. વસુ આન્ટી, આખી જિંદગી વિચારતી રહી કે મા હોય તો કેવી હોય? પણ આજે તમને જોઈને સમજાય છે કે મા હોય તો તમારા જેવી હોય. પિતાની ગેરહાજરી ન સાલે એમ જાત ઘસીને જે મા સંતાનોને ઉછેરે એ મા વિશ્વના કોઈ પણ દેશમાં હોય. એ કોઈ પણ ભાષા બોલતી હોય, એનો ચહેરો ગમે તેવો હોય, પણ એ હોય અદલોદલ તમારા જેવી!’

લક્ષ્મીનું ગયું ભરાઈ આવ્યું હતું. એની આંખમાંથી આંસુ પડું પડું થઈ ગયાં હતાં.

‘બેટા, આટલું સમજે છે તો એક બીજી વાત પણ સમજી લે કે મા કોઈના પણ માટે મા જ હોય છે. હું માત્ર આ ચાર સંતાનની મા નથી. તારીય મા છું અને હવે ક્યારેય એવું ન કહેતી કે તારે મા નથી..’

લક્ષ્મી જમતાં જમતાં ઊભી થઈ અને એઠા હાથે વસુમાને વળગી પડી:

'મને લાગે છે, આ તમારી પચ્ચીસ વરસની પીડાનો હિસાબ છે. બીજું કોઈ સમજે કે નહીં હું તમારી વાત સમજું છું અને સ્વીકારું પણ છું! આજથી હું આન્ટી નહીં કહું તમને, મા કહીશ...'

વસુમા એના માથે હાથ ફેરવતાં રહ્યાં. સૌ વસુમાની વાતને પોતપોતાની રીતે મૂલવવાનો, સમજવાનો પ્રયત્ન કરતાં ચૂપચાપ જમતાં રહ્યાં...

સૂર્યકાંતને લાગ્યું કે લક્ષ્મીને સ્વીકારીને વસુએ એમની વચ્ચે ભલે નાનકડો પણ એક પુલ બાંધ્યો હતો.

અત્યાર સુધી ચસોચસ ભીડેલા દરવાજા સાથે વર્તી રહેલી વસુ સુધી પહોંચવા માટે આ લક્ષ્મી નામનો પુલ જરૂર કામ લાગશે.

સૂર્યકાંતે મનોમન વિચારી લીધું.

*

જમીને ઊભા થયા કે તરત અભયે પોતાની વસ્તુઓ લીધી, મોબાઇલ ગાડીની ચાવી ખિસ્સામાં નાખી.

'અત્યારે ક્યાં જાવ છો?'

'બહાર.'

'પણ પપ્પાજી આવ્યા છે ને..'

'આવું છું, ઑફિસમાં કામ છે.'

'ફોન પર વાત કરી લો ને... નહીં જાવ તો નહીં ચાલે?'

"ના, મારે જવું પડે એમ છે."

'મને ખબર છે તમે ક્યાં જાવ છો, એમ નહીં માનતા કે હું નથી જાણતી.'

'વૈભવી, આપણે પછી વાત કરીશું.'

'પછી શા માટે? મને કોઈની બીક નથી.'

અભયે હાથમાં પકડેલી ગાડીની ચાવી વૈભવીએ ઝૂંટવી લીધી:

'ગઈ કાલે રાત્રે પણ બે વાગે આવ્યા છો તમે. સવારમાં પણ કોઈ સાથે ફોન પર વાત કરતા હતા અને અત્યારે પણ... ક્યાં જાવ છો, કહીને જાવ...'

'વૈભવી, હું કામે જાઉં છું.'

અભયના અવાજમાં જાણે પૂર્ણવિરામનું દબાણ હતું. સૌની હાજરીમાં ચાલી રહેલા આ સંવાદથી એને ખરાબ તો લાગતું જ હતું, સાથે સાથે પોતાનો સંબંધ આમ ઊઘડી રહ્યાથી છોભીલા પડ્યાની લાગણી થતી હતી,

છતાં એણે સૂર્યકાંત મહેતાને બને એટલી વિનમ્રતાથી કહ્યું:

'હું આવું છું થોડી વારમાં, એક્સક્યુઝ મી...'

જવાબની રાહ જોયા વિના એ બહાર નીકળી ગયો.

આટલું ઓછું હોય એમ વૈભવી પાછળ દોડી. લગભગ શ્રીજી વિલાના ગેટ સુધી પાછળ જઈને એણે અભયનો હાથ પકડ્યો:

'એમ નહીં માનતા કે હું વાત છોડી દઈશ. હું યાદ રાખીશ... અને શોધી કાઢીશ કે આ બધું શું ચાલે છે?'

'શોધવાની જરૂર નથી, હું જ કહીશ તને. અને જ્યારે કહીશ ત્યારે પગ નીચેથી ધરતી નીકળી જશે એટલું યાદ રાખજે...'

અભયે કહ્યું અને જાણે વૈભવીને છૂટો મારતો હોય એમ શ્રીજી વિલાનો ગેટ પછાડીને બહાર નીકળી ગયો.

'પગ નીચેથી ધરતી કોની નીકળી જશે એની ખબર તો હું પાડીશ તને. આખેઆખું શ્રીજી વિલા ધરતીમાં ગરકાવ કરી નાખીશ. હજુ ઓળખતા નથી મને...'

વૈભવી દાંત કચકચાવીને અંદર પાછી ફરી.

'જતા રહ્યા અભયભાઈ?' અલયે પણ વૈભવીને ફટકો મારવાની તક છોડી નહીં.

'કામ હશે એમને.'

લક્ષ્મીએ વાતને વધુ વધે નહીં એટલા માટે લપેટવાનો પ્રયત્ન કર્યો. એ જાણતી હતી કે અલય અને નીરવ એકબીજાની કેટલા નજીક છે અને નીરવને ઓળખવાનો સહેલો રસ્તો અલય છે એવું એને સમજાતું હતું.

એ અલયની સાથે દોસ્તી કરવા માગતી હતી, પણ અલયે તો જાણે બધા જ દરવાજા બંધ કરી દીધા હતા. સૂર્યકાંત મહેતા અને એમની સાથે જોડાયેલા દરેક માટે અલય જાણે બંધ હતો, દૂર હતો' અજાણ્યો હતો...

*

'સ્વીટ હાર્ટ, આઈ એમ સૉરી...'

પ્રિયાના ચહેરા પર અભય હાથ ફેરવી રહ્યો હતો. રડી રડીને સૂઝી ગયેલી પ્રિયાની આંખો અભયના કાળજામાં ચિરાડા પાડતી હતી. અભયે એને માંડ માંડ શાંત કરી પછી બન્ને જણ રૂમની બહાર નીકળ્યાં. અભય કાઉન્ટર પર બિલ ચૂકવવા ગયો ત્યારે રિસેપ્શનિસ્ટે એને કહ્યું:

'બિલ તો ચૂકવાઈ ગયું છે. સવારે એમની સાથે જે કપલ હતું એમણે બિલ ચૂકવી દીધું છે.'

હારેલા-ભોંઠા પડેલા માણસની જેમ પ્રિયાને લઈને અભય ડૉ. પારેખના ક્લિનિકની બહાર નીકળ્યો.

આખે રસ્તે બન્ને જણ ચૂપચાપ રહ્યાં. પ્રિયાની આંખોમાંથી હજુ આંસુ સરી જતાં હતાં. અભયે ગાડી ચલાવતા પોતાનો હાથ લંબાવીને પ્રિયાનો હાથ પોતાના હાથમાં લીધો.

'પ્લીઝ, તું જેટલું રડીશ એટલો હું ગુનેગાર અનુભવીશ મારી જાતને.'

'મારું પહેલું સંતાન...'

પ્રિયાનું ડૂસકું ફરી એક વાર છૂટી ગયું.

'મારી ઉંમરનો વિચાર કર, પ્રિયા, મારી મુશ્કેલીઓનો વિચાર કર અને ઈશ્વરનો આભાર માન કે જે થયું એ સારું જ થયું.'

'અભય, હું બધું જ સમજું છું, પણ સ્વીકારી નથી શકતી. ગઈ કાલ સાંજ સુધી મારું મન મક્કમ હતું. રાત્રે તમે ગયા ત્યાં સુધી, સવારે અહીં પહોંચી ત્યાં સુધી... પણ જ્યારે એનેસ્થેસિયાની અસર ઊતરી અને આંખ ઊઘડી ત્યારે લાગ્યું કે મારી અંદરથી કશુંક ફેંકાઈ ગયું છે. કશુંક ખાલી થઈ ગયું છે. મારી કૂખ, જેમાં થોડા જ કલાક પહેલાં એક જીવ ધબકતો હતો. પૃથ્વી પર આવવા તલપાપડ બે આંખો, બે હાથ ફેલાવીને મને મા કહેવા તત્પર એ જીવ હવે નથી રહ્યો... હું ચૂંથાઈ ગઈ અભય, હું વિખેરાઈ ગઈ છું...'

'સમજી શકું છું તારી વાત.'

'તમે સ્ત્રી નથીને? તમને નહીં સમજાય એક સ્ત્રીના પહેલા સંતાનનું એના માટે શુ મહત્ત્વ હોય છે. એક જીવને જન્મ આપીને ઈશ્વરની લગોલગ બેસવાનો એ અહેસાસ મારી પાસેથી છીનવાઈ ગયો.'

'મને માફ કરી દે. પ્લીઝ, ફરગિવ મી પ્રિયા, પ્લીઝ...?

અભયની આંખો પણ પલળી ગઈ. એણે નીચલો હોઠ દાંત વચ્ચે એટલા જોરથી દબાવ્યો કે લોહીના ટશિયા ફૂટી આવ્યા:

આ છોકરી સ્ત્રી માટે એના પહેલા સંતાનના જન્મની મહત્તા ગાતી હતી, કુંવારી છોકરી મારા સંતાનને જન્મ આપવા માટે દુનિયા સાથે લડવા તૈયાર હતી...

અને સાથે જ એને યાદ આવી ગયો એ દિવસ જ્યારે લજ્જાનાં જન્મ પહેલાં પ્રેગ્નન્સી કન્ફર્મ કરીને વૈભવી ઘેર આવી હતી.

'લો, તમે બાપ બનવાના છો!'

એણે રિપોર્ટનો કાગળ છુટ્ટો ફેંક્યો હતો.

'ઓહ, માય ગૉડ!'

અભયે એને લગભગ ઊંચકી લીધી અને એના પેટ પર ચુંબનો કરવા માંડ્યાં:

'તને ખબર છે, હું પોતે જાણે ફરી જન્મ લેવાનો હોઉં એવી ફિલિંગ આવે છે. અહા, હું અભય મહેતા... બાપ બનીશ... દેવશંકર મહેતાની પેઢીનો પહેલો વારસદાર જન્મશે. આઈ એમ થ્રિલ્ડ! આઈ એમ મૅડ! હું નીચે જઈને માને કહી આવું.'

નીચે જતા અભયને વૈભવીએ હાથ પકડીને રોક્યો હતો:

'એક મિનિટ, એમ ગાંડા કાઢવાની જરૂર નથી.'

'શું થયું?'

અભયને વૈભવીનો ટોન સાંભળીને જરા નવાઈ લાગી હતી.

'મને આ બાળક હમણાં નથી જોઈતું, અભય.'

'વ્હોટ? નથી જોઈતું એટલે શું?'

'ઓહ, કમ ઑન. નથી જોઈતું એટલે નથી જોઈતું. મારે હજી જિંદગી જીવવી છે, દુનિયા જોવી છે, આપણે અઠવાડિયા પહેલાં તો નક્કી કર્યું કે સાથે યુરોપ જવું છે... એમાં વળી આ પ્રેગનન્સી વચ્ચે ક્યાં આવી? બધા પ્લાન ચોપટ થઈ ગયા.'

'આ આપણું પહેલું સંતાન છે.'

અભયે એક એક શબ્દ છૂટો પાડીને કહ્યું.

'તો? બીજું આવશે, ત્રીજું આવશે, પાંચમું પણ આવશે... નથી તમારી મર્દાનગી ખૂટી પડી કે નથી હું ઘરડી થઈ ગઈ!'

'શટ અપ.' અભયે કહ્યું.

'ટૂંકમાં, મને આ બાળક નથી જોઈતું.'

'તો શું કરીશું?' બધું સમજતો હોવા છતાં અભયે પૂછ્યું.

'અબોર્શન! ઝાઝી હો-હા કર્યા વિના, ચૂપચાપ વાતનો નિકાલ કરી દેવાનો.'

'વાત? નિકાલ? આ મારું-આપણું સંતાન છે, વૈભવી!'

'પણ જન્મ મારે આપવાનો છે. નવ મહિના મારે વેંઢારવાનું છે અને પછી મોટું પણ મારે જ કરવાનું છે. પીડા મારે જ સહન કરવાની છે. શરીર મારું બગડવાનું છે... તમારે શું છે?'

'આ સંતાન જન્મ લેશે, વૈભવી અને એ વિશે આગળ ચર્ચા નહીં થાય અબોર્શન નામનો શબ્દ મહેતા ખાનદાનમાં કોઈ ક્યારેય બોલ્યું નથી અને હવે પછી બોલવાની હિંમત ન કરતી.'

અભય પછી રિપોર્ટ લઈને નીચે ઊતરી ગયો.

ગાડી ચલાવતા અભયે પોતાના હાથમાં પકડેલો પ્રિયાનો હાથ એટલા જોરથી દબાવ્યો કે પ્રિયાથી ચીસ પડાઈ ગઈ...

'શું વિચારે છે?'

કંઈ નહીં.,

ગાડી પ્રિયાના ઘરની સામે આવી ગઈ હતી. અભય એને લઈને હળવેથી ઉપર ચડ્યો. એને બેડરૂમમાં સુવાડી અને થોડી વાર એની પાર બેઠો:

'જાઉં, ડાર્લિંગ?'

અભયના અવાજમાં અનિચ્છા સ્પષ્ટ હતી, પણ ઘરે મહેમાનોની હાજરીમાં વધુ તાયફો ન થાય એ ભય એને કોરી ખાતો હતો.

'થોડી વાર?'

પ્રિયાના અવાજમાં નાના બાળક જેવી આજીજી હતી.

અભય કશું બોલી ન શક્યો. એ ચૂપચાપ પ્રિયાના માથામાં હાથ ફેરવતો રહ્યો. એનેસ્થેસિયાની અસરના કારણે કે અભયની હાજરીથી સુખ અનુભવતી પ્રિયા ઘસઘસાટ ઊંઘી ગઈ ત્યાં સુધી અભય એને વહાલ કરતો રહ્યો. પછી એક નાનકડી નોટ લખીને એની બાજુમાં મૂકી અને સહેજ પણ અવાજ ન થાય એમ ત્યાંથી બહાર નીકળી ગયો.

ગાડીમાં બેસીને ક્યારનું રોકી રાખેલું અભયનું રુદન છૂટી પડ્યું. નાનું બાળક રડે એમ ધ્રુસકે ધ્રુસકે, જોરજોરથી પોક મૂકીને રડતા અભયને જો કોઈએ જોયો હોત તો કદાચ એની પીડાનો અંદાજ આવી શકત...

*

લગભગ સાંજ પડવા આવી હતી.

ધીમે ધીમે વાતાવરણ જાણે પોતીકું-લાગણીભીનું થતું જતું હતું. અભય, અજય, અંજલિ, જાનકી, રાજેશ અને એમનાં સંતાન બધાં જાણે હળવે હળવે સૂર્યકાંતની નજીક આવતાં જતાં હતાં. બધાંનાં બાળપણની વાતો, દેવશંકર મહેતાની વાતો, ગોદાવરી દાદીની વાતો અને ભૂતકાળનાં એક પછી એક પડ ઉકેલાતાં જતાં હતાં. સમય જાણે બે દાયકા પાછળ જતો રહ્યો...

લોહીનો સંબંધ કેટલી અજબ વસ્તુ છે?!

વસુમા મનોમન વિચારી રહ્યાં હતાં:

જે સંતાનો પચ્ચીસ-પચ્ચીસ વર્ષ પિતાથી દૂર રહ્યાં એ સંતાનો અચાનક જ જાણે એમને વર્ષોથી મળતાં રહ્યાં હોય એટલાં હેવાયાં થઈ ગયાં છે...!

એક અલય જે કોઈ રીતે આ ટોળામાં ભળી નહોતો શકતો. એનું મન વારે વારે ત્યાંથી ભાગી જવા બેબાકળું થઈ ઊઠતું હતું. આ આનંદી વાતો, આ કુટુંબનો મેળો આ પિતાના ખોળામાં ટેકો દઈને બન્ને બાજુ બેઠેલી અંજલિ અને લક્ષ્મી, જાનકી, અજય, અભય... એને જાણે મા સાથે દગો કરતા હોય એવું લાગતું હતું વારંવાર એનું મન બળવો કરવા ઊઠતું હતું કે એ ત્યાં ઊભો રહીને બૂમો પાડે, જોર જોરથી પૂછે:

જે માએ આટલાં વર્ષો તમને ઉછેરવામાં જાત ઘસી નાખી એ માનાં દુઃખો - ફરિયાદો ભૂલીને એકદમ જ પિતાને સ્વીકારી લીધા તમે? અરે, એમને પૂછો તો ખરા કે કયા વાંકે મૂકી ગયા હતા અમને? કયા વાંકે અમે

વંચિત રહ્યાં અમારા પિતાના પ્રેમથી? કયા વાંકે અમારે લોકોની આંખો અને ટોણાનાં તીર સહેવાં પડ્યાં? તમે ત્યાં અમેરિકામાં બીજાં લગ્ન કરીને ઠરીઠામ થઈ ગયા ત્યારે મારી મા અહીં નોકરી કરીને જાત ઘસતી હતી... તમે જ્યારે ત્યાં અમેરિકન સંતાનોને લાડ કરતા હતા ત્યારે અમે અહીં નાના નાના અભાવોમાં જિંદગીની તડજોડ શીખતાં હતાં... કેમ કર્યું તમે આવું? કોઈ તો પૂછો એમને...

અલયના ચહેરાના હાવભાવ એકદમ તંગ થઈ ગયા હતા. બાકીનાં બધાં સૂર્યકાંત સાથે વાતો કરતાં હતાં, પરંતુ અલય જમ્યા પછી એક અક્ષર પણ બોલ્યો નહોતો, જે સૂર્યકાંતની નજરની બહાર નહોતું. એમણે વિચાર્યું હતું કે એ ધીમે રહીને હળવે હળવે અલયને પોતાની નિકટ લેશે...

ને નહોતાં બોલ્યાં એક વસુમા!

જમતી વખતે એમણે જે છેલ્લી વાત કરી અને લક્ષ્મીએ એમને વહાલ કરી દીધું એ પછી વસુમા એક અક્ષર નહોતાં બોલ્યાં. ચૂપચાપ સંતાનોની સાથે ડ્રોઇંગ રૂમમાં બેઠાં હતાં. થતી વાતો સાંભળી રહ્યાં હતાં, પણ ક્યાંય એક શબ્દ પણ નહોતાં બોલ્યાં...

'તમારા દાદીજી ખૂબ કડક સ્વભાવનાં હતાં. એમણે કદી કોઈને પોતાની સામે દલીલ કરવાની તક આપી જ નહીં... એ કહે તે ફાઈનલ. એમાં કોઈ ફેરફારને અવકાશ જ નહીં.' સૂર્યકાંત બોલી રહ્યા હતા.

'પણ એવું તો કેવી રીતે ચાલે?'

આદિત્યે પોતાના જમાનાની માનસિકતાથી કહ્યું:

'દરેક માણસને ઇન્ડિવિજ્યુઅલ વિચારો હોય, ગમા-અણગમા હોય, એની વાત તો સાંભળવી જોઈએ ને?'

'અમારા જમાનામાં એવું નહોતું, બેટા, મા-બાપ કહે તે ભણો, મા-બાપ કહે તે કરો મા-બાપ કહે ત્યાં પરણી જાવ અને મા-બાપ કહે એમ જીવો.'

'પણ જિંદગી તો આપણી હોય ને? આપણને ગમે એમ જીવવાનું. હું તો ક્યારેય ન માનું. પૂછી જુઓ મમ્મીને... હું આજે પણ મને ગમે એમ જ કરું છું.' લજ્જાએ કહ્યું.

'વિદ્રોહ એ ગુણ છે આપણા કુટુંબનો, બેટા...'

સૂર્યકાંતે અલય તરફ જોઈને કહ્યું:

'પિતા જે માને એને પુત્ર ન ઉથાપે એ દેવશંકર મહેતાના કુટુંબની પરંપરા છે કદાચ...'

'બાપુ આટલાં વર્ષો તમને ઘેર આવાનું મન ન થયું?'

બપોરથી છાતીને ભીંસી નાખતો સવાલ આખરે અજયે પૂછી જ નાખ્યો.

'ઘેર આવવાનું મન કોને ન થાય, બેટા? પણ એક પછી એક પ્રસંગો એવા બનતા ગયા કે મારો પગ વધુ ને વધુ બંધાતો ગયો... જ્યારે જ્યારે એવું વિચાર્યું કે પાછા આવવું છે ત્યારે કંઈક એવું બન્યું કે જે વાતે મને રોકી લીધો.'

‘પણ બાપુ, એક ફોન કરી શક્યા હોત, પત્ર લખી શક્યા હોત, પણ તમે તો અમારી તપાસ પણ ન કરી.’

અંજલિના અવાજમાં સ્પષ્ટ ફરિયાદ હતી.

‘બેટા, હું કહીશ તો તમે માનશો નહીં, પણ મારો ગુનો એવડો મોટો હતો કે મારી હિંમત જ નહોતી થતી… દરેક વખતે મન પાછું પડતું અને એમાંય તમારી માનો દબદબો, એનો સત્યાગ્રહ અને એના સિદ્ધાંતો...’

‘એમના સિદ્ધાંતોએ તો અમને બધાંયને બહુ તકલીફ આપી છે, પપ્પાજી.’ વૈભવી બોલી ઊઠી.

‘વસુ, તું હજીય એમ જ જીવવા માગે છે? એકલી? તારા કિલ્લામાં બંધ. બીજાઓની સમસ્યા સમજ્યા વિના?’

આખરે સૂર્યકાંત મહેતાએ સીધો વસુમાને પ્રશ્ન પૂછી નાખ્યો.

‘મને લાગે છે કે મને પુછાયેલા સવાલનો જવાબ તો તમે જ આપી દીધો છે…’

‘સાદી ભાષામાં સરળ વાત કર. હું તારા જેટલો બુદ્ધિશાળી નથી.’

વાત તો હસતાં હસતાં કહેવાઈ હતી, પણ એની પાછળ રહેલો અર્થ વસુમા સમજ્યાં હતાં.

આ વાત પચ્ચીસ વર્ષ જૂની વાત હતી. વસુંધરાની બુદ્ધિ, એનો આત્મવિશ્વાસ, એની હિંમત, એનો સત્ય માટેનો આગ્રહ… હંમેશા સૂર્યકાંત માટે ટોણા મારવાનું કારણ હતાં…

‘બહુ સાદી ભાષામાં કહું, કાંત? હવે મારી જિંદગીનાં વર્ષો જ કેટલાં બચ્યાં છે? આટલાં વર્ષ આમ જ જીવી છું તો હવે આમ જ જીવું ને? ને કાંત, મારા સિદ્ધાંતો મારાથી અલગ નથી... એ મારા હોવાનો ભાગ છે. હું જીવીશ ત્યાં સુધી મારી માન્યતાઓ અને મારા સિદ્ધાંતો એમ જ રહેશે!’

“મા, આને જીદ કહેવાય.”

વૈભવીને જાણે ધીમે ધીમે થી હોમવાની મજા પડવા લાગી હતી.

“ભાભી, આને જે કહેવાય તે... આ મારી માના સિદ્ધાંતો છે અને એ બધા એમ જ રહેશે.”

અલયે જાણે વાત બંધ કરી દીધી.

એ જ વખતે અલયનો મોબાઇલ રણકી ઊઠ્યો:

‘બોલ.’ અલયે ફોન ઉપાડ્યો.

‘જાન.. જાન… જાન… આઈ એમ મિસિંગ યુ…’

‘આવી જા.’

ખરેખર?’

‘હા, હા, તારી પણ ઓળખાણ કરાવી જ દઉં.’

‘શું કહીશ?’

'તું આવ એટલે કહી દઈશ.'

'કોણ... શ્રેયા છે?' જાનકીએ પૂછ્યું:

'એને બોલાવી જ લો. પપ્પાજીની ઓળખાણ પણ થઈ જાય.'

'કોણ છે?' લક્ષ્મીએ પૂછ્યું.

'શ્રેયા છે. અલયભાઈ એની સાથે લગ્ન કરવાના છે.'

જાનકીએ આટલું કહીને ઇશારાથી અલય પાસે ફોન માગ્યો.

'આવી જ જા શ્રેયા, અમે તો સવારથી તારી રાહ જોઈએ છીએ.'

'તમારા દિયરે ક્યાં બોલાવી મને?'

'આ ઘરમાં તને બોલાવવી પડે? મારા જેટલો જ હક બને છે તારો...'

'હા, હા, આમ તો બધું પતી જ ગયું છે. માત્ર લગ્નની વિધિ બાકી છે.' વૈભવી બબડી.

વસુમાએ માત્ર એની સામે જોયું. એ નજરમાં કશુંક એવું હતું, જેનાથી વૈભવીને સમજાઈ ગયું કે હવે વધારાનું એક વાક્ય પણ ખતરનાક સાબિત થશે. એણે તરત જ હસીને બાજી પલટી નાખી:

'બહુ સરસ છોકરી છે. આપણી સામે જ રહે છે. અલયભાઈને બહુ ચાહે છે... મને પણ બહુ ગમે છે.'

'એનાથી મને બહુ ફેર નથી પડતો.'

અલયે આ કહીને જાનકી પાસેથી ફોન લઈ લીધો:

'કેટલી વારમાં પહોંચે છે?'

'દસ મિનિટ...'

અલયે ફોન કટ કરીને ટેબલ પર મૂક્યો.

એ જ વખતે એનાથી લક્ષ્મી સામે જોવાઈ ગયું.

અલયે મોબાઇલ ઊંચકીને જ્યારે બોલ કહ્યું ત્યારે જ લક્ષ્મીનું હૃદય ધડકી ઊઠ્યું.

ગઈ કાલે રાત્રે વાત થયા પછી આજના આખા દિવસમાં એણે નીરવનો અવાજ નહોતો સાંભળ્યો. અલયના મોબાઇલ પર વાગેલી રિંગથી લક્ષ્મીને જાણે આશા બંધાઈ હતી.

અલયે ફોન કાપીને લક્ષ્મી સામે જોયું. લક્ષ્મીએ જે રીતે એની સામે જોયું એ આંખમાં જે સવાલ અને જે ભોળપણ હતું એનાથી અલયને સહેજ હસવું આવી ગયું. એના ચહેરા પર એક વ્હાલસોયું સ્મિત આવીને સ્થિર થઈ ગયું. નહીં પુછાયેલો એ સવાલ જાણે અલયને સમજાઈ ગયો હતો.

'નીરવને ફોન કરું?'

એકો પોતાના નકારાત્મક વલણને ક્ષણભર માટે બાજુએ મૂકીને લક્ષ્મીને સીધું જ પૂછી નાખ્યું:

'બોલાવવો છે એને અહીંયાં?'

'અહીં? લક્ષ્મી જરા શરમાઈ ગઈ.

'નીરવ ઓળખે છે લક્ષ્મીને?'

અભયે પૂછ્યું. એ શરમાળ સ્મિત પાછળ નહીં કહેવાયેલી વાત કદાચ અભયને સંભળાઈ ગઈ હતી:

'બોલાવને, આમ પણ આપણા ઘરનો એ એક જ સભ્ય બાકી રહી ગયો છે...'

'લો તમે જ ફોન કરો.'

અલયે મોબાઇલ લગાડીને લક્ષ્મીના હાથમાં આપ્યો. લક્ષ્મી કાને ધરીને રિંગનો અવાજ સાંભળતી રહી.

'નાલાયક! અત્યારે ટાઇમ મળ્યો? સવારથી કેટલી ચિંતા કરતો હતો તારી? સીધો રહ્યો કે જાત બતાવી તે?'

'જી?!'

'ઓહ!'

નીરવનો અવાજ સાવ બદલાઈ ગયો:

'તમે? તું છે?'

'તમે...તું... અહીં આવો છો?'

'અહીં એટલે ક્યાં?'

નીરવ જાણે થોડો બઘવાઈ ગયો:

'શ્રીજી વિલા? સાડા પાંચ થયા છે. ટ્રાફિકમાં આવતાં મને સાડા સાત-આઠ વાગશે. એને બદલે તું, અલય અને શ્રેયા અહીં આવો. આપણે તાજની આસપાસ જ ક્યાંક મળીએ.'

'હા, હું અલયભાઈને આપું.'

લક્ષ્મીએ ફોન અલયને આપ્યો.

'ગધેડા, આમ સીધો ફોન એને અપાય?'

'તો જ એને તારું સાચું રૂપ ખબર પડે ને?'

શ્રેયાના ફોનથી થોડોક અને નીરવના ફોનથી સાવ હળવો થઈ ગયો હતો અલય.

'તમે લોકો આ તરફ આવો. આપણે મળીએ.'

"આપણે નહીં..." અલયે આગળ બોલવાનું ટાળ્યું.

'હા, તું જે સમજે તે. હું આઠ વાગે હાર્બર બારની બહાર તમારી રાહ જોઈશ.'

'અરે, પણ...'

'આઠ વાગે શાર્પ... હાર્બર બાર.'

ફોન કપાઈ ગયો હતો.

*

અભયનું મન ફરી ઊંચુ-નીચું થવા લાગ્યું હતું.

એને ફરી પ્રિયા પાસે જવું હતું. એણે હળવેકથી ટેબલ પર પડેલો અલયનો ફોન ઉઠાવ્યો અને પોતાનો ફોન ટેબલ પર મૂક્યો પછી બાથરૂમ તરફ આગળ વધી ગયો. બાથરૂમ તરફ જઈને એણે પોતાનો નંબર જોડ્યો. વૈભવી એનો ફોન ઉઠાવવા આગળ વધી, પણ બાથરૂમમાં ગયા વિના અભય દોડતો પાછો આવ્યો અને વૈભવી ફોન ઉઠાવે એ પહેલાં જ ઝપટ મારીને ફોન લઈ લીધો.

'હલ્લો! એક વાર તો કહ્યું કે આજે મારાથી નહીં અવાય. હું બિઝી છું...'

અને પછી કોણ જાણે શું અષ્ટમ્પષ્ટમ્ વાત કરીને ફોન મૂકી દીધો.

'મારે જરા ફરીથી જવું પડશે.'

'નો પ્રોબ્લમ...' સૂર્યકાંતે કહ્યું.

'ફરી ક્યાં જાવ છો?'

'કામે.'

અને અભય ઘરની બહાર નીકળી ગયો.

ક્યારના અભયની આ આવનજાવન જોઈ રહેલાં અંજલિ તથા રાજેશ મનોમન ઘણું બધું સમજતાં હતાં, પણ માત્ર એકબીજા સામે જોઈને ચૂપ રહેવાનું જ એમણે યોગ્ય માન્યું હતું.

*

રાત્રે દોઢ વાગે તાજના હાર્બર બારની બહાર શ્રેયા, અલય, નીરવ અને લક્ષ્મી છૂટાં પડતાં હતાં ત્યાં સુધીમાં શ્રેયાએ અલયને ખાસ્સો હળવો કરી નાખ્યો હતો. લક્ષ્મી માટેની જે કોઈ નકારાત્મકતા એના મનમાં હતી એ હળવે હળવે ઓગળવા લાગી હતી, જેમાં થોડુંક લક્ષ્મીનું ભોળપણ જવાબદાર હતું અને થોડાક શ્રેયાના પ્રયાસ...

બધાં એકબીજાને આવજો-આવજો કરતાં હતાં એ જ વખતે એક છોકરીએ બૂમ પાડી:

'ટેક્સી...'

પણ ટેક્સી ઊભી ન રહી.

'ઓ શીટ!'

અવાજ નશામાં ડૂબેલો હતો અને જાણીતો પણ...

અલયે પાછળ જોયું:

અનુપમ ઘોષ!

એનાં કપડાં અસ્તવ્યસ્ત... વાળ વિખરાયેલા અને નશામાં ધૂત... અનુપમા રસ્તા પર ટૅક્સી માટે ફાંફાં મારતી હતી!

એક કરોડ રૂપિયાની હીરોઈને અડધી રાતે સાવ એકલા-અટૂલા રસ્તા પર તાજની બહાર ફૂટપાથ પર ફરી એક વાર બૂમ પાડી: ટૅક્સી...

એણે એક લથડિયું ખાધું. લગભગ પડવાની તૈયારીમાં હતી એ.

અલયે એક પણ ક્ષણ ગુમાવ્યા વિના જઈને અનુપમાએ પકડી લીધી.

'થૅન્ક યુ.'

અલયની સામે જોયા વિના અનુપમાએ કહ્યું.

અનુપમા ઘોષને પોતાના હાથમાં પકડ્યાનો રોમાંચ અલયના રોમેરોમમાં વ્યાપી ગયો હતો...

આ જ એ તક હતી અને આ જ હતો એ સમય!

* * *

22

રાજેશ અને અંજલિ પોતાને ઘેર જવા નીકળ્યાં ત્યારે સૂર્યકાંતને ભેટી પડેલી અંજલિથી રુદન છૂટી ગયું.

આટલાં વર્ષોની ફરિયાદ અને અભાવો જાણે અંજલિની આંખોમાંથી વહી રહ્યાં હતાં. આમ તો અંજલિ આવી હાલતમાં રડે એ રાજેશ માટે અસહ્ય હતું પણ અત્યારે એ ચૂપચાપ એની પીઠ પર હાથ ફેરવતો રહ્યો. એ જાણતો હતો કે અંજલિને રોકવાથી કંઈ નહીં થાય. આટલાં વર્ષોની પીડા એની આંખોમાંથી વહી રહી હતી અને એ વહી જાય તો જ એનું મન હળવું થાય એવું હતું

'બાપુ, આઈ મિસ્ડ યુ બાપુ!' અંજલિ કહી રહી હતી.

'આઈ મિસ્ડ યુ ટુ માય ચાઈલ્ડ, આઈ મિસ્ડ યુ ટુ...'

અંજલિની લગ્ન-વિદાય વખતે સૂર્યકાંતની ગેરહાજરીમાં જે દશ્ય નહોતું ભજવાઈ શક્યું એ કદાચ આજે ભજવાઈ રહ્યું હતું. જો કે રાજેશને મળીને અંજલિ વિશે બધું જાણીને સૂર્યકાંતનું મન પ્રમાણમાં સંતુષ્ટ હતું. આજે પોતાનાં બધાં સંતાનને મળીને સૂર્યકાંતના મનમાં જાણે-અજાણે વસુંધરા તરફ અહોભાવની લાગણી થઈ આવી હતી. પોતાની ગેરહાજરીમાં પોતાની પત્નીએ કોણ જાણે કેવા સંજોગો સાથે લડીને પોતાનાં ચાર-ચાર સંતાનને આવી ઉત્તમ રીતે ઉછેર્યાં હતાં

જો કે અભય અને વૈભવીના સંબંધ પણ એમની નજરની બહાર નહોતા રહ્યા. સાથે સાથે જાનકીની સમજદારી પણ એમના સુધી પહોંચી હતી.

મહેતાકુટુંબમાં એમની ગેરહાજરીમાં જિવાયેલાં પચ્ચીસ વર્ષ જાણે ધીરે ધીરે સૂર્યકાંતની નજર સામે ઊઘડી રહ્યાં હતાં, જે સમીકરણ ગોઠવાતાં જતાં હતાં ત્યારે પોતે હાજર નહોતા એ સમીકરણ પણ એમને હળવે હળવે સમજાતાં હતાં.

'બેટા, ભલે મોડો, પણ હું આવ્યો તો ખરો ને!'

'બાપુ, જે વર્ષો અમે તમારા વિના કાઢ્યાં એનાં છાલાં હજી પગમાં છે. મારી અંદર, મારા ઉછેરમાં કશું અધૂરું રહી ગયું, બાપુ! તમે કેમ ચાલી ગયા?'

અંજલિનો આ એકનો એક સવાલ સૂર્યકાંતને વારે વારે મૂંઝવતો હતો. કેમ કહીને કહેવું આ છોકરીને કે પોતે કેમ ચાલી ગયા હતા!

ત્રણ દીકરામાંથી કોઈએ આ સવાલ આટલી તીવ્રતાથી નહોતો કર્યો, પરંતુ અંજલિ રહી રહીને આ જ સવાલ તરફ વળતી હતી. કારણમાં કદાચ અંજલિને પોતાનાં વીતેલાં વર્ષનો હિસાબ તો જોઈતો જ હતો, પણ પોતે જે રીતે જિંદગીનો પ્રવાહ બદલી નાખવો પડ્યો, જે જીવવું હતું એ જીવી ન શકી, જે બનવું હતું એ બની ન શકી એની ફરિયાદ પણ હતી.

અંજલિના મનમાં ઊંડે ઊંડે સતત એક વાત ઘૂમરાતી રહી હતી: આટલાં વર્ષો જો મારા પિતા હોત તો કદાચ આમ જબરજસ્તી મારાં લગ્ન રાજેશ સાથે ન કરાવાયાં હોત.

એ દુઃખી નહોતી એ પણ એટલું જ સત્ય હતું હવે. રાજેશના પ્રેમે અને એની સરળતાએ અંજલિના ઘણા દૂઝતા જખમો પર હળવે હાથે મલમ લગાડ્યાં કર્યો હતો આટલાં વર્ષો, તેમ છતાં એનું છૂટી ગયેલું સંગીત અને એનાં નંદવાઈ ગયેલાં સપનાં અત્યારે એની આંખોમાંથી વહી રહ્યાં હતાં.

એ કેમેય કરી સૂર્યકાંતની છાતીએથી છૂટી નહોતી પડતી. ખાસ્સી વાર રડી લેવા દીધા પછી રાજેશે હળવેકથી એને ખભેથી પકડી:

'સ્વીટ હાર્ટ, કૂલ ડાઉન, હવે તો બાપુ આવી ગયા છે ને! હવે શું કામ રડે છે?

'એ તને નહીં સમજાય.' અંજલિએ રડતાં રડતાં ડુમાયેલા અવાજે કહ્યું:

'મારા ભાઈઓ તો જીવી ગયા પોતાની જિંદગી, જીવી લેશે બાકીની પણ! બસ, એક હું અધૂરી રહી ગઈ...'

અંજલિ હજુ ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી. વસુમા સાવ સાક્ષીભાવે એને રડતી જોઈ રહ્યાં હતાં.

નાનપણમાં કોઈ રમકડા માટે કે કોઈ વસ્તુ માટે જીદ કરતી અંજલિને જેમ એ રડવા દેતાં એમ જ અત્યારે પણ એ શાંત ચિત્તે એને રડતી જોઈ રહ્યાં હતાં.

'મારા ઘેર ક્યારે આવશો?'

માંડ માંડ સ્વસ્થ થયેલી અંજલિએ પૂછ્યું.

'તું કહે ત્યારે, પણ મને હસીને આવકારજે. તારી આંખોમાં આંસુ નથી જોઈ શકતો, દીકરા.'

'આટલાં વર્ષો આ આંખોમાં આંસુ જ રહ્યાં છે, બાપુ! રોજ રોજ, પળેપળ અમે મરી મરીને જીવ્યાં છીએ તમારા વિના. મા કહે કે ન કહે, હું તો કહીશ - તમે અમને અન્યાય કર્યો છે, બાપુ! તમે અમને અન્યાય કર્યો છે.'

'જાણું છું, બેટા ને માનું પણ છું. ભૂલ થઈ ગઈ મારી.'

આ કહેતાં સૂર્યકાંતથી અનાયાસે જ વસુમા તરફ જોવાઈ ગયું. વસુમાની સ્થિર નિર્વિકાર આંખો એમને હચમચાવી ગઈ!

'બેટા, એ તમામ વર્ષોના અન્યાયનો બદલો ચૂકવી દઈશ હું. ખરેખર કહું છું. તમારા તમામ અભાવોને ભુલાવી દઈશ...'

'બાપુ, ગમે એટલું કરીએ, ભૂતકાળ બદલી નથી શકાતો. જે આંસુ મારી આંખમાંથી ખરી પડ્યાં છે એને કેમ કરીને લૂછશો તમે? જે વર્ષો, જે દિવસો, જે સપનાં તાર તાર થઈને, લીરેલીરા થઈને ઊડી ગયાં છે એને કેમ કરીને સાંધશો?'

'દીકરી મારી, મને એક તક તો આપ. જે ઘા મેં પાડ્યા છે એને હું જ રુઝાવીશ...'

સૂર્યકાંતને પોતાનો જ અવાજ બોદો લાગ્યો, છતાં એ બોલતા રહ્યા:

'હા, તારી વાત સાચી છે કે હું તારો ભૂતકાળ નહીં બદલી શકું. પણ તારી આવનારી જિંદગીમાં હું એટલું સુખ

જરૂર ભરી દઈશ બેટા, કે તું વીતેલાં વર્ષોના ડામ ભૂલી જઈશ. હું વચન આપું છું તને. હવે કયાંય નહીં જાઉં તને મૂકીને!'

*

અંજલિ અને રાજેશ ગયાં ત્યારે વૈભવી ઑલરેડી ખરાબ મૂડમાં હતી. એણે જેના નાકમાં લગામ નાખીને રાખ્યો હતો એવો એનો પતિ સાવ અચાનક જ એના કહ્યાની બહાર થઈ ગયો હતો. આ પરિસ્થિતિની કલ્પના એણે ક્યારેય કરી જ નહોતી. એનો અભય, એનો પાળેલો-એનું કીધું કરતો અભય, એનાં તમામ નખરાં ઉઠાવતો - એને સહન કરતો અભય આમ અચાનક લગામ છોડાવીને ભાગશે અને એ પણ જાહેરમાં એવું એ સ્વીકારી જ શકતી નહોતી.

બીજી વાર અભય બહાર ગયો પછી માથું દુખે છે-નું બહાનું કાઢીને. વૈભવી ઉપર ચાલી ગઈ. લજ્જાને એક પાર્ટી હતી અને આદિત્યને ટ્યૂશન...

જાનકીએ થોડું સમજીને અને થોડું સમય વર્તીને અજયને કહ્યું:

'મંદિર જાઉં છું, હૃદયને લઈને. તમે આવો છો?'

ઝાઝું સમજ્યા વિના અજય એની સાથે જવા તૈયાર થઈ ગયો હતો.

અજય અને જાનકી નીકળ્યાં ત્યારે વસુમાના આખાય અસ્તિત્વમાં કશુંક શબ્દોમાં ન વર્ણવી શકાય એવું રણઝણી ઊઠ્યું હતું. એમને પોતાને નવાઈ લાગી હતી. એમણે એમના મનને પૂછ્યું હતું:

ગંગાકિનારે તું તારાં તમામ વર્ષોની પ્રતીક્ષાનું અપેક્ષાઓનું શ્રાદ્ધ કરી આવી હતી વસુ. હવે આ એકાંતની કલ્પનાએ શું થઈ ગયું તને આટલાં વર્ષો પછી?

અલય, શ્રેયા અને લક્ષ્મી જ્યારે તાજ જવા નીકળ્યાં ત્યારે સૂર્યકાંત જઈ શક્યા હોત એમની સાથે, પણ એય કોણ જાણે શું વિચારીને રોકાઈ ગયા. વસુ સાથે એકાંત મળશે જ એવું કંઈ નક્કી નહોતું ને કદાચ એકાંત મળી જાય - મળે તો એને માટેની માનસિક તૈયારી પણ હતી કે નહીં એની સૂર્યકાંતને હજીય ખબર નહોતી.

અમસ્તુંય સૂર્યકાંત માટે વસુંધરા સાથેનું એકાંત અકળાવનારું હતું. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં પણ એમને વસુંધરા સાથે એકલા પડતાં કોણ જાણે શું થઈ જતું!

એ બને ત્યાં સુધી એકાદ સંતાનને પોતાની સાથે સૂવા લઈ આવતા. એમના મનમાં આ વધુ ભણેલી, વધુ સ્વરૂપવાન, જાજરમાન વ્યક્તિત્વ ધરાવતી પત્ની વિશે કોણ જાણે શું પૂર્વગ્રહ હતો કે એ સતત એનાથી ભાગતા રહ્યા હતા આટલાં વર્ષો.

સૂર્યકાંત ઘડીકમાં વસુ સામે તો ઘડીકમાં ઘરમાં ચારે તરફ જોતા હતા. એમને પોતાની હાજરી જ જાણે બિનજરૂરી લાગતી હતી. ઘણું કહેવું હતું એમને, પણ ક્યાંથી શરૂ કરવું એ સમજાતું નહોતું. વાતચીત જો વસુ તરફથી શરૂ થાય તો બહુ સારું એવું એ મનોમન ઝંખી રહ્યા હતા. વસુ સાથે નજર મિલાવવાનું કોણ જાણે કેમ એ ટાળી રહ્યા હતા. ઓરડામાં નજર ફેરવતાં જે બે-ચાર વાર વસુ સાથે નજર ટકરાઈ એ પછી એમણે તરત જ નજર પાછી વાળી લીધી.

એથી તદ્દન ઊલટું, વસુમા એકીટશે અપલક નયને સૂર્યકાંતને જોઈ રહ્યાં હતાં. એમની દૃષ્ટિમાં કશુંક એવું તો છલોછલ હતું, જે છલકાઈને સૂર્યકાંત સુધી છાલક ઉડાડતું હતું.

'ઘર અચાનક ખાલી થઈ ગયું, નહીં?'

આખરે સૂર્યકાંતથી ન રહેવાયું એટલે એમણે ઔપચારિક વાત શરૂ કરી.

'મને તો અચાનક ભરાઈ ગયું હોય એવું લાગે છે.'

વસુમાએ એમનું સરળ, મીઠું સ્મિત કર્યું.

'વસુ, આટલાં વર્ષો દરમિયાન...'

'મેં તમને કેમ શોધ્યા નહીં, ખરું?'

વસુમા વચ્ચે જ બોલ્યાં. એમનું સ્મિત હજુ અકબંધ હતું.

'જરાય નથી બદલાઈ. વગર કહ્યે મારા મનની વાત સમજી જાય છે.'

'ના કાંત, બહુ બદલાઈ ગઈ છું. ઘણી વાર તો હું પોતે પોતાને ન ઓળખી શકું એટલો બદલાવ આવ્યો છે મારામાં. મારો તરફડાટ અને મારા સવાલ જાણે શમી ગયા છે.'

'તો તો ખરેખર જ બદલાઈ ગઈ કહેવાય. યાદ છે તને, તારા સવાલોથી અકળાઈ ઊઠતો હું અને મગજ ગુમાવીને તને કહેતો - પત્ની છે, પત્ની રહે. પોલીસ થવાનો પ્રયાસ ન કરીશ.'

નિખાલસ મને હસી પડ્યાં વસુમા:

'પોલીસ હોત તો પીછો ન કર્યો હોત તમારો? ગમે ત્યાંથી પકડી લાવી હોત તમને.'

એમના અવાજમાં અચાનક એક ખાલીપો ભરાઈ ગયો:

'પણ કાંત, હવે સમજાય છે મને કે પત્ની હતી ત્યારે પોલીસ થતી રહી અને જ્યારે પોલીસ થવાનું હતું ત્યારે પત્ની થઈને અસહાય પ્રતીક્ષા કરી રહી.'

બહુ ધિક્કાર્યો હશે તેં મને આટલાં વર્ષો, શુંનું શું નહીં કહ્યું હોય મનોમન... અને બરાબર જ છે, તારા માથે આમ જવાબદારી નાખીને ભાગી ગયેલા માણસ માટે શું કામ ધિક્કાર ન જન્મે?'

'ધિક્કાર?!'

વસુમાના ચહેરા પર એક નિષ્પાપ સરળતા હતી:

"ધિક્કાર? શુ કામ? કાંત, તમે માની શકો તો માનજો, મે તમને ક્યારેય ધિક્કાર્યા નથી. હા, પ્રશ્નો બહુ પૂછ્યા. તમને પણ, જાતને પણ અને મારા ઈશ્વરને પણ..."

'પણ ક્યાંયથી જવાબ ન મળ્યો, નહીં?'

સૂર્યકાંતે ફિક્કું હસવાનો પ્રયત્ન કર્યો.

‘કાંત, જવાબ તો દરેક સવાલના મળતા જ હોય છે. મુશ્કેલી આપણી સાથે હોય છે. આપણને જવાબમાં ના સાંભળવાની ટેવ નથીને એટલે આપણે નાને જવાબ તરીકે સ્વીકારતા નથી.’

‘વસુ, જિંદગીને કદીય ફિલોસોફીથી જુદી પાડી શકી જ નહીં, તું. કદી વિચાર્યા વિના પણ જીવી જોયું હોત. કદી પ્રશ્નો વિનાનો એક સંબંધ કલ્પી જોયો હોત…

‘કાંત, કોણ જાણે કેમ તમે મારી બુદ્ધિ સામે જ જોતા રહ્યા. મને પણ એક હૃદય છે એ વાત પહેલાં તમે ભૂલ્યા ને ધીરે ધીરે મને ભુલવાડી દીધી.’

‘વસુ, કાં તો તું મને ન સમજી અને કાં તો મેં તને સમજવામાં ભૂલ કરી.’

‘હવે શું કરવું છે એ સમજી લો કાંત, તમે આવ્યા એ જ બહુ છે. તમારાં સંતાનોની જિંદગીમાં જે ખૂટતું હતું એ તમારા આવવાથી પૂરું થયું છે. જે અભાવ એમને સાલતો રહ્યો જીવનભર એ તમારા આવવાથી હવે નહીં સાલે. એક માને બીજું શું જોઈએ, કાંત? મારાં સંતાનોને મારાથી અપાય એટલું આપ્યું છે પણ પિતા તો નથી જ આપી શકી અને એટલે જ મેં નક્કી કર્યું કે મારે એમને પિતા આપવાનો પ્રયત્ન કરી જોવો. તમે ન આવ્યા હોત તો પ્રયત્ન નિષ્ફળ ગયો એમ માનીને મન વાળી લેત, પણ તમે આવ્યા એથી આ કુટુંબ, આ ઘરની ખૂટતી કડી જોડાઈ છે એનો મને આનંદ છે.’

‘વસુ, તારે મને કંઈ પૂછવું નથી? લક્ષ્મી વિશે, વીતેલાં વર્ષો વિશે? મારા જવા વિશે?’

‘તમારે કહેવું છે? તો સાંભળીશ હું… બાકી, કોઈ કુતૂહલ નથી રહ્યું મને.’

‘વસુ, અહીંથી જવામાં…

‘દેવું કારણભૂત નહોતું.’

‘તું જાણે છે?’

સૂર્યકાંતના અવાજ તરડાઈ ગયો.

‘તમે ગયા ત્યારે નહોતી જાણતી ને ખરું માનજો, તપાસેય નથી કરી.’

‘તો? પછી?’

સૂર્યકાંત જાણે વસ્તુની હાજરીમાં ફરી એક વાર સાવ નાના, સાવ વામણા થઈ ગયા હતા.

‘યશોધરાનાં મા આવ્યાં હતાં એક દિવસ.’

‘એટલે તું…’

‘કાંત, મે કહ્યું તમને, મારે કંઈ પૂછવું નથી. તમારે કહેવું હશે તો સાંભળીશ અને નહીં કહો તો કોઈ વલવલાટ નથી રહ્યો મારી અંદર. આમેય એ સાંભળીને મને કોઈ સુખ નથી મળવાનું…’

'કેમ આવી છે તું, વસુ? તારાં મા-બાપે તારું નામ વસુંધરા પાડીને તને ધરતી જેટલી ઊંડી બનાવી દીધી છે. હાથ, બે હાથ, છ હાથ, પચાસ હાથ-ખોદ્યા જ કરો, પાતાળ જડે નહીં.'

'કાંત, મેં હમણાં જ કહ્યુંને કે તમે મારી બુદ્ધિ સામે જોતા હતા, મારે એક હૃદય છે એ વાત ભૂલી ગયા તમે. કદાચ હુંય ભૂલી ગઈ પણ એક મન હતું, જે સતત જાગ્યું... જેણે સતત માગ્યું! આમેય અમને સ્ત્રીઓને મન સાથે જરા વધારે ફાવે છે.'

વસુમાના ચહેરા પર એક સુંદર સ્મિત વિલસી રહ્યું હતું.

જાણે સૂર્યકાંત મહેતા પચ્ચીસ વર્ષથી અહીં જ, આમ જ, આ જ ઘરમાં એમની સાથે રહેતા હોય એટલો સહજ સ્વીકાર હતો એમના એ સ્મિતમાં. એ મોઢેથી તો કહેતાં જ હતાં કે એમના મનમાં કોઈ ડંખ, કોઈ ધિક્કાર કે ફરિયાદ નથી, પરંતુ એ જ વાત એમના સ્મિતમાં પણ દેખાતી હતી:

'કાંત, શરીરના કયા ભાગમાં, કેવા રંગનું ને કેવા આકારનું છે મન, જાણો છો? અને છતાંય આપણા આટલા મોટા શરીર પર આપણા ભૂતકાળ, આપણા વર્તમાન અને આપણા ભવિષ્ય પર પણ એ મન કાબૂ રાખે છે કાંત, અમે સ્ત્રીઓ મનથી જ વર્તી શકીએ, મનથી જ સમજી શકીએ ને બહુ નવાઈની વાત છે, પણ મનથી જ વિચારીએ...'

'ને પુરુષો?'

વસુને જાણે એ મુગ્ધભાવે સાંભળી રહ્યા હતા.

'તમે પુરુષો મગજથી વર્તો છો. તમારું મગજ તમારી પાસે ધાર્યું કરાવે. દરેક પરિસ્થિતિને ત્રાજવામાં લઈને માપવાની, તોળવાની અને પછી મગજ કહે એ પ્રમાણે વર્તવાનું. તર્ક વિનાનો કોઈ સંબંધ તમને પુરુષોને ક્યાં સમજાય છે?'

'વસુ, તું સાચી છે એવું જાણું છું, હવે સ્વીકારું પણ છું, પણ મને એક વાત કહે, તું થોડીક ઉદાર થઈને સમજદારીથી વર્તી હોત તો આપણે કદાચ છૂટાં ન પડ્યાં હોત.'

'કાંત, છોડીને તમે ગયા, હું તો હજીય ત્યાં જ ઊભી છું.'

'હા, એમ રાખ, પણ હું છોડીને કેમ ગયો? તે થોડીક ઉદારતા, થોડીક ધીરજ બતાવી હોત તો કદાચ...'

'કાંત, શું થયું હોત, શું થઈ શક્યુ હોત એની ચર્ચા અત્યારે અસ્થાને છે. જે થયું છે એ થઈ જ ચૂક્યું છે. એને હું કે તમે બદલી શકીએ એમ નથી, પરંતુ એક વાત કહેવી છે અહીં, જે કહેવા માટે તમને બોલાવ્યા છે મેં આટલે દૂર... આટલાં વર્ષો પછી...'

'બોલ!'

સૂર્યકાંતે કહ્યું તો ખરું, પણ એમનું હૃદય ત્રણ ગણી ઝડપે ધડકી રહ્યું હતું. કપાળ પર પરસેવો વળવા માંડ્યો હતો. હાથની મુઠ્ઠીઓ વળી ગઈ હતી. હોઠ સુકાવા લાગ્યા હતા અને વસુ શું બોલશે એની પ્રતીક્ષામાં મન વ્યાકુળ થઈ ગયું હતું.

વસુમા શાંત-સ્વસ્થ નજરે સ્થિર, અપલક સૂર્યકાંતને જોઈ રહ્યાં હતાં.

'બોલ, શું કહેવું છે?'

સૂર્યકાંતે હોઠ પર જીભ ફેરવી.

'કાંત, તમને એ સમયે જે સાચું લાગ્યું એ તમે કર્યું. કારણ કદાચ એક પણ નથી અથવા સો છે... મારે જે કહેવાનું છે એ માત્ર એટલું જ છે કાંત, કે જેમ મેં તમને જવાબદાર નથી ઠેરવ્યા આ વીત્યાં વર્ષો માટે એમ તમારા જવા પાછળનું કારણ હું નથી એટલું સાંભળવું છે મારે.'

આટલું બોલતાં બોલતાંમાં તો વસુમાને જાણે શ્રમ પડી ગયો હતો. એમનો શ્વાસ ભરાઈ આવ્યો. આંખો બહુ જ આછી, પણ ભીની થઈ આવી. અત્યાર સુધી જે સ્વસ્થતા એમના આખા ચહેરા પર દીપશિખાની જેમ પ્રજ્વળતી હતી એ સ્વસ્થતા કોણ જાણે ક્યાં ચાલી ગઈ!

'કાંત, હું જાણું છું કે હું કેટલી સાચી છું. કોઈ પ્રમાણપત્રની આવશ્યકતા નથી. તેમ છતાં એક પડાવ પર આવીને મારે તમારા મોઢે મારા સંતાનોની હાજરીમાં સાંભળવું છે કે તમે તમારા કારણસર, તમારી ઇચ્છા અને મરજીથી, તમારા સુખની શોધમાં આ ઘર છોડીને ગયા હતા... મારું કોઈ વર્તન કે ગેરવર્તન એને માટે જવાબદાર નહોતું, કાંત.'

આટલું કહીને વસુમાએ સોફાની પીઠ પર માથું ઢાળી દીધું. આંખો મીચી દીધી અને ઊંડા ઊંડા શ્વાસ લેવા લાગ્યાં.

સૂર્યકાંત હળવેથી ઊભા થયા. સોફાની નજીક આવીને થોડી વાર ઊભા રહ્યા. એક વાર હાથ લંબાવ્યો પછી કોણ જાણે શું વિચારીને પાછો ખેંચી લીધો અને પછી ફરી પ્રયત્નપૂર્વક હાથ લંબાવીને વસુમાના કપાળ પર મૂક્યો...

એમણે હળવેકથી વસુમાના કપાળથી વાળ સુધી હાથ ફેરવવા માંડ્યો...

અત્યાર સુધી ડૂમો બનીને ગોરંભાતું રહેલું રુદન બંધ આંખે જ વસુમાની આંખોના ખૂણામાંથી ગાલ પર થઈને ગળા સુધી ઝડપભેર વહેવા માંડ્યું.

*

રાજેશ અને અંજલિ ઘેર પહોંચ્યાં ત્યાં સુધી અંજલિ ધીમું ધીમું રડતી રહી. લગ્નનાં પાંચ વર્ષમાં એણે રાજેશને ક્યારેય નહોતી કહી એવી કેટલી બધી વાતો એ રાજેશને કહી રહી હતી. એનું બાળપણ, એની યુવાની, એના મનમાં ઉદ્‌ભવેલા સવાલ, એનું સંગીત, એનાં સપનાં...

કોણ જાણે એ શું શું બોલી રહી હતી!

એના પહેલા અને બીજા વાક્ય વચ્ચે મોં-માથાનો મેળ નહોતો અને છતાંયે રાજેશ શાંત ચિત્તે એને સાંભળી રહ્યો હતો. એક હાથે ગાડી ડ્રાઇવ કરતાં એણે અંજલિનો એક હાથ પોતાના હાથમાં પકડી રાખ્યો હતો.

પોતાની વાત કહેતી અંજલિ એટલી તો વહી ગઈ હતી કે એને એટલું પણ ભાન નહોતું રહ્યું કે એણે

વાતવાતમાં રાજેશને એની સાથેનાં પોતાનાં લગ્નની તીવ્ર અનિચ્છા વિશે પણ કહી જ દીધું હતું.

‘જો બાપુ હોત તો એમણે જરૂર મારો પક્ષ લીધો હોત. અલય તો ખૂબ નાનો હતો. અને આમેય અજયભાઈનો કોઈ શેહ નહોતો ઘરમાં. અભયભાઈ અને ભાભીએ મળીને આ લગ્ન કરાવી દીધાં. રાજેશ, મારે લગ્ન નહોતાં કરવાં ને તમારી સાથે તો નહોતાં જ કરવાં! હું તમને પ્રેમ નહોતી કરતી. મારે તો મારા સંગીતમાં કારકિર્દી બનાવવી હતી. તમારા ઘરની ચાર દીવાલમાં હીરા-મોતીના દાગીના લટકાવવાનુ હેન્ગર નહોતું બનવું મારે! તમે અને તમારાં મમ્મી-પપ્પાએ દુરાગ્રહ કરીને અમારી ઇચ્છા-અનિચ્છાને જાણવાનો પ્રયત્ન જ ન કર્યો... યુ લવ્ડ મી, આઈ ડિડન્ટ! મારા બાપુ હોત તો મેં ખૂલીને કહ્યું હોત કે આ લગ્ન નથી કરવાં મારે! બાપુ હવે આવ્યા... બહુ મોડુ થઈ ગયું રાજેશ, બહુ મોડું થઈ ગયું... હવે આવ્યાનો શો ફાયદો? મારી તો જિંદગી બરબાદ થઈ... મારાં સપનાં અધૂરાં જ રહી ગયાં!’

પોતાની ધૂનમાં જ રડતાં રડતાં બોલતી જતી અંજલિને ખયાલ પણ નહોતો કે પોતાના હાથ પર રાજેશની પકડ અચાનક જ ઢીલી થઈ ગઈ હતી!

ગાડી ઘેર પહોંચી ત્યાં સુધી અંજલિ બોલતી રહી અને રાજેશ સાંભળતો રહ્યો, પણ રાજેશની અંદર જાણે એક ઉઝરડો પડી ગયો હતો.

અને અંજલિ, જે એના શ્વાસ અને પ્રાણ હતી એ જ એને નહોતી ચાહતી.

આજ સુધી એ બન્ને જે જીવી ગયાં એ શું હતું? એક જૂઠ? એક છલ? એક પરાણે બાંધી દેવાયેલી ગાંઠ?

અને જે અંજલિ માટે એણે બધું જ કર્યું એ અંજલિ કહેતી હતી કે એની જિંદગી બરબાદ થઈ ગઈ...

રાજેશના મનમાં એક સમાંતર વિચારની એવી તો જ્વાળા ઊઠી હતી, જે એને રોમેરોમ દઝાડવા લાગી હતી!

હવેલી જેવો મોટો સિસમનો દરવાજો ખોલતાં જ રાજેશના પગ પર એક કવર અથડાયું. એણે ઊંચકીને જોયું. સફેદ રંગના મોટા કવર પર સોનેરી અક્ષરોએ લખ્યુ હતું:

શ્રીમતી અને શ્રી રાજેશ ઝવેરી.

એણે કવર ખોલીને જોયું. અંદર બે આમંત્રણ હતાં એ-8 અને 9... આવતા શનિવારની સાંજે એનસીપીએમાં શફ્ફાક અખ્તરના લાઇવ શો માટે એમને વીઆઈપી સીટ મોકલવામાં આવી હતી.

શું છે?’

એની પાછળ દાખલ થયેલી અંજલિએ એ કવર અને બે પાસ જોયા.

‘ઇન્વિટેશન છે’

‘ગઝલ! શફ્ફાક અખ્તરની. આપણે જઈશું?’

‘હું ક્યાં આવું છું તારી સાથે ક્યારેય? મને ક્યાં સમજણ જ પડે છે, સંગીતમાં...’

આટલાં વર્ષોમાં પહેલી વાર રાજેશનો અવાજ જુદો લાગ્યો અંજલિને.

'એટલે - આ વખતે આવો મારી સાથે.'

એણે અંજલિ સામે જોયું, અંજલિના અવાજમાં ક્યાંય કોઈ બનાવટ નહોતી.

'ના. તું જજે. હું ક્લબમાં જઈને દારૂ પીશ.'

રાજેશે કવર સેન્ટર ટેબલ તરફ ફંગોળ્યું અને અંદરના રૂમ તરફ જવા આગળ વધી ગયો, પણ જતાં જતાં એ જાત પરનો કાબૂ ગુમાવી બેઠો:

'આમેય મને એ સિવાય બીજું શું આવડે છે?'

અંજલિને કોણ જાણે કેમ છેલ્લું વાક્ય અડી ગયું.

રાજેશ આવી રીતે ક્યારેય નહોતો વર્તતો. પોતે સાવ પારદર્શક થઈને એને કહેલી નિખાલસ વાતનો આમ અવળો અર્થ કાઢ્યો એણે? એણે મનોમન નક્કી કરી લીધું:

રાજેશ આવે કે નહીં, પોતે એ શોમાં જશે...

*

કપડાં અસ્તવ્યસ્ત... વાળા વિખરાયેલા અને નશામાં ધૂત...

અનુપમા રસ્તા પર ટૅક્સી માટે ફાંફાં મારતી હતી!

એક કરોડ રૂપિયાની હીરોઈને અડધી રાતે સાવ એકલા-અટૂલા રસ્તા પર તાજની બહાર ફૂટપાથ પર ફરી એક વાર બૂમ પાડી: ટૅક્સી...

અને એક લથડિયું ખાધું. લગભગ પડવાની તૈયારીમાં હતી ત્યારે અલયે એક પણ ક્ષણ ગુમાવ્યા વિના જઈને અનુપમાને પકડી લીધી હતી.

ત્યારે એની સામે જોયા વિના અનુપમાએ કહ્યું હતું: થેન્ક યુ.

'ક્યાં જવું છે, મૅડમ?'

'ઘેર... બીજે ક્યાં જવું હોય?'

'હું ઉતારી દઉં...'

'તમે જોયું છે મારું ઘર?'

'હા.'

'તમે ઓળખો છો મને?'

અનુપમા ધીરે ધીરે અલયના ખભા પર ઢળતી જતી હતી. એના વાળ અલયના ખભા પર થઈને અલયની પીઠ સુધી ફેલાઈ ગયા.

એણે એક હાથ અલયના હાથમાં પરોવીને એનું બાવડું પકડી લીધું હતું તેમ છતાં એ ડોલતી હતી. એ સ્થિર નહોતી રહી શકતી.

કાળા રંગનું ઑફ શોલ્ડર ટૉપ એટલું ટૂંકું હતું કે એની કમર અને પેટ સ્પષ્ટ ઝળકતાં હતાં. નીચે લગભગ દસ મીટરનું શિફોનનું સ્કર્ટ પહેર્યું હતું એણે, જે એની નાભિથી નીચે સરકી ગયું હતું. એના ઑફ શોલ્ડર ટૉપનું ઠેકાણું નહોતું. એનું ટૉપ ધીમે ધીમે નીચે સરકી રહ્યું હતું અને એની ગોરી ચામડી ઊઘડતી જતી હતી. અલયે એક ક્ષણ વિચાર કરીને એનું ટોપ છાતી પાસેથી પકડીને ઉપર ખેંચ્યું.

'થેન્ક યુ!'

એણે ફરી કહ્યું અને અલયના ખભે માથું ઢાળી દીધું. અલયના બાવડાને લપેટેલો હાથ થોડો વધુ મજબૂતીથી કસ્યો.

'જોયુંને? આ તમારી અનુપમા ઘોષ...' શ્રેયાને ત્રાસ થતો હતો.

'કૂલ ડાઉન, એ નશામાં છે.'

નીરવ પરિસ્થિતિ વણસે નહીં એ માટે સાબદો થઈ ગયો હતો. એ જાણતો હતો શ્રેયાનું પઝેશન અલય માટે. બીજી કોઈ છોકરી અલયને જુએ તો પણ શ્રેયા ક્યારેક અકળાઈ જતી. એને માટે એની દુનિયા અલયથી શરૂ થઈને અલય પર જ પૂરી થઈ જતી. એના વર્તુળનું કેન્દ્ર હતો અલય. અનુપમા ઘોષ માટે અલયનુ આકર્ષણ શ્રેયા જાણતી હતી, પણ એ હસવામાં કાઢી નાખતી, કારણ કે અનુપમા ક્યારેય અલયને મળશે એ વાત એની કલ્પનામાંય નહોતી.

મળશે તો પ્રોફેશનલી ફિલ્મ માટે મળશે, પણ એનીય સંભાવના ખાસ નહોતી એટલે શ્રેયા બહુ વાંધો ન ઉઠાવતી, પણ આજે અનુપમા જે રીતે વળગી રહી હતી અલયને એ શ્રેયા માટે અસહ્ય હતું. એનું ચાલે તો એ જઈને એક તમાચો મારી દેત અનુપમાને... શ્રેયા છટપટતી હતી અનુપમાને દૂર કરવા અલયથી...

એનો અલય, એની એકલીનો અલય, જેને એ છેલ્લાં સાત-સાત વર્ષથી પાગલની જેમ પ્રેમ કરતી હતી એ અલય અત્યારે કોઈ બીજી સ્ત્રીની આટલો બધો સમીપ હતો. નીરવના હાથમાં જકડાયેલો એનો હાથ છૂટવા માટે તરફડતો હતો. એ હવે રીતસર અકળાઈ ઊઠી હતી.

બીજી તરફ, નીરવ એની નજર સામે એક તરફ જોઈ રહ્યો હતો. એવી પળ, જેનો અલય યોગ્ય ઉપયોગ કરે તો અલયની જિંદગી ક્યાંથી ક્યાં પહોંચી જાય, જ્યારે આ છોકરી શ્રેયા, હૃદયથી વિચારતી હતી... એ અત્યારે કંઈ પણ આડુંઅવળું કરે તો અલયની જિંદગીમાં માંડ માંડ આવેલી આ તક રેતીની જેમ સરકી જાય અને ફરી એક વાર અલયે એકડે એકથી ગણતરી માંડવી પડે.

નીરવની અંદર જીવતો વેપારી વિચારી રહ્યો હતો;

અલય જે છોકરીને લઈને ફિલ્મ બનાવવા માગતો હતો... જે છોકરી અલયના સપનામાં રંગ ભરી શકે એમ હતી... જે છોકરી અલયની આટલાં વર્ષોની મહેનતને એક ઝાટકે સફળ કરી શકે એમ હતી એ છોકરી અત્યારે અલયને કસોકસ વીંટળાઈને ઊભી હતી!

'છોડ મને.' શ્રેયા હવે ખરેખર ધૂંધવાઈ ઊઠી હતી.

'શાંતિ રાખ.'

'વ્હૉટ રબિશ, ભરરસ્તા પર આ શું તાયફો ચાલે છે? મારાથી આ સહન નથી થતું.'

'શ્રેયા, એ પીધેલી છે, એકલી છે, એને ઘેર મૂકી આવવી જોઈએ.'

'તો તું જાને... હું ને અલય ઘેર જઈએ. લક્ષ્મીને તો આમ પણ ઉપર જ જવાનું છે.'

લક્ષ્મીને આ છોકરીનો ચહેરો જાણીતો લાગતો હતો, પણ ઓળખાણ નહોતી પડી હજી. અલયની સાથે આ છોકરીનું લપેટાવું અને શ્રેયાનું મગજ ગુમાવવું સમજાતું હતું એને, પણ મૂક સાક્ષી બનીને જોઈ રહેવા સિવાય એ કંઈ કરી શકે એમ નહોતી.

લથડતી, લપેટાતી અનુપમાને લઈને અલય નજીક આવ્યો.

'નીરવ, હું આને...'

'ઓહ યસ, તું એને મૂકી આવ. હું શ્રેયાને ઘેર ઉતારી દઈશ.'

'ના, હું આવું છું ને તારી સાથે.'

શ્રેયાએ અલયને બીજા બાવડેથી પકડી લીધો.

'શ્રેયા, પ્લીઝ અન્ડરસ્ટેન્ડ...'

'યુ અન્ડરસ્ટૅન્ડ! તું જાણે છે મને...'

'શ્રેયા, આ દલીલો કરવાનો સમય નથી. એ ભાનમાં નથી. તું તો છે ને? ચાલ, હું તને મૂકી જાઉં.'

નીરવે એને ખેંચી લીધી અને શ્રેયા લગભગ અનિચ્છાએ ખેંચાઈ.

'ટૅક્સી...'

પસાર થતી એક ખાલી ટૅક્સીને અલયે રોકી અને અનુપમાને અંદર ધકેલી. શ્રેયાનો હાથ હજીય નીરવના હાથમાં જકડાયેલો હતો. અલય ટૅક્સીમાં પાછળ બેઠો.

'ઘેર પહોંચીને એક ફોન કરી દેજે.' અને ટૅક્સી સ્ટાર્ટ થઈ ગઈ.

ટૅક્સીના પાછળના કાચમાંથી અલયના ખભે માથું ઢાળેલી અનુપમાને જોઈને શ્રેયાએ ઝટકાથી પોતાનો હાથ છોડાવ્યો અને ટૅક્સીની પાછળ દોડી...

અંધાધૂંધ દોડતી શ્રેયા એક ભયાનક સ્પીડે આવતી ગાડીની બ્રેકના કર્કશ અવાજથી જાણે ભાનમાં આવી.

એ જ વખતે નીરવ દોડીને એની પાસે પહોંચી ગયો અને શ્રેયા એના ખભે માથું મૂકીને રડી પડી...

* * *

23

સૂર્યકાંતે હળવેકથી વસુમાના કપાળથી વાળ સુધી હાથ ફેરવ્યો અને અત્યાર સુધી ડૂમો બનીને ગોરંભાતું રહેલું રુદન બંધ આંખે જ વસુમાની આંખોના ખૂણામાંથી ઝડપભેર ગાલ પર થઈને ગળા સુધી વહેવા માંડ્યું.

સૂર્યકાંતે હળવેથી વસુના કપાળે હાથ ફેરવવા માંડ્યો:

'વસુ, બધું જ જાણતી હોવા છતાં તેં કેમ કાંઈ ન કહ્યું? શું કામ ચૂપ રહી?'

વસુમાની આંખો હજુય બંધ જ હતી. એમણે બંધ આંખે જ એક ઊંડો શ્વાસ લીધો અને ખૂબ હળવેથી પોતે જ સાંભળી શકે એમ કહ્યું:

'હું તો પરણીને આવી એ રાતથી જ મને ખબર હતી કે મારું કંઈ નથી. શું રોકું, કાંત? અને કોને રોકું'

'પણ વસુ, મારા ગયા પછી તો કહી જ શકી હોત સૌને.'

'શું સાબિત કરત? કે તમે ખોટા હતા અને હું સાચી? ભૂલ તમારી હતી? પણ એથી શું થાત? મને મારો સંસાર પાછો મળી જાત? મારાં સંતાનોને પિતા મળી જાત? શું બદલાઈ જાત મારી જિંદગીમાં? તમે તો ગયા જ હતાને, કાંત? પછી શું મેળવવા માટે ઝઝૂમત હું?'

'પણ વસુ, ખરું માનજે, તને છોડીને ગયા પછી એકેય દિવસ સુખથી નથી રહ્યો હું. શૅરબજારનું દેવું તો જાણે બાપુજીએ ભરી દીધું, પણ રોજરોજ મારા મનમાં એક તરફડાટ ચાલ્યા કરતો... એ પૈસા ચૂકવી આપવાનો તરફડાટ, દેવશંકર મહેતાને દેખાડી આપવાનો તરફડાટ... હું નકામો નથી, મારામાં બુદ્ધિ છે ને મારામાં જીવવાની તાકાત છે એ મારા બાપ સામે મારે સાબિત કરવું હતું. એને દેખાડી આપવું હતું કે મારા આપબળે હું સફળ છું.'

'જાણું છું, બધું જ જાણું છું, કાંત, પણ હવે એ દટાયેલાં મડદાં ઉખેડવાનું કોઈ કારણ નથી,'

'કારણ છે વસુ, અને કારણ એ છે કે તેં મને પાછો બોલાવ્યો.'

સૂર્યકાંત સહેજ થોભ્યા. પછી ઊંડો શ્વાસ લીધો:

'જતી વખતે તો એટલી હિંમત નહોતી મારામાં કે તને કહીને જાઉં, પણ આવ્યો છું ત્યારે કાળજું કઠણ કરીને આવ્યો છું. મેં નક્કી કર્યું છે કે હું છોકરાઓને બધું જ...'

ચોંકી ગયાં વસુમા. અચાનક બેઠાં થઈ ગયાં. એમની આંખોમાં એક ગભરાટનો ભાવ આવી ગયો.

'ના, કાંત ના બધું જ નહીં. બધું જ કેવી રીતે કહેવાય?'

'કેમ ન કહેવાય? એ મારાં સંતાન છે. શું કામ છુપાવું એમનાથી?'

'એમના મનમાં તમારી એક મૂર્તિ છે, કાંત, એક પિતાની.'

'હા, એક ભાગી ગયેલા, નાસી ગયેલા, હારેલા બાપની મૂર્તિ.'

'ભાગી ગયેલા, હારી ગયેલા કે નાસી ગયેલા બાપને કદાચ સ્વીકારી લેશે આ સંતાનો, પણ કોઈ બીજી સ્ત્રી માટે એમની માને ત્યજી ગયેલા બાપને...'

ફરી ડૂમો ભરાઈ આવ્યો વસુમાને.

'સ્વીકારે કે નહીં, પણ તારી પચ્ચીસ વર્ષની તપશ્ચર્યા જોઈને મને લાગે છે કે આપણાં સંતાનોને સાચી વાત કહેવી જોઈએ. વસુ, તું તો બધું જ જાણે છે. તેં એમને સાચું કહી દીધું હોત તો મારા માથે આ સત્યનો ભાર ઊંચકવાની જવાબદારી ન આવી હોત.'

'સત્ય તમારું છે, કાંત. એનો ભાર તો તમારે જ ઊંચકવો પડે. સંતાનોને કહેવું કે નહીં એ વિશે આપણી માન્યતા જુદી હોઈ શકે, પણ સત્ય શું છે એ તો આપણે બન્ને જાણીએ જ છીએ અને એનો ભાર આમ જોવા જઈએ તો તમારી ભેગો ભેગો મેંય ઉપાડ્યો જ ને આટલાં વર્ષ?'

આટલું બોલતાં બોલતાંમાં તો વસુમાનો અવાજ પાછો એકદમ સ્વસ્થ, એકદમ સ્થિર થઈ ગયો હતો. ઘડીભર પહેલાંનાં લાગણીવશ વસુમાએ પોતાની જાત પર ફરી એક વાર કાબૂ મેળવી લીધો હતો.

'કાંત, તમે તો સત્ય ખભે લઈને ભાગી ગયા, પરંતુ જે સત્ય સાથે મારે કોઈ નિસબત નહોતી એ સત્યનો ભાર હું પરણીને આવી એ દિવસથી ઉપાડતી રહી. કયા ગુનાની સજા આપી મને મારા નસીબે? હવે તો એ જાણવામાં રસ નથી. હા, એક વાત નિશ્ચિત છે. જે સત્યને મારી અંદર દાટીને, દબાવીને જીવતી હતી આટલાં વર્ષો એ સત્ય આજે તમારી સામે સાવ નગ્ન, સાવ ઉઘાડું કરીને તમને સોંપી દઉં છું. એનું શું કરવું એ તમારે નક્કી કરવાનું છે.'

વસુમાની આંખોમાં અજબ જેવી ચમક આવી ગઈ હતી. એમના ચહેરા પર એક મુક્તિનો, કશુંક છોડી દીધાનો અને સાથે કશુંક પામ્યાનો ભાવ હતો.

એમને પચ્ચીસ વર્ષ પહેલાંની એ રાત પોતાની નજર સામે જાણે દેખાવા લાગી.

શ્રીજી વિલાનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો. વસુમા અને સૂર્યકાંત જ્યાં બેઠાં હતાં ત્યાંથી એ ઓટલો અને એ બંગલો સ્પષ્ટ દેખાતો હતો, જ્યાં વસુમાએ પ્રતીક્ષામાં કેટલીય રાતો જાગીને કાઢી હતી. ડ્રોઇંગ રૂમમાં બેસેલાં વસુમાને ઓટલા પર બેઠેલી એ યુવાન વસુંધરા સ્પષ્ટ દેખાતી હતી. ચિંતાતુર ચહેરો, ઉજાગરાથી લાલ આંખો અને શું થશેના ભાવ ચહેરા પર લઈને વસુંધરા શ્રીજી વિલાના ઓટલે બેઠી હતી. છોકરાં હજી હમણાં જ જમીને ઊંઘી ગયાં હતાં.

શ્રીજી વિલાનો ગેટ ખૂલ્યો અને એક આધેડ વયની સ્ત્રી દાખલ થઈ. વસુંધરા એને ધ્યાનથી જોઈ રહી. એણે આ સ્ત્રીને ક્યારેય જોઈ હોય એવું યાદ નહોતું. વળી, સામાન્ય રીતે એ જે પ્રકારની સ્ત્રીઓને ઓળખતી હતી એવા આના શણગાર પણ નહોતા. આ જરા જુદી દેખાતી હતી. કાન પાસે સ્પ્રિંગ જેવાં ગોળ ગોળ લટિયાં, કાળા મેશ જેવા ડાઈ કરેલા વાળ જે એની ઉંમર સાથે જરાય મેળ નહોતાં ખાતાં. આંખમાં વધારે પડતું કાજળ, હોઠ પર લાલચટ્ટક રંગની લિપસ્ટિક, લીલાં-પીળાં ફૂલ છાપેલી સસ્તી વૂલીની સાડી, જેની સાથે એણે પહેરેલા બ્લાઉઝની ડિઝાઇન પણ વિચિત્ર જ હતી.

'આવો, કોનું કામ છે?'

‘તારું જ, બેટા.’

પેલી સ્ત્રી ઓટલા પર વસુંધરાની પાસે બેસી ગઈ.

‘મારું?! બોલો…’

‘બેટા, તને ખબર છે તારો ધણી ક્યાં છે?’

વસુંધરાનું કાળજું એક થડકારો ચૂકી ગયું:

‘હેં! એ તો બહાર ગયા છે. હમણાં આવતા જ હશે.’

પેલી સ્ત્રી ખડખડાટ હસી પડી:

‘કોનાથી છુપાવે છે તું, મારાથી? અરે બેટા, જમાનો બહુ જોયો છે મેં. તું જેટલા પુરુષોને મળી નહીં હોયને એટલા આ પગનાં તળિયાં ચાટતા હતા એક જમાનામાં. ઓળખે છે મને?’

વસુંધરા સહેજ આશ્ચર્યથી ને સહેજ ડઘાઈને એ સ્ત્રીની સામે જોઈ રહી:

‘માફ કરજો, ખ્યાલ નથી આવતો.’

‘મારું નામ રૂપકમલ. બેટા, હું નાટકોમાં કામ કરતી હતી. મારા એક એક ગીત પર એ જમાનામાં બબ્બે રૂપિયા ફેંકીને ગાયન કટ થતાં, ભલભલા જમીનદારો ને મોટા મોટા શેઠિયા મારી એક અદા પર જીવ કાઢી આપતા.’

આવી સ્ત્રીને મારું શું કામ હશે? અને કાંત? એ કાંતનું કેમ પૂછતી હતી?

વસુંધરા નવાઈથી જોઈ રહી.

‘બેટા, તને ખબર છે, તારો ધણી ક્યાં છે?’

વસુંધરાએ કોઈ જવાબ ન આપ્યો.

રૂપકમલે એના ખભે હાથ ફેરવ્યો:

‘એ ભાગી ગયો, દીકરા. તારો ધણી ગામ છોડીને ભાગી ગયો ને ભેગો મારા ઘડપણની લાકડીય લેતો ગયો.’

વસુંધરાને હજી કંઈ સમજાયું નહીં, પણ સૂર્યકાંત બે દિવસથી ઘેર નહોતા આવ્યા એ વાત સાચી હતી. જો કે આવું પહેલી વાર નહોતું થયું. એટલે વસુને ઊંડે ઊંડે ધરપત હતી કે હંમેશની જેમ વહેલા-મોડા કદાચ આવી પહોંચશે.

‘બેટા, યશોધરાને ઓળખે છે?’

વસુનું ગળું સુકાઈ ગયું. આખા શરીરમાંથી જાણે કોઈએ પ્રાણ ખેંચી લીધા હોય એમ એનો જીવ નીકળું નીકળું થઈ ગયો. એના ચહેરા પરથી લોહી ઊડી ગયું. રૂપકમલની ચકોર નજરથી આ ફેરફાર છાનો નહોતો.

'તો તું જાણે છે બધું. જો છોકરી, તારો ધણી તો ભાગી ગયો ને ભેગી મારી 'છોકરીનેય ભગાડી ગયો.

'હેં?!'

'એમ ડઘાઈને બેસી રહેવાથી કંઈ નહીં થાય. પોલીસ ફરિયાદ કર. ત્રણ-ત્રણ છોકરાંને તારા માથે મારીને ગયો છે.'

વસુનો હાથ અચાનક પોતાના પેટ પર પહોંચી ગયો, જ્યાં ચોથું સંતાન શ્વાસ લઈ રહ્યું હતું.

'મારી તો પોતાની દીકરી નહોતી એટલે મારી ફરિયાદ લેતા નથી પોલીસવાળા. તારો તો સગો ધણી છે. પકડી લાવશે... તું કહીશ તો.'

'પણ તમને... તમને કેવી રીતે ખબર?'

'લે, આ કાગળ લખી ગઈ છે રાં...'

પેલી બાઈ જુગુપ્સા થાય એવી રીતે થૂંકી અને કાગળ વસુનો પ્રાણહીન હાથ પકડીને એમાં થમાવી દીધો. વસુએ ધક ધક કરતા હૃદયે કાગળ ખોલ્યો. પાંચ જ લીટી લખી હતી. વાંકાચૂંકા અક્ષર, ભાષાનું ઠેકાણું નહીં...

હું સૂરજ સાથે જાઉં છું. મારી દુનિયા વસાવીશ. મારે કમાઈ કમાઈને તારા ભંડાર નથી ભરવા. હું ને સૂરજ અમારી કંપની ખોલીશું. નાટક કરીશું, ફિલમ બનાવીશું... હવે મારે તારી કેદમાં નથી રહેવું એટલે ઊડી જાઉં છું.

વસુની આંખોમાંથી જાણે આંસુ સુકાઈ ગયાં હતાં. એને સમજાયું નહીં કે એ શું કરે. એણે કાગળ રૂપકમલના હાથમાં પાછો આપ્યો. પછી ધીમે રહીને સાવ સત્ત્વહીન અવાજે કહ્યું:

'તમે જાવ હવે.'

'ને તું? તું શું કરીશ? ચાલ, તારી સાથે આવું. આપણે પોલીસમાં...

આ વાત જાણે સાંભળી જ ન હોય એમ વસુ ઊભી થઈ. એક મૂર્તિની જેમ ધીરાં ધીરાં ભાંગેલાં ડગલાં ભરતી ઘરની અંદર દાખલ થઈ અને હળવેથી દરવાજો બંધ કરી દીધો.

*

'તેં કેમ પોલીસ ફરિયાદ ન કરી, વસુ? તારે માથે આટલી મોટી જવાબદારી મૂકીને ભાગી જવાનો મને કોઈ અધિકાર નહોતો.'

'એ હવે સમજાય છે તમને. ત્યારે તો...'

'ત્યારે પણ તરત જ સમજાઈ ગયું હતું, વસુ, ત્રણ મહિનામાં તો યશોધરાએ એના રંગ બતાવવા માંડ્યા હતા. હું દિવસભર કામે જતો. નાટક કંપનીઓમાં મળતો ફિલમ સ્ટુડિયોના દરવાજે કલાકો બેસી રહેતો અને આ તરફ યશોધરાએ કોઈ શેઠને ઘેર બોલાવવા માંડ્યા હતા...'

'કાંત, આપણે આ વાત અહીં જ બંધ કરીએ.'

'વસુ, તને તકલીફ આપીને મને સુખ નથી મળ્યું. હું પણ એટલો જ તરફડ્યો છું, એટલો જ હડસેલાયો, એટલો જ ધકેલાયો છું...'

'એ જાણીને મને કોઈ સુખ નથી મળતું, કાંત! મેં તો તમને લગ્નની પહેલી રાતથી જ મુક્ત કરી દીધા હતા. તમે જ્યારે મને કહ્યું...'

'વસુ, મારી મા સાચું કહેતી હતી. ગૃહલક્ષ્મીને અન્યાય કરીને ક્યારેય કોઈ સુખ નથી પામતું.'

'કોણ જાણે કોણે અન્યાય કર્યો? કોને કર્યો?'

વસુમાની આંખો સાવ વૈરાગ્યના ભાવ સાથે દૂર શૂન્યમાં તાકી રહી હતી શ્રીજી વિલાના ઉઘાડા દરવાજામાંથી દેખાતું ટુકડો આકાશ જાણે વસુમાની આંખો જેવું ઘેરાઈ આવેલું કાળુંડિબાંગ ભાસતું હતું.

'હું નીકળું, વસુ?' ખાસ્સી મિનિટો વજનદાર મૌનમાં પસાર થઈ ગયા પછી સૂર્યકાંતે પૂછ્યું.

'જશો?'

'રોકીશ તો રોકાઈ જઈશ.'

'હવે નહીં રોકું, કાંત!'

વસુમાના અવાજમાં જાણે બધું છોડી દીધાનો એક અજબ ખાલીપો હતો.

'જવા દેવા માટે બોલાવ્યો હતો આટલે દૂરથી?'

'કાંત, તમારું ઘર છે. ખરેખર તો તમને બોલાવવાની કોઈ જરૂરત જ નહોતી... પણ આટલાં વર્ષો તમને જે ઘર યાદ ન આવ્યું એ એટલા માટે યાદ કરાવવું પડ્યું, કારણ કે આ ઘરમાં જીવતા બીજા લોકોનો અધિકાર છે એ જાણવાનો કે એમને કેમ ત્યજી દેવામાં આવ્યા હતા?'

'તારે નથી જાણવું?'

'હું જાણીને શું કરીશ, કાંત? હવે પ્રશ્નો અને ઉત્તરોના ગૂંચવાડામાંથી આપણો સંબંધ બહાર નીકળી ગયો છે. હવે બે સીધી સમાંતર રેખા છે. એક મારી અને એક તમારી...'

'હું અહીંથી ગયો પછી ક્યાં ગયો? મેં શું કર્યું? આ લક્ષ્મી કોની દીકરી છે... કાંઈ નથી પૂછવું તારે?'

'કાંત, શું કામ તરફડો છો એ વાત કહેવા, જે જૂની થઈ ગઈ છે. ગઈ કાલનાં છાપાં વાંચે છે કોઈ આજે?'

'હું ગઈ કાલનું છાપું થઈ ગયો છું તારા માટે?'

'કાંત, ગઈ કાલ તો ગઈ કાલ જ રહેશે. મારી હોય કે તમારી... એને ઉકેલવામાં અને ઉલેચવામાં શું મળશે? કોને?'

'વસુ, તું ભલે કહે કે તું બહુ બદલાઈ ગઈ છે, તું જરાય નથી બદલાઈ. તારું અભિમાન એનું એ છે. તારા

આગ્રહ-પૂર્વગ્રહ એવા ને એવા છે. તું જે માને છે એથી આગળ કોઈની વાત સાંભળવામાં તને કોઈ રસ નથી. તારે માત્ર તારાં સત્યોનાં ચશ્માંથી જોવું છે. તો બેસ એકલી ને જોયા કર! મને એમ કે આટલાં વર્ષોની એકલતાએ તારામાં એક ભૂખ જગાડી હશે, સ્નેહની, સાથની... અને એ ભૂખે તને થોડી મૃદુ બનાવી હશે.'

આટલું કહેતાં કહેતાંમાં તો સૂર્યકાંતનો અવાજ ઊંચો થઈ ગયો હતો. ગાલ, કપાળ, કાન સુધી બધું લાલ લાલ થઈ ગયું હતું. આવેશમાં એમનું શરીર ધ્રૂજવા લાગ્યું હતું. આંખોમાં સહેજ ભીનાશ આવી ગઈ હતી:

'પણ, તારે તો તારા ચણેલા કિલ્લામાં સાથે ચણાઈને મરી જવું છે... કોઈ તારી શું મદદ કરે, વસુ? ને શુ કામ કરે?'

એ સડસડાટ શ્રીજી વિલાનાં ચાર પગથિયાં ઊતરીને ગેટ તરફ આગળ વધ્યા.

વસુમા ત્યાં જ સોફામાં બેઠાં બેઠાં એમને જતાં જોઈ રહ્યાં.

*

અંધાધૂંધ દોડતી શ્રેયા એક ભયાનક સ્પીડે આવતી ગાડીની બ્રેકના ચૂંઉંઉંઉં... અવાજથી જાણે ભાનમાં આવી અને એની નજીક પહોંચેલા નીરવના ખભે માથું મૂકીને રડી પડી.

'ઈટ'સ ઓકે, શ્રેયા.'

લક્ષ્મીએ એને સાંત્વન આપવાનો પ્રયાસ કર્યો, પણ શ્રેયાના મનમાંથી એણે નજર સામે જોયેલું દૃશ્ય ખસતું જ નહોતું. નશામાં ધૂત અનુપમા જે રીતે અલયને વળગતી હતી એ શ્રેયા માટે અસહ્ય હતું અને એટલું ઓછું હોય એમ અલય એની વાતને સાવ સાંભળી-ન સાંભળી કરીને અનુપમાને ટૅક્સીમાં લઈને જતો રહ્યાં!

નીરવને વળગીને શ્રેયા રડી રહી હતી. નીરવે એને થોડી વાર રડવા દીધી. પછી એના માથે, એના ખભે હાથ ફેરવ્યો:

'કેટલાં વરસથી ઓળખે છે અલયને? આટલો જ તારો વિશ્વાસ?'

'સવાલ વિશ્વાસનો નથી.' શ્રેયાએ રડતાં રડતાં કહ્યું.

'સવાલ વિશ્વાસનો જ છે, શ્રેયા, તું અને અલય સાત વર્ષથી એકબીજાની સાથે છો સાત મિનિટ પહેલાં મળેલી એક છોકરી, જેને અલયનું નામ પણ ખબર નથી એ તને આમ વિચલિત કરી જાય? તને નથી લાગતું કે તું જરા વધારે પડતું રિએક્ટ કરે છે?'

'હું સાથે જાત તો શું પ્રોબ્લેમ થાત?'

શ્રેયા હજીય પોતાની વાત છોડવા તૈયાર નહોતી.

'જો શ્રેયા હું દોસ્ત અલયનો છું, પણ તમને બન્નેને લગભગ એકસરખું જ ચાહું છું અને મને લાગે છે કે અલયના જીવનમાં આજની રાત જબરદસ્ત મોટો ચમત્કાર કરવાની છે આ અલય માટે જે જે સપનાં આપણે જોયાં હતાં એ બધાં જ સપનાં હવે પૂરાં થઈ જશે.'

'નૉનસેન્સ... એ કેટલી નશામાં હતી જોઈ? એને સવારે યાદ પણ નહીં હોય કે એ તાજથી ઘેર કેવી રીતે પહોંચી?'

'તો તો વધારે સારું. તારે માટે તો બન્ને બાજુ ફાયદો જ છે."

નીરવે પોતાની વ્યાપારી બુદ્ધિ કામે લગાડી:

'અનુપમા એ વાત ભૂલી જાય તોય તારો ફાયદો છે અને યાદ રાખે તોય અંતે તો ફાયદો તારો જ છે.'

પછી હળવેકથી એના ગાલ પર એક ટપલી મારી:

'ચાલ બી અ ગુડ ગર્લ, ગાડીમાં બેસ એટલે તને ઘેર મૂકી જાઉં.' પછી અચાનક યાદ આવતાં ઉમેર્યું:

'તારી ગાડી?'

'લાવી છું.'

'મૂરખ છોકરી હવે? આપણે બે જણાએ જુદી જુદી ગાડીમાં પાછાં જવાનું?'

શ્રેયાએ લક્ષ્મી સામે એક નજર નાખી પછી જાણે એના મનની વાત સમજી હોય એમ કહ્યું:

'તું આરામથી આવજે, હું જાઉં છું.'

પછી લક્ષ્મી સામે જોઈને ફિક્કું સ્મિત કર્યું.

'ના, એવું કંઈ નથી.' લક્ષ્મીએ નમ્ર થવાનો પ્રયાસ કર્યો.

'આખી સાંજ અમે તમારી જોડે ને જોડે જ હતાં. અડધો કલાક તને એકલાને નીરવ જોઈતો હશે, આઈ કૅન અન્ડરસ્ટૅન્ડ અને મુંબઈ સેફ શહેર છે. હું આરામથી ઘેર પહોંચી જઈશ. ડોન્ટ વરી.'

જવાબની રાહ જોયા વિના શ્રેયા વેલેટ પાર્કિંગના કાર નંબર એનાઉન્સ કરતા બેલ કૅપ્ટન પાસે પહોંચી અને પોતાની ગાડીનો નંબર આપ્યો. લક્ષ્મી ઘડીભર નીરવ સામે જોઈ રહી.

નીરવે એને પૂછ્યું:

'બોલ!'

'એક નાના ડ્રાઇવ પર જઈએ?'

લક્ષ્મીએ જરા શરમાઈને, જરા અચકાઈને કહ્યું. નીરવે એક ક્ષણ એની સામે જોયું પછી એનો ચહેરો હડપચીથી પકડીને ઊંચો કર્યો, આંખોમાં આંખો પરોવી:

'અમેરિકન છોકરીઓને શરમાતાં પણ આવડે છે એ જાણીને નવાઈ લાગે છે.' હસી પડ્યાં બન્ને.

'શ્રેયા ઘેર પહોંચીને એક ફોન કરી દેજે.'

'ચોક્કસ.'

*

જાનકી અને અજય ઘરમાં દાખલ થયાં ત્યારે વસુમા આંખો બંધ કરીને સોફા પર એકલાં બેઠાં હતાં.

'બાપુ? બાપુ ક્યાં ગયા?' અજયે ઘરમાં દાખલ થતાંની સાથે પૂછ્યું.

'તાજ.'

'પણ કેમ? રોકાયા કેમ નહીં?'

'મેં રોક્યા નહીં.'

'મા, આટલાં વર્ષે આવ્યા એ, તું એક વાર કહેત તો જરૂર રોકાઈ જાત.'

'મારા કીધે આવ્યા એટલું ઘણું છે, હવે રોકાવું કે જવું એ એમને જાતે નક્કી કરવા દે. હું તમારી જ રાહ જોતી હતી. ઘણું મોડું થયું છે. હું મારા ઓરડામાં જાઉં છું.'

વસુમા ઊભાં થયાં અને પોતાના ઓરડા તરફ જવા લાગ્યાં. પછી જાણે અચાનક યાદ આવ્યું હોય એમ પાછાં ફરીને જાનકીની આંગળી પકડીને ઊભેલા હૃદયના માથે હાથ ફેરવીને હળવેકથી કહ્યું:

'ચાલ, આવે છે દાદી સાથે? વાર્તા કહીશ.'

'ઊંઘ આવે એટલે જતો રહીશ.' હૃદયે શરત કરી.

'ભલે.' વસુમાએ મમતાવાળું હસીને એને ઊંચકી લીધો અને પોતાના ઓરડા તરફ ચાલવા લાગ્યાં.

જાનકીને એ સમજતાં વાર ન લાગી કે વસુમાએ અજયના મનમાં જાગેલા સવાલ માટે એની અને જાનકી વચ્ચે જગ્યા કરી આપી હતી.

*

અભય ઘરમાં દાખલ થયો ત્યારે આખું ઘર ઝંપી ગયું હતું.

એણે ચાવીથી દરવાજો ખોલ્યો. હંમેશની જેમ ડ્રોઇંગ રૂમમાં સીડીની નીચે એક નાનકડો પીળો લૅમ્પ જલી રહ્યો હતો. ધીમા પગલે અવાજ ન થાય એમ એ સીડી ચડ્યો. પોતાના રૂમમાં આવ્યો.

એની નજર પડતાં જ એ ફરી ગયો. વૈભવી બાલ્કનીમાં ખુરશી નાખીને બેઠી હતી. અભયે પોતાની રિસ્ટવૉચમાં લાઇટ કરીને જોયું:

પોણા બે!

'નવાઈ તો નહીં જ લાગી હોય મને જાગતી જોઈને.'

'લાગી. મને તો એમ કે તું ઊંઘી ગઈ હોઈશ.'

'મારે તમારી સાથે વાત કરવી છે.'

‘હમણાં?’

‘હા, અત્યારે જ.’

‘વૈભવી, સવારે...’ અભયે બગાસું ખાધું.

‘ના, હમણાં જ.’

‘બોલ.’

અભય ડ્રેસિંગ રૂમ તરફ જવા લાગ્યો. વૈભવી બાલ્કનીમાંથી દોડી આવી. અભયને ખભામાંથી પકડ્યો અને પોતાના તરફ ફેરવ્યો.

‘શું પ્રોબ્લેમ છે તમને?’

‘મને! મને શું પ્રોબ્લેમ છે?’

‘તો શા માટે બધાની વચ્ચે મને નીચી દેખાડવા બેઠા છો? વારંવાર મારું અપમાન કરો છો. મારી કોઈ વાત સાંભળતા નથી.’

‘મને નથી લાગતું કે હું આવું બધું કરું છું. હા, તારી વાત નથી સાંભળતો એટલું સાચું, પણ તારી વાતમાં સાંભળવા જેવું કંઈ છે નહીં.’

વૈભવીને ખસેડીને અભય ડ્રેસિંગ રૂમ તરફ આગળ વધ્યો. વૈભવી ત્યાં જ બેડ પર બેસી પડી. અભય ડ્રેસિંગ રૂમમાં જઈને કપડાં બદલવા લાગ્યો.

‘મારી વાત ન સાંભળવી એ મારું અપમાન નથી? હું જોઈ રહી છું અભય, કે તમે તમારું ધાર્યું કરો છો.’

‘ધાર્યું કરવું એ ગુનો છે? તો એ ગુનો તું છેલ્લા દોઢ દાયકાથી કરે છે... હું બે-ચાર દિવસથી ધાર્યું કરું એમાં તને આટલું બધું લાગી કેમ આવે છે, વૈભવી?’

‘અભય, જ્યારથી તમારા પપ્પા આવ્યા છે...’

‘ત્યારથી શું? મહેરબાની કરીને એ બે વાતને સાંકળીશ નહીં.’

‘હું જોઈ શકું છું કે જ્યારથી તમે દિલ્હીથી પાછા આવ્યા અને તમારા પપ્પાના આવવાના સમાચાર આવ્યા ત્યારથી તમે સાવ વિચિત્ર વર્તવા લાગ્યા છો.’

હસી પડ્યો અભય:

‘એમ! તું કહે છે તો એમ જ હશે. તો હવે શું કરું. પપ્પાને પાછા મોકલી દઉં?’

‘અભય, પ્લીઝ! હું તો આ ઘરના ભલા માટે...’

ડ્રેસિંગ રૂમમાંથી અભય નાઇટ સૂટ પહેરીને બહાર આવ્યો:

'આ ઘરનું ભલું? વૈભવી, આર યુ ઓકે?'

અભયને એ વળગી પડી. હાથ એની પીઠને લપેટી દીધા. છાતી પર માથું મૂકી દીધું:

'અભય, હું ચાહું છું તમને, તમારા કુટુંબને, તમારા ઘરને...'

'અચ્છા? વેરી ગુડ!'

અભય પલંગ તરફ આગળ વધ્યો. વૈભવી એને છોડતી જ નહોતી. એણે અભયને મજબૂતીથી પકડી રાખ્યો હતો:

'અભય, શું થઈ ગયું છે તમને? તમે ક્યારેય મને આવી રીતે ઈગ્નોર નથી કરી.'

'કરી હોત તો સારું થાત, નહીં? વૈભવી, મેં તને બહુ સાચવી, બહુ પંપાળી, બહુ કાળજી કરી તારી, પણ તને કહું? હવે હું થાક્યો છું તારી ભાષાથી, તારા કાવાદાવાથી - ખાસ કરીને તારા આ સ્વભાવથી!'

'એટલે? તમે મને છૂટાછેડા આપશો?'

વૈભવીએ ગળગળા થઈ જવાનો અભિનય કર્યો:

'મને હતું જ કે તમારા બાપા આ ઘરમાં કોઈ સારા સમાચાર લઈને નહીં આવે. ગયા ત્યારેય ગરબડ કરતા ગયા ને આવ્યા ત્યારે ગરબડ સાથે લઈને આવ્યા. તમારી માનેય ચેન નહોતું પડતું તે જાહેરાત આપીને બોલાવ્યા અહીંયાં પ્રોબ્લેમ ઊભો કરવા.'

'ચાલ વૈભવી, ગુડ નાઇટ...' અભયે કહ્યું અને પડખું ફરીને સૂઈ ગયો.

વૈભવી ડઘાયેલી અભય સામે જોતી રહી. પછી અચાનક જઈને એને હલબલાવી નાખ્યો:

'ડોન્ટ ડુ ધિસ, અભય તમે હજી મને ઓળખતા નથી. હું તમારા આ ફરી ભેગા થયેલા પરિવારને વિખૂટો પાડી નાખીશ.'

'હું તને નથી ઓળખતો એ વાતમાં કોઈ દમ નથી ને વાત રહી પરિવારની... તો પહેલાં વિખૂટાં પડ્યાં ત્યારે તું ક્યાં હતી? તેં ભેગાય નથી કર્યાં બધાને અને જો આ પરિવારના નસીબમાં વિખૂટાં પડવાનું લખ્યું હશે તો અમને તારી મદદની જરૂર નહીં પડે... થેન્ક્સ અગેઈન ઍન્ડ ગુડ નાઇટ.'

વૈભવી ઊંધા ફરેલા અભયને જોઈ રહી. એના માન્યામાં નહોતું આવતું, પણ માન્યા સિવાય છૂટકો નહોતો કે અભય બદલાઈ ગયો હતો. આ ઘરમાં પોતાનું વર્ચસ્વ જમાવવા માટે એણે સૂર્યકાંત મહેતાનો જ આશ્રય લેવો રહ્યો...

એણે મનોમન ગાંઠ વાળી: જે બાપના પાછા આવ્યાથી આ ઘરમાં મારું સ્થાન હલબલી ગયું છે એ જ બાપને પ્યાદું બનાવીને તને મ્હાત ન આપી તો મારું નામ વૈભવી નહીં.

એણે પોતાનું ઓશીકું અને ઓઢવાનું ઉપાડ્યું અને રૂમનું ડોર ખોલીને બહાર જવા લાગી.

'ક્યાં જાય છે?'

દરવાજો ખૂલવાનો અવાજ સાંભળીને અભયે ફર્યા વિના જ પૂછ્યું.

'નીચે, સૂવા.'

'ઓકે, ગુડ નાઇટ વન્સ અગેઈન!'

વૈભવી ઉઘાડેલા દરવાજાની વચ્ચોવચ્ચ હાથમાં ઓશીકા અને ઓઢવાના સાથે એમ જ ઊભી રહી. હવે નીચે જવાનું ત્રાગું ચાલે એમ નહોતું અને બેડરૂમમાં પાછા આવીને સૂવાથી એના અભિમાનમાં પડેલી તિરાડ વધુ પહોળી થાય એમ હતું!

આંખો મીંચીને સૂતેલો અભય પોતાનું જ વર્તન તપાસી રહ્યો હતો.

ક્યાંથી આવી હતી આટલી હિંમત? આટઆટલા વખત સુધી જાત પર જુલમ કરીને વૈભવીને સહેતો રહેલો અભય અચાનક કઈ રીતે બદલાઈ ગયો?

એણે જાતને જ સવાલ પૂછ્યો અને જવાબ પણ એની જાતે જ આપી દીધો:

આજ સુધી તું કુટુંબનો મુખ્ય પુરુષ હતો. ઘરને ભેગું રાખવાની, ઘરની પરંપરા મર્યાદા જાળવવાની જવાબદારી જાણે-અજાણે તેં તારા માથા પર ઉપાડી લીધી હતી. કદાચ એટલે જ ઘરના કોઈનેય ખબર ન પડે એમ તું આ રૂમની ચાર દીવાલમાં દબાઈ-સંકોચાઈને જીવતો રહ્યો, પણ હવે કોઈ બીજું આવી ગયું છે! કોઈ એવું, જે તને પણ સંભાળી શકે એમ છે... અત્યાર સુધી આ ઓરડામાં દટાઈ રહેલા તારા સ્વમાનને હવે બહાર નીકળવું છે, અભય! ઊઘડવા દે તારી સામેનું આકાશ. ડર નહીં, હાથ લંબાવીને અડકી જો બદલાયેલી પરિસ્થિતિને!

વૈભવી ચૂપચાપ રૂમનું બારણું બંધ કરીને પાછી આવીને અભયની બાજુમાં લાંબી થઈ, પણ આજે એની ઊંઘ વેરણ થઈ ગઈ હતી.

અભયે સૂતેલી સાપણની પૂંછડી મરડીને અને જગાડી હતી.

*

ટૅક્સીમાં અલયના ખભે માથું મૂકીને ઊંઘતી અનુપમાના કમરથી લાંબા વાળ અસ્તવ્યસ્ત થઈને ફેલાયા હતા. એનું ઑફ શોલ્ડર ટૉપ વારે વારે નીચે ઊતરી જતું હતું. એણે એક હાથ અલયના બાવડે લપેટ્યો હતો અને બીજા હાથે અલયનો હાથ પકડી રાખ્યો હતો. અલયના ખભે માથું મૂકીને એ ઘસઘસાટ ઊંઘતી હતી. એ તો સારું થયું કે અનુપમાના ઘરની અલયને ખબર હતી.

'બાઉજી... ટૅક્સીવાળા સરદારે રિયર-વ્યૂમાં જોઈને અલયને પૂછ્યું:

'યે તો ઓડી હીરોઈન હે?'

'હા.' અલયે ટૂંકમાં જવાબ આપ્યો.

'ઈત્તી વડ્ડી હીરોઈન ઔર ઈસ હાલ મેં? બડે લોગોં કે પોલ ભી બડે હોતે હૈ. જહાં તક મૈંને પઢ રખા હૈ, યે તો દારૂ-શારૂ નહીં પીતી...'

‘હમેં ક્યા, સરદારજી! એક લડકી ઈસ હાલ મેં રસ્તે પર અકેલી હો તો ઉસે હિફાજત સે છોડના ચાહિયે.’

‘સહી બાત હૈ બાઉજી, લેકિન આપ જૈસે લોગ બહોત કમ હોતે હૈ.’

‘બિલકુલ સહી બાત હૈ, ઈનકે જૈસે લોગ બહુત કમ હોતે હૈ.’

નશામાં ધૂત અનુપમાએ કોણ જાણે શું સાંભળીને ટાપશી પુરાવી. અલય એની સામે જોઈ રહ્યો:

આ સુંદરતા, આ નમણાશ અને આ ટેલેન્ટ સાથે આ છોકરી આવી હાલતમાં? અનુપમા એના દરેક ઇન્ટરવ્યૂમાં કહેતી કે એ ધરેલું છોકરી છે. દારૂ નથી પીતી, સિગારેટ નથી પીતી. પાર્ટીઓમાં જતી નથી. પછી આવી રીતે અહીંયાં શું કરતી હશે?

*

લક્ષ્મી અને નીરવ હજી ગાડી કાઢે એ પહેલાં એક માણસ તાજની અંદરથી હાંફળો-ફાંફળો દોડતો બહાર આવ્યો.

સૂટ-બૂટ પહેરેલો એ માણસ આમતેમ ફાંફાં મારી રહ્યો હતો. એ દરવાનને, ડોર કીપરને ઘાંઘોવાંઘો થઈને પૂછી રહ્યો હતો:

‘અનુપમા? અનુપમા ઘોષ કો દેખા કિસીને? વો હીરોઈન... અનુપમાજી જાનતે હો ના? દેખા કિસીને?’

દરવાને, બેલ કેપ્ટને, બધાએ એક જ જવાબ આપ્યો;

‘અભી તો યહાં થી, પતા નહીં કહાં ચલી ગઈ...’

‘ઓ શીટ...’

પેલો માણસ માથે હાથ દઈને તાજમહાલ હોટેલની પોર્ચનાં પગથિયાંમાં બેસી પડ્યો!

*

અલયના ખભે માથું મૂકીને અનુપમા સૂરીલા અવાજે ગાઈ રહી હતી:

હમ નશે મેં હૈ, સમ્હાલો હમે તુમ... નીંદ આતી હૈ જગા લો હમે તુમ... ચલો દિલદાર ચલો, હમ હૈ તૈયાર, ચલો... જિંદગી ખત્મ ભી હો જાયે અગર... ન કભી ખત્મ હો ટેક્સી કા સફર...

* * *

24

‘શું થયું?’ નીરવે પૂછ્યું.

‘કશું નહીં. એક્ચ્યુઅલી...’

આ અજાણ્યા માણસ પર વિશ્વાસ કરવો કે નહીં એમ વિચારતો પેલો સૂટ પહેરેલો માણસ નીરવની આંખોમાં જોઈ રહ્યો.

‘ડરો નહીં, મારો મિત્ર તમારી અનુપમાને ઘેર મૂકવા ગયો છે.’

‘ઓહ! એટલે એ અહીં જ હતી.’

પેલા માણસના ચહેરા પર હળવાશના ભાવ આવી ગયા.

‘સમજતી જ નથી, કેટલી વાર કહ્યું કે અમુક પાર્ટીમાં એકલાં નહીં જવાનું. સમજાવવાનો પ્રયત્ન કરીએ ત્યારે એક જ વાત કરશે: હું ઇન્ડિપેન્ડન્ટ છું, મને જેમ ફાવશે એમ રહીશ. સમજતી નથી કે એ સેલિબ્રિટી છે. કોઈ પણ ગમે ત્યારે ગમે એવો ઉપયોગ કરી શકે. હવે કદાચ કોઈ ફોટોગ્રાફરે આવી હાલતમાં એનો ફોટો પાડી લીધો હોત તો? મારે તો સવારનાં છાપાં જોઈને માથું જ કુટવાનું ને?’

‘તમે...’

અનુપમા વિશે આટલો બધો કકળાટ કરી રહેલો આ માણસ કોણ હતો એ જાણવાનું લક્ષ્મીએ કુતુહલ થઈ આવ્યું.

‘હું સેક્રેટરી છું એનો...’

પેલાએ હાથ લંબાવ્યો:

‘સંજીવ... સંજીવ શર્મા નામ છે મારું.’

‘નાઇસ મિટિંગ યુ...’ નીરવે હાથ મિલાવ્યો, પણ પેલો ઉતાવળમાં હતો.

‘શ્યૉર ઘેર જ ગયાં છે ને?’

‘ઓહ, અફ કોર્સ! હજી હમણાં જ ટૅક્સીમાં ગયાં.’

‘ટૅક્સીમાં? પણ અનુ તો ગાડીમાં આવી હતી. એની ગાડીની ચાવી એની પાસે જ હશે. અરે, ભગવાન! કાલે સવારે બધી હજામત ફરી કરવાની. આ છોકરી બહુ ત્રાસ આપે છે.’

*

અલયના ખભે માથું મૂકીને સૂરીલા અવાજે અનુપમા ગાઈ રહી હતી:

હમ નશે મેં હૈ, સમ્હાલો હમે તુમ...

નીંદ આતી હૈ જગા લો હમે તુમ...
ચલો દિલદાર ચલો,
ચાંદ કે પાર ચલો,
હમ હૈ તૈયાર, ચલો...
જિંદગી ખત્મ ભી હો જાયે અગર...
ન કભી ખત્મ હો ટૅક્સી કા સફર...

અચાનક એણે માથું ઊંચકીને નશીલી આંખે અલયના ચહેરા સામે જોયું:

'નામ શું છે, નામ?'

'મારું?'

'મારું તો મને ખબર જ હોય ને?' અનુપમા હસી પડી.

'અલય.'

'ગુડ નેમ... ગુડ નેમ...'

પછી અલયનો ખભો થાબડ્યો:

'ઍન્ડ ગુડ મૅન... બાય ધ વે, આપણે ક્યાં જઈએ છીએ?'

'ઘેર...? અલયે કહ્યું.

અનુપમાના શરીરમાંથી આવતી સુગંધ અલયનાં નસકોરાં સુધી પહોંચતી હતી. એની તગતગતી ત્વચા અને વારે વારે ઊતરી જતું ઑફ શોલ્ડર ટૉપ ગમે એટલું રોકવા છતાં નજરને વારંવાર ત્યાં ખેંચતું હતું. એણે અલયના ખભે માથું ઢાળી રાખ્યું હતું. બંધ આંખે જ એણે પૂછ્યું:

'કોના ઘેર, તમારા?'

'ના, તમારા...'

અલયે બને એટલા સંયમથી જવાબ આપ્યો.

'પણ મારે તો ઘર છે જ નહીં.'

અને અલયના ખભા પર તાલ આપીને ગાવા લાગી:

મૈં તો બેઘર હૂં, અપને ઘર લે ચલો...
ઘર મેં હો મુશ્કિલ તો દફ્તર લે ચલો!

અલયે એક પણ અક્ષર બોલ્યા વિના ટૅક્સીવાળાને કહ્યું:

'અહીં, જમણી બાજુ...'

પછી અનુપમાનું માથું પોતાના ખભા પરથી ઊંચક્યું:

'ઘર આવી ગયું છે. મને પૈસા આપવા દો.'

'પૈસા? પૈસા તો બહુ છે મારી પાસે, હું આપું,'

પછી એણે આમતેમ પોતાની પર્સ શોધવા માંડી:

'મારી પર્સ નથી. હું મૂકી આવી...'

'કેટલા હતા?'

'ઓહ! એ જરાય અગત્યનું નથી. તમને ખબર છે, હું કોણ છું? અનુપમા ઘોષ...'

'જી.' અને અલયે ટૅક્સીવાળાને પૂછ્યું:

'કિતના હુઆ?'

'ચારસો સાંઠ રૂપયે...'

ભગવાનનું નામ લઈને અલયે ખિસ્સામાં હાથ નાખ્યો. પાંચસોની એક જ નોટ નીકળી. એણે ટૅક્સીવાળાના હાથમાં આપી.

'થેન્ક યુ, સા'બ...'

'કીપ ધ ચેન્જ.'

અનુપમા એના બંગલાના ગેટ પર ઝૂલતી હતી:

આજ ફિર જીને કી તમન્ના હે, આજ ફિર મરને કા ઇરાદા હે...

'ચાવી આપશો?'

'કેમ, તમે ચાવીથી ચાલો છો? રમકડું છો, રમકડું?'

અનુપમા હસી રહી હતી. એની આંખોમાં ભરપૂર નશો હતો. એના શરીર પર એનો કાબૂ નહોતો. આટલું કહેતાં કહેતાં અલયની નજીક આવી અને એની હાઈ હિલ સૅન્ડલે સહેજ સંતુલન ગુમાવ્યું. એ સીધી અલયના ગળે વળગી અને ત્યાં જ ઝૂલવા લાગી:

'ચાવી તો નથ્થીઈઈઈ...'

'નથી?'

અલયને થયું: પાંચસો માથે પડ્યા.

'નથ્થીઈઈઈઈ...' નાના બાળકની જેમ એણે લાડ કર્યાં.

‘ક્યાં છે?’

‘પર્સમાં..’

‘તો કાઢો...’

‘ના મળે.’

‘પ્લીઝ.’

અલયનું મગજ ફાટફાટ થતું હતું;

‘પર્સ ક્યાં છે?’

‘પર્સ ગાડીમાં છે.’

‘ને ગાડી ક્યાં છે?’

અલયનો અવાજ ઊંચો થઈ ગયો. એને થયું કે આ બગડેલી-પીધેલી કરોડ રૂપિયાની ઍક્ટ્રેસને એક થપ્પડ રસીદ કરવી જોઈએ.

‘ગાડી તાજમાં... આપણે તો ટૅક્સીમાં આવ્યાં ને?’

અનુપમાએ ફરી લાડમાં પૂછ્યું.

‘હવે?’

‘કંઈ નહીં, આપણે તમારા ઘેર જઈએ.’

અલયે ઘડિયાળ જોઈ... બે!

આખી રાત અહીં અનુપમાના ઓટલે કાઢવા કરતાં એને ઘેર લઈ જવાનો આઈડિયા સારો જ હતો અલયે ઘડીભર વિચાર્યું. ટૅક્સીવાળાને કોણ જાણે સ્કિસ્થ સેન્સ હશે કે પછી આ નશામાં ગલતી એની ફેવરીટ હીરોઈનનો આ માણસ ગેરલાભ ન લે એ જોવાના ઇરાદાથી પણ એ બોનેટ ખોલીને ઊભો હતો.

‘સરદારજી, મેરે ઘર જાના પડેગા.’

‘ક્યું?’

‘ચાબી નહીં હૈ મૅડમ કે પાસ.’

‘આપ તો ફસ ગયે સા’બ, ઘર મેં બીવી હોગી, માર ડાલેગી.’

‘બીવી નહીં હે... મા ઔર ભાભી હૈ...’

અલયે ટૅક્સીવાળાનો ઉચાટ સમજીને જરા હસીને કહ્યું.

'અચ્છા... અચ્છા, ચલો સા'બ.'

'અબ પૈસા નહીં હૈ.'

'કોઈ ચિંતા નહીં, સા'બ. બાદ મેં દે દેના, મત દેના, આપ જૈસે ભલે આદમી દુનિયા મેં હોતે નહીં હૈ, વરના નશે મેં ધૂત ઐસી લડકી કો ઘર કૌન લે જાયેગા...'

'સહી હૈ.'

અનુપમા હજુ અલયના ગળામાં ઝૂલી રહી હતી. અલયે એને પકડી અને ફરી ટેક્સીમાં નાખી.

'ઘેર જઈએ છીએ?'

અનુપમા ટેક્સીની પાછલી સીટમાં નાનું બાળક સૂવે એમ સૂઈ ગઈ. બે હાથ માથા નીચે મૂકીને ટૂંટિયું વળીને સૂતેલી અનુપમાની છાતીનો ક્લીવેજ સ્પષ્ટ દેખાતો હતો અને છતાં એના ચહેરા પરની માસૂમિયત જાણે પાંચ વર્ષની બાળકી ઊંઘી ગઈ હોય એટલી વહાલસોયી લાગતી હતી.

અલયે નજર ફેરવી લીધી.

'આગે આ જાઓ, સા'બ.'

*

શ્રેયા ઘેર પહોંચીને ક્યાંય સુધી પાર્કિંગમાં બેસી રહી...

અનુપમા જે રીતે અલય સાથે વર્તતી હતી એ રહી રહીને શ્રેયાની નજર સામે આવતું હતું. કોઈ રીતે એના મનમાંથી એ દૃશ્ય ખસતું જ નહોતું. એણે સ્ટિયરિંગ પર માથું નાખી દીધું. આખાય શરીરમાં એક ગજબ પ્રકારનો ગુસ્સો હતો. એને હમણાં ને હમણાં અલયને વળગીને ધ્રુસકે ધ્રુસકે રડવું હતું.

અલયને એ ખૂબ પ્રેમ કરતી, પણ હજુ સુધી પરણી નહોતી શકી એટલે કદાચ અલયના અલગારી સ્વભાવના લીધે અલય વિશે શ્રેયા ખૂબ પઝેસિવ હતી. ઘેલછાની હદ સુધી પ્રેમ કરતી હતી એ, પરંતુ એ ઘેલછા ક્યારેક ઉન્માદ બની જતી. એની જિંદગીથી વધુ, એના શ્વાસ-પ્રાણથીય વધુ મહત્ત્વ હતું અલયનું એના માટે. એ કલ્પના પણ નહોતી કરી શકતી કે અલયને કોઈ બીજી સ્ત્રી અડકે...

અને એમાં પણ અનુપમા ઘોષ!

અલય જ્યારે જ્યારે અનુપમા ઘોષની વાત કરતો ત્યારે એના અવાજમાં રહેલું અદમ્ય આકર્ષણ સાંભળી શકતી શ્રેયા. એ ક્યારેક ચીડવતીય ખરી:

'એની જોડે ફિલમ કરીશ તો મને ભૂલી જઈશ?'

'ભૂલી તો નહીં જાઉં, પણ થોડી વાર માટે થૂપ્પીસ કરીને ફ્લર્ટ જરૂર કરી લઈશ. વ્હૉટ અ વુમન!'

'મારી નાખીશ કોઈ બીજી સ્ત્રી સામે જોયું તો... આંખો જ ખેંચી કાઢીશ.'

‘બીજી કોઈ સ્ત્રી નહીં, બસ? પ્રોમિસ! અનુપમા માટે થોડો અપવાદ રાખ, યાર.’

અલયે સાવ મજાકમાં કહેલી એ વાત આજે શ્રેયાની છાતી ચીરીને બહાર નીકળી ગઈ. એણે મોબાઇલ ઉપાડ્યો. પછી મૂકી દીધો. થોડી વાર એમ જ બેસી રહી. પછી ફરી મોબાઇલ ઊંચક્યો.

‘બોલ!’

બીજી જ રિંગે ફોન ઉપાડ્યો. હજી રસ્તા પરનાં વાહનના અવાજ આવી રહ્યા હતા.

‘પહોંચ્યા નથી?’

‘અમે ઘેર આવીએ છીએ.’

‘અમે? અમે કોણ? કોના ઘેર?’

‘અનુપમા અને હું, શ્રીજી વિલા.’

‘વ્હૉટ? કેમ?’

‘અરે, એના ઘરની ચાવી નથી.’

‘તો નાખી દે હોટેલમાં. આપણા ઘેર લાવવાની જરૂર નથી’

‘પાગલ છે, શ્રેયા? એક જુવાન પીધેલી છોકરીને એકલી મૂકી દઉં? વ્હૉટ નૉનસેન્સ!’

‘કેમ, એણે પીધાં પહેલાં તારી પાસે વચન લીધું હતું કે તું એને સંભાળી લઈશ કે પછી એને ઘેર લઈ આવ્યા પછી પાછી જવા ન દેવી પડે એવી વ્યવસ્થા કરવી છે?”

‘મૅડમ યુ આરા’

અલયે ફોન ડિસ્કનેક્ટ કર્યો. પાછળ એક નજર નાખી:

આવી માસૂમ સ્ટુપિડ છોકરીને રસ્તા પર કેવી રીતે છોડી દેવી?

ટૅક્સી શ્રીજી વિલાના દરવાજે આવીને ઊભી રહી.

શ્રેયાએ પોતાની ગાડીમાં બેઠાં બેઠાં અલયને પાછલી સીટમાં ઝૂકીને અનુપમાને ઉઠાડતો જોયો. એનું રોમ રોમ ઉશ્કેરાઈ ગયું. એનું ચાલે તો જઈને અલયનું શર્ટ ફાડી નાખે, એને નહોર ભરી જાય, શુંનું શુંય કરી નાખે... એની નજર સામે અનુપમાને બે હાથમાં ઊંચકીને અલય શ્રીજી વિલાનાં પગથિયાં ચડી રહ્યો હતો. માત્ર ત્રીશ ફૂટના રોડની પેલી તરફ શ્રેયાનું શેર લોહી બળી રહ્યું હતું.

આ તરફ અલયના હાથમાં ઝૂલતી અનુપમાના બન્ને હાથ અને બન્ને પગ સાવ લસ્ત થઈને લટકી રહ્યા હતા. એના લાંબા વાળ અલયના હાથની પેલી તરફ થઈને ઝૂલી રહ્યા હતા...

આ સ્થિતિ જોઈને ત્યાંથી જતા રહેવાનું જ પસંદ કર્યું હોય એમ સરદારજીએ ટૅક્સી સ્ટાર્ટ કરી. અનુપમાને હાથમાં ઊંચકીને અલયે પગની લાતથી બારણું ઠોક્યું. એક વાર... બે વાર...

જાનકીએ દરવાજો ખોલ્યો. એની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ:

'અલયભાઈ ...આ!?'

ઓટલા પર જલી રહેલા પીળા લૅમ્પમાં અનુપમાનો ચહેરો સાવ સ્પષ્ટ રીતે જોઈ શકાતો હતો.

'તાજમાં મળી ગઈ.'

અલયે અંદર જઈને એને સોફા પર સુવડાવી, એનું સ્કર્ટ ધૂંટણ સુધી ચડી ગયું હતું અને ટોપ...

'આના પર ચાદર નાખો.'

અલય પોતાના રૂમ તરફ જવા લાગ્યો. જતા અલયનો હાથ સાવ તંદ્રામાં અનુપમાએ પકડી લીધો અને લગભગ અર્ધબેભાન અવસ્થામાં બબડી:

'ક્યાં જાય છે?'

'ઉપર... સૂવા...'

અનુપમાએ એનો હાથ એટલા તો જોરથી પકડ્યો હતો કે છોડાવવા માટે અલયે બીજો હાથ વાપરવો પડ્યો.

'ના જા... મારી પાસે રહે ને, પ્લીઝ! તને ખબર નથી હું કેટલી એકલી છું.' ડૂમો ભરાઈ આવ્યો અનુપમાને:

'એક કરોડ રૂપિયા લઉં છું એક ફિલ્મના. અનુપમા ઘોષ નામ છે મારું. લાખો-કરોડો ફેન્સ છે. કોથળો ભરીને ફેન-મેઇલ આવે છે... પણ મારું કોઈ નથી... નહીં જા, પ્લીઝ નહીં જા...'

અનુપમાની બંધ આંખમાંથી આંસુ સરી રહ્યાં હતાં. નાના બાળકની જેમ હીબકે ચડી ગઈ હતી એ. અલય એની પાસે સોફાની બાજુમાં જમીન પર બેસી ગયો. અનુપમા અચાનક બેઠી થઈને અલયને વળગી પડી. બન્ને હાથ એને આસપાસ લપેટી દીધા અને છાતીમાં માથું નાખીને જોરજોરથી રડવા લાગી:

'આઈ એમ વેરી લોન્લી...'

અલયની અનિચ્છાએ પણ એની પીઠ પર હાથ ફરી ગયો. અનુપમા વધારે હીબકાં લઈને રડવા લાગી. એનાં આંસુથી, એના નાકમાંથી વહેતાં પાણીથી, એની લાળથી અલયના શર્ટનો છાતી પરનો ભાગ ભીનો થઈ ગયો. એ પોતાનું માથું અલયની છાતીમાં ઘસતાં ઘસતાં જોર જોરથી રડી રહી હતી:

'હું દારૂ નથી પીતી. હું સારી છોકરી છું. હું તો ગુસ્સામાં આવી હતી પાર્ટીમાં. શર્માના બચ્ચાને પણ પાછળ જ છોડી આવી... મને શું ખબર કે કોઈ ઑરેન્જ જ્યુસમાં...'

એના રડવાનો અવાજ વધતો જતો હતો. જાનકીએ વસુમાના ઓરડા તરફ જોયું.

'અલયભાઈ, મા જાગશે તો...?'

'શું કરું ભાભી, આ તો છોડતી જ નથી.'

'નહીં છોડું, જિંદગીભર નહીં છોડું...'

અનુપમા હજીય રડી રહી હતી અને એણે અલયને પોતાના બાહુપાશમાં ભીંસી રાખ્યો હતો. એ જ વખતે મુખ્ય દરવાજા પર કોઈનાં પગલાં સંભળાયાં.

જાનકી એ તરફ ફરી.

'તું?'

જાનકીની અવાજ ધ્રૂજી ગયો.

*

'મને એમ કે આટલાં વર્ષોની એકલતાએ તારામાં એક ભૂખ જગાડી હશે, સ્નેહની, સાથની... અને એ ભૂખે તને થોડી મૃદુ બનાવી હશે.'

આટલું કહેતાં કહેતાંમાં તો સૂર્યકાંતનો અવાજ ઊંચો થઈ ગયો હતો. ગાલ, કપાળ, કાન સુધી બધું લાલ લાલ થઇ ગયું હતું. આવેશમાં એમનું શરીર ધ્રૂજવા લાગ્યું હતું. આંખોમાં સહેજ ભીનાશ આવી ગઈ હતી.

'પણ, તારે તો તારા ચણેલા કિલ્લામાં સાથે ચણાઈને મરી જવું છે... કોઈ તારી શું મદદ કરે, વસુ? ને શું કામ કરે?'

એ સડસડાટ શ્રીજી વિલાનાં ચાર પગથિયાં ઊતરીને ગેટ તરફ ચાલી ગયા.

એ વિલે પાર્લે સ્ટેશન તરફ ઝડપભેર પગલાં ભરતા જઈ રહ્યા હતા. એમના આખા શરીરમાં પરસેવો પરસેવો થઈ રહ્યો હતો. એમને સમજાતું નહોતું કે વસુના આવા વર્તનનો એ શું જવાબ આપે?

વસુએ એમને ઘેર બોલાવીને એમના હાથમાં સળગતો અંગારો આપી દીધો હતો. વસુ જાણતી હતી યશોધરા વિશે. એ જાણતી હતી કે પોતે દેવાને કારણે નહોતા ભાગ્યા અને છતાં એ વાત બાળકોને નહીં કહીને વસુએ એમને કેટલા નાના બનાવી દીધા હતા!

શા માટે? શા માટે આ સ્ત્રી વારંવાર એમના પર ઉપકાર કરવાની એક પણ તક નહોતી છોડતી? શા માટે એવો પ્રયાસ કરતી હતી કે પોતે વધુ ને વધુ વામણા થતા જાય...

આ વાતનો જવાબ તો આપીશ હું.

એમણે દાંત કચકચાવ્યા:

છોકરાઓની સામે જ કાઢીશ આ વાત. એ શું ઉપકાર કરતી હતી મારા પર! નથી જોઈતો મારે એનો ઉપકાર... ત્યાગ, બલિદાન, સમજદારી દેખાડી દેખાડીને મારા બાપને જીતી લીધો. મારાં છોકરાઓને જીતી લીધાં. સમજે છે શું એના મનમાં?

સૂર્યકાંત ટેક્સીમાં બેસીને તાજમહાલ હોટેલ સુધી પહોંચવાના આખા રસ્તા દરમિયાન જાણે વસુંધરા સાથે જીવેલું જીવન ફરી એક વાર જીવી રહ્યા.

પરણીને આવ્યાની પહેલી રાતે જ એ ઓરડામાં દાખલ થયા ત્યારે વસુંધરા એક હાથનો ઘૂમટો તાણીને બેઠી

હશે એમ એમણે ધારેલું, પરંતુ એ સજાવેલા ઓરડામાં દાખલ થતાંની સાથે જ એમનું આશ્ચર્ય ફાટીને ધુમાડે ગયું.

સજેલી-ધજેલી ઢીંગલી જેવી વસુંધરા ખુરશી પર બેઠી હતી. એનો બે ખોબામાં સમાય એવડો અંબોડો એણે છોડી નાખ્યો હતો. વાળ ખુરશીની પીઠ પર થઈને લગભગ જમીનને અડતા હતા. દાગીના એણે ઉતારી નાખ્યા હતા. માત્ર કંકુની લાલ પટ્ટીવાળું સાદું સફેદ પાનેતર અને લીલો કમખો પહેરી રાખ્યો હતો. એ ખુરશી પર બેસીને ર. વ. દેસાઈની અપ્સરાનો ત્રીજો ભાગ વાંચી રહી હતી.

'વાંચે છે?'

'તો શું કરું? હું રાહ જોતી હતી તમારી. મને લાગ્યું, તમે આવો ત્યાં સુધી થોડાં પાનાં પૂરાં થઈ જશે. બહુ સુંદર ચોપડી છે. પાંચ ભાગ છે.'

'આજની રાત્રે વાંચીશ તું?'

'કેમ?'

'હું જાણું છું તું બહુ ભણેલી છે, પણ એથી મારા પર પ્રભાવ પાડવા માટે આવી વાર્તાઓ વાંચવાની જરૂર નથી.'

'આ વાર્તા નથી.'

એના મોતી જેવા ગોઠવાયેલા બત્રીસ દાંત ઝગારા મારતા હતા:

'આ તો નિબંધ છે - શોધનિબંધ વેશ્યાવ્યવસાય પરનો.'

'આવું ગંદું વાંચે છે... બીભત્સ?'

એણે સૂર્યકાંત તરફ જાણે દયા આવતી હોય એવી રીતે જોયું:

'બીભત્સ ન કહેવાય... આ તો બહુ જાણીતા લેખકે લખેલો નિબંધ છે...'

'પણ વેશ્યાઓ પર જ લખ્યો છે ને? એક સારા ઘરની પુત્રવધૂ આવું વાંચે? તારા બાપ પૂજારી છે, પૂજારી...'

'તો?'

એને જાણે આ વાક્ય સમજાયું જ નહોતું.

'મૂક આ બધું. ઘરમાં કોઈ જોશે ને તો થૂ થૂ કરશે...'

આટલું કહેતાં કહેતામાં તો સૂર્યકાંતની નજર એના ઓરડાના ખૂણામાં પડેલાં ત્રણ-ચાર પૂંઠાના ખોખાં પર પડી:

'આ... આ શું છે બધું?'

'પુસ્તકો છે.'

વસુમાના ચહેરા પર બિલકુલ સ્પષ્ટ હતું કે આ માણસ એને સમજાતો નથી.

પુસ્તકો? તું દાયજામાં પુસ્તકો લાવી છે'

'એટલે? આ તો મારાં બધાં પોતાનાં...'

મોઢા પર હાસ્યાસ્પદ સ્મિત સાથે સૂર્યકાંતે વસુ તરફ એવી રીતે જોયું જાણે એ પ્રાણીબાગ માંથી આવેલું પ્રાણી હોય.

'આ મુંબઈ છે. અહીંયાં પુસ્તકોની દુકાનોની ખોટ નથી, જોઈએ એટલાં મળશે.'

અને પછી પેલાં ખોખાં નિર્દયતાથી ઉઘાડીને ફટાક ફટાક કરીને બંધ કર્યાં.

'ને પૈસાનીય ખોટ નથી આપણે ત્યાં.'

'પણ આ પુસ્તકો તો મેં અનેક વાર વાંચ્યાં છે. આની સાથે મારી યાદો, મારી સ્મૃતિઓ, મારી યુવાની જોડાયેલી છે. આમાં કેટલાંય પુસ્તક એવાં છે, જે વાંચતાં વાંચતાં મેં ક્યાંક તમને કલ્પ્યા હતા. સરસ્વતીચંદ્રનાં સરસ્વતીચંદ્ર, હૃદયનાથના હૃદયનાથ, મળેલા જીવના કાળુ કે વાની મારી કોયલના ગાવા ગળિયારા જેવાં કેટલાંય સ્વરૂપે જોયા છે મેં તમને.'

ખડખડાટ હસી પડ્યા સૂર્યકાંત:

'હવે તો જોઈ લીધો ને? હું આમાંનો એકેય નથી. હું સૂર્યકાંત છું, સૂર્યકાંત દેવશંકર મહેતા...'

પછી એની તરફ જોઈને એક તુચ્છ નજર નાખી અને પલંગમાં પડતાં ઉમેર્યું:

'સૂઈ જા, બહુ આશા નહીં રાખતી મારી પાસેથી. તું દેવશંકર મહેતાએ પસંદ કરેલી ઘરની વહુ છે. મારી પસંદગીની પત્ની નથી.'

'એટલે તમે...'

વસુંધરાના હાથમાં પુસ્તક ધ્રૂજી રહ્યું હતું.

'હા, મારે જિંદગીમાં કોઈ બીજું છે, તું આવી એ પહેલાંથી અને એ તો રહેશે જ... તું તારે વાંચ, આમેય આ ઘરમાં મોટા ભાગની રાતો તારે જાગીને જ કાઢવાની છે. સારું થયું તું તારાં પુસ્તકો તારી સાથે લઈ આવી. કંપની રહેશે...'

મોગરાના ઢગલાની વચ્ચે પડખું ફરીને સૂઈ ગયેલા પતિને એકીટશે જોતી વસુંધરાને સમજાયું નહીં કે નસીબે એની સાથે આ કઈ રમત કરી હતી!

*

ટેક્સીમાં બેઠેલા સૂર્યકાંત બહાર ટ્રાફિક જોઈ રહ્યા હતા.

એમના મનમાં વીતેલાં વર્ષોની ઊથલપાથલ થઈ રહી હતી. એમને વસુંધરા સાથે જે કંઈ થયું એનો અફસોસ

થઈ રહ્યો હતો કે એ પોતે જીવેલાં વર્ષો વિશે પોતાની જ જાત સાથે દલીલ કરી રહ્યા હતા?

કોને ખબર?

દેવશંકર મહેતાના ઘરમાં વસુંધરાનું માન જરાય ઓછું નહોતું. ગોદાવરીબહેન એને અછોઅછો વાનાં કરતાં. દેવશંકર મહેતા તો એને લક્ષ્મી કે સરસ્વતી કહીને જ બોલાવતા. વસુંધરાએ ઘરમાં આવ્યા પછી લગભગ બધી જ જવાબદારીઓ ઉપાડી લીધી હતી. ગોદાવરીબહેને સોનાના ઝૂડામાં એને ચાવીઓ સોંપી એ પળથી જ વસુંધરા જાણે આ ઘરની કર્તાહર્તા બની ગઈ હતી, પણ સૂર્યકાંત મહેતાનું મન એને કેમેય કળાતું નહોતું. કદીક પથારીમાં આવીને પોતાના શરીર સાથે એક ફરજ પૂરી કરતા હોય એમ સંબંધ બાંધતા કે માત્ર સ્ત્રીશરીરની જરૂરિયાત સંતોષતા હોય એમ પ્રેમ કરતા પતિને વસુ સમજી નહોતી શકતી.

ક્યારેક આખેઆખી સાંજ ચૂપચાપ એકલા બેસી રહેતા સૂર્યકાંતને જોઈને વસુ એમની પાસે જતી, પણ એ એને પોતાનું મન નહોતા આપતા. વસુ બહુ પ્રયાસ કરતી કે એ સૂર્યકાંતને કોઈક રીતે જીતી લે અને એવામાં જાણે ઈશ્વરે લગ્નના આઠમા મહિને એને શુભ સમાચાર મોકલી આપ્યા હતા - અભયનો જન્મ થવાનો હતો.

ખોળો ભરાયો હતો. ઘરકુટંબની સ્ત્રીઓને સોનેમઢેલી સોપારી અને ચાંદીની તાસક આપવામાં આવી હતી. હાજર તમામ મહેમાનોને મીઠાઈઓનાં ખોખાં વહેંચવામાં આવ્યાં હતાં, જેમાં ચાંદીના સિક્કા હતા.

અરીસામાં ઊભી રહીને પોતાની જાતને નીરખી રહેલી વસુંધરા અચાનક ચોંકી હતી. સૂર્યકાંત મહેતા ઓરડામાં દાખલ થયા ત્યારે એમના પગ લથડતા હતા! એ જે રીતે દાખલ થયા, જે રીતે ખુરશીમાં પછડાયા...

'તમે... તમે દારૂ પીધો છે?'

સાત મહિના પૂરા કરેલી સગર્ભા વસુંધરા પડતી પડતી રહી ગઈ હતી.

'પીધો છે. હજી પીશ...'

'બાપુજીને ખબર પડશે તો...'

'...તો શું કરશે? જીવ લેશે મારો? અમથોય તારી જોડે પરણાવીને મારી જ નાખ્યો છે મને.'

'આ શું બોલો છો, તમે? તમે બાપ થવાના છો.'

'ભૂલમાં... ભૂલમાં થયું છે એ બધું.'

વસુંધરાનો હાથ અનાયાસે પોતાના પેટ પર ફરી ગયો. એક જીવ, જે અંદરથી લાત મારતો હતો, બહાર આવીને આંખો ઉઘાડીને દુનિયા જોવા બેચેન હતો એ માણસ જેવા માણસને સૂર્યકાંત મહેતા ભૂલ કહેતા હતા?

નશામાં સૂર્યકાંત હજીય બોલી રહ્યા હતા:

'તને ખબર છે, યશોધરાને ખબર પડી ગઈ છે કે તું મા બનવાની છે, એણે આજે બારણું જ ન ખોલ્યું. હું કેટલીય વાર સુધી માગણ જેવો ઊભો રહ્યો એને દરવાજે. વિનંતીઓ કરતો, કરગરતો, પણ એને કોઈ અસર

ન થઈ. બધું તારે લીધે થયું છે...'

'મારે લીધે?'

વસુંધરા ત્યાં જ ઊભી રહીને સૂર્યકાંત તરફ જોઈ રહી:

'દેવશંકર મહેતાની પસંદગી હું હતી એ મારો ગુનો? તમારી પસંદગી હું નહોતી એ પણ મારો ગુનો? મારી પહેલાં તમે કોઈને ચાહતા હતા એ પણ મારો જ ગુનો... ને મારા આટલા પ્રયત્ન છતાં હું તમારું મન ન જીતી શકી, એ પણ આમ જુઓ તો મારો જ ગુનો...'

આજે પહેલી વાર લગ્નના સોળમા મહિને વસુંધરાની આંખમાં પાણી આવ્યાં હતાં, પણ એ પાણી જોવાની નશામાં ધૂત સૂર્યકાંતને તમા નહોતી.

ટૅક્સીમાં સૂર્યકાંત આકળવિકળ થઈ રહ્યા હતા. કેવું જીવ્યા? જેવું જીવ્યા એવું શું કામ જીવ્યા? હવે એમાં શું થઈ શકે?

સૂર્યકાંત મહેતાને સમજાતું નહોતું કે એ શું કરે તો બનેલી ઘટનાઓ ભૂંસી શકે... પરિસ્થિતિને જુદો વળાંક આપીને ક્યાંક નવા સરનામે પહોંચાડી શકે.

*

જાનકીની આંગળી પકડીને ઊભેલા હૃદયના માથે હાથ ફેરવીને વસુમાએ હળવેકથી કહ્યું હતું:

'ચાલ, આવે છે દાદી સાથે? વાર્તા કહીશ.'

'ઊંઘ આવે એટલે જતો રહીશ.' હૃદયે શરત કરી.

'ભલે.'

વસુમાએ મમતાવાળું હસીને એને ઊંચકી લીધો અને પોતાના ઓરડા તરફ ચાલવા લાગ્યાં.

જાનકીને એ સમજતાં વાર ન લાગી કે વસુમાએ અજયના મનમાં જાગેલા સવાલો માટે એની અને જાનકી વચ્ચે જગ્યા કરી આપી હતી.

'તને નથી લાગતું કે માએ બાપુને રોકવા જોઈતા હતા?'

હજી તો દરવાજો બંધ થાય એ પહેલાં અજયે જાનકીને પૂછ્યું.

જાનકી ચૂપચાપ કપડાં બદલવા લાગી. એણે કંઈ જવાબ ન આપ્યો.

'હું તને પૂછું છું.'

અજયની સરળતા બેનમૂન હતી. જાનકી જવાબ ન આપે તો એ બાબતે ચીડાવાના બદલે એણે નથી સાંભળ્યું એમ માનીને ફરી સવાલ પૂછતાં ક્યારેય અચકાતો નહીં.

એણે ફરી પૂછ્યું: 'બાપુ રોકાયા હોત તો? માએ એમને રોકવા જોઈતા હતા. બાપુ રોકાયા હોત તો? મા પણ

ઘણી વાર છે ને...'

'અજ્જુ, એક વાત કહું? માએ જે કર્યું હશે એ સમજી-વિચારીને જ કર્યું હશે ને?'

'સમજી-વિચારીને કર્યું હોત તો...'

અજય જાણે આગળના શબ્દો ગળી ગયો. ચિડાઈને કપડાં બદલવા લાગ્યો. જાનકીએ એને પાછળથી જઈને જકડી લીધો. એની છાતી પર હાથ લપેટી પીઠ પર માથું ટેકવ્યું:

'હું પણ ઇચ્છું છું કે બાપુ ઘરે આવે અને આપણા સૌની સાથે રહે, પણ એનો સમય થશે ત્યારે એ પણ થશે.'

'માની સાથે રહીને તું પણ એની જ ભાષા બોલવા લાગી છે. માણસ પચ્ચીસ વર્ષે ઘેર પાછો ફરે અને હોટેલમાં રહે એ કેવું કહેવાય ખબર છે? હું તો કાલે સવારે જ જઈને એમને લઈ આવવાનો છું અને કોઈનુંય નથી સાંભળવાનો.'

'સારું. એમ જ કરજો... પણ એક વાત કહું?'

'આ એક વાત કહું કહીને તું બહુ બધી વાતો કહી નાખે છે, પણ આજે હું તને એક વાત કહીશ. એ જ કે આ મારા પિતાનું ઘર છે અને એ અહીં જ રહેશે આવતી કાલ સવારથી. હું લઈ આવીશ એમને જઈને... આ ઘરમાં કોઈને ન પડી હોય તો કંઈ નહીં, મને મારા પિતાની જરૂર છે, આજે પણ...'

અજયનો અવાજ સહેજ ગળગળો થઈ ગયો હતો:

'મા આવું કરી જ કેવી રીતે શકે?'

'અજય, તમે કારણ વગર મા પર આક્ષેપ કરી રહ્યા છો. એમના આજ સુધીના નિર્ણયોથી જ આ ઘર અકબંધ રહી શક્યું છે એ તમે ભૂલી ગયા.'

પછી ઊંડો નિઃશ્વાસ નાખીને ઉમેર્યું: કદાચ!'

'સાચી વાત છે. તારી સાથે મા વિરુદ્ધ વાત કરવાનો કંઈ અર્થ જ નથી, પણ તું ઘણી વાર ભૂલી જાય છે કે એ મા મારી છે!'

અજય પથારીમાં પડ્યો. જાનકી બાજુમાં સૂઈને એના માથામાં, પીઠ પર, છાતી પર હાથ ફેરવતી રહી...

અજયનો ડૂમો ધીમે ધીમે પીગળ્યો અને એનું ઓશીકું ભીંજાતું ગયું. જાનકી કશુંય ન બોલી. એ માત્ર અજય પર હાથ ફેરવતી રહી. જાણે કહેતી હોય:

બધું સારું જ થશે. બસ, થોડો સમય રાહ જોવાની છે.

*

અનુપમા હજી રડી રહી હતી. એણે અલયને પોતાના બાહુપાશમાં ભીંસી રાખ્યો હતો. એ જ વખતે મુખ્ય દરવાજા પર કોઈનાં પગલાં સંભળાયાં,

'તું?'

જાનકીનો અવાજ ધ્રૂજી ગયો.

'અલય, એને હમણાં જ એના ઘેર મોકલી દે.' અવાજ શ્રેયાનો હતો.

'એની પાસે એના ઘરની ચાવી નથી. રસ્તા પર ફેંકી દઉં એને?'

'હા, ફેંકી દે.'

'તું પાગલ થઈ ગઈ છે, શ્રેયા. યુ આર મૅડ. પ્લીઝ, અત્યારે જા અહીંથી.'

'કેમ? આ આવી એટલે મને ભગાડે છે?'

'આપણે સવારે વાત કરીશું, ઓકે?'

'સવારે વાત કરવા જેવું કંઈ બચ્યું જ નહીં હોય, અલય.'

અલય ધૂંધવાયો:

'યુ જસ્ટ શટ અપ જાન, ગો હોમ ઍન્ડ સ્લીપ.'

'ઓકે.'

અચાનક અનુપમા ઊભી થઈ ગઈ.

'અરે, તું એને જાન કહે છે? ક્યારથી કહે છે? ક્યારથી ચાલે છે આ ચક્કર?'

શ્રેયાના સ્વરમાં ઈર્ષા સાથે તિખારો હતો.

'ઉફ!' જાનકી તરફ અલય ફર્યો:

'ભાભી, આને કંઈક સમજાવો.'

માથે હાથ દઈને બેસી ગયો એ:

'હું પહેલી વાર મળ્યો છું આને.'

ઊભી થયેલી અનુપમા ફરી ધડાક દઈને સોફામાં પડી. પહોળા હાથ અને પહોળા પગ સાથે એ ખરેખર વિચિત્ર હાલતમાં હતી...

અલય ઊભો થયો.

'ભાભી, હું ઉપર જાઉં છું. તમારે જે કરવું હોય એ કરો. જેને રાખવી હોય એને રાખો ને જેને કાઢી મૂકવી હોય એને કાઢી મૂકો. હું તો કંટાળ્યો.'

અલય બબ્બે પગથિયાં સામટાં ચડી ગયો.

શ્રેયા ડ્રોઇંગ રૂમની વચ્ચોવચ્ચ ઊભી હતી. એની આંખોમાં આંસુ હતાં. ચહેરા પર ભયાનક ક્રોધ હતો. એનું ચાલે તો નશામાં અર્ધ-બેહોશ અનુપમાનું ગળું દબાવી દે.

જાનકીએ આવીને એના ખભે હાથ મૂક્યો:

'તને તારાં સાત વર્ષની શ્રદ્ધા આ છોકરીથી મોટી લાગે છે?'

'ભાભી, તમે સમજતાં નથી.'

ક્યારનું રોકી રાખેલું રુદન શ્રેયાના ગળાને ભીંજવતું ગયું.

'હું સમજું છું એટલે જ કહું છું. જે તારું હશે એ ક્યાંય નહીં જાય ને જે તારું નહીં હોય એને ગમે એટલા ધમપછાડા કરવાથી પણ બાંધી નહીં શકે તું.'

શ્રેયા જોઈ રહી જાનકી સામે.

'અને આવું કરીને તો તું વધારે દૂર ધકેલે છે અલયને... સમ્માન, શ્રદ્ધા, સત્ય અને સ્વીકાર એ તો સ્નેહના પાયા છે. જેમ ઊંડા કરીશ એમ તારી ઇમારત વધુ ઊંચી અને વધુ બુલંદ થશે. મારું માન, તારાથી તો વધુ જ જિંદગી જોઈ છે મે...'

જાનકીને ભેટી પડી શ્રેયા.

'પચ્ચીસ વર્ષે પણ એક માણસ પાછો ફરી શકે, બંધન એને કહેવાય કે જે તોડ્યા પછીય ન તુટે... કાચા સૂતરના તાંતણા વડના ઝાડની આસપાસ લપેટવાથી પતિ નથી બંધાતા. પુરુષને બાંધવા માટે ઘણુંબધું બનવું પડે છે. સ્ત્રીમાં ઘણુંબધું ઝંખે છે પુરુષ - એક મા, એક પ્રિયતમા, એક પત્ની, એક મિત્ર, એક મંત્રી અને ક્યારેક વિચક્ષણ શત્રુ પણ...'

જાનકીએ સહેજ હસીને શ્રેયાના માથે હાથ પસવાર્યો.

એ જ વખતે સોફામાં પડેલી અનુપમા અસ્ફુટ સ્વરે બબડી:

'અલય... વ્હૉટ અ મૅન!'

પછી સુરીલા અવાજે રાત્રે અઢી વાગે ગાવા માંડ્યું:

એસા લગતા હૈ, જો ના હુઆ, હોને કો હે...
દિલ યે મેરા ખોને કો હૈ, વરના દિલ ક્યૂં ધડકતા,
સાંસે ક્યૂં રુકતી, નીંદ મેરી ક્યૂં ઊડ જાતી...

જાનકી-શ્રેયા થોડી વાર અનુપમા તરફ અને પછી એકમેક સામે જોઈને હસી પડ્યાં...

* * *

25

વૈભવી ચૂપચાપ રૂમનું બારણું બંધ કરીને પાછી આવીને અભયની બાજુમાં સૂઈ ગઈ હતી, પણ આજે એની ઊંઘ વેરણ થઈ ગઈ હતી. અભયે સૂતેલી સાપણની પૂંછડી મરડીને એને જગાડી હતી...

'તમારાં માતુશ્રીએ ભગાડી મૂક્યા તમારા પિતાશ્રીને.' અભયે જવાબ જ ન આપ્યો.

'મારું માનવું છે કે તમારે કાલે જઈને પપ્પાજીને અહીંયાં લઈ આવવા જોઈએ.'

વૈભવીએ ઊંધા ફરીને સૂતેલા અભયને હાથ લપેટ્યો. અભયની ચુપકીદી વૈભવીને અકળાવવા માંડી:

'હું જાણું છું કે તમે બહેરા નથી.'

'હોત તો સારું થાત.'

અભયે હાથ ઝટકાવી નાખ્યો અને ઊંઘવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પણ વૈભવી કોઈ પણ રીતે સૂર્યકાંતને આ ઘરમાં લઈ આવવા માગતી હતી. એ જાણતી હતી કે સૂર્યકાંતના આ ઘરમાં આવવાથી લગભગ બધાં જ સમીકરણ બદલાઈ જશે અને સૂર્યકાંતને અહીં લાવવા માટે વસુમાને એમના દીકરા જ કહી શકે એમ હતા.

'તમારે કહેવું જોઈએ માને.' વૈભવીએ એની એ વાત ચાલુ રાખી.

'સારું.' અભયે કહ્યું.

'બિચારા પપ્પાજી, કેવું લાગ્યું હશે એમને આ ઘરમાંથી જતાં? પહેલી વાર પણ જાકારો આપીને કાઢી મૂક્યા. બિચારા પાછા આવ્યા તો પણ કોઈએ રોકાવાનું કહ્યું નહીં. માણસ કેટલું અપમાન સહન કરે?'

'બંધ થઈશ હવે તું?,

'હા, હું તો બંધ જ થઈ જઈશ, પણ હું માનું છું કે હવે તમારે ચાલુ થવાનો સમય છે.'

વૈભવી બેઠી થઈ ગઈ:

'કરોડપતિ છે, કરોડપતિ... અને એ પણ રૂપિયામાં નહીં, ડૉલરમાં. ક્યારેક પોતાના ફાયદાનું વિચારતાં શીખો. આખી જિંદગી ઘસાયાં, શું મળ્યું'

'એ તને નહીં સમજાય. તું સૂઈ જા પ્લીઝ, અને મને પણ સૂવા દે. આપણે સવારે વાત કરીશું.'

અભયે ઊંઘવાનો પ્રયાસ કરવા માંડ્યો, પરંતુ વૈભવીએ એના મનમાં એક વિચારનું બીજ રોપી દીધું હતું.

આવતી કાલે સવારે હું બાપુને ઘેર બોલાવવા મા સાથે વાત જરૂર કરીશ. આટલાં વર્ષે માણસ ઘેર આવે છે, આપણે સામેથી બોલાવ્યો છે, હવે કડવાશો સંઘરી રાખવાનો શો અર્થ છે?

બંધ આંખે અભય જાણે એક સુખી કિલ્લોલતા કુટુંબને સાથે જીવતું જોઈ રહ્યો.

કેટલો સમય થયો, આ ઘર જાણે સુષુપ્ત અવસ્થામાં લાંબી ઊંઘ ખેંચી રહ્યું હતું. ઘરના દરેક સભ્યને

છૂટીછવાયી પોતાની જિંદગી હતી, પણ પાંચ આંગળી બંધ થાય ને મુક્રી વળે એવી કોઈની જિંદગી નહોતી અહીં! સવારે સાડા આઠના બ્રેકફાસ્ટ ટેબલ પર એક ખુરશી ખાલી રહેતી રોજ. આજે અભયને એ ખુરશી ભરી દેવાનો વિચાર બહુ સુખ આપી ગયો.

સાવ કિશોર હતો ત્યારથી આ ઘરના મુખ્ય પુરુષ તરીકે એણે પોતાના ગળામાં ધૂંસરી ભરાવી હતી. સૂર્યકાંત મહેતાના આવતાં જ મુક્ત થઈ જવાની ઇચ્છા જાણે તીવ્ર થઈ ઊઠી...

એને આ ઘરમાંથી મુક્તિ નહોતી જોઈતી કે નહોતું કોઈ જવાબદારીઓ માંથી છટકવું. એને માત્ર પોતાની જિંદગી જીવવી હતી હવે. જેટલી બાકી રહી હતી એટલી...

*

સવારના સાડા છ થયા હતા.

સ્વીટ નંબર 1011 આખેઆખો બેચેન હતો. એક માત્ર નિરાંતે ઊંઘતી લક્ષ્મીને બાદ કરતાં આખો કમરો જાણે અજંપ હતો. સૂર્યકાંત મહેતા એક ખૂણેથી બીજા ખૂણા આંટા મારતા હતા. સત્તર વિચારો આવીને નીકળી જતા હતા.

આગલી રાત્રે અઢી-ત્રણ વાગે પાછી ફરેલી લક્ષ્મી આવીને કપાયેલા થડની જેમ પડી હતી. પડખું પણ બદલ્યા વિના એ ઘસઘસાટ ઊંઘતી હતી. એના વાળ એના ચહેરા પર ફેલાઈ ગયા હતા. મેકઅપ વગરનો ચહેરો એકદમ નિર્દોષ અને નાના બાળક જેવો કોમળ લાગતો હતો. એનું નાઈટ ડ્રેસનું ટૉપ ઊંચું થઈ ગયું હતું. એમાંથી તાલબદ્ધ શ્વાસની અવરજવર સાથે ઊંચું-નીચું થતું એનું પેટ દેખાતું હતું. સૂર્યકાંતે એને ખૂબ લાડથી ઓઢાડ્યું. એના માથે હાથ ફેરવ્યો. ગાઢ ઊંઘમાં પણ લક્ષ્મીએ સૂર્યકાંતનો હાથ પકડી લીધો. પોતાના ગાલ નીચે મૂકીને એ બબડી:

'આઈ લવ યુ, ડેડી!'

'લવ યુ ટૂ માય ચાઈલ્ડ...'

અને સૂર્યકાંત ફરી બેચેન થઈને આંટા મારવા લાગ્યા:

એણે એક વાર પણ રોકાવાનું ન કહ્યું. એમ પણ ન પૂછ્યું કે પાછા ક્યારે આવશો? મારું ઘર છે, મારે હોટેલમાં શું કામ રહેવું જોઈએ? એણે મને કહેવું જોઈએ કે હું આ રૂમ છોડીને ઘેર પહોંચી જાઉં... પણ એ તો બોલી જ નહીં.

સૂર્યકાંતનું મન એકદમ ઉદ્વેગમાં આવી ગયું:

એ કહે તો જ મારાથી ઘેર જવાય? મારાં સંતાનો જ્યાં છે, મારાં સંતાનોનાં સંતાનો જ્યાં છે ત્યાં હું શું કામ ન રહું? આ બધું નકામું છે. વસુંધરાની રાહ જોતો રહીશ તો બાકીનાં વર્ષો પણ હોટેલમાં જ કાઢવાં પડશે. હું આજે જ ઘેર જઈશ અને ત્યાં જ એની નજર સામે રહીશ. એને ઇચ્છા હોત તો એણે બોલાવ્યો જ હોત, પણ એણે નથી બોલાવ્યો એટલે તો મારે ખાસ જવું જોઈએ... એને ન ગમે એટલે મારે ઘરમાં રહેવા નહીં જવાનું? આટલે દૂરથી હું મારે ઘેર આવ્યો છું. હું મારે ઘેર જઈશ... એક વાર દેવશંકર મહેતાનો કાઢ્યો તો નીકળી

ગયો, પણ વસુ, હું શ્રીજી વિલામાં રહેવા આવું છું. તને ગમે તો સારું ને ન ગમે તો વધારે સારું...

એમણે મનમાં ગાંઠ વાળી.

સૂર્યકાંતે ફોન ઉઠાવ્યો, નીચે રિસેપ્શન પર ફોન કરીને ચેક-આઉટ માટેની સૂચના આપી. ઓરડામાં વીખરાયેલો પોતાનો સામાન ધીમે ધીમે પૅક કરવા માંડ્યો. લક્ષ્મીની વસ્તુઓ સમેટીને એની બૅગ પાસે મૂકી અને ત્યાં જઈને પોતે શું કહેશે એ વિશે જાત સાથે મથામણ કરવા માંડી...

એ મથામણ દરમિયાન એમણે જાણે જિંદગીનો એક ટુકડો ફરી વાર જોઈ લીધો.

દેવશંકર મહેતાએ મારી જિંદગી બરબાદ કરી નાખી. એ વિચાર એમના મનમાંથી કોઈ રીતે જતો જ નહોતો.

સૂર્યકાંતનો સ્વભાવ કદાચ બાળપણથી જ આવો હતો. દેવશંકર મહેતાના એકના એક સંતાન તરીકે માએ એમને બહુ લાડકોડ કર્યાં હતાં પછી મોટી ઉંમરે જન્મેલા ચંદ્રશંકરનું માનસિક સંતુલન બરાબર ન હોવાથી માનો તમામ પ્રેમ સૂર્યકાંત પર ઢોળાયો હતો. એનું કારણ કદાચ એ પણ હોય કે સૂર્યકાંત એના ઘડપણની એકમાત્ર લાકડી હતી એવું ગાદાવરીબહેન માનવા માંડ્યાં હતાં.

પિતા દેવશંકર જ્યારે જ્યારે પણ એમને શિસ્ત શીખવવાના કે જિંદગી વિશે કંઈ કહેવાના પ્રયત્ન કરતા ત્યારે મા હંમેશાં આડી ઊતરતી અને એમને બચાવી લેતી. દેવશંકરથી છુપાઈ પૈસા આપવા, એમની કુટેવો પર પડદો પાડવો કે બીજી કેટલીય બાબતોમાં ગોદાવરીબહેન સૂર્યકાંતને બચાવતાં રહેતાં. પરિણામ એ આવ્યું કે સૂર્યકાંતના મનમાં પિતા ખરાબ અને મા સારી એવો એક ભાવ ઘર કરી ગયો.

એ ઘેરથી દૂર રહેવા માંડ્યા. મિત્રોની સાથે ક્યારે કુસંગે ચડી ગયા એની એમને પોતાનેય ખબર ન રહી. નાટક-ચેટક, ક્યારેક બીડી-સિગારેટ તો ક્યારેક છાંટોપાણી...

દેવશંકર મહેતાના ઘરમાં એમનો એકમાત્ર વારસદાર દિશાહીન થઈ રહ્યો હતો, જેની હવેલીની દીવાલોને ખબર નહોતી. એવામાં એમને યશોધરા મળી - નાટકની હીરોઈન... સુરીલો અવાજ, રૂપાળી ને નખરાળીય ખરી. સૂર્યકાંતે એક રાતમાં પચ્ચીસ રૂપિયા ઉડાડ્યા એની પાછળ. યશોધરાની મા સમજી ગઈ અને એણે ગણતરીપૂર્વક છુટ આપવા માંડી...

નાટકની પહેલાં ને નાટક પછી... ક્યારેક ક્યારેક રિહર્સલના સમયમાંથી ભાગીને પણ એ સૂર્યકાંતને મળવા લાગી. નાટકના સંવાદ જેવી એની ભાષા, એનાં નખરાં, એની આંખનો ઉલાળો... સૂર્યકાંત ધીમે ધીમે એમાં લપેટાતા જતા હતા.

એક રાત્રે સૂર્યકાંત લગભગ સાડા બારના સુમારે હળવેકથી હવેલીના પગથિયાં ચડ્યા...

સાહ્યબો મારો ગુલાબનો છોડ, વેલી હું તો લવંગની...

‘આવો, કેટલા વાગ્યા એનો ખ્યાલ નહીં હોય તમને.’

‘બાપુજી, તમે?’

‘ઘણા દિવસથી મને ચોકીદાર માહિતી આપતો હતો, પણ તમારાં માતુશ્રી ખોટું બોલતાં એટલે હૂં મૂગો રહ્યો.

આજે મેં જાત તપાસ કરવાનું નક્કી કર્યું... ક્યાં હતા હમણાં સુધી?'

'જી... જી... નાટક જોવા ગયો હતો.'

'આપ મૅટ્રિકમાં ત્રીજી વાર નાપાસ થયા છો અને નાટક જોવા જવાનો શોખ આપને કેવી રીતે પોસાય? કાલથી તમે પેઢી પર આવો. મને લાગે છે, હવે તમારા માથે જવાબદારી નાખવી પડશે.'

અને બીજે અઠવાડિયે એ વતન જઈને વસુંધરા જોડે સગાઈ કરી આવ્યા હતા...

મારા પિતાએ મને સહેજ સમજવાનો પ્રયત્ન કર્યો હોત તો આ બધું આમ વીખરાઈ ન ગયું હોત.

સૂર્યકાંતના મનમાંથી દેવશંકર વિરુદ્ધનો રોષ કોઈ રીતે જતો નહોતો અને વસુ પિતાની પસંદગી હતી. એ કદાચ સૌથી પહેલો રોષ હતો. વસુંધરા માટે એને જોયા વિના માત્ર એનું નામ સાંભળીને સૂર્યકાંતના મનમાં એક રોષ છલકાયો હતો અને પછી દરેક વખતે જ્યારે જ્યારે વસુંધરાએ પિતાનો પક્ષ લીધો કે પિતાની આજ્ઞાનું પાલન કરવાનો પ્રયાસ કર્યો એ દરેક વખતે સૂર્યકાંતે વસુંધરાના નામ પર મૂકેલી ચોકડી ફરી એક વાર ઘૂંટી હતી.

વસુ લગ્નના પહેલા દિવસથી યશોધરા વિશે જાણતી હતી, છતાં એણે કોઈને કહ્યું નહીં. પોતે આટલું દેવું કર્યું તોય સંતાનોને લઈને અહીં અભાવમાં આવીને રહી. પોતે આમ યશોધરા જોડે ભાગી ગયા અને છતાં સંતાનોને એ વિશે જાણ ન થવા દીધી.. અને છતાંય ક્યારેય પોતે એકલી છે, મારા વિના નહીં જીવી શકે એવું દેખાવા ન દીધું... આટઆટલું થયા છતાં એક વાર પણ મને પ્રેમ કરે છે એવું નથી કહ્યું એણે. નથી ક્યારેય મારી પાસે પ્રેમની કે પત્નીના અધિકારોની માગણી કરી. ઊલટાનું દરેક વખતે મારા પર એક ઉપકાર કરીને જીતવાની તક શોધે છે જાણે! પણ એ મને ઓળખતી નથી જીતવાની ટેવ તો મને પહેલેથી જ છે ને હું જ જીતીશ આ રમતમાં, વસુંધરા! જિંદગીના અંત કાળે તારી પાસે ઘૂંટણિયે પડીને પ્રેમની ભીખ ન મગાવું તો મારું નામ સૂર્યકાંત નહીં.

શ્રીજી વિલાથી પાછા ફરીને સૂર્યકાંતનું મન વસુ સાથે લડી લેવા કટિબદ્ધ થઈ ગયું હતું આજથી પચ્ચીસ વર્ષ પહેલાં જે મનઃસ્થિતિ અને પરિસ્થિતિ હતી ત્યાં જ પાછા પહોંચી ગયા હતા સૂર્યકાંત અને એટલે જ જે ઘરની ચાર દીવાલમાંથી શરૂઆત થઈ હતી આ સમસ્યાની ત્યાં જ જઈને એનો ઉકેલ શોધવાનું નક્કી કરી લીધું એમણે!

*

રોજની જેમ જ સાડા છ વાગે ઘરમાં વસુમાનો અવાજ ગુંજવા લાગ્યો:

અબ સોંપ દિયા ઈસ જીવન કા સબ ભાર તુમ્હારે હાથોં મેં,
હે જીત તુમ્હારે હાથોં મેં ઔર હાર તુમ્હારે હાથોં મેં.

એમના હાથ સૂકાં પાંદડાં વીણતા હતા. હજી થોડા દિવસ પહેલાં જ વાવેલા લાલ મહેંદીના છોડને હળવેથી પંપાળતાં એમણે નવી કૂંપળ ફૂટી કે નહીં એ જોયું... ત્યાં અચાનક અંદરથી એક બીજો અવાજ એમની સાથે જોડાયો:

મેરા નિશ્ચય હૈ બસ એક યહી, એક બાર તુમ્હે પા જાઉં મૈં,
અર્પણ કર હું દુનિયાભર કા સબ પ્યાર તુમ્હારે હાથો મેં...

વસુમાના ઓરડામાંથી એક દરવાજો બગીચામાં સીધો ખૂલતો. સવારના સમયે વસુમા એ દરવાજો આખો ખોલી નાખતાં.

વસુમા સવારે એ દરવાજામાંથી સીધાં બગીચામાં નીકળી જતાં એટલે જ એમણે ડ્રોઇંગ રૂમમાં સૂતેલી અનુપમાએ નહોતી જોઈ, પણ પોતાના રોજના સમયે અનુપમાની આંખ ઊઘડી જ ગઈ હતી એટલે છ વાગ્યાની જાગી ગયેલી અનુપમા મોઢું ધોઈ વાળ બાંધીને જાતને ઠીકઠાક કરતી હતી ત્યાં જ એણે વસુમાના અવાજમાં ગવાતું ભજન સાંભળ્યું...

એ જાતને રોકી ન શકી અને પોતાના સુરીલા અવાજમાં એ ભજનો આગળનો અંતરો ગાતી-ગણગણાવતી બહાર નીકળી. એણે વસુમાને બગીચામાં કામ કરતાં જોયાં. વસુમાએ સાવ સ્વાભાવિકપણે બીજો અંતરો જવા દઈ ત્રીજો અંતરો અનુપમા સાથે મળીને ગાવા માંડ્યો:

જો જગ મેં રહું, જ્યોં જલ મેં કમલ કા ફૂલ રહે,
મેરે સબ ગુણદોષ સમર્પિત હો, કિરતાર તુમ્હારે હાથો મે...

થોડી તંદ્રામાં ને થોડી જાગતી વૈભવીએ એક બીજો અવાજ પણ સાંભળ્યો, પણ પછી એને થયું કે એ ભ્રમ હશે. અત્યારે સવારના પહોરમાં વસુમા સિવાય કોણ નવરું હતું ભજન ગાવા?

ભજન પૂરું થયું અને વસુમાએ પૂછ્યું:

'અલયની સાથે આવી?'

'તમે?'

'હું અલયની મા છું. મારો દીકરો તારાં ભારે વખાણ કરે છે. અનુપમા ઘોષ છે ને તું? બહુ ફિલ્મો નથી જોતી હું, પણ તારી ફિલ્મો મારો દીકરો જબરજસ્તી બતાવે છે.'

એમના ચહેરા પરના મૃદુ હાસ્યે અનુપમા આકર્ષાઈ ગઈ.

'અલય લકી છે, તમારા જેવી મા મળી છે. તમે બહુ સુંદર ગાવ છો અને કેટલાં સુંદર છો...'

'સુંદર તો તું પણ છે, બેટા અને કેટલી સારી અભિનેત્રી છે.'

'ખરેખર! મને તો ઍક્ટિંગ કરવી ગમતી જ નથી. રોજ રોજ ભાગી છૂટવાનું મન થાય છે. એવા અર્થ વગરના સંવાદ બોલાવે છે ઘણી વાર... ગમે એટલી સ્ક્રિપ્ટ વાંચો, ગમે એટલું નક્કી કરો, પણ છેલ્લે તો એ જ નૉનસેન્સ... એમાં જ હું નીકળી ગઈ કાલે સેટ પરથી... પેલા શર્માનો બચ્ચો મૅડમ... મૅડમ કરતો સમજાવતો રહ્યો, પણ મેં ના પાડી દીધી. જરૂર વગરના સીનમાં શું કામ ભેટવાનું ને શું કામ ચોંટવાનું? ખરી લાગણી તો આંખમાં પણ વ્યક્ત થઈ શકે.'

'સાચી વાત છે, બેટા. અમારા જમાનાની ફિલમોમાં શરીરનું આટલું બધું મહત્ત્વ નહોતું. હવે તો જાણે પેઢી જ

બદલાઈ ગઈ છે, વિચારો બદલાઈ ગયા છે...'

'ના, ના, ખરેખર તો સમય બદલાઈ ગયો છે.'

વસુમા જોઈ રહ્યાં એક ક્ષણ માટે આ છોકરીની સામે. કેટલી મોટી વાત કહી હતી એણે!

સમય જ તો બદલાઈ ગયો હતો અને સમય બદલાય ત્યારે બધું જ બદલાઈ જાય. આ જ ઘર, આ જ સંતાનો, એ જ સૂર્યકાંત અને એ જ પોતે... પણ આજે બધું જ જુદું હતું!

'ચાલ, તારે ચા પીવી છે?'

'ક્યારની... રાતનું હેન્ગઓવર છે. માથું ફાટી જાય છે મારું.'

'દારૂ? બેટા...'

નહોતું કહેવું છતાં આ વહાલસોઈ છોકરીને જોઈને વસુમાથી રહેવાયું નહીં.

'હું નથી પીતી, કાલે કોઈકે મારા ફ્રેશ જ્યુસમાં બકાર્ડી મિક્સ કરી દીધું. થોડી હું ગુસ્સામાં હતી અને થોડી કંટાળેલી. એક જ ઘૂંટડામાં જ્યુસનો ગ્લાસ ખાલી કરી ગઈ...'

એનું નિર્દોષ હાસ્ય એની વાત સાચી છે એવું માનવા મજબૂર કરતું હતું.

બન્ને રસોડામાં પહોંચ્યાં ત્યારે જાનકી ચા લઈને બહાર આવતી હતી. એની ટ્રેમાં ત્રણ કપ જોઈને વસુમા માત્ર હસ્યાં. ત્રણે જણ બેસીને ચા પી રહ્યાં હતાં ત્યારે લજ્જા કૉલેજ જવા નીચે ઊતરી...

એ તો અનુપમાને જોઈને ઊછળી પડી.

'ઓહ, માય ગૉડ! ઓહ, માય ગૉડા! ચાચુ... ચાચુ... ચાચુઉઉઉઉ...' એણે ઘર ગજાવી મૂક્યું.

'શું છે?' જાનકીએ પૂછ્યું.

આ... આ...

'અનુપમા છે. સાચી છે.' જાનકી હસી.

'ચાચુને ખબર છે?'

'તારા ચાચુની સાથે જ આવી છે.'

'હાયલા! ચાચુ તો ખરા છે, હો. જ્યારે એ મને કહેતા હતાને કે એક દિવસ અનુપમાને આ ઘરના ડાઇનિંગ ટેબલ પર જમાડીશ ત્યારે મારા માન્યામાં નહોતું આવતું, બટ હી ડિડ ઈટ, હી મેઈડ ઈટ!'

લજ્જાએ નજીક આવીને અનુપમાનો હાથ પકડી લીધો:

'તમે, તમે છોને અહીંયાં? હું... હું મારી ફ્રેન્ડ્સને ફોન કરું?'

અનુપમાએ હસીને ડોકું ધુણાવ્યું.

'રહેવા દે, બેટા અહીંયાં ભીડ ભેગી કરવાનો કોઈ અર્થ નથી.'

'દાદી, શું તમે પણ... તમને ખબર છે, અમે બધાં અનુપમાજીનાં કેટલાં મોટાં ફેન છીએ?'

'બેટા, લોકોને ખબર પડશે તો ભીડ ભેગી થઈ જશે. બિચારીને અહીંથી નીકળવું ભારે થઈ પડશે.'

જાનકીએ લજ્જાને સમજાવી.

'ઓકે, પણ તમે અહીંયાં રહેજો, હોં! હું બ્રેકફાસ્ટ કરીને જઈશ અને તરત જ પાછી આવી જઈશ.'

'એને કામ હશે, બેટા, એ તો અલયને મળીને નીકળી જશે.'

અલય...

જાણે યાદ કરતી હોય એમ અનુપમાએ હોઠ ફફડાવ્યા:

'ક્યાં છે એ?'

'ઉપર... છેક ઉપર રૂમ છે એમનો...' જાનકીએ કહ્યું.

'હું આવું.' ચાનો ખાલી કપ મૂકીને અનુપમા ઊભી થઈ અને સીડી ચડવા લાગી:

'ઉપર જઈને કઈ બાજુ?'

વસુમા એની અનૌપચારિકતા જોઈ રહ્યાં. પછી હળવેથી હસીને કહ્યું:

'આ સીડી એના રૂમમાં જ પૂરી થશે.'

'રાત્રે શ્રેયા આવી હતી.' જાનકીએ કહ્યું:

'ખૂબ ગુસ્સામાં હતી.' અલયભાઈ આને ઊંચકીને લાવ્યા રાત્રે...'

'એટલે પતિ-પત્ની ઔર વોહ?'

લજ્જાએ ગૉસિપના રસથી તાળી પાડી. 'વાઉ!'

'લજ્જુ...' જાનકીએ જરાક આંખો કાઢી:

'મા, રાત્રે અજય...'

'જાણું છું. સૌ ઇચ્છે છે કે એમના પિતા અહીં આવીને રહે, પણ બેટા, આ એમનું ઘર છે. મને શું વાંધો હોય? આજે નાસ્તાના ટેબલ પર બધાં ભેગાં થાય ત્યારે કહીશ હું.'

પછી વસુમા ઊભાં થઈને રસોડા તરફ ચાલી ગયાં.

'કાકી, શું લાગ છે? લફરું થશે?'

લજ્જાની આંખોમાં કુતૂહલ હતું.

'કાંઈ નથી થવાનું... હવે તારા ચાચુની ફિલમ બનશે એ નક્કી.'

ફિલમ બનશે કે ફિલમ ઊતરશે?'

લજ્જા જોરથી હસી પડી.

*

પહેલા માળનો બેડરૂમ અને બે ગેસ્ટ રૂમ વટાવીને જે પેસેજ સીડી તરફ જતો હતો એની બન્ને તરફ મોટાં મોટાં કૂંડાં મૂક્યાં હતાં. બ્લૂ પોટરીના બે હાથમાં સમાય એવડા મોટા કૂંડામાં રોપેલા બે ક્રિસ્મસ ટ્રી પાસેથી પસાર થઈને એક સીડી અલયના માળ તરફ જતી. એ સીડી અલયના ઓરડામાં જ પૂરી થતી.

એક બેડરૂમ, એની સાથે જોડાયેલો નાનકડો સ્ટડી, બાથરૂમ અને પેન્ટ્રી સાથેનો આ સેલ્ફ સફિશિયન્ટ સ્ટુડિયો એપાર્ટમેન્ટ હતો. અલયની ખૂબ ઇચ્છા હતી કે એની સીડી ઘરથી બહાર મૂકવામાં આવે, પરંતુ વસુમાએ એની સ્પષ્ટ ના પાડી હતી:

ઘરની બહારથી કોઈ ઘરમાં દાખલ નહીં થાય... ઘરમાં દાખલ થવા માટે એક જ પ્રવેશદ્વાર રહેશે...

અલયના ઓરડામાં દાખલ થતાંની સાથે એક અસ્તવ્યસ્તતાનું સામ્રાજ્ય જોવા મળતું. જમીન પર નાખેલી ગાદી, એની આસપાસ વીખરાયેલાં પુસ્તકો રાતના જોતાં જોતાં ચાલુ રહી ગયેલું ટેલિવિઝન તો ક્યારેક ચાલુ રહી ગયેલું કમ્પ્યૂટર...

અલયની છાતી પર એક પુસ્તક ઉઘાડું હતું. ઘસઘસાટ ઊંઘતા અલયને જોઈને અનુપમાને વહાલ આવી ગયું. એ જે દુનિયામાં જીવતી હતી ત્યાં સ્ત્રીની કિંમત શરીરથી વધારે નહોતી જોઈ એણે. પુરુષોની નજર એનાં વસ્ત્રોની આરપાર થઈને નીકળી જતી. એને ટેવ પડી ગઈ હતી એવી નજરની...

ફિલ્મી દુનિયામાં જ્યાં એ જીવતી હતી ત્યાં બધું જ બનાવટી હતું. હસવું રડવું, સંબંધો, દોસ્તી... બધું જ લેવડ-દેવડ પર આધારિત હતું. કોઈ કોઈની મદદ શું કામ કરે? જો એને કંઈ મળવાનું ન હોય તો?

મેરા ક્યા? એ ફિલમી દુનિયાનો ફેવરીટ પ્રશ્ન હતો.

બાળપણથી જ અનાથ અનુપમા કોલકાતાના એક મિશનરી આશ્રમમાં ઉછરીને મોટી થયેલી. અનુપમા કૉલેજમાં હતી ત્યારે શૂટિંગ જોવા ઊભી હતી. પહેલી ટેલિવિઝન સિરિયલની ઑફર આવી... માત્ર પૈસા ખાતર એ વખતે અભિનય કરવાનું સ્વીકાર્યું અને પછી એ ટેલિવિઝન સિરિયલથી સીધી પહેલી ફિલમ...

અનુપમાએ જાતે બહુ સ્ટ્રગલ નહોતી કરવી પડી, પણ એ જોતી - રોજરોજ છોકરીઓને અહીંયાં આવતી, અભિનેત્રી બનવાનાં સપનાં લઈને કો'કની પથારીમાં રગદોળાતી... કો'કને વળી બે-ચાર રોલ મળતા તો કોઈક સાવ ભુલાઈ જતી.

આવી દુનિયામાં એક એવો માણસ પણ હોય કે જેણે નશામાં ધૂત છોકરીને પોતાના ઘરમાં લાવીને આશ્રય આપ્યો હતો!

ઘસઘસાટ ઊંઘતા અલયનો ઝભ્ભો! ખભા પરથી સરકી ગયો હતો. એની આંખો મીંચેલી હતી. ચહેરા પર

જાણે એક અત્યંત સરળ-નિર્દોષ ભાવ હતો.

અનુપમાને જઈને એને વહાલ કરવાનું મન થઈ ગયું. એ એની નજીક ગઈ. એના પર ઝૂકી અને હળવેથી અલયના ચહેરા પર હાથ ફેરવ્યો...

પછી અચાનક પોતે જ ચોંકી ઊઠી:

આ શું થઈ ગયું છે મને? આ શું કરી રહી છું હું? હું કોઈના ઘરમાં છું.

આવી રીતે ઉપર આવી જવું શોભે મને? શું ધારશે એ લોકો? આ છોકરાને કેટલો ઓળખું છું હું? ઓહ, માય ગૉડ!

એ ઊભી થઈ ગઈ અને સડસડાટ પગથિયાં ઊતરીને નીચે આવતી જ હતી કે વૈભવીના રૂમનો દરવાજો ખૂલ્યો.

ઑરેન્જ કલરનો ડ્રેસિંગ ગાઉન પહેરીને વૈભવીએ બારણું ખોલીને બૂમ પાડી:

'જાનકી... કૉફી નથી બની હજુ?'

એના છેલ્લા શબ્દો જાણે એના ગળામાં જ અટવાઈ ગયા. એ અનુપમા ઘોષને જોઈને ડઘાઈ ગઈ.

'ત... ત... તમે?'

'હું કોઈ ભૂત હોઉં એમ બધાં ડઘાઈ કેમ જાય છે?'

અનુપમા ખડખડાટ હસી. પછી એણે હાથ લંબાવ્યો. વૈભવીનો હાથ લગભગ ખેંચીને પોતાના હાથમાં લઈને હેન્ડશેક કર્યા:

'અનુપમા ઘોષ... તમે?'

'વ... વ... વૈભવી! પણ તમે અહીંયાં કઈ રીતે?'

'લાંબી સ્ટોરી છે, તમે કૉફી પી લો પછી કહીશ.'

અને અનુપમા પેસેજ વટાવીને સડસડાટ ડ્રોઇંગ રૂમમાં ઊતરવા જ જતી હતી કે એની નજર મુખ્ય દરવાજો ખોલીને ઊભેલાં વસુના પર પડી

દરવાજા પર એક પ્રતિભાશાળી પુરુષ અને એક પરદેશી છોકરી બૅગ-બૅગેજિસ સાથે ઊભાં હતાં અને વસુમાની અનુપમા તરફ પીઠ હોવા છતાં એક અભિનેત્રી તરીકે, એક સ્ત્રી તરીકે એ એમના શરીરમાં આવેલાં કંપન અનુભવી શકતી હતી...

'આવો, કાંત.'

એમણે લક્ષ્મીને ભેટીને માથે હાથ ફેરવ્યો અને પાછળ ફરીને બૂમ પાડી:

'અજય... અભય... બાપુનો સામાન અંદર લઈ લો.'

'વસુ, મેં નક્કી કર્યું કે હું જેટલા દિવસ ભારતમાં છું એટલા દિવસ આ ઘરમાં જ રહીશ.'

સૂર્યકાંતે ડ્રોઇંગ રૂમમાં દાખલ થતાં થતાં કહ્યું. એમના અવાજમાં સહેજ તોછડાઈ કે રુક્ષતા હતાં, કદાચ.

અનુપમા અડધી સીડી પર ઊભી રહીને એમને જોઈ રહી હતી. જીન્સ, ઓપન કૉલરનું સ્કાય બ્લૂ ગેપનું ટી-શર્ટ, મોંઘી ઘડિયાળ અને દાખલ થતાંની! સાથે આખા ઘરમાં પ્રસરી ગયેલી જ્યોર્જિયો અરમાની પરફ્યૂમની સુગંધ...

'ખૂબ સારું કર્યું.'

વસુમાનો અવાજ એટલો જ મમતાળુ અને સ્નિગ્ધ હતો.

પોતાના ઓરડામાંથી નીકળીને અજય દોડતો આવ્યો. એ સૂર્યકાંતને ભેટી પડ્યો. માની બૂમ સાંભળીને અભય પણ સડસડાટ સીડી ઊતરીને નીચે આવ્યો. એણે રસ્તામાં ઊભેલી અનુપમાને જોઈ ખરી, પણ બહુ નોટિસ ન કરી. આગળ આવીને એણે પણ સૂર્યકાંતના હાથ પકડી લીધો:

'હું આજે તમને લેવા આવવાનો જ હતો.'

'પણ હું જાતે જ આવી ગયો.'

સૂર્યકાંતે અભયનો ખભો થાબડો અને એના ખભે હાથ મૂકીને સોફા તરફ આગળ વધવા માંડ્યું. પછી વસુમા તરફ જોઈને એક પત્તું ફેંકતા હોય એમ ઉમેર્યું:

'આટલે દૂરથી જાહેરખબર આપીને બોલાવ્યાં છે મને તો હવે હોટેલમાં શું કામ રહું?

અજયની આંખોમાં હજીય પાણી હતાં.

'બાપુ... બાપુ...!'

'હું સમજું છું, બેટા, તમારી માએ આટલાં વર્ષ તમારી કાળજી લીધી છે, પ્રેમ કર્યો છે તમને, ઉછેર્યા, ભણાવ્યા-ગણાવ્યા, તમે એની મરજી વિરુદ્ધ જઈને મને આ ઘરમાં રહેવાનું કઈ રીતે કહી શકો?'

'કાંત! મારી મરજી વિરુદ્ધ? પણ મારી મરજી શું કામ ન હોય?'

'શુ કામ હોય? આટલાં વર્ષ એકચક્રી શાસન કર્યું છે તેં... આ ઘર પર, તારાં...' પછી તરત સુધાર્યું:

'આપણાં સંતાનો પર.'

'કાંત જે ફરજ બજાવે એ અધિકારો તો ભોગવે જ ને?'

'વસુ, પચ્ચીસ વર્ષ ઘરથી દૂર રહીને મને એક વાત સમજાઈ ગઈ છે. માણસે પોતાનું ખોવાયેલું ધન ત્યાં જ શોધવું જોઈએ જ્યાં ખોવાયું હોય... બીજે ક્યાંય જઈને શોધવાથી એ નથી મળતું.'

ઉપર ઊભેલી વૈભવીના ચહેરા પર એક સ્મિત આવી ગયું. કોઈ કાંઈ પણ કરે, નસીબ એનો સાથ આપતું હતું. સૂર્યકાંત આ ઘરમાં આવ્યા હતા. એટલું જ નહીં, પણ વસુમા માટેની કડવાશનો પચ્ચીસ વર્ષ જુનો એકડો

પાર્ટીમાં લખીને ભેગો લઈ આવ્યા હતા. એ ઘૂંટાવતાં વૈભવીને વાર નહોતી લાગવાની.

'પપ્પાજી, વેલ કમ હોમ. આજે તમે સાચા અર્થમાં તમારે ઘેર પાછા ફર્યા છો અને અમે સૌ તમારું સ્વાગત કરીએ છીએ.'

એણે ઉપર જ ઊભાં ઊભાં કહ્યું અને ચૂપચાપ ઊભી રહીને આ આખું દૃશ્ય જોઈ રહેલી લજ્જાને કહ્યું:

'દાદાજીને પગે લાગ.'

અને પછી ખૂબ ચાલાકીપૂર્વક ઉમેર્યું:

'લક્ષ્મી ફોઈનો સામાન ઉપર લઈ આવ અને દાદાજીનો સામાન દાદીના રૂમમાં...'

લજ્જા સામાન ઊંચકવા જ જતી હતી કે જાનકીએ વસુમાનો ચહેરો જોઈને કહ્યું:

'હમણાં રહેવા દે, પહેલાં નાસ્તો કરી લઈએ. આવો, પપ્પાજી...'

સૂર્યકાંત આવીને ડાઇનિંગ ટેબલ પર ગોઠવાયા.

વસુમાને અડોઅડ એમના ગળામાં બન્ને હાથ બાંધીને લક્ષ્મી પાછળ ઊભી રહી.

'મા, તમે ક્યાં બેસશો?' એણે પૂછ્યું.

'કેમ, તારે મારા ખોળામાં બેસવું છે?' વસુમા હસ્યાં.

'બેસાડશો?'

લક્ષ્મી એમના ખભે દાઢી ટેકવીને એમને વહાલ કરી રહી હતી. સૂર્યકાંતને અચાનક જ ઇનસિક્યોરિટી થઈ આવી.

'ચલ, હવે લાડકી થયા વિના બેસી જા ચૂપચાપ.'

લક્ષ્મી પિતાની સામે જોઈ રહી. આ ટોનમાં પિતાએ પહેલાં ક્યારેય વાત નહોતી કરી.

'ચાલ, બેટા.'

વસુમાએ કહ્યું અને વારાફરતી બધાં ગોઠવાયાં. અનુપમા હજી ત્યાં જ, સીડી પર જ ઊભી હતી. સૂર્યકાંતના આગમન સાથે જ બદલાઈ ગયેલા વાતાવરણમાં કોઈને એની હાજરી યાદ જ ન આવી કદાચ.

સડસડાટ નીચે ઊતરતો અલય રસ્તામાં ઊભેલી અનુપમાને ઘસાયો. અનુપમા એ જ વખતે પાછળ ફરી અને અલયની છાતી સાથે અથડાઈ. એને પડતી બચાવવા અલયે એની આસપાસ હાથ વીંટાળ્યો અને અનુપમાએ કઠેડાનો સહારો લીધો. બન્ને માંડ પડતાં બચ્યાં, પણ એકબીજાના શ્વાસ અથડાઈ જાય એટલાં સમીપ આવી ગયાં...

અનુપમાએ અલયની આંખોમાં જોયું...

આવી ઊંડી, પૌરુષત્વથી સભર આંખોમાં જાણે એક ડૂબકી મારી દીધી એણે...

'દરેક વખતે મને મળો ત્યારે પડી જવું જરૂરી છે?' અલયે પૂછ્યું.

'તમે જ પાડી નાખો છો ને તમે જ સંભાળી લો છો...'

ખડખડાટ હસી પડ્યો અલય:

'કેટલો ફિલમી સંવાદ છે, નહીં? પણ મૅડમ, આ સેટ નથી, મારું ઘર છે... અને હું એક્ટર નથી બનવા માગતો, ડિરેક્ટર બનવા માગું છું...'

'ક્યારે શરૂ કરશો ફિલમ?'

અનુપમાની આંખોએ હજીય અલયની આંખ સાથેનો તાર બાંધી જ રાખ્યો હતો.

'એ તો તમારા પર છે, મૅડમ, તમારા વિના ફિલમ ન કરવી એવું નક્કી છે અને એટલે જ કદાચ. આજ સુધી મારી ફિલમ કાગળ પર રહી છે.'

'તમારી ફિલમ આવતા વર્ષ આઇનૉક્સ મલ્ટિપ્લેક્સમાં પ્રીમિયર જોશે... સ્ટાર સ્ટડેડ પ્રીમિયર.'

'લેટ'સ સી, મારી પાસે સફેદ કાગળ પર કાળા અક્ષરથી વધારે કંઈ નથી.'

'લાલ-લીલા કાગળની વ્યવસ્થા હું કરી દઈશ. ગીવ મી ધ બજેટ ઍન્ડ મેક ધ કૉન્ટેક્ટ રેડી...'

એના હાથમાંથી માછલીની જેમ સરકીને અનુપમા ક્યારે સીડી ઊતરી ગઈ એ ડઘાયેલાં, બઘવાયેલા અલયને સમજાયું નહીં.

*

બ્રેકફાસ્ટ પૂરો થયા પછી અજય સામાન ઉપાડીને વસુમાના ઓરડા તરફ આગળ વધ્યો ત્યારે વસુમાએ હળવેકથી પૂછ્યું:

'શું કરે છે, અજય?'

'બાપુનો સામાન તારા રૂમમાં મૂકું છું.'

'રહેવા દે...'

બધાંના ચહેરા પર એક અસમંજસ, એક કુતૂહલ તરી આવ્યું.

'કેમ? મને પાછો હોટેલમાં મોકલવાનો છે?'

'દેવશંકર મહેતાના ઘરમાં આવેલા મહેમાનોને પાછા કાઢવાનો રિવાજ ક્યાં છે?'

અને પછી હળવેકથી અજય તરફ ફર્યાં:

'ઉપરના બન્ને ગેસ્ટ રૂમ ખોલી નાખ અને સામાન ઉપર લઈ જા.'

ઘરમાં હાજર આખુંય મહેતાકુટુંબ સ્તબ્ધ થઈ ગયું.

વસુમાના ચહેરા પર બધાંની આંખો જાણે કશું શોધી રહી હતી પણ એ ચહેરા પર કોઈ ભાવ જ નહોતો. સિવાય કે શાંતિ અને રાબેતા મુજબની સ્વસ્થતા...

* * *

26

સંજીવ એક કલાકથી અનુપમા સાથે માથાં ઝીંકી રહ્યો હતો. અનુપમાએ આખા મહિનાની બધી ડેટ કેન્સલ કરી હતી અને સળંગ તારીખો અલયને આપવાનું એ કહી રહી હતી.

'પણ મૅડમ, એની ફિલમનાં હજુ ઠેકાણાં નથી.' 'પડશે, પડશે. એનું ઠેકાણું પડી જશે, મેં શૈલેષ સાવલિયા સાથે વાત કરી છે. એક સારા માણસે બીજા સારા માણસ સાથે ધંધો કરવો જોઈએ... શૈલેષ સાવલિયાએ બે હિટ પિક્ચર આપ્યાં છે. આ ત્રીજું પણ...'

'મૅડમ, તમે એને ઓળખો છો? ફ્રોડ હશે તો?'

'નહીં હોય.'

'પણ મૅડમ, રાજીવ ગુપ્તા, મહેશ આચરેકર અને મકસૂદ મુસ્તાક... મૅડમ, આ બધાને આપણે તારીખો આપી છે. સની, અક્ષય... આ બધાની પણ કૉમ્બિનેશન ડેટ લીધેલી છે. તમારે નેક્સ્ટ વીક સોન્ગ પિક્ચરાઇઝેશન માટે યુરોપ જવાનું છે...'

'જે હોય તે, અલય મહેતાની તારીખો ઍડ્જસ્ટ કરો. એની શૈલેષ સાવલિયા સાથે મિટિંગ કરાવો. જોઈએ તો મારી ડેટ્સ ડબલ શિફ્ટમાં કરી નાખો.'

'મૅડમ, તમે? તમે ડબલ શિફ્ટમાં કામ કરશો?'

'જરૂર પડશે તો કરીશ, આપણે કોઈનું નુકસાન નથી કરવું. બટ યસ, મેં પ્રોમિસ કર્યું છે અલયને, આવતા વર્ષે એની ફિલમનું પ્રીમિયર આઈનોક્સમાં કરશું...'

'મૅડમ, તમે પણ...'

'સંજીવ, ડુ એઝ આઈ સે...'

એણે પોતાનો મોબાઇલ ઉપાડ્યો અને નંબર ડાયલ કર્યો:

શૈલેષભાઈ, નમસ્કાર... અનુપમા વાત કરું છું.'

'મૅડમ... મૅડમ... કેટલા ફોન કર્યા મેં!'

'એટલે જ મેં આજે સામેથી ફોન કર્યો છે. સંજીવને આપું છું, એક નવો છોકરો છે, વેરી ટેલેન્ટેડ... હું પિક્ચર કરું છું, તમારે પ્રોડ્યુસ કરવું છે?'

અને પછી સંજીવની હાથમાં ફોન પકડાવીને એ અંદર ચાલી ગઈ.

*

નીરવ અને અલય લોખંડવાલાની બરિસ્તા કૉફી શોપમાં બેઠા હતા.

અલયના ચહેરા પર અકળામણ સ્પષ્ટ દેખાતી હતી.

‘મને તો એ જ નથી સમજ પડતી કે તારી જિંદગીમાં જ્યારે બધું સારું થઈ રહ્યું છે ત્યારે એ માણસની હાજરી તને આટલી ડિસ્ટર્બ કેમ કરે છે?’

‘મને તો એનું નામ પણ ડિસ્ટર્બ કરે છે, એનો અવાજ પણ ડિસ્ટર્બ કરે છે. રોજ સવારે બ્રેકફાસ્ટ ટેબલ પર એનું ડાચું જોવું પડે છે.’

એણે પેપર નૅપ્કિન પછાડ્યો.

‘તું અનુપમાનો વિચાર કર. તને કોઈનો વિચાર નહીં આવે.’ નીરવ આંખ મારીને હસ્યો.

‘રહેવા દે, ભાઈસા’બ. એનું નામ પણ ન લઈશ.’

‘કેમ, શું થયું?’

‘અનુપમાનું નામ લેતાંની સાથે શ્રેયા પ્રગટ થાય છે. છેલ્લા બે દિવસથી એણે જિંદગી હરામ કરી નાખી છે મારી.’

‘અચ્છા?!’

‘હા, પહેલાં મારી ફિલમ બને એ માટે રાત-દિવસ મહેનત કરતી હતી. હવે આ ફિલમની વાત કાઢું ને ચિડાય છે. અનુપમા પણ કારણ વગરનો રસ લે છે મારામાં...’

‘શૈલેષ સાવલિયાનું શું થયું એ કહેને?’

‘એ વળી ત્રીજો નમૂનો છે. કરોડ રૂપિયા બૅગમાં લઈને આવેલો. મને કહે છે, અનુપમાએ કહ્યું છે તમને કરોડ રૂપિયા આપવાનું... મારી તો ફાટી ગઈ, આંખો.’

‘તો હવે? અટક્યું છે ક્યાં?’

‘ક્યાંય નહીં, પેલી ચક્રમ તો ડેટ ખાલી કરીને બેઠી છે. દિવસમાં ત્રણ-ત્રણ ફોન કરે છે. એના જ્યોતિષ પાસે મુહૂર્ત કઢાવ્યું છે.’

‘લગ્નનું?’

‘ચૂપ મર... ચૂપ મર... હમણાં પેલી પ્રગટ થશે. ગઈ કાલે આખી રાત ઝઘડી છે મારી સાથે...’

‘ટૂંકમાં મુહૂર્ત ક્યારનું છે?’

નીરવે કૉફીનો સિપ લીધો.

‘સોમવારનું.’

‘સ...સ...’ નીરવને અંતરસ જતી રહી:

'તું પરમ દિવસે પિક્ચર ચાલુ કરે છે અને કોઈને કહ્યું જ નથી? મુહૂર્ત ક્યાં અને ક્યારે કરવાનો છે? કાસ્ટ નક્કી થઈ ગઈ?'

'આજે અભિષેકનો જવાબ આવશે. અનુપમાએ જાતે વાત કરી છે. હા પાડશે એટલે શૈલેષ જઈને ત્રીસ લાખ એડ્વાન્સ આપી આવશે...'

'તારી તો ચાલી નીકળી, ભાઆઆઈઈઈ...!'

'પણ વાટ લાગી છે.'

'કેમ?'

'અનુપમાએ મુહૂર્ત ક્લૅપ આપવા માટે દિલીપસા'બ સાથે વાત કરી છે અને કૅમેરા માટે અશોક મહેતાની તારીખો ખાલી કરાવી છે.'

'આ બાઈ તને રસ્તા પર લઈ આવશે.'

'તે અમથોય ક્યાં મહેલમાં રહું છું?'

'બૉસ! તારા બાપનાં પગલાં શુકનિયાળ તો માન જ. એ આવ્યો ને બીજા દિવસે તારી ફિલમનું ઠેકાણું પડી ગયું...'

નીરવે કહ્યું અને અલયના ચહેરા પર એક ન સમજાય એવો તિરસ્કાર ધસી આવ્યો. એ સણસણતો જવાબ વાળે એ પહેલાં એનો મોબાઇલ રણક્યો. એણે નંબર જોયા વિના જ ફોન ઉપાડી લીધો.

'હાઈ, હું... અનુપમા!'

'બોલો'

એના ચહેરા પર ક્ષણ વાર પહેલાં ધસી આવેલા તિરસ્કાર પછી એના અવાજની કડવાશ કદાચ અનુપમા સુધી પહોંચી ગઈ.

'મૂડ સારો નથી?'

'બોલો.'

'ઓકે, મેં શૈલેષ સાવલિયા સાથે વાત કરી લીધી છે. અભિષેકની ડેટ્સ આ અઠવાડિયામાં ખબર પડી જશે. એણે સ્ક્રિપ્ટ માગી છે. આપણે આપી શકીશું? બાઉન્ડ સ્ક્રિપ્ટ?'

'મારી પાસે રેડી જ છે.'

'તો એક મને અને એક એને મોકલવી પડશે. બાકીનું હું સંભાળી લઈશ. મુહૂર્તના કાર્ડનું પ્રૂફ આવી ગયું છે. તમે જોશો કે હું ઓકે કરી દઉં?'

ક્ષણ વાર અટકીને અલયે કહ્યું: 'હું જોઈશ.'

'તો તરત જ આવવું પડશે, કારણ કે હમણાં પ્રૂફ ઓકે કરશો તો જ સાંજે કાર્ડ હાથમાં આવશે. કાલે બપોર સુધી બધાને મળે તો જ પરમ દિવસે સોમવાર સાંજના બધા આવી શકે.'

'હું આવું છું.'

અલયે ફોન કાપી નાખ્યો:

'તને ટાઇમ છે?'

'શાના માટે?'

'મુહૂર્તનાં કાર્ડ જોવાનાં છે અને સ્ક્રિપ્ટ આપવાની છે અનુપમાને.'

'ચાલ, મને કંઈ વાંધો નથી.'

બન્ને ઊભા થયા અને બરિસ્તાની બહાર નીકળી ગયા.

*

અભય આવીને ઑફિસમાં બેઠો.

ત્રણ દિવસથી એ ઑફિસ આવી શક્યો નહોતો. પહેલાં દિલ્હી અને પછી સૂર્યકાંત મહેતાના અણધાર્યા આગમનને કારણે અભય જરા અટવાઈ ગયો હતો. એ જેવો ઑફિસમાં આવીને બેઠો કે તરત એની નજર પ્રિયાની ખુરશી પર પડી. પ્રિયા એના ટેબલ પર બેસીને કંઈ કામ કરી રહી હતી. ડૉક્ટરે એની મનઃસ્થિતિ જોતાં એને આરામ કરવાનું કહ્યું હતું.

અભય ઊભો થઈને પ્રિયાના ટેબલ પાસે ગયો.

'તને આરામ કરવાનું કહ્યું છે ને?'

'તે અહીં ક્યાં મારે ઘઉંની ગુણ ઊંચકવાની છે? બહુ કામ પેન્ડિંગ છે અભય, બહુ બધું પતાવવાનું છે. રજા મને પોસાય એમ નથી.'

'પ્રિયા, તને કેમ સમજાતું નથી કે તું હજુ...'

'અભય, મને શરીરના નહીં, મનના આરામની જરૂર છે અને મનનો આરામ મને તમારી સાથે જ મળે છે, નજર સામે તમને જોઉં એટલી વાર મન જાણે શાંત થઈ જાય છે.'

એની આંખોમાં હલકી ભીનાશ હતી:

'ઘેર પડી પડી આડાઅવળા વિચાર કરું એના કરતાં અહીં આવીને કામ પતાવું એ જ સારું.'

અભય ક્ષણ વાર એની સામે જોઈ રહ્યો. પછી કાચની કેબિનમાંથી આખી ઑફિસ જોતી હશે એવો ખ્યાલ હોવા છતાં એણે પ્રિયાના ગાલ પર હાથ ફેરવ્યો-અત્યંત માર્દવથી, અત્યંત કુમાશથી અને કહ્યું:

'જિદ્દી છે તું.'

અને પછી એ પોતાની ચૅર તરફ ગયો.

પ્રિયા એને જતો જોઈ રહી અને મનોમન બબડી:

તમારી સાથે એક ઘરમાં તો જીવી શકતી નથી. ઍટલીસ્ટ અહીં ઑફિસના કલાકો તો તમારી આસપાસ ગાળી લઉં. તમને ક્યારેય નહીં સમજાય, અભય કે હું તમને કેટલો પ્રેમ કરું છું...

પ્રિયાની વાત જાણે વગર કહ્યે સંભળાઈ ગઈ હોય એમ પ્રિયાનો ઇન્ટરકોમ રણકી ઊઠ્યો:

આઈ લવ યુ. સ્વિટ હાર્ટ!

ને પ્રિયા શરમાઈ ગઈ.

*

વસુમા પોતાના ઓરડામાં બેસીને કંઈક વાંચી રહ્યાં હતાં.

સૂર્યકાંત એમના ઓરડાના દરવાજા સુધી આવીને ઊભા રહ્યા. વસુમા વાંચવામાં મશગૂલ હતાં. સૂર્યકાંતે ખોંખારો ખાધો.

‘અરે, કાંત આવો, આવો...’

સૂર્યકાંત એમના ઓરડામાં દાખલ થયા:

‘શું વાંચે છે?’

‘મહર્ષિ અરવિંદનું પુસ્તક છે સાવિત્રી પર... વેરી ઇન્ટરેસ્ટિંગ.’

‘શનિવારની સાંજે ઘેર બેસીને વાંચવાનું શું’

‘એટલે?’

‘ચાલ, ક્યાંક બહાર જઈએ.’

વસુમા આશ્ચર્યથી જોઈ રહ્યાં.

‘જુએ છે શું? આંટો મારવા બહાર ન જવાય? હું કંટાળ્યો છું ઘરમાં.’ પછી સહેજ અટકીને એમણે પૂછ્યું:

‘કે પછી મારી સાથે બહાર જવામાં કંઈ વાંધો છે તને?’

‘ચાલો.’

વસુમાએ પુસ્તકમાં વડનું સુકાયેલું પાન બુકમાર્ક તરીકે મૂક્યું અને ઊભાં થયાં:

‘હું જરા સાડી બદલી લઉં.’

ઑક્સફર્ડ બ્લૂ રંગની ફૂલવેલની બોર્ડરવાળી ઑફવ્હાઇટ સિલ્કની સાડી અને ઑક્સફર્ડ બ્લૂ બ્લાઉઝ પહેરીને

વસુમા ઓરડાની બહાર નીકળ્યાં ત્યારે સૂર્યકાંત મહેતા સોફામાં બેસીને એમની રાહ જોઈ રહ્યા હતા. એ ઘડીભર વસુમાની સામે જોઈ રહ્યા:

‘વસુ, તું ખરેખર સુંદર લાગે છે, આજે પણ.’

વસુમાએ હસીને કહ્યું:

‘બાકી, આજ સુધી મારી સામે તમે આટલા ધ્યાનથી જોયું છે ક્યારેય?’

‘એટલે નથી જોયું એનો અફસોસ તો છે...’

‘એના કરતાં એમ કહીએ કે આજે જોયું એનો આનંદ છે, તો? જે નથી કર્યું એનો અફસોસ કરવા કરતાં જે થઈ રહ્યું છે એનું સુખ માણીએને, કાંત?’

પછી ઉપરની તરફ જોઈને સહેજ બૂમ પાડી:

‘વૈભવી...’

વૈભવી પેસેજમાં આવી.

‘અમે બહાર જઈએ છીએ. થોડી વારમાં આવી જઈશું. જાનકી હમણાં શાકભાજી લઈને આવશે. પછી જો તમે ખાસ કાંઈ ન કરતાં હો તો એને થોડી મદદ કરશો?’

અને પછી સૂર્યકાંત તરફ ફરીને હળવેકથી કહ્યું:

‘જઈશું, કાંત?’

બન્નેને શ્રીજી વિલાનો મુખ્ય દરવાજો ખોલી પગથિયાં ઊતરીને પગથી પસાર કરી ગેટ સુધી જતાં વૈભવી જોઈ રહી:

આમ તો ધણી દીઠો ગમતો નથી અને હવે લટક-મટક તૈયાર થઈને ફરવા ઊપડ્યાં છે, સાસુમા! ગમે એટલાં નખરાં કરે, પણ એય સૂર્યકાંત મહેતાનો રુઆબ જોઈને પીગળી તો ગયાં જ છે... ફિલોસોફી એના ઠેકાણે રહી જવાની છે અને મારાં સાસુમા અમેરિકાભેગાં થઈ જશે. આખરે, ખાધું-પીધું ને રાજ કર્યું!

એ લુચ્ચું હસીને પોતાના ઓરડા તરફ પાછી વળી.

*

શનિવારની સાંજે સામાન્ય રીતે પતિ-પત્ની અલગ અલગ બહાર નહોતાં જતાં. બાકી આખું અઠવાડિયું અંજલિ પોતાના કાર્યક્રમ ઘડતી. એને જેમ ફાવે એમ, જેમ ગમે એમ કરવાની છૂટ જ હતી, પણ શનિવારની સાંજે રાજેશ જલદી ઘેર આવતો અને સામાન્ય રીતે બન્ને સાથે જ રહેતાં, ઘરમાં કે બહાર.

ગઈ કાલે આવેલાં ઇન્વિટેશન હજી ડ્રેસિંગ ટેબલ પર પડ્યાં હતાં.

અંજલિ અરીસામાં જોઈને તૈયાર થઈ રહી હતી. રાજેશ પાછળ જ બેડરૂમમાં જ બનેલા એક નાના સ્ટડી

કૉર્નર પર લૅપટૉપ લઈને કંઈ કામ કરવાનો દેખાવ કરી રહ્યો હતો. એની નજર સતત તૈયાર થઈ રહેલી અંજલિ પર હતી.

સામાન્ય રીતે અંજલિ આવા કાર્યક્રમોમાં જાય ત્યારે સાડી પહેરી જતી... મોંઘા દાગીના અને ટેસ્ટફુલી તૈયાર થઈને જતી. આજે એણે જીન્સ પહેર્યું હતું. સાથે સહેજ પેટ દેખાય એવું ટોપ. રાજેશ એને નવાઈથી જોઈ રહ્યો હતો. અંજલિ પરણી નહોતી ત્યાં સુધી એ આવાં જ કપડાં પહેરતી, જીન્સ-સ્માર્ટ સ્કર્ટ ટૂંકાં ટૉપ અને ચાંદીના કે રસ્તા પરથી ખરીદેલા ચિત્ર-વિચિત્ર દાગીના. રાજેશને અંજલિ એવાં જ વસ્ત્રોમાં ખૂબ ગમી ગઈ હતી, પરંતુ લગ્ન પછી સામાન્ય સંજોગોમાં રાજેશ એને આવાં વસ્ત્રો પહેરવાનું કહે તો પણ અંજલિ આનાકાની કરતી... જો કે રાજેશને અંજલિની સાડી કે સલવાર-કમીઝ પહેરવાની આ પરંપરાગત સજાવટ પણ ગમતી...

એ જોઈ રહ્યો હતો કે અંજલિ આજે સાવ જુદી રીતે તૈયાર થતી હતી. એ કંઈ બોલ્યો નહીં.

અંજલિ બહાર નીકળતાં પહેલાં હંમેશાં રાજેશને વહાલ કરતી:

જાઉં છું... અને કેટલા વાગે આવીશ એ બન્ને વાત કહીને જતી.

રાજેશ ગમે એટલી ના પાડે, પણ છેલ્લી ઘડી સુધી અંજલિ એને સાથે આવવાનો આગ્રહ કરતી મોટા ભાગે આવા કાર્યક્રમોમાં રાજેશ અંજલિને ઉતારીને ક્લબમાં જતો અને કાર્યક્રમ પૂરો થવાની તૈયારીમાં હોય ત્યારે દરવાજે આવીને ઊભો રહેતો, પણ આજે અંજલિએ છેક બેડરૂમનાં દરવાજા પાસે આવીને કહ્યું:

'સી યુ...'

'યાહ... સી યુ.'

રાજેશે કોઈ રિઍક્શન ન આપ્યાં.

'મૂકી જાઉં?'

રાજેશે બને એટલા નૉર્મલ રહેવાનો પ્રયાસ કરતાં પૂછ્યું.

'ના, હું ગાડી લઈને જ જઈશ.'

'તું ગાડી ચલાવે નહીં તો સારું. યુ આર નૉટ વેલ.'

'પ્રેગ્નન્સી કોઈ રોગ નથી, રાજેશ.'

અંજલિનો અવાજ આટલો ઊંચો છેલ્લાં પાંચ વર્ષમાં ક્યારેય નહોતો થયો.

એ સડસડાટ બેડરૂમની બહાર નીકળી ગઈ. રાજેશ એને જતી જોઈ રહ્યો. પછી હળવેથી ઊભો થયો. બેડરૂમના જ ખૂણામાં બનેલો અખરોટના લાકડાનો બાર ખોલ્યો. એક ડ્રિન્ક બનાવ્યું અને બેડરૂમને જોડાયેલી લગભગ અગાશી જેવડી ગૅલરીમાં આવીને ઊભો રહ્યો.

એણે કેટલું બધું કહ્યું, મારી સાથે લગ્ન કરીને જિંદગી બરબાદ થઈ ગઈ ત્યાં સુધી... અને મારું કહેલું એક વાક્ય એટલું મોટું હતું કે મને એક વાર પૂછી પણ ન શકી? હું જાત સાથે... આજે તો જરૂર જાત...

રાજેશ ગૅલરીમાં ઊભો ઊભો આવતા-જતા ટ્રાફિકને જોઈને મનોમન સંવાદ કરી રહ્યો હતો:

મારાં પાંચ-પાંચ વર્ષનો પ્રેમ એને દેખાયો નહી? અને એક વાક્ય એટલું બધું અડી ગયું?

રાજેશને આજે પહેલી જ વાર અંજલિ પર ચીડ આવી:

દીકરી તો એની માનીને... અભિમાની, ઈગોઈસ્ટ... પતિ ગમે એ કરે, આપણે આપણી કક્કો ખરો કરવાનો... અમથો જતો રહ્યો હશે આવો સૂર્યકાંત જેવો સારો માણસ!

*

એનસીપીએના કૅમ્પસમાં દાખલ થતાં અંજલિના હૃદયની ધડકન વધી ગઈ.

બિલકુલ લૅન્ડ્સ એન્ડ પર નરીમાન પૉઇન્ટના સાવ ખૂણામાં એનસીપીએનું થિયેટર આવેલું છે. નૅશનલ સેન્ટર ફૉર પરફૉર્મિંગ આર્ટ્સના નામે ઓળખાતા આ કૅમ્પસમાં ત્રણ થિયેટર, એક લાઇબ્રેરી, ઑફિસ, આર્ટ ગૅલરી અને કેફે આવેલાં છે.

અહીં દાખલ થતાં અંજલિને પાંચ વર્ષ પહેલાંનો એ દિવસ યાદ આવી ગયો, જ્યારે એણે જિંદગીને એક નવી દિશા આપવાનો નિર્ણય કર્યો હતો. એણે અહીંથી થોડાં જ ડગલાં દૂર આ જ ઊછળતા સમુદ્રના કિનારે શફ્ફાકને પોતાનો રસ્તો માપવાનું કહી દીધું હતું અને પાંચ વર્ષ પછી જિંદગી 180 ડિગ્રી બદલાઈને સાવ સામેના છેડે જઈને ઊભી હતી. એને એ નહોતું સમજાતું કે એ જઈને શફ્ફાકને કઈ રીતે મળશે? વર્ષોએ ઘણું બદલ્યું હતું, અંદર પણ ને બહાર પણ...

રાજેશને લઈને આવી હોત તો સારું થાત. ઍટલીસ્ટ કોઈ ઓળખીતું તો હોત સાથે!

કાર્યક્રમ સાંભળવા આવનારા છૂટાછવાયા નાનાં-નાનાં ટોળાંમાં ઊભા હતા. સૌ કોઈની ને કોઈની સાથે આવ્યા હતા. સુંદર સાડીઓ, રેશમી ઝભ્ભા-લેંઘા અને ડાયમંડ્સ... વિદેશી પરફ્યૂમ્સનો જાણે મેળો ભરાયો હતો.

કોઈ જોશે તો શું વિચારશે? અંજલિ ગૂંચવાઈ ગઈ હતી:

આવા કાર્યક્રમમાં આ શું પહેરીને આવી ગઈ હું? મગજ ખરાબ થઈ ગયું છે મારું, જૂના દિવસો તાજા કરવા માટે પહેલાં પહેરતી હતી એવાં કપડાં પહેરવાં જરૂરી છે?

અંજલિના મનમાં ગજબની ઊથલપાથલ ચાલતી હતી:

હવે હું કેવી દેખાઉં છું એનાથી શું ફેર પડશે શફ્ફાકને... ને મને પણ! આજનો એક કાર્યક્રમ છે, જે મારે સાંભળી લેવાનો છે અને પછી ભૂલી જવાનું છે કે હું શફ્ફાક અખ્તર નામના કોઈ માણસને ઓળખું પણ છું... હજી પણ બોલાવી લઉં રાજેશને, મને ખાતરી છે, એ ક્લબ નહીં ગયા હોય...

અંજલિને વિચાર આવ્યો પછી એના જ મને દલીલ કરી:

મૂકી જાઉં કહ્યું એને બદલે સાથે આવું કહ્યું હોત તો? કારણ વગરનો ઈશ્યૂ એમણે ઊભો કર્યો છે. હવે હું શું કામ સામેથી ફોન કરું?

એ ચૂપચાપ આવનારા કાર્યક્રમોનાં પોસ્ટર્સ જોતી ઊભી રહી હતી. કાચના કબાટમાં લગાડેલા પોસ્ટર્સ પર અંજલિનું પ્રતિબિંબ પડ્યું હતું. એણે અરીસાની જેમ પોતાના વાળ સરખા કરીને જાતને જોઈ અને એ ચોંકી:

એક તો નૈના કજરારે, ઓર ઉસપે ડૂબે કાજલ મેં
બીજલી બઢ જાયે ચમક, કુછ ઔર ભી ભીગે બાદલ મેં...

'જાંનિસારનો શેર છે. મેં જેટલી વાર સાંભળ્યો, મને દરેક વખતે એવું જ લાગ્યું કે તારે જ માટે કહ્યું છે.'

પહાડની ગુફાઓમાંથી આવતો હોય એવો ઘેરો ઘૂંટાયેલો અવાજ હતો. આ અવાજને વિશ્વભરના સંગીતપ્રેમીઓ એક આલાપથી ઓળખી જતા!

'શફ્ફી!'

'આગળ સાંભળ...

'સુબહા નહાને ઝૂડા ખોલે, નાગ બદન સે આ લીપટે,
ઉસકી રંગત, ઉસકી ખૂશ્બૂ મિલતી ઝૂલતી સંદલ સે...

'સુંદર લાગે છે, સહેજ પણ બદલાઈ નથી.'

'તું હજી અહીં છે? મને તો એમ કે...'

હસી પડ્યો શફ્ફાક:

'આમ તો ન હોવું જોઈએ, અંદર બધા મને શોધતા હશે ને હું તને બહાર શોધતો હતો... મને એમ કે સાડી પહેરેલી, ચાંદલો કરેલી એક ગુજરાતી ગૃહિણી જોવા મળશે. હું હજી હમણાં જ અહીંથી પસાર થયો, પણ મને થયું કોઈ કૉલેજની સ્ટુડન્ટ ઊભી છે.'

'જા જા, હવે!' અંજલિ શરમાઈ.

'અંજુ, મને બહુ જ આનંદ થયો કે તું આવી અને એથીય વધુ આનંદ થયો કે તું એકલી આવી.'

અંજલિના ચહેરા પર મિશ્ર ભાવ તરવરી ઊઠ્યા:

'એટલે એમાં એવું થયું કે એમને... અર્જન્ટ...'

ફરી હસી પડ્યો શફ્ફાક:

'જે થયું એ સારું થયું એવું નથી લાગતું?'

આઈ ડોન્ટ નો.

અંજલિના મનની વાત હોઠે આવી ગઈ.

'અંજુ, પ્રોગ્રામ પછી થોડી વાર તારી સાથે કૉફી પીવાની ઇચ્છા છે, આવીશ ને?'

'અ... બ... પછી? મોડું નહીં થઈ જાય?'

'મોડું તો થઈ જ ગયું છે, અંજુ. મને ખબર છે, હું તને ખોઈ બેઠો છું. જેટલી વાર એક સફળતા મળે છે એટલી વાર પરવીન શાકિરનો શેર યાદ આવી જાય છે.

'તું નહીં તો બુલંદી કા સફર કિતના કઠિન
સીડિયાં ચડતે હુએ ઉસને હર બાર યહી સોચા હોગા.'

એણે અંજલિનો હાથ પકડી લીધોઃ

'થોડીક વાર અંજલિ, પંદર મિનિટ! મારે મારી સફળતા તારી આંખોમાં જોવી છે, અંજલિ. મારા કાર્યક્રમ પછી પંદર મિનિટ મારે તારો અવાજ સાંભળવો છે.'

અંજલિ જરા સહેમી ગઈ. આસપાસ જોઈને એણે હાથ છોડાવી દીધોઃ

'જોઈશું, કેટલા વાગે છે એના પર આધાર છે.'

'તું કહે તો જલદી પૂરું કરી નાખું. તું મને કહે, તારે કેટલા વાગે જવાનું છે? હું આ પ્રમાણે કાર્યક્રમ પૂરો કરીશ.'

'શફ્ફી!!,

'આઈ મીન ઈટ. મારે માટે આટલાં વર્ષ તારું આવવું અગત્યનું છે.

'હમને કાટી હૈ તેરી યાદ મેં રાતેં અક્સર,
દિલ સે ગુઝરી હૈ સિતારોં કી બારાતેં અક્સર,
ઔર તો કૌન હૈ જો મુઝકો તસલ્લી દેતા?
હાય રખ દેતી હૈ દિલ પે તેરી બાતેં અક્સર.'

'સારું, પણ પંદર જ મિનિટ હોં... પ્લીઝ!'

'પ્રોમિસ.'

શફ્ફાકે એના ગાલ પર હાથ અડાડવાનો પ્રયત્ન કર્યો, પણ અંજલિએ ચહેરો ખસેડી લીધો.

'થેન્ક યુ! તારી આ પંદર મિનિટના તરફડાટમાં તું જોજે, મારા અવાજમાંથી કેવું દર્દ વહી નીકળે છે તે.'

એ અંજલિની આંખમાં આંખ નાખીને જોઈ રહ્યો હતોઃ

'તું જાણે છે સંગીત... સમજી શકીશ...' એટલું કહીને એ સડસડાટ અંદર ચાલી ગયો.

અંજલિ એને જતો જોઈ રહી. પહોળા ખભા, પાતળી કમર, સામાન્ય પુરુષો કરતાં સહેજ લાંબા વાળ, ચાલમાં પ્રવેશેલી સફળતાની ખુમારી અને આસપાસ ઊભેલા લોકોની નજર તરફ એક બેફિકરી... ટોળે વળેલા લોકોને ઓટોગ્રાફ આપતા શફ્ફાકને જોઈને અંજલિ વિચારી રહીઃ

ખૂબ બદલાઈ ગયો છે. ક્યાં એ આત્મવિશ્વાસ વગરનો ગૂંચવાતો-ગૂંચવાતો શફી અને ક્યાં આ... સફળતા માણસને શુંથી શું બનાવી દે છે! કાશ... હું પણ...

એ જ વખતે અંજલિને એક પ્રેમાળ હાથનો સ્પર્શ થયો. અંજલિએ ફરીને પાછળ જોયું. પ્રયાગરાજજી એના માથે હાથ ફેરવી રહ્યા હતા:

'અંજુ, બેટા કૈસી હો? કિતને સાલોં બાદ દેખા તુમ કો...' એમની આંખોમાંથી જાણે અમી વરસી રહ્યાં હતાં.

ભગવા રંગનો લાંબો ઝબ્બો, નીચે ધોતિયું, લગભગ છાતી સુધી આવે એવી સફેદ દાઢી અને માથામાં વિશાળ કપાળ સાથે એકાકાર થઈ જતી ઝગારા મારતી ટાલ, તદ્દન સફેદ દૂધ જેવી ભાવવાહી આંખો અને સતત સ્મિત કરતા હોઠ. ગળામાં લગભગ નાભિ સુધી આવે એવડી રુદ્રાક્ષની માળા...

અંજલિ નમી પડી. પ્રયાગરાજે અંજલિ ઝૂકે એ પહેલાં એને ખભેથી પકડીને છાતીસરસી ચાંપી દીધી:

'મેરી બચ્ચી... મારી સૌથી વહાલી વિદ્યાર્થિની. તું નહીં માને, પણ મેં આટલાં બધાં વર્ષમાં કેટલાયને સંગીત શિખવાડ્યું હશે. તું જાણે મારા કાળજા પર અંકાઈ ગઈ. તને હું એક પળ માટે પણ ભૂલાવી શક્યો નથી. બેટા, સંગીત ચાલુ છે કે છોડી દીધું?'

'કયું સંગીત? બધું જ બંધ છે. માત્ર એક રોજિંદુ રુટિન ચાલે છે... દિવસ ઊગે છે ને રાત આથમે છે. બાકી કશુંય બનતું જ નથી.'

અંજલિનું ગયું ભરાઈ આવ્યું.

પ્રયાગરાજ હજીય એના માથે હાથ ફેરવી રહ્યા હતા:

'ક્યૂં ઇતની દુ:ખી હૈ, બચ્ચી? ઉપરવાળાએ કંઈ સારું જ વિચાર્યું હશે. બેટા, તેલીબિયાંને કચર્યા વિના તેલ નીકળે છે? ફળને કચર્યા વિના રસ નીકળે છે? ફુલને કચડી નાખ્યા વિના અત્તર બની શકે છે, દીકરા? ભગવાને એમ વિચાર્યું હશે કે...'

'મારામાં ન રસ છે, ન તેલ, ન સુગંધ...'

અંજલિના અવાજમાં એક આક્રોશ, એક પીડા, એક ખાલીપાની ફરિયાદ હતી.

'બેટા, તું સંગીતથી રિસાઈ શકે છે, સંગીત તારાથી નહીં! તારી નસનસમાં જે લોહી વહે છે એ લયમાં એક સંગીત છે. તારા શ્વાસની આવન-જાવન પોતે જ સંગીતમય છે. તારા પ્રાણ, તારો આત્મા સંગીતમાં તરબોળ છે, બેટા, તું સંગીતથી બહુ વખત દૂર નહીં રહી શકે. હું કહું છું તને, તારો ગુરુ!'

'ગુરુજી, મને હવે આ ફિલોસોફીમાં પણ રસ નથી પડતો. હું ટીવી પર શૅરબજારના ન્યૂઝ સાંભળું છું, હીરા પહેરીને પાર્ટીઓમાં જાઉં છું...'

'આજે તો હીરાય નથી ને અહીં કોઈ પાર્ટી પણ નથી, દીકરા. તું મને એવી ને એવી દેખાય છે. જેવી છેલ્લી વાર મને મળવા આવી હતી.'

'ખરેખર તો સમય ત્યાં જ થભી ગયો છે કદાચ. તમને મળવા આવી ત્યારે મારા ગળાના સૂર પણ તમારા

ચરણમાં મૂકીને ચાલી ગઈ હતી, ગુરુજી. હું નથી ગાઈ શકતી હવે. ક્યારેય નહીં ગાઈ શકું.'

'ઈશ્વરની મરજી તું શું કામ નક્કી કરે છે, બેટા? એની મરજી વિના કંઈ થયું એની મરજી હશે તો અટકાવ્યું કંઈ અટકશે નહીં.'

'હું નહીં ગાઉં... મારા ગળામાંથી સૂર ભૂંસાઈ ગયા છે.'

અંજલિની આંખો ડબડબી ગઈ.

માત્ર હસ્યા પ્રયાગરાજ. ફરી એના માથા પર વહાલસોયો હાથ ફેરવ્યો અને ઇશારો કરીને શફ્ફીને મળવા અંદર ચાલી ગયા.

એકલી ઊભેલી અંજલિ વધતી જતી ભીડમાં વધુ એકલી થઈ ગઈ.

*

નીરવને લઈને અલય અનુપમાને ઘેર પહોંચ્યો ત્યારે અનુપમા ટેબલ પર આખો સંસાર પાથરીને બેઠી હતી.

ફિલમના અનાઉન્સમેન્ટની ઍડ, મુહૂર્તના કાર્ડનો નમૂનો અને બેનર્સ... સંજીવ અને શૈલેષ બન્ને ધ્યાનથી જોઈ રહ્યા હતા. બીજા પણ કોઈ બે જણ હતા, જેની સાથે અનુપમા મુહૂર્તના સેટ વિશે ચર્ચા કરી રહી હતી.

'થેન્ક ગૉડ! મને લાગ્યું કે આ ફિલ્મ તો જાણે મારી જ જવાબદારી છે.'

અલયને જોઈને અનુપમા બોલી ઊઠી.

'તમે માથે લઈ લીધી છે, મેં કહ્યું નથી.'

'એટલે જ. હવે તમે આ બધા સાથે ડાયરેક્ટ ડીલ કરો. આ અમારા સેટ ડિઝાઇનર છે. મોટી મોટી ફિલમોના સેટ એમણે કર્યા છે. જિનિયસ છે, તપનદા, આ અલય છે. એની પિક્ચરના સેટ કરવાના છે અને પહેલી ટેરિટરી વેચાય નહીં ત્યાં સુધી પૈસાની વાત નથી કરવાની. મટીરિયલના પૈસા પણ નહીં મળે.'

'મેં માગ્યા, બેટા?'

નીરવ ડઘાઈને જોઈ રહ્યો હતો. સામે સ્ક્રિન ન્યૂઝ પેપર માટેની ડબલ સ્પ્રેડની ઍડ હતી, જેમાં લખ્યું હતું:

દસકાની શ્રેષ્ઠ ફિલમ સેટ પર જઈ રહી છે.

'આ ઍડ પણ જોઈ લેજો.' અનુપમાએ કહ્યું:

બુધવારના પેપર માટે આજે ડેડલાઇન છે.'

'એક મિનિટ.'

અલયે કહ્યું: 'આ બધું નકામું છે'

'શું?'

અનુપમાના અવાજમાંથી આશ્ચર્ય છલકાઈ ગયું.

'યસ, મારે આ કંઈ નથી કરવું. કોઈ ઔપચારિક મુહૂર્ત નહીં, કોઈ જાહેરખબર નહીં, કોઈ ધામધૂમ નહીં. એક સાદું-સીધું મુહૂર્ત થશે-સોમવારે, જેમાં મુહૂર્તનો કલૅપ મારી મા આપશે અને પાંચ-સાત જણની હાજરીમાં પહેલો શૉટ લઈને હું મુહૂર્ત કરીશ. બસ.'

પછી તપનદા સામે ફરીને કહ્યું:

'તમારી જરૂર પડશે મને, પણ હજી હમણાં નહીં. સોમવારની સિકવન્સ તો હું મરીન ડ્રાઇવના દરિયાકિનારે શૂટ કરીશ.'

'પણ સર... આ ઇન્ડસ્ટ્રીમાં તો ધામધૂમ કરવી જ પડશે. શો-મેનશિપની ઇન્ડસ્ટ્રી છે આ. બોલે એનાં બોર વેચાય.'

'પણ મારી પાસે તો બોર જ નથી ને હોય તોય મારે વેચવા નથી.'

શૈલેષ સાવલિયા અલયના જવાબથી જરા ડઘાઈ ગયા. એમણે અનુપમા સામે જોયું.

'તમારે હજીય આ ફિલમ પ્રોડ્યુસ ન કરવી હોય તો છૂટ છે. બાકી, આ ફિલમ બનશે તો મારા હિસાબે અને મારી ઇચ્છા મુજબ.'

પછી અનુપમા સામે ફરીને જાણે આખીય ચર્ચા પર પૂર્ણવિરામ મૂકતો હોય એમ અલયે આંખમાં આંખ નાખીને કહ્યું:

'યુ આર માય ફેવરીટ ઍક્ટર'... એની ના નહીં, પણ તમે આ ફિલમની હીરોઈન જ રહો તો સારું.'

પોતાની સાથે લાવેલી સેમસોનાઈટની સૉફ્ટ-સિલ્ક બૅગમાંથી સ્ક્રિપ્ટની બે કૉપી કાઢીને એણે ટેબલ પર મૂકી:

'આ જોઈ લેજો, હું આવતી કાલે સવારે તમારા ફોનની રાહ જોઈશ. જો ફોન આવે તો હું માનીશ કે આપણે સોમવારે મુહૂર્ત કરીએ છીએ અને જો આજની આ મુલાકાત પછી તમારો મૂડ બદલાઈ ગયો હોય તો મને ફોન નહીં કરતાં, હું સમજી જઈશ.'

પછી ઊંડો શ્વાસ લઈને ઉમેર્યું:

'મારી પાસે એક મા છે, મને કોઈ દત્તક લે એ મને નથી પોસાતું... આ ફિલમ મારી છે અને જો બનશે તો મારી જ રીતે બનશે. બાકી, એની સ્ક્રિપ્ટ થેલામાં લઈને હજી બે વરસ ફરવામાં મને વાંધો નહીં આવે.'

આટલું કહીને એ સડસડાટ બંગલાનાં પગથિયાં ઊતરી ગયો.

અનુપમા એને જતો જોઈ રહી. એની સાથે આવેલો અને અત્યાર સુધી મૂક પ્રેક્ષકની જેમ વર્તતો રહેલો નીરવ અનુપમાને કંઈ કહે એ પહેલાં એણે અનુપમાના હોઠમાંથી સરી પડેલા શબ્દો સાંભળ્યા:

વ્હૉટ અ મૅન! જિંદગીની ફિલમનો હીરો છે આ. સાચા અર્થમાં હીરો. આટલાં વર્ષ ક્યાં હતો તું, અલય!

* * *

['યોગ-વિયોગ' ભાગ - 1 સમાપ્ત]

[હવે વાંચો - 'યોગ-વિયોગ' ભાગ - 2]

યોગ-વિયોગ
ભાગ - 2

27

જાનકી અને લક્ષ્મી શાકભાજીના બે મોટા થેલા ઊંચકીને ઘરમાં દાખલ થયાં ત્યારે વૈભવી ડ્રોઇંગ રૂમમાં મૅગેઝિનનાં પાનાં ઉથલાવી રહી હતી.

'કોઈ નથી?'

જાનકીએ આમ તેમ જોઈને પૂછ્યું.

'કેમ, હું આવડી મોટી બેઠી છું ને?'

'ડૅડી...?' લક્ષ્મીએ એ પૂછ્યું.

'બહાર ગયા છે. મારાં સાસુ જોડે.'

'ખરેખર!'

લક્ષ્મીના ચહેરા પર આનંદ છાનો ન રહ્યો.

'મને ખાતરી હતી કે એક વાર અહીં રહેવા આવી જઈશું તો ડૅડી અને મા વચ્ચે નાના નાના પ્રસંગોમાં સમાધાન થતું જશે...'

'એવું તો મને પણ લાગે છે કે તમે જ્યારે પાછાં જશો ત્યારે બે નહીં, ત્રણ ટિકિટ લેવી પડશે. સવાલ માત્ર એટલો જ છે કે તમે પાછાં જશો કે પછી...'

'લક્ષ્મી, આવે છે ને રસોડામાં?'

વૈભવીનું નિશાન ચુકાવી લક્ષ્મી કંઈ સમજે એ પહેલાં જાનકીએ વાત બદલી નાખી.

'હા, હા... હું એક ફોન કરી લઉં.'

'નીરવ આઠ વાગ્યા પહેલાં ઑફિસમાંથી નીકળી નથી શકતો.'

વૈભવીએ ફરી એક વાર જુદા એન્ગલથી નિશાન લીધું:

'કરોડપતિનો દીકરો છે, એકનો એક... તેં બરાબર જોઈ-વિચારીને બધું ગોઠવ્યું લાગે છે, પણ તને એક વાત કહી દઉં, એનો બાપ ખડૂસ છે. બરાબર કિંમત વસૂલ કરશે નીરવની. જો કે સૂર્યકાંત મહેતાને દીકરીના સુખ માટે કોઈ પણ કિંમત પોસાય એમ છે. શું કહે છે?'

'ભાભી, આ દુનિયામાં સંબંધો માત્ર કિંમતથી નથી બંધાતા... નીરવની કિંમત એના ડૅડી શું માગશે એની નથી ખબર, પણ એક વાત કહું તમને, એક ત્રાજવામાં રૂપિયા ને એક ત્રાજવામાં નીરવને મૂકીને હું કંઈ માપી શકું એમ નથી...'

'રૂપિયા નહીં તો ડોલર મૂકજે.'

વૈભવી હસી અને લક્ષ્મી જવાબ આપ્યા વિના જાનકી સાથે રસોડા તરફ આગળ વધી ગઈ.

જાનકીના મનમાં આજે મા પહેલી વાર પપ્પાજી સાથે એકલાં બહાર ગયાં એ વાતનો આનંદ ઓછો નહોતો. જિંદગીનાં કેટલાય વર્ષ સાવ એકલતામાં ગાળ્યાં હતાં એવી સ્ત્રીની શનિવારની એક સાંજ આજે મરીન ડ્રાઇવના કોઈ દરિયાકિનારે કે કૉફી શૉપના ટેબલ પર સભર બની જવાની હતી.

એણે મનોમન આંખ મીંચીને ઈશ્વરનો આભાર માની લીધો.

લક્ષ્મી ડેડી વિશે વિચારી રહી હતી. એને અચાનક ખ્યાલ આવ્યો કે આટલાં વર્ષોમાં એણે એના ડેડીને બિઝનેસ સિવાયની કોઈ પાર્ટીમાં કે આનંદ-પ્રમોદના કોઈ પ્રસંગમાં જતા જોયા નહોતા. જે દેશમાં વીકએન્ડ માટે લોકો આખું અઠવાડિયું કાળી મજૂરી કરતા એવા દેશમાં એના ડેડી સાડા પાંચ દિવસ પુષ્કળ કામ કરતા અને બાકીનો દોઢ દિવસ જરૂર સિવાય ભાગ્યે જ ઘરની બહાર નીકળતા!

આટલાં વર્ષોમાં એણે ડેડીને ક્યારેય કોઈ સ્ત્રીની નજીક જતા કે એનામાં રસ લેતા નહોતો જોયા. લક્ષ્મી મોટી થયા પછી ઘણી વાર એના પિતા સાથે ખુલ્લા મને વાત કરતી હોય ત્યારે કહેતી:

'તમે હેન્ડસમ છો, આટલા બધા પૈસા છે તમારી પાસે અને કોઈ પણ સ્ત્રીને રસ પડી શકે એવું વ્યક્તિત્વ છે... તમે ફરી લગ્ન કરવાનો કેમ વિચાર નથી કરતા?'

સૂર્યકાંત વાત ટાળી જતા, પરંતુ લક્ષ્મીએ જ્યારે જ્યારે આ સવાલ પૂછ્યો ત્યારે ત્યારે સૂર્યકાંતની નજર સામે લાલ ચાંદલાની નીચે ગોઠવાયેલી માછલી જેવી લાંબી અને ભાવવાહી આંખોની એક જોડી તરવરી ઊઠતી

*

આજે પણ મરીન ડ્રાઇવના દરિયાકિનારે બેઠેલાં સૂર્યકાંત અને વસુંધરા ખાસ્સી મિનિટોથી ચૂપચાપ હતાં.

બન્ને થોડાંક દરિયા તરફ અને થોડાંક ટ્રાફિક તરફ ફરીને બેઠાં હતાં. શનિવારની સાંજનો સૂર્ય દરિયાના ખૂણે ડૂબી રહ્યો હતો. દરિયાકિનારાનો સમી સાંજનો પવન ફરફરાટ કરતો વાઈ રહ્યો હતો. રસ્તા પર ટ્રાફિક સડસડાટ પસાર થઈ રહ્યો હતો. કૉફીવાળા, સીંગ-ચણાવાળા અને બીજા ફેરિયા આવતા, ક્ષણેક ઊભા રહેતા અને આગળ નીકળી જતા.

સૂર્યકાંત થોડી વારે વસુમા તરફ જોઈ રહ્યા હતા. વસુમા બેધ્યાનપણે જાણે ક્યાંક ખોવાયેલાં હતાં. એમની મોટી મોટી આંખો ઊંડા વિચારમાં દૂર શૂન્યમાં ક્ષિતિજ તરફ જોઈ રહી હતી. એમના ચહેરા પર એક-બે લટ છૂટી પડીને ફરફરી રહી હતી.

'વસુ...' ખાસ્સી વાર સુધી શબ્દોને ગોઠવ્યા પછી સૂર્યકાંતે પૂછ્યું:

'તું મને ગેસ્ટ રૂમમાં કેમ રાખે છે? તે દિવસે છોકરાઓની હાજરીમાં મારે કોઈ ચર્ચા નહોતી કરવી, પણ મને ગમ્યું નથી.'

'જાણું છું. મેં કહ્યું ત્યારે પણ જાણતી હતી કે તમને નહીં ગમે, પણ મારે મારા એકાંતમાં હવે કોઈને પ્રવેશ આપીને પરિસ્થિતિને નવો વળાંક નહોતો આપવો.'

‘એકાંત? વસુ, તારા આટલાં વર્ષોની એકલતાને તોડવા તો આવ્યો છું હું. તું મને આમ દૂર દૂર રાખીશ તો...’

સૂર્યકાંતે હિંમત કરીને વસુમાનો હાથ પકડ્યો.

‘એકલતા? કાંત, એકાંત અને એકલતા વચ્ચે ફેર છે. મેં મારી એકલતાને એકાંતમાં ફેરવી નાખી છે. હું હવે મારી જ જાત સાથે જીવતાં શીખી ગઈ છું. બીજા બધા જ મારી આસપાસ, મારી આગળ-પાછળ જીવે છે. મારી સાથે તો હું એકલી જ છું...’

એમણે સૂર્યકાંતનો હાથ છોડાવ્યા વિના જ પોતાની વાત કહી.

‘વસુ, તું મારી સાથે બહાર આવી એ મને ગમ્યું. મને તો એમ કે તું ના પાડીશ.’

વસુમાના ચહેરા પર અર્થસભર સ્મિત આવ્યું:

‘શું કામ ના પાડું, કાંત?’

‘મને એમ કે કદાચ મારી સામે તને... આટલાં વર્ષ કદાચ તું, એટલે કે... તું સમજે છે ને?’

ખુલ્લા મને હસી પડ્યાં વસુમા:

‘સમજું છું કાંત, પણ ધારો કે તમે મારા મિત્ર હોત અને શનિવારની કોઈ એક સાંજે તમે મને બહાર જવાનું કહ્યું હોત...’

‘એવા મિત્રો છે તારે?’

‘શું લાગે છે, હશે?’

‘વસુ., એક વાત પૂછું તને? આટલાં વર્ષોમાં ક્યારેય એક પણ વાર બીજા કોઈ પુરુષ...’

‘કાંત, મને એટલો સમય જ ન મળ્યો.’

‘તું સુંદર છે, આજે પણ! ત્યારે તો એકલી પણ હતી. સંતાનની જવાબદારી... અને એકલી સ્ત્રીની સુંદરતા... તને ક્યારેય કોઈ કડવો અનુભવ...’

‘પૂછવા શું માગો છો? એ જ ને કે મારા જીવનમાં કોઈ પુરુષ હતો કે નહીં?’

‘આમ તો મને એ પૂછવાનો અધિકાર જ નથી, છતાં તને ફરી લગ્ન કરવા માટે કોઈએ ક્યારેય પૂછ્યું જ નહીં? એવો કોઈ માણસ, એવી કોઈ દરખાસ્ત...’

એક ઊંડો નિસાસો નાખ્યો વસુમાએ. પછી સૂર્યકાંતની સામે જોઈ રહ્યાં. જાણે એમના મનનું માપ લેતાં હોય એવી ધારદાર નજર હતી વસુમાની. થોડી વાર ચૂપ રહીને એમણે બહુ જ હળવેથી, લગભગ પોતાને જ કહેતાં હોય એમ કહ્યું:

‘એવી પળ જ ન આવી, કાંત! હું એકલી છું અથવા સુંદર છું... એવો વિચાર કરવાનો મારી પાસે જ સમય નહોતો. તો બીજાને તો ક્યાંથી...’

'વસુ, યશોધરા સાથે...'

'આપણે એ વાત નહીં કરીએ, કાંત.'

'યશોધરા મુંબઇમાં છે...'

'...અને એને લકવો થયો છે.'

'એટલે તું જાણે છે.'

વસુમાએ જવાબ આપ્યા વિના દરિયા તરફ જોયા કર્યું.

બન્ને જણા ખાસ્સી વાર ચૂપચાપ બેસી રહ્યાં. બન્નેની વચ્ચેથી વીતેલાં વર્ષનો થોડો અજંપ, થોડો લાગણીશીલ કાફલો ધીમે ધીમે પસાર થતો રહ્યો, પછી ઘડિયાળ જોઈને સૂર્યકાંતે કહ્યું:

'ચાલ, સામે એક સરસ કૉફી પીએ.'

વસુમા ચૂપચાપ ઊભાં થયાં. સૂર્યકાંતે પોતાના હાથમાં પકડેલો એમનો હાથ હજીય છોડ્યો નહોતો ને વસુમાએ એ છોડાવવાનો કોઈ પ્રયાસ પણ કર્યો નહોતો.

*

પ્રયાગરાજે હસીને અંજલિના માથા પર વહાલસોયો હાથ ફેરવ્યો અને ઇશારો કરીને શફ્ફીને મળવા અંદર ચાલી ગયા. એકલી ઊભેલી અંજલિ વધતી જતી ભીડમાં વધુ એકલી થઈ ગઈ.

ઑડિટોરિયમમાં દાખલ થતાં ઑડિયન્સની સાથે ભળીને એ પોતાની સીટમાં ગોઠવાઈ ગઈ. બાજુની ખાલી સીટમાં કોઈ આવવાનું નહોતું, કારણ કે એ સીટ રાજેશની હતી. અંજલિ ઘડીભર એ સીટ સામે જોતી રહી:

આવ્યો હોત તો? હું અહીં આમ સાવ એકલી તો ન પડી જાત...

ત્યાં પ્રયાગરાજજી આવીને અંજલિની બીજી બાજુ ગોઠવાયા. શફ્ફીએ કદાચ અંગત દેખરેખ નીચે સીટના નંબર આપ્યા હતા.

કાર્યક્રમ શરૂ થયો. શફ્ફાક અખ્તારની ગઝલો જાદુ કરવા માંડી.

તૂ પાસ ભી હો તો દિલ બેકરાર અપના હે,
કિ હમ કો તેરા નહીં, ઇન્તઝાર અપના હૈ...

તાળીઓ ગડગડાટ વચ્ચે એક પછી એક ઉત્તમ ગઝલ પેશ થતી રહી. શાસ્ત્રીય રાગો. શફ્ફીનુ ગળું અને ગઝલના ઉત્તમ શબ્દોનો પસંદગી માહોલ પર જાદુ કરતી જતી હતી.

કચ્ચે બખિયે કી તરહ રિશ્તે ઉઘડ જાતે હૈ
લોગ મિલતે હૈં, મગર મિલ કે બિછડ જાતે હૈ...

અંજલિ જાણે સૂર, શબ્દ અને ભૂતકાળના એક કૉકટેલમાં તર-બ-તર થઈ ગઈ હતી. શફ્ફાક અખ્તર પણ

જાણે આખાય ઑડિયન્સમાં એકલી અંજલિ જ બેઠી હોય એમ એની જ આંખોમાં આંખો નાખીને ગાઈ રહ્યો હતો...

અબ કે બિછડે તો શાયદ કભી ખ્વાબોં મેં મિલે,
જિસ તરહ સૂખે હુએ ફૂલ કિતાબો મેં મિલે...

અંજલિ લગભગ તંદ્રા માં સાંભળી રહી હતી અને અચાનક જ જાણે કોઈકે કાચી ઊંઘમાંથી જગાડી હોય એમ એણે સાંભળ્યું:

'આજ યહાં મુજસે ભી બહેતર સૂર ઔર મુજસે ભી આલા એક આવાજ મૌજૂદ હે... મૈં ઉનસે ગુજારિશ કરુંગા કિ વો આયેં ઔર મેરે સૂર મેં સૂર મિલાયે... અંજલિ, આઓ, યે સાઝ ઔર મેરી આવાજ તુમ્હારા બેસબરી સે ઇન્તઝાર કર રહે હૈં...'

અંજલિએ ચમકીને પ્રયાગરાજજી સામે જોયું. પ્રેક્ષકગૃહમાં બેઠેલી એકેએક વ્યક્તિ પોતાની બાજુવાળાને, ઉપરવાળાને, પાછળ વાળાને જોઈને આ અંજલિ કોણ છે એ શોધી રહ્યા હતા.

'હું... હું નહીં ગાઉં...

અંજલિના પગ પાણી પાણી થતા હતા. એસી ઑડિટોરિયમમાં એને પરસેવો વળી ગયો હતો.

'બેટા, આ શફ્ફાકનો નહીં, ભગવાનનો અવાજ છે. તને બોલાવે છે. સંગીતની દુનિયામાં પાછો... જા બેટા, ઈશ્વરના ઘેરથી આવેલા આમંત્રણને કોઈ ટાળી શક્યું છે?!'

'પણ...'

અંજલિ કશું સમજે એ પહેલાં તો શફ્ફાક અખ્તર સ્ટેજ પરથી ઊતરીને ગેન્ગ-વેમાં ચાલતો એના તરફ આવી ગયો. બરાબર અંજલિની સીટ સામે ઊભા રહીને એણે હાથ લંબાવ્યો. એની આંખોમાં, એના લંબાયેલા હાથમાં કોણ જાણે શું હતું કે અંજલિ વશીકરણ થયેલી વ્યક્તિની જેમ એની સાથે સાથે ચાલી નીકળી...

અને એનસીપીએના એ પ્રેક્ષકગૃહમાં બેઠેલી એક હજાર વ્યક્તિની બે હજાર આંખ પલળી ગઈ.

સાઝ છેડાયા... અને ભૈરવીનો આલાપ છેડીને શફ્ફાક અખ્તરે શરૂ કર્યું...

રાતભર આપ કી યાદ આતી રહી,
રાતભર ચશ્મેનમ મુસ્કુરાતી રહી...

આખું પ્રેક્ષકગૃહ અને શફ્ફીની બે આંખ અંજલિ સામે જોઈ રહી હતી. અંજલિના શ્વાસ અટકી ગયા હતા. પરસેવે રેબઝેબ ધ્રૂજતી અંજલિએ હળવેકથી આલાપ લીધો અને આખું ઑડિયન્સ જાણે એ અવાજના જાદુમાં ગરકાવ થઈ ગયું...

કોઈ દીવાના ગલીયોં મેં ફિરતા રહા...
રાતભર કોઈ આવાજ આતી રહી...

હજી ગઝલ પૂરી થાય એ પહેલાં જ ભૈરવી સાથે ભેરવી જોડીને શફ્ફીએ ગાવા માંડ્યું:

મિલે સૂર મેરા તુમ્હારા. તો સૂર બને હમારા...

અંજલિ પણ જાણે સંગીતના અથાગ સાગરમાં ડૂબકાં ખાતી, અથડાતી, પછડાતી... એનાં મોજાં સાથે ઊછળીને કિનારે આવતી... ફીણ ફીણ થઈ વીખરાતી, સમેટાતી... ગાતી રહી...

મિલે સૂર મેરા તુમ્હારા, તો સૂર બને હમારા...

*

કાર્યક્રમ પૂરો થયા પછી શફ્ફાક અખ્તરને બદલે લોકોએ અંજલિને ઘેલા થઈને બિરદાવી હતી. ટોળેટોળાં અંજલિની આસપાસ વીંટળાઈ વળ્યાં હતાં. કોઈ એનો ઑટોગ્રાફ માંગતું હતું તો કોઈ એનું વિઝિટિંગ કાર્ડ...

પ્રેક્ષકોમાં હાજર કેટલાક પ્રેસવાળાએ અંજલિના ફોટા પાડ્યા અને એને પૂછ્યું:

'અત્યાર સુધી તમે જાહેરમાં કેમ ગાયું નથી?'

'કેમ કાર્યક્રમો નથી આપતાં તમે?'

આ બધામાં ગૂંચવાયેલી... આ બધાથી વીંટળાયેલી અંજલિ જાણે ડઘાઈ ગઈ હતી. એણે તો માન્યું હતું કે એની જિંદગીમાં હવે ક્યારેય સંગીત પાછું નહીં આવે અને એમાં પણ આવી રીતે, આવા ઑડિયન્સની સામે એ ક્યારેય ગાશે, ગાઈ શકશે એ વિચાર જ એને માટે સ્વપ્નસમો હતો.

આજે જાણે સદીઓથી બંધ એક પટારો ખૂલ્યો હતો. સદીઓથી તરફડી રહેલા એક આત્માને મુક્તિ મળી હતી. સદીઓથી આંખોમાં બંધ એક સપનું સાચું પડ્યું હતું!

'મે કહ્યું હતું ને દીકરા, ઈશ્વરની મરજી તું શું કામ નક્કી કરે છે બેટા? એની મરજી વિના કંઈ થયું નથી અને એની મરજી હશે તો અટકાવ્યું કંઈ અટકશે નહીં. તે જોયુંને આજે? લોકો શફ્ફાકને ભૂલીને તારી પાછળ પાગલ થઈ ગયા...'

'પણ ગુરુજી, એનો અવાજ મારાથી સારો જ છે... સંગીતની સમજ પણ એને મારાથી વધારે જ છે. એને તો ઈશ્વરની ભેટ છે... આ સંગીત!'

અંજલિની બાજુમાં શફ્ફી ઊભો હતો. અંજલિએ આભારવશ શરમાળ નજરે એની સામે જોયું. અત્યારે એ પોતાના જ સૂરના પડઘામાં ડૂબેલી હતી. એના શરીર પર બાઝી ગયેલાં જાળાં જાણે કોઈકે સાફસૂફ કરીને એને ચમકાવી દીધી હતી... તાજો તાજો વરસાદ પડી ગયા પછી જેમ વૃક્ષો લીલાંછમ થઈને મહેકી ઊઠે એમ અંજલિની અંદર કશુંક લીલુંછમ, તાજું થઈને મહેકી ઊઠ્યું હતું!

મરીન ડ્રાઇવથી ચર્ચગેટ તરફ જતા રસ્તાના કૉર્નર પર જાઝ બાય ધ બે રેસ્ટોરાંમાં કૉફી પીતાં અંજલિ એકટશે શફ્ફાકને જોઈ રહી હતી. બન્ને ખાસ્સી વારથી અહીં બેઠાં હતાં, પણ બેમાંથી કોઈ એક અક્ષર બોલ્યું નહોતું.

શફ્ફીએ અંજલિના ટેબલ પર મુકાયેલા હાથ પર પોતાનો હાથ મૂક્યો:

'અંજુ, હજીય મોડું નથી થયું. તું મારી સાથે ગા. મારા કાર્યક્રમો તને વિશ્વભરમાં પ્રસિદ્ધિ અપાવશે...'

મોડું?

અંજલિ અચાનક ભાનમાં આવી. એણે શફ્ફીના હાથ નીચેથી પોતાનો હાથ ખેંચીને ઘડિયાળમાં જોયું:

‘બાર ને ચાલીસ... ઓહ, માય ગૉડ... હું નીકળું છું.’

એ ઊભી થઈ. શફ્ફીએ એનો હાથ પકડી લીધો.

‘બે મિનિટ.’

‘એક સેકન્ડ પણ નહીં.’

‘તેં મારી વાતનો જવાબ ન આપ્યો.’

‘એ શક્ય નથી, શફ્ફી.’

‘અંજુ, વિચારીશ એટલું તો કહે. મારી તસલ્લી માટે...’

‘મેં તને પહેલાં પણ કહ્યું શફ્ફી, સપનાં એટલાં જ જોવાનાં, જેટલાં આંખોમાં સમાય, વારે વારે આંખમાંથી આંસુ થઈને છલકાઈ જાય એવાં સપનાં નકામાં...’

અંજલિ ઝડપથી જાઝ બાય ધ બેની બહાર નીકળી અને લગભગ દોડતી ફૂટપાથ પર આવી. એની ગાડી. એનસીપીએના કમ્પાઉન્ડમાં હતી. એ અને શફ્ફી એનસીપીએથી ચાલતાં આવ્યાં હતાં. શફ્ફી એની પાછળ દોડ્યો... અને ઝડપથી ચાલતી અંજલિ સાથે એ પણ ઝડપથી ચાલવા લાગ્યો.

‘અંજુ, હું હજી પણ...’

‘એનો કોઈ અર્થ નથી, શફ્ફી, મારે હવે ઘેર જવું જોઈએ. રાજેશ રાહ જોતો હશે.’

એનસીપીએના કમ્પાઉન્ડમાં પ્રવેશીને પોતાની ગાડી ખોલવા ઉતાવળી થયેલી અંજલિને ઝટકો મારીને શફ્ફીએ રોકી. એને પોતાના તરફ ફેરવી અને એની કમરની આસપાસ હાથ લપેટી એને પોતાની નજીક ખેંચી.

અંજલિ વિરોધ કરે કે કંઈ સમજે એ પહેલાં શફ્ફીએ પોતાનો બીજો હાથ એના ખભાની આસપાસ લપેટ્યો અને એના હોઠ પર પોતાના હોઠ મૂક્યા... અને એની જ ગાડી પર સહેજ ઢાળી દીધી... અંજલિએ વિરોધનો તરફડાટ કર્યો. શફ્ફીને ધક્કો મારવાનો પ્રયાસ કર્યો, પણ ત્રણેક સેકન્ડમાં જાણે એનો બધો જ વિરોધ જિંદગીનાં પાંચ વર્ષ પાછળ ધકેલાઈ ગયો...

...શફ્ફીના બે હોઠની વચ્ચે અંજલિ પાંચ વર્ષ નાની થઈ ગઈ અને પોતાના જ અવાજના નશાની અસરમાંથી હજી બહાર નહીં આવી શકેલી અંજલિને એવો પણ ખયાલ ન રહ્યો કે એની ગાડીથી થોડેક જ દૂર પાર્ક કરેલી મર્સિડીસના કાળા કાચમાંથી રાજેશ ઝવેરી આ ચુંબન જોઈ રહ્યો હતો...

પોતાની ચાવીથી લેચ ખોલીને અંજલિ ઘરમાં દાખલ થઈ ત્યારે રાજેશ ટેબલ પર બેઠો હતો. કદાચ હમણાં જ બહારથી આવ્યો હતો. એણે શુઝ પણ નહોતાં ઉતાર્યાં.

અંજલિ સીધી પોતાના બેડરૂમ તરફ જવા લાગી.

જમવું નથી?'

'અ... બ... ભૂખ નથી.'

'પણ હું નથી જમ્યો હજુ. મારી સાથે બેસીશ પણ નહીં?'

પતિ-પત્ની બે જ જણ રહેતાં હોવાના કારણે એકને જમવું હોય કે નહીં, પણ બીજું જમતું હોય ત્યારે સાથે બેસવાનો આ ઘરમાં વણલખ્યો નિયમ હતો. અંજલિએ ઊંઘરેટી આંખે રાજેશ સામે જોયું:

'મને ખૂબ ઊંઘ આવે છે. ઈફ યુ ડોન્ટ માઇન્ડ...'

'અરે, નો પ્રોબ્લેમ, સૂઈ જા.,'

અંજલિ બેડરૂમ તરફ આગળ વધી ગઈ અને રાજેશ શરીર લંબાવી ડોકું ડાઇનિંગ ટેબલની ખુરશીની પીઠ પર ઢાળી ઘડીભર આંખો મીંચીને એમ જ પડી રહ્યો.

*

રાતના પોતાના રૂમમાં પલંગ પર સૂતેલાં વસુમા વિચારે ચડી ગયાં હતાં:

આ શું થઈ રહ્યું છે? કઈ દિશા છે આ, જે તરફ હું ચાલી નીકળી છું. સૂર્યકાંતને સામેથી શોધીને બોલાવ્યા છે મેં અને છતાં મન નાની નાની વાતમાં કેમ પાછું પડે છે? શું જોઈએ છે મને? શું સાબિત કરવું છે મારે?

બીજી તરફ, પોતાના રૂમમાં લક્ષ્મીની બાજુમાં સૂતેલા સૂર્યકાંત પડખાં ઘસી રહ્યા હતા. બન્નેના પલંગની વચ્ચે એક જૂનું સીસમનું ટેબલ હતું. છતાંય લક્ષ્મીને પિતાની બેચેની અનુભવાતી હતી. આખરે એનાથી ન રહેવાયું એટલે એ ઊઠી, સૂર્યકાંતના પલંગની ધાર પર બેઠી અને એમના માથે હાથ ફેરવ્યો...

'ડેડ, શું થયું છે? કેમ આટલા બેચેન છો? માએ કંઈ કહ્યું તમને?' ઝટકાથી બેઠા થઈ ગયા સૂર્યકાંત.

કંઈ કહેતી નથી એ જ પ્રોબ્લેમ છે. માન આપે છે, સારી રીતે વર્તે છે, સંભાળ પણ રાખે છે, પણ...'

'પણ શું, ડેડી?'

'પણ...'

દીકરીને કેવી રીતે સમજાવે કે સૂર્યકાંત કે માન રાખવું, સારી રીતે વર્તવું, સંભાળ રાખવી એ તો કોઈ પારકા માટે પણ કરે, પરંતુ આ કોઈ પારકા સાથેનો સંબંધ નહોતો અને આ સંબંધમાં એમને જે ખૂટતું હતું એના પર આંગળી મૂકી શકાય એવું નહોતું. એ ખૂટતા રંગનું કોઈ ખાસ નામ પણ નહોતું, એ ખૂટતી લાગણીનો કોઈ આકાર નહોતો, પણ કશુંક હતું, જે આ સંબંધને અધૂરો રાખતું હતું.

આ તરફ, અલયના રૂમની લાઇટ પણ ચાલુ હતી.

એ પોતાના પલંગમાં ચત્તોપાટ પડીને વિચારી રહ્યો હતો છેલ્લા ત્રણ દિવસમાં બનેલી ઘટનાઓ વિશે...

સૂર્યકાંતનું આવવું, અભયનું અચાનક બદલાઈ જવું, પોતાની જિંદગીમાં આવો જબરજસ્ત વળાંક આવવો અને શ્રીજી વિલાની કેટલીય જિંદગીઓનું તદ્દન ફંટાઈ જવું… શું થશે?!

અલયના હાથમાં એની સ્ક્રિપ્ટ હતી, પણ એનું ધ્યાન એનાં પાનાંમાં નહોતું. અચાનક એ ચોંક્યો. એનો મોબાઇલ ક્યારનો વાગી રહ્યો હતો.

'હાઈ, જાન!'

'શું કરે છે?'

'મારી સ્ક્રિપ્ટ જોઉં છું. સોમવારથી શૂટિંગ છે.'

'હું નીચે ઊભી છું. મારે દસ મિનિટ મળવું છે.'

'અત્યારે?'

અલયે ઘડિયાળ જોઈ: એક ને દસ.

'હા, અત્યારે જ.'

'ઓકે.'

એક ક્ષણ વિચારીને અલયે સ્લિપરમાં પગ નાખ્યા. અરીસામાં પોતાનો ચહેરો જોયો. વાળમાં હાથ ફેરવી વાળ ઠીક કર્યા અને નીચે ઊતર્યો. આખું ઘર શાંત હતું. નાનકડો નાઇટલૅમ્પ બળતો હતો. અલય નીચે ઊતર્યો. મુખ્ય દરવાજો ખોલી બહાર નીકળ્યો. પછી કોઈને ખોલવું પડશે એમ વિચારીને મુખ્ય દરવાજાનું લેચ ઊભું કરી અમસ્તો આગળો બંધ કર્યો.

શ્રેયા બહાર ઊભી હતી. અલય ગેટ ખોલીને બહાર નીકળ્યો કે શ્રેયાએ ગાડીને ઈગ્નિશન આપ્યું. અલય દરવાજો ખોલીને એની બાજુમાં બેઠો. શ્રેયાએ ટર્ન મારીને ગાડી એસ. વી. રોડ પર લીધી. ગાડી ચલાવતાં થોડી થોડી વારે શ્રેયા અલયની સામે જોતી હતી. રસ્તા પર બહુ જ આછો, પણ ટ્રાફિક હતો… શ્રેયાએ ગાડી અંધેરીના પુલ પરથી લઈને હાઈ-વે પર કાઢી… ખાસ્સી વાર બેમાંથી કોઈ કશું બોલતું નહોતું. આખરે અલયે પૂછ્યું:

'બોલ, શું છે?'

'અલય, હું… આઈ મીન, તારા વિના નહીં જીવી શકું.'

અલય ખડખડાટ હસી પડ્યો:

'આજે પહેલાં વીસ લાખ, ઓગણીસ હજાર, સાતસો ને પંચોતેર વાર કહેલી વાત કહેવા માટે તેં મને એક વાગે ઘરની બહાર બોલાવ્યો?'

આટલું કહેતાં એણે શ્રેયા સામે જોયું તો શ્રેયાની આંખોમાં પાણી ધસી આવ્યાં હતાં. અલયને કદાચ વાતની ગંભીરતા સમજાઈ. એણે શ્રેયાને ગાડી સાઇડમાં પાર્ક કરવાનું કહ્યું. પછી હળવેકથી એને બાહુપાશમાં લીધી.

શ્રેયા ધ્રુસકે ધ્રુસકે રડી પડી. અલયે એને રડવા દીધી. એના ખભે, એની પીઠ પર, એના વાળમાં હાથ ફેરવતો રહ્યો. થોડી વારે શ્રેયા જાતે જ સ્વસ્થ થઈ...

'આઈ એમ સૉરી...'

'તું મૂરખ છે એવી તને ખબર છે?'

'ખબર છે. બધી ખબર છે અલય, પણ અનુપમા પાસે એવું હથિયાર છે, જે મારી પાસે નથી.'

'તને શું લાગે છે કે તારો અલય એવાં બેકાર-ફાલતું હથિયારો સામે નબળો થઈને ધૂંટણ ટેકવી દેશે?'

'અલય, એ સુંદર છે, સેક્સી છે, સફળ છે... તારું સપનું પૂરું કરી રહી છે...'

'તો?'

'તો... મને ડર લાગ છે. અલય, મેં આટલાં વર્ષ તારી સફળતાની પ્રતીક્ષા કરી. તારી ફિલ્મ પૂરી થાય એ એકમાત્ર ઝંખના સાથે જીવતી રહી હું.'

એણે અલયના ખભે માથું મૂકીને એનાં બાવડાંની આસપાસ હાથ વીંટાળ્યો. બીજા હાથની આંગળીઓ અલયના હાથમાં ભીડી દીધી.

'અને હવે જ્યારે તારી ફિલ્મ શરૂ થવાની છે ત્યારે મારા પગ પાણી પાણી થાય છે. મને લાગે છે કે જાણે હું... હું... હારી જઈશ. તને ખોઈ બેસીશ આ હરીફાઈમાં.'

'કઈ હરીફાઈ? હું કોઈ વસ્તુ છું? જે કોઈ વધારે ભાવ આપે એ લઈ જાય... કોઈ ઑકશન ચાલે છે અહીંયાં?'

'પણ અલય, અનુપમા જે રીતે ધોધમાર વરસી રહી છે એ જોતાં મને પ્રલયની બીક લાગે છે.'

'જે થવાનું નથી એની કલ્પના છોડી દે. સાત વર્ષનો સંબંધ છે આપણો. તેં મને આટલો જ ઓળખ્યો?'

'અલય.. આપણે પરણી જઈએ?'

'સામાન્ય સંજોગોમાં મેં હા જ પાડી હોત, પણ હવે જ્યારે આપણી શરત સાવ પૂરી થવામાં છે ત્યારે અજાણ્યા ભયથી ડરીને હું હારી જવા નથી માગતો. શ્રેયા, મારામાં નહીં તો તારા પોતાનામાં શ્રદ્ધા રાખ.'

શ્રેયાની આંખો ફરી ભરાઈ આવી હતી.

'આજે તો મળી શક્યો તને, આમ તરત જ... ફરી કદાચ આવું પણ નહીં થાય. આવનારા દિવસો વધુ અઘરા અને વધુ અસલામત આવવાના છે. હું રાત-દિવસ કામ કરીશ અનુપમા સાથે... અને તને ન પણ મળી શકું. જ્યારે મને તારા સાથની સૌથી વધારે જરૂર છે ત્યારે પ્રશ્નો શું કામ ઊભા કરે છે મારા માટે?'

'મારી લાગણી સમજવાનો પ્રયત્ન કર. મારી જગ્યાએ મૂક તારી જાતને અને વિચાર...'

'અત્યારે મારી પાસે મારી ફિલ્મ સિવાય બીજું કશું જ વિચારવાનો સમય નથી અને મારી ફિલ્મ સિવાયનું

કંઈ મને સમજાય એમ નથી, પ્લીઝ શ્રેયા, કાં તો મને સહકાર આપ અને કાં તો તારી અસલામતીઓ તારા સુધી રાખ... મને ખરેખર સમય નથી આ બધી માથાકૂટ કરવાનો પ્લીઝ...

અલયે સીટ થોડી પાછળ કરી અને માથું સીટની પીઠ પર ઢાળી દીધું.

ખાસ્સી વાર સુધી શ્રેયા ચૂપચાપ બેસીને અલય સામે જોતી રહી. વચ્ચે વચ્ચે થોડું રડતી પણ રહી... પણ અલય જાણે આ બધાથી અલિપ્ત, બધાથી દૂર, કંઈ સ્પર્શતું જ ન હોય એમ ચૂપચાપ બેઠો રહ્યો.

આખરે શ્રેયાએ અલયને હચમચાવી નાખ્યો:

'તને કંઈ નથી થતું?'

'શ્રેયા, પરમ દિવસે સવારે મારી ફિલમ શરૂ થવાની છે. મારી જિંદગી આખીનો જુગાર રમવાનો છું હું અને સેવા સમયે તું આ અંગત પ્રશ્નો લઈને મને બોધર કરે છે એ સમજાય છે તને?'

'એટલે? મારી તકલીફ, મારી પીડા, મારા પ્રશ્નો જરાય અગત્યના નથી?'

એણે અલયને કૉલર માંથી પકડી લીધો. એ પકડમાં એટલો બધો આવેગ હતો કે અલયના શર્ટનાં બે બટન તૂટી ગયાં. અલય ચૂપચાપ નિર્વિકાર શ્રેયા તરફ જોઈ રહ્યો. શ્રેયાએ એને ફરી હચમચાવ્યો અને બારી તરફ પીઠ કરીને અલય તરફ ફરી ગઈ:

'તારી ફિલમ, તારી જિંદગી, તારો જુગાર, તારું સપનું... એમાં હું ક્યાં, અલય?'

'જો આમ જ કરીશ તો ક્યાંય નહીં!'

અલયના અવાજમાં જાણે બરફ જેવી ઠંડક હતી. શ્રેયાએ અલયની છાતીમાં નખોરિયાં ભરી લીધાં:

'હું તો મરી જઈશ, પણ તનેય સુખેથી જીવવા નહીં દઉં.'

'એમ કરીને જો તને સારું લાગતું હોય તો જરૂર કર.'

અલયે હળવેકથી શ્રેયાના બે હાથ કાંડામાંથી પકડી લીધા અને એની આંખોમાં આંખો નાખીને જાણે પથ્થર પર કોતરતો હોય એમ કહ્યું:

'શ્રેયા, તું મારી જાન છે... જિંદગી છે મારી એની ના નહીં, પણ મારી ફિલમ મારા હોવાનો પર્યાય છે અને જો તું એની સાથે હરીફાઈ કરીશ તો હારીશ. મને અફસોસ થશે, તારા હારવાનો, પણ હું તારી મદદ નહીં કરી શકું, સૉરી, શ્રેયા!'

શ્રેયાની આંખો પહોળી થઈ ગઈ. એના શ્વાસ તેજ થઈ ગયા. એણે અલયના હાથમાં પકડેલા પોતાના હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યો. અલયે પકડ થોડી વધુ મજબૂત કરી. શ્રેયાના હોઠ પર એક ચુંબન કર્યું. એ પ્રગાઢ ચુંબન દરમિયાન શ્રેયા તરફડી. એણે છટપટવાનો બહુ પ્રયત્ન કર્યો, પણ ધીમે ધીમે શાંત થઈને જાણે અલયના બે હોઠની વચ્ચે હળવે હળવે પીગળી રહી...

અલયનો મોબાઇલ રણક્યો. અલયે ઝટકાથી શ્રેયાને છોડીને ફોન લીધો:

'બોલો..'

'આઈ થિંક, આઈ એમ સૉરી. હું જરા વધારે પડતી ઈન્વોલ્વ થઈ ગઈ હતી.'

રાતની નીરવ શાંતિમાં અલયના ફોનના સામે છેડે થતી વાત પણ શ્રેયા સાંભળી શકતી હતી.

'કંઈ વાંધો નહીં.'

'આપણે ફિલમ કરીએ છીએ ને?'

'અફ કોર્સ!'

'તમે કહેશો એમ કરીશ. હવે હું મારું ડહાપણ નહીં કરું. આઈ વિલ ફોલો યુ ઍન્ડ યૉર ઇન્સ્ટ્રક્શન્સ, અલય...'

'એ કોણ જાણે શું કહેતાં કહેતાં અટકી ગઈ.

'આપણે કાલે વાત કરીએ?'

'હા, હા... શ્યૉર... ગુડ નાઇટ...'

અને ફોન કપાઈ ગયો.

'રાત્રે બે વાગે...'

શ્રેયા બોલી ઊઠી. એણે અલયની છાતી પર માથું મૂક્યું પણ અલયે એને વચ્ચે જ અટકાવી અને એની વાત વચ્ચેથી જ કાપી નાખી.

'શ્રેયા, હું અને ફિલમ એક છીએ... ફિલમ અને અનુપમા એકબીજા સાથે જોડાયેલાં... હવે આ પરિસ્થિતિને જેટલી ઝડપથી સ્વીકારી શકીશ એટલી ઝડપથી તારી અંદર ઉચાટ ઘટતો જશે. મારી ફિલમ અને મારી વચ્ચે કોઈ પણ આવીને ઊભું રહે તેમ છતાં મારી ગતિ નહીં અટકે. હવે કોઈ જાણીજોઈને વચ્ચે આવીને હડફેટે ચડે તો એને માટે હું ગિલ્ટ નહીં લઉં!'

શ્રેયાને ઘડીભર પહેલાં લાગ્યું હતું કે બધું બરાબર થઈ ગયું. અલય એની વાત સમજી ગયો છે, પરંતુ એ ચુંબન ફક્ત એનો આવેશ ઓગાળવા માટે કરવામાં આવ્યું હતું? અને એ વાત સમજાતાં જ શ્રેયાના મોઢામાં ચુંબન પછીનો જે અદ્‌ભુત સ્વાદ હતો એ અચાનક જ કડવા વખ જેવા સ્વાદમાં પલટાઈ ગયો હતો.

આ એ જ અલય હતો, જેને એ છેલ્લાં સાત વર્ષથી ચાહતી હતી?

* * *

28

સૂર્યકાંત મહેતાની બાજુમાં લક્ષ્મી બેઠી હતી. સૂર્યકાંતના મનમાં એક અજબ જેવો ઉચાટ હતો. એમને કોઈ રીતે સમજાતું નહોતું કે વસ્તુના મનમાં આખરે હતું શું?

અહીં બોલાવી ને શું ઇચ્છતી હતી?

'બોલાવ્યા પછી એણે ન કોઈ ફરિયાદ કરી કે ન મારા આવ્યાનો કોઈ મોટો આનંદ જાહેર કર્યો. જાણે કોઈ એક માણસ બહારગામથી આવ્યો હતો, થોડું રોકાવાનો હતો અને પછી ચાલી જવાનો હતો!'

લક્ષ્મી હળવે હળવે સૂર્યકાંત મહેતાના માથામાં હાથ ફેરવતી હતી. એ પિતાનો ઉચાટ અને અસુખ જોઈ શકતી હતી. થોડુંઘણું સમજી પણ શકતી હતી. સૂર્યકાંતના મનમાં જાણે વિચારોનું ચક્ર ભયાનક ગતિએ ફરી રહ્યું હતું. એકસાથે જોડાયેલો બીજો... અને બીજા સાથે જોડાયેલો ત્રીજો... વિચારોની શૃંખલા તૂટતી જ નહોતી જાણે.

'બધું જ જાણતી હોવા છતાં યશોધરા વિશે પણ કોઈ વાત ન કરી. ન છોકરાઓને યશોધરાની વાત કરી. પોતાના આવ્યા છતાં વસુને કોઈ ઉત્સાહ નહોતો. કોઈ અપમાન કે વેરનો ભાવ પણ નથી દેખાતો! આ સ્ત્રીના મનમાં હતું શું? આટલાં વર્ષે મને યાદ પણ ન કર્યો અને અચાનક જાહેરખબર આપીને મને બોલાવ્યો... બોલાવ્યા પછી એનું આ વર્તન કોઈ રીતે સમજી શકાય એવું નથી.'

'ડેડી, શું કામ આટલું બધું વિચારો છો? એમણે બોલાવ્યા છે ને તમે આવ્યા છો. પચ્ચીસ વર્ષથી પડેલી ખાઈ એક રાતમાં તો નહીં પુરાય ને? દરેક વાતને સમય લાગતો હોય છે એવું હું તમારી જ પાસેથી શીખી છું.'

'સાચી વાત છે, બેટા. હું સમજું છું, પણ સ્વીકારી શકતો નથી. કદાચ હું વધારે પડતી આશા લઈને આવ્યો હતો. મને એમ હતું કે પચ્ચીસ-પચ્ચીસ વર્ષ હું ભલે મારી રીતે જીવતો રહ્યો, પણ મારો પરિવાર તો મારા વિના નિરાધાર, એકલોઅટૂલો તરફડતો હશે... આવું વિચારવામાં ક્યાંક મારું અભિમાન પણ હશે, બેટા.'

'ડેડી, મેં ક્યાંક વાંચ્યું હતું, આપણે જ્યારે એવું વિચારીએ છીએ કે સામેના માણસને આપણા વિના ન ચાલવું જોઈએ અથવા નહીં જ ચાલે ત્યારે એમાં સામેના માણસનો વિચાર ઓછો અને આપણા ઈગોનું પ્રમાણ વધારે હોય છે, ડેડી...'

લક્ષ્મીનો હાથ હજીય હળવે હળવે સૂર્યકાંત ના માથા પર, વાળમાં અને કપાળ પર ફરી રહ્યો હતો. એની આંખોમાં પાણી આવી ગયાં. જે પિતાએ એને હથેળીમાં પગ મુકાવીને મોટી કરી હતી, જે પિતાએ એના મોઢામાંથી નીકળે એ પહેલા માંગણી પૂરી કરી હતી. જે પિતાએ એને માની ખોટ નહોતી સાલવા દીધી એ પિતા આજે તકલીફમાં હતા અને છતાં પોતે કેટલી અસહાય, લાચાર હતી!

'બાપ-દીકરી બન્ને ખાસ્સો સમય મૌન રહ્યાં. લક્ષ્મી ચૂપચાપ સૂર્યકાંતને માથે હાથ ફેરવતી રહી અને સૂર્યકાંતને પણ જાણે ધીમે ધીમે શાતા વળતી હોય એમ આંખો બંધ કરીને પડી રહ્યા. પછી અચાનક એમણે આંખ ઉઘાડી:

'આપણે પાછાં ચાલ્યા જવું છે, બેટા?'

'કેમ, ડેડી?'

લક્ષ્મીએ પૂછ્યું તો ખરું, પણ એનેય જાણે આ જ વિચાર આવ્યો હતો થોડી ક્ષણ પહેલાં.

'બેટા, આપણને આવ્યે ખાસ્સા દિવસ થઈ ગયા. ત્યાં કામ પણ જોવું પડશે ને? ગઈ કાલે જ મધુભાઈનો ફોન હતો. પાછા આવવા વિશે પૂછતા હતા. આપણે તો અહીં મહેમાન તરીકે જ આવ્યાં હતાં રિટર્ન ટિકિટ લઈને... મને લાગે છે એ રિટર્ન ટિકિટમાં તારીખ નખાવવાનો સમય પાકી ગયો છે.'

'બસ, એટલું જ છે?'

લક્ષ્મીની રાખોડી આંખોમાંની ધાર જાણે સૂર્યકાંત મહેતાના હૃદય પરની ચામડી ચીરીને અંદર ઊતરી ગઈ.

'બેટા, કામ તો બગડે જ છે ને? હવે મારે અહીંયાં રહેવાનું કોઈ ખાસ કારણ પણ નથી. બધાં પોતપોતાની રીતે સુખી છે. મારા આવવાથી આ ઘરમાં કશો ફેરફાર નથી થયો કે નથી મારા ચાલ્યા જવાથી આ ઘરમાં કશું અધૂરું રહી જવાનું... વસુએ બોલાવ્યો, હું આવ્યો. મારી ફરજ પૂરી થઈ, બેટા.'

'ડેડી, તમારું મન ઊઠી ગયું છે, નહીં?'

સૂર્યકાંતના અવાજમાં જે ખાલીપો અને નિરાશા પડઘાતી હતી એ સાંભળીને લક્ષ્મીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. સૂર્યકાંતે હાથ લંબાવીને એની આંખો લૂછી. એના માથે હાથ ફેરવ્યો. પછી બેઠા થઈ ગયા. લક્ષ્મીની આંખોમાં આંખો નાખીને એમણે જાતને સંયત કરી લીધી. પછી એક એક શબ્દ ગોઠવીને કહેતા હોય એમ કહેવા માંડ્યું:

'બેટા, આપણે મારા પરિવારને મળવા આવ્યાં હતાં, મારી પત્નીને અને મારાં સંતાનોને, જેમને હું પચ્ચીસ વર્ષ પહેલાં છોડીને ચાલ્યો ગયો હતો, પણ બેટા, મને લાગે છે, હું જેને છોડીને ગયો હતો એ પરિવાર અને હું જ્યાં પાછો ફર્યો છું એ પરિવાર બન્ને સાવ જુદા છે!'

'ડેડી, તમે વસુમાને મળ્યા વિના જવાની વાત કરી ત્યારે મેં તમને રોક્યા હતા. મેં કહ્યું હતું કે અહીં સુધી આવ્યા પછી હું તમને વસુમાને મળ્યા વિના પાછા નહીં જવા દઉં... પણ હવે તમે એમને મળી લીધું છે. બધું જોઈ-જાણી લીધું છે. તમારાં સંતાનો પોતપોતાની રીતે ગોઠવાઈ ચૂક્યાં છે અને ખરું પૂછો તો કોઈને બહુ ફરિયાદેય નથી તમારી સામે. હવે તમારે પાછા જવું હોય તો આપણે જતાં રહીએ. હું તમને નહીં રોકું.

'બેટા, બસ એક વાર નીરવના પપ્પાને મળી લઉં પછી આપણે જવાની તૈયારી કરીએ.'

'એની ઉતાવળ નથી, ડેડી.'

'એટલે?'

'ડેડી...' લક્ષ્મીએ સૂર્યકાંતની છાતીની આસપાસ હાથ લપેટી દીધા અને માથું છાતી પર મૂકી દીધું:

'ગેરસમજ નહીં કરતા, પણ એમાં ઉતાવળ કરવાની જરૂર નથી. મને પણ થોડો સમય જોઈએ છે અને નીરવને પણ.'

'એટલે નીરવ તને હજી...'

સૂર્યકાંતને આગળ શબ્દો સૂઝ્યા નહીં.

‘ડૅડી, આ આખી જિંદગીનો સવાલ છે અને અમે બન્ને પોતપોતાનાં મા-બાપનાં લગ્નમાંથી એટલો પાઠ શીખવા માગીએ છીએ કે અમારે કોઈ ઉતાવળ નથી કરવી. એકબીજાને સમજીને, આ મુદ્દા પર વિચારીને પછી જ જિંદગીભર સાથે રહેવાનો નિર્ણય કરી શકીશું...’

‘બેટા, તમારી પેઢી પાસે ગજબની ક્લિયારિટી છે. શું જોઈએ છે એની કદાચ સમજ ન હોય તો પણ શું નથી જોઈતું એટલી સમજ તો તમારા બધા જ પાસે સ્પષ્ટ છે!’

‘ડૅડી, અમારી પેઢી એક વાત વિશે બહુ સ્પષ્ટ છે, બી હેપ્પી ઍન્ડ લેટ અધર્સ... પોતે દુ:ખી થવું નહીં, એવી જ રીતે કોઈને પણ દુ:ખી કરવા નહીં. ડૅડી, હું નીરવની સાથે ઉતાવળે પરણીને દુ:ખી થવા નથી માગતી અને સાથે જ એને પણ દુ:ખી કરવા નથી માગતી. એ અમેરિકા આવવાનો છે. અમે ત્યારે પણ મળીશું...’

પછી ઘડીભર સૂર્યકાંત મહેતાના ચહેરાનો તાગ લઈને એણે હળવેકથી ઉમેર્યું:

‘આઈ હોપ, તમને વાંધો નહીં હોય.’

‘ના રે, બેટા જિંદગી તારી છે અને મારે તને એટલી સ્વતંત્રતા તો આપવી જ જોઈએ કે તું તારી જિંદગીનો નિર્ણય જાતે કરી શકે.’

‘થૅન્ક્સ, ડૅડી.’

લક્ષ્મીનું માથું હજીય સૂર્યકાંતની છાતી પર હતું. સૂર્યકાંતે હળવેકથી એના માથામાં હાથ પસવાર્યો:

‘પણ દીકરા, નિર્ણય કરવામાં એટલો બધો સમય પણ ન લેતી કે લીધેલા નિર્ણયનો કોઈ અર્થ જ ન રહે.’

‘હું સમજું છું, ડૅડી.,

ને ખરેખર લક્ષ્મી સમજતી હતી કે સૂર્યકાંતને આ વીતી ગયેલાં પચ્ચીસ વર્ષ રહી રહીને પીડા આપતાં હતાં. અહીં પાછા ફર્યા પછી ઘરના પુરુષની, સંતાનોના પિતાની અને વસુંધરાના પતિની લગભગ પુરાઈ ગયેલી ખાલી જગ્યાનો અભાવ એમને રહી રહીને સાલતો હતો... અને છતાં એ બાબતમાં એ કશુંય કરી શકે એમ નહોતા!

લક્ષ્મીને સૂઈ જવાનું કહીને સૂર્યકાંત પોતે પણ આડા પડ્યા. આંખ પર આડો હાથ મૂકીને ઊંઘવાનો પ્રયત્ન કરી રહેલા સૂર્યકાંતે જાણે પોતાના જ મનને કહ્યું:

હવે બે-ચાર દિવસ. બસ!

*

છેલ્લા બે કલાકથી દરિયાકિનારે બેસીને દરિયાનાં મોજાંની અવરજવરને એકીટશે જોઈ રહેલા રાજેશના મનમાં ઉલ્કાપાત મચ્યો હતો.

એણે નજરે જે જોયું હતું એને એ જુઠ્ઠું પાડી શકે એમ નહોતો અને છતાં જે જોયું હતું એ દૃશ્યને એનું મન સ્વીકારવા તૈયાર નહોતું.

એણે અંજલિને ભરપૂર પ્રેમ કર્યો હતો - મન, આત્મા અને હૃદયથી. અને એમ છતાં છેલ્લા બે-ત્રણ દિવસમાં જે કંઈ બન્યું એ પછી રાજેશનું મન જાણે ડૂબી ડૂબી જતું હતું. ઝઘડવું, લડવું. દાદાગીરી કરવી એનો સ્વભાવ નહોતો. પૈસાવાળાઓના બગાડેલાં સંતાનોમાં હોય છે એવો એક પણ દુર્ગુણ રાજેશમાં નહોતો જ.

એનો ઉછેર જ સાવ જુદો હતો. એનાં માતા-પિતાએ એને સ્ત્રીને સમ્માન આપતાં શીખવ્યું હતું. કોઈ પણ વ્યક્તિની વાત સાંભળ્યા વિના ધારણાઓ ન બાંધવી એ એનાં લોહીમાં હતું. એની સારાઈ ઘણી વાર એને નુકસાન પણ કરતી, અંગત સંબંધોમાં અને ધંધામાં, બેઉ! કેટલાય મિત્રોએ પૈસા ઉધાર લઈને પાછા નહોતા આપ્યા... કેટલાય લોકોએ રાજેશનું નામ વાપરીને પોતાનું કામ કરાવ્યું હતું અને પછી એને સરળતાથી ભૂલી ગયા હતા. કેટલાય લોકો રાજેશને ભોટ અથવા મૂરખ કહેતા એની પીઠ પાછળ, જેની જાણ હતી રાજેશને અને છતાં રાજેશ દરેક વખતે પોતાની જાતને જ કહેતો:

મારી સારાઈ મારી પોતાની છે. મારે બે-ચાર પ્રસંગની કડવાશ યાદ કરીને મારો સ્વભાવ શા માટે બદલવો જોઈએ?!

આજે પણ રાજેશ પોતાના મન સાથે ક્યારનો દલીલો કરી રહ્યો હતો. એને કોઈ રીતે સમજાતું નહોતું કે એ અંજલિ સાથે આ વિશે કઈ રીતે વાત કરે? એની અંજલિ, જે એના શ્વાસ અને પ્રાણ હતી, કોઈ બીજાને પ્રેમ કરે એ વાત જ રાજેશના મનમાં હજી બેઠી નહોતી.

હવે તો અંજલિ મા બનવાની હતી. આવા સમયે એને કોઈ આઘાત ન જ લાગવો જોઈએ એવું રાજેશ સતત યાદ રાખતો...

એણે જે નજરે જોયું હતું એનસીપીએના કમ્પાઉન્ડમાં એના પર વિશ્વાસ રાખવો કે સહજીવનનાં પાંચ વર્ષ પર? આવનારા બાળકનો વિચાર કરવો કે બનેલી ઘટનાને એક પતિના, એક પુરુષના અહમ્ સાથે જોડીને એક એવો તેજાબ તૈયાર કરવો, જે અંજલિની જિંદગી બરબાદ કરી નાખે...

આખી રાત પડખાં ઘસી ઘસીને થાકેલો રાજેશ વારે વારે અંજલિના નિર્દોષ ચહેરા તરફ જોઈ રહેતો... આંખો મીંચીને ઘસઘસાટ ઊંઘતી અંજલિ કોરી પરીકથાની રાજકુમારી જેવી લાગતી હતી. આ અંજલિ દગો કરી શકે, છેતરી શકે એ રાજેશના માન્યામાં જ નહોતું આવતું. એણે બે-ચાર વાર અનાયાસ હાથ લંબાવ્યો... અંજલિના ગાલ પર, ચહેરા પર હાથ ફેરવવા, પણ પછી કોણ જાણે શું વિચારીને હાથ પાછો ખેંચી લીધો.

એ રાતભર જાતજાતની ગડમથલ કરતો રહ્યો. અંજલિના પરવાળા જેવા હોઠ અને પોતે જોયેલા ચુંબનની યાદ અપાવતા રહ્યા. અંજલિની બંધ આંખોમાં કોનાં સપનાં હશે એ વિચારે એને પોતાના જ શ્વાસ બંધ થઈ જતા લાગ્યા...

આખરે સવારે છ વાગે એ પથારીમા ઊભો થઈ ગયો. નિત્યક્રમ પરવારી દરિયા કિનારે આવીને બેઠો. છેલ્લા બે કલાકથી એ અહીં જ બેઠો હતો, આમ જ... દરિયાને એકીટશ જોતો.

દરિયાનાં મોજાંની જેમ જ પુરજોશમાં વિચારો આવતા અને મનને રેતીમાં ફીણ ફીણ થઈને વેરાઈ જતા!

એ વારે વારે પોતાના મોબાઇલ તરફ જોતો હતો. આમ તો કોઈ દિવસ એ અંજલિને કીધા વિના ઘરમાંથી જતો નહીં અને જો કોઈ વાર મોડું થાય તો અંજલિનો ફોન ન આવે એ અશક્ય વાત હતી.

જાગી જ નહીં હોય કદાચ... રાજેશે મન મનાવ્યું:

જાગી હોય તો મને ફોન કર્યા વિના રહે જ નહીં. મને આટલી વહેલી સવારે ઘરમાં ન જુએ અને અંજલિ મને શોધે નહીં એવું તે કંઈ બને?

રાજેશ જાણે જાતને જ ચગળવા માટે એક ચૉકલેટ આપી રહ્યો હતો. બાકી, એને ખબર હતી કે અંજલિ ખૂબ વહેલી ઊઠતી.

આખરે રાજેશ દરિયેથી ઊભો થયો અને પોતાની ગાડી તરફ ચાલવા લાગ્યો. ગાડી લઈને ઘર સુધી પહોંચતાં એની નજર માત્ર ફોન પર હતી, પણ અંજલિનો ફોન ન આવ્યો તે ન જ આવ્યો.

રાજેશ ઘરમાં દાખલ થયો ત્યારે અંજલિ નાહી-ધોઈ ટેબલ પર બેસીને છાપું વાંચી રહી હતી. એના તાજા ધોયેલા વાળ ખભા પર થઈને ફેલાયેલા હતા. મેકઅપ વગરનો સ્વચ્છ ચહેરો અને આછા ગુલાબી રંગના સલવાર-કમીઝમાં અંજલિ ખરેખર સુંદર દેખાતી હતી.

'ક્યાં ગયા હતા સવારના પહોરમાં?'

રાજેશને જોતાં જ એણે પૂછ્યું.

'થોડું કામ હતું. એક અર્જન્ટ મિટિંગ.. એક ફોરેન બાયર પાછા જવાના હતા એટલે...,

રાજેશે એની સાથે નજર મિલાવ્યા વિના જવાબ આપ્યો. આજે જિંદગીમાં પહેલી વાર અંજલિ સાથે ખોટું બોલ્યો હતો.

'ટ્રૅક અને ટી-શર્ટમાં... મિટિંગ કરવા?'

અંજલિ જાણતી હતી કે રાજેશ કપડાં વિશે ખૂબ સભાન હતો. ખાસ કરીને એનાં ઑફિસનાં કપડાં તો એ ખૂબ કાળજીપૂર્વક પસંદ કરતો. એ અંજલિને અવારનવાર કહેતો:

'અમારા ધંધામાં તમે શું પહેરો છો, કેવી એક્સેસરીઝ વાપરો છો, કેવી ગાડી, કેવો મોબાઇલ રાખો છો એના પરથી તમારા ક્લાયન્ટ અને તમારા બિઝનેસ ઍસોસિયેટ તમારું માપ કાઢે છે.'

આજે એ જ રાજેશ ટ્રૅક અને ટી-શર્ટમાં ફોરેન બાયર સાથે મિટિંગ કરી આવ્યો?

અંજલિને ખરેખર નવાઈ લાગી, પણ એ કશું બોલી નહીં.

'કેમ આટલી વહેલી તૈયાર થઈ ગઈ?'

'વહેલી? સાડા આઠ વાગ્યા.'

અંજલિએ છાપું વાળ્યું. પછી ઊભી થઈ.

'આજે હું શ્રીજી વિલા રહેવા જાઉં છું થોડા દિવસ.'

'અચાનક?!'

રાજેશ બીજું કશું ન બોલી શક્યો. સામાન્ય રીતે અંજલિને એ આગ્રહ કરતો થોડા દિવસ શ્રીજી વિલા જઈને રહેવા માટે, પણ અંજલિ ભાગ્યે જ તૈયાર થતી. સવારે જતી સાંજે પાછી ફરતી. આજે પહેલી વાર અંજલિ સામેથી શ્રીજી વિલા રહેવા જવાની વાત કરતી હતી.

'ના, એટલે જવું હોય તો જા.'

રાજેશે પોતાના સ્વભાવ મુજબ કહ્યું:

'પણ આ તો અચાનક નક્કી કર્યું એટલે પૂછું છું'

'બાપુ આવ્યા છે અને આમેય મારી તબિયત બહુ સારી નથી રહેતી તો મને થયું...'

રાજેશને પૂછ્યા વિના ઘરની બહાર પગ ન મૂકનારી આ પત્ની આજે માત્ર જણાવતી હતી...

'હા, હા, જઈ આવને!'

એણે કહ્યું તો ખરું. પણ રાજેશનો ચહેરો સાવ ફિક્કો પડી ગયો એવું અંજલિ જોઈ શકી. રાજેશ અંદર ચાલી ગયો.

અંજલિ ત્યાં જ બેસી રહી. એ ગઈ કાલ રાતના પ્રસંગોને જાણે એક વાર ફરી યાદ કરી રહી હતી. એના મનમાંથી એ સાંજ, એનો નશો અને શફીની આંખો કોઈ રીતે ભૂંસાતાં નહોતાં. એને રહી રહીને અફસોસ પણ થતો હતો, કાર્યક્રમ પછી જે કંઈ બન્યું એનો અને તેમ છતાં એ પાંચ-સાત-દસ સેકન્ડનો અનુભવ એનો પીછો નહોતો છોડતો.

આખી રાત એ પણ ઊંઘવાનો ડોળ કરતી પડી રહી હતી. રાજેશ જાગ્યો હતો આખી રાત એની જાણ હતી એને, પરંતુ એ માનતી હતી કે રાજેશ ગાડીમાં થયેલી વાત અને પોતાના આવી રીતે એકલા જવાના નિર્ણય અને વર્તનના કારણે અપસેટ હતો. એણે થોડોક સમય લેવાનું અને આપવાનું નક્કી કરીને શ્રીજી વિલા જવાનો વિચાર કર્યો હતો.

સૂર્યકાંત મહેતાની હાજરીને કારણે ત્યાં હંમેશ કરતાં જુદું વાતાવરણ હશે એવું એના મનમાં હતું. વળી, પિતા ત્યાં રહેવા આવી ગયા છે એ વાત એને જાનકીએ કહી હતી અને સાથે જ એને પણ થોડા દિવસ રહેવા બોલાવી હતી. અંજલિએ મનોમન શ્રીજી વિલા રહેવા જવાનું નક્કી કરીને છેલ્લા ચાર-પાંચ દિવસમાં બનેલી અણધારી-અકલ્પી ઘટનાઓના ચક્રમાંથી બહાર નીકળીને સહેજ શ્વાસ લેવાનું બહાનું શોધ્યું હતું.

જો કે એને ખાતરી હતી કે હંમેશની જેમ રાજેશ એને જવા નહીં દે! લગ્નને પાંચ વર્ષ થયાં, અંજલિને એ સામેથી શ્રીજી વિલા જવા કહેતો, પણ શ્રીજી વિલા ગયેલી અંજલિ જો ખરેખર રાત રોકાવાનું નક્કી કરે અને રાજેશને ફોન કરે તો રાજેશ કોઈ ને કોઈ ને કોઈ બહાને એને પાછી લઈ આવતો...

આજે પણ એવું જ થવાનું. અંજલિએ વિચાર્યું:

હમણાં ભલેને હા પાડે, હું ખરેખર જવાની વાત કરીશ એટલે સો બહાનાં કાઢશે.

અંજલિ પોતાના જ વિચારો પર મનોમન અકળાઈ ઊઠી. એણે જાતને જ કહ્યું:

નક્કી કર અંજલિ, તારે જવું છે કે નથી જવું? એક તરફથી અહીંથી ભાગી છૂટવા માગે છે અને બીજી તરફથી રાજેશ તને રોકે એવું ઇચ્છે છે?

પોતાના જ મનમાં ચાલતા આ દ્વંદ્વ પર અંજલિને ખૂબ આશ્ચર્ય થયું.

અંદરથી ઑફિસનાં કપડાં પહેરીને બહાર આવેલા રાજેશને જોઈને અંજલિને વધુ આશ્ચર્ય થયું:

'રાજેશ?! કઈ તરફ જાવ છો?'

'ઑફિસ.'

રાજેશ એની ધૂનમાં હતો જાણે.

'આજે રવિવાર છે, રાજેશ.'

રાજેશ ચોંક્યો: 'ઓહ!'

પછી ડાઇનિંગ ટેબલ પર બેસી ગયો. એનું મન જાણે ચકડોળે ચડ્યું હતું. કશું જ નહોતું સૂઝતું એટલે એણે જાણે બોલવા માટે બોલી નાખ્યું:

ચાલ, મૂકી આવું તને શ્રીજી વિલા...'

'તો હું જાઉં એવું જ ઇચ્છે છે તું...'

અંજલિએ મનોમન વિચાર્યું.

એક નાની વાતનું આટલું બધું ખરાબ લાગી જાય? પાંચ-પાંચ વર્ષ એમની સાથે જીવી એનું કંઈ નહીં અને આવેશમાં આવીને કંઈ કહી નાખ્યું એનું આટલું બધું મહત્ત્વ?

અંજલિ ડાઇનિંગ ટેબલ પરથી ઊભી થઈ.

'હું પૅકિંગ કરી લઉં.' એ બેડરૂમ તરફ ચાલી ગઈ.

રાજેશે ડાઇનિંગ ટેબલ પર હળવો મુક્કો પછાડ્યો:

એને જવું જ છે તો હું શું કામ રોકું? બાકી, એ નથી જાણતી કે આ પાંચ વર્ષમાં બે-ત્રણ મહત્ત્વના પ્રસંગે છૂટકો ન હોય એ સિવાય મને એ ક્યાંય રોકાય તો ઘર ખાવા ધાય છે...

એણે માથું ડાઇનિંગ ટેબલ પર ઢાળી દીધું.

ને આમ પણ જેને જવું હોય એને કોણ રોકી શકે છે?!

*

અલય ઘસઘસાટ ઘોરતો હતો. અચાનક મોબાઇલ રણક્યો. એણે હાથમાં ઉપાડ્યો અને એક આંખ ખોલીને જોયું... માંડ ફોકસ થયું: અનુપમા ઘોષ!

આ બાઈ તો લોહી પી ગઈ. શું છે એને?

અલયે બડબડ કરીને ફોન ઉપાડ્યો. આખા અઠવાડિયામાં સાડા આઠનો ડાઇનિંગ ટેબલ પર નાસ્તો કરવાનો સમય ફિક્સ રહેતો, સૌ માટે માત્ર રવિવારની સવાર સૌની પોતપોતાની રહેતી. એ દિવસે ઘરમાં કોઈ નિયમ નહોતો. સૌ પોતાની રીતે ઊઠતા અને પોતાની રીતે દિવસ ગાળતા. માત્ર જે ન જમવાના હોય એમણે આગળથી જણાવવાનું એવો વસુમાનો આગ્રહ રહેતો.

'ગુડ' મોર્નિંગ!'

અલયે કહ્યું, પણ ખરેખર તો આ બાઈએ એની મીઠી ઊંઘ બગાડી એવું એને લાગ્યું હતું.

'કાલનો કૉસ્ચ્યુમ? સીન કયો કરીએ છીએ? સાતમો? બાવીસમો? બત્રીસમો? આડત્રીસમો કે...'

'એક મિનિટ... એક મિનિટ...'

અલય પથારીમાં બેઠો થયો:

'હું હજુ હમણાં જ જાગ્યો છું. મારું મગજનું મશીન ચાલુ નથી થયું.'

'ઓહ, બાકી ફેન્ટાસ્ટિક સ્ક્રિપ્ટ છે, આલય, મેં આખી રાત જાગીને વાંચી છે - બે વાર. આ ફિલમ સો ટકા હિટ હશે. મારી કારકિર્દીમાં આ એક સીમાચિહ્ન ફિલમ બનશે. મને વિશ્વાસ છે. અલય, આ ફિલમ બનાવવામાં કોઈ કૉમ્પ્રોમાઇઝ નહીં કરતો... ન પૈસામાં, ન સ્ટાર્સમાં કે ન બીજી કોઈ બાબતમાં'

'નથી કરવું એટલે તો આટલી રાહ જોઈ છે મેં. હું આ ફિલમ મારી રીતે મારું સપનું પૂરું કરવા બનાવવા માગું છું.'

'તારું એકલાનું નહીં અલય, મારું પણ. આ સ્ક્રિપ્ટ વાંચ્યા પછી આ ફિલમ મારું પણ સપનું બની ગઈ છે. તે મને ગઈ કાલે કહ્યું એ પછી હું તારા કામમાં દખલ નહીં કરું, પણ તું મને તારી સાથે તો ચાલવા દઈશ ને?'

અલય ચૂપચાપ સાંભળતો રહ્યો. અનુપમાનો અવાજ જાણે લાગણીના વરસાદમાં નાહીને લીલોછમ થઈને અલયની ચારે તરફ લહેરાઈ ગયો હતો:

'હું તને કોઈ સલાહ નહીં આપું, તારા કોઈ નિર્ણયમાં ચંચુપાત પણ નહીં કરું. એક ઍક્ટ્રેસની જેમ ચૂપચાપ કામ કરીશ, પણ અલય, મારે તને સફળ જોવો છે. ભારતના ટૉપ ટેન ડિરેક્ટર્સમાં આ ફિલમ રિલીઝ થતાં જ તારું નામ લખાવું જોઈએ. એટલું સપનું તો જોવા દઈશ ને મને? આઈ... આઈ...'

એ સહેજ અચકાઈ અને પછી એણે કહ્યું:

'આઈ રિયલી કેર ફૉર યુ, અલય.'

'થેન્ક યુ.' અલયે કહ્યું.

પછી ધીમેથી વાત બદલતાં ઉમેર્યું:

'હું જસ્ટ ઊઠ્યો છું, ફ્રેશ થઈને ફોન કરું? સવારનું શૂટ લાઇન અપ પણ કરવાનું છે.'

'હા, હા, કંઈ વાંધો નહીં. હું જરા ઇમોશનલ થઈ ગઈ એટલે મેં ફોન કર્યો. આઈ એમ સૉરી, જો મેં ડિસ્ટર્બ કર્યો હોય તો.'

અને એણે ફોન કાપી નાખ્યો. અલય ક્યાંય સુધી મોબાઇલ હાથમાં પકડીને બેસી રહ્યો:

આ એ જ છોકરી છે, જેને ફિલમ ઇન્ડસ્ટ્રી તોછડી, માથાની ફરેલી અને અભિમાની કહે છે?

હજી તો એ ઊભો થઈને બાથરૂમ તરફ જતો હતો ત્યાં જ ફરી એનો ફોન રણક્યો. એણે જઈને સ્ક્રિન પર જોયું,

'હાઈ, જાન.'

'હમણાં જ ઊઠ્યો?'

'જસ્ટ અનુપમાના ફોનથી.'

'તો હવે તને જગાડવાનું કામ એનો ફોન કરે છે?'

'શ્રેયા'

'તું સમજતો કેમ નથી, જાન, એ તને પ્રેમ કરવા લાગી છે.'

'એવું મારું નસીબ ક્યાંથી?'

અલય ખડખડાટ હસ્યો.

'મારા નસીબમાં તો એક ઝઘડાળું, શંકાશીલ, કડવું બોલનારી, લોહી પીનારી પત્ની લખી છે... એનું નામ પણ મને કોઈએ કહ્યું હતું... શું હતું? ભૂલી ગયો, યાર...'

એ હજી હસી રહ્યો હતો.

'તો હું ઝઘડાળું, શંકાશીલ, કડવું બોલનારી, લોહી પીનારી છું?'

શ્રેયાનો અવાજ ડુમાઈ ગયો:

'અનુપમા નહોતી મળી ત્યાં સુધી કોઈ દિવસ આવું નહોતું કહ્યું.'

'ઉફ્! દરેક વાતને શા માટે અનુપમા સાથે સાંકળી દે છે તું?'

અલય ઝૂંઝલાઈ ગયો:

'એક તો સવારના પહોરમાં ફોન કરે અને કોઈ સારી વાત કરવાને બદલે...'

એ ખરેખર ચિડાઈ ગયો હતો:

'જે દિવસે તું અનુપમાની વાત ન કરવાની હોય એ દિવસે મને ફોન કરજે. શા માટે દુ:ખી થવાનું રૉ-મટીરિયલ ભેગું કરે છે? મારે બહુ કામ છે. તારી સાથે એકની એક વાત કરવામાં મને કોઈ રસ નથી!'

અલયે ફોન કટ કર્યો અને બાથરૂમ તરફ આગળ વધી ગયો.

એણે બ્રશ કર્યું, શેવ કર્યું, નાહ્યો એ દરમિયાન ફોનની રિંગ વાગતી રહી. બહાર નીકળીને એણે ફોનમાં જોયું તો શ્રેયાના અઢાર મિસ્ડ કૉલ્સ હતા અને એક મેસેજ. અલયે મેસેજ વાંચ્યો:

જાન, કોઈ માણસ લાગણી એક્સપ્રેસ કરે એ એનો ગુનો છે? દુ:ખી કે સુખી થવાનું રૉ-મટીરિયલ મારામાં ઈનફ છે ને હું ક્યારેય કશું ભેગું નથી કરતી. મારું દુ:ખ અને મારું સુખ મારું પોતાનું છે. એમાં કોઈની ભાગીદારી કે જવાબદારી મને મંજૂર નથી... તને ક્યાંય પણ મારી લાગણી કે મારો પ્રેમ બોધર કે બોર કરે તો મને કહી દેજે. હું એકસો ને એંસી ડિગ્રી ઊંધી ફરીને ચાલી જઈશ...

અલય ફોન હાથમાં પકડીને મેસેજ સામે જોઈ રહ્યો.

એક સ્ત્રી, જેણે મારું સપનું પૂરું કરવા માટે પોતાની ઝળહળતી કારકિર્દી, પોતાના સિદ્ધાંત, પોતાનો સ્વભાવ - બધું જ દાવ પર લગાડી દીધું છે, જેને ખરેખર મારી સાથે નિસબત જ નથી અને તોય મારું સપનું મારી સાથે જોવા માગે છે! અને બીજી સ્ત્રી છે, જે મને નખશિખ ઓળખે છે, જેની સાથે આટઆટલાં વર્ષોથી જોયેલું સપનું પૂરું થવાની તૈયારીમાં છે ત્યારે એણે પોતાના જ પગ પર કુહાડા મારવા માંડ્યા છે!

વિચારોને ખંખેરીને અલય ઊભો થયો.

એ નીચે ઊતર્યો ત્યારે સૂર્યકાંત, અભય, અજય અને લક્ષ્મી ડ્રોઇંગ રૂમમાં હતાં.

'આવ અલય, હું તને બૂમ પાડવાનો જ હતો. પછી મને થયું કે રવિવાર છે... ભલે સૂતો.' અભયે કહ્યું:

'બાપુ જવાની વાત કરે છે.'

'હા, તો?'

'અરે! હજી બે દિવસ થયા એમને આવ્યે અને જવાની વાત કરે છે.'

અજયના અવાજમાં અલયની સ્થિતપ્રજ્ઞ તા અંગે આશ્ચર્ય હતું.

'એમને જવું હોય તો આપણે કઈ રીતે રોકી શકીએ?'

'મારે મારું કામ છે, ઑફિસ છે... તમને બધાંને મળી લીધું, સુખી છો એ જોઈ લીધું, હવે...?

બહુ જ સહજતાથી સૂર્યકાંત બોલ્યા.

'બહુ વહેલા આવ્યા આ બધું જોવા.'

અલયના અવાજનો ડંખ સૂર્યકાંતની છાતીમાં સીધો વાગ્યો.

'અલયભાઈ, આવ્યા તો ખરાને? એ જોવાને બદલે તમે એમને આવી રીતે...'

'ભાભી, આ ત્રણ ભાઈઓની વાત છે, મને લાગે છે, તમે રસોડામાં જાવ તો સારું.'

વૈભવીએ અભયની સામે જોયું, પણ વૈભવીની એ નજર અભયે ચુકાવીને જાણે અલયની વાતને મૂક સંમતિ

આપી દીધી.

‘તારી વાત સાચી છે, બેટા, મારે ઘણા વહેલા આવવું જોઈતું હતું. જવાબદારીઓ પૂરી થયા પછી મારા આવવાનો કોઈ ખાસ અર્થ નથી રહ્યો હવે અને એટલે જ પાછો જાઉં તો...’

‘તો શું? એટલે જવાબદારીઓ પૂરી થઈ જશે? મિસ્ટર મહેતા, હકીકત તો એ છે કે તમે પરિસ્થિતિ સાથે લડી શકતા જ નથી. ભાગી જવું એ તમારો સ્વભાવ થઈ ગયો છે.’

અજય અને અભય ફાટી આંખે અલયની સામે જોઈ રહ્યા હતા અને સૂર્યકાંત મહેતાની આંખમાં આંખ નાખીને બોલી રહ્યો હતો અલય... અલયના લાલ લાલ થઈ ગયેલા ચહેરા અને તંગ થઈ ગયેલા શરીર સામે લક્ષ્મી સહેજ ડરથી અને સહેજ સહાનુભૂતિથી જોઈ રહી હતી.

‘તમને અનુકૂળ ન હોય એવું કશું પણ તમે સહી શકતા જ નથી. તમને જ્યારે જ્યારે વિપરીત પરિસ્થિતિનો સામનો કરવો પડે ત્યારે ભાગી છૂટ્યા છો, મિસ્ટર મહેતા. અમારે માટે નવું નથી ને તમારે માટે તો નથી જ... અહીં તમે ધાર્યું હતું એવું કશું જ ન બન્યું, ખરું?’

‘અલય, તું તારા પિતા સાથે વાત કરી રહ્યો છે.’

પાછળથી વસુમાનો અવાજ આવ્યો.

‘ખબર છે મને અને એટલે જ એમને આ કહેવું મને જરૂરી લાગે છે. કોઈ પારકો માણસ હોત તો ના પણ કહેત કદાચ...’

‘બોલ, બેટા, શું કહેવું છે તારે? હું સાંભળવા જ આવ્યો છું અને સાંભળીશ.’

પછી વસુમા સામે જોઈને કહ્યું:

‘એને ન રોકીશ વસુ, કહેવા દે એને...’

‘મને કોઈ પણ રોકે, હું કહીશ જ.’

અલયના ચહેરા પર ખૂબ તકલીફ અને પીડા ઊપસી આવ્યાં હતાં:

‘ખરેખર તો તમે ચાલ્યા જાવ એમાં આખાય કુટુંબનું ભલું છે. મારી માએ તમને બોલાવ્યા અને તમે આવ્યા. મારે એક બાપ છે એવી વાર્તા સાંભળી હતી મે. એ સત્ય છે એવી ખબર પડી. તમારો આભાર! પણ હવે તમને બીજું કોઈ નહીં કહી શકે એટલે કહું છું કે આ ઘરમાં તમારી જગ્યા નથી રહી, સૂર્યકાંત મહેતા...’

અલયે ઊંડો શ્વાસ ભર્યો:

‘તમે જે ખાલી જગ્યાઓ શોધતા આવી ચડ્યા છો ત્યાં નો-વૅકેન્સીનું પાટિયું છે, મિસ્ટર મહેતા. મને બહુ અફસોસ થાય છે કે આ પાટિયું તમને વંચાતું નથી... ક્યારે જવું છે તમારે? બને એટલા વહેલા જાવ તો સારું. હવે અમને પણ થોડી શાંતિની જરૂર છે.’

ડ્રોઇંગ રૂમમાં બેઠેલા દરેક ચહેરા પર એક સન્નાટો, એક ભયાવહ ચુપકીદી છવાઈ ગઈ...

કોઈ કંઈ સમજે એ પહેલાં વસુમા આગળ વધ્યાં

'બસ, બહુ થયું.'

એમણે અલયનો હાથ પકડ્યો, ઘસડીને સૂર્યકાંતની સામે લઈ ગયાં અને શાંત, સંયત છતાં સત્તાવાહી અવાજમાં કહ્યું:

'માફી માગ તારા બાપની!'

* * *

29

સૌ આશ્ચર્યચકિત થઈ ગયાં હતાં.

સૌથી વધારે તો અલય.

એને સમજાતું નહોતું કે એણે તો એની મા માટે જ દલીલ કરી હતી. માની આટલાં વર્ષોની પીડા સમજીને એણે પિતાને આ વાત કહી હતી અને હવે એની મા, જેણે આટલાં વર્ષોમાં આ બધું જ સહ્યું, જેની આંખોમાં એણે આ બધી ફરિયાદો છેલ્લા કેટલાય દિવસોમાં અનેક વાર વાંચી હતી એ મા એને એક એવા માણસની માફી માગવાનું કહેતી હતી, જેણે આખા કુટુંબને પ્રશ્નો અને પીડા સિવાય કશું જ આપ્યું નહોતું. જતી વખતે પણ અને આટલાં વર્ષો પછી પરત આવીને પણ...

સૂર્યકાંત મહેતાની સામે ઊભો હતો અલય. વસુમા એનો હાથ ખેંચીને લઈ આવ્યાં હતાં, પણ અલયની આંખોમાં ન માની શકવાનો ભાવ હતો. એણે વસુમા તરફ જોયું. એની આંખોમાં જાણે સવાલ હતો:

‘શા માટે મા? શા માટે મારી પાસે આ માણસની માફી મગાવે છે?’

‘બેટા, તારા પિતા છે એ!’ વસુમાએ ખૂબ મમતાભર્યા અવાજે, છતાં મક્કમતા સાથે કહ્યું:

‘આ ઘરના વડીલ છે. આ ઘર એમનું છે. એમને અહીંથી જવાનું તારાથી ન જ કહેવાય.’

‘પણ મા, એ જે દિવસથી આવ્યા છે એ દિવસથી...’

‘એ દિવસથી એટલે શું? આપણે બોલાવ્યા છે તો આવ્યા છે એ... અને આમંત્રણ આપીને બોલાવેલા માણસને જવાનું કહેવાના સંસ્કાર દેવશંકર મહેતાના ઘરમાં ન જ હોય, બેટા.’

અભય પોતાની જગ્યાએથી ઊભો થયો. હળવેથી અલયની બાજુમાં આવીને એના ખભે હાથ મૂકીને ઊભો રહ્યો. પછી અવાજમાં જાણે અપરાધભાવ ઊભરી આવ્યો. એણે ખૂબ ધીમા અવાજે કહ્યું:

‘નાનો છે એ, ઘણી વાતો સમજી નથી શકતો. એનું ખરાબ નહીં લગાડતા.’

થોડી વાર આખા ડ્રોઇંગ રૂમમાં સ્તબ્ધતા પથરાઈ ગઈ. કોઈ કશું જ ન બોલ્યું. સૂર્યકાંત પણ ચૂપચાપ નીચે જોઈને બેસી રહ્યા. લક્ષ્મીના મનમાં ફફડાટ થઈ ગયો:

કોણ જાણે આ બધું બન્યા પછી ડેડી શું નક્કી કરશે?

આજે પહેલી વાર એને એના પિતા અક્કડ લાગ્યા. ડેડી જવાની વાત ના કરે તો સારું. લક્ષ્મીએ મનોમન પ્રાર્થના કરી. માંડ માંડ ભેગું થયેલું આ કુટુંબ ફરી એક વખત આટલી નાનકડી વાતમાં વીખરાઈ જશે? એનું મન વિચલિત થઈ ગયું.

‘માફી માગ, અલય...’ અભયે પણ કહ્યું.

‘હું માફી નહીં માગું.’

અલયના સ્વરમાં બે-ત્રણ વર્ષના બાળક જેવી જીદ ઊતરી આવી હતી.

'અલયભાઈ, પપ્પાજી આટલાં વર્ષ આવ્યા એ આપણા સૌ માટે આવ્યા છે અને તમે...'

વૈભવીની હાજરી જાણે કોઈએ નોંધી જ નહીં.

'જુઓ ભાભી, આ અમારો અંગત પ્રશ્ન છે.'

પછી અભયની સામે જોઈને ઉમેર્યું:

'મારી મા સિવાય આ બાબતમાં બોલવાનો અધિકાર હું કોઈને નથી આપતો.'

પછી એ સૂર્યકાંત સામે ઘડીભર જોઈ રહ્યો, જાણે નિર્ણય કરવાનો પ્રયત્ન કરતો હોય તેમ પછી એકદમ જ લાગણીવશ થઈ ગયો એનો અવાજ:

'મારી માએ તમને બોલાવ્યા છે એની જરૂરિયાત હતી એટલે. એ કહે છે એટલે હું તમારી માફી માગું છું. મારે કદાચ તમારી સાથે આવી રીતે નહોતું બોલવું જોઈતું... મારી વાત ખોટી નથી. કહેવાની રીત ખોટી હોઈ શકે કદાચ અને એ પણ તમારી પત્નીને લાગે છે એટલે!'

'અલય દીકરા, કોઈ પણ કડવાશ, જે આપણી અંદર સંઘરાય એ આપણને વધારે પીડા આપે છે.'

વસુમા તરફ અલયે જોયું:

'તો?'

અલયનો અવાજ આહત હતો ને છતાં બેફિકર!

'મારે એ પીડા સાથે જ જીવવું હોય તો? આ પીડા મારી એનર્જી છે, મારી ઊર્જા, મારી શક્તિ છે, મા. જે દિવસે આ પીડા નહીં હોય એ દિવસે અલય અલય નહીં હોય, મા.'

'બેટા, કોણ જાણે કેમ, હું તમને - ખાસ કરીને તને - આ સતત બળતી આગમાંથી બચાવી નથી શકી. મેં બહુ ઇચ્છ્યું હતું કે તમારા સૌનો - ખાસ કરીને તારો ઉછેર કોઈ પ્રકારના પૂર્વગ્રહોથી બહાર રહીને કરું, પણ આ પીડા, આ આગ તને ગર્ભમાં જ મળી હશે.'

'ખબર નથી મા, પણ એક વાત કહી દઉં. આ દુનિયામાં જો કોઈ એક વ્યક્તિની લાગણીની, શબ્દની મારા માટે કિંમત છે તો એ તું છે...'

પછી સૂર્યકાંત સામે જોઈને કહ્યું:

'કોઈ શું માને છે અથવા કોઈને શું લાગશે એની હવે મને ચિંતા નથી રહી.' ઊંડો શ્વાસ લીધો, સૌની સામે જોયું. પછી વૈભવીની સામે નજર નોંધી:

'જો કે એવી ચિંતા મને ક્યારેય હતી જ નહીં.'

'સવાલ આપણા સંસ્કારોનો છે, અલય.' અભયે ધીમેથી કહ્યું:

'આપણે આપણાં આટલાં વર્ષો પછી પાછા ફરેલા પિતાને ખૂબ સમ્માન અને સ્નેહપૂર્વક જેટલું રહેવું હોય એટલું રહ્યા પછી એટલા જ સમ્માન અને સ્નેહપૂર્વક વિદાય આપી શકીએ એટલું તો આપણી માએ શીખવ્યું છે આપણને.'

પછી એક નજર વસુમા સામે નાખીને ફરી અલયે પૂછ્યું:

'ખરું ને?'

વસુમાની આંખોમાં જાણે અભય માટે એક દુલાર ઊતરી આવ્યો. જે વાત એ આટલી સરસ રીતે પોતાના મોઢે ન કહી શક્યાં હોત એ વાત અભયે ખૂબ જ સરળતાથી છતાં સ્પષ્ટતાથી કહી દીધી હતી.

અલય પાસે જવાબ નહોતો. એ ચૂપચાપ ઊભો રહ્યો થોડી વાર. પછી એણે લગભગ જવાની તૈયારી કરતાં ઉભડક અવાજે સૂર્યકાંત તરફ ફરીને કહ્યું:

'જેને માટે આવ્યા છો તમે એટલે જવું કે રહેવું એનો નિર્ણય તમે બે જણ મળીને જ કરો.'

પછી સહેજ અટક્યો અને જાણે આ ચર્ચાનું છેલ્લું વાક્ય બોલતો હોય એમ ખૂંચી જાય એ રીતે કહ્યું:

'પણ આ વખતે જતાં પહેલાં એને એટલે કે તમારાં પત્નીને કહીને જજો!' અલય સડસડાટ પ્રવેશદ્વાર તરફ આગળ વધ્યો. બધાં અવાચક હતાં.

અલય હજી દરવાજા પાસે જ પહોંચ્યો હતો ને એણે સૂર્યકાંતનો અવાજ સાંભળ્યો:

'તારી ફિલમ શરૂ થાય એ પહેલાં નહીં જાઉં હું. આમ પણ હવે ચોવીસ જ કલાક છે.'

'મને એવી જરૂર નથી.'

અલય ઘરની બહાર નીકળી ગયો.

ઘરમાં બેઠેલાં બધાં જ સાવ સ્તબ્ધ-ચૂપ થઈ ગયાં.

'ખોટો નથી એ.'

સૂર્યકાંતે વાતાવરણ હળવું કરવાનો પ્રયાસ કર્યો:

'ને આમેય એ મારો દીકરો છે. જિદ્દી તો હોય જ ને?'

'પણ પપ્પાજી, એમણે આવી રીતે તો ન જ વર્તવું જોઈએ.'

'એ આમ જ વર્તે, વૈભવી બેટા! એની જગ્યાએ એનો બાપ અને મારી જગ્યાએ મારો બાપ હતો ત્યારે હું પણ આમ જ વર્તેલો... ઇતિહાસ એની કથાને દોહરાવે છે. વિદ્રોહ, જીદ, અણસમજ અને બરડતા અમારા લોહીમાં છે, બેટા!'

સૂર્યકાંત મહેતાના ચહેરા પર સ્મિત હતું. એમણે વસુમાની સામે એકદમ પ્રેમાળ નજરે જોયું:

'તમારાં સાસુ જેવી પત્નીને મૂકીને ચાલી જવાનો વિચાર તો જ આવે ને?'

વસુમાના ચહેરા પર પહેલાં ક્યારેય નહોતો જોયો એવો ભાવ ધસી આવ્યો. એમણે નીચું જોયું. વાત બદલવા માટે કહ્યું:

'કાંત' જમવાનું શું બનાવે?'

અભય અને અજય બન્ને ઊભા થયા. અજય પોતાના ઓરડા તરફ અને અભય બહાર જવા લાગ્યો.

'ક્યાં જાવ છો?' વૈભવીએ પૂછ્યું.

'બહાર.' પછી એક ક્ષણ રહીને ઉમેર્યું: 'કામે...'

'રવિવારે?'

'રવિવારે કામ ન થાય એવો નિયમ છે?'

અભય લગભગ દરવાજે પહોંચી ગયો હતો. વૈભવી પાછળ દોડી. અજય પોતાના ઓરડાના દરવાજે ક્ષણેક ઊભો રહ્યો. પછી આ બે જણ વચ્ચે આવું તો રોજ થયા કરે છે એમ વિચારીને પોતાના રૂમમાં ચાલી ગયો. વસુમા હજી ત્યાં જ ડ્રોઇંગ રૂમમાં ઊભાં હતાં.

વૈભવીએ એમની તરફ ફરીને ફરિયાદના સૂરે કહ્યું:

'મા' તમે એમને કશું કહેતાં નથી.'

'શું કહું? કઈ બાબતે?'

'આખો દિવસ ઘરની બહાર રહે છે. રવિવારે પણ બહાર જતા રહે છે.'

'બેટા, માણસને ઘરમાં રહેવાની ઇચ્છા થાય એવું વાતાવરણ આપવાની ફરજ એની પત્નીની છે.'

વૈભવીને આ વાક્ય જાણે સમસમતા તમાચા જેવું લાગ્યું.

સૂર્યકાંત મહેતા, જેને ઇમ્પ્રેસ કરવા માટે એ ઝઝૂમી રહી હતી એની સામે એની સાસુએ એક જ વાક્યમાં એને ઉઘાડી પાડી દીધી હતી. જાનકી, સૂર્યકાંત મહેતા, લક્ષ્મી અને અભયની હાજરીમાં આ વાક્ય વૈભવી માટે ભયાનક અપમાનજનક હતું. એ સમસમી ગઈ.

'ઓહ! સારું થયું તમે કહી દીધું, મને હવે સમજાયું કે પપ્પાજી કાયમ માટે ઘર છોડીને કેમ ચાલી ગયા?'

પછી વિજયના ગર્વથી ભરપૂર એક સરસરી નજર બધાં પર નાખીને અભયના ચહેરા પર અટકાવી:

'અભય ઍટલીસ્ટ રાતે તો પાછા આવે છે... એટલે મારે બહુ ડરવા જેવું નથી, નહીં?'

'વૈભવીઈઈઈઈ...'

અભય ચાર જ ડગલાંમાં મુખ્ય દરવાજાથી વૈભવી સુધી ધસી આવ્યો. એણે હાથ ઉગામ્યો. વૈભવીએ પહેલી વાર કર્યું હતું એમ જ એનો હાથ વચ્ચેથી જ પકડી લીધો. પછી ઝટકો મારીને હાથ ફેંકતાં ખૂબ ઠંડકથી અને એક એક શબ્દ ચાવીને ઉમેર્યું:

'પત્નીને મારઝૂડ કરવી એ પણ તમારા લોહીમાં છે, પપ્પાજી?'

આટલું કહીને વૈભવીએ સીડી ચડીને ઉપર જવા માંડ્યું.

ડ્રોઇંગ રૂમમાં દરેક માણસની જીભ સીવાઈ ગઈ હતી. પહેલાં અલય અને હવે આ તાયફાને કારણે.

'બેટા વૈભવી, સવાલ પૂછ્યો છે તો હવે જવાબ સાંભળીને જ જાવ.'

સૂર્યકાંતનો અવાજ ડ્રોઇંગ રૂમમાં ગુંજી રહ્યો.

અહીં આવ્યા ત્યારથી આજ સુધી એમના અવાજની આ ઊંચાઈ અને આ ટંકાર કોઈએ નહોતો સાંભળ્યો. વૈભવીના વાક્યથી પીડાયેલા વસુમા નીચું જોઈ ગયાં હતાં. એમણે ખૂબ હળવેથી, પણ સન્માનપૂર્વક નજર ઊંચકીને સૂર્યકાંત તરફ જોયું.

'પત્ની જ્યાં સુધી પોતાના પત્નીત્વમાં રહેને ત્યાં સુધી કોઈ સમસ્યા જ નથી હોતી. એનું સ્ત્રીત્વ એના સંયત અને સંવેદનશીલ વતનમાંથી જ પ્રગટ થાય છે, થવું જોઈએ! દેવશંકર મહેતાના ઘરમાં આજ સુધી સ્ત્રીનું સમ્માન થયું છે. એ દીકરી હોય કે પુત્રવધૂ, ઘરની લક્ષ્મી જ ગણાય છે.'

પછી ક્ષણેક આંખો મીંચી ઊંડો શ્વાસ લીધો. શબ્દો ગોઠવતા હોય એમ થોડી પળો નિ:શબ્દ જવા દીધી અને ફરી એ જ ટંકાર સાથે કહ્યું:

'તમારાં સાસુ જેવી પત્ની હોય તો પચ્ચીસ વર્ષ દૂર રહ્યા પછી પણ નતમસ્તકે ભૂલ સ્વીકારીને એને સ્નેહ કરવાનું મન થાય...'

પછી અવાજમાં વૈભવીની જેમ જ એક ડંખ ઉમેરાયો:

'બાકી તો તમે સમજદાર છો... બધી વાત શબ્દોમાં કહેવાની જરૂર નથી હોતી!,

'કાંત!' વસુમાના હોઠમાંથી અનાયાસ જ સરી પડ્યું.

'વાહ! મારાં સાસુમા એમના લાડકા દીકરા પાસે તમારી માફી મગાવે છે. તમે એમનો પક્ષ લઈને મને બે વાત સંભળાવો છો. આટલો બધો પ્રેમ હોય તો...'

પછી આગળ બોલવાના બદલે વસુમા સામે જોઈને જાણે સૂર્યકાંતનાં વાક્યોનો બદલો લેતી હોય એમ હળવેથી કહ્યું:

'બીજી વાર પરણ્યા અને સંતાન પણ થઈ ગયું?'

પછી એ સીડીનાં પગથિયાં ચડવા લાગી.

લક્ષ્મી સામાન્ય રીતે કોઈ દિવસ કોઈ ઝઘડામાં ન પડતી. બે માણસ જ્યાં સુધી પોતાનો મુદ્દો પોતાની રીતે ચર્ચી લેતા હોય ત્યાં સુધી એમાં માથું ન જ મારવું એવો ટિપિકલ અમેરિકન સ્વભાવ હતો લક્ષ્મીનો. એ પિતા અને રોહિતની વચ્ચે પણ ભાગ્યે જ બોલતી. આજે વૈભવીની વાત સાંભળીને કોણ જાણે કેમ એનાથી ન રહેવાયું. અત્યાર સુધી ચૂપચાપ બેઠેલી લક્ષ્મી ઊભી થઈ. સીડીની નજીક ગઈ. સીડી ચડી રહેલી વૈભવીનો

હાથ કઠેડા પર હતો. લક્ષ્મીએ નીચે ઊભાં ઊભાં એના હાથ પર હાથ મૂકીને એને રોકવાની ફરજ પાડી.

'ભાભી, બીજાં લગ્ન અને સંતાન હોવા છતાંય પહેલી પત્નીના એક સાદે દોડી આવ્યા છે મારા પિતા.'

'હા, દોડી તો આવ્યા છે, પણ પાછા જવાય તૈયાર થઈ ગયા છે અને એકેય વાર પહેલી પત્નીને સાથે લઈ જવાની વાત નથી કરી એમણે. જો એટલો જ પ્રેમ જાગ્યો હોય પચ્ચીસ વર્ષે તો મારાં સાસુમા કેમ એમને રોકતાં નથી? ને કેમ તમારા પિતા મારાં સાસુમાને સાથે લઈ જવાનો આગ્રહ નથી કરતા?'

ફરી એક સોપો પડી ગયો.

લક્ષ્મી પણ જરા ઝંખવાઈ ગઈ. એણે હળવેથી પિતા સામે જોયું. જાણે જવાબ હવે પિતાએ આપવાનો હતો. સૂર્યકાંત પણ જરા વિમાસણમાં પડી ગયા. આ વાત એ સમજી શકતા હતા, સ્પષ્ટ રીતે! પણ...

'વૈભવી બેટા, આ વાત તમારી સમજની બહાર છે.'

હવે વસુમા બોલ્યાં: 'કોઈ એક વ્યક્તિ માટે પ્રેમ હોય - ખાસ કરીને પતિ માટે એટલે એની સાથે જ જીવવું અથવા એ આપણા કાબૂમાં રહે એવો પ્રયાસ કરવો એ દરેકની વ્યાખ્યા ન પણ હોય! પતિ ઇચ્છાપૂર્તિનું સાધન નથી કે નથી આપણી સાથે હાર-જીતની બાજી રમવા માટેનું કોઈ રમકડું. કમાવવા માટે, ઘર ચલાવવા માટે, સમાજમાં સ્ટેટસ સાચવી રાખવા માટે પતિ નથી હોતો.'

વસુમા બોલી રહ્યાં હતાં અને ઓરડામાં હાજર સૌ થોડાં ડઘાયેલાં, થોડાં પ્રભાવિત થઈને સાંભળી રહ્યાં હતાં. વસુમાએ સૂર્યકાંતની સામે જોયું:

પતિ સાથી છે. પતિ એક એવી જરૂરિયાત છે સ્ત્રીના જીવનની, જે એના અપૂર્ણ સ્ત્રીત્વને પૂરું કરે છે. સુખમાં-દુઃખમાં પકડી શકાય એવો એક હાથ અને જેની આંખોમાં જોઈને સંતાપ શમી જાય એવો એક માણસ... એટલે પતિ!'

'મા...'

ક્યારની દરવાજે ઊભી રહીને સાંભળતી અંજલિ દોડીને વસુમાને વળગી પડી. એની આંખમાં પાણી આવી ગયાં હતાં.

એ ક્યારની દરવાજે ઊભી રહીને આ બધું સાંભળી રહી હતી. વૈભવીનું ધ્યાન પડ્યું હતું, પણ એણે સ્વભાવ મુજબ ચર્ચા ચાલુ જ રાખી. આ ચર્ચા દરમિયાન અંજલિ ચૂપચાપ દરવાજે ઊભી રહી ગઈ અને વસુમાની વાત સાંભળીને જાતને રોકી ન શકી.

'અંજલિ બેટા...'

વસુમા એના માથે હાથ ફેરવી રહ્યાં હતાં.

'મા, હું રહેવા આવી છું.'

બહુ જ સરસ બેટા, કાલે અલયની ફિલમનું મુહૂર્ત છે. કાંત પણ બે-ચાર દિવસમાં જવાની વાત કરે છે અને જરા તારી તબિયત પણ સચવાશે. જા, મારા રૂમમાં તારો સામાન મૂકી દે.'

વસુમા પોતાના ઓરડામાં ભાગ્યે જ કોઈની હાજરી પસંદ કરતાં. જો કે એવો વારો પણ ન આવતો. ઉપરના બે ગેસ્ટ રૂમ ભાગ્યે જ ભરાતા. અંજલિ તો લગ્ન પછી રાત રોકાતી નહીં અને આ ઘરમાં મહેમાનોની અવરજવર પણ નહોતી જ.

'તારા રૂમમાં, મા?' અંજલિના અવાજમાં આશ્ચર્ય હતું.

'હા બેટા, ઉપરના બન્ને ગેસ્ટ રૂમ...'

'અંજલિ મારી સાથે રહેશે.'

લક્ષ્મીએ કહ્યું અને આગળ વધીને એનો સામાન ઉપાડી લીધો. એ સીડી ચડવા લાગી. અંજલિ કંઈ નક્કી કરે એ પહેલાં તો લક્ષ્મી અડધાં પગથિયાં ચડી ચૂકી હતી. એ લગભગ વૈભવીની સામે આવી ગઈ હતી.

'ભાભી, માણસ સાત લગ્ન કરેને તોય પ્રેમ કદાચ એક જ હોય એવું બને... અને એ પ્રેમ એની પત્ની હોય એવું જરૂરી નથી. અથવા પતિ ન હોય અને તોય પ્રેમ અકબંધ હોય એવુંય બને!'

પછી હળવેથી જગ્યા કરતાં સ્ટાઇલમાં કહ્યું:

'મને જવા દેશો, પ્લીઝ?'

અકળાયેલી વૈભવી ખસી તો ગઈ, પણ એના મનમાં આજની વાત બરાબર બેસી ગઈ. છેલ્લા થોડા દિવસથી એને વારંવાર હારવું પડતું હતું પતિ સામે બેડરૂમમાં હારવા માટે તો બહુ વિરોધ કરી શકે એમ નહોતું રહ્યું, પણ આજે તો જાહેરમાં, સૌની સામે એની સાસુ સામે હારવું પડ્યું હતું. એ સાસુ, જેનું વર્ચસ્વ નકારવાની શરૂઆત એણે લગ્નના પહેલા દિવસથી કરી હતી, છતાંય એમના ચણેલા કિલ્લામાંથી એક કાંકરી ખરતી નહોતી!

*

અંજલિને શ્રીજી વિલાના ગેટની બહાર ઉતારતી વખતે રાજેશને જાણે કોઈકે એનું હૃદય મુઠ્ઠીમાં લઈને ભીંસી નાખ્યું હોય એવું લાગ્યું. ઘરેથી નીકળ્યાં અને અહીં પહોંચ્યાં ત્યાં સુધી અંજલિ એક અક્ષર નહોતી બોલી. રાજેશે એને મૂકવા આવવાનું કહ્યું એ પછી અંજલિની આંખોમાં એક વાર ઝળઝળિયાં આવ્યાં હતાં. જાણે કંઈ બોલવા જતી હોય એમ હોઠ ઉઘાડ્યા અને એક પણ શબ્દ બોલ્યા વિના હોઠ ભીંસી દીધા.

રસ્તામાં રાજેશે એક-બે સવાલ પૂછ્યા એના જવાબ માત્ર ડોકું ધુણાવીને આપ્યા અંજલિએ.

રાજેશને અકળામણ થઈ ગઈ. એનો સ્વભાવ જ નહોતો કે આમ વજનદાર વાતાવરણમાં વધુ સમય શ્વાસ લઈ શકે. પાંચ વર્ષના લગ્નજીવન દરમિયાન અંજલિ ક્યારેક ગુસ્સે થતી, પણ એ તો લૅપટોપ ચાલુ રહી જાય કે ભીનો ટુવાલ પલંગ પર રહી જાય, પૈસા ખોવાઈ જાય કે ઘરે મહેમાન જમવા આવવાના હોય અને કહેવાનું ભુલાઈ જાય એવી બધી વાતો માટે.

અને એવા સમયે રાજેશ પોતાની સેન્સ ઑફ હ્યુમર વાપરીને કે વહાલ કરીને મનાવી લેતો. એમનો ઝઘડો કદી પંદર મિનિટથી વધુ લાંબો નથી ચાલ્યો. આજે બબ્બે દિવસથી ઘુમરાતું ધુમ્મસ રાજેશના શ્વાસ રૂંધી રહ્યું હતું.

એનસીપીએના કેમ્પસમાં જોડાયેલું એ દૃશ્ય કેમે કર્યું એનો પીછો નહોતું છોડતું. એને અંજલિને એ વિશે પૂછવું હતું સીધેસીધું, પણ ડરતો હતો... જે જવાબ મળે એ સ્વીકારવાની એની તૈયારી નહોતી.

અંજલિ અચાનક શ્રીજી વિલા જવા તૈયાર થઈ એ વાતની પણ એને નવાઈ લાગી હતી. એને રોકવા માટે બે-ત્રણ વાર વાક્ય ગોઠવી જોયાં એણે, પણ કોઈ રીતે એની જીભ પર શબ્દો આવ્યા જ નહીં. આ ગડમથલમાં બન્ને જણ શ્રીજી વિલા પહોંચી ગયાં અને ગાડી ગેટ સામે ઊભી રહી ગઈ.

નાનકડી ઓવરનાઈટર પર્સ અને એક બીજી શૉપિંગ બૅગ લઈને અંજલિએ ઊતરતાં રાજેશ સામે જોયું:

'અંદર નહીં આવો?'

'અ...ના, મોડું થાય છે.'

પછી અંજલિની આંખોમાં જોયું. સહેજ ઝંખવાઈ ગયો એનો અવાજ:

'લેવા ક્યારે આવું?,

'હું ફોન કરીશ.'

અંજલિ ઊતરવા લાગી. હવે રાજેશથી ન રહેવાયું. એણે અંજલિનું કાંડું પકડી લીધું. એની આંખોમાં જોઈ રહ્યો. એની આંખમાં ભીનાશ તરવરી ઊઠી:

'બેબી, ટેક કેર ઑફ યૉરસૅલ્ફ!'

પછી એક એક શબ્દ મુશ્કેલીએ હોઠ પર આવતો ગયો:

'આઈ લવ યુ... તને ખબર છે ને?'

રાજેશ, આઈ લવ યુ ટુ... આવું કહેશે અંજલિ એમ ધાર્યું હતું રાજેશે, પણ અંજલિ કશું જ ન બોલી. માત્ર રાજેશની આંખોમાં જોતી રહી. પછી ઓવરનાઈટર છોડી અને રાજેશના ગાલ પર હાથ થપથપાવ્યો:

'મને ફોન કરતા રહેજો અને મહારાજને ટિફિનનું મેનુ બરાબર આપજો. એને હજી સમજ નથી પડતી.'

પછી ઓવરનાઈટર હાથમાં પકડી એક પગ ગાડીની બહાર મૂક્યો. હળવેકથી કાંડું છોડાવ્યું. રાજેશની સામે માર્દવથી જોયું અને ઉમેર્યું:

'ડોન્ટ ડ્રિન્ક ટુ મચ, પ્લીઝ...'

અને ઊતરીને શ્રીજી વિલાનો ગેટ ખોલીને અંદર ચાલી ગઈ.

શું થઈ ગયું અચાનક? કોઈ પ્રોબ્લેમ નથી થયો અને જાણે અમે બન્ને માઈલો દૂર ફેંકાઈ ગયાં છીએ. રાજેશને જાણે ગભરામણ થઈ ગઈ. એને સમજાતું નહોતું કે પ્રશ્ન શું હતો? ક્યાં હતો?

અંજલિ આમ કેમ વર્તતી હતી એ સમજવાનો એ જેટલો પ્રયત્ન કરતો એટલો વધુ ગૂંચવાતો જતો હતો. અંજલિ એનો શ્વાસ-પ્રાણ હતી. એનું લગ્ન એના હાથમાંથી સરકી રહ્યું હતું અને એ કશું જ કરી શકતો

નહોતો એ વાતે રાજેશ છિન્નભિન્ન થઈ ગયો.

ક્યાં જવું એ સમજ્યા વિના રાજેશે ગાડી શ્રીજી વિલા પાસેથી આગળ લીધી.

*

ઘરની બહાર નીકળીને અલય મોટાં મોટાં પગલાં ભરતો વિલે પાર્લે સ્ટેશન તરફ જવા લાગ્યો.

કેટલાં બધાં કામ હતાં આજનાં. આ શ્રેયાના એક ફોને મગજની સ્થિતિ બદલી નાખી. કેટલી બધી અપેક્ષા હતી. ખભેખભો મિલાવીને એ મારી સાથે રહેશે, મારી જિંદગી આખી પંપાળેલું સપનું પૂરું થશે અને હું તરત જ એને પરણી જઈશ, પણ એના મગજે તો સાવ જુદી જ દિશા પકડી છે.

અલય ખરેખર ગુસ્સે થયો હતો આજના ફોન પછી.

એ જાણતો હતો કે શ્રેયા પઝેસિવ હતી, પણ આટલી ખરાબ રીતે વર્તશે એવી એને ક્યારેય કલ્પના નહોતી. એ વિલે પાર્લે સ્ટેશન તરફ ચાલતો જઈ રહ્યો હતો. નીરવને ફોન કરવો કે નહીં એમ વિચારતો હતો ત્યાં જ એનો મોબાઇલ રણક્યો. શર્ટ અને પૅન્ટનાં ખિસ્સાં ફંફોસીને એણે મોબાઇલ શોધી કાઢ્યો:

'હલ્લો...'

'સૉરી ટુ ડિસ્ટર્બ યુ... પણ થોડી વાર મળી શકાય? શૈલેષભાઈ આવ્યા ને કેટલા ફેઇઝમાં, ક્યારે ક્યારે પૈસા જોઈશે, કેટલા જોઈશે એનું થોડું શિડ્યુઅલ પ્લાન કરવું છે.'

સામે છેડેથી સંજીવ શર્માના અવાજમાં એક સેક્રેટરીની નમ્રતા હતી:

'મૅડમ પણ રાહ જુએ છે.'

'આવું છું... દસ મિનિટમાં.' અલયે ફોન કાપ્યો. જતી રિક્ષાને હાથ કર્યો અને અંદર ગોઠવાયો:

'જૂહુ...'

*

વસુમા પોતાના ઓરડામાં બેસીને કંઈક વાંચી રહ્યાં હતાં, પણ એમનું મન પુસ્તકમાં નહોતું. અંજલિ અચાનક રહેવા આવી, જે રીતે આવીને એમને વળગી અને આંખમાં પાણી ધસી આવ્યાં એ બધાં પરથી એમના મને કંઈક માપ કાઢ્યું હતું.

આટલાં બધાંની હાજરીમાં ક્યારે અને કઈ રીતે વાત કરવી એ વિચારી રહ્યાં હતાં વસુમા. લક્ષ્મી સાથે સામાન લઈને અંજલિ ઉપર ગઈ. પછી નીચે ઊતરી જ નહોતી. જમવાના સમયે નીચે આવી. જમીને પાછી પોતાના ઓરડામાં ચાલી ગઈ હતી. અંજલિ પોતાનો ફોન એક ક્ષણ માટે પણ રેઢો નહોતી મૂકતી. આ પહેલાં એ જેટલી વાર આવતી ત્યારે એની વસ્તુઓ વીખરાયેલી રહેતી.

ફોનની રિંગ વાગતી હોય તો આખા ઘરમાં દોડાદોડી થઈ જતી. અંજલિને જ ખબર નહોતી રહેતી કે એનો ફોન એણે ક્યાં મૂક્યો છે. જ્યારે આ વખતે એનો ફોન સતત એના હાથમાં હતો. એટલું જ નહીં, જમતાં

જમતાં કે કોઈની સાથે વાત કરતાં પણ એ વારે વારે પોતાના ફોન તરફ જોયા કરતી. જમીને દસ-પંદર મિનિટ બધાં નીચે બેઠાં એ દરમિયાન પણ અંજલિ ફોનના મેસેજ ટાઇપ કરતી રહી. જાનકીએ પૂછ્યુંય ખરું:

'તમારું ધ્યાન નથી અંજલિબહેન, મૂકોને ફોન બાજુએ...'

ત્યારે ચોંકીને અંજલિએ ફોન બાજુએ તો મૂક્યો, પણ એનું ધ્યાન ફોનમાં જ રહ્યું.

વસુમાની આંખોથી આ છાનું નહોતું રહ્યું. અંજલિ આ વખતે જે રીતે આવી હતી અને જે રીતે વર્તી રહી હતી એ સાવ જુદું જ હતું. વસુમાની નજર પુસ્તકમાં હતી, પણ એમનું મન આ વિચારમાં જ ગૂંચવાયેલું હતું. એમણે એક વાર વિચાર્યું કે ઉપર જઈને અંજલિ સાથે વાત કરું, પછી લાગ્યું કે સહેજ વહેલું છે. બે-ત્રણ દિવસ રોકાવાની છે અંજલિ. દરમિયાનમાં જે હશે એ એની મેળે જ બહાર આવશે.

જો કે શકફાક કે એવો કોઈ બીજો વિચાર વસુમાના મનમાં નહોતો આવ્યો, પણ છતાંય એક મા દીકરીની જેટલી ચિંતા કરે એટલી ચિતા થઈ હતી એમને. વસુમા બેસીને વાંચવામાં મન પરોવવાનો પ્રયાસ કરવા લાગ્યાં. બરાબર એ જ વખતે અંજલિ એમના રૂમમાં આવી:

'મા, હું થોડી વાર બહાર જાઉં છું.'

'અત્યારે... બપોરે?'

વસુમાને નવાઈ લાગી. અંજલિનાં કપડાં પણ આજે જરા જુદાં, હમણાં ઘણા વખતથી નહોતી પહેરતી એવાં હતાં. સ્કાય બ્લૂ કલરનું ટૉપ અને સાથે રૅપઅરાઉન્ડ સ્કર્ટ, કમર પર ચાંદીનો કંદોરો, હાથમાં ઢગલાબંધ ચાંદીની બંગડીઓ, વાળ છુટ્ટા અને કાનમાં લાંબા ચાંદીના બ્લૂ કલરના પથ્થર જડેલાં ઇયરિંગ...

'ક્યાં જાય છે?'

સામાન્ય રીતે વસુમા ક્યારેય કોઈને આ સવાલ ન પૂછતાં, પણ આજે અનાયાસ પુછાઈ ગયું.

'મારી એક ફ્રેન્ડને મળવા જાઉં છું.'

'કોણ છે એ?'

વસુમા સામાન્ય રીતે ક્યારેય આટલા બધા સવાલ ન પૂછતાં. શ્રીજી વિલામાંથી બહાર જનારી દરેક વ્યક્તિ કઈ તરફ જાય છે અને ક્યારે આવશે એ કહેવાનો આ ઘરમાં વણલખ્યો નિયમ હતો.

'તું નથી ઓળખતી, મારી કૉલેજની ફ્રેન્ડ છે.'

અને આગળ સવાલ-જવાબ થાય એ પહેલાં જ એ રૂમની બહાર નીકળી ગઈ. એ નીકળી જ રહી હતી કે જાનકી દાખલ થઈ. બન્ને જણ વસુમાના ઓરડાના દરવાજા પર જ ભેગાં થઈ ગયાં:

'અરે અંજલિબહેન, બહાર જાવ છો?'

જાનકી પણ સાડી પહેરીને તૈયાર થઈને આવી હતી.

'હં...? હા...' અંજલિએ બેધ્યાન પણે કહ્યું.

'કઈ તરફ?' જાનકીએ પૂછ્યું.

'ઉફ્ફ!' અંજલિનો અવાજ અચાનક જ ઊંચો થઈ ગયો:

'મારી એક ફ્રેન્ડ આવી છે અમેરિકાથી. એને મળવા જાઉં છું. તમે એને નથી ઓળખતાં... સાંજ સુધીમાં આવી જઈશ.'

એ સડસડાટ ડ્રોઇંગ રૂમ વટાવીને મુખ્ય દરવાજો ખોલીને ઘરની બહાર નીકળી ગઈ.

જાનકી અને વસુમા બન્ને થોડી વાર ચૂપચાપ એકબીજાની સામે જોતાં રહ્યાં. પછી જાનકીએ ધીમેથી વસુમાની બાજુમાં બેસીને પૂછ્યું:

'કંઈ થયું છે, મા?'

'મને નથી ખબર... એ કંઈ બોલી નથી, પણ હું એને જે રીતે ઓળખું છું એ રીતે કંઈ થયું છે એ નક્કી,'

'હું પૂછું?'

'પૂછી જો, પણ કહેશે નહીં. હું ઓળખું છું એને. બાળપણથી જાણું છું. ખૂલીને વાત કરવાનો એનો સ્વભાવ નથી.'

'મને ચિંતા થાય છે, એક તો પ્રેગ્નન્ટ છે અને...'

'જોઈશું... એક દિવસ જવા દે, પછી વાત કરીશું.'

'મા, હું...'

'હા, હા, મને ખ્યાલ છે. તારી બહેનપણીઓ સાથે કૉફી પીવા જાય છે ને? હૃદયને અહીં સુવડાવી જા...'

'હું બેએક કલાકમાં આવી જઈશ.'

જાનકી ઓરડામાંથી બહાર નીકળી. વસુમાએ ભલે ના પાડી, પણ જાનકીના મનમાં અંજલિની ચિંતા પેઠી હતી. પાંચ વર્ષે માંડ માંડ પ્રેગ્નન્ટ રહેલી નણંદની તબિયત અને મૂડ, બન્ને જાનકીને બરાબર નહોતાં લાગ્યાં. એણે મનોમન નક્કી કર્યું કે સાંજે અથવા રાત્રે અંજલિ સાથે આ વિશે વાત કરશે.

*

શ્રીજી વિલાની બહાર નીકળીને અંજલિએ તરત ટૅક્સી પકડી: જે. ડબલ્યુ. મેરિયટ...

ટૅક્સીવાળાને આટલું કહીને સીટ પર માથું ઢાળીને એ આંખો મીંચી ગઈ.

આજે પહેલીવાર એ મા સાથે જુઠ્ઠું બોલી હતી અને જ્યાં સુધી એ પોતાની માને ઓળખતી હતી ત્યાં સુધી એને ખાતરી હતી કે એની મા સમજી જ ગઈ હશે. એનું એક મન એને પાછી ફરવાનું કહી રહ્યું હતું અને બીજું મન એણે હજુ ગઈ કાલે રાત્રે જ માણેલા અનુભવમાં તરબોળ, શફ્ફાકના તેજવર્તુળમાં ઘેરાયેલું એને જે. ડબલ્યુ. મેરિયટના આઠમા માળે શફ્ફાકના રૂમ તરફ ધકેલી રહ્યું હતું.

એની આંખો બંધ હતી અને એનો મોબાઇલ રણક્યો. એણે ફોન ઉપાડ્યો અને જોયા વગર જ ધારી લઈને બોલી ઊઠી:

‘નીકળી ગઈ છું, પહોંચું છું.’

એક ક્ષણ માટે સામેથી કોઈ કશું ન બોલ્યું. પછી રાજેશનો અવાજ સંભળાયો:

‘બેબી, હું છું. આર યુ ઓકે...?’

* * *

30

‘ઓહ, હા... હા...’ અંજલિ થોથવાઈ ગઈ.

પહેલાં મા, પછી ભાભી અને હવે રાજેશ... શફ્ફાકને મળવાનું મારા નસીબમાં જ નથી. હમણાં જે પૂછશે ક્યાં જાય છે?

‘પછી ફોન કરું? બિઝી છે?’ રાજેશના અવાજમાં એક અચકાટ હતો.

‘ના, ના! બોલીને...’

બન્નેના અવાજમાં એક ન સમજાય એવી ઠંડક હતી. હાડકાંની આરપાર નીકળી જાય અને શરીરનો સાંધેસાંધો દુખાડે એવી ઠંડક.

‘બહાર જાય છે?’ રાજેશે પૂછ્યું ખૂબ અચકાતાં.

‘અ... હા...’ અંજલિએ કહ્યું. પછી હિંમત કરીને ઉમેર્યું:

‘હું થોડી વારમાં ફોન કરું?’

‘હા, હા... નો પ્રોબ્લેમ.’

રાજેશે ફોન મૂકી દીધો. અંજલિએ નિરાંતનો શ્વાસ લીધો. ત્યાં સુધીમાં ટૅક્સી મેરિયટના કમ્પાઉન્ડમાં પ્રવેશી ચૂકી હતી. પૈસા ચૂકવીને એકશ્વાસે દોડતી અંજલિ લિફ્ટ સુધી પહોંચી...

એણે શફ્ફાકના રૂમનો બેલ માર્યો. બારણું ખૂલ્યું.

શૉર્ટ્સ અને ટી-શર્ટમાં શફ્ફાક હેન્ડસમ દેખાતો હતો.

અંજલિ અંદર દાખલ થઈ.

બહુ વાર થઈ?’

‘મને જ ખબર છે હું કઈ રીતે આવી છું...’

‘મને હતું જ કે રાજેશ તને સો સવાલો પૂછશે. કદાચ નય આવવા દે.’

‘રાજેશે તો કંઈ નથી પૂછ્યું, હું તો શ્રીજી વિલાથી આવી છું.’

‘ઓહ, યૉર મૉમ!’

‘શફ્ફી, મારી પાસે બહુ લાંબો સમય નથી...’

એ હજી વાક્ય પૂરું કરે એ પહેલાં શફ્ફાકે એના બે ગાલ પર હાથ મૂકીને એને નજીક ખેંચી. વશીકરણ થયું હોય એમ અંજલિ નજીક ખેંચાઈ આવી. શફ્ફાકે એની કમરમાં હાથ લપેટી બીજો હાથ ખભા પર મૂકીને એના

હોઠની નજીક પોતાના હોઠ...

‘નહીં શફ્ફી, આ ખોટું છે.’

અંજલિ ધ્રૂજતી હતી. એના શ્વાસ ધમણની જેમ ચાલતા હતા. શફ્ફીને ધક્કો મારીને એ સોફા પર બેસી ગઈ હતી.

‘પ્રેમ ક્યારેય ખોટો હોઈ શકે જ નહીં. મોડો હોઈ શકે... ખોટો નહીં. હું તને ચાહું છું અંજલિ, આજે પણ...’

‘હું કોઈની પત્ની છું, શફ્ફી.’

‘એ એક અકસ્માત છે. મારો અને તારો સમય એકસાથે ન ચાલી શક્યો અંજલિ, હું તને પરણવા તૈયાર છું. જે કંઈ થયું એ પછી પણ ડિવોર્સ લઈ લે તારા પતિ સાથે.’

‘બહુ મોડું થઈ ગયું છે, શફ્ફી.’

‘પણ હું તારા વગર નહીં જીવી શકું, અંજલિ. તું મારો પહેલો પ્રેમ છે અને ઇચ્છું છું કે તું જ મારો આખરી પ્રેમ બની રહે.’

‘શફ્ફી, હું આજે તને છેલ્લી વાર મળવા આવી છું અને એ પણ કહેવા કે હવે ક્યારેય મારી જિંદગીમાં નહીં આવતો. માંડ માંડ ગોઠવાયેલી મારી આખી દુનિયા તારા પહેલા જ ડગલાથી હચમચી ઊઠી છે.’

શફ્ફાક એના પગ પાસે બેસી ગયો. એની કમરમાં હાથ મૂકીને એણે અંજલિને નજીક ખેંચી:

‘એનો અર્થ સમજે છે? તું આજે પણ મને ચાહે છે, અંજલિ. તું ભૂલી નથી મને. ભૂલી શકીશ પણ નહીં.

બૂમ પાડીને તે બોલાવ્યો ને હું આવ્યો સજનવા,
બાકી રહેવા દઈ અધૂરાં બધાં કામો સજનવા.
ડર નિકટતાનો જ હો તો ના જશો આઘા સજનવા,
બર્ફના થોડા પડે હિમાલય પર ડાઘા સજનવા.

મુકુલ ચોક્સીનો શેર છે. મને પણ આવું જ થાય છે.’

પછી અંજલિની ચિબુક પકડીને એની આંખોમાં આંખો નાખી:

‘તને નથી થતું?’

‘શફ્ફાક, જા... પાછો જા મારી દુનિયામાંથી... મે માંડ માંડ બધું ગોઠવ્યું છે, તારો અવાજ, તારા મેસેજિસ મને આજે પણ વિચલિત કરી નાખે છે. તારી સાથે ગાળેલા દિવસો આજેય તાજા છે.’ ઊંડો શ્વાસ લઈને એણે ઉમેર્યું:

‘ઘા જેવા તાજા. જરા અમથી ઠેસ વાગે તોય લોહી વહેવા માંડે છે. મારાં તૂટેલાં સપનાંની કરચો આજે પણ મરીન ડ્રાઇવના રસ્તા પર મારા પગમાં પેસી જાય છે.’

એનું ગળું ભરાઈ આવ્યું હતું. બે પાંપણની વચ્ચે જાણે આંસુ તોળાઈ રહ્યાં હતાં.

‘સપનાં ખૂંચે છે બે આંખોની વચ્ચે...’

અને એની આંખોમાંથી આંસુ વહી નીકળ્યાં.

‘કેમ સમજાવું તને. મને સમજાતું નથી. તને મારામાં વિશ્વાસ નથી? આવી જા બધું છોડીને. હું તારી રાહ જોઉં છું. એ અંજલિને ચુંબન કરવા આગળ વધ્યો:

‘આવી જા, અંજલિ.’

‘શફ્ફી...? અંજલિની બંધ આંખોમાંથી આંસુ વહેતાં હતાં. શફ્ફીએ એના હોઠ પર પોતાના હોઠ મૂકી દીધા. પોતાની આંગળીઓ એના વાળમાં પરોવી દીધી.

વિવશ થઈ ગયેલી અંજલિએ શફ્ફીના મોહ સામે પોતાનાં હથિયાર નાખી દીધાં...

પાંચ વર્ષની તરસ બુઝાવતો હોય એમ શફ્ફાક અખ્તર અંજલિને વહાલ કરી રહ્યો હતો. અંજલિ પણ એના ચુંબનના, એની હથેળીઓના નશામાં સરાબોર ભીંજાઈ રહી હતી કે અચાનક અંજલિનો મોબાઇલ રણક્યો.

સપનામાંથી જાગી હોય એમ ચોંકીને શફ્ફીને એણે ધક્કો માર્યો અને ઝડપભેર મોબાઇલ ઊંચકી લીધો:

‘હા... બોલ, રાજેશ...’

‘કંઈ નહીં, બસ એમ જ ફોન કર્યો.’ રાજેશના અવાજમાં જાણે સૂકા-ખાલી કૂવાનું અંધારું હતું:

‘તું બહુ યાદ આવે છે અંજલિ, પાછી આવી જા. હું રાત્રે લેવા આવું તને?’

‘રાજેશ...’

આગળ શું કહેવું એ અંજલિને સૂઝ્યું નહીં. એણે એક પણ શબ્દ બોલ્યા વિના ફોન એમ જ પકડી રાખ્યો. બન્ને તરફ થોડીક ક્ષણો વજનદાર મૌનમાં પસાર થઈ ગઈ. પછી રાજેશે ચુપકીદી તોડતાં કહ્યું:

‘મેં તને દુ:ખ પહોંચાડ્યું હોય તો મને માફ કરજે, અંજલિ. તારા વિનાનું ઘર ખાવા ધાય છે. રાત્રે લઈ જાઉં તને?’

શફ્ફીએ અંજલિને કમરમાંથી પકડી. એના ખભા પર પોતાની હડપચી ગોઠવી અને ગ્રીવા પર હોઠ ફેરવવા માંડ્યો. અંજલિની આંખો બંધ થઈ ગઈ. ફરી એક વાર એના પર નશો છવાઈ ગયો:

‘ના રાજેશ, હું આજે રાત્રે તો નહીં જ આવું.’

‘કાલે? કાલે લઈ જાઉં તને?’

‘હું ફોન કરીશ.’

આગળ વાત કર્યા વિના એણે ફોન કટ કર્યો. પછી ફોન સ્વિચ્ ઑફ કરીને એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

‘મને અહીંથી બહાર લઈ જા શફ્ફી, મારો શ્વાસ ગૂંગળાય છે. મને અકળામણ થાય છે.’

'ચાલ, અહીં નજીકમાં જ દરિયાકિનારે એક બહુ સરસ રેસ્ટોરાં છે ત્યાં જઈને બેસીએ. ખુલ્લી હવામાં તને સારું લાગશે.'

શફ્ફાક અંદર ફ્રેશ થવા ગયો અને અંજલિ બે હથેળીમાં મોઢું છુપાવીને સોફામાં બેઠી બેઠી પોતાની વિવશતા પર કાબૂ મેળવવા પ્રયાસ કરતી રહી.

*

શૈલેષ સાવલિયા અને અનુપમા બેસીને કૅલેન્ડર જોઈ રહ્યાં હતાં. સામે અનુપમાની ડાયરી ખુલ્લી પડી હતી. કન્ફ્યુઝ થઈ ગયેલો સંજીવ શર્મા વારે વારે ચશ્માં સંભાળતો હતો અને રૂમાલ કાઢીને પરસેવો લૂછતો હતો. અનુપમાએ ધડાધડ ડેટ્સ કૅન્સલ કરી હતી. પ્રોડ્યુસર્સ બૂમાબૂમ કરી રહ્યા હતા. એમને જવાબ આપતાં આપતાં સંજીવને પગે પાણી ઊતર્યાં હતાં. અનુપમા કોઈનું સાંભળતી નહોતી! એણે એનું સમગ્ર ધ્યાન જાણે અલયની ફિલમમાં પરોવી દીધું હતું. એ કોઈ દિવસ કોઈ સ્ટારને ફોન નહોતી કરતી, પણ અભિષેકને જાતે ફોન કરીને રિકવેસ્ટ કરી હતી...

સંજીવને સમજાતું નહોતું કે આ બેફિકર દેખાતા સાવ નવાસવા છોકરાની ફિલમમાં અનુપમાને શું દેખાતું હતું? મોટાં મોટાં બેનર્સને નારાજ કરીને અનુપમા આ છોકરાની પાછળ એની આખી કરિયર દાવ પર કેમ લગાડવા બેઠી હતી?

'મૅડમ... ચોપરાને છ ડેટ્સ જોઈશે જ. એની ફિલમ પૂરી થવાની તૈયારીમાં છે, મૅડમ. અને ક્લાઇમેક્સની કૉમ્બિનેશન ડેટ્સ એમણે ક્યારની લીધી છે. કૅન્સલ થાય એમ નથી.' એણે ડરતાં ડરતાં કહ્યું.

'અલયને પૂછી લેજો. અને ના જોઈતી હોય તો એ પછી મને ડેટ્સ ચોપરાને આપવામાં વાંધો નથી.'

'પણ, મૅડમ...'

શર્માને કહેવું હતું, પણ એ બોલ્યો નહીં. એ છેલ્લા કેટલાય સમયથી અનુપમાનું કામ કરતો હતો. હવે એ એને પૂરેપૂરી ઓળખી ગયો હતો. કોઈ કંઈ પણ કહે, અનુપમા એ જ કરવાની હતી, જે એના મનમાં આવશે. ખૂબ જિદ્દી, પણ પ્રેમાળ અને લાગણીશીલ હતી અનુપમા. ઘણા લોકો એની સારાઈનો ગેરફાયદો ઉઠાવતા. સંજીવને આ છોકરી માટે સાચેસાચ લાગણી થઈ ગઈ હતી. છ-સાત સેક્રેટરી બદલ્યા પછી એક આ સંજીવ ટક્યો હતો અનુપમા સાથે અને એ પણ સંજીવની પોતાની લાગણી હતી આ છોકરીનું ધ્યાન રાખવાની એટલે ટક્યો હતો! પૈસા માગવામાં મોઢું મોટું હતું આ છોકરીનું પણ એ પૈસા આવ્યા છે કે નહીં એ જોવાની તમા નહોતી એને. પોતાની મરજીની માલિક હતી. ગમે એની સાથે એક જ ક્ષણમાં સંબંધ બગાડી નાખતી. દિલની એટલી સારી કે લાખો રૂપિયાનું દાન કરી દેતાં એનું રૂંવાડુંય ન ફરકે, પણ જો મગજ છટકે તો એને સમજાવવી સાવ મુશ્કેલ હતી.

સંજીવ એનો મિજાજ સમજતો હતો એટલે હમણાં એ ચૂપ જ રહ્યો - અલય આવે ત્યારે એને પૂછીને નક્કી કરવું વધારે ડહાપણભર્યું રહેશે એમ માનીને.

શૈલેષ સાવલિયા અનુપમાનો લગભગ ભક્ત હતો. ઉપરાઉપરી એની લગભગ ત્રણ ફિલમ ફ્લૉપ ગયા પછી છાતીનાં પાટિયાં બેસી જાય એવા દેવા સાથે એ અનુપમા પાસે આવ્યો હતો. એની પાસે એકેય પૈસો નહોતો.

બજારમાંથી ફાઇનાન્સ ઊભું કરવાનું હતું. એ આવીને અનુપમા પાસે રડી પડ્યો હતો. એવા સમયે શૈલેષને અનુપમાએ કહ્યું હતું:

'શૈલેષભાઈ, તમે પિક્ચર બનાવો. તમ કમાવ તો મારા પૈસા આપજો.'

શૈલેષભાઇએ લગભગ અનુપમાના પગ પકડવાના જ બાકી રાખ્યા હતા.

પછી તો અનુપમાની એક સિગ્નેચરથી શૈલેષને બજારમાંથી ફાઇનાન્સ મળ્યું હતું. બેસ્ટ સ્ટારકાસ્ટ, બેસ્ટ સેટ-અપ મળ્યો હતો. શૈલેષની ફિલમ રિલીઝ થઈ હતી અને હિટ પણ! એ પછી આખું વર્ષ શૈલેષ રાહ જોઈને બેઠો હતો, પણ અનુપમા સિવાય કોઈ સાથે એ કામ કરવા નહોતો માગતો. આજે પણ એ અનુપમાના એક બોલ પર અલયને પૈસા આપવાનો હતો...

'હાઈ...' અલય દાખલ થયો.

અનુપમાના ચહેરાનો રંગ જ બદલાઈ ગયો:

'હાઈ અમે ક્યારનાં રાહ જોઈએ છીએ.'

'મેં કહ્યું રિક્ષાવાળાને કે જલદી ચલાવ, અનુપમા ઘોષ મારી રાહ જુએ છે... તો મને કહે છે- સાહેબ રિક્ષા પૂના નહીં જાય.'

'પૂના?

'મેન્ટલ હૉસ્પિટલમાં...'

બધાં હસી પડ્યાં.

'અલયભાઈ, પૈસા તો રેડી છે. તમને ક્યારે કેટલા જોઈશે એ મને કહી દો.'

'કૅમેરા બુક કરાવવો પડશે, રૉ-સ્ટૉક જોઈશે, લાઇટ, રિફ્લેક્ટર્સ, ટ્રાન્સપોર્ટ... પ્રોડક્શનની ટીમ કરવી પડશે. શિડ્યુઅલ પ્લાન કરવું પડશે. મરીન ડ્રાઇવના રસ્તા પર શૂટિંગ કરવું હશે તો પરમિશન જોઈશે. આવતી કાલે શૂટ છે, અલય... એમ બેઠાં બેઠાં કંઈ નહીં થાય.'

'પરમિશન મેં ગઈ કાલે જ લઈ લીધી છે. ટીમ પ્લાન થઈ ગઈ છે. કૅમેરા લોકેશન પર પહોંચી જશે અને કૅમેરામૅન પણ... રૉ-સ્ટૉકની સાથે.'

'ઑહ!'

અનુપમા આ એક નવો પહેલુ જોતી હતી અલયનો... એના મનમાં અત્યાર સુધી હતું કે આ નવોસવો છોકરો છે. ફિલમ બનાવવાનું સપનું તો હોય, પણ ફિલમ બનાવવી એટલી સરળ નથી. સો જફા કરવી પડે... પણ અલયની તૈયારી જોઈને એને આશ્ચર્ય થયું. એણે ગર્વથી સંજીવ અને શૈલેષ સાવલિયા સામે જોયું. જાણે કહેતી હોય:

જોઈ લો, મારી પસંદગી ક્યારેય ખોટી ન હોય!

'તો હમણાં...' સાવલિયાએ બૅગ ટેબલ પર મૂકી:

'બે ખોખાં છે.'

'હું પૈસાનો વ્યવહાર ડાયરેક્ટ મારા હાથમાં લેવા નથી માગતો. તમારો માણસ રાખો. હું જ્યારે જરૂર પડે ત્યારે કહેતો રહીશ.'

અનુપમા જોઈ રહી આ માણસ સામે. કેટલો સ્પષ્ટવક્તા અને કેટલો સરળ હતો આ!

આ ઇન્ડસ્ટ્રીમાં બનતી ફિલમે કરોડ રૂપિયા ઘરભેગા કરનારા લોકોની ખોટ નહોતી એની ખબર હતી અનુપમાને. જેમ જેમ એ એને ઓળખતી જતી હતી તેમ તેમ એક અદમ્ય આકર્ષણથી ખેંચાતી જતી હતી. અનુપમાને પોતાને તો સમજાતું જ હતું એ આકર્ષણ, પણ સંજીવ અને શૈલેષ સાવલિયા પણ એના ચહેરાનો બદલાયેલો રંગ જોઈને ઘણુંબધું સમજી શકતા હતા.

એ પછીના ત્રણેક કલાક અનુપમાએ જે અલય જોયો એ એની કલ્પનામાં નહોતો. કયા દિવસે કયો સીન થશે, કેટલાથી કેટલા વાગ્યા સુધીનું શૂટ અને એનું લોકેશન શું રહેશે એ બધી જ ઝીણામાં ઝીણી વિગતો એની પાસે રેડી હતી. દરેક લોકેશન પર એ જાતે જઈ આવ્યો હતો. કેટલી લાઇટ્સ જોઈશે અને કયા ઍન્ગલથી સિક્વન્સ શૂટ થશે એના સીન ડિવિઝન સુધીનું કામ કાગળ પર તૈયાર હતું!

આવતી કાલે સોમવારે શૂટિંગ શરૂ થાય અને બધું સામાન્ય રીતે નિર્ધારિત શિડ્યુઅલમાં ચાલે તો સાડત્રીસ દિવસમાં ફિલમ પૂરી થઈ જાય એવી ગણતરી હતી, જેમાં પ્રવાસના દિવસો પણ ગણી લીધા હતા!

હિંદી અને બંગાળી ફિલમના કેટલાય મોટા મોટા દિગ્દર્શકો સાથે કામ કર્યા પછી પણ આવી ચોકસાઈ અને આવું પરફેક્શન અનુપમાએ ક્યારેય નહોતું જોયું. એની વિસ્ફારિત આંખો જોઈને અલય હસી પડ્યો:

'આ ફિલમ ક્યારેક બનશે એવો મને વિશ્વાસ હતો અને બનશે ત્યારે આવી જ રીતે બનશે એવો પણ... મેં બધી તૈયારી એટલા માટે જ કરી રાખી હતી કે જે દિવસે અનુપમા ઘોષ નામની લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા નહીં જવાનું!'

'હવે કંઈ કહેવું છે, શૈલેષભાઈ?'

અનુપમા જાણે પોતાની જ જીત પર ખુશ હતી.

'ના રે... કાલે સવારે કેટલા પૈસા જોઈશે એટલું જ કહી દો.'

'તમે આ સિવાય કોઈ વાત જ નથી કરી શકતા, શૈલેષભાઈ?' અલયથી ન રહેવાયું.

'પ્રોડ્યુસરનું કામ જ પૈસા આપવાનું અને નોટો ગણવાનું છે, અલય!'

શૈલેષભાઈએ સહેજ હસીને કહ્યું:

'મારા દીકરા જેવડો છે તું... હું તો અલય જ કહીશ.'

'હા, હા...'

'ત્રણ કલાક પહેલાં તું અહીંયાં દાખલ થયોને ત્યાં સુધી મને લાગતું હતું કે અનુપમાજી એમની અંગત લાગણીને કારણે એક માણસને ચાન્સ આપવા માગે છે. હું એમની પાસેથી કમાયો છું, એમના બોલ પર પૈસા ચૂકવવાનો વાંધો નથી, પણ હવે લાગે છે કે એમની વાત સાચી છે. અલય, તારું નામ ટૉપ ટેન ડિરેક્ટર્સમાં લેવાશે આવતા વર્ષે... તારી બીજી ફિલમ પણ હું જ પ્રોડ્યુસ કરીશ...'

પછી એણે કૉન્ટ્રેક્ટનાં પેપર્સ કાઢ્યાં અને પેન કાઢીને અલયને પૂછ્યું:

'નામ શું લખું?'

'અલય વસુંધરા મહેતા.'

'શુ?' શૈલેષ સાવલિયાની આંખો ગોળ થઈ ગઈ.

'અલય વસુંધરા મહેતા.'

ધ્યાનથી કૉન્ટ્રેક્ટ જોઈ રહેલા શૈલેષ સાવલિયાએ અલયના ચહેરા પર નજર નોંધી:

'વિલે પાર્લેમાં રહે છે... શ્રીજી વિલામાં?'

'હા.'

અલયને હવે આવનારા સવાલની જાણે ખબર પડી ગઈ હતી છતાંય એના ચહેરાની એકેય રેખા બદલાઈ નહીં.

'તારા બાપનું નામ સૂર્યકાંત તો નહીં?'

'આપણે એ વિશે વાત કરવી જરૂરી છે?'

'ના બેટા, હું સમજી શકું છું તારી તકલીફ. દેવી જેવી છે તારી મા. એને પણ છેતરી. તારા દાદા બહુ રિબાઈને મર્યા.'

શૈલેષ સાવલિયા જાણે દેવશંકર મહેતાની સાત પેઢીનો ઇતિહાસ ખોલવા બેઠા હતા. એના એક એક વાક્યે અલયના ચહેરાનો રંગ પલટાતો જતો હતો, પણ અલયનું બૅકગ્રાઉન્ડ અચાનક જ એના હાથમાં આવી ગયાના ઉત્સાહમાં શૈલેષ સાવલિયાને એ ખબર નહોતી પડતી. એણે ચલાવ્યે રાખ્યું:

'તારો બાપ આખા ગામનું કરી ભાગી ગયેલો. એક નાટકની પાંચ પૈસાની બાઈ જોડે. હરામખોર...'

શૈલેષ સાવલિયા આગળ એક પણ વાક્ય બોલે એ પહેલાં એના ગાલ પર અલયનાં પાંચ આંગળાં ઊઠી આવ્યાં હતાં. ઝન્નાટેદાર થપ્પડનો અવાજ ઍરકન્ડિશન્ડ ઓરડામાં ગુંજી ઊઠ્યો હતો. એનાં ચશ્માં ઊડીને દૂર પડ્યાં હતાં. એનો હાથ પોતાના ગાલને પંપાળવા લાગ્યો હતો.

'શ... શ... શું થયું?'

શૈલેષ સાવલિયા ઘડીભર થોથવાઈ ગયા. એમને એમ હતું કે સૂર્યકાંતની વિરુદ્ધ બોલીને એ અલયના વહાલા થઈ જશે. એમને સપનેય કલ્પના નહોતી કે બાપનું નામ પણ પોતાની પાછળ ન લખનાર અલય સૂર્યકાંત

મહેતાની વિરુદ્ધ બોલવાથી આમ એમને થપ્પડ ફટકારશે...

'હું પ્રોડ્યુસર છું તારો... હજી તો પિક્ચર શરૂ નથી થયું અને આ તેવર છે? ફેંકાઈ જઈશ.'

'વાંધો નથી મને.'

'હું જે બોલ્યો એમાં ખોટું શું છે? નહોતો ભાગી ગયો તારો બાપ? અને તુંય ક્યાં એનું નામ લખે છે તારી પાછળ?'

'મેં ક્યાં કહ્યું ખોટું છે? પણ હું જે કરું એ મારું અંગત વેર છે, મિસ્ટર સાવલિયા... કોઈ ત્રીજો માણસ સૂર્યકાંત મહેતાને ગાળ દે એ હું ન જ સાંભળી લઉં.'

'જે માણસે તમને બધાંને આટલાં વર્ષ રસ્તા પર ફેંકી દીધાં અને હજીય મોઢું નથી બતાવ્યું એ માણસ માટે આટલો પ્રેમ...'

'હું અહીં ઊભો છું, કારણ એ માણસ હતો! એ મારા અસ્તિત્વનું કારણ છે, મિસ્ટર સાવલિયા... અને વસુંધરા મહેતાને ન ગમે એવું કંઈ પણ નહીં થવા દઉં.'

એનો ગોરો ચહેરો મરચાં જેવો તીખો અને લાલ થઈ ગયો હતો. એની આંખોમાં લાલ લાલ દોરા ઊપસી આવ્યા હતા. એના ખભા તંગ થઈને વધુ પહોળા લાગતા હતા. અનુપમા મુગ્ધ થઈને આ માણસનું એક સાવ વધારાનું અને અનાયાસે ખૂલી ગયેલું પાસું જોઈ રહી હતી.

'શૈલેષભાઈ, તમારે આવું નહોતું કહેવું જોઈતું.'

અનુપમાને લાગ્યું કે હવે એ વચ્ચે નહીં પડે તો વાત વધી જશે.

'સૉરી..?

શૈલેષ સાવલિયા હજી ગાલ પંપાળી રહ્યા હતા. એમણે પૈસાની બૅગ સંજીવને આપી:

'આ કૉન્ટ્રેક્ટનાં પેપર્સ છે. અલયભાઈને બતાવી દેજો. સહી લઈ લેજો... આ બે ખોખાં છે' મૅડમ' હું નીકળું? કાલે લોકેશન પર મળીએ.'

પછી કોઈ જવાબની રાહ જોયા વિના શૈલેષ સાવલિયા રૂમની બહાર નીકળી ગયા. સંજીવ અને અનુપમા હજી ડઘાયેલાં અલયની સામે જોઈ રહ્યાં હતાં.

થોડી વાર કોઈ કશું બોલ્યું નહીં. પછી સંજીવે સમય વર્તીને અનુપમાને કહ્યું:

'હું જરા બીજી બધી વ્યવસ્થા જોઈ લઉં...'

એ ઓરડાની બહાર નીકળી ગયો.

ખાસ્સી વાર સુધી અલય અને અનુપમા ચૂપચાપ બેસી રહ્યાં. પહેલી વાત કોણ શરૂ કરે એનો ઓથાર જાણે બન્ને વચ્ચે તોળાતો રહ્યો. પછી હળવેથી અનુપમાએ અલયનો હાથ પકડ્યો:

‘મને ખબર છે આ અંગત પ્રશ્ન છે, જવાબ ન આપવો હોય તો નહીં આપતો, પણ...’

‘મારો બાપ અમને મૂકીને પચ્ચીસ વરસ ચાલી ગયેલો. હું એના ગયા પછી જન્મ્યો છું. બીજું કંઈ પૂછવું છે?’

અલયનો અવાજ તલવારની ધાર જેવો ઠંડો અને કાતિલ હતો.

‘મારે એ નથી પૂછવું.’

અનુપમાએ એનો હાથ પકડીને એને નજીક ખેંચ્યો. અલય પથ્થરની જેમ સ્થિર ત્યાં જ બેસી રહ્યો. એના ચહેરા પર કોઈ ભાવ નહોતા:

‘જે માણસનું નામ પણ તું તારા નામની પાછળ લગાડતો નથી... એને માટે...’

‘મારે માટે એનું કોઈ અસ્તિત્વ નથી.’

હસી પડી અનુપમા. ઊભી થઈ અને અલયની સામે આવી. એણે પોતાના બન્ને હાથ અલયના બે ગાલ પર મૂક્યા. એના અવાજમાં લાડ છલકાતું હતું:

‘જેનું કોઈ અસ્તિત્વ જ નથી એને માટે આટલો ધિક્કાર અને આટલો પ્રેમ કેવી રીતે હોઈ શકે’ અલય?’

અત્યાર સુધી દીવાલ સામે કોરી નજરે જોઈ રહેલા અલયે અચાનક અનુપમા સામે જોયું:

‘એટલે?’

‘જેનું અસ્તિત્વ નકારે છે તું એ નકારવા માટે અસ્તિત્વ છે એટલું તો સ્વીકારવું પડેને?’ અનુપમાએ અલયના વાળમાં હાથ ફેરવ્યો:

‘ઈશ્વર નથી એવું કહીને દલીલ કરતા લોકો કશુંક છે એને નકારે છે. જેનું અસ્તિત્વ જ નથી એને તો નકારવાની જરૂરત જ નથીને?’

‘અનુપમા, તું જાણતી નથી...’

‘જાણું છું’ બલકે સમજું છું. મારી મા મારા બાપની રખેલ હતી. શુક્રવારની એક જ સાંજ એ માણસ અમારા ઘરમાં ગાળતો અને એ પણ મારી મા સાથે. મારા માટે એક રમકડું લઈ આવતો, થોડું ખાવાનું... હું એ લઈને બાજુના ઘરમાં રમવા ચાલી જતી.’

એણે જાણે થૂંકનો એક કડવો ઘૂંટડો ગળાની નીચે ઉતાર્યો. એક ક્ષણ આંખ બંધ કરીને ચૂપચાપ ઊભી રહી, પછી ઉમેર્યું:

‘અથવા મને મોકલી આપવામાં આવતી.’

અનુપમાના અવાજમાં એક એવી ચૂભન હતી, જે અલયની છાતીમાં ઊંડે સુધી ઊતરી ગઈ:

‘તારી પાસે એક બાપ તો હતો ને? ભાગી ગયેલો, પણ બાપ! જે ક્યાંક કશેક જીવે છે, જીવતો હશે એમ માને છે તું... મારી પાસે તો બાપ જ નહોતો.’

અલય ચૂપચાપ અનુપમાને જોતો રહ્યો. એની આંખોમાં, એના ચહેરા પર આવી ઉદાસી અલયે ક્યારેય નહોતી જોઈ. સામાન્ય રીતે હસતી-રમતી, તોફાન કરતી આ માથાફરેલી છોકરી અત્યારે બાર-ચૌદ વર્ષની કિશોરી દેખાતી હતી:

'એ માણસે મને પણ...છી!'

અનુપમાનું ગળું ભરાઈ આવ્યું હતું. એ કોઈ પણ ક્ષણે રડી પડે એવી એની આંખો ગોરંભાઈ ગઈ હતી:

'હું ઘર છોડીને ભાગી આવી. સત્તર વર્ષની હતી... રૂપ સિવાય કશું હતું જ નહીં મારી પાસે. એ જ વેચવાનું હતું અને એ પણ સમ્માનથી. નસીબે સાથ આપ્યો... પહેલું મોડેલિંગ કર્યું... ફિલમ મળી...'

એની આંખમાંથી આંસુ સરકી પડ્યાં:

'ક્યારેક વિચારું છું કે કોલકાતા છોડી જ ન શકી હોત તો હું પણ...'

એણે અલયના વાળમાંથી હાથ લઈ લીધો અને સામે જમીન પર ભીંતને અઢેલીને બેસી ગઈ. ઘૂંટણ વાળીને બન્ને હાથ એણે ઘૂંટણની આસપાસ લપેટી લીધા. ચિબુક ઘૂંટણ પર ટેકવી... એની આંખમાંથી આંસુ સડસડાટ વહી રહ્યાં હતાં.

અલય ઊભો થયો. એની બાજુમાં આવીને બેઠો. અનુપમાએ પોતાનું માથું અલયના ખભા પર મૂકી દીધું.

'સમજી શકું છું.' અલયે એનાં આંસુ લૂછવાનો પ્રયત્ન કર્યો.

અનુપમાએ ડોકું ફેરવી લીધું:

'રડી લેવા દે, અલય. કોણ જાણે કેટલાંય વર્ષોથી આ આંસુ હું છાતીમાં લઈને ફરું છું. આજ સુધી એવો કોઈ માણસ જ નહોતો મળ્યો, જેના ખભે માથું મૂકીને રડી શકાય.'

અલય એક શબ્દ ન બોલ્યો. રવિવારની એ સવાર અનુપમાનાં આંસુમાં ડૂબેલી અલયના ખભે વહેતી રહી. અલયે એક પણ શબ્દ બોલ્યા વિના એને કલાકો રડવા દીધી.

વચ્ચે વચ્ચે અલયના મોબાઇલની ઘંટડી રણકતી રહી. અલયે એક પણ ફોન ન ઉપાડ્યો. જેમાં નીરવ, શ્રેયા, શૈલેષ સાવલિયા અને એના કૅમેરામૅન, પ્રોડક્શનના માણસો સહિત બીજા લગભગ વીસ જેટલા મિસ્ડ કૉલ ભેગા થઈ ગયા.

*

જાનકી દર મહિનાના બીજા કે ચોથા રવિવારે એના અનાથ આશ્રમની બહેનપણીઓ સાથે કૉફી પીવા જતી.

આ એનાં લગ્ન થયાં ત્યારનો નિયમ હતો. સાથે ઊછરેલી બે પાંચ બહેનપણી મહિનામાં એક વાર અચૂક મળતી. હવે સૌ પોતપોતાની દુનિયામાં ગોઠવાઈ ગયાં હતાં. પાંચમાંથી ત્રણનાં લગ્ન થઈ ગયાં હતાં. એક પૂના સૅટલ થઈ ગઈ હતી અને એક સાઉથ મુંબઈમાં, એક કરોડપતિની પત્ની બની ગઈ હતી. જાનકી અજય સાથે પરણી હતી. બીજી બે પરણવા માગતી નહોતી. બધાં પાસે પોતાના વ્યવસાય હતા અને બાળપણમાં ગાળેલા દિવસોએ એમને આજે પણ બાંધી રાખ્યાં હતાં.

જૂહુમાં આવેલી એક કૉફી શૉપમાં મળવાની જગ્યા નિશ્ચિત હતી. જાનકી ત્યાં પહોંચી ત્યારે બપોરના સાડા ત્રણ થયા હશે. કૉફી શૉપ ખાલી હતી. એક યુગલ ખૂણામાં બેસીને પ્રેમાલાપ કરી રહ્યું હતું. આર્ટિસ્ટ જેવો દેખાતો એક માણસ સિગારેટ પીતો છાપું વાંચી રહ્યો હતો. જાનકીએ આમતેમ નજર દોડાવી. પછી સાવ ખૂણાનું ટેબલ પસંદ કરીને બેઠી. આ ટેબલ એવી જગ્યાએ હતું જ્યાંથી એને આખી કૉફી શૉપ દેખાય, પણ કૉફી શૉપનાં બે જ ટેબલ પરથી આ જગ્યા જોઈ શકાય એવી હતી.

એક મૅગેઝિન લઈને ઉથલાવતી જાનકી એની બહેનપણીઓની રાહ જોવા લાગી. બરાબર એ જ વખતે કૉફી શૉપનું બારણું ખૂલ્યું અને શફ્ફાક સાથે અંજલિ દાખલ થઈ. અંજલિના ખભાની આસપાસ શફ્ફાકે હાથ વીંટાળ્યો હતો. અંજલિ એકદમ ઓતપ્રોત થઈને એને કશું કહી રહી હતી...

બન્ને દાખલ થઈને કૉફી શૉપના એક ટેબલ પર ગોઠવાયાં. જાનકી એમને જોઈ શકતી હતી. અંજલિએ ટેબલ પર હાથ મૂક્યા. શફ્ફાકે એ હાથ પર પોતાના બન્ને હાથ મૂકીને અંજલિની નજીક ઝુકીને કશુંક કહ્યું. અંજલિનો ચહેરો લાલ થઈ ગયો...

જાનકી એકદમ વિચલિત થઈ ગઈ.

આખા ઘરમાં એકલી જાનકીને જ ખબર હતી કે અંજલિ શફ્ફાકને પ્રેમ કરતી હતી. પ્રયાગરાજજી પાસે સંગીત શીખતી અંજલિએ રાજેશનું માગું આવ્યું ત્યારે જાનકીને શફ્ફાકની વાત કહી હતી.

જાનકીને એ આખોય પ્રસંગ લગભગ નજર સામે તરવરી ઊઠ્યો.

રડી રડીને લાલ થયેલી અંજલિની આંખો, રાજેશના ઘરવાળાનું દબાણ, વૈભવીનાં વાગ્બાણ, અભયની લાચારી અને વસુમાનો વ્યાવહારિક અભિગમ...

જાનકી મળી હતી શફીને એક વાર અંજલિની વાત કરવા. શફી એને માટીપગો અને તકસાધુ લાગ્યો હતો. એણે સમજાવી હતી અંજલિને એની સાથે સીધી સ્પષ્ટ વાત કરવા...

અંજલિ ધ્રુસકે ધ્રુસકે રડી હતી એ રાતે, જ્યારે એ શફીને થપ્પડ મારીને આવી હતી. બીજા દિવસે રાજેશના ઘરવાળાને બોલાવવામાં આવ્યા હતા અને...

અંજલિ અસહાય થઈ ગઈ હતી. એમાંય જ્યારે શફીએ એને કારકિર્દી બનાવવાના બહાના હેઠળ પરણી જવાનું કહ્યું ત્યારે એને સંભાળતાં જાનકીને ભયાનક મુશ્કેલી પડી હતી. છેક છેલ્લી ઘડી સુધી એને મનાવી મનાવીને લગ્ન કરાવ્યાં હતાં અને આ દર્દનાક, સંવેદનશીલ ક્ષણોની સાક્ષી એક માત્ર જાનકી હતી.

આજે શફી સાથે અંજલિને જોઈને જાનકીનું મગજ ચકરાવે ચડી ગયું. એક વાર તો એણે ઊભા થઈને ત્યાં જવાનું લગભગ નક્કી કરી લીધું. પછી મન પર કાબૂ મેળવીને ચૂપચાપ ત્યાં બેસી રહી, પણ એણે ઘરેથી નીકળતાં વાળેલી ગાંઠ મજબૂત કરી નાખી:

આજે અંજલિબહેન સાથે વાત કરવી જ પડશે... આ તો બરબાદ કરી નાખશે!

*

રડી રડીને થાકેલી અનુપમા હવે અલયના ખોળામાં સૂતી હતી.

અલયનો હાથ હળવે હળવે એના વાળમાં ફરી રહ્યો હતો. ઍરકન્ડિશન્ડ કમરામાં મશીનથી હળવી ઘરઘરાટી સિવાય કોઈ અવાજ નહોતો. પડદા ખેંચીને કરેલું આછું અંધારું, વૉલ ટુ વૉલ કાર્પેટ અને ઓરડામાં ફેલાયેલી રૂમ ફ્રેશનરની સુગંધ..

બન્ને જણ કેટલાય સમયથી નિ:શબ્દ બેઠાં હતાં.

'ટક... ટક...' દરવાજાની બહાર અવાજ આવ્યો.

'કમ ઈન...'

અલયના ખોળામાંથી ઊઠ્યા વિના અનુપમાએ કહ્યું. એની બાઈ દરવાજો ખોલીને અંદર આવી. એણે બંગાળીમાં કહ્યું:

'કેઉ આપનાર શોંગે દેખા કોરતે એશછે... મૅડમ, સાહેબને કોઈ મળવા આવ્યું છે.'

'મને?' અલયે પૂછ્યું.

'હા, નામ તો તમારું જ લીધું સાહેબ, અલયભાઈને...?'

'અ... હા...'

'પાઠીએ દીન... મોકલો...' અનુપમાએ કહ્યું.

'ભાલો... અચ્છા.' બાઈ બહાર ગઈ.

'કોણ હશે?,

અલય જરાક અનકમ્ફર્ટેબલ થઈ ગયો.

'શૈલેષ સાવલિયા...'

અનુપમાએ કૉન્ફિડન્સથી કહ્યું.

એટલામાં બારણું ખૂલ્યું અને અનુપમા ફટાક કરતી બેઠી થઈ ગઈ.

અલયે દાખલ થયેલી શ્રેયાને જોઈને બહુ જ સ્વાભાવિક અવાજમાં કહ્યું:

'આવ!'

* * *

31

'ના રાજેશ, હું આજે રાત્રે તો નહીં જ આવું.'

'કાલે? કાલે લઈ જાઉં તને?'

'હું ફોન કરીશ...,

આગળ વાત કર્યા વિના અંજલિએ ફોન કાપી નાખ્યો. રાજેશે ફરી ટ્રાય કર્યો, પણ અંજલિનો ફોન સ્વિચ ઑફ થઈ ગયો હતો. થોડી વાર પહેલાં રાજેશે ફોન કર્યો ત્યારે અંજલિએ ફોન ઉપાડીને કહેલું વાક્ય રાજેશના મગજમાં ઘુમરાઈ ગયું:

નીકળી ગઈ છું, પહોંચું છું.

ક્યાં જતી હશે એ? પેલાને મળવા? એને છૂટથી મળી શકાય એટલા માટે શ્રીજી વિલા ચાલી ગઈ હશે?

રાજેશના મનનો પુરુષ પછડાટ ખાવા લાગ્યો. એના મનની અંદર સેંકડો જાતના વિચાર ઊભરાવા લાગ્યા.

ક્યાં સુધીનો પ્રેમ હશે બે જણનો? બન્ને સાથે સંગીત શીખતાં હતાં એ તો હું જાણું છું. એક વાર ઇન્ડિયા ટુડેના કવર પેજ પર એને જોઈને અંજલિએ જ કહેલું... પણ આ બન્ને પાછાં ક્યાં મળ્યાં હશે? ક્યારે મળ્યાં હશે? પ્રેમ ત્યારથી જ હશે કે હમણાં જ થયો હશે?

રાજેશ વિચારમાં ને વિચારમાં ઊભો હતો. એનું મન જાણે ધુમાડો ભરેલા ઓરડામાં શ્વાસ લેવા તરફડતા માણસની જેમ તરફડવા લાગ્યું હતું. કોઈક આધાર, કોઈક નાનકડા અવલંબનની શોધમાં ક્યાં જઈ શકાય એવું એનું મન વિચારવા લાગ્યું. એણે ખૂબ વિચાર કર્યો, પણ એને કંઈ જ સૂઝતું નહોતું. ક્યાંક જઈને એને ધ્રુસકે ધ્રુસકે રડવું હતું. એની અંજલિ એના હાથમાંથી સરકી રહી હતી અને એ ઊભો ઊભો જોવા સિવાય કંઈ જ કરી શકતો નહોતો. એણે મનોમન ઈશ્વરને યાદ કર્યા અને અચાનક એને ઝબકારો થયો:

ઈશ્વર! ઈશ્વરને ત્યાં જઈ શકાય. ઈશ્વરથી મોટો આધાર આમેય બીજો કયો હોઈ શકે?

એણે ગાડી જૂહુ તરફ વાળી...

ઈસ્કોન મંદિરની બહાર ગાડી પાર્ક કરીને રાજેશ અંદર દાખલ થયો. વિશાળ આરસપહાણના મંદિરમાં કિશ્ન-રાધા અને કિશ્ન-રુક્મિણીની સુંદર મૂર્તિ હતી.

રાજેશ બરાબર મુખ્ય ખંડની વચ્ચોવચ બેસી ગયો. પલાંઠી વાળીને, આંખો મીચીને એણે ઈશ્વરનું સ્મરણ કર્યું. પછી એણે ભીની આંખો ખોલીને ભગવાનની મૂર્તિની સામે જોયું. એનાથી મનોમન બોલાઈ ગયું:

મેં શું બગાડ્યું છે તારું? કદી કોઈનીય સાથે છલ નથી કર્યું મે ને છતાંય આજે તે મને એવા દોરાહા પર લાવીને મૂક્યો છે કે મને કંઈ જ સૂઝતું નથી... હે ઈશ્વર, કંઈક એવું કર કે જેનાથી આ ગૂંચવાતી વાત અહીં જ અટકી જાય... મને આ ગૂંગળામણમાંથી, આ અકળામણમાંથી, આ અસમંજસમાંથી બહાર કાઢ મારા નાથ!

રાજેશ ક્યાંય સુધી મંદિરમાં બેસી રહ્યો. પછી ચૂપચાપ ઊઠીને ગાડીમાં બેઠો. એનું મન શાંત થઈ ગયું હતું. મનમાં ઊઠતા કેટલાય સવાલ એ જાણે કિશ્નચરણમાં મૂકીને આવી ગયો હતો.

હવે એના સવાલના જવાબ ઈશ્વરે આપવાના હતા...

*

અંજલિને શફી સાથે જોઈને જાનકીનું મગજ ચકરાવે ચડી ગયું. એક વાર તો એણે ઊભા થઈને ત્યાં જવાનું લગભગ નક્કી કરી લીધું. પછી મન પર કાબૂ મેળવીને ચૂપચાપ ત્યાં બેસી રહી, પણ એણે ઘેરથી નીકળતાં વાળેલી ગાંઠ મજબૂત કરી નાખી:

આજે અંજલિબહેન સાથે વાત કરવી જ પડે... આ તો બરબાદ કરી નાખશે!

જાનકીની બહેનપણીઓ આવી, કૉફી પીવાઈ, પરંતુ જાનકીનું કોઈ વાતમાં ધ્યાન નહોતું. એનું ધ્યાન ફક્ત અંજલિ અને શફીમાં હતું. જાનકીની બાકીની ત્રણ બહેનપણી ઊંધી બેઠી હતી, પરંતુ જાનકીની બાજુમાં બેઠેલી દુર્ગાએ હળવેથી જાનકીને પૂછ્યું:

'પેલી છોકરીને શું જોયા કરે છે?'

'એ છોકરી મારી નણંદ છે.'

'તો... પેલો?'

'એ શફ્ફાક અખ્તર છે, ગઝલસિંગર.'

'ખરેખર?'

દુર્ગાના અવાજમાં જોરદાર એક્સાઇટમેન્ટ આવી ગયું. એ લગભગ ઉશ્કેરાટમાં ઊભી થવા જતી હતી કે જાનકીએ એનો હાથ પકડીને બેસાડી દીધી:

'ક્યાં જાય છે?'

'ઑટોગ્રાફ લેવા. મને એવું લાગ્યું તો ખરું, પણ પછી થયું એ આવી નાની કૉફી શૉપમાં શું કરે?'

નણંદની આખી સ્ટોરી ભુલાઈ જ ગઈ. દુર્ગાના ચહેરા પર, એની આંખોમાં શફ્ફાક અખ્તર માટેનો અહોભાવ લીંપાઈ ગયો હતો.

'કોઈ જરૂર નથી.' જાનકીએ હજી દુર્ગાનો હાથ છોડ્યો નહોતો.

'અરે પણ, એ મારો ફેવરીટ સિંગર છે. મારા પતિ તો એના દિવાના છે. જવા દે ને!' દુર્ગાએ હાથ છોડાવવાની કોશિશ કરી.

'પણ ત્યાં મારી નણંદ છે.'

આ કહ્યા પછી તરત જ જાનકીને ખયાલ આવ્યો કે દુર્ગા શું કામ ન જાય? બીજા કોઈ પણ સામાન્ય ફૅનની

જેમ દુર્ગા જઈને ઑટોગ્રાફ લઈ જ શકે. એની સાથે જ એને બીજો વિચાર પણ આવ્યો...

એણે દુર્ગાનો હાથ છોડી દીધો અને દુર્ગાએ આખી કૉફી શૉપમાં સંભળાય એવા અવાજે સામે બેઠેલી ત્રણ બહેનપણીને કહ્યું:

'એય... પેલો હેન્ડ સમ ગઝલસિંગર શફ્ફાક અખ્તર અહીંયાં છે.'

અને સોળ વર્ષની મુગ્ધાની જેમ રાજી થતી પોતાની પર્સમાંથી ડાયરી અને પેન લઈને દોડી. બીજી ત્રણ બહેનપણી પણ પાછળ ફરી. એમણે શફ્ફાકને જોયો. એ ત્રણ જણ પણ પોતપોતાની ડાયરીઓ અને પેન લઈને ત્યાં પહોંચી ગયાં.

શફ્ફાક એક પછી એક સૌને ઑટોગ્રાફ આપવા લાગ્યો. ટોળું થઈ જતાં અંજલિએ મેનુ કાર્ડ ઉપાડીને વાંચવા માંડ્યું. એને અમસ્તીય શફ્ફાકની આસપાસ થતી આ ટોળાબાજીથી ભારે સંકોચ થતો હતો. હજી હમણાં જ જે. ડબલ્યુ. મેરિયટની લૉબીમાં ભેગા થઈ ગયેલા ટોળાને સિક્યોરિટીની મદદથી વિખેરવું પડ્યું એ એણે જોયું હતું.

શફ્ફાક માટે આવો ફૅનવર્ગ કોઈ નવી વાત નહોતી. એની કારકિર્દી આમ જુઓ તો હજુ ટૂંકી ગણાય, પરંતુ એણે જે ફૅન્સ ઊભા કર્યા હતા એ સંગીતની દુનિયામાં નવાઈ અને ઈર્ષ્યા બન્ને જન્માવતા હતા. શફ્ફાક ક્યારેય પોતાના ફૅન્સને નારાજ નહોતો કરતો. એણે જોયું કે અંજલિને બહુ ન ગમ્યું, છતાં એણે ઑટોગ્રાફ કરવા માંડ્યા.

એણે સૌથી પહેલાં દુર્ગાનું નામ પૂછ્યું, પછી અંબિકા, વૈદેહી અને વંદના.. પાંચમી ડાયરી મુકાતાં એણે ઉપર જોયા વિના પૂછ્યું.

'શું નામ લખું?'

'જાનકી...'

શફ્ફાક ઑટોગ્રાફ કરવામાં બિઝી હતો, પરંતુ નામ અને અવાજ સાંભળીને અંજલિએ ચોંકીને ઊંચું જોયું અને પછી અંજલિનો ચહેરો ફિક્કો પડી ગયો. જાનકીએ એની આંખોમાં આંખો નાંખી અને શફ્ફાક સાંભળી શકે એ રીતે ધારદાર અવાજે પૂછ્યું:

'તો આ તમારી ફ્રેન્ડ છે' જેને હું નથી ઓળખતી? જે અમેરિકાથી આવી છે?'

'ભાભી, આ મારી પર્સનલ લાઇફ છે. દખલ ન કરો તો સારું.'

'જ્યારે આ જ પર્સનલ લાઇફને ખાતર તમે મરવા તૈયાર થઈ ગયાં હતાં ત્યારે આ જ ભાભીની દખલ તમને જરૂરી લાગી હતી, અંજલિબહેન!'

'ત્યારની વાત જુદી હતી. હવે...'

'... હવે તમને ભાભીની જરૂર નથી, ખરું?'

'જુઓ ભાભી, ગેરસમજ કરવાની...'

જાનકીની ચારેય બહેનપણી ત્યાં ઊભી ઊભી આ બે જણ વચ્ચેની દલીલો સાંભળી રહી હતી. શફ્ફાક વચ્ચે બોલવું કે નહીં એનો વિચાર કરતો ઊભો તો થઈ ગયો હતો, પણ શું કરવું કે શું કહેવું એ એને સમજાતું નહોતું.

'હું ગેરસમજ નથી કરતી. બરાબર સમજીને બોલું છું અંજલિબહેન, તમે ઘરે જે કહ્યું એવું જુઠ્ઠું બોલવાની શી જરૂર હતી?'

જાનકીએ સીધો ભાલાની અણી જેવો સવાલ પૂછ્યો.

'નહીં તો તમે મને આવવા દેત?'

'એટલે તમને ખબર છે અંજલિબહેન, કે તમે જે કરો છો એ અમને ગમશે નહીં ને છતાં તમારે...'

'તમને ગમે એવી રીતે જીવવાનું મારે કોઈ કારણ નથી.'

અંજલિનો જવાબ સાંભળીને જાનકીનો ચહેરો તદ્દન બદલાઈ ગયો. અત્યાર સુધી માર્દવ અને મમતાથી વાત કરતી હતી જાનકી. અચાનક ગુસ્સે થઈ ગઈ:

'અંજલિબહેન, ઘરે ચાલો.' એણે અંજલિનો હાથ પકડ્યો.

'અંજલિ નહી આવે.' શફ્ફાકે અંજલિનો બીજો હાથ પકડ્યો.

'તમે આમાં ન પડો તો સારું. તમારી સાથે હું પછી વાત કરીશ.'

જાનકીએ અંજલિનો હાથ સહેજ ખેંચ્યો. અંજલિએ હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યો, પણ એ કશું બોલી નહીં.

'પછી વાત કરવા જેવું કશું જ નથી. અંજલિ અત્યારે મને મળવા આવી છે અને એની ઇચ્છા વિરુદ્ધ એને કોઈ અહીંથી લઈ ન જઈ શકે.'

'મને લાગે છે, વાત વધી રહી છે, પ્લીઝ અંજલિબહેન, ઘરે ચાલો. આપણે ઘેર જઈને વાત કરીએ.'

જાનકીએ સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ અંજલિ જાણે કશું જ સાંભળવા તૈયાર નહોતી. એને એમ લાગતું હતું કે એ પકડાઈ ગઈ છે અને ગુનો કર્યા પછી હવે કોનાથી ડરવાનું?

જાનકીએ આખીય પરિસ્થિતિને મનોમન માપી તો લીધી જ હતી, તેમ છતાં એ ઇચ્છતી હતી કે અહીંયાં જાહેરમાં કોઈ તાયફો ન થાય. એણે શફ્ફાકની સામે જોયું અને હળવેથી કહ્યું:

'જુઓ, તમે ખુદ સમજો જ છો કે જે થઈ રહ્યું છે એ ખોટું છે. કાલે સવારે છાપામાં તમારા વિશે કંઈ આડુંઅવળું છપાય એ તમને નહીં જ પોસાય એમ હું માનું છું. માંડ માંડ સૅટલ થયેલી કરિયર દાવ પર લાગે એવું શું કામ કરો છો, શફ્ફાક?'

જાનકીની વાત સાંભળીને શફ્ફાકથી અંજલિનો હાથ છૂટી ગયો.

અંજલિએ એક સેકન્ડ માટે શફ્ફાક સામે જોયું. પછી જાનકીએ એ નજરને પકડીને વાત આગળ વધારી:

'અંજલિબહેન, તમે પણ જાણો છો, હવે મોડું થઈ ગયું છે. તમારે તમારી નહીં, આવનારા બાળકની ચિંતા કરવાની છે.'

'વ્હૉટ? આર યુ પ્રેગ્નન્ટ, અંજલિ?' શફ્ફાક બોલી ઊઠ્યો.

અંજલિ જવાબ આપે એ પહેલાં જાનકીએ સ્મિત સાથે પત્તું ફેંક્યું:

'અફ કોર્સ! ત્રણ મહિના પૂરા થવા આવ્યા. એણે તમને કહ્યું નથી?'

શફ્ફાક એક પણ અક્ષર ન બોલ્યો. માત્ર એક વાર અંજલિ સામે જોયું અને પછી ટેબલ પર પાંચસો રૂપિયાની એક નોટ મૂકીને ગેટ તરફ ફર્યો. અંજલિ પાછળ દોડી. જાનકીએ પણ એનો હાથ છોડીને એને જવા દીધી.

અંજલિ કૉફી શૉપના દરવાજે ઊભી રહી ગઈ અને શફ્ફાક સડસડાટ બહાર નીકળીને પોતાની ગાડીમાં બેસી ગયો. ડ્રાઇવરે એક ક્ષણ માટે શફ્ફાકની સામે જોયું:

'મૅમસા'બ?'

'ચલો, બોલા ના...' શફ્ફાકે કહ્યું.

ગાડી સડસડાટ જૂહુના રસ્તા વીંધીને આગળ નીકળી ગઈ: કૉફી શૉપના દરવાજે ઊભેલી અંજલિની આંખોમાં આંસુ ધસી આવ્યાં હતાં. એ ઉપલા દાંત નીચે નીચલો હોઠ દબાવીને ઊભી રહી ગઈ. એને એ નહોતું સમજાતું કે જે થયું એ સારું થયું કે ખરાબ?

શફ્ફાકને પોતાની પ્રેગ્નન્સી વિશે કહેવાનું તો હતું જ. વળી, બે વખત એ શફ્ફાકની નજીક આવી ત્યારે એને પોતાના બાળકનો વિચાર આવ્યો જ હતો... રાજેશ સાથે જે કંઈ, જે રીતે થયું એનાથી એ ખુદ ખુશ તો નહોતી જ, પરંતુ એનો મોહ એને ખેંચી રહ્યો હતો, પણ જાનકીએ જે રીતે ફુગ્ગો ફોડી નાખ્યો એનાથી અંજલિ ધૂંઆપૂંઆ થઈ ગઈ હતી. શફ્ફાક જે રીતે ચાલ્યો ગયો એનાથી એનો અહં ઘવાયો હતો.

જાનકીએ પાછળથી આવીને અંજલિના ખભે હાથ મૂક્યો:

'જઈશું?'

જાનકીએ પૂછ્યું, ખૂબ મમતાથી, એ સમજતી હતી - અંજલિ સાથે જે થયું એ બરોબર નહોતું જ થયું, પણ જેમ મા પોતાના બાળકની ભલાઈ માટે એને રડાવીને પણ આઇસક્રીમ ન ખાવા દે કે એક થપ્પડ મારીને પણ કડવી દવા પિવડાવી દે એવી જ રીતે જાનકીએ આજે અંજલિને એક મુશ્કેલીના વમળમાં ફસાતી બચાવી હતી.

'મારે નથી આવવું, તમે જાવ.'

'અંજલિબહેન, સૉરી, જો તમને કદાચ...'

અંજલિએ વાત વચ્ચેથી જ કાપી નાખી:

'તમારે જે કહેવાનું હતું એ તમે કહી દીધું ને? તો પ્લીઝ, જાવ અહીંથી મારે તમારી સાથે કોઈ વાત નથી

કરવી.'

'તમારે ન કરવી હોય તો પણ મારે તમારી સાથે વાત કરવી છે, અંજલિબહેન. અને વાત એ છે કે મને તમારા માટે ખૂબ લાગણી છે. હું તમારું કંઈ પણ ખરાબ થતું જોઈ નહીં શકું. પછી ભલે એ માટે મારે ખરાબ થવું પડે.'

જાનકીએ અંજલિનો પકડેલો ખભો એક વાર ખૂબ જ લાગણીથી દબાવ્યો પછી સડસડાટ કૉફી શોપનાં પગથિયાં ઊતરી ગઈ.

*

રવિવારની સવારે અભયને આવેલી જોઈને પ્રિયાનું મોઢું ખુલ્લુ રહી ગયું:

'ત...મે!'

'હા, હું! કેમ? હું નહીં આવું એમ માનીને તારા કોઈ બૉયફ્રેન્ડને બોલાવ્યો છે કે શું?'

'શટ અપ અભય, શું ગમે તેમ બોલતા હશો?'

પ્રિયાના ચહેરા પર અચાનક મળેલી આ બોનસ ખુશીનો આનંદ છલકાઈ પડ્યો.

અભય સોફા પર બેઠો. એણે પગ લંબાવ્યા અને ટેબલ પર મૂક્યા. શર્ટનાં પહેલાં બે બટન ખોલી નાખ્યા પછી બન્ને હાથ સોફાની પીઠ પર પહોળા કરીને ટેકવ્યા:

'તો ડાર્લિંગ... શું જમાડશો લંચમાં?'

'યુ મીન, તમે લંચ અહીં લેવાના છો?'

પ્રિયાનો ચહેરો વહેલી સવારના ઝાકળથી ધોયેલા ફૂલ જેવો તાજો થઈ ગયો. અભયે નજીક આવેલી પ્રિયાને હાથ પકડીને ખેંચી અને પોતાના લંબાવેલા પગ પર બે બાજુ પગ મૂકીને ઘોડેસવારની જેમ બેસાડી. પછી એનો ચહેરો બે હાથમાં પકડીને નજીક લીધો:

'બહુ આગ્રહ ન કરતી, નહીં તો ડિનર પણ અહીં જ કરીશ.'

આટલું કહીને શરારતભરી નજરે પ્રિયા તરફ જોઈને અભયે ખિસ્સામાંથી મોબાઇલ કાઢીને સ્વિચ ઑફ કરી દીધો.

'અભય!'

પ્રિયાના હજીય માન્યામાં જ નહોતું આવતું.

સામાન્ય રીતે અભય રવિવારની સવારે ક્યારેય પ્રિયાના ઘેર ન આવી શકતો. વૈભવીના ઢગલાબંધ સવાલના જવાબ આપવા કરતાં ચૂપચાપ ઘેર બેસવું સારું એવું અભયને હમેશાં લાગતું. ક્યારેક સલૂનમાં જવા માટે કે એવાં બીજાં નાનાં-મોટાં બહાનાં હેઠળ એ ઘેરથી નીકળે તો પણ પંદર-વીસ મિનિટ માંડ પ્રિયાનું મોઢું જોવા આવી પહોંચતો. એ દરમિયાન પણ એનું મન સતત ઉચાટમાં રહેતું. મોબાઇલ વાગે તો જાણે કંઠે પ્રાણ આવી જતા.

એને બદલે આજે અભય રવિવારે સવારે આવી ગયો હતો અને લંચ કરીને જવાની વાત કરતો હતો...

આટલાં વર્ષોના સંબંધમાં આજે કદાચ આ પહેલો રવિવાર હતો, જે પ્રિયા માટે તો જાણે ઉત્સવ થઈ ગયો. એણે અભયના હોઠ પર એક ચુંબન લઈ લીધું. પછી એના ગળામાં હાથ નાખીને એને ઢગલાબંધ વહાલ કરતી રહી...

બન્ને જણ ખાસ્સો સમય એમ જ થોડું વહાલ અને થોડી વાતો કરતાં રહ્યા. અચાનક પ્રિયાએ ક્યારનો એના મનમાં ઘોળાયા કરતો સવાલ અભયને પૂછી લીધો:

'એટલે અત્યારે તમે છો ક્યાં?'

અભય હસી પડ્યો: 'બહાર...'

'એટલે તમે કશું કહ્યું જ નથી?'

'ના.' અભયની છાતી પર માથું મૂકીને હજીય આ પળને સાચી માનવાનો પ્રયાસ કરી રહેલી પ્રિયાનો અવાજ આશ્ચર્યમાં ઝબોળાઈ આવ્યો:

'ને તમને કોઈએ કશું પૂછ્યુંય નહીં?'

'હવે કહેવા અને પૂછવાના સંબંધોમાંથી હું બહાર નીકળી ગયો છું...' ઊંડો નિઃશ્વાસ નાખી, સહેજ અટકીને એણે કહ્યું:

'અથવા એમ કહે કે નીકળી રહ્યો છું.'

'ચલો, હું રસોઈ બનાવું.'

પ્રિયાએ ઊભા થવાનો સાવ હલકો પ્રયાસ કર્યો. એને જ્યારે જ્યારે તક મળી ત્યારે એક પત્નીની જેમ વર્તવું ગમતું. અભયના માથામાં તેલ નાખવું, એને જમાડવો, ક્યારેક એની પીઠ દબાવી આપવી તો ક્યારેક એને કશુંક વાંચી સંભળાવવું...

એની સાથે સારું સંગીત સાંભળવું... ચાલવા જવું... પ્રિયાને આ બધું જ કરવું ખૂબ ગમતું, પણ એ બન્નેને સમય જ એટલો ઓછો મળતો કે બન્ને ભાગ્યે જ ફ્લૅટની બહાર નીકળી શકતાં.

મોટે ભાગે તો બન્નેને ઑફિસ સિવાય મળવાનો સમય જ નહોતો મળતો...

ક્યારેક મોડી રાતે પાર્ટીના બહાને ઘેરથી નીકળેલો અભય અહીં અડધી રાત સુધી રોકતો... એટલું જ!

'છોડ' અભયે પ્રિયાને નજીક ખેંચી:

'આપણે લંચ માટે બહાર જઈશું.'

'ના, પણ હું...'

'ચૂપ! આપણે બહાર જઈશું. પછી કદાચ એકાદ ફિલમ જોઈશું...'

પ્રિયાને આજે સરપ્રાઇઝ પર સરપ્રાઇઝ મળી રહી હતી.

‘અને... વૈભવી?’

‘એનું શું છે?’

અભયના અવાજમાં આટલી બેફિકરાઈ અને આટલો આત્મવિશ્વાસ પ્રિયાએ પહેલાં ક્યારેય નહોતો સાંભળ્યો.

‘પછી તમારે ઝઘડો થશે.’

‘થશે તો થશે. હું રવિવાર ઘેર ગાળીશ તો પણ ઝઘડો તો થવાનો જ છે. એના કરતાં થોડા કલાક સુખના ગાળી લઉં...’

અભયે પ્રિયાને થોડી વધારે નજીક ખેંચી અને એની પીઠ પર માર્દવથી હાથ ફેરવવા માંડ્યો:

‘પ્રિયા, આજ સુધી હું શાંતિ માટે જે કંઈ કરતો રહ્યોને એ સોદો હતો... વૈભવી કહે એમ કરવાથી પણ અંતે તો શાંતિ નથી જ રહેતી. મેં બહુ મોટાં સમાધાન કર્યાં છે... મનથી લઈને શરીર સુધીનાં, પણ હવે કશાયના બદલામાં મળેલી શાંતિ મારે નથી જોઈતી... એને બદલે હું થોડા કલાક અશાંતિમાં ગાળી લઈશ.’

પ્રિયાની આંખો ભીની થઈ આવી હતી. અભયની છાતી પર એની આંખમાંથી આંસુનાં બે-ચાર ટીપાં પડી ગયાં:

‘તમે બહુ બદલાઈ ગયા છો, અભય.’

‘હા, મેં નક્કી કર્યું છે બદલાવાનું. મારે મારી જાતને મળવું છે હવે. બહુ ભાગતો ફર્યો હું! મારે વર્ષોના થર ખસેડીને થોડીક પળ મારા પોતાના માટે જુદી કાઢવી છે, પ્રિયા...’

‘અભય!’

‘હું બહુ જ થોડા સમયમાં આપણી આ રિલેશનશિપ વિશે માને કહેવાનો છું.’

‘વ્હૉટ?’

પ્રિયા બેઠી થઈ ગઈ.

‘મને લાગે છે, મારી મા મારા વિશે કંઈક શોધી કાઢે એ પહેલાં મારે એને હકીકત કહી દેવી જોઈએ. મેં આજ સુધી એનાથી કંઈ નથી છુપાવ્યું તો હવે આ પણ શું કામ...’

અભયનો હાથ પ્રિયાની પીઠ પર ફરતો રહ્યો. પ્રિયાએ પણ હળવેથી અભયની છાતી પર માથું ટેકવી દીધું...

બહાર લંચ, પછી ખાસ્સી વાર સુધી આમથી તેમ રખડતાં રહ્યાં અભય અને પ્રિયા. બપોરે લગભગ અઢી વાગે પ્રિયાના ફ્લૅટ પર આવીને અભય આડો પડ્યો. પડતાંવેંત જ જાણે સુખની નિદ્રા આવી હોય એમ એનાં નસકોરાં બોલવા લાગ્યાં. પ્રિયા કોણી વાળીને માથા નીચે હાથ ટેકવી એક પડખે સૂઈને ઘસઘસાટ ઊંઘતા અભયને વહાલથી જોઈ રહી હતી ત્યાં અચાનક પ્રિયાનો મોબાઇલ રણકી ઊઠ્યો.

'જી... જી, વૈભવીબહેન!' પ્રિયાએ થરથરતા અવાજે ફોન ઉપાડ્યો.

'અભય... અભય ક્યાં ગયા છે, ખબર છે?'

'અ... બ... મને કેવી રીતે ખબર હોય? આજે તો રવિવાર છે ને?'

સામાન્ય રીતે અભયની બધી જ મિટિંગ્સ બહારગામનાં બધાં જ શિડ્યુઅલ કે ક્લાયન્ટની વિગતો પ્રિયાને ખબર હોય. મિટિંગમાં બેઠેલા અભયનો ફોન સ્વિચ ઑફ હોય કે કકળાટ કરતી વૈભવીને અટકાવવા એણે ફોન સ્વિચ ઑફ કર્યો હોય ત્યારે વૈભવીનો ફોન પ્રિયા પર ઘણી વાર આવ્યો હતો.

પણ રવિવારે બપોરે, આટલાં વર્ષોમાં પહેલી વાર આવ્યો હતો

'કોઈ મિટિંગ હતી?'

'જી... મને ખ્યાલ નથી.'

'કદાચ એમનો ફોન આવે તો ઘેર ફોન કરવાનું કહેજે ને... અમે જમવાની રાહ જોઈએ છીએ. સવારના ગયા છે એટલે ચિંતા થાય છે.'

વૈભવીએ એક સફળ દામ્પત્ય અને એક ઉત્તમ ગૃહિણીનો અભિનય કર્યો.

'ચોક્કસ કહીશ.' પ્રિયાએ કહ્યું. ફોન મૂકવા જ માગતી હતી ત્યાં તદ્દન નવરી વૈભવીએ વાત આગળ ચલાવી:

'તું શું કરતી હતી?'

'હું? હું વાંચતી હતી.'

'હાસ્તો, તારે નથી બૉયફ્રેન્ડ કે નથી હસબન્ડ... રવિવારની બપોરનો રોમાન્સ તો તારે ચોપડીમાં જ ગોતવો પડે.' વૈભવી હસી.

'સાચી વાત છે.' પ્રિયાએ વાત ટૂંકાવી:

'એમનો ફોન આવશે તો હું કહીશ.'

પ્રિયાએ ફોન કાપીને નિરાંતનો શ્વાસ લીધો, પણ અભયની આંખો ઊઘડી ગઈ હતી:

'વૈભવી?'

'હં...'

'તેં કહ્યું નહીં કે હું અહીં છું?'

અભયે ઊંઘરેટી આંખે પ્રિયાને નજીક ખેંચી. આ સાવ બદલાયેલા જુદા અભય પર પ્રિયાને વારી વારી જવાનું મન થતું હતું. એને અભય પોતાના કુટુંબથી દૂર થાય એવી કોઈ ઈર્ષ્યા કે ખરાબ ભાવના નહોતી, પણ અભયે છેલ્લા થોડા દિવસથી ઑફિસમાં અને જાહેરમાં એને જે રીતે સ્વીકાર અને અધિકારો આપવા માંડ્યા હતા એનાથી પ્રિયાનું આત્મસન્માન વધ્યું હતું. એમાંય આજે તેં કહ્યું નહીં કે હું અહીં છું? કહીને તો અભયે એને

જીતી જ લીધી.

'અ..ભ...ય.'

પ્રિયાના હોઠ સહેજ ફફડ્યા અને એ પોતાના સમગ્ર અસ્તિત્વથી અભયમાં ઓગળી રહી!

*

અલયના ખોળામાં સૂતેલી અનુપમાએ કૉન્ફિડન્સથી કહ્યું:

'શૈલેષ સાવલિયા...'

એટલામાં બારણું ખૂલ્યું, દાખલ થયેલી વ્યક્તિને જોઈને અનુપમા ફટાક કરતી બેઠી થઈ ગઈ. અલયે દાખલ થયેલી શ્રેયાને જોઈને બહુ જ સ્વાભાવિક અવાજમાં કહ્યું:

'આવ!'

'તો એટલે ફોન નથી ઉપાડાતો તારાથી?'

શ્રેયાનો ચહેરો લાલઘૂમ થઈ ગયો હતો. એનું મગજ ફાટીને ધુમાડે ગયું હતું. છેલ્લા કેટલાય સમયથી, લગભગ સવારથી અલયને એ ફોન કરી રહી હતી, પણ અલય ફોન ઉપાડતો જ નહોતો. શ્રેયાનો છેલ્લો મેસેજ વાંચ્યા પછી અલયે મનોમન નક્કી કર્યું હતું કે જ્યાં સુધી એના મનમાંથી આ ફાલતુ શંકા દૂર ન થાય ત્યાં સુધી એ શ્રેયાની કોઈ વાત પર ધ્યાન નહીં આપે. આમ પણ અલય ખાસ્સો જિદ્દી હતો. એના મનમાં જે આવે અને જે ધાર્યું હોય એમ જ એ કરતો. ખાસ કરીને એના વર્તન કે એની સ્વતંત્રતા બાબતે એને કોઈ પણ કંઈ કહે એ એને પસંદ નહોતું.

બાળપણથી અલયને ઓળખતી શ્રેયાને આ વાત ખબર હતી. એ સામાન્ય રીતે ક્યારેય અલય સાથે અમુક બાબતે વિવાદમાં ન ઊતરતી, પણ આ ત્રણ દિવસથી ચાલી રહેલી પરિસ્થિતિમાં શ્રેયા પોતાનો કન્ટ્રોલ ગુમાવી રહી હતી. અનુપમાનું સૌંદર્ય, અલયનું એના માટેનું વર્ષોનું આકર્ષણ અને અહોભાવ... અને હવે અલય માટે અનુપમાનું આકર્ષણ શ્રેયાને ધરમૂળથી હચમચાવી ગયું હતું. એ તો ખરેખર અનુપમા સાથે તડફડ કરવા આવી હતી. અલય આમ અહીં મળી જશે એવી તો એને કલ્પના જ નહોતી.

એમાંય અલયના અવાજની સ્વસ્થતા અને ત્યાં જોયેલા દૃશ્યએ એને સાવ હચમચાવી મૂકી.

'તો એટલે ફોન નહોતો ઉપાડતો તારાથી? મને કલ્પના નહોતી કે તારી ફિલમ બનાવવા માટે તું આ કક્ષાએ જઈ શકે.'

'બેસ...

અલય પોતાની જગ્યાએથી હલ્યોય નહોતો. એ એમ જ એક ઘૂંટણ વાળીને એના પર પોતાનો એક લંબાવેલો હાથ ટેકવીને બીજો પગ લાંબો કરીને બેઠો હતો. નિર્લેપ! નિર્વિકાર!

'નથી બેસવું મારે. જે જોયું એ ઈનફ છે. તારી રાસલીલાઓ જોવાનો કોઈ શોખ નથી મને. મેં શું માન્યો હતો તને ને શું નીકળ્યો તું? આખરે દીકરો તો તારા બાપનો ને? પત્નીની કિંમત ન જ હોય તમને...'

શ્રેયા બહાર જવા ઊંધી ફરી કે પત્ની શબ્દ સાંભળીને ચોંકી ઊઠેલી અનુપમાએ વીજળીની ઝડપે ઊઠીને એનો હાથ પકડી લીધો:

'તમે... તમે અલયનાં પત્ની છો? પણ એણે તો ક્યારેય...'

'પત્ની નહીં, પત્નીથી વધારે છું. સાત-સાત વર્ષથી રાહ જોઉં છું એની ફિલમની, એની સફળતાની... પણ મને ખબર નહોતી કે સફળતા આવે એ પહેલાં તો મારાં પત્ની બનવાનાં સપનાં પર કાતર ફેરવશે આ માણસ.'

'પણ...'

અનુપમા કંઈ કહે એ પહેલાં અલય ઊભો થયો. શ્રેયાની નજીક આવ્યો. એની આંખમાં આંખ નાખી અને વિદ્રોહનો એક તણખો શ્રેયાને નખશિખ દઝાડી ગયો:

'સારું થયું શ્રેયા, કે તું પત્ની બને એ પહેલાં જ આપણે એકબીજાને ઓળખી ગયાં. ખાસ કરીને તને મારી સફળતાની કિંમત સમજાઈ ગઈ એ બહુ સારું થયું. હવે નિર્ણય તારા હાથમાં છે. હું તો આ જ છું ને આ જ રહેવાનો...'

અનુપમાના ભયાનક આશ્ચર્ય વચ્ચે અલયે એના ખભે હાથ વીંટાળ્યો.

'અલય, તને ખબર છે તું શું કરે છે?' શ્રેયાના સ્વરમાં ધ્રુજારી હતી.

'અત્યાર સુધી ખબર નહોતી, હવે સમજાયું છે. દરેક સફળતાની એક કિંમત હોય છે... અને વહેલી કે મોડી એ ચૂકવવી જ પડતી હોય છે.'

'અલય!?'

'તું જાણે છે, હું ક્યારેય હારતો નથી. મને છોડી દેવાની કે ભૂલી જવાની ટેવ નથી. હું મોટે ભાગે સપનાં જોતો જ નથી ને જોઉં તો એને પૂરાં કરવાની પૂરેપૂરી તૈયારી સાથે જોઉં છું... બીજાની જેમ હું લોકલ ટ્રેનમાં દિવસના ચાર કલાક બગાડીને નહીં જીવી શકું અને જિંદગીને ખર્ચી નાખવી કે વેડફી નાખવી મારા માટે શક્ય નથી અને શ્રેયા, હું પુનર્જન્મમાં નથી માનતો!'

અનુપમા આશ્ચર્યચકિત થઈને અલય સામે જોઈ રહી હતી.

'હું હજી સમજી નથી, તું શું કહેવા માગે છે.'

'હવે આનાથી સ્પષ્ટ કહું?'

'કંઈ બાકી હોય તો કહી જ નાખ. આમ પણ આ અનુપમાની હાજરીમાં તને જરા શૂર ચઢ્યું છે, ખરું ને?'

'એને વચ્ચે લાવવાની જરૂર નથી.'

'એ વચ્ચે જ છે... અને એમાંથી જ બધા પ્રશ્નો સર્જાયા છે, અલય.'

ડૂમો ભરાયેલા, રૂંધાયેલા કંઠે શ્રેયા અનુપમા તરફ ફરી:

'શું મળ્યું તને? કે પછી આ શોખ છે તારો... રોજ નવા રમકડે રમવાનો?'

'શ્રેયાઆઆઆ...'

અલયનો અવાજ પહેલી વાર ઊંચો થયો.

'એને તો ફરક નહીં પડે અલય, તારી પહેલાંય કેટલા હશે અને તારા પછીય કેટલા આવશે કોને ખબર...'

આજે શ્રેયાએ જાણે હિસાબ કરી લેવાનું નક્કી કર્યું હતું:

'પણ તું તારી ફિલમના, તારી સફળતાના નશામાં આંધળો થઈને એ સુખને લાત મારી રહ્યો છે, જે તારી મુઠ્ઠીમાં, તારી હસ્તરેખા બનીને ધબકતું રહ્યું છે આજ સુધી.'

અલયનો ચહેરો બદલાઈ ગયો હતો. એક અજબ પથ્થર જેવો ચહેરો થઈ ગયો હતો એનો - ભાવવિહીન!

એણે એકદમ ઠંડા અને છતાં આરપાર નીકળી જાય એવા ધારદાર અવાજે જાણે છેલ્લું વાક્ય બોલતો હોય એમ કહ્યું:

'તો સાંભળ શ્રેયા, મેં તને તે રાત્રે પણ કહેલું કે મારી અને મારા સપનાની વચ્ચે આવનાર ગમે એને હું લાત મારીને ફેંકી દઈશ... મેં હજી લાત મારી નથી, પણ મને લાત મારવાની ફરજ ના પાડીશ.'

અલયને કૉલરમાંથી પકડીને હચમચાવી નાખ્યો શ્રેયાએ. એનું શર્ટ ચિરાઈ ગયું:

'એવી જરૂર નહીં પડે. તું મને શું લાત મારે અલય, હું લાત મારું છું તને...'

શ્રેયા સડસડાટ ઓરડાની બહાર જવા લાગી. પછી એક ક્ષણ રોકાઈ, પાછી ફરી, અલયની નજીક આવી અને ઓકી શકાય એટલું ઝેર અવાજમાં ઉમેર્યું:

'પણ આ તને રમીને ફેંકી દે ત્યારે મારી પાસે પાછો નહીં આવતો... વપરાયેલા પેપર નૅપ્કિન્સ ડસ્ટબિનમાં જ જાય અલય, અને ફરી ના વપરાય...'

શ્રેયા રૂમ છોડી ગઈ.

ડઘાયેલી અનુપમા સ્તબ્ધ ઊભી હતી.

અલયે પોતાની બૅગ ઉપાડી પછી અનુપમા સામે જોયું:

'કાલે સવારે, છ વાગે 132 ના મરીન લાઇન્સ બસસ્ટૉપની સામે... વિથ મેકઅપ, ઑન ડૉટ!'

* * *

32

અંજલિ કૉફી શૉપમાંથી નીકળીને જાનકી ગઈ હતી એની વિરુદ્ધ દિશામાં ચાલવા લાગી.

ગ્લાનિ અને ગુસ્સાથી એનું મગજ ફાટફાટ થતું હતું. એને કોઈ પણ સંજોગોમાં શફ્ફાક સાથેના સંબંધમાં લાંબુ ભવિષ્ય નહોતું જ દેખાતું... પરંતુ એક પળભરના પ્રણયમાંથી એને અજબ પ્રકારનું સુખ મળવા લાગ્યું હતું!

એવું નહોતું કે રાજેશ સાથે એ સુખી નહોતી, પણ એની અંદર અચાનક બટકીને તૂટી ગયેલા શફ્ફી સાથેના સંબંધની કણી ખૂંચ્યા જ કરતી હતી. છેલ્લાં પાંચ વર્ષથી એને રાત-દિવસ શફ્ફીના વિચાર આવતા હતા એવું નહોતું, પણ ક્યારેક એ છાપામાં કે ટેલિવિઝન પર એનો ચહેરો જોતી ત્યારે એક પીડાની હૂંફ ઊઠી આવતી.

શફ્ફી જે રીતે પાછો મળ્યો અને જે રીતે આજે પણ એના માટે તરફડતો હતો એનાથી એનો અહમ્ સંતોષાતો હશે કદાચ કે પછી એની અંદર ઘડી વાળીને મૂકી દીધેલી સુષુપ્ત ઝંખનાઓ અચાનક જ આળસ મરડીને જાગી ગઈ હતી અને હાથ લંબાવીને પોતાના ભાગનું સુખ માગતી હતી એ દરમિયાન જ જાનકીએ બધું તહસનહસ કરી નાખ્યું.

હું કહેતને શફીને, હું કંઈ છુપાવવાની નહોતી...

અંજલિના પગ સડસડાટ રસ્તા પર ચાલી રહ્યા હતા. પગ વધુ ઝડપથી ચાલતા હતા કે વિચારો એ નક્કી કરવું અઘરું હતું... મારી પ્રેગ્નન્સી આમેય છૂપી રહેવાની નહોતી, પણ સાવ આવી રીતે...

રસ્તામાં પડેલા એક નાળિયેરના કોચલાને અંજલિએ જોરથી લાત મારીઃ હું કંઈ ભાગી નહોતી જવાની એની સાથે. ભાગી જવાની હોત તો પહેલાં જ ભાગી ગઈ હોત...

એ મનોમન સંવાદ કરી રહી. એ ઘેર જઈને જાનકીને આ બધું જ કહેવાની હતી. કૉફી શૉપમાં આ બધું મોઢામોઢ ન કહી શકાયું એનો અફસોસ થતો હતો.

અંજલિ ખૂબ ગુસ્સે થઈ હતી. કૉફી શૉપનું દશ્ય વારંવાર એને નજર સામે દેખાતું હતું. જિંદગી આખી જાનકીને એણે ખૂબ ચાહી હતી, બલકે એમ કહો કે આખા શ્રીજી વિલામાં જો કોઈ એક જણનો અંજલિને પૂરેપૂરો ભરોસો હોય તો એ જાનકી હતી. વૈભવીએ આવું કર્યું હોત તો કદાચ અંજલિને સહેજેય દુઃખ ન થયું હોત, પણ જાનકી?!

એ તો બધું જ જાણતાં હતાં, મારી શફી માટેની લાગણી, મારાં ઈમોશન્સ, મારે જે રીતે, જે સંજોગોમાં રાજેશ સાથે પરણવું પડ્યું એ પણ... મારા અધૂરા રહી ગયેલા સપનાને જો મેં ફરી થોડી વાર આંખ બંધ કરીને માણી લીધું તો એમાં કોનું શું લૂંટાઈ જવાનું હતું?

અંજલિ દાંત ભીંસીને સડસડાટ ચાલી રહી હતી. એ ક્યાં જઈ રહી હતી એની પણ એને ખબર નહોતી. ઘરે નહોતું જવું એવું નક્કી હતું. બીજી એવી કોઈ જગ્યા નહોતી જ્યાં એ જઈ શકે... પાસેથી પસાર થઈ જતા ખાલી રિક્ષાઓ પળભર માટે ધીમી પડતી અને પાછી ઝડપથી પસાર થઈ જતી. ગાડીઓ, મોટરસાઇકલ અંજલિની સાવ નજીકથી સડસડાટ પસાર થઈ જતાં હતાં. અંજલિ ક્રોધમાં લગભગ આંધળીભીંત થઈને ચાલી રહી હતી. દિશાભાન વગર... આસપાસ જોયા વિના!

અચાનક સામેથી રોન્ગ સાઇડ આવતી એક ગાડી તરફ અંજલિની નજર પડી. અંજલિ પોતાની ઝડપ કન્ટ્રોલ કરે અને રસ્તો બદલે એ પહેલાં ગાડી સાવ નજીક આવી ગઈ. રવિવારની બપોરે બે-ચાર બિયર લગાવીને અંધાધૂંધ ગાડી ચલાવતા એ જુવાનિયાઓને શું થઈ રહ્યું છે એ ખયાલ આવે એ પહેલાં જ સ્ટિયરિંગ વ્હીલ પર બેઠેલો માંડ સત્તર-અઢારનો એ લબરમૂછિયો છોકરો ગાડી સંભાળવા માટે બ્રેક મારવા ગયો હશે, પણ ઉશ્કેરાટમાં અને ગભરામણમાં એનો પગ એક્સિલરેટર પર વધારે દબાયો... ગાડી અટકવાને બદલે આવીને સીધી અંજલિને અથડાઈ. કાન ફાડી નાખે એવી બ્રેકની ચિચિયારી થઈ, પણ એ ત્રણ સેકન્ડ મોડી હતી. અંજલિ વીસેક ફૂટ ફંગોળાઈ ગઈ...

જૂહુના એ રસ્તા પર રવિવારની બપોરે આવતાં-જતાં અનેક વાહન થંભી ગયાં. ઊછળીને પડેલી અંજલિના કપાળમાંથી અને મોંમાંથી લોહી વહી રહ્યું હતું. એ બેભાન થઈ ગઈ હતી. એની પર્સ ક્યાંક દૂર ખૂણામાં પડી હતી. રેપઅરાઉન્ડ સ્કર્ટ ઊઘડી ગયો હતો. એક બહેને આવીને એનો સ્કર્ટ ઢાંક્યો, બેહોશ અંજલિ પર કોઈકે પાણી છાંટ્યું થોડીક મિનિટ પછી અંજલિ હોશમાં આવી અને સૌથી પહેલાં એણે પોતાનો મોબાઇલ માગ્યો, પરંતુ એ તો ન જાણે ક્યાં ઊડીને પડ્યો હતો.

થોડા લોકોએ અંજલિને બેઠી કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ અંજલિ પીડાથી હૃદયદ્રાવક ચીસ પાડી ઊઠી. એના પગના નળાનું હાડકું ફ્રેક્ચર થઈ ગયું હતું.

એણે આસપાસ જોયું. પછી એક મહિલા પાસે મોબાઇલ જોયો. એણે કહ્યું:

'પ્લીઝ, મારા હસબન્ડને ફોન કરો. 98201 3434૨...'

અંજલિને ચક્કર આવતાં હતાં. એણે આંખો બંધ કરી દીધી. પેલી સ્ત્રીએ ફોન લગાડવાનો પ્રયત્ન કર્યો:

'બંધ મળે છે બહેન, ફોન સ્વિચ ઑફ છે.'

'ઓહ માય ગૉડ.'

માંડ માંડ ત્રણ-ચાર જણના ટેકે ઊભી થયેલી અંજલિને ખયાલ આવ્યો કે એના સ્કર્ટ પર પાછળની બાજુ પડેલું લોહીનું ધાબું બહુ જ ધીરે ધીરે, પરંતુ વિસ્તરતું જતું હતું.

'હૉસ્પિટલ.. પ્લીઝ, મને કોઈ હૉસ્પિટલ લઈ જાવ.'

અંજલિનો અવાજ ફાટી ગયો હતો.'

*

જાનકી શ્રીજી વિલામાં દાખલ થઈ ત્યારે એનો મિજાજ સાવ જુદો જ હતો.

સામાન્ય રીતે જાનકી ભાગ્યે જ ગુસ્સે થતી. પોતાની બહુ વાત ઓછા શબ્દોમાં સૌજન્યપૂર્વક કહેવાની એને ટેવ હતી, પણ આજે એનો ચહેરો જોઈને વસુમાને નવાઈ લાગી. ઓટલા પર બેસીને વસુમા સાંજનું શાક સમારી રહ્યાં હતાં. એમણે જાનકીને આવતી જોઈ, પણ જાનકી એમની સાથે કોઈ વાત કર્યા વિના સડસડાટ પોતાના ઓરડા તરફ ચાલી ગઈ.

શું બન્યું હશે?

વસુમા વિચારે ચડી ગયાં. એમણે તરત જ થાળી-છરીને સાથે બીજો સંસાર સમેટી લીધો અને ઘરમાં દાખલ થયાં. બધી જ વસ્તુઓ ડાઇનિંગ ટેબલ પર મૂકીને એ સીધાં જ જાનકીના ઓરડામાં ગયાં.

'જાનકી...'

એને પણ જાણે ખાતરી જ હોય કે વસુમા પૂછ્યા વિના નહીં રહે. એણે વસુમા સામે જોયું અને કહ્યું:

'મને અંજલિ મળી હતી.' પછી સહેજ અટકીને હળવેથી ઉમેર્યું:

'શફ્ફાક સાથે, કૉફી શૉપમાં.'

'હં...'

વધુ પ્રશ્નો ન પૂછવાની વસુમાની ટેવ હતી અને એ જાણતાં હતાં કે જાનકી આમેય એમનાથી કંઈ છુપાવશે નહીં.

'મા...'

જાનકીની જીભ અચકાતી હતી. એણે અંજલિનાં લગ્ન વખતે વસુમાથી બધું જ છુપાયું હતું. જે વાત પાંચ વર્ષ જૂની હતી અને જાનકી એમ માનતી હતી કે એનું કોઈ મહત્ત્વ નથી એ વાત આજે જાનકીની સામે આવીને ઊભી હતી. જો એ પોતાની નણંદનું ભલું ઇચ્છતી હોય તો એણે વસુમાને બધું જ કહેવું પડે એમ હતું, પહેલેથી છેલ્લે સુધી...

જાનકીએ વાત માંડી... શફ્ફાક પ્રત્યેની અંજલિ લાગણીથી શરૂ કરીને હમણાં અડધો કલાક પહેલાં કૉફી શૉપમાં બનેલા પ્રસંગ સુધી એણે બધું જ કહી દીધું ત્યાં સુધી વસુમાના ચહેરા પર કેટલાય રંગ આવ્યા અને ઊડી ગયા. જો કે એમણે વચ્ચે એક શબ્દ પણ કહ્યો નહીં. ચૂપચાપ, તદ્દન મૌન, માત્ર સાંભળતાં રહ્યાં.

વાત પૂરી થયા પછી ઓરડામાં એક ચુપકીદી છવાઈ ગઈ. એક વજનદાર મૌન બન્નેની વચ્ચે એક ધુમ્મસની જેમ ફેલાઈ ગયું.

'મા... મેં કંઈ ખોટું કર્યું?'

'ખોટું તો નહીં બેટા, પણ થોડી ઉતાવળ કરી નાખી એવું મને લાગે છે. અંજલિ આમેય થોડી જિદ્દી અને ગુસ્સાવાળી છે. એને જરા સાચવીને, સંભાળીને, ગોઠવીને કહ્યું હોત તો સારું થાત.'

'મેં નક્કી તો એમ જ કર્યું હતું મા, પણ કોણ જાણે કેમ...'

'બેટા, તું મા જ છે અંજલિની. તારા મનમાં એની ભલાઈ જ હોય અને એ કંઈ ખોટું કરતી હોય તો કહેવાઈ પણ જાય જ. મન નાનું ન કરીશ. અંજલિ આવશે એટલે આપણે વાત કરીશું.'

'મા...' જાનકીને હવે જાણે પસ્તાવો થવા લાગ્યો હતો:

'એ એમના ઘેર તો નહીં જતાં રહેને?'

‘એમ થાય તો સારું જ છે.’

જાનકી વસુમાની સ્વસ્થતા પહેલી વાર જોતી હતી એવું નહોતું, છતાં એને નવાઈ લાગી.

‘મા, મેં આવું ધાર્યું જ નહોતું. અંજલિબહેનને મારે આવી રીતે કહેવું પડે... મેં કંઈ નક્કી કરીને એમને દુ:ખ પહોંચે એવું વર્તન...’

વસુમાએ સ્મિત કરીને વચ્ચે જ જાનકીની વાત કાપી નાખી:

‘બેટા, બધું જ આપણા ધાર્યા પ્રમાણે અને નક્કી કર્યા પ્રમાણે થાય તો આપણને માણસ કોણ કહે? તોય માણસ માત્રએ એક વાર નક્કી કરેલી વાત પર બને એટલા અડગ રહેવું જોઈએ એમ હું માનું છું... હશે બેટા, જે થઈ ગયું તે થઈ ગયું. અંજલિ ક્યાં છે?’

‘મને નથી ખબર કદાચ... કદાચ ઘેર જતાં રહ્યાં હોય સીધાં.’

‘તું તારી સાથે ન લઈ આવી એને?’

‘મેં કહ્યું, પણ એ...’

‘... નહીં માની હોય! દીકરી તો સૂર્યકાંત મહેતાની ને? હશે, ફોન લગાડ એના ઘેર અને માત્ર એટલું જાણી લે કે પહોંચી કે નહીં. વાત તો હું આમેય કાલે જ કરીશ.’

જાનકી એ પછીની પંદર મિનિટ અંજલિના ઘેર ફોન જોડતી રહી. કોઈએ ફોન ઉપાડ્યો નહીં. જાનકીનું મન વિચલિત થઈ ગયું. એણે રાજેશને મોબાઇલ જોડ્યો...

બોલો, મા!’

‘હું બોલું છું, જાનકી. અંજલિબહેન તમારી સાથે છે?’

અ... ના...’

રાજેશનો અવાજ ગૂંચવવા લાગ્યો. આગળ પુછાનારા પ્રશ્નોના જવાબ આપવાની માનસિક સ્વસ્થતા કેળવવા માંડી એણે. પછી હળવેકથી પૂછ્યું:

‘કેમ?’

‘અ... કંઈ નહીં, એમ જ પૂછું છું.’

જાનકીએ વાત વાળવાનો પ્રયાસ કર્યો. જે કંઈ થયું એ વિશે રાજેશને કહેવાની એને કોઈ જરૂર ન લાગી.

‘કદાચ તમે ઘેર પહોંચો ને અંજલિબહેન હોય તો ફોન કરાવજો ને.’

‘પણ એ આજે ઘેર નથી આવવાની, એ તો તમારે ત્યાં જ રોકાવાની છે.’

‘હા, હા, મને ખબર છે, પણ આ તો કદાચ એ તમને મળે, એમનો ફોન આવે કે...’

જાનકીના અવાજમાંનો ઉચાટ અછતો રહે એમ નહોતો. હવે એને ખરેખર ચિંતા થવા લાગી હતી.

'ભાભી!' રાજેશે સીધું જ પૂછી નાખ્યું:

'કંઈ થયું છે? પ્લીઝ, મને કહો.'

'જાનકી, રાજેશને અહીં જ બોલાવી લે.'

પાછળ ઊભાં રહીને વાત સાંભળતાં વસુમાને સામેથી બોલાતા સંવાદ કદાચ સમજાઈ ગયા હતા.

એણે રાજેશને કહ્યું:

'કંઈ ખાસ કામ ન હોય તો તમે શ્રીજી વિલા આવી શકો? મા યાદ કરે છે.'

'દસ-પંદર મિનિટમાં પહોંચું છું.'

પછી આખીય વાતને હળવી કરી નાખવા રાજેશે પૂછ્યું.

'જમાડશો ને?'

'સવારનું કે સાંજનું?'

જાનકીએ સામે મજાક કરી. બન્ને હસી તો પડ્યાં, પણ એમના અવાજમાં કશુંક દબાયેલું' કશુંક બોદું હતું, જે બન્નેને સમજાઈ ગયું.

*

શ્રીજી વિલામાં નીચેના માળે ચાલી રહેલી ઘટનાઓથી ઉપરના માળે બેઠેલાં ત્રણ જણ સાવ બેખબર અને સાવ અજાણ હતાં. લક્ષ્મી પોતાના ઓરડામાં નીરવ સાથે બહાર જવા તૈયાર થઈ રહી હતી.

વૈભવી પોતાના રૂમમાં અભય આવે તો શું અને કેવી રીતે કહેવું એની બાજી ગોઠવી રહી હતી.

સૂર્યકાંત મહેતા પોતાના ઓરડામાં કંઈક વાંચી રહ્યા હતા. અચાનક એમનો મોબાઇલ રણક્યો.

'બોલો, મધુભાઈ.'

'ભાઈ... ભાઈ...' મધુભાઈનો અવાજ ગભરાયેલો હતો.

'મધુભાઈ, કંઈ પ્રોબ્લેમ છે?'

'ભાઈ રોહિતબાબા આવ્યા છે.'

'મને હતું જ કે એ આવશે. મને ધાર્યા કરતાં વધારે દિવસ થઈ ગયા એટલે એના પૈસા ખૂટી ગયા હશે. જુઓ મધુભાઈ, એને એક પણ પૈસો કૅશ આપતા નહીં.'

પણ ભાઈ...'

‘મેં કહ્યું ને મધુભાઈ, એ કંઈ પણ કહે, એને એક કાણો પૈસો નહીં આપતા ત્યાંથી.’

‘ભાઈ, રોહિતબાબા પાસે પિસ્તોલ છે.’

‘અને એણે તમારા લમણે ધરી હશે!’

સૂર્યકાંત મહેતાના અવાજમાં ગજબની શાંતિ હતી.

‘હેં? હા...’

‘એક કામ કરો, એને ફોન આપો.’

થોડી વાર સુધી મધુભાઈની તરફથી કોઈ કશું બોલ્યું નહીં. પછી એક તોછડો, સહેજ ઘોઘરો, નશીલો અવાજ સંભળાયો:

‘ટેન થાઉઝન્ડ ડૉલર્સ.’

‘બેટા રોહિત.’

‘શટ અપ ઑલ્ડ મૅન... ખોટાં સેન્ટિમેન્ટ નહીં જોઈએ. તારા માણસને કહે મને પૈસા આપે, કેશ.’

‘આપશે. તું પહેલાં મારી વાત સાંભળી લે.’

‘ગો ઑન.’

‘હું ત્યાંથી નીકળ્યો ત્યારે મેં તને કહ્યું હતું કે હવે પૈસા નહીં આપું તને.’

‘એવું તમે પહેલાં પણ સો વાર કહ્યું છે. મને એ શબ્દોની કોઈ અસર નથી થતી. મને મારા પૈસા મળવા જોઈએ. હું જ્યારે માગું ત્યારે અને જેટલા માગું એટલા.’

‘નહીં તો?’

આજે પહેલી વાર આ ‘નહીં તો’નો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. સૂર્યકાંત મહેતાના અવાજમાં એક અજબ પ્રકારની નિઃસ્પૃહતા હતી, જે રોહિતે પહેલાં ક્યારેય નહોતી અનુભવી. સૂર્યકાંત મહેતા સામાન્ય રીતે જીવ બાળતાં, રોહિતને સમજાવતા, ઉશ્કેરાઈ જતા, પણ આવી ઠંડક, આવી સાવ નિરાંત રોહિતે એમનામાં ક્યારેય નહોતી જોઈ.

એ આ ‘નહીં તો’ના સવાલ માટે તૈયાર નહોતો કદાચ.

એ આગળ કશું બોલે એ પહેલા સૂર્યકાંતે ઉમેર્યું:

‘મધુભાઈને મારી નાખીશ? મારી નાખ. આમ પણ બે-ચાર વર્ષમાં મરશે જ એ માણસ... પણ અમેરિકાની જેલ તને વીસ વર્ષ સુધી નહીં છોડે. સમજે છે ને?’

એ આગળ કશું બોલે એ પહેલાં ફોન ડિસ્કનેક્ટ થઈ ગયો હતો.

જાણે કશું જ નથી બન્યું એમ ફોન મૂકીને સૂર્યકાંત ફરી પોતાના પુસ્તકમાં પરોવાઈ ગયા. લક્ષ્મી એમને કહેવા આવી ત્યારે સૂર્યકાંતે એને વહાલ કર્યું અને સહેજ ચિંતાવાળા અવાજે કહ્યું:

‘વહેલી આવી જજે હોં.’

‘વહેલી?’ લક્ષ્મી હસી.

‘તમારા હિસાબે કે મારા હિસાબે?’

‘આ ઘરના નિયમોના હિસાબે.’

સૂર્યકાંત સામે એ જોઈ રહી. એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

‘શું થયું?,

‘ક... કંઈ નહીં એમ જ.’

લક્ષ્મીએ આંખો લૂછી નાખી અને સૂર્યકાંતની બાજુમાં પલંગ પર બેસી ગઈ. એણે સૂર્યકાંતની છાતી પર માથું મૂકી દીધું અને થોડી વાર એમ જ બેસી રહી. સૂર્યકાંતનો સ્નેહાળ હાથ એની પીઠ પર ફરતો રહ્યો.

‘ડેડી!’

‘હં...’

‘મારી મમ્મી હોત તો આપણા ઘરમાં પણ આવા જ નિયમો હોત, નહીં?’

‘હં...’

‘તો કદાચ રોહિત આવો ન હોત, નહીં?’

સૂર્યકાંતને વિચાર આવ્યો, લક્ષ્મીને રોહિતના ફોનની વાત કહેવી કે નહીં? એમણે થોડું વિચાર્યું અને પછી માંડી વાળ્યું.

‘તને અચાનક રોહિત ક્યાંથી યાદ આવી ગયો?’

‘અચાનક યાદ નથી આવ્યો. અભયભાઈ, અજયભાઈ અને અલયને જોઉં છું ત્યારે રોજ રોહિત યાદ આવે છે. મારો ભાઈ એમના જેવો નથી એ વાતે ક્યારેક ઓછું પણ આવે છે, ડેડી.’

કેમ? એ લોકો તારા ભાઈઓ નથી?’

ડેડી...’

લક્ષ્મી કશું બોલી નહીં, પણ એના નહીં કહેવાયેલા શબ્દો સૂર્યકાંતને સમજાતા હતા. આ ઘરમાં એણે જેવું ધાર્યું હતું એવું વાતાવરણ નહોતું મળી શક્યું એ સત્ય હતું. મોટા ભાગનો સમય બાપ-દીકરી ઉપર ગેસ્ટ રૂમમાં ગાળતાં. લક્ષ્મી તો હજીય રસોડામાં ઘૂસી જતી. વસુમા સાથે સમય પસાર કરતી... એમના રૂમમાં બેસીને, એમને સવાલો પૂછીને, એમની પાસે અંતરનાં કમાડ ઉઘડાવતી, ક્યારેક! પણ સૂર્યકાંત આ ઘરમાં મહેમાનની

જેમ જ રહેતા હતા અને ઘરના સભ્યો પણ એમને મહેમાનની જેમ જ રાખતા હતા...

શરૂઆતમાં જે વાતમાં સૂર્યકાંતને તકલીફ થતી હતી એ વાત હવે એમણે સ્વીકારી લીધી હતી.

પચ્ચીસ વર્ષ પહેલાં મેં જે રીતે આ ઘર છોડ્યું હતું એ વખતે સુરંગ મૂકીને ઉડાડી દીધેલા સંબંધોના પુલ બાંધતાં પચ્ચીસ દિવસો તો લાગે કે નહીં? એ પોતાની જાતને પણ સમજાવતા.

ખાસ કરીને વસુમાનું વર્તન એમને બહુ વિચલિત કરી નાખતું. ખૂબ પ્રેમથી વર્તતી આ સ્ત્રી એમની નાની નાની જરૂરિયાતોનો ખ્યાલ રાખતી. એમને શું ભાવે છે ને શું નહીં એનું પણ રસોડામાં ધ્યાન રાખવામાં આવતું. જમવાના અને નાસ્તાના ટેબલ પર એમની રાહ જોવામાં આવતી. ઘરના માલિકની ખુરશી પર એમને સ્થાન આપવામાં આવતું... એ બધું ખરું, પણ વસુંધરા એમની સાથે એમણે નહોતું ધાર્યું એવી સ્વસ્થતાથી વર્તતી હતી અને એની સ્વસ્થતા સૂર્યકાંતને રોજેરોજ વિચલિત કરતી હતી.

એક દિવસ એમણે જાતને પૂછ્યુંય ખરું:

વસુનો આ આત્મવિશ્વાસ પોતાની જાતમાં એની દૃઢ શ્રદ્ધા, ગમે એ પરિસ્થિતિમાં સ્વસ્થ રહેવાની એની સરળતા... આ બધું મને નડે છે? વસુ ઝઘડો કરત, રડત, કંઈક કડવું-તીખું બોલત, મને પાછા ચાલ્યા જવાનું કહેત તો મને પરિસ્થિતિ સામાન્ય લાગી હોત એવું ખરું? પરંતુ એમને એનો જવાબ નહોતો મળતો.

એ રોજ એક જ વાત વિચારતા: જો મને સમયસર સમજાયું હોત કે આ સ્ત્રીમાં આટલો આત્મવિશ્વાસ, આટલી સહજતા, આટલી સરળતા અને સ્વીકાર કરવાની આટલી મોટી તૈયારી છે તો... તો હું કદાચ ક્યારેય ઘર છોડીને ન ગયો હોત.

આ વિચાર સૂર્યકાંતને ક્યારેક ક્યારેક ઉદાસ કરી દેતો. એક નાનકડો અપરાધભાવ એમની અંદર બીજની જેમ રોપાઈ જતો અને ચોવીસ કલાકથી ઓછા સમયમાં એમની આસપાસ અને અંદર અપરાધભાવનું - ગિલ્ટનું જંગલ ઊગી આવતું.

લક્ષ્મીને આ વાતે ઓછું આવતું હતું. એણે સૂર્યકાંતને બે-ચાર વાર કહ્યું હતું, પણ એમણે હસીને ટાળી દીધું હતું. લક્ષ્મી સમજતી હતી કે એના ડેડીને પણ એ વાત ક્યારેક છાતીના ડાબે ખૂણે દુખતી હતી, પણ એ કોઈને દેખાવા દેતા નહોતા.

લક્ષ્મી ખરા હૃદયથી ઇચ્છતી હતી કે આ ઘરમાં સૂર્યકાંતનો સ્વીકાર થાય અને સૌ એને ઘરના સભ્યની જેમ સ્વીકારી લે. લક્ષ્મી એ પણ સમજતી હતી કે એમ થાય તો જ પિતાનો પચ્ચીસ વર્ષથી સંઘરી રાખેલો અપરાધ ભાવ કદાચ ઘટી શકે!

લક્ષ્મી સૂર્યકાંતની છાતી પર માથું મૂકીને બેઠી હતી કે નીચેથી જાનકીએ બૂમ પાડી:

'પપ્પાજી... પપ્પાજી'

જાનકીના અવાજમાં ગભરાટ હતો.

બાપ-દીકરી બન્ને હાંફળા-ફાંફળાં ઊઠીને દોડ્યાં. હજી તો સૂર્યકાંત સીડી પર પહોંચ્યા હતા અને સામે ઊભેલી જાનકીએ લગભગ બૂમ પાડી:

'અંજલિબહેનને એક્સિડન્ટ થયો છે.'

સૂર્યકાંત એક પગથિયું ચૂકી જતાં બચ્યા. લક્ષ્મીએ એમને સંભાળી લીધા. બન્ને નીચે પહોંચ્યા ત્યારે વસુમા એમના ઓરડામાંથી બહાર આવી ગયાં હતાં.

'તને કોણે કહ્યું?' એમણે જાનકીને પૂછ્યું.

'ફોન.. ફોન હતો.'

જાનકી ધ્રૂજી રહી હતી. એની આંખોમાં પાણી આવી ગયાં હતાં. અવાજ થર્રાતો હતો. એણે ફોન મૂકીને વસુમાની સામે જોયું:

'બધો વાંક મારો જ છે!'

વસુમા એની નજીક આવ્યાં. એમણે જાનકીના ખભે હાથ મૂક્યો. પાણી તો એમની આંખોમાં પણ ધસી આવ્યાં હતાં, પણ આ રડવાનો પ્રસંગ નથી એમ માનીને એમણે જાનકીને કહ્યું:

'વાંક કોઈનો કેવી રીતે હોય, બેટા? જે થવાનું હોય એ તો થઈને જ રહે. ચાલ, આપણે હૉસ્પિટલ જઈએ? ક્યાં? કઈ હૉસ્પિટલમાં છે?'

'નાણાવટી...'

'ચાલ...'

વસુમાએ એનો હાથ પકડ્યો. જાનકી આ સ્ત્રી સામે જોઈ રહી. સમય અને સંજોગોની શારડીએ એની અંદર ઊતરીને એને કેટલી સ્વસ્થ અને શાંત બનાવી દીધી હતી. સગી દીકરીને એક્સિડન્ટ થયો છે અને એ હૉસ્પિટલમાં છે એવું જાણ્યા પછી પણ એણે પોતાની સ્વસ્થતા નહોતી છોડી.

'વસુ, હું આવું સાથે?'

સૂર્યકાંતના અવાજમાં અધીરાઈ સ્પષ્ટ દેખાતી હતી.

'હા, પપ્પાજી.'

વસુમાએ ફક્ત જાનકીની સામે જોયું. એક ક્ષણ માટે કંઈ વિચાર્યું પછી અર્થપૂર્ણ હસીને જાનકીના માથે હાથ ફેરવ્યો.

'હા કાંત, તમે ચાલો. છોકરાઓને જરા સધિયારો રહેશે.'

પછી એટલી જ સ્વસ્થતાથી જાનકીને કહ્યું:

'અભયને ફોન કર, અજયને જગાડીને કહી દે કે આપણે જઈએ છીએ, સાથે આવવાની જરૂર નથી.'

'પણ મા...'

'હૃદય પાસે કોઈક તો જોઈશે ને?'

ઓહ માય ગૉડ! આવી કટોકટીની ક્ષણમાં પણ આ સ્ત્રી કેટલા બધાના વિચાર કરી શકે છે? લક્ષ્મી એમની સામે જોઈ રહી:

'મા, હું...'

'તું જા બેટા, જરૂર પડશે તો અમે તમને ફોન કરીશું. બાકી દવાખાનામાં ભીડ કરવાનો કોઈ અર્થ નથી. રાજેશને બોલાવ્યા છે. એ આવતા જ હશે. અમે ત્રણ જણ પહેલાં જઈએ છીએ.'

પછી સૂર્યકાંત સામે જોઈને સુધાર્યું:

'ચાર જણ.'

જાનકીએ અભયને ફોન ટ્રાય કરવા માંડ્યો.

'મા, અભયભાઈનો ફોન બંધ છે.'

'અરે, રામ! ક્યાં ગયો હશે આ છોકરો?'

હજી આ વાત પૂરી થાય એ પહેલાં રાજેશ દાખલ થયો.

'રાજેશભાઈ, અંજલિબહેનને એક્સિડન્ટ થયો છે.'

'ઓહ ગૉડ! ક્યાં? ક્યારે? કેવી રીતે? એ છે ક્યાં?'

'શાંત રહો, રાજેશ, આપણે જઈએ છીએ હૉસ્પિટલ...'

'મને ખબર હતી... આ આખાય પ્રકરણનો અંત ભયાનક જ આવશે. હું સવારથી એને ફોન કરતો હતો. કેટલી મનાવી... કોઈ રીતે સમજી નહીં...'

રાજેશનું ગળું ભરાઈ આવ્યું. એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. છ ફૂટનો જુવાનજોધ પુરુષ આવી રીતે ઢીલો થઈ જાય એ જોઈને જાનકીને રાજેશની દયા આવી ગઈ.

કેટલું ચાહે છે આ માણસ અંજલિબહેનને!

લક્ષ્મીએ રાજેશને પાણીનો ગ્લાસ આપ્યો. રાજેશના હાથ ધ્રૂજતા હતા. આંખોમાંથી ડળક ડળક આંસુ પડતાં હતાં. રાજેશને સાંભળીને, અજયને જરૂરી સૂચનાઓ આપીને વસુમા, સૂર્યકાંત, રાજેશ અને જાનકી હૉસ્પિટલ જવા નીકળ્યાં, જ્યારે લક્ષ્મી ઘરમાં નીરવની રાહ જોઈને બેઠી.

નીરવ આવે એટલે અમે પણ હૉસ્પિટલ જ જઈશું.. લક્ષ્મીએ મનોમન નક્કી કર્યું.

આ આખી ધમાલમાં ઉપર જ પોતાના રૂમમાં ધૂંઆપૂંઆ બેઠેલી વૈભવી કોઈને યાદ જ ન આવી!

*

અભયની આંખ ઊઘડી ત્યારે સાંજે પાંચ વાગ્યા હતા.

'ચલો સ્વિટ હાર્ટ, ચા પિવડાવો.'

અભયે કહ્યું અને એના ખભે માથું મૂકીને, એની છાતી પર હાથ લપેટીને એક પગ એના પગ પર નાખીને ઊંઘરેટી પડેલી પ્રિયા આળસ મરડીને બેઠી થઈ.

'આજનો સન્ડે હું ક્યારેય નહીં ભૂલું.'

એણે ઝૂકીને અભયના ગાલ પર પપ્પી કરી. આંખો મીંચીને સૂતેલા અભયે આંખ ખોલી. પ્રિયાના ચહેરા પર હાથ ફેરવ્યો અને બાજુમાં પડેલાં પોતાનાં ચશ્માં લઈ આંખ પર ચડાવ્યાં, બાજુમાં પડેલો પોતાનો મોબાઇલ ઊંચકીને સમય જોવા ગયો ત્યારે અભયને અચાનક ખયાલ આવ્યો કે એણે બપોરથી ફોન સ્વિચ ઑફ કર્યો હતો. એણે ફોન ચાલુ કર્યો.

વૈભવી... અને ઘરનો નંબર... આટલા બધા મિસ્ડ કૉલ?! એણે ઘરનો નંબર જોડ્યો.

'હલ્લો.. મહેતાઝ.' લક્ષ્મીનો અવાજ અને ઉચ્ચાર બન્ને અમેરિકન હતા.

'અભય બોલું છું, લક્ષ્મી.'

'અભયભાઈ...' લક્ષ્મીના અવાજમાં ઉચાટ ઊતરી આવ્યો:

'અંજલિદીદીને એક્સિડન્ટ થયો છે. નાણાવટી હૉસ્પિટલ લઈ ગયા છે.

'શીટ...' અભયે કહ્યું:

'હું પહોંચું છું. તને રૂમ નંબર કે કંઈ ખબર છે?'

'નો...'

'ઓકે, હું શોધી લઈશ.'

અભયે ફોન ડિસ્કનેક્ટ કર્યો. ઝડપભેર ઊભો થયો.

ચા લઈને બહાર આવતી પ્રિયાએ અભયનો બદલાયેલો મૂડ જોયો:

'શું થયું?'

'હૉસ્પિટલ જવું પડશે, અંજલિને એક્સિડન્ટ થયો છે.'

બે ઘૂંટડા ચા પીને અભય ભાગ્યો.

અભયના ગયા પછી સોફામાં પગ લંબાવીને નિરાંતે બેઠેલી પ્રિયા ચાની સાથે સાથે ગાળેલા સમય માંથી નીતરતાં સુખના ઘૂંટડા ભરતી રહી.

*

નાણાવટી હૉસ્પિટલમાં શોધતાં શોધતાં બધાં જ્યારે ઑપરેશન થિયેટર પાસે પહોંચ્યા ત્યારે અંજલિનું સ્ટ્રેચર

બહાર આવી રહ્યું હતું. બાજુમાં બ્લડની બૉટલ લઈને એક નર્સ સાથે સાથે ચાલી રહી હતી. અંજલિની આંખો બંધ હતી. કદાચ બેભાન હશે એમ ધારીને રાજેશ અંજલિ પાસે ધસી ગયો. એ એને અડવા જાય એ પહેલાં નર્સે એને અટકાવ્યો:

'એક્સક્યુઝ મી...'

'હું... હું રાજેશ ઝવેરી, એનો હસબન્ડ.'

'ઓહ! આઈ એમ સૉરી, મિસ્ટર ઝવેરી.'

એ જ વખતે ઑપરેશન થિયેટરમાંથી બહાર આવી રહેલા ડૉક્ટરે નજીક આવીને રાજેશના ખભે હાથ મૂક્યો:

'તમારાં પત્ની તો આઉટ ઑફ ડેન્જર છે, પણ અમે બાળકને બચાવી નથી શક્યા.'

'કંઈ વાંધો નહીં. મારી પત્નીનો જીવ બચી ગયો એ અગત્યનું છે. થેન્ક યુ. ડૉક્ટર.' કહીને રાજેશે અંજલિના માથે હાથ ફેરવ્યો:

'અંજુ, અંજુ આઈ એમ સૉરી! મને માફ કરી દે. હું તને ખૂબ પ્રેમ કરું છું. કહીશ એમ કરીશ. સાથે રહેવા નહીં માગતી હોય તો હું તને રોકીશ નહીં... મારે માટે તારું સુખ સૌથી અગત્યનું છે, અંજુ...'

રાજેશનો હાથ અંજલિના માથે ફરી રહ્યો હતો.

પાછળ ઊભેલાં વસુમા અને સૂર્યકાંત આ દૃશ્ય જોઈ રહ્યાં. જાનકીની આંખોમાં આંસુ રોકાતાં નહોતાં.

અંજલિની બંધ આંખોમાંથી આંસુનું એક ટીપું સરી પડ્યું.

રાજેશે એ ટીપું લૂછી નાખ્યું. એનો હાથ પકડ્યો:

'આઈ લવ યુ, અંજુ તું ધારે છે અને માને છે એનાથી ઘણો વધારે પ્રેમ કરું છું હું તને...'

અંજલિએ હળવેકથી આંખો ઉઘાડી. પોતાના સૂકા હોઠ પર જીભ ફેરવી, પછી રાજેશની સામે જોયું:

'રાજેશ, કદાચ આજે સમજી છું પ્રેમનો અર્થ...'

* * *

33

વસુમા નજીક આવ્યાં. એમણે અંજલિના માથે હાથ ફેરવ્યો:

'કોઈ વાત માટે જીવ ન બાળીશ, બેટા પહેલાં સાજી થઈ જા. પછી બધી વાત.'

'સાજી? સાજી થતાં તો હવે દોઢ મહિનો થશે. ફ્રેક્ચર છે પગમાં...'

પછી ચહેરો બીજી તરફ ફેરવી જતાં આંખો મીંચીને પીડામાં ડૂબેલા અવાજે પૂછ્યું:

'રાજેશ, આપણું બચ્ચું?'

'તું સલામત છે એ વધારે અગત્યનું છે મારા માટે.'

'એટલે...'

હવે અંજલિનું ડૂસકું છૂટી ગયું.

એક તરફ વસુમા અને બીજી તરફ રાજેશ ઊભાં હતાં. અંજલિનો જમણો પગ પ્લાસ્ટરમાં હતો. નર્સ બ્લડની બૉટલ લઈને બાજુમાં ઊભી હતી. એણે ધીમેથી કહ્યું:

'પેશન્ટને રૂમમાં ટ્રાન્સફર કરવાના છે, પછી વાતો કરજો ને!'

'ઓહ, યસ યસ.'

અત્યાર સુધી ચૂપચાપ ઊભા રહીને આ બધું જોઈ રહેલા સૂર્યકાંત આગળ આવ્યા. એમણે રાજેશના ખભે હાથ મૂક્યો અને સહેજ પોતાની તરફ ખેંચી લીધો. નર્સ અને વૉર્ડબોય સ્ટ્રેચર લઈને આગળ વધી ગયાં. વસુમા એમની સાથે સાથે ચાલવા લાગ્યાં.

'આપણે નીચે ફૉર્માલિટીઝ પતાવી દઈએ.'

અને પોતાનો હાથ રાજેશના ખભા પર જ રહેવા દઈને બન્ને જણ ચાલવા લાગ્યા.

'મારી દીકરી છે. બાપ વગર ઊછરી છે. તમે... ખરાબ નહીં લગાડતા.'

રાજેશનું સૉરી અને અંજલિનો સંવાદ સાંભળીને સૂર્યકાંત એટલું જરૂર સમજ્યા હતા કે બે જણ વચ્ચે કોઈ પ્રોબ્લેમ છે, જેના પરિણામ સ્વરૂપ આખીય દુર્ઘટના સર્જાઈ હતી.

'ખરાબ? મને અંજલિનું કશું ખરાબ લાગે જ નહીં. હું એને ખૂબ ચાહું છું...' પછી સહેજ અચકાઈને, સહેજ ધીમા અવાજે ઉમેર્યું:

'હું એના જેટલો વિદ્વાન કે ક્લાસિક નથી, પણ મારી તમામ મર્યાદા સાથે હું અંજલિને અપાય એટલું સુખ આપવાનો પ્રયત્ન કરું જ છું.'

'હું જોઈ શકું છું, બેટા! અંજલિને હજી જિંદગીની સમજ જ નથી. પહેલાં માનાં લાડ અને પછી તારા પ્રેમે

દુનિયાનો તાપ એના સુધી પહોંચવા દીધો જ નથી.'

પછી એક બાપના ભીના ગદ્ગગદ કંઠે ઉમેર્યું:

'જિંદગીભર એને આટલો જ પ્રેમ કરજે, બેટા, મારા ભાગનો પ્રેમ પણ તારે જ આપવાનો છે.'

રાજેશે સૂર્યકાંતનો હાથ પકડી લીધો:

'તમે જરાય ચિંતા ન કરો.'

બન્ને જણ વાતવાતમાં રિસેપ્શન કાઉન્ટર સુધી આવી પહોંચ્યા હતા. રાજેશ કાઉન્ટર પર આવીને ઊભો રહ્યો અને કંઈ બોલે એ પહેલાં સૂર્યકાંતે હજાર રૂપિયાનું બંડલ કાઢ્યું.

'આ શું કરો છો?'

'ડિપોઝિટ મૂકવી પડશે ને?'

'આ મારી પત્ની છે, પપ્પાજી. એનાં સારા-નરસાંની, ભલા-બૂરાની બધી જ જવાબદારી મારી હોય.'

'આજ સુધી તો કોઈ જવાબદારી નથી લીધી મેં. હવે થોડીક તો જવાબદારી લેવા દો મને? મનેય સંતોષ થાય...'

'આઈ એમ સૉરી, પપ્પાજી.'

રાજેશે પોતાના ખિસ્સામાંથી હજારની નોટોનાં બે બંડલ કાઢીને રિસેપ્શાન પર બે લાખ રૂપિયા જમા કરાવ્યા.

*

'મા, મારે તને કંઈક કહેવું છે.'

ધીમે ધીમે પેઈન કિલરની અસર ઓછી થતી જતી હતી. અંજલિના પગનો દુખાવો વધતો જતો હતો.

'મને ખબર છે.' વસુમાએ એના માથા પર હાથ ફેરવ્યો:

'હમણાં આરામ કર.'

ડૉક્ટરે લખી આપેલી દવાઓ લઈને જાનકી દાખલ થઈ.

'અંજલિબહેન, મને માફ કરી દો. કૉફી શૉપમાં મેં જે કર્યું એને લીધે...'

'ઈટ'સ ઓકે, ભાભી. જે થવાનું હતું તે થઈ ગયું.'

'આઈ એમ સૉરી, અંજલિબહેન.'

'ભાભી, બચ્ચું કેટલી અગત્યની વસ્તુ છે, નહીં? હજી જન્મ્યુંય નથી એ બાળક માટે મને આટલું મમત્વ થઈ ગયું તો અમને ચાર જણને છોડીને બાપુ કેવી રીતે ગયા હશે?'

‘અંજલિ, હવે કંઈ પણ વિચારવાનું છોડીને તું આરામ કર.’

રાજેશ અને સૂર્યકાંતની પાછળ પાછળ હાંફળો-ફાંફળો અભય પણ દાખલ થયો:

‘અંજુ... અંજુ...’

‘ક્યાં હતો તું?’

વસુમાના અવાજમાં પહેલી વાર અભય આવો ઉચાટ અને આવો સવાલ સાંભળતો હતો.

‘ગુસ્સો આવે દીકરા, પણ એમાં ફોન બંધ કરી દેવાનો? કંઈ જરૂર પડે તો...’

‘સૉરી, મા.,

‘ક્યાં હતો આખો દિવસ? કંઈ ખાધું-પીધું કે પછી...’

રાજેશ અને અંજલિની નજર મળી. બન્ને વગર કહ્યે ઘણું સમજી ગયાં. અભયે પણ એ બન્નેની સામે આછડતી નજર નાખી. એ જાણતો હતો કે આ બન્નેને પ્રિયા વિશે ખબર છે.

એણે મનોમન નક્કી કર્યું: અંજલિ સાજી થાય એટલે સૌથી પહેલાં માને પ્રિયા વિશે કહી દેવું.

ત્યાં અભયના ફોનની રિંગ વાગી.

‘બોલ!’

‘ઘેર આવવાના જ નથી કે શું?’

‘હું હૉસ્પિટલમાં છું, વૈભવી, અંજલિને એક્સિડન્ટ થયો છે.’

‘ઓહ, મા અને...’

‘એ બધાં જ અહીં છે.’

વ્હૉટ? હું ઘરમાં જ, ઉપર જ હતી અને એ લોકો મને કહ્યા વિના નીકળી ગયાં? તમારા ઘરની પરંપરા કંઈ પણ હોય અભય, આવા ખબર તો ઘરના દરેક સભ્યને મળવા જ જોઈએ કે પછી તારી માને હું એ લાયક પણ નથી લાગતી? જ્યારથી અમેરિકન પતિ આવ્યો છે ત્યારથી તારી માને કોઈનીય જરૂર નથી રહી.’

પછી છેલ્લા છોગાની જેમ વૈભવીએ ઉમેર્યું:

‘કહેજે એને, ખરેખર જરૂર તો અમારી જ પડવાની છે.’

‘પછી વાત કરીએ, વૈભવી?’

અભયે જવાબની રાહ જોયા વિના ફોન કાપી નાખ્યો.

‘મા, વૈભવીને કોઈએ કહ્યું નહોતું?’

'અમે ભૂલી જ ગયાં અભયભાઈ. એટલી ઉતાવળમાં અને ચિંતામાં નીકળ્યાં કે...'

'થાય એવું... હું તો સમજી શકું છું, પણ વૈભવી...'

'એય સમજશે બેટા, લાવ હું વાત કરું.'

'કોઈ જરૂર નથી.'

અભયનો ચહેરો તમતમી ગયો હતો. એણે દાંત ભીંસ્યા: 'એને બોલવાનું ભાન નથી.'

'અભય બેટા, વાત નીકળી જ છે તો કહી દઉં. વૈભવીને થોડીક સમજદારીની જરૂર છે. ઘરની મોટી વહુ છે એ. આમ તો કેમ ચાલશે?'

'વીસ વર્ષ ચાલ્યું છે બાપુ, હવે હુંય ગળે આવી ગયો છું. ક્યારેક ઘર છોડીને જતો રહું એમ થાય છે. પછી લોકો ભાગેડુ બાપનો ભાગેડુ દીકરો ન કહે એટલે સમસમીને, મન મારીને બેસી રહું છું.'

એણે થૂંક ગળે ઉતાર્યું. વસુમા એના તરફ જોઈ રહ્યાં. સામાન્ય રીતે અભય ક્યારેય પોતાની વાત શબ્દોમાં કહેતો નહીં. આજે એને પોતાની વાત આટલા બધા આત્મવિશ્વાસથી ગોઠવતાં અને સ્પષ્ટતાથી કહી દેતાં જોઈને વસુમાને નવાઈ લાગી, પણ એ કશું બોલ્યાં નહીં.

'પણ તું હતો ક્યાં, બેટા?' સૂર્યકાંતે ફરી એ જ પ્રશ્ન પૂછ્યો:

'છેક સવારનો ગયો હતો...'

'બહુ કામ હતું, બાપુ, મને થયું રવિવારનો ઉપયોગ કરીને પતાવી નાખું.' સૂર્યકાંત સાથે નજર મેળવ્યા વિના અભયે કહ્યું.

વસુમાએ આ નોંધ્યું, છતાં કશું બોલ્યાં નહીં. રાજેશ પણ કશું બોલ્યો નહીં.

એ જ વખતે અંજલિએ પણ મનોમન નક્કી કર્યું કે મા સાથે એકાંત મળશે તો એ ભાઈ અને પ્રિયાની વાત કહી દેશે, ચાડીની જેમ નહીં, પણ ભાઈના પક્ષની દલીલો કરીને. માએ એમનો સંબંધ સ્વીકારવો પડશે!

*

અનુપમાના ઘેરથી નીકળેલો અલય પોતાનાં ઢગલાબંધ કામો પતાવતો, બીજા દિવસના શૂટની તૈયારી કરતો ઘેર પહોંચ્યો ત્યારે સૂરજ આથમી ગયો હતો. અજય હૃદયને લઈને જૂહુ રમવા ગયો હતો.

ઘરમાં કોઈને ન જોતાં અલયે ચારે તરફ ફરીને બૂમ પાડી:

'મા... ભાભી...'

કોઈ જવાબ નહીં!

એણે ફરી બૂમ પાડી: 'ભાભી...'

સીડી પર વૈભવી દેખાઈ. સ્કાય બ્લૂ કલરની ડૅનિમની શૉર્ટ્સ, જેમાંથી એના માખણ જેવા લાંબા પગ દેખાતા

હતા. પેડિક્યૉર કરેલા સુંદર ચોખ્ખા પંજા પર પર્પલ કલરની નેઇલ પૉલિશ હતી.

'વેલ કમ હોમ, અલયભાઈ.'

'થેન્ક યુ, ભાભી, પણ ઘરમાં કેમ કોઈ નથી?'

'લજ્જા... આદિત...' પછી હસીને કહ્યું:

'છીએ ને? અમે બધાં ઘરમાં જ છીએ.'

'હું મા, જાનકીભાભી, અજયની વાત કરું છું.'

'કેમ? અમે માણસ નથી? અમારા હોવાથી ઘર ઘર નથી લાગતું તમને?' વળી હસીને ઉમેર્યું:

'તમે તમારા પપ્પા વિશે ન પૂછ્યું?'

'ભાભી, મારે ફાલતુ દલીલો નથી કરવી.'

'તે ન કરો. હું ક્યાં કહું છું કે કરો?'

વૈભવી પોતાના ઓરડા તરફ જવા લાગી.

'ભાભી... બધાં ક્યાં ગયાં છે?'

એણે ઊંધા ઊભા રહીને જ જવાબ આપ્યો:

'આ ઘરમાં કોઈ હવે કોઈને કશું કહીને નથી જતું.' પછી ફરીને ઉમેર્યું:

'એક માણસના આવવાથી આખી સિસ્ટમ પલટી ખાઈ જાય, નહીં?'

આની સાથે દલીલો કરવી વ્યર્થ છે એમ માનીને અલય રસોડા તરફ જતો હતો ત્યારે વૈભવીએ ખૂબ હળવેથી મમરો મૂક્યો:

'તમારી લાડકી બહેનને અકસ્માત થયો છે.'

'લક્ષ્મીને? પણ એ તો નીરવ સાથે હતી!'

ખડખડાટ હસી પડી વૈભવી.

'હું અંજલિની વાત કરું છું, અલયભાઈ. એ તમારી બહેન છે એવું યાદ છે કે પછી ડૉલરની ચમકમાં તમે પણ અંજાઈ ગયા?'

વૈભવીના કટાક્ષનો જવાબ આપ્યા વિના અલયે સાદો સવાલ કર્યો:

'અંજલિને? કેવી રીતે?'

'અહીંયાં ક્યાં કોઈ કશું કહે જ છે હવે? હું ઉપર જ હતી, ઘરમાં જ, પણ મને કોઈએ કહ્યું નહીં.'

‘એ તો જાણે સારું કર્યું!’

એવું બબડીને એણે અભયની નંબર ડાયલ કર્યો અને બહારની તરફ ચાલવા લાગ્યો.

‘હૉસ્પિટલ જાવ છો?’

‘ના, જૂહુના દરિયાકિનારે...’

અને અલય ઘરની બહાર નીકળી ગયો.

આજે વૈભવીને બરાબરનો ગુસ્સો ચડ્યો હતો. પહેલાં સવારે અભય ચાલી ગયો, પછી આ અંજલિવાળો કિસ્સો બન્યો. હવે એટલું ઓછું હોય એમ અલયે બળતાંમાં ઘી હોમીને ચાલવા માંડ્યું!

એણે દાંત કચકચાવ્યા. પેસેજ માં મૂકેલા ક્રિસ્મસ ટ્રીના કૂંડાને ઉપરથી નીચે ફંગોળવાની ઇચ્છા થઈ આવી વૈભવીને...

એણે ગાંઠ વાળી લીધી: છેલ્લા થોડા દિવસના વર્તન બદલ અભય પાસે એ માફી મંગાવશે!

*

હૉસ્પિટલના કાફેટેરિયામાં ખાસ્સી ચહલપહલ હતી.

સૂર્યકાંત અને વસુંધરા સામસામે બેસીને કૉફી પી રહ્યાં હતાં. રાજેશ ઘરેથી જરૂરી વસ્તુઓ લાવવા ગયો હતો. જાનકી અને અભય ઘેર જવા નીકળ્યાં હતાં.

‘શુ વિચારે છે?’

વસુમાને ઊંડા વિચારમાં ગરકાવ જોઈને સૂર્યકાંતથી રહેવાયું નહીં.

‘આમ જ, જિંદગી વિશે વિચારું છું. તમે નહોતા ત્યારેય પ્રશ્નો તો આ જ હતા. પણ તમે આવ્યા છો પછી એ જ પ્રશ્નો એટલા વિચલિત નથી કરતા.’

‘વસુ, આ જ વાત મારે તને કહેવાની હતી. આજે રોહિતનો ફોન આવ્યો હતો.’

‘રોહિત?’

‘સ્મિતાનો દીકરો.’

‘કેમ સ્મિતાનો?’

પછી સહેજ તોફાની સ્મિત સાથે વસુમાએ ઉમેર્યું:

‘તમારો નહિ?’

‘ના,’

સૂર્યકાંત ખાસ્સી વાર સુધી ચૂપ રહ્યા. એમ ધારીને કે વધુંધરા આગળ કંઈક પૂછશે, પરંતુ વસુમા તો ચૂપચાપ

કૉફી પીતાં રહ્યાં. સૂર્યકાંતે એમની સામે જોયું:

'તારે મને કંઈ જ પૂછવું નથી?'

'કઈ બાબતે?'

'સ્મિતા વિશે, મારાં સંતાનો વિશે.'

'તમારે કહેવું છે કંઈ? તો સાંભળીશ હું. પણ મને પૂછવા જેવું કંઈ નથી લાગતું'

'ગુસ્સોય નથી આવતો?'

'ગુસ્સો? કઈ વાતનો?'

'તને મૂકીને ગયો... લગ્ન કરી લીધાં અને સંતાનો પણ...'

'કાંત, દરેક માણસે સમય અને સંજોગોને આધીન રહી વર્તવું પડે છે. તમારા એ સમયના સંજોગો તમને એ દિશામાં ખેંચી ગયા... ગુસ્સે થવાથી શું થાય, કાંત? પરિસ્થિતિનાં સત્ય આપણે બદલી શકતાં હોત તો કેવું સારું થાત?'

'વસુ, સ્મિતા સાથે લગ્ન...'

'કહેવું જરૂરી છે, કાંત?'

'કેમ? તારે નથી સાંભળવું?'

'એવું તો નથી, પણ...'

'વસુ, હું ઘરમાંથી તો ગયો હતો યશોધરાની સાથે નાટક કંપની ખોલવા. મનમાં એમ હતું કે ખૂબ પૈસા કમાઈશ. દેવશંકર મહેતાને દેખાડી આપીશ... એમનાથીય મોટો બંગલો બાંધીશ.'

થૂંક નો એક ઘૂંટડો પરાણે ગળે ઉતારીને એમણે ઊંડો શ્વાસ લીધો.

'જેના સહારે બધું છોડવા નીકળ્યો હતો એણે જ મને તરછોડી દીધો.' કડવું સ્મિત આવી ગયું એમના ચહેરા પર: 'પોએટિક જસ્ટિસ!'

'કાંત, જૂની વાતો યાદ કરીને જો મન ઉદાસ થાય તો એ વાતો યાદ જ શું કામ કરવાની?,

'ઘણી વાર ઘણી વસ્તુઓ યાદ કરવી નથી પડતી, આવી જાય છે...' એમણે વસુંધરાની આંખોમાં જોયું:

'તું પણ મને બહુ યાદ આવતી, વસુ!'

એક પણ શબ્દ બોલ્યા વિના વસુમા થોડી વાર સુર્યકાંતની આંખોમાં જોઈ રહ્યાં. પછી એમણે આંખો નમાવી દીધી. એક-બે ક્ષણ સાવ ચુપકીદીમાં પસાર થઈ ગઈ.

'હું તમને યાદ આવતી, ખરું? પરંતુ તમને ભૂલવાના મારા બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા, કાંત.'

'તેં મને ભૂલવાનો પ્રયત્ન કર્યો હતો?'

'શરૂઆતમાં.'

એમણે સૂર્યકાંતની આંખોમાં જોયું અને એક એક શબ્દ જાણે સત્યના રંગમાં બોળીને, લાગણીમાં ભીનો ભીનો થઈને આવતો હોય એમ કહ્યું:

'હા, શરૂઆતમાં કર્યો હતો તમને ભૂલવાનો પ્રયત્ન. પછી મને સમજાઈ ગયું કાંત, કે તમે તો મારા હોવાનો, મારા અસ્તિત્વનો જ એક ભાગ છો... પછી ક્યારેય તમને ભૂલવાનો પ્રયાસ નથી કર્યો મેં.'

ક્ષણેક શાંત રહ્યાં એ, આંખો મીંચી દીધી:

'જો કે એવા યાદેય નથી કર્યા.'

'શું કામ કરે? મેં આપ્યું શું તને?'

'ચાર સુંદર સંતાન..'

'જવાબદારી'

'ના... મા હોવાનું સુખ! આજે મારાં સંતાન જે રીતે વર્તે છે એ જોતાં...'

'એ તારા સંસ્કાર છે, તારો ઉછેર છે, વસુ!'

નિઃશ્વાસ નાખીને સૂર્યકાંતે ઉમેર્યું:

'એ ઉછેર, એ સંસ્કાર હું નથી આપી શક્યો મારા દીકરાને. રોહિત સાવ હાથથી ગયો છે. મારી સાથે પણ નથી રહેતો. એની અને મારી વચ્ચે એક જ સંબંધ છે... ડૉલર્સનો!'

સૂર્યકાંતની આંખોમાં ભીનાશ તરવરી ઊઠી હતી,

'હું તારો ગુનેગાર છું... સ્મિતાનો પણ ગુનેગાર જ છું. તારી તો માફીય માગી શકું. સ્મિતાને શું કહીશ?'

'સ્મિતાની મને ખબર નથી, કાંત, પણ મને તમારી સામે કોઈ કડવાશ નથી.'

'જેટલી વાર તું આ વાક્ય બોલે છે ને એટલી વાર મારું મન એક એવી પીડાથી ઊભરાઈ જાય છે...'

'પીડા?'

'શા માટે બોલાવ્યો છે મને અહીંયાં? એવું કહેવા કે તને કડવાશ નથી? એવું દેખાડવા કે તારાં સંતાનને કેટલી સારી રીતે ઉછેર્યાં છે? એવું સમજાવવા કે હવે તમારાં બધાંની જિંદગીમાં મારી કોઈ જગ્યા નથી? જો એટલું જ હોય તો તારો પ્રયત્ન સફળ થયો છે, વસુ...'

'કાંત, સમય સાથે હું એક વાત શીખી છું. દુઃખ માણસની જિંદગીનો ભાગ છે, પીડા નહીં. પીડા એ જાતે ઊભી કરતો હોય છે.'

'વસુ, આપણે એક સારા કુટુંબની જેમ હળીમળીને આનંદથી ન રહી શકીએ? ચાલ, અમેરિકા... મારી સાથે!'

એમણે ટેબલ પર મુકાયેલા વસુમાના હાથ પર હાથ મૂકી દીધો:

'આથમતા સૂરજ જેવી જિંદગીના છેલ્લા થોડા દિવસ સાથે ગાળી લઈએ, વસુ.'

'કાંત!'

વસુમાના અવાજમાં થર્રાટી હતી. એમણે ગળું ખંખેર્યું, ખોંખારો ખાધો, ટેબલ પર પડેલા ગ્લાસમાંથી પાણીનો એક ઘૂંટડો પીધો:

'પતિ-પત્નીનો સંબંધ ખરા અર્થમાં તો વાનપ્રસ્થ પછી જ શરૂ થતો હોય છે. ત્યાં સુધી તો શરીર, ઝંખનાઓ, સંતાનો, એષણાઓ, ધ્યેય... કેટલું બધું હોય છે બે જણની વચ્ચે! ખરું પૂછો તો સાથે જીવવાનો સમય તો હવે જ શરૂ થાય છે.'

'તો?'

વસુંધરાનો હાથ સહેજ દબાવ્યો સૂર્યકાંતે. એમના હાથમાંથી ઉષ્માની એક લહેર નીકળીને વસુમાના શરીરમાં વીજળીવેગે પ્રસરી ગઈ. એમણે હળવેથી હાથ છોડાવ્યો. નીચું જોયું અને જાણે જાતને કહેતાં હોય એમ લગભગ સ્વગત બોલવા માંડ્યું:

'છેલ્લાં કેટલાય વર્ષોથી આપણે જુદી જુદી દિશામાં પ્રવાસ કર્યો છે કાંત, હવે જો મારે તમારી સાથે આવવું હોય તો પહેલાં મારા ભાગનો અને પછી તમારા ભાગનો પ્રવાસ કરવો પડે. એટલાં વર્ષો ક્યાં રહ્યાં છે હવે?'

'તું હા પાડે છે કે ના?'

સ્મિત કર્યું વસુમાએ.

'ચાલો, રાજેશ આવી ગયા હશે. અંજલિને મળીને ઘેર પહોંચીએ.' ઊભાં થઈ ગયાં વસુમા.

'વસુ!?' સૂર્યકાંત ઊભા ન થયા.

'મારી વાતનો જવાબ જોઈએ છે મારે. તું નક્કી કર, બાકીનું બધું હું સંભાળી લઈશ.'

'જવાબ?'

ઊભાં થયેલાં વસુમા સ્મિત કરીને બેસી ગયાં:

'આપણે શું નક્કી કરી શકતાં હોઈએ છીએ કાંત, મારી સાથેનું તમારું લગ્ન? શૅરબજારમાં નુકસાન? યશોધરા સાથેનો તમારો સંબંધ? ચોથા સંતાનનો ગર્ભ? તમારું ઘર છોડવું... મારું તમને પાછા બોલાવવું ને તમારું આવવું... આમાંનું શું આપણે નક્કી કર્યું, કહેશો મને?'

'એટલે'

'સમયના પ્રવાહમાં વહેતા રહેવાનું, કાંત! જે બને એ સાક્ષીભાવે જોવાનું. સુખ થાય તો સુખ અનુભવવાનું, દુ:ખ

થાય તો દુ:ખ પણ અનુભવવાનું… કશાયની સાથે જાતને જોડવાની નહિ. કંઈ બને તો વિરોધ નહીં કરવાનો, પણ જો ધાર્યું ન થાય તો ઝાંવાંય નહીં જ મારવાનાં…'

'સંન્યાસ લઈ લે તું.' સૂર્યકાંતનો અવાજ ઉશ્કેરાઈ ગયો હતો:

'ભગવાં પહેર, ભગવાં…'

સહેજ સ્મિત કર્યું વસુમાએ. ફરી ઊભાં થયાં:

સંન્યાસ એટલે ભગવાં વસ્ત્રો નહીં, સંન્યાસ મનની સ્થિતિ છે.'

પછી એક ડગલું ભરતાં સૂર્યકાંતની સામે જોઈને પૂછ્યું:

'આવો છો ને?'

કંઈ બોલ્યા વિના સૂર્યકાંત ઊભા થયા. એક તરફ એમના મનમાં ભયાનક ધૂંધવાટ હતો તો બીજી તરફ એમને નહોતું સ્વીકારવું છતાંય વસુમા માટેનું માન રોજ એક તસુ વધતું જતું હતું.

એમને હવે વસુંધરાથી વિખૂટા પડીને જીવવું અઘરું લાગવા માંડ્યું હતું. આટલાં વર્ષ એના વિના એ કેવી રીતે જીવી શક્યા એની એમને પોતાને નવાઈ લાગતી હતી.

આવી અદ્દભુત સ્ત્રીને હું ઓળખી ન શક્યો… સાચવી ન શક્યો. એ વિચારે રોજ એમનું મન કચવાતું હતું. આજના સંવાદે એ કચવાટને સહેજ વધુ તીણો કરીને દૂઝતા ઘામાંથી સહેજ વધુ રક્ત ટપકાવ્યું હતું.

*

ઘેરથી જરૂરી વસ્તુઓ લઈને રાજેશ રૂમમાં દાખલ થયો ત્યારે અંજલિ એક મૅગેઝિનનાં પાનાં ઉથલાવતી હતી. રાજેશે આવીને બધી વસ્તુઓ મૂકી એના માથે હાથ ફેરવ્યો:

'કેવું લાગે છે, બેબી? પગમાં દુખે છે?'

'દુખતું હતું, થોડું.' અંજલિએ મૅગેઝિન સાઇડમાં મૂક્યું. પછી રાજેશ સામે જોઈને સહેજ હસી:

'હવે નથી દુખતું.'

'એટલે?'

'એટલે એમ કે તમે આવી ગયાને એટલે હવે નથી દુ:ખતું…'

'સ્ટુપિડ.' રાજેશે કહ્યું:

'આવું કરાય? મારો જીવ જ નીકળી ગયો હતો.'

અંજલિની બાજુમાં બેસીને એણે એનો હાથ પકડી લીધો:

'હું મારી જાતને માફ નથી કરી શકતો. મારે તને જવા જ નહોતી દેવી જોઈતી.'

'આઈ નો.' અંજલિની આંખોમાં ફરી એક વાર પાણી ધસી આવ્યાં:

'હું સ્ટુપિડ જ છું, નહીં તો તમારા જેવા માણસને આમ...'

'બેબી! વાંક તો મારો જ છે. હું જ નાનકડી વાતમાં...'

'નાનકડી?' અંજલિએ હતી એટલી તમામ હિંમત ભેગી કરીને કહ્યું:

'કદાચ નાનકડી વાત નથી આ, પણ છતાંય મારે તમને કહેવી જોઈએ...'

'અત્યારે નહીં.' રાજેશે એની આંખો પર હાથ મૂકી દીધો:

'હમણાં તું સૂઈ જા, આપણે ઘેર જઈને શાંતિથી વાત કરીશું.'

એ જાણે આવનારી ક્ષણનું સત્ય એને વીંધીને આરપાર નીકળી જવાનું હોય એમ ફફડી રહ્યો હતો. એને એવી કોઈ વાત નહોતી સાંભળવી, જેમાં એની અંજલિનું સ્વમાન ઘવાય કે એણે આંખો નીચી કરીને પોતાને કશું કહેવું પડે.

'ના રાજેશ, જ્યાં સુધી આ વાત તમને નહીં કહું ત્યાં સુધી મારા પર બોજ રહેશે.' અંજલિએ બેઠા થવાનો પ્રયત્ન કર્યો:

'પ્લીઝ, મારી વાત સાંભળી લો.'

રાજેશે બેડનો જેક નાખીને પલંગની પીઠ ઊંચી કરી. અંજલિને તકિયો મૂકીને સરખી બેસાડી.

'બોલ.' એણે અંજલિ સામે જોયા વિના કહ્યું.

'રાજેશ, તમે શફ્ફાક... શફ્ફાક અખ્તરને તો...'

રાજેશે અંજલિના હોઠ પર હાથ મૂકી દીધો:

'અંજુ, હું આવ્યો હતો એ દિવસે-એનસીપીએ...'

'એટલે તમે!!'

અંજલિનો અવાજ ચિરાઈ ગયો. એના અવાજમાં એક ભય, એક આતંકની ધ્રુજારી ફરી વળી. એણે રાજેશની સામે ફાટેલી આંખે જોયું.

'અંજુ, વીતી ગયેલી વાતોને ભૂલી જવી એ સુખની પહેલી સીડી છે. આપણે તો ઘણુ સાથે જીવવું છે હજુ... ઘણુંબધું જોવાનું છે' ઘણું માણવાનું છે. એક નાનકડી વાતની આસપાસ દુ:ખનાં જાળાં શું કામ ગૂંથવા, અંજુ?'

'પણ રાજેશ... મેં એને... આઈ મીન, ખબર નહીં કયા નશા હેઠળ... શું વિચારીને પણ...'

'મેં જોયું.'

રાજેશે આંખ મીંચી દીધી. જાણે અત્યારે પણ એ દૃશ્ય એને ઉઝરડા પાડી રહ્યું હતું.

‘એટલે તમે? ત્યાં? કમ્પાઉન્ડમાં?’

‘હું મારી ગાડીમાં જ હતો! તને મોડું થયું એટલે લેવા આવેલો, પણ...’

હજીય રાજેશની હિંમત નહોતી થઈ આંખ ખોલવાની. જાણે પોતે ગુનેગાર હોય એમ એ અંજલિની સાથે આંખ નહોતો મેળવવા માગતો અથવા અંજલિની આંખોમાં એ અપરાધનો, ગુનાનો કે ગિલ્ટનો ભાવ નહોતો જોવા માગતો?!

‘ઓહ, રાજેશ! એટલે આ બે દિવસ તમે... એ બોજ હેઠળ...’

‘ભૂલી જા, અંજલિ, એવું કશું બન્યું જ નથી.’

રાજેશે આંખ ખોલી અંજલિની સામે જોયું. એ આંખોમાં વહાલનો એવો તો દરિયો ઊમટ્યો હતો કે અંજલિ એમાં છાકમછોળ ભીંજાઈ ગઈ. બન્ને જણની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. બન્ને એકબીજાનો હાથ પકડીને ચૂપચાપ બેઠાં હતાં.

શબ્દહીન, એક એટલો બધો લાગણીભીનો સંવાદ ચાલતો હતો બન્ને વચ્ચે કે સ્પેશિયલ રૂમ નંબર ચારના દરવાજે ઊભેલાં વસુમા અને સૂર્યકાંત એમને વિક્ષેપ કર્યા વિના જ પાછાં વળી ગયાં.

ટૅક્સીમાં આખા રસ્તે સૂર્યકાંત એક પણ અક્ષર બોલ્યા વિના વસુમાનો હાથ પકડીને બેસી રહ્યા.

એમના હાથમાંથી વહી રહેલા લાખો-કરોડો શબ્દો વસુમાની હથેળી પર એ બધું જ લખી રહ્યા હતા, જે પચ્ચીસ વર્ષ દરમિયાન એમણે પોતાની ભીતર સંઘરી રાખ્યું હતું.

*

અભય અને જાનકી શ્રીજી વિલામાં દાખલ થયાં ત્યારે વૈભવી ડ્રોઇંગ રૂમમાં બેસીને એમની રાહ જોતી હતી.

‘પધારો...’ વૈભવીએ હસીને એમનું સ્વાગત કર્યું: માણસ ગમે એટલું રખડે, આખરે તો ઘેર આવવું જ પડે! ધરતીનો છેડો ઘર, નહીં અભય?’

‘ભાભી.. અમે બધાં થાકેલાં છીએ.’

‘ખાસ કરીને અભય. નહીં અભય?’

‘વૈભવી, મહેરબાની કરીને અત્યારે તું મારી સાથે માથાકૂટ ન કરે તો સારું.’ અભયે હાથ જોડીને કહ્યું.

‘ઓકે.’ વૈભવીએ નજીક આવીને જાનકીની હાજરીમાં અભયના ગળામાં હાથ નાખ્યા, ઝૂલી પડી:

‘તો ક્યારે માથાકૂટ કરું એ તો કહેશો ને?’

‘બની શકે તો ક્યારેય નહીં.’ અભયે ગળામાંથી હાથ કાઢી નાખ્યા:

‘લીવ મી અલોન, પ્લીઈઈઈઈઝ!’

‘આવું પ્રિયાને પણ કહો છો?’

'સ્મિત કરીને ઉમેર્યું: ક્યારેક?'

'આખી વાતમાં પ્રિયા ક્યાંથી આવી?'

'એ જ તો મારે તમને પૂછવાનું છે.'

પછી જાનકીને પગથી માથા સુધી જોઈ એક ક્ષણ શ્વાસ લઈને વૈભવીએ કહ્યું:

'આમની સામે જ વાત કરવાની છે કે ઉપર જઈને?'

'વાત... કઈ વાત?'

અભયે બને એટલા સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કર્યો, પણ એની અસ્વસ્થતા છાની રહી શકે એમ નહોતી:

'શાની વાત કરવાની છે?'

'પ્રિયાની, અભય!' પછી આંખ મિચકારીને ઉમેર્યું:

'એની વાત કરવી તો તમને ગમશે, આઈ એમ શ્યૉર! સેક્સી, સુંદર, જુવાન, એકલી અને એમ્બિશિયસ! વ્હૉટ અ ડેડલી કૉમ્બિનેશન, અભય! અને એમાંય તારા જેવો પત્નીથી દુ:ખી, એકલો-અટૂલો-ભોળો અને સહારો શોધતો બૉસ!'

જાનકીની સામે જોઈને ઉમેર્યું:

'ફિલ્મી સ્ટોરી જેવું લાગે છે, નહીં?'

અભય એની સામે ઝેર ઓકતી નજરે જોઈને ઉપર ચડી ગયો.

જાનકી જવાબ આપ્યા વિના પોતાના ઓરડા તરફ આગળ વધી.

ડ્રોઇંગ રૂમની વચ્ચોવચ્ચ ઊભેલી વૈભવી ફ્રસ્ટ્રેશનમાં બરાડી:

'હું આજે આ વાત કરવાની છું, ઘરનાં બધાં લોકોની હાજરીમાં... બધાંની સામે!'

પછી એ પોક મૂકીને રડી પડી...

* * *

34

જાનકી આગળ વધી. એણે વૈભવીના ખભે હાથ મૂકવાનો પ્રયત્ન કર્યો:

'ભાભી!'

પણ વૈભવીએ એનો હાથ ઝાટકી નાખ્યો:

'મને કોઈની સિમ્પથીની જરૂર નથી. હું મારા પ્રશ્નો જાતે જ સૉલ્વ કરી લઈશ.,

એ સોફા પર બેસી ગઈ. ગુસ્સામાં ને અપમાનમાં અકળાયેલી વૈભવીને કંઈ જ સૂઝતું નહોતું. એને એટલું સમજાતું હતું કે અભય, જેને એ પોતાની મૂઠ્ઠીમાં બંધ કરીને ઇતરાતી હતી એ અભય હવે એના હાથમાંથી નીકળી ગયો છે અને હવે પોતે સાવ એકલી, અધૂરી અને તાજ વગરની રાણી જેવી જંગલોમાં ભટકી રહી છે.

જાનકી એની સામે જોતી રહી. એ ખરેખર તો એને સમજાવવા માગતી હતી. એને ખબર નહોતી કે બે જણ વચ્ચે શું થયું છે? અભય અને વૈભવી વચ્ચેનું આ અંતર બધાં જ જોઈ શકતાં હતાં. છેલ્લાં ઘણાં વર્ષોથી વૈભવીના વર્તન અંગે ઘરના સૌને નાની-મોટી નારાજગી હતી. એનાં પોતાનાં સંતાનો સહિત! અભયનો વિચાર કરીને ઘરમાં કોઈ એને કશું કહેતું નહીં, પરંતુ વૈભવીની જીભ ઘરના સૌને ઉઝરડા પાડતી... એ સત્ય હતું.

ઉપરના બેડરૂમમાં થતી બૂમાબૂમ ઘણી વાર સાઉન્ડપ્રૂફ ઓરડાને વીંધીને નીચે સુધી પહોંચતી ત્યારે અજય શરૂઆતમાં ઉપર જતો. બન્નેને, ખાસ કરીને વૈભવીને શાંત કરવાનો પ્રયત્ન કરતો... પરંતુ હવે એણે એ પણ બંધ કરી દીધું હતું. અભય-વૈભવીના બેડરૂમમાં થતા ઝઘડા ક્યારેક નીચે સુધી સંભળાય તો પણ સૌ આંખ આડા કાન કરતું. ડાઇનિંગ ટેબલ પર વૈભવીનું વર્તન સૌ માટે ચીડનું કારણ બનતું ઘણી વાર, પણ એક અલય સિવાય ઘરનો કોઈ સભ્ય એની સાથે સીધી ચર્ચામાં ઊતરવાનું ટાળતો.

આટલાં વર્ષોથી બેડરૂમમાં ચાલતા રહેલા એ ઝઘડા આજે શ્રીજી વિલાના ડ્રૉઇંગ રૂમ સુધી આવી ગયા હતા... આમાં કોઈ નવી વાત નહોતી એટલે કંઈ ખાસ ઊહાપોહ કરવા જેવું નહોતું ને જાનકીને પણ બીજી કોઈ ચિંતા નહોતી. એને તો એક જ વાતની ચિંતા હતી કે થોડા દિવસ માટે આવેલા સૂર્યકાંતની સામે આવા તાયફા ન થાય એમાં વસુમાનું ગૌરવ અકબંધ રહી શકે.

વૈભવીએ પોતાનો સેલ ફોન ઉપાડ્યો:

'પપ્પા, વૈભવી બોલું છું...'

જાનકીની આંખો ફરી ગઈ. વૈભવી ફોન પર વાત કરતી રહી અને રડતી રહી. કોઈ દિવસ નહીં ને આજે પહેલી વાર જાનકી ત્યાં જ ઊભી રહીને વૈભવીની વાત સાંભળતી રહી. વૈભવીએ ચાલુ ફોનમાં એક-બે વાર કહ્યુંય ખરું:

'તું પ્લીઝ, અંદર જા, આ મારી ને મારા પપ્પાની વાત છે...'

પણ જાનકી ઢીટની જેમ ત્યાં જ ઊભી રહી. વૈભવીની બધી સાચી-ખોટી ફરિયાદો સાંભળતી રહી.

વૈભવીએ આખરે ફોન મૂક્યો. એણે એના પપ્પાને અહીં આવીને વસુમા સાથે વાત કરવા દુરાગ્રહ કર્યો, પણ

કદાચ વૈભવીના પપ્પા પણ વૈભવી અને અભયને - બન્નેને હવે સારી રીતે ઓળખી ગયા હશે એટલે એમણે પણ વૈભવીને પટાવીને શાંત કરવાનો પ્રયત્ન કર્યો.

એમની વાત ખોટીય નહોતી જ. અભય જેવો જમાઈ ભાગ્યે જ કોઈને મળી શકે. એના સંસ્કાર, એની સમજદારી, એનું સદ્વર્તન અને વૈભવીને સહન કરતા રહેવાની એની સહિષ્ણુતા એમણે આટલાં વર્ષો દરમિયાન અવારનવાર જોઈ જ હતી...

વૈભવીનો ઉશ્કેરાટ વધતો જતો હતો. આજે જાણે એનું એક પણ પત્તું સીધું પડતું નહોતું.

'ભાભી, શું કામ ઉશ્કેરાવ છો આટલાં બધાં?'

જાનકીએ એક છેલ્લી વાર એને સમજાવવાનો પ્રયાસ કર્યો.

'માઇન્ડ યૉર ઓન બિઝનેસ, મારી વાતમાં તારે પડવાની કોઈ જરૂર નથી. વસુમા આવે એટલે હું એમને કહેવાની છું આ બધું જ.'

'આ બધું એટલે શું બધું?' જાનકીએ પૂછ્યું.

'અચ્છા! તો એમ કરીને તારે જાણવું છે... સ્વભાવ નહીં છૂટે પંચાતનો...' વૈભવી ઊભી થઈ:

'એક વાત યાદ રાખજે, હું સાસુમાને પણ એવી સ્થિતિમાં મૂકી દઈશ કે એમનો મારો પક્ષ લીધા વિના છૂટકો ન રહે. સૂર્યકાંત મહેતાની હાજરીમાં પોતાના છોકરાઓના પ્રકરણો ખુલ્લાં પડે એવું સાસુમા પણ નહીં જ ઇચ્છે પછી મ્લાન હસીને ઉમેર્યું:

'છેક અમેરિકાથી પોતાની જીત જોવા બોલાવ્યા છે... એમની સામે હારવું નહીં જ ગમે સાસુમાને!'

'હાર-જીત-પ્રકરણો-હિસાબ-કિતાબ... આ કઈ ભાષા વાપરો છો ભાભી? મા આ બધાથી પર છે. એમને કંઈ ફરક નહીં પડે.'

'એ તો પડશે ખબર. એ આવે એટલી વાર છે.'

વૈભવી સામે ઝેર ઓકતી નજરે જોઈને સડસડાટ ઉપર ચડી ગયેલો અભય સીધો બાથરૂમમાં જતો રહ્યો. એણે કપડાં ઉતારીને ડ્રેસિંગ રૂમમાં ફેંક્યા અને શાવર ચાલુ કરીને ખાસ્સી વાર એમ જ ઊભો રહ્યો. શરીર પર પડતું પાણી એના મનમાંથી નીચે બનેલી ઘટનાના ઝેરને ધોઈ રહ્યું હતું.

વૈભવી શું મારી ફરિયાદ કરે? આજે મા આવે એટલે હું જ ફેંસલો કરી નાખીશ. બધાને બેસાડીને પ્રિયા સાથેના મારા સંબંધોની વાત કહી દઈશ.

શાવર બંધ કરીને એણે ટોવેલ હાથમાં લીધો: સારું છે, આદિત્ય એના દોસ્તને ત્યાં રોકાવાનો છે ને લજ્જા પાર્ટીમાંથી મોડી આવવાની છે. છોકરાઓની ગેરહાજરીમાં આજે જ આ વાત થઈ જાય તો દૂધનું દૂધ ને પાણીનું પાણી...

સફેદ લખનવી ઝભ્ભો અને લેંઘો પહેરીને અભયે વાળ ઓળતાં પોતાની જાતને અરીસામાં જોઈ. બેતાળીસ પૂરાં થવા છતાં વાળની સફેદી સિવાય અભય ખાસ્સો યુવાન દેખાતો હતો. રિમલેસ ચશ્માં એને એક આભા

આપતાં હતાં. એની ઉંમરના બધા જ સહકાર્યકરો કે મિત્રોનું પેટ બહાર નીકળી આવ્યું હતું. શરીરનો આકાર જોવો ગમે એવો નહોતો રહ્યો એ બધાનો, પણ અભય હજુય ચુસ્ત દેખાતો હતો. એના પહોળા ખભા અને કમરની વચ્ચે આજે પણ વી-શેપ ચોખ્ખો દેખાતો હતો. એની છાતીના વાળ, મજબૂત બાવડાં એના પુરુષત્વની પ્રતિભામાં ઉમેરો કરતાં હતાં. હા, સહેજ ભીનેવાન હતો અભય, પણ એનાથી તો એ વધુ હેન્ડસમ દેખાતો હતો!

મને આજ સુધી મારા પોતાના વિશે કેટલી બધી વાતો નથી સમજાઈ. આ છોકરી પ્રિયા, જેણે મારી જિંદગીમાં આવીને મારી જાત સાથે મારી ઓળખાણ કરાવી. મારા પોતાના તરફ ઊઘડતી મારા મનની બારીને મેં સમય અને સંજોગોની થપાટો સામે બંધ કરી દીધી હતી. પ્રિયાના આવવાથી ખુલ્લી હવાની લહેરખી આવી છે મારી જિંદગીમાં હું એ છોકરીને ખોવા નથી માગતો. બીજું કંઈ નહીં તો માત્ર સ્વીકાર તો આપી જ શકું એને... એને સમ્માન આપવું એ મારી ફરજ છે અને હું એને એ સમ્માન આપીશ.

અભયે નક્કી કર્યું પછી નિરાંતે પલંગમાં આડા પડીને એક પુસ્તક ખોલ્યું. હજી તો માંડ બે પાનાં વાંચ્યાં હશે કે ધડામ કરીને રૂમનો દરવાજો ખૂલ્યો. હું નીચે રડું છું અને તમે અહીં નાહી-ધોઈને આરામથી વાંચો છો?'

'મેં તને રડવાનું કહ્યું નથી.'

અભયે પુસ્તકમાંથી નજર ખસેડ્યા વિના કહ્યું.

'તમે પેલી પ્રિયાને ત્યાં હતા કે નહીં?'

વૈભવીએ એવી રીતે પૂછ્યું જાણે એને ખાતરી હોય કે અભય ના જ પાડવાનો છે.

'જુઠ્ઠું નહીં બોલતા. બાકી, તમે મને ઓળખતા નથી.'

'હા, ત્યાં જ હતો.'

વૈભવી સામે પછી એણે એવી રીતે જોયું જાણે કહેતો હોય કે તને મારાથી વધારે કોણ ઓળખે છે?

'મારી બહેનપણીએ તમને ત્યાં ગાડી પાર્ક કરતાં જોયા હતા. એનો ફોન આવ્યો એટલે મને થયું જ કે તમે ત્યાં ગયા હશો. પહેલાં મને લાગ્યું કે કોઈ કામે ગયા હશો... પછી મેં બે વાર તપાસ કરાવી. તમારી ગાડી ત્યાં જ હતી...' વૈભવીએ શેરલોક હોમ્સની અદાથી કહ્યું.

'તો શું?'

આ આખીય વાત જાણે નિરર્થક બકવાસ હોયે એમ અભયે હજીય નજર પુસ્તકમાંથી હટાવી નહોતી.

વૈભવીએ પુસ્તક ખેંચી લીધું:

'કેમ ગયા હતા ત્યાં?'

'એક પરણેલો પુરુષ એક કુંવારી સ્ત્રીને ત્યાં કેમ જાય, વૈભવી? અને એ પણ આખો રવિવાર ત્યાં જ ગાળવાનું કેમ પસંદ કરે?'

અભયની આંખોમાં આરપાર ઊતરી જાય એવી ધાર હતી:

'સેલ ફોન પણ બંધ કરીને...'

'હું... હું... ખૂન કરી નાખીશ.'

'મારું?'

'ના, એ... એ... નીચ છોકરીનું. મારા પતિને મારી પાસેથી છીનવી જનારને હું નહી છોડું'

'એથી તને હું નહીં મળી જાઉં. હું ઘણે દૂર નીકળી ગયો છું, વૈભવી.'

'હજી... હજી હમણાં તો તમે મારી સાથે...'

વૈભવીના અવાજમાં અચાનક જ એક ખાલીપો, એક નરમાશ ભળી હતી, જે અભયથી છાની ન રહી.

'ભૂલી ગયા અભય, કેટલો પ્રેમ કર્યો હતો તમે મને... હજી ગયા અઠવાડિયાની વાત છે.'

'એને પ્રેમ ન કહેવાય વૈભવી, શરીરસુખ કહેવાય. ફરજના ભાગ રૂપે એ થઈ ગયું મારાથી, પણ હવે વાત નીકળી જ છે તો સાંભળી લે કે મારી ફરજોમાં એ નથી આવતું આજ પછી.'

વૈભવી ઝપટી પડી અભય પર. એનો ઝભ્ભો પકડીને એને ઊભો કરવાનો પ્રયાસ કર્યો. પાતળો લખનવી ઝભ્ભો ચિરાઈ ગયો.

'તમે કહેવા શું માગો છો?'

'હું પ્રિયાને ચાહું છું.'

ડઘાયેલી વૈભવી ખાસ્સી વાર સુધી અભયની સામે જોતી રહી. કશું બોલી ન શકી, પણ એના ચહેરા પર કેટલાય ચડાવ-ઉતાર આવી ગયા. અભયને લાગ્યું કે એ વાત સ્વીકારવાનો પ્રયાસ કરે છે, પણ અચાનક વૈભવીએ અભયના ચિરાયેલાં ઝભ્ભાને કારણે ખૂલી ગયેલી છાતી પર માથું મૂકીને એને લપેટી લીધો. અભયની છાતી પર, ગળા પર, હોઠ પર, કાનની બૂટ પર એણે અંધાધૂંધ ચુંબન કરવા માંડ્યાં.

'શું કરે છે?'

અભયે એને રોકવાનો પ્રયાસ કર્યો. ચિરાયેલો ઝબ્બો વૈભવીએ આખો જ ફાડી નાખ્યો.

'તમે મારા છો, મારા સિવાય કોઈના નહીં.'

વૈભવીના બન્ને હાથ પકડીને અભયે એને સહેજ ધક્કો મારી પોતાનાથી દોઢેક ફૂટ દૂર પકડી રાખી... એના પર ઝૂકવા માટે ઘણું બળ વાપર્યું વૈભવીએ, પણ અભયના વિરોધ સામે એ લાચાર થઈ ગઈ.

'તમે.. તમે પ્રિયાને નથી ચાહતા.'

'વૈભવી, હું પ્રિયાને ચાહું છું એ જ સત્ય છે અને એ સત્ય હું હમણાં નીચે જઈને બધાંની વચ્ચે કહેવાનો છું.'

'શા માટે? તમે એની સાથે લગ્ન કરવાના છો?'

'લગ્ન?' અભયના ચહેરા પર કડવું સ્મિત આવી ગયું.

વૈભવીના હાથ છોડીને એ ઊભો થયો. એણે ચિરાયેલો ઝભ્ભો કાઢીને ખૂણામાં ફેંકી દીધો. માત્ર પાયજામાભેર ઊભેલો અભય ખરેખર પૌરુષત્વથી સભર લાગતો હતો. વૈભવી દોડીને એને પાછળથી વળગી પડી. એણે પોતાના હાથ અભયની છાતી પર મૂક્યા અને પીઠ પર ચુંબન કર્યું, બહુ જ હળવેથી, પણ અભયે એનો હાથ કાઢી નાખ્યો, અદબ વાળી અને વૈભવીની સામે ફર્યો:

'વૈભવી, આપણાં લગ્નએ શું સુખ આપ્યું આપણને? મારો તો લગ્નમાંથી વિશ્વાસ ઊઠી ગયો છે અને હવે આ ઉંમરે મારે લજ્જાનાં લગ્નનો વિચાર કરવાનો હોય, મારાં નહીં.'

'હું જાણું છું... તમે અત્યારે ગુસ્સામાં છો.'

વૈભવી આગળ વધી, પણ અભય બે ડગલાં પાછળ ખસી ગયો.

'પણ તમે શાંત થશો એટલે...'

'હું આજે અને હમણાં જેટલો શાંત છું એટલો પહેલાં ક્યારેય નહોતો, વૈભવી.'

અભયે ડ્રેસિંગ રૂમ તરફ જતાં હળવેથી કહ્યું. કબાટ ખોલીને બીજો ઝભ્ભો કાઢી પહેરતાં એણે વૈભવી સામે જોયું:

'અને તું પણ હવે શાંત થઈ જા, કારણ કે પ્રિયા આપણી જિંદગીનું સત્ય છે અને એ પોતે જવા ઇચ્છે તો પણ મારી જિંદગીના અંતિમ શ્વાસ સુધી હવે હું એને નહીં ભૂલી શકું.'

અભય બોલતો હતો ત્યારે વૈભવી એક એક ડગલું પાછળ ખસતી હતી. દીવાલનો આધાર લઈને ઊભેલી વૈભવી આખરે જમીન પર ફસડાઈ પડી. દીવાલને અઢેલીને બેઠી બેઠી એ નિઃશબ્દ રડવા લાગી.

પોતે તદ્દન હેલ્પલેસ છે એવી લાગણી અભયને થઈ આવી. એ ઇચ્છતો હતો કે એના આટલાં વર્ષના લગ્નજીવનમાં એ ક્યારેય નથી વર્ત્યો એ રીતે એણે વૈભવી સાથે ન જ વર્તવું પડે, પરંતુ આજે રૂપગર્વિતા, અભિમાન અને અહમ્નો સાક્ષાત્ અવતાર, ચેસની માહેર ખેલાડી વૈભવી એની સાથે જમીન પર બેસીને રડતી હતી... અને એ કંઈ જ કરી શકતો નહોતો!

વૈભવી ક્યાંય સુધી બેસીને રડતી રહી. અભય ગૅલરીમાં ગયો અને સિગારેટ પીધી. પાછા આવીને નાના રેફ્રિજરેટરમાંથી વૈભવીને પાણી આપ્યું. એણે પીધું નહીં, પરંતુ અભય ત્યાં જ ઊભો રહ્યો. ખાસ્સી વાર સુધી રડ્યા પછી વૈભવી ઊભી થઈ. બાથરૂમમાં ગઈ. મોઢું ધોયું, વાળ સરખા કર્યા અને અભયની સામે જોયા વગર ઓરડાની બહાર નીકળી ગઈ.

*

વસુમા અને સૂર્યકાંત અંજલિ અને રાજેશને ડિસ્ટર્બ કર્યા વિના હૉસ્પિટલના રૂમમાંથી ચૂપચાપ બહાર નીકળી આવ્યાં હતાં.

વસુમાની આંખો ભીની થઈ ગઈ હતી એ સૂર્યકાંતે જોયું.

આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યાં હતાં. સૂર્યકાંતે એક પસાર થતી ખાલી ટૅક્સીને હાથ બતાવ્યો.

'ચાલીને જવાય એટલે તો ઘર છે...'

'પણ મારે ટૅક્સીમાં જવું હોય તો?'

સૂર્યકાંતના ચહેરા પર તોફાની સ્મિત હતું. વસુમા હળવું સ્મિત કરીને ઊભી રહેલી ટૅક્સીમાં બેસી ગયાં.

'જૂહુ હો કર વિલે પાર્લે સ્ટેશન.'

ટૅક્સી વાળાએ પાછળ ફરીને સૂર્યકાંત સામે જોયું. જુવાન હૈયાં મુંબઈની ભીડમાં એકાંત શોધવા આવી રીતે ટૅક્સી કરે એની કદાચ ટૅક્સી વાળાને નવાઈ ન લાગે, પણ આ બન્નેની ઉંમર જોતાં એને ખરેખર નવાઈ લાગી. કંઈ બોલ્યા વિના એણે મીટર ડાઉન કર્યું. ટૅક્સી મુંબઈના રસ્તાઓ પરથી સડસડાટ પસાર થવા લાગી.

સૂર્યકાંત હળવા અવાજમાં કંઈક ગણગણી રહ્યા હતા.

વસુમા જરા નવાઈથી એમની સામે જોઈ રહ્યાં.

સુહાના સફર ઔર યે મૌસમ હસીં...

સૂર્યકાંત આટલું બોલીને હસી પડ્યા. બહાર વાદળો ઘેરાયાં હતાં. વરસાદ ગમે ત્યારે તુટી પડે એવું હતું એટલે ટૅક્સી કરવાની વાતનો વસુમાએ વિરોધ નહોતો કર્યો, પણ આ ફરીને જવાની વાત આવી ત્યારે વસુમાને જરાક આશ્ચર્ય થયું. જો કે એમણે એનો પણ વિરોધ ન કર્યો.

અંજલિ હવે આરામમાં હતી. જે થવાનું હતું એ થઈ ચૂક્યું હતું. રાજેશ અને અંજલિની એકબીજા સાથેની વાત સાંભળ્યા પછી વસુમાને થોડી શાંતિ પણ થઈ હતી.

જિંદગીનાં કેટલાય વર્ષો એમણે ઘડિયાળના બે કાંટાની વચ્ચે બંધાઈને કાઢી નાખ્યાં હતાં. હવે એક એવો સમય હતો એમના જીવનમાં કે કોઈ જવાબદારી એમને ક્યાંય ખેંચતી નહોતી. એમનો સમય આજ સુધી ફક્ત બીજાઓનો હતો, બીજાઓ માટે હતો.

હરિદ્વારથી શ્રાદ્ધ કરીને આવ્યા પછી પહેલી જ વાર એમને લાગતું હતું કે જાણે સમય થંભી ગયો છે. એ નિરાંતે પગ વાળીને થંભી ગયેલા સમય સાથે ઘડીભર ગોષ્ઠિ કરી શકે એવી સ્થિતિ આવી પહોંચી હતી.

રોજરોજ સૂરજની સાથે ઊગીને આથમવાનો એમનો નિત્યક્રમ હવે જાણે એમની મરજી પ્રમાણે ચાલવા લાગ્યો હતો.

નાણાવટી હૉસ્પિટલથી ઘેર આવતાં ટૅક્સીમાં આખા રસ્તે સૂર્યકાંત એક પણ અક્ષર બોલ્યા વિના વસુમાનો હાથ પકડીને બેસી રહ્યા હતા.

એમના હાથમાંથી વહી રહેલા લાખો-કરોડો શબ્દો વસુમાની હથેળી પર એ બધું જ લખી રહ્યા હતા, જે પચ્ચીસ વર્ષ દરમિયાન એમણે પોતાની ભીતર સંઘરી રાખ્યું હતું. કોણ જાણે કેમ વસુમાનેય જાણે આજે ઘણાં

વર્ષો પછી પોતાના હાથનો એટલો ટુકડો સજીવ-ધબકતો થઈ ગયો હોય એવું લાગ્યું હતું.

પોતે લગ્ન કરીને આવ્યાં ત્યારથી શરૂ કરીને ચાર-ચાર સંતાનની મા બન્યાં ત્યાં સુધી એમના સહવાસ દરમિયાન કોઈ દિવસ સૂર્યકાંતના સ્પર્શમાં એમણે આવી ઉષ્મા, આવી લાગણી નહોતી અનુભવી.

પતિ-પત્નીના સંબંધોથી આગળ જઈને કશું ખૂબ ભીનું. કશું ખૂબ મમતામય અને ખૂબ પોતીકું હતું એ સ્પર્શમાં.

આને જ પ્રેમ કહેતા હશે?

વસુમાના મનમાં વિચાર આવ્યો. વિચારની સાથે જ એમના ચહેરા પર એક હળવું શરમાળ સ્મિત ધસી આવ્યું. એમના શરીરમાંથી એક થરથર્રાટ પસાર થઈ ગયો. કદાચ એ ધ્રુજારી એમના હાથમાંથી સૂર્યકાંતના હાથ સુધી પહોંચી હશે એટલે અન્યમનસ્કની જેમ બેઠેલા સૂર્યકાંતે એમના ચહેરા સામે જોયું.

'શું વિચારે છે?'

વસુમાના ચહેરા પર એક અજબ સોળ વર્ષની કન્યા જેવું શરમાળ સ્મિત જોઈને સૂર્યકાંતને નવાઈ લાગી.

'કંઈ નહીં.' વસુમાએ કહ્યું અને મુક્ત મને હસી પડ્યાં.

'હું કેટલો બદલાયો છું એમ વિચારે છે ને?'

સૂર્યકાંતના સવાલ સાંભળીને વસુમાની આંખો રમતિયાળ થઈ ગઈ.

'આપણે બન્ને બદલાયાં છીએ.'

'કોઈ નથી બદલાયું, આપણો સમય બદલાયો છે, વસુ, નહીં તો એ જ તું, એ જ હું, પણ આજે લાગણીનું જે ઝરણું આપણી વચ્ચે વહી રહ્યું છે એવું પહેલાં ક્યારેય કેમ નથી થયું? આજે આ સ્પર્શમાં જે સુખ, જે શાતા છે એ આજથી પહેલાં કેમ...'

વસુમાની આંખોમાં એક જ પળમાં કંઈકેટલાય રંગ આવીને ચાલી ગયા. એમનું ગૌરવ, એમની ગરિમા, એમની ઠાવકાઈ - બધાંને પાછળ હડસેલીને એક નખશિખ નરીનીતરી સ્ત્રી એમની આંખોમાં ઊતરી આવી:

'કાંત, ત્યારે સ્પર્શ એ તરસ હતી, તરફડાટ હતો. ત્યારે સ્પર્શ એ શરીરની ભાષા હતી.'

'અને હવે?'

'હવે સ્પર્શ આત્માની ભાષા છે, કાંત. જે વાત આપણે એકબીજાને શબ્દોથી નથી કહી શકતાં એ વાત હવે સ્પર્શ કહે છે.'

'એમ?'

સૂર્યકાંતે વસુંધરાની આંખોમાં જોયું, વસુમાની આંખો ઢળી ગઈ.

'કઈ છે એ વાત?'

સૂર્યકાંતની આંખોમાં સહેજ તોફાન, સહેજ વહાલ, સહેજ લાગણી અને કંઈક એવું હતું, જેનાથી વસુંધરાની આંખોમાં સુરૂર છવાઈ ગયો.

'શબ્દોમાં નથી કહી શકતા એટલે તો સ્પર્શનો...'

વસુમાએ વાત ટાળવાનો શરમાળ પ્રયાસ કર્યો.

'વસુંધરા, આટલાં વર્ષોમાં આપણે આટલાં નિકટ ક્યારેય ન આવી શક્યાં. હું આજે જે અનુભવું છું તારા માટે એ પહેલાં ક્યારેય કેમ ન જન્મ્યું આપણી વચ્ચે?'

સૂર્યકાંતના અવાજમાં એક ભોળા શિશુનું કુતૂહલ હતું.

'સાચું કહી દઉં, કાંત?'

ઘડીભર પહેલાંની શરમાળ, લજામણીના છોડ જેવી વસુ ફરી એક વાર ઠાવકાઈનો આંચળો ઓઢીને બેસી ગઈ:

'ત્યારે હું તમારી પત્ની હતી. ત્યારે તમે મને તમારાથી જુદી...'

એક ઊંડો નિઃશ્વાસ નાખીને ઉમેર્યું:

'તમારાથી નીચી સાબિત કરવાનો પ્રયાસ કરતા હતા. હું ફક્ત એક સ્ત્રી હતી તમારા માટે. મનથી અને શરીરથી પણ...'

સૂર્યકાંત એકીટશે જોઈ રહ્યા હતા. વસુમા અટક્યા વિના એમની આંખોમાં જોઈને બોલતાં હતાં:

'આજે તમે મને તમારી સમકક્ષ, તમારી સમોવડી ગણવા તૈયાર થયા છો કદાચ. આજે તમારો સ્નેહ તમારા સમ્માનમાં ઝબોળાઈ ને આવે છે. કદાચ એટલે જ મારે માટે એનો સ્વીકાર સહજ બન્યો છે.'

'વસુ, તને લાગે છે કે હવે આવનારાં વર્ષો આપણે સાથે ગાળી શકીશું?'

'કાંત, સમ્માન સ્નેહની પહેલી સીડી છે. આપણે આવનારાં વર્ષો સાથે ગાળીશું કે નહીં એ તો સમય નક્કી કરશે, પણ આપણે જેટલો સમય સાથે ગાળીશું એટલો સમય શ્વાસ જેટલો સાચો અને સુખથી સભર હશે એની મને ખાતરી છે.'

ટૅક્સી જૂહુના દરિયાકિનારાની સામે ઊભી હતી. જૂહુની ચોપાટી રવિવારની સાંજના સહેલાણીઓથી ઊભરાતી હતી. સૂર્યકાંત ઘડીભર એ તરફ જોઈ રહ્યા. પછી એમણે વસુમાનો હાથ છોડ્યા વિના પૂછ્યું:

'બેસીએ થોડી વાર?'

જવાબ આપ્યા વિના વસુમાએ ટૅક્સીવાળા ને પૂછ્યું: 'કિતના હુઆ?'

બન્ને જણ ચાલતાં ચાલતાં એક આડા પડેલા નાળિયેરના ઝાડના થડ પર ગોઠવાયાં. આ વિસ્તારમાં પ્રમાણમાં ઓછી ભીડ હતી. પાછળનાં મકાનોના પડછાયાના અંધકારમાં થોડે થોડે દૂર યુગલો એકબીજામાં લપાઈને બેઠાં હતાં. નાળિયેરનું ઝાડનું આડું પડેલું આ થડ કદાચ થોડા વધુ પ્રકાશમાં હતું એટલે અહીં કોઈ બેઠું નહોતું.

બન્ને ખાસ્સી વાર મૌન બેસી રહ્યાં. વસુમાએ કહેલી વાત પર સૂર્યકાંતના મનમાં ગડમથલ ચાલતી હતી. ખાસ્સી વાર જાત સાથે સારાં એવા સવાલ-જવાબ કર્યા પછી સૂર્યકાંતે ધીમેથી પૂછ્યું:

'અમેરિકા આવીશ મારી સાથે?'

ચૂપચાપ દૂર દરિયાને તાકી રહેલાં વસુમાએ નજર ફેરવ્યા વિના ક્ષિતિજ તરફ જોતાં ધીમા અવાજે સૂર્યકાંતને કહ્યું:

'આપણી દિશાઓ ફંટાઈ ગઈ છે ક્યારનીય... તમે મને એકલી મૂકીને જે દિવસે ગયા એ દિવસથી આપણી દુનિયા અલગ થઈ ગઈ.'

'પણ હું તો આવ્યો ને પાછો? તારી દુનિયામાં, તમારી પાસે.'

'એની ક્યાં ના છે, પણ કાંત, આ દુનિયા મારી એકલીની નથી. તમે તમારી પોતાની દુનિયામાં પાછા ફર્યા છો... ને એ પણ તમારા માટે.'

'એમ તો એમ, હવે તું ચાલ, મારી દુનિયામાં, મારી સાથે...'

'કાંત, ગુસ્સે નહીં થતા... અને માઠુંય નહીં લગાડતા, પણ આપણી દુનિયા ખરેખર જુદી છે. મારી દુનિયામાં તો તમારા માટે એક જગ્યા સતત ખાલી રહી... રહી શકી, કારણ કે તમારાં સંતાનો - તમારો અંશ મારી પાસે, મારી સાથે ઊછરતો રહ્યો. તમે ભલે ચાલી ગયા, પરંતુ અતિ બનીને, પ્રતીક્ષા બનીને, આલબમ અને ભીંત પરની તસવીર બનીને તમે સતત અમારી સાથે રહ્યા.'

સૂર્યકાંત ધીરજથી સાંભળતા રહ્યા વસુમાને. આમ જુઓ તો એ સાચું જ કહેતાં હતાં. વસુમાએ આગળ કહ્યું:

'તમારી દુનિયામાં હું ક્યારેય નહોતી. કોઈ પણ સ્વરૂપે નહોતી જ.'

સૂર્યકાંત કંઈક બોલવા ગયા, પણ વસુમાએ રોક્યા એમને:

'મારી વાત સાંભળી લો, કાંત. આજે આ ક્ષણે આ વાત કહેવાની મારી હિંમત છે, કાલે કદાચ ન પણ હોય.'

'વસુ, ખરું પૂછે તો આપણી દુનિયા અલગ ક્યારેય નહોતી.'

સૂર્યકાંતે જરાક ઇમોશનલ - ગળગળા થઈને કહ્યું:

'હું ક્યાંય પણ ગયો, તારા સુધી પહોંચ્યો કે નહીં, તું સતત પહોંચતી રહી મારા સુધી' પછી થૂંક ગળે ઉતારીને કહ્યું:

'તું માને કે ન માને.'

'ન શું કામ માનું?' વસુમાએ સૂર્યકાંતના ખભે હાથ મૂક્યો:

'કદાચ એટલે જ અમારી દુનિયામાં તમારી જગ્યા સતત ખાલી રહી. મારા અસ્તિત્વમાં એક અગત્યનો ભાગ તમારી સાથે ચાલી ગયો અને એટલે જ મને ક્યારેય મારા અસ્તિત્વના એ ભાગ વિશે વિચાર જ ન આવ્યો.'

‘કયો ભાગ, વસુ?’ સૂર્યકાંતે પૂછ્યું.

‘સ્ત્રી હોવાની, પત્ની હોવાની મારી આખીય લાગણી તમે તમારી સાથે લઈ ગયા, કાંત... અહીં તો એક મા જ રહી ગઈ હતી. જેને માટે એનાં સંતાનોના ભવિષ્યની આગળ બીજી કોઈ જરૂરિયાતો ટકી શકી નહીં.’

વસુમાનું ગળું ભરાઈ આવ્યું હતું:

‘તમે તે દિવસે પૂછ્યું હતુંને મને કે કોઈ પુરુષે મારામાં રસ કેમ નહીં લીધો હોય? પણ કાંત, અત્યારે તમને કહેતાં કહેતાં મને પણ સમજાય છે કે મને મળનાર દરેક પુરુષને મારામાં એક મા જ ધબકતી દેખાઈ હશે. એક સ્ત્રી એમને શોધવા છતાંય નહીં જડી હોય કદાચ.’

બન્ને ફરી એક વાર મૌન થઈ ગયાં. આવતા-જતા લોકો, ફુગ્ગા લઈને દોડી જતાં બાળકો, પસાર થઈ જતાં ઘોડા અને ઊંટ, નાળિયેરપાણીવાળા, ખારી સીંગવાળા, કૉફી અને સમોસાં વેચનારા ફેરિયા એમની પાસે આવતા, ઘડીભર ઊભા રહેતા અને જાણે એમના મૌનને ખલેલ ન પહોંચાડવા માગતા હોય એમ ત્યાંથી ચૂપચાપ પસાર થઈ જતા.

ખાસ્સીવાર એમ જ ચૂપચાપ બેસી રહ્યાં પછી હળવેથી સૂર્યકાંતે વસુમા તરફ જોઈને પૂછ્યું:

‘વસુ, હવે તારી જિંદગીમાં મારી કોઈ જગ્યા નથી? આ ઘડીભર પહેલાં ટૅક્સીમાં અનુભવેલો સ્પર્શ ખોટો તો નહોતો જ...’

‘નહોતો જ, કાંત. ફરી કહું છું કે મારી જિંદગીમાં તો તમારી જગ્યા સતત ખાલી જ રહી. હવે તમારી જિંદગીમાં મારી જગ્યા થતી જાય છે કદાચ.’

વસુમાનો અવાજ ફરી સંયત થઈ આવ્યો હતો. સમુદ્રકાંઠાની ફરફરતી હવામાં વરસાદનાં ઝીણાં ઝીણાં ફોરાં અનુભવાવા લાગ્યાં હતાં. વસુમા ઊભાં થયાં:

‘જઈશું?’

સૂર્યકાંત કશું જ બોલ્યા વિના ઊભા થયા. એમણે ફરી વાર વસુંધરાનો હાથ પકડી લીધો. બન્ને એકબીજાનો હાથ પકડીને રેતીની ચાદરની બહાર નીકળી આવ્યાં. ફરી ટૅક્સી ઊભી રાખીને એમાં ગોઠવાયાં. ઘર સુધી કોઈ કશું જ ન બોલ્યું.

શ્રીજી વિલાની બહાર ટૅક્સી ઊભી રહી ત્યારે સૂર્યકાંતના હાથમાંથી પોતાનો હાથ છોડાવ્યા વિના વસુમાએ કહ્યું:

‘ગેરસમજ નહીં કરતા, હું સમજી શકું છું કે તમને વિચાર આવતો હશે કે તમે અહીં સુધી શા માટે આવ્યા?’

‘એવું તો નહીં, વસુ, પણ...’

‘પણ શું, કાંત? તમે અહીં મારી જિંદગીમાંથી ખોવાયેલો-ભુલાયેલો એક ભાગ પાછો લઈને આવ્યા છો. મારે મારું સ્ત્રીત્વ અનુભવવું હતું, કાંત! મારી આંખો મીંચાય અને શ્વાસ અટકી જાય એ પહેલાં સ્પર્શની આ ભાષા ઉકેલવી હતી મારે... આટલાં વર્ષો એક સાચો સ્નેહાળ સ્પર્શ પામવા ઝંખતી રહી હું.’

ઊંડો શ્વાસ લઈ, થૂંક ઉતારી, આંખો મીંચીને એમણે કહ્યું:

'પુરુષત્વનો સાચો સ્પર્શ!'

'હવે તો સમજાવા લાગી છે આ ભાષા આપણને બન્નેને. હું પ્રયત્ન કરીશ વસુ, કે તને વીતેલાં વર્ષો સરભર કરી આપું...'

'કોઈ હિસાબ કરવાનો સમય નથી આ. ચાલો, ઘર આવી ગયું.' કહીને ઊતરી ગયાં વસુમા.

સૂર્યકાંતને વાત અધૂરી રહી ગયાનો અફસોસ અકળાવી ગયો:

આટલાં વર્ષો આ સ્ત્રી સાથે જીવતાં મેં ક્યારેય વાતચીતનો પુલ બાંધવાનો આવો પ્રયાસ નહોતો કર્યો અને આજે જ્યારે હું સાગર પર સેતુ બાંધવાનો સંનિષ્ઠ પ્રયાસ કરી રહ્યો છું ત્યારે મારા તમારા પથ્થરો ડૂબી કેમ જાય છે?

ટૅક્સીના પૈસા ચૂકવીને એ વસુમાની પાછળ પાછળ ઘરમાં દાખલ થયા ત્યારે ડ્રોઇંગ રૂમમાં બેઠેલી વૈભવીને જોતાં જ એમને બનનારી ઘટનાનો અંદાજ આવી ગયો. વૈભવીની આંખો રહેલી હતી. ચહેરો ઊતરેલો અને લાલ લાલ થઈ ગયો હતો. એ જે રીતે બેઠી હતી એ જોતાં જ કશું અસામાન્ય બન્યું હોવાનો અણસાર આવતો હતો.

સામાન્ય રીતે વૈભવી આમ જાહેરમાં ઊતરેલું મોઢું લઈને બેસે જ નહીં આટલાં વર્ષોમાં એનો આવો ચહેરો વસુમાએ ક્યારેય નહોતો જોયો.

વસુમાને જોતાં જ એ સોફામાંથી ઊઠીને એમના તરફ દોડી. વસુમા કંઈ સમજે એ પહેલાં એમને એ ભેટી પડી:

'માઆઆઆઆ...'

'જાનકી, વૈભવીને પાણી આપજો'

વસુમાનો અવાજ આશ્ચર્યજનક રીતે સ્વસ્થ અને સંયત હતો:

'રડવાથી વાતનો ઉકેલ નહીં આવે. બેસો વૈભવી, આપણે વાત કરીએ.'

* * *

35

'મા...'

વૈભવીનું રડવાનું હજુ ચાલુ જ હતું. સૂર્યકાંતને ખૂબ નવાઈ લાગી હતી આ આખીય પરિસ્થિતિ જોઈને.

રોજરોજ આ અને આવા કેટલા પ્રશ્નોમાંથી પસાર થઈ હશે મારી વસુ! એમને વિચાર આવી ગયો:

એક પુરુષ ઘરમાં નથી હોતો ત્યારે એક મા પર કેટલી બધી જવાબદારી આવી પડતી હોય છે. ચાર-ચાર સંતાનને અને એમની બદલાતી ઉંમરના પ્રશ્નોને કઈ રીતે ઉકેલ્યા હશે વસુએ - એકલે હાથે?

એમની નજર સામે રોહિતનો ચહેરો તરવરી રહ્યો.

પોતે તો એ એક સંતાનને પણ બરાબર સાચવી નહોતા શક્યા અને એ પણ આટલી બધી સગવડો અને કોઈ જાતની આર્થિક જવાબદારી ન હોવા છતાં. અહીં તો ખાવાથી શરૂ કરીને જીવવા સુધીના બધા જ પ્રશ્નોના જવાબ વસુંધરા આપતી રહી હતી...

એમના વિચારોની કડી તુટી, જ્યારે એમણે વૈભવીનો ફરી મોટેથી રડવાનો અવાજ સાંભળ્યો.

'રડો નહીં વૈભવી, શું થયું છે એ કહો.'

વસુમાએ જાનકીનો લાવેલો પાણીનો પ્યાલો વૈભવી તરફ આગળ કર્યો.

'મને શું કામ પૂછો છો? પૂછો તમારા દીકરાને.'

'એને પણ પૂછીશ, પણ ફરિયાદ તમે કરી છે અને દુ:ખી પણ તમે જ વધુ દેખાવ છો એટલે તમને પૂછું છું.'

'બોલાવો અભયને...'

'બોલાવવાની જરૂર નથી. હું અહીં જ ઊભો છું.'

અભય ધીમે ધીમે સીડી ઊતરવા લાગ્યો.

જાનકી જાણે કોઈ નહીં સમજાતાં ભાવથી ધ્રૂજી ગઈ. સામાન્ય રીતે અભયને સૌએ ચૂપ રહેતો કે જવાબ આપ્યા વિના ચાલી જતો જોયો હતો. આટલાં વર્ષોમાં જાનકીએ પહેલી વાર અભયને આમ હિંમતથી આવીને પરિસ્થિતિનો સામનો કરતાં જોયો.

અત્યાર સુધી પોતાના ઓરડામાં બેસી રહેલો અજય પણ અભયનો અવાજ સાંભળીને બહાર આવ્યો. વૈભવીના તાયફા પાછળ ક્યારેય કોઈ ધ્યાન ન આપતું, પણ અભયના અવાજમાં આજે સાવ જુદો જ રણકો સંભળાતો હતો.

સીડી ઊતરીને અભય નીચે આવીને ઊભો રહ્યો. એણે સૌ સામે શાંતિથી નજર ફેરવી:

'બોલ વૈભવી, શું કહેવું છે તારે?'

'મારે? મારે જે કહેવું છે એ તમને ખબર નથી?'

ખરું પૂછો તો અભયનો છેલ્લા થોડા દિવસનો વર્તાવ વૈભવીના આત્મવિશ્વાસને હલાવી ગયો હતો. એમાં પણ હમણાં છેલ્લે ઉપર અભય જે રીતે વર્ત્યા અને સામેથી નીચે આવી ગયો એ પછી એનો ભય ખરેખર વધી ગયો હતો.

'ખબર છે, મને તો ખબર જ હોય ને!'

અભયના અવાજમાં જાનકીને વસુમાની સ્વસ્થતા જણાઈ આવી.

'ભાભી, બાપુ બે-ચાર દિવસ માટે આવ્યા છે. આ બધી ચર્ચાનો કોઈ અર્થ છે?'

'તમારે માટે નહીં હોય, મારે માટે જીવન-મરણનો પ્રશ્ન છે.'

પછી વસુમા સામે જોઈને વૈભવી કહે:

'લગ્નનાં આટલાં વર્ષો પછી તમારો દીકરો છાનગપતિયાં કરે છે. લફરું ચાલે છે, લફરું એનું એની સેક્રેટરી જોડે.'

શ્રીજી વિલાના ડ્રોઇંગ રૂમમાં જાણે બૉમ્બધડાકો થયો... સૌ ચૂપચાપ અભયની સામે જોઈ રહ્યાં. દરેક નજરમાં એક સવાલ હતો. ખાસ કરીને વસુમાની નજર અભયને આરપાર વીંધી ગઈ.

'ભાભી, તમે એવું કઈ રીતે કહી શકો? એ સેક્રેટરી છે, બન્ને જણે કામ માટે...'

અજયે કોઈ કારણ વગર બોલવાનો પ્રયાસ કર્યો. પછી અચાનક વસુમા સામે નજર પડતાં એ ચૂપ થઈ ગયો.

એક વજનદાર મૌન ખાસ્સી વાર સુધી ઘરમાં ઘુમરાતું રહ્યું.

અજય, જાનકી, સૂર્યકાંત અને વૈભવી સૌ જાણે અભયના જવાબની પ્રતીક્ષા કરતાં એની સામે તીક્ષ્ણ નજરે જોઈ રહ્યાં હતાં. એમની નજરનો ઉચાટ અને નહીં પુછાયેલા બધા જ સવાલો અભય માટે પીડાદાયક પરિસ્થિતિ હતા, જ્યારે વસુમા સાવ ધીરજથી અભય પોતાનો સમય લઈને શાંતિથી જવાબ આપે એની રાહ જોઈ રહ્યાં.

ખાસ્સી વાર સુધી બધાં ચૂપ રહ્યાં. પછી ફરી વૈભવીએ ફૂંફાડો માર્યો:

'હવે જવાબ નહીં આપે એ. પૂછો એમને આખી બપોર ક્યાં હતા? અહીં બહેન મરવા પડી હતી અને ત્યાં ભાઈ... કો'કની પથારીમાં...'

એના ચહેરા પરનો તિરસ્કાર અને ક્રોધ દરેક રીતે એના વર્તનમાં છલકાતાં હતા. એ ક્રોધમાં ધ્રૂજતી હતી. રડી રડીને એનો ચહેરો અને આંખો લાલ થઈ ગયાં હતાં. નાકમાં આવેલું પાણી એ વારે વારે ટિશ્યૂથી લૂછીને પાસે મૂકેલી કોથળીમાં નાખતી જતી હતી.

'તને ખાતરી છે?'

સૂર્યકાંતને લાગ્યું કે હવે કોઈએ બોલવું જોઈએ એટલે વચ્ચે પડવું અનિવાર્ય સમજીને એમણે એક સવાલ

પૂછ્યો.

'તમે તો મને નથી ઓળખતા પપ્પાજી, હું સો ગરણે ગાળીને પાણી પીઉં એવી છું. ખાતરી થયા વિના હું બોલું જ નહીં.'

પછી એ અભય તરફ ધસી ગઈ:

'આ બધાં મને પૂછે છે, તમારે કંઈ નથી કહેવું?'

'ભાભી, આપણે બધાં ઓળખીએ છીએ અભયભાઈને. આ તમારા મનનો વહેમ...'

'ના.'

અભયે જાનકીને વચ્ચે જ રોકી દીધી:

'વૈભવીની વાત સાચી છે!'

પાંચેપાંચ જણ જાણે બરફના પૂતળાં હોય એમ થીજી ગયાં. વૈભવીએ ક્યારેય નહોતું ધાર્યું કે અભય આટલી સ્વાભાવિકતાથી પોતાના આક્ષેપનો સ્વીકાર કરશે. ખરેખર તો એની પાસે પૂરતી માહિતી નહોતી. એણે અભયને ડરાવવા માટે જ પત્તું ફેંકેલું. એની બહેનપણીએ અભયની ગાડી પ્રિયાના ફ્લૅટ નીચે પાર્ક થતી જોયેલી એ સાચું... પછી વૈભવીએ ફોન કરેલો પ્રિયાને એ પણ સાચું... બાકીનું બધું વૈભવીએ મનોમન ઘડી કાઢેલું.

એણે હંમેશની જેમ ધારેલું કે આવા આક્ષેપથી અભય ડગમગી જશે. ગઈ કાલ સુધી બેડરૂમમાં થતા આવા આક્ષેપના જવાબમાં એ લાંબા લાંબા ખુલાસા આપતો... લાંબી લાંબી સાબિતીઓ આપતો. વૈભવીને મનાવતો. રડતી-કકળતી વૈભવીને વહાલ કરતો અને પછીના પંદર-વીસ દિવસ તદ્દન વૈભવીના તાબામાં રહેતો.

એના કીધે ઊઠતો, એના કીધે બેસતો એને ગમે એ અને એટલું જ કરતો. વીસ નહીં તો ઓછામાં ઓછા બારેક વર્ષનો તો આ જ અનુભવ હતો વૈભવી માટે. એણે ધાર્યું હતું કે આવો ઝઘડો ડ્રોઇંગ રૂમમાં કરવાથી થોડા દિવસથી વધી ગયેલા અભયના આત્મવિશ્વાસ પર એ સીધો ઘા કરશે... સૂર્યકાંત અને વસુમાની હાજરીમાં અભય આવા આક્ષેપો સહી નહીં શકે એટલે સાવ તૂટી જશે. પાછો પોતાની મુઠ્ઠીમાં આવી જશે, પરંતુ આજે જાણે સુકાનની દિશા ફરી ગઈ હતી. એણે ધાર્યું હતું એનાથી બધું ઊંધું જ થવા લાગ્યું હતું

બધાંના આશ્ચર્યચકિત ચહેરા પર એક સરસરી નજર ફેરવીને અભયે ફરીથી એટલા જ શાંત અને સ્વસ્થ અવાજમાં કહ્યું:

'વૈભવીની વાત સાચી છે. હું અને પ્રિયા છેલ્લાં થોડાં વર્ષથી એકબીજાને પ્રેમ કરીએ છીએ.'

પછી પહેલાં વૈભવી અને ત્યાર બાદ વસુમા સામે જોઈને ઉમેર્યું:

'તમે જે કંઈ કલ્પી શકો અથવા ધારી શકો એ બધા જ સંબંધો અમારી વચ્ચે છે અને રહેવાના છે.'

અભયના આ વાક્ય પછી જાણે કોઈને કશું કહેવાનું રહેતું નહોતું. બધાંના ચહેરા પર એક ભય, એક આતંક વ્યાપી ગયો. વૈભવી હવે શું કરશે એ વિચાર માત્રથી અજય સૌથી વધુ વિચલિત થઈ ગયો.

'અભય, આ વાત તું કોઈ ગુસ્સામાં કે રિએક્શન સ્વરૂપે નથી કહેતો ને? તારી વાત તો આપણે પછી કરીશું. તું એક છોકરીનાં ચારિત્ર્ય અને જીવન વિશે ચર્ચા કરી રહ્યો છે એનો ખ્યાલ છે ને તને?'

વસુમાએ જે રીતે આ સવાલ પૂછ્યો એ સાંભળીને સૂર્યકાંતને એના પર વારી જવાનું મન થયું. પોતાના સંતાનને નેવે મૂકીને આ સ્ત્રી એક કુંવારી છોકરીની જિંદગીની ચિંતા કરી રહી હતી!

'હું... હું નથી માનતી.'

વૈભવીનો અવાજ થરથરવા લાગ્યો હતો. એની આંખોમાં ફરી પાણી ઊભરાવા લાગ્યાં હતાં. ઘડીભર પહેલાંના ભયાનક સ્વરૂપની જગ્યાએ હવે એક સાવ નબળી-તુટી ગયેલી સ્ત્રી ઊભી હતી.

'માનવું-ન માનવું તારા પર છે. તેં બપોરે ફોન કર્યો ત્યારે હું પ્રિયાને ત્યાં જ હતો.'

'તો... તો એણે મને કહ્યું કેમ નહીં?'

'ડરે છે તારાથી.,

અભયના જવાબ ટૂંકા અને એટલા તો સાચા હતા કે હવે અજય અને સૂર્યકાંતની આંખોમાં પણ આ સત્યના ઓછાયા નો ભય દેખાવા લાગ્યો હતો:

'ગિલ્ટી ફીલ કરે છે... માને છે કે તારો સંસાર એણે ડિસ્ટર્બ કર્યો છે.

'માઆઆઆ...' વૈભવીએ રીતસરની પોક મૂકી:

'તમે એને કશું કહેતાં નથી.'

'અભય, હું ફરી પૂછું. આ જે કંઈ તું કહે છે એ સત્ય છે?'

'સંપૂર્ણ...'

વસુમા આગળ વધ્યાં. અભયના ખભે હાથ મૂક્યો:

'તો હવે શું કરવા ધારે છે તું?'

'એ નથી જાણતો.'

'કાઢી મૂકો મને અને લઈ આવો એને પરણીને આ ઘરમાં.'

વૈભવીએ હવે સાવ જુદું જ ત્રાગું કરવા માંડ્યું. એ ઊભી થઈને સીડી ચડવા લાગી:

'હું જાઉં છું મારા પપ્પાના ઘેર. જે ઘરમાં મારી જગ્યા ન હોય ત્યાં રહીને શું કરવાનું?'

રડતી-ધ્રૂસકાં ભરતી એ સીડી ચડવા લાગી.

સૂર્યકાંત અને અજયે વસુમા સામે જોયું. કેમ જાણે હવે એ જ એકમાત્ર હોય, જે આ પરિસ્થિતિનો ઉકેલ લાવી શકે.

જાનકી ઘડીકમાં વસુમા સામે તો ઘડીકમાં અભય સામે જોતી હતી. એને સમજાતું નહોતું કે આજે આ શું થવા બેઠું હતું? સવારથી જાણે દુર્ઘટનાઓની પરંપરા સર્જાઈ હતી. પહેલાં અંજલિ અને હવે અભય...

અલય વિશે તો હજુ કોઈને જાણ જ નહોતી ઘરમાં.

*

દરિયાકિનારે એકલો બેઠેલો અલય આવતી કાલના શૂટિંગ વિશે વિચારી રહ્યો હતો.

જિંદગીભર લોહી અને આંસુ સીંચીને ઊછરેલું સપનું આવતી કાલે સવારના ઊગતા સૂરજ સાથે સાકાર થવાનું હતું.

પહેલો શૉટ...

રોલ... કૅમેરા... ઍક્શન... કટ... કહેવાનો સમય આવી ગયો હતો. અભયની પોતાની ફિલ્મ આવતી કાલે સવારે ફ્લોર પર જઈ રહી હતી. એણે જેમ ઇચ્છ્યું હતું એ રીતે, જેમ ઝંખ્યું હતું બરાબર એ જ રીતે...

સાંજ ઢળી ગઈ હતી. એણે ઘડિયાળમાં જોયું. હવે ઘેર જવું જોઈએ. અલય ઊભો થયો અને પોતાની બૅગ હાથમાં લઈ ચાલતો ચાલતો 'બી' રોડની ગલીમાંથી ચર્ચગેટ સ્ટેશન તરફ આગળ વધ્યો.

સ્ટેશન પર ઊભેલા અલયનો મોબાઇલ રણકી ઊઠ્યો. એણે બૅગમાંથી મોબાઇલ કાઢીને જોયું. સામે નીરવ હતો.

'બોલ...'

'કેવી તૈયારી?'

'સારી. લગભગ બધું પતી ગયું છે. પોણા સાતે પહેલો શૉટ લેવાની ઇચ્છા છે મારી.'

'એક ન્યૂઝ છે તારા માટે...' સહેજ ખચકાયો નીરવ. પછી ઉમેર્યું:

'અંજલિ હૉસ્પિટલમાં છે.'

'વ્હૉટ?'

અલયનો અવાજ એટલો ઊંચો થઈ ગયો કે આસપાસ ઊભેલા લોકોએ એની સામે જોવા માંડ્યું. બરાબર એ જ સમયે વિલે પાર્લે ઊભી રહેનારી સ્લો ટ્રેન આવી. અલય ચડ્યો નહીં. એ થોડો પાછળ ખસી ગયો અને એણે વાત ચાલુ રાખી:

'શું થયું અંજલિને?'

'એક્સિડન્ટ.' ઊંડો નિ:શ્વાસ નાખીને નીરવે કહ્યું:

'અબોર્શન પણ...'

'ઓ, શીટ...'

અલયનો અવાજ પીગળી ગયો. બહુ લાગણી દેખાડી ન શકતા અલયને પણ એકની એક આ બહેન બહુ વહાલી હતી. અજય અને અભય પ્રમાણમાં ઘણા મોટા અને જવાબદાર હતા. અંજલિ એના બાળપણની રમતોની સાથી હતી.

ફ્રૉક ઊંચું કરીને નાક લૂછતી અંજલિ યાદ આવી એને... એને મારવા એની પાછળ દોડતી... એને માટે પોતાના ભાગમાંથી ચૉકલેટ સાચવી રાખતી અને રક્ષાબંધનના દિવસે એને વહેલો ઉઠાડી, ધક્કા મારી બાથરૂમમાં ધકેલતી અંજલિ એની નજર સામે તરવરી રહી.

'હું ઘરે જ જાઉં છું.' એણે ફરી ઘડિયાળ જોઈ:

'હૉસ્પિટલ તો હવે જવા નહીં દે. તું ક્યાં છે?'

'ન્યુ ઑબેરોય કૉફી શૉપ. આવે છે?'

'ના, તું મજા કર લક્ષ્મી સાથે. કાલે સવારે આવી જજે. 132 ના મરીન લાઇન્સ બસ સ્ટૉપની સામે.'

હવે આવેલી બીજી ટ્રેનમાં અલય ચડી ગયો.

નીરવે ફોન મૂકીને લક્ષ્મીની સામે જોયું. એ બન્ને ક્યારનાં ભેગાં હતાં અને એકબીજાને કશું કહેવાનો પ્રયત્ન કરતાં હતાં, પણ કોઈ ને કોઈ રીતે વાત ફંટાઈ જતી હતી. આખરે લક્ષ્મી બોલી:

'ડૅડી આજે લગ્નની વાત કરતા હતા.'

'તારાં?' નીરવ હસ્યો.

'ના, આપણાં.'

'મને ઉતાવળ નથી, તને છે?'

'જરાય નહીં. મેં ડૅડીને એ જ કહ્યું.'

નીરવના અવાજમાં અચાનક કડવાશ ઊતરી આવી:

'લક્ષ્મી, તેં ખરાબ લગ્ન નથી જોયાં. મેં જોયાં છે. એકબીજાને દુશ્મનોની જેમ હંફાવતાં, ચેસની બાજી બિછાવતા ને રમતાં, હરાવવા માટે લાગણીઓને કોરે મૂકતાં, એકબીજાની સાથે જીવ પર આવીને દલીલો કરતાં અને તોય કહેવાતાં પ્રેમલગ્ન મેં જોયાં છે... રિયા અને વિષ્ણુપ્રસાદ ચોકસી વચ્ચે લડાતી લગ્ન નામની કુસ્તીનો હું સાક્ષી બન્યો છું...'

એની આંખોમાં ભૂતકાળની ભૂતાવળ નાચતી હતી. હોઠ સુકાઈ ગયા. આટલું બોલવામાં જાણે એને શ્રમ પડ્યો હતો.

એણે હોઠ પર જીભ ફેરવી. ક્ષણેક શ્વાસ લીધો:

'હું તને ચાહું છું. ખૂબ ચાહું છું. તારી સાથે જીવવું મને ગમશે, પણ એ નિર્ણય પર આવતાં મને સમય લાગશે. એટલો સમય મને આપવો કે નહીં એ નક્કી કરવાની તને છૂટ છે.'

‘નીરવ, સમય તો મારે પણ જોઈશે. આપણે ખૂબ સારાં મિત્રો છીએ.’

‘ના.’ નીરવે એને વચ્ચે જ કાપી નાખી:

‘મિત્રો નથી આપણે, હું પ્રેમ કરું છું તને, પણ દરેક પ્રેમનું પરિણામ લગ્ન જ હોય એવું શું કામ?’

‘બે લોકો લગ્ન કર્યા વિના સાથે જીવે એની મારા દેશમાં કોઈ નવાઈ નથી, નીરવ.’

લક્ષ્મીએ એની આંખોમાં જોયું: ‘અને છતાં મેં એવાં લગ્ન જોયાં છે, જેમાં માત્ર સમજદારી હોય, સ્વીકાર હોય, સરળતા હોય...’

એની આંખોમાં સપનાં હતાં:

‘એ બધું જ - જે એક લગ્નમાં સ્ત્રી કલ્પી શકે...’

‘કોની વાત કરે છે?’

‘વસુમાની અને ડેડીની.’

નીરવના ચહેરા પર હજીય પહેલાંની કડવાશ અકબંધ હતી:

‘ખરી વાત છે, એમના જેવાં આઇડિયલ લગ્ન તો બીજાં કયાં હોઈ શકે?’

‘નીરવ, આ થોડા દિવસમાં એક વાત સમજી છું. લગ્ન એ સ્વીકાર છે. સાથે જીવવા માટે સામેની વ્યક્તિને જેવી છે તેવી સ્વીકારવી જ પડે. આપણે કોઈને બદલવા માટે લગ્ન નથી કરતાં, નીરવ.’

‘આપણે આ બધી ચર્ચા કરવા અહીં આવ્યાં છીએ?’

નીરવે લક્ષ્મીનો હાથ પકડ્યો. એની નજીક ઝૂકી આવ્યો, એની આંખોમાં આંખો પરોવી:

‘લૂક, આપણે એકબીજાને પ્રેમ કરીએ છીએ, ગમીએ છીએ. આ પ્રેમ આમનો આમ ટકશે તો સાથે જીવવાનો વિચાર કરીશું. એટલી સાદી વાત...’

‘ઓકે.’ લક્ષ્મીએ કહ્યું.

નીરવે આટલા બધાની વચ્ચે લક્ષ્મીનો ચહેરો નજીક લાવીને એના કપાળ પર ચૂમી કરી:

‘જો લક્ષ્મી, હું વીંટી આપીને પ્રપોઝ કરવામાં નથી માનતો. મેં બાળપણમાં બહુ આશ્ચર્યો જોઈ લીધાં છે એટલે મારા જીવનમાં નાના-સ્ટુપિડ સરપ્રાઇઝીસની બહુ જગ્યા નથી. મારા માટે પ્રેમ કૉમ્યુનિકેશન છે, સમજદારી છે, સહઅસ્તિત્વ છે અને એકબીજાને આપવામાં આવતી સ્પેસ છે, જેમાં બન્નેનો વિકાસ થાય.’

હજી એ લક્ષ્મીની સામે જ જોઈ રહ્યો હતો અને લક્ષ્મી એને લગભગ મુગ્ધભાવે સાંભળી રહી હતી.

‘એક થઈ જવાની ઝંખનામાં બે વ્યક્તિ આખરે અડધી અડધી રહી જાય છે. એને બદલે પોતાનું વ્યક્તિત્વ જાળવીને જો એકબીજાની સાથે જીવી શકાય તો જ લગ્ન કરવાં જોઈએ...’ પછી સહેજ અટકીને ઉમેર્યું:

‘એટલીસ્ટ, હું તો જ લગ્ન કરીશ.’

એ પછીની આખી સાંજ બન્ને જણ વચ્ચે તરેહ તરેહની વાતો થતી રહી, પણ લક્ષ્મીના મનમાં નીરવે કહેલી વાત સજ્જડ રીતે બેસી ગઈ હતી. એના અમેરિકન વિચારો અને હિંદુસ્તાની ઉછેર લોલકની જેમ હીંચકા ખાઈ રહ્યા હતા.

બે વર્ષના, પાંચ વર્ષના પ્રણય કે પ્રેમ પછી જો એને એમ લાગે કે સાથે નહીં જીવી શકાય તો?

લક્ષ્મીના મનમાં સવાલ ઊઠ્યો. એને લગ્ન કરવાની ઉતાવળ નહોતી એ સત્ય હતું, પણ લગ્ન વિશેના નીરવના વિચારો જાણીને આજે પહેલી વાર લક્ષ્મીના મનમાં આ સંબંધ વિશે સવાલ ઊઠ્યો હતો. નીરવના અવાજમાં તરી આવેલી કડવાશ સાંભળીને લક્ષ્મી ગૂંચવાઈ હતી.

એ માનતી હતી કે લગ્ન કરતાં પહેલાં એકબીજાને સમજી લેવાં અનિવાર્ય છે, પણ નીરવનો સૂર એવો હતો કે સમજ્યા પછી ન ફાવે તો છૂટાં પડી શકાય...

લક્ષ્મી જરા અવઢવમાં પડી ગઈ...

*

અલય ઘરમાં દાખલ થયો ત્યારે સીન જોવા જેવો ગોઠવાયો હતો.

વૈભવી બૅગ લઈને સીડી ઊતરી રહી હતી. અભય સોફા પર બેસીને નિરાંતે મૅગેઝિનનાં પાનાં ઉથલાવતો હતો. જાનકી અને અજય બરફની મૂર્તિ જેવાં થીજી ગયાં હતાં. સૂર્યકાંત મહેતા અસમંજસમાં આંટા મારતા હતા.

બરાબર એ જ વખતે અલયની નાટકીય એન્ટ્રી થઈ ઘરમાં.

ધમ ધમ કરતી વૈભવી બૅગ લઈને નીચે ઊતરી. એણે અભયની સામે જોઈને છણકો કર્યો:

‘જાઉં છું. હવે રવિવાર જ શું કામ, આખું અઠવાડિયું ત્યાં જ રહેજો.’

‘ભાભી...’ અજય આગળ વધ્યો અને રોકવાની કોશિશ કરી.

‘મારી બૅગને હાથ નહીં લગાડતાં, અજયભાઈ.’

‘આ બધું સારું નથી લાગતું, વૈભવી.’

સૂર્યકાંતે વસુમા સામે જોઈને એવી રીતે કહ્યું. જાણે હવે એ નહીં બોલે તો કેવી રીતે ચાલશે?

‘હું કરું તો સારું નથી લાગતું ને તમારો દીકરો કરે છે એ સારું લાગે છે?’ પછી દાંત ભીંસીને વૈભવીએ ઉમેર્યું:

‘જો કે તમારા ઘરમાં આની નવાઈ નથી. તમે પણ નાસી જ ગયેલાને...’

‘વૈભવીઈઈઈ...’ વૈભવી તરફ ધસી ગયો અભય:

‘બહુ થઈ ગયું હવે.’ એણે વૈભવીનો હાથ પકડ્યો:

'તું જાય એમાં જ હવે આ ઘરની ભલાઈ છે.'

'અભય!'

વસુમાના અવાજમાં કોણ જાણે શું હતું કે અભયે વૈભવીનો હાથ છોડી દીધો. વૈભવી ત્યાં જ સ્થિર ઊભી રહી ગઈ.

'વૈભવી, બેટા... વાંધો હોઈ શકે. મતભેદ તો દરેક પતિ-પત્ની વચ્ચે હોય જ. એને માટે કોઈ પોતાનું ઘર ન છોડે.'

'આ ઘર ક્યાં મારું છે?' વૈભવી ફરી રડી પડી.

'માનો તો બધાં ઘર આપણાં ને ન માનો તો આપણું ઘર પણ પોતાનું ન લાગે, બેટા. તું આ ઘરની પુત્રવધૂ છે. તારા સમ્માનની રક્ષા મારી ફરજ છે.'

'એટલે તમારો દીકરો લફરું કરી આવ્યો?'

'એ તમારો અંગત પ્રશ્ન છે.'

સૂર્યકાંત નવાઈથી વસુમા સામે જોઈ રહ્યા હતા:

આ સ્ત્રી કેટલી સરળતાથી પૃથક્કરણ કરીને વસ્તુઓને છૂટી પાડી શકતી હતી!

'એટલે? તમે એમ કહેવા માગો છો કે એને જે કરવું હોય તે કરે અને મારે કંઈ કહેવાનું નહીં? તમે એને રોકશો નહીં?' પછી ખૂબ તિરસ્કારથી ઉમેર્યું:

'વાતો તો મોટી મોટી કરો છો સિદ્ધાંતની, હવે ક્યાં ગઈ એ વાતો?'

'સિદ્ધાંત હજુ એ જ છે, વૈભવી.'

વસુમાએ નજીક જઈને એના માથે હાથ ફેરવ્યો:

'આ ઘર તમારું છે અને તમે આ ઘરનાં પુત્રવધૂ તરીકે સંપૂર્ણ સમ્માન અને સ્નેહનાં અધિકારી છે...'

પછી વસુમાએ બધાંની સામે એક વાર જોયું. પછી ધીમેથી કહ્યું:

'અભયના અંગત સંબંધો એ તમારો અને એનો પ્રશ્ન છે.'

અભય મા સામે જોઈ રહ્યો:

આ સ્ત્રીને કેવી રીતે પહોંચી વળાય? જેમ વધારે જાણતો જાઉં છું એમ વધારે ઊંડી લાગે છે આ સ્ત્રી.

'હું એના પ્રિયા સાથેના સંબંધ નહીં ચલાવી લઉં.' વૈભવીએ બૅગ પછાડી,

'બૅગ લઈને ઉપર જાવ, વૈભવી.'

પછી ક્રોધમાં ધ્રૂજતા અભય સામે જોઈને વસુમાએ ઉમેર્યું:

'તું પણ ઉપર જા. બન્ને જણ તમારા રૂમમાં બેસીને ચર્ચા કરીને આનો નિવેડો લાવવાનો પ્રયત્ન કરો.'

'પણ, વસુ...' સૂર્યકાંતે કંઈક કહેવાનો પ્રયત્ન કર્યો.

'કાંત, આ એમનો અંગત પ્રશ્ન છે. એમણે લગ્ન કરવાનું નક્કી કર્યું ત્યારે આપણને માત્ર નિર્ણય જણાવ્યો હતો. હવે જે પ્રશ્નો ઊભા થયા છે એનું સોલ્યુશન પણ એમણે જ શોધવું રહ્યું.'

'પણ મા, તમારો અનુભવ, તમારી સલાહ...'

જાનકીને આ આખીય વાતમાં વસુમા પર બહુ શ્રદ્ધા હતી.

'મારો અનુભવ એ મારી જિંદગીનો અનુભવ છે. મારો અંગત.'

વસુમા સાવ ચૂપ થઈ ગયાં થોડી વાર. પછી એકદમ ધીમા અવાજમાં ઉમેર્યું:

'અને એવો અનુભવ બીજા કોઈને ન જ થાય એવી હું ભગવાનને પ્રાર્થના કરું.'

એ હળવેકથી પોતાના ઓરડા તરફ જવા લાગ્યાં.

અભય અને વૈભવી એકબીજા સામે જોઈ રહ્યાં. પછી કોણ જાણે કયા બળે અભય આગળ વધ્યો. એણે વૈભવીની બૅગ ઊંચકી લીધી અને કશું જ બોલ્યા વિના સીડી ચડવા લાગ્યો. વૈભવી પણ એની પાછળ ચૂપચાપ પગથિયાં ચડી ગઈ. બન્ને લગભગ ઉપર છેલ્લા પગથિયા સુધી પહોંચ્યા હતાં અને વસુમા પોતાના ઓરડાના દરવાજે ત્યારે બધાંને સંભળાય એમ અલયે કહ્યું:

'સવારે સાડા છ વાગે હું મરીન લાઇન્સ સ્ટેશનની સામે પહેલો શૉટ લેવાનો છું.' સહેજ અટકીને ઉમેર્યું:

મા, આપણને છએ નીકળવાનું છે. જાનકીભાભી, અજયભાઈ, તમે આવશો તો મને બહુ ગમશે!'

ફરી એક વાર શ્વાસ લઈને એણે છેલ્લું વાક્ય કહ્યું:

'એ સિવાયના જે આવે તે સારું ને ન આવે તો વધારે સારું.'

આટલું કહીને એ સડસડાટ પગથિયાં ચડી ગયો. સીડીના છેલ્લા પગથિયે ઊભેલાં અભય અને વૈભવીની બાજુમાંથી લગભગ ઘસાઈને પસાર થઈ એ પોતાના રૂમમાં પ્રવેશી ગયો.

રૂમમાં જઈને એણે ધબ દઈને પલંગ પર પડતું નાખ્યું.

કપડાં બદલવાના પણ હોશ નહોતા રહ્યા એને.

પડ્યા પડ્યા એની સામે સવારની ઘટના ફિલમની પટ્ટીની જેમ ચાલવા લાગી:

ધ્રુસકે ધ્રુસકે રડતી અનુપમા ઘોષ એની આંખો સામે તરવરવા લાગી. આખીય ફિલમ ઇન્ડસ્ટ્રી જેને માથાની ફરેલ કહેતી અને જે ભલભલાને પોતાના મિજાજથી ધ્રુજાવતી એવી એ છોકરી જે રીતે અલયના ખોળામાં માથું રાખી રડી હતી એ પછી જેને પોતે એક કરોડની કોમોડિટી અથવા પોતાની કરિયરનો હુકમનો એક્કો માનતો હતો એવી અનુપમા એને પહેલી વાર સ્ત્રી, વ્યક્તિ તરીકે દેખાઈ હતી.

કેટલું ખોટું હતું એનું મિજાજી, તોછડું અને પાગલ વ્યક્તિત્વનું મહોરું!

અનુપમાની અંદર એક સાચી, સરળ, સાંગોપાંગ સ્ત્રી ધબકતી હતી... અને એ સ્ત્રીને પણ એક સંભાળ લેનારા, વહાલ કરનારા, રક્ષણ આપનારા પુરુષની તરસ હતી...

સ્ત્રીના વિચારની સાથે જ અલયના મનમાં શ્રેયા ઝબકી ગઈ!

સાત-સાત વર્ષના સંબંધો આમ તૂટી જશે એવું અલયે ક્યારેય નહોતું ધાર્યું. એને માટે શ્રેયા એના જીવનનું પહેલું અને અંતિમ સત્ય હતી.

ઘણી બધી રીતે બંધ અને ગૂઢ અલય ક્યારેય ખૂલ્યો નહોતો, પણ શ્રેયા એની પ્રેરણા હતી, એની શક્તિ, એનું અવલંબન હતી... અને જ્યારે જ્યારે લાગતું કે પોતે તૂટે છે કે નબળો પડે છે ત્યારે એને પહેલી વિચાર શ્રેયાનો આવતો. એની આંખો, એના સ્પર્શમાં રહેલી હૂંફ, એના શબ્દો વિમુખ થતા અલયને ફરી એક વાર જિંદગીની સાવ નજીક લઈ આવતા.

અલય માટે શ્રેયા એનાથી જુદી નહોતી. એ કલ્પી જ નહોતો શકતો કે શ્રેયા આમ પણ વિચારી શકે.

આજ સવારનું શ્રેયાનું વર્તન અલયને હચમચાવી ગયું હતું. શ્રેયાની આંખોમાં દેખાયેલો અવિશ્વાસ અને સરી ગયેલાં ફરિયાદનાં આંસુએ અલયને ઓછી પીડા નહોતી આપી, પરંતુ પોતાની જાતને વિદ્રોહ કરતી રોકવી અલય માટે જાણે અશક્ય હતું.

બાળપણથી જ જાણે અલયનો આ સ્વભાવ હતો. જ્યારે પણ એને ખૂણામાં ધકેલાય કે એવી પરિસ્થિતિમાં મૂકવામાં આવે, જ્યાં એને પસંદગીની ફરજ પાડવામાં આવે ત્યાં અને ત્યારે દરેક વખતે અલયે સૌથી ખોટી અને સૌથી ખરાબ જ પસંદગી કરી હતી, જાણીજોઈને! કોઈ હરાવે એને બદલે અલય બાજી જ ઉડાડી દેવાનું પસંદ કરતો.

અલયનો આ સ્વભાવ શ્રેયાથી અજાણ્યો નહોતો અને તેમ છતાં આજે એમના જીવનની સૌથી મહત્ત્વની રાત્રે બન્ને પોતપોતાના ઘરમાં, પોતપોતાની પથારીમાં જાગતાં અને તરફડતાં પડ્યાં હતાં!

શ્રેયાને ખબર જ નહીં, ખાતરી હતી કે અલય ફોન નહીં કરે. આજ સુધીના તમામ મતભેદો જે ઝઘડામાં પરિણમ્યા હતા ત્યારે દરેક વખતે શ્રેયાએ જ ફોન કરીને અલયને મનાવ્યો હતો. આજે પહેલી વાર કોણ જાણે કેમ શ્રેયા ઇચ્છતી હતી કે અલય એને ફોન કરે.

શ્રેયાના પિતા દિનદયાલ ઠક્કર એક નખશિખ વેપારી હતા. લેવડ-દેવડથી આગળનો કોઈ હિસાબ એમને ક્યારેય સમજાયો જ નહોતો. કાચી ઉંમરે મા ગુમાવ્યા પછી શ્રેયાને વાત કરવા કે પોતાના યુવાન થતા જતા શરીર અને મનના પ્રશ્નોના ઉકેલ મેળવવા માટે દરેક વખતે વસુમા જ યાદ આવતાં... કેટલાય વર્ષોથી શ્રેયાએ વસુમાને એક બહેનપણીની જેમ પોતાના મનના બધા જ ચઢાવ-ઉતાર કહ્યા હતા અને વસુમાએ સૂચવેલા કે આપેલા ઉકેલો એને માટે દરેક વખતે કારગત પણ નીવડ્યા હતા.

બીજી કોઈ પણ પરિસ્થિતિમાં વસુમા પાસે દોડી ગઈ હોત શ્રેયા, પણ આજે પહેલી વાર એણે આ મુદ્દામાં કોઈને નહીં સંડોવવાનું નક્કી કર્યું. એણે નક્કી કર્યું કે પોતે આ વિશે કોઈને કંઈ નહીં કહે.

એને પોતાને પણ પોતાના સવારના વર્તન પર અફસોસ થયો હતો. ક્ષણિક આવેગમાં અને તીવ્ર અસલામતીની

લાગણી હેઠળ બોલાઈ ગયેલા શબ્દો અને થઈ ગયેલું વર્તન એને પોતાને જ અત્યારે ક્ષોભજનક લાગતું હતું.

ભૂલ તો મારી જ છે. પહેલા જ દિવસથી અનુપમા સામે મેં વાંધો ઉઠાવવા માંડ્યો. અલયે ક્યારેય બીજી સ્ત્રી માટે મારી અવગણના કર્યાનું મને યાદ નથી... અને છતાંય આવું કેમ કરી બેઠી હું?

શ્રેયાના મનમાં ગડમથલ ચાલુ થઈ ગઈ હતી.

શ્રેયાનોય વાંક નથી. અનુપમા છે જ એવી. કોઈને પણ અસલામતી આપી શકે.

અલય પડખાં બદલતો હતો:

અને એમાંય દિવસે, રાત્રે એ જે રીતે વર્તતી હતી એ જોતાં કોઈ પણ છોકરી ભડકે...

ફોન કરું અલયને? શ્રેયાને વિચાર આવ્યો:

માફી માગી લઉં.

આવતી કાલ સવારનો સમય તો કહી દઉં એને...

અલયે ફોન હાથમાં લીધો:

આવવું ના આવવું એની મરજી...

હજી અલય ફોન ડાયલ કરે એ પહેલાં એના ફોનમાં રિંગ વાગી.

અનુપમા? અત્યારે? અલયે ફોન લીધો:

'હલ્લો..'

શ્રેયા સતત ફોન ટ્રાય કરતી રહી. ખાસ્સી વાર સુધી અલયનો મોબાઇલ એન્ગેજ આવતો રહ્યો:

એન્ગેજ?! અત્યારે?!

અચાનક જ શ્રેયાને ઝબકારો થયો: અનુપમાને ડાયલ કરું...

અલયના ફોનમાંથી ચાલાકીપૂર્વક લીધેલો અનુપમાનો મોબાઇલ હતો શ્રેયા પાસે. એણે નંબર ડાયલ કર્યો...

એનું હૃદય ધડકી રહ્યું હતું:

હે ઈશ્વર, મારી ધારણા ખોટી પડે...

પણ, અનુપમાનો મોબાઇલ એન્ગેજ હતો!

ઉફ્, ઈશ્વર!

શ્રેયા વારાફરતી અલય અને અનુપમાના નંબર ડાયલ કરતી રહી... આખરે એણે પોતાનો ફોન છુટ્ટો ભીંતમાં ફેંક્યો.

ફોન અથડાયો અને બે-ત્રણ પીસમાં છૂટો થઈ ગયો.

અલયે ફાઇનાન્સની ચર્ચા કરીને અનુપમાનો ફોન કાપ્યો અને શ્રેયાના મિસ્ડ કૉલ્સ જોયા.

શ્રેયાના ફોનની રિંગ વાગી, ટુકડાઓમાં વહેંચાયેલો ફોન ઉપાડીને શ્રેયા વાત કરવાનો પ્રયાસ કરવા લાગી.

ખૂબ રિંગ વાગ્યા પછી શ્રેયાનો ફોન ન ઊપડ્યો ત્યારે અલયના મનમાં અચાનક જ ઝબકારો થયો. એણે અનુપમાને ફોન કર્યો.

'યસ...'

'તારા મોબાઇલ પર એક જ નંબર પરથી એક કરતાં વધુ મિસ્ડ કૉલ્સ છે?'

'કયો નંબર...'

અલયનું મગજ ફાટી ગયું!

એણે પોતાનો ફોન સ્વિચ ઑફ કર્યો:

હજી એના મગજમાંથી સવારની વાત ગઈ નથી. મારી જાસૂસી કરે છે? મારા પ્રેમમાં વિશ્વાસ નથી એને?

મોબાઇલ ન ઉપાડ્યો તો લૅન્ડલાઇન પર કૉલ ન થઈ શકે? મિસ્ડ કૉલ્સ તો જોયા જ હશે ને?

શ્રેયાએ ભેગા કરેલા ટુકડાઓને ફરો જમીન પર પછાડ્યા...

* * *

36

કાલે સવારે ફિલમનું મુહૂર્ત છે, પણ મને કહેવાની તસ્દી નથી લીધી એણે. અલય આટલો બદલાઈ જશે એની મને કલ્પના નહોતી...

એની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં હતાં. એણે જમીન પર પડેલા ફોનના ટુકડાને ફરી કચકચાવીને એક લાત મારી અને પોતે ધબ દઈને જમીન પર બેસી ગઈ.

કેટલી રાહ જોઈ હતી આ દિવસની... અલયની ફિલમ એટલે એમનો પરિણય જે પળની, જે ઘડીની સાત-સાત વર્ષથી રાહ જોવાની હતી એ પળ, એ ઘડી આવી પહોંચી હતી અને છતાં આજે બન્ને જણ જુદાં હતાં!

શ્રેયાને આસપાસની દીવાલો નજીક ખસતી લાગી. એનો શ્વાસ રૂંધાવા લાગ્યો. એણે આટલાં વર્ષો જે નામને પોતાની જિંદગી બનાવી દીધું હતું એ નામ આજે એને માટે આમ સાવ અચાનક અજાણ્યું થઈ ગયું?

શ્રેયાને જાતજાતના વિચારો કોરી ખાવા લાગ્યા:

ગમે એટલા વાંધા-ઈગો કે અભિમાન પછી અલય વિના જીવવું શક્ય હતું?

ના, હું અલય વિના જીવવાની કલ્પના પણ કરી શકતી નથી.

શ્રેયાના પલંગની બિલકુલ સામે દીવાલ પર અલયનો ત્રણ બાય ત્રણનો મોટો ફોટો લગાડેલો હતો. સેપિયા કલરનો.

શ્રેયાએ ગોવામાં પાડ્યો હતો એ ફોટો.

અલયના ઊડતા વાળ, એની સ્વપ્નિલ આંખો, પાછળ ખસી ગયેલો શર્ટનો કલર, એમાંથી દેખાતી પહોળી છાતી અને છાતીના વાળ... પહોળા ખભા અને ચહેરા પર એ જ બેફિકર સ્મિત...

શ્રેયા જોઈ રહી એને!

પછી એકદમ નજીક ગઈ. ફોટો જાણે સ્વયં અલય હોય એટલી નજીક. એના હોઠ પાસે પોતાનો હોઠ લઈ ગઈ. આંખ બંધ કરીને ગ્રીવા ઊંચી કરી એણે... જાણે અલય હમણાં જ હાથ લંબાવીને બાહુપાશમાં લઈ લેશે એવી મદહોશી છવાઈ ગઈ એના ચહેરા પર.

ક્યાંય સુધી એ એમ જ અલયમય થઈને ઊભી રહી. સાથે ગાળેલી કેટલીય ક્ષણ એના શરીરમાંથી એને થરથરાવતી પસાર થઈ ગઈ. પછી આંખો ખોલી શ્રેયાએ. ફરી એક વાર અલયનો એ જ સ્મિત કરતો ચહેરો એની સામે જોઈ રહ્યો. એ સ્મિતમાં એક બાળકનું ભોળપણ હતું. એક સરળતા, એક સ્પષ્ટવક્તા માણસની પારદર્શકતા હતી.

મારો અલય મારી સાથે ક્યારેય છળ ન કરે

શ્રેયાએ જાણે આત્માનો અવાજ સાંભળ્યો:

ખરાબમાં ખરાબ સમયે, તોછડામાં તોછડી અને મને ગમે એટલું દુ:ખ થાય એવી વાત પણ અલયે મોઢે કહી

છે, આજ સુધી.

એ હજીય ફોટાની આંખોમાં આંખો નાખીને જોઈ રહી હતી:

વસુમાનો દીકરો છે. છંછેડાય, પણ છેતરે નહીં...

શ્રેયાએ જાણે ફોટાના હોઠ ચૂમી લીધા.

હું જઈશ કાલે, એની ફિલમના મુહૂર્તમાં. એ બોલાવે કે નહી! આ નિર્ણયની સાથે જ ક્યાં પહોંચવું એ સવાલ ઊભો થયો:

જાનકીભાભીને પૂછું...

પછી એણે અનુપમાને ફોન કરવાનો વિચાર કર્યો: એક પંથ દો કાજ. શ્રેયાની સ્ત્રીસહજ છઠ્ઠી ઇન્દ્રિય કામે લાગી ગઈ હતી:

એની સાથે થોડી લાંબી વાત કરીશ તો એના મનમાં અલય વિશે શું છે એ પણ ખબર પડશે... અને કાલના શૂટિંગમાં એ અલયને કહેશે તો ખરી જ ને મારા ફોન વિશે...

પછી એણે અનુપમાનો નંબર જોડવા ફોન ઉપાડ્યો, પરંતુ...

ઓ, શીટ! ફોન તો તુટી ગયો છે. નંબર પણ એમાં જ છે!

શ્રેયાને પોતાના સ્ટુપિડ પગલા પર ગુસ્સો ચડ્યો.

હવે?

શ્રેયા વિચારવા લાગી કે કોને ફોન કરવાથી આ આખી ઘટના વિશે થોડી ચર્ચા પણ થઈ શકે અને પોતાનું મન પણ જરા શાંત થઇ શકે?

નીરવ?

શ્રેયા એ તમામ નામો તપાસવા લાગી, જેમની સાથે કંઈક વાત થઈ શકે. એ લક્ષ્મીના પ્રેમમાં છે. માંડ કોઈ સારો સમય જોયો છે એ છોકરાએ. એને મારા અંગત પ્રશ્નમાં અત્યારે ઘસડવાનો શું અર્થ છે? જાનકીભાભી સૂઈ ગયાં હશે... કોની સાથે વાત થઈ શકે, જે એને સવારના શૂટિંગની માહિતી આપે? અલયને સીધું પણ પૂછી શકાય, પણ હવે એ એને સવારે જ સરપ્રાઇઝ આપવા માગતી હતી.

વસુમા!

એને દરેક વખતની જેમ વસુમાનો જ વિચાર આવ્યો. મા વગરની શ્રેયા માટે વસુમાએ હમેશાં એક સમવયસ્ક બહેનપણીની સાથે સાથે મા થઈને એનો ખાલીપો પૂર્યા હતો. શ્રેયાએ નંબર ડાયલ કર્યો અને શ્રીજી વિલામાં ઘંટડી રણકી ઊઠી.

*

ઘસઘસાટ ઊંઘતી અંજલિને રાજેશ ટગર ટગર જોઈ રહ્યો હતો.

લાંબા, સીધા અને સુંવાળા કાળા વાળ એક સેરમાં બંધાઈને પીઠની પાછળ તો દબાયા હતા, પણ એમાંથી થોડીક લટો છૂટી પડીને ચહેરાની આસપાસ જાણે એક ફ્રેમ બનાવતી હતી. એનો નમણો ચહેરો શાંત હતો. એક અજબ જાતની નિર્દોષતા એના ચહેરા પર છવાયેલી હતી.

આ અંજલિ! કોઈ ખોટું કામ કરી જ ન શકે!

ઊંઘની ગોળીને કારણે અંજલિ ઘસઘસાટ ઊંઘી ગઈ હતી. રાજેશ એની બાજુના બેડમાં આડો તો પડ્યો, પણ કોણ જાણે કેમ એને ઊંઘ ન આવી. જાતજાતના વિચારો એના માથામાં અથડાવા-પછડાવા માંડ્યા. ડૉક્ટરે સાંજના એને મળવા બોલાવ્યો હતો. અંજલિના રિપોર્ટ્સ મેઇલ કર્યા હતા. હજી દસ-પંદર મિનિટ પહેલાં જ ડૉ. પારેખનો ફોન હતો, રાજેશ પર. એ ફોન પછી રાજેશનું મન જાતજાતના વિચારોએ ચડી ગયું હતું.

એ ખોટા ખોટા વિચારો કરવાને બદલે ઊઠીને અંજલિની બાજુમાં બેસી ગયો...

અંજલિની બાજુમાં બેસીને એને એકીટશે નિહાળી રહેલા રાજેશથી મનોમન ઈશ્વરનો આભાર મનાઈ ગયો: હે પ્રભુ! જે કંઈ થયું એ પછી તમે મારી અંજલિને બચાવી લીધી એથી વધુ મને જોઈએ શું?

ભીની આંખે રાજેશે હાથ લંબાવ્યો એના ચહેરા પર ફેરવવા માટે. પછી રખેને કદાચ જાગી જાય એમ વિચારી હાથ પાછો લઈ લીધો.

મારી અંજલિ ભૂલ કરી શકે, પણ ગુનો તો ન જ કરી શકે.

રાજેશે બહુ જ હળવેથી ઝાકળની જેમ એના ગાલને સ્પર્શી લીધું.

કોઈ અજબ જાતની ઠંડક, અજબ જાતનું સુખ એના ટેરવા વાટે થઈને એના આખા શરીરમાં ફેલાઈ ગયું. અંજલિના આટલા અછડતા સ્પર્શે પણ તદ્દન તૃપ્ત થઈને રાજેશની આંખો બંધ થઈ ગઈ. એ થોડી વાર એમ જ બંધ આંખે અંજલિનો એ સ્પર્શ અને તૃપ્તિની પળો માણતો બેસી રહ્યો.

હૉસ્પિટલમાં નીરવ શાંતિ હતી. અડધી રાતે કોઈની ચહલપહલ પણ નહોતી. રાજેશ આવીને રૂમની મોટી સ્લાઇડિંગ વિન્ડો સામે ઊભો રહ્યો. બહાર વૃક્ષોથી છવાયેલું કમ્પાઉન્ડ અને વિલે પાર્લેના એસ.વી.રોડ દેખાતો હતો.

'ઊંઘ નથી આવતી?'

અંજલિનો અવાજ સાંભળીને ચોંક્યો રાજેશ.

'તું જાગી ગઈ?'

જવાબ આપ્યા વિના અંજલિએ હાથ લંબાવીને રાજેશને નજીક બોલાવ્યો. રાજેશ સ્લાઇડિંગ વિન્ડો પાસેથી બે જ પગલાંમાં અંજલિ પાસે આવી ગયો:

'કંઈ થાય છે? દુખે છે... ડૉક્ટરને બોલાવું?'

નજીક આવેલા રાજેશનો હાથ પકડી બેસાડી દીધો અંજલિએ:

‘કંઈ નથી થતું. તરસ લાગી હતી. આંખ ખૂલી ને તમને જાગતા જોયા એટલે મને ચિંતા થઈ.’

‘મને ઊંઘ નથી આવતી.’

‘મને માફ નથી કરી તમે? એના એ જ વિચારો કર્યા કરો છો?’

‘ના, અંજુ ના... હું તો તારો વિચાર કરતો જ નહોતો.’

રાજેશે અંજલિએ પકડેલા પોતાના હાથ પર હાથ થપથપાવ્યો!

‘રાજેશ, તમે મારા સિવાય કોઈનો વિચાર કરી શક્યા છો આજ સુધી? તમારા દરેક વિચારમાં હું તો હોઉં જ છું. ક્યાંક ને ક્યાંક, કોઈ ને કોઈ રૂપે.’

‘બેબી!’ ડૂમો ભરાઈ આવ્યો હતો રાજેશને:

‘મને જરા ચિંતા થતી હતી.’

‘રાજેશ, ક્યાં સુધી છુપાવશો મારાથી? ક્યાં સુધી નહીં કહો મને? કોઈક દિવસ ક્યાંક ને ક્યાંક મને ખબર પડવાની જ છે.’

‘શાની? શું?’

રાજેશે પ્રશ્ન પૂછવાનો પ્રયત્ન તો કર્યો પણ એનો ઝંખવાયેલો ચહેરો અને અંજલિની આંખોમાં આંખો ન મિલાવવાનો પ્રયાસ ઘણી બધી ચાડી ખાતો હતો.

‘મારી સાથે જુઠ્ઠું બોલશો?’

અંજલિએ હજુ રાજેશનો હાથ મજબૂત પકડી રાખ્યો હતો.

‘શું જુઠ્ઠું?’

‘રાજેશ, તમે આજે ડૉક્ટરને મળવા ગયા હતા.’

‘એ તો ડિસ્ચાર્જ ક્યારે લેવાનો એ પૂછવા અને અમુક બિલ્સ ચૂકવવા ગયો હતો.’

‘રાજેશ, પત્ની છું. તમારી... તમને એટલું નહીં ઓળખતી હોઉં, જેટલું તમે મને ઓળખો છો. હૈયું ફાડીને તમારા જેવો પ્રેમ પણ નથી કરી શકતી, પણ છતાં એટલું તો વાંચી જ શકું છું કે સાંજે ડૉક્ટરને મળીને આવ્યા ત્યારથી તમે કોઈ મૂંઝવણમાં છો.’

‘ના, ના.’

‘રાજેશ!’.

‘અંજુ, માય ડાર્લિંગ! આજ સુધી મેં તારાથી કંઈ છુપાવ્યું છે?’

‘છુપાવી શકતા નથી. તમે એટલા ટ્રાન્સ્પેરન્ટ અને સ્વભાવે એટલા સરળ છો કે તમારે છુપાવવાની કંઈ જરૂર જ નથી.’

મોઢું ફેરવી ગઈ અંજલિ;

‘છુપાવ્યું તો મેં…’

‘ભૂલી જા એ.’

‘તમે નથી ભૂલી શકતા તો હું કઈ રીતે ભૂલું?’

‘સ્ટુપિડ!’ રાજેશે એના માથા પર હાથ ફેરવ્યો:

‘કોણ કહે છે, હું નથી ભૂલ્યો? મને તો કંઈ યાદ જ નથી.’

અંજલિએ પાણીથી છલોછલ ભરેલી આંખો એના પર ઠેરવી:

‘એટલે જ… એટલે જ મને અડવા જતા હતા ને હાથ પાછો લઈ લીધો.’

એના અવાજમાં એક આહત શિશુની ફરિયાદ હતી.

‘ઓહ ગૉડ! તું જાગતી હતી? મને તો એમ કે…’

રાજેશે એનો ગાલ થપથપાવ્યો:

‘તારી ઊંઘમાં ડિસ્ટર્બ ન થાય એટલે મેં તો…’

‘રાજેશ, મને વહાલ કરો. તમારી બાથમાં લઈને મને એવું ફીલ થવા દો કે આપણી વચ્ચે કશું બદલાયું નથી. અહીં…’

અંજલિ ખસી સહેજ…

‘મારી બાજુમાં સૂઈ જાવ. મને વળગીને મારા માથામાં હાથ ફેરવો, રાજેશ, હું તમારા સ્પર્શમાં મારા માટે પહેલાં જેવી આસક્તિ અનુભવવા માગું છું. મને એ પૅસન, એ સ્પર્શ, તમારી એ ઘેલછા હવે સમજાય છે. મને એ પાછી જોઈએ છે, રાજેશ પ્લીઝ… મને એ બધું પાછું આપો.’

અંજલિના સ્વરમાં થોડું રુદન ભળ્યું.

‘ઓહ, બેબી!’

રાજેશે ફરી એક વાર એના માથે હાથ ફેરવ્યો:

‘આવતી કાલે સાંજે આપણે ઘેર જતાં રહીશું. પછી રોજ તને વળગીને સૂઈ જઈશ. અહીં હૉસ્પિટલમાં…’

‘ગમે ત્યાં.’

અંજલિના અવાજમાં જાણે ગાંડપણ હતું. જીદ-હઠાગ્રહ હતો. રાજેશ ત્યાં જ બેસીને એના માથા પર હાથ

ફેરવતો રહ્યો. ઊંઘની ગોળીની અસર નીચે હોય કે રાજેશના સ્પર્શથી કે પછી રડવાના પરિણામ રૂપે, પણ ધીરે ધીરે અંજલિ ઊંઘી ગઈ. રાજેશ ઊઠીને ફરી સ્લાઇડિંગ વિન્ડો સામે ઊભો રહ્યો.

એકલ-દોકલ પસાર થતી ગાડીઓ સિવાય બહાર નીરવ શાંતિમાં ડૂબેલો રસ્તો જોઈ રહેલા રાજેશને હજી સાંજે જ ડૉક્ટરે કહેલા શબ્દો યાદ આવી ગયા હતા:

મિસ્ટર ઝવેરી, તમે યુવાન છો. તમારી પોતાની એક સેક્સ-બેડરૂમ લાઇફ હશે. સમજી શકું છું, પરંતુ અંજલિના શરીરના અંદરના ભાગોને ખાસ્સી ઈજા પહોંચી છે. ગર્ભાશય, ફેલોપિયન ટ્યૂબ અને ઓવરી સહિત બધા જ ભાગને હિલિંગની જરૂર છે. મારી એવી સલાહ છે કે ત્રણ-ચાર મહિના માટે તમે શરીરસંબંધ ન રાખો તો સારું. બાળક એક-દોઢ વર્ષ માટે ટાળી શકાય તો ઉત્તમ. અહીં વળગીને સૂવાની જીદ કરતી અંજલિ માટે મારો સ્પર્શ અને એના સ્ત્રીત્વનો સ્વીકાર જ માફીની વ્યાખ્યા હશે.. ઘેર જતાંની સાથે જ કદાચ એ આગ્રહ રાખશે અમુક બાબતોનો. હું શું કરીશ?

રાજેશનું મન ચકડોળે ચડ્યું હતું:

હું જો એને ટાળવાનો પ્રયાસ કરીશ તો એ એને મારો અસ્વીકાર માનીને વધુ ને વધુ ઉઝરડાતી જશે... મારી અંજલિ દુ:ખી થાય એ મારા માટે અસહ્ય છે અને એને સુખ આપવાના પ્રયાસમાં હું એનું જ નુકસાન કરીશ...

રાજેશે ખુલ્લા આકાશ તરફ જોયું. વિચારોમાં ને વિચારોમાં સવાર પડી ગઈ હતી.

*

અભયે આખી રાત બાલ્કનીમાં અને વૈભવીએ આખી રાત પલંગ પર જાગતાં વિતાવી હતી.

બૅગ ઊંચકીને પોતાના રૂમમાં દાખલ થયેલા અભયે જેવી બૅગ મૂકી કે વૈભવી દોડીને પલંગમાં પડી. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. અભયને એક વાર વિચાર આવ્યો કે જઈને એને માથે હાથ ફેરવે, સમજાવે, મનાવે...

પણ પછી એણે એ વિચાર માંડી વાળ્યો. વૈભવી જાતે જ રડવાનું પૂરું કરીને સ્વસ્થ થઈને પોતાની પાસે આવે ત્યાં સુધી રાહ જોવાનું નક્કી કરી અભય બાલ્કનીમાં જઈને ઊભો રહ્યો અને એણે સિગારેટ સળગાવી. ખાસ્સી વીસ-પચીસ મિનિટ વૈભવીનું હૈયાફાટ રડવાનું ચાલ્યું. અભયે ત્રણેક સિગારેટ ફૂંકી પછી વૈભવી ઊભી થઈને અભય પાસે આવી.

'મારે વાત કરવી છે તમારી સાથે.'

'બોલ, હું તો રાહ જ જોતો હતો.'

'હું આ નહીં ચલાવી લઉં.'

'તારે કશું ચલાવી લેવાનું જ નથી. આ ઘર તારું છે, હું તારો પતિ છું. તારો સંસાર, તારું સમ્માન અકબંધ છે.'

'મારો પતિ કોઈ બીજી સ્ત્રીના પ્રેમમાં છે અને એની સાથે શરીરસંબંધ ધરાવે છે એને તમે મારું સમ્માન ગણી છો?'

'સમ્માન અને અભિમાન વચ્ચેની રેખા બહુ પાતળી છે.'

'તમારી માના ડાયલોગ ન મારો. મારી વાતનો સીધો સીધો જવાબ આપો. તમે પ્રિયા સાથેનો સંબંધ તોડી નાખશો કે નહીં?'

'ના.'

વૈભવી અભય પર ઝપટી પડી. એણે ફરી એક વાર ઝભ્ભાનો કૉલર પકડીને એને હચમચાવી નાખ્યો. પોતાનું માથું એની છાતીમાં જોરથી અફાળ્યું.

'તમે મારા છો. તમારું મન, આત્મા, શરીર બધા પર મારો અધિકાર છે.'

અભયને હસવું આવી ગયું. એને હસતો જોઈને વૈભવી વધુ છંછેડાઈ...

'હું... હું કોર્ટમાં જઈશ. ડિવોર્સ લઈશ. તમારી અને તમારી માની આબરૂનો ધજાગરો કરીશ. છાપામાં ઇન્ટરવ્યૂ આપીશ, મીડિયા પાસે જઈશ...'

આટલું કહીને એણે અભયના હાથમાંથી મોબાઇલ ખેંચી લીધો. અભય કાંઈ સમજે એ પહેલાં એણે *પીમાં* પ્રિયાનો નંબર ડાયલ કર્યો.

'હા, ડાર્લિંગ!'

અભયનો નંબર જોઈને પ્રિયાએ વાત શરૂ કરી હતી. આજે આખો દિવસ આટલો અદ્ભુત ગાળ્યા પછી અભય જે રીતે ગયો હતો એ પછી એને અભય અને અંજલિ બન્નેની ચિંતા થતી હતી. એક પછી એક જે રીતે ઘટના બનતી ગઈ એ રીતે અભય એને ફોન પણ કરી શક્યો નહોતો.

અભયનો ફોન માનીને પ્રિયાએ હજીય સાથે ગાળેલા દિવસનો હેન્ગઓવર અવાજમાં છલકાવીને કહ્યું:

'હા ડાર્લિંગ!'

'હું છું!'

અભયે પહેલાં વૈભવીના હાથમાંથી ફોન ઝૂંટવી લેવાનો વિચાર કર્યો. પછી એને જે કરવું હોય એ કરી લેવા દેવાનો નિર્ણય કરીને અદબ વાળીને લગભગ ઊંધો ફરીને ઊભો રહ્યો.

'શરમ નથી આવતી તને? અમે અનાથ અને અસહાય જાણીને કેટલી મદદ કરી તને અને તેં મારા જ ઘરમાં આગ ચાંપી?'

'પણ...'

પ્રિયાને સમજાયું નહીં કે વૈભવીને આ બધી ખબર કેવી રીતે પડી અને એ અભયના ફોન પરથી ફોન કેવી રીતે કરે છે...

'મૅડમ!'

વૈભવીના અવાજમાં રહેલો આક્રોશ પ્રિયાને સહેજ ડરાવી ગયો. આગળ શું બોલવું એ એને સૂઝ્યું નહીં.

'તું મને ઓળખતી નથી. હું આ શહેરમાં તારું રહેવું અઘરું કરી નાખીશ. સોપારી આપી દઈશ તારા નામની…'

'પણ મૅડમ…' પ્રિયા એથી આગળ કશું બોલી શકે એમ જ નહોતી.

'હું તને જીવતી નહીં છોડું… સેક્રેટરી છે કે વેશ્યા? નોકરી કરવાના બહાને બૉસને સીધો પથારીમાં ઘસડ્યો? તારા જેવી છોકરીઓએ જ સેક્રેટરીના વ્યવસાયને બદનામ કરી નાખ્યો છે. અરે, પૈસા જોઈતા હતા તો મને કહેવું હતું. હું લાવી આપત તને ઘરાક.'

'કેમ? તમે પણ એ જ ધંધો કરો છો?' હવે પ્રિયાથી ન રહેવાયું.

'મારી સામે બોલે છે? સાલી, બે પૈસાની છોકરી! તારી હેસિયત સમજાવી દઈશ તને.'

'મારી હેસિયત તો મને સમજાતાં સમજાશે, પણ તમારા ગુસ્સા અને આક્રોશ પરથી સમજાય છે કે અભયે તમને મારી હેસિયત સમજાવી દીધી છે.'

પ્રિયાના અવાજમાં કોણ જાણે ક્યાંથી એક આત્મવિશ્વાસ આવી ગયો:

'ને મૅડમ! બૂમાબૂમ કરવાથી, ચીસો પાડવાથી કે ગાળો બોલવાથી તો તમે મારા કરતાં વધારે તમારી હેસિયત સમજાવી રહ્યાં છો મને. ઍની વે, મને લાગે છે, રાત બહુ થઈ ગઈ છે. અભયનો નંબર જોયો એટલે મેં ફોન ઉપાડ્યો.'

'તો તું અભયને નહીં છોડે, એમ ને?'

'એમને પૂછી લો.'

'અભય' વૈભવીએ અભયની સામે ઊભાં ઊભાં પાસો ફેંક્યો.

'એ તો કહે છે કે મારી ભૂલ થઈ ગઈ, વૈભવી મને માફ કર, હું પ્રિયાને છોડી દઈશ… જોને, એનો ફોન પણ મારી પાસે છે.'

અભયે ચોંકીને વૈભવી સામે જોયું:

શું કુનેહ છે આ સ્ત્રીની! ઇચ્છે તો આ દેશની પ્રાઇમ મિનિસ્ટર થઈ જાય.

અભયને આટલા કટોકટીના સમયમાં પણ સહેજ કૉમિક વિચાર આવ્યો ને સાથે જ એવો પણ વિચાર આવ્યો કે ભલે થઈ જાય દૂધનું દૂધ ને પાણીનું પાણી… આજે પ્રિયાના વિશ્વાસનું પણ માપ નીકળી જશે.

એક ક્ષણ શ્વાસ મૂકી ગઈ પ્રિયા: ખરેખર કહ્યું હશે અભયે?

પછી અભયની બે આંખો યાદ આવી એને:

'ફોન છે તો એ પણ તમારી પાસે જ હશેને? એમને ફોન આપો. એકવાર એ મને કહી દે તો એમને શું હું આ દુનિયા છોડી દેવા તૈયાર છું.'

'એ તો તારી સાથે વાત કરવા પણ તૈયાર નથી.'

'તો પછી આ તમારા બે જણનો મુદ્દો છે. તમે અંદર અંદર જ નક્કી કરી લો. હું અભયને પ્રેમ કરું છું અને જો કોઈ એક માણસની વાત હું સાંભળું કે સમજું તો એનું નામ અભય મહેતા છે...'

એના અવાજમાં એના પ્રેમનો, એની શ્રદ્ધાનો, એના સત્યનો રણકો હતો:

'મારે માટે તમે મારા અભયની પત્નીથી વધુ કંઈ જ નથી.'

વૈભવી કશું સમજે એ પહેલાં ફોન કપાઈ ગયો હતો.

ડઘાયેલી, અપમાનિત વૈભવી અભયની સામે જોઈ રહી.

અભયની આંખોમાં પ્રિયાએ કહેલો એક એક શબ્દ જાણે વાંચી શકતી હતી...

*

આજે છ વાગે અલયની સાથે જવાનું હતું એટલે વસુમા સહેજ વહેલાં ઊઠ્યાં હતાં. બે-ચાર દિવસથી ચાલતા જાતજાતના ગૂંચવાડામાં એમનું મન જરાક વિચલિત થઈ ગયું હતું.

એટલું ઓછું હોય એમ રાતના આવેલા શ્રેયાના ફોને એમને વધુ ગૂંચવી નાખ્યાં હતાં. લગભગ એક વાગે શ્રીજી વિલાના ટેલિફોનની ઘંટડી રણકી હતી.

ઉપરના બેડરૂમમાં જાગતી પડેલી વૈભવી અને ગૅલરીમાં બેઠેલો અભય... પોતાના ઓરડામાં ઉદ્વિગ્ન મને બીજા દિવસની તૈયારી કરતો અલય... હૃદયને પડખામાં લઈને લગભગ તંદ્રામાં જાગતી જાનકી અને એના ઉપર એક પગ અને હાથ નાખીને ઊંઘતો, પણ વચ્ચે વચ્ચે જાગી જતો અજય... સૌ આ ઘંટડી સાંભળીને ચોંક્યાં હતાં.

લક્ષ્મી હજી પાછી ફરી નહોતી અને સૂર્યકાંત એકલા બેસીને નીરવ વિશે વિચારી રહ્યા હતા. એમના મનમાં ઊઠેલા સવાલોના જવાબો સુધી એ પહોંચે ત્યાં તો શ્રીજી વિલાના ટેલિફોને એમના વિચારોનો તંતુ તોડી નાખ્યો હતો.

ઘંટડી વાગતાં જ ઊભા થઈને સૂર્યકાંત બહારની તરફ આવ્યા હતા. વસુએ ફોન ઉપાડ્યો એ જોતાં જ સૂર્યકાંત પેસેજની રેલિંગ પાસે ઊભા રહી ગયા હતા.

'હલ્લો...' વસુમાના અવાજમાં હલકો કંપ હતો:

કોણ હશે આટલી રાતે?

'મા, હું શ્રેયા!'

'બોલ, બેટા.' વસુમાનો અવાજ જાણે હળવો થઈ ગયો.

'લક્ષ્મી છે?' સૂર્યકાંત અધીરા થઈ ગયા:

'પૂછ એને ક્યારે આવશે?'

ટેલિફોન પર હાથ રાખી વસુમાએ જવાબ આપ્યો:

'શ્રેયા છે.'

'બધાં સાથે છે?'

પૂછતાંની સાથે જ સૂર્યકાંતને ખ્યાલ આવ્યો કે આજે તો લક્ષ્મી એકલી જવાની હતી નીરવ સાથે અને અલય તો ક્યારનોય ઘેર આવી ગયો છે...

'મા, હું ને અલય નથી બોલતાં.'

વાત કઈ રીતે શરૂ કરવી એની શ્રેયાને સમજ ન પડી.

'એમાં નવું શું છે, દીકરા? એ કહેવા તેં મને રાત્રે એક વાગે ફોન કર્યો?' વસુમા હસી પડ્યાં.

'મા...' શ્રેયાનો અવાજ રડું રડું થઈ ગયો:

'અલયે મને કાલે બોલાવી નથી.'

'લે! હું બોલાવું છું તને...'

વસુમા જાણે નજીક ઊભેલી શ્રેયાને માથે હાથ ફેરવતાં હોય એટલા વાત્સલ્યથી કહેતાં હતાં:

'મારો દીકરો તો મગજનો ફરેલ છે. મેં તને પહેલાં જ કહ્યું હતું, દીકરા! આવતી કાલે તો એની ફિલમ શરૂ થાય છે. તમારી ઇચ્છા પૂરી થવાની ક્ષણો નજીક આવતી જાય છે ત્યારે આ શું માંડીને બેઠાં છો બેય જણા?'

પછી જરા ગંભીર અવાજે એમણે ઉમેર્યું:

'શ્રેયા બેટા, સ્ત્રીને ભલે અબળા કે અર્ધાંગિની કહીને પુરુષ પોતાની મહત્તા સાબિત કરવા મથતો રહે, પરંતુ એના માટે એની પ્રેરણામૂર્તિ વિના ડગલુંય આગળ વધવું અસંભવ છે, આ સમજી લે તું. બેટા, પુરુષ સ્વભાવે અસલામત અને અસ્થિર હોય છે. એને માટે કોઈ પોતાની નબળાઈ જાણે એ વાત જ અસહ્ય હોય છે... પોતાના આ ભયને એ વિદ્રોહનું નામ આપે છે દીકરા, પણ એક વાત સમજી લે તું...'

ઉપર ઊભેલા સૂર્યકાંત જાણે પચ્ચીસ વર્ષ પહેલાંની વસુંધરા આ વાત એમને કહી રહી હોય એટલી ગંભીરતાથી સાંભળતા હતા. એમને લાગ્યું કે વાતે ગમે એને સંબોધીને કહેવાતી હોય, એ વાત હતી એમની જ... પોતાની સાવ અંગત. વસુંધરા જાણે આજથી ત્રણ દાયકા પહેલાંનો ઇતિહાસ ખોલીને શ્રેયાને પોતાના જીવનની કથા કહેતી હોય એમ સૂર્યકાંત સહેજ ઝંખવાઈને સાંભળી રહ્યા હતા.

'બેટા, અલય મારો દીકરો છે. હું જાણું છું એને. એનો સ્વભાવ પણ કાંતથી સહેજે જુદો નથી. જેમ બાંધીશ એમ વધુ જુસ્સાથી તારી સામો થશે..?

સામે છેડેથી શ્રેયાનું ડૂસકું સંભળાયું.

'બેટા, રડ નહીં. રડવાથી કોઈ પાછું નથી આવતું...?

પછી જાણે સ્વગત કહેતાં હોય એમ એમનાથી કહેવાઈ ગયું:

'નહીં તો આખું મુંબઈ શહેર મારાં આંસુમાં ડૂબી જાય એટલું રડી હતી હું.'

સૂર્યકાંતની છાતીમાં જાણે શૂળ ભોંકાઈ ગયું. એ સડસડાટ સીડી ઊતરીને નીચે આવ્યા ત્યારે વસુમા જાણે પોતાની જ સાથે વાત કરી રહ્યાં હોય એટલાં અન્યમનસ્ક હતાં:

'હજી સમય છે તારી પાસે દીકરા, આવતી કાલે સવારે સાડા છ વાગે 13રના મરીન લાઇન્સ બસસ્ટૉપની સામે શૂટિંગ શરૂ થશે...'

સહેજ શ્વાસ લઈને એમણે ઉમેર્યું:

'એ કહેશે નહીં, પણ એનું સમગ્ર અસ્તિત્વ તારી રાહ જોતું હશે, દીકરા. એને નિરાશ નહીં કરતી...'

વસુમાનું ગળું પણ ભરાઈ આવ્યું હતું:

'બેટા, સંબંધમાં પડેલી તિરાડ ગમે એટલા સ્નેહના સાંધા માર્યે પુરાતી નથી... અને તમારા સંબંધમાં તિરાડ પડે એ પહેલાં જ તું એને પૂરી દે. તારી મા થઈને કહું છું તને...?

આંખના ખૂણે આવેલાં આંસુ એમણે લૂછી કાઢ્યાં.

'જો બેટા, સ્ત્રી-પુરુષના સંબંધો કાચનાં વાસણ જેવા હોય છે. ગમે એટલું સાચવો કે સંભાળો, એક વાર છટકે તો ટુકડા ન થાય એવું બને, પણ તિરાડ તો પડે જ... આવી તિરાડ એમાં કશુંય ટકવા દેતી નથી, બેટા.'

એમનો અવાજ પળે પળે વધુ ને વધુ ભીનો થતો જતો હતો. વસુમાએ એમનો ડૂમો રોકીને ફોન મૂકી દીધો.

શ્રેયાએ એ જ પળે નિર્ણય કર્યો:

અનુપમા શું, દુનિયાની કોઈ પણ સ્ત્રી મને મારા અલયથી છૂટી નહીં પાડી શકે! હું અલય સાથે જીવવા શ્વાસ લઈ રહી છું ને મારા શ્વાસ ચાલે છે ત્યાં સુધી તો હું અલય સાથે અને અલય માટે જ જીવીશ.

આટલો નિર્ણય કરતાંની સાથે જ શ્રેયાના મન પરથી જાણે મનનો ભાર ઊતરી ગયો. અલયની ફેવરીટ વ્હાઇટ સેલ્ફ પ્રિન્ટવાળી સિલ્કની સાડી અને મોતીનો સેટ પહેરીને કાલે મુહૂર્ત પર પહોંચી જવાનો એણે નિર્ણય કરી લીધો...

*

બરાબર એ જ વખતે પાછળથી આવેલા સૂર્યકાંતે વસુંધરાના ખભે હાથ મૂક્યો. અચાનક જ મુકાયેલા એ હાથની ઉષ્મા અનુભવીને વસુમા કોણ જાણે કઈ લાગણીના પૂરમાં તણાતાં સૂર્યકાંતના ખભે માથું મૂકીને રડી પડ્યાં.

જાનકી પાસેથી માગેલી ચાવીથી શ્રીજી વિલાનો મુખ્ય દરવાજો ખોલીને દાખલ થતી લક્ષ્મી પોતાના પિતાના ખભે માથું મૂકીને રડતાં વસુમાને જોઈને ત્યાં જ અટકી ગઈ.

સાવ ધસમસતા પૂરની જેમ આવી પહોંચેલી આ સંવેદનશીલ પરિસ્થિતિ માટે સૂર્યકાંત મહેતા કદાચ તૈયાર નહોતા!

વસુના સ્ત્રીત્વનું આ લાગણીભીનું સમર્પણ સૂર્યકાંતની આંખો ભીંજવી ગયું. એમણે સાવ લગોલગ ઊભેલી વસુના ખભે, પીઠ પર, માથા પર ક્યાંય સુધી હાથ ફેરવ્યા કર્યો અને વસુંધરા પણ જાણે ત્રણ દાયકાની તરસ બુઝાવતી હોય એમ સૂર્યકાંતનો એ સ્પર્શ ઝીલતી, નખશિખ ભીંજાતી ક્યાંય સુધી એમનો ખભો ભીંજવતી રહી.

બન્ને જણ નિ:શબ્દ છૂટાં પડીને પોતપોતાની દિશામાં ગયાં ત્યાં સુધી બેમાંથી એકેયને ખબર નહોતી કે એમના આ દૃશ્યે લક્ષ્મીને પણ ડૂસકે ડૂસકે રડાવી મૂકી હતી!

* * *

37

ઠાકોરજીની પૂજા કરીને વસુમા ઊભાં થયાં ત્યારે સવારના સાડા પાંચ થયા હતા. રાતના ઓથાર હજીય એમની છાતી પર જાણે વજન થઈને વળગ્યા હતા.

સામાન્ય રીતે કોઈ વાતે વિચલિત ન થનારાં વસુમા આજે વારે વારે પોતે જે રીતે સૂર્યકાંતને ખભે માથું મૂકીને રડી પડ્યાં એ વિચારતાં પોતાની જાતને જ પ્રશ્નો પૂછવા લાગ્યાં હતાં. ઠાકોરજીની સામે બેઠાં બેઠાં, પૂજા કરતાં કરતાં પણ એમને વારે વારે એ જ દૃશ્ય દેખાયા કરતું હતું.

શું હું હજીય સૂર્યકાંતમાં કોઈ આધાર, કોઈ સલામતી શોધું છું? શ્રેયાને કહેવાની વાત તો સામાન્ય હતી... મારા ભૂતકાળની એક સાવ સાદી વાત, જે મેં કેટલીય વાર, કેટલાય લોકોને કહી હશે. તો પછી આજે અચાનક શું થઈ ગયું? મેં સૂર્યકાંતને શોધીને કોઈ ભૂલ કરી? આટલાં વર્ષો જાળવી રાખેલી મારી ગરિમા અને હિંમત એના આવતાં જ કેમ ઓગળવા લાગ્યાં છે?

આવું કેટલુંય વિચારતાં વસુમા બગીચામાં કામ કરવા લાગ્યાં. બગીચામાં કામ કરતા હાથની સાથે સાથે એમનાથી ગવાઈ ગયું:

મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા, જોતી'તી વહાલાની વાટ,
અલબેલા કાજે ઉજાગરા...
ઘેરાતી આંખડીને દીધા સોગંદ મેં મટકું માર્યું તો તારી વાત...
પગલે પગલે એના ભણકારા વાગતા, વેરણ હિંડોળા ખાટ,
અલબેલા કાજે ઉજાગરા...

આખી રાત પડખાં બદલીને કાઢ્યા પછી દરેકેદરેક ઓરડામાં જાગતી એકેએક વ્યક્તિને વસુમાનું આ ગીત સાંભળીને નવાઈ લાગી. રોજ નરસિંહનું પદ, ગંગા સતીનું ભજન કે સૂરદાસનું કોઈ ભજન સાંભળવા ટેવાયેલા એ ઘરના કાનને આજે આવું પ્રણયગીત સાંભળીને આશ્ચર્ય થયું.

નાહીને શર્ટનાં બટન બંધ કરતાં સીડી ઊતરતા અલયે માના અવાજમાં આ ગીત સાંભળીને મનોમન અંદાજ કાઢી લીધો કે માનો મૂડ બહુ સારો છે.

અલય બગીચામાં આવ્યો. વસુમા હજુ તૈયાર નહોતાં. અલય નજીક આવ્યો. એણે વાંકા વળેલાં વસુમાની કમરમાં હાથ નાખીને એમને પકડી લીધાં અને માથું એમની પીઠ પર મૂકી દીધું.

વસુંધરાના અવાજમાં એક વીસ વર્ષની પત્ની છલકાઈ ઊઠી:

'શું કરો છો?'

અલયે એમને છોડી દીધાં. ચોંકીને પાછળ ફરેલાં વસુમા અને અલયની નજર સામસામે અથડાઈ ત્યારે અલયની આંખોમાં આશ્ચર્ય કરતાં વધારે ઉપાલંભ હતો.

'ઓહ! તું છે?'

‘તને શું લાગ્યું?’

અલયના અવાજમાં સોંસરો ઊતરી જાય એવો ડંખ હતો:

‘શું થઈ ગયું છે તને, મા? હું જોઉં છું તું બદલાઈ રહી છે.’

‘અલય, હું પણ જોઉં છું કે તું બદલાઈ રહ્યો છે.’

‘મારી ઉંમર ચોવીસ વર્ષની છે, મા.’

‘ઉંમર અને માણસના બદલવાને ખરેખર કોઈ સંબંધ હોય છે?’ વસુમાએ લાલચોળ ચાંલ્લા નીચે તગતગતી બે આંખો અલયના ચહેરા પર ઠેરવી:

‘બેટા, બદલવાની પ્રક્રિયા જન્મથી મૃત્યુ પર્યંત ચાલે છે. આપણે સૌ પળે પળે બદલાઈએ છીએ. સમય સાથે, સંજોગો સાથે...’

‘મા, તું તૈયાર થઈ જા. આપણને મોડું થશે.’

અલયે એમની સાથે નજર મિલાવવાનું ટાળ્યું.

‘ભલે!’

અલયના ચહેરા પર વસુમાએ વહાલસોયો હાથ ફેરવ્યો. અલયની આંખો અનાયાસ જ મીંચાઈ ગઈ.

‘બેટા, જ્યારે બદલાવ રોકાવો આપણા હાથમાં ન હોય ત્યારે આપણી અંદર છલકાતી કોઈ પણ લાગણીને આપણે ગમે એટલી છુપાવીએ, એની છાલક આપણી આસપાસ રહેલી દરેક વ્યક્તિને ભીંજવે જ.’

વસુમાના અવાજમાં ફરી એક વાર એ જ સ્થિરતા અને એ જ સંયમ હતાં. દીકરાની સામે પકડાઈ ગયાનો કોઈ ક્ષોભ કે સંકોચ એમના અવાજમાં નહોતાં:

‘તેં પૂછ્યું હતું ને કે મને શું લાગ્યું?’

‘મારે નથી સાંભળવું.’

‘પણ મારે તને કહેવું છે બેટા.’ વસુમાના અવાજમાં એક નિર્ભય સ્નેહ હતો:

‘કોણ જાણે કેમ, મને એવું લાગ્યું કે કાંત આવીને મારી પાછળ ઊભા રહ્યા...’

અલયનો ચહેરો ફરી ગયો. તમતમી ગયેલા ગાલ અને ભીંસાઈ ગયેલા દાંત સાથે એણે વસુમા સામે જોયું.

‘દીકરા, આપણે સૌ જિવાયેલો ભૂતકાળ થોડો થોડો વાગોળી લઈએ છીએ... પણ હું જાણે નહીં જિવાયેલા ભૂતકાળમાં સરી પડી!’

વસુમા બોલતાં હતાં ત્યારે એમનું ધ્યાન નહોતું. પણ સૂર્યકાંત થોડે દૂર આવીને ઊભા હતા. અલય એમને જોઈ શકતો હતો.

'દીકરા, આ શ્રીજી વિલામાં રહેવા આવ્યાને ત્યારથી મને આ બંગલી જેવું ઘર, આ નાનકડો બગીચો, આ મધુમાલતીની વેલ, આ પથ્થરની બેઠક અને આ હીંચકો... સાવ પોતાનાં લાગ્યાં હતાં. આ ઘરનું તાળું ખોલતાં મને પહેલો વિચાર એ આવ્યો હતો કે હવેલીમાં તારા બાપુ બહુ દૂર હતા મારાથી... પણ આ નાનકડા ઘરમાં હું એમને સાવ મારી પાસે લઈ આવીશ.'

વસુમા જાણે શૂન્યમાં સપનું જોતાં હોય એમ ઘેરાયેલા આકાશ સામે જોઈને બોલતાં હતાં:

'મારાથી જરાય અળગા ન જઈ શકે એટલા પાસે... જાતજાતની ને ભાતભાતની કલ્પનાઓ કરી હતી આ ઘરમાં. ત્રણ છોકરાંની મા હતી હું...'

વસુમા બોલી રહ્યાં હતાં ને અલયે ઘડિયાળ જોઈ.

'...મને મારાં સંતાનોના પિતાને પતિ તરીકે પામવાની ખેવના હતી. એ આ ઘરમાં પૂરી થશે એમ લાગ્યું હતું...'

આંખ મીંચીને એમણે કહ્યું: 'કોણ જાણે શાથી!'

'મા, આપણને મોડું થાય છે.'

'હું પાંચ મિનિટમાં આવી.'

કહીને વસુમા ઊંધાં ફર્યાં ત્યારે દૂર ઊભેલા સૂર્યકાંત સાથે એમની નજર મળી. એ નજરમાં કોણ જાણે શું હતું કે વસુમાના શરીરનાં બધાં જ રૂંવાડાં ઊભાં થઈ ગયાં!

પોતાના ઓરડામાં જઈને સાડી પહેરતી વખતે વસુમાને કોણ જાણે શું વિચાર આવ્યો તે એમણે સાડીની ગડીઓમાં છેક નીચે મલમલના કપડામાં લપેટીને મૂકેલી સફેદ સિલ્કની લાલ બોર્ડરવાળી સાડી બહાર કાઢી.

*

'અલય, હું આવું છું, બેટા, તને વાંધો નથીને?'

સૂર્યકાંત બગીચામાં ઊભેલા અલય પાસે આવ્યા.

'ત્યાં હજારોનું ક્રાઉડ ભેગું થશે અનુપમાને જોવા, મને શું વાંધો હોય?'

'હું હજારોના ક્રાઉડમાં આવું છું?'

સૂર્યકાંત મહેતાને વસુંધરાની વાત સાંભળીને હજી ઘડીભર પહેલાં થઈ આવેલો રોમાંચ એક જ વાક્યમાં હડસેલાઈ ગયો.

'જુઓ મિસ્ટર મહેતા, તમે કારણ વગર ઇમોશનલ થવાનો પ્રયત્ન ન કરો, ખાસ કરીને મારી સાથે.' હજી ઘડીભર પહેલાં માની વાત સાંભળીને અલયના મનમાં અચાનક જ એક અસલામતી જાગી હતી.

'મને તમારા આવવાથી કે નહીં આવવાથી કોઈ ફેર નહીં પડે. મેં કાલે જ કહ્યું હતું.'

'ત્યારે મેં જે નહોતું કહ્યું એ હું તને કહું છું.'

સૂર્યકાંત આગળ વધ્યા. એમણે લગભગ પોતાનાથી એકાદ ઇંચ ઊંચા અલયના માથે હાથ મૂક્યો:

'તું દીકરો છે મારો. મને તારી સફળતામાં ભાગીદાર થવું ગમે જ... તને ફેર પડે કે ન પડે, તારી દરેક વાતનો મને ફેર પડે છે... જેને ચાહતા હોઈએ ને બેટા, એનો અણગમો પણ સ્વીકારી જ લેવો પડે!'

અલય એક ખૂબ જ તોછડો અને કડવો જવાબ આપવા માગતો હતો, પણ કોણ જાણે કેમ એ કંઈ બોલી જ શક્યો નહીં. માએ હજી હમણાં જ કહેલી વાત અને સૂર્યકાંત મહેતાની આ વાત જાણે એકબીજામાં પૂર્તિ કરતી હતી.

આટલાં વર્ષો સુધી એકબીજાથી દૂર રહેલાં બે જણ આટલાં બધાં એકસૂર કેવી રીતે હોઈ શકે?!

અલયના મનમાં સવાલ ઊઠ્યો:

શ્રેયા અને હું રાત-દિવસ એકબીજાની સાથે જીવી ગયાં ને છતાંય આટલા બધા મતભેદ છે... આ માણસ મારી માને છોડીને ચાલી ગયો હતો ને છતાં મારી મા એને સમ્માને છે... એ આટલાં વર્ષ દૂર રહ્યા પછી પણ મારી માની જ ભાષા બોલે છે! કયો સંબંધ છે આ?

અલય અન્યમનસ્ક સૂર્યકાંતની સામે જોઈ રહ્યો હતો. એના મનમાં ચાલતા વિચારોની ગડમથલે એના ચહેરા પર રંગ બદલ્યા હશે કદાચ એટલે સૂર્યકાંતે માથા પર મૂકેલો હાથ ગાલ સુધી ફેરવ્યો.

અલયને સમજાયું નહીં, પણ પિતાના આ સ્પર્શે એની આંખો ફરી એક વાર અનાયાસ મીંચાઈ ગઈ. એના જન્મ પછી પહેલી વાર આજે એના પિતાએ એને આમ સ્પર્શ કર્યો હતો.

અલય અને સૂર્યકાંત હજી આ ક્ષણને પૂરેપૂરી અંદર ઉતારે એ પહેલાં સામે ગેટ ખોલીને આવતી શ્રેયાને જોઈને સૂર્યકાંતે કહ્યું:

'આવ બેટા!,

અલય પાછળ ફર્યો.

સફેદ સિલ્કની સેલ્ફ પ્રિન્ટમાં ફુલોવાળી સાડી, સરસ મજાનો અંબોડો, એમાં મોગરાની વેણી, કાનમાં મોતીની લટકતી બુટ્ટીઓ અને ગળામાં એક સેરની માળા...

શ્રેયા નજીક આવી ત્યાં સુધીમાં તો અલય મંત્રમુગ્ધ થઈ ગયો હતો! એના ફેવરીટ પરફ્યૂમની સુગંધ એનાં ફેફસાંને ભરી ગઈ.

નજીક આવીને અલયના ખભે શ્રેયાએ હાથ મૂક્યો:

'ગાડી છે, કેટલા જણ છીએ આપણે?'

'તું આવે છે?'

વશીકરણની અસરમાંથી બહાર નીકળીને અલયને જે પહેલો સવાલ સૂઝ્યો તે આ હતો.

હસી પડી શ્રેયા. ગળામાં પહેરેલી મોતીની માળા સાથે હરીફાઈ કરે એવી એની દંતપંક્તિઓ અલયને નખશિખ તરબોળ કરી ગઈ:

'મારા વિના થશે તારી ફિલમનું મુહૂર્ત'

'નહીં થાય શ્રેયા, નહીં જ થાય!'

અલયે કહ્યું અને સૂર્યકાંતની મર્યાદા છોડીને અલયને એ ભેટી પડી:

'આઈ એમ સૉરી, અલય!'

અલયે પણ શ્રેયાને એવી રીતે જકડી લીધી જાણે કહેતો હોય:

ખબરદાર, જો હવેથી આમ કર્યું છે તો!

બન્ને જણ એમ જ ઊભાં હતાં કે વસુમાનો અવાજ આવ્યો:

'ચાલો, હું તૈયાર છું.'

વસુમાને જોઈને ત્રણેયની આંખો એક પળ માટે અંજાઈ ગઈ. આ ઉંમરે કોઈ સ્ત્રી આટલી સુંદર લાગી શકે એ વાત ત્રણમાંથી એકેય જણે કદાચ કલ્પી પણ નહોતી.

એક વેંતની લાલ બોર્ડરની પાતળી જરીની સફેદ સાડી પહેરીને ઊભેલાં વસુમા કોઈ દેવીપ્રતિમા જેવાં દેખાતાં હતાં. હાથના ખોબામાં સમાય એવો અંબોડો આજે કદાચ સહેજ ઢીલો જ વાળ્યો હતો! તેજસ્વી આંખો પર લાલ ચાંલ્લો વસુમાના આખા અસ્તિત્વને ઉજાગર કરી જતો હતો.

સૂર્યકાંત જાણે ઊંઘમાં ચાલતા હોય એમ આગળ વધ્યા. અલય અને શ્રેયાની સામે એમણે વસુમાનો હાથ આસ્તે થી પકડી લીધો.

બધાં ગેટ તરફ આગળ વધ્યાં ત્યારે પાછળથી જાનકીની અવાજ આવ્યો:

'વેરી ગુડ! ઇન્વાઈટ તો કરી દીધાં, પણ લઈને નહીં જવાનું. કેમ અલયભાઈ?'

'અમારી ગાડીમાં જગ્યા નથી.' અલયે પાછળ ફરીને કહ્યું:

'આ ગાડીમાં એકસાથે બે જ સુંદર સ્ત્રી બેસી શકે છે, ત્રીજી બેસશે તો ગાડી ચાલશે જ નહીં!'

અને સૌ એકસાથે હસી પડ્યાં.

કફલિન્ક પહેરતો અજય બહાર આવ્યો:

'તમે નીકળો, અમે પહોંચીએ છીએ. હૃદય હજુ કપડાં સિલેક્ટ કરે છે.'

પછી અલય સામે આંખ મારીને કહ્યું: 'અનુપમા હશેને ત્યાં... એટલે!'

અનુપમાનું નામ સાંભળીને અલયનો ચહેરો સહેજ ઝંખવાયો, પણ શ્રેયાએ અલયના ખભે હાથ મૂકીને કહ્યું:

'આ ઘરના બધા જ પુરુષો અનુપમાના ફેન છે કે શું?'

ફરી વાર સૌ હસી પડ્યાં.

*

બાલ્કનીમાં આરામખુરશીમાં બેઠાં બેઠાં જ ઊંઘી ગયેલા અભયની આંખ ખૂલી ત્યારે નીચેથી સૌના હસવાનો અવાજ આવતો હતો.

એની નજર પડી ત્યારે વૈભવી ડ્રેસિંગ રૂમમાંથી સરસ સાડી પહેરીને બહાર આવી:

'ચલો, જલદી કરો. અલયભાઈ સાત વાગે પહેલો શૉટ લેવાના છે.'

'કેટલા વાગ્યા?'

અભયની આંખ હજીય માંડ માંડ ખૂલતી હતી.

'છ.'

'તું જા મારે નથી આવવું.'

અભયના મનમાંથી હજી ગઈ કાલે રાત્રે થયેલી ઘટનાઓ ભૂંસાતી નહોતી:

કોઈ આટલું ઝડપથી નૉર્મલ કેવી રીતે થઈ શકે? અભયને વિચાર આવ્યો.

જો કે વૈભવી માટે આ નવું નહોતું. એ પળે પળે રંગ બદલી શકતી અને એ પણ ખૂબ સ્વાભાવિકતાથી.

'એવું તે કંઈ હોય? મા, પપ્પાજી, જાનકી, અજયભાઈ બધાં ગયાં છે.'

'એટલે તારે પણ જવું છે.?' અભયના અવાજમાં કડવાશ સ્પષ્ટ પડઘાતી હતી.

'તમે રાતની વાત ભૂલી શકશો કે નહીં?'

વૈભવી નજીક આવી. એણે અભયને એના આશ્ચર્ય વચ્ચે હાથ ખેંચીને ઊભો કર્યો:

'ચાલોને અભય પ્લીઝ, આવું શું કરો છો...'

'ઓકે... ઓકે.' અભયે હાથ છોડાવ્યો અને બાથરૂમ તરફ વળ્યો.

*

નીરવની ગાડીનો હોર્ન સાંભળીને લક્ષ્મી દોડતી હતી ત્યાં અચાનક એણે જાનકીને ડ્રોઇંગ રૂમમાં બેઠેલી જોઈ.

'ભાભી, નીરવ આવ્યો છે ચલો, સાથે જ જતાં રહીએ.'

એ પછીની પાંચ મિનિટમાં આખું શ્રીજી વિલા ખાલી થઈ ગયું હતું. લજ્જા પાર્ટીમાંથી ઘેર આવી જ નહીં. આદિત્ય એના મિત્રને ત્યાંથી સીધો મુહૂર્ત પર પહોંચવાનો હતો.

બાકીના સભ્યો એક પછી એક ચાલી ગયા હતા. આખા ઘરમાં અભય અને વૈભવી બે જ જણ હતાં.

અભય નહાવા ગયો અને વૈભવીનું મગજ કોણ જાણે કઈ ચેસ ગોઠવવામાં પડી ગયું.

*

આજે પહેલી વાર ઘેરથી નીકળતી વખતે અનુપમાનું હૃદય એક થડકારો ચૂકી ગયું.

આવું તો એને પહેલા શૂટ વખતે પણ નહોતું થયું. એની પાસે આત્મવિશ્વાસની એક ગજબની મૂડી હતી. કોઈ પણ પરિસ્થિતિ અંગે એ સતત અને સહજ રીતે તૈયાર હતી. આજ સુધી એ એમ માનતી રહી કે દુનિયાનો કોઈ પુરુષ એને પરાસ્ત કરવા સર્જાયો નથી. આજે પહેલી વાર અલયના વિચારમાત્રથી એનું મન તરફડી ઊઠ્યું હતું. હવે તો એ જાણતી હતી કે શ્રેયા અને અલય એકબીજાને ચાહે છે. તેમ છતાં અલયના બાહુપાશમાં સમાઈ જવા... એની આંખોના ઊંડાણમાં ડૂબકી મારવા... એના વહાલના વરસાદમાં ભીંજાઈ જવા એનું મન બેચેન હતું.

સંજીવ શર્માએ બહાર નીકળતી અનુપમાને રોકી:

'દહીં ખાઈ લે.'

કોઈ પણ નવો પ્રોજેક્ટ શરૂ કરતી વખતે અનુપમાને એ અચૂક દહીં ખવડાવતો હતો. એ ખૂબ ચાહતો હતો આ ગાંડી, પણ અતિશય વહાલસોઈ છોકરીને.

દહીં ખાઈને કોણ જાણે કેમ, પણ અનુપમા સંજીવના ચરણમાં ઝૂકી ગઈ:

'દાદા!'

'તેં દાદા કહ્યું મને?' સંજીવની આંખો ભીની થઈ ગઈ.

'હા, તમે મોટા ભાઈની જેમ સાચવી છે મને. આજે પહેલા વાર તમને સેક્રેટરી નહીં, મોટા ભાઈની જેમ પગે લાગું છું.'

અનુપમા પણ લાગણીશીલ થઈ ગઈ હતી:

'દાદા, આ ફિલમ સુપર હિટ થાય... અલયને એ બધું જ મળે, જેની એને ઝંખના છે.'

'અલયની મને નથી ખબર, અનુ.'

સંજીવનો હાથ અનાયાસ એના માથા પર મુકાઈ ગયો:

'પણ તું જે ઝંખે છે એ કદાચ...'

'મને નહીં મળે એમ જ કહેવા માગો છો ને?'

અનુપમાનો અવાજ કરોડોની મિલકત હારેલા જુગારી કરતાંય ક્ષીણ હતો.

'એવું તો નહીં, પણ...'

'...પણ શું? હું નહીં સમજતી હોઉં આ વાત? એના આટલાં વર્ષોના સંબંધો તોડાવીને હું મેળવીશ તોય શું મેળવીશ?'

અનુપમાએ આંખો મીંચી દીધી:

'દાદા, મન નથી માનતું.' એની આંખો હજી બંધ હતી.

'અનુ, તેં દાદા કહ્યો છે મને, એક સલાહ આપીશ. મૃગજળ પાછળ ભાગનારને આખરે રણમાં મોત મળે છે. જે છે નહીં એને શોધવા માટે ભટકવા નીકળી છે તું.'

'કોને ખબર દાદા, શ્રદ્ધા બહુ મોટી વસ્તુ છે. મૃગજળ અને ઈશ્વરમાં ખરેખર જુઓ તો ફરક શું છે? આપણે બેમાંથી કોઈને જોયાં નથી...'

'બેટા, ઈશ્વરના હોવાની સાબિતી આ સંસાર છે.'

'દાદા, ઈશ્વર છે ને?'

'છે જ, અનુ.'

'તો એ ઈશ્વર મારી જિંદગીમાં મને એક વાર મૃગજળના ઘૂંટડા ભરાવશે એમ મારી શ્રદ્ધા કહે છે ને એ તૃપ્તિના અનુભવ પછી હું બાકીની જિંદગી તો આમ જ જીવી જઈશ...' કહીને અનુપમા સડસડાટ પોર્ચમાં ઊભેલી કારમાં ગોઠવાઈ ગઈ.

સંજીવ એને જતી જોઈ રહ્યો.

પોતાની કારમાં બેસતી વખતે સંજીવે આંખો બંધ કરીને મનોમન એના ઈશ્વરને યાદ કર્યો:

હે પ્રભુ, આ મૂરખ છોકરીની સાથે રહેજે. જિંદગીમાં ક્યાંય એને ઠોકર વાગે તો તારા હાથમાં ઝીલી લેજે, પ્રભુ...

*

અનુપમા મરીન ડ્રાઇવ પહોંચી ત્યારે સાત વાગી ગયા હતા.

અલય ક્યારનો એની રાહ જોતો હતો. કૅમેરા ગોઠવાઈ ગયો હતો. ડમી કૅરેક્ટર્સ ઊભાં રાખીને રિફ્લેક્ટર્સ પણ ઍડ્જસ્ટ થઈ ગયાં હતાં. અભિષેક પોતાની મેકઅપ વેનમાં આસિસ્ટન્ટ પાસે ડાયલોગ સાંભળી રહ્યો હતો.

પાસે જ ઊભી કરેલી બે છત્રી નીચે મૂકેલી ખુરશીઓમાં આખો મહેતા પરિવાર બેઠો હતો. રહી રહીને સૌ વસુમાની સામે જોતા હતા. એમનો ઠસ્સો, એમનો દેખાવ બાકીના સૌને ઝાંખા પાડી દેતો હતો. થોડે દૂર અનુપમા ઘોષની મેકઅપ વેન ઊભી હતી, પણ અનુપમા એમાં ન ગઈ. એ સીધી વસુમા પાસે ગઈ. વસુમાને પગે લાગીને એમને ભેટી, વસુમાએ પણ બહુ જ વહાલથી એને આવકારી.

આસપાસ ઊભેલું ક્રાઉડ અમસ્તુંય વસુમાથી પ્રભાવિત થઈને એમની જ સામે જોઈ રહ્યું હતું. એમાં અનુપમાને

એમને પગે લાગતી જોઈને બે-ચાર જણ એમના ઑટોગ્રાફ લેવા પણ આવી ગયા.

'સહી કરી આપો, વસુંધરા મહેતા.'

સૂર્યકાંતના ચહેરા પર સ્મિત આવી ગયું.

'હું?'

ક્રાઉડમાંથી એમનો ઑટોગ્રાફ લેવા આવેલા બે-ચાર જણ સામે વસુમાએ નવાઈથી જોયું:

'મારો ઑટોગ્રાફ? શાના માટે?'

'એ લોકો તમને કોઈ ઍક્ટ્રેસ સમજે છે, મા.'

શ્રેયાએ લાડ કર્યાં અને વસુમાના ખભે માથું મૂક્યું. આ જોઈને કોણ જાણે કેમ અનુપમાને અચાનક જ ઓછું આવી ગયું. એણે નજર ફેરવી લીધી અને પોતાની લાઇન્સમાં ધ્યાન આપવા લાગી. મેકઅપ વેન એની પણ ઊભી હતી. તેમ છતાં એણે પોતાના માટે ત્રીજી છત્રી ખોલાવી હતી. એની નીચે આરામખુરશી ને ટેબલ ગોઠવવામાં આવ્યાં હતાં. આમ જુઓ તો અનુપમા પોતાની લાઇન્સ સાંભળવામાં અને શૉટ સમજવામાં બિઝી હતી, પરંતુ એનું સમગ્ર ધ્યાન મહેતા પરિવાર તરફ હતું.

ઑટોગ્રાફ લેવા આવેલા માણસો હજીય માનવા તૈયાર નહોતા.

'મૉમ, એ લોકો તમને ઍક્ટ્રેસ સમજે છે તો આપી દોને ઑટોગ્રાફ. આમ પણ તમે કોઈ ઍક્ટ્રેસથી ઓછાં રૂપાળાં નથી.'

લક્ષ્મીએ આ વાત તો બહુ નિર્દોષતાથી કહી હતી, પણ આ વાત સાંભળતાંની સાથે જ વસુમાની નજર સૂર્યકાંત તરફ વળી. સૂર્યકાંત અને વસુમાની આંખોમાં પરસ્પર જે વાત થઈ એ બીજા કોઈને ન સમજાઈ, પરંતુ એ બન્ને એકબીજાની વાત વગર કહ્યે સમજી ગયાં હોય એમ સૂર્યકાંતની નજર ઝૂકી ગઈ.

અલય પોતાના કામમાં અટવાયેલો હતો. મુહૂર્ત શૉટ તૈયાર થયો કે એણે વસુમાને બોલાવ્યાં. એકમાત્ર શૈલેષ સાવલિયાની રાહ જોવાતી હતી. સામાન્ય રીતે સમય પર પહોંચનારો એ માણસ આજે કોણ જાણે કેમ મોડો હતો.

સૂરજ ધીરે ધીરે ઉપર ચડી રહ્યો હતો. અલયની કલ્પનામાં હતી એ લાઇટ્સ બદલાઈ રહી હતી. આખરે એણે શૈલેષ સાવલિયાની રાહ જોયા વિના પહેલો શૉટ લઈ લેવાનું નક્કી કર્યું. બધું ગોઠવાઈ ગયું.

અભિષેક પણ વેનમાંથી બહાર આવી ગયો. વસુમાએ પહેલો કલૅપ આપ્યો અને સીન શરૂ થયો. બધાનું ધ્યાન ચાલી રહેલા શૉટમાં હતું. પાછળ એક ગાડી આવીને ઊભી રહી. એમાંથી શૈલેષ સાવલિયા એક ઘરડી, લાકડીના ટેકે ચાલતી, ધ્રૂજતી સ્ત્રીને લઈને ઊતર્યા.

લાકડીના ટેકે ટેકે ચાલતી એ સ્ત્રી ધીમે ધીમે શૈલેષ સાવલિયાનો હાથ પકડીને આગળ વધી. અહીં શૉટ ચાલી રહ્યો હતો. કોઈનું ધ્યાન એ બે જણ તરફ નહોતું. શૉટ પૂરો થયો.

અલયે જોરથી કહ્યું: 'ઓકે...!'

કૅમેરામૅનની બાજુમાં ઊભેલી લક્ષ્મીએ નાળિયેર ફોડ્યું...

સૌએ તાળી પાડી.

એ જ વખતે સૂર્યકાંત પોતાની સીટમાં બેસવા જતા હતા કે એમની નજર શૈલેષ સાવલિયા અને એની સાથે આવેલી પેલી સ્ત્રી પર પડી.

સૂર્યકાંતનું મગજ ચકરાઈ ગયું. એમના ચહેરાના હાવભાવ બદલાઈ ગયા. એક ક્ષણ માટે જાણે એ બદલાઈ ગયા. પછી હળવે રહીને એમણે જાત પર કાબૂ મેળવ્યો અને પેલાં બન્ને તરફ ધ્યાન આપ્યા વિના પોતાની સીટમાં ગોઠવાઈ ગયા.

અલયને ભેટીને વસુમા વહાલ કરી રહ્યાં હતાં. અનુપમા પણ એમને પગે લાગી. યુનિટના લગભગ દરેક સભ્યે આવીને વસુમાના ચરણમાં મસ્તક નમાવ્યું.

અભિષેક પણ આવીને એમને પગે લાગ્યો.

સૌ વાતો કરી રહ્યા હતા એવા સમયે શૈલેષ સાવલિયાએ જોરથી બૂમ પાડી:

'કૉન્ગ્રેટ્સ અલય...'

'અરે શૈલેષભાઈ! કેટલું મોડું કર્યું?' અનુપમા આગળ વધી.

'હું આમને લેવા ગયો હતો.'

'આ...'

અનુપમાએ આંખો ઝીણી કરીને એમને ઓળખવાનો પ્રયત્ન કર્યો. લકવો થઈ ગયો હોવા છતાં ડાઈ કરેલા કાળા ભમ્મર વાળનો સફાઈબદ્ધ રીતે વાળેલો અંબોડો, મોટો ચાંલ્લો, કાનમાં આ ઉંમરે પણ પહેરેલાં લટકણિયાં, ઢળી ગયેલી ઉંમરે પણ લાલ બુટ્ટાવાળી સાડી... અનુપમાને ખયાલ ન આવ્યો.

આ દશ્ય ચાલતું હતું ત્યારે સૂર્યકાંતે મોઢું ફેરવી લીધું હતું. એમને જાણે આ આખાય દશ્ય સાથે કોઈ નિસબત ન હોય એમ એ બીજી તરફ જોઈ રહ્યા હતા.

વસુમાનું ધ્યાન શૈલેષ સાવલિયાએ પાડેલી બૂમથી એમના તરફ ખેંચાયું હતું. બહુ જ ધીમે, પરંતુ મક્કમ પગલે વસુમા આગળ વધ્યાં. એમણે જઈને પેલી સ્ત્રીના ખભે હાથ મૂક્યો.

'યશ...'

'વસુ!'

પેલી સ્ત્રીએ લાકડી સાથે ડગમગતા પગલે બન્ને હાથ ઊંચા કરીને હાથ જોડ્યા અને માથું નમાવ્યું. વસુમાએ એના બન્ને હાથ પકડી લીધા.

'મને મઆફ કરજે.' એના હાથ હજી જોડેલા હતા:

'મને ખબર નહીં કે સૂઉરજ અહીં હશે.'

'તે શું થયું? સારું થયું તું આવી.'

પછી વસુમાએ શૈલેષની સામે જોઈ સ્મિત કર્યું:

'ખૂબ સારું કર્યું, ભાઈ કે તમે એમને લઈ આવ્યા તે.'

પછી સૂર્યકાંત તરફ જોઈને બૂમ પાડી: 'કાંત...'

સૂર્યકાંત જાણે વાત સાંભળી જ ન હોય એમ દરિયા તરફ જોઈ રહ્યા હતા. વસુમા એમની નજીક ગયાં, ખભે હાથ મૂક્યો અને ખૂબ હળવેથી કહ્યું:

'કાંત, યશોધરા આવી છે.'

'ખબર છે મને.' સૂર્યકાંતનો અવાજ લુખ્ખો અને તોછડો હતો.

'ચાલી, ત્યાં આવીને મળો એને.'

'મારે નથી મળવું. તેં મળી લીધું, બહુ થયું.'

'કાંત, આપણા દીકરાના ફ્લોર પર આપણી મહેમાન છે એ તમે આવશો તો મને ગમશે.'

'તને ગમશે?!'

સૂર્યકાંતના ચહેરા પર અને અવાજમાં આશ્ચર્ય છાનું ન રહ્યું. પછી એ હળવેથી ઊભા થયા અને વસુમાની પાછળ પાછળ યશોધરા અને શૈલેષ તરફ જવા લાગ્યા.

'સૂઊરજ!'

યશોધરાનો ચહેરો સહેજ વાંકો થઈ ગયો હતો. બોલતાં તકલીફ પડતી હતી. એની આંખોમાં ભારોભાર પશ્ચાત્તાપ અને પીડા ઊભરાતાં હતાં:

'ક્યાંઆ હહતો આઆટલાં વરસ?'

સૂર્યકાંત નજર ફેરવી લીધી, પણ વસુમાએ યશોધરાના ખભે હાથ મૂકીને એમને માટે લાવવામાં આવેલી ખુરશીમાં એને બેસાડી દીધી:

'એ અમેરિકા હતા. થોડા દિવસ પહેલાં જ આવ્યા છે.'

'મને લઅકવો...' યશોધરાની આંખોમાં આંસુ આવી ગયાં. એ વસુમા તરફ ફરી:

'તારી સાથે... બહુ ખોટું... માફ...'

'વર્ષો વીતી ગયાં, યશોધરા, મેં યાદ નથી રાખી જે વાત એને તું શું કામ યાદ રાખે છે?'

'તું તો દેવી...'

યશોધરાની આગળ ન બોલાયું. એ રડવા લાગી. શૈલેષ સાવલિયા ત્યાં ઊભા ઊભા એમણે જે ધાર્યું હતું એવું કંઈ ન બન્યાનો અફસોસ કરી રહ્યા હતા. અલયે મારેલી થપ્પડનો આજે એમને જવાબ આપવો હતો, પરંતુ અહીં તો આખી બાજી જ ઊંધી પડી ગઈ.

યશોધરાને બેસાડ્યા પછી વસુમા એની બાજુમાં બેઠાં અને હળવે હળવે રડતી યશોધરાના ખભે હાથ ફેરવવા લાગ્યાં. સૂર્યકાંત એમ જ બીજી તરફ નજર ફેરવીને ઊભા રહ્યા. યશોધરા વારંવાર એમના તરફ જોતી રહી, પણ સૂર્યકાંતે એની સાથે નજર મિલાવવાની પણ તસ્દી ન લીધી. બે જણની સાથે મુકાયેલી ત્રીજી ખુરશી એમ જ, ખાલી જ પડી રહી...

આજુબાજુ ઊભેલું ક્રાઉડ આ દૃશ્યને કદાચ શૂટિંગ સમજીને લાગણીશીલ થઈ જોઈ રહ્યું હતું. અનુપમા, લક્ષ્મી, નીરવ, અજય, જાનકી અને યુનિટના બધા સભ્ય આસપાસ ટોળે વળી ગયાં હતાં.

યશોધરા રડતાં રડતાં અસ્પષ્ટ શબ્દોના ગોટા વાળતાં એકની એક જ વાત કહી રહી હતી...

‘વસુ, તું દેવી છે. તેં મને મદદ ન કરી હોત તો હું જીવતી જ ન હોત...’

યશોધરાની આ વાત સાંભળીને ચોંકેલા સૂર્યકાંત અને શૈલેષ સાવલિયા બન્નેએ યશોધરા તરફ જોયું. સૂર્યકાંત બોલ્યા તો કંઈ નહીં, પણ એમની આંખોમાં દેખાતો સવાલ શૈલેષ સાવલિયાના હોઠ પર આવી ગયો.

‘મદદ એટલે?’

યશોધરાની આંખમાંથી હજીય પાણી વહી રહ્યાં હતાં:

‘મદદ... મારાં હૉસ્પિટલનાં બિલો ચૂકવવા થી શરૂ કરીને આજ સુધી આ વસુ દર મહિને મને પૈસા મોકલે છે!’

* * *

38

ડગમગતા અને હાલતા શરીરે, વાંકા મોઢે યશોધરા વારે વારે વસુમાને હાથ જોડી રહી હતી.

વસુમા સામે સૂર્યકાંતે જોયું. 'વસુ!'

એમની આંખોમાં વસુંધરા માટેનો અહોભાવ છલકાઈ રહ્યો હતો.

'કાંત, હવે એ વાત કંઈ બહુ મહત્ત્વની નથી.'

'અરે! મહત્ત્વની કેમ નથી? તમારા હસબન્ડ જેના માટે તમને છોડીને ભાગી ગયેલા એનો તમે જીવ બચાવ્યો. આજ સુધી તમે એને...'

શૈલેષ સાવલિયાને એક સ્લોટ મળી ગયો બોલવા માટે:

'યશોધરા ખોટું નથી કહેતી. તમે સાચે જ દેવી છો...'

વસુમાએ પેલાની સામે જોયું. એમની એ એક જ નજરમાં છેલ્લી વીસ-પચ્ચીસ મિનિટની દરેક ક્ષણનો જવાબ હતો. તેમ છતાં જાણે ન રહેવાયું હોય એમ શૈલેષ સાવલિયાને બહુ હળવેથી પણ બહુ દૃઢતાથી એમણે કહ્યું:

'કોઈ કોઈને છોડી જતું નથી, શૈલેષભાઈ... સમય બે વ્યક્તિને એકબીજાથી દૂર લઈ જાય છે અને એ જ સમય વ્યક્તિઓને પાછા એકબીજાની નજીક લઈ આવે છે.'

વસુમાની સામે હજીય એ જ ભીંજવતા અહોભાવથી સૂર્યકાંત જોઈ રહ્યા હતા. એમના હોઠમાંથી જ શબ્દો સરી ગયા:

'ને સમય જ એમને એકબીજા વિશે થયેલી ગેરસમજ દૂર કરી આપે છે.'

'સુઉઉરજ...'

'મારું નામ સૂર્યકાંત મહેતા છે. સૂર્યકાંત દેવશંકર મહેતા...'

અને એ ત્યાંથી ચાલવા લાગ્યા.

*

પહેલો શૉટ બહુ જ સુંદર રીતે ઓકે થઈ ગયો હતો.

અલય બીજા શૉટની તૈયારીમાં પડ્યો હતો. અનુપમા દૂર બેઠી બેઠી દરિયા તરફ જોઈ રહી હતી, પણ એના મનમાં વિચારોનો લોઢ ઊછળતો હતો. અલય જે રીતે કામ કરતો હતો એ જોતાં અનુપમાના મનમાં અલય વિશેની લાગણીઓ વધુ ને વધુ મજબૂત થતી જતી હતી. એને હંમેશાં આવી વર્કોહોલિક વ્યક્તિઓ માટે આકર્ષણ થતું. હાથમાં સ્ક્રિપ્ટ લઈને કૅમેરામૅનને શૉટ સમજાવી રહેલા અલયનું શર્ટ પરસેવાથી એની પીઠ સાથે ચોંટી ગયું હતું. એના વાળ સમુદ્રની સામેના પવનમાં ફરફરાટ ઊડતા હતા. એની સ્વપ્નિલ આંખોમાં આખો શૉટ જાણે જોઈ શકાતો હતો. ચહેરા પર પોતાનું કામ પૂરું કરવાના કમિટમેન્ટની દૃઢતા હતી. અનુપમા

એકીટશે દરિયાના બૅકડ્રોપમાં ઊભેલા અલયને જોઈને ક્ષણ ક્ષણ ઓગળતી જતી હતી...

મહેતા પરિવાર સાથે બેઠેલી શ્રેયાની નજર પણ હતી તો અલય તરફ જ.

અલય જે રીતે કામ કરતો હતો એ જોઈને શ્રેયાને એ માણસ પોતાનો હોવા વિશે એક ગર્વ થતો હતો. એને એવું સમજાવા લાગ્યું હતું કે પૂરા થતા દરેક શૉટની સાથે એનું એક એક પગલું અલયની દિશામાં આગળ વધતું હતું અથવા તો અલય દઢતાથી એક એક પગલું માંડીને પોતાની તરફ આવી રહ્યો હતો.

બબ્બે અદ્ભુત સ્ત્રી જેના નામે શ્વાસ લેતી હતી એ માણસના મગજમાં અત્યારે એની ફિલમ સિવાય કોઈ વિચાર નહોતો. મુંબઈનું ત્રણ દિવસનું શિડ્યુઅલ પૂરું થાય એ પછી તરત એણે ગોવાનું આઉટડોર શિડ્યુઅલ ગોઠવ્યું હતું. અલયના મગજમાં અત્યારે એ જ ગણતરીઓ ચાલતી હતી... સાત દિવસનું ગોવાનું શિડ્યુઅલ જો હેમખેમ પૂરું થઈ જાય તો ઇનડોરના થોડાક જ દિવસ બાકી રહેતા હતા. એટલે દરિયા તરફ જોયું:

વરસાદના દિવસોમાં ગોવાનું શિડ્યુઅલ... કોને ખબર શું થશે?

બીજો શૉટ સમજાવતા અલયની સામે અનુપમા ટગર ટગર જોઈ રહી હતી. અલય શું કહેતો હતો એ જાણે એને સમજાતું જ નહોતું. અલયના હાલતા હોઠ, એની આંખોની પૅશન, એના ઊડતા વાળ, એનું શર્ટનું ખૂલી ગયેલું બટન, એમાંથી દેખાતા છાતીના વાળ અને એના હાલતા હાથની લાંબી લાંબી આંગળીઓ મંત્રમુગ્ધ કરી રહી હતી એને...

અનુપમાની સામે અલયે જોઈને બોલવાનું બંધ કરી દીધું.

પછી એણે અભિષેકની સામે જોયું. બન્ને જણ કોણ જાણે શું સમજ્યા, પણ બન્ને એકસાથે જોરથી હસી પડ્યા.

અનુપમાની તંદ્રા તૂટી. એણે સાવ ભોળા ભાવે પૂછ્યું:

'શું? શું થયું?'

'કંઈ નહીં, શૉટમાં ધ્યાન આપ.'

અભિષેકે કહ્યું અને ફરી બન્ને જણ હસી પડ્યા.

એ જ વખતે લક્ષ્મી એમની પાસે આવી. અલયને કહ્યું:

'ભાઈ, અમે બધાં નીકળીએ છીએ.

'બધાં જ! કેમ?' અલયે આશ્ચર્યથી પૂછ્યું:

'બસ... હવે તમે કામ કરો.'

'ને તું નીરવ સાથે રખડવાનાં બહાનાં શોધ.' લક્ષ્મી શરમાઈ ગઈ:

'નીરવ તો ઑફિસ જાય છે.'

'હા, પણ લંચ પછીને?'

અલયના ચહેરા પર હજીય એ જ તોફાની સ્મિત રમી ગયું.

'ભાઈ!' લક્ષ્મીએ અલયના ખભે હળવો મુક્કો માર્યો અને અલયે એનાં બન્ને ઍક્ટર્સને હળવેથી કહ્યું:

'એક્સક્યુઝ મી...'

અલય પોતાના પરિવાર તરફ આગળ વધી ગયો.

અલયની દિશામાં જોઈ રહેતા અભિષેકે અનુપમાના ખભે હાથ મૂક્યો:

'નાઈસ ગાય!'

'આઈ લાઈક હિમ.' અનુપમાએ અભિષેક તરફ જોયું.

એ બન્નેની આ ચોથી ફિલમ હતી. બીજા કોઈ પણ સ્ટાર્સ કરતાં અનુપમાને અભિષેક સાથે વધારે ફાવતું. સાહિત્યના વાતાવરણમાં ઊછરેલો સુપર સ્ટારનો દીકરો અભિષેક મૂળ તો બંગાળી માનો દીકરો હોવાથી ચોખ્ખું બંગાળી બોલી શકતો. અભિષેક સાથે એની દોસ્તી પાકી થયાનું એક કારણ કદાચ પોતાની માતૃભાષા પણ હશે જ...

'આમી બુઝતે પારી... તુઈ ઓર કાછાકાછી જેતે ચાઉ...'

અભિષેકે બંગાળીમાં કહીને આંખ મારી.

'કે ના.' અનુપમાએ વાત ટાળવાનો પ્રયત્ન કર્યો.

'મારાથી નહીં છુપાવ...'

અભિષેક અનુપમાના વાળમાં એકદમ દોસ્તાના હાથ ફેરવ્યો:

'તું મિત્ર છે મારી, આઈ રિયલી કૅર ફૉર યુ. તું સુખી થાય એનાથી વધારે મારી શું શુભેચ્છા હોય?'

'સુખી?'

અનુપમાના ચહેરા પર એક દર્દીલું સ્મિત આવી ગયું.

'કેમ? એક માણસ પોતાના કામ પ્રત્યે સિરિયસ છે, એને સપનાં છે અને સપનાં સાચાં પાડવાની તાકાત અને આવડત બન્ને છે એનામાં. તને સમજે છે. માન આપે છે. આપણી જ લાઇનનો છે... પરણવા માટે એનાથી વધારે કેટલાં કારણ જોઈએ, સ્ટુપિડ?'

'તું સ્ટુપિડ!'

અનુપમાએ પોતે હળવી છે એવું દેખાડવાનો પ્રયત્ન કર્યો, પણ એના ચહેરા પર પેલું દદભર્યું સ્મિત તો હતું જ.

'પરણવા માટે ઓછામાં ઓછા બે માણસની મરજી હોવી જોઈએ અને પેલી ઊભી છે ને, સફેદ સાડીમાં... એ એની સાત વર્ષથી રાહ જુએ છે.'

અભિષેકે એ દિશામાં જોયું.

'ધે લવ ઈચ અધર... માત્ર અલયની ફિલમ પૂરી થાય એની રાહ જુએ છે. કદાચ રિલીઝના દિવસે જ પરણી જશે બન્ને જણ.'

'ઓહ!'

'પણ તું ખોટો નથી.'

'એટલે?'

'હું ક્યારની તરફડું છું. કોઈનેય કહેવા માટે કે હું અલયને ચાહવા લાગી છું.'

'તને પણ ચેન નથી પડતું.'

અભિષેકના અવાજમાં સહેજ ચિંતા તરી આવી:

'બધું જાણે છે તેમ છતાંય...'

અનુપમાના મોતીના દાણા જેવા બત્રીશ દાંત ઝળકી ઊઠ્યા:

'ઈશ્ક પર ઝોર નહીં, યે હૈ વો આતિશ ગાલિબ,
જલાયે ન જલે, બુઝાયે ન બુઝે...'

એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. એણે હસીને અભિષેકને કહ્યું:

'કેવું છે નહીં? જિંદગી આખી મને પ્રેમ સમજાયો નહીં અને જ્યારે સમજાયો ત્યારે એ પ્રેમ કોઈ બીજાની હથેળીની હસ્તરેખા છે.'

'ધૅટ'સ લાઇફ, સ્વીટ હાર્ટ.'

હજી હમણાં જ અભિષેકનાં એક જાણીતી ઍક્ટ્રેસ સાથે થયેલાં એન્ગેજમેન્ટ તૂટ્યાં હતાં. એ પણ આવી જ કોઈ મનોદશામાંથી પસાર થઈ રહ્યો હતો. પોતાની જાતને બબ્બે શિફ્ટમાં કામમાં ખૂંપાડીને એ પોતાની પીડામાંથી બહાર નીકળવા પ્રયાસ કરી રહ્યો હતો. અને કદાચ એટલે જ એ અનુપમાની સ્થિતિ બરાબર સમજી શકતો હતો.

એણે નજર અલયનો પરિવાર ઊભો હતો એ તરફ ફેરવી.

વસુમા, સૂર્યકાંત, નીરવ, લક્ષ્મી, જાનકી, નાનકડા હૃદયને ઊંચકીને ઊભેલો અજય અને હસતાં હસતાં અલયના ખભે માથું મૂકીને ઊભેલી શ્રેયા...

ધીરે ધીરે સૌ કારમાં ગોઠવાઈ રહ્યાં હતાં. અલયે જે સંભાળપૂર્વક શ્રેયાને કારમાં બેસાડી, એની સાડીનો છેડો બહાર ન રહી જાય એવી રીતે સાડી બરાબર અંદર નાખી, કારનો દરવાજો બંધ કર્યો અને હળવેથી શ્રેયાના ગાલ પર હાથ થપથપાવ્યો...

એ બધું જોઈને અનુપમાને જાણે એક નાનકડી ઈર્ષા આવી. સાવ એકલી-અટૂલી ઊછરેલી એ છોકરીના મનમાં આ પરિવારનો ભાગ બનવાની ઇચ્છા જોર કરી ઊઠી... એ ઝડપભેર આગળ વધી.

કાર સ્ટાર્ટ થાય એ પહેલાં પાછલી સીટમાં બેઠેલાં વસુમા તરફ ઝૂકીને એણે કહ્યું:

'ફરી ક્યારે આવશો?'

'હું આવું કે ન આવું, તું આવજેને તને મન થાય ત્યારે...'

વસુમાએ વહાલ નીતરતો હાથ એના ગાલ પર ફેરવ્યો.

'પણ તે દિવસે આવ્યાં એમ નહીં આવતાં! જાનકીએ કહ્યું અને બધાં હસી પડ્યાં.

કારને જતી જોઈ રહેલી અનુપમાએ આંખોમાં ધસી આવેલાં આંસુ રોકીને બૂમ પાડી: 'મેકઅપ...'

અને એનો બૉય, મેકઅપમૅન દોડતા આવીને એની આળપંપાળ કરવા લાગ્યા

યશોધરા અને શૈલેષ સાવલિયા જાણે કોઈ બીજી જ દુનિયામાં આવી પડ્યાં હોય અને એકબીજાને ઓળખતાં પણ ન હોય એમ ચૂપચાપ બેઠાં હતાં.

સાવ અણધાર્યું બની ગયાની ભોંઠપ હજી શૈલેષ સાવલિયાના ચહેરા પરથી જતી નહોતી. એમણે ધીમેથી યશોધરાને પૂછ્યું:

જવું છે? તો તને ડ્રાઇવર ઉતારી આવે...'

'બેએએઠી છું... કેટલા દિવસે બહાર નીકળી.'

યશોધરાના અવાજમાં જાણે પોતાને ન મોકલી આપવાની આજીજી હતી, પરંતુ શૈલેષ સાવલિયા માટે હવે યશોધરાની જરૂરિયાત પૂરી થઈ ગઈ હતી. એને તો યશોધરાને અહીંયાં લાવીને મહેતા પરિવાર સામે જીતી જવું હતું, પણ એ તો થઈ શક્યું નહીં એટલે હવે સાવલિયાના અવાજમાં ચીડ ઊતરી આવી હતી:

'સામે જો જરા, વાદળ ઘેરાયાં છે. ઘરભેગી થઈ જા. ટાંટિયા તો સખણા રહેતા નથી.'

'એક દિવસ આ જ ટાંટિયા નાચતા ને એના પર પૈસા પડતા, સાવલિયા.'

'ગયો એ જમાનો. હવે શું?'

એમનો અવાજ હજીય ચીડ અને કંટાળાથી ભરેલો હતો.

'તેં તો મને કીધું કે તારી નવી ફિલમના મુહૂર્તમાં લઈ જાય છે. મને જો ખબર હોત કે તું મને વસ્તુની સામે મહોરું...'

'તો શું કરી લેત તું?'

'તો હું ન આવત!'

યશોધરાની આંખમાં ફરી પાણી ઊભરાયાં:

'આ શરીર નકામું થયું પછી તું તો ફરીને જોવાય આવ્યો નથી... વસુ જ હતી, જેણે મને...'

'મૂરખ છે તારી વસુ, જેની પાછળ ધણી ખોયો એનો જીવ બચાવવા નીકળી પડી...'

શૈલેષ સાવલિયાએ વાત પૂરી કરતા હોય એમ યશોધરાને કહ્યું પછી જોરથી બૂમ પાડી:

'ડ્રાઇવર!'

*

કામ ઝડપભેર ચાલી રહ્યું હતું.

પહેલી ફિલમ છે એ જાણ્યા પછી સૌને આશ્ચર્ય થાય એટલી ક્લેરિટી અને ઝડપભેર અલય આગળ વધી રહ્યો હતો. લંચ સુધીમાં એમણે લંચ પછી કરવાના બે શૉટ પણ કરી નાખ્યા હતા.

અલય કૅમેરામૅનને સીન સમજાવી રહ્યો હતો અને એના ગાલ પર વરસાદનું એક ટીપું પડ્યું. એણે આકાશમાં જોયું:

'ઓ શીટ! દિવસ બગડશે કે શું?'

એણે કૅમેરામૅનના ખભે હાથ મૂક્યો:

'દાદા, બારિશ આ ગઈ તો મર જાયેંગે...'

'નહીં આયેગી!'

આકાશમાં જોઈને શબ્બીરે એના ખભે હાથ મૂક્યો:

'ખુદા ભી મહેનત કરનેવાલોં કે સાથ રહેતા હૈ. યે ફિલમ સિર્ફ આપકા મુસ્તકબિલ નહીં હૈ, હમ સબ કે નસીબ જુડે હૈં ઇસ ફિલમ કે સાથ...'

પછી હસીને પોતાના બે હાથ બંદગીની જેમ આકાશ તરફ ઉઠાવ્યા:

'ખુદા બેરહમ હૈ યે જાનતા હૂં, મગર જી-જાન સે માગી દુઆ નહીં ઠુકરા સકતા.'

મેકઅપ વેનના કાચમાંથી અનુપમાએ ઘેરાયેલા આકાશ તરફ જોયું.

ભગવાન, ભગવાન! વરસાદ મોકલ...

એનાથી કહેવાઈ ગયું અને જાણે અનુપમાની દુઆ કબૂલ થઈ ગઈ હોય એમ દુઆ માટે ઉઠાવેલા શબ્બીરના હાથ પર મોટાં મોટાં ફોરાં પડવા લાગ્યાં.

અલય અને શબ્બીર સામસામે જોઈને હસી પડ્યા.

'ઇસકા મતલબ હૈ, કિસી ઔરને જી-જાન સે દુઆ માગી હૈ...'

રિફ્લેક્ટર્સ ફટાફટ કવર થવા લાગ્યાં. કૅમેરા વેનમાં મુકાઈ ગયો. અભિષેક પોતાની વેનના દરવાજા પર આવીને માથું બહાર કાઢી, વરસાદ જોઈને પાછો અંદર ચાલી ગયો.

'યસ્સ…'

અનુપમાએ ઉત્સાહમાં ચીસ પાડી. લૅપટોપ પર કામ કરતા સંજીવે ચશ્માંમાંથી અનુપમા સામે જોયું. એક વહાલસોયું સ્મિત કર્યું અને કંઈ જ બોલ્યા વિના પોતાનું કામ ચાલુ રાખ્યું…

વરસાદનાં ફોરાં ધારમાં બદલાઈ ગયાં હતાં. મુંબઈનો ભરચોમાસાનો વરસાદ શરૂ થઈ ગયો. દરિયો પણ ચોમાસું માણવા લાગ્યો હતો.

'સાહેબ, આતા પાઉસ થાંબણાર નાહીં.'

રિફ્લેક્ટર સાચવતો કેશવ અલય પાસે આવ્યો:

'ત્યાં જુઓ, આકાશ કેટલું ઘેરાયું છે…'

'પૅકઅપ!' અલયે બૂમ પાડી.

'થેન્ક યુ, ભગવાન!'

વેનમાં બેઠેલી અનુપમા લગભગ નાચી ઊઠી. પછી ભૂસકો મારીને વેનમાંથી બહાર નીકળી. બન્ને હાથ પહોળા કરીને એ ધોધમાર વરસાદમાં પલળવા લાગી.

અલય ક્ષણભર એની સામે જોઈ રહ્યો. પૅકઅપની સૂચના આપ્યા પછી બધું બરાબર બંધ થાય એ જોવાની ફરજ કૅપ્ટન ઑફ ધ શિપ એટલે કે અલયની હતી એટલે એ તો સ્વાભાવિક રીતે પલળી જ રહ્યો હતો. એના વાળ એના કપાળ પર આવી ગયા હતા. સરાબોર ભીંજાયેલા અલયનું શરીર એના કૉટન શર્ટમાંથી ઉજાગર થઈ રહ્યું હતું. રોમન શિલ્પ જેવું એ શરીર લાંબાં-ટૂંકા થતા એના હાથની સાથે દેખાતાં બાવડાંનો આકાર, ભીંજાયેલા લેમન યલો શર્ટમાંથી આરપાર દેખાતી ત્વચા અને છાતીના વાળ… અનુપમાને થયું કે એ અલયને વીંટળાઈ વળે…

'પત્યું કે નહીં?'

એણે અલય પાસે જઈને પોતાના લાંબા વાળ સાડીના પાલવની જેમ નિચોવ્યા.

'શું?'

અલયનું ધ્યાન અનુપમામાં સહેજેય નહોતું.

ઑફ વ્હાઇટ કલરનાં શિફોનનાં સલવાર-કમીઝ ટપકી રહ્યાં હતાં. અનુપમાના શરીરનો એક એક વળાંક જાણે કમાન પર મૂકેલા તીરની જેમ વીંધી નાખવા માટે તૈયાર હતો.

પૅકિંગ કરી રહેલા સ્પૉટબોય, લાઇટમૅન, કૅમેરા અટેન્ડન્ટ… ત્યાં ઊભેલો એક પણ પુરુષ એવો નહોતો, જેને એ શ્યામ ત્વચા પરથી સરી જતાં પાણીનાં બિંદુઓ જોઈને શોષ ન પડ્યો હોય, પણ એક અલય હતો, જેને

પોતાની શિફ્ટ અધૂરી રહી ગયાનો અફસોસ હતો.

'હવે શું કરીશ?' અનુપમાએ પૂછ્યું.

'કપાળ કૂટીશ.' અલયે જવાબ આપ્યો:

'અડધી ડેટ બગડી મારી...'

'વેલ! એક વાર સ્ટારની ડેટ લીધા પછી એને કાઢી ન મુકાય.'

અનુપમાએ પોતાના હાથમાં ઝીલેલા વરસાદનું પાણી અલયના ચહેરા પર છાંટ્યું.

'તો શું, તને માથે બેસાડું?'

અલય ભયાનક ચિડાયો હતો અને એમાં અનુપમાનું આ તોફાન એને વધારે ઈરિટેટ કરતું હતું.

આ બધા અહીંયાં જે રીતે એને જોઈ રહ્યા હતા એ પણ અલયથી સહન નહોતું થઈ શકતું. એણે અનુપમાની સામે જોયું:

'અંદર જા, વેનમાં!'

'કેમ?' અનુપમાના અવાજમાં બાળસહજ નિર્દોષતા હતી:

'મને વરસાદમાં ભીંજાવું બહુ ગમે છે.'

'આ બધા તને જુએ છે.' અલયથી રહેવાયું નહીં.

હિંદુસ્તાનના કરોડો લોકો મને ભીંજાતી જોવા માટે ટિકિટના રૂપિયા ખર્ચે છે.'

અનુપમા હસી. એના માથા પર પડતો વરસાદ એના ચહેરા પર, એની પાંપણ પર, એના આરસપહાણ જેવા લીસા ગાલ પર થઈને લસરી જતો હતો. એના લાંબા-કાળા વાળ ભીંજાઈને થોડા ગાલ સાથે, થોડા ખભા સાથે અને થોડા પીઠ સાથે ચોંટી ગયા હતા...

'તો દેખાડ બધાને મફતમાં તારો શો...' અલયે કહ્યું:

'આવું પ્રદર્શન કરવામાં શું મજા આવે છે તને? મને લાગે છે, તને જ ગમે છે આવી નજર...'

એ પીઠ ફેરવીને પોતાના કામે લાગી ગયો. ઘડીભર પહેલાંની ઊછળતી કૂદતી નાની બાળકીની જેમ વરસાદ માણી રહેલી અનુપમા અચાનક જ જાણે ધીરગંભીર સ્ત્રી બની ગઈ. પોતાના બન્ને હાથ પોતાના ખભા પર લપેટીને છાતી ઢાંકતા, શરીર બચાવતી એ પોતાની વેન તરફ ભાગી.

વેનમાં જઈને અનુપમા રડી પડી.

સંજીવ જોઈ રહ્યો. પછી ઊભો થઈને અનુપમા પાસે આવ્યો. ખભે હાથ મૂક્યો:

'અનુ!'

'સંજીવ... દાદા... આજે પહેલી વાર કોઈએ મને ઍક્ટ્રેસ નહીં, સ્ત્રીની જેમ જોઈ છે. એક સારા ઘરની રિસ્પેક્ટેબલ છોકરીની જેમ... એણે મને અંદર જવાનું કહ્યું, દાદા!'

અનુપમાના વાળ અને આંખમાંથી ટપકતું પાણી એક થઈ ગયાં:

'તમને શું લાગે છે, હી લવ્સ મી?'

લગભગ અસહાય થઈને અલય માટે વધતી જતી અનુપમાની ઝંખના સંજીવ જોઈ રહ્યો હતો. એને સમજાતું હતું કે અનુપમા એટલું જ જોઈ રહી હતી, જે એને જોવું હતું. અલયની લગભગ બધી જ સાદીસીધી વાતનો ધાર્યો અર્થ કાઢવાનું કામ અનુપમાની ઘેલછા એની પાસે કરાવી રહી હતી.

'દાદા, એને ગમે તેમ કરીને ઘેર લઈ લો.'

સંજીવે આશ્ચર્યથી અનુપમા સામે જોયું.

'પ્લીઈઈઝ...'

'પણ...'

'હું એનો અંગત સમય નથી ખાતી, દાદા, શૂટિંગ કર્યું હોત તો છ વગાડત નહીં? હજી તો ખાલી અઢી વાગ્યા છે. પ્લીઝ, દાદા... કંઈ પણ કરો.'

સંજીવ વિચારમાં પડી ગયો. આ ગાંડી છોકરીની મદદ કરવી એ એની ઘેલછાની આગને પવન આપવા બરાબર હતું અને એને મદદ ન કરવાથી એને માંડ માંડ મળી શકતી સુખની બે-ચાર પળોથી પણ એને વંચિત રાખવાનું પાપ કરવાનું હતું.

'જોઉં છું.' સંજીવ વેનમાંથી નીચે ઊતર્યો.

શૈલેષ સાવલિયાનો ડ્રાઇવર એના માથે છત્રી લઈને ઊભો હતો. એ પરિસ્થિતિનું સુપરવિઝન કરી રહ્યા હતા. સંજીવ એમની બાજુમાં જઈને ઊભો રહ્યો:

'શું પ્રોગ્રામ છે હવે?'

'મારો?' શૈલેષ સાવલિયાના મોઢા પર પહેલા જ દિવસે અડધી શિફ્ટના પૈસા માથે પડ્યાના ભાવ હતા:

'કાંઈ નહીં.'

'ચાલો, જરા તાજમાં જઈને બેસીએ... બિયર-વિયર પીએ. મોસમની મજા લઈએ.' સંજીવે સેક્રેટરીની કુનેહથી સાવલિયાને ધીમે ધીમે ઘેરવા માંડ્યો.

'ના ભઈ, ના...'

'કેવા પ્રોડ્યુસર છો, યાર, આજે ઘણા વખતે નવી ફિલમ શરૂ કરી અને સેલિબ્રેશન પણ નહીં?'

'અરે ભાઈ, મારે તો ઘેર જવું પડશે. વાઇફનો ફોન આવી ગયો છે પણ તમે કરોને સેલિબ્રેશન, હું પછીથી

આવી જઈશ.'

'હા, હા, હું અને મૅડમ તો કરીશું જ અમારી રીતે. તમારા ડિરેક્ટરનો પણ મૂડ ખરાબ લાગે છે એટલે એને પૂછવાનો તો કોઈ અર્થ જ નથી.'

સંજીવે એક બીજો ગોલ કર્યો.

'અરે! એમ મૂડ-બૂડ ખરાબ કર્યે થોડું ચાલે? તમારી વાત સાચી છે. આજે પહેલો દિવસ છે ને એની તો પહેલી ફિલમ...'

સાવલિયા પણ ઇન્ડસ્ટ્રીનો માણસ હતો. ઘણી લીલી-સૂકી જોઈ હતી એણે. સંજીવે ગોઠવેલી આખી બાજી એક ઝાટકામાં એના મગજમાં ઊતરી ગઈ:

'મૅડમની ઇચ્છા હોય તો ડિરેક્ટર તો શું, એના બાપે પણ આવવું પડે.'

સંજીવ જરાક ઝંખવાયો. સાવલિયાને એની બાજી સમજાઈ ગઈ એ વાતની એને બહુ મજા ન પડી, પણ પછી એણે સાવલિયાને કૉન્ફિડન્સમાં લીધો:

'આમાં શું છે, સાહેબ કે હીરોઈન અને ડિરેક્ટરની કેમિસ્ટ્રી તો...'

જો કે આવું બોલ્યા પછી એને પોતાને જ અફસોસ થયો.

'હેં... હેં... હેં...' સાવલિયા હસ્યો:

'આર કેનું બેનર આજે પણ સાક્ષી પૂરે છે એ કેમિસ્ટ્રીની...'

પછી એણે સંજીવના ખભે હાથ મૂક્યો.

'હું ગોઠવું છું.'

એટલું કહી વરસાદમાં પલળતા પલળતા સૂચનાઓ આપતા અલય તરફ આગળ વધી ગયા.

*

હૉસ્પિટલમાંથી ઘરે આવીને અંજલિને રાજેશે ગાડીમાંથી ઉતારી.

વરસાદ પડી રહ્યો હતો. બિલ્ડિંગના કમ્પાઉન્ડમાં ઠેર ઠેર નાનાં નાનાં ખાબોચિયાં ભરાયાં હતાં. અંજલિ ગાડીમાંથી ઊતરી અને એણે રાજેશના ખભે હાથ મૂક્યો. નવા પ્રકારનો ઇલેક્ટ્રોપ્લાસ્ટ બાંધ્યો હોવાને કારણે અંજલિની ઘૂંટી અને પાનીની થોડો ભાગ માત્ર પાટામાં હતો. બાકી, સુંદર તૈયાર થયેલી અંજલિ રોજ જેવી જ આકર્ષક દેખાતી હતી. લોહી વહી જવાના કારણે એના ચહેરા પર થોડીક ફિકાશ આવી હતી.

'ચાલશે?'

રાજેશે ગાડી બિલ્ડિંગના પોર્ચની એકદમ નજીક ઊભી રાખી હતી.

'ટ્રાય કરું છું.'

રાજેશના ખભે હાથ મૂકીને અંજલિએ એક પગ ઊંચો રાખીને લંગડી કરતાં ચાલવાનો પ્રયાસ કરી જોયો. ચાલવામાં તકલીફ પડતી હતી. ધીમે ધીમે ચાલતી અંજલિને લંગડીના દરેક કૂદકા વખતે આવતા પ્રેશરને કારણે પગ સહેજ દુખતો...

રાજેશે આ જોયું.

એણે અંજલિને ઘૂંટણની નીચે હાથ નાખી ખભેથી ઢાળી દીધી અને અંજલિ કશું સમજે એ પહેલાં એને ઊંચકી લીધી!

રાજેશના હાથમાં ઊંચકાયેલી અંજલિ એક ઢીંગલીની જેમ સૂતી હતી. એના વાળ પાછળ લહેરાતા હતા. એને ઊંચકીને ચાલતા રાજેશની છાતી પાસે અંજલિનું માથું હતું... એના ડિયોડરન્ટની સુગંધ અંજલિના મગજ સુધી ચાલી ગઈ. અંજલિને જાણે પોતે વાદળ પર સૂતી હોય એવી લાગણી થઈ આવી. એણે રાજેશની સામે જોયું:

આ માણસ! આને છોડીને હું કયા આભાસી સંબંધ પાછળ દોડતી હતી?

'અંજુ! હજી દુખે છે?'

રાજેશે પોતાની સામે માર્દવથી જોઈ રહેલી અંજલિની આંખમાં પાણી જોઈને પૂછ્યું.

નામાં માથું ધુણાવતી અંજલિએ પોતાનું માથું રાજેશની છાતીસરસું કરી દીધું અને પોતાના બન્ને હાથ એના ગળામાં લપેટી લીધા.

કમ્પાઉન્ડમાં નાહી રહેલાં ટાબરિયાં અને વૉચમેન, માળીની ચિંતા કર્યા વગર રાજેશે અંજલિના હોઠ પર વરસાદના ફોરાં જેવું એક ચુંબન કરી લીધું.

'રાજેશ, મને આમ જ જિંદગીભર તમારા હાથમાં સંભાળીને રાખજો... ક્યાંય જવા નહીં દેતા હવે.' અંજલિથી કહેવાઈ ગયું.

રાજેશે જે રીતે એની આંખમાં જોયું, એમાં કેટલીય વાતોના જવાબ હતા. રાજેશની આંખો જાણે અંજલિને કહેતી હતી:

હું તો વર્ષોથી આ પળની રાહ જોતો હતો, અંજલિ. તેં પાંચ-પાંચ વરસ તરસાવ્યો છે મને!

*

અભયના મનમાંથી હજી ગઈ કાલે રાત્રે થયેલી ઘટનાઓ ભૂંસાતી નહોતી.

કોઈ આટલું ઝડપથી નૉર્મલ કેવી રીતે થઈ શકે?

'તમે રાતની વાત ભૂલી શકશો કે નહીં?'

વૈભવી નજીક આવી. એણે અભયને હાથ ખેંચીને ઊભો કર્યો હતો:

'ચાલોને અભય પ્લીઝ, આવું શું કરો છો...'

'ઓકે... ઓકે.' અભયે હાથ છોડાવ્યો અને બાથરૂમ તરફ ગયો હતો.

નહાતાં નહાતાં અભયને વિચાર આવ્યો: આજે તો નથી જ જવું. ગઈ કાલે થયેલો આટલો મોટો તાયફો સાવ ઝીરો થઈ જશે, જો હું વૈભવીને લઈને શૂટિંગમાં જઈશ તો...

શાવરનું પાણી એના શરીર પર પડી રહ્યું હતું.

એ નૉર્મલ થઈ જાય, સ્વભાવ છે એનો, પણ જો હું આખી વાતને નૉર્મલ થઈ જવા દઈશ તો ફરી એ જ વિષચક્ર શરૂ થઈ જશે.

અભય નાહીને બહાર નીકળ્યો ત્યારે વૈભવીએ એનાં કપડાં વૉર્ડરોબમાંથી કાઢીને બેડ પર મૂક્યાં હતાં.

અભયે એ જોયું. તેમ છતાં ડ્રેસિંગ રૂમમાં ઊભા રહીને વૉર્ડરોબ ખોલ્યો, સાદાં-ઑફિસ જવાનાં કપડાં કાઢ્યાં.

'આ શું? તમે આવું પહેરીને આવશો?'

'હું ઑફિસ જાઉં છું.'

'અલયભાઈને કેવું લાગશે?'

જવાબ આપ્યા વિના એ કપડાં પહેરતો રહ્યો. વૈભવી બોલતી રહી:

'એમના જીવનનો આટલો મહત્ત્વનો પ્રસંગ અને સગો ભાઈ જ ન આવે? તમે એના પિતાની જગ્યાએ છો. તમે ન જાવ તો કેમ ચાલે?'

'હું નથી જવાનો.'

'પણ કેમ?'

'કારણ કે હું તારી સાથે ક્યાંય જવા માગતો નથી.'

'કેમ?'

'મારું મન નથી માનતું.'

'અને ઑફિસ જવા માટે મન ઉતાવળું થાય છે, કેમ?'

વૈભવીના અવાજમાં તીક્ષ્ણતા વધતી જતી હતી:

'ત્યાં શું દાટ્યું છે?'

'મારે ઑફિસમાં કામ છે.'

'મને ખબર છે, કેવું કામ છે તે...'

વૈભવીનો ચહેરો બદલાઈ ગયો:

'એક વાત યાદ રાખજો, હું આ બધું ચલાવી લેવાની નથી. હું તમારી મા જેવી નથી...'

'એ તો મને પહેલા જ દિવસે સમજાઈ ગયું હતું.'

અભયે કહ્યું અને મોજાં પહેરવા માંડ્યાં.

'એટલે તમે ધાર્યું કરવાનું નક્કી કર્યું છે એમ ને?'

અભયે એક પણ અક્ષર બોલ્યા વિના બૂટની દોરી બાંધી. લૅપટોપની બૅગ ઊંચકી અને બહાર જવા માંડ્યું. વૈભવી દોડીને બે હાથ પહોળા કરી એના રસ્તામાં ઊભી રહી ગઈ:

'મને જવાબ આપો, તમે શું કરવા માગો છો?'

'ધાર્યું!'

વૈભવીના હાથને પોતાના શરીરનો હળવો ધક્કો મારીને અભય બહાર નીકળી ગયો. ધક્કો વાગવાથી વૈભવી 180 ડિગ્રી ફરી ગઈ અને બહાર જતા અભયને આગ વરસાવતી આંખોથી જોઈ રહી.

એનું આવું અપમાન? હું હાર નહીં માનું.

વૈભવી અરીસામાં દેખાતા પોતાના પ્રતિબિંબ સામે જોઈ રહી...

એક-બે-ત્રણ-ચાર... કોણ જાણે કેટલી ક્ષણ પસાર થઈ. વૈભવીએ અભયની કાર ગેટની બહાર નીકળવાનો અવાજ સાંભળ્યો. એના ચહેરા પર એક સ્મિત આવ્યું અને અચાનક વૈભવીએ ડ્રેસિંગ ટેબલ પર પડેલી પરફ્યૂમની બૉટલ ઊંચકીને અરીસામાં દેખાતા પોતાના પ્રતિબિંબ પર છુટ્ટી મારી.

અરીસામાં પ્રતિબિંબના ટુકડેટુકડા થઈ ગયા.

એમાંથી તૂટીને નીચે પડેલા કાચના એક તીક્ષ્ણ ટુકડાને એણે સાવચેતીથી ઉપાડ્યો. એ ટુકડો વાગે નહીં એમ હાથમાં લઈને એ ધીરે ધીરે નીચે ઊતરી.

શ્રીજી વિલાના કમ્પાઉન્ડનો દરવાજો ખૂલવાનો અવાજ આવે એ પળની એ ડ્રોઈંગ રૂમમાં બેચેનીથી પ્રતીક્ષા કરવા માંડી.

* * *

39

આજે એને છેલ્લો દાવ રમવો હતો. એવો દાવ, જેની સામે અભય તો શું, આખા મહેતાકુટુંબને હથિયાર નાખ્યા સિવાય કોઈ બીજો રસ્તો બચે જ નહીં.

ગઈ કાલે જ એણે આ દાવ ગોઠવ્યો હતો. બ્લડ બૅન્કમાંથી લાવેલી બ્લડ બૉટલને ધીમેથી બહાર કાઢી. પછી એણે એક કાગળ લીધો અને એમાં પોતાની નોટ લખવા માંડી...

પ્રિય અભય,

મેં તો એમ માન્યું હતું કે તમારી અને મારી જિંદગીમાં ત્રીજી વ્યક્તિની કોઈ જગ્યા જ નથી. તમે મને એટલું ચાહો છો કે તમને બીજી કોઈ સ્ત્રીનો વિચાર પણ આવી શકે નહીં...

પણ એ ભ્રમ તુટી ગયો અને હવે હું સત્ય સ્વીકારી લઉં છું, પરંતુ એ સત્ય સાથે જીવવું મારા માટે શક્ય નથી એટલે હું તમને તમારી પ્રિયાને સોંપીને જઈ રહી છું. બાળકો હવે મોટાં થઈ ગયાં છે અને છતાં મને આશા છે કે પ્રિયા એમને માની ખોટ નહીં સાલવા દે.

મને મા પાસેથી ન્યાયની અપેક્ષા હતી, પરંતુ એમણે તો...

બોલ્યું-ચાલ્યું માફ કરજો.

જન્મોજન્મ તમારી જ
વૈભવી.

કાગળ લખીને એણે ડ્રોઇંગ રૂમના ટેબલ પર બરાબર નજર પડે એમ ગોઠવ્યો. બ્લડની બૉટલ ખોલીને સોફાની પાસે લોહી ઢોળ્યું. પછી એ બૉટલને પ્લાસ્ટિકની થેલીમાં નાખીને એણે પોતાના રૂમના વૉર્ડરોબના એક ખૂણામાં સંતાડી દીધી અને આવીને હજી સોફા પર બેઠી જ હતી કે ગેટ ખૂલવાનો અવાજ આવ્યો.

ગુડ! નસીબ મારી સાથે છે. લોહી સુકાય એ પહેલાં તો આ લોકો... એણે આંખો મીંચીને પેલો કાચનો ટુકડો હાથમાં લીધો અને પછી મન મક્કમ કરીને પોતાના કાંડા પર ઘસીને ઘા પાડ્યો.

દરવાજો ખૂલવાનો અવાજ આવ્યો ત્યારે તો વૈભવી કાંડામાંથી ટપકતું લોહી નીચે પડેલા ખાબોચિયા સાથે મૅચ કરીને આંખો બંધ કરીને બરાબર દૃશ્ય ગોઠવી ચૂકી હતી.

જાનકીએ દરવાજો ખોલ્યો કે સામે જ આ દૃશ્ય નજરે ચડ્યું.

માઆઆઆ...!

જાનકીનો અવાજ ફાટી ગયો. એ દોડી. એણે વૈભવીનું કાંડું પકડીને લોહી રોકવાનો પ્રયત્ન કર્યો, પણ વૈભવી એમ કાચી ખેલાડી નહોતી. એણે ઘા ખાસ્સો ઊંડો માર્યો હતો. એને ખબર હતી કે દસ મિનિટની અંદર અંદર એની બધી જ ટ્રીટમેન્ટ થઈ જવાની હતી એટલે જરાય ભય રાખ્યા વિના એણે પૂરેપૂરો ખેલ માંડ્યો હતો.

જાનકીની પાછળ પાછળ વસુમા અને સૂર્યકાંત અને છેલ્લ ે શ્રેયા દાખલ થયાં. વૈભવી. હાલત જોઈને શ્રેયા

પણ ચીસ પાડી ઊઠી. એણે દોડીને વૈભવીને ઊભી કરવાની કોશિશ કરી, પણ વૈભવી જાણે બેભાન હોય એમ વર્તી રહી.

સૂર્યકાંત પણ વિચલિત થઈ ગયા. એકમાત્ર વસુમા એકેય શબ્દ બોલ્યા વિના પોતાના ઓરડા તરફ ઝડપભેર ગયાં. ઠાકોરજીના મંદિરમાંથી એમણે રૂ કાઢ્યું. મોટા રૂના પોલને દીવાસળી ચાંપી. રૂ ફરફરાટ સળગી ગયું. પૂરેપૂરું બળેલું રૂ લઈને બે જ મિનિટમાં વસુમા પાછાં ફર્યાં અને વૈભવીના હાથને ઊંચો પકડીને એમણે જાનકીને કહ્યું:

'ફર્સ્ટ એઈડના કબાટમાંથી ડેટોલ લાવ.'

જાનકી દોડીને ડેટોલ લઈ આવી. વસુમાએ ખુલ્લા ઘા પર સીધી એન્ટિસેપ્ટિકની જ ધાર કરી પછી ધોયેલા ઘા પર એમણે બળેલું રૂ દબાવી દીધું. પછી ડઘાયેલી શ્રેયાને કહ્યું:

'આ હાથ આમ ઊંચો પકડી રાખ... લોહી ક્યારેય હૃદયની ઉપરની દિશામાંથી ન વહે...'

પછી એ જાનકી તરફ ફર્યાં:

'પોતું લાવીને આ બધું સાફ કર.'

ગાડીમાંથી ઊંઘતા હૃદયને સાચવીને ઊંચકીને અજય ઘરમાં દાખલ થયો. એ પાંચ મિનિટમાં તો જાનકી પોતું કરી રહી હતી અને વૈભવીના ઘામાંથી વહેતું લોહી બંધ થઈ ગયું હતું.

'માં, શું થયું આ?'

'કંઈ નહીં. વૈભવીએ પોતાનો વિરોધ પ્રગટ કરવા આ રીત પંસદ કરી...'

ઉફ્ફ, આ બાઈ! મારી બધી મહેનત એણે પાણીમાં મેળવી દીધી.

બંધ આંખે વૈભવીએ મનોમન વસુમાને કોસવા માંડ્યાં.

ડ્રોઇંગ રૂમમાં દાખલ થતાંની સાથે જે દૃશ્ય જોઈને જાનકી અને શ્રેયા ચીસ પાડી ઊઠ્યાં હતાં એ બન્ને વસુમાની સ્વસ્થતા જોઈને નહીં ધારેલા સમયમાં સ્વસ્થ થઈ ગયાં.

એકમાત્ર સૂર્યકાંત હજીય આખી પરિસ્થિતિ સાથે તાલમેલ બેસાડવાની કોશિશ કરતા ત્યાં જ ઊભા હતા:

'વસુ, તે ગઈ કાલે વૈભવીની વાત સાંભળી લીધી હોત કે અભયને ઠપકાના બે શબ્દો કહ્યા હોત તો કદાચ આ પરિસ્થિતિ ન આવી હોત. તને નથી લાગતું કે તું આ વાતને તારા અંગત પૂર્વગ્રહને કારણે...'

'પૂર્વગ્રહ?'

વસુમાના હોઠ પર આ પરિસ્થિતિમાં પણ સ્મિત આવી ગયું:

'મેં પૂર્વગ્રહ શબ્દને મારા શબ્દકોશમાંથી છેકી કાઢ્યો છે, કાંત. હું ગઈ કાલે જે રીતે વર્તી એ મારા માનવા પ્રમાણે મારું સાચું વર્તન હતું અને વૈભવીએ આજે જે કર્યું છે એનાથી ખરું પૂછો તો મને મારા વર્તન વિશે હજુય કોઈ અફસોસ નથી થતો.'

કોણ જાણે કઈ માટીમાંથી ઘડાઈ છે આ! કોઈ વસ્તુની અસર જ નથી થતી એને. સીધોસાદો પાટો બાંધશે મારા હાથ પર. ન ટાંકા લેવાયા, ન હૉસ્પિટલમાં ઍડ્મિટ કરી... નકામું પચ્ચીસ ટીપાં લોહી ગયું મારું...

'વસુ, હું આવ્યો એ દિવસથી જોઉં છું કે તને કોઈનાંય દુઃખ-સુખની, કોઈનાંય ઇમોશન્સની, કોઈનાંય પશ્ચાત્તાપની કે કોઈનીય લાગણીની અસર નથી થતી. તેં બધા જ દરવાજા બંધ કરી દીધા છે, વસુ તું જેને સંન્યાસ કે નિઃસ્પૃહ વર્તન માને છે એ બધું જ તારું અભિમાન છે, વસુ, તેં એવું નક્કી કર્યું છે કે તું હવે કોઈનેય તારા સુધી નહીં પહોંચવા દે?'

સૂર્યકાંત બોલતા રહ્યા અને વૈભવી મનોમન ખુશ થઈ રહી હતી:

ચાલો, કંઈક તો થયું. આ બે જણ વચ્ચે તડાફડી થાય તોય ઘણું. મારું લોહી કામે લાગ્યું ગણાશે.

સૂર્યકાંતનો અવાજ ધીમે ધીમે ઊંચો થવા લાગ્યો હતો. અજય, જાનકી અને શ્રેયા આ પરિસ્થિતિમાં બે જણ વચ્ચે કાંઈ થાય નહીં એવા ભયથી ફફડવા લાગ્યાં હતાં. બન્નેએ એક વાર વસુમાને રોકવાનો પ્રયાસ કર્યો:

'મા...'

'છોડોને, પપ્પાજી...'

બન્નેએ એક વાર વસુમાને અને સૂર્યકાંતને રોકવાનો પ્રયાસ કર્યો.

પણ આજે કોણ જાણે કેમ, યશોધરાના મળવાથી હોય કે યશોધરાની વાત સાંભળીને કે પછી યશોધરાની સામે પોતે જે રીતે નાના દેખાયા... એ બધાના સરવાળા રૂપે સૂર્યકાંતનું મગજ ફાટ ફાટ થતું હતું. એમણે ઘણા દિવસથી જે વાત વસુમાને કહેવા હતી એ વાત આજે કહી નાખવાનું નક્કી કર્યું હોય એમ બન્ને છોકરીની વાત અવગણીને પોતાની વાત ચાલુ રાખી:

'વસુ, ભલે કોઈને તું તારા સુધી ન પહોંચવા દે અને અત્યારે તને એમાં પોતાની જીત લાગતી હશે, પણ એક વાત યાદ રાખજે, તું જ્યારે માણસોના સાથ માટે, એમની લાગણી માટે તરફડીશ ત્યારે એક એક કરીને સૌ તને છોડી ગયા હશે.'

'કોણ કોને છોડી જાય છે એ તો આપણો કન્સેપ્ટ છે...'

સૂર્યકાંતના ઉશ્કેરાયેલા અવાજની સામે વસુમા એકદમ શાંત હતાં:

'બે ઘરને જોડતાં રસ્તા જમીનમાંય નથી ઊતરી જતા ને નથી કોઈનું નામ તમારી સ્મૃતિમાંથી ભૂંસાઈ જતું, કાંત... બધું યથાવત્ રહે છે - સંબંધો તુટી જાય પછી પણ.'

'મને લાગે છે તારી વાત સાચી છે.'

સૂર્યકાંતનો અવાજ કડવાશથી સહેજ ધ્રૂજતો હતો:

'મેં વારંવાર તારા સુધી પહોંચવાના પ્રયત્નો કર્યા, પણ તેં દરેક વખતે મને તરછોડીને કાઢી મૂક્યો છે... પચ્ચીસ વર્ષ પહેલાં જે સ્થિતિ હતી એમાં ને આજમાં ખાસ ફેર નથી પડ્યો, વસુ.'

વસુમા જ્યાં ઊભાં હતાં ત્યાંથી આગળ વધ્યાં. અજય, જાનકી અને શ્રેયાની હાજરીમાં એમણે સૂર્યકાંતનો હાથ પકડ્યો. ખૂબ માર્દવથી, ખૂબ મમતાથી, હઠે ચડેલા બાળકને મા સમજાવે એટલી સહાનુભૂતિથી એમણે સૂર્યકાંત સામે જોયું:

'કાંત, ખરેખર પચ્ચીસ વર્ષ પહેલાં જે સ્થિતિ હતી એ જ આજે છે. મને તમારા માટે એટલી જ લાગણી છે, જેટલી પચ્ચીસ વર્ષ પહેલાં હતી અને તમને એ જ બધા વિરોધ આજે પણ છે, જે પચ્ચીસ વર્ષ પહેલાં હતા.'

'વસુ, સાહિત્ય વાંચવા માટે હોય છે, જીવવા માટે નહીં. આપણા રોજબરોજના જીવનમાં આપણે સાહિત્યને શ્વાસની જેમ જીવી ન શકીએ.'

'જાણું છું કાંત, ને એવો પ્રયાસેય નથી કરતી, ખરું માનજો, પણ એક વાત કહું? જે સાહિત્યની તમે વાત કરો છો એ આપણા રોજબરોજના જીવનમાંથી જ આવ્યું છે. એ સાહિત્યમાં ક્યાંક તમે ને ક્યાંક હું પણ છું જ... હું જાણું છું' તમે શરૂઆતથી જ મારા વાંચન પરત્વે, મારી જીવન ફિલસૂફી પરત્વે સહેજ અણગમાની લાગણી ધરાવો છો, પણ કાંત, સમયની સાથે બધું બદલાઈ જાય છે. માત્ર પ્રકૃતિ નથી બદલાતી...'

પછી ઊંડો શ્વાસ લઈને ઉમેર્યું:

'ન તમારી, ન મારી.'

આંખ મીંચીને આ ચર્ચા સાંભળતી વૈભવી સહેજ કંટાળી હતી. એને માટે પોતાના પરથી હટેલું ધ્યાન અસહ્ય હતું.

એણે હળવેથી હોઠ ફફડાવ્યા: અ..ભ..ય.. અભય...

'ભાનમાં આવી ગયાં.' શ્રેયા બોલી અને જાનકી પાણી લેવા દોડી.

હૃદયને બેડરૂમમાં સુવાડીને અજય બહાર આવીને ઊભો રહી ગયો હતો.

'સરસ.' વસુમા અજય તરફ ફર્યાં:

'અભયને ફોન કરી દેજો.'

'અભય...' વૈભવીએ હળવેકથી આંખો ઉઘાડો

'કેવું લાગે છે, ભાભી?' શ્રેયાએ પૂછ્યું:

'આવું કરાય?'

'શું કામ બચાવી મને? મરી જવા દેવી હતી. હવે જીવીનેય શું કરવાનું છે મારે?'

વૈભવી બેટા, આપણું જીવન આપણા માટે જીવવાનું...'

'કહેવું સહેલું છે મા, તમારો દીકરો જે કંઈ કરે છે એ પછી હું કોના માટે જીવું? શું કામ જીવું?'

'એટલે આજ સુધી તમે અભય માટે જીવતાં હતાં, બેટા?'

વૈભવી પાસે ખરેખર કોઈ જવાબ નહોતો. જો ખરેખર એમ જ હતું તો એ અભયને કેમ સાચવી ન શકી એ સવાલ ઊભો થવાનો જ હતો અને જો એમ નહોતું તો પછી અચાનક અભયના આ પ્રેમપ્રકરણ અંગે પોતાને આવી રીતે રિએક્ટ થવાનો શું અધિકાર હતો? એ સવાલ પણ આવવાનો જ હતો.

'મા, હું અભય વિના નહીં જીવી શકું.'

કહેતાં કહેતાં વૈભવીની આંખમાં સાચાં આંસુ આવી ગયાં, જે અભયને આજ સુધી પોતે ટેકન ફૉર ગ્રાન્ટેડ લીધો હતો, જે અભયના ગમા-અણગમા વિશે પોતે આજ સુધી ક્યારેય ચિંતા કરી નહોતી અને જે અભય પાસે પોતે આજ સુધી માત્ર અને માત્ર ધાર્યું કરાવ્યું હતું એ અભયનું એની જિંદગીમાં ખરેખર મહત્ત્વ હતું એવું વૈભવીને કદાચ ધીમે ધીમે સમજાવા લાગ્યું હતું.

'અભય વિના ક્યાં જીવવાનું છે, વૈભવી? એ આપણી સાથે જ રહેવાનો છે. એણે કહ્યુંને, એ ઘર છોડીને ક્યાંય નથી જવાનો.'

'પણ એ મારો નથી... એવું તો કહ્યુંને એણે? હવે એ ઘરમાં રહે કે બહાર રહે, શું ફેર પડે છે? મને તો મારો અભય જોઈએ... બાકી...'

'બાકી શું, વૈભવી? જે તારો નથી એ તારે માટે કોઈ કામનો નથી?'

વસુમાના આ સવાલથી સૂર્યકાંત જાણે વીજળીનો કરન્ટ લાગ્યો હોય એમ ચોંક્યા. આ સવાલ માત્ર વૈભવીને નહોતો પુછાયો. સૂર્યકાંતને પણ પુછાયો હતો કદાચ!

'મેં વાંચ્યું હતું ક્યાંક, પ્રેમ આપવો અને પામવો એ મનુષ્ય હોવાપણાની અનુભૂતિ છે... તમે એની પ્રેમ પામવાની ઝંખના કેવી રીતે નકારી શકો?'

'તું કોને કહે છે, વસુ?'

સૂર્યકાંતથી પૂછ્યા વિના ન રહેવાયું.

'સૌને.'

વસુમા હજીય સૂર્યકાંતની બાજુમાં ઊભાં હતાં:

'એ સૌને, જે લાગણીઓને લેવડ-દેવડની વસ્તુ માને છે અમુક આપો તો અમુક મળે... એવી રીતે સંબંધ ન જીવે, વૈભવી.'

'તારી વાત સાચી છે, વસુ. પચ્ચીસ વર્ષે પાછા ફર્યા પછી હું આંખ ઉઘાડું ને મીચું એટલી જ વારમાં તારી પાસે બદલાવાની, સ્વીકારની અને મારા અધિકારની અપેક્ષા રાખવા માંડું એ જરા વધારે પડતું છે.'

સૂર્યકાંતને જવાબ આપ્યા વગર વસુમા બોલ્યાં.

'વૈભવી બેટા, અભય ક્યાંય નથી ગયો. જે અભય તમારો છે એ તો તમારી પાસે જ છે. હા, અભયના અસ્તિત્વનો એક ટુકડો, તમારા સંબંધના બંધિયાર વાતાવરણમાંથી નીકળીને ખુલ્લી હવામાં શ્વાસ લેવા લાગ્યો છે અને એ ટુકડો હવે કદાચ ખુદ એના પોતાના કહ્યામાં નથી, બેટા, એને બાંધવાનો પ્રયત્ન છોડી દો.'

એ ઓરડામાં ઊભેલાં બધાં જ વસુમાની આ વાત સાથે પોતાની જાતને જોડીને સમજવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં…

સૂર્યકાંતે આ વાત સાથે વસુંધરા સાથેના પોતાના આટલાં વર્ષોના સંબંધને જોડી જોયો. એ જ પળે નક્કી કર્યું કે હવે પોતે પાછા જશે. હવે અહીં રહીને વસુને જીતવાનો પ્રયાસ વ્યર્થ હતો.

એક પણ અક્ષર બોલ્યા વિના એ ઉપરના ગેસ્ટ રૂમ તરફ જવા માંડ્યા. અજય પણ જાણે વાત પૂરી થઈ ગઈ છે એમ માનીને અભયને ફોન કરવા આગળ વધ્યો. હાથમાં પાણી લઈને ઊભેલી જાનકીએ એ પાણી વૈભવી તરફ આગળ ધર્યું…

વૈભવી ધ્રૂજતા હાથે પાણીનો પ્યાલો એકશ્વાસે પી ગઈ. એને એ જ સમયે અજયનો અવાજ સંભળાયો.

'ના, ના, થયું કંઈ નથી. એવી ચિંતા કરવા જેવું કંઈ નથી. ભાભી ઈઝ ફાઈન…'

'એ આવે છે ને?'

વૈભવીના અવાજમાં ફરી એક વાર નાનકડી જીતની આશા ઊભરાઈ આવી.

'અ…' અજય ગૂંચવાયો:

'ભાઈ મિટિંગમાં છે. રાત્રે જ આવશે.'

એટલું કહ્યા પછી જરા સહાનુભૂતિમાં ઉમેર્યું:

'તમારે ડૉક્ટરને ત્યાં જવું હોય તો હું લઈ જાઉં. ગાડી તો શ્રેયા પાસે પણ છે.'

સહાનુભૂતિમાં વૈભવીના ખભે શ્રેયાથી હાથ મુકાઈ ગયો.

હાથમાં પકડેલો પાણીનો પ્યાલો વૈભવીએ છુટ્ટો ફેંક્યો:

'મને ખાતરી જ હતી કે એ નહીં આવે… હવે શું જરૂર છે એને મારી?'

વૈભવી આખેઆખી ધ્રૂજતી હતી. હવે એની આંખમાંથી સરકી રહેલાં આંસુ રોકવાં મુશ્કેલ હતાં.

એને કોઈ રીતે વિશ્વાસ નહોતો આવતો કે પોતાના આપઘાતના પ્રયાસની વિગતો જાણ્યા છતાંય અભયે ઘેર આવવાની પણ તૈયારી ન બતાવી. એટલું જ નહીં, પોતાને ફોન કરવાની પણ એણે તસ્દી ન લીધી.

શું આ સંબંધ સાવ પૂરો થઈ ગયો છે?

વૈભવીને વિચાર આવ્યો. એ વિચારની સાથે જ જાણે એનું મન પાછલાં પંદર વર્ષની સફરે ઊપડી ગયું. આ એ જ અભય હતો, જેને પોતે પ્રેમ કરીને પરણી હતી અને જેણે પરણ્યા પછી પોતાને અઢળક પ્રેમ કર્યો હતો…

વસુમાનું વર્ચસ્વ, અજયની વકીલાત ન ચાલવી, અલયની ફિલમ બનાવવા માટેની ઘેલછા, વસુમાની જાનકી માટેની લાગણી, ઘર ચલાવવા માટે અભયની દોડાદોડીથી શરૂ કરીને કઈ એવી બાબત હતી, જેને માટે એણે અભયને ખરી-ખોટી નહોતી સંભળાવી…

એની બધી જ વાત મૂગે મોઢે સાંભળતો અભય કદાચ ઘરની શાંતિ માટે આજ સુધી એક લેવડ-દેવડની જેમ આ સંબંધ નિભાવી રહ્યો હતો. આજે જ્યારે અભય આ સંબંધમાંથી બહાર જતો દેખાયો ત્યારે વૈભવીને પોતાની ભૂલ સમજાઈ હતી. એને લાગ્યું, ઘરનાં તમામ લોકોની સહાનુભૂતિ એ ગુમાવી ચૂકી હતી.

કદાચ આવો જ ઘા જાનકીએ પોતાના કાંડે માર્યો હોય તો આખું ઘર ઉપરતળે થઈ ગયું હોત...

વૈભવીના મનમાં એ સાથે બીજો વિચાર પણ આવ્યો:

જાનકી શું કામ મારે આવો ઘા? એણે તો બધા જ સંબંધોની ગાંઠ એક એક કરીને મજબૂત કરી છે. એનો પતિ એના કહ્યામાં છે. અમારી સાસુ એ પિવડાવે એટલું પાણી પીએ છે. અભય પણ એના દાખલા આપે છે... ને અલય પણ...

વૈભવીના મોઢામાં જાણે કડવો-તુરો સ્વાદ ઊભરાઈ આવ્યો:

ઉફ્ફ, આ ગઈ કાલનો આવેલો મારો સસરો પણ જાનકીથી ઈમ્પ્રેસ થઈ ગયો છે...

ડૂસકે ડૂસકે રડતી વૈભવીના મનમાં આજે ખરેખર પોતે ક્યાં ઊભી છે એ સ્પષ્ટ થઈ ગયું હતું. હવે ઘણું મોડું થઈ ગયું હતું...

વૈભવી ડ્રોઇંગ રૂમમાં એકલી બેસીને રડતી રહી.

બાકીના સૌ પોતપોતાના ઓરડામાં ને પોતપોતાની મનોદશા સાથે પોતપોતાના વિશ્વમાં હતાં.

*

મરીન ડ્રાઇવથી નીકળીને ગાડી કોલાબા કોઝ-વે પાસે આવી. નીરવે મસ્તીખોર અંદાજમાં લક્ષ્મીની સામે જોયું:

'શું કરવું છે?'

'જઈને બેસીએ ક્યાંક.'

'ક્રૂઝ પર જવું છે?'

'ક્રૂઝ?'

અમેરિકન છોકરીએ ક્રૂઝ એટલે લક્ઝરી લાઇનર સમજીને પૂછ્યું:

'હમણાં? અહીંયાં?'

જવાનું અહીંથી એલિફન્ટા સુધી, પણ મુંબઈગરા એને ક્રૂઝ કહે...' પછી હસ્યો એ.

'આપણે એક વાર જ્યાં જવાનાં હતાં.' લક્ષ્મીને યાદ આવી ગયું.

'હં...' નીરવે ગાડી તાજના વેલેટ પાર્કિંગમાં આપી દીધી. બન્ને જણ ગેટ-વે ઑફ ઇન્ડિયા પાસે આવ્યાં. ટિકિટ લીધી અને મોટરબોટમાં બેસી ગયાં.

થોડી વારમાં પ્રવાસીઓ ભરાયા અને મોટરબોટ ચાલુ થઈ.

ઉપર જવાના દસ રૂપિયા વધારે ખર્ચીને બન્ને છત પર આવીને બેઠાં. લક્ષ્મીનો શિફોનનો દુપટ્ટો ફરફરાટ ઊડતો હતો. એના સોનેરી વાળ વારે વારે એના ચહેરા પર આવી જતા હતા. એની રાખોડી આંખોમાં જાણે દરિયાનું પ્રતિબિંબ પડતું હતું. દૂર ક્ષિતિજ તરફ જોઈને ઊભેલી લક્ષ્મીને એકીટશે જોઈ રહ્યો હતો નીરવ.

'શું જુએ છે?'

'તને જોઉં છું. ખૂબ સુંદર છે તું. ચહેરાથી અને મનથી બન્ને..?'

'નીરવ, મને તે દિવસે એક વાત પૂછવી હતી. પછી મેં ટાળી દીધી...'

નીરવનો મૂડ જોઈને લક્ષ્મીએ વાત શરૂ કરી.

'કયા દિવસે?'

નીરવને તો જાણે અત્યારે લક્ષ્મીની બે આંખો, એના સોનેરી વાળ... તડકામાં સહેજ તપી ગયેલો ગોરો ચહેરો અને આખાય વ્યક્તિત્વમાંથી નીતરતા સ્ત્રીત્વ સિવાય બીજું કશુંય યાદ નહોતું.

'જે દિવસે આપણાં લગ્નની વાત થઈ...'

'ઓહ! પૂછી લેવું હતું ને?'

લક્ષ્મીના ચહેરા પર ઊડતા સોનેરી વાળને નીરવે પોતાની આંગળીઓથી હટાવ્યા. નીરવની આંગળીઓના ગાલ પર થયેલા અછડતા સ્પર્શથી પણ લક્ષ્મીના શરીરમાં જાણે એક સિહરન પસાર થઈ ગઈ. નીરવ એની નજીક આવ્યો. એણે લક્ષ્મીની ચિબુક પકડીને એને ચૂમવાનો પ્રયાસ કર્યો. બહુ સ્પષ્ટતાથી નહીં, પણ હળવેથી લક્ષ્મી ચહેરો ફેરવી ગઈ.

એની આંખોમાં જોઈને નીરવને લાગ્યું કે લક્ષ્મીના મનમાં કોઈ ગડમથલ ચાલતી હતી.

'આજે પૂછું?'

'હં...'

'નીરવ, બે-ત્રણ-ચાર-પાંચ, કોને ખબર કેટલાં વર્ષ સાથે ગાળ્યાં પછી જો તને એમ લાગે કે હું તારા માટે યોગ્ય છોકરી નથી તો?'

'તો...?'

નીરવની આંખોમાં લક્ષ્મીનો સવાલ જાણે બોટના પડખામાં દરિયાનાં મોજાંની જેમ અથડાઈને ફીણ ફીણ થવા લાગ્યો. નીરવે આ રીતે તો વિચાર્યું જ નહોતું.

અમુક વર્ષ સાથે ગાળ્યાં પછી જો હું આ છોકરીને ન પરણી શકું તો શું અધિકાર છે મને એની જિંદગી સાથે રમત કરવાનો?

નીરવનો આત્મા એને પૂછી રહ્યો હતો. એની મા રિયાએ એક વાર એને કહ્યું હતું:

નીરવ બેટા... જ્યાં સુધી આપણને આપણા પ્રેમની ખાતરી ન થાય ત્યાં સુધી બીજાને ઊંડા પાણીમાં ઘસડવાનો આપણને કોઈ અધિકાર નથી. હું ઓળખું છું તને. તું જે રીતે જીવ્યો છે અને સંબંધોની જે કડવાશ તેં જોઈ છે એ પછી કોઈ પણ છોકરીને વચન આપતાં પહેલાં જાતને ત્રણ વાર પૂછી લેજે...

'શું વિચારે છે?'

લક્ષ્મીના સવાલે નીરવની તંદ્રા તોડી.

'કદાચ હું તને પરણવાની ના પાડું તો?'

નીરવે આ સવાલ પૂછ્યો ત્યારે કદાચ પોતાની જાતને પણ એ જ સવાલ પૂછી રહ્યો હતો...

'જો નીરવ, હું અમેરિકામાં ઊછરી છું. બહુ મૉડર્ન વિચારસરણી ધરાવું છું. ભૌતિકવાદના અને શરીર પર જીવતા એ દેશમાં લગ્નનું કોઈ મહત્ત્વ નથી, પણ મને મારા ડૅડીએ ઉછેરી છે... એક એવા માણસે, જેણે એ દેશમાં પણ પોતાની પત્નીની યાદ અકબંધ સાચવી રાખી...'

'કઈ પત્નીની?'

નીરવના અવાજમાં ડંખ હતો.

'મારી માની... કે વસુમાની... હું નથી જાણતી પણ એ માણસને મેં ક્યારેય સ્ત્રીઓમાં રસ લેતો નથી જોયો. એના મનમાં કોઈકની યાદ હતી અને નજરમાં કોઈકનો ચહેરો એ નક્કી...'

'આ બે વાતને શું સંબંધ છે?' નીરવ અકળાઈ ગયો.

'છે, સંબંધ છે...'

લક્ષ્મીએ નીરવનો હાથ પકડ્યો. એને નજીક ખેંચ્યો અને ધીમેથી કહ્યું:

'મારે માટે લગ્નનું મહત્ત્વ છે. મારે માટે પ્રેમની દિશા લગ્ન છે. હું તને ચાહું છું એમ જ્યારે હું કહું છું ત્યારે હું તારી સાથે જીવવા માગું છું એ વાત પણ એમાં જ આવી જાય છે.'

'તો?'

'તો...'

લક્ષ્મીની રાખોડી આંખો નીરવની આંખોમાં ઊંડી ઊતરી ગઈ:

'નક્કી તો તારે કરવું પડશે.'

'ક્યાં સુધીમાં?

'હું અમેરિકા પાછી જાઉં એ પહેલાં?'

લક્ષ્મીએ અજાણતાં જ નીરવને એવો સમય આપ્યો હતો, જેની એને પોતાને પણ નહોતી ખબર.

'જો એ પહેલાં હું નક્કી કરી શકીશ તો કદાચ તને જવા જ નહીં દઉં. લગ્ન જ કરી લઈશ તારી સાથે.'

નીરવે નિ:શ્વાસ નાખ્યો: 'પણ જો નક્કી નહીં કરી શકું તો?'

'તો હું અમેરિકા જઈશ... અને ભૂલવાનો પ્રયત્ન કરીશ કે મેં તને પ્રેમ કર્યો હતો.'

લક્ષ્મીનો અવાજ ભરાઈ આવ્યો. એને થયું કે પોતે કદાચ રડી પડશે:

'આપણે... આપણે સારાં મિત્રો બનીને રહીશું.'

'જો લક્ષ્મી, મેં તને પહેલાં પણ કહ્યું હતું, હું તને પ્રેમ કરું છું. ઘણો આગળ વધી ચૂક્યો છું મિત્રતાથી... હું તને એકાંતમાં મળું અને ચુંબન ન કરું એ મારા માટે શક્ય જ નથી અને જ્યાં સુધી હું સમજ્યો છું ત્યાં સુધી તારી મિત્રતાની વ્યાખ્યામાં એ નથી આવતું...'

બન્ને ઘણી ક્ષણ સુધી એકબીજાનો હાથ પકડીને, એકબીજાની આંખોમાં અપલક જોઈ રહ્યાં. પછી નીરવ આગળ વધ્યો. એણે લક્ષ્મીના હોઠ પર એક હળવું ચુંબન કર્યું. દરમિયાન પવનની ખારાશ લક્ષ્મીના હોઠ પર ઊતરી આવી

એ ખારાશ મમળાવતાં એણે એના ચહેરા પર હાથ ફેરવ્યો:

'તો નક્કી રહ્યું, તું અમેરિકા જાય એ પહેલાં મારે નિર્ણય કરવાનો. નહીં તો આપણા સંબંધ પૂરા થશે.'

'નીરવ!'

'યસ, ધૅટ'સ ફાઇનલ!'

નીરવે હજી સુધી લક્ષ્મીના ગાલ પર મૂકી રાખેલો પોતાનો હાથ સહેજ થપથપાવ્યો:

'હું તારી વાત સમજું છું અને મારી જાતને પણ ઓળખું છું. મને જો ડેડલાઇન આપવામાં નહીં આવે તો હું કદાચ જીવનભર નિર્ણય ન કરું એટલો ડરપોક છું.'

આટલું કહીને નીરવ દરિયા તરફ એવી રીતે જોઈ રહ્યો જાણે દૂર ક્ષિતિજ પર એને આવનારું ભવિષ્ય દેખાતું હોય.

*

અનુપમા લગભગ ગાંડી થઈ ગઈ હતી.

એણે આવતાંની સાથે ઘર સાફ કરાવી દીધું હતું. પોતાના બેડરૂમની સાથે જોડાયેલી સીટિંગ એરેન્જમેન્ટવાળો સીટિંગ-રૂમ એકદમ જુદી જ રીતે ગોઠવ્યો. પંદર-વીસ મોટી મોટી મીણબત્તીઓના પ્રકાશમાં એ રૂમ એકદમ રોમેન્ટિક દેખાતો હતો. સુગંધી મીણબત્તીની સુગંધ આખા ઓરડામાં પ્રસરી રહી હતી. પેરિસથી લાવેલા ક્રિસ્ટલ ગ્લાસ અને શ્રેષ્ઠ મૉલ્ટ વ્હિસ્કી એણે બહાર કઢાવી.

નોકરાણીને દસ જાતની રસોઈ કરવાની સૂચના આપી દીધી.

અલયે આવવાનું કબૂલી ને અનુપમા પર જાણે અહેસાન કર્યો હોય એમ અનુપમા ગદ્ગદ થઈને વર્તી રહી હતી. બહાર હજી પણ ધોધમાર વરસાદ ચાલુ હતો.

અનુપમા પોર્ચમાં ઊભી રહીને રાહ જોતી હતી ત્યારે સંજીવે આવીને એના ખભે હાથ મૂક્યો:

'હું નીકળું, અનુ?'

'તમે નહીં રોકાવ, દાદા?'

અનુપમાએ પૂછ્યું તો ખરું, પણ એની ઇચ્છા આજે અલય સાથે એકલા જ સમય પસાર કરવાની હતી.

'અનુ, આજે તો આવે છે અલય. હું નથી માનતો એ ફરી આવી રીતે...'

'દાદા!'

અનુની આંખોમાં કોણ જાણે શું હતું કે સંજીવ બોલતો અટકી ગયો. અનુપમા સંજીવ સામે એવી રીતે જોઈ રહી હતી જાણે આજે અલયને અહીં બોલાવીને સંજીવે એને જીવનભરની ઋણી બનાવી દીધી હોય.

સંજીવ કંઈ બોલે એ પહેલાં પોર્ચમાં એક રિક્ષા આવીને ઊભી રહી. પોતાની બૅગ બચાવતો અલય દોડતો પોર્ચના પગથિયાં ચડ્યો.

અનુપમા એની સામે જોઈ રહી.

'હજી કોઈ આવ્યું નથી?'

'કોણ?' અનુપમાએ પૂછ્યું.

'કેમ? મને તો શૈલેષભાઈએ કહ્યું કે પાર્ટી છે. ફિલમના મુહૂર્તની પાર્ટી...'

સંજીવ અને અનુપમાએ એકબીજાની સામે જોયું.

'બે જણની પણ પાર્ટી હોઈ શકે, અલય!'

અનુપમાની આંખોમાં ઘેરાયેલા વરસાદના વાદળ જેવું આમંત્રણ હતું.

સ્કાય બ્લૂ કલરના શિફોનના ફ્રૉકમાં અનુપમા ખરેખર અદ્દભૂત દેખાતી હતી. એના લાંબા છુટ્ટા વાળ અને મેકઅપ વગર તગતગતી ત્વચા જાણે મૉલ્ટ વ્હિસ્કીની બૉટલ હોય એમ એ થાંભલાને અઢેલીને પોર્ચમાં ઊભી હતી.

'વ્હાય નૉટ?'

અલયની આંખોમાં જાણે એ વાત સોંસરી ઊતરી ગઈ:

'ઇન ફૅક્ટ મને આવી જ પાર્ટી ની અપેક્ષા હતી.'

અલય આટલું કહીને ડ્રોઇંગ રૂમ તરફ આગળ વધ્યો.

પોર્ચમાં ઊભેલાં સંજીવ અને અનુપમાએ ફરી એકબીજાની સામે જોયું. અનુપમાના ખભે સંજીવે હાથ મૂક્યો:

'ટેક કેર...'

અને સંજીવ પોતાની ગાડી તરફ આગળ વધી ગયો.

એક ક્ષણ અનુપમા ત્યાં જ ઊભી રહી. ધોધમાર વરસતા આકાશ તરફ એ જોઈ રહી. ત્યાં અંદરથી અલયની બૂમ સંભળાઈ:

'અનુપમા.. મને બદલવા માટે શર્ટ મળશે?'

* * *

40

હું મિટિંગ માં છું અને રાત્રે જ ઘેર આવીશ...

અજયનો ફોન આવ્યો ત્યારે અભયે આ જવાબ આપી દીધો હતો.

જો કે પોતાના સ્વભાવ અનુસાર એને ચિંતા તો થઈ જ હતી. એસી ઑફિસમાં એને અચાનક જ પરસેવો થવા લાગ્યો. એણે ટાઈ ઢીલી કરી. શર્ટનું પહેલું બટન ખોલી નાખ્યું. પગ લાંબા કરીને રિવૉલ્વિંગ ચૅર પર જાતને લંબાવી દીધી. બે કૅબિન વચ્ચેની કાચની દીવાલમાંથી પ્રિયાએ આ જોયું. એણે અભયના ચહેરા પર ચિંતા અને અકળામણના ભાવ જોયા.

અભય પાસે કામ લઈને કે કંઈ પૂછવા ગયેલા બે-ત્રણ માણસની સાથે અન્યમનસ્કની જેમ વર્તતા અભયની અકળામણ એનાથી કોઈ રીતે છાની રહે એમ નહોતી.

પ્રિયા ઊભી થઈ. બે જણની કૅબિનની વચ્ચેનો દરવાજો ધકેલી અભયની કૅબિનમાં દાખલ થઈ. સામાન્ય રીતે પ્રિયા બોલાવ્યા વિના ક્યારેય અભયની કૅબિનમાં નહોતી જતી, પણ આજે એનાથી રહેવાયું નહીં.

'અભય...'

સરને બદલે અભયનું સંબોધન સાંભળીને અભયે એની સામે જોયું:

'કોઈ ટેન્શન છે?'

'વૈભવી...' અભયે માથું પાછળ ઢાળીને આંખો બંધ કરી દીધી:

'વૈભવીએ આપઘાતનો પ્રયાસ કર્યો.'

'ઓહ માય ગૉડ!'

પ્રિયાના ચહેરા પર ડર અને સહાનુભૂતિ બન્ને હતાં:

'ક્યાં છે એ? અને તમે અહીં શું કરો છો?'

અભયે બંધ આંખે પોતાના કપાળ પર હથેળી પછાડી:

'રડું છું મારા નસીબને, મારી ભૂલોને અને મારી બેવકૂફીને.'

'અભય, તમારે ઘેર જવું જોઈએ. વૈભવીને તમારી જરૂર છે.'

'મને પણ એની જરૂર હતી ક્યારેક... પિતા વિનાના ઘરને મારા ખભે ઊંચકીને જ્યારે ચાલતો હતો હું ત્યારે મને હતું કે વૈભવી મારો બોજો ન ઘટાડે તો કંઈ નહીં, ઓછામાં ઓછું મારી સાથે તો ચાલશે જ, પણ એણે તો મારા બોજામાં વધારો કરવા સિવાય કંઈ કર્યું જ નથી, પ્રિયા.'

અભયનો અવાજ ગળગળો થઈ ગયો: 'આજે પણ આ નાટક કરીને એ મારા પર માનસિક દબાણ વધારવા માગે છે... બીજું કંઈ નથી.'

'આવું શું કામ વિચારો છો?'

'આ સત્ય છે. એણે ક્યારેય મારો વિચાર કર્યો જ નથી. સતત પોતાનો જ વિચાર કરતી રહી એ. આજે આ ક્ષણ સુધી...'

'તો?'

'તો હું મારા સમયે ઘેર જઈશ.'

'પણ... બીજાં બધાં...'

અભયની અવાજ અચાનક જ ફાટી ગયો. એનાથી જેટલા જોરથી બૂમ પડાય એટલા જોરથી એણે કહ્યું: 'કોણ બીજાં બધાં? આઈ ડોન્ટ કેર... આ મારી જિંદગી છે અને હું મારી રીતે જીવવા માગું છું. સમજ પડે છે?'

પ્રિયા એક ક્ષણ એની સામે જોઈ રહી. પછી એક પણ અક્ષર બોલ્યા વિના આગળ વધી અને ખુરશી પર માથું ઢાળીને બેઠેલા અભયના માથામાં હાથ ફેરવવા માંડી.

અભય અચાનક જ બન્ને હાથે પ્રિયાને વળગી પડ્યો. એના પેટ પર માથું મૂકીને અભય નાના બાળકની જેમ ધ્રૂસકે ચઢ્યો:

'હું થાકી ગયો છું, પ્રિયા. હું બહુ થાકી ગયો છું... આઈ નીડ રેસ્ટ... હું નેક્સ્ટ વીક સિંગાપોર કૉન્ફરન્સમાં જાઉં છું, તને કહ્યું હતું એમ સાથે લઈ જઈશ આ વખતે. ત્રણ દિવસની કૉન્ફરન્સ છે, પણ આપણે અઠવાડિયું રોકાઈશું. જસ્ટ લાઇક ઘેટ!'

પ્રિયા એક પણ અક્ષર બોલ્યા વિના અભયના વાળમાં હાથ ફેરવતી રહી. અભય રડતો રહ્યો.

કોઈ અચાનક બારણું ખોલીને અંદર આવી જશે એવો ભય પણ જાણે આ ક્ષણે એ બન્નેને નહોતો લાગતો.

*

વૈભવીએ ઘડિયાળમાં જોયું - છ ને વીસ.

એ પોતે બપોરની પોતાના રૂમમાં આવી ગઈ હતી. અત્યારે પાંચ કલાક ઉપર થઈ ગયા હતા, પણ કોઈ એની ખબર પૂછવા નહોતું આવ્યું. સાડા ચાર વાગે જાનકી એક કપ ચા લઈને આવી હતી. એ પણ બે-પાંચ મિનિટ ઊભી રહીને નીચે ચાલી ગઈ હતી. એ પછી એને જોવા માટે કોઈ અહીં ફરક્યું નહોતું.

આ લોકો પોતાના મનમાં સમજે છે શું?

વૈભવીનો ગુસ્સો વધતો જતો હતો. એણે ધાર્યું હતું એવું કશું જ નહોતું બન્યું.

એને હો-હા કરવાની, ધમાધમ મચાવી દેવાની ઇચ્છા હતી, પરંતુ વસુમાની ફર્સ્ટ એઇડ ટ્રીટમેન્ટ કામ કરી ગઈ હતી અને વૈભવીને જોઈતું મહત્ત્વ નહોતું મળી શક્યું. બસ ત્યારથી શરૂ કરીને અત્યાર સુધી એનો ધૂંધવાટ પળેપળ વધતો જતો હતો...

સાત... આઠ... નવ વાગવા આવ્યા...

રાત્રે અભય ઘેર આવ્યો ત્યારે મોટા ભાગનાં બધાં જમીને પોતપોતાના ઓરડામાં ચાલી ગયાં હતાં. માત્ર વસુમા અને સૂર્યકાંત ઘરની બહાર બગીચામાં ખુલ્લામાં પથ્થરની બેઠક પર બેસીને સંગીત સાંભળી રહ્યાં હતાં. અભયની ગાડી જેવી શ્રીજી વિલાના ગેટ પાસે આવી કે વસુમા ઊભાં થવા ગયાં.

સૂર્યકાંતે એમનો હાથ પકડ્યો.

વસુમાએ પ્રશ્નાર્થભરી નજરે સૂર્યકાંતની સામે જોયું.

'એને આવવા દે. મારે પણ એની સાથે વાત કરવી છે.'

'તમે હમણાં એને કંઈ આડુંઅવળું નહીં કહેતા. એ બોલતો નથી, પણ મને ખબર છે એના પર શું વીતી રહી હશે.'

'મને, આજે મને એના બાપ તરીકે વર્તવાની તક મળી છે. આટલાં વર્ષોમાં ક્યારેય ન કરી શકાયું એ આજે કરવા મળ્યું છે મને...'

અભય ગેટ ખોલીને અંદર પ્રવેશી ચૂક્યો હતો. સૂર્યકાંત એની તરફ આગળ વધ્યા. એમણે અભયના ખભે હાથ મૂક્યો.

બાપ-દીકરો એકબીજાની આંખોમાં જોઈ રહ્યા.

કોઈ કશું ન બોલ્યું. તેમ છતાં જાણે બન્ને વચ્ચે એક સંવાદ રચાઈ ગયો.

'અભય... બેટા!'

સૂર્યકાંતે એના ચહેરા પર હાથ ફેરવ્યો. અભય એકદમ જ એમને વળગી પડ્યો.

'હું સમજું છું, બેટા... તું જરાય ચિંતા ન કરીશ. અહીં બધું બરાબર છે. વૈભવીને...'

અભયે વચ્ચે જ વાત કાપી નાખી:

'મારે નથી જાણવું એના વિશે. એ ચિઠ્ઠી લખીને મરી જાય ને પોલીસ મને એના ખૂનના ગુનામાં પકડી જાય તો પણ...'

'બેટા, આ કારણ વગરનો ધિક્કાર નથી?'

વસુમાએ અભયની આંખોમાં જોયું:

'આજ સુધી આ પરિસ્થિતિને અહીં લઈ આવવામાં તારા સિવાય કોણ જવાબદાર છે?'

સૂર્યકાંત અને અભય બન્ને ડઘાઈને વસુમા સામે જોઈ રહ્યા.

'બેટા, તને કદાચ મારા પર ગુસ્સો આવશે. તને લાગશે કે તારી મા તારા પક્ષમાં નથી બોલતી અને આવા મુશ્કેલીના સમયમાં પણ તારો વાંક શોધે છે.'

એક ક્ષણ અટકીને એમણે અભય સામે જોયું:

'પણ દીકરા, કોઈ પણ માણસ કે એના વર્તનની સરહદ આપણે જ નક્કી કરતાં હોઈએ છીએ. વૈભવી પહેલા જ દિવસથી આમ વર્તતી આવી છે અને આ વર્તનને આજ સુધી તું જ ઢાંકતો રહ્યો...'

'આ ઘરની શાંતિ માટે, મા.'

'પણ શાંતિ તો રહી જ નહીં.'

વસુમાએ પોતાની વાત ચાલુ રાખી: 'શું લેવા માટે તું શું આપતો રહ્યો એનો અંદાજ છે તને?'

'એણે મારી ભલમનસાઈનો દુરુપયોગ કર્યો છે.'

'કોઈ પણ તમારી મરજી વિના તમારો દુરુપયોગ કેવી રીતે કરી શકે? તમે જે માગો છો એના બદલામાં સામેનો માણસ તમારી પાસે કંઈક માગે છે. આ લેવડ-દેવડમાં જ્યારે તમારી અપેક્ષિત વસ્તુ મળતી બંધ થઈ જાય ત્યારે તમને છેતરાયાની, એક્સપ્લોઇટ થયાની લાગણી થાય છે...'

'મા, મારે ફિલોસોફી નથી સાંભળવી.'

અભયે પોતાનો હાથ વસુમાના ખભે લપેટીને માથું એમના ખભા પર મૂકી દીધું:

'મા, મને ભૂખ લાગી છે.'

'ચાલ, બેટા.'

વસુમા બાપ-દીકરાથી સહેજ વધુ ઉતાવળે અંદર જવા લાગ્યાં.

*

જમીને સૂર્યકાંત, લક્ષ્મી અને અજય સાથે ખાસ્સી વાતો કરીને અભય જ્યારે ઉપર ગયો ત્યારે અગિયાર વાગવાની તૈયારી હતી.

એ સીધો ડ્રેસિંગ રૂમ તરફ જવા લાગ્યો.

'જમ્યા?'

'હા...' વૈભવી સામે જોયા વિના એણે કહ્યું: 'તું જમી?'

'છેક હવે યાદ આવ્યું?'

'મને યાદ આવે કે નહીં એની રાહ જોતી હતી તું?'

'તમે મારી સાથે આવી રીતે કેમ વાત કરો છો?'

'તારો હાથ કપાયો છે, વૈભવી, પગ નહીં... મારી ગાડીનો અવાજ સાંભળીને તું પણ નીચે આવી શકત...'

'હું...હું તમારી રાહ જોતી હતી.'

વૈભવીનો અવાજ ઢીલો થઈ ગયો. ગઈ કાલ સુધી જે ડોકું હલાવવાથી કામ ચાલે તો મોઢેથી હા-ના નહોતો

બોલતો એ માણસ આજે જે રીતે વાત કરી રહ્યો હતો એ વૈભવી માટે અઘરું હતું.

'અભય...' વૈભવી ઊઠીને અભયની નજીક આવી:

'હું... હું મરી ગઈ હોત તો? તમને મારી જરાય દયા નથી આવતી?'

'વૈભવી, આઈ એમ સૉરી.' અભયે એની આંખમાં આંખ નાખી:

'...પણ હું જ્યાં સુધી તને ઓળખું છું ત્યાં સુધી આ પ્રયત્ન મરવા માટે નહીં, મને ડરાવવા માટે હતો...'

અભય ડ્રેસિંગ રૂમ તરફ આગળ વધી ગયો:

'મેં હવે ડરવાનું બંધ કર્યું છે... તારાથી અને જાતથી પણ.'

એણે અકળામણમાં જોરથી ક્લોઝેટનો દરવાજો પછાડ્યો.

વૈભવીનું કબાટ લૉક કરેલું નહોતું. અભયના દરવાજાના ધક્કાથી હોય કે વૈભવીના બદનસીબે, અભયના નસીબનો દરવાજો ખૂલતો હોય એટલી સરળતાથી વૈભવીનું ઠાંસોઠાંસ ભરેલું કબાટ આપોઆપ ખૂલી ગયું.

ઉતાવળમાં ડૂચાની વચ્ચે મૂકેલી બ્લડની બૉટલ આપોઆપ સિલ્કનાં કપડાં પરથી લસરીને કબાટની બહાર પડી.

અભયે બૉટલ ઉપાડી. પ્લાસ્ટિકની કોથળી ખોલીને બૉટલ જોઈ. પળભરમાં એને બધું સમજાઈ ગયું.

એ બહાર ગયો. પલંગ પર બેઠેલી વૈભવીના હાથમાં બ્લડની બૉટલ આપીને એ હસી પડ્યો:

'તું એમ મરે એમ નથી વૈભવી, એવી મને ખબર હતી, પણ હવે ખાતરી થઈ ગઈ.'

*

રાજેશે ઘેર પહોંચીને અંજલિને પલંગમાં સુવડાવી.

એના પગ નીચે તકિયો મૂક્યો અને એને એકદમ આરામદાયક પોઝિશનમાં ગોઠવીને એ ઓરડાની બહાર જવા લાગ્યો ત્યારે અંજલિએ ધીમેથી કહ્યું:

'ઑફિસ જાવ છો?'

'અંજુ, હવે અત્યારે ઑફિસ જઈને શું કરું? કાલથી જ જઈશ.'

'તો બેસોને, અહીં મારી પાસે.'

'હું આવું. સાંજના જમવાની અને બીજી વ્યવસ્થા કરી દઉં.'

'રાજ... એક મિનિટ...'

રાજેશ હળવે ડગલે અંજલિ પાસે આવ્યો. અંજલિએ એનો હાથ પકડ્યો. એક ક્ષણ રાજેશની આંખોમાં જોઈ રહી પછી જાણે રાજેશને ઓછું અને જાતને વધારે કહેતી હોય એમ હળવેથી ગણગણી:

'રાજેશ, શફ્ફાકે મને માત્ર ચુંબન કર્યું છે એથી આગળ કશુંય...'

'મૂરખ, મે પૂછ્યું તને?'

'તમે પૂછો કે નહીં, મારે કહેવું જોઈએ, મેં એવું કંઈ જ નથી કર્યું, જેનાથી તમારી અને મારી વચ્ચે...

'શું બકવાસ કરે છે?'

રાજેશ જાણે પોતે નાનો થઈ ગયો હોય એમ અકળાઈ ઊઠ્યો:

'તને ક્યારેય લાગ્યું એવું મારા વર્તનમાં?'

એણે અંજલિની નજીક જઈને એને હચમચાવી નાખી:

'અંજુ, મારા વિશ્વાસમાં, મારા વહાલમાં તને કોઈ ખોટ દેખાઈ?'

'ખોટ નહીં, પણ જાણે મારાથી દૂર રહેવાનો એક પ્રયત્ન છે તમારો. તમે મને ટાળો છો, રાજેશ. હું જોઈ શકું છું કે તમે મારી કાળજી તો કરો છો, પણ મને વહાલ નથી કરતા...'

આટલું કહેતાં કહેતાં અંજલિનું ગળું ભરાઈ આવ્યું. એનો અવાજ ઊંચો થઈ ગયો:

'ભૂલ થઈ ગઈ મારી. દુનિયાનો કોઈ પણ માણસ ભૂલ તો કરી જ શકેને? કાં તો સજા કરો મને મારી ભૂલની, કાઢી મૂકો ઘરમાંથી, છૂટાછેડા આપો કાં તો મારો પૂરેપૂરો સ્વીકાર કરો. રાજેશ, આમ દયાની ભીખ આપતા હો એમ મારી કાળજી કરો અને મારાથી દૂર દૂર રહો એવું મારે નથી જોઈતું.'

હવે અંજલિ ડૂસકે ચડી ગઈ. એની આંખોમાંથી આંસુ અને નાકમાંથી પાણી વહી રહ્યું હતું.

રાજેશ હસી પડ્યો. પછી ખિસ્સામાંથી રૂમાલ કાઢીને અંજલિના નાક પાસે ધર્યો:

'ફીં કર...' એણે અંજલિના માથામાં એક ટપલી મારી:

'સ્ટુપિડ.'

અંજલિએ જોરથી નાક સાફ કર્યું. રાજેશે રૂમાલને બાજુમાં મૂકીને એનો ગાલ થપથપાવ્યો:

'હું શું કામ દૂર રહું તારાથી? રહી શકું?'

'મને પટાવવાની જરૂર નથી. મને બધી ખબર પડે છે.'

અંજલિએ ડૂસકું અંદર ખેંચતાં નાક સીકોડ્યું.

'બધી ખબર પડે છે... મૂરખ છોકરી, ખબર પડતી હોત તો આવું કરત?'

રાજેશે એના માથે હાથ ફેરવવા માંડ્યો:

'અંજુ, ઈશ્વરની કૃપા છે કે તારી અને શફ્ફાક વચ્ચે એવું કંઈ નથી થયું' જેને માટે તું તારી જાતને માફ ન કરી શકે, પણ કદાચ તું એની જોડે ભાગી ગઈ હોત અને બે મહિને, ચાર મહિને કે વર્ષે પાછી આવીને તેં મને કહ્યું

હોત ને કે રાજેશ, હું તમારા વિના ન રહી શકી એટલે પાછી આવી તોય મેં તને આ ઘરમાં આવકાર આપ્યો હોત. અંજુ, તું જાણે છે, મારા માટે આવી બધી વસ્તુનું કોઈ મહત્ત્વ નથી. મારો અને તારો સંબંધ શરીરનો ક્યારેય હતો જ નહીં. મેં તારી સાથે જીવવાનું નક્કી કર્યું છે અને સાથે જીવવું એટલે એકબીજાને જેવા છે એવા સ્વીકારીને એકબીજા સાથે શ્વાસ લેવા.'

'તો પછી શા માટે તમે...'

અંજલિની આંખો હજીય વહી રહી હતી.

'જો અંજુ, તારા શરીરના અંદરના ભાગોને ઈજા થઈ છે.'

રાજેશે ઊંડો શ્વાસ લીધો:

'હું તને કહેવા નહોતો માગતો, પણ આપણી વચ્ચે ગેરસમજ થાય એ મને ક્યારેય મંજૂર નથી. મને ડૉક્ટરે થોડોક સમય તારાથી દૂર રહેવાનું કહ્યું છે.'

'સાચું બોલો છો?'

નાક ચડાવતી અંજલિ પાંચ વર્ષની બાળકી લાગતી હતી. આંખોમાં આંજેલું કાજળ ધોવાઈને ગાલ પર આવી ગયું હતું. રાજેશે હાથથી કાજળનો એ ડાઘ લૂછી નાખ્યો.

'તારા સોગંદ...' અને પછી એણે બહુ જ ધીમા પણ ગંભીર અવાજમાં અંજલિની આંખોમાં જોઈને કહ્યું:

'અંજુ, હું તને વહાલ કરું અને મારી જાત પરનો કાબૂ ખોઈ બેસું એ બહુ સ્વાભાવિક વાત છે. હું નથી ઇચ્છતો કે પાંચ-દસ મિનિટના એ ઉન્માદનો ભોગ બને તારી તબિયત અને તારું શરીર.'

અંજલિ એની સામે જોઈ રહી, ભારોભાર શ્રદ્ધાથી.

કઈ માટીના બનેલો હતો આ માણસ! જે સ્ત્રીશરીરને આટલા સમ્માનથી અને આટલા સ્નેહથી જોઈ શકતો હતો. બેડરૂમમાં થતા બળાત્કાર છાપાંની હેડલાઇન બનતી હોય એવા સમયમાં પોતાના ઉન્માદ પર કાબૂ રાખનારા પુરુષો કેટલા?

અંજલિએ પોતાના બન્ને હાથ લાંબા કર્યા અને હથેળીઓ હલાવીને રાજેશને પોતાની પાસે બોલાવ્યો. રાજેશ નજીક આવીને એને વીંટળાયો. પછી અંજલિની છાતી પર માથું ટેકવી દીધું:

'બેબી, એક વાત સજેસ્ટ કરું? ચિડાતી નહીં.'

'બોલ.'

રાજેશના આલિંગન સંતોષમાં આંખ મીંચીને પડેલી અંજલિ અત્યારે સ્વર્ગનું રાજ્ય પણ લખી આપવા તૈયાર હતી.

'થોડા દિવસ મા પાસે રહી આવ.'

'કેમ? મારો કંટાળો આવે છે?'

‘જો, પાછી…’

અને બન્ને હસી પડ્યાં.

આમ વાત બહુ નાની હતી, પરંતુ રાજેશે આ બહુ સમજી-વિચારીને કહ્યું હતું. અત્યારે સૂર્યકાંત અહીં છે ત્યારે જો અંજલિ ત્યાં રહી શકે તો એ ઘરના ઘણા પ્રશ્નોમાં મદદરૂપ નીવડી શકે. વસુમા, જે પોતાની વાત ક્યારેય કોઈને નથી કહેતાં એમને દીકરીની હાજરીથી કદાચ સધિયારો મળે એમ રાજેશને લાગતું હતું.

સામાન્ય રીતે અંજલિ પિયર રહેવા જાય એ રાજેશને બહુ ફાવતું કે ગમતું નહીં, પણ આ વખતે પહેલી વાર એને લાગતું હતું કે અંજલિ અહીં કરતાં ત્યાં વધારે શાંતિ અને આરામથી રહી શકશે.

અંજલિએ પણ જાણે રાજેશના કહેવાની જ રાહ જોતી હોય એમ સ્વીકારી લીધું:

‘ઓકે. આજે બહુ થાકી છું, મને કાલે સવારે મૂકી જજો.’

*

અનુપમાના ખભે હાથ મૂક્યો પછી સંજીવ પોતાની ગાડી તરફ આગળ વધી ગયો.

એક ક્ષણ અનુપમા ત્યાં જ ઊભી રહી અને ધોધમાર વરસતા આકાશ તરફ જોઈ રહી ત્યાં અંદરથી અલયની બૂમ સંભળાઈ:

‘અનુપમા મને બદલવા માટે શર્ટ મળશે?’

અનુપમાના ચહેરા પર એક સ્ત્રીત્વથી ભરેલું સ્મિત આવ્યું. એ અંદર ગઈ. એને ટોવેલ અને શર્ટ લઈને અલય તરફ જતી જોઈને બાઈ દોડી આવી:

‘મને આપો, હું આપી આવું.’

‘ના, તમે તમારું કામ કરો.’

એણે ટોવેલ અલયના માથા પર નાખ્યો. ઘસીને અલયનું માથું લૂછવા લાગી.

‘શું કરે છે?,

ટોવેલની મૂવમેન્ટ સાથે અલયનું માથું હલતું હતું.

‘તારા ભેજામાંથી ભૂસું કાઢું છું.’

‘તો કશું બચશે જ નહીં’

અલયે ટોવેલ ખેંચીને પોતાના ચહેરો ઉઘાડી નાખ્યો. પછી અનુપમાની આંખોમાં જોયું:

‘તને કોઈએ ક્યારેય કહ્યું છે કે તારામાં થોડીક બુદ્ધિ ઓછી છે?’

‘ઓછી? મને તો બધાએ કહ્યું છે કે જરૂર કરતાં વધારે બુદ્ધિ છે મારામાં.’

‘એ કહેનારા માંય બુદ્ધિ ઓછી.’

‘શાબાશ, એક તું જ ઇન્ટેલિજન્ટ છે, ખરું?’

‘નથી?’

કોણ જાણે શું હતું અલયનો આંખોમાં, જેનો સામનો અનુપમા કરી ન શકી. એના વિખરાયેલા વાળ એના કપાળ પર ફેલાઈ ગયા હતા. વરસાદમાં ભીંજાવાના કારણે ચામડી વધુ ચોખ્ખી થઈને તગતગતી હતી. ભીના શર્ટમાંથી ડિઓડરન્ટની ખુશબો ઊઠતી હતી. અનુપમાની સાવ નજીક આવી ગયેલો અલય જાણે આજે અનુપમાના હોશકોશ ખોવડાવવાની પૂરી તૈયારી કરીને આવ્યો હતો.

‘અ...’ અનુપમાએ મહામુશ્કેલીએ જાતને સંભાળી:

‘શર્ટ.’

અલયના હાથમાં એણે લી કૂપરનું વ્હાઇટ ટી-શર્ટ પકડાવ્યું.

‘મેલ શર્ટ્સ ઘરમાં રાખે છે?’

અલયે ટી-શર્ટ હાથમાં લઈને ઊંચું કરીને જોયું.

‘તારે જ માટે સાચવ્યાં છે આટલાં વર્ષોથી.’

આટલું કહીને અનુપમા ઊંધી ફરીને પોતાના રૂમ તરફ જવા લાગી:

‘ચેન્જ કરી લે. પછી ડ્રિન્ક બનાવું.’

અલયે ત્યાં જ પોતાનું શર્ટ કાઢી નાખ્યું અને ટી-શર્ટ પહેરી લીધું. એ દરમિયાન અલયના ખભા, અને છાતીના વાળ અને એના શરીરના હલનચલને અનુપમાનું એક એક રૂંવાડું ઊભું કરી દીધું હતું.

અનુપમા પોતાના રૂમમાં ગઈ. પછી એણે બૂમ પાડી:

‘ત્યાં જ બેસવાનો છે?’

‘કોઈ બોલાવે તો આવું ને? એમ કોઈના બેડરૂમમાં ધસી થોડા જવાય? ખાસ કરીને જેના બેડરૂમનાં સપનાં હિંદુસ્તાનના સોળથી છાસઠ સુધીના બધા જ પુરુષ જોતા હોય...’

અલય આ બોલતો બોલતો ડોર ક્લોઝરવાળો દરવાજો ધકેલીને જેવો બેડરૂમમાં દાખલ થયો કે એણે ધાર્યું નહોતું એવી રીતે દરવાજાની બિલકુલ બાજુમાં ઊભેલી અનુપમા એની સાવ નજીક આવી ગઈ. એણે અલયની આંખોમાં જોઈને એના હોઠ પર પોતાની આંગળી મૂકી દીધી. અનુપમાના શ્વાસ લગભગ અલયના હોઠ પર અથડાતા હતા.

‘કોણ મારાં સપનાં જુએ છે એ અગત્યનું નથી અલય. હું કોનાં સપનાં જોઉં છું એવું પૂછ મને...’

આટલું કહેતાં કહેતાં તો અનુપમાની આંખોમાં નશો ઊભરાઈ આવ્યો. લાંબી લાંબી પાંપણોવાળી એની આંખો

અડધી બંધ થઈ ગઈ હતી. એના અને અલયના શરીર વચ્ચે માંડ અડધો ફૂટની જગ્યા હતી.

અલયની છાતીમાં ધડકી રહેલા હૃદયનો અવાજ સાંભળી શકાય એટલી નજીક હતી અનુપમા.

'પૂછ...' એ બે ઈંચ વધુ નજીક આવી:

'પૂછ મને કે હું કોનાં સપનાં જોઉં છું. માત્ર ઊંઘમાં જ નહીં, જાગતી હોઉં ત્યારે પણ...'

'અનુપમા...'

અલયે પોતાના બન્ને હાથ એના ખભે મૂક્યા. ખૂબ જ દોસ્તાના અંદાજમાં એને એક હળવો ધક્કો માર્યો. પાછળ જ પડેલા લેધરના નરમ સોફામાં અનુપમા ફસડાઈ પડી.

'મારી ઉંમર અઠ્ઠાવીસ વર્ષની છે અને તું મારા જીવનની પહેલી સ્ત્રી નથી એટલે તારી આંખોમાં લખાયેલું આકર્ષણ અને આમંત્રણ બન્ને મને વંચાય છે અને સાચું કહું તો હું કોઈ ફરિશ્તો નથી કે તારા જેવી સ્ત્રીનું આમંત્રણ નકારી દેવું મારા માટે સરળ હોય...'

'તો? શું રોકે છે તને?'

અનુપમાએ ઊભા થઈને અલયના ગળામાં હાથ નાખ્યા. અલયનુ આ વાક્ય સાંભળ્યા પછી એનામાં જાણે હિંમત આવી ગઈ હતી. પોતાની વાત કહેવાની હિંમત! ગઈ કાલ સુધી જે અલય એને શ્રેયાનો લાગતો હતો એ અલય આ પળે એને સાવ પોતાનો લાગ્યો.

આવી ટુકડે ટુકડે જોડેલી થોડી પળોના સહારે તો હું જીવી જઈ શકું... એણે વિચાર્યું.

એણે આંખો મીચી અને માથું અલયના ખભે મૂકી દીધું. એણે લગભગ જાતને અલયના હાથમાં સોંપી દીધી:

'હું કંઈ નહીં માગું તારી પાસે. કોઈ વચન કે સલામતી નથી જોઈતી મારે... લગ્ન શ્રેયા જોડે જ કરજે તું પણ મને...'

'અનુ' અલયે બહુ જ હળવેથી અનુપમાની પીઠ પર હાથ ફેરવ્યો:

'હું તારી વાત સમજી શકું છું. બહુ નસીબદાર છું હું કે તું મારા પર આટલો વિશ્વાસ કરે છે. સામે કશું જ માગ્યા વિના તારું સર્વસ્વ મને સોંપવા તૈયાર છે તું...'

પછી એણે અનુપમાને સહેજ દૂર કરી. બે હાથે એનો ચહેરો પકડ્યો:

'પણ જો અનુ, હું આ વાત સ્વીકારી નથી શકતો. જિંદગીભર તને કશું જ આપ્યા વિના તારી પાસેથી લીધા કરવાનું મને નહીં પોસાય.'

'પણ અલય...'

'હું તારી લાગણી સમજુ છું ને તારી માગણી પણ. કોઈ સતો થવાનો પ્રયત્ન નથી કરતો. તારી જગ્યાએ કોઈ બીજી છોકરી હોત તો કદાચ...'

એણે બે હથેળી પોતાના ચહેરા પર ઘસી અને માથું જોરથી ધુણાવીને વિચારો ખંખેર્યાં. પછી હળવેથી અનુપમાનો ખભો પકડીને એને સોફામાં બેસાડી. પોતે એની સામે નીચે જ બેસી ગયો. કોણી વાળીને એના પગ પર ગોઠવી...

'અનુ, સ્વીકાર માત્ર શરીરથી નથી હોતો. આપણે બન્ને માત્ર શરીરથી જ જોડાઈ શકીએ એવું નથીને? આ ફિલમ... આપણા બન્નેના સાયુજ્યનું ઉત્કૃષ્ટ પ્રમાણ છે. એક સ્ત્રી-પુરુષ મળીને જેમ બાળકને જન્મ આપે એમ આ ફિલમ જન્મી રહી છે આપણા સાયુજ્યમાં...'

અનુપમાની આંખો છલકાઈ ઊઠી:

'અલય, આ બધી કહેવાની વાતો છે. એક સ્ત્રીને એક પુરુષ પાસેથી, એના મનગમતા આરાધ્ય પુરુષ પાસેથી સ્વીકાર જોઈતો હોય છે. સંપૂર્ણ સ્વીકાર એના મનનો, એના તનનો, એના આત્મા સહિતનો આખા અસ્તિત્વનો સ્વીકાર... એક વાર અલય, એક વાર તું મને...'

અનુપમાએ આંખો લૂછીને ચહેરો ફેરવી લીધો. પછી દીવાલ તરફ જોઈને જ કહ્યું: 'તને હું બેશરમ કે નફ્ફટ લાગીશ કદાચ, પણ કેટલાય લોકોની લાલચુ નજરોથી લીંપાયેલું, વીંધાયેલું અને કલુષિત થયેલું આ શરીર તારા પુરુષત્વની ગંગામાં ઝબોળીને મારે પાવન થવું છે. હું જીવનભર ક્યારેય એવો આગ્રહ નહીં રાખું કે...'

અનુપમાના પગ પર મુકાયેલા અલયના હાથ એના ઘૂંટણ પર ભીંસાઈ ગયા. પકડ એટલી સખત હતી કે અનુપમાથી હળવી ચીસ નંખાઈ ગઈ:

'તું નહીં અનુ. પછી કદાચ હું આગ્રહ રાખીશ.'

'હું જાણું છું તને. તું એવો નથી.'

'અનુ, તું મને નથી જાણતી. તને એક વાર બાહુપાશમાં લીધા પછી, ચૂમ્યા પછી... હું તને ઈશ્વરના ભરોસે પણ ન છોડું એટલો પઝેસિવ છું અને જો હું તને એક સલામત અને સમ્માન સાથેનો સંબંધ ન આપી શકવાનો હોઉં તો મને એવો કોઈ અધિકાર નથી કે હું...'

'એટલે તું ક્યારેય મને...'

'અનુ, આજે ફિલમ શરૂ થયાનો પહેલો દિવસ છે. હું સમજીને જ આવ્યો છું આજે... આપણી વચ્ચે આજે જ આ વાત થઈ જાય તો તારે આગળ ઉપર કઈ રીતે વર્તવું એ તને સમજાય...'

'એટલે?'

'ગેરસમજ નહીં કરતી અનુ, પણ તને હજી અધિકાર છે આ ફિલમ છોડવાનો.'

અલય ઊભો થઈ ગયો અને વ્યગ્રતામાં આંટા મારવા માંડ્યો:

'જો કે તું નહીં હોય તો આ ફિલમ પણ અહીં જ અટકી જશે.'

એ અટક્યો. એણે સ્તબ્ધ બેઠેલી અનુપમા સામે જોયું:

'પણ એથી તારા નિર્ણયમાં કોઈ ફેર ન પડવો જોઈએ. હું તારી અપેક્ષા પ્રમાણે નહીં વર્તી શકું, અનુ. એ પછી તારે આ ફિલમ કરવી કે નહીં એનો નિર્ણય તારે કરવાનો છે.'

અનુ ઊભી થઈ. એ સ્થિર અને સ્તબ્ધ નજરે જોતી અલયની પાસે પહોંચી. એણે અલયનો ચહેરો બે હાથ વચ્ચે પકડ્યો. ખૂબ નજીક લાવી, પગના પોંચા પર ઊંચા થઈ એણે અલયનું કપાળ ચૂમી લીધું.

'શ્રેયાની ઈર્ષ્યા ન કરવાનું એક પણ કારણ તેં બાકી નથી રાખ્યું.'

એણે કહ્યું અને પછી અલયને એક નિર્દોષ, વહાલસોયું આલિંગન કર્યું:

'આ ફિલમ તો થશે જ અલય. જેમ અને જે રીતે થતી હતી એ જ રીતે.'

'થેન્ક્સ, અનુ.' પછી અનુપમાથી સહેજ છૂટા પડીને એણે અનુપમાની સામે જોયું:

'હું આજે એટલે જ આવ્યો કે આપણી વચ્ચે કેટલીક વાતોની સ્પષ્ટતા થઈ જાય. તને કોઈ ગેરસમજ ન થવી જોઈએ.'

'નથી. મને કોઈ ગેરસમજ નથી, અલય. ઊલટાની હું વધુ સ્પષ્ટતાથી સમજી ગઈ છું કે હું તને અને માત્ર તને જ ચાહું છું...'

અલય કંઈક બોલવા જતો હતો, પણ અનુપમા એ હાથ ઊંચો કરીને એને અટકાવ્યો:

'સામે પક્ષે એ પણ સમજી ગઈ છું કે તું મને ક્યારેય નહીં ચાહી શકે.'

'એવું નથી.' અલય સહેજ ઝંખવાયો.

એવું જ છે, અલય... અને છતાં તને એક વાત કહી દઉં, આ અનુપમા ઘોષ અલય મહેતા નામના માણસની છે. તું મને શરીરથી સ્વીકારે કે નહીં, મારું શરીર તારું છે. મારું મન માત્ર તારું છે અને આ આત્મા હવે પછી તારા સિવાય કોઈ સાથે જોડાઈ નહીં શકે.'

અલય ડઘાયેલો એની સામે જોતો રહ્યો. અનુપમા ટ્રૉલીમાં ગોઠવાયેલા ડ્રિન્ક્સના સામાન તરફ વળી.

'સોડા કે પાણી? આઈસ કેટલો?'

'અ...' અલય કંઈ બોલે તે પહેલાં ક્રિસ્ટલ ગ્લાસમાં એક પેગ મૉલ્ટ વ્હિસ્કિ રેડીને એમાં ત્રણ આઇસના ક્યુબ નાખીને અનુપમાએ અલયના હાથમાં ગ્લાસ પકડાવી દીધો.

એ પછી રાતના, કહો કે વહેલી સવારના, સાડા ત્રણ વાગ્યા સુધી અલય અને અનુપમા એકબીજા સાથે જાતજાતની વાતો કરતાં રહ્યાં.

સવારે અનુપમાએ સેલ્ફ ડ્રાઇવ કરીને અલયને શ્રીજી વિલાના ગેટ પર ઉતાર્યો ત્યારે ઘેર મૉલ્ટ વ્હિસ્કીની બૉટલમાં એક છેલ્લો પેગ જ બાકી રહ્યો હતો...

*

ઘસઘસાટ ઊંઘતા સૂર્યકાંતનો મોબાઇલ ક્યારનો રણકી રહ્યો હતો.

લક્ષ્મીએ ઘડિયાળમાં જોયું: ત્રણ ને ચાલીસ.

‘001, ઘેરથી?’ લક્ષ્મીએ ફોન ઉપાડ્યો:

‘હા, મધુકાંતભાઈ...’

‘લક્ષ્મી બેટા... રોહિતને... રોહિતને...’

‘શું થયું રોહિતને?’

લક્ષ્મી લગભગ ચીસ પાડી ઊઠી...

* * *

41

ઘસઘસાટ ઊંઘતા સૂર્યકાંતનો મોબાઇલ ક્યારનો રણકી રહ્યો હતો. લક્ષ્મીએ ઘડિયાળમાં જોયું: ત્રણ ને ચાલીસ. એણે મોબાઇલની સ્ક્રિન પર નજર નાખી:

001, ઘેરથી?

લક્ષ્મીએ ફટાક કરીને ફોન ઉપાડ્યો:

‘હા, મધુકાંતભાઈ...’

લક્ષ્મી બેટા... રોહિતને... રોહિતને...’

‘શું થયું રોહિતને? લક્ષ્મીએ લગભગ ચીસ પાડી.

સૂર્યકાંત ગભરાઈને બેઠા થઈ ગયા.

‘શું થયું, બેટા? કોનો ફોન છે?’

એમણે ઘડિયાળમાં જોયું અને ફોન લીધો. આંખો ચોળી ચશ્માં પહેર્યાં:

‘બોલો, મધુભાઈ.’

‘ભાઈ, બાબાને પોલીસ લઈ ગઈ છે.’

‘એ તો થવાનું જ હતું, મધુભાઈ.’

લક્ષ્મીને પિતાના અવાજની સ્વસ્થતાથી નવાઈ લાગી.

‘કેમ કરતાં થયું બધું?’

‘રોહિતબાબા મારા ઘેર આવ્યા હતા. પૈસા માગ્યા, હું તમારી રજા વિના કેમ આપું? એમણે બંદૂકના ધડાકા કર્યા... પછી તો ભાઈ, હુંય કંઈ કરી શકું એમ નહોતો.’

‘તો હવે?,

‘ખબર નથી ભાઈ, પણ મને લાગે છે, લાઇસન્સ વગરની બંદૂક, લૂંટનો કેસ અને નશો... બહુ કેસ બનશે બાબા સામે.’

‘ટૂંકમાં, હું પાછો આવી જાઉં?’

‘શું કહું, ભાઈ? ત્યાંની સ્થિતિ જાણતો નથી, પણ મને લાગે છે કે...’

‘મધુભાઈ, ખૂલીને વાત કરો.’

‘ભાઈ, ઑફિસનાં ઘણાં કામ એમ ને એમ પડ્યાં છે. એમાં આ રોહિતબાબાએ... મહિનો થવા આવ્યો ભાઈ,

પાછા તો આવવું જ પડશે.'

સૂર્યકાંત જાણે અન્યમનસ્ક થઈ ગયા. એ પછી મધુભાઈએ શું કહ્યું એ એમને સમજાયું જ નહીં અથવા સંભળાયું નહીં...

'ભલે. હું કાલે જ નીકળું છું.'

એમણે લક્ષ્મીના હાથમાં ફોન આપ્યો.

'મધુકાકા, રોહિતનું ધ્યાન રાખજો. અમે... અમે પહોંચીએ છીએ.'

લક્ષ્મીએ ફોન કાપ્યો અને ટેબલ પર પડેલા ફ્લાસ્કમાંથી પાણી લઈ પિતાના હાથમાં ગ્લાસ પકડાવ્યો. સૂર્યકાંત હાથમાં ગ્લાસ પકડી જાણે શૂન્યમાં તાકી રહ્યા હતા.

'બેટા, મને લાગે છે કે મારે તો જવું પડશે. મધુભાઈની વાત સાચી છે. પરમ દિવસે એક મહિનો થશે આપણે આવ્યે... તું ઇચ્છે તો...'

'ના ડેડી, હું તમારી સાથે જ આવીશ. આવી પરિસ્થિતિમાં હું તમને એકલા તો ન જ જવા દઉં.'

'પણ તું આવીને શું કરીશ ત્યાં? નીરવ અહીં છે... તારે ઘણા નિર્ણય કરવાના છે.'

'ડેડી, હું તમને ઓળખું છું. આ પરિસ્થિતિમાં ત્યાં તમે એકલા...'

'જેમ તું ઠીક સમજે.'

સૂર્યકાંત પાણી પીને આડા તો પડ્યા, પણ હવે બાપ-દીકરીની આંખમાંથી ઊંઘ ઊડી ગઈ હતી. બન્ને સવાર પડવાની રાહ જોવા લાગ્યાં.

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે...

વસુમાનો અવાજ બગીચામાં ગુંજવા લાગ્યો હતો. સૂર્યકાંત ફ્રેશ થઈને નીચે ઊતર્યા. લક્ષ્મીય જાગતી હતી, પણ એણે વસુમા અને સૂર્યકાંતને એકલાં છોડી દેવાનું યોગ્ય સમજ્યું અને પડી પડી નીરવ સાથે કઈ રીતે વાત કરવી એ વિચારવા લાગી.

*

અભય જાગી ગયો હતો. બાજુમાં ઘસઘસાટ ઊંઘતી વૈભવીની સામે જોઈ રહ્યો હતો. એના મનમાં હજાર વિચારો આવતા હતા.

શા માટે આ સંબંધ આવી રીતે વણસી ગયો? પ્રેમલગ્ન કરીને પરણેલાં અમે બન્ને લગ્નના બે દાયકામાં એકબીજાથી આટલાં દૂર કેવી રીતે થઈ ગયાં?

એણે વૈભવીના ચહેરા પર હાથ ફેરવ્યો. એ વૈભવીને ધિક્કારી નહોતો શકતો.

એના સ્વભાવ મુજબ વૈભવીના મનમાં શું થતું હશે એ વિચારીને એને દુઃખ થતું હતું.

આ દુનિયામાં કોઈ માણસ એકબીજાને ધિક્કારવા માટે તો લગ્ન નથી જ કરતાં.

અભય છત તરફ જોઈ રહ્યો હતો. એની નજર સામે બની ગયેલા પ્રસંગ એક પછી એક જાણે ફિલ્મની પટ્ટીની જેમ ચાલતા હતા. જિંદગી જીવતાં જીવતાં જિંદગીની ઝડપમાં પોતે એવો તો અટવાયો હતો કે આટલી શાંતિથી વિચારવાનો ક્યારેય સમય કાઢી જ નહોતો શક્યો એ.

કદાચ હું ત્યારેય વૈભવીને પ્રેમ નહોતો કરતો, પરંતુ વૈભવીના પિતાના ઉપકારો સામે ના કહેવાની હિંમત નહોતી મારી...

અભયનો મનોમન સંવાદ ચાલતો રહ્યો.

પણ એમાં વૈભવીનો શું વાંક?

એ તો આવી જ હતી પહેલેથી... પ્રિયા મળ્યા પછી અચાનક જ તને વૈભવી સામે વાંધા પડવા માંડ્યા? ખરું પૂછો તો માએ ગઈ કાલે કહેલી એ વાત સાચી છે. આ પરિસ્થિતિને અહીં સુધી લાવવા માટે હું જ જવાબદાર છું... વૈભવીને સજા કરવાનો શું અધિકાર છે મને?

અભય વધુ ને વધુ ગૂંચવાતો જતો હતો.

નીચે વસુમાનો અવાજ ગુંજતો હતો:

અરે, પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગેથી...
ન માગે દોડતું આવે...

અભયને જાણે પોતાના સવાલોનો જવાબ મળી ગયો.

વૈભવી મારી જવાબદારી છે. જિંદગીના બબ્બે દાયકા મારી સાથે જીવી છે એ. એ જેવી છે એવી જ રહેવાની છે. એને બદલવાનું કે ફરિયાદો કરવાનો પ્રયાસ કરવાને બદલે મારે પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવું રહ્યું...

એ ઊભો થયો અને વૉશબેસિન તરફ ગયો. તાજાં ઠંડા પાણીની છાલક ચહેરા પર વાગતાં એને જરા સારું લાગ્યું.

અભય જાણે એકદમ તાજો થઈ ગયો હતો. મન પર કેટલાય દિવસથી ઝળૂંબતો ભાર અચાનક જ ઊતરી ગયો. એણે ઊંઘતી વૈભવીના ચહેરા પર ફરી એક વાર હાથ ફેરવ્યો. એના ચહેરા પર આવી ગયેલા વાળ સરખા કર્યા.

ઘસઘસાટ ઊંઘમાં પણ વૈભવી જાણે અભયનો સ્પર્શ અનુભવી શકી હોય એ એના ચહેરા પર શાંતિના ભાવ આવી ગયા.

એ પડખું ફરીને સૂઈ ગઈ...

*

સૂર્યકાંત બગીચામાં પહોંચ્યા ત્યારે વસુમા તન્મય થઈને પારિજાતનાં છોડ પરથી ખરી પડેલાં ફૂલ વીણી રહ્યાં હતાં. એમના હાથમાં નાનકડી વાંસની છાબ હતી અને ગળામાંથી ગુંજતું હતું સુંદર મજાનું ભજન...

એમની આછા ગુલાબી રંગની લખનવી ભરતની સાડી અને બંધ ગળાના સફેદ બ્લાઉઝમાં એ પારિજાતનાં ફૂલ જેટલાં જ તાજાં અને સુગંધી દેખાતાં હતાં. વાળ ધોયા હતા કદાચ એટલે ભીના વાળ ખુલ્લા હતા... નિતંબથી નીચે પહોંચતા લગભગ બધા જ કાળા વાળમાં ક્યાંક ક્યાંક આછી સફેદી ઝળકી જતી હતી.

સૂર્યકાંતને જોઈને એમની આંખોમાં આશ્ચર્ય આવ્યું:

'કાંત! આટલા વહેલા?'

'થોડી વાત કરવી છે, વસુ.'

'બોલોને.'

વસુંધરાની સામે એ જોઈ રહ્યા. આજે આ ઉંમરે પણ આ સ્ત્રીના ચહેરા પર નમણાશ અને સ્ત્રીત્વ ઊભરાઈ પડતું હતું. આછા સુકાયેલા, આછા ભીના વાળમાં જાણે એ કોઈ ચિત્રમાં ચીતરેલી સુંદરી હોય એવાં દેખાતાં હતાં ચામડીની કુમાશ અને તાજા સ્નાનને કારણે ચમકી રહેલી ત્વચા એમની ઉંમરનાં દસ-બાર વર્ષ તો ખાઈ જ જતાં હતાં.

'કાંત, ક્યાં ખોવાઈ ગયા?'

'તારામાં.' સૂર્યકાંતે બહુ જ સાહજિકતાથી કહ્યું:

'તું હજીય એટલી જ અને એવી જ સુંદર છે, વસુ.'

'તમારે કંઈ વાત કરવાની હતી.'

વસુમાના અવાજમાં આ ઉંમરે પણ ભારોભાર સ્ત્રીત્વનો સંકોચ હતો.

'મારે તરત પાછા જવું પડે એમ છે.'

સૂર્યકાંત પથ્થરની બેઠક પર બેસી ગયા. વસુમા ફૂલો વીણવાનું છોડીને છાબ પથ્થરના ટેબલ પર મૂકીને એમની સામે ગોઠવાયાં.

'કેમ?' એમના અવાજમાં ચિંતા હતી:

'બધું કુશળ તો છે ને?'

'નથી. રોહિત જેલમાં છે.'

'ઓહ!'

આગળ શું બોલવું એ વસુમાને સૂઝ્યું નહીં કદાચ.

'વસુ, પિતા વગરનાં ચાર ચાર સંતાનને તે સુંદર રીતે ઉછેરીને સાબિત કરી દીધું કે એક મા એકલી પિતા

વિના પણ કુટુંબ ચલાવી શકે છે અને હું... એક દીકરાને પણ...'

સૂર્યકાંતના અવાજમાં ભારોભાર અફસોસ હતો:

'કરોડોની મિલકત છે. સ્મિતાની. કોને સોંપીશ? શું કરીશ એનું?'

'ઈશ્વરમાં શ્રદ્ધા રાખો.'

'વસુ, તું માને છે એટલી સરળ વાત નથી. અમેરિકામાં કાયદા સાવ જુદા અને કડક છે. વળી, બધું જ હોવા છતાં અશ્વેત લોકો માટે ત્યાં જરા જુદી જ વર્તણૂક થાય છે.'

'શું કરશો તમે, કાંત?'

'કોને ખબર! પહોંચું એટલે સમજાશે. લાખો ડૉલરનું આંધણ ને તોય બદનામી તો થવાની જ. અમેરિકાનો ગુજરાતી સમાજ બહુ નાનો છે, વસુ અહીંથી બે-ત્રણ દાયકા પહેલાં ગયેલા ગુજરાતીઓનાં માનસ ત્યાં જ ફ્રીઝ થઈ ગયાં છે... સંસ્કૃતિ સાચવવાના ઉધામામાં વધુ ને વધુ સંકુચિત થતો જાય છે ત્યાંનો સમાજ...'

'તો?'

સૂર્યકાંતની આ વાતનો સંદર્ભ વસુમાને સમજાયો નહીં.

'નથી પૂરા ભારતીય રહી શકતા કે નથી પૂરા અમેરિકન બની શકતા અમે. રોહિત પણ. એ બેની વચ્ચે અટવાઈ ગયો છે. એનો ને મારો સંબંધ ડૉલર માગવાનો અને ડૉલર આપવાનો જ રહ્યો છે... એ માને છે કે મેં એની મા સાથે લગ્ન કરીને એની સંપત્તિ પડાવી લીધી.'

સૂર્યકાંત આંખમાં છલકાઈ આવેલી ભીનાશ છુપાવવા બીજી બાજુ જોઈ ગયા.

'પણ કાંત, તમે એની સાથે વાત કરો, સમજાવો એને.'

'બહુ પ્રયાસ. કર્યો છે, પણ એ વારે વારે સ્મિતા સાથેનાં મારાં લગ્નની સમજૂતીને આગળ ધરે છે...'

'જુઓ કાંત, હું તો પૂરી વિગત જાણતી નથી.'

ઘડીક શ્વાસ લીધો એમણે. વાત કઈ રીતે કહેવી એ ન સમજાતું હોય એમ છાબમાં પડેલાં પારિજાતનાં ફૂલ સાથે એમની આંગળીઓ રમત કરતી રહી. પછી ઊંડો શ્વાસ લઈને ઝૂકેલી નજરે જ ઉમેર્યું:

'સ્મિતા સાથેનાં લગ્ન...' એક સમજૂતી હતાં. મને અમેરિકન પાસપૉર્ટ જોઈતો હતો ત્યાં વસી જવા માટે અને એ વખતે સ્મિતાના પેટમાં લક્ષ્મી હતી.'

'એટલે તમે...'

વસુમા હજીય આંખ ઊંચી નહોતાં કરી શકતાં, પરંતુ હાથમાં પકડેલા પારિજાતનાં ફૂલની મુઠ્ઠી વળાઈ ગઈ એમનાથી.

'હું આવ્યો એ જ દિવસે કહેવા માગતો હતો તને, પણ તેં કદાચ...'

સૂર્યકાંતે હળવેકથી મુઠ્ઠી છોડાવીને એમનો હાથ પોતાના હાથમાં પકડ્યો:

'સાંભળવાની જરૂરિયાત નહીં અનુભવી હોય...'

'સ્મિતાને એના ઘરડા પિતા સામે એના ઉદરમાં આકાર લઈ રહેલા બાળક માટે એક પિતા જોઈતો હતો ને મારે અમેરિકન પાસપોર્ટ.. લેવડ-દેવડથી આગળ કશું જ નહોતું શરૂઆતમાં.'

'ઓહ!'

વસુમાનો નિઃશ્વાસ હતો કે આ સાંભળીને એમને રાહત થઈ એ સૂર્યકાંત ન સમજી શક્યા.

'રોહિત અને એક મહિનાની લક્ષ્મીને મારા ખોળામાં નાખીને સ્મિતા ગઈ... એ જાણતી હતી કે એ નહીં બચે.'

'કાંત!' વસુમાની આંખો છલકાઈ આવી હતી:

'આટલું બધું એકલા જ સહેતા રહ્યા? ક્યારેક લખ્યું હોત... કહ્યું હોત મને તો?'

'કયા મોઢે?'

વસુમાનો હાથ પંપાળી રહ્યા હતા સૂર્યકાંત.

'પહેલાં યશોધરા અને પછી સ્મિતા...'

એમણે વસુમાના ચહેરા પર નજર નોંધી:

'હું તને ભૂલી નથી શક્યો વસુ, એક ક્ષણ માટે પણ નહીં. ક્યારેક મારો અપરાધભાવ મને રોકતો રહ્યો તો ક્યારેક મારો અહં. ક્યારેક જવાબદારીઓએ પગમાં બેડી નાખી તો ક્યારેક તારા જાકારાના ભયે હું અટકી ગયો...'

એમણે ખાસ્સી ક્ષણોના મૌન પછી હળવેકથી કહ્યું:

'હવે જતાં જતાં આટલી વાત થઈ ગઈ તો જાણે જે ભાર લઈને આવ્યો હતો એ મૂકીને હું જાઉં છું એનો સંતોષ છે.'

'કાંત, જે સ્થિતિ છે એમાં રોકાઈ જાવ એમ તો કેમ કહું?'

એમની છલછલાઈ આવેલી આંખો ચૂવા લાગી હતી:

'પણ આ ઘર તમારું છે. આ તમારો પરિવાર છે. જ્યારે મન થાય ત્યારે...'

'તારે કહેવું પડશે... હવે?'

સૂર્યકાંતની આંખોમાં પણ પાણી ઊભરાઈ આવ્યાં હતાં:

'કેવું છે નહીં, વસુ, હાથમાંથી સરકી ગયેલાં વર્ષોની કિંમત જ્યારે સમજાય ત્યારે દસ ગણી થઈ જાય છે... મેં જે ખોયું છે એ તો આ જન્મમાં ભરપાઈ નહીં થઈ શકે, પણ છતાંય હિંમત કરીને પૂછું છું, હું લઈ જાઉં તો

આવીશ મારી સાથે અમેરિકા?'

વસુમા જોઈ રહ્યાં સૂર્યકાંત સામે પછી નામાં ડોકું ધુણાવ્યું.

'આ જમીનમાં મારાં મૂળ બહુ ઊંડા ઊતરી ગયાં છે, કાંત. આ બગીચો, આ બંગલી, આ પથ્થરની બેઠક... સવારનો સાડા આઠનો નાસ્તાનો અફર નિયમ ને મારા ઠાકોરજી... આ બધાંને મૂકીને કેમ આવું?'

'ને હું? હું કંઈ નથી તારા માટે? તારા ઠાકોરજીએ જ આટલાં વર્ષે પાછાં મેળવ્યાં છે આપણને.'

આંખમાંથી સરકી પડેલાં આંસુ લૂછીને સૂર્યકાંતે વસુમાનો હાથ મજબૂતીથી પકડ્યો:

'સાથે જીવવાનું મન નથી થતું, વસુ? જિંદગીનાં છેલ્લાં વર્ષો એકબીજાના ટેકે, એકબીજાના સહારે જીવવાની ઝંખના નથી તને?'

'કાંત, સહારા બધા છૂટી ગયા છે ને ટેકા હવે નથી લેવા.'

વસુમાના અવાજમાં ફરી એ જ સ્વસ્થતા પાછી આવી ગઈ.

'વસુ, હું હજીય સમજી નથી શકતો કે આ તારું સ્વમાન છે કે અભિમાન... ક્યારેક ખૂબ માન થાય છે તારા માટે ને ક્યારેક એવો તો ક્રોધ આવે છે...'

'કાંત, સંબંધોનું સત્ય જ આ છે... આ અભિમાન કે સ્વમાન નથી, સ્વતંત્રતા છે મારી.'

'એટલે? હવે તું ફરી પરતંત્ર થવા નથી માગતી એમ તો નથી કહેતી ને?'

ખડખડાટ હસી પડ્યાં વસુમા.

એમની મોતીના દાણા જેવી શ્વેત દંતપંક્તિઓ જોઈ રહ્યા સૂર્યકાંત:

'હવે તારી લાગણીનો દુરુપયોગ નહીં કરું હું, એટલો તો વિશ્વાસ રાખ.'

'કાંત, કોઈ પણ તમારી મરજી વિના તમારો દુરુપયોગ કેવી રીતે કરી શકે? તમારા દુ:ખનું કારણ તમે પોતે છો. કોઈ પણ વ્યક્તિ તમને દુ:ખ આપે છે, કારણ કે તમે એની પાસે કંઈ લેવા જાવ છો. તમે જે માગો છો એના બદલામાં એ તમારી પાસે બીજું કંઈ માગે છે. આ લેવડ-દેવડમાં જ્યારે તમને છેતરાયાની, એક્સપ્લોઈટ થયાની લાગણી થાય છે ત્યારે તમારામાં ભય જન્મ છે અને ભય તો હવે મને કશાયનો નથી જોઈતો, કાંત...

'વસુ, જીવનભર આવી જ રહીશ?'

'જીવનભર? હવે જીવન કેટલું રહ્યું છે, કાંત? લગભગ તો જિવાઈ ચૂક્યું ને બદલાવ સામે કોઈ વિરોધ નથી મારો, પણ હવે મને મારી સ્વતંત્રતા ખૂબ વહાલી લાગવા માંડી છે. સ્વતંત્રતાની સાથે આવેલી આ એકલતા એકાંત બની ગઈ છે, કાંત!'

'વસુ, ફરી એક વાર પૂછું છું, તું નહીં જ આવે મારી સાથે? હું આટલે દૂર બધું છોડીને તારા માટે આવ્યો અને તું...'

સૂર્યકાંતનું ગળું ફરી એક વાર ભરાઈ આવ્યું.

'ના, કાંત, હવે શ્રીજી વિલા જ મારું સરનામું છે. હું અહીં જ, આ જ જમીન સાથે જોડાઈને જીવી જઈશ મારી બાકીની જિંદગી...

*

સવારના સાડા આઠે નાસ્તાના ટેબલ પર આજે ફરી એક વાર બધાં જ હાજર હતાં.

વૈભવીને જગાડીને એને પણ અભય નીચે લઈ આવ્યો હતો. ગઈ કાલના પોતાના વર્તનની શરમિંદગી અનુભવતી વૈભવીએ શરૂઆતમાં થોડા આનાકાની કરી. પછી અભયનું બદલાયેલું વર્તન જોઈને એણે પણ નીચે જવામાં જ પોતાની ભલાઈ માની હોય એમ વ્યવસ્થિત નાહી-ધોઈ અને સલવાર-કમીઝ પહેરીને આવીને ટેબલ પર બેઠી.

જાનકી અંદરથી ગરમ ગરમ દૂધીનાં થેપલાં લઈને આવી.

પાછળ લજ્જા ચાની મોટી કીટલી લઈને આવી. અલય તૈયાર થઈને જતો હતો. વસુમાએ એને રોક્યો:

'અલય, દસ મિનિટ બેસ.'

'પણ મા શૂટ...'

'થોડી વાત કરવી છે. દસ મિનિટ મોડો જજે.'

અલય એક પણ અક્ષર બોલ્યા વિના ખુરશીઓ ભરાઈ ગઈ હોવાના કારણે સ્ટૂલ ખેંચીને લજ્જાની બાજુમાં બેસી ગયો.

'બાપુ જાય છે.'

'ક્યારે?'

અજયની ચમચી હાથમાં જ અટકી ગઈ.

'જેટલી ઝડપથી ટિકિટ મળે.' સૂર્યકાંતે અજય સામે જોયું.

'પણ કેમ?'

'ત્યાં થોડી જરૂરિયાત ઊભી થઈ છે...'

સૂર્યકાંતને બદલે વસુમાએ જવાબ આપ્યો એટલે સૌને સમજાયું કે બન્ને વચ્ચે વાત થઈ ચૂકી છે.

'તો.. પછી?'

'પછી શું, બેટા? જેને ત્યાં આવવું હોય એને માટે ઘર ખુલ્લુ છે...'

'પણ બાપુ, તમે જશો તો...'

અજય લાગણીશીલ થઈ ગયો. એનો અવાજ ભરાઈ આવ્યો.

નાસ્તાના ટેબલ પર ઘણા વખતે ઘરના બધા જ સભ્ય સૂર્યકાંત સહિત હાજર હતા, પણ આજનું વાતાવરણ વજનદાર હતું. સૌના ડૂમા ગળામાં અટવાયેલા હતા. સૌ પોતપોતાની રીતે વાત કરવાનો પ્રયાસ તો કરી જ રહ્યા હતા, એક માત્ર અલય ચૂપ હતો.

'ચાચુ, તું કેમ ચૂપ છે?'

લજ્જાએ ટેબલની નીચેથી એને પગ માર્યો. લજ્જાની સામે એણે ડોળા કાઢ્યા.

'સવારે ચાર વાગે આવ્યો છે.' વસુમાની સામે જોઈને લજ્જાએ કહ્યું.

'અલય!'

'અ... બ... મા, પાર્ટી હતી.'

'આજકાલ પાર્ટી બહુ કરવા માંડ્યો છે.'

લજ્જાને વાતાવરણ હળવું કરી નાખવું હતું...

'જરા કન્ટ્રોલમાં રાખો દાદી, તમારા દીકરાને.'

'બસ લજ્જા, કાકા છે તારા.'

બધાંના આશ્ચર્ય વચ્ચે પહેલી વાર વૈભવીએ લજ્જાને ટોકી.

'બેટા, અલય...'

સૂર્યકાંતનો અવાજ સાંભળ્યો હોવા છતાં અલયે એમની સામે જોવાનું ટાળ્યું.

'તારી ફિલમમાં જે મદદની જરૂર પડે... અમેરિકા શૂટિંગ કરવું હોય કે બીજું કંઈ પણ... મને કહેજે.'

'થેન્ક્સ.' અલય ઊભો થઈ ગયો:

'હું નીકળું, મા?'

અને જવાબની રાહ જોયા વિના એ ઘરની બહાર નીકળી ગયો.

નાસ્તાના ટેબલ પર બેઠેલાં બધાંના ચહેરા સહેજ ઊતરી ગયા.

અલય ગયો એની થોડી મિનિટોમાં જ અંજલિ અને રાજેશ બૅગ સાથે શ્રીજી વિલાના દરવાજામાંથી દાખલ થયાં. અંજલિ આવીને વસુમાને વળગી:

'મા... હું રોકાવા આવી છું'

'ને ઝઘડ્યા વગર...'

પાછળ દાખલ થતાં રાજેશે કહ્યું. અલય જે રીતે ગયો એનો ઓથાર રાજેશના દાખલ થવાની સાથે જ જાણે વીખરાઈ ગયો.

*

આક્સા બીચ પર મઢ નજીક એક બંગલામાં શૂટિંગ ચાલતું હતું.

બંગલાની અંદર લાઇટ્સ અને બીજી બધી તૈયારી પરફેક્ટ હતી. કામ પણ ધાર્યા કરતાં ઝડપથી થઈ રહ્યું હતું. તેમ છતાં વાતે વાતે ચિડાઈ જતા, ઝૂંઝલાતા, અકળાતા અલયને જોઈને અનુપમાથી ન રહેવાયું. એ એની પાસે ગઈ. ખભે હાથ મૂકીને પૂછ્યું:

કંઈ પ્રોબ્લેમ છે?'

'કોઈ પ્રોબ્લેમ નથી. તારી લાઇન્સ થઈ ગઈ?'

અલયના ચહેરા પર સ્પષ્ટ દેખાતું હતું કે એ કોઈ વાત ટાળી રહ્યો હતો. અનુપમાએ ફરી એક વાર અલયનો હાથ પકડી લીધો:

'અલય, કહી દેવાથી મન હળવું થાય... શું થયું છે? શ્રેયા સાથે કંઈ...'

'કશુંય નથી થયું. ઊલટાની નિરાંત થઈ છે. સૂર્યકાંત મહેતા જાય છે આજે.'

'તારા ડૅડ?'

'સો કૉલ્ડ... હા, કહેવાતા પિતા!'

'અલય, તારી અંગત જિંદગીમાં બહુ બોલવાનો મને અધિકાર નથી, પણ એક વાત કહું? જો બની શકે તો એ જાય એ પહેલાં માફ કરી દેજે એમને.'

અનુપમાએ એના બન્ને ખભે બે હાથ મૂક્યા:

'બાકી, હું તને જે રીતે ઓળખું છું એ રીતે એમના ગયા પછી તું તરફડીશ.'

'તારું કામ કર, સમજી?'

અલયથી આમ બોલાઈ તો ગયું, પણ જાણે અનુપમા એના મનને વાંચી ગઈ હોય એવું લાગ્યું એને.

શું થાય છે આ મને? અલયે જાતને પૂછ્યું. જે માણસનું નામ સાંભળવા હું તૈયાર નહોતો એ માણસ સાથે બે-ચાર અઠવાડિયાં રહેવાથી હવે એના જવાની તકલીફ થાય છે મને?

અલયે જાતને જ હસી કાઢી: સ્ટુપિડ...

પરંતુ અનુપમા જોઈ શકતી હતી એની અકળામણ, એની તકલીફ.

ગઈ કાલનો અને આજનો અલય જાણે સાવ જુદા હતા. આજના અલયને કોઈ એક વાત એટલી તો ઊંડે કોતરાતી હતી કે એના તમામ વર્તનમાં એ વાત ઊભરાઈ ઊભરાઈને ચાડી ખાતી હતી, પરંતુ હવે એને કશું ન

કહેવામાં જ ભલાઈ છે એમ માનીને અનુપમા પોતાનું કામ કરતી રહી. લંચમાં એણે અલયને પૂછ્યું:

'ક્યારની ટિકિટ છે તારા ડેડની?'

'મને શું ખબર? મારે શું નિસબત?'

અલયે જવાબ તો આપી દીધો, પરંતુ એનાથી ઘેર ફોન કર્યા વિના ન રહેવાયું.

'મા...'

'રાતની ટિકિટ છે, બેટા.'

સવાલ પુછાય એ પહેલાં જ વસુમાએ જવાબ આપી દીધો.

'મેં તો અમસ્તો, એમ જ ફોન કરેલો...'

અલયે બહુ પાંગળો, પણ બચાવ તો કર્યો જ.

'દીકરા, આ કૂખમાં આળોટીને મોટો થયો છે તું હું તને ન ઓળખું એવું ન બને. તું ભલે તારી જાતથીય છુપાવે, પણ તારી માથી નહીં છુપાવી શકે.'

'મા...શું થાય છે મને?'

હવે અલયનું ગળું ભરાઈ આવ્યું હતું.

'પિતા છે તારા. ગમે એટલા મતભેદ હોય... તું લોહી છે એમનું બેટા, તું ગયો ત્યારથી એ પણ ઉચાટમાં છે. રાતના ત્રણ વાગ્યાની ફ્લાઇટ છે. સાડા અગિયારની આજુબાજુ ઘેરથી નીકળશે. અવાય ને આવી જાય તો સારું.'

વસુમાનો અવાજ તો સંયત હતો, પણ એમાં લાગણીની હળવી ભીનાશ અનુભવી શક્યો અલય. કશું બોલ્યા વિના એણે ફોન મૂકી દીધો. પછી ખૂણામાં રાખેલી એક ખુરશીમાં જઈને સૂનમૂન બેસી ગયો. યુનિટના બીજા સભ્યો લંચ પછી ટોળટપ્પા કે આરામ કરતા હતા. અભિષેક એની વેનમાં હતો. અનુપમાએ જોયું અલય એકલો બેઠો હતો.

એ આવીને એની બાજુમાં ખુરશી નાખીને બેઠી. બન્નેના ચહેરા દરિયા તરફ હતા.

'અલય, તને એક વાત કહું?'

એણે અનુપમાની સામે પણ ન જોયું.

'આપણે જ્યારે કોઈને માફ નથી કરતા ત્યારે જાત પર જ વેર લઈએ છીએ.'

'હં...' અલયે માત્ર હોંકારો ભણ્યો.

'અલય, મને પણ બહુ વેર હતાં... બહુ અભાવ, બહુ ફરિયાદો હતી, પણ જે દિવસથી તને પ્રેમ કરવા લાગીને એ દિવસથી જાણે બધું જ ધોવાઈ ગયું.'

હવે અલયે એની સામે જોયું. એની આંખોમાં એક સચ્ચાઈ અને નરી નિર્દોષતા હતી.

'પ્રેમ માણસને બહુ સારો બનાવી દે છે... અને તારી તો આજુબાજુ પ્રેમ જ પ્રેમ છે. તારી મા, શ્રેયા અને...' સહેજ અચકાઈને ઉમેર્યું:

'હું પણ! જે માણસને આટલો અઢળક પ્રેમ મળતો હોય એના મનમાં કોઈ પણ મલિનતા, કોઈ વેર ટકે જ કેવી રીતે, અલય?'

'એટલે તું એમ કહેવા માગે છે કે એ માણસનો કોઈ વાંક જ નહોતો?'

અલયને પોતાને પણ ખબર ન પડે એમ એનું ગળું ભરાઈ આવ્યું:

'આંગળી પકડીને ચાલતાં શીખવવાના બદલે અમને એકલાંઅટૂલાં છોડીને ભાગી ગયેલી એ... જ્યારે મારે એની સૌથી વધારે જરૂર હતી ત્યારે નહોતો એ... હવે મારે જરૂર નથી એની. હું એને ઓળખવા પણ તૈયાર નહોતો. એ આટલા દિવસ આવીને રહ્યો, કારણ કે મારી મા...'

આજે પહેલી વાર અલયની કથ્થઈ આંખો પલળી ગઈ હતી અનુપમા સામે.

'તારી ભીની આંખ જ દેખાડે છે કે તારે માફ કરવા છે એમને. ભેટી પડવું છે અને આટલાં વર્ષોથી જેને તેં તારો ઈગો બનાવીને સાચવી રાખ્યાં છે એ આંસુથી ધોઈ નાખવું છે તારા વેરને.'

'કોઈ ફિલમનો ડાયલોગ હોય તો સારો લાગે. આ જિંદગી છે અનુપમા, અને એનાં ગણિત આપણા હાથમાં નથી હોતાં. વર્ષો ઉમેરતાં જ જઈએ અને છેવટે સરવાળો શૂન્ય આવે ત્યારે સમજાય...' એણે માથું ઝટકાર્યું:

'બોલવું સહેલું છે. તું માફ કરી શકીશ તારા કહેવાતા બાપને અને તારી માને?'

અનુપમાએ ધૂંધવાયેલા અલયના ખભે હાથ મૂક્યો:

'મેં ફોન કર્યો હતો... આજે સવારે તારા ગયા પછી.'

અલયની આંખો ફાટી ગઈ:

'તેં... કોને ફોન કર્યો હતો?'

'મારા બાપને, કોલકાતા.'

અનુપમાની આંખો ભરાઈ આવી. એણે ખુરશી નજીક ખેંચીને અલયના બાવડે હાથ લપેટ્યો અને માથું એના ખભે મૂકી દીધું:

'એ ખૂબ રડ્યા. માફી માગી મારી... અને કહ્યું કે ઘેર આવ, બેટા એણે મને બેટા કહ્યું, અલય...'

'અનુ!'

'અલય, વાત સાચી છે તારી. જિંદગીનાં ગણિત આપણી સમજની બહાર જ હોય છે, પણ જિંદગીનાં ગણિતનાં સત્ય તડકા જેવાં હોય છે. આંધળાનેય ખબર પડે કે તડકો છે... મને પણ આ લાગણીનો કુણો

તડકો, સંબંધોની હૂંફ સમજાવા લાગી છે, અલય અને એને માટે મારે તારો આભાર માનવો જોઈએ.'

અનુપમાનાં આંસુ અલયનો ખભો ભીંજવી રહ્યાં હતાં અને દૂર શૂન્યમાં દરિયા અને આકાશને જોડતી ક્ષિતિજ તરફ જોતો અલય જાત સાથે ઝઝૂમવાનો વ્યર્થ પ્રયત્ન કરી રહ્યો હતો.

* * *

42

નવ વાગવા આવ્યા હતા.

ઘરના બધા સભ્યો જાણે એક નાનકડા ઉચાટમાં શ્વાસ લઈ રહ્યા હતા. મોટી મોટી બૅગ્સ પૅક થઈને ડ્રોઇંગ રૂમમાં મુકાઈ ગઈ હતી. નીરવ સાથે લક્ષ્મી બહાર ગઈ હતી. એ બહાર જમીને આવવાની હતી.

બાકીનાં સૌ જમીને હવે જાણે આવનારી પળની રાહ જોતાં છૂટાંછવાયાં વિખરાયેલાં આમથી તેમ પોતાની જાતને ગોઠવવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં. અભય ઉપર પોતાના ઓરડામાં કોઈ કારણ વગર લૅપટૉપ ખોલીને હિસાબ તપાસી રહ્યો હતો.

વૈભવી ગૅલરીમાં બેઠી હતી. બહાર દેખાતાં વાહનની અવરજવર સાથે એના મનમાં પણ છેલ્લા થોડાક સમયની ઘટનાઓ અને પોતાના વર્તન અંગે વિચારોની અવરજવર ચાલતી હતી. એ ચૂપચાપ બેઠી હતી, પણ એના મનમાં વિચારનું ઘમસાણ યુદ્ધ ચાલતું હતું. આજે લજ્જા અને આદિત્ય પણ ક્યાંય નહોતાં ગયાં.

'આજે દાદાજી જાય છે'ના માહોલે સૌના મનને થોડું ઘણું ભીનું કરી નાખ્યું હતું.

અંજલિ પપ્પા સૂર્યકાંતની સાથે બહાર પથ્થરની બેઠક પર બેસીને વાતો કરી રહી હતી. સૂર્યકાંત વારે વારે અંજલિના માથા પર હાથ ફેરવતા હતા. એના ચહેરાને, એના ગાલને સ્પર્શી લેતા હતા.

પોતાના ઓરડાનો બગીચા તરફ ખૂલતો આખો જ ફ્રેન્ચ ડોર કૉલેપ્સ કરીને વસુમાએ ઓરડો ઉઘાડી નાખ્યો હતો. એ બેઠાં હતાં તો પોતાના રૂમમાં પોતાની બેઠક પર, પણ એમનું મનેય વિચારોના વમળમાંથી બહાર નહોતું રહી શક્યુ.

અજય પોતાના રૂમમાં સૂતો સૂતો રેડિયો સાંભળતો હતો. જાનકી પેપર તપાસી રહી હતી, પરંતુ એનું સમગ્ર ધ્યાન સૂર્યકાંત જવાના હતા એ વાતમાંથી હટીને બીજે ક્યાંય જઈ શકે એમ નહોતું.

'છોડ, યાર.' એણે પેપર બંધ કર્યું અને પેનનું ઢાંકણું પણ.

'મારે નથી તપાસવા પેપર. મને એમ હતું કે પ્રોફેસરની નોકરી સૌથી મજાની ને સૌથી આરામદાયક નોકરી છે, પણ તને ખરેખર કહું અજય, હું બોર થઈ ગઈ છું આ નોકરી કરતાં કરતાં.'

'...તો છોડી દે.' અજયે ખૂબ કૅઝ્યુઅલી છતાં આદેશાત્મક અવાજે કહ્યું.

'છોડી જ દેત...'

જાનકીએ વાક્ય શરૂ તો કર્યું, પણ એને તરત જ સમજાયું કે આ વાક્ય શરૂ કરવું એ એની ભૂલ હતી એટલે એણે વાક્ય અધૂરું જ છોડી દીધું.

'ખરી વાત છે. હું નથી કમાતો એટલે તારે તો નોકરી કરવી જ પડે ને?'

જ્યારે જ્યારે જાનકીની નોકરીની વાત આવતી ત્યારે અજય અને જાનકી વચ્ચે આ વાત થતી અને અજય આટલી જ કડવાશ અને અણગમા સાથે આ વાત કરતો.

એ જાણતો હતો કે એની વકીલાત સારી નથી. ચાલતી અને સ્વમાની જાનકી કોઈ પણ સંજોગોમાં અભય કે વૈભવીના ઉપકાર હેઠળ નહીં જીવે. ખરેખર તો એ પણ ઇચ્છતો હતો કે જાનકી નોકરી છોડીને આરામથી ઘેર બેસે, પરંતુ એ માટે એણે કરેલા તમામ પ્રયત્ન વ્યર્થ ગયા હતા.

'જેનો ધણી કમાતો ન હોય એની બૈરીને બિચારીને નોકરી કર્યા વિના છૂટકો જ ના હોય ને...'

જાનકી ખુરશીને ધક્કો મારીને ઊભી થઈ. એણે વાત ફેરવવાનો પ્રયત્ન કર્યો. ખૂબ વહાલથી અજય પાસે આવી. એના ખભે હાથ મૂક્યો. એના ગાલ પર એક હળવું ચુંબન કર્યું અને કહ્યું:

'માર્ચમાં ખરેખર વિચારીશ. અત્યારે તો વર્ષ ચાલુ છે, વિચારીને પણ શું કરું?'

'માર્ચમાં આપણે અહીંયાં હશું કે નહી એની જ મને ખબર નથી.'

જાનકીએ ચોંકીને અજય સામે જોયું:

'શું?'

'મેં બાપુ સાથે વાત કરી લીધી છે. એ ત્યાં જઈને મારાં પેપર્સ કરશે.'

'તમે માને પૂછ્યું છે?'

'એમાં માને શું પૂછવાનું હોય? એ કંઈ ના થોડી પાડે? બાપુનો આવડો મોટો ધંધો છે, સંભાળનાર કોઈ નથી. એમને મારી જરૂર છે.'

અજય જાણે જાતને જ કહેતો હતો. પછી સહેજ અટકીને ઉમેર્યું:

'અહીંથી તો છૂટીશું'

'પણ માને કદાચ...'

'હવે કોને શું ગમે છે અને કોને શું નથી ગમતું એવું વિચારી વિચારીને મારાથી નહીં જિવાય.' એણે સહેજ શ્વાસ લીધો:

'મારી જિંદગી મારી પોતાની છે. મને જે ગમે તેમ જીવું. બહુ વખત સુધી બીજાઓને માટે જીવતો રહ્યો હું! હવે નહીં...'

જાનકી આશ્ચર્યથી જોઈ રહી અજય સામે. માણસ આટલો બદલાઈ શકે? આ એ અજય હતો, જેણે પોતાનાં સત્યોના મૂલ્યોને, નિષ્ઠાને જિંદગીના દરેક તબક્કો વધુ મહત્ત્વ આપ્યું હતું.

આ એ અજય હતો, જેને જાનકી પોતાના જીવથીય વધુ ચાહતી હતી અને ફક્ત એટલા માટે, કારણ કે અજયમાં સચ્ચાઈ હતી. ત્રણમાંથી જો કોઈ એક જણે વસુમા પાસેથી વધુમાં વધુ ગુણો ગ્રહણ કર્યા હોય તો એ અજય જ હતો એવું જાનકી એક પળ પહેલાં સુધી દૃઢપણે માનતી હતી.

'અજય, આ ઉંમરે અમેરિકા જઈને...'

'પ્રગતિની કોઈ ઉંમર નથી હોતી. મારે હૃદયના ભવિષ્યનો વિચાર કરવાનો છે. મેં બાપુને જરૂરી બધાં જ પેપર્સ આપી દીધાં છે. એ એમની કંપનીમાંથી મારા વિઝા ફાઈલ કરશે એટલે તરત જ થઈ જશે... મેં બેએક મહિનાની અંદર દેશ છોડી દેવાનું નક્કી કર્યું છે. હું થાક્યો છું આ લાઇનથી, આ નિષ્ફળતાઓથી અને નાની નાની વસ્તુઓ માટે કરવી પડતી સ્ટ્રગલથી...'

જાનકી અવાક થઈને અજયને બોલતો સાંભળી રહી હતી.

'મને હવે બેટર લાઇફ જોઈએ છે અને એ આ દેશમાં તો નહીં જ મળે.'

'ગઈ કાલ સુધી જે માએ લોહી સીંચીને તમને મોટા કર્યા, જિંદગીનો આટલો મહત્ત્વનો નિર્ણય કરતાં પહેલાં એ માને પૂછવાની પણ જરૂર ન લાગી તમને?'

'એણે પૂછ્યું હતું? બાપુને અહીં બોલાવતા પહેલાં?'

'અજય?' જાનકી જાણે ઘવાઈ ગઈ.

બૂમો પાડવાની જરૂર નથી. દરેક માણસને જિંદગીમાં આગળ વધવાનો, પ્રગતિ કરવાનો અધિકાર છે. બધાએ પોતાના ભવિષ્ય વિશે વિચારી લીધું. હું ક્યાં સુધી માના પાલવમાં બંધાઈને જીવ્યા કરીશ?'

'આ તમારી ભાષા નથી, અજય.'

જાનકીએ આંખો ઝીણી કરી અને અજયની નજીક ગઈ. બે હાથે એના ગાલ પકડ્યા:

'તમારી ફિતરત, તમારી પ્રકૃતિ નથી આ.'

'એકધારી નિષ્ફળતાનાં વર્ષો ભલભલાની ભાષા અને પ્રકૃતિ બદલી નાખે છે, જાનકી. હવે મારે પણ જીવવું છે... કંટાળ્યો છું હું આ મારા કપાળ પર ચોંટેલા નિષ્ફળતાના લેબલથી.'

એની આંખો જાણે દૂર શૂન્યમાં તાકતી હતી:

'મારે પણ અરમાનીનો સૂટ પહેરીને જે-ક્લાસમાં ફ્લાય કરીને આ ઘરના દરવાજે આવીને ઊભા રહેવું છે.'

'અજય, તમારાં સપનાં આટલાં નાનાં ક્યારથી થઈ ગયાં?'

'જાનકી!' અજયનો અવાજ બરછટ થઈ ગયો હતો:

'આ સપનાં નથી, સત્ય છે, હકીકત છે. કાલે સવારે સાચી પડી શકે એવી સાવ મામૂલી હકીકત.'

'મને કેમ આ સોદો લાગે છે? તમારાં મૂલ્યોનો, તમારા સિદ્ધાંતોનો, તમારી માન્યતાઓનો...'

'કારણ કે તું બેવકૂફ છે.'

આંખો ફાટી ગઈ જાનકીની. આટલાં વર્ષોમાં અજયે ક્યારેય આવી ભાષામાં વાત નહોતી કરી.

'શું બોલો છો એ તો સમજો છો ને, અજય? કે પછી તમારી ભાષા પર પણ ડૉલરે રંગ ચડાવી દીધો છે?'

'મને એ નથી સમજાતું કે તારા પોતાના પતિની પ્રગતિમાં તને કેમ રસ નથી? દુનિયાની કોઈ પણ સ્ત્રી પોતાના પતિને આગળ વધતો જોઈને ખુશ થાય, ગર્વ અનુભવે...'

જાનકીના હાથ હજીય અજયના ગાલ પર હતા, જે ખસેડી નાખ્યા અજયે:

'પણ કેટલીક સ્ત્રીઓ એવી હોય કે જેમને એનો પતિ મુઠ્ઠીમાં બંધ રહે ત્યાં સુધી જ વહાલો લાગે.'

'અજય!'

જાનકી વાક્યે વાક્યે વધુ ને વધુ ઉઝરડાતી જતી હતી. સંપત્તિ અને સમૃદ્ધિના આકર્ષણે એની પસંદગીને, એના આટલાં વર્ષના લગ્નજીવનને એક પળમાં જાણે ખોટા સાબિત કરી દીધા હતા. એ સમજી નહોતી શકતી કે આ પરિસ્થિતિમાં એણે કઈ રીતે વર્તવું જોઈએ.

'ભલભલાને જીવનભર તરસતા રહેવા છતાં જે તક ક્યારેય ન મળે એવી તક આવીને મારે દરવાજે ઊભી છે. રોહિત જેલમાં છે, લક્ષ્મી નીરવને પરણીને એની સાથે સૅટલ થવાની છે... બાપુ એકલા છે. એમને કોઈની જરૂર છે અને એ કોઈ એમનો પોતાનો દીકરો જ હોય ને?'

એણે જાનકી સામે જોયું. જાનકીને આ નજર સાવ અજાણી, જાણે બીજા જ કોઈ પુરુષની હોય એવી લાગી.

'તને ખબર છે, કેટલા બિલિયન ડૉલરનું ટર્નઓવર છે સ્મિતા ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીઝનું? પચાસે ગુણી નાખ... ગણિત ભૂલી જઈશ!'

'હું તો બધું જ ભૂલી જઈશ કદાચ, અજય. હું... હું સમજી નથી શકતી કે તમે આ...'

'નહીં સમજાય!' અજય રૂમની બહાર નીકળવા લાગ્યો:

'મને ખાતરી જ હતી કે નહીં સમજાય.'

એ સડસડાટ ઓરડાની બહાર નીકળી ગયો અને જાનકી હતપ્રભ જેવી ત્યાં જ ઊભી રહીને અજયને એવી રીતે જોઈ રહી જાણે એ ઓરડામાંથી નહીં, એની જિંદગીમાંથી નીકળી ગયો હોય.

*

'પણ કેમ?'

લક્ષ્મીનો હાથ પકડીને નીરવ બેઠો હતો. પામગ્રોવની કૉફી શૉપમાંથી ઊછળતો દરિયો દેખાતો હતો. આકાશ ઘેરાઈ આવ્યું હતું. સામે જૂહુનો દરિયો અંધારો થઈ ગયો હતો. પાણી-પૂરી અને ભેળ-પૂરીવાળાના સ્ટૉલ્સમાં લાઇટો ઝગમગી રહી હતી. આવતાં-જતાં વાહનોની હેડ લાઇટ્સ જાણે અંધારાને ચીરતી લિસોટા મૂકી મૂકીને જૂહુ રોડ પર વળી જતી હતી.

લક્ષ્મીનો હાથ પોતાના હાથમાં પકડીને ક્યારના બેઠેલા નીરવે એનો હાથ દબાવ્યો.

'પણ એવું કેમ?' એણે ફરી પૂછ્યું:

'ડૅડીને જવા દે, તું તો રોકાઈ જ શકે.'

'ના નીરવ, મારા ડેડી આવી પરિસ્થિતિમાં ત્યાં એકલા જઈને શું કરે?'

'તો તુંય શું કરવાની છે જઈને? તને અમેરિકાના કાયદા ખબર છે? કે યુએસ. પોલીસમાં ઓળખાણ છે તારી?'

'કશું જ નથી, પણ મારા પિતાને એની દીકરીની જરૂર છે અને એવા સમયે હું મારા પ્રેમને મહત્ત્વ આપીને અહીં રોકાઈ જાઉં તો મારો આત્મા મને ક્યારેય માફ ન કરે.'

'પણ લક્ષ્મી, આજે ને આજે નિર્ણય કરવો મારા માટે...'

'મેં ક્યાં કહ્યું કે તું નિર્ણય કર? હું સમજી જ શકું છું કે તારા સ્વભાવ સાથે થોડા કલાકોમાં આવી વાતનો નિર્ણય કરવો અશક્ય છે.'

'નિર્ણય તો હમણાં કરી લઉં, લક્ષ્મી, આ પળે, આ ક્ષણે હું તને એટલી બધી ચાહું છું કે તારા વિના હું જીવી નહીં શકું એમ કહેવું સાવ સરળ છે... પણ સાથે મને એ પણ ખબર છે કે હું મારી જિંદગી સાથે તો જુગાર રમી જ રહ્યો છું, પણ કોઈ બીજાની જિંદગી સાથે પણ જુગાર જ છે આ.'

'તારી નિખાલસતા ગમે છે મને, પણ નીરવ, આમ તો દરેક લગ્ન જુગાર નથી?'

'હા, રમનારાં બેય હારી જાય એવો જુગાર.'

નીરવના અવાજમાં કડવાશ ભળી ગઈ:

'વિષ્ણુપ્રસાદ ચોક્સી રોજ સાંજે એમની પત્ની રિયાને યાદ કરીને જીવ બાળે છે. પેલી ત્યાં એમની તબિયતની ચિંતા કરે છે અને છતાંય બન્ને એકબીજાનું નામ પડે કે તરત રિઍક્ટ કરે છે.'

સામે પડેલો બિયરનો ગ્લાસ ઊંચકીને નીરવે લગભગ અડધો ગ્લાસ બિયર એક જ ઘૂંટડામાં ગળા નીચે ઉતારી દીધો. પછી હોઠ પર જીભ ફેરવી:

'બેયની જિંદગીમાં અધૂરપ છે. ખાલીપો છે. બીજું કોઈ પાત્ર નથી અને છતાં...'

'નીરવ, લગ્નસંસ્થાની વિરુદ્ધમાં બોલવાનું કહેવામાં આવે તો તું અને અલયભાઈ કલાકો સુધી બોલી શકો એ ખબર છે મને, પણ સામે મારા ડેડી છે, રોહિતભાઈ છે અને અજયભાઈ પણ છે.'

'જો લક્ષ્મી, આ કોઈ વકતૃત્વ સ્પર્ધા નથી કે જેમાં તું લગ્નસંસ્થાના પક્ષમાં અને હું વિરુદ્ધમાં બોલતો હોઉં. આ તારી અને મારી જિંદગીનો સવાલ છે. આજે જે પ્રેમ તારી આંખોમાં ધૂંધવાતો જોઈ શકું છું એ જ આંખોમાં થોડાં વર્ષ પછી કદાચ મારા માટેની ફરિયાદ કે નફરત હોય તો હું જીવી નહીં શકું.'

'નીરવ, તારી વાત સમજી શકું છું ને સ્વીકારું પણ છું એટલે જ તને કોઈ બંધનમાં નાખ્યા વિના અહીંથી જવા માંગું છું.'

લક્ષ્મીની આંખો ભીની થઈ ગઈ. નીરવે એનો એક હાથ જે હાથે પકડી રાખ્યો હતો એ હાથ પર એણે બીજો હાથ મૂક્યો:

‘અહીં રહેત તો કદાચ પીગળી જવાની શક્યતાઓ વધારે હતી. તારો સ્પર્શ મને ઝણઝણાવી મૂકે છે. મારું અમેરિકન માનસ અને મારું સર્વસ્વ સોંપવા લલચાવે છે, નીરવ...’

એણે માંડ માંડ ડૂમો ખાળ્યો:

‘હું જાઉં એમાં આપણા બન્નેની ભલાઈ છે.’

‘તું જેમ ઠીક સમજે તેમ.’

નીરવ આઠ ફૂટની ગ્લાસ વિન્ડોમાંથી બહાર જોવા લાગ્યો. એને લાગ્યું કે એનું રડવું એની આંખોમાંથી નહીં, એની છાતી ફાડીને બહાર નીકળી જશે.

જિંદગીનાં આટલાં વર્ષો પછી એક છોકરી એવી મળી હતી, જેણે એના મનોમસ્તિષ્કનો કબજો લઈ લીધો હતો. એની સરળતા, એની સાદગી, એની સમજદારી, એનો સ્નેહ... બધું જ ભીંજવતું હતું નીરવને અને છતાં એને ભય લાગતો હતો કમિટમેન્ટનો. કોઈ પણ જગ્યાએ બંધાયા પછી છૂટી ન શકવાનો...

માતા-પિતાના લગ્નજીવનનાં વર્ષો એની સામે ભૂતાવળ થઈને નાચતાં હતાં. વસુમાની એકલતા, એમની આંખોમાં ડોકાતી ઉદાસી અને સૂર્યકાંતનું વર્તન એને રોકતાં હતાં. કોઈ પણ બંધનમાં પહેલાં એ જાતને સો વાર ચકાસવા માગતો હતો અને હવે એ ચકાસણીનો સમય અચાનક જ પૂરો થઈ ગયો.

લક્ષ્મી થોડા કલાકોમાં દેશ છોડી જવાની હતી. એ અમેરિકા જઈને લગ્ન કરી લેશે એવો ભય નહોતો નીરવને કે પોતાને બીજી કોઈ છોકરી ગમી જશે એવો ડર પણ નહોતો...

લક્ષ્મી સાથે જાણે એની જિંદગીનો એક મહત્ત્વનો હિસ્સો જઈ રહ્યો હતો, પણ એ હિસ્સાને જતો રોકવા વચન અને જવાબદારીનું જે બંધન બાંધવું પડે એ બાંધવાની એની માનસિક તૈયારી પણ નહોતી જ.

ભયાનક દ્વંદ્વ હતું આ.

નીરવ માટે નક્કી કરવું અશક્ય હતું.

અને એ જ વાત એણે ઈમાનદારી અને નિખાલસતા સાથે લક્ષ્મીને કહી દીધી હતી.

બન્ને જણ લગભગ અડધો કલાક સાવ મૌન, ચૂપચાપ બેસી રહ્યાં પછી લક્ષ્મીએ હળવેકથી પૂછ્યું: ‘જઈશું?’

નીરવને જાણે કોઈકે એનું હૃદય છાતીમાંથી બહાર કાઢીને નિચોવી નાખ્યું હોય એવી લાગણી થઈ.

*

શૂટિંગ પૅકઅપ થઈ ગયું હતું.

અનુપમાએ ઘડિયાળ જોઈ. હજી માત્ર નવ ને વીસ થઈ હતી. અલય ખુરશી નાખીને બંગલાની લૉનમાં બેસી રહ્યો હતો. અન્યમનસ્ક જેવા દૂર અંધારા સમુદ્રને ઊછળતો જોઈ રહેલા અલયને જોઈને જ અનુપમાને સમજાઈ ગયું કે એ ઘેર જવામાં બને એટલું મોડું કરવા માગે છે.

‘સર, પૅકઅપ તો થઈ ગયું છે.’

અનુપમાના ચહેરા પર એક તોફાની સ્મિત હતું.

‘હમ્.’

‘ઘેર નથી જવું?’

‘જાઉં છું.’

‘અગિયાર પાંત્રીસે પહોંચવું છે?’

અનુપમાના અવાજમાં છરીથીય વધારે તેજ ધાર હતી.

‘જો, અનુ...’

‘જોઈ રહી છું.’

યુનિટના ગણ્યાગાંઠ્યા લોકો હાજર હતા. હજી લાઇટો અને બીજી વસ્તુઓ બંગલામાં ગોઠવાઈ રહી હતી. શૂટ કાલે અહીં જ હતું એટલે સામાન લઈ નહોતો જવાનો, પણ સ્પૉટબોય્સ અને બીજા ભેગા થઈને પૅકઅપ કરી રહ્યા હતા.

અનુપમા બે બાજુ પગ નાખીને અલયના પગ પર ઘોડેસવારની જેમ બેસી ગઈ. એણે એના ગળામાં હાથ નાખ્યા અને માથા સાથે માથું ટકરાવ્યું:

‘માય ઈગોઈસ્ટિક બેબી!’

‘અનુપમા, બધા જુએ છે.’

‘તો?’ અનુપમાએ અલયની આંખમાં આંખ નાખી:

‘મને કોઈનો ડર નથી લાગતો.’

એણે અલયના વાળમાં હાથ ફેરવ્યો:

‘ડાર્લિંગ, કેમ ડરે છે તારી પોતાની લાગણીઓથી આટલો બધો? તારી જાત પ્રત્ય તો ઈમાનદાર થા. જા, જઈને કહી દે તારા બાપુને કે તેં આખી જિંદગી એમની રાહ જોઈ છે. ઝંખ્યા છે એમને... જિંદગીના પ્રત્યેક પગલે તને એમની ખોટ સાલી છે.’

અલયની પીડા વિશે બોલતાં પણ અનુપમાની આંખો ભરાઈ આવી હતી:

‘તારી તમામ ફરિયાદ, તારો આક્રોશ, તારો ગુસ્સો ઠાલવી દે એમની સામે, ભેટીને રડી નાખ, આવી તક કદાચ પાછી ન પણ આવે.’

‘મને સલાહ આપવાની જરૂર નથી.’

‘સલાહ નથી આપતી, લલચાવું છું... જિંદગીની એક એવી બાજુ જોવા માટે, જેના તરફ આંખ બંધ કરીને જીવ્યો છે તું. આંસુ બહુ અગત્યની વસ્તુ છે, અલય... એના વિના માણસ અધૂરો છે.’

'એક પુરુષ માટે આંસુ જેટલી નબળી બીજી કોઈ વસ્તુ નથી.'

'ઓહ!' અનુપમાનો અવાજ ઊંચો થઈ ગયો:

'રડવા માટે બહુ હિંમત જોઈએ! આંસુ એમ ને એમ નથી આવતાં. માણસનાં લોહીનાં સો ટીપાં બળે ત્યારે આંસુનું એક ટીપું બને છે.'

'સ્ત્રીઓનું હથિયાર છે આંસુ.'

અલયનો અવાજ ઘેરાવા માંડ્યો હતો. એ ડરી ગયો હતો:

આ છોકરી ક્યાંક મને રડાવી ન નાખે.

'હશે!' અનુપમાએ ખભા ઉલાળ્યા અને અલયના પગ પરથી ઊભી થઈ ગઈ. એ એટલાં ફોર્સથી ઊભી થઈ કે અલયની ખુરશી સહેજ પાછળ ધકેલાઈ ગઈ.

'હું એવી સ્ત્રીઓમાંની નથી. મને લાગે છે કે રડવું એ બહાદુર સ્ત્રીનું ઘરેણું અને મર્દનું મહામૂલું સમર્પણ હોય છે.'

અલયથી ઊંધી ફરીને એ ઊભી હતી. એ દરિયા તરફ જોઈને બોલી રહી હતી:

'રડતો પુરુષ મને આ દરિયા જેવો લાગે છે, જેને ખબર છે કે મર્યાદા છોડે તો પૃથ્વીને રસાતાળ કરી મૂકે ને સુકાવા માંડે તો મીઠું ધરતીઆખીને ખારી કરી નાખે...'

'અનુપમા, આ બધું કહેવા માટે સારું લાગે છે. મારી જિંદગીનાં આટલાં બધાં વર્ષ જે માણસે મારા અસ્તિત્વની નોંધ પણ નથી લીધી એની સામે જઈને હું રડું અને એ પણ એને ભેટીને?'

'હા!'

'તને શું લાગે છે, હું ભિખારી છું? બાપના પ્રેમની ભીખ માગીશ એની સામે આંસુની ઝોળી ફેલાવીને? ગઈ કાલ સુધી આ જ એનો પરિવાર હતો. આજે એનો દીકરો જેલમાં છે એટલે અમારું શું થશે એનો વિચાર કર્યા વિના ભાગી નીકળ્યો છે... એવા... એવા માણસની સામે જઈને રડું?'

'અલય, હું એમને બરાબર ઓળખતી નથી. બે જ વાર મળી છું અને બન્ને તારી જિંદગીના ખૂબ અગત્યના પ્રસંગ હતા. એક વાર એ શ્રીજી વિલામાં આવ્યો ત્યારે અને બીજી વાર તારી ફિલમના મુહૂર્ત પ્રસંગે!'

અનુપમાએ અલયની સામે જોયું. એ વિચારમાં પડ્યો હતો એટલે એણે ચાલુ રાખ્યું.

'પણ એમની આંખોમાં જોયું છે, અલય જો એ રોકાઈ શકતા હોત તો શ્રીજી વિલા છોડીને ક્યારેય ન જાત. તું આટલી સાદી વાત કેમ નથી સમજી શકતો એની નવાઈ લાગે છે મને.'

'તું એમની આટલી વકીલાત કેમ કરે છે એની મને પણ નવાઈ જ લાગે છે.'

'કારણ કે મેં એમની આંખોમાં ઇચ્છા અને ફરજ વચ્ચેનું ઘર્ષણ જોયું છે અને હું જાણું છું કે ઘર્ષણ કેટલું ભયાનક હોય છે, એના તણખા કેટલું દઝાડતા હોય છે...'

હવે અનુપમાની આંખો વરસવા લાગી હતી.

'સારું, રડીશ નહીં.' અલય ઊભો થયો:

'જાઉં છું, ઘેર જ જાઉં છું. બસ?'

એણે ખુરશી વાળી અને સાથે લઈને બંગલાના દરવાજા તરફ ચાલવા લાગ્યો. સ્પૉટબૉયના હાથમાં ખુરશી આપી અને અનુપમાને સાચવીને એની મેકઅપ વેનમાં ચડાવી. અનુપમા પગથિયા પર બન્ને તરફના સેન્ડલ પકડીને ઊભી રહી. એની આંખોમાં સવાલ હતો.

'કોઈ વચન નથી આપતો, પ્લીઝ.' અલયે મોઢું ફેરવી લીધું:

'મારાથી બનશે એટલી સારી રીતે આવજો કહીશ.'

પછી પોતાને જ સંભળાય એવી રીતે ઉમેર્યું:

આવે તો સારું, ન આવે તો વધારે સારું.

*

વસુમાએ પોતાના ઓરડાનો બગીચામાં પડતો કૉલેપ્સેબલ દરવાજો ખોલી નાખ્યો હતો. એમની ખુરશીમાં બેઠાં બેઠાં એમને સીધો બહાર બગીચો, પથ્થરની બેઠક અને એના ઉપર બેઠેલાં બાપ-દીકરી દેખાતાં હતાં. એમણે ઘડિયાળ જોઈ.

હજી સમય હતો... લક્ષ્મી આવવી જ જોઈએ.

અલય કદાચ ન પણ આવે એવી માનસિક તૈયારી હતી એમની. એમણે સામે જોયું તો સૂર્યકાંતની છાતીએ વળગીને અંજલિ રડતી હતી. સૂર્યકાંત એના માથે હાથ ફેરવતા હતા.

'બેટા, હવે શું કામ રડે છે? હવે તો હું ટેલિફોન કરવા જેટલો દૂર છું. તારી ડિલિવરી પર આવીશ ને?!'

'બાપુ, હું આજે સવારે તો રહેવા આવી, મને એમ કે તમારી સાથે...'

અંજલિ લગભગ હીબકે ચડી ગઈ હતી:

'મારા નસીબમાં જ નથી તમારી સાથે રહેવાનું.'

'એવું શું કામ વિચારે છે, બેટા? મારા દોહિત્રને લઈને ડિઝનીલૅન્ડની રાઈડ્સ માણવાનું સપનું છે મારું.'

અંજલિ ધ્રુસકે ધ્રુસકે રડી રહી હતી. સૂર્યકાંત ખૂબ શાંતિથી, હળવાશથી એને સમજાવી રહ્યા હતા.

પણ આ બધાંમાં એમનું મન પણ ઉચાટમાં તો હતું જ. અચાનક જવાનું નક્કી થયું એ પછી વસુમા સાથે આજે સવારે જે વાત થઈ તે થઈ...

પૅકિંગની ધમાલ, ટિકિટની માથાઝીંક અને છોકરાઓ સાથેની વાતચીતમાં એમને વસુંધરા સાથે થોડીક પળો પણ નહોતી મળી, જેમાં એ શાંતિથી વાત કરી શકે.

એમને પણ પોતાના ઓરડામાં બેસીને આવતી કાલનું શાક સમારી રહેલાં વસુમા દેખાતાં હતાં. અંજલિ જો સહેજ સ્વસ્થ થાય તો એ છેલ્લો કલાક વસુંધરાની સાથે ગાળવા ઇચ્છતા હતા.

વારે વારે વસુમાના ઓરડા તરફ વળતી એમની નજર ખૂબ અજંપ અને અસ્વસ્થ હતી.

આ વાતનો ખયાલ આવી ગયો હોય એમ અંજલિએ આંસુ લૂછ્યાં. ફરી એક વાર સૂર્યકાંતને ભેટી અને એવી રીતે ઊભી થઈ જાણે એમને એકલા છોડી દેવા માગતી હોય.

‘હું મોઢું ધોઈ લઉં. તમે માને મળી લો…’

અંજલિએ સાવ સ્પષ્ટ શબ્દોમાં સૂર્યકાંતના મનની વાત વાંચી લીધી.

સૂર્યકાંત ઊભા થઈને સીધા વસુમાના ઓરડા તરફ ગયા. બગીચામાં પડતા દરવાજાથી સીધા દાખલ થઈને એમણે પૂછ્યું:

‘આવું?’

‘આવો, કાંત.’

વસુમાએ છેલ્લો ભીંડો સમારીને છરી પરની ચીકાશ કપડાથી લૂછી નાખી. પછી બાજુમાં પડેલું સફેદ મલમલનું કોરું કપડું થાળી પર ઢાંક્યું અને ઉમેર્યું:

‘સ્લીપર ત્યાં જ કાઢી નાખજો. ભીની લૉનમાંથી કાદવ ઘરમાં આવશે.’

સૂર્યકાંત થોડા વધુ અસ્વસ્થ થઈ ગયા:

આ બાઈને કોઈ અસર જ નથી.

એમને વિચાર આવી ગયો: પચ્ચીસ વર્ષે મળ્યા પછી હું આજે પાછો જવાનો છું, પણ નથી એને ભીંડા પરનું કપડું ભુલાતું કે નથી બગીચામાંની લૉનનો કાદવ એના મગજમાંથી ખસતો.

‘વસુ, મારા જવાનું કોઈ દુ:ખ નથી તને?’ એમનાથી પૂછ્યા વિના ન રહેવાયું.

‘એવું થોડું બને, કાંત? મારા બગીચામાં ઊગેલું ફૂલ ખરી જાયને તોય મારો તો જીવ બળે છે.’

એમણે ખુરશીમાંથી ઊભાં થઈને થાળી ટેબલ પર મૂકી:

‘પણ ફૂલનું ખરવું તો નક્કી હોય છે કાંત, ઊગે ત્યારથી. તમે આવ્યા ત્યારે તમારું જવાનું નક્કી જ હતું… માત્ર ક્યારે એટલું જ નક્કી નહોતું, જે આજે થઈ ગયું.’

‘વસુ, આ એક મહિનો તારી સાથે જીવ્યાનો… હું ક્યારેય નહીં ભૂલું.’

સૂર્યકાંતને સમજાયું નહીં, આગળ શું કહેવું એટલે એમણે અમસ્તું જ બોલી નાખ્યું.

‘કાંત, શું કામ ભૂલવો જોઈએ? સુખની એક પણ પળ ભૂલવી જ શું કામ જોઈએ? એ તો સંઘરી રાખવા માટે… પુસ્તકની અંદર મૂકેલા ફૂલની જેમ સાચવી રાખવા માટે હોય છે.’

'વસુ, તારાથી છૂટા પડવાનું મન નથી થતું.'

સૂર્યકાંત જાણે લાગણીમાં વહી રહ્યા હતા. એમણે આજ સવારની વાતચીત પછી મનોમન નક્કી કર્યું હતું કે પોતે હવે વસુની આગળ લાગણીનું કોઈ પ્રદર્શન નહીં કરે.

જો એને મારા આમંત્રણની કિંમત નથી તો હું શું કામ વેવલો થઈને ઊભરાઈ જાઉં? એમણે સવારે જ ગાંઠ વાળી હતી અને છતાં અત્યારે એમનાથી બોલાઈ જ ગયું.

'આપણે છૂટાં ક્યાં પડીએ છીએ કાંત, માત્ર જુદા જુદા દેશમાં રહેવાનાં છીએ હવે, આજ પછી. મે તમને બોલાવ્યા, તમે આવ્યા એટલે ભેગાં તો થઈ જ ગયાં આપણે. હવે શરીરથી ક્યાંય પણ રહીએ કાંત, મનથી તો જોડાયેલાં... મારાં સુખ-દુઃખના પ્રસંગે હું તમને સંભારીશ ને તમારાં સુખ-દુખમાં તમને સંભારીશ હું.'

'એવું તો પહેલાંયે હતું, વસુ. મારા આવ્યાથી ફેર શું પડ્યો?'

સૂર્યકાંતના અવાજમાં સહેજ કડવાશ અનિચ્છાએ પણ ઘસી આવી.

'ફેર એ પડ્યો, કાંત કે મને મારા પત્નીત્વનું સુખ પાછું મળ્યું, મારાં સંતાનોના પિતાના નામ પર એક ચહેરો આવીને ગોઠવાઈ ગયો... અને તમે જોઈ શક્યા આટલાં વર્ષે પણ મારામાં રહેલી એ વસુંધરાને, જેને તમારા સુધી પહોંચાડવા મેં અથાગ પ્રયત્નો કર્યા હતા આજથી પચ્ચીસ વર્ષ પહેલાં... અને આ પચ્ચીસ વર્ષ દરમિયાન પણ...'

'વસુ, હવે જ્યારે જઈ જ રહ્યો છું ત્યારે ફરી મળીશું કે નહીં એની ખબર નથી મને.'

'કાંત!' વસુમાના અવાજમાં એક હળવો કંપ આવી ગયો.

'પણ એક વાત કહી દઉં તને, આ વખતના આ પચ્ચીસ દિવસ જે મેં તારી સાથે ગાળ્યા એ પચ્ચીસ દિવસોએ પચ્ચીસ વરસ તારાથી દૂર રહ્યાની તકલીફને, તડપનને બમણી કરી નાખી છે.'

વસુમાએ જવાબમાં માત્ર સ્મિત કર્યું.

'વસુ, તું અમેરિકા નહીં આવે તો મારે માટે બાકીનાં વર્ષો ભારતમાં ગાળવાં અસંભવ છે. એવા સમયે આપણે ક્યારેય સાથે નહીં જીવી શકીએ?'

સૂર્યકાંતની આંખોમાં જ નહીં, એમના આખા અસ્તિત્વમાં આ સવાલ પડઘાતો હતો. એ વસુમાની સામે જવાબની આશાએ જોઈ રહ્યા.

'કાંત, આપણે છૂટાં પડવાનું નક્કી કરીને છૂટાં નહોતાં પડ્યાં કે નથી ફરી મળવાનું આપણે નક્કી કર્યું... બધું નિશ્ચિત, નિર્ધારિત એના સમયે થતું રહ્યું. આગળ ઉપર પણ એમ જ થશે.'

'વસુ, મને સમજાતું નથી કે આ જવાબને તારી નિઃસ્પૃહતા ગણું કે...'

સૂર્યકાંતે થૂંક ગળે ઉતાર્યું. વસુમાની સામે જોઈ રહ્યા:

'તારે કંઈ જ કહેવાનું નથી?'

‘કાંત, શું સાંભળવું છે તમારે?’

વસુમાએ સ્થિર નજરે સૂર્યકાંત તરફ જોયું:

‘હું તમને યાદ કરીશ? હું તમને મિસ કરીશ? તમારા વિના હવે પળેપળ આ ઘરમાં મારા માટે જિંદગી બોજ બની જશે?’

વસુમાએ ઊંડો શ્વાસ લીધો:

‘આ સત્ય હતું, કાંત. આ એકએક શબ્દ સાચો હતો આજથી પચ્ચીસ વર્ષ પહેલાં, જે મારે તમને કહેવો હતો, પણ તમે સાંભળ્યો નહીં અને આજે તમે સાંભળવા માગો છો, પરંતુ હું કહી નથી શકતી.’

સૂર્યકાંતને લાગ્યું કે જાણે પોતે જે જમીન પર ઊભા છે એ જમીનનો ટુકડો આપોઆપ પાછળથી તરફ ખસી રહ્યો છે. વસુમા ત્યાં જ સ્થિર ઊભાં છે અને પોતે જમીનના એ ટુકડા પર ઊભેલા અસહાય બનીને પાછળની તરફ સરકતાં એમનાથી દૂર... વધુ દૂર... ઘણે દૂર જઈ રહ્યા છે.

* * *

43

એસ.વી. રોડ પરના ટ્રાફિકમાં અલય બરાબરનો સલવાયો હતો. ન આગળ જઈ શકાય ન પાછા વળી શકાય એવી સ્થિતિ!

એનું મગજ અકળામણથી ફાટ ફાટ થતું હતું. ઘડિયાળ દસ ને પચ્ચીસનો સમય બતાવતી હતી અને હજી તો એ મલાડ પણ ક્રોસ નહોતો કરી શક્યો. ટ્રાફિકની વચ્ચે ફસાયેલો અલય મનોમન જાતને ગાળો દઈ રહ્યો હતો.

એણે મોબાઇલ કાઢીને શ્રેયાનો નંબર લગાડ્યો.

'ક્યાં છે તું? બધા તારી રાહ જુએ છે.'

શ્રેયાએ દબાયેલા અવાજે એને ધમકાવવા માંડ્યો.

'ટ્રાફિકમાં ફસાયો છું.'

'ક્યાં છે?'

'હજી તો મલાડ છું.'

'ઓ, શીટ... તું નહીં પહોંચે, અલય.'

'તો શું કરું?,

અલયના અવાજમાં ચીડ અને અકળામણ બન્ને હતાં.

'એક કામ કર, સીધો ઍરપોર્ટ પહોંચ.'

'આઈ થિન્ક, ધૅટ'સ બેટર.'

અલયે રિક્ષાવાળાને કહ્યું:

'અભી જહાં સે ભી રાસ્તા મિલે, હાઈ-વે પે નિકાલ કે ઇન્ટરનૅશનલ ઍરપોર્ટ લે લો.'

'ફ્લાઇટ પકડના હૈ, સા'બ?'

'યે જોક મારને કા ટાઇમ હૈ?'

અલય ચિડાઈ ગયો. રિક્ષાવાળો એનો મૂડ સમજ્યો અને નાની નાની જગ્યાઓ માંથી રિક્ષા કાઢવાનો પ્રયાસ કરવા લાગ્યો. રિક્ષામાં ઊભડક મન સાથે ઊભડક બેઠેલો અલય સખત અકળાયેલો, વારે વારે ઘડિયાળ જોતો કોણ જાણે કેમ જાત સાથે લડી રહ્યો હતો:

તારે તો નહોતું જ પહોંચવું. હવે શા માટે અકળાય છે?

અને સામે એનું મન એને કહી રહ્યું હતું:

ખબર છે ને અનુપમાને શું કહ્યું તે? આ છેલ્લી તક છે. આજે જો સમયસર નહીં પહોંચે તો એ એવું ધારી જ લેશે કે તું એમને મળવા નથી માગતો.

ધારી લે તો ધારી લે, સારું જ છે. અલયના મને વળતી દલીલ કરી.

ના, મારે મળવું છે એમને. મારે કહેવું છે એમને કે મેં આખી જિંદગી એમને શોધ્યા છે, ઝંખ્યા છે એમને... આ જ પછી કદાચ ક્યારેય આ કહેવાની હિંમત નહીં આવે મારામાં. માંડ માંડ એકઠી કરેલી આ હિંમત હું જો સમયસર નહીં પહોંચું તો વેરાઈ જશે...

એણે ફરી ઘડિયાળ જોઈ.

*

લક્ષ્મી ગેસ્ટ રૂમમાં બેસીને નીરવ સાથે ફોન પર જોરજોરથી દલીલો કરી રહી હતી.

'આ તો ભાગવાની વાત છે, નીરવ...'

'એમ તો એમ, મારાથી તને જતી નહીં જોવાય. હું ઍરપોર્ટ નથી આવવાનો.'

'ને મારે તને જોવો હોય તો?'

'આંખ બંધ કરજે, હું તારી સામે જ હોઈશ.'

આમ કેમ કરે છે, નીરવ?' ઉગ્ર અવાજે દલીલો કરતી લક્ષ્મીની આંખો ભરાઈ આવી:

'બધાં હશે ત્યાં, એક તું જ...'

'હું જ નહીં હોઉં. હું નહીં આવી શકું લક્ષ્મી, પ્લીઝ... આગ્રહ નહીં કર મને અત્યારે જ એટલી બધી તકલીફ થાય છે તારા જવાના વિચારથી. તારી પીઠ... મને છોડીને જતાં તારાં પગલાં મને છેલ્લી ક્ષણોની એ છલકાતી આંખો મારાથી નહીં જોવાય.'

નીરવનો અવાજ પણ ભીંજાઈ ગયો.

'આટલું ચાહે છે મને?'

'તને નહીં સમજાય, કેટલું ચાહું છું.'

'તો શું નડે છે, નીરવ? શા માટે આવીને ડેડી સાથે વાત નથી કરતો? હજીય સમજાય છે...'

'શા માટે? કોને ખબર? એ મને નથી સમજાતું...'

'નીરવ, હું છેલ્લી ક્ષણ સુધી તારી રાહ જોઈશ... પ્લીઝ, મારે હજી એક વાર તને જોવો છે.'

'હું નહી આવું.' પછી તરત સુધાર્યું:

'મારાથી નહીં અવાય.'

'નીરવ...' લક્ષ્મીનું ડૂસકું છૂટી ગયું:

'આઈ... આઈ...'

'આઈ લવ યુ ટૂ લક્ષ્મી, તું ધારે છે અને માને છે એનાથી ઘણું વધારે ચાહું છું હું તને... જો જિંદગી આપણને ભેગાં કરશે અને સાથે જીવીશું તો તને સમજાશે મારી આ માનસિકતા...'

ક્ષણેક અટક્યો નીરવ અને પછી હતી એટલી હિંમત ભેગી કરીને કહી નાખ્યું:

'નહીં તો... નહીં તો મને કાયર, ચીટર માનીને. ભૂલી જજે...'

ફોન કપાઈ ચૂક્યો હતો. લક્ષ્મી થોડીક ક્ષણો એમ જ અન્યમનસ્ક બેસી રહી. પછી એને નીચે દીવાલ પર લગાડેલી મોટી ઘડિયાળમાં વાગતા અગિયારના ટકોરા સંભળાયા.

એ જાતને ધક્કો મારીને ઊભી થઈ. બાથરૂમમાં જઈને મોઢા પર પાણી છાંટ્યું, હેન્ડ લગેજ લીધું અને આ ઓરડાને છેલ્લી વાર જોઈને હળવેકથી બહાર નીકળી.

*

સૂર્યકાંતે દીવાલ પર લગાડેલી ઘડિયાળ સામે જોયું.

અગિયારના ટકોરા થઈ રહ્યા હતા.

'ધીમે ધીમે નીકળીએ? ટ્રાફિક હશે તો વાર લાગશે.' અભયે જાણે કમને કહ્યું.

'હું સામાન ગાડીમાં મૂકું છું.' શ્રેયાએ બૅગ ઉપાડવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો. અજય હસી પડ્યો.

'અલયે કહ્યું છે, અહીં નહીં પહોંચે તો ઍરપોર્ટ તો આવશે જ ટ્રાફિકમાં...' પછી બધાંના ચહેરા તરફ જોયું. એની વાત જાણે કોઈ માનતું નહોતું:

'ફસાયો છે બિચારો.'

'આજે જ?' વૈભવીથી બોલ્યા વિના ન રહેવાયું.

'ચાલો.'

અભયે પહેલી બૅગ ઉપાડી અને વસુમાની છાતીમાં જાણે કંઈક ચિરાઈ ગયું. એ જાણતાં હતાં કે અલય જિદ્દી છે. એને સૂર્યકાંતની વિરુદ્ધમાં ઘણી ફરિયાદો છે, પરંતુ એ સાવ છેક જ આવું કરશે એવું એમણે નહોતું ધાર્યું.

'કાંત!' એમણે નજીક જઈને સૂર્યકાંતનો હાથ પકડ્યો:

'અલય..'

'બાળક છે.' સૂર્યકાંતે સ્મિત કર્યું:

'સમજું છું.'

'છતાંય... હું એના વતી માફી માગું છું.' કહેતાં કહેતાં વસુમાનો અવાજ ધ્રૂજી ગયો.

'ડેડી...' લક્ષ્મી ઉપરથી નીચે ઊતરી રહી હતી:

'તમારાં ચશ્માં રહી ગયાં.'

'બીજું ઘણું રહી ગયું છે દીકરા, જે સાથે લઈ જવાય એવું પણ નથી.'

વસુમાની સામે જોઈને સૂર્યકાંતે કહ્યું અને ઘરમાં હવા જાણે થીજી ગઈ. વાતાવરણ ભીનું અને વજનદાર થઈ ગયું.

જાનકીના માથે, અજયના માથે સૂર્યકાંતે હાથ ફેરવ્યો. બન્ને એમને પગે લાગ્યાં

પછી અભય અને વૈભવી પણ...

'સુખી થાવ ને સુખી રહો.' વૈભવીના માથે એમણે હાથ ફેરવ્યો.

લજ્જા અને આદિત્ય દાદાજીને ભેટી પડ્યાં.

'જલદી જ બોલાવીશ તમને.' સૂર્યકાંત જાણે બંન્નેને છોડવા જ નહોતા માગતા:

'કંઈ પણ જોઈએ ત્યાંથી...'

સૂર્યકાંતથી અનાયાસ વસુમા તરફ જોવાઈ ગયું:

'તો દાદી, મમ્મી કે પપ્પા, કોઈને પૂછવાની જરૂર નથી. સીધું મને જ કહેજે.'

શ્રેયા પગે લાગવા ગઈ, પણ સૂર્યકાંતે એને છાતીસરસી ચાંપી દીધી:

'તારાં લગનમાં બોલાવજે...'

શ્રેયાની આંખોમાં સૂર્યકાંતને ભેટીને આંસુ આવી ગયાં.

'ને મારા માથાફરેલ, છટકેલ દીકરાનું ધ્યાન રાખજે.'

સૂર્યકાંતનો અવાજ પણ હવે ભીનો થવા લાગ્યો હતો.

'મા...' વસુમાને ભેટીને લક્ષ્મી ધ્રુસકે ધ્રુસકે રડી રહી હતી:

'આવા ટાઇમે મને તમારી જરૂર છે. મારો ભાઈ જેલમાં છે... અને તમે...'

'બેટા, ત્યાં આવીને પણ હું શું કરી શકત?'

'મા, દીકરી જ્યારે તકલીફમાં હોય ત્યારે માની હાજરી જ પૂરતી છે. તમે ત્યાં હો એ વાતથી જ મને ખૂબ હિંમત રહેત...'

'બેટા, હિંમત કોઈ વ્યક્તિના હોવાથી નથી હોતી. હિંમત આપણી પોતાની હોય છે અને તું દીકરી નહીં, દીકરો

છે તારા પિતાનો. તારે તો એમને હિંમત આપવાની છે…'

'મા… હું તમને બહુ મિસ કરીશ. તમારાં સવારનાં ભજન, તમારા હાથની રસોઈ, તમે જે રીતે મારા માથામાં તેલ નાખતાં એ અને તમારી સાથેનાં મોર્નિંગ વૉક…'

'દીકરા, તુંય મને પળે પળે યાદ આવીશ.'

ધ્રુસકે ચઢેલી લક્ષ્મીના બાકીના શબ્દો એના ડૂસકામાં હડસેલાતા ગયા.

અંજલિ નીચે વળવા જતી હતી, પણ સૂર્યકાંતે એને ખભેથી પકડી રાખી:

'ના, બેટા…'

સૂર્યકાંતને વળગીને એ નાના બાળકની જેમ રડી પડી:

'બાપુ…'

ક્યારનો રોકી રાખેલો સૂર્યકાંતનો ડૂમો પણ છૂટી ગયો. અંજલિ જાણે આજે જ પરણીને વિદાય થતી હોય એમ સૂર્યકાંત પણ નાના બાળકની જેમ ડૂસકું છુટ્ટું મૂકીને રડ્યા:

'રાજેશ, મારી દીકરીને જીવની જેમ સાચવજો. ફૂલની જેમ ઉછેરી તો નથી શક્યો, પણ છે ફૂલ કરતાંય કોમળ… એને માટે જ્યારે, જે કંઈ જરૂર પડે તે…'

સૂર્યકાંત આગળ બોલી ન શક્યા. રાજેશે એમનો હાથ પકડ્યો અને દબાવ્યો.

'તમને સૌને એક વાત કહેવી છે જતાં જતાં…'

સૂર્યકાંતે સૌના ચહેરા પર એક સરસરી નજર ફેરવી:

'અલય પણ હોત તો સારું થાત…'

એમણે ઊંડો શ્વાસ લીધો: 'ખેર…'

સૌના ચહેરા જાણે એમની વાત સાંભળવા ઉત્સુક હતા.

'જિંદગીનાં વીતી ગયેલાં પચ્ચીસ વર્ષ હું તમને પાછાં નહીં આપી શકું, પણ આ પચ્ચીસ દિવસ દરમિયાન તમે સૌએ મને જે રીતે આવકાર્યો, જે રીતે સ્વીકાર્યો, જે માન-સન્માન અને વહાલથી રાખ્યો એ બધા માટે હું તમારો આભારી છું.' એમણે હાથ જોડ્યા:

'ગુનેગાર છું તમારો અને આ જીવન પૂરતો તો રહીશ જ. માફી નથી માગતો તમારી, માફ કરવાને લાયક પણ નથી હું, પણ તમે બધાં મારાં સંતાન છો, મારું લોહી… મારા વારસદારો…'

એમણે વસુમા સામે નજર નોંધી:

'મારી સંપત્તિમાં તમારા સૌનો ભાગ છે અને હવે જઈને જે વીલ કરીશ હું એમાં તમારાં બધાંનાં નામ…'

બાકીનું વાક્ય એ ગળી ગયા. વસુમાના ચહેરા પર જે ફેરફાર થયા એ જોયા પછી આગળ બોલવાની એમનામાં હિંમત નહોતી, કદાચ!

'અરે પપ્પાજી, એ તે કંઈ કહેવાની વાત છે? એટલું તો અમે સમજીએ જ ને?

વૈભવી તરફ અભયે જે રીતે જોયું એ પછી એ પણ આગળ કશું ન બોલી.

અજયે ગાડીની ડિકીમાં સામાન ગોઠવવા માંડ્યો. સૂર્યકાંત ત્યાં જ ઊભા હતા. આસપાસ કોઈ નથી એવું ચેક કરીને અજયે ખૂબ હળવેથી કહ્યું:

'બને એટલી ઉતાવળ કરજો.'

સૂર્યકાંતે એના ખભે હાથ મૂક્યો:

'રોહિતનું પતે કે તરત હું તારું જ કામ હાથમાં લઈશ.'

'હું અહીંથી જતો રહેવા માંગું છું ક્યાંક પણ...' એણે ગળા પાસે હાથ મૂક્યો:

'અહીં સુધી, અહીં સુધી ધરાઈ ગયો છું હું.'

સૂર્યકાંતે એનો ખભો થપથપાવ્યો:

'સમજું છું, બેટા.'

ઓટલા પર ઊભેલી જાનકી આ દૃશ્ય જોઈ રહી હતી. રોડ પરની સ્ટ્રીટ લાઇટમાં અજય શું બોલ્યો એ એને ભલે ન સંભળાયું હોય, પણ એના ચહેરાના હાવભાવ, એનો ગળે મુકાયેલો હાથ જાનકીને દેખાઈ ગયો હતો.

એણે એ જ પળે નક્કી કર્યું કે આવતી કાલે સવારે જ વસુમાને એ અજયનો નિર્ણય જણાવી દેશે.

પોતાની ગાડીની ચાવી લઈને વૈભવી સડસડાટ નીચે ઊતરી:

'હું ગાડી લઈ આવું.'

'જરૂર નથી.'

અભયના અવાજમાં એક ગજબ ઠંડક હતી.

વૈભવીની આંખો ચકરાઈ ગઈ:

'કેમ?'

'શ્રેયા છે, હું છું. બે ગાડી તો બહુ થઈ ગઈ.'

અભયે વૈભવીની સામે જોયા વિના બૅગ લઈને બહાર જવા માંડ્યું.

'પણ...'

વૈભવીને સમજાયું કે આ સીધું જ પોતાને નહીં લઈ જવાનું બહાનું હતું. આમ પણ ઘરમાં વૈભવીની ગાડી વાપરવાનું બધાં જ ટાળતાં.

વૈભવી જાણતી હતી કે અજય અને અલય બન્ને ગાડી ચલાવી શકતા અને છતાં ઘરમાં વૈભવીની ગાડી પડી હોય તોય એ રિક્ષા કે ટૅક્સીમાં જવાનું પસંદ કરતા. એ વખતે વૈભવીને એમાં પોતાની જીત લાગતી.

પોતાની પાસે ગાડી માગવાની કોઈની હિંમત નથી એવું માનીને આજ સુધી પોરસાતી વૈભવી અભયના વર્તનથી આજે જાણે બે ટુકડામાં કપાઈ ગઈ હોયે એમ ઝાંખી પડી ગઈ.

'મારે આવવું છે... ઍરપોર્ટ.'

'તારી તબિયત સારી નથી વૈભવી, અને ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર તો અમસ્તુંય કોઈ અંદર નથી જવાનું. ગાડીમાંથી ઉતારીને બધાં જ પાછાં વળશે.'

'પણ મારે તમારી સાથે આવવું છે.'

'હું પણ તરત જ પાછો આવીશ. ખોટો ધક્કો શું કામ ખાય છે?'

વસુમા પોતાના ઓરડામાંથી બહાર આવ્યાં ત્યારે બન્ને વચ્ચે દલીલ ચાલુ હતી. વસુમાએ અનિચ્છાએ કહ્યું:

'એ ખરું કહે છે, ગાડીમાં ભીડ કરવાનું કોઈ કારણ નથી.'

વૈભવીનો મૂળ સ્વભાવ ઊછળી આવ્યો. એનાથી બોલ્યા વિના ન રહેવાયું:

'હું જઈશ તો ભીડ થશે.'

પછી અભયની સામે જોઈને લગભગ દાંત કચકચાવતાં ઉમેર્યું:

'પેલીને લઈ જવાના હશો ને?'

અભયે વસુમા સામે એક વાર જોયું અને પછી સડસડાટ ઘરની બહાર નીકળી ગયો. વૈભવી ત્યાં જ સોફા પર બેસી રડવા લાગી. આજે સવારે જે રીતે વર્તી હતી વૈભવી એનાથી વસુમાને લાગ્યું હતું કે હવે કદાચ પરિસ્થિતિ બદલાય, પરંતુ અત્યારનો એનો રંગ જોતાં વસુમાએ મનોમન એક નાનકડી ચોકડી મારી દીધી અને બહાર નીકળીને ઓટલા પરથી નીચે ઊતર્યાં.

સામેથી સડસડાટ આવતી શ્રેયાએ વસુમાને કહ્યું:

'ચલો મા, જલદી કરો.'

'હું...' વસુમાએ સહેજ શ્વાસ લીધો.

'હું નથી આવવાની.'

'મા?'

શ્રેયાને લાગ્યું, એણે સાંભળવામાં કંઈ ભૂલ કરી હતી.

‘હું ઍરપોર્ટ નથી આવવાની.’

‘પણ મા, પપ્પાજીને કેવું લાગશે?’

વસુમાએ સ્મિત કરીને શ્રેયાના ગાલ પર હાથ મૂક્યો:

‘બેટા, આવજો અહીં પણ કહેવાનું છે અને આવજો ત્યાંથી પણ કહેવાનું છે. સામાન ખૂબ છે, કારણ વગર ગાડીમાં... તું, અજય, જાનકી, અભય.. અને પાછાં આવતાં કદાચ અલય પણ.’

‘પણ મા, પપ્પાજી...’

‘એ જાણે છે મને, ઓળખે છે અને હવે તો સમજે પણ છે...’

‘ગાડી સુધી તો...’

વસુમા કશું જ બોલ્યા વિના શ્રેયા સાથે ચાલવા લાગ્યાં. બન્ને ગાડી સુધી આવ્યાં.

શ્રેયા આગળ જઈને ડ્રાઇવિંગ સીટ પર બેસી ગઈ. અજય પણ ડિકી બંધ કરીને અભયની બાજુમાં બેસી ગયો. જાનકી શ્રેયાની બાજુમાં ગોઠવાઈ. લક્ષ્મી પણ એ જ ગાડીમાં બેસી ગઈ.

‘વસુ’

શ્રેયાની ગાડીની પાછળ ઊભેલા સૂર્યકાંતે વસુમાની આંખોમાં જોયું:

‘ઍરપોર્ટ તો નહીં આવે તું...’ ઊંડો નિઃશ્વાસ નાખીને ઉમેર્યું:

‘જાણું છું.’

‘કાંત, તમને ફરક પડતો હોય તો...’

‘ના, ના... એટલા માટે નથી કહેતો. જતી વખતે તારો ચહેરો હમણાં જ નજરમાં ભરી લેવો કે હજી ઍરપોર્ટ સુધી જોઈ શકીશ તને એટલું જ સમજવા માગતો હતો.’

‘કાંત, અલય આવશે કદાચ.’

‘ન પણ આવે તો મને માઠું નહીં લાગે. એને કહેજે કે મેં છેલ્લી ઘડી સુધી એની રાહ જોઈ.’

એમનું ગળું સહેજ ભરાઈ આવ્યું:

‘રોહિત અને અલય બન્ને..’

બન્ને જણ ખાસ્સી ક્ષણો એમ જ ચૂપચાપ ઊભાં રહ્યાં. એકબીજાની આંખોમાં જોતાં, અશબ્દ...

પછી સૂર્યકાંતને અચાનક શું થયું કોને ખબર, એમણે વસુમાને ખેંચીને પોતાની પાસે લીધાં અને એકદમ જ એમને ભેટી પડ્યા. થોડીક ક્ષણો સ્તબ્ધ થઈ ગયેલાં વસુમા શું કરવું એ સમજી ન શક્યાં. પછી હળવેથી એમણે પણ સૂર્યકાંતની પીઠ પર હાથ મૂકી દીધા. સૂર્યકાંતના હાથ વસુમાની પીઠ પર એમના વાળમાં, એમના ખભે

એવી રીતે ફરતા રહ્યા જાણે વસુમાના સ્પર્શની યુગોની તરસ છીપાવતા હોય.

વસુમાનો લાગણીભર્યો હાથ પણ હળવે હળવે મૃદુતાથી સૂર્યકાંતની પીઠ પસવારતો રહ્યો.

રીઅર વ્યૂ મિરરમાંથી આ દૃશ્ય જોઈ રહેલી શ્રેયાએ અને જાનકીએ પોતાની રીતે આંસુ લૂછી કાઢ્યાં. લક્ષ્મી તો રડી જ પડી.

અભય અને અજય બન્ને આ દૃશ્ય જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા.

ઓટલા પર ઊભેલી વૈભવીએ મોઢું મચકોડ્યું અને મનોમન કૉમેન્ટ કરી: આખી જિંદગી એકબીજાનું મોઢું ન જોયું અને હવે ઘેલાં કાઢે છે.

બન્ને જણ છૂટાં પડ્યાં ત્યારે સૂર્યકાંતની આંખો છલછલાઈ આવી હતી. વસુમા શાંત અને સંયત હતાં, પરંતુ એમની આંખોમાં પણ આછી ભીનાશ તરવરી ઊઠી હતી.

'વસુ, તું મને ચાહે કે નહીં ખબર નથી, પણ હું તને ખૂબ ચાહું છું. તું મને મિસ કરીશ કે નહીં, પણ હું તને ખૂબ મિસ કરીશ અને તું પણ મને કહે કે નહીં, પણ હું તને ફરી એક વાર કયું છું કે મારે બાકીની જિંદગી તારી સાથે જીવવી છે...' આટલું બોલીને સૂર્યકાંત આંસુ લૂછતાં અભયની ગાડીમાં પાછળ બેસી ગયા:

'ચલો.'

ગાડીઓ ઘરની સામેથી મુખ્ય રસ્તા તરફ ચાલી નીકળી.

વસુમા ગાડીઓ આંખથી ઓઝલ થઈ ત્યાં સુધી ત્યાં જ ઊભાં રહ્યાં અને પછી ધીમા પગલે પગથી પર થઈને શ્રીજી વિલાના ઓટલા પર આવ્યાં.

જાણે ખાલી ઘરમાં જતાં અચકાતાં હોય એમ એ ઘડીભર ત્યાં જ ઊભાં રહી ગયાં. એમની અંદરનું વજન કે ખાલીપો સમજ્યા વગર વૈભવીએ બોલી નાખ્યું:

'શું ફાયદો કર્યો? ગયાં હોત તો પપ્પાજીને સારું લાગત.'

'કોઈને સારું લગાડવા માટે કંઈ પણ કરવાની મનોવૃત્તિમાંથી હું બહાર નીકળી ગઈ છું, વૈભવી.'

વસુમાને ખરેખર જવાબ આપવાની ઇચ્છા નહોતી, પરંતુ એમને લાગ્યું કે આ વાતનો જવાબ નહીં આપવાથી વાત અહીં પતશે નહીં.

'હું કંઈ પણ કરું કે ન કરું તો એ એટલા માટે, કારણ કે એ મારી ઇચ્છા છે.'

'આવા લોકોએ જંગલમાં જઈને રહેવું જોઈએ. માણસોથી દૂર, એકલાઅટૂલા.'

'હું એમ જ રહું છું, બેટા! એને માટે જંગલમાં જવાની જરૂર નથી.'

વસુમાએ માર્દવથી વૈભવી સામે જોયું અને જાણે છેલ્લું વાક્ય બોલતાં હોય એમ ઉમેર્યું:

'જે છે એનું સુખ માણવું અને જે નથી એનો અફસોસ કર્યા વિના આગળ નીકળી જવું એ જ જીવવાનો સરળ

રસ્તો છે, દીકરા.'

'બરાબર છે. હવે તમારા દીકરાએ લફરું કર્યું એટલે તમને ફિલોસોફી જ સૂઝે ને?'

વૈભવીએ જે છે અને નથીનાં વાક્યોને સીધેસીધાં અભય અને પોતાની સાથે જોડ્યાં:

'તમારો ઉછેર, તમારા સંસ્કાર, તમારું શિક્ષણ, તમારો ન્યાય... ક્યાં ગયું બધું? ક્યાં ગઈ એ તમારી મોટી મોટી વાતો, જેમાં તમે દીકરી અને વહુને સમાન અધિકારો આપવાની વાત કરો છો? રાજેશભાઈએ આવું કર્યું હોત તો તમે આવું જ વર્તન કર્યું હોત?'

વૈભવીએ પોતાનો આક્રોશ ઠાલવ્યો.

'બેટા, તમને શ્રદ્ધા પડે કે નહીં, પણ મેં એ લોકોના અંગત સંબંધ અંગે આવું જ વલણ અખત્યાર કર્યું હોત. મારા માટે તમારી અને અંજલિ વચ્ચે ખરેખર કોઈ તફાવત નથી.'

વસુમાની આંખોમાં સચ્ચાઈની અને વહાલની ચમક હતી, પણ વૈભવી તો અભય જે રીતે ગયો એ પછી ખરી-ખોટી કરી નાખવાના જ મૂડમાં હતી.

'હું નથી માનતી. તમે મારી અને અંજલિ વચ્ચે ઘણા તફાવત રાખ્યા છે.'

'ઘણા તો નહીં, પણ હા, એક બાબતમાં મેં ભેદ રાખ્યો છે. તમે જે રીતે અભય સાથે વર્તો છો એ જ રીતે અંજલિ જો રાજેશ સાથે વર્તતી હોત તો મેં એ ન જ ચલાવ્યું હોત... તમે કોઈનાં દીકરી છો એટલે તમને કશું ન કહેવું ઉપરાંત તમારી પાસે આ રીતે વર્તવા માટે તર્ક અને કારણ હશે એમ માનીને મે તમને ક્યારેય કશું કહ્યું નથી. સમજાયું?'

'બરાબર છે, હરીફરીને દોષનો ટોપલો તો મારા જ માથે આવશે ને? હું તમારી જગ્યાએ હોત અને આદિત્યએ એવું કર્યું હોત તો જાહેરમાં એક તમાચો મારી દેત...'

વૈભવીની આંખો લાલ લાલ થઈ ગઈ હતી. એ રડી પડવાની તૈયારીમાં હતી.

વસુમાના ચહેરા પર સ્મિત આવી ગયું. વૈભવી વધુ ગુસ્સે થઈ ગઈ:

'બહુ આનંદ થતો હશે નહીં, તમને? મને હારેલી, તૂટેલી જોઈને. તમે તો અભયનો સાથ જ આપશો એવી ખાતરી છે મને. સ્ત્રી થઈને સ્ત્રીના સમ્માનની રક્ષાની વાતો કરશો, પણ પોતાના ઘરમાં જ ભેદભાવ રાખવાના. મારો દીકરો આવું કરત તો હું આદિત્યને ઘરમાંથી કાઢી મૂકતાં પણ અચકાત નહીં.'

'બેટા, ઘરમાંથી તો હું આ પળે કાઢી મૂકું... પણ એથી તો એને જે જોઈએ છે એ મળશે!'

વૈભવીની આંખો પહોળી થઈ ગઈ. આ રીતે તો એણે વિચાર્યું જ નહોતું. વસુમાએ એટલા જ શાંત અવાજે ઉમેર્યું:

'સવાલ તો એને ઘરમાં કઈ રીતે રાખવો... એ છે! ખરું કે નહીં?'

'મા!'

'વૈભવી, તમને નહીં ગમે છતાંય એક ફિલોસોફીની વાત કહી દઉં, કશું તોડી નાખવું, છોડી દેવું, કાઢી મૂકવું કે છૂટા પડી જવું બહુ સરળ હોય છે. એક જ વાર દુઃખ થાય અને સાથે સાથે આપણે સામેની વ્યક્તિને છોડી દીધાની, અહં પંપાળ્યાની લાગણી પણ પોષાય.'

વૈભવી સ્તબ્ધ થઈને જોઈ રહી એમની સામે.

'બેટા, અઘરું તો એ છે કે સામેની વ્યક્તિ દુનિયાના કોઈ પણ ભાગમાં રહે, તમારી નજર સામે રહે કે ન રહે, એને તમારી કરીને રાખવી. એને તમારા સિવાય બીજો કોઈ વિચાર ન આવે એવા સંબંધનું નિર્માણ કરવું. એ સુખ શોધે ત્યારે એને ફક્ત તમારો વિચાર આવે અને એ જ્યારે તકલીફમાં કે પીડામાં હોય ત્યારે પણ એને તમારા સિવાય બીજું કંઈ ન સૂઝે...'

એક ક્ષણ માટે એમણે વૈભવીની આંખોમાં આંખો પરોવી:

'વૈભવી, જિંદગી કરી દેખાડવું, બતાડી આપવું, હરાવી દેવું કે છોડી દેવા જેવી બાબતોથી ઘણી વધુ વિશાળ અને ઘણી વધુ અગત્યની છે...'

પછી વૈભવીના ખભે હાથ મૂકીને ખભો થપથપાવ્યો:

'વિચારજો.'

અને પછી એ સડસડાટ અંદર ચાલ્યાં ગયાં.

મુખ્ય દરવાજામાંથી અંદર દાખલ થતાં જ એમણે જોયું કે અંજલિએ કપડાં બદલીને નાઇટ સૂટ પહેરી લીધો હતો. ડાઇનિંગ ટેબલ પર બેઠેલી અંજલિ જોરજોરથી નામાં ડોકું ધુણાવતી હતી. એના માથા પર હાથ ફેરવતો રાજેશ લાડથી પોતાના હાથમાં પકડેલા દૂધનો ગ્લાસ એના મોઢા પાસે ધરીને એને પીવા સમજાવી રહ્યો હતો.

વસુમા થોડીક વાર આ દૃશ્ય જોઈને અટક્યાં. આટલાં વર્ષોમાં કોઈ દિવસ નહીં ને આજે જ કોણ જાણે કેમ એમને અલય પોતાના પેટમાં હતો ત્યારના દિવસો સાંભરી આવ્યા. એક અભાવની લાગણી એમના મનને અડી - ન અડી ને એમણે ખંખેરી નાખી. પછી આગળ વધ્યાં. રાજેશના માથા પર હાથ ફેરવ્યો:

'અંજુ દીકરા...'

એમની નજર હજુ રાજેશના ચહેરા પર જ હતી.

'આટલો સ્નેહ, આટલું વહાલ અને આટલી સંભાળ લેનારા બહુ મુશ્કેલીથી મળે છે જીવનમાં... એને સામે બધું બમણું કરીને આપજે.'

અને ભરાયેલા ગળે સડસડાટ પોતાના ઓરડામાં ચાલી ગયાં.

અંજલિને કોણ જાણે શું થયું તે દૂધનો ગ્લાસ મોઢે માંડીને એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

'તારાં આંસુ દૂધમાં પડે છે.'

અંજલિના ગાલ પર રાજેશે હાથ ફેરવ્યો:

'દૂધ ખારું થઈ જશે.'

અંજલિ ભીની આંખે હસી પડી.

ગુસ્સામાં અને અકળામણમાં ઘરમાં દાખલ થતી વૈભવીએ આ કરુણ-મંગલ દૃશ્ય જોયું. ખભા ઉલાળ્યા અને છણકો કરીને ઉપર જતી રહી.

પોતાના ઓરડામાં પહોંચતાં જ એને બન્ને બાળકોની પ્રેગ્નન્સી વખતે અભયે કરેલાં લાડ યાદ આવ્યાં અને બદલામાં પોતે અભય સાથે કઈ રીતે વર્તતી રહી એ વિચારીને એને રડવું આવી ગયું. એ પલંગ પર ઊંધી પડીને ક્યાંય સુધી રડતી રહી.

*

ટ્રાફિકમાં ફસાયેલો અલય ઍરપોર્ટ પર ઊતર્યો ત્યારે ઇન્ટરનેશનલ ફ્લાઇટમાં જનારની ભીડથી ઍરપોર્ટ ભરેલું હતું. કેટલાય લોકો ટૅક્સીઓમાંથી ઊતરતા હતા. કેટલીય ગાડી સગાંવહાલાંને ઉતારીને આગળ વધી જતી હતી.

આ ભીડમાં ક્યાં શોધીશ એ બધાંને?

અલયની અકળામણનો પાર નહોતો. એણે મોબાઇલ કાઢીને નંબર જોડ્યો.

'અલય, ક્યાં છે તું?' શ્રેયાના અવાજમાં ઉચાટ હતો.

'ઍરપોર્ટ પર.'

'થેન્ક ગૉડ, આખરે પહોંચી ગયો. અમે પાંચ મિનિટમાં પહોંચીશું. તું સિંગાપોર ઍરલાઇન્સ માટેના ગેટ નંબર ૨-સી પર ઊભો રહે. અમે પહોંચીએ જ છીએ.'

અલય જઈને ડિપાર્ચર માટેના ગેટ ૨-સી પાસે ઊભો રહ્યો. એનું હૃદય જોરજોરથી ધડકી રહ્યું હતું. અનુપમાના શબ્દો એના મનોમસ્તિષ્કમાં પડઘાઈ રહ્યા હતા: જા, જઈને કહી દે તારા બાપુને કે તે આખી જિંદગી એમની રાહ જોઈ છે. ઝંખ્યા છે એમને... જિંદગીના પ્રત્યેક પગલે તને એમની ખોટ સાલી છે.

અલય આવતી-જતી દરેક ગાડી ડૂમો ભરાયેલા ગળે અને ગોરંભાયેલી આંખે જોતો રહ્યો.

પાંચ મિનિટમાં શ્રેયાની ગાડી આવી. સામાન લઈ ટ્રૉલીમાં મૂકી લક્ષ્મી આગળ વધી.

'ભાઈ...'

અલયને ભેટીને લક્ષ્મી ફરી રડવા લાગી. પછી હળવેથી છૂટી પડી અને આજુબાજુમાં જોઈને પોતે જ સાંભળી શકે એટલા ધીમેથી બોલી:

નીરવ આખરે ન જ આવ્યો...

સૂર્યકાંત બાજુમાં આવીને ઊભા રહ્યા. એમણે અલયની સામે જોયું. બે જણની આંખો મળી અને અલય કંઈ સમજે એ પહેલાં એની અંદરથી એક ધક્કો આવ્યો. એ સૂર્યકાંતને ભેટી પડ્યો:

'બાપુ...'

અલયે ખૂબ રડવું હતું, પણ કોણ જાણે કેમ એ રડી ન શક્યો. સૂર્યકાંતનો હાથ ક્યાંય સુધી અલયની પીઠ પર મૃદુતાથી ફરતો રહ્યો. એક પણ અક્ષર બોલ્યા વિના અલય ખાસ્સી ક્ષણો એમને ભેટીને ઊભો રહ્યો.

સામાન લઈને આવેલા અજય અને અભયની આંખો પલળી ગઈ.

જાનકી અને શ્રેયા પણ રડવું રોકી ન શક્યાં.

પણ અલય... પોતાની અંદરથી પથ્થર ફોડીને કોઈ ઝરણું વહી નીકળે એની રાહ જોઈ જોઈને થાક્યા પછી હળવેથી છૂટો પડ્યો. ડૂમાથી એની છાતી ભીંસાઈ જતી હતી. શબ્દો એના મોઢામાંથી બહાર નહોતા નીકળતા અને છતાં એની આંખો તદ્દન કોરી, રેતાળ હતી...

સૂર્યકાંતે એના માથે હાથ ફેરવ્યો અને એક જ વાક્ય કહી શક્યા:

'તારી માનું ધ્યાન રાખજે બેટા, હું એને તારા ભરોસે મૂકીને જાઉં છું.'

*

પોતાના ઓરડામાં બેઠેલાં વસુમાએ ઠાકોરજીને હાથ જોડ્યા અને મનોમન પ્રાર્થના કરી:

મારા વહાલા, એમની જિંદગીમાં આવેલાં તમામ વિઘ્નો દૂર કરીને સૌને સુખ-શાંતિ આપજે.

વસુમાની બંધ આંખોમાંથી સરકી પડેલાં આંસુનાં બે ટીપાં કૃષ્ણમૂર્તિનાં ચરણ પખાળી રહ્યાં.

* * *

44

શ્રીજી વિલાની સવાર આજે રોજ કરતાં જુદી નહોતી.

પોતાના ઓરડામાં સૂતેલાં અજય અને જાનકી તથા તૈયાર થઈ રહેલા અલયને વસુમાનું ભજન સાંભળીને સહેજ નવાઈ લાગી.

બધાંએ ધાર્યું હતું કે સૂર્યકાંત જે રીતે આવ્યા અને આટલું રોકાઈને ગયા એ પછી એમના જવાથી વસુમા સહેજ વિચલિત થયાં હશે.

આજની સવાર કદાચ સહેજ જુદી સવાર બનીને ઊગે તો વસુમાને સંભાળી લેવાની માનસિક તૈયારી સાથે જાનકી તૈયાર થઈ રહી હતી, પરંતુ સાડા છના ટકોરે વસુમાના ગળામાંથી સુરીલું ભજન સાંભળીને શ્રીજી વિલાનો બગીચો ગદ્‌ગદ થઈ ગયો..

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો?
'તે જ હું' 'તે જ હું' શબ્દ બોલે,
શ્યામના ચરણમાં ઇચ્છું છું મરણ રે,
અહીંયાં કો નથી કૃષ્ણ તોલે.'

અભય જાગીને પોતાની પથારીમાં બેઠો હતો.

સૂર્યકાંતનું આવીને પાછા જતા રહેવું જાણે એક સ્વપ્નસમું ભાસી રહ્યું હતું. જે પિતાને ઝંખતા આટલાં વર્ષો કાઢી નાખ્યાં એ પિતા અચાનક દરવાજે આવીને ઊભા રહ્યા અને પાછા પણ ચાલી ગયા.

કેવી છે નિયતિની રમત?

અભય મનોમન વિચારી રહ્યો:

ગઈ કાલ સુધી જે પ્રિયાને મળતાં એને કેટલાય જુઠ્ઠાણાં ચલાવવાં પડતાં એ પ્રિયા આજે એની જિંદગીનો ભાગ બનીને આ ઘરમાં સ્વીકારાઈ ચૂકી હતી... અલયની ફિલ્મ, જે સાવ અશક્ય લાગતી હતી એ શરૂ થઈ ગઈ હતી અને હવે થોડાક જ દિવસોમાં પૂરી થવાની હતી. વૈભવી ધાર્યા કરતાં સાવ જુદી રીતે વર્તી રહી હતી... પરિસ્થિતિએ અજબ વળાંક લીધા હતા અને એ પણ કેટલા ઓછા દિવસોમાં!

સૂર્યકાંતના આવવાથી જાણે વસુમા સાવ જ બદલાઈ ગયાં હતાં! અભયને અચાનક ખયાલ આવ્યો. સામાન્ય રીતે ઑફ વ્હાઇટ, બ્રાઉન, મરુન કે ભૂરા રંગનાં વસ્ત્રો પહેરતાં વસુમા છેલ્લા થોડા દિવસથી સુંદર અને બ્રાઈટ્સ કલર્સ પહેરતાં થયાં હતાં. એમના ચહેરા પર એક અજબ આભા દેખાતી હતી છેલ્લા થોડા દિવસથી...

શું આ બધું બાપના આવવાને આભારી હતું?

અભયનું મગજ ચકરાવે ચડી ગયું:

એક માણસની ગેરહાજરીમાં જીવી ગયેલી આખો પરિવાર એના પાછા ફરવાથી આમ અને આવી રીતે

બદલાઈ શકે?

અભય મનોમન ગૂંચવાઈ રહ્યો હતો.

એ જ વખતે નીચેથી વસુમાનો સુરીલો અવાજ સંભળાવા લાગ્યો. અભય ઊભો થયો. મોઢું ધોઈને નીચે જવા લાગ્યો.

'ક્યાં જાવ છો?'

વૈભવીની આંખો અડધી બંધ અને અવાજ ઊંઘરેટો હતો.

'નીચે, મા પાસે.'

'મારી પાસે આવો અભય, મારે તમારી સાથે વાત કરવી છે.'

'અત્યારે?'

'અત્યારે નહીં તો ક્યારે? હમણાં તમે તૈયાર થઈને ઑફિસ જતા રહેશો. પછી આઠ, નવ, દસ... કોણ જાણે કેટલા વાગે આવશો. મારે... અગત્યની વાત કરવી છે.'

'બોલ.'

વૈભવીની બાજુમાં એ બેસી ગયો. વૈભવીએ હાથ લંબાવીને એને પડખામાં ખેંચ્યો. પછી એક પગ એના પર નાખી, હાથ લંબાવીને આખો લપેટી લીધો. અભયના કાનની બૂટ પર ચુંબન કરીને એણે કહ્યું:

'તમે કેટલાય વખતથી મને વહાલ જ નથી કર્યું.'

'એ વાત હતી?'

અભયે ઊભા થવાનો પ્રયાસ કર્યો.

'હા, કેમ? એ અગત્યની વાત નથી?'

વૈભવીના અવાજમાં ઉન્માદ છલકાતો હતો.

'વૈભવી, તું જાણે છે મારા અને પ્રિયાના સંબંધો...'

અભયને સાવ અજુગતું લાગ્યું. આટલું બધું જાણ્યા પછી, આટલો મોટો તાયફો થયા પછી આ સ્ત્રી શું ઇચ્છતી હતી?

'અભય, આમાં પ્રિયા ક્યાં આવી? હું પત્ની છું તમારી. મારો અધિકાર છે તમારા મન પર પણ...'

પછી અભયના ગળા પર એણે હોઠ ઘસવા માંડ્યા:

'તમારા શરીર પર પણ...'

'તું સમજતી કેમ નથી?' અભયના અવાજમાં ચીડ ઊતરી આવી:

‘તને સ્વમાન નથી? કોઈ સ્ત્રી સાથે શરીરસંબંધ ધરાવતો હોય એવા પતિ સાથે સૂતાં તને સ્વમાન પણ નહીં નડે?’

અભયને એક ધક્કો મારીને હડસેલી દીધો વૈભવીએ અને પછી ચિડાઈને ઊભી થઈ ગઈ:

‘તમે તો તમારો રસ્તો કરી લીધો. મારે ક્યાં જવાનું?’

વૈભવીએ અભયની સામે જોઈને પૂછ્યું. પછી અરીસા સામે જોઈને ઊભી રહી. એની બેબી પિન્ક કલરની નાઈટી માંથી એનું આખું શરીર દેખાતું હતું. એનાં સ્તનોનો ઉભાર, પાતળી કમર, ફ્લૅટ પેટ... એ અરીસામાં જોઈ રહી.

પછી અભય સામે ફરી... એની નજીક આવી. આંખમાં નાખીને ઊભી રહી:

‘જુઓ અભય, તમારે પસંદગી તો કરવી જ પડશે. કાં તો હું, કાં તો પ્રિયા... આ ઘરવાલી - બાહરવાલીની રમત બહુ લાંબો સમય નહીં ચાલે.’

‘મેં પસંદગી કરી જ લીધી છે.’

અભયે શાંત અવાજે કહ્યું.

‘તો હું પપ્પાને ત્યાં જઈને રહીશ.’

‘જેવી તારી ઇચ્છા.’

અભય ઓરડાની બહાર જવા લાગ્યો. વૈભવીએ એનો હાથ પકડ્યો.

‘હું એક વાર અહીંથી ગઈ તો પાછી નહીં આવું, અભય.’ વૈભવીએ પછી ઉમેર્યું:

‘અને પપ્પાને ખબર પડશે તો તમે પપ્પાને ઓળખો છો.’

‘મને ધમકી આપે છે?’

‘ધમકી નથી આપતી. સમજાવું છું. આવાં નાનાં-મોટાં લફરાં થઈ જાય આ ઉંમરે. એમાં પણ જ્યારે પ્રિયા જેવી અનાથ, ચાલાક, સેક્સી અને ચાલુ સેક્રેટરી હોય ત્યારે હું તમારો વાંક નથી જોતી.’

‘તે બોલી લીધું?’

અભયે હાથ છોડાવ્યો. પછી વૈભવીની સામે જોઈને કહ્યું:

‘પ્રિયા એક સમજદાર, સરળ, શુદ્ધ ચારિત્ર્યની અને પ્રેમાળ છોકરી છે. આઈ લવ હર...’

‘અભય, તમે જાણતા નથી અહીં શ્રીજી વિલામાં કેવાં કેવાં પ્લાનિંગ થઈ રહ્યાં છે.’ એણે પલટી મારી:

‘અજયભાઈ અમેરિકા જવાનું પ્લાનિંગ કરે છે. પપ્પાજી જઈને તરત એમને પેપર મોકલાવવાના છે.’

‘તો?’

'તો શું?' વૈભવીએ આંખો નચાવી:

'તમારામાં એટલી પણ બુદ્ધિ નથી? કેટલાય બિલિયન ડૉલરનો માલિક થઈ જશે તમારો ભાઈ...'

'છેલ્લા બે શબ્દ બહુ અગત્યના છે, વૈભવી.'

અભયે એનો ગાલ થપથપાવ્યો:

'મારો ભાઈ. કોઈ બીજું નહીં વૈભવી, મારો ભાઈ.' ઓરડાની બહાર નીકળતાં અભયે છેલ્લી વાર વૈભવી સામે જોયું:

'એ સુખી થતો હોય તો હું એનાથી વધારે સુખી થઈશ.'

અભયના ગયા પછી વૈભવીએ પગ પછાડ્યા.

વૈભવીનાં નાનાં-મોટાં તમામ ત્રાગાં, સમજાવટ, ઝઘડા નકામાં ગયાં હતાં. એ જ્યારે જ્યારે પ્રિયાની વાત કાઢતી ત્યારે અભયના અવાજમાં વધુ ને વધુ દૃઢતા સાંભળવા મળતી એને.

અભય જાણે સાવ બદલાઈ ગયો હતો. એની ભાષા, એનું વર્તન આત્મવિશ્વાસથી સભર થઈ ગયું હતું. પહેલાં જ્યારે જ્યારે વૈભવી એની સાથે દલીલમાં ઊતરતી ત્યારે એની વાત ખોટી હોય તો પણ કાં તો થાકીને, કાં તો કંટાળીને અને કાં તો હારીને અભય એની વાત માની લેતો... પણ હવે અભય પોતાની વાત કહેતો હતો. એટલું જ નહીં, સાચું કહેતાં એ અચકાતો નહોતો.

પહેલાં નાની નાની વાતમાં ખોટું બોલતાં અભયને પકડી પાડવાની અને નાનો દેખાડવાની મજા હવે વૈભવીને મળતી નહોતી. એટલું જ નહીં, દરેક વખતે એમની વચ્ચે થતો આ પ્રકારનો સંવાદ વૈભવીને વધુ ને વધુ હરાવતો હતો અને અભયને વધુ ને વધુ મજબૂત બનાવતો હતો.

સૂર્યકાંતના આવ્યા પછી, એમના વિશે જાણ્યા પછી વૈભવીએ એવો પ્રયાસ કર્યો કે એ કોઈ પણ હિસાબે સૂર્યકાંતની વહાલી થઈ જાય, પણ બનતી ઘટનાઓએ એનો સાથ નહોતો જ આપ્યો.

વૈભવીએ આજે આ વાતનો ફેંસલો કરવાનું નક્કી કર્યું અને નાઈટીને કાઢીને એક બાજુ ફેંકી દીધી. સીધી બાથરૂમમાં જઈને એ શાવર નીચે ઊભી રહી...

*

ગઈ કાલે અજય સાથે થયેલી વાતચીત પછી જાનકીનું મન ઉદાસ થઈ ગયું હતું. એ કોઈ રીતે અજયના નિર્ણય સાથે સહમત થઈ શકતી નહોતી.

જો કે હજી તો ભેંસ ભાગોળે ને છાશ છાગોળે... એના મને એક વાર દલીલ પણ કરી, પણ એ અજયને ઓળખતી હતી. એ અમુક વસ્તુઓ નક્કી કર્યા વિના ક્યારેય બોલતો નહીં અને એણે જે રીતે અમેરિકા જવાની વાત કરી હતી એ પરથી બહુ જ સ્પષ્ટ હતું કે એને સૂર્યકાંત સાથે પાકી વાત થઈ ગઈ હતી.

જાનકીએ આજે જ એ વાત વસુમા સાથે કરી લેવાનું નક્કી કર્યું હતું. રોજની જેમ તૈયાર થઈને એ રસોડા તરફ આગળ વધી ત્યારે એણે અભયને પગથિયાં ઊતરતો જોયો.

'ગુડ મોર્નિંગ...'

'વેરી ગુડ મોર્નિંગ...' અભયે જવાબ વાળ્યો. પછી જાનકીએ સીધું જ પૂછી નાખ્યું:

'અજય અમેરિકા જવાનો વિચાર કરે છે?'

'તમને કોણે કહ્યું?' જાનકીથી નહીં ધારેલો પ્રતિભાવ અપાઈ ગયો.

'એ અગત્યનું નથી. હા કે ના?'

જાનકીના પ્રતિભાવથી અભયની શંકા જરા વધારે દૃઢ થઈ. એણે વૈભવીને તો જવાબ આપી દીધો હતો, પરંતુ એના મનમાં આ વાતનો કીડો સળવળવા લાગ્યો હતો.

'હા.'

જાનકી ક્યારેય જુઠ્ઠું નહોતી બોલતી.

અભય આશ્ચર્યચકિત થઈ ગયો: ધન્ય છે આ સ્ત્રીની હિંમતને... એક તો અજયને અમેરિકા જવા ઉશ્કેર્યો છે અને શરમ વગર સીધેસીધી હા પાડે છે મને!

એણે જાનકીની સામે જોયું. એની આંખોમાં કોણ જાણે શું ભાવ હતો કે જાનકીની આંખો ઝૂકી ગઈ.

સૂર્યકાંત મહેતા અહીં આવીને આવી રીતે એમના ઘરમાં ફૂટ નાખી જશે એવું અભયે ક્યારેય ધાર્યું નહોતું. એને બાળપણથી એક જ વાત શિખવાડવામાં આવી હતી અને સમય સાથે એના મનમાં દૃઢ થઈ ગઈ હતી.

તમે ત્રણ ભાઈ એકબીજાનો સહારો છો. ત્રણે મળીને અંજલિનો સહારો બનજો..

વૈભવીએ જ્યારે કહ્યું ત્યારે અભયે ધાર્યું હતું કે આ વાત એણે અમસ્તી જ કહી છે, પરંતુ અત્યારે જાનકીનો પ્રતિભાવ જોઈને અભય માટે કોઈ શંકા ન રહી.

'જાનકી! મને લાગ્યું હતું કે તું જુદી છે. વાતો છુપાવવી, અહીંની વાત ત્યાં કરવી અને બીજી અમુક પ્રકારની સ્ત્રીસહજ પ્રકૃતિ તારામાં નથી એમ હું માનતો હતો.'

'પણ અભયભાઈ, મેં...'

'પતિની પ્રગતિ સારી વાત છે, જાનકી. એને માટે પત્નીએ એમ્બિસિયસ હોવું પણ જોઈએ, પણ તને તારા સસરાની એક જ મહિનામાં એવી માયા લાગી ગઈ કે પાંચ-પાંચ વર્ષથી તને મા થઈને સ્નેહ કરતી સ્ત્રીની લાગણી કે સમ્માનનો પણ વિચાર ન આવ્યો?'

'તમે ખોટું ધારો છો, અભયભાઈ.'

'હવે ધારવા જેવું કંઈ રહ્યું નથી, જાનકી હું તો માનતો હતો કે તું સાવ જુદી છે. તારામાં અને વૈભવીમાં આભ-જમીનનો ફેર છે, પણ ડૉલરની ચમકે તારા પરનો ગિલેટ ઉતારી નાખ્યો, જાનકી. પાંચ-પાંચ વર્ષ સુધી તેં પહેરી રાખેલું મહોરું ફક્ત થોડા ડૉલરના અજવાળામાં ઉઘાડું પડી ગયું.'

અભય સડસડાટ બહાર ચાલી ગયો.

લાકડાના કઠેડા પાસે ઊભેલી જાનકી કંઈ જ સમજી ન શકી:

અભયભાઈએ એવું કેવી રીતે ધારી લીધું કે પોતે અજયને અમેરિકા જવા ઉશ્કેર્યો હશે? વસુમા પણ આવું જ ધારશે?

જાનકીની આંખો ભરાઈ આવી. બહાર જવાનું માંડી વાળી એ રસોડા તરફ ફરી.

અભય સાથે થયેલા સંવાદે એને ભીતરથી હચમચાવી નાખી હતી: આટલાં વર્ષોનો પોતાનો સ્નેહ, સચ્ચાઈ, સમર્પણ અને લાગણીઓ કોઈને ન દેખાઈ? કોઈ એવું ધારી જ કેવી રીતે શકે કે અજયને આ ઘર છોડવા જાનકી ઉશ્કેરે અને એ પણ એવા માણસની સહાય લઈને જેણે એની મા જેવી સાસુને આટલાં વરસ...

ગૅસ પર ઊકળતી ચામાં આંસુનાં ટીપાં ટપટપ પડી રહ્યાં હતાં.

*

વિમાનમાં સૂર્યકાંત જાણે વીતેલા દિવસોની સફરે નીકળ્યા હતા.

શ્રીજી વિલામાં બનેલી એક એક ઘટના એમને રહી રહીને લાગણીશીલ બનાવી જતી હતી. વસુમાએ જે રીતે એમની સાથે આવવાની ના પાડી એનાથી એમના અહમ્‌ને સારી એવી ઠેસ પહોંચી હતી. શ્રીજી વિલાને અભયની ગાડીના પાછળના કાચમાંથી જોતાં એમણે મનોમન અલવિદા કહી દીધું હતું.

એમણે નક્કી કર્યું હતું કે પોતે એક વાર વસુમાના કહેણ પર ભારત જઈ આવ્યા. હવે જો વસુમાને એમની જરૂર હોય તો એ અમેરિકા આવશે. પોતે ફરી કોઈ પણ સંજોગોમાં ભારત નહીં જાય.

એ આવ્યા ત્યારે એવું નક્કી કરીને આવ્યા હતા કે વસુંધરા સાથે ભૂતકાળની બધી જ વાતો ભૂંસીને નવેસરથી એક નવો સંબંધ શરૂ કરવો. એમણે પ્રયાસ પણ કર્યા, પણ કોણ જાણે કેમ, વસુમાનું વર્તન એમના ગળે ન જ ઊતર્યું.

સૂર્યકાંતના મગજમાં અત્યારે એક એક વાત જાણે ફૂંફાડા મારી રહી હતી. જે બધું ભૂલવા એ ભારત આવ્યા હતા એ જ વાતો અત્યારે એમને પીડા આપી રહી હતી.

ત્રણ-ત્રણ દાયકા પછી પિતાના અગ્નિસંસ્કાર ન કરી શકાયાનો વસવસો... હવેલી છોડતી વખતે દેવશંકર મહેતાએ કહેલી વાતો... શ્રીજી વિલામાં માલિક તરીકે વસુંધરાનું નામ... અને એવી તો કેટલીય વાતો અત્યારે એમના મનને ડંખી રહી હતી.

શું ઘસાઈ જાત એનું, જો થોડી નીચી નમીને મને સ્વીકાર્યો હોત તો?

સૂર્યકાંત જાત સાથે જ વાત કરી રહ્યા હતા:

ગેસ્ટ રૂમમાં રાખ્યો... છોકરાઓની સામે જે રીતે વર્તી એ પછી પણ મેં તો હાથ લંબાવ્યો એના તરફ... જેણે સુખને લાત જ મારવી હોય એને કોણ બચાવી શકે?

એમનું મન કડવાશથી ભરાઈ ગયું હતું.

હું વસુને ક્યારેય માફ નહીં કરું…

એમણે ફરી એક વાર જાત સાથે ગાંઠ વાળી:

સ્મિતાએ આટલી સંપત્તિ એક ઝટકામાં મારા નામે કરી દીધી… સમર્પણ એનું નામ!

પચ્ચીસ-પચ્ચીસ વરસ સુધી જે સ્ત્રીની સ્મૃતિ સંઘરીને જીવતા રહ્યા એ સ્ત્રી જાણે આજે એમને પારકી લાગવા માંડી હતી.

શ્રીજી વિલામાં અજયની સાથે થયેલી વાતચીત જાણે હુકમનું પાનું હોય એમ એ વારે વારે મમળાવી રહ્યા હતા.

‘હું કંટાળી ગયો છું, બાપુ આ ઘરમાં મને કોઈ માન નથી આપતું. હું સમય સાથે શીખ્યો છું, જ્યાં પૈસા હોય ત્યાં માથાં નમી જાય છે…’

‘બેટા, આમ જોવા જઈએ તો બધા જ કહે છે કે પૈસાની કોઈ કિંમત નથી, પણ ખરું પૂછો તો જેની પાસે પૈસા નથી એની કોઈ કિંમત નથી…’

સૂર્યકાંતના મનમાં જાણે ભૂતકાળની કડવાશ ફરી એક વાર ઊભરાઈ આવી. પિતા સાથે જે કંઈ થયું એમાં પોતાની નિર્ધનતા જ જવાબદાર હતી એમ આજ સુધી માનતા રહેલા સૂર્યકાંત મહેતાએ દીકરાને પણ એ જ જ્ઞાન આપ્યું.

‘બાપુ, મારે પૈસા કમાવા છે.’ અજયનું ગળું ભરાઈ આવ્યું હતું:

‘ખૂબ ખૂબ… ખૂબ પૈસા કમાવા છે. આ બધાનાં મોઢાં બંધ થઈ જાય એટલા પૈસા આમની આંખો અંજાઈ જાય એટલા પૈસા.’

બેટા, એટલા પૈસા તો તારી પાસે છે જ.’

‘આ? શ્રીજી વિલાની વાત કરો છો? મારી મા એ ક્યારેય વેચવા નહીં દે. કેટલી વાર કહ્યું કે આ મકાન વેચીને અહીં ફ્લૅટ્સની સ્કીમ કરી નાખો. ત્રણેયનાં ઘર જુદાં કરી નાખો. બધા પાસે એટલા પૈસા આવશે કે શાંતિથી રહી શકાય… પણ સાંભળે તો ને?’

આજે પહેલી વાર અજયે આ ભાષામાં અને આ ટોનમાં વાત કરી હતી.

‘શ્રીજી વિલા વેચાશે તો કેટલા રૂપિયા આવશે? કરોડ? દોઢ કરોડ? એમાંથી તારા હાથમાં શું આવશે? હું તો કરોડો ડૉલરની વાત કરું છું…’

જાણે-અજાણે સૂર્યકાંતથી રમત રમાઈ ગઈ.

‘કરોડો ડૉલર?’

‘બેટા, આટલો મોટો વેપાર છે અમેરિકામાં. કેટલાય દેશોમાં ઑફિસ, કેટલા બિલિયન ડૉલરનું ટર્નઓવર છે.’

સૂર્યકાંતનું ગળું પણ ભરાવા લાગ્યું હતું. એમને બોલતાં બોલતાં જ સમજાતું હતું કે આ બધી સંપત્તિની સામે એમની પાસે એમનો ભાર ઉપાડી લે એવો એક પણ ખભો નહોતો.

'એટલે તમે એમ કહેવા માગો છો કે...'

'હા, હું એમ જ કહેવા માગું છું. મારી સાથે અમેરિકા ચાલ અને મારો બિઝનેસ સંભાળી લે.'

'પણ, મા...'

અજયને ઑફર તો લલચાવી ગઈ, પણ એ દીકરો વસુમાનો હતો. એને માટે લાગણીઓના બંધન તોડી નાખવાં એટલાં સરળ નહોતાં જ.

'જો બેટા, જિંદગીમાં કશું મેળવવા માટે કશું ગુમાવવું પડે એવું ખુદ તારી મા જ કહે છે.'

સૂર્યકાંત જાણે-અજાણે પોતે બિછાવેલી ચેસની બાજીનાં એક પછી એક મહોરાં ખસેડતા જતા હતા.

'પણ... એ હા પાડશે?'

'નહીં જ પાડે, સ્વાભાવિક છે.'

સૂર્યકાંતે અજયના ખભે હાથ મૂક્યો:

'એને મારી સામે વિરોધ છે ને?'

ત્રણેય ભાઈમાં અજય સૌથી સરળ હતો. આઈએએસ સસરા અને વૈભવી સાથે રહીને, ધંધો કરીને અભય પ્રમાણમાં ઘણો ચાલાક થઈ ગયો હતો. અલય જન્મથી જ પોતે પોતાની જગ્યા બનાવાની છે એવું સમજતો હતો. પોતાની જિંદગી પોતે જ ઝઝૂમીને જીવી લેવાની છે એવું એને નાની ઉંમરે જ સમજાઈ ગયું હતું. પોતાને જોઈતી દરેક વસ્તુ માટે જાનની બાજી લગાવી દેવી પડે એવું અલયને સમજાઈ ગયું હતું અને કદાચ એટલે જ એ પણ પ્રમાણમાં હોશિયાર થઈ ગયો હતો. બધાની વચ્ચે એકમાત્ર અજય થોડો ભોળો કહી શકાય એવો હતો. દુનિયાદારી એને ક્યારેય બહુ આવડી નહોતી.

'તો પછી...' અજય મૂંઝાઈ ગયો હતો.

'એને પૂછવાની શી જરૂર? એને માત્ર કહી દેવાનું...'

સૂર્યકાંતે પોતાનું મહોરું એક ઘર વધુ ખસેડ્યું.

'પણ ના પાડે તો?'

'તો તારે નક્કી કરવાનું, અજય.'

સૂર્યકાંતનો ચહેરો બદલાઈ ગયો હતો:

'હું જો એ બધાંનું કહ્યું માનીને અહીં જ રહ્યો હોત તો દેવું ભરતાં મારી કમર તૂટી ગઈ હોત અને જિંદગીમાં ક્યારેય બે પાંદડે થયો ન હોત સમજે છે, તું?'

અજયે ડોકું હલાવીને હા પાડી.

‘જે પુરુષ પરદેશ ખેડે એ કમાય... મારી મા કાયમ કહેતી, ખારવાનો દીકરો વહાણે ચડે ને વેપારીનો ગામતરે જાય... તો જ ઘરમાં લક્ષ્મી ટકે.’

એમણે અજયની પીઠ પસવારી:

‘તું વેપારીનો દીકરો છે, બેટા દેવશંકર મહેતાની પેઢીને ફરી ઊભી કરવાનું મારું સપનું કદાચ તારી હસ્તરેખામાં લખાયું છે.’

અજયની આંખો ભરાઈ આવી. એને થોડી જ ક્ષણોમાં જાતજાતના વિચાર આવી ગયા:

જો દેવશંકર મહેતાની પેઢી ફરી ઊભી થાય તો કદાચ મા પોતાનો વિદ્રોહ માફ કરી દે. દાદાજીના નામની શાખને જે બટ્ટો લાગ્યો છે એ ધોઈ શકાય અને પિતાનું સપનું પૂરું થઈ શકે.

અજયે જાણે મનોમન સેંકડો સપનાં જોઈ નાખ્યાં. એણે આંખો લૂછી અને

પિતાને કહ્યું:

‘જઈને તરત જ મારાં પેપર મોકલાવો, મારે આવવું છે.’

‘બેટા, તારું આવવું તારા માટે નહીં, મારા માટે ઉપકાર છે. આટલા મોટા ધંધામાં મારી પાસે મધુકાંતભાઈ સિવાય એક પણ મારો માણસ નથી.’

સૂર્યકાંતે નિઃશ્વાસ નાખ્યો:

‘તારી મા સમજતી નથી. કાલે સવારે મારી આંખ મીંચાઈ જશે તો આ બધું ગેરવલ્લે જશે. એ પહેલાં તું આવીને સંભાળી લે, બેટા.’

એમની પણ આંખો ભીની થઈ?’ હતી.

*

ઘરની બહાર નીકળતાં અલયે બગીચામાં બેઠેલાં વસુમાના ખભે હાથ મૂકીને ગાલ પર એક પપ્પી કરી.

‘મૉમ, મને તો એમ કે તું સારા મૂડમાં નહીં હોય.’

‘કેમ?’

વસુમા પાછળ ફર્યાં. એમના ગોરા ચહેરા પર સહેજ માટી લાગી હતી. કપાળ પર પરસેવો જામ્યો હતો. વાળની એક-બે લટો ખૂલી આવી હતી.

‘ક્ષી...ઈ...ઈ...ઝ...’

અલયે બે હાથથી કૅમેરાની ફ્રેમ બનાવતાં બૂમ પાડી. વસુમા હસી પડ્યાં.

'તને ખબર છે, તું કેટલી રૂપાળી છે?'

અલયે બે હાથે વસુમાના ગાલ પકડી લીધા અને બગીચામાં ઘૂંટણભેર જમીન પર જ બેસી ગયો.

'અરે અરે, કપડાં બગડશે.' વસુમાએ કહ્યું.

'મૉમ, તને એક વાત કહું?'

અલયની આંખોમાં વહાલ ઊતરી આવ્યું હતું. વસુમા નવાઈથી જોઈ રહ્યાં હતાં. અલય ખૂબ ઓછું બોલતો. બાળપણથી જ જાણે જાતમાં કેદ થઈ ગયો હતો. આજે અલયનો મૂડ જોઈને વસુમાને નવાઈ લાગતી હતી.

'તારી વાત સાચી છે.' અલયે કહ્યું.

'કઈ વાત?'

'આમ તો બધી જ વાત...'

અલયે વસુમાના ચહેરા પરથી માટી ખંખેરી:

'પણ બાપુ વિશે તેં કહેલી વાત. ગઈ કાલે હું એમને ભેટ્યો ત્યારે મને એવું લાગ્યું કે જાણે મારા માથેથી સેંકડો મણનો ભાર ઊતરી ગયો છે.'

વસુમાએ વહાલથી અલયના ચહેરા પર હાથ ફેરવ્યો:

'જે વેર પંપાળીને જીવ્યો હું આટલાં વરસ અને એમ માનતો રહ્યો કે એ વેર તારું છે... મારી આંખો બંધ હતી મા, વેરથી બંધ, ક્રોધથી બંધ... એટલું જ જોઈ અને વિચારી શકતો હતો જેટલું મારે જોવું કે વિચારવું હતું.'

'એમ જ હોય, બેટા વેર આંખો બંધ કરી દે છે.'

વસુમાની આંખમાં ગજબની શાંતિ હતી:

'ક્રોધાત ભવતિ સંમોહ, સંમોહા સ્મૃતિ વિભ્રમ, સ્મૃતિ ભ્રંશાદ બુદ્ધિનાશો, બુદ્ધિનાશાત્‌ પ્રણશ્યતિ.'

'હું બાપુને ભેટ્યો ત્યારે લાગ્યું કે જાણે આ જ ઘડીની રાહ જોઈને જીવી ગયો આટલાં વરસ... આંખો ઊઘડી ગઈ મારી! અને આંખો ઊઘડી ત્યારે સમજાયું કે એ વેર તો તારું હતું જ નહીં, મા. તને તો કોઈ માટે વેર નહીં હોય!'

'બહુ વહેલી બુદ્ધિ આવી તારામાં.'

વસુમાએ અલયના કપાળને હળવો ધક્કો માર્યો અને અલય હસતો હસતો ઊભો થઈ ગયો.

'નાસ્તો કરીને જજે.'

'મા, મોડું થાય છે.'

અલયે ફરી એક વાર વસુમાને પપ્પી કરી અને ભાગવા લાગ્યો. એને શ્રીજી વિલાનો ગેટ ખોલીને બહાર જતો

વસુમા જોઈ રહ્યાં. એમણે નજર ફેરવી ત્યારે અભય એમની સામે ઊભો હતો. અભયના ચહેરા પર જે ભાવ હતા એ જોઈને વસુમા નવાઈ પામ્યાં.

'શું થયું?' એમનાથી પૂછ્યા વિના ન રહેવાયું.

'નાસ્તાના ટેબલ પર વાત કરીશ.'

અભયે કહ્યું અને દોડતા અલયને બૂમ પાડી:

'મારે અગત્યની વાત કરવી છે. નાસ્તો કરીને જા.'

'મોડું થાય છે.' અલયે બહારથી જ કહ્યું.

'આઈ વૉન્ટ યુ ઑન ધ ટેબલ. એટ એઈટ થર્ટી.'

અભય આટલું કહીને અંદર ચાલ્યો ગયો.

વસુમા અને અલય બન્નેએ સામસામે ખભા ઉલાળ્યા

અલય ગેટ ખોલીને પાછો અંદર આવ્યો.

*

સામાન્ય રીતે નાસ્તાનું ટેબલ ગોઠવતી જાનકી કંઈક ગણગણતી હોય અને એના ચહેરા પર સ્મિત હોય જ અલય ટેબલ પર બેસીને પોતાનું કામ કરી રહ્યો હતો. એણે બે-ત્રણ વાર જાનકીની સામે જોયું. એની આંખો રડેલી હતી. એણે અલય સામે જોવાનું ટાળ્યું.

'ભાભી, બાપુ ગયા એનું દુ:ખ એકલાં તમને જ છે કે શું?'

જાનકીએ કોઈ જવાબ ન આપ્યો.

'ડૉલર-બૉલર ન આપી ગયા એટલે રડો છો?'

અલય આટલું બોલ્યો કે જાનકી ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

'તમને બધાંને કેમ એવું લાગે છે કે મને પપ્પાજીના પૈસામાં રસ છે? મેં ક્યારેય એવું કોઈ વર્તન કર્યું કે તમને મેં કોઈ એવાં સિગ્નલ આપ્યાં?'

જાનકી રડતાં રડતાં બોલતી હતી. એના અડધા શબ્દો એના રડવામાં ખોવાઈ જતા હતા:

'આટલાં વર્ષો સુધી તમારા બધાંની સાથે જે રીતે રહી એ પછી પણ તમે કોઈએ મને ઓળખી નહીં? તમને હું મટીરિયાલિસ્ટિક, પૈસા પાછળ પાગલ લાગી? તમે એવું ધારી જ કેવી રીતે લીધું કે હું અજયને અમેરિકા જવા ઉશ્કેરી શકું?'

અલયની આંખો ઝીણી થઈ ગઈ:

'શું વાત કરો છો? મને તો કંઈ ખબર જ નથી.'

'તમારા ભાઈએ અમેરિકા જવાનું નક્કી કર્યું છે અને અભયભાઈ માને છે કે એને માટે હું જવાબદાર છું.'

જાનકીએ આંખો લૂછી. કોઈ દિવસ નહીં ને આજે પહેલી વાર જાનકીના મોઢામાંથી નીકળ્યું.

'હું વૈભવીભાભી નથી, અલયભાઈ...'

અલય ઊભો થયો. એણે જાનકીના ખભે હાથ મૂક્યો. એનો ખભો થપથપાવ્યો. કોણ જાણે કેમ, જાનકી પીગળી ગઈ. હજી સંઘરી રાખેલું એનું કેટલુંય રડવું અચાનક જ ઊભરાઈ આવ્યું. એણે અલયના ખભે માથું મૂકી ડૂસકું છોડી દીધું.

અભયે સવારે કહેલી વાત એના મનમાંથી કોઈ રીતે જતી નહોતી. અલય ધીરે ધીરે એની પીઠ પસવારી રહ્યો હતો અને જાનકી છુટ્ટા અવાજે રડી રહી હતી.

નાસ્તા માટે નીચે ઊતરતી વૈભવીએ આ દશ્ય જોયું અને એ ઉપર રેલિંગ પકડીને પેસેજમાં જ રોકાઈ ગઈ.

ઇન્ટરેસ્ટિંગ... એણે મનોમન કહ્યું.

ઉઘરાવી લે.

અજય પોતાના રૂમની બહાર આવી ગયો હતો.

'જેટલી સહાનુભૂતિ ઉઘરાવાય એટલી ઉઘરાવી લે. મને કોઈ ફેર નથી પડતો.' એ ખુરશી ખેંચીને ડાઇનિંગ ટેબલ પર ગોઠવાયો.

અભયે ઘરમાં દાખલ થઈને જાનકીને રડતી જોઈ.

પણ એ સીધેસીધો ખુરશી ખેંચીને બેસી ગયો.

'વેરી ગુડ.'

રેલિંગ પકડીને ઊભેલી વૈભવીના ચહેરા પર સ્મિત આવી ગયું:

'ધ્રુસકે ધ્રુસકે રડતી ગૃહલક્ષ્મીને આજે કોઈ મનાવતું નથી... એનો પોતાનો વર પણ નહીં!'

વસુમા બગીચામાંથી ઘરમાં દાખલ થયાં અને એમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

અભય અને અજય ટેબલ પર બેઠા હતા. જાનકી અલયના ખભે માથું મૂકીને રડી રહી હતી.

'શું થયું?'

કોઈએ જવાબ ન આપ્યો.

'શું થયું જાનકીને?'

'પોતાના નસીબને રડે છે.'

અજયના અવાજમાં કડવાશ હતી: ‘રડવા દો.’

‘જે થવાનું હતું એ થઈ ચૂક્યું, જાનકી. હવે તમારી ભૂલ છુપાવા માટે રડવાનો કોઈ અર્થ નથી.’ આટલું કહી અભયે અજય તરફ જોયું:

‘તું કહે છે કે મારે કહેવાનું છે?’

* * *

45

વસુમા ખુરશી ખેંચીને ટેબલ પર ગોઠવાયાં:

'જાનકી બેટા, સવારના પહોરમાં શા માટે રડીને દિવસ શરૂ કરો છો? શું થયું છે?'

જાનકી એક પણ અક્ષર બોલ્યા વિના અલયથી છૂટી પડી અને રસોડામાં ચાલી ગઈ.

'હું કહું શું થયું તે.'

વૈભવી કોઈ મોડેલની અદાથી પગથિયાં ઊતરી રહી હતી:

'પોતાની ભૂલ પકડાઈ જાય ત્યારે માણસ રડવા સિવાય બીજું શું કરી શકે?'

'ભૂલ? જાનકીની?'

વસુમાને નવાઈ લાગી.

'શું થયું છે?' એમણે અજય સામે જોઈને પૂછ્યું.

હું રડતી હોઉં છું ત્યારે આટલી ઇન્કવાયરી નથી કરતાં, સાસુમા.

વૈભવીએ મનોમન સરખામણી કરી:

અને આ ગૃહલક્ષ્મી રડે છે એમાં તો આખું ઘર ઊંચું-નીચું થઈ ગયું છે.

'મા...'

અજયે વસુમા તરફ જે રીતે જોયું એનાથી વસુમાને નવાઈ લાગી.

'મેં અમેરિકા જવાનું નક્કી કર્યું છે. બાપુ સાથે વાત થઈ ગઈ છે. એ ત્યાં જઈને જરૂરી કાગળિયાં મોકલશે.'

'અજયભાઈ, આ તમે પૂછો છો કે જણાવો છો?'

અલયનો ચહેરો લાલ થઈ ગયો હતો. જાનકી જે રીતે રડી અને વૈભવી જે રીતે વર્તી એ પછી આ સમાચાર એને માટે ખરેખર અકળાવનારા હતા.

'હું નીકળું?' અલય ઊભો થઈ ગયો.

'જણાવું છું.'

સવાલ અલયે પૂછ્યો હતો છતાં અજયે વસુમાની સામે જોઈને જવાબ આપ્યો:

'જિંદગીની ચાલીસી નજીક આવી છે ત્યારે કોઈને પૂછવાની જરૂર નથી જોતો હું. મારી જિંદગી કેમ જીવવી એ મારા સિવાય કોણ નક્કી કરે?'

અલય અને અભય વસુમાના પ્રતિભાવની રાહ જોઈ રહ્યા.

'સરસ.'

વસુમાએ ટી-કોઝી હટાવીને કીટલીમાંથી ચા પોતાના કપમાં કાઢી. એક ચમચી ખાંડ નાખીને ચમચીથી હલાવતાં પૂછ્યું:

'ક્યાં સુધી જવાનું થશે?'

'હજી તો હવે પેપર્સ કરશે. જો કે હમણાં અમેરિકન એમ્બેસીમાં વેઇટિંગ ચાલે છે એટલે બે-ત્રણ મહિના તો લાગી જ જશે.'

'સારું છે, જાનકીની નોકરી વિશે વિચાર્યું છે?'

'મારી સાથે આવવું હોય તો છોડી દેવાની. બાકી, એનો નિર્ણય કરવા માટે એ સ્વતંત્ર છે.'

અજયની નજર કોણ જાણે કેમ, પણ ઝૂકી ગઈ.

ગેસ્ટ રૂમમાંથી નીચે ઊતરતાં રાજેશ અને અંજલિને ખયાલ આવ્યો કે કોઈ સિરિયસ ચર્ચા ચાલી રહી છે એટલે રોજની જેમ જોક મારતાં સવાર શરૂ કરવાને બદલે રાજેશ ચૂપચાપ નીચે ઊતર્યો અને સૂર્યકાંત રોજ જ્યાં બેસતા એ ખાલી ખુરશી પર ગોઠવાઈ ગયો. અંજલિ એની બાજુમાં બેઠી અને પોતાનો ઢાંકેલો દૂધનો ગ્લાસ ખોલતાં એણે મોઢું બગાડ્યું:

'આઈ હેઈટ મિલ્ક.'

'બેટા, કેલ્શિયમની ગોળીઓ ગળવા કરતાં કાચી કોબી, પનીર, કેળાં અને દૂધથી મળતું કેલ્શિયમ વધુ સારું.'

પછી રસોડામાં જાનકીને સંભળાય એમ વસુમાએ બૂમ પાડી:

'બદામ પલાળેલી હશે, લેતાં આવજો.'

રાજેશને અનુમાન થઈ ગયું હતું કે વાત કંઈક સિરિયસ છે એટલે એણે ધીરેથી અજયની સામે જોઈને પૂછ્યું:

'શું થયું છે? બાપુ તો મજામાં છે ને? પહોંચ્યાનો ફોન આવ્યો?'

'હાજી તો ફ્લાઇટ ચેન્જ કરીને ન્યુ યોર્કની ફ્લાઇટમાં બેઠા હશે.'

વસુમાએ કહ્યું, પણ પહેલા સવાલનો જવાબ એમણે ન આપ્યો એ જોઈને વૈભવીએ હળવેથી કહ્યું:

'એક ગુડ ન્યૂઝ છે. અજયભાઈ અમેરિકા જાય છે.'

'ઓહ, ક્યારે?' અજયની સામે જોઈને રાજેશે પૂછ્યું.

દૂધનો ગ્લાસ મોઢા પાસેથી હટાવીને જમણા ખભાની બાંયથી મોઢું લૂછીને અંજલિએ અજય સામે જોયું:

'એમને કોઈને કહ્યું પણ નહીં?'

'અમને પણ હજુ હમણાં જ ખબર પડી છે, માત્ર જાનકી જાણતી હતી.'

વૈભવીએ લાગ જોઈને વાત રમતી મૂકી:

'એણે પણ આપણને ન કહ્યું.'

અજયની નજર હજુ ઝૂકેલી જ હતી:

'જાનકીને પણ મેં ગઈ કાલે જ કહ્યું છે.'

રસોડામાંથી ઉપમાનું બાઉલ લઈને આવતી જાનકી સાથે અભયની નજર મળી. જાનકીની નજરમાંથી નર્યું દુ:ખ અને ફરિયાદ હતી.

'એટલે જાનકીએ નક્કી નથી કર્યું?'

'મેં એને ગઈ કાલે જ જણાવ્યું છે. પેપર્સ સૌનાં થશે. પછી સૌ પોતપોતાની રીતે નિર્ણય કરી શકે છે.'

'અને હૃદય?'

'મારી સાથે જશે.'

'એવું કોણે નક્કી કર્યું?'

જાનકીનો અવાજ અનિચ્છાએ ઊંચો થઈ ગયો હતો.

'મેં... મેં એના બાપે.'

'પણ જાનકી મા છે એની. એની સાથે વાત કર્યા વિના તમે કેવી રીતે નક્કી કરી શકો, અજયભાઈ?'

વૈભવીએ ધીમેથી વાતને ધક્કો માર્યો.

'હું મારા બાળકને મૂકીને નહીં જાઉં. જાનકીને આવવું હોય તો મને આનંદ થશે અને નહીં આવવું હોય તો બાકીનાને...'

હવે ઊભો થયેલો અલય વધુ રોકાઈ શકે એમ નહોતો. એને ડર લાગ્યો કે પોતે કશું એવું બોલી જશે, જેનાથી આ ઘરની વર્ષોની શાંતિ તાર તાર થઈ જશે. એણે વસુમા સામે જોયું એવા ભાવથી, જાણે કહી રહ્યો હોય:

હવે તમારે કંઈ કરવું જોઈએ...

એ સડસડાટ ઘરની બહાર એવી રીતે નીકળી ગયો જાણે આ ઘટનાથી ભાગવા માગતો હોય.

'આઈ એમ સૉરી, જાનકી. મેં સવારે કારણ વગર...'

અભયના અવાજમાં સાચા અર્થમાં પસ્તાવો હતો. વૈભવીના વર્તનને કારણે ઉશ્કેરાઈને પોતે જાનકીને જે કંઈ કહ્યું તે જાણે અભયને ફરી એક વાર સંભળાઈ રહ્યું હતું. એ સાંભળ્યા પછી જાનકીની આંખોમાં જે પીડા અને અવિશ્વાસ હતાં એ અભયને અત્યારે પણ તકલીફ આપી રહ્યાં હતાં.

'ઈટ'સ ઓકે, અભયભાઈ, પણ જ્યારે વાત નીકળી જ છે ત્યારે મારે પણ કહી દેવું છે કે હું અજયના આ નિર્ણય સાથે સંમત નથી. મને તમારાથી થોડા કલાક વહેલા સમાચાર મળ્યા છે એટલું જ...'

અને પછી વસુમા સામે જોઈને ઉમેર્યું:

'હૃદયને મારી મરજી વિના કોઈ ક્યાંય નહીં લઈ જઈ શકે અને હું માનું છું કે આ ઘરની પુત્રવધૂ તરીકે એ નિર્ણયમાં મારો મત પૂછવામાં આવશે.'

'જરૂર પૂછવામાં આવશે, બેટા!'

'આ નિર્ણય કરવાનો અધિકાર મારા સિવાય કોઈનો નથી. જેને કારણ વગર પ્રગતિ રૂંધીને અહીં પડ્યા રહેવું હોય એમને ઘસડવામાં મને કોઈ રસ નથી, પણ મારા દીકરાના ભવિષ્ય વિશે હું ખૂબ સ્પષ્ટ છું...'

'ભવિષ્ય અમેરિકામાં જ છે? તો પછી આ દેશમાં રહેતા કરોડો લોકોનું કોઈ ભવિષ્ય જ નથી, એમ ને?'

જાનકીના અવાજમાં ધાર હતી.

'આ દેશની લાંબી લાંબી લાઇનો અને દરેક વાતમાં કરપ્શન સિવાય આગળ ન વધતી ફાઈલો... દરેક વાતમાં સંસ્કૃતિના નામે થતા ભવાડા અને છાપાંમાં રોજ છપાતા ગોટાળાના સમાચારોની સાથે સાથે આતંકવાદીઓના સમાચાર એવી રીતે ચગાવવામાં આવે છે, જાણે એ નૅશનલ હીરો હોય. કયા ભવિષ્યની ચર્ચા કરીએ છીએ આપણે?'

'વાહ! ગઈ કાલ સુધી આ જ તમારો પોતાનો દેશ હતો, આજે પણ તમારો પાસપૉર્ટ ભારતીય છે... અને જો સૂર્યકાંત મહેતા ન આવ્યા હોત તો અમેરિકામાં ભવિષ્ય છે એવું કદાચ તમને રિયલાઈઝ પણ થયું ન હોત, મિસ્ટર અજય મહેતા!'

જાનકીએ સાચું સંભળાયું, પણ વાત વણસતી જતી હતી.

'એક વાર કાગળો આવે પછી આપણે એ વિશે વાત કરીએ તો?'

વસુમાએ કડવી થતી જતી ચર્ચા અટકાવી.

'અજયભાઈની વાત ખોટી નથી, મા. હું પણ મારાં સંતાનોને પરદેશ મોકલવા માગું છું. ગમે એટલું કમાવ છતાં સરકારની નીતિઓ અને જિંદગી જીવવાની સ્ટાઇલ બદલી શકાય છે? પૈસા હોય તો પ્લેનની ટિકિટ ખરીદી શકાય, પણ એ ટાઇમસર ઊપડે એવું કોઈ વચન છે અહીં?'

વૈભવીએ જાણે ભાષણ પૂરું થયું હોય એમ સ્મિત કર્યું.

વૈભવીની સામે અજયથી આભારવશ નજરે જોવાઈ ગયું, જે વસુમા, જાનકી કે અભય કોઈની નજરબહાર ન રહ્યું.

'બેટા, કબીરે કહ્યું છે કે કબીરા ચલ અબ દુજો દેશ કે અબ યે દેશ ભયા બેગાના... જ્યાંથી મન ઊઠી જાય ત્યાં રહેવાનો કોઈ અર્થ નથી, દીકરા. તને ખરેખર એમ જ લાગતું હોય કે આ દેશ તારા માટે નથી રહ્યો હવે... તો તને જ્યાં સુખ મળતું હોય ત્યાં તારે જવું જ જોઈએ.'

પછી જાનકી અને વૈભવી બન્ને તરફ વારાફરતી જોઈને ઉમેર્યું:

'પતિ-પત્ની બન્નેનું સુખ એ જ વાતમાં એક જ સ્થળે હોય તો એ ઉત્તમ છે, પણ જો ન જ હોય તો એ વિશે હઠાગ્રહ કે દુરાગ્રહ કોઈ અર્થ નથી રહેતો.'

વૈભવી અને અભય આશ્ચર્યચકિત થઈને વસુમા સામે જોઈ રહ્યાં. જો કે જાનકીને જરાય નવાઈ ન લાગી. વસુમા પાસેથી એને કદાચ આવી જ આશા હતી.

અજયમાં વસુમા સાથે નજર મિલાવવાની શક્તિ નહોતી રહી. એ પછી વીસેક મિનિટ સુધી નાસ્તાના ટેબલ પર સૌ પોતપોતાના બ્રેકફાસ્ટમાં ગૂંથાયેલા રહ્યાં, પણ કોઈ એકેય શબ્દ બોલ્યું નહીં. ઊભાં થતાં વસુમાએ માત્ર એક જ વાક્ય પૂર્ણવિરામની જેમ કહ્યું:

'હવે જ્યાં સુધી કાંત કાગળિયાં ન મોકલે ત્યાં સુધી આ વિશે આ ઘરમાં ચર્ચા નહીં થાય.'

પછી જાનકી સામે જોઈને ધીમેથી કહ્યું:

'ઘરમાં એટલે કે હું અંગત શયનખંડની પણ વાત કરું છું.'

*

હિથ્રો ઍરપોર્ટ પરથી ફ્લાઇટ ચેન્જ કરીને ન્યુ યોર્કની ફ્લાઇટમાં બેઠા પછી સૂર્યકાંત જાણે શ્રીજી વિલાને પાછળ મૂકીને પોતાના લોન્ગ આઈલૅન્ડના ઘરમાં પહોંચી ગયા હતા. એ પોતાનો ઓરડો, સ્મિતાનો હસતો ફોટોગ્રાફ... પોતાના બેડરૂમની એ નાનકડી બેઠક, પોતાની ફેવરીટ બિનબૅગ અને જેલમાં કલાકો ગણી રહેલો રોહિત...

એમની આંખો બંધ હતી. જે-ક્લાસની સીટ પાછળની તરફ ઢાળેલી હતી. કાન પર પહેરેલા હેડફોન્સમાં ધીમું કલાસિકલ સંગીત વાગી રહ્યું હતું, પણ એમનું મન કંઈકેટલાય ઉચાટમાં અને કંઈકેટલીય ગણતરીઓમાં ગૂંચવાઈ રહ્યું હતું.

શું કર્યું હશે રોહિતે? પોલીસે કઈ રીતે વર્તન કર્યું હશે એની સાથે? કેવી જાતના ક્રિમિનલ્સની જોડે રાખ્યો હશે?

સૂર્યકાંત જેમ જેમ રોહિત વિશે વિચારતા ગયા તેમ તેમ એમનું મન વધુ ને વધુ ઉદ્વિગ્ન થતું ગયું. એમને વિમાન કરતાંય વધુ ઝડપથી ઘેર પહોંચી જવાની ઇચ્છા થઈ ગઈ.

રોહિતને જ્યારે સ્મિતાએ એમના હાથમાં સોંપ્યો ત્યારે એ નાનકડો હતો, પણ સાવ અણસમજુ નહોતો. કોણ જાણે કેમ, રોહિતે શરૂઆતથી જ સૂર્યકાંતને પિતા તરીકે સ્વીકાર્યા નહોતા. સૂર્યકાંતે રોહિત સુધી પહોંચવાના જેટલા પ્રયત્ન કર્યા એ બધામાં રોહિતને એમના સ્વાર્થની ગંધ આવતી રહી.

સ્કૂલ સુધી ભણવામાં ખૂબ જ હોશિયાર રોહિતે અચાનક જ ગ્રેજ્યુએશન કરવાની ના પાડી. બૉસ્ટન યુનિવર્સિટી, શિકાગો અને કૉલમ્બિયા યુનિવર્સિટી જેવા વિકલ્પ સૂર્યકાંતે એની સામે મૂક્યા, પરંતુ રોહિતે આગળ ભણવાની ધરાર ના પાડી. એ દિવસે પહેલી વાર ક્રોધમાં ગણો કે પિતા તરીકેની જવાબદારીમાં નાપાસ થયેલા સૂર્યકાંતે હતાશામાં રોહિતને એક તમાચો ફટકારી દીધો અને રોહિતે સૂર્યકાંતની સામે હાથ

ઉગામ્યો. પછી કોણ જાણે કેમ, વાતને ત્યાં જ છોડીને એ ઘરમાંથી નીકળી ગયો.

ત્યારે રોહિત સાડા સત્તર વર્ષનો હતો.

સૂર્યકાંતે એના બધા મિત્રોને ત્યાં તપાસ કરાવી. રોહિત ક્યાંય નહોતો... એ પછી આઠ મહિના સુધી રોહિતનો કોઈ પત્તો ન લાગ્યો. એક દિવસ અચાનક યુએસ પોલીસ માંથી ફોન આવ્યો. રોહિત કોકેનના નશામાં ચૂર રસ્તા પર પડેલો મળ્યો હતો. એના ખિસ્સામાંથી મળેલા ડ્રાઇવિંગ લાઇસન્સના સરનામાથી સૂર્યકાંતનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

એ દિવસથી આજ સુધી સૂર્યકાંત અને રોહિત વચ્ચે ડૉલર્સની લેવડદેવડ સિવાય કોઈ સંવાદ કે સંબંધ રહી શક્યો નહોતો.

રોહિત માટે સૂર્યકાંત એની માના હસબન્ડથી વિશેષ કંઈ ન હતા. સૂર્યકાંતના તમામ પ્રયત્ન છતાં રોહિતે એમને ક્યારેય પિતા તરીકે ન જ સ્વીકાર્યા.

જો કે એમાં સૂર્યકાંત જાણે-અજાણે પોતાનો જ વાંક જોતા. એમને આખી જિંદગી લાગ્યું કે પોતે મુંબઈમાં જે ચાર સંતાનને મૂકીને આવ્યા એમને માટે કે અમેરિકામાં ઊછરતાં બે સંતાન માટે એ ક્યારેય આદર્શ પિતા બની શક્યા નહીં. લક્ષ્મી એમને ખૂબ ચાહતી, પરંતુ લક્ષ્મીને જે સમય કે સ્નેહ આપવો જોઈતો હતો એમાં પોતે ઊણા ઊતર્યા છે એમ સૂર્યકાંત માનતા રહ્યા.

આજે જ્યારે રોહિતને જેલમાં જવું પડ્યું ત્યારે પણ આ પરિસ્થિતિ માટે પોતાનો ઉછેર જ જવાબદાર છે એમ વિચારતા સૂર્યકાંત વિમાનમાં આંખો બંધ કરીને બેઠા હતા.

'ડેડી.'

લક્ષ્મીએ સૂર્યકાંત તરફ જોયું. એમની આંખોના ખૂણે આંસુનું ટીપું આવીને અટકી ગયું હતું.

'હા, બેટા...' સૂર્યકાંતે આંખો ઉઘાડ્યા વિના કહ્યું.

'શું વિચારો છો?'

'અત્યારે તો રોહિત સિવાય બીજો કોઈ વિચાર આવે એમ જ નથી, દીકરા.'

'મને પણ એના વિચારો આવે છે, ડેડી.'

લક્ષ્મીના ચહેરા પર ચિંતાનાં વાદળો ઘેરાઈ ગયાં હતાં.

'શું કરીશું?'

'બેટા, જે થાય તે કરવાનું...'

સૂર્યકાંતે આંખો ખોલી. એમની આંખોમાં નર્યું દુઃખ અને અફસોસ હતાંઃ

'ને બાકીનું ઉપરવાળા પર છોડી દેવાનું.'

‘યાહ ડેડી, પણ મા આપણી સાથે આવ્યાં હોત તો સારું થાત, નહીં?’

‘બેટા, આમ તો શું થાત તો સારું થાતનું લિસ્ટ ઘણું લાંબું છે. હું વસુંધરાને સમયસર સમજી શક્યો હોત તો સારું થાત... હું મુંબઈ છોડીને ભાગી ન ગયો હોત તો સારું થાત... હું તારી માને ન મળ્યો હોત તો સારું થાત... તારી મા જીવી હોત તો સારું થાત અને હું અમેરિકાથી ફરી એક વાર મુંબઈ ન ગયો હોત તોય સારું જ થાત...’

‘આવું શું કામ વિચારો છો, ડેડી?’

લક્ષ્મીએ ખૂબ વહાલથી સૂર્યકાંતના ચહેરા પર હાથ ફેરવ્યો:

‘તમે જ કહેતા હતાને, જે થાય તે સારા માટે...’

‘હા બેટા, પણ દરેક વખતે એવું માનીને સુખી નથી થઈ શકાતું...’ સૂર્યકાંતની આંખો ભરાઈ આવી હતી.

‘તમે સૌ મારાં સંતાનો છો અને તમારા સુખની જવાબદારી મારી છે.’

‘ડેડી, કોઈ કોઈના સુખની જવાબદારી કેવી રીતે લે? તમે જે આપો તે સુખ અને સામેના માણસને જોઈતું હોય તે સુખ હંમેશાં જુદાં જ પડવાનાં...’

સૂર્યકાંતને અચાનક જાણે લક્ષ્મીના ચહેરા પર વસુંધરાનો ચહેરો સુપર ઈમ્પોસ થતો લાગે છે.

‘ડેડી, કોઈને દુઃખ આપવાનું સુખ તમે લઈ શકતા નથી અને કોઈને સુખ ન આપ્યાનું દુઃખ અર્થહીન છે... સુખ અને દુઃખ આ બે પોતીકા શબ્દો છે અને એની જવાબદારી માણસે જાતે જ લેવી પડે.’

લક્ષ્મી હસી પડી:

‘મને એમ હતું જ કે તમે આવું કહેશો, પણ ડેડી, હું તમને એક વાત કહું? મા છે જ એવાં. જે એમની સાથે રહે, એમને સમજે અને એમને ઓળખે એના પર એમની અસર થયા વિના રહે જ નહીં.’

સૂર્યકાંતે કંઈ જવાબ આપ્યો નહીં, પણ એમના મનમાં લક્ષ્મીની વાત ઊંડી ઊતરી ગઈ. એમને ફરી એક વાર વિચાર આવ્યો કે મા વગરનાં સંતાનોને પોતે ઉછેરવામાં નિષ્ફળ ગયા હતા, જ્યારે પિતાની હાજરી વગર વસુંધરાએ સંતાનોનો સફળ ઉછેર કરીને બતાવી દીધું હતું.

એમની નજર સામે એ ઘરમાં બનેલા પ્રસંગો તરવરી ઊઠ્યા. પોતાની માફી માગવા અલયને આદેશ કરતી વસુંધરા, પ્રિયા સાથેના સંબંધોનો સ્વીકાર કરતો અભય અને આપઘાતના પ્રયાસ પછી પણ તદ્દન સ્વસ્થતાથી વૈભવી સાથે વર્તતી વસુંધરા...

*

વૈભવીએ ઘડિયાળમાં જોયું. પોણા દસ થયા હતા. અભય હજી આવ્યો નહોતો.

જો કે એણે સાંજે જ ફોન કરીને જાનકીને કહી દીધું હતું કે એ પનવેલ જવાનો છે...

પહેલાં મોડું થવાનું હોય કે બહાર જવાનું હોય તો અભય હંમેશાં વૈભવીના સેલ ફોન પર ફોન કરતો. છેલ્લા

થોડા સમયથી એ લૅન્ડ લાઇન પર ઘેર ફોન કરતો, જે ભાગ્યે જ વૈભવી ઉપાડશે એવી એને જાણ હતી. જે ફોન ઉપાડે એને સંદેશો આપીને અભય ફોન મૂકી દેતો.

અચાનક જ અભયે વૈભવી સાથેનું કમ્યુનિકેશન ઓછામાં ઓછું કરી નાખ્યું હતું. સવાલ-જવાબો કે ચર્ચા-દલીલો ન જ કરવી પડે એવી સ્થિતિ અભય જાણીજોઈને ગોઠવતો.

આજે સવારે જાનકી અને અજય સાથે જે થયું એ પછી અભય કશું બોલ્યો નહીં, પણ વૈભવી એટલું સમજી હતી કે પોતે અભયને જે રીતે ચડાવ્યો અને એ પછી જે બન્યું એનાથી અભયને સાચા અર્થમાં દુ:ખ પહોંચ્યું હતું. પહેલાં આવા પ્રસંગે અભય વૈભવીને બે શબ્દ કહેતો. આવું ન કરવા સમજાવતો, પણ આ વખતે એ કશું જ ન બોલ્યો.

*

દરવાજો ખોલતાંની સાથે જ પ્રિયા અભયના ગળે વળગી પડી. દરવાજામાં જ ઊભેલા અભયને એણે ચુંબનોથી નવડાવી દીધો.

'વિઝા અને ટિકિટની વ્યવસ્થા થઈ ગઈ.'

અને પછી એણે અભયની છાતીમાં માથું ઘસ્યું.

અભયે એક હાથ એની કમર પર વીંટાળીને બીજો હાથ એના વાળમાં ફેરવ્યો:

'હેપ્પી?'

'વેરી!'

પ્રિયા હજીય અભયથી છૂટી પડવા નહોતી માગતી.

'ઘરમાં આવું? કે અહીં જ ઊભાં ઊભાં...'

અભયનો હાથ પ્રિયાના ટી-શર્ટમાં થઈને એની પીઠની ત્વચા પર સરકતો એની ગરદન સુધી પહોંચ્યો હતો.

'ધત્!'

આટલું કહી પ્રિયાએ બન્ને હાથે અભયને કૉલરમાંથી પકડીને ઘરમાં ખેંચી લીધો. પછી અભયને બારણા તરફ ધક્કો મારી બારણાસરસો જડી દીધો અને એક પ્રગાઢ ચુંબન શરૂ થયું...

પ્રિયાએ પોતાના શરીર પર ચાદર ખેંચી. અભયે ઘડિયાળ જોઈ.

'શીટ! એક વાગ્યો?'

પ્રિયાના અવાજમાં ઉચાટ હતો:

'આજે ઘેરથી ફોન ન આવ્યો?'

'નહીં આવે.'

અભયે ચાદર ફગાવીને ફરી પ્રિયાને વહાલ કરવા માંડ્યું.

'હું પનવેલ ગયો છું.'

પછી પ્રિયાની ગરદન પર એક ભૂરું ચાઠું પાડીને કહ્યું:

'ત્રણ ફોરેન કોલોબરેટર સાથે!'

'તમને પણ ખરેખર દાદ દેવી જોઈએ.' પ્રિયા હસી.

'તો શું કરું? સાચું ત્યાં જ બોલાય, જ્યાં સહન થઈ શકે. વૈભવીને સવાલો પૂછવા છે, પણ એના જવાબમાં મળતું સત્ય એણે નથી સ્વીકાર્યું. એને તો એ જવાબ જોઈએ છે, જે એણે ધાર્યો છે...'

'પછી સિંગાપોરની ટ્રિપ માટે પ્રોબ્લેમ નહીં થાય?'

'મારી માને કહેવાનો છું, તદ્દન સાચું અને સ્પષ્ટ!'

'અને વૈભવી?'

'હું સિંગાપોર જઈશ એમાં તો જુઠ્ઠું બોલાય એવું નથી, પણ પ્રયત્ન એવો કરીશ કે આગળ સવાલ-જવાબ ન થાય.'

'એટલે?'

'એટલે માને કાલે સવારે કહીશ અને વૈભવીને પરમ દિવસે રાત્રે દસ વાગે.'

'વેલ...'

પ્રિયાના બિલ્ડિંગનાં પગથિયાં અભય ઊતર્યો ત્યારે દૂધવાળો અને છાપાવાળો બન્ને એને સામે મળ્યા!

શ્રીજી વિલાનો ગેટ ખોલીને એ દાખલ થયો ત્યારે વસુમા બગીચામાં કામ કરતાં હતાં. એમની પીઠ ગેટ તરફ હતી અને નવા આવેલા લાલ મહેંદીના ત્રણ છોડમાંથી એ સૂકાં પાંદડાં કાઢીને એને આકાર આપી રહ્યાં હતાં.

'કેમ, આજે કંઈ ગાતી નથી?'

અભયે આવીને માના ખભે હાથ મૂક્યો. વસુમાએ પાછળ જોયું.

'મા, આખી રાત સૂતી નથી કે શું?'

'કેવું છે નહીં, અભય?! જે માણસનું અસ્તિત્વ માત્ર તસવીરમાં હતું આટલાં વરસ એની ચિંતા નહીં કોઈ દિવસ, પણ આજે જ્યારે એ સદેહે આવીને પાછા આવી ગયા છે ત્યારે મન એમની ચિંતામાં અટવાયા કરે છે.'

'મા, એક વાત પૂછવાનું મન થયા કરે છે. પૂછું?'

વસુમાએ એકદમ મમતાભર્યા સ્મિત સાથે અભયના ચહેરા પર હાથ ફેરવ્યો.

'મા, હું ક્યારેક જોઉં છું કે તું બાપુ માટે ચિંતા કરે છે, એમના સમ્માન માટે અલયને પણ વઢી નાખે છે, એમના

સુખ માટે કંઈ પણ કરવા તૈયાર છે અને છતાં એમની સાથે અમેરિકા જવા તૈયાર નથી... એમને તારા ઓરડામાં પણ ન રાખ્યા...'

અભયની આંખોમાં સાચે જ કુતૂહલ હતું:

'હું તને સમજી નથી શકતો, મા...'

વસુમાના ચહેરા પર સ્મિત આવી ગયું:

'પુરુષ છે ને તું! એટલે સ્ત્રીની લાગણી ન સમજાય એ સ્વાભાવિક છે. ગમે તેટલી સ્વતંત્ર કે સ્વાભિમાની સ્ત્રીને પણ પોતાના પુરુષ પાસે પરાસ્ત થવું ગમે જ છે.'

'તો પછી?'

અભયના ચહેરા પર અસમંજસ હતી.

'પણ આટલાં વર્ષો દૂર રહ્યા પછી મને તારા પિતા પાસેથી એક જ વાતની અપેક્ષા હતી... મારા માટેની તરસ, મારા માટેનો તરફડાટ એવો જ હોય, જેવો મેં આટલાં વર્ષો અનુભવ્યો.'

'મા, એવું તો તું ન કહી શકે કે એમણે તને ફરી જીતવાનો પ્રયાસ ન કર્યો...'

'બરાબર બોલ્યો તું એમણે મને ફરી જીતવાનો પ્રયાસ કર્યો, પામવાનો નહીં!'

વસુમાની સામે એ જોઈ રહ્યો: કેવી સ્ત્રી હતી આ! અકળ અને છતાં કેટલી સરળ...

'મેં તારા બાપુને છાપામાં જાહેરાત આપીને બોલાવ્યા... એમની પાસે મારા સ્ત્રીત્વનો, મારા પત્નીત્વનો સ્વીકાર કર્યો... પણ અભય, એક વાત કહું? સ્ત્રીને પામવા માટે એને સર્વસ્વ સમર્પી દેવું પડે એક વાર! એ પછી સ્ત્રી તમને દસ ગણું કરીને પાછું આપતી હોય છે. એ બધું જ, જે તમે એને આપો!'

'મા, આવું તેં એમને કહ્યું હોત તો?'

'એક ત્યાં જ ઊણી ઊતરી હું, બેટા માગીને મેળવવું મારો સ્વભાવ નથી અને વગર માગ્યે આપવું તારા પિતાની પ્રકૃતિ નથી.'

મા-દીકરો ક્યાંય સુધી ચૂપચાપ એકબીજાને સમજતાં બેસી રહ્યાં!

પછી અભયે હળવેથી કહ્યું:

'હું પરમ દિવસે રાત્રે સિંગાપોર જાઉં છું. રાત્રે સાડા બારની ફ્લાઇટ છે.'

પછી ક્ષણેક અટકીને એનાથી પણ ધીમેથી ઉમેર્યું:

'હું અને પ્રિયા જઈએ છીએ, છ દિવસ માટે.'

'વૈભવી...'

'નથી જાણતી.'

અભયે માથી નજર હટાવીને દૂર શૂન્યમાં તાકતાં ઉમેર્યું:

'હું કહેવાનો પણ નથી.'

'જો બેટા, સલાહ નથી આપતી... અને તારી જરૂરિયાત પણ સમજી શકું છું, છતાં એક વાત કહેવાનું મન થાય છે.'

વસુમાએ બીજી તરફ જોઈ રહેલા અભયનો ચહેરો ચિબુકથી પકડીને પોતાની તરફ ફેરવ્યો:

'જે કરે છે એ કહેવાની હિંમત રાખ. જો તું એમ માને છે કે આમાં કંઈ ખોટું છે તો ન કર અને જો એમ માને છે કે આમાં કંઈ ખોટું નથી તો એનો સાચા હૃદયથી સ્વીકાર કર!'

'પણ મા, એ સહન નહીં કરી શકે.'

'સ્વાભાવિક છે!'

અભયની આંખમાં આંખ નાખી વસુમાએ..

'એ સ્વીકાર ન કરે એવું બને, પણ તારા સત્ય માટે એ હંમેશાં તારા તરફ માનની દૃષ્ટિએ જોશે, આવું તને તારી મા નહીં, એક સ્ત્રી કહે છે!'

અભય માની સામે એવી રીતે જોઈ રહ્યો, જાણે આજે માનું એક નવું ડાઈમેન્શન, નવું પરિમાણ એની સામે ઊઘડી રહ્યું હોય.

વસુમાના ચહેરા પર એક અજબ જેવો રંગ આવી ગયો હતો:

'જો બેટા, વફાદારી એટલે એક પત્નીત્વ કે માત્ર બીજી સ્ત્રી સાથેનો સંબંધ નહીં-એવી વ્યાખ્યા નથી... વફાદારી એટલે તમે જે કરો એનો બોજ ઉપાડવાની શક્તિ...'

'હું સમજું છું મા, પણ વૈભવીને કહીશ તો કકળાટ થશે અને હું શાંતિ ઇચ્છું છું, કોઈ પણ કિંમતે.'

પછી ઊંડો શ્વાસ લઈને ઉમેર્યું:

'એની કિંમત જુઠ્ઠાણું હોય તો હોય...'

'બેટા, હું અને તું બન્ને વૈભવીને વર્ષોથી જાણીએ છીએ. તને શું લાગે છે, તું એને કહીશ નહીં એટલે એ શોધી નહીં શકે? એ શોધી કાઢે અને તને નાનો સાબિત કરીને પકડી પાડ્યાની લાગણીથી તારી સાથે સવાલ-જવાબ કરે એને બદલે હિંમતથી એની આંખમાં આંખ નાખીને એને સત્ય કહીને જાય તો મને ગમે.'

પછી તરત જ ઉમેર્યું:

'તું પ્રિયાને લઈને જાય છે એમાં મારી સંમતિ છે એમ ન માનતો, પણ તેં જવાનું નક્કી કર્યું જ હોય તો શું કરવું એટલા પૂરતી જ આ ચર્ચા છે.'

'એટલે મારો પ્રિયા સાથેનો સંબંધ તને નથી ગમતો?'

વસુમા ક્ષણેક અભયની સામે જોઈ રહ્યાં. પછી એક સ્મિત કર્યું:

'જો બેટા, હું તારી મા છું એ સાચું, તું મને ખૂબ વહાલો છે એ પણ સાચું, પણ હું એક સ્ત્રી છું અને નાના-મોટા અંશે વૈભવીને જે થાય છે એ પીડામાંથી પસાર થઈ ચૂકી છું.'

પછી મા-દીકરા વચ્ચેથી ખાસ્સીએવી મૌન અને વજનદાર ક્ષણો પસાર થઈ ગઈ.

'તું હવે એટલો નાનો નથી કે મારા ગમા-અણગમા પર આધારિત જિંદગી જીવવા તને મજબૂર કરી શકું, પણ બેટા, તું જે કરે છે એનો હું વિરોધ નથી કરતી એટલે મારી સંમતિ છે એવું પણ નહીં માની લેતો.'

'ચોખ્ખી વાત કર. દરેક વાતમાં ફિલોસોફી અને દરેક વાતમાં ગોળ ગોળ જવાબ જોઈતા નથી મારે. હા અથવા ના... બ્લૅક ઑર વ્હાઇટ...'

'બેટા, જિંદગી ખરેખર હા અથવા ના કે બ્લૅક અથવા વ્હાઇટ હોત તો આટલી બધી ગૂંચવણો હોત?'

એમણે અભયના માથે હાથ ફેરવ્યો:

'હું તારી જરૂરિયાત સમજું છું. તારી લાગણી સમજું છું અને છતાં એવું પણ સમજું છું કે પરિસ્થિતિનો જે ઉકેલ તેં શોધ્યો છે એ એકમાત્ર ઉકેલ નથી જ...'

'મા, આ કોઈ ઉકેલ નથી. વૈભવી સાથે નથી બનતું માટે પ્રિયા છે એવું શા માટે ધારે છે તું?'

પછી અભયે અત્યંત કોમળ અને લાગણી ભર્યા અવાજે ઉમેર્યું:

'પ્રિયા છે, કારણ કે પ્રિયા પ્રિયા છે. એ મને આ ઉંમરે અને આવી રીતે મળી એટલો જ અફસોસ છે...'

'જો બેટા, આ એટલી બધી અંગત બાબત છે કે એનો નિર્ણય કોઈ ત્રીજી વ્યક્તિ પોતાની જગ્યાએ બેસીને કરી શકે જ નહીં. તારી પરિસ્થિતિમાં તારાથી વધુ સારો નિર્ણાયક કોણ હોઈ શકે?'

'એટલે જ કહું છું મા, કે વૈભવી આવી છે એટલે પ્રિયા નથી, પણ પ્રિયા આવી છે એટલે એ છે! હું એને ચાહું છું મા, સાચા હૃદયથી અને એ પણ મને ખૂબ પ્રેમ કરે છે. હું ઘર છોડીને નથી જવાનો... પણ એની સાથે થોડોક સમય ગાળવાની મારી ફરજ અને ઇચ્છા બન્ને છે...'

'આટલી જ સ્પષ્ટતા હોય તો વૈભવી સાથે વાત કરજે એવું હજીય મારું માનવું છે...'

પછી હાથ પર બાંધેલી ઘડિયાળમાં સમય જોઈને કહ્યું:

'ચાલો, નાસ્તાનો સમય થઈ ગયો છે.'

વસુમાની ટટાર ચાલ અને જિંદગી તરફની એમની ઈમાનદારી જોઈને અભય મનોમન જાણે વંદન કરી રહ્યો.

*

સૂર્યકાંત મહેતા જ્યારે જે.એફ.કે. ઍરપોર્ટ પર ઊતર્યા ત્યારે મધુભાઈ લેવા આવ્યા હતા. મધુભાઈનો ચહેરો

જોઈને સૂર્યકાંતને કોણ જાણે કેમ પણ ઊંડી ફાળ પડી.

‘મધુભાઈ, બધું બરાબર છે ને?’

‘કશુંય બરાબર નથી, ભાઈ... રોહિતબાબા...’

સૂર્યકાંતના ખભે માથું ઢાળીને એ રડી પડ્યા...

* * *

46

અભય અને વસુમા બગીચામાં બેસીને વાત કરી રહ્યાં હતાં. અલય એ જ વખતે બૅગ લઈને બહાર નીકળ્યો.

'મા, હું નીકળું છું.' વસુમાને એ પગે લાગ્યો.

'બેટા, હું જાણું છું તું બિઝી હોઈશ, પણ સંપર્કમાં રહેજે, દીકરા.'

અલયથી અકારણ જ પુછાઈ ગયું:

'બાપુનો કોઈ મેસેજ?'

'એટલે જ ચિંતા થાય છે, જે સ્થિતિમાં અહીંથી ગયા છે એ સ્થિતિમાં ત્યાં શું થયું હશે...'

'બે દિવસ થયા, મા, હું ફોન કરું.' અભયે ખિસ્સા માંથી સેલ ફોન કાઢ્યો:

'ક્યારનાં પહોંચી ગયા હોવા જોઈએ.'

'ફ્લાઇટ ડીલે હશે.' અલયે નીકળવાની તૈયારી કરી.

'અરે, પણ એવું કેવી રીતે ચાલે? પરમ દિવસે રાતના ગયા છે. ઍટલીસ્ટ હેમખેમ પહોંચ્યા છે એટલું તો...'

'હમણાં રહેવા દે. બપોર સુધી રાહ જોઈએ. પછી નક્કી કરીશું'

વસુમાએ અભયના ખભે હાથ મૂક્યો.

'મા, શૂટિંગમાં વ્યસ્ત હોઈશ. સાત જ દિવસમાં શિડ્યુઅલ પતાવવાની ઇચ્છા છે, પણ જરૂર પડે તો ફોન કરજે...' વસુમાને એ ભેટ્યો.

'ક્યાં જવું છે? ઍરપોર્ટ?' અભય પણ ઊભો થયો.

'યાહ...'

'ચાલ, મૂકી જાઉં.'

'શ્રેયા નથી આવવાની?' અલય સામે જોઈને વસુમાએ પૂછ્યું. પછી કોઈ દિવસ સલાહ ન આપતાં વસુમાએ આજે અભયને કહ્યું:

'દીકરા, આખી રાતનો ઉજાગરો છે. ડ્રાઇવિંગ ન કરે તો સારું.'

'ઓ, શ્રેયા તો કંપનીના કામે બેંગલોર ગઈ છે. ત્યાંથી એ સીધી ગોવા આવવાની છે. એ ચાર દિવસ પછી પહોંચશે ત્યાં સુધી મારું કામ પણ પતી જશે.' પછી અભય તરફ ફરીને અલયે કહ્યું:

'હું ટેક્સીમાં જતો રહીશ, ભાઈ મા કહે છે તો...'

'કમ ઑન મા, મારા માટે ઉજાગરો કે ડ્રાઇવિંગ કશુંય નવું નથી.'

અલયના ખભે હાથ મૂકીને અભય બહાર નીકળી ગયો.

વસુમા ફરી પાછાં પોતાના બગીચામાં પરોવાયાં, પણ કોણ જાણે કેમ એમનું મન કોઈક આવનારા અમંગળની આશંકાથી ફફડી રહ્યું હતું.

અજયે સવારે આંખ ઊઘડતાં જ જાનકીને કહ્યું હતું:

'તારા ઇન્કમ ટૅક્સ રિટર્નના કાગળો, ઇન્વેસ્ટમેન્ટનાં પેપર્સ અને કૉલેજની બાર પે-સ્લિપ જોઈશે મને.'

'શાના માટે?' જાનકી જાણતી હોવા છતાં એણે પૂછ્યું.

'પેપર્સ ફાઈલ કરવા.'

'મારે નથી ફાઈલ કરવાં મારાં પેપર્સ.'

'સ્ટુપિડ જેવી વાત નહીં કર.'

અજય ઝટકાથી બેઠો થયો અને જાનકી પાસે આવી ગયો:

'અહીં એકલી રહીશ?'

'ના, મા છે, અભયભાઈ છે, અલયભાઈ છે ને થોડા વખતમાં તો શ્રેયા પણ આવી જશે.'

'ઓહ! એટલે એ બધાં સાથે રહેવું છે, પણ મને છોડી દેવો છે, ખરું?'

'છોડીને જવાનું તમે નક્કી કર્યું છે અજય, મેં નહીં.'

'જાનકી, આ મૂરખ જેવી જીદ છે તારી.'

'અજય, આ મારો પોતાનો અંગત અભિપ્રાય છે, જીદ નથી અને મારે આ દેશ છોડીને ક્યાંય બીજે જઈને નવેસરથી જિંદગી શરૂ કરવાની જરૂર નથી.'

'જો જાનકી, આપણે લગ્ન કર્યાં ત્યારે નક્કી કર્યું હતું કે સુખમાં અને દુઃખમાં સાથે રહીશું.'

અજયે ઈમોશનલ દાવ ચલાવવાનો પ્રયત્ન કર્યો.

'એની ક્યાં ના પાડું છું? હું તમારી સાથે જ છું. સુખમાં પણ ને દુઃખમાં પણ...'

'જાનકી, તું તદ્દન અક્કલ વગરની વાત કરી રહી છે. મારી સાથે હોવા માટે તારે મારી સાથે રહેવું પડે.'

'એવું ક્યાં છે? આપણાં મા જ બાપુ સાથે નથી રહેતાં, પણ હૃદયથી જોડાયેલાં છે.'

'જો જાનકી, મારી માએ જે કર્યું એ એની બેવકૂફી હતી.'

'શું બોલો છો?'

'મને હવે સમજાયું છે કે મારી મા જેટલી ઈગોસેન્ટ્રીક અને માત્ર પોતાની જાતનો જ વિચાર કરતી સ્ત્રી મેં

બીજી નથી જોઈ. એ માણસ છેક અમેરિકાથી અહીં આવ્યા હતા, મારી માએ જાહેરાત આપીને બોલાવ્યા હતા. એ પછી એમને ગેસ્ટ રૂમમાં રાખવાનો અને એમની સાથે મહેમાનો જેવો વ્યવહાર કરવાનો શો અર્થ હતો એ મને હજી નથી સમજાયું...'

'નહીં સમજાય, કારણ કે તમે તમારી માને જ નથી સમજ્યા, હજુ સુધી.'

'ખરી વાત છે. અમુક માણસોને સમજવામાં તમે આખી જિંદગી કાઢી નાખો તોય તમને એ માણસ ન સમજાય... મારી મા એમાંની એક છે.'

'અજય, તમે સાવ બદલાઈ ગયા છો. ક્યાં એ સીધોસાદો, લાગણીશીલ અજય અને ક્યાં આ ડૉલરની ચમકતી અંજાયેલી આંખોવાળો માત્ર ડૉલરના જ દૂરબીનથી દુનિયાને જોઈ શકતો એક ડઘાયેલો માણસ!'

'મારે દલીલો નથી કરવી. તું મને પેપર્સ આપીશ કે નહીં આપે?'

'મેં તમને ના પાડી દીધી.'

'હું હજી એક વાર અને છેલ્લી વાર પૂછું છું, જાનકી, વિચારીને જવાબ આપજે. એ પછી તું કરગરીશ તો પણ નહીં લઈ જાઉં તને.'

'થેન્ક યુ.'

જાનકી રૂમની બહાર નીકળવા ગઈ ત્યારે અચાનક એને ખયાલ આવ્યો કે એના રૂમના દરવાજે વસુમા શાંતિથી ઊભાં રહીને આ સંવાદ સાંભળતાં હતાં.

કોણ જાણે ક્યારથી ઊભાં હશે, મા અને શું શું સાંભળ્યું હશે?

જાનકીનું હૃદય એક થડકારો ચૂકી ગયું:

'મા... તમે?!'

'તમને નાસ્તા માટે બોલાવવા આવી હતી. તને રસોડામાં ન જોઈ એટલે...'

'હાં' જાનકીએ શબ્દો ગોઠવવા માંડ્યા:

'અમે જરા...'

'મેં ગઈ કાલે જ નાસ્તાના ટેબલ પર કહ્યું હતું કે હવે પેપર્સ ન આવે ત્યા સુધી આ વિશે કોઈ ચર્ચા નહીં થાય...'

'હા મા, પણ...' જાનકીએ આગળ દલીલ કરવાનું છોડીને રસોડા તરફ જવામાં બધાંની ભલાઈ છે એમ માની લીધું. વસુમા જાનકીને જવા દઈને ક્ષણેક દરવાજા પાસે જ થોભ્યાં. પછી અજયના ઓરડામાં દાખલ થયાં.

અજય એવી રીતે વર્તી રહ્યો હતો, જાણે વસુમા ત્યાં ઊભાં હતાં એની એને ખબર જ નથી. એને પણ સમજાયું હતું કે એમની વાતચીતના છેલ્લા કેટલાક અંશ વસુમાને કાને પડ્યા જ હશે, પણ એણે વાતને ટાળી જવાનું મુનાસિબ સમજ્યું.

'બેટા, તું શું માને છે એની સામે કોઈ સફાઈ નથી આપવી મારે, પણ મારે નહોતી સાંભળવી છતાં તારી થોડી વાતો સાંભળી છે મેં અને એના જવાબમાં મારે ફક્ત એક જ વાક્ય કહેવાનું છે, તારે સાંભળવું હોય તો...'

વસુમા જાણે અજયનો જવાબ સાંભળવા માટે ક્ષણભર થોભ્યાં.

થોડીક ક્ષણ માટે ઓરડામાં વજનદાર મૌન છવાઈ ગયું. અજય માની સામે જોઈ રહ્યો. ઢીલો અંબોડો, લેમન યલો કલરની કલકત્તી સાડી, બંધ ગળાનું આખી બાંયનું બ્લાઉઝ, ત્રીસ-પાંત્રીસની કોઈ યુવતીને શરમાવે એવી ચમકતી રેશમી ત્વચા...

એમની આંખોમાં કોઈ એવી પીડા હતી, જે અજયને છેક ઊંડે સુધી ખૂંપી ગઈ.

'સાંભળવું છે, બોલ.'

અજયે કહ્યું તો ખરું, પણ એને ખબર હતી કે વસુમા જે કંઈ કહેશે તે એટલું સત્ય હશે કે એની પીડા કદાચ પોતે સહી નહીં શકે.

'બેટા, કોઈ પણ માણસ વિશે ન્યાય તોળવા બેસવા પહેલાં કે એના વિશે અભિપ્રાય આપતાં પહેલાં જાતને એક વાર એની જગ્યાએ મૂકી જોવી. એનાથી બે ફાયદા થશે. એક, કદાચ તમે એ માણસની પરિસ્થિતિ સમજી શકો અને બીજો, એ માણસને એટલો વિશ્વાસ રહેશે કે તમે એનો ન્યાય તોળતાં પહેલાં એની પરિસ્થિતિ સમજવાનો પ્રયાસ તો કર્યો જ છે...'

'મા, આ જ વાત હું તને પણ કહી જ શકું ને?'

વસુમા હસી પડ્યાં:

'કહી જ શકે, જો હું તારા વિશે કોઈ ન્યાય તોળવાનો પ્રયાસ કરું.'

અજય ભોંઠો પડી ગયો. વસુમાની વાત તો સાચી હતી. એમણે ક્યારેય કોઈના વિશે અભિપ્રાય ઉચ્ચારવાનું પસંદ નહોતું કર્યું. આજે પણ અજયની વાત સાંભળીને એમણે અજયને પોતાના વિશે કશું કહેવાને બદલે એક સાદી છતાં સચોટ ફિલોસોફીની વાત કહી હતી.

'મા, તું બાપુ સાથે જે રીતે વર્તી એ મને નથી ગમ્યું.'

અજયે હિંમત કરીને વસુમાની આંખમાં જોયા વિના કહી નાખ્યું.

'જાણું છું. તને જ શું કામ, અભયને અને કદાચ અંજલિને પણ નથી ગમ્યું...'

'તો મા, અમને કોઈને ન ગમે એવું શું કામ કર્યું તે? બાપુ આપણા સૌના માટે છેક ત્યાંથી અહીં આવ્યા અને તેં એમની સાથે...'

અજય એકદમ લાગણીશીલ થઈ ગયો. એનું ગળું ભરાઈ આવ્યું.

'બેટા, મેં એમની સાથે કંઈ નથી કર્યું. ખૂબ સલૂકાઈથી અને સ્નેહથી વર્તી છું હું એવું તો તારા બાપુ પણ સ્વીકારશે'

'આ એમનું ઘર છે. એમને એક મહેમાનની જેમ ગેસ્ટ રૂમમાં...'

અજયે ફરી એક વાર હતી એટલી હિંમત ભેગી કરી:

'તારા ઓરડામાં પણ રાખી શકી હોત તું.'

'કેમ નહીં?,

વસુમાનો અવાજ હજી પણ એટલો સ્નેહાળ અને હેતાળ હતો. ચૉકલેટ માટે જીદ કરતા આઠ વર્ષના અજયને મનાવતાં હોય એટલું વહાલ અને મક્કમતા એમના સ્વરમાં હતાં.

'કેમ નહીં? રાખી જ શકી હોત, પણ બેટા, મહામુશ્કેલીથી મને એ ઓરડામાં એકલાં રહેવાની ટેવ પડી છે. એક મહિના પછી, બે મહિના પછી કે છ મહિના પછી તારા બાપુ જ્યારે પાછા જવાની વાત કરત ત્યારે માંડ માંડ ગોઠવેલી જિંદગીમાં ફરી એક વાર ઊથલપાથલ થઈ જાત એનું શું? ત્યારે કોણ ગોઠવી આપત મારી વીખરાયેલી જાતને!'

'તું અમેરિકા પણ જઈ શકી હોત. એમણે તને અહીં એકલાં રહેવાનું કહ્યું નથી.'

'જરાય નહીં, ઊલટાનો એમણે તો આગ્રહ કર્યો સાથે જવા માટે.'

વસુમાએ અજયની નજીક જઈ એના બન્ને ગાલ પર હાથ મૂકીને એનો ચહેરો પોતાના તરફ ફેરવ્યો:

'અહીં જે પરિસ્થિતિ છે એને આમ જ મૂકીને ચાલી જાઉં? અભય અને વૈભવી, અલય અને શ્રેયા જે સ્થિતિમાંથી પસાર થાય છે એમાં મા તરીકે મારી કોઈ જવાબદારી નથી? બેટા, હું પત્ની પછી ને મા પહેલાં રહી છું આખી જિંદગી.'

હવે એમનું ગળું ભરાઈ આવ્યું હતું:

'મને એમ હતું કે કાંતના આવ્યા પછી એ રોલ રિવર્સ થશે. હું પત્ની પહેલાં અને મા પછી થઈશ...'

'મા...'

અજયને જાણે આંખ સામેથી ધુમ્મસ હટવા લાગ્યું.

કેટલું વિચારી શકતી હતી આ સ્ત્રી! અને છતાંય કોઈને કશું કહ્યા વિના ચૂપચાપ પોતાની જવાબદારી સમજીને પોતાના અંગત સુખનું બલિદાન એવી રીતે આપતી હતી, જાણે એને માટે રમત હોય!

'બેટા, અભય એટલો મોટો હતો કે એની સાથે મેં ઘરની જવાબદારીઓ વહેંચી, ખાસ કરીને આર્થિક જવાબદારીઓ. એ બિચારો કમાવામાંથી ઊંચો આવે તો મારી સામું જુએને? અલય અને અંજલિ એટલાં નાનાં હતાં કે એ કશું સમજે એવી આશા રાખવી જ વ્યર્થ હતી... પણ તું તો મારી સાથે રહ્યો છે. મારાં આંસુ અને ઉજાગરાનો સાક્ષી...'

વસુમાના હાથ હજીય અજયના ગાલ પર હતા.

'મા, કોણ જાણે કેમ મારાથી ભૂલ થઈ ગઈ.'

'બેટા, કાંતે જે નિર્ણય લીધો એમાં એ પિતા પહેલા અને પતિ પછી હતા... મારા પક્ષે પણ એમ જ કરવું યોગ્ય હતું. એ વાતની ચર્ચા અમે બન્નેએ ન કરી, પણ અમે બન્ને સમજી શક્યાં.'

વસુમાએ અજયના ગાલ થપથપાવીને હાથ છોડી દીધો:

'એવું હું માનું છું.'

'મા, તું કેમ આવી છે?'

'કારણ કે હું મા છું, દીકરા.'

વસુમાને ભેટીને અજય રડી પડ્યો:

'મારે આવું નહોતું કહેવું જોઈતું.'

'તને જે લાગ્યું તે તેં કહ્યું. મને એમાં કોઈ મનદુઃખ નથી બેટા, પણ હા, જાનકીની સાથે કોઈ પણ વર્તન કરતાં પહેલાં એક વાર એટલું વિચારજે કે એ છોકરી માટે આપણે જ એનું કુટુંબ, સગાંવહાલાં કે પરિવાર છીએ.'

વસુમાં આટલું કહીને ઓરડાની બહાર નીકળી ગયાં.

અજય ત્યાં જ ઊભો રહી ગયો. ટેબલ પર પડેલા પાસપોર્ટની ફોટોકોપી. હૃદયનું બર્થ સર્ટિફિકેટ અને બીજાં કાગળિયાં પંખાની હવામાં ફરફરતાં હતાં.

અમેરિકા જવા માટે બધું જ છોડવા તૈયાર થઈ ગયેલો અજય ફરી એક વાર મુંઝવણમાં પડી ગયો.

*

કેપ્રિઝ અને ખુલ્લા ખભાના ઑફ શોલ્ડર ટાઇટ ટી-શર્ટમાં અનુપમા ખરેખર અનુપમા દેખાતી હતી...

લાંબા વાળનો. એણે એક ચોટલો વાળ્યો હતો. આંખોને સન ગ્લાસીસથી ઢાંકી હતી. એની મસમોટી બૅગને રોલ કરીને અને વેનિટી કેસ ઊંચકીને એની હેરડ્રેસર એની પાછળ પાછળ ચાલતી હતી. એની જોડે ચાલતો સંજીવ હાથમાં રહેલાં કાગળિયાં બતાવીને એને કંઈક સમજાવતો હતો, પણ અનુપમાનું ધ્યાન નહોતું. એની નજર ચારે બાજુ અલયને શોધતી હતી.

અભયની ગાડીમાંથી અલય ઊતર્યો બૅગ લીધી, હેન્ડ લગેજ લીધો અને આવજો કરીને ડિપાર્ચર તરફ આગળ વધ્યો.

'હાઈ, હેન્ડસમ.'

અનુપમાએ અલયના ખભે ધબ્બો માર્યો અને ગળે વળગી પડી.

'મહેરબાની રાખ.' અલયે એને સહેજ છૂટી પાડી:

'અહીંયાં યાદવાસ્થળી થઈ જશે.'

'યાદવાસ્થળી? વ્હૉટ ઈઝ ધૅટ?'

અનુપમાએ સન ગ્લાસીસ માથે ચડાવ્યાં.

'બધા એકબીજાને મારવા મંડી પડશે. એ જાણવા માટે કે અનુપમા ઘોષ કોના ગળે પડી છે.'

'યુ આર વેરી મીન...'

'આઈ મીન ઈટ...' અલયે અનુપમાનો ગાલ થપથપાવ્યો:

'ચલ, ચેક-ઈન કરીએ. બાકી બધા ક્યાં છે?'

'મને શું ખબર? હું ને તું જઈએ છીએ. હવે કોઈ આવે કે નહીં, મારે શું?'

અનુપમા ખડખડાટ હસી. મોતીના દાણા જેવી એની દંતપંક્તિ ઝળકી ઊઠી. એટલી વારમાં તો ત્યાં ટોળું થઈ ગયું. ઑટોગ્રાફ લેવાવાળા, એની સાથે હાથ મિલાવવાવાળા અને ફોટો પાડવા માટે આતુર ફેન્સ ધક્કામુક્કી કરવા લાગ્યા.

અનુપમા ઘેરાઈ ગઈ. સંજીવ લોકોને રોકવાનો પ્રયાસ કરતો હતો, પણ જોતજોતામાં અઢીસો-ત્રણસો માણસની ભીડ થઈ ગઈ. લોકો એકબીજા પર પડવા લાગ્યા અને ભીડમાંથી કેટલાકે અનુપમાને છેડવાની ચેષ્ટા કરી.

'અલય...' અનુપમાએ બૂમ પાડી.

દૂર ઊભેલો અલય સેલ ફોન પર કોઈની સાથે વાત કરતો હતો. એણે જેવું અનુપમા સામે જોયું, બરાબર એ જ સમયે કોઈકે અનુપમાનું ઑફ શોલ્ડર ટી-શર્ટ પાછળથી ખેંચ્યું. ટી-શર્ટ આગળથી પણ નીચે ઊતરી ગયું. ભરી ભીડની વચ્ચે અનુપમાનું ટી-શર્ટ લગભગ પોણો વેંત જેટલું નીચે સરકી આવ્યું. હવે એની બ્રા સ્પષ્ટ દેખાવા લાગી. અનુપમાએ ચીસ પાડી...

એ કંઈ કરે તે પહેલાં કોઈકે અનુપમાની બ્રા ખેંચી. એ પણ ચિરાઈ ગઈ. અનુપમા લગભગ ટૉપલેસ જેવી દશામાં આવી ગઈ. એણે બે હાથથી જાતને ઢાંકવાનો પ્રયત્ન કરવા માંડ્યો. એની આંખોમાંથી આંસુ ધસી આવ્યાં.

ટોળાએ સંજીવને ધક્કે ચડાવ્યો હતો. ઍરપોર્ટ પોલીસ ભીડને કન્ટ્રોલ કરે એ પહેલાં કોઈકે કૅમેરાનો ફ્લૅશ કર્યો. બન્ને હાથથી પોતાના ખુલ્લા થઈ ગયેલા સૌંદર્યને ઢાંકતી અનુપમા ફરી અલયના નામની બૂમો પાડવા લાગી.

સેલ ફોન ખિસ્સામાં સરકાવી ભીડને ધક્કા મારતો અલય પલકવારમાં અનુપમા સુધી પહોંચી ગયો. થરથર ધ્રૂજતી અનુપમાને એક હાથે એણે પોતાના બાહુપાશમાં લપેટી લીધી અને બીજા હાથે બટન ખોલીને પોતાનું શર્ટ કાઢી નાંખ્યું અને એ શર્ટ અનુપમાને લપેટીને અલય ભીડમાંથી અનુપમાને બહાર ખેંચી ગયો

'બૉડીગાર્ડ તો અચ્છા રખા હે... પૂરી બૉડી કો ગાર્ડ કરતા હે ક્યા?' ભીડમાંથી કોઈ બોલ્યું. અલય પાછળ ફર્યો. એણે બોલનારની સામે જોયું. પછી અનુપમાને ત્યાં છોડીને પેલા માણસને કૉલરમાંથી પકડીને એણે એક મુક્કો જડી દીધો. ડઘાઈ ગયેલા પેલાના નાકમાંથી લોહી વહી નીકળ્યું.

'બીવી હૈ ક્યા તેરી? ઈતના તેવર ક્યૂં દિખાતા હૈ?'

ભીડમાંથી ફરી કોઈ બોલ્યું. અલયે ફરી બોલનારને કૉલરમાંથી પકડ્યો અને ધક્કો મારીને એનું માથું ભીંતમાં અફાળ્યું.

શર્ટ વગરનો અલય ઍરપોર્ટ પર અઢીસો માણસોની ભીડ સામે એકલો ઊભો હતો. ભીડ ગમે ત્યારે એની પર તુટી પડે એવી કટોકટી સર્જાઈ ગઈ.

સંજીવને અત્યારે અનુપમાને અહીંથી લઈ જવાનું વધારે યોગ્ય લાગ્યું:

'મૅડમ, તમે ચલો.'

'પણ અલયને... ?'

એણે અનુપમાનો ખભો પકડીને જરા ખેંચી. અનુપમા એને ઝટકો મારીને અલય સામે જોતી રહી.

ભીડમાં દાખલ થઈને બહાર નીકળતાં થઈ ગયેલો પરસેવો, ઉઘાડી પીઠ, સિંહ જેવી કમર, વીખરાયેલા વાળ અને આંખોમાં ગજબનું ઝનૂન...

અનુપમાને વારી જવાનું મન થતું હતું.

'ઇતના પ્યાર હૈ તો શાદી ક્યૂં નહી કર લેતા?'

'આવા આશિક તો કેટલાય હશે!'

ટોળ હસી પડ્યું. ભીડમાંથી જાતજાતની કમેન્ટ આવતી હતી. અલય મગજ ગુમાવીને ફરી કોઈ પર તૂટી પડે ત્યાં જ ઍરપોર્ટ પોલીસ હાજર થઈ ગઈ.

આખી રમત માંડ પાંચ-સાત મિનિટ ચાલી હશે, પણ સંજીવને એવું લાગ્યું કે જાણે કલાકો વીતી ગયા. પોલીસને જોઈને એણે નિરાંતનો શ્વાસ લીધો. અનુપમા દોડીને અલયને ભેટી પડી. એ હજીય ધ્રૂજતી હતી. ક્યારનું રોકી રાખેલું એનું રડવું હવે ધ્રૂસકું બનીને છૂટી ગયું.

'અનુ, ઈટ'સ ઓકે...'

અલય એની પીઠ પર હાથ ફેરવતો હતો અને અનુપમા પોતાને આ રીતે સમ્માનથી ભીડની બહાર કાઢનાર, પોતાને માટે આટલી મોટી ભીડ સામે ઉઘાડી છાતીએ ધસી જનાર પુરુષના પ્રેમમાં એક પગથિયું વધુ ઊંડી ઊતરી ગઈ. શર્ટ વગરના અલયની છાતી પર વળગીને એ ધ્રૂસકાં ભરતી રહી...

*

અલયને ઍરપોર્ટ ઉતારીને પાછો ફરેલો અભય આખી રાતના ઉજાગરા સાથે સીધો પોતાના રૂમમાં ગયો.

વૈભવી એની રાહ જ જોતી હતી.

'ક્યાં હતા આખી રાત?'

અભયને માની વાત યાદ આવી ગઈ. એણે વૈભવી સામે જોયું:

‘સાચું કહી દઉં? સહન થશે?’

‘મને નથી ખબર એમ નહીં માનતા.’

‘તો શા માટે પૂછે છે, વૈભવી?’

‘એ જોવા કે મને કહેતાં તમારી આંખોમાં કોઈ અફસોસ કે શરમ આવે છે કે નહીં?’

‘વૈભવી, તને નથી લાગતું કે આ ચર્ચા જરૂરથી વધારે લંબાઈ ગઈ છે?’ પછી હસીને ઉમેર્યું:

‘તું રોજ જુએ છે એવી ડેઈલી સોપ નથી આ, જેમાં એકની એક વાત પર સાત-આઠ એપિસોડ ખેંચવા જ પડે.’

‘તમને મજાક સૂઝે છે?’

વૈભવીએ અભયની સામે જોયું પછી નજીક આવીને હાથ પકડી એની આંખોમાં આંખો નાખી:

‘તમને સમજાય છે? આપણાં બાળકો યુવાન થઈ રહ્યાં છે ત્યારે તમે આ બધું...’

‘શું આ બધું, વૈભવી?’ કહેતો અભય પલંગમાં લાંબો થયો:

‘મારે થોડી વાર ઊંઘી જવું છે, ઈફ યુ ડોન્ટ માઇન્ડ.’

‘આખી રાતનો ઉજાગરો હશે.’

વૈભવીનો એક એક શબ્દ દાઢમાંથી નીકળ્યો.

‘હા, પણ આ ઉજાગરો મારી મા, કે મારો ભાઈ, કે મારાં ભાઈ-ભાભી કેટલાં ખરાબ છે અને તું એમની સાથે કેટલું ઍડ્જસ્ટ કરે છે એ સાંભળવા માટેનો કે મને પરણીને તું કેટલી દુ:ખી થઈ છે એ સાંભળવા માટેનો નહોતો...’

‘તમારી તો બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે, અભય.’

‘હશે.’ અભયે તકિયો માથા પર મૂક્યો.

વૈભવીએ તકિયો ખસેડી નાખ્યો:

‘સવારના પહોરમાં શું વાત કરતા હતા મા સાથે? આટલી બધી...’

અભય હસી પડ્યો: આટલી બધી... એને ખૂબ હસવું આવતું હતું:

‘વૈભવી, હું મારી મા સાથે વધારે વાત કરું એમાંય તને વાંધો છે?’

પછી અચાનક જ સિરિયસ થઈ જતાં એણે જાણે કોઈ નિર્ણય કર્યો હોય એમ વૈભવીની આંખમાં આંખ પરોવી:

‘હું સિંગાપોર જાઉં છું. પરમ દિવસે રાત્રે સાડા બારની ફ્લાઇટ છે.’

'એકલા?'

જે સવાલનો ભય હતો એ જ પુછાયો.

'ના.'

'પેલી આવવાની હશે.'

'હા.'

'શરમ નથી આવતી?'

'ના.'

'તમારાં મા જાણે છે?'

'હા.'

'તો પછી હુંય મારાં મા-બાપને કહેવાની છું.'

'પ્લીઝ...'

અભય હજી વૈભવીની સામે જોઈ રહ્યો હતો:

'જે વાત હું એમને નથી કહી શકતો એ તું કહીશ તો તો બહુ સારું!'

વૈભવી થોડી ક્ષણ અભયની સામે જોતી રહી. પછી એકદમ જ એના પર તુટી પડી. એના વાળ ખેંચ્યા, નખ માર્યા અને એને હલબલાવી મૂક્યો. અભય ધીરજથી વૈભવીનો આ આક્રોશ સહેતો રહ્યો.

પછી વૈભવીએ બાજુમાં પડેલો અભયનો ફોન ઉઠાવ્યો. અભય જોતો રહ્યો.

'બોલો, ડાર્લિંગ.'

'વૈભવી બોલું છું.'

'જી, મૅડમ!'

'એક વાત કાન ખોલીને સાંભળી લે... અભય મારો છે અને તું કંઈ પણ કરીશ, તું અભયને નહીં પામી શકે...'

'મૅમ, હું અભયને પામી ચૂકી છું. એમની પત્ની બનવાનું સદ્‌ભાગ્ય આ જનમમાં મારા નસીબમાં નથી... ખબર છે મને હું એમની સાથે ક્યારેય નહીં જીવી શકું. કદાચ એની પણ ખબર છે મને, પણ મારા માટે પત્નીત્વ એ પ્રેમનું પરિણામ નથી.'

'કઈ હિંદી ફિલમનો ડાયલોગ છે આ? મૈં તુલસી તેરે આંગન કી?'

'મૅડમ, તમને આ ડાયલોગ જ લાગશે, કારણ કે તમે આ વાત સમજી શકો એમ નથી, પણ મારા માટે પ્રેમ એ

અભયના સુખની કામના છે. મારું સર્વસ્વ એમને સમર્પી દેવું અને બદલામાં કશુંય ન માગવું... એ પ્રેમ છે મારા માટે.'

'એમ કે? તો પછી સિંગાપોર શું કામ જાય છે એની સાથે? અહીં તો રોજરોજ સર્વસ્વ સમર્પે જ છે ને? કે બાકી રહી જાય છે કંઈ?'

હવે વૈભવીના સ્વરમાં કડવાશ ઉમેરાઈ ગઈ:

'મારાં લગ્નને વીસ વર્ષ થયાં છે, છોકરી એનાં બે સંતાનની મા છું હું... અવાજમાં શક્ય એટલો ગર્વ ઉમેરીને એણે કહ્યું:

'મિસિસ વૈભવી અભય મહેતા નામ છે મારું...'

'ને છતાંય તમે એમને સમજી ન શક્યાં. આટલો સરળ, આટલો લાગણીશીલ, આટલો પ્રેમાળ, આટલો સહનશીલ પતિ તમને મળ્યો છતાં તમે વીસ-વીસ વર્ષ તમારા એ સુખથી અજાણ રહ્યાં, વૈભવીબહેન... આજે જ્યારે તમારું એ સુખ તમને હાથમાંથી છૂટતું લાગે છે ત્યારે ડરી ગયાં છો તમે!'

વૈભવીનો ચહેરો પીળો પડી ગયો. અભય ધ્યાનથી એની સામે જોઈ રહ્યો હતો. એ સમજી શકતો હતો કે પ્રિયાએ કંઈક એવું કહ્યું છે, જે વૈભવીની આરપાર નીકળી ગયું છે.

બીજે છેડેથી પ્રિયા બોલતી રહી:

'મારે માટે મને અભય જેટલો સમય અને જે રીતે મળે છે એ જ પૂરતું છે... સુખથી છલકાવી દે છે એ મને... મને માત્ર એક જ વિચાર આવે છે કે આટલો વખત આ સુખ તમારી પાસે જ હતું, સાવ તમારું પોતાનું...'

પછી ખૂબ દૃઢતા સાથે એક એક શબ્દ છૂટો પાડીને પ્રિયાએ ઉમેર્યું:

'મિસિસ વૈભવી અભય મહેતા, તમે આ સુખ ન ભોગવી શક્યાં એ તમારું અને માત્ર તમારું દુર્ભાગ્ય છે.' સામે છેડે ફોન મુકાઈ ગયો હતો. વૈભવી હજીય સ્તબ્ધ થઈને ફોન કાને ધરીને પહોળી આંખે એમ જ બેઠી રહી!

*

સૂર્યકાંત મહેતા જ્યારે જે.એફ.કે. ઍરપોર્ટ પર ઊતર્યા ત્યારે મધુભાઈ લેવા આવ્યા હતા. મધુભાઈનો ચહેરો જોઈને સૂર્યકાંતને કોણ જાણે કેમ પણ ઊંડી ફાળ પડી:

'મધુભાઈ, બધું બરાબર છે ને?'

'કશુંય બરાબર નથી ભાઈ... રોહિતબાબા...'

મધુભાઈ સૂર્યકાંતના ખભે માથું ઢાળીને રડી પડ્યા.

લક્ષ્મીએ મધુભાઈને પકડીને હલબલાવી નાખ્યા:

'શું થયું રોહિતને?'

મધુભાઈની આંખો છલકાતી જતી હતી. ગળામાંથી શબ્દો નીકળતા નહોતા.'

'ભાઈ... રોહિતબાબા...'

મધુભાઈનો ચહેરો પકડીને એમને સૂર્યકાંતે છાતીથી અલગ કર્યા:

'બોલતા કેમ નથી, શું થયું છે રોહિતને?'

'ભાઈ, રોહિત જેલમાં...

મધુભાઈ, મને ખૂલીને વાત કરો, મને ગભરામણ થાય છે.'

'ભાઈ... '

મધુભાઈનો એક એક શબ્દ જાણે છાતી ચીરીને લોહીમાં ઝબોળાઈને આવતો હતો. બોલતી વખતે એમની આંખોમાંથી આંસુ ધસી રહ્યાં હતાં. ગળું રૂંધાઈ જતું હતું.

એમણે જ રોહિતને પોતાના હાથમાં ઝુલાવીને મોટો કર્યો હતો. એમને માટે રોહિત દીકરા જેવો જ હતો. આજે જે સમાચાર લઈને એ ઍરપોર્ટ પર આવ્યા હતા એ કહેવાની એમનામાં શક્તિ નહોતી અને છતાં કહ્યા સિવાય છૂટકો પણ નહોતો.

'ભાઈ, રોહિતે જેલમાં... સંત્રીની પિસ્તોલ ખેંચીને... પોતાના જ માથામાં...'

એ ત્યાં ફસડાઈ પડ્યા:

'આપણો રોહિત હવે નથી રહ્યો, ભાઈ.'

સૂર્યકાંત જાણે આ સમાચાર માની ન શકતા હોય એમ મધુભાઈ સામે અવાક થઈને તાકી રહ્યા...

* * *

47

ત્રણ દિવસ પછી વસુમાનો અવાજ સાંભળીને સૂર્યકાંતનું ગળું ભરાઈ આવ્યું.

વસુ...થી આગળ એ કશું બોલી જ ન શક્યા.

'શું વાત છે, કાંત? બધું બરાબર તો છે ને? રોહિત...'

'રોહિત નથી રહ્યો, વસુ.' આટલું કહેતાં તો સૂર્યકાંતની આંખમાંથી પાણી વહેવા માંડ્યું હતું:

'એ છોકરાએ જીવનભર મને યાદ કરાવ્યું કે હું મારી ફરજ ચૂક્યો છું અને જતાં જતાં મારા કપાળે કાળી ટીલી ચોડતી ગયો. મને કંઈ સૂઝ નથી પડતી.'

'લક્ષ્મી કેમ છે?'

'મારા કરતાં ઘણી સ્વસ્થ છે. અહીં બધું એણે જ કર્યું. ડેડબૉડીનો કબજો લેવાથી શરૂ કરીને લીગલ પેપર્સ કરવા સુધીની બધી જવાબદારી એ છોકરીએ પૂરી કરી, વસુ.'

'એને પણ તમે જ ઉછેરી છે ને, કાંત એની સામું જુઓ. જે ગયું છે એનો અફસોસ છોડી દો.'

'એ દીકરો હતો મારો, વસુ. ભલે મારું લોહી નહોતું...'

'સમજું છું કાંત, પણ આ પરિસ્થિતિમાં જાતને સાંત્વન આપવા માટે એકમાત્ર રસ્તો આ જ રહે છે કે આપણે જે થયું એને ભૂલીને આગળ જોવાનો પ્રયાસ કરીએ.'

'વસુ, મારે દીકરાની જરૂર છે... આટલો મોટો વ્યવસાય મારાથી એકલા હાથે હવે નહીં સંભાળાય. મારા ધૂંટણ ભાંગી ગયા, વસુ. આ છોકરાએ મને ક્યાંય નો ન રાખ્યો.'

'કાંત, એ મુક્ત થઈ ગયો અને તમને મુક્ત કરતો ગયો. એ જેલમાં હોત અને વર્ષો જેલમાં કાઢત તો તમારો જીવ કેટલો બળતો હોત એનો વિચાર કર્યો છે, કાંત? એનાથી પણ નહીં સહેવાતું હોય ત્યારે આવું પગલું ભર્યું હશે. એને માફ કરી દો, કાંત...'

વસુમાના અવાજમાં એ જ સંયમ અને સ્થિરતા હતાં. સામે છેડે સૂર્યકાંતનું આખું અસ્તિત્વ હચમચી ગયું હતું. અત્યારે એમને ચીડ ચડી રહી હતી:

મારા દીકરાની વાત છે એટલે આટલી શાંતિથી કરાય છે. એનો એકાદ દીકરો હોત તો આટલી સ્વસ્થ રહી શકી હોત, વસુ? એમને વિચાર આવ્યો, પણ તરત જ એમના મને જ જવાબ આપી દીધો:

અંજલિને થયેલા અકસ્માત વખતે કે વૈભવીએ નસ કાપી નાખી ત્યારેય વસુ તો સ્વસ્થ જ હતી...

વસુમા સામે છેડે કહી રહ્યાં હતાં:

'તમે અજયનાં પેપર્સ મોકલવાના હતા એનું શું થયું?'

'મેં મધુભાઈ કહ્યું છે. એ બધી વ્યવસ્થા કરી રહ્યા છે... અલય, અભય...'

'અલય ગોવા ગયો છે શૂટિંગમાં અને અભય કૉન્ફરન્સમાં સિંગાપોર જાય છે. અમે બધાં તમારી ચિંતા કરતાં હતાં. મને થયું કે ત્રણ-ત્રણ દિવસ ફોન ન આવે તો...'

'વસુ, અજયની સાથે તારાં પણ પેપર્સ મોકલાવું. તું અહીંયાં આવી જા હું બહુ એકલો પડી ગયો છું.'

'કાંત, આ હમણાંની લાગણી છે. થોડા વખત પછી તમને આવું નહીં લાગે. સમયથી મોટું કોઈ ઔષધ નથી. અજય આવશે, હૃદય આવશે ને કદાચ જાનકી પણ આવશે. ઘર ભરાઈ જશે. પરિસ્થિતિ થાળે પડી જશે, કાંત જાનકી બહુ ડાહી છોકરી છે.'

આખીય વાતચીત દરમિયાન સૂર્યકાંતને લાગ્યું કે વસુંધરા ફરી એક વાર એમનાથી દૂર થઈ ગઈ છે. આ હજારો કિલોમીટરના અંતરને કારણે હશે કે વસુમાના સ્વભાવને કારણે એનો નિર્ણય એ ન કરી શક્યા, પરંતુ એમને વસુમાના અવાજમાં એક દૂરી, એક અંતર સંભળાયું એ સાચી વાત...

ખાસ્સી વાર સુધી સૂર્યકાંતની સાથે વાત કરતાં વસુમાને જોઈ રહેલી વૈભવી એમની આગળ-પાછળ આંટા મારતી હતી. વૈભવીને એમની સાથે વાત કરવી હતી. એ જાણતી હતી કે આજે પ્રિયાને લઈને સિંગાપોર જઈ રહેલા અભયને જો આ દુનિયામાં કોઈ એક જણ રોકી શકે એમ હોય તો એ વસુમા હતાં. આજે એણે નક્કી કર્યું હતું કે એ પગે પડીને, હાથ જોડીને પણ અભયને જતો રોકશે.

વસુમા સાથે વાત કરતા સૂર્યકાંતને છાતીમાં હળવો દુખાવો થઈ રહ્યો હતો, પરંતુ આ જે કંઈ બન્યું એના કારણે હશે એમ માનીને એને બહુ સિરિયસલી ન લીધો અને વાત ચાલુ રાખી. વાતચીતમાં વચ્ચે એમણે વસુમાને કહ્યુંય ખરું:

'મુંબઈ છોડીને નીકળ્યો ત્યાં સુધી નહોતું લાગતું, પણ અહીં આવીને સમજાય છે કે મારી ઉંમર થઈ ગઈ છે, વસુ હવે શરીર જવાબ આપી દે છે. મનમાંય પહેલાં જેટલી સહન કરવાની શક્તિ નથી રહી. હવે જાણે પગ વાળીને બેસવું છે, નિરાંતે. થોડો સમય જાત માટે કાઢ્યો છે. વરસના અંતે જેમ બૅલેન્સશીટ કાઢીએ એમ જિંદગીની બૅલેન્સશીટ પણ કાઢવી છે, વસુ.'

વસુમા હસી પડ્યાં હતાં. એમના હાસ્યનો રણકો સૂર્યકાંતના હૃદયની આરપાર ઊતરી ગયો:

'કેમ હસે છે? તને આવું નથી થતું?'

'કાંત, મારી પાસે એટલી મોટી ખાતાવહી જ નથી કે વરસના અંતે બૅલેન્સશીટ કાઢવી પડે. મારે તો રોજ કમાઈને રોજ ખાવાની નાનકડી હાટડી છે. સાંજના છેડે હિસાબ થઈ જ જાય, કાંત! ને ખરું તો હવે ઉધારનું ખાતું તો કોરું જ રહી જાય છે... જે બને છે એ બધું જમા જ થાય છે, કાંત બધું જ મારું પોતાનું ને બધું જ સારું...'

'મેં છાતીસરસી નથી ચાંપી, કાંત હું તો કાગળની હોડી બની ગઈ છું જિંદગીની નદીમાં. ક્યાંય પહોંચવું નથી. હલેસાંનીય જરૂર નથી. તરાય ત્યાં સુધી તરતી રહીશ ને પછી જ્યાં હોઈશ ત્યાં જ ડૂબી જઈશ, કાંત. નથી મારી અંદર કોઈ મુસાફર કે નથી કોઈ જવાબદારી. બસ, વહેવું એ જ ધર્મ છે મારો અને એ પણ પ્રવાહની સાથે. પ્રવાહની દિશામાં ને પ્રવાહની ઝડપે.'

વૈભવીનું મગજ છટકતું હતું:

ફિલોસોફી ઝાડવામાંથી ઊંચી નથી આવતી. ફોન મૂકે તો કંઈ વાત થાય. એની ધીરજ ખૂટવા લાગી હતી, પણ વસુમા નિરાંતે સૂર્યકાંત સાથે વાત કરી રહ્યાં હતાં. એમણે જોયું કે વૈભવી એમની આસપાસ ફરે છે. ફોન પર વાત કરતાં કરતાં જ એમના મગજે વિચારી લીધું કે વૈભવીને શું કામ હોઈ શકે? આજે અભય જવાનો હતો એ યાદ હતું એમને એટલે વૈભવી એ જ કારણે એમની આસપાસ ફરતી હશે એવું એમણે ધારી લીધું.

હવે વૈભવી લગભગ ચિડાવાની તૈયારીમાં હતી, પણ એણે જાત પર મહાપરાણે કાબૂ મેળવ્યો અને સ્મિત કરીને વસુમાને કહ્યું:

'મારે તમારી સાથે વાત કરવી છે, મા.'

'બોલ બેટા.' વસુમાએ પણ એટલી જ શાંતિથી કહ્યું:

'મારો ફોન ચાલુ છે, પતી જાય પછી વાત કરીએ.'

'હું ક્યારની રાહ જોઉં છું, પણ તમારો ફોન તો પતતો જ નથી. મારી વાત અગત્યની છે. તમારી જેમ ફિલોસોફી નથી, અભય આજે જાય છે...'

વૈભવીને સમય નહોતો બગાડવો એટલે સીધી જ પૉઇન્ટ પર આવી.

'ખયાલ છે મને.' વસુમાએ હળવેથી કહ્યું.

'અને છતાં તમે એને જવા દેશો, ખરું?'

વૈભવીનો અવાજ પહેલાં ક્યારેય નહોતો થયો એટલો ઊંચો થઈ ગયો. સૂર્યકાંત સામે છેડે આખી વાત સાંભળી રહ્યા છે એ વૈભવી ભૂલી ગઈ હતી:

'આ ઘરમાં આવા વ્યભિચારને માન્યતા મળશે એવું મેં નહોતું ધાર્યું.'

'મારે એને જે કહેવાનું હતું એ મેં કહી દીધું છે.' કહીને વસુમા ફોન કાને લગાડવા જતાં હતાં ત્યાં અચાનક વૈભવી જાણે પોતાના કાબૂની બહાર થઈ ગઈ. વસુમાનો લાંબો ફોન અને પછી એક વાક્યનો જવાબ એને પાગલ કરી ગયો.

એણે વસુમાના હાથમાંથી કોડલેસનો હેન્ડ સેટ ઝૂંટવીને છુટ્ટો ફેંક્યો:

'હું એને નહીં જવા દઉં... મારી નાખીશ એને, પણ જવા નહીં દઉં!' વૈભવી ગળું તરડાઈ જાય એટલા ઊંચા અવાજે બૂમો પાડતી હતી:

'તમે ઓળખતાં નથી મને, હું એને નહીં છોડું... એ મારો નથી તો એને કોઈનોય નહીં જ થવા દઉં. દીકરો ખોશો તમે એટલું યાદ રાખજો.'

વૈભવી ત્યાં જ જમીન પર ફસડાઈ પડી અને જમીન પર માથું પછાડવા લાગી...

સૂર્યકાંત સામે છેડે વૈભવીનો અવાજ સાંભળી રહ્યા હતા. એમને ભયાનક ટેન્શન થઈ ગયું. રોહિતના આઘાતમાંથી તો હજી એ મુક્ત નહોતા થયા અને આ વૈભવી જે બોલી રહી હતી એ જો કરે તો શું થાય એ

વિચારે જાણે એ ધ્રૂજી ગયા. એમણે હેલ્લો... હેલ્લોની ઘણી બૂમો પાડી, પણ દસ ફૂટ છેડે પડેલા ફોનમાંથી અવાજ પહોંચે એમ નહોતો.

સૂર્યકાંતને છાતીમાં ભયાનક દુખાવો થઈ આવ્યો. રોહિતનું શબ એમને નજર સામે દેખાવા લાગ્યું. લમણાની આરપાર નીકળી ગયેલી ગોળી પછી એનો ચહેરો લોહીથી કેવો રંગાયો હશે એ એમણે જોયું તો નહોતું, પણ એ કલ્પના એમને ઘડીભર આંખ મીંચવા દેતી નહોતી.

વૈભવી જે અવાજે બૂમો પાડતી હતી અને જે કંઈ બોલતી હતી એ સાંભળતાં સૂર્યકાંતને કોઈ કારણ વગર રોહિતની જગ્યાએ અભયનો ચહેરો દેખાવા માંડ્યો... મોર્ગમાં સૂતેલો શાંત, નિશ્ચેષ્ટ અભય... આંખો બંધ... ચહેરા પર અજબ પ્રકારના આતંકના ભાવ અને કાનની બરાબર ઉપર લમણા પાસે રૂ મૂકીને મારેલી પટ્ટીઓ..

સૂર્યકાંતનો શ્વાસ રૂંધાવા લાગ્યો. એમને લાગ્યું કે કોઈકે એમની છાતીની આસપાસ કચકચાવીને દોરડું લપેટ્યું છે... એમાંથી છૂટવા એ તરફડવા માંડ્યા. વૈભવીનો અવાજ હજુય એમને સંભળાતો હતો. એ ચીસો પાડીને બોલતી હતી, સાથે સાથે રડતી હતી.

વસુમા શાંતિથી સામે સોફા પર બેસી ગયાં. વૈભવીની બૂમાબૂમ સાંભળીને કૉલેજથી હમણાં જ આવેલી જાનકી અને ઑફિસની અંજલિને મળવા આવેલો રાજેશ ડ્રોઇંગ રૂમમાં ધસી આવ્યાં. રાજેશની પાછળ અંજલિ પણ ત્યાં આવીને ઊભી રહી ગઈ.

વસુમાએ વૈભવીને રોકી નહીં. એમણે વૈભવીના મનમાં જે ચાલતું હતું એ નીકળી જવા દીધું. વૈભવીની ચીસો શાંતિથી સાંભળતાં રહ્યાં. જમીન પર પડી પડી વૈભવી ખાસ્સી વાર સુધી એના મનમાં જે આવ્યું એ બોલતી રહી... રડતી રહી..

રાજેશ, અંજલિ અને જાનકીએ એને ઊભી કરવાનો, સમજાવવાનો ઘણી પ્રયાસ કર્યો, પણ વૈભવીએ બધાને ધક્કા માર્યા. પાગલની જેમ એકલી એકલી બબડી રહી... એના વાળ વીખરાઈ ગયા હતા. આંખોમાંથી અવિરત આંસુ જઈ રહ્યાં હતાં. એ ઘડીકમાં હસતી, ઘડીકમાં રડતી, ઘડીકમાં જોરજોરથી બૂમો પાડતી તો ઘડીકમાં હાથ જોડીને કરગરવા લાગતી. આ બધું ખાસ્સા સમય સુધી ચાલ્યું. પછી રાજેશે એને બે હાથમાં ઊંચકીને એના ઓરડામાં લઈ જઈને સુવડાવી. વૈભવીને જાણે પોતાના શરીરનું ભાન જ નહોતું...

નીચે પાછા આવ્યા પછી વસુમાને એણે કહ્યું:

‘સાઇકિઆટ્રિસ્ટને બોલાવવા જોઈએ, ભાભીની તબિયત ખરેખર સારી નથી.’

‘તમે કોઈને ઓળખતા હો તો ફોન કરો.’ વસુમાએ કહ્યું:

‘મને પણ લાગે છે કે વૈભવીને ટ્રીટમેન્ટની જરૂર છે.’

પછી એમણે અભયને ફોન જોડ્યો:

‘અભય... ઘેર આવી જા, બેટા. વૈભવીની તબિયત સારી નથી.’

‘ફરી શું થયું?,

અભયના અવાજમાં પહેલાં ક્યારેય નહોતી સાંભળી એવી બેફિકરાઈ હતી.

‘એણે માનસિક સંતુલન ગુમાવ્યું છે.’

‘નાટક છે બધાં, આપઘાત જેવાં જ…’

‘આ વખતે એ સાચી છે, બેટા. હું જોઈ શકું છું કે એ પારાવાર તકલીફમાંથી પસાર થાય છે… કમ હોમ ઈમિડિયેટલી.’

અને વસુમાએ ફોન મૂકી દીધો.

અભય વિચારમાં પડી ગયો. માએ આવી રીતે ક્યારેય વાત નહોતી કરી…

*

ગાડીમાં બેસીને અભયને પહેલો વિચાર પ્રિયાનો આવ્યો:

જો વૈભવીની આ જ સ્થિતિ રહી તો સિંગાપોર જવું અઘરું પડશે… ઘેર જઈને ગમે તેમ કરીને એને પટાવી લેવી પડશે… મારે જવું જ છે, કોઈ પણ હિસાબે!

અભયે ગાંઠ વાળી અને સેલ ફોન કાઢ્યો.

‘બોલો!’

પ્રિયાના અવાજમાં વહાલનો નશો છલકાતો હતો.

‘બોલવા જેવો ક્યાં રાખ્યો છે તે?’

અભયે રોમેન્ટિક અવાજે કહ્યું.

‘ઘેરથી બોલો છો?’

પ્રિયાને સતત વૈભવીનો ડર રહેતો.

‘ના, ઘેર જઈ રહ્યો છું.’

‘અત્યારે? ઑફિસ નથી આવવાના?’

અભય પોતાની સરકારી ઑફિસથી સાંજે એના બિઝનેસની ઑફિસ પર જતો.

‘ના, તું જોઈ લેજે. માનો ફોન હતો. વૈભવીની તબિયત ખરાબ છે.’

‘શું થયું?’

પ્રિયાના અવાજમાં સાચે જ ચિંતા ઊતરી આવી. ગઈ કાલે એ બે જણ વચ્ચે જે કંઈ થયું એ પછી પ્રિયાને થોડું ગિલ્ટ અને થોડો ભય લાગી જ ગયો હતો. એમાં અભયે આ સમાચાર આપીને એને સહેજ વધુ ડરાવી.

‘નથિંગ, યાર! તું તો જાણે છે વૈભવીને, આજે આપણે જવાનાં છીએ એટલે કંઈ ને કંઈ થશે એવી મને ખબર જ હતી.’

અભયે મક્કમ અવાજે ઉમેર્યું:

‘પણ આપણે જઈએ છીએ એ નક્કી છે, બાય ઑલ મીન્સ...’

‘ડ્રાઇવ કરો છો?’

‘હા, કેમ?’

‘હેન્ડ્સ ફ્રી છે કે ડ્રાઇવ કરતાં કરતાં વાત કરો છો?’

‘નથી, પણ અત્યારે રસ્તો સાવ ખાલી છે.’

પ્રિયા અને અભય વાતે ચડી ગયાં. પ્રિયાની સાથે અભય જાણે ટીનએજર જેવો બની જતો. હજી હમણાં જ છૂટાં પડ્યાં હોય તોય ફોન કરવો, વાતો કરવી... અમસ્તો અમસ્તો ફોન કરીને આઈ લવ યુ કહેવું!

ચાલીસી વટાવી ગયેલા અભયને ધોળા વાળ સાથે પોતાની જાતને અરીસામાં જોઈને ઘણી વાર નવાઈ લાગતી. આ છોકરીએ જાણે એને ફરી જુવાન કરી દીધો હતો. જુવાનીનાં જે વર્ષો એણે ઘર અને કુટુંબની જવાબદારીમાં કાઢ્યાં એ બધાં વર્ષ આ છોકરીએ એને જાણે પાછાં આપ્યાં હતાં.

‘સ્વિટ હાર્ટ! હું તો સિંગાપોરના વિચારે જ થ્રિલ થઈ ગયો છું. એક મિનિટ માટે પણ દૂર નહીં જવા દઉં...’

‘હું શું કામ દૂર જાઉં તમારાથી? અભય, તમારી સાથે આમ રાત-દિવસ રહેવાનું સપનું છે મારું. આંખ ઊઘડે ત્યારે અને મીંચું ત્યારે તમારા પડખામાં હોઉં એનાથી વધારે હું નસીબ પાસે શું માગી શકું?’

વાતો ચાલુ હતી અને બેધ્યાન અભયને અચાનક જ ખયાલ આવ્યો કે એની ગાડી ડાબી બાજુ ખેંચાઈ રહી હતી. ગાડીમાં પંક્ચર હતું કદાચ. અભય સ્ટિયરિંગ કન્ટ્રોલ કરે - બ્રેક મારે ત્યાં સુધીમાં તો ગાડી ડાબી બાજુ આવેલી ઝૂંપડપટ્ટીની સાવ નજીક પહોંચી ગઈ હતી. એ કંઈ સમજે એ પહેલાં ઝૂંપડાની બહાર બેઠેલા એક માણસની ઉપર ગાડી ચડી જવામાં હતી...

અભયે હતી એટલી તાકાતથી બ્રેક મારી. પેલો તો બચી ગયો, પણ અભયે કાર પરનો કન્ટ્રોલ ગુમાવી દીધો. ડામરના પીપ સાથે અથડાતી, બે ગાડીઓને પડખામાં ગોબા પાડતી સીધી જઈને એની કાર ઇલેક્ટ્રિકના થાંભલા સાથે ધડાકાભેર અથડાઈ. વિન્ડ સ્ક્રિન તૂટીને ગાડીની અંદર પડ્યો. સ્ટિયરિંગ અભયની છાતીમાં એટલા જોરથી વાગ્યું કે એ ત્યાં જ બેભાન થઈ ગયો. એનું માથું ગાડીના હોર્ન પર પડ્યું અને હોર્ન વાગવા લાગ્યો. પ્રિયાને ફોન હજુ ચાલુ જ હતો...

અભયના મોઢામાંથી નીકળેલું ઓહ શીટ... ધડાકા, ગાડીની બ્રેકની કર્કશ ચિચિયારી, સતત ગાજી રહેલો હોર્ન... પ્રિયાએ ફોનમાં ઘણી બૂમો પાડી, પણ...

એ ઑફિસમાંથી એકદમ બેબાકળી બહાર દોડી.

એ ઘરના રસ્તે અભયને શોધતી પહોંચી ત્યારે ભીડ ભેગી થઈ ગઈ હતી. કોઈકે બેહોશ અભયને ગાડીમાંથી

બહાર કાઢ્યો હતો. એની પાંસળી તુટી ગઈ હતી. નાકમાંથી લોહી વહી રહ્યું હતું. પોલીસ હાજર થઈ ગઈ હતી. અભયના સેલ ફોનનો પત્તો નહોતો.

પ્રિયા ગાડી પાર્ક કરીને હાંફળીફાંફળી ત્યાં પહોંચી.

જમીન પર સૂતેલા અભયના નાકમાંથી વહીને સુકાઈ ગયેલું લોહી જોઈને પ્રિયાનો જીવ ઊડી ગયો. એણે દોડીને અભયનું માથું ખોળામાં લીધું.

'તમે ઓળખો છો, આમને?'

પ્રિયાએ ડોકું હલાવીને હા પાડી. એને ડૂમો ભરાઈ ગયો હતો.

'કેવી રીતે ઓળખો?'

હવાલદારે કાગળમાં વિગતો નોંધવા માંડી. પ્રિયાને રડતી જોઈને એણે પૂછ્યું:

'શું થાય તમારા?'

'સર્વસ્વ' પ્રિયાએ સ્વગત કહ્યું અને હવાલદારની સામે જોઈને કહ્યું:

'મારા બૉસ છે.'

'ખાસ ચિંતા જેવું નથી. એમને હૉસ્પિટલ લઈ જાવ. મેં બધું નોંધી લીધું છે.'

'જી.'

પ્રિયાએ મદદ માટે આસપાસ જોયું. ભેગી થયેલી ભીડમાંથી બે-ત્રણ જણ આગળ આવ્યા. બેભાન અભયને પ્રિયાની ગાડીમાં પાછળ સુવડાવ્યો.

હૉસ્પિટલમાં પહોંચીને અભયની સારવાર શરૂ થઈ ગઈ. પ્રિયાનું રડવું કોઈ રીતે અટકતું નહોતું. ડૉક્ટરે એના ખભે હાથ મૂકીને આશ્વાસન આપ્યું:

'ડોન્ટ વરી, રિબમાં ક્રૅક છે. એનાથી વધારે કંઈ નથી થયું.'

ધીરે ધીરે અભય ભાનમાં આવી રહ્યો હતો.

પ્રિયા એને વળગી પડી.

'આહ!' અભયને પાંસળીની ક્રૅક દુખી આવી:

'થૅન્ક્સ, પ્રિયા!'

'સ્ટુપિડ! મેં પહેલાં જ કહ્યું હતું. હેન્ડ્સ ફ્રી વિના ડ્રાઇવિંગ નહીં કરવાનું. તમને કંઈ થઈ જાત તો?'

'તારી સાથે વાતો કરતાં કરતાં આંખ મીંચાય એનાથી વધારે શું જોઈએ મને?,

'નેવર સે ધૅટ.'

પ્રિયા હજી રડી રહી હતી.

'ઘેર જણાવ્યું?'

પ્રિયાએ ડોકું ધુણાવીને ના પાડી.

'લૅન્ડ લાઇન પર ફોન કરીને માને કહી દે.'

પ્રિયા પોતાના સેલથી ફોન લગાડવા લાગી, પણ લૅન્ડ લાઇન સતત એન્ગેજ આવતી હતી.

*

ઘણી વાર થઈ છતાં અભય ન પહોંચ્યો એટલે વસુમાને સહેજ ચિંતા થઈ હતી. રાજેશ પણ ક્યારનો અભયના સેલ પર ફોન કરતો હતો. એ પણ સ્વિચ ઑફ મળતો હતો.

હવે વૈભવી પ્રમાણમાં સહેજ શાંત થઈ હતી. ડૉક્ટરે આવીને એને ઇન્જેક્શન આપ્યું હતું. એની આંખો ઘેરાવવા લાગી હતી.

'અભય આવ્યા?' એણે પૂછ્યું.

વસુમાએ રાજેશની સામે જોયું.

'ફોન બંધ મળે છે.' રાજેશે ખૂબ ધીમેથી કહ્યું.

'પેલીની સાથે જ હશે. હું મરું કે જીવું, હવે એમને નથી પડી.'

વૈભવીનો આક્રોશ ફરી ભભૂકી ઊઠ્યો.

વસુમા એક ક્ષણ માટે વૈભવી સામે જોઈ રહ્યાં. પછી કોણ જાણે શું વિચારીને એમણે અજયને કહ્યું:

'પ્રિયાનો ફોન લગાડ, અજય!'

વૈભવીના ચહેરા પર એક ક્રૂર સ્મિત આવી ગયું.

રાજેશે ડાયરીમાં જોઈને પ્રિયાનો ફોન લગાડ્યો.

'હું ક્યારની ઘેર ટ્રાય કરું છું.' પ્રિયા બોલી ઊઠી.

'અમે અભયભાઈને ટ્રાય કરીએ છીએ.'

પછી સહેજ અચકાઈને રાજેશે પૂછ્યું:

'અભયભાઈ તમારી સાથે છે?'

'અભયને એક્સિડન્ટ થયો છે. એ અહીં સાન્તાક્રુઝ ખારાવાલા ક્લિનિકમાં છે. જો કે ચિંતા જેવું નથી. હી ઈઝ ફાઇન નાઉ...'

‘ઓહ, માય ગૉડ! અમે હમણાં જ પહોંચીએ છીએ.’ ફોન મૂકીને રાજેશ વસુમા તરફ ફર્યો:

‘અભયભાઈને એક્સિડન્ટ થયો છે.’

‘મને ખબર જ હતી. આ છોકરી મારા અભયનો જીવ લેશે.’

વૈભવીએ ફરી પોક મૂકી.

*

પહેલા દિવસનું શૂટ પૂરું થઈ ગયું હતું.

ધાર્યા કરતાં ઘણું વધારે કામ થયું હતું. અલય જુદા જ મૂડમાં હતો.

અનુપમાએ રાત્રે અલયનો રૂમ નોક કર્યો ત્યારે અગિયાર થયા હતા. અનુપમાએ ખાસ્સી વાર રાહ જોઈ કે કદાચ અલય એના રૂમમાં આવે. બીજા દિવસના સીન ડિસ્કસ કરવા, કૉસ્ચ્યુમની ચર્ચા કરવા કે બીજા કોઈ પણ કારણસર... પણ અલય ન જ આવ્યો ત્યારે અનુપમાની ધીરજ ન રહી. એ અલયના રૂમ પાસે આવી પહોંચી.

‘કમ ઈન.’

અલયનો એ જ બેફિકર, બેધ્યાન અવાજ સાંભળીને અનુપમાને રોમાંચ થઈ ગયો.

‘બિઝી કે બીજી?’ અનુપમાએ દાખલ થઈને પૂછ્યું.

‘બે તો છે, હવે તો ત્રીજી કહેવાય.’

અનુપમાની સામે જોઈને અલયે સ્મિત કર્યું:

‘આવ હું રાહ જ જોતો હતો.’

અનુપમાએ પગથી માથા સુધી એક ઝણઝણાટી પસાર થઈ ગઈ. ...તો અલય મારી રાહ જોતો હતો!

એ આવીને અલયના ખભા પર હાથ મૂકીને ફાઈલમાં ઝૂકી:

‘શું કરે છે?’

‘કાલની તૈયારી. મજૂર માણસ બીજું શું કરે?’

‘મને આવો મજૂર બહુ ગમે.’

અનુપમાએ તોફાની નજરે અલય સામે જોઈને પૂછ્યું:

‘મજૂર સ્કૉચ પીશે?’

‘મૅડમ પિવડાવશે તો પીશે.’

અલયે કહ્યું અને પાછો ફાઈલમાં ખોવાઈ ગયો. દરમિયાન અનુપમાએ સ્કૉચ અને મન્ચિંગ ઑર્ડર કર્યું. બધું આવી ગયું - ગોઠવાઈ ગયું ત્યાં સુધી અલય કામ કરતો રહ્યો. પછી અનુપમાએ જઈને એની પાસેથી ફાઈલ ખેંચી લીધી.

'ટનનનનન... ઇન્ટરવલ.'

'અરે, બાર વાગી ગયા! ખબર જ ન પડી!' અલયે ઘડિયાળ જોઈ.

'મારી સાથે રહીશ તો સમય ક્યાં વીતી જશે એ ખબર જ નહીં પડે...'

અનુપમાએ અવાજમાં માદકતા ઉમેરીને કહ્યું. એની લાંબી પાંપણો આંખો પર ઝૂકી આવી હતી. ચહેરા પર ફરી એવો જ ઉન્માદ છવાયો હતો, જે શૂટિંગના પહેલા દિવસની સાંજે એના ઘરમાં હતો.

અલયના રૂમની ચૌદ ફૂટ લાંબી-પહોળી એક એવી ત્રણ ગ્લાસ વિન્ડોમાંથી સીધો દરિયો દેખાતો હતો. કાળા અંધકારમાં જાણે દરિયાનું પાણી પણ કાળું થઈ ગયું હતું. બીચ પર લાગેલા લૅમ્પપોસ્ટના અજવાળાનાં ચકરડાં પડતાં અને રેતી સોનેરી દેખાતી હતી. અનુપમાએ ઊભા થઈને સ્લાઇડિંગ વિન્ડ ખોલી નાખી. દરિયાનો ખારો, ફફરાટ કરતો પવન ઓરડામાં ધસી આવ્યો.

'અલય, થેન્ક્સ ફૉર એવરીથિંગ.'

'કેમ અચાનક?'

'ગઈ કાલ સવારથી આજના દિવસ સુધી તે જે કંઈ આપ્યું અને કર્યું એ બધું જ અદ્ભુત હતું!'

'આ બંધબારણે ચાલતી વાતચીત કોઈ બહારથી સાંભળે તો રંગીન કલ્પનાઓ કરવા માંડે, અનુપમા ઘોષ, મેં કઈ જ કર્યું નથી. ઇનફૅક્ટ, તેં મારા મનમાં જે કૅરેક્ટર હતું એને જીવતું કરી બતાવ્યું છે. મને માત્ર એટલી જ ખબર હતી કે તું સારી ઍક્ટ્રેસ છે, પણ આટલા સારી ઍક્ટ્રેસ છે એવી ખબર નહોતી.'

'અહં...' અનુપમા હજીય ઉન્માદી આંખે એને જોઈ રહી હતી:

'કર કર, મારાં વખાણ કર. મને ગમે છે...'

'તું લાયક છે એને...'

સહેજ અટકીને અલયે ઉમેર્યું:

'આજના બે સીન આ ફિલ્મની હાઈ લાઇટ બની જશે! કેટલી પૅશન અને સમર્પણ હતું તારી આંખોમાં. તેં અભિષેક સાથે દરિયાકિનારે જે ફિઝિકલ સિક્વન્સ કર્યો એ કેટલો રિયલિસ્ટિક હતો એ ખબર છે તને?'

અલયના અવાજમાં ઉત્સાહ છલકાતો હતો.

'ખબર છે મને, પણ કેમ હતો એની તને ખબર છે?'

જાણે ચાવી દીધેલું પૂતળું હોય એમ અનુપમા પોતાની જગ્યાએથી ઊભી થઈ અને અલયની પાસે આવીને ઊભી રહી ગઈ:

'ત્યાં અભિષેક નહોતો, તું હતો અલય!'

'વ્હૉટ રબીશ...'

અલયને લાગ્યું કે જાણે એનો પોતાનો અવાજ ધ્રૂજી ગયો. એણે ધાર્યું નહોતું કે આ છોકરી આમ આવી રીતે પોતાની વાત કહી દેશે. એના માટે અનુપમાનું આકર્ષણ એનાથી અજાણ્યું નહોતું જ, પણ આજે જે અનુપમાની આંખોમાં હતું એ સાવ જુદું, સાવ અજાણ્યું લાગ્યું એને. એણે પોતાની ખુરશીમાંથી ઊભા થઈને ખસી જવું હતું, પણ કોણ જાણે કેમ એને લાગ્યું કે એ પોતાની જાત પરનો કાબૂ ખોઈ રહ્યો છે.

'હું સાચું કહું છું, અલય...'

અનુપમાએ ઝૂકીને અલયને બે ગાલથી પકડી લીધો. એના અને અલયના હોઠ વચ્ચે ફક્ત એક આંગળી પસાર થઈ શકે એટલું જ અંતર હતું:

'હું અભિષેકની જગ્યાએ તને, માત્ર તને કલ્પી રહી હતી...'

'મૂરખ છે તું.'

અલય ઊઠવા ગયો, પણ એના હોઠ અનુપમાના હોઠ સાથે અથડાઈ ચૂક્યા હતા. અનુપમાએ આંખ મીંચીને અલયને એક પ્રગાઢ ચુંબન કરવા માંડ્યું. અનુપમાના બે હાથ વચ્ચેથી પોતાનો ચહેરો છોડાવવાનો અલયે ખૂબ પ્રયાસ કર્યો, પણ અનુપમાના મનમાં ઍરપોર્ટ પર પોતાને સાચવીને ભીડમાંથી લઈ જતો અલય એવો તો છવાઈ ગયો હતો કે એને સર્વસ્વ સમર્પિત કરવાના દૃઢ ઇરાદાથી એણે અલયને પિગળાવવા માંડ્યો હતો...

*

સૂર્યકાંતનો શ્વાસ રૂંધાવા લાગ્યો.

એમને લાગ્યું કે કોઈકે એમની છાતીની આસપાસ કચકચાવીને દોરડું લપેટ્યું છે... એ છૂટવા તરફડવા માંડ્યા...

અચાનક જ એમની સામે યશોધરા આવીને હસવા લાગી. એની બાજુમાં ઊભેલો શૈલેષ સાવલિયા બઘવાઈ ગયો હતો. મૂછનો દોરોય નહોતો ફૂટ્યો, પણ ગળામાં સોનાનો દોરો ને હાથમાં દસે આંગળીએ વીંટીઓ હતી. યશોધરા એના ખભે હાથ મૂકીને ઊભી હતી. એના ચહેરા પર નફ્ફટાઈ અને બેશરમી હતી.

સ્મિતાએ એના ફોટામાંથી બહાર નીકળીને સૂર્યકાંતની આંખોમાં આંખો પરોવી:

સૂર્યકાંત, શું થયું મારા દીકરાને? સોંપ્યોને તમને? વચન આપ્યું હતું તમે...

દેવશંકર મહેતા અને ગોદાવરી એકબીજાના ટેકે આવીને સૂર્યકાંતના ઓરડામાં ઊભાં રહી ગયાં:

મને તો ખબર જ હતી, તારાથી શેક્યો પાપડેય ભંગાય એમ નથી. એક છોકરાને મારી નાખ્યો, હવે બીજાનોય જીવ લઈશ?

ઊઠ, મારા દીકરા... જા, તારો પરિવાર તારી રાહ જુએ છે... ક્યાં સુધી ભાગતો ફરીશ તારી

જવાબદારીઓથી?

ગોદાવરીની આંખોમાં ઝર ઝર આંસુ વહેતાં હતાં.

સ્મિતાએ સૂર્યકાંતને પકડીને હચમચાવી નાખ્યા:

મારો દીકરો... સૂર્યકાંત, ક્યાં છે મારો દીકરો?

સૂર્યકાંતની સામે યશોધરા ખડખડાટ હસતી ખુલ્લા ફગફગતા વાળે ઊભી હતી. ચણિયા-ચોળીમાં ઊભેલી યશોધરાની ચોળીનાં બે-ચાર બટન ઉઘાડાં હતાં:

તેં શું માન્યું હતું? હું પ્રેમના નામે જીવ આપી દઈશ? જા, જા... મને તો દેવશંકર મહેતાના દીકરામાં રસ હતી. ફતનદેવાળિયા, લાખોનું દેવું માથે લઈને યશોધરાનું રૂપ ભોગવવું છે તારે?

યશોધરાની બાજુમાં ઊભેલો શૈલેષ થરથર ધ્રૂજતો હતો...

શ્રીજી વિલાના ઓટલે બેઠેલી વસુંધરા અને પાછળ ઊંઘી ગયેલો અભય, ખોળામાં માથું મૂકીને ઊંઘતો અજય અને ખભે માથું નાખીને રડતો અલય... અચાનક જ જાગીને જોરથી રડવા લાગ્યા હતા... વસુની આંખોમાં એમને જે દેખાતું હતું એ નાભિ સુધી વલોવી નાખતું હતું...

યશોધરા, શૈલેષ, દેવશંકર, ગોદાવરી, અજય, અભય, અંજલિ, અલય, વસુંધરા, સ્મિતા, રોહિત...

એ બધાં વારાફરતી એમની સામે આવતાં હતાં અને કાન ફાડી નાખે એવા અવાજે એમને સવાલો પૂછતાં હતાં...

છાતી પર ડાબી તરફ હાથ દબાવતા સૂર્યકાંત ઊભા થવા ગયા, પણ બીજી ક્ષણે એ જમીન પર ફસડાઈ પડ્યા...

* * *

48

એરપોર્ટ પર ઊભેલી શ્રેયાએ પોતાની ઘડિયાળ જોઈ. લગભગ સાડા આઠ થવા આવ્યા હતા. સાડા નવની ફ્લાઇટ એને સાડા દસે ગોવા ઉતારે. અલયની હોટેલ પહોંચતાં બીજો અડધી કલાક...

ત્રણ કલાકમાં તો હું અલયના બાહુપાશમાં હોઈશ...

શ્રેયા રોમાંચિત થઈ ઊઠી એણે અલયને કહ્યું હતું કે પોતે ચાર દિવસ પછી આવશે, પણ એનું કામ બે જ દિવસમાં પતી ગયું. બહુ મહત્ત્વની ડીલ માટે શ્રેયા કેટલાય દિવસથી બિઝી હતી. ફિલ્મના મુહૂર્ત પછી એને અલયના શૂટ પર જવાનો સમય પણ નહોતો મળ્યો.

સૂર્યકાંત અમેરિકા ગયા ત્યારે થોડી વાર માટે શ્રીજી વિલા ગઈ એટલું જ... ઘણા દિવસ થયા એ અલયને નિરાંતે મળી જ નથી.

અલય એના શૂટમાં બિઝી હતો અને એ બેંગલોરમાં એક મોટી આઈટી કંપની સાથે પોતાની કંપનીની ડીલ ક્રેક કરવામાં...

આજે રાત્રે ગોવા પહોંચીને હવે સળંગ ચાર દિવસ એ અલય સાથે ગાળી શકશે! શ્રેયાનું એક એક રોમ જાણે અલયના વિચારે ઉત્તેજિત થઈ ગયું.

એણે ઍરવેઝના કાઉન્ટર પર જઈને પોતાની ટિકિટ આગળ કરી:

'ફ્લાઈટ ડીલે તો નથીને?'

'યસ, મૅમ!'

કાઉન્ટર પર બેઠેલી છોકરીએ શ્રેયાનો બોર્ડિંગ પાસ આગળ કર્યો અને એના બૅગેજ ટેગનાં સ્ટિકર પાસની પાછળ ચોંટાડી દીધાં:

'માત્ર બે કલાક!'

'અરે રામ! બે કલાક?'

શ્રેયાની એક એક મિનિટ જાણે એક એક કલાક જેવી હતી. જેવું કામ પત્યું કે સૌથી પહેલું કામ એણે ગોવાની ફ્લાઇટની તપાસ કરવાનું કર્યું હતું. એ રાત બેંગલોરમાં બગાડવા માગતી નહોતી. જેવી ખબર પડી કે સાડા નવની ફ્લાઇટ છે કે એણે ડીલનાં પેપર્સ તૈયાર કરવાનું કહ્યું. હોટેલ ગઈ, પૅકિંગ કર્યું, પાછી ઑફિસ આવી, ડીલ સાઈન કરાવી અને સીધી ઍરપોર્ટ આવી!

એને અચાનક યાદ આવ્યું કે રાત્રે જ ગોવા પહોંચી જવાની ઉતાવળમાં સવારના બ્રેકફાસ્ટ પછી એણે કંઈ ખાધું પણ નહોતું...

કાઉન્ટર પર જઈને એણે કૉફી અને સેન્ડવિચ લીધાં. બાજુમાં જ એક બુક સ્ટૉલ હતો. એના ન્યૂઝપેપર સ્ટેન્ડ પર આ મહિનાનું જી હતું. જીના કવર પેજ પર અનુપમાનો ફોટો હતો. સાથે અલયની ફિલ્મની સ્ટોરી હતી...

શ્રેયા રોમાંચિત થઈ ગઈ. એણે તરત જ મૅગેઝિન ખરીદી લીધું. એને ખાતરી હતી કે અલયે હજુ સુધી એ જોયું નહીં હોય. પછી એણે સ્ટૅન્ડ પર બીજાં મૅગેઝિન્સમાં નજર નાખી. સ્ટારડસ્ટ, મૂવી, જીઆર-8 (ગ્રેટ) અને બીજાં સાત-આઠ મૅગેઝિન્સમાં પણ અલયની ફિલ્મ વિશે છપાયું હતું. બધાંમાં એને આ વરસની ઉત્તમ રિલીઝમાંની એક ગણાવવામાં આવી હતી. નિર્માતા શૈલેષ સાવલિયાએ દાવો કર્યો હતો કે ફિલ્મ આવનારા પંદર દિવસમાં રિલીઝ થઈ જશે... ઓછામાં ઓછા ખર્ચે અને ઓછામાં ઓછા સમયમાં બનેલી અનુપમા ઘોષની આ અવિસ્મરણીય ફિલ્મ હશે.

દરેકમાં અલય, અનુપમા અને અભિષેકના ઇન્ટરવ્યૂ હતા. અભિષેકે પણ અલયને ગુરુ દત્ત અને સુભાષ ધાઈના અથવા રાજ કપૂર અને શામ બેનેગરના મિશ્રણ જેવો ગણાવ્યો હતો...

માત્ર હેડલાઇન અને સબ-હેડિંગ પર નજર ફેરવતાં જ શ્રેયાને શેર લોહી ચડી ગયું. ખાસ્સી વાર સુધી એ અલયના ઇન્ટરરવ્યૂને વાંચતી રહી. અલયના દરેક ફોટામાં એને અભિષેક કરતાં અલય વધુ હેન્ડસમ દેખાતો હતો. શ્રેયા ઘડીભર એ ફોટોગ્રાફ્સ સામે જોઈ રહી. પછી એણે ન્યૂઝપેપર સ્ટૉલવાળાના દેખતાં જ અલયના ફોટાને પ્રગાઢ ચુંબન કર્યું...

*

અનુપમાએ આંખ મીંચીને અલયને એક ઊંડું પ્રગાઢ ચુંબન કરવા માંડ્યું...

અનુપમાના બે હાથ વચ્ચેથી પોતાનો ચહેરો છોડાવવાનો અલયે ખૂબ પ્રયાસ કર્યો, પણ અનુપમાના મનમાં ઍરપોર્ટ પર પોતાને સાચવીને ભીડમાંથી લઈ જતો અલય એવો તો છવાઈ ગયો હતો કે જે માણસે પોતાનું સમ્માન બચાવ્યું એને સર્વસ્વ સમર્પિત કરવાના દૃઢ ઇરાદાથી એણે અલયને પિગળાવવા માંડ્યો હતો.

અલયે ફરી વાર અનુપમાને દૂર ખસેડવાનો પ્રયાસ કર્યો, પણ અનુપમા જાણે આજે વેલની જેમ વીંટળાઈ હતી અલયને.' એણે નક્કી કરી લીધું હતું કે અલય કંઈ પણ કહે, આજે પોતે અલયની થઈને રહેશે.

અલય પણ જાણે જાતથી ડરી ગયો હતો. એને અનુપમાનું સૌંદર્ય નહોતું પિગળાવતું કે નહોતી આ છોકરીની બુદ્ધિ એને ઈમ્પ્રેસ કરી શકતી... પણ આ છોકરીનું સમર્પણ અને એના માટેની ઘેલછા અલયને ક્યારેક હચમચાવી જતી. આજે એ છોકરી જે રીતે અલયને વહાલ કરી રહી હતી એનાથી અલયને પોતાના તમામ સિદ્ધાંત અને માન્યતાના પાયા હલતા લાગ્યા.

એને માનો, શ્રેયાનો, પિતાનો ચહેરો પોતાની બંધ આંખોમાં દેખાતો હતો. અનુપમાના હાથ અલયના શર્ટનાં બટન ખોલી રહ્યા હતા અને અલય એને રોકવા પ્રયાસ કરતો એનો હાથ પકડી રહ્યો હતો...

'આજે મને નહીં રોકતો, અલય... જિંદગીમાં એક વાર પોતાના ગમતા પુરુષના સ્પર્શમાં સ્ત્રી બનવાની લાગણી કેવી હોય છે એ અનુભવી જોવું છે મારે..?

'અનુ...' અલયના અવાજમાં એક અજબ પ્રકારનો કંપ હતો:

'હું પણ પુરુષ છું, પછી મારાથી પણ મારી જાતને નહીં રોકાય...'

'યસ, હું પણ એ જ ઇચ્છું છું.'

અનુપમાના અવાજમાં જાણે આમંત્રણ સાથે ઉન્માદ છલકાતાં હતાં:

'અલય, એક વાર, એક વાર મારો સ્વીકાર કર. આ શરીર જે કેટલાય માટે એક ઝંખના - એક સપનું - જિંદગીની એક માત્ર અભિલાષા છે એવું આ શરીર મારે તને સોંપી દેવું છે અલય, એક જ વાર પછી હું જિંદગીમાં ક્યારેય કોઈ દિવસ તારી પાસે કંઈ નહીં માગું...'

એની આંખોમાં આંસુ આવી ગયાં હતાં.

'અનુપમા, તું સમજતી કેમ નથી?'

'કારણ કે હું સમજવા માગતી નથી, અલય આખી જિંદગી મને આ શરીર નુમાઈશની અને દેખાડવાની ચીજ લાગ્યું છે! કેટલાય પુરુષોની આંખો આ શરીર પરથી સાપની જેમ સરકીને પસાર થઈ છે તો કેટલાયની નજરોએ ડંખી છે મને... ગળા સુધીનાં કપડાં પહેર્યાં હોય તોય મારાં કપડાંની આરપાર ઊતરતી એ નજરોએ મારા શરીરને બહુ મેલું કર્યું છે, અલય. એક વાર... તારો એક વારનો સ્વીકાર મને અભિનેત્રી માંથી સ્ત્રી બનાવી દેશે.'

એ અલયની છાતીમાં માથું મૂકીને રડી રહી હતી. અલયનો હાથ એના ખુલ્લા વાળમાં બહુ જ હળવે હળવે ફરી રહ્યો હતો.

'હું પડદા પરથી ઊતરીને જીવતી-જાગતી-શ્વાસ લેતી છોકરી બનવા માગું છું. એવી છોકરી, જેને પોતાનાં સપનાં છે, જેને પોતાની આગવી જિંદગી છે અને જેને પોતાનો એક એવો પુરુષ છે, જેનાં એણે સપનાં જોયાં...'

'અનુ, તું ખૂબ સારી છોકરી છે.'

અલયે એના ગાલ પર હળવું ચુંબન કર્યું:

'હું મારી જાતને માફ નહીં કરી શકું. તું એવું ઇચ્છે છે કે એક સીધીસાદી, સારી છોકરીનું જીવન બરબાદ કરવાના અપરાધભાવ સાથે હું છાતી પર બોજ લઈને જીવ્યા કરું?'

'તને શું લાગે છે? તું મારો સ્વીકાર કરીશ અને આપણી વચ્ચે એક વાર શરીરસંબંધ બંધાશે તો હું બરબાદ થઈ જઈશ? કયા જમાનામાં જીવે છે, અલય? છોકરીના ચારિત્ર્ય ને એના શરીર સાથે જોડતો જમાનો વીતી ગયો. હું નથી માનતી એવા ખોખલા આદર્શોને'

અલયે અનુપમાની સામે જોયું. એની આંખોમાં થોડો આક્રોશ હતો અને એક ઘવાયેલી વાઘણ જેવું ઝનૂન.

'છોકરીનું ચારિત્ર્ય કોઈ ચ્યુઈંગ ગમ નથી કે એક વાર કોઈ ચાવી લે એટલે બેસ્વાદ થઈ જાય! આ કોઈ સિગારેટ નથી કે ફૂંકી મારો એટલે રાખ થઈ જાય! વર્જિનિટી સાથે મન સંકળાયેલું છે, શરીર નહીં...'

'અનુ, હું તારી વાત સમજુ છું. હું તારા ચારિત્ર્ય પર કોઈ ડાઘ પડે એવા બધા દુન્યવી વિચારોથી તને ના નથી પાડતો. હું તને એટલા માટે સમજાવું છું, કારણ કે હું તને ઓળખું છું. તારી ધસમસતી લાગણીઓ પછી તને ક્યાંય ઠરીને જીવવા નહીં દે એની ખબર છે તને? તું સતત અને સ્વાભાવિક રીતે મને ઝંખીશ અને હું શ્રેયાને પરણેલો હોઈશ એટલે મારા માટે...'

ખભામાંથી પકડીને અનુપમાએ એને હચમચાવી નાખ્યો:

'કેટલી વાર સમજાવું તને કે હું તારી પાસે કંઈ માગતી નથી, તને આપવા માગું છું. આ મન, એમાં ધબકતી લાગણીઓ અને આ શરીર, જેમાં એ મન વસે છે...'

'પણ અનુ... મારે માટે કોઈ પણ સ્ત્રીને શરીર સોપવું કે એની સાથે શરીરનો સંબંધ બાંધવો એટલે જીવનભર એની જવાબદારી લેવી... જો હું એ ન કરી શકવાનો હોઉં...'

અલયના હોઠ પર હોઠ મૂકી દીધા અનુપમાએ. પછી એના નાક સાથે નાક ઘસતાં કહ્યું:

'હું જાણું છું એ વાત... અને એટલે જ કદાચ... તને આ શરીર સોંપી દેવાનો મોહ છે મને! હું ઇચ્છું છું કે જિંદગીભર તું મને સાચવે અલય, મનથી!'

'ફિલ્મ રિલીઝ થશે કે તરત હું ને શ્રેયા પરણી જઈશું.'

'જાણું છું અને એટલે જ એ પહેલાં તને આ શરીર સોંપી દેવા માગું છું, જેથી લગ્ન પછી તને શ્રેયાને છેતર્યાની લાગણી ન થાય.'

હસી પડ્યો અલય.

'લગ્ન?' અલયે અનુપમાને બાહુપાશમાં જોરથી જકડી લીધી:

'મારી અને શ્રેયા વચ્ચે લગ્ન, એ માત્ર ચાર ફેરા ફરીને એક છતની નીચે સાથે રહેવાની શરૂઆત કરવા પૂરતું બાકી રહ્યું છે.'

'એટલે જ એ ચાર ફેરા ની વિધિ, એ એક ચપટી સિંદૂર અને એ એક કાળા મણકાની સેર તમારી વચ્ચે સાત ભવનું બંધન બાંધે એ પહેલાં એક વાર મને સ્વીકારી લે, અલય... એક વાર પ્લીઝ'

બોલતી બોલતી અનુપમા ઘૂંટણિયે પડીને અલયના પગ પાસે બેસી ગઈ. એણે બે હાથના અંકોડા ભીડી દીધા અને ક્રિશ્ચિયન પ્રેયર કરે એવી કરે એવી રીતે અલયની આંખોમાં ઊંચે જોયું:

'મને નથી ખબર, હું કેમ કરગરું છું આટલું. તું મને નહીં સ્વીકારે કે આપણી વચ્ચે આ પળ કોરી પસાર થઈ જશે તો હું મરી જઈશ કે જીવી નહીં શકું એવું નથી, પણ મારામાં કશુંક બટકીને તૂટી જશે અલય, જેની કરચ મને જીવનભર ખૂંચતી રહેશે. તું મારામાં ખૂબ ઊંડો ઊતરી ગયો છે એક ઝંખના બનીને, એક જિજીવિષા બનીને મારામાં તરફડી રહ્યો છે તું. મને સ્વીકારી લે, મારી આ તરસ, મારી આ ઝંખના, મારી આ જિજીવિષા શાંત કરી દે. મારો મોક્ષ કરી દે, અલય મારું તર્પણ કરી દે.'

અનુપમાએ રીતસર અલયના પગ પર માથું મૂકી દીધું. એનાં આંસુ અલયના પગને પલાળી રહ્યાં હતાં.

'અનુ...'

અલય પીગળી ગયો. એને સમજાયું નહીં કે એક સ્ત્રીના આવા સમર્પણની સામે શું થઈ શકે?

એણે નીચા નમીને ખભેથી પકડીને અનુપમાને ઊભી કરી. અનુપમા એના બન્ને હાથ ગળામાં નાખીને અલયને

વીંટળાઈ વળી. હવે અલય માટે પણ જાતને રોકવી અઘરી હતી.

*

શ્રેયાની ફ્લાઇટ દાબોલિમ ઍરપોર્ટ પર ઊતરી ત્યારે રાતના બાર વાગી ચૂક્યા હતા.

શ્રેયાએ પ્રિપેઈડ ટૅક્સી લીધી અને સીધી બોગ માલો બીચ તરફ નીકળી ગઈ.

અલયની છાતી પર માથું મૂકીને અનુપમા સૂતી હતી. ખરેખર જાણે નિર્વાણ કે મોક્ષ પામી ગઈ હોય એમ તૃપ્ત થઈને પરમ સંતોષમાં આંખો મીંચીને એ ઘસઘસાટ ઊંઘી ગઈ હતી. સાવ નાનું બાળક પોતાની માના ખોળામાં ઊંઘે એટલા વિશ્વાસથી અને શ્રદ્ધાથી ઊંઘતી હતી એ એના વાળ અલયના ચહેરા પર ફેલાયેલા હતા.

ઉઘાડી આંખે છત તરફ જોઈ રહેલા અલયને કેટલાય વિચારો આવી રહ્યા હતા. એનું મન ખરા-ખોટાની વચ્ચે એક ગજબનાક યુદ્ધ ખેલી રહ્યું હતું. જે કંઈ થયું એને માટે જાતને અપરાધી ગણવી કે નહીં એ વાત વિશે પોતાના જ મન સાથે દલીલ કરતો અલય મા અને શ્રેયાનો વિચાર કરી રહ્યો હતો.

એ જાણતો હતો શ્રેયાનો પોતાના માટેનો ગાંડપણની હદ સુધીનો માલિકીભાવ! આજે જે કંઈ થયું એ વિશે એના મનમાં મિશ્ર ભાવ હતા. થોડી ગુનાની લાગણી હતી અને છતાં પોતે જાતને સમજાવવાની કોશિશ કરતો હતો કે અનુપમાની આ ઘેલછા સામે કોઈ એક દિવસ તો પોતે તૂટી જ જવાનો હતો...

અલય એક વાત સાવ નિર્મળ અને શુદ્ધ મનથી કહી શકે એમ હતો કે પોતે શ્રેયાને જ ચાહતો હતો, પણ અનુપમા એને માટે એના જીવનની ખૂબ જ મહત્ત્વની અને ખૂબ જ અગત્યની વ્યક્તિ હતી. એ અનુપમાને મળ્યો પણ નહોતો ત્યારથી અનુપમા માટે એના મનમાં એક અજબ આકર્ષણ હતું. પોતાના ઉછેર અને સંસ્કારોને કારણે કદાચ એ આકર્ષણ સ્વીકારતાં એને તકલીફ પડતી હતી તેમ છતાં અનુપમા સાથેની આ પળો તદ્દન સાચી અને હૃદયથી જિવાયેલી પળો હતી. એણે કોઈ છળ નહોતું કર્યું અનુપમા સાથે એટલો સંતોષ હતો એને!

હજી અલયના મનમાં આવા વિચારો ચાલતા હતા કે અલયના કોટેજનો બેલ રણકી ઊઠ્યો.

બાજુમાં પડેલો મોબાઇલ ઉઠાવીને એણે સમય જોયો. એક ને દસ! એણે અનુપમાને ખૂબ હળવેથી પોતાના ખભા પરથી ખસેડી. અનુપમા ઘસઘસાટ ઊંઘતી હતી. એ ઊભો થયો. પોતાનો બાથરોબ પહેર્યો અને દરવાજો ઉઘાડ્યો.

દરવાજાની બરોબર વચ્ચોવચ્ચ બારસાખ પર શ્રેયા એના ગળામાં લટકી પડી:

'અ... લ.. યયય!'

'તું? હમણાં?'

'અગિયાર વાગે પહોંચી ગઈ હોત, પણ ફ્લાઇટ ડીલે...?

એ અલયને ચુંબનો પર ચુંબનો કરી રહી હતી:

'કેવી રહી સરપ્રાઇઝ?'

'હેં!'

અલયને એ નહોતું સમજાતું કે અંદર પલંગ પર સૂતેલી અનુપમાને જોઈને શ્રેયાને સરપ્રાઇઝ મળશે કે શૉક લાગશે...

સમય પસાર કરવાના ઇરાદાથી એણે શ્રેયા સાથે વાતો કરવા માંડી. અલયને જોઈને ઘેલી થઈ ગઈ ગયેલી શ્રેયા પણ ત્યાં જ કાટેજના પગથિયા પર બેસી પડી. બન્ને જણ ખાસ્સી દસેક મિનિટ શ્રેયાની ડીલ વિશે, એની ફ્લાઇટ વિશે, અલયના શૂટિંગ વિશે વાતો કરતાં રહ્યાં અને અલય એક પળ એવી શોધતો રહ્યો કે એ અનુપમાને જગાડે...

આખરે શ્રેયા ઊભી થઈ:

'હવે અંદર આવું કે બહાર જ બેસી રહેવાનું છે?'

એવું કહેતી શ્રેયા ઓરડામાં સડસડાટ દાખલ થઈ ગઈ. પાછળ પાછળ ચીરાતી છાતીએ દાખલ થઈ રહેલા અલયની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. એની ચાદર જાણે કોઈ સૂતું જ ન હોય એવી કરચલી વગરની હતી. ડ્રિન્કનો એક જ ગ્લાસ ટેબલ પર પડ્યો હતો. એની ફાઈલ, જે એના હાથમાંથી ખેંચીને અનુપમાએ બંધ કરી હતી એ ખુલ્લી પડી હતી અને એમાં પેલી પેન્સિલ પણ યથાવત હતી.

થોડી વાર પહેલાં અનુપમા આ ઓરડામાં હતી એવું ખુદ અલયને પણ માનવામાં તકલીફ પડે એમ જાણે બધું જાદુથી યથાવત્ ગોઠવાઈ ગયું હતું... માત્ર અનુપમાએ ખોલી નાખેલી સ્લાઇડિંગ વિન્ડો હજી ખુલ્લી જ હતી અને દરિયાકિનારાનો પવન ફરફરાટ કરતો એવી જ રીતે ઓરડામાં ધસી રહ્યો હતો.

અલયે દોડીને સ્લાઇડિંગ વિન્ડોમાંથી નીચે જોયું. ખાસ્સી દસ ફૂટની ઊંચાઈ હતી!

'માય ગૉડ!' અલયથી બોલાઈ ગયું.

શું થયું?'

બાથરૂમમાં મોઢું ધોઈ રહેલી શ્રેયાએ ચહેરા પર સાબુ સાથે બંધ આંખે પૂછ્યું.

'કંઈ નહીં.'

અલયે જવાબ આપ્યો અને પછી મનોમન અનુપમાના ગાલ પર એક હળવી ટપલી મારી દીધી.

*

વૈભવી રાજેશ અને વસુમા હૉસ્પિટલ પહોંચ્યાં ત્યારે અભયના પલંગ પાસે પ્રિયા બેઠી હતી.

અભય પલંગમાં સૂતો હતો અને એની છાતી પર પાંસળીની ક્રેક માટેનો ઈલેસ્ટો પ્લાસ્ટ બાંધેલો હતો. દાખલ થતાંની સાથે વૈભવી પ્રિયા તરફ ધસી:

'શું જોઈએ છે તારે? શું કામ અભયની પાછળ પડી છે? શા માટે મારા સુખી સંસારમાં આગ લગાડે છે? હું છોડીશ નહીં તને...'

પ્રિયા કંઈ સમજે એ પહેલાં તો વૈભવીએ એને આખેઆખી હચમચાવી નાખી હતી.

વસુમાએ આગળ વધીને વૈભવીનો હાથ છોડાવ્યો:

'આ શું કરો છો, વૈભવી?'

'હું મારી નાખીશ આને...'

વૈભવીએ એના હાથ ઊંચકીને પ્રિયાના ગળા તરફ લંબાવ્યા. અભય પલંગમાંથી બેઠો થવા ગયો.

'વૈભવી!'

વસુમાના અવાજમાં કંઈક એવું હતું, જેનાથી વૈભવી અચાનક જ ઠંડી પડી ગઈ.

'કેમ છે, અભય? શું કહે છે ડૉક્ટર?'

વસુમાએ જઈને અભયની છાતી પર પ્રેમથી હાથ ફેરવ્યો.

'બસ, આ જ કહ્યું હતું એમણે.' અભય એટલું કહીને હસી પડ્યો.

'શું કહ્યું હતું?' વસુમાના ચહેરા પર પણ એક સ્મિત આવ્યું.

'એ જ કે તમારી મા આવીને છાતી પર હાથ ફેરવશે એટલે એકદમ સાજા થઈ જશો.'

અભય ખડખડાટ હસી પડ્યો. પછી એણે હળવેથી છાતી પર હાથ દબાવ્યો.

'દુખે છે?'

'થોડું.'

એણે વૈભવી સામે જોઈને ઉમેર્યું:

'પણ હું સિંગાપોર જઈ શકીશ.'

વૈભવી કરન્ટ લાગ્યો હોય એમ ઊભી થઈ ગઈ:

'જીવ જશે તોય સિંગાપોર જશો, ખરું?'

પછી પ્રિયાની સામે આગ ઝરતી નજરે જોયું એણે:

'આટલું ઓછું છે? હવે તારે જીવ લેવો છે મારા વગરનો?'

એણે અવાજ થાય એમ જોરથી હાથ જોડ્યા:

'જીવવા દે અમને શાંતિથી...'

પછી વસુમાની સામે વૈભવીએ એવી રીતે જોયું જાણે એમને કંઈ બોલવા માટેનો આગ્રહ કરતી હોય.

'વૈભવી, આ બધી ચર્ચા કરવાનું આ સ્થળ નથી ને સમય પણ નથી. તમે ઘેર જાવ. અમે પ્રિયાની ગાડીમાં આવી જઈશું.'

'હું શું કામ ઘેર જાઉં? એને જ ઘેર મોકલો. હું તો રહીશ અહીંયાં મારા વર પાસે.'

'વૈભવી..'

વસુમાએ ખૂબ ધીરજપૂર્વક પરિસ્થિતિને સંભાળતાં હળવેથી એને કહ્યું:

'અભયને તમારી પાસેથી કોઈ નહીં છીનવી શકે, સિવાય કે તમારું પોતાનું વર્તન. આ એક ડગલું તમે અભયની નજીક આવવાને બદલે એને તમારાથી દૂર ધકેલી રહ્યાં છો...'

વૈભવી એક ક્ષણ અભયની સામે જોઈ રહી:

'અભય, આ છોકરીની હાજરીમાં પૂછું છું. તમે મને માફ નહીં કરી શકો? શું મારો ગુનો એટલો મોટો છે કે મારે આટલું બધું અપમાન સહન કરવું પડે?'

'માન-અપમાનની ચર્ચા ક્યાં છે, વૈભવી? હું જે દિશામાં નીકળી ગયો છું ત્યાંથી પાછા ફરવું અશક્ય છે. હવે આ પરિસ્થિતિ આપણે ત્રણેએ સ્વીકારીને જીવવાનું છે.'

'વૈભવીબહેન, તમને લાગતું હશે કે આમાં સૌથી મોટો ફાયદો મારા પક્ષે છે, ખરું?'

ક્યારની ડઘાયેલી પ્રિયા ધીમેથી બોલી:

'મારે પક્ષે તો નુકસાન જ નુકસાન છે. અભય ક્યારેય મારી સાથે જીવી નહીં શકે. હું ક્યારેય એમની પત્ની બની નહીં શકું.'

પછી એનાથી રાજેશ સામે જોવાઈ ગયું.

'ને એના સંતાનની મા પણ નહીં જ બની શકું. તમારી પાસે તો આ બધું જ છે... અભય તમને ક્યારેય છોડવાના નથી. માત્ર થોડા કલાકો કે ક્યારેક થોડા દિવસ હું એક સપનું જીવી લઉં છું. જાણું છું કે આંખ ઊઘડે કે સત્ય ભેંકાર એકલતા થઈને વીંટળાઈ વળશે મને.'

એની આંખો ફરી વહેવા માંડી હતી. એણે વસુમા સામે જોયું.

'યુવાન અને સુંદર સ્ત્રી માટે એકલા જીવવું કેટલું અઘરું છે એ તમને ક્યારેય ન સમજાય એવી હું ઈશ્વરને પ્રાર્થના કરું!'

વસુમાથી અનાયાસે આગળ વધીને પ્રિયાના ખભે હાથ મુકાઈ ગયો. સહાનુભૂતિની સ્પર્શ મળતાં જ પ્રિયા વસુમાના ખભે માથું મૂકીને રડી પડી:

'કોઈ કંઈ પણ કહે, સમાજના બીજા લોકોની દૃષ્ટિએ હું અભયની રખાત છું, વૈભવીબહેન. બે-ચાર મુઠ્ઠીભર માણસો કે મારા અને અભય માટે આ સંબંધ છે, પણ મોટા ભાગના લોકો આને લફરું કે સ્કૅન્ડલ કહે છે...'

વૈભવી એક ક્ષણ માટે અંદરથી હચમચી ગઈ. જો કે એણે દેખાવા ન દીધું. પછી એ કશું જ બોલ્યા વિના

ઓરડાની બહાર નીકળી ગઈ.

અભયે એ જોયું, પણ એને રોક્યા વિના વાત બદલી નાખી:

'બહુ જ ઝીણી ક્રેક છે, હેરલાઇન જેવી. થોડો વખત પટ્ટો પહેરવો પડશે. બાકી, ચિંતાનું કોઈ કારણ નથી.'

'પ્રિયા બેટા...' વસુમા એક ડગલું આગળ આવ્યાં:

'હું તમને રોકતી નથી, પણ મને એમ લાગે છે કે વૈભવીને દુ:ખ પહોચાડી તમારો સંબંધ સુખ મેળવી શકશે ખરો?'

'તો શું કરું, મા?' ક્યારનો રોકી રાખેલો પ્રિયાનો ડૂમો છૂટી ગયો:

'હું અભય વિના જીવી શકું એમ નથી.'

'ને હું પણ પ્રિયા વિના નહીં જીવું.'

અભયે મક્કમતાથી વસુમા સામે જોયું:

'પ્રિયા મારી જવાબદારી છે, મારો પ્રેમ છે.'

'ને વૈભવી?'

વસુમાના સવાલથી ઓરડામાં સોપો પડી ગયો. ક્યારનો ચૂપચાપ ઊભેલો રાજેશ અભયની નજીક આવ્યો અને એણે અભયના ખભે સહાનુભૂતિનો હાથ મૂક્યો:

'અભયભાઈ, વૈભવીભાભીને અન્યાય ન થવો જોઈએ એવું તો હું પણ માનું છું.'

'મા...' પ્રિયા રડી રહી હતી:

'આખી વાતમાં હું જ ગુનેગાર છું. બધું જાણતી હોવા છતાં... મેં જ...'

'બેટા, ઘણીબધી પરિસ્થિતિ આપણા હાથમાં નથી હોતી, પણ જ્યારે પરિસ્થિતિ આપણા હાથમાં ન રહે ત્યારે જાતને દોષ દેવો જરૂરી નથી જ.'

'હું જતી રહું તો બધું બરાબર થઈ જશે.'

પ્રિયા એકદમ લાગણીવશ થઈ ગઈ હતી.

'તને શું લાગે છે?'

અભય ઉશ્કેરાટમાં બેઠો થઈ ગયો. એણે પોતાનો જ એક હાથ પાંસળીના દુખાવા પર દબાવી રાખ્યો હતો. એનો અવાજ ઊંચો થઈ ગયો હતો:

'તું મારી જિંદગીમાંથી ચાલી જઈશ એટલે હું વૈભવી પાસે પાછો જઈશ એમ માનતી હોય તો તું ભૂલ કરે છે અને આ આપણી જિંદગી છે, જવાનો નિર્ણય તું એકલી કેવી રીતે કરી શકે?'

‘અભયભાઈ, શાંત થઈ જાવ.’

અભયને પકડીને રાજેશે પાછો સુવાડી દીધો:

‘વૈભવીભાભીને અન્યાય ન થવો જોઈએ એ વાત સાચી, પણ એથી પ્રિયાને અન્યાય થવો જોઈએ એવું મેં નથી કહ્યું.’

‘બેમાંથી એક જ રહી શકશે ને અભયની સાથે?’

પ્રિયાએ આંખો લૂછી નાખી અને સોંસરો ઊતરી જાય એવો સવાલ પૂછ્યો:

‘તો એ એક કોણ? હું કે વૈભવીબહેન?’

‘મને લાગે છે પરિસ્થિતિ બહુ ગૂંચવાઈ ગઈ છે.’

વસુમા સામે રાજેશે જોયું.

‘આવી ગૂંચવણભરી પરિસ્થિતિ હોય ત્યારે સામસામે બેસીને વાત કરવાથી નિવેડો લાવી શકાય.’ વસુમાએ કહ્યું:

‘એ સિવાય બીજો કોઈ રસ્તો નથી બચતો.’

‘હું સિંગાપોરથી આવીને વૈભવી સાથે વાત કરીશ.’

અભય હજી પોતાની વાત પર મક્કમ હતો:

‘ડૉક્ટરે કહ્યું છે, બે કલાકમાં રજા આપશે.’

‘તને જેમ યોગ્ય લાગે એમ કર, બેટા, હું રોકીશ પણ નહીં અને જા એમ પણ નહીં જ કહું.’

વસુમા સામે પડેલી એક ખુરશી ખેંચી એમાં ગોઠવાઈ ગયાં.

બે કલાક એમ જ લગભગ વજનદાર મૌનનો બોજ ઊંચકતાં પસાર થઈ ગયા હતા પછી વસુમા, રાજેશ અને અભય ઘેર જવા નીકળ્યાં.

પ્રિયાની ગાડીમાં પ્રિયા એકલી પોતાને ઘેર જવા નીકળી ત્યારે અભયે પ્રિયાને કહ્યું:

‘સાડા દસ વાગે ઍરપોર્ટ જવા માટે પિકઅપ કરીશ.’

ઘરે પહોંચ્યાં ત્યારે વૈભવી ડ્રોઇંગ રૂમમાં સાવ એકલી અન્યમનસ્ક જેવી બેઠી હતી. અભયે એની સામે જોયું, પણ એ સીધો ટેબલ ઉપર ચાલી ગયો. અભય બૅગ પૅક કરીને સાડા દસ વાગે પગથિયાં ઊતર્યો ત્યારે પણ વૈભવી નીચે ડ્રોઇંગ રૂમના સોફામાં બેઠી હતી.

જાનકી અને અજય પણ પોતાના જ રૂમમાં જાણે આ ઘટનાનાં સાક્ષી ન બનવા માગતાં હોય એમ ચૂપચાપ બેસી રહ્યાં.

વસુમા પોતાના ઓરડામાં ઠાકોરજીના મંદિર પાસે બેસીને કશું અજુગતું ન બને એના માટે હાથ જોડીને પ્રાર્થના કરતાં રહ્યાં:

'હે ઈશ્વર! મને જેમ સાચું લાગ્યું એમ કર્યું છે મેં. હું જાણું છું કે આખી વાતમાં વૈભવીને દુ:ખ પહોંચશે અને લગ્ન કોઈને દુ:ખી કરવાના અધિકારો નથી આપતાં એવું હું પહેલેથી માનું છું.'

વસુ, વૈભવી અભયની પત્ની છે. આ ઘરની સૌથી મોટી વહુ-કુળવધૂ! અભય જે કરે છે એ બરોબર તો નથી જ... લગ્ન એટલે વફાદારી, એકબીજાના થઈને જીવવાનું વચન... આ દલીલ વસુમાના મને જ કરી:

સૂર્યકાંત જ્યારે યશોધરા સાથે... ત્યારે તને દુ:ખ નહોતું થયું?

થયું હતું.

વસુમાએ સ્વસ્થતાથી પોતાના જ મનને જવાબ આપ્યો:

પણ વૈભવીએ આ પરિસ્થિતિ ઊભી કરવામાં ઓછો ફાળો નથી આપ્યો. લગ્નના લગભગ બે દાયકા સુધી અભયે ક્યારેય એનું અપમાન નથી કર્યું. એની તમામ ઇચ્છાઓ પૂરી કરી છે. અને સાચા હૃદયથી પ્રેમ કર્યો છે... પોતાની બધી જ જવાબદારીઓ નિભાવી છે.

એટલે? અભયને હક મળી જાય છે?

વસુમાની અંદરના સંસ્કાર, એમનો ઉછેર, એમનું વાંચન અને તેમની બુદ્ધિએ વળતી દલીલ કરી:

વૈભવીએ અભય સાથે ખરાબ વર્તન કર્યું એટલે સામે અભયે બેવફાઈ કરવાની? આ લગ્નેતર સંબંધ છે...

તો?

વસુમાના મને અંદર ને અંદર જાત સાથે ચર્ચા ચાલુ રાખી:

ચોકીપહેરો, મહેણાં-ટોણા અને ધાકધમકી સિવાય એમની વચ્ચે કોઈ વાતચીતનો વ્યવહાર હતો? જ્યાં ધાક હોય ત્યાં ધિક્કાર હોય...

પણ વસુ, આખીય વાતમાં વૈભવીએ શું કરવાનું? એ આને નહીં સ્વીકારે તો... એણે જીવનભર આ અસ્વીકારની ચિતા પર સળગતાં રહેવાનું?

સો માંથી નવ્વાણું યુગલને કદાચ લગ્ન પછી તરત જ સમજાય છે કે એમણે ભૂલ કરી છે, પણ એમાંના નેવું સમજણ અને સમાધાન કેળવીને જીવી જાય છે. સુખ બહુ વિચિત્ર શબ્દ છે. બે લોકો કદાચ જુદી જુદી દિશામાં ચાલતાં ચાલતાં એટલાં દૂર નીકળી જાય છે કે એકબીજાના સુખ વિશે વિચારવાનું પણ ભૂલી જાય છે. રેતી પાથરીને રણ ઊભાં ન કરી શકાય, રણ તો હતાં જ... પહેલાં પણ ને પછી પણ! એકબીજાનું સુખ થઈને વરસવાનું ભૂલી જનારાં યુગલ ધીરે ધીરે પોતાની વચ્ચે એ રણને લઈ આવે છે.

એટલે કે તું અભયના પક્ષમાં છે?

પક્ષ? અહીં બે પક્ષ જ ક્યાં છે? એણે છેતરીને કશું નથી કર્યું એટલો સંતોષ છે મને મારા ઉછેરનો.

વસુમા પોતાના જ મનની સામે જાણે પોતે જ યુદ્ધે ચડ્યાં હતાં:

સુખનો અધિકાર સૌનો છે. સમય બદલાયો છે એટલે બીજી સ્ત્રીને કાયદો ગુનો ગણે છે.

પણ સૂર્યકાંતે...

પોતાના જ મનને વસુમાએ ચૂપ કરી દીધું:

સૂર્યકાંત ચાલ્યા ગયા હતા પોતાનો પરિવાર અને જવાબદારી છોડીને, કંઈ કહ્યા વિના, હંમેશ માટે... પછી મક્કમતાથી જાતને જ કહ્યું:

મારો દીકરો જવાબદારી નહીં છોડે. બે-ચાર દિવસ એ પોતાની જિંદગી જીવવા જાય છે, હું એને રોકીશ નહીં!

પછી એમણે હાથ જોડીને આંખો મીંચી દીધી. ક્યાંય સુધી એ એમ જ બેઠાં હશે, કોણ જાણે...

'મા!'

અભય એમના ઓરડાના દરવાજે આવીને બોલ્યો.

અભય આગળ વધ્યો અને વસુમાને પગે લાગ્યો. વસુમાએ એના માથે હાથ મૂક્યો પણ એકેય અક્ષર ન બોલ્યાં. અભય ઊભો થયો. મા-દીકરો બન્ને એકબીજા સામે એક પળ માટે જોઈ રહ્યાં. વસુમાની આંખોએ એ બધું જ કહ્યું, જે અભયને સાંભળવું હતું...

અને અભયની આંખોમાં એ છલકાયું, જે એણે શબ્દોમાં વસુમાને કહેવાનું હતું!

અભય ઊંધો ફરીને સડસડાટ ડ્રોઇંગ રૂમમાં આવ્યો. સોફામાં બેઠેલી વૈભવીની સામે એક ક્ષણ માટે એ ઊભો રહ્યો.

વૈભવી ઊભી થઈને વળગી પડી: 'ના જાઓ, અભય... પ્લીઝ!'

એની આંખોમાં કદાચ સાચાં આંસુ હતાં.

'છ દિવસમાં પાછો આવીશ વૈભવી, વિશ્વાસ રાખજે. મારું સરનામું...'

એક ઊંડો શ્વાસ લઈને અભયે કહ્યું:

'પરમેનન્ટ ઍડ્રેસ શ્રીજી વિલા છે અને શ્રીજી વિલા જ રહેશે.'

'પણ તમે પ્રિયાને ક્યારેય...'

વૈભવીનાં આંસુ અભયનું શર્ટ ભીંજવી રહ્યાં હતાં.

'...નહીં છોડી શકું. પ્રિયા તારા જેટલી જ મારી જવાબદારી છે.'

વૈભવીએ ધીમે રહીને અભયને છોડી દીધો.

અભયની નીચે મૂકેલું હેન્ડ લગેજ ખભે લટકાવવા ગયો, પણ એને દર્દનો એક સબાકો આવ્યો. વૈભવીએ નીચા

નમીને હેન્ડ લગેજ લઈ લીધું અને બહારની તરફ ચાલવા લાગી.

'ક્યાં જાય છે?' અભયે પૂછ્યું.

'ઘરમાં ગાડી છે.'

વૈભવીએ અભય સામે જોયા વિના કહ્યું:

'અને ગાડી ચલાવી શકે એવી વ્યક્તિ પણ... ટૅક્સીમાં જવાની જરૂર નથી. હું ઍરપોર્ટ મૂકી જાઉં છું.'

'પણ પ્રિયા...'

'એને પણ લેતાં જઈશું ને!'

અત્યાર સુધી મક્કમ રહેલા અભયની આંખ પણ આ સાંભળીને સહેજ ભીની થઈ ગઈ.

* * *

49

સૂર્યકાંત છાતી પર ડાબી તરફ હાથ દબાવતા ઊભા થવા ગયા, પણ જમીન પર ફસડાઈ પડ્યા...

યશોધરા, શૈલેષ, દેવશંકર, ગોદાવરી, અજય, અભય, અંજલિ, અલય, વસુંધરા, સ્મિતા, રોહિત...

એ બધાં વારાફરતી એમની સામે આવતાં હતાં અને કાન ફાડી નાખે એવા અવાજે એમને સવાલ પૂછતાં હતાં...

સૂર્યકાંતને ગભરામણ થવા માંડી હતી. પરસેવો પરસેવો વળી ગયો હતો. ચીસ પાડવી હતી, પણ જાણે ગળામાંથી અવાજ નહોતો નીકળતો.

એ કોઈને બોલાવવા માગતા હતા, પણ લક્ષ્મીના રૂમ સુધી એમનો અવાજ પહોંચે એમ નહોતો. સૂર્યકાંતને લાગ્યું કે આ એમની જિંદગીની આખરી પળ હતી... માસિવ હાર્ટ અટેક...

એમણે આંખો મીંચી દીધી અને છાતી પર હાથ દબાવ્યો ત્યાં અચાનક એમને યાદ આવ્યું કે એ ફોન સુધી પહોંચી શકે એમ હતા:

'ઇમરજન્સી? હૉસ્પિટલ?'

મહામુશ્કેલીએ સૂર્યકાંત આટલું બોલી શક્યા અને રિસીવર એમના હાથમાંથી છટકી ગયું.

પણ ત્યાં સુધીમાં અમેરિકાનાં સાબદાં તંત્રોમાં કૉલ ટ્રેસ થઈ ગયો હતો... દસમી મિનિટે ઍમ્બ્યુલન્સ એમના ગેટ પાસે આવીને ઊભી રહી ત્યારે લક્ષ્મીને ખબર પડી કે ડૅડીને બાજુના ઓરડામાં હાર્ટ અટેક આવ્યો હતો!

ડૅડીને લઈને લક્ષ્મી હૉસ્પિટલ પહોંચી ત્યારે એની પાસે કોઈ નહોતું. રોહિતના મૃત્યુનો આઘાત હજી પૂરેપૂરો હેઠો બેસે એ પહેલાં તો એની સામે ડૅડી જીવન અને મૃત્યુ વચ્ચે ઝૂલવા લાગ્યા.

'નીરવ...'

એનાં હીબકાં કોઈ રીતે અટકતાં નહોતાં.

'કૂલ ડાઉન, શાંત થઈ જા.'

નીરવને આટલે દૂરથી બીજું શું થઈ શકે એ સમજાતું નહોતું.

'હું સાવ એકલી છું, નીરવ. સંજોગો સામે લડવાની મારી તાકાત જાણે ઓછી થઈ ગઈ છે.'

'તું માને ફોન કર. હું પણ કરું છું. એ આવી જશે તરત જ તારી પાસે!'

'મા આવી શકે, પણ તું નહીં, કેમ?'

લક્ષ્મીથી અનિચ્છાએ પણ કડવાશથી બોલાઈ ગયું.

'ના. એટલે મારી મા, લક્ષ્મી! તું નંબર લખી લે.'

છે મારી પાસે.,

'એ પહોંચશે થોડા જ કલાકોમાં.'

'ને તું? તું નહીં આવે, નીરવ? મને જ્યારે તારી સૌથી વધારે જરૂર હોય ત્યારે પણ તું નહીં આવે?'

'હું આવીશ, લક્ષ્મી... તારા ગયા પછી તરત જ મને સમજાયું છે કે હું તારા વિના નહીં જીવી શકે...'

'નીરવ!'

'હા લક્ષ્મી, જે થયું એ સારા માટે. તું આમ ગઈ ન હોત તો કદાચ મને આ લાગણી થઈ જ ન હોત. તારા જવાથી જ મને સમજાયું કે તારા વિનાની જિંદગી મારા માટે નકામી છે. હું રાહ જોતો હતો કે કોઈ સ્ત્રી માટે મને આવી લાગણી થાય...'

'તું સ્ટુપિડ છે એવી તને ખબર છે?'

આટલી કટોકટીની ક્ષણોમાં પણ લક્ષ્મીના ચહેરા પર ભીની આંખે સ્મિત આવી ગયું.

'હોઈશ, છું જ... નહીં તો તને જવા દેત?'

'તારું શું કરું?'

લક્ષ્મીને નીરવ પર - એની પ્રામાણિકતા પર વહાલ આવી ગયું.

'હવે જે કરવું હોય એ કર... હું જે છું ને જેવો છું અને હવે એવો તારો છું.'

'ઓહ, ગૉડા'

લક્ષ્મી માટે કદાચ જિંદગીની આ સૌથી ધન્ય ક્ષણ હતી. નીરવ આવી રીતે, આવી કટોકટી વખતે આવી વાત કરી નાખશે એવી એને કલ્પના પણ નહોતી.

ભારતથી અહીં આવતી વખતે નીરવ ઍરપોર્ટ ન આવ્યો ત્યારે એણે મનોમન નીરવના નામ પર ચોકડી મૂકી દીધી હતી. એણે નક્કી કરી લીધું હતું કે હવે એ એને ભૂલવાનો પ્રયત્ન કરશે. જે માણસ પ્રેમ કરે, પણ જીવનભર સાથે જીવવાનું કમિટમેન્ટ ન કરી શકે એની યાદમાં ઝૂર્યા કરવાનો કોઈ અર્થ નહોતો એવું એને લાગેલું અને એટલે જ એણે મનોમન નીરવને ગુડ બાય જ કહી દીધેલું...

રોહિતના મૃત્યુ પછી નીરવનો એક ફોન આવ્યો ત્યારે પણ લક્ષ્મીએ ખૂબ ઔપચારિકતાથી અને પ્રમાણમાં જાતને જાળવીને વાત કરી હતી. બન્ને વચ્ચે છેલ્લા ચાર-પાંચ દિવસમાં આ એક જ સંવાદ થયો હતો.

લક્ષ્મીને લાગ્યું કે જો પોતે આ જ રીતે મક્કમ રહેશે તો નીરવને ભૂલી જવો અઘરો નહીં પડે, પણ જે ક્ષણે સૂર્યકાંતની તબિયત લથડી એ ક્ષણે લક્ષ્મીને સૌથી પહેલો વિચાર નીરવનો આવ્યો. એની આંગળીઓ સૌથી પહેલી નીરવના જ નંબર પર વળી.

અને એ પછી જે થયું એ લક્ષ્મીની જ નહીં, કદાચ નીરવની પોતાની કલ્પનાની બહાર હતું. લગ્ન જેને માટે ભયજનક શબ્દ હતો એ માણસ હવે લક્ષ્મી વિના જીવી શકે એમ નહોતો... એટલું જ નહીં, એણે એ વાત

લક્ષ્મી પાસે સ્વીકારી લીધી હતી!

આ પરિસ્થિતિમાં લાંબી વાત થઈ શકે એમ હતી નહીં, પણ ફોન મૂકીને લક્ષ્મીને એવું લાગ્યું કે જાણે નીરવ માઈલો દૂર નહીં, એની બાજુમાં, એનો હાથ પકડીને ઊભો છે.

લક્ષ્મી હજી તો આ રોમાંચમાંથી પૂરેપૂરી જાગે એ પહેલાં તો હૉસ્પિટલની આસિસ્ટન્ટ ડૉક્ટર દોડતી આવી:

'એમની બાયપાસ સર્જરી કરવી પડશે. અમે એમને ઑપરેશન થિયેટરમાં લઈ જઈએ છીએ. એમને તમારી સાથે વાત કરવી છે...'

લક્ષ્મી એની પાછળ દોડી.

'બેટા...'

સૂર્યકાંતને બોલવામાં શ્રમ પડતો હતો.

'હા, હા ડૅડી...'

'હું ના બચું તો...'

'નહીં ડૅડી, તમે હમણાં જ પાછા આવશો અને હજુ ઘણું લાંબું જીવશો.'

'સાંભળી લે, મારી પાસે બહુ સમય નથી.'

લક્ષ્મી હવે કશું જ બોલ્યા વિના માત્ર સાંભળી રહી.

'મેં મારી બધી જ મિલકતના ત્રણ ભાગ કર્યા છે. વન થર્ડ તારા માટે રાખ્યો છે. વન થર્ડ વસુંધરા અને એના પરિવારના નામે કર્યો છે અને વન થર્ડ માંથી દેવશંકર મહેતા ચૅરિટેબલ ટ્રસ્ટ ઊભું કરવાની સૂચના આપી છે. મધુભાઈ પાસે પેપર્સ છે.'

'જી, ડૅડી.'

લક્ષ્મીની આંખોમાં ફરી આંસુ ઊભરાવા લાગ્યાં હતાં.

'વસુંધરા! કદાચ મિલકત સ્વીકારવાની ના પાડે...'

આવી ક્ષણોમાં પણ સૂર્યકાંતના મ્લાન ચહેરા પર એક સ્મિત આવી ગયું:

'એ ના જ પાડશે! તો એ મિલકતના ચાર એકસરખા ભાગ કરવા અને મારાં ચારેય સંતાનને સરખા ભાગે વહેંચી આપવા.'

'ડૅડી, હવે તમે...'

'હજી બાકી છે. સ્મિતાના નામે જે ડૉલર હું દર વર્ષ અલગ મૂકતો રહ્યો એ રોહિત માટે હતા. વિચાર્યું હતું કે એને બિઝનેસમાં રસ નહીં પડે તો એ એને આપી દઈશ...'

એમના શ્વાસ ફરી વજનદાર ચાલવા લાગ્યા હતા. એમણે છાતી પર હાથ દાબ્યો:

‘બેટા, એ પૈસામાંથી તારી માના નામનું ટ્રસ્ટ કરજે અને એના જેવી રસ્તો ભૂલેલી, કુંવારી મા કે તરછોડાયેલી સ્ત્રીઓને મદદ મળી રહે એવી વ્યવસ્થા કરજે.’

હવે ડૉક્ટર-નર્સ એમને આગળ બોલવા દે એમ નહોતું. નર્સે સૂર્યકાંતનું સ્ટ્રેચર ઓ.ટી. તરફ ધકેલ્યું...

લક્ષ્મી થોડી વાર સુધી સ્ટ્રેચર જોડે ચાલી. પછી સ્ટ્રેચર લાલ લાઇટવાળા દરવાજાની પાછળ ગુમ થઈ ગયું.

*

‘મા...’

લક્ષ્મીનો અવાજ ધ્રૂજી ગયો.

‘મા તો એમના ઓરડામાં છે... બોલાવું?’

જાનકીનો અવાજ કોણ જાણે કેમ લક્ષ્મીને સહેજ ભીનો લાગ્યો.

‘બધું બરાબર છે ને?’ લક્ષ્મીથી પુછાઈ ગયું.

‘હા...’ પછી જાનકીએ વસુમાને બૂમ પાડી:

‘મા... લક્ષ્મીનો ફોન છે.’

અભયના ગયા પછી ઠાકોરજીની મૂર્તિ સામે બેઠેલાં વસુમાની નજર સામે વારંવાર સૂર્યકાંતનો ચહેરો આવી જતો હતો. એ ચહેરા પર અજબ પીડા અને ન સમજાય એવા દુઃખના ભાવ હતા.

વસુમાને નવાઈ લાગી: આવું કેમ થયું હશે?

એમણે ઠાકોરજીની મૂર્તિ સામે જોયું. હાથ જોડ્યા;

‘વહાલા, એક વાત કહું છું તમને. મારા શ્વાસ ચાલે ત્યાં સુધી સૌને સાજાસમા રાખજો. એ બધા ભલે એમ માને કે મેં માયા મૂકી દીધી છે, પણ હું ને તું તો જાણીએ છીએ કે મને સૌની કેટલી ચિંતા રહે છે.’

એમણે ફરી આંખો મીંચી દીધી. એમને ફરી સૂર્યકાંતનો એવો જ ઉદ્વિગ્ન, પીડામગ્ન ચહેરો દેખાયો. એમણે આંખો ખોલી અને નવાઈથી ઈશ્વર સામે જોયું. ત્યાં એમને જાનકીની બૂમ સંભળાઈ.

મા... લક્ષ્મીનો ફોન છે.

‘વહાલા, બધું જ ક્ષેમકુશળ હોય એવા સમાચાર આપજે, હોં.’ એ ઊઠ્યાં અને ફોન પાસે આવ્યાં:

‘બેટા, લક્ષ્મી.’

‘મા...’

લક્ષ્મીનું ડૂસકું ફરી છૂટી ગયું:

'ડેડી... હૉસ્પિટલમાં છે. એમને માસિવ હાર્ટ અટેક આવ્યો. અત્યારે બાયપાસ ચાલી રહી છે.'

'તું એકલી જ છે, દીકરા?'

'હા, મા...'

'ચિંતા નહીં કરતી, બેટા ઉપરવાળો તારી સાથે જ છે. મધુભાઈ...'

'એ પહોંચે છે, મા.'

'ભલે બેટા, અભય તો હમણાં જ સિંગાપોર જવા નીકળ્યો છે. હું અલયને ફોન કરું છું. અજયના પેપર્સનું શું થયું?'

'મધુભાઈએ મોકલ્યાં છે, તમને મળશે જ.'

'મળે કે તરત જ અહીંથી અજય-જાનકી અને હૃદયને મોકલું છું. તું જરાય ચિંતા ન કરતી. બેટા, ઉપરવાળો સૌ સારાં વાનાં કરશે.'

વસુમાએ ફોન મૂક્યો ત્યારે એમની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં.

'મા, શું થયું છે?'

વસુમાની બાજુમાં ઊભેલી જાનકીએ આખી વાત સાંભળી તો ખરી, પણ એને સમજાઈ નહોતી.

'કાંત હૉસ્પિટલમાં છે.' વસુમાએ આંખો લૂછી:

'જાનકી બેટા, હૉસ્પિટલના કાગળિયાં પણ જોડે જ હશે. તમારાં પેપર્સ આવે કે તરત જવાની તૈયારી કરો.'

'પણ મા, હું તો...'

'જાનકી બેટા, હું તમારી લાગણી સમજું છું. આટલાં વરસ સુધી મારી સાથે રહ્યાં પછી તમને સૂર્યકાંત પાસે જવાની ઇચ્છા નથી. તમને લાગે છે કે સૌ એમ માનશે કે અજય ડૉલરની લાલચમાં એની માને છોડીને ગયો, ખરું?'

'મા, બીજા જે માને તે, પણ મનેય એવું જ લાગે છે.'

'બેટા, તમારા સસરા હૉસ્પિટલના બિછાને છે. અત્યારે આપણી અંગત માન્યતાઓને પ્રાધાન્ય આપવાના બદલે એમને તમારી જરૂર છે એમ વિચારો...'

'ને તમને જરૂર નથી અમારી?'

જાનકીને પણ ડૂમો ભરાઈ ગયો:

'તમે જીવી શકશો અમારા વિના?'

'જેની સાથે સાત ભવ જીવવાના સોગંદ ખાધા હતા એના વિના જીવી ગઈ.' વસુમાએ એક સ્મિત કર્યું, પણ એ

સ્મિતમાં છુપાયેલું દર્દ જાનકી જોઈ શકી:

‘તો હવે કોઈનાય વિના જીવી શકીશ, બેટા.’

‘પણ મા, મારે નથી જવું તમને મૂકીને.’

‘બેટા, આ ઉંમર ધીમે ધીમે ગાંઠો છોડવાની છે... તું તારા પતિની સાથે હોય અને સુખમાં હોય તો મારું મન પણ શાંત રહે. મારે ખાતર તું અજયથી દૂર અહીં મારી પાસે રહે એ વાત હું સ્વીકારી શકું?’

‘મા, આ ઘર અને આ કુટુંબ તૂટી જશે. બધાં છૂટાં પડી જશે એની કલ્પના છે તમને?’

જાનકીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં:

‘આટલાં વર્ષો સુધી તમે સૌને એક સૂત્રમાં બાંધી રાખ્યાં. આ જમાનામાં સૌ સાથે જીવી ગયાં... હવે શા માટે...’

જાનકી આગળ ન બોલી શકી.

અંજલિ ઉપરથી નીચે આવી ગઈ હતી. એ પણ આ વાતચીત સાંભળી રહી હતી. આજે રાજેશ એને લેવા આવવાનો હતો એટલે પૅકિંગ તૈયાર કરીને એ રાજેશની રાહ જોતી હતી:

‘મા, શું થયું છે?’

‘કાંત હૉસ્પિટલમાં છે, બેટા!’

‘બાપુ...’

અંજલિ તો રડી જ પડી. એને ઍરપોર્ટ પર સૂર્યકાંતે કહેલું એ યાદ આવી ગયું: મારા દોહિત્ર સાથે ડિઝનીલૅન્ડ ફરવું છે મારે...

પોતાના અબોર્શન પછી અમસ્તીય અંજલિ બહુ સેન્સેટિવ થઈ ગઈ હતી. એ વાત યાદ આવતાં જ એને રડવું આવી ગયું.

‘કંઈ નથી થયું, બેટા કાંત સાજાસમા પાછા આવશે એવું મારું મન કહે છે.’

‘એમની પાસે કોઈ નથી, મા!’

‘બસ, પેપર્સ આવે એટલી વાર છે. જાનકી અને અજય જશે.’

‘હું નહીં જાઉં તમને મૂકીને... આ ઘર વિખેરીને...’

‘બેટા, માળામાં રહેલું પંખીનું બચ્ચું ઊડી ન શકે ત્યાં સુધી એની મા પોતાના ભાગની ચણ પણ બચ્ચાને ખવડાવી દે, પણ એક વાર બચ્ચાને પાંખો અને આંખો આવી જાય પછી એને જાતે જ ઊડતાં શિખવાડીને આકાશને હવાલે કરી દે છે...’

એમણે જાનકી અને અંજલિ બન્નેના માથા પર હાથ ફેરવ્યો.

'એક વાર પંખી આકાશની વિશાળતામાં પાંખ ફફડાવે પછી માળો એને નાનો પડે, બેટા!'

'પણ સાંજ પડે તો એ માળામાં પાછું ફરે કે નહીં?' જાનકી હજીય પોતાની દલીલો કરી રહી હતી.

'બેટા, એક વાર આકાશને આંબ્યા પછી સૌએ પોતપોતાનો માળો બાંધવો પડે. પોતપોતાની દિશામાં, પોતાની જરૂરિયાત અને સૂઝ પ્રમાણે!'

વસુમાને વળગીને જાનકી રડી પડી.

'બેટા, તું વહુ ક્યારેય હતી જ નહીં આ ઘરમાં. તું દીકરી જ છે અને દીકરીની જેમ જ પોતાને ઘેર જાય છે એમ માનીને જજે... જેમ અંજલિ માટે આ ઘરના દરવાજા ક્યારેય બંધ નથી થયા એમ તારે માટે પણ આ ઘરના દરવાજા ખુલ્લા જ રહેશે એવું કહેવાની જરૂર છે ખરી?'

જાનકી વસુમાને છોડવા જ તૈયાર નહોતી. એનાં હીબકાં વસુમાનો ખભો ભીંજવી રહ્યાં હતાં અને વસુમાનો માયાળુ હાથ એની પીઠ પર ફરતો એને ધીમે ધીમે શાંત કરી રહ્યો હતો.

*

દૂર ખુરશી નાખીને આંખો પર ગૉગલ્સ ચડાવીને છત્રી નીચે બેઠેલી શ્રેયા કંઈક વાંચી રહી હતી. અલયનું શૂટ પુરજોશમાં ચાલુ હતું. જો આ જ રીતે કામ ચાલુ રહ્યું અને વરસાદ કામ ન બગાડે તો આવતી કાલે સાંજ સુધીમાં કામ પતાવીને પરમ દિવસ સુધીમાં મુંબઈ ચાલ્યા જવાની ગણતરી અલયના મનમાં હતી.

પ્લાનિંગના બે દિવસ વહેલું શિડ્યુઅલ પૂરું!

અલય ક્યારનો એવી તક શોધી રહ્યો હતો કે એ અને અનુપમા થોડીક ક્ષણો માટે એકલાં પડે... અને સામાન્ય રીતે અલય સાથે એકાંત શોધતી બંગાલણ અનુપમા આજે મીઠાં પાણીની માછલીની જેમ અલય નજીક આવે કે સરકી જતી હતી!

એ કપડાં બદલવા પોતાની મેકઅપ વેનમાં ચડી કે અલયે શ્રેયા સામે જોયું. ઍરપોર્ટ પરથી લાવેલા મૅગેઝિનમાંનો ઇન્ટરવ્યૂ વાંચવામાં તલ્લીન શ્રેયાનું ધ્યાન અલય તરફ બિલકુલ નહોતું.

'શું થયું છે તને?,

મેકઅપ વેનમાં કપડાં બદલતી અનુપમા અલયને જોઈને ચોંકી. એણે પોતાનું ટૉપ શરીર પર લપેટી લીધું.

'સ્ટુપિડ! એક છોકરીની વેનમાં આવી રીતે ધસી અવાય?'

બીજો કોઈ રસ્તો જ નથી. હું સવારથી જોઉં છું કે તું મને અવોઈડ કરે છે.'

'હું? શા માટે?'

'ગઈ કાલની રાતની વાત ન કાઢું એટલા માટે.'

'ગઈ કાલે રાતે શું થયેલું'

અનુપમાના ચહેરા પર થોડું ભોળપણ અને થોડું દર્દ હતું.

'તું સારી ઍક્ટ્રેસ છે એવું મેં તને પહેલાં પણ કહ્યું છે, પણ તારી ઍક્ટિંગ કેમેરાની સામે હોય ત્યાં સુધી જ બરાબર છે.'

અલય નજીક ધસી આવ્યો અને અનુપમાને બાવડામાંથી પકડી લીધી:

'શું સમજે છે તારી જાતને? ત્યાગની દેવી? બલિદાન આપીને મહાન થવા માગે છે?'

એણે બાવડું એટલા જોરથી દબાવ્યું કે અનુપમાના મોઢામાંથી સિસકારી નીકળી ગઈ.

અલયે એને જોરથી ધક્કો મારીને મેકઅપ વેનના કાઉચ પર બેસાડી દીધી. પછી એનો જમણો પગ હાથમાં લઈ ઘૂંટી તપાસી. અલયે ઘૂંટી પર સહેજ આંગળી દબાવી કે અનુપમાથી ચીસ પડાઈ ગઈ.

'અલય!'

'જરૂર હતી આવી બહાદુરી કરવાની?'

'મારે કે તારે, બેમાંથી એક જણે બહાદુરી બતાવવી પડે એમ હતી. મને લાગ્યું કે એ બહાદુરી હું કરું તો ઘણા પ્રશ્નો ઊભા થતાં પહેલાં જ અટકી જાય.'

એના ચહેરા પર સ્મિત આવી ગયું.

'અનુ... હું શું કહું તને? મને ખબર નહોતી કે...'

'અલય, ખરેખર આપણે એકબીજાને કશું જ કહેવાની જરૂર નથી અને તું સાવ ખોટો નથી. અમુક ચર્ચા ન થાય એટલે જ હું તને ક્યારની અવોઈડ કરતી હતી.'

'તને ખરેખર લાગે છે, અનુ કે હવે એ ચર્ચા આપણી વચ્ચે જિંદગીભર નહીં થાય?'

અલયની આંખોમાં થોડું ગિલ્ટ અને થોડું દર્દ હતું. એ અનુપમાના પગ પાસે બેઠો હતો. અનુપમાએ હાથ લંબાવીને એના બન્ને ગાલ પર હાથ મૂક્યા.

'ચર્ચા એટલે જેમાં બે જણ હોય, બરાબર ને? હું આ વાત હવે મારી જાત સાથેય કરતાં ડરું છું તો તારી સાથે...'

અનુપમાની આંખોમાં પાણી નહોતું, પણ એક એક શબ્દ જાણે આંસુમાં ઝબોળાઈને આવતો હતો:

'આઈ એમ સો પઝેસિવ અબાઉટ યુ, ધૅટ આઈ ડોન્ટ ડિસ્કસ યુ વિથ માય ઓનસેલ્ફ... હું ખુદ તારા વિશે એટલી પઝેસિવ છું કે કોઈ સાથે વાત કરવાનો તો સવાલ જ નથી.'

'ગઈ કાલ રાત પછી હું કોઈ નથી રહ્યો એટલું તો માનીશ ને?'

'અલય!'

અનુપમાના હાથ અલયના ગાલ પર માર્દવથી ફરતા રહ્યા:

‘ઈશ્વરે મારા માટે જે લખ્યું હતું તે મેં ખોટું પાડ્યું છે. એણે વિચાર્યું હશે કે એ મારી જિંદગીમાં તને નહીં પ્રવેશવા દઈને મને તરસી રાખશે... પણ મેં તો એક જ ઘૂંટડો એટલો મોટો ભર્યો અલય, કે મારો આખો જન્મારો તૃપ્ત થઈ ગયો.’

એ હજી બેઠી જ હતી. એની આંખો અલયને એવી રીતે જોઈ રહી હતી જાણે એને આખેઆખો પોતાની અંદર ઉતારી લેવા માગતી હોય.

‘તું મારો નથી, એ ક્ષણે પણ નહોતો એ જાણું છું હું અને છતાં તું વિશ્વાસ રાખજે કે હું તારી જ છું. અનુપમા અલય મહેતા.’

એના ચહેરા પર સ્મિત હતું, પણ એ સ્મિતની પાછળથી છલકાતા દર્દની છાલક અલયને ભીંજવી ગઈ.

‘કઈ જાતની છોકરી છે તું?’

‘જુદી જ જાતની...’

અને એ હસી પડી:

‘આજ પહેલાં આવી કોઈ છોકરી જન્મી નથી અને આવનારી સદીઓ સુધી જનમવાની નથી.’

અલય કંઈ બોલવા જતો હતો, પણ અનુપમાએ એના હોઠ પર આંગળી મૂકી:

‘બસ! ચર્ચા અહીંયાં પૂરી થાય છે. કોર્ટ ઈઝ એડ્જર્ન.’

‘આપણે ચર્ચા નહીં કરીએ, પણ હું બોલું એટલું સાંભળી લઈશ?’

અલયે અનુપમાની આંખોમાં જોયું. એની કથ્થઈ આંખોમાં અજબ સ્ત્રીત્વ દેખાતું હતું.

‘જિંદગીમાં ક્યારેય, કોઈ પણ ક્ષણે તને મારી જરૂર પડે તો હું છું.’

‘જાણું છું.,

‘તને ખરેખર જરૂર હશે ત્યારે મને શ્રેયાનો પણ ભય નહીં લાગે. ગઈ કાલ રાતથી તારા સુખમાં તો નહીં, પણ તારા દુ:ખમાં હું અડધોઅડધનો ભાગીદાર છું એટલો વિશ્વાસ રાખજે.’

‘અલય, આ કહેવાની જરૂર છે મને? હું નથી જાણતી તને? એ વિના તારી સાથે...’

રડું રડું થતી એની આંખોમાં એણે પરાણે પકડી રાખેલી કોરપ અલયને વિચલિત કરી રહી હતી. એ ધીમે રહીને ઊભો થયો અને એણે અનુપમાના માથે હાથ ફેરવ્યો.

‘અનુ, આપણી વચ્ચે ફરી ક્યારેય ગઈ કાલની રાત આવે કે ન આવે, હવે એ રાત તારી કે મારી સ્મૃતિમાંથી ભૂંસાવાની નથી... એ સ્મૃતિને સાચવીને હૃદયના એક એવા ખૂણે મૂકી દઈએ કે એની સુગંધ સુકાઈ ગયેલા અત્તરના પૂમડામાંથી પણ આવે એમ આપણને આવ્યા કરે...’

‘અલય...’

અનુપમાએ એના ગાલ પરથી હાથ લઈ લીધા:

‘તું જા હવે...?

અલય ઊભો થયો.

‘અનુ, તું મારી જવાબદારી છે એ વાત ક્યારેય નહીં ભૂલતી!’

એ સડસડાટ વેનમાંથી બહાર નીકળી ગયો. એણે જોયું તો શ્રેયા હજી દૂર ત્યાં જ ખુરશીમાં બેસીને રસપૂર્વક મૅગેઝિન વાંચી રહી હતી.

*

મધુભાઈએ અજયના પેપર્સ તૈયાર કરાવીને સાથે હૉસ્પિટલના પેપર્સ જોડીને એના વિઝાની તૈયારી કરાવી. સૂર્યકાંતની તબિયત, રોહિતના મૃત્યુનાં કારણ બતાવીને અજય માટે ઇમરજન્સીમાં વિઝા કૉલ ઊભો કરવામાં આવ્યો હતો.

પેપર્સ પણ ઈ-મેઈલથી એમ્બેસીમાં મોકલી આપવામાં આવ્યાં હતાં. અમેરિકાના ઇમિગ્રેશન માટેના બેસ્ટ લૉયરને કામે લગાડવામાં આવ્યા હતા... કોઈ કચાશ ન રહે એનું પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવ્યું હતું.

એ રાતે શ્રીજી વિલાના સૌને માથે એક વજનદાર રાત બનીને પસાર થઈ ગઈ. સૂર્યકાંતનું ઑપરેશન સારી રીતે થઈ ગયું. એમણે ભાનમાં આવ્યા પછી વસુમા સાથે વાત પણ કરી.

એ રાતે વસુમાને તંદ્રામાં સપનું આવ્યું કે જાણે એક ભયાવહ મોજું સંબંધોને તહસનહસ કરી નાખવાની નેમ સાથે શ્રીજી વિલા તરફ આવ્યું તો ખરું, પણ સંબંધોની મજબૂતીએ એ મોજાને ફીણ ફીણ કરીને વિખેરી નાખ્યું...

બીજે દિવસે શ્રીજી વિલામાં વિઝા કૉલનાં પેપર્સ પહોંચ્યા એ દિવસે ઉચાટને બદલે રાહત થઈ જાણે...

સવારના નાસ્તાના ટેબલ પર ત્રણ જ જણ હતાં. જાનકી, વૈભવી અને વસુમા... અજય કોઈ કામે બહાર ગયો હતો. રાજેશ અને અંજલિ ગઈ કાલે રાતે એમના ઘેર પાછાં ગયાં. અભય સિંગાપોર અને અલય ગોવા...

આદિત્ય અને લજ્જા બન્ને સૂતાં હતાં. પરીક્ષાને કારણે છોકરાં મોડી રાત સુધી વાંચતાં એટલે વસુમાએ જ એમને ઉઠાડવાની ના પાડી હતી. આ ઘરની ત્રણ સ્ત્રી, બે પેઢી એક ટેબલ પર બેસીને જિંદગીનો હિસાબ કરી રહી હતી જાણે.

‘કાલે સવારે તમારે વિઝા માટે જવાનું છે.’

‘મા.. તમને ખરેખર લાગે છે કે મારે જવું જોઈએ?’

‘એક વાર જે વાત પૂરી થઈ ગઈ એને વારંવાર શા માટે ઉખેડે છે, જાનકી? મને જે લાગ્યું તે મેં કહ્યું. સાથે એમ પણ કહ્યું કે તું તારી મરજીની માલિક છે. તને જવા માટે દુરાગ્રહ નહીં કરું અને રોકાવા માટે મંજૂરી પણ નહીં જ આપું!’

'મા...' જાનકીએ વસુમા સામે જોયું:

'મને તમારી ચિંતા થશે. અહીં તમે એકલાં...'

'હું નથી?'

વૈભવીના અવાજમાં જાણે વરસાદ પછીનો ઉઘાડ હતો.

જાનકીથી એની આંખોમાં જોવાઈ ગયું. એને માનવામાં જરા અઘરું લાગ્યું કે આ એ જ વૈભવી હતી!

'તું જરાય ચિંતા ન કર જાનકી, હું છું ને?'

પછી એક દર્દભર્યા સ્મિત સાથે ઉમેર્યું:

'છોકરાં મોટાં થઈ ગયાં છે. અભયને પણ હવે મારી જરૂર નથી રહી. હું હવે માનું ધ્યાન રાખીશ.'

'ખરાબ ન લગાડશો વૈભવી, પણ એક વાત કહેવી છે.'

વસુમાએ વૈભવી સામે જોયું:

'બાળકો કે અભયને તમારી જરૂર હોય અથવા તમારી સાસુનું ધ્યાન રાખવા માટે જ તમારા દિવસના કલાકોનો ઉપયોગ કરવો એવું શું કામ વિચારો છો? દુનિયા બહુ મોટી છે અને કરવાનું ઘણું છે. એવા કેટલાય લોકો છે, જેમને તમારી સહાનુભૂતિની, તમારા સમયની અને તમારા સ્નેહની જરૂર છે. અનાથ બાળકો, ત્યજાયેલા વૃદ્ધો, બહેરા-મૂગા અને અપંગ લોકો...'

ચાનો એક ઘૂંટડો ભર્યો એમણે:

'હું તો સશક્ત છું. મારું ધ્યાન પોતે રાખી શકું એમ છું. તમારે કે જાનકીએ હજી તો મારી ચિંતા કરવાની જરૂર નથી.'

'મા, મારે પણ એક વાત કહેવી છે.'

વૈભવીનો ચહેરો મેકઅપ વગર થોડો પીળાશ પડતો લાગતો હતો. આખી રાત રડી હશે કદાચ એટલે આંખો પણ થોડી સૂજેલી હતી. અભયને ઍરપોર્ટ પર મૂકીને પાછી આવી ત્યારથી જ એ જાણે હારેલી, તરછોડાયેલી લાગતી હતી... અત્યારે પણ એના ચહેરા પર જાણે કશુંક ખોયાની, કશુંક કીમતી ગુમાવી બેઠાની પીડા હતી.

'બોલોને, બેટા.'

વૈભવીએ જરા ઊંડો શ્વાસ લઈને વસુમા અને જાનકી બન્ને સામે જોયું:

'મા, આટલાં વરસ તમારી સાથે રહીને જો એક જ વાત શીખી શકી હોત તો આજે આ ક્ષણે કદાચ ખૂબ સુખી હોત હું.'

પાસે પડેલો પાણીનો ગ્લાસ ઉપાડીને વૈભવી એકશ્વાસે પી ગઈ:

'સ્વીકાર... પરમ સ્વીકાર શીખવાનો હતો તમારી પાસેથી! બસ, એ એક જ વાત તમને બીજું કેટલું બધું

આપે છે!'

'બેટા, શીખવાની કોઈ ઉંમર નથી હોતી. તમે આજથી, આ મિનિટથી સ્વીકારની શરૂઆત કરી શકો. તમને શું લાગે છે? હું પહેલેથી જ આવી હોઈશ? આટલી સમજદાર, આવી શાંત અને જિંદગી સાથે આટલી બધી અનુકૂળતા ધરાવતી?'

વસુમાનો અવાજ સહેજ કંપ્યો. જાણે પોતાના જ ભૂતકાળમાં ડોકિયું કરતાં હોય એમ વસુમા શૂન્યમાં તાકી રહ્યાં. બન્ને સ્ત્રી એમની સામે જોતી હતી. આ ઉંમરે આવી સુંદરતા, જિંદગી પ્રત્યેનો આવો અભિગમ અને આટલી બધી નિઃસ્પૃહ સ્વાભાવિકતાની સાથે સાથે સૌ માટે એકસરખી કાળજી, એકસરખી લાગણી... સૌની ચિંતા... અને સૌ માટે સ્નેહ!

હું આમની ઉંમરે આવી થઈ શકું તો જીવ્યું સાર્થક ગણાય... જાનકીને વિચાર આવ્યો.

સાવ આવી તો નહીં જ થઈ શકું, પણ થોડીઘણીય આમના જેટલી શાંત થઈ શકું તો બાકીની જિંદગી તરફડાટમાં નહીં કાઢવી પડે... વૈભવીની આંખો ફરી ભરાઈ આવી.

'નહોતી જ... હું આવી નહોતી જ!'

વૈભવીના હાથ પર વસુમાએ સ્નેહથી હાથ મૂક્યો:

'સમયથી મોટો કોઈ શિક્ષક નથી, બેટા. એની શીખવવાની રીત થોડી કડક છે, પણ એ જે પાઠ શીખવે એ તમે ભૂલી જાવ તો બહુ આકરી શિક્ષા આપે છે, પણ એના શીખવેલા પાઠ યાદ રાખીને એની પરીક્ષામાં પાસ થવું અઘરું નથી!'

'મા... હું શું કરું? જે થયું એ સ્વીકારી શકતી નથી અને નથી સ્વીકારી શકતી એટલે વધુ ને વધુ દુઃખી થતી જાઉં છું, દુઃખી થાઉં છું એટલે શું કરું તો સત્ય બદલાય એ વિચારે નહીં સ્વીકારવાની વૃત્તિ તીવ્ર થાય છે... અને સત્ય બદલવાનાં ફાંફાં મારું છું એટલે ફરી વધુ દુઃખી થાઉં છું.'

વૈભવીએ ટેબલ પર માથું નાખી દીધું. વસુમાએ એના વાળમાં આંગળાં પરોવ્યાં. એના વાળ હજી ભીના હતા.

હળવેથી એના માથામાં હાથ ફેરવતાં વસુમા કશું બોલ્યાં નહીં, પણ એમનો સ્પર્શ એટલો તો મમતામયી હતો કે વૈભવીની અંદર ધીરે ધીરે કશુંક શાંત થવા માંડ્યું એવું એ અનુભવવા માંડી...

*

'મા...'

'લક્ષ્મી?!?'

રિયાના અવાજમાં આનંદ અને સ્નેહ છલકાતો હતો:

'નીરવે મને કહ્યું કે તું ફોન કરીશ...'

'મા, આઈ નીડ યુ.'

લક્ષ્મીનો અવાજ ભરાઈ આવ્યો:

‘હું સાવ એકલી છું. મને જરૂર છે તમારી.’

લક્ષ્મીને પોતાને પણ ન સમજાયું કે એક સાવ અજાણી સ્ત્રી, જેને એણે પહેલાં ક્યારેય જોઈ પણ નથી, જેના વિશે માત્ર સાંભળ્યું છે એની સાથે બે જ વાક્યની વાત કરતાં એ આટલી લાગણીવશ કઈ રીતે થઈ ગઈ?!

આ કદાચ કોઈ ઋણાનુબંધ તો નહોતો ને?

* * *

50

'મૉમ...'

'નીરવ?!; અત્યારે? બધું બરાબર તો છે ને? તારા ડેડ...'

'દરેક વખતે ડેડની ચિંતા થાય છે તને? કેમ, હું તને મારા કામ માટે ફોન ન કરી શકું?'

'કરી જ શકે બેટા, પણ ક્યારેય કરતો નથી એટલે નવાઈ લાગી. એકાદ પેગ ગળા નીચે ઊતરે પછી જ તને મા યાદ આવે છે એટલે મને નવાઈ લાગી...'

'બસ! બોલી લીધું?'

'હા, હવે તું બોલ.'

રિયાના અવાજમાં થોડું આશ્ચર્ય અને થોડીક મજાક હતાં.

'મેં સૅટલ થવાનું નક્કી કરી લીધું છે.'

'એટલે અત્યાર સુધી તું સૅટલ નહોતો, એમ ને?'

રિયાએ મનોમન ગણતરી માંડી અને એને લાગ્યું કે હંમેશની જેમ ફરી એક વાર બાપ-દીકરો બાખડ્યા હશે. વિષ્ણુપ્રસાદે કંઈક એવું આડુંઅવળું કહ્યું હશે એટલે નીરવે ફરી એક વાર મુંબઈ છોડવાનું નક્કી કર્યું હશે. અને હંમેશની જેમ ચિડાઈને ફોન કર્યો હશે.

આવું પહેલાં અનેક વાર થઈ ચૂક્યું હતું. વિષ્ણુપ્રસાદ એમના સ્વભાવને કારણે કડવું બોલવાનું છોડી ન શકતા અને નીરવને ખાસ કરીને જ્યારે વિષ્ણુપ્રસાદ રિયાનો દીકરો કહીને કંઈક સંભળાવે કે ચોપડાવે ત્યારે ભારે લાગી આવતું. તમામ રીતે નીરવે વિષ્ણુપ્રસાદ સાથે ઍડ્જસ્ટ કરવાનો પ્રયત્ન કર્યો હતો, પણ વિષ્ણુપ્રસાદના સ્વભાવને લીધે કોઈનેય એમની સાથે ફાવે એમ નહોતું. નીરવ સગો દીકરો હોવા છતાં એમાં અપવાદ નહોતો. સંબંધો કરતાં એમણે હમેશાં જાતને વધારે મહત્ત્વ આપ્યું હતું અને એને કારણે જ રિયાએ એમને છોડીને પરદેશ સૅટલ થવાનું નક્કી કર્યું હતું.

નીરવ અને વિષ્ણુપ્રસાદને પણ અવારનવાર જુદી જુદી બાબતોએ ચકમક ઝરી જતી. નીરવનું ઑફિસમાં ગેરહાજર રહેવાથી શરૂ કરીને એનું ઘેર મોડા આવવા સુધી કોઈ પણ બાબતે વિષ્ણુપ્રસાદ ચિડાઈ શકતા અને એક વાર ચિડાય પછી એ આગલો-પાછલો બધો જ હિસાબ ખોલી નાખતા. આજથી બે-ચાર મહિના પહેલાં બનેલી બાબત પણ એ વખતે ફરી એક વાર પાછી ખૂલતી અને વિષ્ણુપ્રસાદની જીભ લીંબડાના રસમાં બાળેલાં કારેલાં જેવી થઈને એવાં વાક્ય ઉચ્ચારતી, જે નીરવ માટે અસહ્ય થઈ પડતાં

વિષ્ણુપ્રસાદની એકલતા અને એમના સ્વભાવની મુશ્કેલીઓ સમજી શકતો નીરવ સામાન્ય રીતે કડવા ઘૂંટડા ગળી જતો, પણ ક્યારેક એનામાં રહેલો રિયાનો વિદ્રોહી સ્વભાવ ઊછળી આવતો અને એ વિષ્ણુપ્રસાદને સામે સંભળાવી પણ દેતો અને ક્યારેક ઘર અને મુંબઈ બન્ને છોડવાનો નિર્ણય કરી બેસતો.

જ્યારે જ્યારે આવું બનતું ત્યારે એ રિયાને ફોન કરતો.

મેં ટિકિટ લીધી છે અને ક્યારેય પાછો નથી આવવાનો એવું એ બધું જ કહી નાખતો. ચોવીસ કલાક પસાર થતાં ઊભરો શમી જતો ત્યારે વિષ્ણુપ્રસાદની તબિયત અને એકલતાના વિચારે નીરવનો ગુસ્સો ઊતરી જતો.

આવું જ કંઈક થયું હશે એમ માનીને રિયા જરા મજાકના મૂડમાં હતી. નીરવના આવા ગુસ્સાને હવે રિયા સિરિયસલી નહોતી લેતી.

'તારા ડેડી અઠ્ઠાવન વર્ષે પણ સૅટલ નથી થયા તો તું ઓગણત્રીસ વર્ષે ક્યાંથી સૅટલ થઈ જવાનો છે?' રિયાએ મજાક કરી.

'મૉમ, મેં લગ્ન કરવાનું નક્કી કર્યું છે.'

'વ્હૉટ...?!?!'

રિયા લગભગ ઊછળી પડી. અડધી રાત વીતી ગઈ હોવા છતાં રિયાના અવાજમાં કુતૂહલ, આશ્ચર્ય અને આનંદ ઊભરાઈ આવ્યાં હતાં.

'શું વાત કરે છે? કોણ છે... કોણ છે એ છોકરી? શું નામ છે?'

'લક્ષ્મી.'

રિયાનો અવાજ ઠંડો પડી ગયો:

'એની જોડે તો વિષ્ણુપ્રસાદ પરણ્યા છે. જિંદગી આખી તારા બાપે માત્ર કમાવવાનો વિચાર કર્યો અને હવે તને પણ મની મેકિંગ મશીનમાં ટ્રાન્સફૉર્મ કરી રહ્યા છે.'

રિયાનું ગળું ભરાઈ આવ્યું:

'મને તો એમ કે તું સિરિયસલી, સાચે કહે છે.'

'મૉમ, હું સાચું કહું છું. લક્ષ્મી એટલે પૈસાની વાત નથી કરતો. એ છોકરી છે. એનું નામ સાચે જ લક્ષ્મી છે.'

'ખરેખર?'

રિયાને હજીય વિશ્વાસ નહોતો આવતો.

'હા મા, ખરેખર અમેરિકન સિટિઝન છે. ત્યાં જ જન્મી છે. ન્યુ યોર્કમાં રહે છે.'

'ઓહ ગૉડ! આઈ એમ સો હેપ્પી...'

રિયાએ મનોમન જાણે એના દીકરાને વહાલ કરી લીધું.

'મૉમ, આઈ નીડ અ ફેવર.'

'તારા ડેડી સાથે હું વાત નહીં કરું. તું તો જાણે છે, અમેરિકામાં રહેતી છોકરીની વાત કરીશ એટલે એવું ધારી લેશે કે આ બધું ગોઠવેલું મારું ષડ્યંત્ર છે. આઈ નો વિષ્ણુ ટુ વેલ.'

'મૉમ, ડૅડને વાત નથી કરવાની. બીજું કામ છે મારે.'

આ કહેતાં જ નીરવને વિચાર આવ્યો કે માત્ર લગ્ન કરવાનું નક્કી કરવાથી કંઈ નહીં થાય. વિષ્ણુપ્રસાદના ગળે આ વાત ઉતારવી સૌથી અઘરી બાબત બનવાની છે. જો કે અત્યારે એ વાત અગત્યની નહોતી એટલે એ ચર્ચા ટાળીને એણે વાત આગળ ચલાવી:

'મૉમ, લક્ષ્મીના ડૅડી હૉસ્પિટલમાં છે. એ એકલી છે.'

'તો તું આવી જાને અહીંયાં.'

'હું તો આવીશ જ, પણ એ પહેલાં એ તને ફોન કરશે. બની શકે તો તું લીવ લઈને...'

'શ્યૉર, એનો ફોન આવશે તો હું જરૂર જઈશ.'

'આવશે જ મા, હું કહીશ એને.'

'નીરવ, તે બરાબર વિચાર્યું છે ને?'

રિચાથી પૂછ્યા વિના ન રહેવાયું:

'માત્ર જુવાનીના આવેગમાં કે કોઈ છોકરી ગમી ગયાના ઉન્માદમાં જિંદગીભરનું વચન નથી આપી બેઠો ને?'

'ના મૉમ, મેં ખૂબ વિચાર્યું છે. ઇનફેક્ટ, લક્ષ્મી જ્યારે અહીંથી ગઈ ત્યારે અમે તો ઑલમોસ્ટ બ્રેક ઑફ કરી નાખેલું, પણ એના ગયા પછી મને સમજાયું છે કે અમે એકબીજા માટે જ બન્યાં છીએ કદાચ!'

નીરવના અવાજમાં ખૂબ પીડા ભળી ગઈ:

'બે ખરાબ લગ્નનાં સંતાનો કદાચ એક સારું લગ્ન જીવી શકે?'

'એટલે..'

રિયા સહેજ અચકાઈ: 'એના પેરેન્ટ્સ પણ...'

'એ અલયની સ્ટેપ સિસ્ટર છે.'

'એટલે? અલયના ડેડી...'

'અમેરિકામાં સેટલ થયા હતા. પચ્ચીસ વર્ષે ઘેર પાછા ફર્યા ત્યારે સાથે લક્ષ્મીને લઈને આવ્યા.'

'ધિસ ઈઝ મૅન! આ છે પુરુષ, જેને પચ્ચીસ-પચ્ચીસ વરસથી રાહ જોતી પત્નીની કોઈ કિંમત નહીં. એમણે તો જઈને લગ્ન કરી લીધાં. પોતાની જિંદગી વસાવી લીધી. એમની દુનિયા બરાબર ચાલવી જોઈએ. બાકી, જેનું જે થવાનું હોય તે થાય એ જ હોય છે પુરુષની પ્રકૃતિ!'

રિયાના અવાજમાં ભારોભાર કડવાશ હતી.

નીરવ સહેજ હસ્યો:

'મૉમ, તું પુરુષની નહીં, એકલા ડેડીની વાત કરે છે. પુરુષ હું પણ છું, પણ હું એવો નથી કદાચ અને મારી આસપાસ એવા ઘણા પુરુષ છે, જે એવા નથી.'

'તું કેવો છે એ મને નથી ખબર?'

રિયાના અવાજમાં હજી કડવાશ અકબંધ હતી:

'મોટા થયા પછી જ્યારે કોર્ટે તને પસંદગી કરવાની છૂટ આપી ત્યારે પણ તેં તો તારા ડેડી સાથે જ રહેવાનું નક્કી કર્યું. તને એવો વિચાર ન આવ્યો કે તારી મા પણ એકલી છે. તને માત્ર તારા ડેડીની તકલીફ અને એકલતા દેખાઈ. તારી માની પીડા તારા માટે જરાય અગત્યની નહોતી, નીરવ.'

'મૉમ, આ શું ડિસ્કસ કરી રહ્યાં છીએ? અને શાના માટે? આ જ વાત પર આપણે અનેક વાર ચર્ચા કરી ચૂક્યાં છીએ. મેં તને મારો પૉઇન્ટ ઑફ વ્યૂ પૂરો સમજાવાનો પ્રયત્ન કર્યો છે અને તું એ ભૂલી જાય છે કે ત્યારે મારા નિર્ણય સાથે તું સહમત હતી...'

'ઍની વે નીરવ, ફરી ક્યારેક આ વાત કરીશું આપણે!'

રિયાએ જાણે ચર્ચા અધૂરી છોડી દીધી:

'લક્ષ્મીને કહેજે મને ફોન કરે. હું જઈશ એની પાસે ન્યુ યોર્ક.'

એ પછી મા-દીકરા વચ્ચે ખાસ્સી ક્ષણો મૌન વીતી ગયું. પછી જાણે વાત પૂરી કરવી હોય એમ નીરવે કહ્યું:

'મૉમ, લક્ષ્મી ખૂબ સરસ છોકરી છે. આઈ હોપ, એ તને સમજી શકશે.'

આટલું કહી એણે હળવેથી ફોન મૂકી દીધો.

સામે છેડેથી ફોન મુકાઈ ગયો, છતાં રિસીવર હાથમાં પકડીને રિયા થોડી વાર ફોન સામે જોતી રહી. આ એ જ નીરવ હતો, જેને માટે લગ્ન એક ભયાનક સપનાથી વધારે કશું નહોતું. આજે એ જ નીરવ જિંદગીની એક નવી દિશા તરફ જોઈ રહ્યો હતો ત્યારે એક મા તરીકે પોતાની ફરજ ફક્ત એટલી જ હતી કે પોતાના દીકરાને પોતે હું ભૂલોથી દૂર રાખે...

*

'મા... હું શું કરું? જે થયું એ સ્વીકારી શકતી નથી અને નથી સ્વીકારી શકતી એટલે વધુ ને વધુ દુ:ખી થતી જાઉં છું એટલે શું કરું તો સત્ય બદલાય એ વિચારે નહીં સ્વીકારવાની વૃત્તિ તીવ્ર થાય છે... અને સત્ય બદલવાનાં ફાંફાં મારું છું એટલે ફરી વધુ દુ:ખી થાઉં છું.'

વૈભવીએ ટેબલ પર માથું નાખી દીધું. વસુમાએ એના વાળમાં આંગળાં પરોવ્યાં. એના વાળ હજી ભીના હતા.

હળવેથી એના માથામાં હાથ ફેરવતાં વસુમા કશું બોલ્યાં નહીં, પણ એમનો સ્પર્શ એટલો તો મમતામયી હતો કે વૈભવીની અંદર ધીરે ધીરે કશુંક શાંત થવા માંડ્યું એવું એ અનુભવી શકી.

'બેટા, સત્ય એટલે જ જે ન બદલી શકાય તે. સૂર્ય ઊગે, દિવસ બદલાય, ઋતુઓનું ચક્ર ફરતું રહે... આ

બધાં સત્ય છે. આપણને ગમે કે નહીં, સમય એનું કામ કર્યા જ કરે છે. આપણે સ્વીકારીએ કે નહીં, પરિસ્થિતિ એનો વળાંક લઈને એનું ધાર્યું જ કરે.'

'એટલે મા, માણસનું કોઈ મહત્ત્વ નહીં? એની ઇચ્છાઓ, એના સંબંધો અને સંબંધોને આવેલાં વર્ષો બધું જ નકામું? બધું જ સત્યના ચરણમાં નાખીને જીવવાનું માણસે? માત્ર સત્યને આશરે?'

જાનકીએ નવાઈથી વૈભવીની સામે જોયું:

આ વૈભવીની ભાષા હતી? એ વૈભવીની, જે હંમેશાં નસીબને પોતાની મુઠ્ઠીનું રમકડું માનતી. જેને માણસની લાગણી કરતાં વધારે હાર-જીતની ચિંતા હતી. એ વૈભવી આ ભાષામાં અને આટલી બધી ઋજુ થઈને બોલી રહી હતી? આ સમયની રમત નહોતી તો બીજું શું હતું?

'બેટા, માણસ માત્ર પાસે સત્યને સ્વીકાર્યા સિવાય બીજો કોઈ રસ્તો બચતો નથી. હસીને સ્વીકારો કે રડીને, સ્વીકાર તો કરવો જ પડે છે. સત્ય પરિસ્થિતિનું, સંબંધોનું કે બીજું કંઈ પણ માણસના ગમા-અણગમા સાથે કે ઇચ્છા-અનિચ્છા સાથે બદલાતું નથી. માણસે બદલાવું પડે છે સત્યની ઇચ્છા અને સત્યના ગમા-અણગમા સાથે.'

પછી વસુમાએ જાનકી સામે જોયું. જાણે એને પણ કહેતાં હોય એમ એમણે આગળ કહ્યું:

'બેટા, અભય કે અજય તમારાથી વધુ અગત્યના નથી.'

વૈભવીએ નવાઈથી વસુમાની સામે જોયું.

'હા બેટા, એ મારા દીકરા છે અને છતાં તમને એક વાત કહેવી છે મારે. એક સ્ત્રી તરીકે, એક સ્ત્રી બનીને એક સલાહ આપવી છે.'

બન્ને પુત્રવધૂ વસુમાની સામે જોઈ રહી.

'કોઈ વ્યક્તિ, વસ્તુ કે વિચાર એટલાં મહત્ત્વનાં નથી કે એને રડારોળ કર્યા વિના છોડી ન શકાય! મુક્તિ શબ્દ બહુ સ્વાર્થી હોવો જોઈએ, બેટા.'

એમનો હાથ ક્યારનોય વૈભવીના વાળ અને પીઠ પસવારી રહ્યો હતો:

'કોઈ પણ સંબંધમાંથી જાતને બહાર ખેંચી લેવી અઘરી જરૂર છે, પણ અશક્ય નથી.'

'પણ મા, આટલાં વર્ષો, આટલી લાગણીઓના બંધન, સાથે ગાળેલો સમય... એ મોહ અને આસક્તિ...'

વૈભવી આજે જાણે સાવ જુદી વ્યક્તિની જેમ વાત કરી રહી હતી. આજ સુધીની વૈભવી ક્યારેય પાસે પોતાના મનની ગૂંચવણ ખોલે એ તો શક્ય નહોતું જ, પણ કોઈની વાત કે વ્યાખ્યા આટલી શાંતિથી સાંભળે કે સ્વીકારે એ પણ તદ્દન અસંભવ હતું.

એક સંબંધનું તૂટવું માણસને કેટલો બદલી નાખે છે!

જાનકી વિચારી રહી:

અત્યારની તૂટેલી-હારેલી વૈભવી પહેલાંની વૈભવી કરતાં વધુ વહાલી અને વધુ પોતાની લાગે છે.

જાનકી પોતાના જ વિચારથી ચોંકી ગઈ:

માણસ માત્રને નબળાં-હારેલા કે તૂટેલા વ્યક્તિત્વ માટે અનાયાસે લાગણી જાગતી હશે? શું દુ:ખી માણસ જ સ્નેહને પાત્ર છે? સ્નેહનો રસ્તો સહાનુભૂતિમાંથી જ પસાર થાય છે?

'શું વિચારે છે, જાનકી?'

વસુમાએ અચાનક જ એની વિચારશૃંખલા તોડી નાખી.

'હં...!? કંઈ નહીં.'

'આજે ઘરે રસોઈ નહીં બનાવતાં. તું અને વૈભવી બહાર જાવ. ઘરમાં બીજું તો કોઈ છે નહીં. અજય પણ મોડો આવવાનો છે. મારી વ્યવસ્થા હું કરી લઈશ.'

કેટલી સમજદાર છે આ સ્ત્રી

બન્ને પુત્રવધૂનાં મનમાં એકસાથે વિચાર આવ્યો:

અમને બન્નેને થોડો સમય જાત સાથે રહેવાની - થોડો સમય આ આખીય પરિસ્થિતિમાંથી બહાર નીકળી જવાની જરૂર છે એ કેટલી સરળતાથી સમજે છે અને કેટલી સ્વાભાવિકતાથી સ્વીકારે છે!

'મા, કરી શકો તો મને માફ કરી દેજો.'

વૈભવીથી સ્વભાવ વિરુદ્ધ કહેવાઈ ગયું. પછી એ ખુરશીને પાછળ ધકેલીને ઊભી થઈ. એ ત્યાંથી જાય એ પહેલાં વસુમા ઊભાં થયાં અને એમણે વૈભવીને પોતાની નજીક ખેંચીને છાતીસરસી ચાંપી દીધી.

*

'ઊઠો, પ્રિયે'

અભયે પ્રિયાના વાળ એના ચહેરા પરથી ખસેડ્યા.

'ઊંહ! આજે ક્યાં ઑફિસે જવાનું છે?'

'એટલે ઊંઘ્યા જ કરીશ?'

'હા મને ડર લાગે છે કે આંખ ખોલીશ તો સપનું તૂટી જશે.'

'આંખ ખોલીને જો તો ખરી...'

અભયે છાતી પર માથું મૂકીને સૂતેલી પ્રિયાના કપાળ પર એક ચુંબન કર્યું:

'તારું સપનું જીવતું-જાગતું તારી સામે ઊભું છે. રાહ જોઈને કે તું જાગે અને એને વહાલ કરી દે.'

'અભય, આ સુખ, આ સુધિંગ ફીલ અને આ આકંઠ છલકાઈ જતી તૃપ્તિ...' પ્રિયાએ સહેજ આંખ ખોલીને

ઊંચું જોયું:

'વૈભવીબહેનને છેલ્લી વાર મળ્યા પછી એ મને મારી પોતાની ન હોય એવું લાગવા માંડ્યું છે!'

'વ્હૉટ રબિશ...'

પ્રિયાને સહેજ હડસેલીને અભય ઊભો થઈ ગયો:

'એ ઍરપોર્ટ મૂકવા જ એટલા માટે આવી હતી કે એ તારા મનમાં ગિલ્ટ નાખી જાય.'

'ખબર નહીં કેમ, આ વખતે મને તમારી વાત સાચી નથી લાગતી. વૈભવીબહેનની આંખોમાં જે પીડા અને આટલાં વર્ષો પછીના સંબંધ તૂટ્યાનું દુ:ખ હતું એ કોઈ પણ સંવેદનશીલ સ્ત્રીને હચમચાવી મૂકવા માટે પૂરતું હતું, અભય!'

પ્રિયા હજીય એમ જ શાંત સૂતી હતી.

'હું સમજી નથી શકતો કે સ્ત્રીના મનમાં શું હોય છે?'

અભય અકળાઈ ઊઠ્યો હતો:

'જ્યાં સુધી વૈભવીને ખબર નહોતી ત્યાં સુધી તું મારી સાથે સમય ગાળવા બહારગામ જવાની, મને રાતે તારા ઘેર રોકી લેવાની જીદ કરતી. વારંવાર એવો આગ્રહ રાખતી કે મારે વૈભવીને આપણા સંબંધો વિશે ચોખ્ખેચોખ્ખું અને સ્પષ્ટ કહી દેવું જોઈએ અને હવે વૈભવીને સંપૂર્ણ જાણમાં, એને કહીને પૂરેપૂરી સમજૂતીથી તને લઈને આવ્યો છું તો આની આ વાત ગઈ કાલ રાતથી અત્યાર સુધી તેં મને ત્રીજી વાર કહી. શું ઇચ્છે છે તું?'

અભયે પૂછ્યું અને ઊભો થઈને બાથરૂમ તરફ જવા લાગ્યો.

'અભય!'

પ્રિયા ઊભી થઈ અને એણે અભયને પાછળથી પકડી લીધો. એના હાથ અભયની છાતી પર અંકોડાની જેમ ભિડાઈ ગયા અને એણે અભયની પીઠ પર માથું મૂકી દીધું:

'ગુસ્સે ન થાય, કોઈ પણ સ્ત્રી બીજી સ્ત્રીનું દુ:ખ નથી જોઈ શકતી.'

'વાહ!'

પ્રિયાનો હાથ છોડાવવાનો અભયે પ્રયત્ન કર્યો. પ્રિયાએ વધારે કસીને પકડી લીધો અભયને.

'એટલે તું એમ કહેવા માગે છે કે વૈભવી તારું દુ:ખ ન જોઈ શકી એટલે એણે આપણને અહીંયાં આવવા દીધાં અને તું એનું દુ:ખ નથી જોઈ શકતી એટલે હવે...'

'અભય, કડવું લાગે છતાં આ સત્ય છે. હૉસ્પિટલમાં મેં જે કંઈ કહ્યું એ વાતની વૈભવીબહેન પર અસર થઈ છે એ નક્કી.'

'તો હવે મારું શું કરવા ધાર્યું છે?'

એ પ્રિયા તરફ ફર્યો. એને ખભામાંથી પકડી લીધી:

'તમે બન્ને મને ફૂટબૉલ સમજો છો? ક્યારેક એકબીજાના હાથમાંથી આંચકી લેવાનો પ્રયત્ન કરો છો તો ક્યારેક લાત મારીને એકબીજા તરફ ધકેલવાનો પ્રયત્ન કરો છો...'

અભય સાચે જ ચિડાઈ ગયો હતો.

'અભય, અમે નથી આંચકી લેવાનો પ્રયત્ન કર્યો કે નથી તમને કોઈ ધકેલતું. અમે બન્ને તમને પ્રેમ કરીએ છીએ અને બન્ને તમારું સુખ ઇચ્છીએ છીએ.'

'પ્રિયા, જો મારું જ સુખ ઇચ્છતાં હો બન્ને જણ...'

અભયે પ્રિયાની આંખોમાં જોયું:

'તો મને નક્કી કરવા દો કે મારું સુખ શામાં છે? હું બે વરસનું બાળક નથી કે મને બહુ ચૉકલેટ ખાવાના ગેરફાયદા ખબર ન હોય.'

'અભય, તમે સમજતા નથી...'

'સમજું છું, બધું જ સમજું છું...'

અભયનો અવાજ ખૂબ ઊંચો થઈ ગયો હતો:

'તને જો એટલું જ ગિલ્ટ થતું હોય તો ચાલ, કાલે પાછાં જતાં રહીએ.'

'મેં એવું નથી કહ્યું.'

'હું કહું છું.'

અભયનો અવાજ હજીય ઊંચો હતો. એ ગુસ્સામાં પલંગ પર બેસી ગયો:

'ગઈ કાલ સુધી તને થ્રિલ હતી કોઈના પતિની સાથે છાનોછપનો અફેર કરવાની. હવે એ રોમાંચ મરી ગયોને? હવે તો તને વૈભવીએ પણ સ્વીકારી લીધી. હાર-જીતની બાજી પૂરી થઈ ગઈ...'

'અભય...'

પ્રિયાનો અવાજ એકદમ સંતુલિત હતો. એ અભયની બાજુમાં બેસી ગઈ અને હળવે હળવે એની પીઠ પર, એના ખભા પર, એની છાતી પર હાથ ફેરવવા લાગી:

'અભય, હાર-જીતની બાજી ત્યારેય નહોતી ને આજેય નથી. સવાલ માત્ર એક વ્યક્તિની લાગણીઓ સમજવાનો છે. હું એમની જગ્યાએ હોઉં તો...'

'તું ક્યારેય ન હોય એની જગ્યાએ.'

અભયના અવાજમાં ગુસ્સાની સાથે તિરસ્કાર અને કડવાશ ભળી ગયાં:

'બબ્બે દાયકા પૂરા થવા આવ્યા. વૈભવી ક્યારેય પોતાની જાતને છોડીને બીજું કશું વિચારી શકી જ નથી. એણે હંમેશાં મારી લાગણીઓનો, મારી ભલમનસાઈનો, મારી સારાઈનો અર્થ એક જ કર્યો-મારી નબળાઈ.'

એ થોડી વાર તદ્દન ચૂપ થઈ ગયો. પ્રિયાએ પણ એના મૌનને છંછેડ્યા વિના એ ફરી બોલે એની રાહ જોઈ.

'પ્રિયા, શું કહું તને?'

અભય જાણે જાત પ્રત્યેની ઘૃણાથી ઊભરાઈ રહ્યો હતો:

'એને શાંત રાખવા, એના વર્તનની અસર મારા ઘરમાં મારી મા, મારા ભાઈઓ અને બહેન પર ન પડે એટલા ખાતર, માત્ર એટલા ખાતર એની દરેક જીદ સામે હથિયાર નાખી દીધાં છે મેં.

અભયની આંખોમાં હલકી ભીનાશ ઊતરી આવી હતી:

'એક પુરુષ થઈને મારા શરીરનો સોદો કર્યો છે મેં. એ કહે ત્યારે અને કહે એ રીતે એની શરીરની ભૂખ સંતોષી છે મેં, મારી ઇચ્છા હોય કે ન હોય...'

એણે પ્રિયાને પકડીને હચમચાવી નાખી:

'સમજે છે? એક પુરુષ માટે આનાથી વધારે ઘૃણાસ્પદ બાબત કઈ હોઈ શકે? એક વસ્તુની જેમ ફાવે તેમ અને ફાવે ત્યારે મારો ઉપયોગ કર્યો છે એણે.'

પ્રિયાના હાથ હજુ અભયને પંપાળતા હતા:

'હું સમજી શકું છું.'

'ના.'

અભયે લગભગ ચીસ પાડી:

'નહીં સમજી શકે તું. મને એક જિગોલો જેવી, એક પુરુષવેશ્યા જેવી અનુભૂતિ કરાવી છે એ બાઈએ.'

એણે થૂંક ગળે ઉતાર્યું:

'અને આ બધું કર્યાં છતાં જે માટે આ કરતો રહ્યો એ તો મળ્યું જ નહીં, પ્રિયા!,

પ્રિયા ચૂપચાપ અભયની સામે જોતી રહી.

'ઘરની શાંતિ માટે આટલાં બધાં અને મોટાં સમાધાન કર્યાં પછી પણ એ તો એની એ જ રહી... આ બધાંય વર્ષો દરમિયાન.'

અભય નીચું જોઈ ગયો પછી ચૂપચાપ બેસી રહ્યો ખાસ્સી વાર સુધી. એનો આક્રોશ, એનો ગુસ્સો ઠંડો પડે એની રાહ જોતી પ્રિયા પણ એની બાજુમાં ચૂપચાપ બેસીને એને હળવે હાથે વહાલ કરતી રહી.

'પ્રિયા, હું તારો વાંક નથી કાઢતો.'

અભયનો અવાજ જાણે ઊંડી ગુફામાંથી આવતો હતો:

'તેં એનાં આંસુ જોયાં છે. આજે જ! પહેલી વાર! પણ મેં જે વૈભવી જોઈ છે અને જેવી એને ઓળખી છે એ પછી મને એના માટે કોઈ દયા કે સહાનુભૂતિ નથી થઈ શકતી. આઈ એમ સૉરી!'

અભય ઊભો થવા જતો હતો કે પ્રિયાએ એને હાથ પકડીને બેસાડી દીધો. બન્ને હાથ એના ખભાની આસપાસ લપેટીને માથું એના ખભે મૂકી દીધું:

'ઈટ'સ ઓકે, અભય.'

'અને બીજી એક વાત પ્રિયા, તને કોઈ પણ પ્રકારનો અપરાધભાવ કે ગિલ્ટ થતું હોય તો તું મારી જિંદગીમાંથી ખુશી ખુશી જઈ શકે છે.'

એણે પ્રિયાનો હાથ પોતાના શરીર પરથી હટાવી લીધો:

'હું તને રોકીશ નહીં, પણ હા, તું જો એમ માનતી હોય કે તારા જવાથી હું વૈભવી પાસે પાછો જઈશ તો એ પણ તારી ભૂલ છે. વૈભવીની જિંદગીમાંથી મારી જગ્યા ક્યારની ભૂંસાઈ ગઈ હતી. હવે મારી જિંદગીમાંથી પણ એને કાઢીને ફગાવી દીધી છે મેં!'

અભય ઝટકાથી ઊભો થઈને બાથરૂમ તરફ ચાલી ગયો.

પ્રિયા એમ જ થોડી વાર ચૂપચાપ બેસી રહી.

એ જાણતી હતી કે અભય અને વૈભવી વચ્ચે ઘણાં મનદુ:ખ છે, પણ અભયના પક્ષે આ વાત આટલી ઊંડી અને આટલી કડવી થઈ ગઈ છે એવી પ્રિયાને કલ્પના નહોતી.

સામાન્ય રીતે વૈભવી સાથે ક્યારેય ઊંચે સાદે ન બોલતો અભય, જાહેર સમારંભોમાં સ્મિત કરતો અભય અને આદર્શ યુગલ હોવાનો દેખાવ કરતા એ બન્નેના સંબંધ આટલી હદે ખોખલા થઈ ગયા છે એ જાણીને પ્રિયાની અંદર કશું હચમચી ગયું હતું કે કશુંક સ્થિર થઈ ગયું હતું? કોને ખબર!

*

ઓ.ટી. તરફ જઈ રહેલા સ્ટ્રેચર સાથે લક્ષ્મી થોડી વાર ઝડપભેર ચાલી પછી એ સ્ટ્રેચર લાલ લાઇટ વાળા મોટા દરવાજાની પાછળ ખોવાઈ ગયું.

ઓ.ટી.માં જઈને ચારે તરફ નજર ફેરવતા સૂર્યકાંતને લાગ્યું કે જાણે એ આ દુનિયાને છેલ્લી વાર જોઈ રહ્યા છે. મોટાં મોટાં ઇલેક્ટ્રૉનિક સાધનો, માથા અને છાતી ઉપર મોટી મોટી લાઇટો, ઑપરેશન ટેબલની બાજુમાં મૂકેલાં જાતજાતનાં સાધન-ઓજાર, મોઢા પર માસ્ક પહેરેલાં ડૉક્ટર્સ, નર્સિસ અને આખાય માહોલમાં ફેલાઈ રહેલી ડિસ્ઈન્ફેક્ટન્ટની તીવ્ર વાસ...

'યસ, ગ્રાન્ડપા... હજી દુખે છે છાતીમાં?'

ચહેરામાં માત્ર બે કાળી આંખ દેખાતી હતી એવી એક પતલી છોકરીએ આવીને એમનો હાથ પકડ્યો પછી હાથ લાંબો કરીને કોણીની આગળના ભાગમાં રૂ લઈને ઘસવા માંડ્યું:

'મુઠ્ઠી વાળો.'

'ગુજરાતી ?!'

'યસ... માનિની પટેલ.'

એ છોકરીએ કદાચ માસ્કની પાછળ સ્મિત કર્યું હશે એવું સૂર્યકાંતને લાગ્યું:

'હું એનેસ્થેટિસ્ટ છું. યુ વિલ બી ફાઇન ઈન અ વ્હાઈલ.'

આટલું કહીને એણે સૂર્યકાંતને એક ઈન્ટ્રાવિનસ ઇન્જેક્શન આપી દીધું.

બે કાનની નીચે પાછળ બોચીના ભાગમાં સૂર્યકાંતને કશુંક ખૂબ ધીમું, ખૂબ મધુર લાગ્યું... એમની તમામ નસ, તમામ ઉશ્કેરાટ, તમામ પીડા અને તમામ સવાલ જાણે ઓગળી જતાં લાગ્યાં...

એમની આંખો ધીમે ધીમે ઘેરાવા માંડી. એ ઘેરાતી આંખ સામે વસુમાનો ચહેરો પાણી પર ચીતરેલો હોય એમ હાલતો હાલતો ઓગળવા લાગ્યો.

કદાચ આમ જ આવતું હશે મોત!

સૂર્યકાંતને બેહોશીમાં સરી જતાં પહેલાં છેલ્લો વિચાર આવ્યો:

માણસ તમામ ઉશ્કેરાટ, તમામ પીડા અને સવાલો ભૂલીને એક શાંત, પ્રગાઢ, લાંબી નિદ્રામાં સરી પડતો હશે... એને જ મૃત્યુ કહેવાતું હશે કદાચ.

અને સૂર્યકાંત થોડા સમય માટે દુન્યવી સંપર્કોથી કપાઈ ગયા.

એનેસ્થેસિયાની અસર બરોબર થઈ છે એની તપાસ કર્યા પછી ઑપરેશન થિયેટરમાં સૂર્યકાંતની બાયપાસ સર્જરી શરૂ થઈ.

અને બહાર એકલી પડી ગયેલી બેબાકળી લક્ષ્મીએ રિયાને ફોન લગાડવો.

'મા...'

'લક્ષ્મી ?!?'

રિયાના અવાજમાં આનંદ અને સ્નેહ છલકાતો હતો:

'નીરવે મને કહ્યું કે તું ફોન કરીશ...'

'મા, આઈ નીડ યુ.'

લક્ષ્મીનો અવાજ ભરાઈ આવ્યો:

'હું સાવ એકલી છું. મને જરૂર છે તમારી.'

લક્ષ્મીને પોતાને પણ ન સમજાયું કે એક સાવ અજાણી સ્ત્રી, જેને એણે પહેલાં ક્યારેય જોઈ પણ નથી, જેને વિશે માત્ર સાંભળ્યું છે એની સાથે બે જ વાક્યની વાત કરતાં એ આટલી લાગણીવશ કઈ રીતે થઈ ગઈ?!

ઋણાનુબંધ કદાચ આને જ કહેતા હશે!

'હું આવું છું, બેટા, ન્યુ યોર્કની પહેલી અવેલેબલ ફ્લાઇટ લઉં છું હું. જરાય ચિંતા ન કરીશ.'

પછી રિયાએ સૂર્યકાંતના ખબર પૂછ્યા.

'બાયપાસ માટે લઈ ગયા છે. ઑપરેશન ઑન છે.'

'બધું બરાબર થઈ જશે, બેટા, ડોન્ટ વરી.'

'પણ તમે જલદી આવો.'

કોણ જાણે કયા અધિકારે લક્ષ્મીએ રિયાને કહ્યું.

'યસ, માય ચાઈલ્ડ.'

લક્ષ્મી ક્યાંય સુધી સાવ એકલી ઑપરેશન થિયેટરની બહારના વેઇટિંગ લાઉન્જમાં બેઠી રહી. એને જ નહોતી ખબર કે કેટલો સમય પસાર થઈ ગયો. અચાનક ડૉક્ટરે આવીને એના ખભે હાથ મૂક્યો:

'હી ઈઝ ફાઇન. એમને રૂમમાં શિફ્ટ કરીએ છીએ.'

'હું મળી શકું?'

'હમણાં નહીં, પણ એ બરાબર છે અને ઑપરેશન પણ સફળ થયું છે. એમની આર્ટરીના બ્લૉકેજ ખોલીને બ્લડ ફ્લો બરાબર કરી નાખ્યો છે. કદાચ ફરી એમને આવી તકલીફ નહીં થાય.'

'થેન્ક યુ!'

લક્ષ્મીની આંખો ભરાઈ આવી. એણે ડૉક્ટરનો હાથ પકડી લીધો.

'ઈટ ઈઝ ઓકે. ચિંતા નહીં કરતાં.'

અમેરિકન ડૉક્ટરે પ્રોફેશનલ અવાજમાં આરોહ-અવરોહ વિના કહ્યું:

'મેડિકલ ઇન્સ્યોરન્સ તો હશેને તમારો? પેપર્સ સબમિટ કરી દેજો.'

*

અજય, જાનકી, વૈભવી, લજ્જા, આદિત્ય અને હૃદય ડાઇનિંગ ટેબલની આસપાસ ગોઠવાયેલાં હતાં. સૌ વચ્ચે ખાસ્સી વારથી એક ચુપકીદી હતી.

ડાઇનિંગ ટેબલ પર વિઝાના સ્ટૅમ્પ મારેલા ત્રણ પાસપોર્ટ હતા.

‘ક્યારે નીકળવું છે, બેટા?’

ખાસ્સી ક્ષણો સુધી ચુપકીદીનું વજન વેંઢાર્યાં પછી વસુમાએ પૂછ્યું.

‘પરમ દિવસની ટિકિટ છે. વિઝા આવે એટલે ઓકે કરાવવાની જ રાહ જોતો હતો.’

‘અભયભાઈ અને અલય આવે ત્યાં સુધી તો...’

જાનકીએ વસુમા સામે જોયું.

‘અભયને મેં કાંતના અટેક વિશે હજુ કહ્યું નથી.’

વસુમાએ ખૂબ હળવેકથી કહ્યું. વૈભવીએ ચોંકીને એમની સામે જોયું:

‘અલય આજે આવે છે અને એ જાણે છે કાંતની તબિયત વિશે.’

‘પણ પપ્પાજીની તબિયત આટલી ખરાબ હોય તો અભયને પાછા બોલાવી લેવા જોઈએ.’

‘કાંતનું ઑપરેશન થઈ ગયું છે. હવે ચિંતા કરવાની જરૂર નથી. મેં આજે સવારે વાત કરી એમની સાથે.’

વૈભવીની આંખોમાં વસુમાએ જોયું ને કહ્યું:

‘સિંગાપોરથી મુંબઈ આવીને અમેરિકામાં હૉસ્પિટલમાં સૂતેલા એના પિતા માટે આમ પણ અભય શું કરી શકશે?’

વૈભવી એમની સામે જોઈ રહી:

આ સ્ત્રી કઈ માટીમાંથી બનેલી છે? દરેક પરિસ્થિતિમાં દરેક માણસ વિશેનો આટલો સંતુલિત અને આટલો સ્પષ્ટ નિર્ણય કઈ રીતે કરી શકતી હશે એ!

* * *

51

સૂર્યકાંતની આંખો ખૂલી ત્યારે એ હૉસ્પિટલના બિછાને હતા. બાયપાસ ઑપરેશન સફળતાપૂર્વક પૂરું થઈ ગયું હતું.

સૂર્યકાંત હજીય પૂરેપૂરા ભાનમાં નહોતા આવ્યા. હાર્ટ અટેક આવ્યો ત્યારે એમની સામે પસાર થયેલાં જિંદગીનાં દૃશ્યો આજે જ્યારે ફરી એક વાર એમની આસપાસ ગોળગોળ ફરતાં નાચી રહ્યાં હતાં. પોતાની જિવાઈ ગયેલી જિંદગીનાં વર્ષો ફરી જીવવાનો સૂર્યકાંતને જાણે થાક લાગતો હતો. એ આંખો મીંચીને પડ્યા હતા, પણ શાંત નહોતા!

અર્ધતંદ્રામાં અડધા પોતાની જાત સાથે... અને અડધા બીજે ક્યાંક! થોડાક વર્તમાનમાં અને થોડાક ભૂતકાળમાં ઝોલાં ખાતા સૂર્યકાંત જાગતી દુનિયા સાથે, વર્તમાન સાથે સંપર્ક કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, પણ પળ જાણે માછલી હોય એમ એમના હાથમાંથી અચાનક સરકી જતી. માંડ માંડ એને પકડીને એ વર્તમાન સમયની સાથે જોડતા અને છતાં ફરી એક વાર એક નાનકડા વિચારના ધક્કાથી એ ભૂતકાળના ઊંડા પાણીમાં જઈને પડતા.

ભૂતકાળના એ જળમાં થોડું ગગળાતા, થોડું તરતા સૂર્યકાંત આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, પૂરેપૂરું જોર લગાવીને. એમને ભૂતકાળની એ પળો મનમાંથી ભૂંસી નાખવી હતી, પણ કોણ જાણે કેમ આજે આ ભૂતકાળ એમની સામે જડબાં ફાડીને ઊભો હતો.

મુંબઈ લગભગ એક મહિનો રોકાયા છતાં વસુંધરાએ ક્યારેય સૂર્યકાંતને એવું ન પૂછ્યું કે ચાલી જવાનું કારણ દેવું હતું કે યશોધરા? એ વાતની પીડા સૂર્યકાંતને આ પળે સતાવી રહી હતી.

એવી ઘણી વાતો હતી, જે એમને વસુંધરાને કહેવી હતી. એ અહીંથી નીકળ્યા ત્યારે મનોમન નક્કી કરીને ગયા હતા કે એ વસુંધરાને એ બધી જ વાતો કહેશે, જે એમની સાથે રમાયેલી વિધિની એવી રમત હતી, જેનું માત્ર એક પ્યાદું બનીને સૂર્યકાંત આટલાં વર્ષો જીવી ગયા હતા.

મુંબઈથી પોતાના પરિવારને આમ નિરાધાર છોડીને ભાગી છૂટવાની પોતાની ઇચ્છા નહોતી, ન જ હોઈ શકે... એ વાત સૂર્યકાંત વસુંધરાને કોઈ રીતે કહી શક્યા નહીં, જેનો અફસોસ એમને આ પળે સતાવી રહ્યો હતો.

‘ડેડી!’

લક્ષ્મીનો અવાજ જાણે ખૂબ દૂર હોય, ગુફામાંથી અથવા ટેલિફોનમાંથી આવતો હોય એવો ઊંડો હતો.

‘હંમ...’

સૂર્યકાંતે બંધ આંખે જવાબ આપવાનો પ્રયાસ કર્યો. ‘આંખો ખોલો, મારી સામે જુઓ.’

લક્ષ્મી કહી રહી હતી, પરંતુ સૂર્યકાંતની આંખો પર જાણે કોઈએ સેલોટેપ મારી દીધી હતી. એમણે ખૂબ પ્રયત્ન કર્યો આંખો ઉઘાડવાનો, પણ બંધ આંખો ઊઘડતી નહોતી અને કેમેય કર્યો ભૂતકાળ પીછો છોડતો નહોતો.

'ડેડી! ડેડી! મારો અવાજ સંભળાય છે તમને?'

સૂર્યકાંતે હામાં ડોકું હલાવ્યું.

'હી ઈઝ ઓકે. પરફેક્ટલી ઑલરાઇટ.' ડૉક્ટરે કહ્યું:

'રિસ્પોન્ડ કરે છે. એનો અર્થ એમ છે કે હવે છ-સાત કલાકમાં એ નૉર્મલ થઈ જશે. હમણાં સેડેટિવની અસર નીચે છે એટલે એમને આરામ કરવા દો.'

લક્ષ્મી રૂમની બહાર નીકળી ગઈ.

સૂર્યકાંત એકલા આંખો મીંચીને પડ્યા હતા. એમની નજર સામે યશોધરા ખડખડાટ હસતી ખુલ્લા ફગફગતા વાળે ઊભી હતી. ચણિયા-ચોળીમાં ઊભેલી યશોધરાની ચોળીનાં બે-ચાર બટન ઉઘાડાં હતાં:

તેં શું માન્યું હતું? હું પ્રેમના નામે જીવ આપી દઈશ? જા, જા... મને તો દેવશંકર મહેતાના દીકરામાં રસ હતો. ફતનદેવાળિયા, લાખોનું દેવું માથે લઈને યશોધરાનું રૂપ ભોગવવું છે તારે?

યશોધરાની બાજુમાં ઊભેલો શૈલેષ થરથર ધ્રૂજતો હતો.

સૂર્યકાંત પોતે જ પોતાને જોઈ શકતા હતા. યશોધરાની સામે ઊભેલા, લાલચોળ આંખો સાથે, નશામાં ડોલતા...

યશોધરાઆઆઆ... સૂર્યકાંતે રાડ પાડી.

પથારીમાં સૂતેલા સૂર્યકાંતને આજે પણ એ રાડ, એ ત્રાડ અને એ સમયનો ક્રોધ એવો ને એવો યાદ હતો. એ ક્રોધ આવતાં જ અહીં, આટલાં વર્ષો પછી પથારીમાં પણ સૂર્યકાંતનુ લોહી ગરમ ગરમ થઈ ગયું.

સિનેમામાં નજર સામે જોઈ શકાય એવી જ રીતે આજે પણ એ રાતનાં દૃશ્યો સૂર્યકાંતની નજર સામે ઝળૂંબતાં રહ્યાં.

*

'મા?'

'લક્ષ્મી?!'

એ દોડીને રિયાના ગળે વળગી પડી. રિયાએ પણ એને છાતીસરસી ચાંપી દીધી. બન્ને ખાસ્સી વાર સુધી એમ જ એકબીજાને ભેટીને ઊભાં રહ્યાં. રિયાનો હાથ લક્ષ્મીની પીઠ પર હળવે હળવે ફરતો હતો.

'તમે તો બહુ નાનાં દેખાવ છો.'

લક્ષ્મીથી કહ્યા વિના ન રહેવાયું:

'અને બહુ જ સુંદર પણ. આ ઉંમરે પણ મને તમારો કૉમ્પ્લેક્સ થઈ જાય એટલાં બ્યુટિફુલ છો તમે... માય ગૉડ!'

રિયા હસી પડી. એના બન્ને ગાલમાં આંગળીના અડધા વેઢા જેટલા ઊંડા ખાડા પડતા હતા. માથાનો એક એક વાળ તદ્દન કાળો, આંખો પણ કાળી, ઊંડી અને માછલી જેવી. ગોરી-નમણી અને અત્યંત શાર્પ ફીચર્સ ધરાવતી રિયા ધારણા કરતાં સાવ જુદી જ નીકળી.

અડતાલીસ-પચાસ... બાવન-પંચાવન કે...

લક્ષ્મી મનોમન ગણતરી માંડી રહી.

'આઈ એમ ફિફ્ટી વન.'

જાણે એમના મનની વાત સમજી ગઈ હોય એમ રિયાએ ફરી એના બત્રીસ દાંત ચમકાવતું સ્મિત કર્યું.

રિયાનું એ સ્મિત બરાબર નીરવના સ્મિત જેવું હતું. જાણે નાક નીચેનો હડપચી સુધીનો તમામ ભાગ નીરવે સીધેસીધો રિયાના ચહેરા માંથી જ ઉઠાવી લીધો હતો. બસ, માના ગાલના ડિમ્પલ નહોતા મળ્યા એને! લક્ષ્મીએ મનોમન નીરવના ગાલમાં ડિમ્પલ કલ્પી જોયા.

'શું વિચારમાં પડી ગઈ છે?'

રિયાએ લક્ષ્મીને ચોંકાવી.

'હેં?'

'ડેડી કેમ છે?'

'બેટર છે...'

બન્ને ઍરપોર્ટ પાર્કિંગ લૉટમાં મૂકેલી કાર તરફ આગળ વધી ગયાં.

'બેટા, એક વાત કહેવી છે તને.'

'મારે તો બહુ જ બધું કહેવું છે તમને...'

લક્ષ્મી એકદમ અમેરિકન અંદાજમાં ગાડી ચલાવી રહી હતી.

'નીરવે અમારું ખરાબ લગ્ન જોયું છે, ખૂબ કાચી ઉંમરે. એને લગ્ન કે સંબંધો સમજાય એ પહેલાં એની કડવાશ સમજાઈ ગઈ હતી. એની સાથે જીવવા માટે ખૂબ માવજતની, સમજદારીની અને સહનશીલતાની જરૂર પડશે... એ તને પ્રેમ બહુ કરે છે એવું સમજી શકી છું હું એની વાત પરથી.'

પછી એક ઊંડો નિઃશ્વાસ નાખતાં રિયાએ ગાડીની બહાર જોયું:

'પણ લગ્ન ટકાવવા માટે એકલો પ્રેમ પૂરતો નથી પડતો અને એ વાત મારાથી વધારે કોણ સમજી શકશે?'

'હું સમજું છું, મા તમારી વાત પણ... અને નીરવને પણ!'

લક્ષ્મીએ રિયા સામે જોયું. રિયાની આંખો ભરાઈ આવી હતી.

'સાડા સત્તર વર્ષની હતી, જ્યારે વિષ્ણુ જોડે ભાગી ગઈ. મારા ફાધરે પોલીસ કેસ કરેલો વિષ્ણુ પર...'

લક્ષ્મીની આંખો પહોળી થઈ ગઈ:

'આવું તો કશું મને નીરવે કહ્યું જ નથી.'

'એ અમારાં લગ્ન વિશે વાત કરવાનું ટાળે છે. એને માટે અમે બે જુદી વ્યક્તિ છીએ. એણે ક્યારેય અમને સાથે એક ફૅમિલી તરીકે જોયાં જ નથી... જોઈ શક્યો જ નથી, બિચારો.'

લક્ષ્મીનો હાથ અનાયાસે જ લંબાઈ ગયો. એણે રિયાનો હાથ પકડીને સહાનુભૂતિમાં દબાવ્યો.

'આ તને એટલા માટે કહું છું બેટા, કે તારી જિંદગીનો સૌથી મહત્ત્વનો નિર્ણય કરતાં પહેલાં તું વિચારી લે, સમજી લે - પરિસ્થિતિ અને નીરવ બન્નેને.'

'મા, મેં ઘણું વિચાર્યું છે. મુંબઈ છોડીને અમેરિકા આવી ત્યારે મને લાગ્યું હતું કે નીરવ સાથેનો મારો સંબંધ લગભગ પૂરો થઈ ગયો છે.'

'મારો દીકરો બહુ એકલો મોટો થયો છે.'

રિયાને અત્યારે પણ એને છોડીને મુંબઈ જતો બાર વર્ષનો નીરવ દેખાતો હતો. ખભે બૅકપૅક ભરાવીને, માથે ટોપી પહેરીને એને સજળ આંખે જોતો નીરવ કોઈ પણ સંજોગોમાં માને મૂકીને નહોતો જવા માગતો.

કોર્ટના ઑર્ડર્સ હતા, બેમાંથી કોઈનો છૂટકો નહોતો.

એ દિવસથી આજના દિવસ સુધી નીરવ માટે રિયા એકસરખું ઝૂરી હતી. એને હંમેશાં લાગ્યું હતું કે નીરવની સંભાળ લેનારું મુંબઈમાં કોઈ નહોતું. એ વિષ્ણુપ્રસાદ ચોક્સીને બરાબર ઓળખતી હતી. એમની કડવાશ, એમનો સ્વભાવ, એમની ડિસિપ્લિન અને એ ડિસિપ્લિન માટેના એમના હઠાગ્રહો - દુરાગ્રહો એના દીકરાને શું બનાવી દેશે એની કલ્પના હતી રિયાને... ને છતાં એની પાસે છૂટકો જ નહોતો એના કાળજાના ટુકડાને એવા માણસને સોંપ્યા વિના, જેના નામ માત્રથી એનું મગજ ફરી જતું હતું.

આજે લક્ષ્મીને મળીને રિયાને લાગતું હતું કે એનો દીકરો ફરી એક વાર શાંત, સમથળ જમીન પર ઊભો રહીને જિંદગી શરૂ કરી શકશે. આ છોકરીની રાખોડી આંખોમાં, એના સ્પર્શમાં, એના સ્મિતમાં એકલી પ્રેમિકા નહીં, એક મા દેખાતી હતી રિયાને...

એવી મા, જે નીરવે કેટલાય વર્ષો પહેલાં ગુમાવી દીધી હતી.

'કોણ જાણે કેમ તને જોઈને જ મને વિશ્વાસ બેસી ગયો કે મારા દીકરાની પસંદગી સાચી છે.'

લક્ષ્મી સામે જોઈને રિયાએ કહ્યું પછી એના હાથમાંથી પોતાનો હાથ છોડાવીને લક્ષ્મીના માથા પર હાથ પસવાર્યો:

'બેટા, સાડા સત્તરથી સાડા એકવીસ વર્ષ, ચાર વર્ષના લગ્નજીવનના પંદરસો દિવસમાંથી તેરસો દિવસથી વધુ મેં અને વિષ્ણુએ ઝઘડતાં વિતાવ્યા છે.'

રિયાને જાણે એ દિવસોની કડવાશનો સ્વાદ ફરી એક વાર યાદ આવી ગયો:

'મારા ફાધર મને પોલીસની મદદથી ઘેર પાછી લઈ ગયા. છ મહિના રાખી રોજ બ્રેનવૉશ કરવાનો પ્રયત્ન કરતા... પણ હું વિષ્ણુના પ્રેમમાં પાગલ હતી.'

રિયા ખુલ્લા દિલે હસી પડી. એના ગાલમાં ઊંડા ખાડા પડી ગયા:

'આપઘાત કરવાનો પ્રયત્ન કરેલો મેં. ઊંઘની સાઠ ગોળીઓ ખાઈ ગઈ હતી. હૉસ્પિટલમાં દાખલ કરવી પડેલી... વિષ્ણુ માટે.'

'ઓહ!'

લક્ષ્મીને સમજાયું નહીં કે એણે શું કહેવું જોઈએ.

'જે માણસ વિના જીવી નહીં શકાય એમ લાગતું હતું એ જ માણસ સાથે જીવી નહીં શકાય એમ લાગવા માંડ્યું માત્ર ચાર વર્ષમાં. ત્યાં સુધીમાં નીરવ જન્મી ચૂક્યો હતો અને અમારા ઝઘડા જોઈને જિંદગીની કડવાશ ઘૂંટવા માંડ્યો હતો.'

'મા, તમે જરાય ચિંતા ન કરો. અમારી વચ્ચે એવું નહીં થાય.'

'તને જોઈને મને વિશ્વાસ આવી ગયો છે. બાકી, મારો દીકરો કોઈને પરણે એ વાત જ મને સપના જેવી લાગતી હતી.'

એણે લક્ષ્મી સામે ધ્યાનથી જોયું:

'તારાં મમ્મી તારા ફાધરનાં સેકન્ડ વાઇફ છે, રાઇટ?'

'હતાં.'

'એટલે...?

'એ નથી હવે. હું એક મહિનાની હતી ત્યારે જ...'

'ઓહ!'

રિયાએ ફરી એક વાર લક્ષ્મીના માથે હાથ ફેરવ્યો.

બે સ્ત્રી વચ્ચે દર્દનો એક એવો પુલ બની ગયો, જે એમને એકબીજાની ખૂબ નજીક લઈ આવ્યો. લક્ષ્મીએ ધાર્યું નહોતું કે નીરવની મમ્મી એને આટલી ઝડપથી સ્વીકારી લેશે અને આટલી ઝડપથી એને ચાહવા લાગશે. સામે પક્ષે રિયાને પણ કલ્પના નહોતી કે એના દીકરાએ આખી જિંદગી જેની સાથે જીવવાનું નક્કી કર્યું છે એ છોકરી આવી અને આટલી વહાલસોઈ હશે.

કોણ જાણે શું શું અને કેટલી બધી વાતો કરતાં ઘર આવી ગયું.

વિલામાં દાખલ થઈને લક્ષ્મી રિયાને ગેસ્ટ રૂમમાં લઈ ગઈ. ફ્રેશ થઈને બન્ને લંચ પરવારીને હૉસ્પિટલ પણ

જઈ આવ્યાં. અમેરિકાની હૉસ્પિટલોના કાયદા પ્રમાણે સૂર્યકાંતને આરામ કરતા જોઈને, ડૉક્ટર સાથે વાત કરીને બન્ને ઘેર પાછાં ફરી ગયાં.

રાત્રે લક્ષ્મીએ રિયાના રૂમમાં ઇન્ટરકૉમ લગાડ્યો:

'મા, ઊંઘી ગયાં છો?'

'નૉટ રિયલી.'

'કૉફી?'

'શ્યૉર.'

'મારા રૂમમાં આવશો?'

'વ્હાય નૉટ?'

આછા ભૂરા રંગના સાટિનના નાઈટ સૂટમાં રિયા માંડ ચાલીસની લાગતી હતી. ખભા સુધીના એના કાળા છૂટા વાળ અને મેકઅપ વગરનો ચકચકતી ચામડીવાળો ચહેરો જોઈને લક્ષ્મીને ફરી એક વાર કૉમ્પ્લિમેન્ટ આપવાનું મન થઈ ગયું.

'મૉમ, યુ આર વેરી બ્યુટિફુલ...'

રિયા ખડખડાટ હસી પડી. એ જેવી લક્ષ્મીના ઓરડામાં દાખલ થઈ કે એની નજર સામે સ્મિતાના ફોટા પર પડી. એક મહિનાની લક્ષ્મીને હાથમાં લઈને સ્મિત કરી રહેલી સ્મિતાના ચહેરા પર જિંદગી જાણે ઝગારા મારતી હતી.

રિયા એ ફોટા સામે જઈને ઊભી રહી. ખાસ્સી વાર સુધી એ ફોટા સામે જોતી રહી. પછી અચાનક જ લક્ષ્મી સામે ફરી અને એને પોતાની નજીક ખેંચી:

'તું... તું... સ્મિતાની દીકરી છે? રોની અને સ્મિતાની?'

'રોની?'

લક્ષ્મીના ચહેરા પર આશ્ચર્ય અને આઘાત બન્ને હતાં. એની રાખોડી આંખો સ્મિતાના ચહેરામાં પોતાના સવાલનો જવાબ શોધી રહી હતી. રિયા થોડી વાર કશું ન બોલી, માત્ર લક્ષ્મી સામે જોતી રહી ચૂપચાપ...

લક્ષ્મીએ રિયાને ખભામાંથી પકડીને હચમચાવી નાખી:

'રોની? રોની કોણ, મા? મારા ડૅડીનું નામ સૂર્યકાંત છે. સૂર્યકાંત દેવશંકર મહેતા...'

*

ગોવાના શિડ્યુઅલનો આજે છેલ્લો દિવસ હતો, ધાર્યા કરતાં શૂટિંગ બે દિવસ વહેલું પૅકઅપ થયું હતું. મુંબઈમાં શૂટ થઈ ગયેલા સીનનું એડિટિંગ અલયે શરૂ કરાવી દીધું હતું. રફ કટ્સ જોઇન્ટ કરીને ફિલમનો એક

સળંગ શેપ ધીમે ધીમે ઊભો થઈ રહ્યો હતો.

ગોવાનું ફિલમનું છેલ્લું શિડ્યુઅલ હતું.

એ પછી ક્લાઇમૅક્સનો એક જ દિવસ અને અલયની ફિલમનું શૂટિંગ પૂરું થઈ જવાનું હતું. યુનિટનો એકેએક સભ્ય ગજબનો એક્સાઇટેડ હતો. અલયે જેટલા દિવસનું પ્લાનિંગ કર્યું હતું એના કરતાં દરેક શિડ્યુઅલમાં એણે લગભગ બેથી ત્રણ દિવસ બચાવીને ફિલમનું શૂટિંગ ધાર્યા કરતાં વહેલું અને સસ્તું પૂરું કર્યું હતું. સીનની પહેલાં પૂરાં રિહર્સલ કરાવીને રો-સ્ટૉક પણ ખાસ્સો બચાવ્યો હતો.

નહીં ધારેલા બજેટમાં ફિલમ કમ્પ્લિટ થઈ જશે એવું હવે સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. અભિષેકે અલયને ઑલરેડી બે ફિલમની ઑફર અપાવી દીધી હતી. જો કે અલયે આ ફિલમની રિલીઝ પહેલાં કંઈ જ ન વિચારવું એવું નક્કી રાખીને નિર્માતાઓને રાહ જોવા કહ્યું હતું.

મુંબઈની ફિલમ માર્કેટમાં અલયના નામની ચર્ચા હતી.

ઈમ્પાની ચાર જ દિવસ પહેલાં મળેલી મિટિંગમાં અલયનું નામ ચર્ચાયું હતું.

શૈલેષ સાવલિયા ઉશ્કેરાટમાં ઘેલા જેવો થઈને ચારે તરફ પાણીની જેમ પૈસા ખર્ચીને પબ્લિસિટી કરાવી રહ્યો હતો. અલયની કાર્યક્ષમતા જોઈને એણે રિલીઝની ડેટ પણ ફાઇનલ કરી નાખી હતી. ટેલિવિઝન પર પ્રોમો ચાલુ થઈ ગયા હતા...

ગોવાના આ છેલ્લા દિવસના શિડ્યુઅલમાં અનુપમાની જરૂર નહોતી. અભિષેકના સોલો ગીતનું શૂટિંગ બાકી હતું. અનુપમાનું કામ પૂરું થઈ ગયું હતું. ખરેખર તો ગઈ કાલે રાતે જ અનુપમા નવરી થઈ ગઈ હતી.

શૂટિંગ પછી અલય અને શ્રેયા એમના રૂમમાં હતાં ત્યારે દરિયે આંટા મારતી અનુપમા અભિષેકને ભટકાઈ હતી.

'અહીં શું કરે છે?'

'જે તું કરે છે.'

અનુપમા હસી.

'આ છોકરાએ આપણને બન્નેને વહેલાં નવરાં કરી દીધાં, નહીં? વેરી ટેલેન્ટેડ બૉય! આટલાં વર્ષ ક્યાં હતો એવો વિચાર આવે છે મને તો.'

'જેના નસીબમાં જ્યારે જે લખ્યું હોયને એને એ ત્યારે જ મળે છે! ન સમયની પહેલાં, ન સમયથી મોડું.'

અનુપમાએ ફિક્કું સ્મિત વેર્યું:

'બસ, આપણને એવું લાગે છે કે મોડું થઈ ગયું'

એક પણ અક્ષર બોલ્યા વિના અભિષેક ત્યાં રેતીમાં જ બેસી ગયો. અનુપમા પણ ચૂપચાપ એની બાજુમાં બેસી ગઈ.

રેતીમાં આડાઅવળા લીટા દોરતી અનુપમાની મનઃસ્થિતિ અભિષેકથી અજાણી નહોતી. આમ પણ અભિષેક અને અનુપમા સારાં મિત્ર હતાં.

અનુપમા બંગાળી હતી, સફળ હતી અને સારી છોકરી હતી એ વાત અભિષેકની મા જાણતી. અભિષેકની મા પોતે પણ પોતાના જમાનાની સફળ અભિનેત્રી હતી, બંગાળી હતી... એના મનમાં ઊંડે ઊંડે અનુપમા અને અભિષેકનો વિચાર રમ્યા કરતો. અભિષેક એક ખૂબ સફળ અભિનેત્રી સાથે લાંબા સમયના પ્રણય પછી ખૂબ કડવાશ સાથે હજી હમણાં જ છૂટો પડ્યો હતો...

એના મનમાં અનુપમા માટે કે બીજી કોઈ છોકરી માટે હજી કોઈ લાગણી થતી જ નહોતી. હા, એને અનુપમા ગમતી. અનુપમાની નિખાલસતા, સચ્ચાઈ અને ટેલેન્ટનો એ હતો.

'શા માટે તારી જાતને છેતરે છે?'

અભિષેકે સીધી જ વાત શરૂ કરી.

'છેતરતી નથી.'

અનુપમાએ પણ કોઈ પડદો રાખ્યા વિના કે ગોળગોળ ધુમાવ્યા વિના જવાબ આપ્યો:

'સચ્ચાઈ તો પહેલા દિવસથી જાણતી હતી... હા, જાતને સમજાવું છું હજુ.'

'અનુ, જિંદગીના વળાંક કોઈને સમજાતાં નથી.'

અભિષેકે ખૂબ લાગણી અને સહાનુભૂતિથી અનુપમાના ખભે હાથ મૂક્યો. અનુપમાની આંખમાંથી બે ટીપાં એણે દોરેલા લીટા પર ટપકી ગયાં. એણે ઊંચું ન જોયું, નીચું જોઈને તર્જનીથી રેતીમાં આડાઅવળા લીટા દોરતી રહી...

'મારી મા કહે છે કે સુખને બચકાં ભરવાથી સુખ તમારું નથી થઈ જતું. હસ્તરેખામાં લખ્યું હોય ને એટલું જ સુખ મળે છે.'

અભિષેક હજીય અનુપમાના ખભે હાથ પસવારી રહ્યો હતો.

છલછલાઈ આવેલી આંખોથી અનુપમાએ અભિષેક સામે જોયું:

'બધું જ સમજ્યા છતાં તમારું મન ન માને તો તમે શું કરો? ઝંખનાને તર્ક નથી હોતા, અભિ!'

'માનું છું. અનુભવી ચૂક્યો છું. મેં પણ એની પાછળ બધું દાવ પર લગાડી દીધું હતું. કરિયર, મિત્રો અને મા-બાપ સુધ્ધાં!'

અભિષેકનો ચહેરો એ છોકરીને યાદ કરીને જાણે કાળો પડી ગયો:

'પણ દાવ પર બધું લગાડી દો એટલે જીતશો જ એવું કોઈ વચન નથી હોતું, અનુ!'

ગર બાઝી ઇશ્ક કી બાઝી હૈ, જો ચાહો લગા દો, ડર કૈસા?
જો જીત ગયે તો ક્યા કહેના? હારે ભી તો બાઝી માત નહીં.

અનુપમાની આંખોમાં પાણી અને ચહેરા પર સ્મિત હતું. દરિયાના પવનથી ઊડી રહેલા એના વાળ એણે ચહેરા પરથી ખસેડ્યા:

'ફૈઝની ગઝલ છે, ફૈઝ-અહેમદ-ફૈઝની...

કબ યાદ મેં તેરા સાથ નહીં, કબ હાથ મેં તેરા હાથ નહીં...
સદ શુકર કી અપની રાતોં મેં અબ હિજ્ર કી કોઈ રાત નહીં.

'હા! ઍટલીસ્ટ એક વાર તમને જે જોઈતું હોય એ મળી જાય તો એની યાદના સહારે જીવી શકાય છે એવું હું પણ માનું છું.'

અનુપમાએ ચોંકીને અભિષેકની સામે જોયું.

અભિષેક ખડખડાટ હસી પડ્યો:

'સ્ટુપિડ, તને દસ ફૂટની દીવાલ કૂદીને રેતીમાં ઊભી રહીને જીન્સ પહેરતી જોઈ હતી.'

અનુપમા શરમાઈ ગઈ...

'તે દિવસે અચાનક શ્રેયા આવી ગઈ અને પછી...'

અનુપમાના ચહેરા પર સહેજ ઝાંખપ ફરી વળી.

'ખબર છે મને!'

અભિષેકના ચહેરા પર હજી એ જ શરારતી સ્મિત હતું:

'એક વાર મને વિચાર આવ્યો કે લંગડા પગે ચાલતી એક કરોડની હીરોઈનની મદદે પહોંચી જાઉં... પણ પછી થયું કે તને ગમે કે ન ગમે.'

'મને ન જ ગમત, અભિ. એ મારી સાવ પ્રાઇવેટ-પર્સનલ ક્ષણ હતી. હજી આજે પણ એનો વિચાર કરું છું તો મારી અંદર કશુંક રોમાંચિત થઈ જાય છે. તારાથી શું કામ છુપાવું? મેં અલયને ઑલમોસ્ટ સિડ્યુસ કર્યો હતો એ રાતે.'

'મૂરખ કહેવાય. તારા જેવી છોકરીએ સિડ્યુસ કરવું પડે? સોળથી શરૂ કરીને સાઠ સુધીના બધા જ હિંદુસ્તાની પુરુષો તારા પ્રેમમાં છે...'

અભિષેક હસતો હતો.

'બસ, હં!,'

હવે અનુપમા પણ જરા હળવી થઈ હતી.

'અનુ, બસ એક વાતનું ધ્યાન રાખજે, આ સંબંધ એટલો મોટો ન થઈ જાય કે એના પડછાયામાં તું તારી જાતને ભૂલી જાય.'

'હવે યાદ રાખવા જેવું બચ્યું શું છે, અભિ... એ રાત, એ અનુભવ એ ક્ષણ અને એ ક્ષણના અલય સિવાય મારી પાસે કોઈ જિંદગી માગે તો પણ આપી દઉં.'

અભિષેક એની સામે જોઈ રહ્યો:

કેવી હોય છે સ્ત્રી!

એને વિચાર આવ્યો:

કોઈ પણ ઉંમરની, ગમે ત્યાં ઊછરેલી, કોઈ પણ ભાષા બોલતી, કમાતી કે ન કમાતી, ગમે એટલી સફળ સ્ત્રી એના ગમતા પુરુષ પાસે સાવ મીણની જેમ ઓગળી જાય છે... પ્રેમ અને ગુસ્સો દેખાડવાની એમની રીત પણ લગભગ એકસરખી જ હોય છે...

એને પોતાની મા યાદ આવી ગઈ. એની મા એના પિતા સાથે પરણી ત્યારે એક સફળ, પ્રશંસા અને પ્રસિદ્ધિ પામી ચૂકેલી અભિનેત્રી હતી, જ્યારે એના પિતાની કારકિર્દી શરૂ થવામાં હતી...

એ પછીની એમના લગ્નજીવનની સફર દરમિયાન પિતાના સુપરસ્ટાર બનવાથી શરૂ કરીને એમનાં બહુચર્ચિત લફરાં સુધી એણે પોતાની માને બહુ નજીકથી જોઈ હતી. અત્યારે અનુપમાની આંખોમાં એ જ સમર્પણ જોઈ રહ્યો હતો અભિષેક, જે એણે એનાં માતા-પિતાનાં લગ્નની તસવીરોમાં એની માની આંખોમાં જોયું હતું.

'ચાલ, ઊઠ! તારે તો કાલે રજા છે. મારે સવારે છ વાગ્યાની કૉલશીટ છે... બહુ મજૂરી કરાવે છે તારો બૉયફ્રેન્ડ!'

'બૉયફ્રેન્ડ!'

અનુપમાએ અભિષેકની સામે જોયું. અભિષેકને એની મોટી કથ્થઈ આંખોમાં ગાંડપણની ઝલક દેખાઈ.

'હી ઈઝ માય હસબન્ડ!'

અને અનુપમા ઊભી થઈને એવી રીતે ચાલવા લાગી જાણે અભિષેકને ઓળખતી જ ન હોય.

ભીની રેતીમાં ચાલીને જતી અનુપમાને અને પાછળ છૂટતી જતી એનાં પગલાંની છાપને અભિષેક જોતો રહ્યો!

*

સાડા આઠ વાગ્યા હતા.

શ્રેયા હજી પોતાની પથારીમાં છાપાં જોતી પડખાં બદલી રહી હતી.

ટક... ટક... ટક...

'કમ ઇન.'

એણે અલસ-ઊંઘરેટા અવાજે કહ્યું.

'દસ મિનિટમાં તૈયાર થઈ જા. આપણે બહાર જઈએ છીએ.'

અંદર આવેલી અનુપમા ખૂબ સારા મૂડમાં હતી.

'પણ ક્યાં?'

'રખડવા, ફરવા, શૉપિંગ કરવા... દસ મિનિટમાં.'

અનુપમા લગભગ હુકમ કરી રહી હતી.

'તારે શૂટ નથી?'

'ના, તારા બૉયફ્રેન્ડે છુટ્ટી આપી છે.'

'વેરી ગુડ.'

શ્રેયા સુંવાળી બ્લૅન્કેટ ફગાવીને ઊભી થઈ. ઊભી થવા જતાં એને ખયાલ આવ્યો કે રાતે પ્રેમ કર્યા પછી એણે માત્ર અલયનું ટી-શર્ટ પહેરી લીધું હતું...

'એક મિનિટ...?'

'શ્યૉર.'

શ્રેયાનો ઇશારો સમજી જતાં અનુપમા બહાર નીકળી ગઈ. એણે અલયનું ટી-શર્ટ અને પરિસ્થિતિ બન્ને ઓળખી લીધાં હતાં. એનું હૃદય જાણે કોઈએ મુઠ્ઠીમાં લઈને ભીંસી દીધું હોય એવું લાગ્યું એને!

એણે જાતને જ કહ્યું:

આ જ સત્ય છે, અનુ! તું જે જીવી ગઈ એ તો સપનું હતું અને જિંદગીના આ સત્યને આમ જ સ્વીકાર્યા વિના તારી પાસે કોઈ રસ્તો નથી...

એક કુશળ અભિનેત્રીને છાજે એવી રીતે અનુ ફરી ટકોરા મારીને ચારસો ચાલીસ વૉલ્ટના સ્મિત સાથે શ્રેયાના ઓરડામાં દાખલ થઈ ત્યારે શ્રેયા ટ્રૅક પહેરીને બૅગમાંથી ટૂથબ્રશ અને બીજી વસ્તુઓ કાઢી રહી હતી...

એ દિવસે શ્રેયા અને અનુપમાએ આખું ગોવા ખૂંદી માર્યું. ખૂબ રખડ્યાં બન્ને. પણજીની બજાર પગ તળે કાઢી નાખી, મંડોવીમાં બોટિંગ કર્યું, વૉટર સ્કૂટરની રાઈડ લીધી, ખાસ ગોવાનું ખાવાનું ખાધું, કોકમનું શરબત અને મેંગલોરી ફૂડમાં અનુપમાને માછલી મળી ગઈ એટલે જાણે ઈશ્વર મળ્યાં અને બન્નેએ કોણ જાણે બીજું શું શું કરી નાખ્યું, દિવસભર...

થાકીને છેક સાંજના છેડે બન્ને રીસોર્ટ પર આવ્યાં ત્યારે જાણે વર્ષોની બહેનપણીઓ હોય એવી દોસ્તી થઈ ગઈ હતી બન્ને વચ્ચે!

સામે દરિયાની પાછળ સૂરજ ડૂબી રહ્યો હતો. અનુપમા સ્લાઇડિંગ વિન્ડો પાસે ઊભી રહીને એકટશે એ સૂરજને જોઈ રહી...

બાથરૂમમાંથી ફ્રેશ થઈને બહાર આવેલી શ્રેયાએ એના ખભે હાથ મૂક્યો. અનુપમાએ શ્રેયા સામે જોયું. એની

આંખોમાં હલકી ભીનાશ તરી આવી હતી.

‘શું થયું?’

‘કંઈ નહીં. આમ જ! તારા નસીબની ઈર્ષ્યા આવી ગઈ.’

‘હજી થોડા દિવસ પહેલાં મને એમ લાગતું હતું કે હું જે કંઈ જીવું છું એ સાવ મારું પોતાનું, મારી એકલીનું છે...’

શ્રેયાનો હાથ હજી અનુપમાના ખભે જ હતો. એણે હળવેથી એનો ખભો દબાવ્યો:

‘પણ છેલ્લા થોડા દિવસથી મને એમ લાગે છે કે મેં કોઈના નસીબમાં સાવ નાનકડી... પણ ચોરી કરી છે.’

અનુપમાએ ચોંકીને શ્રેયા સામે જોયું:

‘એટલે?’

અનુપમાનું હૃદય એક થડકારો ચૂકી ગયું હતું.

અનુપમાની આંખોમાં જાણે આખેઆખી ઊતરી જવા માગતી હોય એમ શ્રેયા ઊંડું જોઈ રહી:

‘એટલે કંઈ નહીં, અનુ! વસુમા કહે છે કે આપણને જે કંઈ મળે એ બધું આપણું નથી હોતું. જિંદગી પાણી જેવી હોય છે. પોતાનું લેવલ મેચ કરતી જાય છે...’

એણે અનુપમાના ગાલે ખૂબ વહાલથી હાથ ફેરવ્યો:

‘કોઈ પોતાના નસીબમાંથી કશું છોડી દે તો જ એ આપણને મળી જતું હોય છે એવું ખરું કે નહીં?’

‘હું તારી વાત સમજી નથી.’

અનુપમાએ વાત પૂરી કરવા માગતી હોય એમ ત્યાં પડેલા જગમાંથી ગ્લાસમાં પાણી કાઢીને શ્રેયા સામે ધર્યું, પણ શ્રેયાએ એ વાત જાણે અહીં અને અત્યારે જ કહી દેવાની જીદ હોય એમ વાત આગળ ચલાવી:

‘એમાં આપણા બન્નેની ભલાઈ છે.’

શ્રેયાએ નજર ઘુમાવી લીધી અને એ પણ બારીની બહાર આથમતા સૂરજને જોઈ રહી:

‘અનુ, ક્યારેક કોઈની વધુપડતી સારાઈ અને સચ્ચાઈ પણ તમને ડરાવી દે છે, નહીં?’

અનુપમા કશું જ ન બોલી. એની આંખોની ભીનાશ સહેજ વધી ગઈ, બસ!

કોઈ એટલું બધું સારું કેવી રીતે હોય કે બીજાનો વિચાર કરીને એમના સુખનું બલિદાન આપી દે?’

શ્રેયા હજીય બારીબહાર જ જોઈ રહી હતી. સામે સૂરજ લગભગ ડૂબી ગયો હતો. દરિયા અને આકાશની વચ્ચે એક આછી કેસરી રેખા બાકી હતી.

‘આ આખીય વાતમાં બીજું કોણ છે, શ્રેયા? અહીં તો બધા જ પોતાના છે.’

અનુપમાએ હવે શ્રેયાની સામે જોયું. એની આંખોમાં કશુંક એવું હતું, જે શ્રેયાની છાતીના ડાબા ખૂણે તીરની જેમ પેસી ગયું:

'તું પણ... તું પણ પોતાની જ છે, શ્રેયા. મેં કોઈ બીજા માટે કશું જ નથી છોડ્યું.'

એ પછીની ખાસ્સી ક્ષણ સુધી બે સ્ત્રી સાવ મૌન રહીને એકબીજાને સમજતી રહી. સામે લાલઘૂમ આકાશ અને કેસરી દરિયો સાવ કાળાં થઈ ગયાં ત્યાં સુધી અલયના રૂમમાં કોઈએ લાઇટ કરવાની પણ તસ્દી ન લીધી.

* * *

['યોગ-વિયોગ' ભાગ - ૨ સમાપ્ત]

[હવે વાંચો - 'યોગ-વિયોગ' ભાગ - 3]

યોગ-વિયોગ

ભાગ - 3

52

સૂર્યકાંતની આંખો ખૂલી ત્યારે એ હૉસ્પિટલના બિછાને હતા.

કોણ જાણે કેમ છાતીનો દુખાવો શરૂ થયો એ ક્ષણથી શરૂ કરીને આજ સુધી સૂર્યકાંતને ભૂતકાળ જાણે ફિલમની પટ્ટીની જેમ યાદ આવી રહ્યો હતો.

જિવાયેલી એક એક ક્ષણ સૂર્યકાંતની નજર સામે જીવતી થઈને આવતી હતી. એ બધાં જ પાત્રો, જેને આ છેલ્લા બે દાયકામાં લગભગ ભૂલી ગયા હતા એ બધાં જ પાત્રો, એમના ચહેરાઓ અને એમની સાથે બનેલું એ તમામ, જેને સૂર્યકાંત ભૂલવા મથતા હતા એ સૂર્યકાંતને ફરી ફરીને સતાવી રહ્યું હતું. સૂર્યકાંત મુંબઈ છોડીને ચાલી નીકળ્યા ત્યાંથી શરૂ કરીને મુંબઈ પાછા પહોંચ્યા ત્યાં સુધી એક વસુંધરાને છોડીને બધા જ એમ માનતા હતા કે સૂર્યકાંતનું મુંબઈ છોડીને નાસી જવાનું કારણ એમનાથી ચૂકવી ન શકાયેલું લાખ્ખોનું દેવું હતું.

થોડાઘણા અંશે વસુંધરા જાણતી હતી કે સૂર્યકાંત યશોધરાની સાથે નાટક-ચેટકના રવાડે ચડ્યા હતા અને પોતે નાટકો પ્રોડ્યુસ કરવા માગતા હતા. એ સમયે એમને લાગતું હતું કે પોતે ભાંગવાડી પ્રકારનું એક આખું થિયેટર ઊભું કરી શકશે. એમના નામના સિક્કા પડશે! યશોધરાનાં ગીતો અને નખરાં પર જેમ પોતે ડોલી ઊઠતા હતા એમ પ્રેક્ષકો પણ ઘેલા થઈને ડોલી ઊઠશે અને સાંજના છેડે પોત રોકડા ગણતાં ગણતાં યશોધરાની સાથે...

વસુંધરા પરણીને આવી એ પહેલાંથી જ સૂર્યકાંત નાટકો જોતા, ક્યારેક મુજરા જોતા અને ક્યારેક ક્યારેક છાંટોપાણી કરી લેતા થઈ ગયા હતા.

આટલા પૈસાવાળા બાપનો એકનો એક સૂર્યકાંત!

ચંદ્રશંકર તો બાળપણથી જ માનસિક રીતે બીમાર હતો. સૂર્યકાંતને ખબર હતી કે દેવશંકર મહેતાની આટલી બધી મિલકતનો પોતે એકમાત્ર વારસદાર હતો અને આ વાત સૂર્યકાંતને ખબર હતી એનાથી વધારે એની આસપાસ વીંટળાવા લાગેલા એના ચમચાઓને ખબર પડવા માંડી હતી.

દેવશંકર મહેતા તો કડક અનુશાસન માં માનતા. પૈસો પૈસાની રીતે વાપરવો જોઈએ-યોગ્ય રીતે અને યોગ્ય સ્થળે એવું એમનું માનવું હતું એટલે એ તો સૂર્યકાંતને આપવામાં આવતા એક એક રૂપિયાની વિગત પૂછતા.

મહારાષ્ટ્ર અને ગુજરાત અલગ પડ્યાંને હજી બે દાયકા પૂરા નહોતા થયા. બિયર બાર નવા નવા થયા હતા. છાનાછપના ચાલતા કેબ્રે ડાન્સ આવા બારમાં સૂર્યકાંત જેવા નબીરાઓને ખેંચી લાવતા.

પિતાનો ભયાનક કડપ અને શિસ્ત શીખવવાની જીદ, સામે પક્ષે માનાં લાડ અને પિતાથી છુપાવીને પૈસા આપવાની, આપતાં રહેવાની માની ટેવ. ચંદ્રશંકરના ગાંડપણને કારણે સૂર્યકાંત માટેનો માનો મોહ... અને આ કરોડોની મિલકતનો નજર સામે દેખાતો વારસો.

સૂર્યકાંત દિશા ભૂલી ગયા હતા અને ઘરમાં એવું કોઈ નહોતું, જે સૂર્યકાંતને સાચી દિશા બતાવે. આમન્યા, મર્યાદા અને સંતાનો પર દાબ જેવા શબ્દોને બ્રહ્મવાક્ય માનતા પિતા ક્યારેય પુત્રના મિત્ર ન થઈ શક્યા.

પિતાથી સતત દબાયેલી અને ડરતી રહેતી મા ક્યારેય પિતાને સાચું કહી ન શકી અને માને માટે તો સૂર્યકાંત જે કહેતા એ જ સત્ય હતું, કારણ કે એની પાસે એ સિવાય સત્ય જાણવાનો કોઈ બીજો રસ્તો પણ નહોતો.

સૂર્યકાંત મિત્રો સાથે પહેલાં નાટક જોતા થયા. નાટક જોતાં જોતાં એ ક્યારે પડદાની પાછળ જઈને યશોધરાને મળતા, ધીમે ધીમે એને ઘેર જતા અને પછી તો એને રિહર્સલ પર લેવા-મૂકવા જતા થઈ ગયા એની ખુદ સૂર્યકાંતને જ ખબર નહોતી.

યશોધરા ચાલાક, જમાનાની ખાધેલ છોકરી હતી. વળી, એની માએ પરિસ્થિતિને બરાબર સૂંઘી લીધી હતી. પ્રેમનાં નાટક જોઈ જોઈને અને પ્રેમનાં ગીત સાંભળી સાંભળીને સૂર્યકાંતને લાગતું હતું કે આવી રીતે ઘર છોડીને ભાગી જવું, વડીલો સામે બળવો કરવો, પ્રેમના નામે જાન કુરબાન કરી દેવો, બસ એ જ જીવન છે. પહેલાં માની પાસે માગીને અને પછી ધીરે ધીરે માના કબાટમાંથી ઉઠાવી લીધેલા રૂપિયા અને દાગીના યશોધરાના કબાટમાં ગોઠવાતા થયા...

યશોધરાને પોતાને ક્યારેક સૂર્યકાંતની સચ્ચાઈ જોઈને દુઃખ થતું. એને આ નાટકની જિંદગી છોડીને ક્યારેક સૂર્યકાંત સાથે ગોઠવાઈ જવાની, લગ્ન કરીને કુટુંબ ઊભું કરવાની લાગણી થઈ આવતી, પણ...

...પણ યશોધરાની માનાં સપનાં બુલંદ હતાં. એને યશોધરાને સિનેમામાં કામ કરાવવું હતું. એ યશોધરાને લઈને નિર્માતાઓના દરવાજા ખખડાવતી. યશોધરા સુંદર હતી, સેક્સી હતી એની ના નહીં, પણ એવી અદ્ભૂત અભિનેત્રી નહોતી, જેવી એની મા એને માનતી હતી! જો કે યશોધરા પોતે કદાચ આ વાત જાણતા હતી.

નિર્માતાઓની ઑફિસમાં એનાં કપડાંની આરપાર પસાર થઈ જતી આંખો એ અનુભવી શક્તી હતી, પણ મા સામે બોલવાની એની હિંમત નહોતી. એણે અભિનેત્રી બનવા માગતી છોકરીઓની વેડફાતી જિંદગીઓ જોઈ હતી.

નિર્માતાથી શરૂ કરીને થિયેટરના માલિકો સુધી અભિનેત્રીઓને જે રીતે શોષણનો ભોગ બનવું પડતું એની યશોધરાને ખબર હતી અને છતાં એ પોતાની માને ના નહોતી કહી શકતી.

એને સૂર્યકાંત ગમતો.

સૂર્યકાંત જે રીતે એની પાછળ પૈસા ઉડાડતો, ઘેલાં કાઢતો, જે રીતે એને સાચવતો અને ઓછો ઓછો થતો એ એને પીગળાવી જતું. સૂર્યકાંતે અવારનવાર એની સાથે લગ્નની વાત કરી હતી.

પોતાના પિતાને મનાવીને એ યશોધરાને પત્ની બનાવશે એવાં વચન એણે યશોધરાને વારંવાર આપ્યાં હતાં.

યશોધરાની મા યશોધરાના કૌમાર્યની કિંમત જાણતી ખડૂસ બાઈ હતી. એ યશોધરાને અને સૂર્યકાંતને ઇરાદાપૂર્વકની છૂટ આપતી. સાથોસાથ પરિસ્થિતિ એના હાથની બહાર ન જતી રહે એ વિશે પણ એ સંપૂર્ણપણે સજાગ રહેતી.

શરૂઆતમાં સૂર્યકાંતને બહુ ગંભીરતાથી ન લેતી યશોધરા ધીરે ધીરે સૂર્યકાંતના પ્રેમમાં પડવા માંડી હતી. પોતાની મા સાથે ક્યારેક એ બળવો કરી બેસતી. એને પણ સૂર્યકાંત સાથે જીવવાનાં સપનાં આવવા માંડ્યાં હતાં! યશોધરાને પણ ઘર વસાવીને કોઈની પત્ની બનવાની ઇચ્છા થવા લાગી હતી.

એને ધીમે ધીમે સમજાવા માંડયું હતું કે મોટી કિંમત મળે તો એની મા ખુદ યશોધરાનો સોદો કરી નાખતાં પણ ન અચકાય એવી બાઈ છે. યશોધરા ક્યારેક ક્યારેક એની માને સૂર્યકાંત સાથેનાં પોતાનાં લગ્નના સપના અંગે સમજાવવાનો પ્રયત્ન કરતી.

'મૂરખી... બુદ્ધિ વગરની... એ કહે ને તું માને. આજ સુધી કોઈ શેઠિયાના દીકરાએ નાટકવાળી બાઈ જોડે લગ્ન કર્યાં છે?'

'કેમ, પાકીઝામાં તો તવાયફના મહોલ્લામાં જાન આવે છે. હું તો માત્ર નાટકોમાં કામ કરું છું.'

'મૂરખી, આ બધું ફિલમોમાં અને નવલકથાઓમાં થાય. કોઈ દિવસ જિંદગીમાં આવું થતું જોયું છે?'

'હું કરીને બતાવીશ. મારો સૂરજ પૃથ્વીરાજની જેમ ઘોડા પર બેસીને આવશે અને સંયુક્તાની જેમ મારું હરણ કરી જશે...'

યશોધરા સ્વપ્નિલ આંખો કરીને માને કહેતી:

'તું જોતી જ રહી જઈશ.'

ખરેખર તો યશોધરા જોતી રહી જાય અને એની માનું કહેલું સાચું પડે એવી ઘટના બની. અચાનક એક દિવસ સૂર્યકાંત જે રીતે થિયેટર પર આવ્યો એ જોઈને યશોધરા ડરી ગઈ. વિખરાયેલા વાળ, બે દિવસની વધેલી દાઢી, લાલ આંખો અને ચહેરો સાવ પીળો પડી ગયેલો.

'શું થયું, સૂરજ?'

ફિલમી અને નાટકિયા માહોલમાં જીવતી યશોધરા સૂર્યકાંતને સૂરજ કહેતી.

'મારી જિંદગી બરબાદ કરી નાખી એ દેવશંકર ડોસાએ...'

સૂર્યકાંતે ધબ દઈને થિયેટરની ખુરશીમાં પડતું નાખ્યું હતું.

'પણ થયું શું.?'

આમ તેમ જોઈને યશોધરાએ સૂર્યકાંતના ગાલ પર એક હળવું ચુંબન લઈ લીધું.

'મારાં... મારાં લગન નક્કી કરી નાખ્યાં છે. માગશર સુદ બીજે.'

'આજે કારતક વદ અગિયારસ તો થઈ!'

'એ જે તો! મારી પાસે બિલકુલ સમય નથી એને સમજાવવાનો. અમારે એકમે જાન લઈને નીકળવાનું છે.'

'બહારગામ?'

'હા, અમારા વડવાઓના મંદિરના પૂજારી છે. એની દીકરી છે વસુંધરા.'

'સુંદર છે?'

મોગલ-એ આઝમ, દેવદાસ અને એવાં કેટલાંય બીજાં પિક્ચરની અસર નીચે યશોધરાએ આંખોમાં આંસુ લાવીને ત્યાગના અભિનયની શરૂઆત કરી:

'સૂરજ, તું સખી થતો હોય તો મારે શું જોઈએ?'

'આ નાટક નથી, જિંદગી છે, મૂરખ.'

સૂર્યકાંત ચિડાઈ ગયો:

'ઍક્ટિંગ બંધ કર અને શું કરીશું એ વિચાર.'

'તારા બાપુજીએ નક્કી કર્યું છે એટલે હવે તને પરણાવીને જ રહેશે... હું શું કરી શકવાની? હું તો લાચાર, ગરીબ... એક કનીઝ છું.'

'મારી સાથે ભાગી જઈશ?'

'ખબરદાર, જો મારી છોકરી સામે નજર નાખી છે તો...'

થોડે દૂર ઊભી રહીને એમની વાતચીત સાંભળતી યશોધરાની મા આગળ આવી.

'મા... હું તમારી દીકરીને ખૂબ સુખી કરીશ.'

સૂર્યકાંત એકદમ લાગણીશીલ થઈ ગયો.

'હરામ બરાબર જો લગન-બગનની વાત કરી છે તો.'

યશોધરાની માએ યશોધરાની સામે ડોળા કકડાવ્યા.

'અને તું, નીકળ હવે. મારે કોઈ પ્રકારની માથાકૂટ નથી જોઈતી. તું મારી છોકરીને લઈને ભાગે તો તારો બાપ તને છોડી દેશે એમ માને છે?'

આટલું કહી એણે હાથ જોડયા:

'અમને છોડ ભાઈસા'બ. તું તારે લગન કરી લે અને અમને શાંતિથી અમારી જિંદગી જીવવા દે.'

સૂર્યકાંત ઘડીભર સ્તબ્ધ થઈ ગયો.

લળી લળીને આવકાર આપતી અને એને માટે અછો અછો વાનાં કરતી આ સ્ત્રી પાંચ જ મિનિટમાં આટલી બધી બદલાઈ શકે?

'પણ મા...'

સૂર્યકાંત આગળ કંઈ બોલવા ગયો.

'જાય છે કે ચોકીદારને બોલાવું?'

યશોધરાની માએ પોતાની જાત દેખાડી. યશોધરાને બાવડામાંથી પકડીને ઘસડતી ઘસડતી અંદરની તરફ લઈ

ગઈ.

એ પછીના પંદર દિવસ સૂર્યકાંત માટે જીવલેણ નીવડ્યા. ઘરનો ટેલિફોન યશોધરાની મા જ ઉપાડતી. થિયેટર પર ચોકીદારને કડક સૂચના હતી કે સૂર્યકાંતને દાખલ ન થવા દેવો. ઘરમાં પિતાના સવાલો અને દબાણ વધતાં જતાં હતાં. ગોદાવરી લગનની તૈયારીમાં ઘેલી થવા લાગી હતી. સૂર્યકાંત એકાદ વાર પિતા સાથે વાત કરવાનો પ્રયત્ન પણ કરી જોયો, લગન ઠેલવા વિશે...

માને કહી જોયું પિતા સાથે વાત કરવાનું, પણ માએ નટીનું નામ સાંભળીને સાથ આપવાની ચોખ્ખી ના પાડી દીધી.

અને પછી વસુંધરા પરણીને ઘરમાં આવી.

*

ડાઇનિંગ ટેબલ પર વિઝાના સ્ટૅમ્પ મારેલા ત્રણ પાસપૉર્ટ પડ્યા હતા.

વૈભવી વસુમા સામે જોઈ રહી:

આ સ્ત્રી કઈ માટીમાંથી બનેલી હતી? દરેક પરિસ્થિતિમાં દરેક માણસ વિશેનો આટલો સંતુલિત અને એટલો સ્પષ્ટ નિર્ણય કઈ રીતે કરી શકતી હશે એ!

'વૈભવી!'

વસુમાના ચહેરા પર હજી એટલી જ સ્વસ્થતા હતી:

'તું જાનકીને પૅકિંગમાં મદદ કરજે. પરમ દિવસની ટિકિટ છે એટલે રાતની હશે.'

એમણે અજય સામે જોયું.

'હા.'

અજયના ચહેરા પર કેમ જાણે અપરાધનો ભાવ દેખાયા કરતો હતો.

'અભય પરમ દિવસે બપોરે આવી જશે. ઘરનાં બધાં જ સાંજે સાથે જમીશું અને પછી અજય, જાનકી અને ઉદય અમેરિકા જવા નીકળશે.'

'મા, મારે તારી સાથે વાત કરવી છે.'

'હા, શાંતિથી મારા ઓરડામાં આવ.'

પછી એમણે વૈભવી સામે જોઈને ઉમેર્યું:

'અભયને ફોન કર્યો? એની તબિયત કેમ છે?'

'જી... મેં નથી કર્યો.'

પછી વૈભવી સહેજ અચકાઈ. થોડીક ક્ષણો ચૂપ રહી અને નીચું જોઈને જ એણે ઉમેર્યું:

'એમને કદાચ એવું લાગે કે એ પ્રિયા સાથે છે એટલે મેં તપાસ કરવા ફોન કર્યો હતો...'

વસુમાના ચહેરા પર એકદમ વહાલસોયું, મમતાળું સ્મિત આવી ગયું. એમણે હસીને વૈભવીના માથે હાથ ફેરવ્યો:

'કેમ, પહેલાં અભય જતો હતો ત્યારે તું ફોન નહોતી કરતી?'

'ત્યારની વાત જુદી હતી.'

'કેમ? ત્યારે શું જુદું હતું, વૈભવી? ત્યારે તને અભયની ચિંતા હતી અને હવે નથી? કે ત્યારે તું પત્ની હતી અને હવે નથી? એને શું લાગશે એની ચિંતા કર્યા વિના તને શું લાગે છે એનો વિચાર કર.'

વૈભવી એમની સામે જોઈ રહી.

'બેટા, આપણે આપણો મોટા ભાગનો સમય બીજા શું વિચારશે અને બીજાને શું લાગશે એ વિચારીને વર્તવામાં કાઢી નાખીએ છીએ... અને એ પણ ખોટી દિશામાં!'

વૈભવીની આંખો ભરાઈ આવી. જે દિવસથી અભય ગયો હતો એ દિવસથી વૈભવી જાણે આળી થઈ ગઈ હતી. વાતે વાતે એની આંખમાં પાણી આવી જતાં. વાતે વાતે એને ઓછું આવતું. જાણે જીવેલા લગ્નજીવનના બે દાયકાની સફર વૈભવી પળે પળે કરી રહી હતી.

'બેટા, ખોટું નહીં લગાડતી અને મારી વાતને પોઝિટિવલી લેજે, પણ અભયના ગમા-અણગમાનો આટલો જ વિચાર થોડાં વર્ષો પહેલાં કર્યો હોત તો?'

'મા, કોઈ પણ ભૂલ એટલી મોટી હોય કે એ માફ જ ન થઈ શકે?'

વૈભવીની છલછલાઈ આવેલી આંખો ઊભરાઈ ગઈ:

'અભય મને ધિક્કારવા લાગે એટલો મોટો ગુનો છે મારો?'

વસુમાની આંખો પણ કોણ જાણે શું વિચારીને ભીની થઈ ગઈ:

'બેટા, સવાલ માફી કે સજાનો નથી રહેતો. કેટલીક પરિસ્થિતિઓમાં પોતાના જ નિર્ણયની વાત માણસના પોતાના હાથમાંથી જ બહાર નીકળી જાય છે.'

એમને પણ જાણે સૂર્યકાંત સાથેના સંવાદો એક પછી એક યાદ આવી ગયા:

'બેટા, હું સ્કૂલમાં શિક્ષિકા હતી, વર્ષો સુધી. દર વર્ષે નવી બૅચ અને જૂની બૅચ આગળ નીકળી જાય! એ વર્ષે એ બૅચ સાથે લાગણીઓનું બંધન એવું હોય કે જાણે વર્ષોવર્ષ એ લોકો એ જ ક્લાસમાં ભણવાના છે અને હું એમને એ જ ક્લાસમાં ભણાવવાની છું.'

એ વૈભવી સામે જોઈ રહ્યાં.

'હું સમજી નહીં, મા.'

'તમે સ્કૂલમાં ભણતાં હો ત્યારે તમને સ્કૂલ, સ્કૂલના મિત્રો અને ટીચર્સ સાથે લાગણીઓનું ગજબનું બંધન હોય છે, પણ એક વાર સ્કૂલ પાસ કરો પછી તમે સ્કૂલને ધિક્કારતાં નથી, યાદ કરો છો, મિત્રોને પણ મળો છો, પણ ક્યારેક જ! તમે કૉલેજમાં જાવ છો. નવા મિત્રો થાય છે... નવું ભણો છો, નવું શીખો છો.'

વસુમા જાણે પોતાની જાતને પણ કહી રહ્યાં હતાં:

'જૂનું ભૂલી નથી જતાં વૈભવી, નવું ઉમેરાતું જાય છે. તમારા મોટા થવાનું, ગ્રોઇંગ-અપનો ભાગ છે આ.'

'એને અને અભયભાઈની વાતને શું સંબંધ, મા?'

ક્યારની ચૂપ બેઠેલી જાનકી ધીમેથી પૂછી બેઠી.

'બેટા, તમે ગમે એટલું ઇચ્છો, પણ સ્કૂલમાં પાછાં નથી જઈ શકતાં... નાનાં નથી થઈ શકતાં. તમારે ઇચ્છાએ કે અનિચ્છાએ આગળની તરફ જ જવું પડે છે!'

બન્ને વહુ અને અજય વસુમા તરફ જોઈ રહ્યાં.

'છોકરાઓ, આ એકલી વૈભવીની વાત નથી કે નથી આ એકલા પતિ-પત્નીના સંબંધની વાત... જિંદગીના દરેક સંબંધમાં, જિંદગીના દરેક તબક્કે સૌએ આગળ વધી જ જવું પડે છે.'

પછી થૂંક ગળે ઉતારી થોડીક ક્ષણ આંખો મીંચીને શાંત બેસી રહ્યાં.

'ગયેલો સમય, સંબંધ અને સંપત્તિ ક્યારેય પાછાં નથી આવતાં, બેટા. અને એટલે જ એનું જતન કરવાનું, એનું સમ્માન કરવાનું...'

'મા' અલય ક્યારે આવવાનો છે?'

અજયને વાતાવરણ વજનદાર થતું લાગ્યું એટલે એણે વાત બદલવાનો પ્રયત્ન કર્યો.

'આવવો જ જોઈએ.'

વસુમાએ કાંડે બાંધેલી ઘડિયાળ જોઈ:

'ઇનફેક્ટ કોઈ પણ મિનિટે પણ જોઈએ.'

*

ગોવાના દાબોલિમ ઍરપોર્ટ પર અલય, અભિષેક, શ્રેયા અને અનુપમા ફ્લાઇટની રાહ જોતાં હતાં. અનુપમાનું આગળનું શિડ્યુઅલ પ્લાન કરવા સંજીવ આગલા દિવસે ચાલી ગયો હતો.

કાયમ ચહેકતી, ચપડચપડ કરતી અનુપમા કોણ જાણે કેમ સાવ ચૂપચાપ હતી. બ્લુ કલરનું ડૅનિમ અને ઉપર છોકરાઓ પહેરે એવું કોલરવાળું સફેદ શર્ટ એણે ગાંઠ વાળીને પહેર્યું હતું. શર્ટની અંદર એવા જ ડાર્ક બ્લુ કલરનું સ્લિવલેસ ગંજી જેવું ચામડીને ચપોચપ બેસતું ટી-શર્ટ પહેર્યું હતું. લાંબા વાળનો અંબોડો વાળીને એમાં

લેંધરની પિન ભરાવી હતી. અભિષેક શોર્ટ્સ અને ટી-શર્ટમાં હતો. લોકોનાં ટોળેટોળાં એ બે જણના ઑટોગ્રાફ લેવા એકઠાં થતાં હતાં.

શ્રેયા અને અલય જાણે આ બધાંથી અલગ એક ખૂણામાં બેસીને પોતાની વાતો કરી રહ્યાં હતાં. શ્રેયા બડબડ કરી રહી હતી. અલયનું ધ્યાન અડધો વખત એની વાતોમાં નહોતું. એવું શ્રેયાને અચાનક લાગ્યું.

'ઓ... ધ્યાન ક્યાં છે તારું?'

'તારામાં.'

અલયે એક ક્ષણ પણ ગુમાવ્યા વિના જવાબ આપ્યો.

'મને ખબર છે, તારું ધ્યાન મારામાં નથી અને એટલે પૂછું છું કે મારામાં નથી તો ક્યાં ધ્યાન છે તારું?'

એણે પાછળ ફરીને અભિષેક અને અનુપમા સામે જોયું. અનુપમા ઑટોગ્રાફ આપવામાં વ્યસ્ત હતી.

'તારી હીરોઈન સેફ છે.'

'મારું ધ્યાન એનામાં નથી, શ્રેયા.'

'તો?'

મજાકના મૂડમાંથી શ્રેયા અચાનક ગંભીર થઈ ગઈ:

'કંઈ પ્રોબ્લેમ છે, અલય?'

'મારે તને કંઈક કહેવું છે.'

'મને ખબર છે.'

શ્રેયાએ સ્મિત કર્યું:

'તારી ફિલમની રિલીઝ ડેટ આવી ગઈ છે...'

પછી બાજુમાં બેઠેલા અલયનું બાવડું પકડીને એના ખભે માથું મૂકી દીધું:

'આપણાં લગ્નનો દિવસ સાવ નજીક આવી ગયો છે.'

'શ્રેયા...'

પોતાના ખભે મુકાયેલા શ્રેયાના માથા પર અલયે માથું અડાડ્યું:

'એ પહેલાં મારે તને કંઈક કહેવું છે.'

'મંગળસૂત્રની ડિઝાઇન, પાનેતર... કોઈને બોલાવવા છે કે નહીં? એવું બધું?'

'ના, એવું બધું નહીં. કશું ખૂબ ગંભીર, સમથિંગ વેરી સિરિયસ, શ્રેયા.'

શ્રેયાએ અચાનક માથું ઊંચું કર્યું અને અલયની આંખોમાં આંખો પરોવી:

'એય, તારો વિચાર બદલાઈ નથી ગયો ને?'

શ્રેયાના બે ગાલ પર હાથ મૂક્યા અલયે:

'ના, મારો વિચાર ક્યારેય નહીં બદલાય, શ્રેયા, પણ હું જે કહું એ સાંભળીને કદાચ તારો વિચાર બદલાઈ જાય...'

અલયની આંખોમાં હલકી ભીનાશ તરવરી આવી:

'એવું થાય તો... તો હું એને મારી ભૂલની સજા માનીને સ્વીકારી લઈશ.'

'સ્ટુપિડ!'

અલય ની આંખોમાં જોઈને જાણે બરફની સુસવાટા મારતી ઠંડી હાડકાંની આરપાર પસાર થઈ જાય એવી લાગણી શ્રેયાને થઈ:

'આવી બધી વાતો નહીં કર! હું જિંદગીભર ઝઘડતાં ઝઘડતાં તારી સાથે એક ઘરમાં જીવી શકું છું, પણ તારા વિના નહીં જીવી શકું, અલય!'

એણે ખુરશીમાં બેઠાં બેઠાં જ અલયની છાતીમાં માથું નાખી દીધું. અલયે પણ એને એવી રીતે જકડી લીધી જાણે પોતાનાથી જુદી પડવા દેવા ન માગતો હોય.

દૂર ઑટોગ્રાફ સાઇન કરી રહેલી અનુપમાએ એને ઘેરીને ઊભેલા ટોળાની વચ્ચેથી આ દશ્ય જોયું. એની અને અભિષેકની નજર એકસાથે પડી હતી આ દશ્ય પર. અનુપમાએ નજર ફેરવી લીધી, પણ અભિષેકે એના ખભે હાથ મૂકીને થપથપાવ્યો:

'ધિસ ઇઝ લાઇફ, સ્વીટ હાર્ટ! ટેક ઈટ ઑર લીવ ઈટ.'

અનુપમા નીચું જોઈને એક નિઃશ્વાસ નાખવાથી વધુ કંઈ કરી શકી નહીં.

અનુપમાના આશ્ચર્ય વચ્ચે શ્રેયા ફ્લાઇટમાં એની બાજુમાં બેઠી. છેક ગોવાથી મુંબઈ સુધી એની સાથે જાતજાતની વાતો કરતી રહી. મુંબઈ છત્રપતિ શિવાજી ઍરપોર્ટની અનાઉન્સમેન્ટ થઈ કે અનુપમાએ આંખો બંધ કરીને માથું પાછળ ઢાળી દીધું.

એ જાણતી હતી કે હવે અલય એને પહેલાંની જેમ રોજ નહીં મળે. ડબિંગ માટે હજી કદાચ ચાર-છ દિવસ સાથે કામ કરવાનું થાય તો થાય, પછી તો અલયને જોવો પણ દુર્લભ થઈ જશે.

'અનુ, અલય બીજી ફિલમ અનાઉન્સ કરે છે તારી સાથે.'

'તને કોણે કહ્યું?'

અનુપમા ઊછળી પડી.

‘કહે કોણ? મેં ધારી લીધું.’

શ્રેયા હસી:

‘અલય એક ફિલમ કરીને બેસી તો રહેશે નહીં અને બીજી ફિલમ કરશે તો એને તારા વગર ચાલશે નહીં.’

શ્રેયા સામે અનુપમાએ એવી રીતે જોયું, જાણે એનો આભાર માનતી હોય. શ્રેયાએ બે સીટની વચ્ચેના હાથા પર મુકાયેલા અનુપમાના હાથ પર હાથ મૂક્યો અને સહેજ દબાવ્યો:

‘અનુ, જિંદગીની કેટલીક અદ્‌ભૂત વસ્તુઓ મારા એકલતાની હોય તો સારું એવી ઇચ્છા રાખવી એ માણસની પ્રકૃતિ છે, પણ એ જ્યારે મારા એકલાની નથી એવી ખબર પડેને ત્યારે એ સત્યને સ્વીકારીને જેટલું પોતાનું છે એટલાનો આનંદ માણતાં શીખી જવું જોઈએ...’

એણે ફરી એક સ્મિત કર્યું:

‘તો સુખી થવાય કે નહીં એની મને ખબર નથી, પણ દુ:ખી ન થવાય એ નક્કી!’

અનુપમા કંઈ બોલવા જતી હતી. એને રોકીને શ્રેયાએ કહ્યું:

‘આ વાત તારા અને મારા - બન્ને માટે સાચી નથી?’

‘શ્રેયા, તું ખૂબ બદલાઈ ગઈ છે.’

અનુપમાએ પોતાના હાથ પર મુકાયેલા શ્રેયાના હાથ પર પોતાનો બીજો હાથ મૂકી દીધો.

‘અમારા માર્કેટિંગની દુનિયામાં એમ કહેવાય કે બજારમાં ટકવું હોય તો અપગ્રેડ કરતાં રહેવું જરૂરી છે...’

પછી એકદમ ગંભીર થઈને અનુપમાની આંખોમાં જોઈને કહ્યું:

‘મારા હાથમાંથી મારું સુખ સાવ સરી જાય એને બદલે મને વહેંચી લેવામાં વાંધો ન જ હોવો જોઈએ.’

અનુપમા અને શ્રેયા બન્ને જાણે એકબીજાનું દુ:ખ સમજતાં હોય, એકબીજાનો ખાલીપો વહેંચી શકતાં હોય એમ ખાસ્સી ક્ષણો ફરી એક વાર ચૂપચાપ બેસી રહ્યાં.

*

અલય ઘરમાં દાખલ થયો ત્યારે ઘરનું વાતાવરણ પ્રમાણમાં બોઝલ હતું.

અજયના ઓરડામાં પૅકિંગ ચાલતું હતું. વૈભવી અને જાનકીને સાથે મળીને કામ કરતાં જોઈ અલયે કમેન્ટ કરી:

‘ક્યા બાત હૈ... કાજી અને પંડિત એકસાથે?’

‘હમ્!’

વૈભવીએ અલયને જોઈને સ્મિત કર્યું:

‘એક પાદરીની ખોટ હતી, એ પણ આવી ગયો!’

‘મા ક્યાં છે?’

‘અજય સાથે વાત કરે છે, એમના રૂમમાં.’

જાનકીની આંખોમાં એક બહુ જ દેખાઈ આવતી ઉદાસી હતી:

‘પપ્પાજી હૉસ્પિટલમાં છે.’

‘ખયાલ છે મને. તમારી પરમ દિવસની ટિકિટ છે ને?’

‘લેટેસ્ટ ન્યૂઝ અપડેટ?’

વૈભવીનું સ્મિત અકબંધ હતું.

‘ભાભી, ચિડાવ નહીં તો એક વાત કહું?’

વૈભવીને સારા મૂડમાં જોઈને અલયને એનો મૂડ બગાડવાની ઇચ્છા ન થઈ.

‘નહીં ચિડાઉં!’

‘તમને હસતાં જોઈને મને શું વિચાર આવે છે, ખબર છે?’

‘ગીત ગાયા પથ્થરોંને...’

વૈભવી હજી હસી રહી હતી:

‘કે પછી રાવણ હસા?’

‘ભાભી!?’

‘મારાં છોકરાં આ કમેન્ટ કરી ચૂક્યાં છે. કંઈ નવું હોય તો કહો.’

‘મારા થોડાક દિવસ ગોવા જવાથી જો આ ઘરમાં આટલો બધો ફેરફાર થતો હોય તો હું ગોવા સૅટલ થઈ જવા તૈયાર છું.’

‘એક અમેરિકા જશે, એક ગોવા જશે...’

જાનકીની આંખો ડબડબાઈ આવી:

‘આ ઘર વીખરાઈ જશે, અલયભાઈ.’

‘ભાભી, આ ઘર આમ જ અકબંધ રહેશે. ઘર માણસોનાં મનથી બને છે અને આપણે દુનિયાના કોઈ પણ ખૂણામાં રહીએ, આપણાં મન એકબીજા સાથે જોડાયેલાં છે...’

પછી એણે સ્ટાઇલમાં ઘૂંટણ પર બેસીને રોમિયોની જેમ જાનકીની હાથ પકડ્યો:

'રોના... કભી નહીં રોના, ચાહે તૂટ જાયે કોઈ ખિલોના...'

પછી ઊભા થઈને જાનકીનો હાથ પકડીને બોલડાન્સ કરવા માંડ્યો.

ભીની આંખે હસતી જાનકી, એનો હાથ પકડીને એને જબરજસ્તી બોલડાન્સ કરાવતો અલય અને સામે ઊભેલી ઉદાસ આંખે, પણ પરાણે સ્મિત કરતી વૈભવી...

એક ગજબનું ફૅમિલી પોટ્રેટ બનતું હતું આ! ટ્રેજકૉમિક? કે કૉમીટ્રેજિક?

*

વિષ્ણુપ્રસાદ ચોકસી પોતાના ઓરડામાં બેસીને દિવસનું બીજું ડ્રિન્ક લઈ રહ્યા હતા.

ઍરકન્ડિશન્ડ કમરો ઓછામાં ઓછાં ફર્નિચર સાથે જાણે વધારે વિશાળ લાગતો હતો. જમીન પર વૉલ-ટુ-વૉલ ગ્રે કલરની કાર્પેટ બિછાવેલી હતી. દોઢ દોઢ ફૂટનાં નાનાં નાનાં લો-સીટિંગ કમરાના એક ખૂણે ગોઠવેલાં હતાં. આખી ખૂલી જાય એવી સ્લાઇડિંગ વિન્ડોઝને અડીને એક પથ્થરની બેઠક જેવી પાળી બનાવેલી હતી, જે સ્લાઇડિંગ વિન્ડો અને કમરાને છૂટા પાડી દેતી. પાળીની પેલી તરફ લગભગ ત્રણ ફૂટ એક્સ્ટેન્ડ કરેલા સહેજ ઊંચાણવાળા ફ્લોરિંગ પર જાતજાતના પ્લાન્ટ્સ ગોઠવાયેલા હતા. પામથી શરૂ કરીને ક્રિસમસ ટ્રી, રબર પ્લાન્ટ અને રાતરાણી સુધીના છોડ હતા અહીં.

આઠમા માળ પરનો આ ઓરડો જાણે ગાર્ડનનો એક ભાગ હોય એવો લાગતો હતો...

નીચે છ બાય છનું ગાદલું પાથરેલું હતું. એની બન્ને તરફ એક ફૂટ ઊંચાં સાઇડ ટેબલ્સ હતાં. એના ઉપર આરસપહાણના ગણપતિ ઉપર બનાવેલા બે લૅમ્પ મૂકેલા હતા.

ઓરડો ઑફ વ્હાઇટ રંગમાં તદ્દન સોબર દેખાતો હતો. આખાય રૂમના ફર્નિચરમાં ઑફ વ્હાઇટ, લેમન યલો અને વ્હાઇટ સિવાયના કોઈ રંગ નહોતા! કોઈ પણ ફર્નિચર બે ફૂટથી ઊંચું નહોતું... એક માત્ર રોકિંગ ચૅર, જે સીસમના લાકડાની બનેલી હતી એના પર વિષ્ણુપ્રસાદ ચોકસી આંખો બંધ કરીને માથું ઢાળીને બેઠા હતા. ખુરશી ધીમે ધીમે ઝૂલી રહી હતી.

એ ટેસ્ટફુલ ઓરડામાં ડાબી તરફ બે-અઢી લાખ રૂપિયાથી ઓછી કિંમતની નહીં હોય એવી મોટી મ્યુઝિક સિસ્ટમ ગોઠવેલી હતી. ચાર સ્પીકરવાળી એ મ્યુઝિક સિસ્ટમમાં અત્યારે દિવાળીબહેન ભીલનો અવાજ રેલાઈ રહ્યો હતો.

નીરવ ભાગ્યે જ આ ઓરડામાં આવતો. બાપ-દીકરો કાં તો ડાઇનિંગ ટેબલ પર અથવા ડ્રોઇંગ રૂમમાં મળતા. નીરવના ઑરડામાં વિષ્ણુપ્રસાદ ભાગ્યે જ જતા. એવી જ રીતે નીરવ પણ વિષ્ણુપ્રસાદના ઓરડામાં ભાગ્યે જ પગ મૂકતો. એક ઘરમાં રહેતા બે અજાણ્યા માણસની જેમ જીવ્યે જતા આ બાપ-દીકરો જરૂર સિવાય વાત જ નહોતા કરતા.

'ડેડ!'

નીરવ દરવાજો ખોલીને ત્યાં જ ઊભો રહ્યો.

વિષ્ણુપ્રસાદે આંખો ખોલી:

'યસ!'

'મારે વાત કરવી છે.'

'હમણાં જ?'

વિષ્ણુપ્રસાદ ફરી આંખો મીંચવાની તૈયારીમાં હતા:

'કાલે બ્રેકફાસ્ટ પર વાત કરીશું.'

વિષ્ણુપ્રસાદે ફરી આંખો બંધ કરીને માથું ઢાળી દીધું.

'ના, મારે હમણાં જ વાત કરવી છે.'

નીરવ ત્યાં જ ઊભો રહ્યો દરવાજાનું હેન્ડલ પકડીને.

વિષ્ણુપ્રસાદે આંખો ખોલી.

'હું...'

નીરવે થૂંક ગળે ઉતાર્યું:

'હું... પરમ દિવસે અમેરિકા જાઉં છું.'

'વ્હૉટ નૉનસેન્સ?!?'

વિષ્ણુપ્રસાદ ખુરશીમાંથી ઊભા થઈ ગયા. એમના હાથમાં પકડેલો ડ્રિન્કનો ગ્લાસ ધ્રૂજી ગયો. એમાંથી છલકાયેલી વ્હિસ્કી કાર્પેટ પર પડી:

'તારા રૂમમાં જા. મને લાગે છે તેં વધારે દારૂ પીધો છે.'

'મેં એક ટીપું નથી પીધું! અને હું પરમ દિવસે જાઉં છું.'

નીરવે હળવેકથી દરવાજો બંધ કરી દીધો. પોતાના ઓરડામાં એકલા ઊભેલા વિષ્ણુપ્રસાદ ચોકસી બંધ દરવાજા સામે જોઈ રહ્યા. મ્યુઝિક સિસ્ટમ પર દિવાળીબહેન ભીલ ગાઈ રહ્યાં હતાં...

તમે મારા દેવના દીધેલ છો, તમે મારા માગી લીધેલ છો...
આવ્યા ત્યારે અમ્મર થઈને રહો...

* * *

53

નીરવ વિષ્ણુપ્રસાદના ઓરડાનો દરવાજો હળવેકથી બંધ કરીને પોતાના રૂમમાં આવ્યો. આવીને થોડીક વાર પલંગ પર પડી રહ્યો...

વ્હૉટ નૉનસેન્સ... વ્હૉટ નૉનસેન્સ...

એના કાનમાં વિષ્ણુપ્રસાદનો અવાજ જાણે ગુંજી રહ્યો હતો. એક દીકરો બાપને છોડીને જવાની વાત કરે ત્યારે પણ એક બાપનું આવું જ રિઍક્શન હોય?

નીરવના મનમાં વિચાર આવ્યો:

આ માણસને પોતાના સિવાય કોઈનોય વિચાર નથી આવતો. મારી મા સાચું કહે છે! હવે એકલા પડશે ત્યારે સમજાશે...

બાજુમાં પડેલા મોબાઇલને ઉપાડી નીરવે ફોટોગ્રાફ્સનું ઑપ્શન ક્લિક કર્યું. સૌથી પહેલો ફોટો રિયાનો હતો. હસતી, ગાલમાં ઊંડા ઊંડા ડિમ્પલવાળી રિયાને જોઈને નીરવ લાગણીશીલ થઈ ગયો.

હું આવું છું, મૉમ... હવે તારી જ પાસે આવું છું.

નીરવે જાણે ફોટાને કહ્યું અને આગળ ક્લિક કર્યું.

લક્ષ્મીના ઢગલો ફોટા એક પછી એક આવતા ગયા. નીરવ એ ફોટામાં એ સોનેરી વાળ અને રાખોડી આંખોમાં ખોવાતો ગયો. એને વીતેલા દિવસો જાણે ફરી એક વાર યાદ આવવા લાગ્યા અને મન લક્ષ્મી પાસે પહોંચી જવા ઉતાવળું થઈ ગયું...

*

રિયાને ખભામાંથી પકડીને લક્ષ્મીએ હચમચાવી નાખી:

'રોની? રોની કોણ, મા? મારા ડેડીનું નામ સૂર્યકાંત છે. સૂર્યકાંત દેવશંકર મહેતા...'

'હા બેટા, એ જ તારા ડેડી છે.'

રિયાએ વહાલથી એના ખભે હાથ મૂક્યો.

'તો પછી તમે એવું કેમ કહ્યું... કે હું રોની અને સ્મિતાની દીકરી છું. મારી માનું નામ સાચું! તમે એને ફોટો જોઈને ઓળખો છો... તો... તો મારા ડેડીનું નામ ખોટું કેમ? વ્હાય મા... વ્હાય?'

રિયા ઘડીભર લક્ષ્મી સામે જોઈ રહી.

આ છોકરીનો વિશ્વાસ તોડવો કે નહીં, સૂર્યકાંત માટેની એની લાગણી અને શ્રદ્ધાને નાનીસરખી પણ તિરાડ પાડવી કે નહીં, એ જે માને છે એમાં કોઈ પ્રકારના ફેરફાર કરવા કે નહીં?

'બેટા, મારી ભૂલ થતી હશે કદાચ! તારા ડૅડીનું કોઈ પેટ નેમ...'

લક્ષ્મીએ રિયાને વચ્ચે જ રોકી દીધી:

'ના મમા, મેં તમારી આંખમાં જોયું છે. મને સાચું કહો. પ્લીઝ, મમા! કોણ છે રોની? ક્યાં છે? મારી મા એની સાથે પરણેલી હતી? તો મારા ડૅડી સાથે મારી માનાં ત્રીજાં લગ્ન છે? ટેલ મી મમા. પ્લીઝ, ટેલ મી...'

લક્ષ્મીની આંખોમાં જાણે દુનિયાભરના સવાલો વંટોળ બનીને ફૂંકાતા હતા. એ રિયાને ખભામાંથી પકડીને હચમચાવી રહી હતી.

રિયાએ એને ખેંચીને છાતીસરસી ભીંસી દીધી. લક્ષ્મી એટલા ઉશ્કેરાટમાં હતી કે છૂટવા માટે તરફડિયાં મારતી હતી. એણે રિયાના નાઇટ સૂટને પાછળથી પકડીને બે-ત્રણ વાર એવી રીતે ખેંચ્યો કે રિયાનું ગળું ભીંસાતા રહી ગયું. તેમ છતાં ક્યાંય સુધી લક્ષ્મીનું માથું રિયાએ પોતાની સાથે જકડીને પકડી રાખ્યું. એના વાળમાં, એની પીઠ પર હાથ ફેરવતી રહી રિયા. પછી ધીમે ધીમે લક્ષ્મી શાંત થવા લાગી... એનો ઉશ્કેરાટ શમવા લાગ્યો અને એને રડવું આવવા લાગ્યું.

ભીની આંખે એણે રિયા સામે જોયું:

'આઈ બેગ ઑફ યુ, તમારા હાથ જોડું. મને પ્લીઝ કહો કે આ શું વાત છે?'

લક્ષ્મીની આંખોમાં જોઈને રિયાથી ન રહેવાયું. રિયાએ હળવેથી લક્ષ્મીને પલંગ પર બેસાડી. સામે એક સીટ ખેંચી લાવીને એ બેઠી. થોડી વાર શાંતિથી લક્ષ્મી સામે જોઈ રહી:

'બેટા, આ પળે મને લાગે છે કે મારે અહીં નહોતું આવવું જોઈતું. આવ્યા પછી ઍટલીસ્ટ, સ્મિતાના ફોટાને જોઈને હું ચૂપ રહી શકી હોત તો સારું થાત...'

એણે ઊંડો નિઃશ્વાસ નાખ્યો:

'આઈ એમ સૉરી, બેટા.'

'મૉમ, તમને શું લાગે છે? તમે મને સત્ય કહી દેશો એથી મારી મારા ડૅડી માટેની લાગણી બદલાઈ જશે? એટલે ડરો છો તમે?'

'ના રે દીકરા, મારો દીકરો એની જિંદગી તારી સાથે જોડવા તૈયાર થયો એટલે તારી સમજદારી વિશે મને શંકા ન જ હોય.'

પછી ફરી થોડીક ક્ષણો શાંત થઈ ગઈ એ.

'પણ બેટા, વર્ષો પહેલાં જે વાત લાશ બનીને દટાઈ ગઈ છે એને ઉખેડવાનો કોઈ અર્થ છે?'

'સત્ય જાણવાં જરૂરી હોય છે. ખાસ કરીને જે સત્ય મારી જિંદગીનું સૌથી અગત્યનું સત્ય હોય...'

'બેટા, એક સત્ય ઘણીબધી જિંદગીઓ ઊથલપાથલ કરી શકે અને આમેય તું આજ સુધી આ સત્ય જાણ્યા વિના જ જીવતી હતીને? શું ફરક પડ્યો? કહે મને...'

એણે ઝૂકીને લક્ષ્મીના ગાલ પર હાથ મૂક્યા:

‘એને જાણીને પણ શું ફરક પડશે?’

‘અર્ધસત્ય હંમેશાં તકલીફ આપે છે મૉમ, કાં તો પૂરેપૂરી અજાણ હોઉં અને કાં તો પૂરેપૂરું જાણતી હોઉં... એ બે સ્થિતિમાં જ સુખી રહી શકાયને, મૉમ?’

‘તારી ઉંમર કરતાં બહુ સમજદાર છે તું...’

રિયાના ગાલમાં ખંજન પડી ગયાં.

‘...તો જાણ્યા વિના નહીં છોડે?’

‘નહીં કહો તો તરફડતી રહીશ.’

રિયા જાણે જિંદગીનાં વીસ વર્ષ પાછળ જતી રહી.

સ્મિતા અને આલ્બર્ટના ઝઘડા એણે નજરે જોયા હતા... આટલા પૈસાવાળા બાપની દીકરીને 7/11ના ગ્રોસરી સ્ટોર્સમાં કામ કરતી જોઈ હતી. ઠંડીમાં ઓવરકોટ પહેરીને નાનકડા રોહિતને બેબી સીટરને ત્યાં મૂકીને દોડતી, સબ-વેના સ્ટેશન પર થથરતી ઊભેલી સ્મિતા યાદ હતી રિયાને...

રિયા અને સ્મિતા એક જ સ્ટેશનથી ટ્રેન પકડતાં એક જ સ્ટેશન સુધી પહોંચવા માટે. ભારતીય હોવાના નાતે હશે કે પછી એમનો ખાલીપો એકબીજાનાં હૃદય સુધી પહોંચ્યો હશે... પહેલાં સ્માઇલની આપ-લે અને પછી ધીમે ધીમે બન્ને વચ્ચે દોસ્તી થવા લાગી હતી. સ્મિતા વિશે ખાસ્સું જાણતી થઈ હતી રિયા. રિયાને ફાઇવ ડેઝ અ વીકની નોકરી હતી એટલે એ શનિ-રવિ ઘેર રહેતી. બજારનાં, લોન્ડ્રી અને એવાં કામ પતાવવા માટે ક્યારેક ક્યારેક સ્મિતા એના નાનકડા રોહિતને એને ઘેર મૂકતી. નીરવ અને રોહિત સાથે રમતા. રિયા એમને જમાડીને ઊંઘાડી દેતી. સ્મિતા પણ ક્યારેક રિયાના ઘેર રોકાવા માટે આવતી.

એ જ દિવસોમાં એમને રોની પણ મળવા લાગ્યો હતો. બૅન્કમાં કામ કરતો રોની-રોનાલ્ડ નખશિખ અમેરિકન હતો. કામમાં જિનિયસ, માત્ર પચ્ચીસ વર્ષની ઉંમરે અમેરિકન બૅન્કમાં ઉચ્ચ પદ પર પહોંચી ગયો હતો. પોતાનું હાઉસ અને ખાસ્સીએવી બૅન્ક બૅલેન્સ જમા કરી શક્યો હતો.

એકદમ સ્ત્રીદાક્ષિણ્ય ધરાવતો અને સમજદાર છોકરો હતો એ.

પહેલાં રિયાનો દોસ્ત બન્યો અને ધીરે ધીરે સ્મિતા પણ એની કંપની માણવા લાગી હતી.

પાંચ દિવસ કામ કરવાનું, વીકએન્ડ માણવાનું, લોન્ગ હોલિડેઝ પર ચાલી જવાનું અને જિંદગીની ભરપૂર મજા લેવાની એ જ રીનાની જિંદગી હતી...

લવ-લાફ ઍન્ડ લીવ..... એ જ રોનીની ફિલસૂફી હતી.

રોહિતના સ્કૂલના ઍડમિશન વખતે અને બીજી નાની-મોટી જરૂરિયાતમાં સ્મિતાને મદદ કરતાં કરતાં રોની એની નજીક આવી ગયો હતો. આલ્બર્ટ અને સ્મિતા વચ્ચેના મનદુ:ખને પણ એ જાણતો થઈ ગયો હતો.

'લીવ હિમ.' એ સ્મિતાને કહેતો.

'એટલું સહેલું નથી.' સ્મિતા જવાબ આપતી.

'સહેલું કશુંય નથી હોતું, પણ અશક્યેય નથી જ હોતું. ટ્રાય અને બધું જ ધીમે ધીમે ગોઠવાતું જશે...'

આખરે એક દિવસ રાતે સ્મિતાએ આલ્બર્ટનું ઘર છોડી દીધું. રિયા ત્યારે ભારત હતી. રોનીને ઘેર એ ગઈ અને રોની ન્યૂ યોર્ક કૃષ્ણપ્રસાદને ત્યાં મૂકવા ગયો...

એ પછી સ્મિતા અને રોની વચ્ચે નિકટતા વધતી ચાલી. સ્મિતા ક્યારેક ક્યારેક રોનીને મળવા બે કલાક ડ્રાઇવ કરીને બોસ્ટન જતી તો ક્યારેક રોની ન્યૂ યોર્ક આવીને સ્મિતા સાથે વીકએન્ડ ગાળતો.

સ્મિતા લગભગ દર અઠવાડિયે રિયા સાથે વાત કરતી. આલ્બર્ટથી છૂટી પડીને રોનીને મેળવીને ખુશખુશાલ હતી સ્મિતા. એને જિંદગી ફરી જીવવા જેવી લાગવા માંડી હતી. એ ફરી એક વાર સપનાં જોતી થઈ હતી. રોહિત વિશે, પોતાના વિશે, પોતાના અને રોની વિશે...

એ દરમિયાનમાં એક દિવસ સ્મિતાને ખબર પડી કે એ મા બનવાની છે!

રોનીએ આખીય પરિસ્થિતિમાં હાથ ઊંચા કરી દીધા. એ જવાબદારી લેવા તૈયાર નહોતો...

લવ, લાફ ઍન્ડ લીવ...

એમાં ક્યાંય જવાબદારી નહોતી આવતી. કુટુંબ અને સંતાન સામે એનો ઉગ્ર વિરોધ હતો. સ્મિતા સંતાન ઇચ્છતી હતી. લગ્ન કરવા માગતી હતી. એ બે વચ્ચેની ખેંચતાણમાં સમય વીતતો ગયો અને અબોર્શન થઈ શકે એ સમય પણ વીતી ગયો...

એ પછી ડોક્ટર પાસે પહોંચેલી સ્મિતાને ખબર પડી કે એની પાસે તો સમય જ નહોતો બચ્યો અને હવે એની સંતાન માટેની ઝંખના જિજીવિષામાં બદલાઈ ગઈ...

*

હૉસ્પિટલના બિછાના પર સૂતેલા સૂર્યકાંત ગમે એટલો પ્રયત્ન કરે, પણ ભૂતકાળના દિવસો ફરી ફરીને એમની સામે સજીવ થતા હતા.

એમને શેક્સપિયરના નાટક ઓથેલોની એ લાઇન વારે વારે યાદ આવતી હતી:

આઈ થ્રૂ અવે ધી પર્લ, વર્થ ઑલ માઈ ટ્રાઈબ... મારા આખા ખજાનાના મૂલ્ય સમું મોતી મેં જ ફેંકી દીધું!

વસુંધરા સાથે શરૂઆતના દિવસોમાં કરેલો અન્યાય એમનો પીછો નહોતો છોડતો. એમને વારે વારે વધુંધરાની આંખો અને પતિનો પ્રેમ માગતી એની તમામ વર્તણૂક રહી રહીને યાદ આવતી હતી.

પણ એ દિવસોમાં સૂર્યકાંત પોતે જ નહોતા સમજી શકતા કે એમને શું થાય છે! શૅરબજારનું દેવું વધતું જતું હતું, એક પછી એક સંતાન જન્મ લેતું હતું, વસુંધરાની બુદ્ધિપ્રતિભા અને સદ્ગુણોને કારણે એ દેવશંકરની નજીક જઈ રહી હતી, જ્યારે પોતાનાં વર્તન અને વ્યવહારને કારણે પોતે પોતાના જ પિતાને અળખામણા થઈ

રહ્યા હતા...

...દિવસો વીતતા ગયા. યશોધરા સિનેમાની ઍક્ટ્રેસ ન બની શકી અને શોષણનો ભોગ બનતી ગઈ. નવી રંગભૂમિ પર નવી અભિનેત્રીઓ આવતી ગઈ. રંગભૂમિની સિકલ અને પ્રેક્ષકોની માગ બદલાવા લાગ્યાં હતાં. યશોધરાનાં વળતાં પાણી થવાની શરૂઆત થઈ ચૂકી હતી. ક્યારેક ક્યારેક એ સૂર્યકાંતને યાદ કરતી. એમને લાગતું કે સમયસર પરણીને ગોઠવાઈ ગઈ હોત તો અત્યારે સૂર્યકાંતનાં બે બાળકની મા હોત! એ ક્યારેક એની માને એ વિશે ખરી-ખોટી સંભળાવી પણ દેતી!

પોતાની જાતને સિદ્ધાંતવાદી અને સાહિત્યપ્રેમી વસુંધરા સાથે ન ગોઠવી શકેલા સૂર્યકાંત યશોધરાના વિચાર કર્યા કરતા...

એક દિવસ સૂર્યકાંત ગાડીમાં ક્રૉફર્ડ માર્કેટ પાસેથી પસાર થતા હતા. યશોધરા બસસ્ટૉપ પર ઊભી હતી. સૂર્યકાંતે એને જોઈને ગાડી ઊભી રાખી.

'યશોધરા...'

'સૂરજ... સૂર્યકાંત તમે?'

'આવ, બેસ ગાડીમાં...'

યશોધરા ગાડીમાં બેઠી... બન્ને જણ શરૂઆતમાં અચકાયાં. શું વાત કરવી એના શબ્દો શોધતાં રહ્યાં, પણ સમય જાણે પાંખ લગાવીને ઊડી ગયો અને બન્નેને લાગ્યું કે બન્ને એકબીજા વિના રહી શકે એમ નથી!

યશોધરાએ સૂર્યકાંતને નાટકના નિર્માતા બનવાની ઑફર આપી.

શેરબજારમાં થપ્પડો ખાઈ ચૂકેલો સૂર્યકાંત આમ પણ પિતાથી જુદા કોઈ ધંધાની શોધમાં હતો... એમાં પણ જો યશોધરાનો સાથ મળતો હોય તો સોનામાં જાણે સુગંધ ભળે!

બન્ને જણ શરૂઆતમાં નાટકની કંપની ખોલવા માટે કેટલું ઇન્વેસ્ટમેન્ટ કરવું પડે, નિર્માતા બનવા શું કરવું પડે એવી બધી ચર્ચાઓ કરવા મળવા લાગ્યાં... પછી એમાંથી યશોધરાના દુઃખ અને સૂર્યકાંતની એકલતા પ્રગટવા લાગ્યાં.

હવે યશોધરા એની માને બહુ ગાંઠતી નહોતી.

યશોધરાને હજી સૂર્યકાંતના દેવા વિશે ખબર નહોતી. એ તો માનતી હતી કે સૂર્યકાંત પિતાના વ્યવસાયમાં બરાબર ગોઠવાઈ ગયેલો ત્રણ બાળકનો પિતા, એક ખમતીધર વેપારી છે. વારંવાર શોષણનો ભોગ બની ચૂકેલી યશોધરા પાસે હવે બચાવવા જેવું કંઈ રહ્યું નહોતું... એણે સૂર્યકાંતની પાછળ તન અને મન બેઉ લૂંટાવવા માંડ્યાં.

પ્રમાણમાં સંકોચશીલ, પહેલી જ રાતે પતિની અવહેલનાનો ભોગ બની ચૂકેલી અને સંસ્કારી ઘરની વસુંધરા જે નહોતી કરી શકતી એ બધું જ યશોધરા કરતી. શયનેષુ રંભા અને કાર્યેષુ મંત્રીની ફરજો પૂરી કરતી યશોધરા સૂર્યકાંત માટે વધુ ને વધુ અગત્યની બનતી જતી હતી.

એ દરમિયાન સૂર્યકાંતના દેવાની વાત ધીમે ધીમે ઘરમાં ખબર પડવા લાગી. યશોધરાની માનાં સપનાં હજી સાવ મરી નહોતાં પરવાર્યાં. સૂર્યકાંત સાથે ભાગીદારી કરી શકાય એવા ઇરાદાથી એ મહેન્દ્ર સાવલિયાને લઈ આવી.

આધેડ ઉંમરે પહોંચેલા મહેન્દ્ર સાવલિયા શોખીન માણસ હતા. નાટકોમાં અને હિંદી સિનેમામાં નાણાં રોકતા. એમના પોતાના જ શબ્દોમાં:

નાનકડા ગુલાબના છોડમાં એ છાંયો ક્યાંથી મળે, જે આંબાના ઝાડ નીચે મળે...

આંબાના ઝાડ જેવી અઠ્ઠાવીસથી ત્રીસ-બત્રીસની વચ્ચેની અભિનેત્રીઓ, પતિ સાથે ન ફાવતું હોય એવી સ્ત્રીઓ અને વિધવા-ત્યક્તાઓ એમનો ખાસ શોખ હતી.

યશોધરાને જોતાં જ મહેન્દ્ર સાવલિયાના મોઢામાં પાણી આવ્યું હતું. બત્રીસની નજીક પહોંચેલી યશોધરા માંડ છવ્વીસ-સત્તાવાસની દેખાતી. મૂળે સુંદર શરીર અને બાળક ન હોવાને કારણે જાળવી શકાયેલી જુવાની મહેન્દ્ર સાવલિયાની રાતની ઊંઘ ઉડાડી ગઈ.

એમણે સૂર્યકાંત સાથે ભાગીદારીની તૈયારી બતાવી. એમને સમજાતું હતું કે યશોધરાને સૂર્યકાંતમાં કેવા પ્રકારનો રસ છે, પણ આ ધંધાના અને સ્ત્રીઓની બાબતમાં મહાખેલાડી એવા મહેન્દ્ર સાવલિયાને ખાતરી હતી કે સૂર્યકાંતને સમય આવે આસાનીથી હટાવી શકાશે.

મહેન્દ્ર સાવલિયાએ સૂર્યકાંતની આર્થિક પરિસ્થિતિનો ક્યાસ કઢાવી લીધો હતો. એ જાણતા હતા કે સૂર્યકાંત પાસે પોતાનો કહી શકાય એવો એક રૂપિયો વધ્યો નથી. જે હતું એ વેચી-સાટીને બાપે એનું દેવું ભર્યું છે. એટલું જ નહીં, એને ઘરમાંથી કાઢી મૂક્યો છે અને હવે જે ઘર છે એ એની પત્નીના નામે છે...

જે દિવસે નાટક ઊભું કરવાની વાત થઈ એ દિવસે મહેન્દ્ર સાવલિયા સિત્તેરના દાયકામાં બૅગમાં બે લાખ રૂપિયા રોકડા લઈને આવ્યા હતા...

સૂર્યકાંત અઠવાડિયા સુધી કાલે કાલે કરતો રહ્યો. પછી એક દિવસ સૂર્યકાંતની ગેરહાજરીમાં મહેન્દ્ર સાવલિયાએ પોતાની ચાલ ખેલી નાખી. યશોધરા અને એની માને બેસાડીને મહેન્દ્ર સાવલિયાએ જાણે સૂર્યકાંત માટે બહુ સહાનુભૂતિ હોય એવી ભાષામાં સત્ય ઓકી નાખ્યું.

એ રાતે સૂર્યકાંત અને યશોધરા વચ્ચે ભયાનક ઝઘડો થયો. સૂર્યકાંતે યશોધરાને આ બધું ન કહ્યાના દુ:ખથી શરૂ કરીને હવે નાટક ઊભું નહીં થઈ શકે, એમની કંપનીનું સપનું જન્મતાં પહેલાં જ મરી પરવાર્યું એવા બધા અનેક મુદ્દા પર બન્ને જણ આખી રાત લડ્યાં...

એ આખી રાત સૂર્યકાંત શ્રીજી વિલા પાછા નહોતા ફર્યા.

યશોધરાએ ધીમે ધીમે મહેન્દ્ર સાવલિયાને જાળમાં લેવા માંડ્યા. એનો વિચાર હતો કે જો પહેલા નાટકનું ફાઇનાન્સ મળી જાય તો પછી મહેન્દ્ર સાવલિયાની જરૂર ન રહે, પણ મહેન્દ્ર સાવલિયા મફતમાં કશુંય આપે એવા માણસ નહોતા.

એણે યશોધરા સાથે મધઝબોળેલા શબ્દોમાં સોદો કરવા માંડ્યો:

'સૂર્યકાંત પાસે રૂપિયા નથી તો શું થઈ ગયું? બુદ્ધિ તો છે, આવડત તો છે... એ એની મહેનત અને બુદ્ધિ લગાવે અને હું મારા રૂપિયા. કંપની ઊભી થશે જ, યશોધરા...'

'સાવલિયાસાહેબ, અમે તમારા રૂપિયા દૂધે ધોઈને પાછા આપીશું. સિત્તેર-ત્રીસની ભાગીદારી કરીશું પહેલા નાટકમાં...'

'અરે, એમ તે કંઈ હોય? ભાગીદારી તો સરખે સરખી. મારી પાસે ક્યાં તારા જેવો અભિનય છે? ક્યાં તારા જેવું રૂપ છે? ગમે એટલા રૂપિયા લઈને ઊભો રહું, લોકો મને જોવા આવવાના છે?'

યશોધરા ધીમે ધીમે સાવલિયાના જાદુમાં અટવાતી જતી હતી.

સૂર્યકાંતના પિતા ગુજરી ગયા એ પછી પરિસ્થિતિ વધુ વિકટ થતી ચાલી. સૂર્યકાંત કોઈ રીતે જાતને વસુંધરા સાથે જોડી શકતા નહોતા. પોતાની નિષ્ફળતાઓ એમને ખાઈ રહી હતી. પરિવારની જવાબદારી એમને ગ્રસી રહી હતી...

રોજ રોજ યશોધરાને ઘેર સાવલિયાના પૈસે દારૂ પીને ટુન્ન થઈ જતા. સૂર્યકાંત પોતાનાં દુ:ખડાં રડવા લાગતા, જેની હવે યશોધરાને ચીડ ચડવા લાગી હતી. સાવલિયા રૂપિયા લગાવવા તૈયાર હતા તો પણ નાટકની વાત આગળ વધતી નહોતી, જેનો દોષ સાવલિયાએ ધીમે ધીમે સૂર્યકાંત પર ઢોળવા માંડ્યો હતો.

બીજી તરફ, યશોધરાની મા એના કાન ભરતી:

'સૂર્યકાંત આખરે એના પરિવાર પાસે પાછો ચાલ્યો જશે. પરણેલા અને બચરવાળા માણસનો ક્યારેય ભરોસો ન કરવો. ગમે એટલું કરો તોય એ તમારા ન થાય...'

એક દિવસ સાવલિયા એના દીકરાને લઈને આવ્યા. સોળ-સત્તર વર્ષનો શૈલેષ યશોધરાનું રૂપ, એની લાઇફસ્ટાઇલ અને એની ચમકદમક જોઈને અંજાઈ ગયો.

સાવલિયાના કહેવા મુજબ, જે કામ સૂર્યકાંત ન કરી શક્યો એ હવે શૈલેષ કરવાનો હતો. સાવલિયાએ ધીરે ધીરે યશોધરાના મનમાં એવું ઠસાવ્યું કે સૂર્યકાંતને નાટક ઊભું કરવામાં કોઈ રસ જ નહોતો. એને માત્ર યશોધરાના શરીરમાં રસ હતો... અને મનની નબળી યશોધરા એક સાંજે સાવલિયાના ખભે પોતાના જીવની કથા કહેતી કહેતી એટલું બધું રડી કે સાવલિયા એને આશ્વાસન આપતાં આપતાં પોતે રડી પડ્યા!

ખભે મુકાયેલો સાવલિયાનો હાથ ક્યારે યશોધરાના શરીરનાં કયાં કયાં અંગ પર સરકી આવ્યો એની યશોધરાને પોતાનેય કદાચ ખબર ન રહી.

હવે એણે યશોધરાનું પૂરેપૂરું ધ્યાન રાખવા માંડ્યું. એનું ઘર ચલાવવાથી શરૂ કરીને એનાં લાલી-લિપસ્ટિક અને એનો દારૂ પણ હવે સાવલિયા લાવતા. સાથે સાથે સૂર્યકાંત કેટલો નગુણો અને કેટલો સ્વાર્થી છે એ વાત કહેવાનું એ ક્યારેય નહોતા ભૂલતા. યશોધરાને ધીમે ધીમે સૂર્યકાંતનો અભાવ આવવા લાગ્યો હતો...

વસુંધરા મોટે ભાગે સૂર્યકાંતને પોતાની નજીક નહોતી આવવા દેતી. નોકરી કરતી, ઘર ચલાવતી અને સંતાનોને ઉછેરતી પત્ની સૂર્યકાંતના અહમ્ પર રોજ ઘા કરતી હતી.

પિતાનું શ્રાદ્ધ કરવા ગયેલી પત્ની, ચંદ્રશંકરને પૂનાની મેન્ટલ ઇન્સ્ટિટ્યુટમાં ભરતી કરાવીને માને મથુરામાં

જગ્યા અપાવી એમનું પૂરેપૂરું ધ્યાન રાખતી પત્ની સૂર્યકાંતને રોજરોજ નાની-નાની - વધુ નાનો બનાવતી જતી હતી.

બીજી તરફ, યશોધરાથી તરછોડાયેલો સૂર્યકાંત વધુ ને વધુ ચીડિયો અને દારૂડિયો બનવા લાગ્યો હતો. હવે એ ગમે એની સાથે પીતો. ગમે ત્યાં પીતો અને ગમે એવી કક્ષાનો દારૂ પીવા લાગ્યો હતો. વસુંધરા કંઈ કહેવા જાય કે સલાહ આપે તો એ સૂર્યકાંત માટે અસહ્ય હતું. બને વચ્ચે વાતચીતનો વ્યવહાર પણ નહોતો રહ્યો. યશોધરાની મા આ બધું જોઈને ખૂબ રાજી થતી. સૂર્યકાંત કશુંય આપી શકે એમ નહોતો, જ્યારે સાવલિયાથી એનું ઘર ચાલતું હતું. એનો રસ પણ સાવલિયા ટકે અને સૂર્યકાંત જાય એમાં જ હતો.

પણ ધાર્યું કોનું થાય છે?

યશોધરાની મા ગણપતિની ભક્ત હતી. દર ચોથે ટીટવાલા જતી. એક સાંજે યશોધરાની મા ટીટવાલાના ગણપતિ જવાનું કહીને નીકળી.

મહેન્દ્ર સાવલિયા અને યશોધરાની મા વચ્ચે વાત થઈ ચૂકી હતી એટલે મહેન્દ્ર સાવલિયા તો યશોધરાને ઘેર પહોંચી જ ગયા હતા. પહેલાં દારૂ અને પછી શરીરની મહેફિલ હજી શરૂ જ થઈ હતી કે યશોધરાની માએ સૂર્યકાંતને ફોન લગાડ્યો...

સૂર્યકાંત એ વખતે એના એક મિત્રની ઑફિસે બેસતો. યશોધરાની માને એની ખબર હતી.

'સૂર્યકાંત...'

યશોધરાની માના અવાજમાં જીતનો ગરૂર હતો:

'તારી કબૂતરીને તો પેલો ઘરડો બાજ લઈ ગયો.'

'શું બકવાસ કરો છો? મને ખબર છે, તમને પહેલેથી આ સંબંધ મંજૂર નથી. તમે યશોધરા માટે જ મારા વિરુદ્ધ એને ચડાવો છો.'

'અરે, જે પોતાની માની ન થઈ એ તારી શું થવાની?'

એની માએ પાસો ફેંક્યો:

'માન્યામાં ન આવતું હોય તો જઈને જોઈ આવ.'

સૂર્યકાંતની અંદરનો પુરુષ જાગી ઊઠ્યો:

'જો ખોટાં પડ્યાં તો માથું વાઢી લઈશ તમારું.'

'અરે, મારું માથું વાઢતાં પહેલાં તારા પગ નીચેની જમીન જતી ન રહે તો કહેજે.'

યશોધરાની માને તો ખબર જ હતી કે ત્યાં એને શું જોવા મળવાનું છે.

સૂર્યકાંત અકળાયેલો, હાંફળોફાંફળો યશોધરાને ત્યાં પહોંચ્યો. બારણું સ્વાભાવિક રીતે જ અંદરથી બંધ હતું. સૂર્યકાંતે દરવાજો ખખડાવ્યો... એક વાર... બે બાર... ત્રણ વાર...

બારણું ખોલી શકે એવી સ્થિતિમાં ન યશોધરા હતી, ન સાવલિયા...

સૂર્યકાંતનો અવાજ સાંભળીને યશોધરાના ચહેરાનું લોહી ઊડી ગયું હતું. સૂર્યકાંતે પાસે પડેલી ઈંટ લઈને દરવાજો તોડી નાખ્યો.

દરવાજો તોડીને ઘરમાં દાખલ થયેલા સૂર્યકાંતે જે જોયું એનાથી સૂર્યકાંતની આંખમાં લોહી ઊતરી આવ્યું હતું.

પથારીમાંથી બેઠી થઈ ગયેલી યશોધરાની ચોળીનાં બે-ત્રણ બટન ખુલ્લાં હતાં. શરીર પર સાડી નહોતી, વાળ ખુલ્લા હતા. સાવલિયા ઉઘાડા શરીરે અને મોટા પેટ સાથે જુગુપ્સાપ્રેરક લાગતો હતો...

વ્હિસ્કી પીધેલા બે ગ્લાસ, સોડા, બરફ અને અડધાથી વધુ ખાલી થઈ ગયેલી વ્હિસ્કીની બૉટલ ટેબલ પર ગોઠવાયેલાં હતાં.

ટૂંકમાં, દૃશ્ય પોતે જ બધું કહી જતું હતું.

સૂર્યકાંતે અકળામણમાં વ્હિસ્કીની બૉટલ ઉપાડીને સીધી મોઢે માંડી... અડધીથી થોડી ઓછી વ્હિસ્કી સૂર્યકાંત ક્રોધમાં અને અકળામણમાં નીટ ગટગટાવી ગયો અને બાટલી જોરથી નીચે પછાડી.

એનું મગજ આમેય ગયેલું હતું. એમાં વ્હિસ્કીની કિકે કામ કર્યું.

સૂર્યકાંતે બૂમાબૂમ કરવા માંડી... ગંદી ભાષામાં મહેન્દ્ર સાવલિયાને અને એનાથીય ગંદી ભાષામાં યશોધરાને ભાંડી. છેલ્લા કેટલાય દિવસથી એ મનમાં ઘૂંટાઈ રહેલા રોષને જાણે આજે દિશા મળી. એને જે સૂઝ્યું અને જે મોઢામાં આવ્યું એ બકવા માંડ્યું.

એ જ વખતે પિતાને શોધતો શૈલેષ યશોધરાને ઘેર આવી પહોંચ્યો. મહેન્દ્ર સાવલિયા માટે હવે આ પ્રશ્ન અંગત માન-સમ્માન સુધી આવી ગયો.

સત્તર-અઢાર વર્ષના વયસ્ક દીકરાની સામે સૂર્યકાંતની આ ભાષા એમને માટે અસહ્ય હતી. એમણે યશોધરાની સામે જોયું:

‘તારે આને કંઈ કહેવું છે કે હું પોલીસ બોલાવું?’

‘બોલાવો પોલીસ, મને શી વાંધો હોય?’

યશોધરાના મોઢામાંથી આ વાક્ય સાંભળીને યશોધરાની માએ કહ્યું હતું બરાબર તેમ જ સૂર્યકાંતના પગ નીચેથી જમીન સરકી ગઈ...

‘ગમે એટલું કરો, સાલી રાં...ની રાં... જ રહેવાની.’

સૂર્યકાંતથી બોલાઈ ગયું.

હવે સવાલ યશોધરાની ઇજ્જતનો હતો. સૂર્યકાંતને સમજાવી શકવા માટે તો કોઈ બહાનું હતું જ નહીં એટલે સપડાયેલી યશોધરાએ ગણતરીની પળોમાં જ નિર્ણય કરવાનો હતો કે એણે કોનો સાથ પસંદ કરવો?

ચાલાક યશોધરાએ સમજી લીધું કે સૂર્યકાંત તો આમેય જવાનો જ હતો. હવે જે ટકવાનો છે એને વધુ

મજબૂતીથી બાંધવા માટે સૂર્યકાંતને જાતે જવા દેવાના બદલે કાઢી મૂકવો જ વધુ યોગ્ય છે!

એટલે એણે નફ્ફટાઈની હદ વટાવી દીધી:

'તેં શું માન્યું હતું? હું પ્રેમના નામે જીવ આપી દઈશ? જા, જા... મને તો દેવશંકર મહેતાના દીકરામાં રસ હતો. ફતનદેવાળિયા, લાખોનું દેવું માથે લઈને યશોધરાનું રૂપ ભોગવવું છે તારે?'

યશોધરાની બાજુમાં ઊભેલો શૈલેષ થરથર ધ્રૂજતો હતો.

સૂર્યકાંત ઊભો હતો યશોધરાની સામે લાલચોળ આંખો સાથે... નશામાં ડોલતો.

'યશોધરાઆઆઆ...'

સૂર્યકાંતે રાડ પાડી.

પથારીમાં સૂતેલા સૂર્યકાંતને આજે પણ એ રાડ, એ ત્રાડ અને એ સમયનો ક્રોધ એવો ને એવો યાદ હતો. એ ક્રોધ યાદ આવતાં જ અહીં આટલાં વર્ષો પછી પથારીમાં પણ સૂર્યકાંતનું લોહી ગરમ ગરમ થઈ ગયું.

મુંબઈ છોડ્યાની એ રાત એમને આજે પણ એવી ને એવી યાદ હતી!

'હું તને નહીં છોડું, છીનાળ! તેં મને ક્યાંયનો ન છોડ્યો. ધોબીના કૂતરા જેવી હાલત કરી નાખી મારી, પણ તને હું સુખેથી જીવવા નહીં દઉં એટલું યાદ રાખજે.'

'એને હાથ તો લગાડી જો. તારો હાથ તોડીને તારા હાથમાં આપી દઈશ.'

'તું શું થાય છે એનો? ભાઈ?'

સૂર્યકાંતે મહેન્દ્ર સાવલિયાને આગળ ધસીને એક થપ્પડ મારી.

શૈલેષ સમજી નહોતો શક્યો કે આ પરિસ્થિતિમાં એણે શું કરવું?

સ્વાભાવિક રીતે જ મહેન્દ્ર સાવલિયાએ ધાર્યું જ નહોતું કે સૂર્યકાંત એના પર હુમલો કરશે. ત્યાં પડેલો ફ્લાવર વાઝ ઊંચકીને સૂર્યકાંત પર ફંગોળ્યું. સૂર્યકાંત નિશાન ચૂકવી ગયો.

મહેન્દ્ર સાવલિયાએ દીકરાને જોરથી રાડ પાડી:

'ગધેડા' જોયા શું કરે છે... પોલીસને ફોન કર.'

શૈલેષ ફોન તરફ વળે એ પહેલાં સૂર્યકાંતે નીચે પડેલી તૂટેલી વ્હિસ્કીની બાટલી ઉપાડીને મહેન્દ્ર સાવલિયાના પેટમાં ખોસી દીધી.

'આઆઆઆ... મારી નાખ્યો રે...'

મહેન્દ્ર સાવલિયા ચીખી ઊઠ્યો. ધગધગ કરતું લોહી પેટમાંથી બહાર ધસી આવ્યું.

'પપ્પા...'

શૈલેષ ફોન છોડીને જમીન પર ઢળી પડેલા પિતા તરફ દોડ્યો.

‘આ શું કર્યું તે?’

યશોધરાનો નશો ઊતરી ગયો હતો. એણે સૂર્યકાંતને હચમચાવી નાખ્યો.

‘મેં નથી કર્યું, તે કર્યું છે આ...’

આટલા નશા હેઠળ પણ સૂર્યકાંતનું મગજ ફટાફટ કામ કરવા લાગ્યું હતું.

‘શું?’

‘હું પોલીસને એવું કહીશ કે આ મે નહીં, તે કર્યું છે.’

યશોધરાને એણે ધમકી આપી.

‘કોઈ નહીં માને.’

યશોધરાએ પાંગળો બચાવ કર્યો.

‘તારી આંગળીઓનાં નિશાન પણ છે આના પર...’

યશોધરાની સામે જોઈને સૂર્યકાંતે ખંધું સ્મિત કર્યું:

‘આ જાડિયાને દારૂ પાયો હશેને તેં લળી લળીને...’

‘સૂરજ? તું મને ફસાવીશ?’

‘કેમ નહીં? તે મને ક્યાં છોડ્યો છે?’

શૈલેષ ત્યાં ઊભો ઊભી ધ્રૂજતો હતો. પિતા સાવલિયાના લોહીથી લથબથ શરીર પાસે...

‘ચાલ, મારી સાથે. હું મારી જાતને પોલીસને સોંપી દઈશ...’

સૂર્યકાંતે મરણિયો દાવ ખેલી નાખ્યો:

‘હું તો મરીશ, પણ તનેય જીવવા નહીં દઉં...’

જિંદગીના કદી નહીં કલ્પેલા એવા ફાંટા પર આવીને યશોધરા ઊભી રહી ગઈ હતી.

એક રસ્તો સીધો જેલમાં અને ત્યાંથી કદાચ ફાંસીના તખ્તા સુધી જતો હતો અને બીજો રસ્તો ક્યાં જતો હતો એની યશોધરા કે સૂર્યકાંત બેમાંથી કોઈને ખબર નહોતી...

* * *

54

ભીની આંખે હસતી જાનકી, એનો હાથ પકડીને એને જબરદસ્તીથી બોલડાન્સ કરાવતો અલય અને સામે ઉદાસ આંખે, પણ પરાણે સ્મિત કરતી વૈભવી...

એક ગજબનું ફેમિલી પોર્ટ્રેટ બનતું હતું આ! ટ્રેજી કૉમિક? કે કૉમિટ્રેજિક?

બહાર આ દૃશ્ય હતું તો વસુમાના ઓરડામાં વસુમા સાથે વાત અજય કરી રહ્યો હતો.

'મા, હું તારી પરિસ્થિતિ સમજી શકું છું.'

અજયને વાત કઈ રીતે શરૂ કરવી એ સમજાતું નહોતું.

પરિસ્થિતિ? કઈ પરિસ્થિતિ?'

'હું આવી રીતે અચાનક અમેરિકા...'

'સાચું કહું બેટા, તો તારે માટે આ પરિસ્થિતિ કદાચ અચાનક હશે, મારા માટે નહીં.'

અજયે ધ્યાનથી જોયું. વસુમાના ચહેરા પર એકદમ શાંતિ અને સ્વસ્થતા હતાં.

'એટલે?'

'બેટા, તારા બાપુ અહીંયાં આવ્યા ત્યારથી એક વાત નક્કી હતી.'

વસુમાએ અજય તરફ જોઈને સ્મિત કર્યું. એમના બોલવામાં ક્યાંય કટાક્ષ કે દુઃખ નહોતાં:

'મારા ત્રણમાંથી એક દીકરો એ લઈ જવાના...'

'આવું ન બોલ મા.'

અજય વિચલિત થઈ ગયો...

'ખરેખર કહું છું.'

વસુમા હજીય શાંત હતાં:

'બેટા, હું તારા બાપુને પણ ઓળખું છું અને મારાં સંતાનોને પણ. અલય નહીં જાય એ નક્કી હતું. તારા અને અભયમાંથી કોણ જશે એટલું જ મારે જોવાનું હતું.'

'તને એવું લાગે છે કે મેં તારો દ્રોહ કર્યો?'

અજયનું ગળું ભરાઈ આવ્યું હતું. રડું રડું થતા અવાજે એણે માને પૂછ્યું.

'બેટા!? દ્રોહ શાનો? તને તારી જિંદગી જીવવાનો પૂરો અધિકાર છે. આ શહેર અને આ દેશ તારી પ્રતિભાની કદર નથી કરી શક્યો કદાચ!'

વસુમાનો અવાજ ધીમો થઈ ગયો:

'તને ત્યાં જઈને કદાચ એ બધું જ મળે, જે તેં ઇચ્છ્યું હતું અથવા તને મળવું જોઈતું હતું.'

'મા, હું પૈસાની લાલચે નથી જતો.'

જાણે ગુનાની કબૂલાત કરતો હોય એ રીતે અજયે નજર ઢાળી દીધી:

'પૈસા માટે હું તને છોડીને જાઉં એવું તને લાગે છે?'

વસુમા હસ્યાં, પણ કડવું કે કટાક્ષભરેલું નહીં, સમજદારીભર્યું, પ્રેમાળ!

'દીકરા મારા, તું મને છોડીને ક્યાં જાય છે? આ તો તારા બાપુ અમેરિકા રહે છે એટલે આ ચર્ચા પણ થાય છે. બાકી ખરેખર તું ક્યાંક નોકરી કરતો હોત અને તારી કંપની તને અમેરિકા મોકલત તો તું જાત કે નહીં?'

એ વસુમા સામે જોઈ રહ્યો.

જાતને ખરી તૈયાર કરી હતી આ સ્ત્રીએ! કોઈ પણ પરિસ્થિતિને શાંતિ અને સમાધાનની ભૂમિકા પર લઈ આવતાં આવડતું હતું આ સ્ત્રીને...

કેવા અને કયા કયા સંજોગોમાંથી પસાર થઈ હશે મારી મા?

અજયના મનમાં વિચાર આવ્યો:

કેટલા મનોમંથન પછી આ ભૂમિકા સુધી પહોંચી હશે એ!

અજય હજીય વસુમા સામે જોઈ રહ્યો હતો. એની આંખોમાં આછાં આછાં પાણી ભરાઈ આવ્યાં હતાં. ખુરશીમાં બેઠેલાં વસુમા હળવેથી ઊભાં થયાં અને ધીમાં ડગલાં ભરતાં અજયની પાસે આવીને ઊભાં રહ્યાં. અજયને માથે એમણે હળવેથી હાથ ફેરવવા માંડ્યો.

અજય નાના બાળકની જેમ એમને બે હાથથી લપેટીને વળગી પડ્યો:

'મા, મને માફ કરી દેજે, પણ હવે હું મને જ નકામો લાગવા માંડ્યો હતો. વૈભવીભાભીનાં મહેણાં અને જાનકીની આવક સામે હું જાણે લાચાર થઈ ગયો, મા...'

'બેટા મને એવું ન કહીશ કે તું એ લાચારીમાં અમેરિકા જાય છે.'

વસુમાનો હાથ હજીય એમને વળગીને ખુરશીમાં બેઠેલા અજયના વાળમાં ફરતો હતો. એમના અવાજમાં ગજબની દૃઢતા હતી:

'એવું કહીશ તો હું તને ક્યારેય માફ નહીં કરું. અમેરિકા જવાનો નિર્ણય તારો પોતાનો અંગત અને સ્વતંત્ર નિર્ણય છે... તે સફળતાની દિશામાં પહેલું પગલું ઉપાડ્યું છે દીકરા, હવે અટકતો નહીં.'

'કઈ માટીની બનેલી છે મા તું?'

અજયથી પૂછ્યા વિના ન રહેવાયું. એ હવે નાના બાળકની જેમ રડવા લાગ્યો હતો:

'તેં અમને સૌને માફ કરી દીધાં છે... બાપુને પણ કરી દેજે.'

'માફી બહુ મોટો શબ્દ છે, બેટા, મને કોઈને માફ કરવાનો અધિકાર જ નથી.'

વસુમાની આંખો પણ ભીની તો થઈ જ હતી:

'હા, હું હવે મનમાં કોઈ કડવાશ. સાથે નથી જીવતી એ સત્ય છે. મારી જિંદગી સૂર્યોદયથી સૂર્યાસ્તની વચ્ચેના ટુકડામાં જિવાઈ જાય છે. મારે નથી આવતી કાલની ચિંતા કરવી કે નથી રહ્યો ગઈ કાલનો અફસોસ...'

'મા, બાપુ એકલા છે, દુ:ખી છે...'

અજયે વસુમાને મનાવવા માંડ્યાં હતાં:

'તને નથી લાગતું કે તારે એમની પરિસ્થિતિનો વિચાર કરીને એમની પાસે આવવું જોઈએ?'

'બેટા'

વસુમાનો હાથ હજીય અજયના વાળમાં ફરતો હતો:

'આ ઘરની એક એક ઈંટમાં મારાં સાસુ અને સસરાની આત્મા વસે છે. આ દેશની જમીનમાં મારાં મૂળ બહુ ઊંડાં જતાં રહ્યાં છે. આ ઘરની દીવાલોમાં દેવશંકર મહેતાની પરંપરા શ્વાસ લે છે... મારે ક્યાંય નથી જવું. આ ઘર તારા બાપુનું છે... એ ગમે ત્યારે અહીંયાં આવી શકે છે.'

'મા! તને નથી લાગતું કે તું વાતને વધુપડતી ખેંચી રહી છે?'

'બેટા, હું આ જ ઘરમાં હતી તારા બાપુ ગયા ત્યારે પણ... પાછા આવ્યા ત્યારે પણ... અને ફરી પાછા ગયા ત્યારે પણ...'

વસુમાએ ઊંડો શ્વાસ લીધો: 'હું તો અહીં જ છું. પૃથ્વીની જેમ. મારી ધરી પર સ્થિર... મારે મારી ધરી પર જ ફરવાનું છે. નિશ્ચિત દશા અને દિશામાં...બેટા, જાય જ છે તો તારા બાપુને મારો એક સંદેશો આપજે.'

'બોલ, મા.'

અજયે આંસુ લૂછી કાઢ્યાં અને લપેટેલા હાથ છોડીને વસુમાની સામે જોઈ રહ્યો.

'બેટા, તારા બાપુને એવું કહેજે કે મેં તો રાહ જોઈ જ છે અને જોતી જ રહીશ... પણ હવે પાછા ફરવાનો સમય થઈ ગયો છે.'

એમણે અજયના ગાલ પર માર્દવથી હાથ ફેરવ્યો:

'આથમતા સૂરજના સમયે પંખી પણ ઘેર પાછાં ફરે ને આપણે તો માણસ છીએ... એમના બાપુજી પણ એમને વારંવાર કહેતા કે સંધ્યાટાણાની ઝાલર વાગે ત્યારે માણસે ઘરભેગા થવું જોઈએ...'

હવે વસુમાને ગળે ડૂમો ભરાઈ આવ્યો હતો...

*

લક્ષ્મી એકીટશે રિયા સામે એવી રીતે જોઈ રહી હતી જાણે રિયા કોઈ ફિલ્મ બતાવતી હોય અને રિયા પણ ભૂતકાળનાં પાનાં એવી રીતે ખોલતી હતી જાણે કોઈ જર્જરિત પુસ્તકનાં પાનાં સાચવીને હળવેથી ખોલતી હોય...

'પછી?'

ખાસ્સી વાર મૌન રહેલી રિયા સામે લટકતા સ્મિતાના ફોટા તરફ જોઈ રહી હતી. એણે લક્ષ્મીને વહાલ કર્યું:

'બેટા, હું ગઈ હતી સ્મિતા સાથે ડૉક્ટર પાસે. એને ગર્ભાશયનું કેન્સર હતું. ગર્ભમાં ઊછરતા બાળકને અસર થાય એટલે કાં તો અબોર્શન કરવું પડે અને કાં તો ડિલિવરી પછી જ ટ્રીટમેન્ટ થઈ શકે...'

'પણ મારા ડેડી... ડેડી ક્યાં મળ્યા?'

'બેટા, એ મને નથી ખબર, પણ મને એટલી ચોક્કસ ખબર છે કે અચાનક એક દિવસ સ્મિતાનો ફોન આવ્યો ત્યારે હું એને અબોર્શન કરાવીને ટ્રીટમેન્ટ કરાવવા માટે સમજાવી રહી હતી. કોણ જાણે કેમ ગર્ભમાં દીકરી છે એ જાણ્યા પછી સ્મિતા અબોર્શન કરાવવા તૈયાર નહોતી.'

લક્ષ્મીની આંખો ભરાઈ આવી. એ ઊભી થઈ અને સામે લટકતા ફોટા પાસે ગઈ. એણે પોતાનો ધ્રૂજતો હાથ ઊંચક્યો અને સ્મિતાના ફોટામાં એના ગાલ પર હાથ ફેરવ્યો... જાણે આંસુ લૂછતી હોય એવી રીતે!

'સ્મિતાના અવાજમાં જાણે કૅન્સર મટી ગયું હોય એવો ઉત્સાહ હતો. એણે કહ્યું કે એને એક માણસ મળ્યો હતો, જે એનાં બાળકોની સંભાળ લેવા, એમને પોતાનું નામ આપવા તૈયાર હતો...'

રિયા ક્ષણભર ચૂપ રહી. એણે ઊંડો શ્વાસ લીધો અને હળવેથી વાત આગળ ચલાવી:

'મને ભય હતો કે લાગણીશીલ અને પ્રમાણમાં ભોળી સ્મિતાને ફરી એક વાર કોઈ લેભાગુ માણસ ન મળ્યો હોય.'

લક્ષ્મી એની સામે જોઈ રહી.

'મેં પ્રાઇવેટ ડિટેક્ટિવ રોકીને તારા ડેડીની તપાસ કરાવેલી.'

એણે સહેજ ઝંખવાયેલા સ્મિત સાથે ઉમેર્યું:

'આઈ એમ સૉરી.'

બન્ને સ્ત્રી ખાસ્સી વાર ચૂપ રહી.

'તારા ડેડી અમેરિકા કોઈ સ્ત્રી સાથે આવેલા... પછી એ સ્ત્રી એમને છોડી ગઈ... એ એકલા હતા. અમેરિકન પોલીસ એમને શોધતી હતી. એમના વિઝા પૂરા થઈ ગયેલા એટલે જો મળી આવત તો એમને ડિપોર્ટ કરી દેત. એવામાં તારી મા મળી... મને લાગે છે, તારી માની સચ્ચાઈ અને શુદ્ધતા તારા ડેડીને સ્પર્શી ગઈ હશે ક્યાંક!'

*

ચાલ, મારી સાથે. બાકી, હું મારી જાતને પોલીસને સોંપી દઈશ...

સૂર્યકાંતે મરણિયો દાવ ખેલી નાખ્યો:

હું તો મરીશ પણ તનેય જીવવા નહીં દઉં...

સૂર્યકાંતના શરીરમાં આજે પણ એ ઝનૂન ફરી એક વાર ઊભરાયું હતું. હૉસ્પિટલના બિછાને સૂતેલા સૂર્યકાંતને એ સમયે યશોધરાનો અસમંજસ પડેલો, નબળો, નિરાધાર ચહેરો યાદ આવી ગયો હતો.

જિંદગીના કદી નહીં કલ્પેલા એવા ફાંટા પર આવીને યશોધરા ઊભી રહી ગઈ હતી.

એક રસ્તો સીધો જેલમાં અને ત્યાંથી કદાચ ફાંસીના તખ્તા સુધી જતો હતો અને બીજો રસ્તો ક્યાં જતો હતો એની યશોધરા કે સૂર્યકાંત બેમાંથી કોઈને ખબર નહોતી અને છતાં જવું તો એ જ રસ્તે પડશે એ નક્કી થઈ ગયું હતું...

શૈલેષ કંઈ પણ સમજે કે વિચારે એ પહેલાં યશોધરાએ એને ડરાવી દીધો...

'ઍમ્બ્યુલન્સ બોલાવ, છોકરા! બાકી, તારો બાપ અહીં જ દમ તોડી દેશે.'

શૈલેષ બેબાકળો થઈને ઍમ્બ્યુલન્સ બોલાવવાનો પ્રયાસ કરવા લાગ્યો. એ દરમિયાનમાં યશોધરાએ કબાટ ખોલીને એમાંથી દાગીના અને રોકડા રૂપિયા કાઢી લીધા. બે-ચાર જોડી કપડાં અને બાકીની બધી માલમત્તા એક બૅગમાં ભરી અને ફોન પર સરનામું સમજાવતાં શૈલેષ સામે જોઈને સૂર્યકાંતનો હાથ પકડ્યો:

'ચાલ, ઊભી છે શું?'

યશોધરાની સાથે સૂર્યકાંત બહાર નીકળ્યો. હાથ કરીને એક ટૅક્સીને યશોધરાએ ઊભી રાખી. એ ટૅક્સી લઈને બન્ને દાદર ગયાં. ત્યાં ટૅક્સી છોડીને બીજી ટૅક્સી પકડી. એનાથી બૉમ્બે સેન્ટ્રલ...

બૉમ્બે સેન્ટ્રલ પહોંચીને સૂર્યકાંતે યશોધરાને કહ્યું:

અમદાવાદ જઈએ. મારા મામાનો દીકરો રહે છે ત્યાં. એ આપણી મદદ કરશે.'

'મૂરખ ચૂપ રહે...'

યશોધરાનું મગજ પાંચ ગણી ઝડપે કામ કરતું હતું. સૂર્યકાંતનો હાથ પકડીને લગભગ ઘસડતી હોય એમ એ એને લોકલ ટ્રેનના સ્ટેશન પર લઈ આવી. ટ્રેનમાં બેસીને બન્ને બોરીવલી આવ્યાં.

'ચાલ' હવે કંઈક ખાઈ લઈએ.'

સૂર્યકાંતે યશોધરા તરફ નવાઈથી જોયું. આટલી બધી ભાગદોડ વચ્ચે એને ખાવાનું યાદ આવતું હતું!

બન્ને એક રેસ્ટોરાંના ખૂણાના ટેબલ પર જમ્યાં.

'હવે?'

સૂર્યકાંતે પૂછ્યું.

'મારો ઓળખાતો એક એજન્ટ છે. એ લોકોને નાટકમાં એક ફોક ડાન્સના ગ્રુપમાં અમેરિકા લઈ જાય છે.'

‘અમેરિકા?’

સૂર્યકાંતને લાગ્યું કે યશોધરા મજાક કરી રહી છે.

‘ત્યાં જઈને શું કરીશું?’

‘દેશ છોડી દેવો પડે, સૂર્યકાંત... નહીં તો મારી મા, મુંબઈની પોલીસ અને તારી બૈરી... કોઈ આપણને સુખે જીવવા નહીં દે.’

યશોધરા ખૂબ ઝડપથી નિર્ણયો કરી રહી હતી:

‘આજ-કાલમાં એનું ગ્રુપ વિઝા લેવા જવાનું છે. તારો પાસપૉર્ટ ક્યાં છે?’

‘મારા... મારા...’

સૂર્યકાંત યાદ કરવાની કોશિશ કરી રહ્યો હતો.

‘અરે, પાસપૉર્ટ છે કે નથી?’

‘છે... છે...’

સૂર્યકાંતને અચાનક યાદ આવ્યું:

‘ચાર દિવસ પહેલાં જ મેં મારા દોસ્તની ઑફિસ મૂક્યો છે. બહેરિન જવાની એક નોકરી હતી.’

યશોધરાએ ઘડિયાળ જોઈ:

‘કોઈ હશે ઑફિસમાં?’

સૂર્યકાંતે ડોકું હલાવીને ના પાડી:

‘અત્યારે તો...?’

‘વેરી ગુડ... તાળું તોડી નાખવાનું.’

‘હેં!?!’

એ પછી સૂર્યકાંતને સમજાય કે પચે એનાથી વધુ ઝડપે ઘટનાઓ બનતી ગઈ હતી. યશોધરાએ સાચે જ તાળું તોડીને ઑફિસે ઉઘાડી હતી. એમાંથી સૂર્યકાંતનો પાસપોર્ટ લીધો હતો...

બન્ને એજન્ટ પાસે આવ્યાં હતાં.

યશોધરાએ રોકડા કાઢીને પોતાની બેગ એજન્ટ સામે ખુલ્લી મૂકી હતી. થોડી આનાકાની પછી એજન્ટ માની ગયો હતો...

અને અડતાલીસ કલાક અંધેરી ઈસ્ટની મહાકાલી કેવ્ઝ પાસે આવેલા એક ખખડધજ ગેસ્ટ હાઉસમાં ફફડતા જીવે યશોધરા અને સૂર્યકાંત સંતાયેલાં રહ્યાં હતાં...

બે દિવસ પછી વિઝા માટેની લાઇનમાં ઊભેલાં યશોધરા અને સૂર્યકાંત મનોમન ઇષ્ટદેવને પ્રાર્થના કરી રહ્યાં હતાં...

અમેરિકાની ફ્લાઇટમાં બેઠા પછી યશોધરાએ સૂર્યકાંતના ખભે માથું મૂક્યું હતું:

'સૂરજ...'

'હજી મારા માન્યામાં નથી આવતું કે આપણે મુંબઈ છોડીને નીકળી ગયાં.'

'તો માન મૂરખ...'

યશોધરા એટલા જોરથી હસી હતી કે વિમાનમાં બેઠેલાં બધાં એની તરફ જોવા લાગ્યાં હતાં'

*

'આ તો કોઈ ફિલ્મ કે નવલકથા જેવી વાર્તા છે.'

લક્ષ્મી આંખોમાં પાણી ભરાઈ આવ્યાં હતાં. જે માને એણે ક્યારેય જોઈ પણ નહોતી એ માએ એને જન્મ આપવા માટે મૃત્યુ વહોરી લીધું એ વાત એને આજે સમજાઈ હતી.

'તારી મા ખરેખર કોઈ નવલકથાના પાત્ર જેવું જ જીવી છે. ટ્વિસ્ટ અને ટર્નિંગથી ભરેલી ઝડપી જિંદગી.

રિયાએ આંસુ લૂછ્યાં અને ઘડિયાળ તરફ જોયું. સવાર પડવાની તૈયારી હતી.

'થોડી વાર ઊંઘી જઈએ બેટા?'

લક્ષ્મી થોડી વાર શાંત રહી. પછી રિયા સામે જોયું અને કહ્યું:

'તમે આજે અહીં જ સૂઈ જાવ. મારી બાજુમાં.'

રિયા ચૂપચાપ લક્ષ્મીની બાજુના બેડ પર આડી પડી ગઈ. નિઃશબ્દ રડતી લક્ષ્મીના માથામાં એ ઊંઘી ગઈ ત્યાં સુધી રિયાનો વહાલસોયો હાથ હળવે હળવે ફરતો રહ્યો.

*

હૉસ્પિટલના બિછાને સૂતેલા સૂર્યકાંતને આજે પણ યાદ આવતું હતું યશોધરાનું એ વર્તન!

અમેરિકામાં આવીને પેટ્રોલ પંપ પર ગુજરાતી પટેલોની દુકાનો પર અને પિઝા સ્ટોર્સમાં કરવી પડેલી મજૂરી...

એ અપમાન, એ ભૂખ, એ બેકારી... પોલીસથી નાસતા ફરવાની અને સતત ફફડતા રહેવાની એ ભયાવહ લાગણી! આવા કેટલાય ભારતીયો હતા, જે વગર વિઝાએ અમેરિકામાં રહેતા હતા. એક આખી વસાહત હતી એમની..... જેમાં ભૂખ, બેકારી, અસલામતી અને ભયનું સામ્રાજ્ય હતું.

આ જ વસાહતમાં પરેશ પટેલ રહેતો હતો. ઇન્ડિયામાં કરોડો રૂપિયા હતા એના. ત્રણ વાર વિઝા રિજેક્ટ થયા પછી મેક્સિકોના રસ્તે ગેરકાયદે અમેરિકામાં ઘૂસ્યો હતો. ઘણાં ભાઈ-બહેન હતાં એનાં અહીં, મામાના દીકરા, કાકાના દીકરા અને ફોઈઓના, માસીઓના દીકરા! અવારનવાર એમની પાસેથી ડૉલર્સ લઈ આવતો.

યશોધરાની પાછળ એ ડૉલર્સ ઉડાડતો! સૂર્યકાંત જોઈ શકતો હતો કે યશોધરાની પાછળ પરેશ ઓછો ઓછો થઈ જતો. સૂર્યકાંતે એકાદ વાર યશોધરા સાથે વાત પણ કરી હતી, પણ અમેરિકા આવ્યા પછી યશોધરામાં જાણે નખશિખ બદલાવ આવ્યો હતો - ભારતમાં સૂર્યકાંતનો હાથ પકડીને અહીંતહીં ભટકતી યશોધરા જાણે હવે જરૂર પૂરતી સૂર્યકાંત સાથે રહેતી હતી. સૂર્યકાંતને પણ યશોધરા માટેનો એ પ્રેમ ગણો કે ઘેલછા, સાવ ઓછાં થઈ ગયાં હતાં. એને પોતાનું કુટુંબ યાદ આવતું. વસુંધરાનું સમર્પણ અને સમજદારી હવે એને પળે પળે બેચેન કરતાં હતાં.

ઘરે ફોન કરવાની ઇચ્છા થતી પણ થઈ શકતો નહોતો. છોકરા, વસુંધરા અને નવો જનમ લેનારો જીવ કેમ અને કઈ હાલતમાં હશે એ વિચારે સૂર્યકાંત આખી આખી રાત સૂઈ નહોતો શકતો. આવા સમયે એનો સાથ આપવાને બદલે યશોધરા એને ખરીખોટી ચોપડાવતી. પરેશ સાથે બેધડક રખડવા જતી યશોધરાને હવે સૂર્યકાંત રોકી શકતો નહોતો...

સૂર્યકાંત ગળા સુધી આવી ગયો હતો. એને સમજાતું નહોતું કે આ બલાથી છૂટવું કઈ રીતે?

આજે પણ હૉસ્પિટલમાં એ અસહાયતા અને માનસિકતા એમની આંખો ભીંજવી ગયાં:

કેવા દિવસો કાઢ્યા છે મેં. વસુને કલ્પના પણ નથી કે એને કેટલી યાદ કરી છે મેં.

સૂર્યકાંતને વિચાર આવ્યો:

સમય જ ન મળ્યો. બાકી, મારે એને કહેવું હતું આ બધું. એને કહેવું હતું કે તને છોડીને હું પણ સુખી નથી રહ્યો...

સૂર્યકાંત હૉસ્પિટલના બિછાને સૂતાં સૂતાં વિચારી રહ્યા હતા:

કયા પાપોની સજા હશે આ? વસુંધરા જેવી સ્ત્રીને છોડી દીધાની?

સૂર્યકાંતને અમેરિકાની એ રઝળપાટ અને માનસિક ત્રાસના દિવસો અત્યારે પણ યાતના આપી રહ્યા હતા. યશોધરા એ દિવસોમાં વધુ ને વધુ છકતી હતી. પરેશ એને પૈસા આપતો. જ્યારે કામ ન મળે અને ચોવીસ કલાકની ભૂખ સહન ન થાય ત્યારે સૂર્યકાંત સ્વમાન ગીરવે મૂકીને યશોધરા પાસે બે-ચાર ડોલર માગતો જેના જવાબમાં યશોધરા અને પરેશ સૂર્યકાંતનું એટલું તો અપમાન કરતાં કે જેના વિચારે સૂર્યકાંતનાં રૂંવાડાં અત્યારે પણ ઊભાં થઈ ગયાં. એમનું ચાલે અને યશોધરા એમની સામે હોત તો સૂર્યકાંતે આ ક્ષણે એનું ગળું દબાવ્યું હોત!

સૂર્યકાંત ક્યારેક ક્યારેક સબ-વેનાં પગથિયાં પાસે ઊભો રહેતો. ભીખ ન માગતો, પણ એની હાલત જોઈને પસાર થતા કોઈ ભારતીય એના હાથમાં એક-બે ડૉલર આપી દેતાં.

એ ડૉલરમાંથી ખાવાનું ખરીદીને ખાતી વખતે સૂર્યકાંતને ડચૂરો બાઝતો... એકાદ પાર્કના નળમાંથી પાણી પીતી વખતે સૂર્યકાંતને એક જ ચહેરો નજર સામે દેખાયા કરતો - એ ચહેરો વસુંધરાનો હતો.

એ ચહેરો એમને વારંવાર કહેતો હતો:

શું કામ રહો છો ત્યાં? પાછા આવી જાવ... અમે બધાં તમારી રાહ જોઈએ છીએ.

ક્યારેક રેલવેસ્ટેશને બેસીને સૂર્યકાંત નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડતો અને ગાંઠ વાળતો કે એ યશોધરાને છોડી દેશે...

રસ્તા પર રહેશે, પાર્કમાં પડી રહેશે પણ યશોધરાની સાથે પેલા નાનકડા-ગંધાતા ઘરમાં પાછો નહીં જાય.

અંધારું ઊતરી આવતું અને પાર્કમાં પોલીસો આંટા મારવા માંડતા... સૂર્યકાંત ભયનો માર્યો ઘેર પાછો ફરતો.

'આવી ગયા? ખોટા રૂપિયા જેવા... પકડાઈ જવું હતું ને?'

યશોધરા હસતી:

'ઘેર મોકલી આપત, વસુંધરા પાસે સતીના આશીર્વાદથી બધું બરાબર થઈ જાત.'

ક્રોધ સૂર્યકાંતના લોહીમાં એવો ઉછાળા મારતો કે નસ ફાડીને બહાર નીકળી આવે પણ સૂર્યકાંત લાચાર થઈને ખૂણામાં પડ્યો રહેતો.

યશોધરા અને સૂર્યકાંત આટલી બધી કડવાશ છતાં સાથે રહેતાં હતાં, કારણ કે બન્ને સમજતાં હતાં કે અમેરિકામાં જો સલામતીથી ટકવું હોય તો બેમાંથી એકને ગ્રીનકાર્ડ મળે ત્યાં સુધી સાથે રહેવું અનિવાર્ય હતું.

યશોધરા ક્યારેક કહેતીય ખરી:

ગળાનો સાપ છે તું! નથી ઉતારીને ફેંકાતો ને નથી ગળામાં બાંધી રખાતો હવે...!

કુટુંબથી દૂર અપરાધભાવથી દબાયેલા સૂર્યકાંત પાસે એટલા પૈસાય નહોતા કે એ પાછો ચાલી જાય અને મહેન્દ્ર સાવલિયાના ખૂનનો આરોપ ફેણ ફુત્કારીને એને પાછો ફરતાં રોકતો હતો એય સાચું! કોણ જાણે આવી યાતનામાં કેટલા મહિના કાઢ્યા હશે એણે.

અને એવામાં અચાનક એક દિવસ...

'થેન્ક યુ.'

સબ-વેનાં પગથિયાં પર ચક્કર ખાઈને પડવા જતી એક છોકરીને એણે આધાર આપીને બચાવી લીધી:

'ભારતીય છો? વિઝા વગર... સંતાઈને રહો છો રાઈટ?'

છોકરીએ એના ખભે હાથ મૂક્યો હતો:

'ડોન્ટ વરી, કંઈ ખાવું છે?'

અમેરિકા આવ્યા પછી પહેલી વાર કોઈએ આટલા સદ્‌ભાવ અને સહાનુભૂતિથી વાત કરી હતી.

સૂર્યકાંતની આંખોમાં ઝળઝળિયાં બાઝી ગયાં.

એ છોકરી એને લઈને નજીકના પિઝા હટમાં ગઈ હતી, જ્યાં સૂર્યકાંતે કોણ જાણે કેટલા દિવસ પછી પેટ ભરીને ખાધું.

એ દિવસ પછી એ છોકરી અવારનવાર સબ-વે પાસે આવવા લાગી. સૂર્યકાંતને પેટ ભરીને જમાડતી, એની સાથે વાતો કરતી - ગુજરાતીમાં!

સૂર્યકાંત ધીમે ધીમે એ છોકરીની રાહ જોતો થઈ ગયો હતો.

એક દિવસ એણે એ છોકરી પાસે પાછા જવાની ટિકિટના ડૉલર માગ્યા...

છોકરીએ પૈસા આપવાના બદલે એક ઑફર આપી!

*

એક રાતે છોકરી જેનું નામ સ્મિતા હતું, સૂર્યકાંતને પોતાના ઘેર લઈ ગઈ. એના નખશિખ ગુજરાતી ભલા માણસ દેખાતા પિતા સામે એને ઊભો કરી દીધો અને નફ્ફટની જેમ જાહેરાત કરી:

'વી આર મેરીડ!'

સૂર્યકાંત સમયના મારથી એવા તો ઘવાયેલો હતો કે એક અક્ષર પણ બોલ્યા વિના પલટાતી પરિસ્થિતિને જોતો રહ્યો.

સ્મિતાની તબિયત, કૃષ્ણપ્રસાદનો વધતો જતો પ્રેમ, રોહિતના પ્રશ્નો અને બિઝનેસની આંટીઘૂંટીમાં ગૂંચવાતો જતો સૂર્યકાંત રોજ રાતે જાતને વચન આપતો:

આવતી કાલે તો વસુંધરાને ફોન કરીને બધું જ કહી દઈશ.

સવાર પડતી...

મહેન્દ્ર સાવલિયાનું લોહીમાં તરબતર શરીર અને શૈલેષની આંખો યાદ આવતી. મુંબઈ પોલીસના મારનો વિચાર આવતો.

જેલના સળિયા દેખાતા અને સૂર્યકાંતના ઇરાદા નબળા પડી જતા.

એ પછી સ્મિતા સાવ પથારીવશ થઈ ગઈ-લક્ષ્મી જન્મી-કૃષ્ણપ્રસાદની તબિયત લથડતી ચાલી-રોહિતના પ્રશ્નો વધુ ને વધુ મુશ્કેલીભર્યા થતા ગયા...

ભારત જવાનો દિવસ રોજ એક દિવસ પાછળ ઠેલાતો ગયો...

*

સિંગાપુર ઍરલાઇન્સની ફ્લાઇટ મુંબઈ તરફ ઊડવા લાગી ત્યારથી જ પ્રિયાના ચહેરા પર કોઈક ફેરફાર થઈ ગયો હતો. અભયે એને બે-ચાર વાર પૂછ્યું પણ પ્રિયા ચૂપ રહી.

ફ્લાઇટ દરમિયાન અભયના બાવડાને પોતાના હાથમાં લપેટીને એના ખભે માથું મૂકી પ્રિયા ચૂપચાપ કશું વિચારતી રહી.

'પ્રિયા...'

પ્રિયાનો ચહેરો એણે ઊંચો કર્યો:

'શું વાત છે? ઘેર પાછાં તો જવાનાં જ હતાંને? આમ જીવ બાળીશ તો કેમ ચાલશે?'

'અભય... જીવ નથી બાળતી. મન સવાલો પૂછે છે.'

'પ્રિયા, વિચારવાનું ઓછું રાખ. આપણા સંબંધનાં કેટલાંક સત્ય સ્વીકાર્યા વિના કેમ જિવાશે?'

'અભય, હું મારો વિચાર નથી કરતી, તમારો વિચાર કરું છું.'

પ્રિયાના ચહેરા પર પહેલાં ક્યારેય ન જોયેલી એક વિચિત્ર ભીનાશ હતી.

'મારો?'

'આજ રાતથી તમે તમારા બેડરૂમમાં - તમારી પત્નીના પડખામાં સૂતા હશો...'

'એ પણ મારી જિંદગીનું સત્ય છે.'

'તો સ્વીકારું છું એ સત્ય. તમે?'

'પ્રિયા, પ્લીઝ...'

અભયનો અવાજ એક પળ માટે ધ્રૂજી ગયો:

'મારે એ વિશે નથી વિચારવું.'

'જેને તમે સત્ય કહો છો એનું નામ વૈભવી છે. એ તમારા ખભે માથું મૂકીને તમને લપેટાઈને... તમારી નજીક આવીને સૂશે આજે રાતે...'

અભયની આંખોમાં જોઈને એ બોલી રહી હતી:

'બાર કલાકમાં બદલાયેલો ચહેરો પડખામાં લઈને સૂવાનું ફાવશે?'

'આપણે શા માટે આ વાત કરીએ છીએ?'

અભયનો અવાજ અનિચ્છાએ ઊંચો થઈ ગયો.

'અભય, આ વિચારમાત્રથી તમને આટલી તકલીફ થાય છે, મારે તો આ જીવવાનું છે... જીરવવાનું છે, રોજરોજ.'

'શું ઇચ્છે છે?'

અભય અકળાઈ ગયો:

'છોડી દઉં એને? ઘર છોડી દઉં? તારી સાથે રહેવા આવી જાઉં? છૂટાછેડા આપી દઉં?'

'એનાથી સાવ ઊંધું.'

પ્રિયાના અવાજમાં બરફની ઠંડક અને પથ્થરની અડગતા હતી:

'ઘેર પહોંચ્યા પછી ઘરમાં જ રહેવાનો પ્રયત્ન કરજો. તમારી પત્નીનું નામ વૈભવી અને પ્રિયતમાનું નામ પ્રિયા છે એ સતત યાદ રાખજો! તમે નક્કી કર્યું છે ને બે જિંદગી જીવવાનું? તો એ બે જિંદગીને એકબીજા સાથે સેળભેળ કર્યા વિના જીવજો હવે. સિંગાપુરમાં જેમ વૈભવી આપણી સાથે હતી એમ શ્રીજી વિલામાં પ્રિયાને સાથે નહીં લઈ જતા. બાકી તમે તમારી જિંદગીની સાથે સાથે અમારી જિંદગીઓ પણ ગૂંચવી નાખશો, અભય.'

પ્રિયાની આંખો સાવ કોરી હતી. એ જાણે કોઈ બિઝનેસ ડીલની વિગતો આપી રહી હોય એટલો બધો આરોહ-અવરોહ વિનાનો અવાજ હતો એનો:

'અભય, એક પિતા, એક દીકરો, એક પતિ છે શ્રીજી વિલામાં... એ જ થવાનો પ્રયત્ન કરજો ખરા હૃદયથી!'

અભય પ્રિયા સામે જોઈ રહ્યો. જો કે એની વાત છાતીમાં તીરની જેમ પેસી ગઈ, પણ આ વાત હવે અભયની જિંદગીનું એક એવું સત્ય હતું. જેને દોરી પર ચાલતા નટની જેમ પળે પળે બૅલેન્સ કરીને જીવવાનું હતું અભયે...

એ પછી છેક મુંબઈ ઍરપોર્ટ સુધી બેમાંથી કોઈ કશુંય ન બોલ્યું.

*

મુંબઈ ઍરપોર્ટ પર બન્નેના આશ્ચર્યની વચ્ચે વૈભવી સામે જ ઊભી હતી. એના ચહેરા પર ફિક્કું પણ સ્મિત હતું.

અભયના પગ જમીન સાથે જડાઈ ગયા. પ્રિયાએ એની પીઠમાં હળવો ધક્કો માર્યો. અભય આગળ વધ્યો. ઘડીભર વૈભવી સામે જઈને ઊભો રહ્યો અને એણે હાથ ફેલાવીને વૈભવીને હળવું આલિંગન આપ્યું.

વૈભવી ત્યાં જ ઍરપોર્ટ પર જ છુટ્ટા મોઢે રડી પડી. એનાં આંસુથી અભયનો ખભો ભીંજાતો રહ્યો ક્યાંય સુધી!

બન્નેને જ્યારે ખયાલ આવ્યો ત્યારે પ્રિયા ત્યાં નહોતી.

* * *

55

નીરવ પલંગ પર સૂતાં સૂતાં લક્ષ્મીના એક પછી એક ફોટા જોઈ રહ્યો હતો.

વ્હૉટ નૉનસેન્સ... વ્હૉટ નૉનસેન્સ... વ્હૉટ નૉનસેન્સ...

એના કાનમાં હજુય વિષ્ણુપ્રસાદનો અવાજ જાણે ગુંજી રહ્યો હતો.

કેવો માણસ છે આ?

નીરવને વિચાર આવ્યો:

મેં અમેરિકા જવાની વાત કરી તો પણો મને વહાલથી કારણ પૂછવાને બદલે એણે માત્ર બૂમો પાડવાનું પસંદ કર્યું...

આટલી કાળજીથી અને આટલા વહાલથી એની મા વગર ઉછેર્યો મેં... એને હવે એને અમેરિકા જવું છે, એની મા પાસે!

બહાર રોકિંગ ચેરમાં આંખ બંધ કરીને બેઠેલા વિષ્ણુપ્રસાદ ચોકસી વિચારી રહ્યા હતા:

આખરે તો એની માનો જ દીકરો નીકળ્યો.

એક વાર મને પૂછ્યું હોત તો લક્ષ્મી વિશે કેટલા આનંદથી કહ્યું હોત એમને મેં...

નીરવ લક્ષ્મીની આંખોમાં જોઈને જાણે લક્ષ્મીને જ કહી રહ્યો હતો:

મને પરણાવવાનો સૌથી વધારે ઉત્સાહ વિષ્ણુપ્રસાદને જ હતો... અને હવે એમને ખબર પણ નહીં પડે એવી રીતે એમનો દીકરો પરણી જશે.

નીરવે દાંત કચકચાવ્યા:

આટલું અભિમાન? આટલો ઈગો?

મને નહીં સમજાતું હોય કે એ કોઈ છોકરીને મળે છે... જે રીતે ઑફિસમાંથી ગપ્પાં મારીને ભાગી જતો હતો થોડા દિવસથી... ફોન પર લાંબી લાંબી વાતો કર્યા કરતો... મને પણ ખબર હતી!

વિષ્ણુપ્રસાદ ચોકસીની આંખો ભરાઈ આવી હતી.

પણ એ વાત કરવા માટે એની મા પાસે જવાનું સૂઝ્યું એને... મને કહેવાની જરૂર પણ ન લાગી.

હવે હું વાત નહીં કરું એમની સાથે...

નીરવ ઝટકા સાથે પલંગમાંથી ઊભો થયો: વસુમાને કહેવું જોઈએ.

એ સ્લીપરમાં પગ નાખીને ટ્રેક જ પહેરીને ઘરની બહાર નીકળી ગયો.

બહાર જતો લાગે છે...

વિષ્ણુપ્રસાદ ચોકસીએ ગાડી રેઈઝ થઈને બહાર નીકળવાનો અવાજ સાંભળ્યો. પણ એ ત્યાં જ બેઠા રહ્યા. આંખો મીંચીને વીતેલા દિવસોને જાણે એક નજરે જોતા... વિચારતા...

નીરવની ગાડી શ્રીજી વિલાના ગેટ સામે ઊભી રહી ત્યારે મોડી રાત થઈ ગઈ હતી. શ્રીજી વિલાના એકાદ ઓરડામાં લાઇટ ચાલુ હતી. હંમેશાં મુખ્ય દરવાજામાંથી દાખલ થતો નીરવ આજે લૉનમાંથી સીધો વસુમાના રૂમ પાસે આવીને ઊભો રહ્યો.

એણે કાચના કોલેપ્સલેબલ દરવાજામાંથી અંદર જોયું. નાઇટ લૅમ્પના અજવાળે આડાં પડીને વસુમા કંઈક વાંચતાં હતાં. પહેલાં નીરવને વિચાર આવ્યો કે એ પાછો વળી જાય, પરંતુ આ ઘરમાં એને જે સ્નેહ અને સ્વીકાર મળ્યાં હતાં એ પછી એનો જવાનો નિર્ણય વસુમાને કહ્યા વિના એ દેશ છોડી શકે એમ નહોતો.

એણે કાચ પર આંગળી વાળીને ટકોરા માર્યા.

વસુમાની નજર કાચના દરવાજા પર પડી. એ સ્ફૂર્તિથી ઊભાં થયાં અને એમણે દરવાજો ખોલ્યો.

'નીરવ? બેટા, અત્યારે?'

એમણે નીરવના ચહેરા પર ધ્યાનથી જોયું:

'બધું બરાબર તો છે ને?'

વસુમા માટે નીરવનું આવી રીતે આવી જવું નવાઈની વાત નહોતી. વિષ્ણુપ્રસાદ સાથે ઝઘડીને નીરવ ઘણી વાર અડધી રાતે પણ આ ઘરમાં આવતો અને આ ઘરના કોઈને ક્યારેય નવાઈ નહોતી લાગતી.

'હા મા, આમ તો બધું બરાબર છે...'

વસુમાના ઓરડામાં દાખલ થઈને નીરવ એમના પલંગની ધાર પર બેઠો.

'અમેરિકા જાય છે તું?'

નીરવ આશ્ચર્યથી વસુમા સામે જોઈ રહ્યો. પોતે જે વાત કહેવા આવ્યો હતો એ વાત વસુમા જાણતાં જ હતાં.

'મા તમે...!'

'મારી દીકરી મને તો કહે જ ને?'

વસુમાના ચહેરા પર સ્મિત આવી ગયું:

'સારું છે. અજય પણ કાલે રાતે જાય છે. અભય કાલે સિંગાપુરથી આવી જશે.'

'હા મા, હું જઈને લક્ષ્મી સાથે લગ્ન કરી લેવા માગું છું.'

'સરસ!'

વસુમાએ ઊભાં થઈને નીરવના માથા પર હાથ ફેરવ્યો અને ઠાકોરજીનું મંદિર વાસી દીધું હતું એ ઉઘાડીને એમાંથી તુલસીદલ કાઢીને નીરવના હાથમાં આપ્યું:

'ઈશ્વર તમને બેઉને સુખી કરે.'

નીરવ સહેજ અચકાયો. વાત ક્યાંથી શરૂ કરવી એ એને સમજાતું નહોતું:

'હું ડેડી સાથે વાત કરવા ગયો હતો. પણ એમણે તો...'

'નીરવ, તું ઓળખે છે એમને.'

વસુમાના ચહેરા પર ચિંતાની આછી વાદળીઓ ઘેરાઈ ગઈ:

'જાતમાં બંધ થઈને જીવ્યા છે એ.' પછી નીરવ સામે જોયું:

'તું ગમે એમ નથી બોલ્યો ને?'

'હું તો કશું બોલ્યો જ નથી.'

'બેટા, નાળિયેરમાંથી મીઠું પાણી જોઈતું હોય તો એનાં બધાં પડ તોડીને એની ભીતર જવું પડે.'

'કહેવું સહેલું છે મા, કેટલાં વર્ષોથી જીવું છું એમની સાથે. મેં તો ક્યારેય એ કહેવાતાં. મીઠાં પાણીનું એક ટીપુંય ચાખ્યું નથી.'

'બેટા, દરેક. વ્યક્તિની એક મર્યાદા હોય... એમણે એવું નહીં કર્યું હોય તો એની પાછળ પણ એમનાં પોતાનાં કારણ હશે.'

'મા, વહાલ નહીં કરવા પાછળનાં શું કારણ હોઈ શકે? પોતાના દીકરાને છાતીએ વળગાડીને એ ખૂબ લાડકો છે એવું નહીં દેખાડવાનાં કારણ શું હોઈ શકે? પોતાના એકના એક દીકરાને સતત પોતાનાથી અળગો, પોતાનાથી દૂર રાખવાનાં કારણ શું હોઈ શકે?'

'ઘણાં કારણ હોઈ શકે, બેટા. કેટલાંક આપણને સમજાય એવાં અને કેટલાક આપણને ન સમજાય એવાં પણ હોઈ શકે.'

'મા, હવે મારે એ માણસ સાથે કોઈ સંબંધ નથી રાખવો. ભલે રહેતા એકલા...'

વસુમા હસી પડ્યાં:

'એ માણસ સાથેનો તારો સંબંધ તો તારા લોહીમાં વહે છે. દીકરા... તારી પાછળ એમનું નામ લખાય છે. તારા અસ્તિત્ત્વમાં એમનું અસ્તિત્વ ધબકે છે... એમની સાથે સંબંધ નહીં રાખવાની પસંદગીનો તને ક્યાં અવકાશ જ છે?'

એ થોડી વાર ચૂપ રહ્યાં. જાણે નીરવને વિચારવાનો સમય આપતાં હોય એવી રીતે.

'એમની એકલતા એમણે પોતે પસંદ કરેલી છે... તું એમને શું એકલા પાડીશ?'

એમણે નીરવના માથા પર ફરી હાથ ફેરવ્યો:

'તારી જીત તો એમાં કહેવાય, બેટા કે એ પથ્થર જેવા માણસને તું પિગળાવીને મીણ કરી નાખે.'

થોડી વાર ચૂપ રહ્યો નીરવ. જમીન તરફ જોતો, પોતાની બે હથેળીઓ અને આંગળીઓથી એકબીજા સાથે રમત કરતો. પછી ધીમે રહીને એણે વસુમા તરફ વેધક નજરે જોયું:

'નથી કર્યો મેં પ્રયત્ન?'

બેટા, પ્રયત્ન એટલે આપણને જેનાથી સંતોષ થાય એ નહીં... સામેની વ્યક્તિ સુધી આપણી સંદેશો પહોંચે એ!'

'એમને તો કંઈ સાંભળવું જ નથી. પોતાના અહમ્ના ઘોંઘાટમાં કોઈની બૂમ નથી સંભળાતી એમને... આટલાં વર્ષો મારી માએ બૂમો પાડી અને એ પછી મે! વિષ્ણુપ્રસાદ ચોકસી ખરેખર તો નથી પોતાના સિવાય કોઈનો ચહેરો જોઈ શકતા, નથી પોતાના સિવાય કોઈનો અવાજ સાંભળી શકતા કે નથી પોતાના સિવાય કોઈ વિશે વિચારી શકતા.'

આટલું કહેતાં કહેતાંમાં તો નીરવનો અવાજ ઊંચો થઈ ગયો. એણે ઝટકાથી નિઃશ્વાસ નાખીને માથું આમથી તેમ ધુણાવ્યું. એની આંખોમાંથી પાણી ટપકવાની તૈયારીમાં હતાં, જેને એ મહાપ્રયત્ન રોકી રહ્યો હતો.

'બેટા, સંબંધો એક એવી વસ્તુ છે, જેમાં રોકાણ કરતી વખતે ગણતરી નહીં કરવાની, પાછું મળવાની આશા પણ નહીં રાખવાની...'

'તો રોકાણ કરવાનું શું કામ?'

'એટલા માટે રોકાણ કરવાનું, કારણ કે તમારે કરવું છે... એ તમારી જરૂરિયાત છે સામેના સુધી પહોંચવાની, એમને તમારી લાગણી જણાવવાની!'

નીરવને એ વહાલથી સમજાવી રહ્યાં હતાં. ખુરશી ખેંચીને એ નીરવની સામે બેઠાં:

'એ માણસ તમારી લાગણીની શું કિંમત આંકે છે અથવા તમને કેટલું અને શું પાછું આપે છે એ એની ઇચ્છા પર આધારિત છે, તમારી અપેક્ષા પર નહી.'

'મા, આ માણસ આખી જિંદગી આવો જ રહેશે?'

નીરવની આંખોમાંથી આખરે આંસુનાં બે ટીપાં પડી જ ગયાં. એ પલંગ પરથી ઊઠીને વસુમાના પગ પાસે આવીને બેઠો. એનાથી અનાયાસે વસુમાના ખોળામાં માથું મુકાઈ ગયું.

'ન પણ રહે... જો તારામાં રાહ જોવાની ધીરજ હોય તો!'

વસુમા ક્યાંય સુધી નીરવના માથામાં હાથ ફેરવતાં રહ્યાં. બન્ને ચૂપચાપ ઘણી વાર સુધી બેસી રહ્યાં. પછી નીરવ કશું જ બોલ્યા વિના ઊભો થયો અને જે રસ્તે આવ્યો હતો એ જ રસ્તે પાછો વળી ગયો.

નીરવને બહાર જતો એ જોઈ રહ્યાં. પછી ઊભાં થઈને એમણે કાચના દરવાજા બંધ કર્યા. પડદા ખેંચ્યા અને

નાઇટ લૅમ્પની સ્વિચ બંધ કરતાં પહેલાં ઠાકોરજીના મંદિર પાસે જઈને પલાંઠી વાળીને બેસી ગયાં.

એમણે મંદિરના દ્વાર ફરી એક વાર ઉઘાડ્યાં અને ઈશ્વરની મૂર્તિ સામે જોઈ રહ્યાં:

'મારીય ઊંઘ ઊડી ગઈ છે મારા વહાલા, પણ તું નિરાંતે સૂતો છે... બેય જણ સાચા હોય અને તોય બેય એકબીજાને ખોટા સમજે? ને તું બેઠો બેઠો જોયા કરે?'

થોડી વાર એમ જ મંદિર પાસે બેસી રહ્યા પછી વસુમા હળવેથી દ્વાર વાસીને ઊભાં થયાં.

પોતાના ઓરડાની આડો કરેલો દરવાજો ઉઘાડીને એ ડ્રોઇંગ રૂમમાં ગયાં અને ટેલિફોનની ડાયરી લઈ એમાંથી વિષ્ણુપ્રસાદ ચોકસીના મોબાઇલ નંબર જોડ્યો.

ઘંટડી વાગતી હતી ત્યારે એમણે ઘડિયાળ સામે જોયું: મોડું તો થયું છે.

એમને વિચાર આવ્યો:

પણ આ વાત કરવી જરૂરી છે.

'હલ્લો...'

સામેથી વિષ્ણુપ્રસાદ ચોકસીનો ભારે અવાજ સંભળાયો.

'હું વસુંધરા મહેતા બોલું છું.'

'જી બોલો.'

વિષ્ણુપ્રસાદના અવાજમાં ઉષ્મા તો ન આવી પણ સમ્માન જરૂર આવી ગયું.

'મોડું થયું છે. બહુ લાંબી વાત નથી કરવી...'

વસુમાએ સહેજ શ્વાસ લીધો:

'નીરવ આવ્યો હતો.'

'જાણું છું.'

વિષ્ણુપ્રસાદે પણ તરત જ મૂળ વાત પર આવતાં કહ્યું:

'અહીંથી જે રીતે ગયો એ રીતે તમારે ત્યાં જ આવશે એમ લાગ્યું હતું મને.'

'ભાઈ! એક જ વાત કહેવી છે. નીરવ બહુ ચાહે છે તમને.'

'મને ખબર છે.'

વિષ્ણુપ્રસાદ ચોકસીના અવાજમાં ભરાયેલો ડૂમો ફોનના બીજે છેડે પણ વસુમા અનુભવી શક્યાં.

'પણ એ માને છે કે હું એને નથી ચાહતો.'

'તો એની માન્યતા ખોટી કેમ નથી પાડતા?'

'શું કરું' સમજાતું નથી.'

વિષ્ણુપ્રસાદને પોતાને પણ નવાઈ લાગી કે એ એક અજાણી સ્ત્રી સાથે આટલા બધા ખૂલીને સાવ અંગત વાત ચર્ચી રહ્યા હતા:

'હું જે પ્રયત્ન કરું એમાં ખોટો જ પડું છું...'

'હજી એક પ્રયત્ન કરી જુઓ. છેલ્લો...? વિષ્ણુપ્રસાદ ચોકસીને કદાચ પોતાનો પ્રશ્ન યોગ્ય રીતે કહેતાં પણ શબ્દોની મુશ્કેલી પડતી હતી:

'મને મારી વાત કહેતાં નથી આવડતી... હું કહું તો જ સમજાય એને?'

દારૂના બે પેગ અને વસુમાના ફોને વિષ્ણુપ્રસાદ ચોકસીને ક્યારેય એટલા મૃદુ નહોતા કર્યાં:

'શું કરું?'

'એ ઘેર આવવા નીકળ્યો છે. ઘરમાં દાખલ થાય ત્યારે એને પકડીને છાતીસરસો ચાંપી શકશો?'

વસુમાને પણ જાણે ડૂમો ભરાઈ ગયો:

'દરેક વાત શબ્દોમાં ન કહી શકાય એટલું તો સમજે છે તમારો સેન્સિટિવ દીકરો.'

વિષ્ણુપ્રસાદ અને વસુમા બન્ને સામસામા છેડે ફોન પકડીને એમ જ મૌન સંવાદ કરતાં રહ્યાં. થોડીક ક્ષણો પછી વિષ્ણુપ્રસાદે વાત પૂરી કરતાં કહ્યું:

'ગાડી આવી છે...'

'કંઈ જ વિચાર નહીં કરતા. આટલાં વર્ષો જેના માટે તરસ્યો છે એ છોકરો એ આપી દો એને...'

વસુમાએ ફોન મૂકી દીધો.

નીરવની સ્લીપરનો અવાજ સાંભળી વિષ્ણુપ્રસાદ આંસુ લૂછીને મુખ્ય દરવાજા તરફ ગયા.

નીરવ ઘરમાં દાખલ થયો. વિષ્ણુપ્રસાદને ડ્રોઇંગ રૂમની વચ્ચોવચ્ચ ઊભેલા જોઈને એક ક્ષણ અચકાયા પછી એ પોતાના રૂમ તરફ આગળ વધતો હતો ત્યારે વિષ્ણુપ્રસાદે ધીમા અવાજે એને રોક્યો:

'નીરવ...'

નીરવ ઊભો રહ્યો. એણે વિષ્ણુપ્રસાદ સામે જોયું. એમની આંખોમાં આજે જાણે કોઈ જુદો જ ભાવ હતો. નીરવ ત્યાં જ ઊભો રહ્યો. વિષ્ણુપ્રસાદ હળવા પગલે એના તરફ આગળ વધ્યા. નજીક જઈને એની સામે ઊભા રહ્યા. એકાદ ક્ષણ એની આંખમાં જોયું અને પછી પોતાની તરફ ખેંચીને એને છાતી સાથે ચાંપી દીધો.

વસુમાને ત્યાં નીરવે રોકી રાખેલાં આંસુ બધા જ બંધ તોડીને સડસડાટ વહી નીકળ્યાં.

'ડેડ…'

'માય સન… આઈ લવ યુ. બેટા.'

વિષ્ણુપ્રસાદથી કોણ જાણે કઈ રીતે કહેવાઈ ગયું!

બન્ને જણ ક્યાંય સુધી એકબીજાને ભેટીને વીતેલાં વર્ષોનો હિસાબ કરતા રહ્યા!

*

આગલી રાતે લક્ષ્મીની બાજુમાં સૂઈને એના માથે હાથ ફેરવતી રિયા ક્યારે ઊંઘી ગઈ એની એને પોતાને જ ખબર નહોતી રહી.

ફોનની ઘંટડીથી અચાનક એની આંખ ઊઘડી. એણે મોબાઇલની સ્ક્રિન પર ઝબકતું નામ જોયું:

નીરવ? અત્યારે?

'મા…'

નીરવના અવાજમાં સાવ જુદો જ રણકો હતો:

'કેમ છે તું?'

'તારી વૂડ બી વાઇફની બાજુમાં સૂતી છું.' રિયા હસી પડી.

'મૉમ… ડેડને તારી સાથે વાત કરવી છે.'

'વ્હૉટ?'

રિયાને પોતાના કાન પર વિશ્વાસ નહોતો.

'રિયા…'

જાણે સમયને પેલે પારથી આવતો હોય એવો અવાજ હતો વિષ્ણુપ્રસાદનો.

'વિષ્ણુ…'

રિયાનો સ્વર સહેજ લથડાઈ ગયો. આછું આછું જાગી ગયેલી લક્ષ્મી વિષ્ણુ સાંભળીને બેઠી થઈ ગઈ.

'તબિયત તો સારી છે ને?'

'એટલી જલદી નહીં મરું.'

વિષ્ણુપ્રસાદનું સ્મિત રિયા હજારો કિલોમીટર દૂર અનુભવી શકતી હતી:

'લક્ષ્મીને મારા આશીર્વાદ આપજે અને લગ્ન અહીં ભારતમાં થશે.'

'એવું કોણે નક્કી કર્યું?'

રિયાથી અનિચ્છાએ પુછાઈ ગયું. પૂછ્યા પછી એને અફસોસ પણ થયો.

'આપણે બન્નેએ... આજથી વર્ષો પહેલાં નક્કી નહોતું કર્યું?'

'વિષ્ણુ!'

'રિયા, તું ભલે આ ઘરમાંથી ચાલી ગઈ. પણ આપણી પુત્રવધૂને તું આ જ ઘરમાં આવકારે એવી મારી ઇચ્છા છે... આખરી ઇચ્છા!

'વિષ્ણુ!'

રિયા આગળ બોલી જ નહોતી શકતી. ડળક ડળક આંસુ પડતાં હતાં. હવે... લક્ષ્મીએ એના હાથમાંથી ફોન લઈ લીધો.

'ડેડ...'

'બેટા લક્ષ્મી, તું સાચે જ આ ઘરની લક્ષ્મી થઈને આવી છે. મને મારો દીકરો કેટલાં વર્ષે પાછો મળ્યો, ખબર છે?'

*

'અજય જાય છે...

વસુમાએ અભયની સામે જોઈને કહ્યું.

'ક્યારે?'

અભય ડાઇનિંગ ટેબલ પર બેસીને લૅપટૉપ પર મેઇલ ચેક કરી રહ્યો હતો. અલય ટેબલ પર બેસીને પોતાના ડબિંગની ફાઇનલ સ્ક્રિપ્ટ વાંચી રહ્યો હતો.

'આજે રાતે.'

'શું?'

અભયના અવાજમાં આશ્ચર્ય અને આઘાત બન્ને હતાં.

અજય ક્યારનો ચૂપચાપ બેસીને પહેલી આંગળી વડે ડાઇનિંગ ટેબલ પર આડા-ઊભા લીટા ચીતરતો હતો. એ કોણ જાણે શું વિચારતો હતો. પણ એના ચહેરાના ભાવ પ્રત્યેક પળે પલટાઈ રહ્યા હતા. જાનકી રસોડામાં હતી.

'હા, કાંત હૉસ્પિટલમાં છે. એમને હાર્ટ અટેક આવ્યો. બાયપાસ કરવું પડ્યું.'

વસુમા ટેબલ પર મેથીની ભાજી છૂટી પાડી રહ્યાં હતાં.

'અને તે મને કહ્યું નહીં?'

'બેટા, એ ત્યાં-અમેરિકામાં, તું સિંગાપુરમાં તને કહેત અને તું ભારત પાછો આવત તોય એમની તો કોઈ મદદ થઈ શકત જ નહીં…'

'પણ અજયની તૈયારી કે બીજી બધા બાબતમાં તો…'

'અજયના વિઝાની વ્યવસ્થા અજયે જાતે કરી. જે કંઈ પેપર્સ ખૂટતાં હતાં એને માટેની દોડાદોડી વૈભવી અને જાનકીએ કરી.'

ડાઇનિંગ ટેબલ પર બેસીને શાક સમારી રહેલી વૈભવી સામે અભયથી અનાયાસ જોવાઈ ગયું.

'પૅકિંગમાં વૈભવીએ પૂરેપૂરી મદદ કરી. વળી, જે કંઈ લાવવાનું હતું કે શૉપિંગ કરવાનું હતું એ બધાં માટે જાનકીને લઈને વૈભવી ગાડીમાં ગઈ…'

'તે પણ મને કહ્યું નહીં?'

વૈભવી સામે જોઈને અભયે પૂછ્યું. વૈભવીએ વસુમા સામે જોયું.

'બેટા, મેં જ ના પાડી હતી.'

'ખરી વાત છે. હવે તો હું આ ઘરના કોઈ સમાચાર જાણવાને લાયક નથી રહ્યો. લફરાંબાજ નાલાયક દીકરો છું તારો…'

અભયનું ગળું અકારણ જ ભરાઈ આવ્યું.

વસુમા હસી પડ્યાં:

'કોણે એવું કહ્યું તને?'

એમના અવાજમાં એટલું તો વહાલ અને માર્દવ હતાં કે વૈભવીના ચહેરા પર પણ સ્મિત આવી ગયું.

'બેટા, જે પરિસ્થિતિ આપણા કાબૂની બહાર હોય એ પરિસ્થિતિમાં જાતે વિચલિત થઈને કે બીજાને વિચલિત કરીને શું ફાયદો?'

'મા, મને ખબર છે તને પ્રિયા સાથેનો મારો સંબંધ…

'અભય!?'

વસુમાના ચહેરા પર હજીય એટલું જ માર્દવ હતું:

'શેને કોની સાથે જોડે છે?'

એમણે ટેબલ પર બેઠેલાં ઘરનાં બધાં જ સભ્યો સામે સરસરી નજરે જોયું:

'દરેક માણસે પોતે જીવેલી જિંદગીની જવાબદારી જાતે જ લેવી પડે, બેટા… એનાં કારણ પણ એની જ પાસે હોય અને એનાં લેખાંજોખાંની પણ એને જ સૌથી વધારે જાણ હોય. મારે જે કહેવાનું હતું એ તું ગયો એ પહેલાં જ મેં કહી દીધું હતું…'

'મા, બાપુની તબિયત સારી થાય પછી હું પાછો આવી જાઉં?'

અચાનક અજય બોલી ઊઠ્યો.

ઘરનાં દરેક સભ્યના મનમાં પોતપોતાની ગૂંચવણો અને પોતપોતાની અવઢવ હતી.

'શા માટે? તું એમને એમના ધંધામાં મદદ કરવા, એમનું ભારણ ઓછું કરવા જાય છે. આટલી બધી વાત કરી આપણે તોય તું ત્યાં જ અટકેલો છે?'

વસુમાએ અભયની સામે સીધી નજરે જોયું:

'બેટા, નથી મને કોઈની સામે કોઈ વિરોધ...' પછી અજય સામે જોયું:

'કે નથી કોઈ પાસે કોઈ પ્રકારની અપેક્ષા...'

એમણે દીવાલ પર લગાડેલા સૂર્યકાંતના ફોટા સામે જોયું:

'મારાથી શક્ય હતું એટલું...'

ઊંડો શ્વાસ લઈને ક્ષણેક ચૂપ રહ્યા પછી એમણે આગળ કહ્યું:

'કદાચ શક્ય નહોતું એટલું પણ મેં કર્યું છે મારી ફરજ સમજીને, જેનો મને સંતોષ છે. હવે તમે બધા પોતપોતાની દિશામાં જવા માટે મુક્ત છો...'

'મા!'

અલયે વસુમાની સામે જોયું:

'અમને મુક્ત કરીને તારે મુક્ત થવું છે?'

'એમ જ હશે, બેટા'

એમણે ફરી એક વાર સ્મિત કર્યું એવું જ મમતાળું:

'ને એમ હોય તો એમાં ખોટુંય શું છે? તમે સૌ પોતપોતાનો રીતે સુખી છો, એક તારી ચિંતા હતી થોડીઘણી, પણ હતી...'

અલય સામે એ જોઈ રહ્યાં. ઘરનાં બધાં જ સભ્ય વસુમાની આ નિખાલસતા વિશે મનોમન ઓછી-વધતી ભીનાશ અનુભવી રહ્યાં હતાં.

'હવે એ પણ નથી રહી. તારું સપનું પૂરું થઈ ગયું. તારાં લગ્ન થઈ જશે...?

'તને ખરેખર લાગે છે કે તું મુક્ત થઈ જઈશ, મા?'

'બેટા, મુક્તિ મનની સ્થિતિ છે. પોતાની ઇચ્છા પર આધાર રાખે છે. જો ખરેખર મુક્ત થવું હોય તો ગમે એટલાં બંધનની વચ્ચે પણ મુક્તિનો અનુભવ કરી શકાય અને જો મન જ તૈયાર ન હોય તો બીજા ગમે એટલી

મુક્તિ આપે, મન બંધનમાંથી બહાર નીકળવા તૈયાર જ ન હોય.'

વસુમાનો અવાજ શાંત અને સંયત હતો:

'સૂર્યકાંતનું શ્રાદ્ધ કર્યું એ દિવસથી મારું મન તો મુક્ત થઈ જ ગયું છે, બેટા. મને હવે કશાયની જિજીવિષા નથી.'

અલય ને લાગ્યું કે પોતાનો જ અવાજ ધ્રૂજી રહ્યો છે:

'મુક્ત થઈને પછી ક્યાં જવા માગે છે?'

જવાનું ક્યાં? અને શું કામ જવાનું?'

અત્યાર સુધી એક પણ અક્ષર ન બોલેલી વૈભવી પહેલી વાર બોલી.

બેટા, તમે બધાં હાજર છો એટલે એક વાત કહેવી છે.'

વસુમાએ રસોડા તરફ જોઈને હળવેથી બૂમ પાડી:

'જાનકી... બેટા, જાનકી...'

જાનકી હાથમાં નૅપ્કિન લઈને હાથ લૂછતી બહાર આવી:

જી, મા...'

'અહીં બેસ મારે એક વાત કહેવી છે.'

જાનકી ખાલી ખુરશી ખેંચીને બેસી ગઈ.

'આજ પછી તમે બધાં તમારી દિશામાં જશો. તમારું સુખ તમારી રીતે શોધશો ને મેળવશો, પણ...'

ટેબલ પર બેઠેલાં પાંચેય જણના હૃદયના ધબકારા થોડા વધવા માંડ્યા. વસુમા મુક્તિની વાત સાથે જોડીને શું કહેવાનાં હશે? સૌને એક નાનો અજંપો અને આછો ભય હતો. આ સ્ત્રીએ જિંદગીમાં જ્યારે જે વિચાર્યું ત્યારે તે કરી બતાવ્યું હતું અને એ પણ કોઈ હો-હા કર્યા વિના અને પોતે જે કર્યું એના વિશે કોઈ સહાનુભૂતિ કે વાહવાહી ઉઘરાવ્યા વિના...

વર્ષો બાદ અચાનક સૂર્યકાંતનું ઘેર પરત થવું, અભયનાં પ્રિયા સાથેનો સંબંધ, અજયનું અમેરિકા જવું. અલય ની ફિલમ પૂરી થવી... આ ઘરમાં કેટલા થોડા સમયમાં કેટલી બધી ઊથલપાથલો થઈ હતી.

શાંત પાણીની જેમ વહી આવતી સમયની નદીએ કેવાં અને કેટલાં વહેણ બદલ્યાં હતાં આ છેલ્લા થોડા દિવસોમાં!

'તમે સૌએ જોયું હશે કે નાસ્તાના ટેબલ પર અમુક સમયે હાજર થવાના મારા આગ્રહથી શરૂ કરીને આ ઘરમાં શું રસોઈ બનશે કે કોણે શું કરવું એ દરેક બાબતમાં મેં અનુશાસનનો પ્રયત્ન કયો છે... સૂર્યકાંત આ ઘરમાં આવ્યા ત્યાં સુધી આ ઘર અમુક ચોક્કસ અને પ્રમાણમાં કડક નિયમોને આધારે ચાલતું હતું.

'પણ અમે ક્યારેય વિરોધ નથી કર્યો.'

અજયથી વચ્ચે જ કહેવાઈ ગયું.

'જાણું છું!'

વસુમાએ સ્મિત કર્યું:

'તમે એટલાં સમજદાર અને કહ્યાગરાં સંતાનો રહ્યાં છો એટલું તો મારે સ્વીકારવું જ પડે.'

પછી એમણે વૈભવી સામે જોયું:

'કોઈકને ક્યારેક નહીં પણ ગમ્યું હોય, કયારેક વધારે પડતું પણ લાગ્યું હશે...'

'મા, મેં...'

વૈભવી કંઈ બોલવા ગઈ પણ વસુમાએ હાથ ઊંચો કરીને એને રોકી:

'કોઈ એક જણની વાત નથી આ. તમને સૌને કહેવાનું છે.'

થોડીક ક્ષણ સાવ મૌનના વજનમાં દબાતી દબાતી પસાર થઈ ગઈ.

'હવે પછી મારા ગમા-અણગમાને જરાક પણ મહત્ત્વ આપવાની જરૂર નથી. તમારા સૌની જિંદગી હવે તમારી પોતાની છે. તમારા સારા-ખરાબ માટે તમે પોતે જવાબદાર છો આજથી...?

'આ બધું આજે કહેવાનું કંઈ કારણ?' અલય થી પુછાઈ ગયું.

'હા બેટા, આજે તમે ત્રણેય ભાઈ ભેગા છો અહીં! સાથે...'

હવે વસુમાનો અવાજ સહેજ પલળ્યો કદાચ:

'કાલે અજય નહીં હોય, તું પણ કદાચ તારી દિશામાં વધુ આગળ જતો રહીશ... વૈભવી અને અભયે પણ હવે એમના મતભેદો વિશે ખુલ્લા મને ચર્ચા કરીને એમની પોતાની દિશાઓ નક્કી કરવાની રહેશે...'

એક ઊંડો શ્વાસ લીધો એમણે:

'ટૂંકમાં, આજ સુધી તમને એક માળામાં પરોવી રાખનારી દોરીનું નામ હતું વસુંધરા મહેતા... પરંતુ આજથી હું તમને બધાંને તમારી દિશામાં જવા માટે આશીર્વાદ આપું છું.'

ત્રણેય દીકરાઓની આંખો ભરાઈ આવી હતી. જાનકી તો રીતસર રડવા જ માંડી. વૈભવીનો ચહેરો પણ ફિક્કો પડી ગયો. પોતાની માને બરાબર ઓળખતા ત્રણેય દીકરા જાણતા હતા, સમજતા હતા કે મા જે કહી રહી હતી એનો અર્થ શો હતો!

ગઈ કાલ સુધી એક સંયુક્ત કુટુંબની જેમ જીવતું શ્રીજી વિલા આજથી પોતપોતાની દિશામાં ઊડી જનારી એક એક વ્યક્તિનું આગવું વ્યક્તિત્વ બની ગયું હતું.....

હજી ગઈ તે ક્ષણ સુધી એક છત્ર નીચે જીવી રહેલાં બધાંએ જ હવે પોતપોતાનું આકાશ શોધીને પોતપોતાની ધરતીનો ટુકડો ઊભો કરવાનો હતો. એક જ ઘરમાં રહીને એક જ છત નીચે રહેનારી બધી વ્યક્તિઓ હવે અલગ અલગ હતી!

આ પરિસ્થિતિ ખરેખર ધ્રુજાવી ગઈ ત્રણે ભાઈને.

પણ જે કહેવાવાનું હતું એ કહેવાઈ ચૂક્યું હતું. વસુમાએ આજ સુધી કહેલી દરેક વાત આખરી અને અફર હતી એવું સૌ જાણતાં હતાં એટલે એ વિશે વધુ ચર્ચાને કોઈ અવકાશ નહોતો જ!

એ પછી સૌ ખાસ્સી વાર સુધી ચૂપચાપ ત્યાં જ બેસી રહ્યાં. કોઈ કશું બોલ્યું નહીં. છતાં મૌનની એ ક્ષણ આજ સુધી આ ઘરમાં જિવાયેલી તમામ ક્ષણ કરતાં વધુ બોલકી હતી!

*

રાતે અજય ઍરપોર્ટ જવા નીકળ્યો ત્યારે ઘરમાં અજબ પ્રકારની નિ:શબ્દતા પથરાઈ ગઈ. શ્રીજી વિલામાં અઢી દાયકા પછી પહેલી વાર કોઈ આવી રીતે જઈ રહ્યું હતું.

સારું હતું કે હૃદય બધાંને આવજો કરીને દસ વાગે ઊંઘી ગયો હતો... એને માટે અમેરિકા એટલે સ્પાઈડર મૅનનો દેશ. જ્યાં ડિઝનીલૅન્ડ છે એ... એવી બધી વ્યાખ્યાઓ હતી. વિમાનમાં જવાનું અને મજા કરવાની, દાદાજી પાસે જવાનું... એનાથી વધારે એને ખાસ ફરક નહોતો પડતો.

વસુમાને પગે લાગીને જાનકી એમને વળગીને રડવા લાગી.

એ એટલી બધી ધ્રુસકે ચડી ગઈ કે એને અટકાવવી અઘરી પડી. અજય, અલય અને અભયને ભેટ્યો...

ત્રણે ભાઈની આંખો ભરાઈ આવી.

અંજલિ અને રાજેશ પણ અજયને આવજો કહેવા આવ્યાં હતાં. અંજલિ તો આવી ત્યારથી એને નાની-નાની વાતમાં ઝળઝળિયાં આવી જતાં હતાં.

સાંજથી જ ઘરનું વાતાવરણ જાણે ખાલીપો અને સૂનકારનો લેબાશ પહેરીને એકલું-અટૂલું ખૂણામાં ઊભું રહી ગયું હતું.

શ્રેયા વૈભવીની બાજુમાં ઊભી હતી. જાનકી એને ભેટી ત્યારે એની આંખોમાં પણ પાણી આવી ગયાં...

‘અમારાં લગ્ન સુધી રોકાયાં હોત તો?’

શ્રેયાથી બોલ્યા વિના ન રહેવાયું.

‘અમેરિકા ક્યાં દૂર છે? આવીશુંને તારા લગ્ન પર...’

અજયે કહ્યું તો ખરું. પરંતુ એનું મન પણ જાણતું હતું કે એ કેટલે દૂર જઈ રહ્યો હતો અને હવે પાછા આવવાનું કેટલું અઘરું થવાનું હતું...

શ્રીજી વિલાનાં પગથિયાં પર ઊભેલા અજયે પાછું વળીને એક વાર જાણે આંખોથી ઘરને સ્પર્શી લીધું. ઘરની

દીવાલો, એ નાનકડી પથ્થરની પગથી, એક બાજુ હીંચકો અને એક બાજુ પથ્થરની બેઠક… લૉનમાં ખૂલતો વસુમાનો ઓરડો…

આ બધું જ જાણે એણે આંખોમાં ભરી લીધું.

જાનકી તો ફરી એક વાર ઓટલા પર બેસી પડી:

'મારે નથી જવું, મા!'

એનાં હીબકાં કોઈ રીતે અટકતાં નહોતાં.

* * *

56

સૂર્યકાંતને લઈને લક્ષ્મી બંગલાનાં પગથિયાં ધીરે ધીરે ચડી રહી હતી.

આમ તો સૂર્યકાંતની તબિયત ઘણી સારી હતી, પરંતુ હજી એમણે આરામ કરવાનો હતો.

પોતાના જ ઘરમાં દાખલ થતાં સૂર્યકાંતને લાગ્યું કે જાણે એ કોઈ નવી જગ્યાએ આવી ગયા છે. એમની છાતીમાં હજીય આછો દુખાવો થયા કરતો હતો. આ ઘરમાં દાખલ થતાં જ એમણે લક્ષ્મી સામે જોયું:

'બેટા, વસુને ફોન લગાડ.'

'હા, હા, લગાડું છું.'

લક્ષ્મીના ચહેરા પર સ્થિત આવી ગયું:

'મને ખબર છે કે ઘરમાં દાખલ થયા પછી સૌથી પહેલો અવાજ તમારે માનો સાંભળવો છે.'

'મારે તો એનો ચહેરો જોવો હતો.'

સૂર્યકાંતથી નિ:શ્વાસ નખાઈ ગયો:

'મૃત્યુના મોઢામાંથી પાછા ફર્યા પછી જે આંખોએ મને જિંદગી આપી એ આંખોને જોવી હતી મારે, પણ તારી મા...'

લક્ષ્મીએ સૂર્યકાંત સામે જોયું.

'બહુ જિદ્દી છે તારી મા. અહીં આવી હોત તો નાની થઈ ગઈ હોત?'

'ડેડી, મારી મા જિદ્દી નથી, સ્વમાની છે.'

'હા, ભઈ, હા. મુંબઈથી આવી પછી તું પણ એની જ ભાષા બોલતી થઈ ગઈ છે. કોણ જાણે શું છે એનામાં કે જે એને મળે એ એનું થઈ જાય છે.'

'ડેડી, તમને એક સારા સમાચાર આપવાના છે.'

'નીરવ અમેરિકા આવે છે?'

સૂર્યકાંતે પિતાના વહાલસોયા સ્મિત સાથે લક્ષ્મી સામે જોયું.

'ના ડેડી, આપણે જઈશું, ઇન્ડિયા... લગ્ન કરવા.'

'લક્ષ્મી?'

'હા ડેડી, તમે એક વાર સાજા થઈ જાવ એટલે આપણે ઇન્ડિયા જઈશું.' કહેતાં કહેતાં લક્ષ્મીએ હાથમાં પકડેલા હેન્ડસેટથી ભારત ફોન લગાડ્યો.

ટ્રીન... ટ્રીન... ટીન... ટ્રીન...

વસુમાએ ઉતાવળા પગે અંદર જઈને ફોન ઉપાડ્યો.

‘હા, કાંત! અજય નીકળે છે.’

પછી એમના ચહેરા પર સહેજ સ્મિત આવ્યું.

‘વસુ, તું રડે છે?’

સૂર્યકાંતથી પૂછતાં તો પુછાઈ ગયું. પછી એમને સમજાયું કે વસુંધરા કોઈનાય જવાથી રડે એવી નથી.

‘ના રે... હું જરાય રડતી નથી.’ એમણે કહ્યું.

‘વસુ, તને કદાચ એવું લાગ્યું હશે કે મેં તારા દીકરાને...’

‘મારો? જેટલો મારો છે એટલો જ તમારો પણ છે, કાંત. આટલાં વરસ મારી સાથે રહ્યો તો હવે તમારી સાથે પણ રહેને થોડાં વરસ!’

‘તને ખરાબ તો નથી લાગ્યુંને, વસુ? મેં આવી રીતે છોકરાઓના ભાગ પાડી લીધા...’

સૂર્યકાંતની આંખો હજીય બંધ હતી.

‘ના, કાંતા મને જરાય ખરાબ નથી લાગ્યું... શું કામ લાગે?’

સહેજ અટકીને જાણે શબ્દો ગોઠવતાં હોય એમ વિચારીને કહ્યું:

‘મિલકતની જેમ સમય આવ્યે સંબંધો પણ વહેંચાઈ જતા હોય છે... એના અફસોસ નથી કરતી હું. આજ સુધી જે મને મળ્યું છે એનો આનંદ જ છે!’

‘વસુ, લક્ષ્મીનાં લગ્ન ભારતમાં લેવાનું નક્કી કર્યું છે.’

વસુમાના ચહેરા પર ફરી એક સ્મિત આવ્યું. એમને ગઈ કાલે રાત્રે નીરવ સાથે થયેલી વાત યાદ આવી ગઈ.

‘જાણું છું.’

પછી અવાજમાં સહેજ તોફાન પણ આવી ગયું:

‘ચાલો, એ બહાને પણ તમે પાછા તો આવશો.’

‘પાછા આવવા માટે હવે મારે કોઈ બહાનાંની જરૂર નથી... તું જ્યાં હોય ત્યાં પહોંચવું તો હવે મારી બચેલી જિંદગીનું ધ્યેય થઈ ગયું, વસુ!’

સૂર્યકાંતે આ વાક્ય કહ્યું એની સાથે જ વસુમાના ચહેરા પર એક અજબ લાલિમા-ધસી આવી. આજે પણ જાણે નવી પરણીને આવી હોય એવી શરમ ફોન પકડીને ઊભેલી વસુના ચહેરા પર ઝળહળી રહી.

‘વસુ, જિંદગીનાં બહુ વર્ષો દોડતાં-ભાગતાં-હાંફતાં હાંફતાં કાઢી નાખ્યાં. તું જીવવા માટે કમાતી રહી અને હું

કમાવા માટે જીવતો રહ્યો...'

સૂર્યકાંતનો અવાજ ગળગળો થઈ ગયો હતો. એની બાજુમાં ઊભેલી લક્ષ્મી અને હમણાં જ આવેલા મધુકાંતભાઈ બન્નેની આંખો પણ સૂર્યકાંતના અવાજથી ભીની થઈ ગઈ:

'વસુ, મને ખબર નથી હવે કેટલાં વર્ષ બચ્યાં છે, સિલકમાં...'

'આવું શું કામ બોલો છો?'

વસુમાએ કહેતાં તો કહ્યું, પણ જાણે એમનેય એક ધ્રુજારીનું લખલખું શરીરમાંથી પસાર થઈ ગયું.

એ પછી ક્યાંય સુધી બન્ને જણ વાતો કરતાં રહ્યાં. લક્ષ્મી અને મધુભાઈએ પણ સમજીને એમને એકલાં મૂકી દેવાનું જ યોગ્ય માન્યું.

લગભગ અડધો-પોણો કલાક રહીને લક્ષ્મી જ્યારે પાછી સૂર્યકાંત પાસે આવી ત્યારે ફોન મુકાઈ ચૂક્યો હતો અને સૂર્યકાંત આંખો બંધ કરીને કોણ જાણે કયા વિચારમાં પડ્યા હતા. એમના ચહેરા પર ચાલતા હાવભાવના ઉતાર-ચડાવ જોઈને લક્ષ્મીને એમને ડિસ્ટર્બ કરવાની ઇચ્છા ન થઈ. એ સમજી શકતી હતી કે હમણાં છેલ્લા થોડા દિવસોથી જે બનતું હતું એવી જ રીતે સૂર્યકાંત ફરી એક વાર ભૂતકાળની સફરે ઊપડી ગયા હતા.

લક્ષ્મી એમની પાસે આવી અને હળવેથી સૂર્યકાંતના કપાળે હાથ મૂક્યો. સૂર્યકાંતે આંખો ખોલી.

'ડેડી રૂમમાં જઈશું?'

'હા.'

સૂર્યકાંત હળવેથી ઊભા થયા. લક્ષ્મીની પાછળ ઊભેલા મધુભાઈને જોઈને એમણે ધીમેથી પૂછ્યું:

'અજયને લેવા કોણ જવાનું છે?'

'હું જ જાઉં છું.'

'મધુભાઈ, મારો દીકરો પહેલી વાર મારે ઘેર આવે છે. એને કોઈ તકલીફ ન પડે એ જોજો...'

સૂર્યકાંતના ચહેરા પર એમનું સુખ છલકાતું હતું.

*

પ્લેનમાં અજય જાણે સતત દેશથી દૂર, માથી દૂર જઈ રહ્યાની લાગણી અનુભવી રહ્યો હતો. જાનકી એની આંખોમાં એ ખાલીપો જોઈ શકતી હતી, પણ વસુમા સાથે આટલી બધી વાત થયા પછી એણે નક્કી કર્યું હતું કે એ અજયની લાગણીઓને ક્યાંય અવરોધ્યા વગર વહેવા દેશે.

એ અમેરિકા પહોંચે તે પહેલાં પોતાની જાત સાથે સૅટલ થઈ જાય એવી જાનકીની ઇચ્છા હતી. જાનકી જાણતી હતી કે પોતાની નિષ્ફળતાના અને અધૂરાપણાના ઝનૂનમાં અજયે અમેરિકા જવાનો નિર્ણય તો કરી લીધો હતો, પરંતુ એ પછી દેશ છોડતાં અને અહીં પહોચતાં સુધી અજય કેટલાય ઊંચા-નીચા રસ્તામાંથી પસાર થયો હતો.

અજયે જાનકીની સામે જોયું. એ આંખો મીંચીને બ્લૅન્કેટ ઓઢીને ઊંઘવાનો પ્રયત્ન કરતી હતી. જો કે ઊંઘ એની આંખોમાં પણ નહોતી જ...

નવો દેશ, નવું ઘર અને નવી દુનિયા સાથે ગોઠવાવાનો જે પ્રયાસ એણે કરવાનો હતો એ બાબતે એ પોતાની જાત સાથે સવાલ-જવાબ કરી રહી હતી.

નીકળતી વખતે એને વસુમાને કહેલી વાત રહી રહીને યાદ આવતી હતી:

તું અજયની પ્રગતિ અને એના વિકાસ માટે પરદેશ જઈ રહી છે એ વાત ક્યારેય નહીં ભૂલતી. ત્યાં પહોંચ્યા પછીનો થોડો સમય તારી જાતને ભૂલીને ફક્ત અને ફક્ત અજયને આપજે. એને તારી પ્રેરણાની, તારા સાથની, તારી સંભાળની ડગલે ને પગલે જરૂર પડશે ત્યાં જઈને!

'શું થયું?'

એણે અજયને પોતાની તરફ તાકતો જોઈને પૂછ્યું.

'જાનકી, આપણે પગલું તો સાચું ભર્યું છે ને?'

જાનકી હસી પડી:

પગલું ભરાઈ ચૂક્યું છે, અજય. હવે એ સાચું હતું કે નહીં એનો વિચાર કરવાને બદલે એને સાચું કેવી રીતે પાડી શકાય એનો પ્રયાસ કરવાનો...'

'જાનકી, એક માત્ર આપણા બહાર નીકળી જવાથી શ્રીજી વિલા વીખરાઈ ગયું એવું લાગે છે તને?'

'શ્રીજી વિલા સૂર્યકાંત મહેતાના જવાથીય નહોતું વીખરાયું તો આપણા જવાથી એની કાંકરીય શું કામ ખરે? હવે આ બધા વિચાર છોડીને થોડો આરામ કરો.'

જાનકોએ હળવા હાથે અજયના વાળમાં આંગળાં ફેરવવા માંડ્યાં અને અજય પણ હળવે હળવે ઘેરાતી ઊંઘમાં લપેટાવા લાગ્યો.

જો કે જાનકીની ઊંઘ હરામ થઈ ગઈ હતી. એણે ફરી ઓખા મીંચીને જાત સાથે સવાલ-જવાબ કરવા માંડ્યા.

*

પોતાના ઓરડામાં, પોતાના પલંગ પર સૂતા પછી સૂર્યકાંતે લક્ષ્મીને કહ્યું:

'તું થોડી વાર બહાર જા.'

મધુકાંતભાઈ પણ એની સાથે બહાર જવા માંડ્યા.

'તમે અહીં જ રહો. મારે તમારું કામ છે.'

લક્ષ્મીને થોડી નવાઈ લાગી. છતાં એક પણ અક્ષર બોલ્યા વિના એ ઓરડાની બહાર નીકળો ગઈ.

'મધુકાંતભાઈ, મારે વીલ કરાવવું છે.'

'વીલ તો કરેલું જ છે.'

'ત્યારે રોહિત હતો, અને...'

એમણે એક નિઃશ્વાસ નાખીને આંખો મીંચી:

બીજું ઘણુંબધું નહોતું.'

એમણે આંખો ખોલી ત્યારે એમની આંખો ભીની હતી:

'કાગળ અને પેન લઈ લો, મધુકાંતભાઈ... લખવા માંડો.'

સૂર્યકાંત બોલતા રહ્યા અને મધુકાંતભાઈએ નાનામાં નાની, ઝીણામાં ઝીણી વિગત ટપકાવી લીધી. આજ સુધી સૂર્યકાંતનો એક એક પૈસાનો હિસાબ મધુભાઈ જાણતા હતા એટલે એમને માટે આ બધી વિગતો ખાસ નવાઈ પમાડે એવી નહોતી.

એમને નવાઈ લાગી તો માત્ર એક વાતની.

'મારી સંપત્તિનો ત્રીજો ભાગ વસુંધરા સૂર્યકાંત મહેતાના નામે કરવો.'

'તમને ખબર છે આ ભાગ કેટલો થાય?'

મધુકાંતભાઈથી અનિચ્છાએ પુછાઈ ગયું.

'મારું ચાલે તો મારી બધી જ સંપત્તિ હું વસુંધરાના નામે કરી દઉં.' સૂર્યકાંતે એમની આંખોમાં આંખો નાખી:

'અને સાચું કહું તો આ સંપત્તિની વહેંચણી મારાથી વધારે સારી રીતે વસુ જ કરી શકે.'

એમણે મધુકાંતભાઈના ખભે હાથ મૂક્યો:

'પણ મધુકાંતભાઈ, આ સંપત્તિ મારી નથી...'

આટલું કહેતાં કહેતાંમાં તો સૂર્યકાંતની ભીની આંખો વધુ ભીની થઈ આવી:

'સ્મિતા હોત તો કદાચ વસુને મળીને ખુશ જ થઈ હોત!'

એમનાથી કહેવાઈ ગયું.

એ પછી વીલની નાની નાની વિગતો લખાતી રહી. આખરે બધું પૂરું કરીને મધુકાંતભાઈ ઊઠ્યા ત્યારે સૂર્યકાંત ખરેખર થાકી ગયા હતા. મધુકાંતભાઈ અબ્દુલને લઈને ઍરપોર્ટના રસ્તે નીકળી ગયા અને સૂર્યકાંત આંખો મીંચીને ઊંઘવાનો પ્રયાસ કરવા લાગ્યા.

અજયના આવવાની ઉત્તેજનાએ એમની ઊંઘ તો ઉડાડી જ મૂકી હતી. એમણે પોતાના હૃદય પર હાથ મૂકીને જોયું તો ધબકારા પણ તેજ ચાલતા હતા.

'ઈશ્વરે એક દીકરો લીધો તો સામે ત્રણ આપ્યા.

એમને વિચાર આવી ગયો અને ચહેરા પર સ્મિત પણ.

અલય ની ફિલમ રિલીઝ, એનાં લગ્ન... લક્ષ્મીનાં લગ્ન... અને વસુ સાથે ચાર ધામની જાત્રા પણ... ઈશ્વરે એકસાથે કેટલા પ્રસંગ અને કેટલાં કારણ આપ્યાં છે મને - ભારત પાછા જવાનાં!

એમના મનમાં વિચાર ચાલતા હતા:

આમ તો વસુ પાસે પાછા જવા માટે ખરેખર કારણની જરૂરત જ નથી. તેમ છતાં ઈશ્વરે મને ભારત લઈ જવાની સંપૂર્ણ તજવીજ કરી નાખી છે...

એમણે આંખો ઉઘાડી અને સામે લટકતા સ્મિતાના ફોટા તરફ અનાયાસે જ જોવાઈ ગયું:

સ્મિતા, જાણે ધીમે ધીમે બાજી સંકેલાય છે!

સૂર્યકાંત ફોટા તરફ જોઈ રહ્યા:

તે મને તારી પાસે બોલાવાની તૈયારી કરવા માંડી છે કે શું?

ફોટામાં હસતી સ્મિતા એમની સામે જોઈ રહી હતી. સૂર્યકાંતને એવું લાગ્યું કે જાણે સ્મિતાએ ડોકું ધુણાવીને હા પાડી!

*

ઍરપોર્ટથી પાછો ફરેલો થાકેલી અભય પલંગમાં પછડાયો.

બહુ થાક્યા છો?'

વૈભવીએ નજીક આવીને એની છાતી પર હાથ મૂક્યો.

'હંમ...'

અભયની આંખો બંધ હતી.

'અભય, મારે કંઈ કહેવું છે.'

'હમણાં?'

અભય આંખો ખોલી શકવાની સ્થિતિમાં જ નહોતો. સવારથી ચાલેલી ઈમોશનલ ઊંચ-નીચમાં અને સિંગાપુર-મુંબઈ... એ પછી ઍરપોર્ટ સુધી લંબાયેલી દોડાદોડી અભયને સંપૂર્ણપણે થકવી ગઈ હતી. એને જૂના દિવસો યાદ આવી ગયા.

'અત્યારે... મારામાં દલીલો કરવાની કોઈ તાકાત નથી, વૈભવી.'

એનાથી કહેવાઈ ગયું:

'કે નથી મારામાં તારા સવાલોનો જવાબ આપવાની કોઈ તૈયારી.'

થોડીક ક્ષણો તદ્દન મૌન છવાઈ ગયું. વૈભવીનો હાથ હજીય અભયની છાતી પર જ હતો. એ હળવેથી અભયની નજીક આવી. એના ખભે માથું મૂકી હાથને થોડો વધુ લપેટી અભયને વળગીને સૂતી.

'વૈભવી...'

અભય જાણે એનું માથું ખેસવીને ઊંધો ફરી જવા માગતો હતો. એના શરીરને આ પરિસ્થિતિ અનુકૂળ નહોતી એવું એની બૉડી લેન્ગવેજ સ્પષ્ટ કહી રહી હતી.

'જાણું છું.'

વૈભવીનો અવાજ પહેલી વાર આટલો કોમળ અને ભીનો લાગ્યો અભયને.

'જાણું છું કે હું જે રીતે સૂતી છું એ જ રીતે થોડા કલાક પહેલાં કોઈ બીજું સૂતું હતું.'

માણસને એક તમાચો મારો અને નશો ઊતરી જાય એવી રીતે અભયની ઊંઘ ઊડી ગઈ. એણે આંખો ખોલીને વૈભવી સામે જોયું. વૈભવીના ચહેરા પર કોઈ કડવાશ કે ઝઘડો કરવાના કોઈ ભાવ નહોતા, બલકે એક મ્લાન-ફિક્કાશ હતી. આંખોમાં સહેજ ભીનાશ હતી કદાચ!

'અભય! મારે ખાસ કંઈ કહેવાનું નથી, પણ આ કહેવા માટે મેં તમને ઍરપોર્ટ પર ઉતાર્યા ત્યારથી શરૂ કરીને આ પળ સુધી જાતને તૈયાર કરી છે.' અભય એની સામે જોઈ રહ્યો.

'આજે અને અત્યારે નહીં કહું તો કદાચ જીવનભર નહીં કહી શકું.'

'બોલ!'

અભય વૈભવી તરફ પડખું ફર્યો. અનાયાસે એનાથી પોતાનો હાથ વૈભવીની આસપાસ લપેટાઈ ગયો.

'અભય, આપણે જેવું જીવ્યાં, લડતા-ઝઘડતાં, એકબીજાની સાથે કાવાદાવા કે રમત કરતાં...'

વૈભવીએ જાણે ડૂમાનો ઘૂંટડો ગળે ઉતારી દીધો:

'પણ સાથે જીવ્યાં છીએ. જિંદગીના બે દાયકા નાનો સમય નથી હોતો, અભય.'

વૈભવીના ચહેરા પર ક્યારેય નહીં જોયેલું સ્ત્રીત્વ ઝળકી રહ્યું હતું. અભયને કશું કહેવું હતું, પણ એણે ચૂપ રહેવાનું મુનાસિબ માન્યું અને વૈભવીને જ બોલાવી દીધી.

'અભય, તોડવું-છોડી દેવું-ફાડી નાખવું-ફેંકી દેવું કે છૂટા પડી જવું બહુ સરળ હોય છે. અઘરું હોય છે નિભાવવું...'

વૈભવીએ સ્મિત કર્યું:

'તમને નવાઈ લાગતી હશે નહીં, કે આ હું બોલું છું.'

એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં:

'કદાચ એવું પણ લાગતું હશે કે આ મારી એક નવી ચાલ છે.'

વૈભવીએ આંખો મીંચી દીધી અને થોડી ક્ષણ ચૂપ થઈ ગઈ.

અભય બેઠો થઈ ગયો. એણે વૈભવીના માથે હાથ ફેરવ્યો. એનો હાથ કપાળે અડતાં જ વૈભવીની આંખોમાંથી બે આંસુ સરકીને બે કાનની પાછળ ખોવાઈ ગયાં.

'અભય, આટલાં વર્ષોમાં હું માત્ર જીતતાં શીખી... પણ મને એ ન સમજાયું કે આ નાની નાની જીત મારી બહુ મોટી હારની દિશામાં ભરાતું એક એક પગલું હતું.'

'શા માટે આને હાર-જીતની રીતે જુએ છે, વૈભવી? આમાં ક્યાં કોઈ હાર્યું છે? હું આજે પણ, આ પળે તારી જ બાજુમાં સૂતો છું.'

'સૂતા છો... પણ અહીં છો નહીં.'

વૈભવીએ આટલું કહ્યું કે અભય જાણે ચોરી કરતાં પકડાયો હોય એમ ઝંખવાઈ ગયો.

'અભય, બહુ લાંબી વાત નથી કરવી મારે. બસ, એક જ વાત કહેવાની છે... હવે હું તમને છોડીને ક્યાંય જઈ નહીં શકું.'

વૈભવીથી ડૂસકું મુકાઈ ગયું.

'પણ તને જવાનું કોણ કહે છે? આ ઘર તારું છે. આ સંસાર, બાળકો... તારા ગળામાં પડેલું આ મંગળસૂત્ર પણ તારું જ છે, વૈભવી.'

'...પણ તમે મારા નથી રહ્યા ને, અભય!'

વૈભવી આંખો મીંચીને રડતાં રડતાં બોલી રહી હતી:

'અને હવે ક્યારેય મારા થઈ પણ નહીં શકો એ જાણું છું હું.'

'મારી મજબૂરી છે.'

અભયના અવાજમાં એક કંપ આવી ગયો:

'વૈભવી, ફક્ત થોડાંક જ વર્ષ વહેલું આ સત્ય તું સમજી હોત તો કદાચ...'

અભયથી કહેવાઈ ગયું:

'વૈભવી, તું મને ગિલ્ટ આપે છે. હું પ્રિયાને છોડી નહીં શકે.'

'હું તમને છોડવાનું કહેતીય નથી.'

વૈભવીની આંખોમાં એક અજબ તરસ, એક એવી નિર્દોષતા હતી, જે જોવા માટે અભય આટલાં વર્ષો તરસ્યો હતો.

'મારે તો માત્ર એટલું જ કહેવાનું છે કે મારે માટે તમારા હૃદયમાં જે કડવાશ, જે ધિક્કાર છે કે જે પૂર્વગ્રહો હોય એને ધીમે ધીમે છોડવાનો પ્રયત્ન કરજો. હું બદલાઈ રહી છું અભય, અને એ નવી દિશામાં જતી વખતે

મારો હાથ પકડી રાખજો.'

હવે એનાથી આગળ બોલી શકાય એમ નહોતું. એનાં ડુસકાં, એનાં આંસુ જાણે દરિયાનાં મોજાંની જેમ ઓરડાની દીવાલો પર પછડાતાં હતાં અને ફીણ ફીણ થઈને વેરાઈ જતાં હતાં.

'અભય, હવે તમે મને એ અને એટલો પ્રેમ નહીં કરી શકો એની મને ખબર છે, પણ આપણે...'

વૈભવી અભય સામે જોઈ રહી:

'આપણે સારાં મિત્રો તો બની શકીએ ને? સારાં મા-બાપ બની શકીએ... એટલું તો થઈ શકે ને?'

'વૈભવી, કેટલાક સંબંધોમાં વન-વે લેન જેવી પરિસ્થિતિ હોય છે. તમે આગળ તો જઈ શકો, પણ પાછા નથી વળી શકતા.'

'હું પાછા વળવાનું ક્યાં કહું છું?'

વૈભવી જાણે આજીજી કરી રહી હતી:

'અભય, હું માત્ર સાથે રહેવાની વાત કરું છું'

'તું છોડી કેમ નથી દેતી મને?'

અભય વૈભવીના આ નરમ અને સાવ લાગણીભીના વર્તાવથી અકળાઈ ઊઠ્યો હતો. જાણે વૈભવીનું આ નવું રૂપ એનાથી સહન ન થતું હોય એમ ચિડાઈને એ પૂછી બેઠો:

'તારે ક્યાં કોઈ મજબૂરી છે? તારી પાસે બધું જ છે. તારાં મા-બાપ... એમની સંપત્તિ... તારું રૂપ અને તારી ટેલેન્ટ અને આવડત...'

'મજબૂરી નથી એટલે જ આટલી વિનંતી કરી શકું છું. મજબૂરી હોત તો કદાચ મને મારી નબળાઈનો, મારી લાચારીનો અહેસાસ જીવવા જ ન દેત...'

વૈભવીએ અભયના ખભે હાથ મૂક્યો: 'અભય, હું જે કરું છું એ મારી ઇચ્છા, મરજી અને લાગણીથી કરું છું. મને મારી ભૂલ સમજાઈ છે.'

અભય કંઈ બોલવા જતો હતો, પણ એને રોકીને વૈભવીએ કહ્યું:

'જાણું છું કે મોડું થઈ ગયું છે. કોઈ વચન નથી માગતી...'

'વૈભવી, મને સમજાતું નથી કે હું તને શું કહું? આ ઘરમાં રહીને તને કોઈ સુખ નહીં મળે કદાચ...'

'અભય, મારાં માતા-પિતાના ઘેર જવું અઘરું નથી મારા માટે. વહેલી-મોડી એમની બધી સંપત્તિ મને જ મળવાની છે... એ ઘરમાં મારે માટે હંમેશા જગ્યા હતી અને આજે પણ છે...'

વૈભવી રડતાં રડતાં બોલી રહી હતી:

'પણ હું તમારા વિના નહીં જીવી શકું.'

વૈભવી હવે આગળ બોલી શકે એમ નહોતી. એનાં ડૂસકાંએ એનું ગળું રૂંધી નાખ્યું હતું. એ બેઠી થઈ ગઈ અને આંખો ખોલીને અભયની સામે જોઈ રહી:

'અભય, મને પણ ન સમજાય એવી રીતે તમે મારી જિંદગીનો એક એવો ભાગ બની ગયા છો, જેના વિના મારી જિંદગી અધૂરી છે. લગ્નના બે દાયકા પછી મને સમજાયું છે કે પ્રેમ એટલે શું!'

અભયથી રહી ન શકાયું. એણે એની નજીક બેઠેલી વૈભવીને ખેંચીને છાતીસરસી ભીંસી દીધી. વૈભવીનાં ડૂસકાં વધુ તીવ્ર થઈ ગયાં. અભયનો હાથ ક્યાંય સુધી હળવે હળવે વૈભવીની પીઠ પર ફરતો રહ્યો.

અત્યાર સુધી માત્ર દલીલો અને સવાલ-જવાબનો સાક્ષી બનતો રહેલો આ ઓરડો પહેલી વાર પ્રેમની ભીનાશ અનુભવીને જાણે ધન્ય થઈ રહ્યો.

વૈભવી તો રડતાં રડતાં અભયના ખભે માથું મૂકીને ઊંઘી ગઈ, પણ આટલા થાક્યા છતાં હવે અભયની ઊંઘ ઊડી ગઈ હતી...

*

જાનકી, અજય અને હૃદયના ગયા પછી શ્રીજી વિલા જાણે ખાલી ખાલી લાગતું હતું. અલય તો સવારથી ડબિંગમાં બિઝી રહેતો હતો. બસ, બે દિવસનું ડબિંગ બાકી હતું. પછી સેન્સરની વિધિ અને અલય ની ફિલમ બરાબર બે અઠવાડિયાં પછી થિયેટર્સમાં રજૂ થવાની હતી.

પબ્લિસિટી પુરજોશમાં ચાલતી હતી. ટેલિવિઝન પર પ્રોમો, જૂહુ શિવસાગરના ટર્ન પર પામગ્રોવની બહાર મોટાં મોટાં હોર્ડિંગ્સ લાગ્યાં હતાં. શહેરમાં પોસ્ટર્સ અને ટેલિવિઝનની ચૅનલ્સ પર ક્રૂ સ્ટોરી તથા અલય, અભિષેક અને અનુપમાના ઇન્ટરવ્યૂ ચાલુ થઈ ગયા હતા.

વસુમાને બતાવવા માટે શ્રેયા થોડાં મૅગેઝિન્સ અને છાપાં લઈને આવી હતી. એ જેટલી વાર જ્યાં અલયનું નામ વાંચતી એટલી વાર એનું હૃદય એક થડકારો ચૂકી જતું.

આ મારો અલય છે!

એ વાત એને દરરોજ આઠે પહોર ને ચોવીસે કલાક એના પિતાને કહેવી હતી. જેને દુનિયાએ સપનાં જોતો, સમય બગાડતો, નકામો માણસ કહીને ભૂલાવી દીધો હતો એ માણસ આજે શહેરની ગલી ગલી અને ચૌટે ચૌટે ગાજતો હતો.

ફિલમ ઇન્ડસ્ટ્રીને પણ અલય ની ફિલમ પાસેથી મોટી આશાઓ હતી. સૌ માનતા હતા કે અલય ની ફિલમ રજૂ થવાની સાથે સાથે ફિલમ ઇન્ડસ્ટ્રીમાં એક નવા જ પ્રકારના સિનેમાનો ટ્રેન્ડ ચાલુ થશે.

અલય પણ રાત-દિવસ જોયા વિના ગાંડોતૂર થઈને મહેનત કરી રહ્યો હતો.

ઍરપોર્ટ પર જે મોઘમ વાત થઈ એ સિવાય શ્રેયા અને અલય વચ્ચે કોઈ લાંબી વાતચીત થઈ શકી નહોતી, બલકે મળી જ શકયાં નહોતાં. શ્રેયાએ પોતાના મનને મનાવી તો લીધું હતું, પરંતુ એને સતત એમ લાગતું હતું કે પોતે કોઈ ભૂલ તો નથી કરતી ને?

અનુપમાને અલય ના જીવનના ભાગ તરીકે સ્વીકારવી શ્રેયા માટે અઘરી તો હતી જ… ધીરે ધીરે અનિવાર્ય પણ બનવાની હતી એવું શ્રેયાને સમજાતું હતું. શ્રેયા સ્વભાવે ખૂબ પઝેસિવ હતી. અલય ને કોઈની પણ સાથે વહેંચવાનું એને માટે શક્ય નહોતું. એમ છતાં એણે અનુપમાને પ્રમાણમાં ઘણી સ્વીકારી હતી.

એ ઘણું સમજી શકતી હતી, ઘણું જોઈ શકતી હતી અને છતાં ચૂપ રહેવા માગતી હતી…

જો કે એનું મન ખૂબ છટપટતું હતું. અનેક સવાલ ઊઠતા હતા અને આવી પરિસ્થિતિમાં એને એક જ વ્યક્તિ યાદ આવતી…

વસુમા!

શ્રીજી વિલામાં શ્રેયા દાખલ થઈ ત્યારે બપોરના ત્રણેક વાગ્યા હતા. વસુમા પોતાના ઓરડામાં આડાં પડીને કંઈ વાંચી રહ્યાં હતાં. વૈભવી બહાર ગઈ હતી. લજ્જા એના રૂમમાં ભણતી હતી.

બેલ સાંભળીને લજ્જાએ મુખ્ય દરવાજો ખોલ્યો.

‘શ્રેયાકાકી’ તમે? આ ટાઇમે?’

વર્કોહોલિક શ્રેયા નવ વાગે ઑફિસ જવા નીકળી જતી તે રાત્રે આઠ-સાડા આઠ પહેલાં ભાગ્યે જ પાછી ફરતી.

‘આજે રજા લીધી છે.’

એણે લજ્જાના ગાલ પર હાથ ફેરવ્યો:

‘ક્યારે છે પરીક્ષા?’

‘પરમ દિવસથી, કાકી…’

પછી ટિપિકલ સત્તર વર્ષની છોકરીની જેમ હાથ છટકાર્યો:

‘હાયલા… મારે કેટલું બધું વાંચવાનું બાકી છે. બહુ બીક લાગે છે, કાકી!’ ધીમેથી શ્રેયાની નજીક જઈને એણે ઉમેર્યું:

‘હવે તો મમ્મી પણ મારાં રિઝલ્ટ્સ જુએ છે. ગઈ કાલે શું ધૂળ ઝાટકી છે મારી…’

‘ગુડ!’

શ્રેયાએ બત્રીસી દેખાડી:

‘આઈ એમ હેપી ફૉર યુ. મા છે?’

‘હં… અંદર છે.’

લજ્જા સીડી ચડીને પોતાના ઓરડા તરફ અને શ્રેયા ડાઇનિંગ ટેબલ વટાવીને વસુમાના ઓરડા તરફ…

'અરે, શ્રેયા!'

વસુમાએ પીપળાનું સુકાયેલું પાંદડું બુકમાર્ક તરીકે મૂકીને સળી બહાર રહે એવી રીતે ચોપડી બંધ કરી.

શ્રેયા લગભગ દોડીને વસુમાની બાજુમાં બેસીને એમને ખભે માથું નાખીને એમને વળગી.

'શું થયું છે, વળી લડ્યાં છો બે જણ કે શું?'

શ્રેયાએ ડોકું ધુણાવીને ના પાડી, પણ એની આંખોમાં પાણી આવી ગયાં. છેલ્લા કેટલાય દિવસથી એના મનમાં ચાલી રહેલા ઉતાર-ચડાવ આજે જાણે ઝળઝળિયાં બનીને એની આંખોમાં ધસી આવ્યાં.

'મા, એવું કેમ થતું હશે કે તમે કોઈને બધું જ આપો તેમ છતાં એ માણસ તમારી દુનિયાની બહાર કશું એવું શોધવાનો પ્રયત્ન કરે, જે...'

એણે ઉપલા દાંતથી નીચેનો હોઠ દબાવી દીધો.

'અલય અને અનુપમાની વાત કરે છે?'

શ્રેયાની આંખો પહોળી થઈ ગઈ:

'મને અલયે કહ્યું.'

'બેટા, મારો દીકરો નબળો હશે, પણ ખોટો નથી.'

વસુમાએ શ્રેયાના માથે હાથ ફેરવ્યો:

'ખૂબ ચાહે છે તને.'

'તો પછી જે કંઈ થયું એ...'

'એ તો થવાનું જ હતું.'

વસુમાનું વાક્ય સાંભળીને શ્રેયાને ચીડ ચડી ગઈ.

આ સ્ત્રી એના દીકરાની ભૂલ ઢાંકવા કેટલી સફાઈપૂર્વક વાતને પલટી આપે છે! આમ તો સંસ્કાર, ઉછેર, સંબંધોની વાતો કરે છે અને આજે...

શ્રેયાના મનમાં વિચાર આવ્યો. એનાથી કહ્યા વિના ન રહેવાયું:

'મેં આવું કર્યું હોત તો?'

'તો પણ મેં આ જ કહ્યું હોત.'

વસુમાનો હાથ હજી થેયાના માથે જ હતો:

'દીકરા, હું જે માનું છું એ બધા માટે એકસરખું માનું છું. એમાં મારો દીકરો અને તું અલગ નથી. ક્ષણિક નબળાઈ બહુ સારી વસ્તુ નથી...'

વસુમાએ શ્રેયાની આંખોમાં જોયું:

'પણ એ વસ્તુ એટલી મોટી પણ નથી કે એના પર જિંદગી આખીનું બલિદાન આપી દેવાય.'

'પણ આ આગળ નહીં વધે એવી કોઈ ખાતરી છે, મા?'

હવે શ્રેયાની આંખોમાંથી આંસુ બહાર છલકાઈ ગયાં.

'અલય જો મને આપેલા વચન ખાતર મારી સાથે પરણતી હોય તો...'

'તો?'

વસુમાના ચહેરા પર સ્મિત હતું.

'તો મારે નથી પરણવું એને.'

શ્રેયાની અકળામણ એના ચહેરા પરથી, એની આંખોમાંથી, એના શરીરના રૂંવે રૂંવેથી છલકાઈ પડતી હતી.

'બેટા, એ વચનની એને કિંમત છે.'

વસુમા હજીય શ્રેયાના માથા પર હાથ ફેરવી રહ્યાં હતાં:

'અને મારો દીકરો જે પણ કરશે એ સમજીને કરશે એવો વિશ્વાસ છે મને. તું આજે મારી પાસે આવી એને બદલે અલય પાસે જઈને આ વાત આટલી જ નિખાલસતાથી ચર્ચી હોત તો કદાચ...'

'મા, હું ડરું છું.'

શ્રેયાએ પોતાના માથે મુકાયેલો વસુમાનો હાથ પોતાના બે હાથમાં પકડી લીધો:

'કદાચ અલય મને કંઈ એવું કહી બેસે, જે મારે નથી સાંભળવું...'

'બેટા, સત્ય જાણવાનો આગ્રહ તો જ રાખવો, જો સત્ય પચાવવાની તાકાત હોય. સત્ય તમને ગમે એ નથી હોતું. તમે જે ઇચ્છો એ પણ સત્ય નથી હોતું... સત્ય તો સત્ય જ હોય છે. પોતાની જગ્યાએ અટલ અને અડગ!'

'પણ મા, અલય અને અનુપમા સતત સાથે કામ કરશે. સતત સાથે રહેશે...'

'બેટા, તું અલય ની નબળાઈથી નથી ડરતી, તારી અસલામતીથી ડરે છે.'

શ્રેયા વસુમા સામે જોઈ રહી. કેટલી મોટી વાત એમણે કેટલી સાદી રીતે કહી દીધી!

'અલય શું કરશે એ તો જાણે અલય જ કહી શકે, પણ એ જે નહીં કરવાનો હોય એ પણ તેં ધારી લીધું છે, ખરું ને?'

'મા, મને સમજાતું નથી કે હું શું કરું? મન અકળાયા કરે છે. સ્વીકારવાનો ઘણી પ્રયત્ન કરું છું, પણ...'

'સ્વીકાર હોય અથવા ન હોય, બેટા. પ્રયત્નપૂર્વકનો સ્વીકાર શક્ય જ નથી.' એમણે શ્રેયાનો હાથ સહેજ

દબાવ્યો:

‘જા બેટા, હમણાં અને અત્યારે જ અલય સાથે વાત કરી લે. તારી મૂંઝવણો એને કહી નાખ. તારા સવાલો એને પૂછી નાખ…’

‘પણ મા, એ તો કામમાં બિઝી છે.’

‘જિંદગીથી વધુ અગત્યનું કયું કામ હોય, બેટા?’

વસુમાના ચહેરા પર હજીય પેલું સ્મિત કાયમ હતું:

‘જીવનની મોટામાં મોટી સમસ્યાઓ થોડું કહી નાખવાથી અને થોડું સાંભળી લેવાથી હલ થઈ જતી હોય છે… બેટા, આજના જમાનામાં કમ્યુનિકેશનના નામે સાધનો વધ્યાં છે, સંવાદ ઘટ્યો છે.’

શ્રેયા વસુમાનો હાથ પકડીને ક્ષણભર એમ જ બેસી રહી. એના મનમાં સો વિચાર આવીને ચાલી ગયા. એણે ઊંચું જોયું. વસુમા હજીય એની સામે જ જોઈ રહ્યાં હતાં.

‘બેટા, સમ-વાદ એટલે સરખેસરખી ભાગીદારીની વાતચીત. બન્ને જણ બેસીને વાત કરો. મને વિશ્વાસ છે કે તારા મનની આ મૂંઝવણ મારો દીકરો ક્ષણભરમાં ખંખેરી કાઢશે.’

શ્રેયા કોણ જાણે શું નક્કી કરીને ઊભી થઈ. એણે વસુમાનો હાથ છોડ્યો અને નમીને પગે લાગી. પછી ઊભી થઈને એણે વસુમાની આંખોમાં જોયું:

‘આજના સંવાદનું જે પરિણામ આવે એ, હું અલય સાથે લગ્ન કરું કે નહીં, પણ હું તમને મા કહેવાનું નહીં છોડું,’

‘શ્રીજી વિલાના દરવાજા તારા માટે હંમેશાં ખુલ્લા છે. અલય ને પરણે તો પણ અને ન પરણે તો પણ… હું તારા નિર્ણયમાં તારી સાથે રહીશ.’

વસુમા ઊભાં થયાં. શ્રેયાને આ સ્ત્રીના મસ્તકની પાછળ જાણે તેજનું કૂંડાળું દેખાયું:

‘તું દીકરી હતી, દીકરી છે અને દીકરી જ રહીશ, બેટા!’

* * *

57

એરપોર્ટથી બીએમડબલ્યુમાં બેસીને ઘર તરફ આવતા અજય માટે આ દેશની સ્વચ્છતા, ટ્રાફિક ડિસિપ્લિન અને શહેરવ્યવસ્થા આશ્ચર્યચકિત કરી નાખનારી હતી.

"કેવી તબિયત છે બાપુની?"

"તમે ઘેર જઈને જાતે જ જોઈ લેજો." મધુભાઈએ સ્મિત કર્યું: "બસ તમારી જ રાહ જુએ છે."

ઘર સુધીના રસ્તે ટનલ્સમાંથી પસાર થતા, હાઈ-વે પર કે શહેરના માર્ગો પર અજય આ શહેરની સમૃદ્ધિ જોઈ રહ્યો હતો. અહીં સમૃદ્ધિની છાકમછોળ હતી. ભાગતા-દોડતા, અટકતા માણસો અને ગાડીઓ હતી. બધું જાણે સતત ક્યાંક પહોંચવા માટે, કોઈ હરીફાઈમાં ઊતરીને પહેલાં પહોંચવા માટે ઉતાવળું થઈને સરકી રહ્યું હતું.

જાગી ગયેલો હૃદય પણ બારીમાંથી બહાર જોઈને ઉત્તેજિત થઈને બૂમો પાડતો હતો. જાનકીને રહી રહીને વસુમાની વાત યાદ આવતી હતી.

*

"બેટા અજય, તને નહીં સમજાય, પણ મને કેટલી શાંતિ થઈ છે તને અહીંયાં જોઈને!"

ઘણી ના પાડ્યા છતાં પોર્ચમાં અજયને લેવા આવેલા સૂર્યકાંત અજયને ભેટી પડ્યા.

અજયને પિતાના ખભા પર મુકાયેલા પોતાના ચહેરા પરની બંધ આંખોમાં શ્રીજી વિલામાં દાખલ થતા પિતા અને દોડીને એમને ચોંટી પડતો નાનકડો અજય ફરી એક વાર દેખાઈ ગયા.

"હવે તું આવ્યો છે એટલે મારે કોઈ ચિંતા રહેતી નથી. તારી બહેનનાં લગ્ન કરવાનાં છે, બિઝનેસ સંભાળી લેવાનો છે અને મારું પણ ધ્યાન રાખવાનું છે."

"ડેડી, એમને અંદર તો આવવા દો."

લક્ષ્મીએ હસીને કહ્યું અને આરતીની થાળી લઈ ભાઈ-ભાભીની આરતી ઉતારી.

અનાજના લોટાને પગ અડાડીને ઘરમાં દાખલ થતી જાનકીની આંખો છલછલાઈ આવી. એને શ્રીજી વિલામાં પોતાનો ગૃહપ્રવેશ યાદ આવી ગયો.

બધાં જઈને સ્મિતાના ફોટા પાસે ઊભાં રહ્યાં. ઘડીભર મૌન રહ્યા પછી સૂર્યકાંતે ફોટા સામે જોઈને કહ્યું:

"જાનકી, આ તમારાં બીજાં સાસુ છે અને સ્મિતા, આ છે તારી વહુ અને આ તારો દીકરો..."

ત્યાં ઊભેલાં બધાંનાં ગળાં ભરાઈ આવ્યાં. ફોટામાં હસતી સ્મિતા જાણે સાક્ષાત્ અહીં જ બધાંની સામે ઊભી હોય એવું વાતાવરણ સર્જાઈ ગયું.

દિવસભર આરામ અને અમેરિકા વિશે વાતો ચાલતી રહી. રાત્રે જ્યારે જમવાના ટેબલ પર બધાં ભેગાં થયાં ત્યારે સૂર્યકાંતે અજય સામે જોયું:

"બેટા, એકાદ અઠવાડિયું તારે મારી જે મદદ જોઈતી હોય તો..."

પછી મધુકાંતભાઈ સામે જોયું:

"બાકી તો મધુકાંતભાઈ છે જ."

એક ઊંડો શ્વાસ લઈને એમણે હળવેથી ઉમેર્યું:

"હું અઠવાડિયા-દસ દિવસ પછી ભારત જવા માંગુ છું."

"ડેડી!"

લક્ષ્મીના અવાજમાં આશ્ચર્ય છલકાયા વિના ન રહ્યું.

"હા બેટા, અલય ની ફિલમની રિલીઝ છે... તારાં લગ્ન વિશે નિર્ણયો લેવાના છે..."

"પણ તમારી તબિયત... એટલી ઉતાવળ શું છે!" જાનકીને બોલવું નહોતું, છતાં બોલાઈ ગયું.

"મારી તબિયત જ મને કહે છે કે હવે ભારત જતા રહેવું જોઈએ."

ખોળામાં બેઠેલા હૃદયને એક હળવું ચુંબન કરીને એમણે ઉમેર્યું:

"આ અબ લૌટ ચલે... નૈન બિછાયેં, બાહેં પસારે... તુજકો પુકારે દેશ તેરા..."

"પણ ડેડી, આ તબિયત તમને ટ્રાવેલિંગ કરવાની છૂટ નહીં આપે."

"તે હું ક્યાં છૂટ માગું છું?"

સૂર્યકાંતે સ્થિત કર્યું:

"મેં તો છૂટ લઈ જ લીધી છે. અજય અહીંયાં સૅટલ થઈ જાય એટલી જ વાર. એ જેટલો ઝડપી સૅટલ થશે એટલી ઝડપથી હું મારા ઘેર પાછો જઈશ."

મારા ઘેર... એ શબ્દ સાંભળ્યા પછી ડાઇનિંગ ટેબલ પર બેઠેલાં દરેકે આગળ કોઈ દલીલ ન કરી.

*

શ્રીજી વિલાથી નીકળીને શ્રેયા જે ઝડપે પાલી હિલ પહોંચી એ આશ્ચર્યજનક હતું. રાજેન્દ્રકુમારના બંગલા ડિમ્પલમાં આવેલા ડબિંગ સ્ટુડિયોમાં અલયની ફિલમનું ડબિંગ ચાલતું હતું.

બહાર લાલ લાઇટ હતી એટલે શ્રેયા થોડી વાર ત્યાં જ ઊભી રહી. લાઇટ બંધ થઈ કે સાઉન્ડપ્રૂફ વજનદાર દરવાજો ખોલીને શ્રેયા અંદર દાખલ થઈ.

"અરે, ભરબપોરે ચાંદો!"

અલયે એના ગાલ પર ટપલી મારી.

અલયની એ તદ્દન નજીક આવી ગઈ:

"મારે તારું કામ છે..."

"લગ્નનું શૉપિંગ કરવાનો ટાઇમ નથી મને."

અલય ની નજર સામે સ્ક્રિન પર ફ્રીઝ થઈ ગયેલી અનુપમાના ક્લોઝ-અપ પર હતી.

"શૉપિંગની વાત જ નથી. મારે તારી સાથે વાત કરવી છે."

કોણ જાણે શ્રેયાના અવાજમાં શું સંભળાયું અલયને કે એણે અચાનક શ્રેયા સામે જોયું. શ્રેયાની આંખોમાં કંઈક એવું હતું કે અલય ને વાતની ગંભીરતા સમજાઈ ગઈ.

"માજિદ."

અલયે એના આસિસ્ટન્ટને બૂમ પાડી:

"હું કલાક બહાર જાઉં છું."

"પણ... ડબિંગ? મને તારી જરૂર પડી તો?"

કાન પર હેડ ફોન પહેરીને, આગળ પોડિયમ પર સ્ક્રિપ્ટ રાખીને ડબિંગ કરી રહેલી અનુપમા શ્રેયાને અચાનક જોઈને ક્ષણેક માટે વિચલિત થઈ.

"ફોન..."

અલયે મોબાઇલ દેખાડ્યો.

"સાંજે વાત થાય એવું નથી?"

અનુપમાએ કોઈ કારણ વગર સીધું શ્રેયાને પૂછી લીધું. શ્રેયા એની સામે જોઈ રહી. અનુપમાને વગર બોલે જ જવાબ મળી ગયો જાણે. પછી એણે જાતને સંભાળીને અલય ને કહ્યું:

"તમે બહાર જઈને બેસો તો હું..."

"શ્યૉર..."

શ્રેયાને લઈને અલય બહાર નીકળી ગયો. અનુપમાએ હેડ ફોન ઠીક કર્યા અને ફરી સ્ક્રિપ્ટ હાથમાં પકડી:

"માજિદ, આઈ એમ રેડી."

*

અલય-શ્રેયા બહાર નીકળીને વેઈટિંગ લાઉન્જ જેવી નાનકડી ફૉયરમાં બેઠાં. એ શ્રેયા સામે જોઈ રહ્યો:

"બહુ અગત્યની વાત છે?"

"આપણી જિંદગીનો સવાલ છે."

"હું ઍરપોર્ટ પર જ વાત કરતો હતો. પણ ત્યારે તેં સાંભળી નહીં."

"ત્યારે મારી સાંભળવાની હિંમત નહોતી, અલય."

શ્રેયાનો અવાજ અત્યારે પણ ધ્રૂજવા લાગ્યો. અલયે એનો હાથ પકડ્યો. એને ઊભી કરી.

ટૅક્સીમાં બેસીને બન્ને બૅન્ડ સ્ટૅન્ડ પર આવેલી કૉફી શૉપ પર પહોંચ્યાં ત્યાં સુધી બન્નેમાંથી કોઈ એક અક્ષર બોલ્યું નહીં. શ્રેયાના મનમાં કેટલીય ગડમથલ ચાલતી હતી, જે એના ચહેરા પર પડઘાતી હતી… અલય વારે વારે શ્રેયાની સામે જોઈ રહ્યો હતો અને પોતે પણ પોતાની વાત કેવી રીતે કહેવી એ ગોઠવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

"અલય…"

કૉફી શૉપમાં બેસીને શ્રેયાએ જાણે બિઝનેસ ડીલ કરતી હોય એવી રીતે સીધી મુદ્દાની વાત કરી:

"મને બહુ ડર લાગે છે."

"શાનો?"

અલયે ટેબલ પર મૂકેલા શ્રેયાના હાથ પર પોતાનો હાથ મૂક્યો:

"કોનો ડર લાગે છે તને?"

'સાચું પૂછો તો મારો પોતાનો…'

"શ્રેયા, મારી મા હંમેશાં કહે છે કે માણસનો સૌથી મોટો દુશ્મન એ પોતે છે."

"હું માને જ મળવા ગઈ હતી."

"એટલું તો હું સમજી જ શકું છું કે આ વાત કરવાની હિંમત એને મળ્યા પછી જ આવી હશે તારામાં. મેં ઍરપોર્ટ પર જ્યારે તને કહેવાનો પ્રયત્ન કરેલો ત્યારે તું સાંભળી શકે એમ નહોતી…"

અલયે એની આંખોમાં આંખો નાખી:

"તું પૂછે ને હું જવાબ આપું… તો એ ઊલટતપાસ થઈ, શ્રેયા. તારા પૂછ્યા વિના હું તને કહું એનું નામ સત્ય."

શ્રેયાને લાગ્યું કે એ ઊઠીને અલય ને વળગી પડે. એને વહાલ કરી દે. આટલો સાચો અને આવો અણિશુદ્ધ માણસ એનો પતિ બનવાનો હતો એ વિચારે એનું હૈયું ભરાઈ આવ્યું:

"મારે કોઈ સવાલ-જવાબ નથી કરવા, અલય. બસ, એક વાત કહેવી છે."

"એ પહેલાં મારે તને કહેવા છે એક વાત."

અલયની આંખોમાં સ્ફટિકની પારદર્શકતા હતી. અવાજ એકદમ મક્કમ અને સ્થિર. રોજની જેમ એના શર્ટનું

પહેલું બટન ખુલ્લું હતું. એની છાતીના વાળ એમાંથી દેખાતા હતા. એના પહોળા ખભા, એનું આર્યન નાક અને વિખરાયેલા વાળ જોઈને શ્રેયાને અલયનો મોહ થઈ ગયો.

“શ્રેયા, તારી ગેરહાજરીમાં ગોવામાં અનુપમા સાથે જે કંઈ થયું એ તું ન સમજી શકે એવું નથી... અને છતાંય એ વાત પ્રત્યે આંખો મીંચીને પણ કોઈ ફાયદો નથી.”

અલય ની તગતગતી આંખો અચાનક નીચી થઈ ગઈ:

“હું એને મારી નબળાઈ નથી કહેતો.”

એણે એક ક્ષણ માટે પોરો ખાધો:

“અલબત્ત, તું કહી શકે છે. હું વિરોધ નહીં કરું.”

“અલય, એ ક્ષણિક નબળાઈ હોય ત્યાં સુધી મને કોઈ...”

“શ્રેયા, ઘણીબધી વસ્તુ માણસના પોતાના હાથમાંથી નીકળીને પરિસ્થિતિના હાથમાં જતી રહેતી હોય છે... અનુપમાની આંખોમાં દેખાતી તરસ હું સહી ન શક્યો.”

“તેં મારો વિચાર ન કર્યો?”

શ્રેયાને ડૂમો ભરાઈ ગયો:

“જે ખભે માથું મૂકીને અનુપમા સૂતી, જે હોઠથી તે એને ચૂમી કે જે હથેળીઓથી...”

શ્રેયા એક ક્ષણભર નીચું જોઈને ટેબલ પર પડેલાં પોતાનાં આંસુનાં ટીપામાંથી અસ્પષ્ટ આકાર બનાવતી રહી:

“થોડા જ કલાકો પછી ત્યાં હું હોઈશ એવો વિચાર ન આવ્યો તને?”

“શ્રેયા, એક વાત કહું?”

અલયે ઊંચું જોયું. હાથ લંબાવીને શ્રેયાના ગાલ પર થયેલી આંસુની ધાર લૂછી નાખી:

“શ્રેયા, હું એવો કોઈ દાવો નથી કરતો કે મને અનુપમાની દયા આવી... એનામાંનું સ્ત્રીત્વ ક્યાંક મારામાંના પુરુષત્વને સ્પર્શ્યું હશે... પણ એમાં ક્યાંય પ્રેમ નહોતો અથવા હતો તો એ તારા પ્રેમમાંથી ઓછો કરીને આપવામાં આવેલો પ્રેમ નહોતો.”

“આ બધા શબ્દો છે, અલય...”

શ્રેયાને ગુસ્સો આવી ગયો:

“રૂપાળા શબ્દો! તું એક બીજી સ્ત્રી સાથે...”

એણે મોઢું ફેરવીને ઉપલા દાંત નીચે હોઠ દબાવ્યો:

“હું એટલું જ સમજું છું કે તારું શરીર એ પળે કોઈ બીજી સ્ત્રીના બાહુપાશમાં હતું.”

એણે ફરી અલય સામે જોયું. એનાં નસકોરાં હાલતાં હતાં. આંખો લાલ થઈ ગઈ હતી અને ગુસ્સામાં શરીર ધ્રૂજવા લાગ્યું હતું.

“શ્રેયા, આ સત્ય છે. આપણે ગમે એટલો પ્રયત્ન કરીએ તો પણ ભૂતકાળને રિવાઈન્ડ કરીને ભૂંસી શકવાનાં નથી.”

અલય ના ચહેરા પર હલકી ઝાંખપ ફરી વળી હતી, પણ અવાજ હજીય મક્કમ હતો:

“તું ઇચ્છે એ સજા આપી શકે છે. મને તરછોડી દઈ શકે છે.”

“એ સજા તો મને થઈ, તને નહીં!”

શ્રેયાએ મોઢે રૂમાલ દબાવી દીધો. એની આંખોમાંથી ઝરઝર આંસુ વહેવા માંડ્યાં.

“તો શું કરું, બોલ?”

હવે અલય નો અવાજ પણ સહેજ ભીનો થયો.

“અલય, હું માની શકું છું કે આ પરિસ્થિતિ એક વાર સર્જાઈ, પણ તમે તો રોજરોજ સાથે કામ કરશો, બીજી ફિલમ-ત્રીજી ફિલમ, આઉટડોર અને પરદેશ પણ...”

શ્રેયાની આંખો એક ડરમાં, અસલામતીમાં ડૂબેલી દેખાતી હતી.

“હા, કામ તો હું કરીશ એની સાથે.”

અલયે શ્રેયા સામે જોયું:

“અને એવું વચન પણ નહીં આપી શકું કે હવે પછી એની સાથે કામ નહીં કરું.”

“એવું વચન હું માગતી પણ નથી.”

“જો શ્રેયા, ડર તારા મનમાં છે...”

“એ ડર ખોટો છે?”

“હા, એ ડર ખોટો છે. શ્રેયા, જે પળે મેં અનુપમાને પહેલું ચુંબન કર્યું...”

“નથી સાંભળવું મારે.”

શ્રેયાનો અવાજ એટલો ઊંચો હતો કે કૉફી શૉપમાં બેઠેલા બીજા લોકો પણ એમની તરફ જોવા લાગ્યા.

“સાંભળવું પડશે.”

એણે શ્રેયાના હાથ પર પોતાનો હાથ મૂકીને દબાવ્યો:

“જે પળે મેં અનુપમાને પહેલું ચુંબન કર્યું એ જ પળે મેં નક્કી કરી લીધું હતું કે આ પ્રસંગ અને આ ક્ષણ મારા જીવનમાં ફરી ક્યારેય નહીં ભજવાય.”

“એટલે?”

“વિશ્વાસ હોય તો રાખ, શ્રેયા. ભૂતકાળ ક્યારેય ભવિષ્ય નહીં બને.”

“અલય, વિશ્વાસ છે તારા પર એટલે તો આવી છું...”

શ્રેયાની આંખોમાં આટલા સમયમાં પહેલી વાર એક શ્રદ્ધા, એક વિશ્વાસ દેખાયાં અલય ને.

“શરીરને આટલું બધું મહત્ત્વ શું કામ આપે છે, શ્રેયા? કોઈ સાથે શરીરનો સંબંધ એ મનના સંબંધથી ઊંચો કે મહત્ત્વનો ન જ હોઈ શકે.”

પછી એણે બે હાથે શ્રેયાના ગાલ પકડી લીધા:

“હું તારા પડખામાં સૂઈને કોઈનો વિચાર કરું એને બદલે કોઈના પડખામાં સૂઈને તને યાદ કરું એ સ્થિતિ વધારે ઇચ્છનીય નથી?”

અલય હજી પણ શ્રેયાની આંખોમાં આંખો નાખીને જોઈ રહ્યો હતો:

“એનો અર્થ એવો પણ નથી કે મને વારે વારે આવું કરવાની છૂટ છે અથવા ઇચ્છા છે...”

અલયે બે હાથે પોતાનો ચહેરો જાણે લૂછી લીધો. પછી શ્રેયા સામે જોયું:

“હું શું માનું છું એ અગત્યનું નથી. તારે માટે મારું શરીર, મારી વફાદારીનો ભાગ છે અને હવે પછી હું તને ફરિયાદની તક નહીં આપું.”

શ્રેયા અચાનક ઊભી થઈ ગઈ અને કૉફી શૉપમાં બેઠેલા બધા જ લોકોની વચ્ચે અલય ને વળગીને ડૂસકે ડૂસકે રડી પડી.

“શ્રેયા, હું તને ચાહું છું અને તારી સાથે જ જીવવા માંગુ છું. એ માટે તારા તમામ નિયમો અને શરતો મને આજ પછી કબૂલ છે.”

એણે વળગીને ઊભેલી શ્રેયાનો ચહેરો ચિબુક પકડીને ઊંચો કર્યો:

“મારી એક ભૂલ, જેને તું ભૂલ ગણે છે એને માટે મને માફ કરી શકીશ? આજ પછી ક્યારેય એવો ભય નહીં રાખતી કે તારો અલય દુનિયાની બીજી કોઈ સ્ત્રી સાથે શરીર કે મનથી જોડાશે... આઈ પ્રોમિસ...”

શ્રેયા ક્યાંય સુધી એને વળગીને રડતી રહી અને અલયે એને રડવા દીધી.

*

રાત્રે જમ્યા પછી લક્ષ્મી રિયાના રૂમમાં આવી:

“મા...”

રિયાએ લક્ષ્મીની આંખોમાં કોણ જાણે શું જોયું, પણ એણે લક્ષ્મી કંઈ બોલે એ પહેલાં જ કહ્યું:

"લક્ષ્મી, ગઈ કાલ રાતની વાત ગઈ કાલે પૂરી થઈ ગઈ છે. આપણે કોઈ નવી વાત નહીં કરીએ."

"મા, તમે ગમે એટલી ના પાડો, મારે રોનીને મળવું છે."

"શા માટે? શું મળશે તને? જે વાત ભૂલાઈ ચૂકી છે એ વાતને ફરી યાદ કરવાનો ન તને કોઈ ફાયદો છે કે ન એને."

"મારે એ માણસને જોવો છે, જાણવો છે, જેને લીધે મારું અસ્તિત્વ સંભવ્યું."

રિયા કંઈ બોલવા જાય એ પહેલાં જ લક્ષ્મીએ એને રોકી લીધી:

"મા, મને એમની પાસેથી કોઈ અપેક્ષા નથી. હું કદાચ એમને કહું પણ નહીં કે હું એમની દીકરી છું, પણ..."

એની આંખોમાં અને અવાજમાં હવે આજીજી ઊતરી આવ્યાં:

"પ્લીઝ મા, પ્લીઝ...?"

"હું જાણતી હતી, હું જેવી આ વાત કરીશ કે એની આગળ આ પ્રકરણ આવીને ઊચું જ રહેશે."

રિયા સહેજ ચિડાઈ ગઈ:

"શા માટે જીદ કરે છે, છોકરી? કેટલી બધી જિંદગીઓ એકસાથે હચમચી જશે?"

"ભલે હચમચી જાય... એક વાર મારે એમને મળવું છે. બસ, એક વાર..."

"સ્ત્રીઓ ખરેખર મૂરખ હોય છે. જે બાપ, પતિ કે પ્રેમી કે પછી દીકરો પણ... એને છોડી જાય, ભૂલી જાય એને યાદ કરીને આખી જિંદગી વિતાવી નાખે છે. આને મૂરખ લાગણીશીલતા કહેવી કે લાગણીશીલ મૂર્ખતા?!"

રિયાની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. એ કદાચ પોતાની પણ વાત કરતી હતી.

"મા, છેલ્લે તમે એમને ક્યારે મળેલાં?"

"તારા જન્મ પહેલાં. સ્મિતા પ્રેગ્નન્ટ હતી અને હું રોની સાથે વાત કરવા ગયેલી..."

રિયા જાણે એ પળ અને એ દિવસોમાં ફરી પહોંચી ગઈ. એની આંખો શૂન્યમાં જોઈ રહી હતી...

એ પબના ટેબલ પર રોનીની સામે બેઠેલી હતી. રોનીના ચહેરા પર કોઈ ભાવ નહોતા, પણ રિયા ઉશ્કેરાટમાં, ટેન્શનમાં અને ચિંતામાં બેબાકળી હતી.

મોડી સાંજનો સમય હોવાથી પબ ખીચોખીચ ભરેલું હતું.

"જો રિયા, મેં સ્મિતાને પહેલાં જ કહ્યું હતું કે હું લગ્નમાં નથી માનતો... એ ઇન્ડિયન છે. એનાં ઇમોશન જુદાં હોય એ સમજી શકું છું, પણ તું એને સમજાવ... તને શું મળ્યું લગ્ન કરીને? એને શું મળ્યું આલ્બર્ટ સાથેનાં લગ્નથી?"

રોનીએ ઠંડકથી બિયરનો એક ઘૂંટ લીધો.

"રોની, સ્મિતા મરી રહી છે. તારાં લગ્ન આમ પણ છ-બાર મહિનાથી વધારે નહીં ટકે..."

રિયાની આંખો ઊભરાઈ ગઈ:

"એક મરતા માણસની છેલ્લી ઇચ્છા પૂરી નથી કરી શકતો?"

"ઓહ, કમ ઑન રિયા! આ બધી સ્ટુપિડ જેવી લાગણીશીલતા છે. ફૂલિશ સેન્ટિમેન્ટલિઝમ... હું આ બધાંમાં માનતો નથી અને મારાથી કંઈ નહીં થાય."

રોનીએ રિયાના હાથ થપથપાવ્યા:

"એને અબોર્શનમાં કે મેડિકલ ટ્રીટમેન્ટમાં, જ્યાં મારી જરૂર હોય ત્યાં હું હાજર હોઈશ... એને થોડા ડૉલર્સ જોઈતા હોય તો..."

"મને ખબર નહોતી કે અમેરિકન પુરુષો આટલા નિષ્ઠુર હોય છે."

રિયા ખુરશીને ધક્કો મારીને ઊભી થઈ ગઈ:

"થેન્ક્સ, મને સાંભળવા બદલ..."

રિયા ઊંધી ફરીને બહાર જવા લાગી. પછી એક ક્ષણ રોકાઈ, પાછી ફરી. રોનીની આંખોમાં આંખો નાખીને એ સાંજે એણે રોનીને કહ્યું હતું:

"બાય ધ વે, તું જવાબદારી લે કે નહીં, તારું આ સંતાન ધરતી પર જન્મ લેશે અને જો ઈશ્વર હોય, સત્ય નામની વસ્તુ ક્યાંક વસતી હોય અને સ્મિતા હૃદયથી શુદ્ધ હોય તો તારું એ સંતાન એક દિવસ તારી સામે આવીને ઊભું રહેશે. આઈ ચૅલેન્જ યુ મિસ્ટર રોનાલ્ડ, સમયના ચક્રને ફરતું કોઈ રોકી નથી શકતું..."

"બેટા, એ અમારી છેલ્લી મુલાકાત હતી. એ પછી તો સ્મિતાની તબિયત લથડતી ગઈ અને નીરવના હક-દાવા માટે હું અને વિષ્ણુ ઝઘડતાં રહ્યાં. હું મારા પ્રશ્નમાં રહી અને સ્મિતા એની દુનિયામાં! અમે માત્ર ફોન પર મળતાં... એ પછી હું ન રોનાલ્ડને મળી શકી કે ન સ્મિતાને."

એણે લક્ષ્મીના ચહેરા પર વહાલસાયો હાથ ફેરવ્યો:

"તું જન્મી પછી એક વાર હું સ્મિતાને મળવા આવેલી... બસ!"

"હું ક્યાં શોધું એમને?"

લક્ષ્મી જાણે અસહાય થઈ ગઈ:

"ઓગણીસ વર્ષ થઈ ગયાં!"

"આપણે અમેરિકન બૅન્કમાં તપાસ કરીએ. કદાચ કોઈ માહિતી મળી જાય. મારી જૂની ડાયરીમાં રોનીનો નંબર હશે કદાચ. હું ડાયરી ફેંકતી નથી."

"પ્લીઝ મા, તમે મારી મદદ કરો."

"હજી કહું છું કે ભૂતકાળમાં પડ ખોલવાનું રહેવા દે."

"પડ તો ખૂલી ચૂક્યાં છે. હવે મારે એના તળિયા સુધી પહોંચી જવું છે..."

રિયાના ખભે માથું મૂકીને લક્ષ્મી ક્યાંય સુધી બેસી રહી. બન્ને જણે સવારે ઊઠીને બૅન્ક ઑફ અમેરિકામાં તપાસ કરવાનું નક્કી કર્યું.

જો કે એકબીજાની બાજુમાં સૂતેલી લક્ષ્મી અને રિયામાંથી આખી રાત કોઈને નિરાંતની ઊંઘ ન આવી, પણ એ તો સ્વાભાવિક જ હતું.

*

પથારીમાં પડખાં બદલતી અનુપમા જાણે અત્યારે પણ અલય ની છાતીના વાળનો સ્પર્શ પોતાના ચહેરા પર અનુભવી રહી. આઠ બાય આઠના સુંદર-સુંવાળા પલંગ પર આઠ-દસ ફેધરનાં ઓશીકાં જોડે સૂતેલી અનુપમાને કોઈ રીતે ઊંઘ નહોતી આવતી.

આખી સાંજ એણે મોબાઇલ હાથમાં રાખીને અલયના ફોનની રાહ જોઈ હતી, પણ અજયના જવાની તૈયારીમાં અને ડબિંગની સ્ક્રિપ્ટ ફાઇનલ કરવામાં ડૂબેલો અલય જાણે અનુપમાને ભૂલી જ ગયો હતો.

અનુપમાએ કંઈ કેટલાય મેસેજ મોકલ્યા હતા, પણ એકનોય જવાબ નહોતો આવ્યો.

અનુપમાનો ગુસ્સો હદ વટાવી ગયો હતો.

એણે કંટાળીને ડ્રિન્ક બનાવ્યું. એક... બે... ત્રણ... કોને ખબર કેટલા?

મોબાઇલ પર આવતા બધા જ ફોન એણે ડિસકનેક્ટ કર્યા. એકમાત્ર અલય ના ફોન કે મેસેજની રાહ જોતી અનુપમાએ આખરે કંટાળીને અલયને ફોન પણ કર્યો...

"બિઝી છું. પછી ફોન કરું."

અલયના અવાજમાં ન ઉષ્મા હતી ન કોઈ આરોહ-અવરોહ!

અનુપમાએ ફોન પટકી દીધો:

આ હિંમત?

કદાચ અનુપમાને પોતાનેય નહોતું સમજાયું એવી રીતે પોતાની સ્વસ્થતાના અંચળા હેઠળ અને બલિદાનના ઓઠા હેઠળ અનુપમાએ અલય સાથે એક સોદો કરવાનો પ્રયત્ન કર્યો હતો. અલબત્ત, જાણીજોઈને નહીં જ! એ ઊંડે ઊંડે કદાચ માનતી હતી કે પોતાના આ બલિદાન અને ત્યાગના રંગને જોઈને અલય જીવનભર બંધાઈ જશે. અને પોતાના રૂપ પર, પોતાની બુદ્ધિ પર, પોતાની સફળતા પર અને પોતાના અનુપમા હોવાપણા પર અજબ ગર્વ હતો.

અલયની સામે ઘૂંટણિયે પડીને જ્યારે એણે અલયનો પ્રેમ માગ્યો ત્યારે એના સુષુપ્ત મનમાં ક્યાંક એમ હશે કે

હવે અલય કાયમ માટે એનો થઈ જશે, પરંતુ એવું થઈ શક્યું નહીં! એટલું જ નહીં, ગોવાથી પાછા ફર્યા પછી અલયની સ્વસ્થતા એને માટે અસ્વસ્થતાનું કારણ બની.

સામાન્ય રીતે પોતાની જાતને અનુપમા બહુ સ્વસ્થ માનતી. એને ખબર નહોતી એવી રીતે એની અંદર એક હલચલ થઈ ગઈ હતી. એની તમામ સ્વસ્થતા, એની તમામ બુદ્ધિ અને લૉજિકનાં મહોરાં ખરી પડ્યાં હતાં. આખી સાંજ એ અલયના વિચારોમાં અકળાતી-અટવાતી રહી.

રહી રહીને એને એક જ વિચાર આવતો હતો:

અલય વિના કેવી રીતે જીવી શકાશે?

આ બધું તો તારે એને પ્રેમ કરતાં પહેલાં વિચારવાનું હતું. બહુ સમજાવી હતી એણે તને...

અનુપમાનું જ મન એની સાથે દલીલ કરતું હતું:

તો? સમજાવી એથી શું? હું ચાહું છું એને... કંઈ માગતી નથી. માત્ર આપવા માગું છું - જીવનભર...

તું જે આપવા માગે છે એના બદલામાં એણે શું ખોવું પડશે એની કલ્પના છે તને?

એનું જ મન એને કહી રહ્યું હતું:

અનુપમા, જાતને છેતરવાનું બંધ કર. તેં જ કહ્યું હતું કે તું બીજી વાર અલય નો વિચાર સુધ્ધાં નહીં કરે. આજે શું થઈ રહ્યું છે આ? તેં જ કહ્યું હતું કે એ પળને સંઘરીને તું જીવી જઈ શકીશ. હવે કયો મોહ, કઈ ઝંખના, કઈ તરસ જગાડે છે તને?

અનુપમા ઊભી થઈ... એણે પોતાનો વૉર્ડરોબ ખોલ્યો. એમાં મૂકેલું અલયનું શર્ટ બહાર કાઢ્યું. ઍરપોર્ટ પર અલયે પહેરાવેલું એ શર્ટ ન અનુપમાએ પાછું આપ્યું ને ન અલયે પાછું માગ્યું...

એ શર્ટને છાતીસરસું ચાંપીને અનુપમા જાણે અલયને વહાલ કરતી હોય એમ પાગલની જેમ ચૂમવા લાગી:

ઓહ, અલય... આઈ લવ યુ... આઈ લવ યુ, અલય...

એ જ વખતે એનો મોબાઇલ રણકી ઊઠ્યો:

"અલય?!"

અનુપમાના અવાજમાં હજીય પેલો નશો અને ધ્રુજારી અકબંધ હતાં:

"અત્યારે?"

"અનુ! વ્હૉટ અ ફેન્ટાસ્ટિક સિકવન્સ..."

અલયના અવાજમાં ઉત્સાહ ઉછાળા મારતો હતો:

"આ ફિલમ તને ઓસ્કાર અપાવે તો નવાઈ નહીં. ફિલમફેર તો નક્કી છે."

"પણ મને જે જોઈએ છે એ નહીં અપાવી શકે."

અનુપમાએ કહ્યું અને ચૂપ થઈ ગઈ.

"અનુ! તે મને વચન આપ્યું હતું કે...

"આપ્યું હતું."

અનુપમાએ જોરથી ચીસ પાડી. લગભગ સ્કિઝોફ્રેનિક માણસ પાડે એવી ચીસ હતી એ:

"આપ્યું હતું વચન, હવે નહીં પાળું તો શું કરી લઈશ?"

"અનુ!"

અલય નો અવાજ સ્વસ્થ અને સંયત હતો. જાણે એને આ પ્રકારના વર્તનની અપેક્ષા હતી જ.

"હું આપઘાત કરીશ."

"તો મારી ફિલમ હિટ થઈ જશે... વર્ષો સુધી લોકો યાદ રાખશે, ઇતિહાસ બની જઈશ તું."

અલય હસ્યો

"હસ નહીં, હું સાચે મરી જઈશ... અને ચિઠ્ઠી લખીશ કે હું તારે માટે આપઘાત કરું છું"

અલય ફરી હસ્યો:

"ગુડ! એથી હું તને મળી નહીં જાઉં, અનુપમા."

અલય ના અવાજમાં અચાનક જ મક્કમતા ભળી ગઈ:

"મેં કહ્યું હતું તને... બહુ અઘરું છે, અનુપમા."

"હા, હા, કહ્યું હતું ને મેં સાંભળ્યું પણ હતું... પણ હવે હું નથી માનતી એ વાત. હું તારા વિના નહીં જીવું, અલય..."

"તો શું કરીશ?"

અલય હજી પણ સ્વસ્થ અને મક્કમ જ હતો.

"કહ્યુંને, મરી જઈશ."

અનુપમાનો અવાજ ઓરડામાં જાણે પડઘાયો:

"હું મરી જઈશ, અલય... મારે નથી જીવવું તારા વિના."

"અનુ, આપણે કાલે વાત કરીએ?"

"ફોન નહીં મૂકતો, અલય..."

અનુપમા ચીસો પાડી રહી હતી.

"અરે! હું કામ કરું છું. મને લાગ્યું કે મારે તને કૉમ્પ્લિમેન્ટ આપવા જોઈએ એટલે મેં ફોન કર્યો..."

"બસ, એટલું જ? મારી યાદ, મારો અભાવ, મારી તરસ નથી?"

અનુપમાના અવાજમાં વીંધાયેલી વાઘણ જાણે ત્રાડ પાડી રહી હતી.

અલય ના અવાજમાં હજી એ જ મક્કમતા હતી.

"અલય, તું શ્રેયાને કહી દે..."

અનુપમાએ હોઠ ભીંસ્યા:

"કહી દે એને કે તું ચાહે છે મને... તું મારી સાથે..."

"એ જાણે છે."

અલયે એટલી જ સ્વસ્થતાથી કહ્યું:

"અને તું પણ જાણે છે કે એ જાણી ગઈ છે."

ક્ષણેક અટક્યો અલય:

"અનુ, ખરેખર તો મને શ્રેયા પાસેથી આવા રિઍક્શનની અપેક્ષા હતી અને તારી પાસેથી એક સ્વસ્થતાની, એક સમજદારીની આશા હતી. એને બદલે..."

"એને બદલે શું, અલય?"

અનુપમાનો અવાજ ધ્રૂજતો હતો. એનું આખું શરીર ઉશ્કેરાટ અને ક્રોધમાં વૃક્ષના પાંદડાની જેમ કંપતું હતું:

"મારે જે કહેવાનું હતું એ મેં કહી દીધું... હવે તારે જે કરવાનું છે એ તું કર."

"હું એ જ કરું છું."

અલયે પૂર્ણવિરામની જેમ કહ્યું:

"મારું કામ!"

"અલય, તું ભૂલ કરે છે. મને તરછોડીને... તું તારી કરિયર... અને તારી જિંદગીને તરછોડી રહ્યો છે. તારું ભવિષ્ય મારી સાથે છે, અનુપમા ઘોષ સાથે! તારી લાઇફ મેં બનાવી છે, અલય."

"મને હતું જ... મને હતું જ કે આ વાત હજુ સુધી કેમ ન આવી?"

અલય હસ્યો:

"ક્યાં ગઈ એ અનુપમા, જે મને કહેતી હતી કે મને સ્વીકારી લે, મારી આ તરસ, મારી આ ઝંખના, મારી આ

જિજીવિષા શાંત કરી દે. મારો મોક્ષ કરી દે અલય, મારું તર્પણ કરી દે.”

અલય ના અવાજમાં સહેજ કડવાશ પણ ભળી ગઈ:

“યાદ છે મેકઅપ વેનની એ વાત, જેમાં અનુપમા ઘોષ બોલી હતી-ઈશ્વરે મારા માટે જે લખ્યું હતું તે પણ મેં ખોટું પાડ્યું છે. એણે વિચાર્યું હશે કે એ મારી જિંદગીમાં તને નહીં પ્રવેશવા દઈને મને તરસી રાખશે, પણ મેં તો એક જ ઘૂંટડો એટલો મોટો ભર્યો અલય, કે મારો આખો જનમારો તૃપ્ત થઈ ગયો… એ અનુપમા અને આ અનુપમા વચ્ચે આસમાન-જમીનનો ફેર છે.”

“છે! ફેર છે… કારણ કે મને એ વખતે નહોતું સમજાયું અલય, કે તારા વિના જીવવું આટલું અઘરું પડશે…”

અનુપમાનો અવાજ હજીય ઊંચો હતો. એ રડતાં રડતાં બોલતી હતી:

“આઈ કાન્ટ લીવ વિધાઉટ યુ… હું નહીં જીવું તારા વગર, અલય…”

અચાનક ડૂસકાં રોકીને સાવ નરમઘેંશ અવાજમાં એણે પૂછ્યું:

“તું ભૂલી ગયો, અલય? તે કહ્યું હતું મને કે હું તારી જવાબદારી છું”

એ તો આજે પણ છે, પરંતુ આ રીતે નહીં.”

અલય નો અવાજ સ્થિર અને સંયત હતો.

“અનુપમા, મને તારા માટે લાગણી છે, માન છે, પણ તારા મિજાજના અને મનઃસ્થિતિના આવા ઉતાર-ચડાવ સાથે હું મારી જાતને બદલી નહી શકું. ભૂલી જા એ બધું…”

“તું…”

અનુપમા હવે નાના બાળકની જેમ કરગરતી હતી:

“તું ભૂલી ગયો છે, અલય? હેં, અલય… તું ભૂલી ગયો છે? એ ક્ષણ, એ પ્રેમ, એ ઉન્માદ એ એકમેકમાં સમાઈ જવાની…”

અલયે એને વચ્ચે જ રોકી:

“આપણી વચ્ચે નક્કી થયું હતું કે આપણે ક્યારેય એ વાત અને એ રાત યાદ નહી કરીએ. અનુપમા, તારો તારી જાત પર કાબૂ નથી રહ્યો! જો આમ જ ચાલશે તો મારે બધું ભૂલી જવું પડશે.”

“હું તને ભૂલી જાઉં એ શક્ય નથી ને તું મને ભૂલી જાય એ હું થવા નહીં દઉં.”

અનુપમાએ આખો બંગલો ધ્રૂજી જાય એવા અવાજે ચીસ પાડી:

“હું મરી જઈશ… પણ તને યાદ રહીશ.”

આટલું બરાડી એણે મોબાઇલ છુટ્ટો દીવાલ તરફ ફંગોળ્યો. પછી ભીંતમાં માથું પછાડવા લાગી.

સામે છેડે અલય એના સેલ પર અનુપમાનું રડવું, એની ચીસો અને ભીંતમાં માથું પછાડવાનો અવાજ સાંભળતો રહ્યો...

* * *

58

બ્રુકલિન બ્રિજના ખૂણે રેલિંગને અઢેલીને શાંતિથી ઊભેલા બાપ-દીકરો ધીમે ધીમે દરિયાનાં કાળાં થતાં જતાં પાણીને જોઈ રહ્યા હતા...

ખાસ્સી વારથી બન્ને ચૂપચાપ ઊભા હતા. જો કે સૂર્યકાંતને ઘરની બહાર નીકળવાની ડૉક્ટરે ચોખ્ખી ના પાડી હતી, છતાં આજે જીદ કરીને અજયની સાથે સૂર્યકાંત બહાર નીકળ્યા હતા.

ગાડીને થોડે દૂર પાર્ક કરીને બ્રુકલિન બ્રિજના વૂડનના પ્લૅટફૉર્મ પર દીકરાનો હાથ પકડીને ધીરે ધીરે ચાલતા સૂર્યકાંતને લાગ્યું કે એમનું જીવન સફળ થઈ ગયું!

આખી જિંદગી સૂર્યકાંતે આવી જ કોઈ ક્ષણનાં સપનાં જોયાં હતાં. ભારત છોડીને અમેરિકા આવીને વસી ગયેલા સૂર્યકાંતને ખરું પૂછો તો સંતાનો ક્યારેય ભુલાયાં નહોતાં. એમાં પણ અંજલિ અને અજય તો સૂર્યકાંતને થોડાં વધુ વહાલાં એમ કહીએ તો ના નહીં.

બ્રિજ પર ખાસ્સી ચહલપહલ હતી. એકબીજાના હાથમાં હાથ પકડીને ઢળતી સાંજને માણી રહેલાં પ્રેમીઓથી શરૂ કરીને ડૉગીને સાથે લઈને ફરવા આવેલી ફૅશનેબલ અતિ પાતળી અમેરિકન સ્ત્રીઓ, બર્ગર હાથમાં લઈને ખાવામાં જ જીવનનું સાર્થક્ય માણી રહેલા સ્થૂળ અમેરિકનો, પરદેશથી ન્યૂ યોર્ક જોવા આવેલા ઇટાલિયન, ચાઇનીઝ, જપાનીસ, ફ્રેન્ચ અને એશિયન ચહેરાઓ...

સાવ એકાકી, ચૂપચાપ બાંકડા પર બેઠેલા અમેરિકન વૃદ્ધો અને બ્રિજની રેલિંગને અઢેલીને એકબીજાને ચુંબન કરી રહેલાં ટીનએજ અમેરિકન યુગલો.

એક સાવ નવી જ દુનિયા અજયની સામે ઊઘડી રહી હતી. વિશ્વના સૌથી સમૃદ્ધ દેશ, એક મહાસત્તાની ધરતી પર ઊભો હતો એ. ગઈ કાલ સાંજ સુધી એ એક નિષ્ફળ, પોતાની જાતને સાબિત નહીં કરી શકેલો, પત્ની અને ભાઈના પૈસા પર જીવતો નબળો વકીલ હતો. આવતી કાલે સવારથી એ કરોડો ડૉલરની સંપત્તિ ધરાવતી ગ્રુપ ઑફ કંપનીઝનો મૅનેજિંગ ડિરેક્ટર બનવાનો હતો. આજની સાંજ અને આવતી કાલની સવાર વચ્ચેની આ રાત અજયની જિંદગી પલટી નાખવાની હતી.

સૂર્યકાંતે સાંજે અચાનક જ અજયને પોતાના ઓરડામાં બોલાવ્યો. પછી થોડી વાર ચૂપચાપ બેસી રહ્યા અને ધીરે રહીને એને પોતાના વીલની કેટલીક વિગતો સંભળાવી.

"મને શા માટે કહો છો આ બધું?"

શું બોલવું એ ન સમજાતાં અજયે પૂછ્યું.

"એટલા માટે કે આ સંપત્તિનો વહીવટ તારે કરવાનો છે. મને લક્ષ્મીની ચિંતા હતી, પણ હવે નથી. નીરવ ખૂબ સારો છોકરો છે અને આર્થિક રીતે પણ એની ચિંતા કરવાની જરૂર હવે રહી નથી..."

એક ઊંડો શ્વાસ લઈને સૂર્યકાંત આંખો મીંચીને થોડી વાર ચૂપચાપ પડી રહ્યા:

દેવશંકર મહેતાનાં પુણ્ય હશે આ...

જરા સ્મિત આવી ગયું એમના ચહેરા પર:

મેં તો પુણ્ય કર્યાં નથી, પણ આ ઘરની દીકરીઓ એવા ઘરમાં ગઈ જ્યાં સાક્ષાત્ લક્ષ્મીની જેમ પૂજાશે. મારી અંજલિ ને મારી લક્ષ્મી...

કંઈ બોલ્યા વિના એ આંખો મીંચીને ચૂપચાપ બેસી રહ્યા.

અજય પણ જાણે એમને બોલવાનો અવકાશ આપતો હોય એમ ચૂપચાપ એમના બોલવાની રાહ જોતો બેસી રહ્યો.

“બેટા, તને કદાચ જુનવાણી લાગશે, પણ બાપને દીકરાઓની ચિંતા નથી હોતી બહુ.”

એમણે આંખો ઉઘાડી, હલકી ભીનાશ અને ગજબ વહાલ હતું એમની આંખોમાં:

“દીકરી સારે ઘેર પરણી જાય એટલે કોઈ પણ બાપને મરવાની પરમિશન મળી જાય.”

“આવું શું કામ બોલો છો?”

અજયે એમનો હાથ પકડી લીધો.

હસી પડ્યા સૂર્યકાંત:

“હું અમેરિકામાં નથી મરવાનો.”

“બાપુ!”

સૂર્યકાંત અને અજય ક્યાંય સુધી એકબીજા સાથે વાતો કરતા રહ્યા. વસુમા વિશે, અજયના બાળપણ વિશે, દેવશંકર મહેતા વિશે અને ફરી ફરીને એક વાર વસુમા વિશે.

“બાપુ, માએ તમારા માટે સંદેશ મોકલ્યો છે.”

“આમ તો બહુ વાંચે છે તારી મા. સાહિત્યની મોટી લાઇબ્રેરી છે જાતે જ! એક કાગળ પર ચાર અક્ષર પાડતાં શું નડ્યું તારી માને?”

સૂર્યકાંતે પૂછ્યું, પણ એ સવાલમાં ફરિયાદ ઓછી અને લાડ વધારે હતાં.

“બાપુ, માએ કહ્યું છે કે એણે તો રાહ જોઈ જ છે અને જોતી જ રહેશે, પણ હવે પાછા ફરવાનો સમય થઈ ગયો છે.”

સૂર્યકાંતની આંખો અચાનક બદલાઈ ગઈ. એમણે અજય સામે એવી રીતે જોયું જાણે અજય જ વસુમા હોય.

“આથમતા સૂરજના સમયે પંખી પણ ઘેર પાછાં ફરે, પણ મા કહે છે કે આપણે તો માણસ છીએ.”

સૂર્યકાંતનું હૃદય ભરાઈ આવ્યું. એમની નજર સામે દેવશંકર મહેતાનો હીંચકો ઝૂલવા લાગ્યો. હવેલીમાં દાખલ થતાંની સાથે ગૂગળના ધૂપની જે સુવાસ એમના આખા અસ્તિત્વને ઘેરી લેતી એ અહીં અમેરિકાના ઘરમાં કોણ જાણે ક્યાંથી આવી લાગી! એ હવેલીના વિશાળ દરવાજા, બે તરફ સોનાની ફ્રેમમાં જડેલાં ચિત્ર,

દેવશંકર મહેતાનો ઝૂલતો હીંચકો, હીંચકાની રણકતી ઘૂઘરીઓ અને એના પર બેઠેલા કોઈ સાક્ષાત્ દેવપ્રતિમા જેવા સુંદર શરીરસૌષ્ઠવ ધરાવતા ઊંચા, દેખાવડા દેવશંકર મહેતાની આંખો સૂર્યકાંતની સામે જોઈ રહી હતી.

"બાપુ, તમારા બાપુજી કહેતાને કે સંધ્યાટાણાની ઝાલર વાગે ત્યારે માણસે ઘરભેગા થવું જોઈએ..."

દૂર બ્રુકલિન બ્રિજના દરિયાને છેડે આકાશ કેસરી થઈ ગયું હતું. કેસરી અને જાંબુડિયા રંગની સાંજ બાપ-દીકરાની આસપાસ વીંટળાઈ વળી હતી. આટલી બધી ચહલપહલની વચ્ચે જાણે એ બે જ જણ ઊભા હોય એમ આસપાસનું ચિત્ર બન્નેની આંખોનાં ઝળઝળિયાંને કારણે ડિફ્યુઝ થઈ ગયું.

બન્ને એકબીજાને ભેટી પડ્યા.

સૂર્યકાંતનો હાથ અજયની પીઠ પર ફરતો હતો અને એમનાથી કહ્યા વિના ન રહેવાયું:

"બેટા, તેં અહીં આવીને મારા પર બહુ મોટો ઉપકાર કર્યો છે."

"આ શું બોલો છો, બાપુ?"

અજયે અલગ થતાં પૂછ્યું.

"બેટા, કોઈ તમને એના મકાનની ચાવી સોંપીને જાય એટલે તમારા પોતાના મકાન કરતાંય વધુ બીજાનું મકાન સાચવવાની તમારી જવાબદારી બને છે."

સૂર્યકાંતની આંખો સામે સ્મિતા હસી રહી હતી.

"રોહિતના ગયા પછી મારી કમર ભાંગી ગઈ, બેટા."

સૂર્યકાંતની નજર સામે રોહિતનો પાટા બાંધેલો, પોસ્ટમૉર્ટમ કરેલો નિશ્ચેત દેહ તરવરી રહ્યો.

"એટલે?"

અજયના અવાજમાં સહેજ નિરાશા ઊતરી આવી:

"રોહિત ગયો એટલે મને..."

સામેનું કેસરી આકાશ અજયની આંખોમાં પ્રતિબિંબિત થતું હતું. એક ઘડી પહેલાંનો વહાલસોયો લાગણીભર્યો અજય ફરી એક વાર નિષ્ફળતા અને વારંવાર સાંભળેલાં મહેણાં પોતાની આંખોમાં લઈને સૂર્યકાંતની સામે જોઈ રહ્યો હતો:

"રોહિત હોત તો તમે ન બોલાવ્યો હોત મને? હું શા માટે દરેક વખતે બીજી ચૉઈસ હોઉં છું, બાપુ?"

"રોહિત હતો ત્યારેય એની પાસેથી બહુ આશા નહોતી, બેટા!"

સૂર્યકાંતની આંખોમાં એક સચ્ચાઈ હતી:

"પણ આ જે કંઈ હું તને સોંપી રહ્યો છું એનો પહેલો હકદાર તો રોહિત જ હતોને..."

"બાપુ, તમારી આટલી સમજદારી અને આટલું વહાલ રોહિતને કેમ બદલી ન શક્યાં?"

"બેટા, આ સવાલ હું પણ મારી જાતને પૂછતો રહ્યો છું, વારંવાર..." સૂર્યકાતે નિ:શ્વાસ નાખ્યો:

"અને એના જવાબમાં મારા મને દરેક વખતે એક જ જવાબ આપ્યો, વસુંધરાની આટલી બધી સચ્ચાઇ, સમર્પણ અને સ્નેહ જો મને ન બદલી શક્યાં તો..."

અજયના ચહેરા પર સૂર્યકાંતે હાથ ફેરવ્યો:

"ગ્રહ-નક્ષત્રોમાં નથી માનતો હું, પણ હા, કુદરત હોય છે... તમે જે કરો એ તમને આ જ જિંદગીમાં, અહીં જ... સામે આવીને મળતું હોય છે."

"તો આ સંપત્તિ મને શું કામ મળી ગઈ? હું કોણ છું?"

અજયે સવાલ કર્યો.

"બેટા, હું પણ નથી જાણતો અને છતાં ઈશ્વરને સાક્ષી રાખીને મારાથી થઈ શકે એટલી ન્યાયી વહેંચણી કરી છે મેં... આ કરોડો ડૉલરની સંપત્તિ મારી નથી, બેટા. એને ઇચ્છું તો એક મિનિટમાં છોડી દઉં. હું તો અહીં આવ્યો ત્યારે હાથ હલાવતો આવ્યો હતો... આ દેશમાંથી મારે કંઈ લઈ જવાનું નથી."

એ દૂર ક્ષિતિજ તરફ જોઈ રહ્યા:

"સ્મિતાએ આ દેશમાં એક સારી જિંદગી આપી મને... અને લક્ષ્મી."

એમને ડૂમો ભરાઈ ગયો:

"બેટા, સ્મિતાની સંપત્તિ અને સ્મિતાની દીકરી હવે તારી જવાબદારી છે!"

"બાપુ, આજે સાવ નવું રૂપ જોઉં છું તમારું!"

અજય ખરેખર આંખોમાં આશ્ચર્ય સાથે સૂર્યકાંત તરફ જોઇ રહ્યો:

"મને તો એમ કે તમે અમેરિકાના મોહમાં, અહીંની ચમકદમકમાં અને અહીંનાં સુખ-વૈભવમાં અમને ભૂલી ગયેલા, પણ..."

"મોહ? મને? પણ કોઈએ સોંપેલી આ અમાનતને મારે જાળવવાની છે એ વિચારે મૃત્યુને પણ દૂર ઠેલતો રહ્યો છું."

એમણે અજયના માથે હાથ ફેરવ્યો:

"હવે તું આવ્યો છે એટલે મારી બધી ચિંતા દૂર થઈ ગઈ. તું સંભાળી લે બધું એટલે હું નિરાંતે મારે ઘેર પાછો જાઉં."

બાપ-દીકરો બન્ને ક્યાંય સુધી ચૂપચાપ એક નજીકના બાંકડા પર બેસી રહ્યા. સાવ અંધારું થઈ ગયું અને ન્યૂ યોર્ક શહેરની નિયોન લાઇટ્સ શહેરને ઝળાંહળાં કરવા લાગી ત્યારે અબ્દુલથી ન રહેવાયું એટલે એ એમને

શોધતો આવી લાગ્યો.

બાપ-દીકરાને ચૂપચાપ બેઠેલા જોઈને થોડીક ક્ષણ એ પણ એમ જ ચૂપચાપ ઊભો રહ્યો. પછી એણે ધીમેથી કહ્યું:

"સાહેબ, ઘેર જઈએ? બેબીબેન રાહ જોતાં હશે."

સૂર્યકાંતને ત્યારે જ ખયાલ આવ્યો કે ઘેરથી નીકળીને ચાર કલાક થઈ ગયા હતા. બન્ને જણ સેલ્યુલર લીધા વિના આવ્યા હતા એટલે હવે લક્ષ્મીની ચિંતા કરે એ સ્વાભાવિક હતું.

અજયના ટેકે બાંકડા પરથી ઊભા થતા સૂર્યકાંતને ફરી એક વાર જિંદગી જીવવા જેવી લાગવા માંડી!

*

"હું તને ભૂલી જાઉં એ શક્ય નથી ને તું મને ભૂલી જાય એ હું થવા નહીં દઉં."

અનુપમાએ આખો બંગલો હલબલી જાય એવા અવાજે ચીસ પાડી:

"હું મરી જઈશ... પણ તને યાદ રહીશ."

અને પછી મોબાઇલ છુટ્ટો દીવાલ તરફ ફંગોળ્યા અને ભીંતમાં માથું પછાડવા લાગી...

અલય નો ફોન ચાલુ હતો. અનુપમાનું રડવું, એની ચીસો અને ભીંતમાં માથું પછાડવાનો અવાજ એ સાંભળતો રહ્યો.

પહેલાં અલય ને વિચાર આવ્યો કે એ હમણાં જ અનુપમાને ત્યાં પહોંચી જાય, એને બાહુપાશમાં લે અને હળવે હળવે પંપાળીને શાંત કરી દે, પરંતુ એ જ વખતે એના મને કહ્યું કે આજે જો એ એવું કરશે તો આ રોજનો ક્રમ બની જશે.

અનુપમા બીમાર હતી એવું અલયને પહેલી વાર સમજાયું. પેલી રાતે ગોવામાં ઘૂંટણિયે પડીને પોતાનું સમર્પણ કરી રહેલી ત્યાગ અને બલિદાનની દેવી અનુપમા તો કોઈ બીજી જ હતી. અત્યારની અનુપમા જે રીતે ચીસો પાડી રહી હતી એ સાંભળીને અલય પોતાની જાત પર વિશ્વાસ ન કરી શક્યો.

એણે ફોન કાપી નાખ્યો અને સંજીવને ફોન લગાડ્યો. ખાસ્સી રિંગો વાગ્યા પછી જાણે માઉથ પીસ પર હાથ રાખીને બોલતો હોય એવો દબાયેલો, ગભરાયેલો અવાજ અલય ના કાને પડ્યો:

"હું અહીં જ છું."

અલયે નિરાંતનો શ્વાસ લીધો:

"ઓકે."

"બેબી તોફાને ચડી છે. પ્લેટો તોડી રહી છે. ચીસો પાડે છે અને ભીંતમાં માથું પછાડી પછાડીને લોહી કાઢ્યું છે. શી ઈઝ કમ્પ્લિટલી આઉટ ઑફ કન્ટ્રોલ. મેં ડૉક્ટરને ફોન કર્યો છે, બટ યુ ડોન્ટ વરી."

"અરે, શું ડોન્ટ વરી... મારી તો..."

અલય ના મોઢામાંથી ગાળ નીકળી જાત, પણ એણે જાતને સંભાળી લીધી.

"બેબી સાથે આ નવું નથી. જો કે ઘણા વખતથી આવો અટેક નથી આવ્યો, પણ શી વૉઝ અન્ડર ટ્રીટમેન્ટ."

"વ્હૉટ?"

અલયે સંજીવને પૂછ્યું.

"હા, અનુપમા માનસિક રીતે... તમે શું આશા રાખો છો એક એવી છોકરી પાસેથી, જેને એની મા જ પોતાના પ્રેમીને સોંપી દેવા તૈયાર હતી? જેણે બાળપણથી શરીર સિવાયનો કોઈ સંબંધ જોયો જ નથી. શરીર આપો તો બદલામાં જિંદગીનાં સુખ મળે એવી લેવડદેવડ જેને દૂધ છોડીને ચા શરૂ કરે એ પહેલાં સમજાઈ ગઈ હતી... એવી એ છોકરી પાસે તમે સમજદારીની આશા રાખો છો?"

સંજીવનું ગળું ભરાઈ આવ્યું. અનુપમાની તમામ વિચિત્રતા છતાં એણે એને નહોતી છોડી એનું સૌથી મોટું કારણ એની અનુપમા માટેની કાળજી અને વાણી હતાં.

એ હજીય બોલી રહ્યો હતો:

"આ છોકરીની એકલતા જ એનો દુશ્મન છે. એને લાગ્યું હશે કે તમે કદાચ એની મદદ કરી શકશો."

"પણ મેં કહ્યું હતું એને."

અલય નો અવાજ ફાટી ગયો:

"સ્પષ્ટ! આ સંબંધની કોઈ દિશા નથી..."

"કહેવાથી સમજે એટલી સમજદાર હોત તો આજે આ હાલત ન હોત આ છોકરીની."

સંજીવના અવાજમાં ભારોભાર દયા હતી.

"એને જ નથી ખબર કે એને શું જોઈએ છે. એણે ધાર્યું હશે કે શરીર આપવાથી એને પ્રેમ મળી રહેશે..."

"પ્રેમ એક જ પ્રકારનો નથી હોતો, સંજીવ."

"એ ચોવીસમાંથી પચ્ચીસ કલાક તારી સાથે રહેવા માગે છે, અલય."

સંજીવે એક સમજદાર, મૅચ્યોર વ્યક્તિની જેમ કહ્યું:

"એ બીમાર છે. એને નહીં સમજાય વ્યવહાર, સમાજ, નિયમો અને જિંદગીની પ્રેક્ટિકાલિટી. એ સ્વયં એક ઇલ્યુઝન છે અને ઇલ્યુઝનમાં જ જીવવા માગે છે. એ સિવાય એને બીજું કંઈ જ કબૂલ નથી!"

"તો હું શું કરું? મરું?"

અલય ચિડાઈ ગયો:

"મારું કામ બગડે છે. અત્યારે આવાં ત્રાગાં કરવાનો સમય છે?"

"તું કંઈ ન કર, હવે જે કરવાનું છે એ હું કરીશ."

સંજીવે એટલા જ સંતુલિત અવાજમાં કહ્યું:

"તું તારા કામમાં કૉન્સન્ટ્રેટ કર એ વધારે અગત્યનું છે."

"થેન્ક્સ, સંજીવ."

અલયે નિ:શ્વાસ મૂકીને ફોન ડિસકનેક્ટ કર્યો. સંજીવે ફોન કપાયાનો રાહતનો શ્વાસ લીધો અને કંઈ સમજે એ પહેલાં એના ખભા પર કોઈનો હાથ મુકાયો.

"તો હું બીમાર છું..."

અનુપમા ઊભી હતી. સુંદર, નમણા ચહેરા પર પાગલપન છલકાવતી બે આંખ સંજીવને અસહ્ય લાગી.

"બેબી, યુ નીડ રેસ્ટ, આરામ કર."

"યસ યસ... મને ખૂબ આરામ મળે એવી એક જગ્યા છે. ત્યાં કેમ નથી મોકલતા?"

એ હસી: "અસાયલમ-મેન્ટલ હૉસ્પિટલમાં મોકલી આપો મને. હેડલાઈન બનશે."

"બેબી, પ્લીઝ!"

સંજીવ પોતાની વાત પૂરી કરે એ પહેલાં ડૉક્ટરને લઈને ડ્રાઇવર આવી ગયો હતો. અનુપમાની તમામ આનાકાની અને ધમપછાડાની વચ્ચે એને ઊંઘનું ઇન્જેક્શન આપવામાં આવ્યું... ઘેરાતી આંખોએ એનો હાથ પોતાના ખભાની આસપાસ લપેટીને સંજીવ એને એના બેડરૂમ સુધી લઈ ગયો. સરખી સુવડાવી, ઓઢાડી, એના વાળ સરખા કરીને સંજીવ બહાર નીકળ્યો ત્યારે પરોઢના ચાર વાગ્યા હતા!

*

બૅન્ક ઑફ અમેરિકાની બહાર ઊભેલાં રિયા અને લક્ષ્મી હજી પણ અવઢવમાં હતાં: અંદર દાખલ થવું કે નહીં?

બૅન્ક ઑફ અમેરિકાની આખા યુનાઇટેડ સ્ટેટ્સમાં હજારો બ્રાન્ચ હશે. રોની-રોનાલ્ડ હજી બૅન્ક ઑફ અમેરિકામાં હશે કે નહીં અને હશે તો કઈ બ્રાન્ચમાં હશે એ શોધવું સહેલું નહોતું.

વળી, લક્ષ્મીનો આગ્રહ હતો કે આ વાતની જાણ સૂર્યકાંતને ન કરવી. એટલે ક્યાં જઈએ છીએ ત્યાંથી શરૂ કરીને આ આખીય તપાસ વિશે ગુપ્તતા જાળવવી સહેલી તો નહોતી જ. લક્ષ્મી સેલ્ફ ડ્રાઇવ કરતી એટલે ડ્રાઇવર વિના બહાર નીકળવું તો સરળ હતું, પણ સૂર્યકાંતના સવાલોના જવાબ આપતાં લક્ષ્મીને નાકે દમ આવ્યો.

આટલાં વર્ષોમાં એ પિતા સામે ક્યારેય ખોટું નહોતી બોલી એટલે અત્યારે મેનહટ્ટનની બૅન્ક ઑફ અમેરિકાની બ્રાન્ચ સામે ઊભેલી લક્ષ્મીનો આત્મા એને ડંખી રહ્યો હતો.

"જવું જ છે, લક્ષ્મી?"

રિયાએ ફરી એક વાર પૂછ્યું.

રિયા સામે લક્ષ્મીએ એવી રીતે જોયું, જાણે છેક કિનારે આવ્યા પછી માણસ પાછા મધદરિયે જવાની વાત કરતો હોય!

"બેટા, હજી કર્યું છું કે આ તપાસથી કોઈને ફાયદો નહીં થાય."

"દરેક વાતને ફાયદા-નુકસાનમાં તોળવાથી જિંદગી નથી જિવાતી, મા. હું એ જાણવા માંગુ છું કે મારા આ શરીર માટે, અસ્તિત્વ માટે, મારી રાખોડી આંખો અને સોનેરી વાળ માટે જવાબદાર માણસ કોણ છે? એ કેવો દેખાય છે? એણે ક્યારેય મને યાદ કરી છે ખરી?"

"એનાથી શું મળશે?"

"સંતોષ."

એકાક્ષરી જવાબ આપીને લક્ષ્મી પુશ લખેલો કાચનો દરવાજો ધકેલીને અંદર દાખલ થઈ. મેનહટ્ટનની આ મેઈન બ્રાન્ચ સવારના ભાગે ખાસ્સી બિઝી હતી. દોડાદોડી, અવરજવર, ગ્રાહકોની ભીડ અને લાઇનમાં ઊભેલા અનેક માણસો... ગ્લોબલ ચહેરાઓની ભીડ હતી અહીં!

"હવે?"

રિયા એવી રીતે વર્તતી હતી જાણે એ લક્ષ્મીને ડગલે ને પગલે નિરુત્સાહ કરવા માગતી હોય:

"કોને પૂછીશ અહીં?"

"પર્સોનેલ ડિપાર્ટમેન્ટમાં જઈશ."

એક ભણેલી-ગણેલી અમેરિકન છોકરીની અદાથી લક્ષ્મીએ કહ્યું:

"આખી બૅન્ક ઑફ અમેરિકાના એમ્પોલોયીઝનું લિસ્ટ ઑનલાઇન અવેલેબલ હોવું જોઈએ."

એટલું કહીને એણે એક કાઉન્ટર પર ઝૂકીને પૂછ્યું:

"એક્સક્યુઝ મી!"

લગભગ અઢાર હજાર જેટલાં નામ ઑનલાઇન ચેક કરવાં શક્ય નહોતાં. પ્રિન્ટ-આઉટ આપવો કંપની રૂલ્સની વિરુદ્ધ હતો. ટેબલની પેલી તરફ બેઠેલી કાનની બૂટ જેટલા ટૂંકા વાળ અને નમણું નાક ધરાવતી છોકરી ભારતીય હતી. એની છાતી પર લગાડેલી પિત્તળની નેમ-પ્લેટમાં લખ્યું હતું: ઍની પટેલ.

"ઍની, પ્લીઝ..."

લક્ષ્મીએ અવાજમાં લાવી શકાય એટલી વિનવણી લાવીને કહ્યું:

"આઈ એમ સૉરી, મૅમ."

ના પાડતી વખતે પણ ઍનીના ચહેરા પરનું સ્મિત અકબંધ હતું.

“હી ઇઝ માય ફાધર.”

લક્ષ્મીએ અકળાઈને કહ્યું:

“તમે મને મારા પિતા વિશે વિગતો આપવાની કેવો રીતે ના પાડી શકો?”

રિયાએ એનો હાથ પકડીને દબાવ્યો.

“તમે તમારું બર્થ સર્ટિફિકેટ લઈને આવો અથવા પાસપૉર્ટ. એની સાથે અમારી વિગતો મૅચ થશે તો અમે આપીશું. હું પણ નોકરી કરું છું મૅમ, મારે કંપનીના કાયદા પાળવા પડે.”

“મારા બર્થ સર્ટિફિકેટમાં એમનું નામ નથી.”

લક્ષ્મીનો અવાજ ગળગળો થઈ ગયો:

“અને છતાંય એ મારા ફાધર છે. ડુ યુ અન્ડરસ્ટૅન્ડ?”

લક્ષ્મીનો અવાજ એટલો ઊંચો થઈ ગયો કે ચાર ચારના ક્યુબિકલમાં બેઠેલા આખા રૂમના લગભગ 30-35 જેટલા માણસો ઊભા થઈને શું થયું એ જોવા લાગ્યા.

“એ માણસ મારો બાપ છે. મને છોડીને ચાલી ગયેલો, જ્યારે હું મારી માના પેટમાં હતી. આઈ વોન્ટ ટુ મીટ હિમ. નાઉ કેન યુ પ્લીઝ, હેલ્પ મી?”

લક્ષ્મીની રાખોડી આંખો ભરાઈ આવી હતી. એણે ઍનીના ટેબલ પર મૂકેલા ટિશ્યૂ સ્ટૅન્ડમાંથી નિ:સંકોચ એક ટિશ્યૂ ખેંચીને નાક લૂછ્યું. ઍની લક્ષ્મી સામે જોઈ રહી.

“સૉરી! એ જરા ઇમોશનલ થઈ ગઈ છે.” રિયાએ કહ્યું.

“સમજી શકું છું.”

ઍનીએ કહ્યું અને પોતાના ટેબલ પર ઢાંકેલો પાણીનો ગ્લાસ ઊંચકીને લક્ષ્મી તરફ ધર્યો:

“હું વિગતો નહીં આપી શકું. આઈ વિલ બી ફાયર્ડ, જો કોઈને ખબર પડે તો...?”

અને પછી ફરી એક વાર પ્રોફેશનલ સ્મિત કરીને કહ્યું:

“બીજું કંઈ?”

લક્ષ્મી થોડી વાર ચૂપચાપ બેસી રહી. પહેલા જ પગથિયે દરવાજો બંધ મળ્યો હતો એને. હજુ તો કોણ જાણે કેટલા દરવાજા ખખડાવવાના હતા અને તોય રોની મળશે એવી ખાતરી એને કોઈ આપી શકે એમ નહોતું.

“બેટા, જીદ છોડી દે.”

લક્ષ્મી સીધું જોઈને ગાડી ચલાવી રહી હતી. ખાસ્સી વારના મૌન પછી રિયાએ એને સમજાવવાનો પ્રયત્ન કરી

જોયો.

“તમે મારી સાથે નહીં આવતાં કાલથી.”

લક્ષ્મીએ કહ્યું અને રિયાએ પણ આ જ પળે નક્કી કરી લીધું કે હવે એ રોનીની શીધ માટે લક્ષ્મીને કશું જ નહીં કહે.

*

શ્રીજી વિલાનો ગેટ ખોલીને અલય ઘરમાં દાખલ થયો ત્યારે વસુમા બગીચામાં કામ કરતાં હતાં. સવારના છ વાગી ગયા હતા. ઊંઘરેટી આંખો, ચૂંથાયેલાં કપડાં, થાક અને ઉજાગરો અલયના ચહેરા પર નહીં, આખા શરીરમાંથી છલકાતો હતો. એ વસુમાની બાજુમાં સાવ જમીન પર ઘૂંટણ વાળીને હાથ પાછળ ટેકવીને સહેજ લંબાવીને બેસી ગયો.

“અરે, અરે! કપડાં ગંદાં થશે.”

વસુમાએ કહ્યું. પછી માટીવાળા હાથ સહેજ ખંખેરીને પોતાના ચહેરા પર ઝૂકી આવેલી એક લટ પોતાના ખભાથી ઊંચી કરવાનો પ્રયત્ન કયો, પરંતુ એ લટ હજીય એમના ચહેરા પર ઝૂલી જ રહી હતી.

અલયે હળવેથી સ્મિત કરીને એ લટ એમના કાન પાછળ નાખી દીધી. પછી વસુમાના ગાલ પર હળવું ચુંબન કર્યું:

“એ મૉમ! તું આટલી રૂપાળી કેમ છે?”

વસુમાના ચહેરા પર એક શરમાળ સ્મિત આવી ગયું:

“ચક્રમ છો તું!”

પછી માટીવાળો હાથ અલય ના ગાલ પર ઠપકાર્યો.

“મૉમ, શ્રેયા આવી હતી...”

“મેં જ મોકલી હતી.”

વસુમાએ પછી સ્નેહાળ નજરે અલય સામે જોયું:

“એક વાર પરણી જાવ પછી તમારા ઝઘડા હું સોલ્વ નથી કરવાની.”

“પરણી જઈએ તો ને?”

અલયે જે રીતે કહ્યું એ રીતે વસુમાના ચહેરા પર ચિંતા ઊતરી આવી.

“એટલે?”

એમણે ભવાં સંકોચીને પૂછ્યું:

“તમારે કંઈ વાત ન થઈ? તે સમજાવી નહી એને?”

“સમજાવી.”

અલય થોડી વાર ચૂપચાપ વસુમાની સામે જોતો રહ્યો. પછી હળવેથી જાણે ગુનો કબૂલતો હોય એટલા નબળા અવાજે કહ્યું:

“અનુપમાને સ્કિઝોફ્રેનિયાનો અટેક આવ્યો છે. એણે ગઈ કાલે ફોન પર ખૂબ ચીસો પાડી. માથું ભીંતમાં પછાડીને લોહી કાઢ્યું...”

એણે વસુમાના ખભે માથું મૂકી દીધું:

“મને બહુ ચિંતા થાય છે, મા. આઈ કેર ફૉર હર.”

“બેટા, હું સમજી શકું છું. લાગણીના પ્રવાહમાં વહેતાં વહેતાં તું એવી જગ્યાએ પહોંચી ગયો છે, જ્યાં વમળ જ વમળ છે.”

“હાં, મા. હું મારી જાતને માફ નથી કરી શકતો. આ ગૂંચવણ મેં ઊભી કરી છે.”

વસુમાના ચહેરા પર એ જ સ્મિત આવી ગયું:

“બેટા, આપણે ઊભી કરેલી ગૂંચવણ કોઈ બીજું તો નહીં જ ઉકેલે!”

“મા, જિંદગીની દરેક ગૂંચવણે હું તારી પાસે આવ્યો છું અને ઈશ્વર કરતાં વધારે શ્રદ્ધા સાથે મેં મારી દરેક ગૂંચવણ, મારો દરેક સવાલ તને સોંપ્યો છે...”

“હા... અને મે મારાથી થાય એટલી મદદ પણ કરી જ છે. દીકરા, આજે એક વણમાગી સલાહ આપું છું તને. ગૂંચવણ કે સવાલ ઊભો ન થાય એવી જિંદગી જીવવાનો પ્રયત્ન કર. દરેક વખતે સવાલો ઊભા કરીને બીજા પાસે દોડી જવું, ભલેને એ તારી મા હોય, પણ એ નબળાઈ છે, બેટા. આપણામાં જો જોડવાની તાકાત ન હોય એ તોડવાનું નહીં...”

“મા, પ્લીઝ, આ છેલ્લી વાર!”

અલયની ભાવવાહી આંખોમાં જાણે આજીજી હતી. એના ચહેરા પર થોડું ગિલ્ટ, થોડી મૂંઝવણ, બહુ બધી તકલીફ અને જે કંઈ થઈ ગયું એનું દુ;ખ હતું.

“જો બેટા, સ્ત્રીમાત્ર સ્વભાવે અસલામત હોય છે. એમાં થોડી એનો ઉછેર જવાબદાર છે અને થોડી એની પ્રકૃતિ.”

વસુમાની આંખોમાં કોણ જાણે કયા ભાવ હતા કે અલય ને પોતાની મા જ જાણે અજાણી લાગવા માંડી.

“બેટા, સ્ત્રી પ્રેમ કરે ત્યારે એને બધું જ જોઈતું હોય છે. સત્યનો આગ્રહ રાખતી સ્ત્રી હંમેશાં સત્ય પચાવી જ શકે એ જરૂરી નથી.”

અલયને ચહેરો દેખાવા લાગ્યો શ્રેયાનો.

"અને વફાદારી ન માગવાનો દાવો કરતી, ઉદાર હોવાનો દેખાવ કરતી સ્ત્રી પણ આખરે પોતાના પુરુષ પર સંપૂર્ણ અધિકાર ઇચ્છે છે. એનાં મન અને તન પર સંપૂર્ણ અધિકાર..."

અલય ના કાનમાં અનુપમાની ચીસો ગુંજતી હતી.

એ અચાનક જ ચિડાઈ ગયો:

"આ બધું હવે હું સમજી ગયો છું. હવે શું કરવું એટલું જ કહે. અત્યારે મારામાં ફિલોસોફી સાંભળવાની તાકાત નથી."

"આ ફિલોસોફી નથી."

વસુમાના ચહેરા પર હજીય સ્મિત હતું:

"એક સમજ છે, સાદી."

"હું શું કરું એટલું કહે, મા."

અલય હાથ ખંખેરી ઊભો થવા લાગ્યો:

"પ્લીઝ! મને ડર લાગે છે. અનુપમા કદાચ..."

વસુમાના ચહેરા પર આટલાં વર્ષોમાં પહેલી વાર એક હળવા આતંકની છાયા જોઈ અલયે.

"બેટા, મારી જિંદગીમાં આ પહેલી એવી વ્યક્તિ છે, જેને વિશે હું કોઈ ધારણાઓ કરી શકતી નથી."

વસુમાના ચહેરા પર મૂંઝવણ તરી આવી:

"એ કંઈ પણ કરી શકે છે બેટા, કંઈ પણ... પણ તું તૈયાર રહેજે."

"મા, તું પણ આમાંથી બહાર નીકળી જાય છે? એટલે બધી જવાબદારી મારા ખભા પર?"

અલય ની આંખો ભરાઈ આવી.

વસુમાએ એની આંખોમાં જોયું:

"શું ઇચ્છે છે? હું શાની જવાબદારી લઉં?"

એમના ચહેરા પર ફરી એક વાર એ જ મક્કમતા અને સત્ય આવી ગયાં હતા:

"દરેકે પોતાના સારા અને ખરાબની જવાબદારી જાતે જ લેવી પડે છે. પોતાને જડી દેવાનો હોય તો પણ ક્રૉસ ઊંચકીને જવું તો જાતે જ પડે, બેટા."

"મા, મને કંઈ સમજાતું નથી. હું શ્રેયાને હવે છેતરી શકું એમ નથી અને અનુપમા સહેલાઈથી મને નહીં છોડે."

અલયનો ચહેરો સાવ મ્લાન થઈ ગયો હતો:

"મારી કરિયર, મારું લગ્ન, મારાં સપનાં અને મારું બધું જ દાવ પર લાગી ગયું છે..."

"એટલે જ..."

વસુમાના ચહેરા પર ખૂબ સરળતા અને વહાલ હતાં. એમણે ફરી એક વાર અલય ના ચહેરા પર હાથ ફેરવ્યો:

"...એટલે જ હવે તું જે કરીશ અથવા જે થશે એ આખરી હશે. જ્યાં સુધી બધું દાવ પર ન લાગે ત્યાં સુધી માણસ મરણિયો થઈને રમતો નથી."

*

મેનહટ્ટનમાં સાંજ ઢળી રહી હતી.

ધીરે ધીરે સ્ટ્રીટ ખાલી થતી જતી હતી. નિયોન લાઇટ્સ ઝળહળવા લાગી હતી. રેસ્ટોરન્ટ્સ અને પબ્સ ધીમે ધીમે ભરાવા લાગ્યાં હતાં. બેન્ક ઑફ અમેરિકાની મેનહટ્ટન બ્રાન્ચની ડ્યુટી બદલાઈ. પોતાનું કામ પૂરું કરીને ઍની પટેલ ટ્વેન્ટી ફોર્થ સ્ટ્રીટમાં પાર્ક કરેલી પોતાની ગાડી તરફ આગળ વધતી હતી ત્યારે કોઈકે એનો હાથ પકડ્યો.

"ઍની, હવે એક પર્સોનેલ મૅનેજર તરીકે નહીં, એક સ્ત્રી તરીકે તારી મદદ માગું છું."

લક્ષ્મીએ ઍનીની આંખોમાં જોયું:

"એક માણસને એના અસ્તિત્વની ખોજ છે... તું એટલી મદદ નહીં કરે ?"

લક્ષ્મીની આંખોમાં જોઈ રહી ઍની. એ આંખોમાં ફક્ત આજીજી હતી. પોતાના અસ્તિત્વની શોધ અને એક સ્ત્રીની એવી રાખોડી આંખો હતી, જે ઍનીને ભીતર સુધી હચમચાવી ગઈ.

* * *

59

અજયનો હાથ પકડીને પોર્ચમાંથી હળવે હળવે પગથિયાં ચડતા સૂર્યકાંતને જાણે ભીતર સુધી એક અજબ સંતોષ થતો હતો.

શું આટલા માટે જ માણસ સંતાનને જન્મ આપતો હશે? પહેલાં દીકરાને આંગળી પકડીને સશક્ત બાપ જિંદગીનાં પહેલાં ડગલાં માંડતાં શીખવે અને પછી અશક્ત થઈ ગયેલા બાપને જુવાન દીકરો હાથ પકડીને ધીમે ધીમે જીવનનાં ડગલાં ભરાવે...

સૂર્યકાંતના ચહેરા પર આ વિચારે જ જાણે સ્મિત આવી ગયું.

સામે ઊભેલી જાનકીએ પણ સૂર્યકાંત તરફ જોઈને સ્મિત કર્યું અને એ પણ બે-ચાર પગથિયાં ઊતરી આવી.

"બેટા, એક તરફ દીકરો ને એક તરફ વહુ, મને લાગે છે, મારી જિંદગીનો ભાર તમારા બન્નેના ખભા પર વહેંચાઈને સાવ શૂન્ય થઈ ગયો."

સૂર્યકાંતે આટલું કહીને જાનકી તરફ જોયું:

"હું તો આ બધાને લાયક જ નથી, પણ તારી સાસુના પુણ્યે..."

"શા માટે આવું વિચારો છો?"

"વિચારતો નથી, વિચાર આવી જાય છે."

સૂર્યકાંત વેઇટિંગ લાઉન્જના સોફામાં જ બેસી ગયા. એમને સહેજ શ્વાસ ચડ્યો હતો. થોડુંક હાંફી લીધા પછી એમણે જાનકી જોડે વાત ચાલુ રાખી:

"બેટા, જ્યારે જિંદગીના છેલ્લા દિવસો બાકી રહેને ત્યારે માણસ જાણે અજાણ્યે હિસાબ કરવા લાગે છે... પાપ અને પુણ્યનો, લેવડ-દેવડનો, સુખ અને દુ:ખનો..."

અજય સામે અનાયાસ જોવાઈ ગયું એમનાથી:

"પાછલાં વર્ષો જાણે સામે આવીને ઊભાં રહે છે અને બધું જ ફરી એક વાર જિવાવા લાગે છે."

"બાપુ, અત્યારે માત્ર આરામ કરવાનો છે. કંઈ જ વિચારવાનું નથી. હું તમારી આ વહુની મરજી વિરુદ્ધ તમને બહાર લઈ ગયેલો. હવે તો એ મને મારશે જ..."

જાનકી તરફ ઇશારો કરીને અજયે સૂર્યકાંતને ઊભા કર્યા. બાપ-દીકરો હળવે હળવે સૂર્યકાંતના રૂમ તરફ આગળ વધ્યા અને જાનકી રસોડા તરફ.

"લક્ષ્મી નથી આવી?"

સૂર્યકાંતે ટ્રેમાં ભૈડકું, દહીં, રીંગણાનું શાક અને ઘી વગરની રોટલી લઈને દાખલ થતી જાનકીને પૂછ્યું.

જાનકીએ ધીમેથી કાર્ડિયાક ટેબલ સૂર્યકાંતના પલંગ પર મૂક્યું પછી પ્લેટમાં ખાવાનું કાઢવા માંડ્યું.

"તમારાં સાસુમાએ બરાબર સ્વાદ રેડ્યો છે તમારી આંગળીઓમાં."

સૂર્યકાંત ભોજનની સુગંધથી જ ખુશ થઈ ગયા.

"હવે તો તમારે એમના જ હાથનું જમવાનું છે."

જાનકીએ આટલું કહીને મમતાથી સૂર્યકાંત સામે જોયું. સૂર્યકાંતની આંખોમાં જાણે આ શુભેચ્છા માટે આપોઆપ જ આભાર વ્યક્ત થઈ ગયો.

સૂર્યકાંત ધીરે ધીરે, પણ ખૂબ સ્વાદથી જમી રહ્યા હતા. જાનકી પણ એમને લાડથી-વહાલથી જમાડી રહી હતી.

"બસ, પપ્પાજી!"

જાનકીએ કહ્યું અને પ્લેટ ખસેડી લીધી:

"હવે જીવવાનું છે... અને જીવવા માટે જાતને સાચવવા પડશે."

જાનકોએ હળવેથી બધું સમેટી લીધું અને બાજુમાં પડેલા જગમાંથી ગ્લાસમાં પાણી કાઢીને ત્રણ ગોળી સૂર્યકાંત સામે ધરી.

"હે, ભગવાન! તારી સાસુએ તને બરાબર ટ્રેન કરીને મોકલી છે."

"ટ્રેન, પ્લેન, બસ કે ટૅક્સી... જે કહેવું હોય એ કહો, પણ તમારે મારું તો માનવું જ પડશે."

જાનકી હસી રહી હતી.

"હા બેટા, તને જોઉં છું ને મને મારી મા યાદ આવે છે."

સૂર્યકાંતે પોતાના ઓશીકા નીચેથી ચાવીનો ગુચ્છો કાઢ્યો:

"આમ તો આ કામ તારી સાસુએ કરવાનું હતું, પણ એને પોતાનાં કામ બીજા પાસે કરાવવાનો બહુ શોખ છે."

"પપ્પાજી!"

"નહિ તો શું? સેવા કરવા તને મોકલી આપી એટલે આ ચાવી પણ મારે તને આપવી પડે છે..."

સૂર્યકાંતના ચહેરા પર પણ સ્મિત હતું:

"મેં આખો દિવસ બેસીને બધી ચાવી પર નંબર અને વૉર્ડરોબના ટેગ લગાડ્યાં છે. રસોડું ઉપરાંત બાકી બધા જ કબાટની ચાવીઓ છે આમાં."

"પણ આની શી જરૂર છે?"

"તને નહીં, મને જરૂર છે. હું આવતા અઠવાડિયે જઈશ બેટા, ત્યાં સુધીમાં તું બધું જોઈ-સમજી લે એટલે ઘરની જવાબદારી તને અને બહારની જવાબદારી અજયને સોંપીને..."

"પપ્પાજી, તમને લાગે છે કે અમારા પર આટલો વિશ્વાસ થઈ શકે?"

જાનકીથી અનિચ્છાએ પુછાઈ ગયું.

"બેટા, અજય મારી પાસે ઊછર્યો હોત તો કદાચ હું ન કરત આટલો વિશ્વાસ... ને તું પણ જ્યાંથી આવી છે ત્યાંથી વસુની મહેક લઈને આવી છે. વસુ પાસે એક વાર રહેલો માણસ ક્યારેય કોઈનું બૂરું કે ખરાબ ન કરી શકે. કોણ જાણે હું જ કેમ..."

સૂર્યકાંત આગળ કંઈ બોલે એ પહેલાં જાનકીએ એમના હાથમાં ગોળીનું બાઉલ થમાવ્યું.

"દવા લઈ લો, ચાલો..."

અને બીજાના હાથમાં પાણીનો ગ્લાસ આપી દીધો. સૂર્યકાંતે આનું કંઈ નહીં થઈ શકે એવા ભાવથી માથું ધુણાવતા ગોળીઓ લઈ લીધી. જાનકી એમને સરખા સુવાડી-ઓઢાડીને હાથમાં પુસ્તક અને આંખ પર ચશ્માં પહેરાવી, મોટી લાઇટ બંધ કરી બાજુનો સાઇડ લૅમ્પ ચાલુ કરી બહાર જવા લાગી.

"જાનકી..."

સૂર્યકાંતે હળવેથી કહ્યું.

"જી, પપ્પાજી..."

"કાલે અજય પહેલી વાર ઑફિસ જવાનો છે. તારાં સાસુમાને ફોન કરી દેજે."

"જી, પપ્પાજી."

જાનકી હળવેથી દરવાજો બંધ કરીને બહાર નીકળી ગઈ. હાથમાં પુસ્તક હોવા છતાં સૂર્યકાંતની નજર સામે ફરી એક વાર ભૂતકાળ ફિલમની પટ્ટીની જેમ ચાલવા લાગ્યો.

*

સવારે ડબિંગ થિયેટરમાં બેઠેલા માજિદ અને અલય એકબીજાની સામે જોઈ રહ્યા હતા. સમયની ચુસ્ત પાબંદ એવી અનુપમા નવની શિફ્ટ હોવા છતાં સાડા નવ સુધી આવી નહોતી.

"ફોન કરું?"

માજિદે પૂછ્યું. એને ગઈ કાલની કોઈ વાતની કશીય ખબર નથી. એના માટે પણ આ ફિલમ ખૂબ અગત્યની હતી. એની કરિયર પણ આ ફિલમથી બદલાઈ જવાની હતી. આજે છેલ્લા બે સીનનું ડબિંગ પતે એટલે આવતી કાલે મૅરિડ પ્રિન્ટ સેન્સર માટે જવાની હતી.

એક જ અઠવાડિયા પછી આવતા શુક્રવારે ઑલ ઇન્ડિયા રિલીઝની તૈયારી થઈ ચૂકી હતી. ગુરુવારની રાત્રે મેટ્રોમાં પ્રીમિયર હતું. લગભગ બધું જ તૈયાર હતું.

ગઈ કાલની ઘટના પછી અલયના મનમાં ઊંડે ઊંડે એક અવઢવ શરૂ થઈ હતી.

અનુપમા બે સીન માટે ફિલમ રખડાવશે?

એનું મન એને પૂછી રહ્યું હતું.

"ના." એણે માજિદને કહ્યું:

"આપણે આખી શિફ્ટ રાહ જોઈશું."

"ને નહીં આવે તો?"

"તો..."

આ તોનો જવાબ અલય પાસે પણ નહોતો.

"...તો, સર, ચિંતા નહીં કરો. બે જ સીન બાકી છે. આપણે બીજા કોઈ પાસે ડબિંગ પણ કરાવી શકીશું."

"એવો વારો નહીં આવે."

અલયે કોણ જાણે કયા આત્મવિશ્વાસથી કહ્યું. એ બે રાતથી સૂતો નહોતો. લગભગ સાઠ કલાકથી સતત જાગતા અલયને હવે ધીમે ધીમે ઊંઘ આવવા લાગી હતી. એનું શરીર પણ જવાબ આપી રહ્યું હતું. જો આજે આ બે સીનનું ડબિંગ પતી જાય તો ટૅક્નિકલ જવાબદારી માજિદને સોંપીને એ નીકળી જવા માગતો હતો. એને ઘેર જઈને ઊંઘવું હતું. ફિલમ, અનુપમા, શ્રેયા, સૂર્યકાંત, અજય, અભય અને દુનિયાના તમામ સવાલોથી દૂર જઈને ચોવીસ કલાક બસ ઊંઘી જવું હતું એને.

"સર, દસ વાગવા આવ્યા છે."

માજિદ ઉતાવળો થઈ રહ્યો હતો.

"ડોન્ટ વરી."

અલયે ખુરશીને પાછળ ધકેલીને પગ લાંબા કર્યા:

"એ આવશે..."

અગિયાર... સાડા અગિયાર... ઘડિયાળ હળવે હળવે આગળ વધતી હતી. પગ લાંબા કરીને ખુરશી પર બેઠેલો અલય લગભગ ઊંઘી ગયો હતો. બાર વાગ્યા અને માજિદે ડબિંગ રૂમનો દરવાજો ખૂલતો જોયો.

"આઈ એમ સૉરી."

ગ્રે કાર્ગો અને વ્હાઇટ ટી-શર્ટ પહેરેલી અનુપમાનો ચહેરો સાવ ચોખ્ખો, મેકઅપ વગરનો હતો. રાત્રે રડ્યા પછી ખૂબ ઊંઘવાને કારણે એની આંખો સહેજ સૂજેલી લાગતી હતી. એણે વાળને ગોળ લપેટીને અંબોડો વાળ્યો હતો.

જેમાં અવ્યવસ્થિત રીતે ઉતાવળમાં ભરાવેલી મોટી બટરફ્લાય પિનમાંથી લટો નીકળી પડી હતી.

એના ચહેરા પર રોજ જેવું જ સ્મિત હતું.

માજિદ એને જોઈને ઉત્સાહમાં આવી ગયો. એણે અલય તરફ જોયું. અલય ઘસઘસાટ ઊંઘતો હતો.

અલયની તદ્દન નજીક એ આવી. એણે માજિદને હોઠ પર આંગળી મૂકીને ચૂપ રહેવાનો ઇશારો કર્યો. પછી ઘસઘસાટ ઊંઘતા અલય તરફ જોઈ રહી.

બાળક જેવી નિર્દોષતા, સખત થાક, વિખરાઈને કપાળ પર આવી ગયેલા થોડા વાળ, શર્ટના પાછળ ચાલી ગયેલા કૉલરને કારણે ખેંચાઈને ખૂલી ગયેલું બટન... અનુપમાને વહાલ આવી ગયું. પોતાના ગઈ કાલના વર્તન અંગે જાણે એ પોતે જ અપરાધભાવ અનુભવી રહી.

એણે માજિદની સામે જોયું અને શરૂ કરવાનો ઇશારો કર્યો.

કોઈ પણ માણસ જાગી જાય એવા સાઉન્ડની વચ્ચે પણ થાકેલો અલય ઘસઘસાટ ઊંઘતો રહ્યો અને બાકી રહેલા છેલ્લા બે સીનનું ડબિંગ અનુપમાએ પૂરું કર્યું.

"પૅકઅપ."

અલય ને બદલે માજિદે ઑર્ડર આપ્યો અને અનુપમાને આગળ વધીને હાથ મિલાવતાં ધીમેથી કહ્યું:

"કૉન્ગ્રેચ્યુલેશન, મૅડમ..."

"થેન્ક યુ."

અનુપમાએ પાછળ વળીને જોયું તો શૈલેષ સાવલિયા આવીને બેઠા હતા. એમણે આગળ વધીને અનુપમાને શુભેચ્છાઓ આપી. યુનિટમાં બધાએ ફિલમના કમ્પ્લિશન પર એકબીજાને વિશ કર્યું.

"લો, લંચ મગાવી લો."

શૈલેષ સાવલિયાએ માજિદના હાથમાં હજાર હજારની ત્રણ નોટ આપી:

"બેસ્ટ જગ્યાએથી. સાથે ઠંડો બિયર પણ... વી વિલ સેલિબ્રેટ. થોડા પ્રેસવાળાને પણ બોલાવ્યા છે."

પછી અનુપમા પર શી અસર પડી છે એ જોવા માટે નજર ફેરવી, પણ અનુપમા તો ક્યારનીય ઊંઘતા અલય પાસે પહોંચી ગઈ હતી.

એણે આટલા બધા લોકોની હાજરીની ફિકર કર્યા વિના હળવેથી અલયના માથે હાથ ફેરવ્યો. થોડી વાર એમ જ એના કપાળ પર, એના વાળમાં આંગળીઓ ફેરવતી રહી. પછી ઝૂકીને એણે અલયના હોઠ પર હળવું ચુંબન કર્યું.

"ઓહ!"

અલય ચોંકીને જાગ્યો:

"તું આવી ગઈ? કેટલા વાગ્યા?"

અનુપમાનું હાસ્ય આખા ડબિંગ હૉલમાં ગુંજી રહ્યું:

“તારા છેલ્લા બે સીન કમ્પ્લિટ થઈ ગયા! અલય મહેતા, તમારી ફિલમ પૂરી થઈ ગઈ. હિંદી સિનેમાના ઇતિહાસમાં એક સોનેરી પાનું જોડાઈ ગયું. કૉન્ગ્રેચ્યુલેશન!”

અને એ ફરી વાર અલય ના હોઠ પર ચુંબન કરવા ઝૂકી. અલય સાવધ થઈને ઊભો થઈ ગયો. એણે પોતાના ચહેરા પર, પોતાના વાળમાં આંગળીઓ ફેરવી સુસ્તી ખંખેરવાનો પ્રયત્ન કર્યો અને અનુપમાને હેન્ડશેક કરીને કહ્યું:

“કૉન્ગ્રેચ્યુલેશન ઍન્ડ થેન્ક યુ વેરી મચ.”

એ પછી બિયર... પ્રેસના લોકોની સાથે ફિલમની ચર્ચા અને ટ્રાયલનો દિવસ, પબ્લિસિટીનું પ્લાનિંગ..... કંઈ કેટલીય વાતો સાથે લંચ પૂરું થયું.

“મારી પાસે ગાડી છે.”

અલય સામે જોઈને અનુપમાએ કહ્યું.

“ખબર છે.”

અલય હસ્યો.

“ના, મારે હજી થોડી લિગલ ફૉર્માલિટીઝ બાકી છે. કાલે સવારે મૅરીડ પ્રિન્ટ સબમિટ નહીં કરું તો સેન્સરમાં મોડું થશે. તું જા...”

અનુપમાએ એની સામે એ રીતે જોયું જાણે કહેતા હોય:

ભાગી ભાગીને ક્યાં જઈશ?

અલયે એની નજરને જોઈ-ન જોઈ કરીને માજિદને બૂમ પાડી. પછી બન્ને કામમાં પરોવાઈ ગયા.

થોડી વાર ત્યાં જ એકલી ઊભેલી અનુપમા છેવટે હળવે હળવે ગાડી તરફ ચાલવા લાગી.

એણે મનોમન ગાંઠ વાળી.

અલય મહેતા, આ ફિલમ અને અનુપમા ઘોષ હવે તારી જિંદગીનો ભાગ છે... તું ઇચ્છે કે નહીં, તું મને ભૂલીને નહીં જીવી શકે એ નક્કી!

*

ઍની પટેલ લક્ષ્મીની આંખોમાં જોઈ રહી. એ આંખોમાં ફક્ત આજીજી હતી. મદદની ભીખ, પોતાના અસ્તિત્વની શોધ અને એક સ્ત્રીની એવી રાખોડી આંખો હતી એ, જે ઍનીને ભીતર સુધી હલબલાવી ગઈ. ઍનીએ ધીમેથી લક્ષ્મીને કહ્યું:

“હું તારી વાત સમજું છું, પણ તુંય મારી વાત સમજ. મારી નોકરીનો સવાલ છે.”

“બેન્ક ઑફ અમેરિકામાં નોકરી કરતા અથવા કરી ચૂકેલા એક માણસની ડિટેઇલ આપવામાં બૅન્કને શું વાંધો

હોય એ મને સમજાતું નથી."

"પ્રાઇવસી અને સિક્રસી અમારી બૅન્કના જડ નિયમો છે."

ઍનીએ સહાનુભૂતિમાં લક્ષ્મીનો હાથ પકડી લીધો:

"પ્લીઝ!"

"બૅન્કમાં નિયમો લાગુ પડે છે. બૅન્કની બહાર તો લાગુ નહીં પડે ને?"

"એટલે?"

ઍનીનાં ભવાં ઊંચકાયાં.

"એટલે એમ કે હું તને નામ અને વર્ષની બધી જ વિગતો આપું પછી તો તું મને બાકીની વિગતો અહીં, બહાર આપી શકે ને?"

"જરૂર."

હવે ઍનીથી ના પડાય એમ નહોતી.

"ઓકે..."

લક્ષ્મીએ પર્સમાંથી કાગળ કાઢ્યો. નામ, જૂનું સરનામું, બૅન્ક ઑફ અમેરિકામાં કામ કરવાની સાલ અને બ્રાન્ચ - બધું જ લખ્યું હતું એમાં. એણે એક કાગળ ઍનીના હાથમાં થમાવી દીધો:

"કાલે, અહીં જ, આ સમયે."

લક્ષ્મી પછી સડસડાટ ત્યાંથી ચાલવા લાગી. ઍની એને જતી જોઈ રહી.

*

ઘરે પહોંચેલા સૂર્યકાંત ક્યારના લક્ષ્મીની રાહ જોઈ રહ્યા હતા. આજે એમની પાસે લક્ષ્મી માટે એક ખૂબ આનંદના સમાચાર હતા.

ઘડિયાળ ધીમે ધીમે આગળ સરકતી ગઈ. ન્યૂ યોર્કમાં રહેવા છતાં લક્ષ્મી સામાન્ય રીતે સાંજે ઘરની બહાર ભાગ્યે જ જતી. મા વગરની દીકરીને સૂર્યકાંતે એકદમ ભારતીય સંસ્કારોમાં અને અમેરિકાના દૃષ્ટિકોણથી જોવા જઈએ તો પ્રમાણમાં ઘણાં બંધનમાં ઉછેરી હતી.

ડાઇનિંગ ટેબલ પર જાનકી, અજય, હૃદય અને રિયા ગોઠવાઈ ગયાં હતાં ત્યાં જ ઇન્ટરકૉમની રિંગ વાગી.

"લક્ષ્મી ન આવી હજુ?"

સૂર્યકાંત પોતાના ઓરડામાંથી પૂછી રહ્યા હતા.

"તમે અને લક્ષ્મીબહેન જોડે ગયાં હતાં ને?" જાનકીએ રિયા સામે જોઈને પૂછ્યું.

“આવતી જ હશે.”

રિયાએ ઘડિયાળ જોઈ. હવે એને પણ ચિંતા થવા લાગી હતી. રોનીની શોધમાં ઝનૂને ચડી ગયેલી આ છોકરી કંઈ આડુંઅવળું ન કરે તો સારું. રિયા વર્ષોથી અમેરિકામાં હતી. અમેરિકાના કાયદા જાણતી હતી એટલે કોઈ કારણ વગર લક્ષ્મી ભૂતકાળને ઉકેલવા જતાં મુશ્કેલીઓમાં ફસાય એવી એની ઇચ્છા સ્વાભાવિક રીતે ન જ હોય.

સૂર્યકાંતે ફોન પર કહ્યું:

“જાનકી, જરા લક્ષ્મીનો સેલ લગાવો. જમવાના સમય સુધી ક્યારેય બહાર નથી રહી આ છોકરી. પછી મને કહો ક્યાં છે એ.”

“જી, પપ્પાજી.”

જાનકી-રિયાની નજર એક ક્ષણ માટે મળી. રિયાની આંખોમાં એક ભય ક્ષણભર માટે જાનકીને વંચાયો. એણે સેલ જોડ્યો.

“બસ, પહોંચું જ છું.”

“જાનકી બોલું છું.”

“હા ભાભી, આવું જ છું”

“પપ્પાજી ચિંતા કરે છે. કોઈ પ્રોબ્લેમ નથી ને, લક્ષ્મીબહેન?”

જાનકીએ હળવેથી પૂછી લીધું.

“ના, ભાભી.”

લક્ષ્મીએ જવાબ તો આપ્યો, પણ એને સાથે જ વિચાર આવ્યો કે આ જે કંઈ ચાલી રહ્યું છે એ વિશે જાનકીને માહિતગાર કરી દેવી જોઈએ.

એ મુંબઈ હતી ત્યારે પણ એની અને જાનકી વચ્ચે એક અજબ પ્રકારનો સંવાદ રચાતો. બન્ને ભાગ્યે જ કશું બોલતાં અને છતાં બન્ને વચ્ચે હમેશાં વગર કહ્યે એક સમજ સતત રહેતી.

આજે પણ લક્ષ્મીને રોની વિશેની તપાસ બાબતે જાનકીને બધું જ કહી દેવાની ઇચ્છા થઈ આવી:

“ભાભી, એક અગત્યની વાત છે. રાત્રે મારા રૂમમાં આવજો. મારે તમને કંઈ કહેવું છે.”

“નીરવભાઈ આવે છે ને?”

“ના... ના, નીરવની વાત નથી, ભાભી.”

લક્ષ્મીના અવાજમાં જે ગંભીરતા હતી એનાથી જાનકીને જરા ચિંતા થઈ:

“લક્ષ્મીબહેન, કંઈ મુશ્કેલી છે... કોઈ પ્રોબ્લેમ...”

"છે પણ અને નથી પણ..."

વસુમાની સાથે રહ્યા પછી જરા પણ ખોટું નહીં બોલવાનું લક્ષ્મી શીખી ગઈ હતી:

"રાત્રે કહીશ."

એણે ફોન મૂકી દીધી. જાનકી ઘડીભર ત્યાં જ ઊભી રહી અને પછી હળવેથી ડ્રાઇવિંગ ટેબલ પર પાછી ફરી.

"રિયા..."

રિયાનો આગ્રહ હતો કે કોઈએ એને બહેન, માસી, મામી કે કાકી લગાડીને સંબોધવી નહીં એટલે જાનકીએ પણ પહેલા નામે જ સીધું સંબોધન કર્યું:

"લક્ષ્મીબહેન ક્યાં ગયાં છે? કોઈ મુશ્કેલી નથીને? હું આવી ત્યારથી જોઉં છું કે લક્ષ્મીબહેન બદલાયેલાં બદલાયેલાં લાગે છે. જાણે કોઈ વાત એમને ડિસ્ટર્બ કરતી હોય, અંદર ને અંદર કોરી ખાતી હોય એવું લાગ્યા કરે છે."

"જાનકી, તારી વાત સાચી છે. આજે રાત્રે લક્ષ્મી સાથે તું જ વાત કરજે. પડછાયાને પકડવા દોડે છે એ છોકરી. હાથમાં આવશે તોય શું? ને નહીં આવે તો મહેનત માથે પડશે..."

એટલું કહીને રિયાએ પોતાની ખુરશી પાછળ ધકેલી. ઊભી થઈને ડાઇનિંગ રૂમની બહાર નીકળી ગઈ. જાનકી અને અજય એને જતી જોઈ રહ્યાં.

*

"નીકળું છું, ડેડી!"

નીરવે એના પિતા વિષ્ણુપ્રસાદને પગે લાગ્યો. વિષ્ણુપ્રસાદે એને છાતીસરસો ચાંપી દીધો. નીરવ થોડી વાર એમ જ ઊભો રહ્યો. પછી છૂટા પડીને હેન્ડલગેજ મોટી સ્ટ્રોલર બૅગ પર મૂકીને એ ઘરની બહાર જવા લાગ્યો.

"બેટા!"

વિષ્ણુપ્રસાદે એને રોક્યો:

"મારું એક કામ કરીશ?"

એમણે પોતાના હાથમાં પકડેલું એક લાંબું કવર નીરવના હાથમાં મૂક્યું:

"આ તારી માને આપી દેજે."

"ઓકે..."

નીરવે આટલું કહીને ખભા ઊંચક્યા:

"શું છે આમાં?"

એનાથી પૂછ્યા વિના ન રહેવાયું.

“મારું વીલ છે, બેટા.”

વિષ્ણુપ્રસાદની આંખો જોઈને નીરવે બૅગ પડતી મૂકી. એ ફરી એક વાર પિતાને ભેટી પડ્યો.

“અરે, હમણાં હું કંઈ મરી નથી જવાનો!”

વિષ્ણુપ્રસાદના ચહેરા પર સ્મિત આવી ગયું. નીરવે અચાનક નોટિસ કર્યું કે પોતે હસે ત્યારે પિતા જેવો લાગતો હતો.

“કમ સે કમ તારાં લગ્ન જોયા પહેલાં તો નહીં જ મરું. આ ઘરમાં તારી વહુ આવે એને ઘરની અને તારી બેય ચાવી સોંપીને પછી મરીશ...”

વિષ્ણુપ્રસાદે નીરવના માથે હાથ ફેરવ્યો.

નીરવ ઘડીભર એમની સામે જોઈ રહ્યો:

“ડેડી, એક વાત કહું?”

નીરવની આંખો સહેજ ભીની થઈ ગઈ:

“આજે પહેલીવાર મને આ ઘરમાંથી જવું આકરું પડે છે. આઈ વિલ મિસ યુ, ડેડ!”

“મારું ચાલે તો તને જવા જ ન દઉં, પણ શું કરું? તારી મા અને તારાં છોકરાઓની મા, બન્ને તારી રાહ જુએ છે.”

નીરવ હસી પડ્યો. બાપ-દીકરો ફરી એક વાર ભેટી પડ્યા.

*

“હું કંઈ જાણતો નથી.”

શ્રેયાની સામે એના પિતા ઠક્કરસાહેબ ભૂખ્યા વાઘની જેમ આંટા મારતા હતા:

“જે દિવસે આ રસ્તો ક્રૉસ કરીને સામેના ઘેર રહેવા ગઈ એ દિવસે આ ઘરમાં દાખલ થવાના દરવાજા બંધ થઈ જશે.”

“એ તો મને ક્યારનીય ખબર છે.”

શ્રેયાના ચહેરા પર ક્યાંય ચિંતા દેખાતી નહોતી:

“હું તો ક્યારનીય એ જ ઘરમાં રહેવા જતી રહી છું, પપ્પા. તમને એવું લાગતું રહ્યું કે શ્રેયા અહીં રહે છે. શરીરથી આજ સુધી આ ઘરમાં રહેતી હતી એ પણ એટલા માટે કે ત્યાં જઈને અલય પર બોજ ન બની જાઉં.”

“તને શરમ નથી આવતી?”

ઠક્કરસાહેબનું લોહી ઊકળી રહ્યું હતું.

“શાની? લગ્ન કરવાની?” શ્રેયા હસી:

“આવે છે ને! આમ તો મારે ક્યારનાંય લગ્ન કરી લેવાં જોઈતાં હતાં. આટલો ટાઇમ લગાડ્યો એની શરમ હવે આવે છે.”

“સામે જીભ ચલાવે છે? આ બધું પેલા છોકરાને તને શિખવાડ્યું છે. હું નહીં છોડું એને.”

“હું પણ નહીં છોડું!” શ્રેયા હસી રહી હતી.

“એક ઠક્કર લોહાણાની છોકરી, જેના બાપ પાસે કરોડો રૂપિયા અને સમાજમાં પ્રતિષ્ઠા છે એ એક ભાગેડુના છોકરા સાથે પરણવાની છે?”

“પપ્પા, સૂર્યકાંત અંકલ પાછા આવી ગયા છે.”

“જેનો બાપ એની બૈરીના પેટમાં છોકરું મૂકીને ભાગી ગયો એની પાસે શું સંસ્કારની અપેક્ષા છે તને હેં?”

શ્રેયા જેટલી ઠંડકથી વાત કરતી હતી એટલું જ ઠક્કરસાહેબનું લોહી ઊકળી રહ્યું હતું:

“એક વાત યાદ રાખજે, એની મા તો જીવી ગઈ, તું નહીં જીવી શકે.”

“કેમ? કેમ નહીં જીવી શકું હું?”

એનો સવાલ ઠક્કરસાહેબને સોંસરો ઊતરી ગયો:

“તમને તમારા ઉછેરમાં વિશ્વાસ નથી કે તમે આપેલા સંસ્કારમાં?”

ઠક્કરસાહેબ ક્રોધમાં શ્રેયા તરફ ધસી ગયા:

“એક લાફો મારીશ તો બત્રીસ દાંત તોડી નાખીશ.”

એમની આંખો લાલ લાલ થઈ ગઈ. એ ગુસ્સામાં ધ્રૂજી રહ્યા હતા.

“પપ્પા, તમે જાણો છો કે હું અલયને પ્રેમ કરું છું. આજથી નહીં, આટલાં વર્ષોથી.”

“છોકરી, હું તો રાહ જ જોતો હતો કે એ છોકરાનું ઠેકાણું ન પડે અને તું કંટાળીને એને છોડી દે...”

એમનો અવાજ સહેજ ઢીલો પડ્યો:

“મેં નહોતું ધાર્યું કે આ છોકરો આટલું ગજું કાઢશે.”

“તમને તો આનંદ થવો જોઈએ કે તમારી દીકરી એક એવા માણસને પરણવાની છે, જેને દુનિયા સલામ કરે છે. એક કરોડનો ડિરેક્ટર છે એ આજે!”

શ્રેયા પૂજતા ઠક્કરસાહેબની સમીપ પહોંચી.

ઠક્કરસાહેબે એને ધક્કો માર્યો.

"આઘી ખસ. રૂપિયા તો દાણચોરો પાસેય બહુ હોય છે અને દુનિયા એમને પણ સલામ કરે છે એટલે શું મારી દીકરીને કૂવામાં નાખી દઉં?"

એમણે શ્ર ેયાને બાવડેથી પકડી:

"તારી મા મરી ગઈ પછી મેં લગ્ન નથી કર્યાં. જિંદગી આખી એકલતામાં કાઢી નાખી. એટલા માટે કે તું સાવકી માનું દુ:ખ ન ભોગવે... અને આજે મને મારા ઘડપણમાં તારી જરૂર છે ત્યારે..."

એમની આંખો સહેજ સહેજ પલળવા લાગી હતી.

"તમે સમજતા કેમ નથી, પપ્પા? અલય બહુ સારો છોકરો છે."

"હશે, વડીલો કુળ-ખાનદાન અને સંસ્કાર જુએ છે. એમ કહેવાય છે કે કન્યા એકલા વરને નથી પરણતી, એના ઘરને પરણે છે."

ઠક્કરસાહેબ ફરી ચિડાયા લાગ્યા હતા:

"કહે જો મને, શું છે એ ઘરમાં? એક ભાગેડુ બાપ, એક લફરાબાજ મોટો ભાઈ અને છકેલી વહુ... એક શેક્યો પાપડ ન ભાંગી શકે એવો બીજો ભાઈ અને એની અનાથ આશ્રમમાંથી ઉપાડી લવાયેલી વહુ... અને આ..."

એમણે કડવું સ્મિત કર્યું:

"રખડુ... ભટકતો માણસ. અધૂરામાં પૂરું. સિનેમાની લાઇનમાં."

"પપ્પા, તમને વસુમા નથી દેખાતાં?"

શ્રેયા એ માર્દવથી પૂછ્યું.

"જો છોકરી, મારે તારી સાથે જીભાજોડી નથી કરવી, પણ થોડા દહાડા પહેલાં તારો છેલછબીલો પેલી નટીને હાથમાં ઉપાડીને લાવ્યો ત્યારે હું જાગતો હતો. એ પછી તમારા બે જણ વચ્ચે જે થયું એની મને ખબર નથી એમ ન માનતી."

શ્રેયા નવાઈથી પિતા સામે જોઈ રહી: ...તો પપ્પાને બધી જ ખબર હતી.

જે પિતાને પોતાની સામે જોવાનીયે ફુરસદ નથી એમ માનીને જીવતી શ્રેયા આજે પોતાની રજેરજ માહિતી રાખતા પિતાની સામે જોઈને લાગણીવશ થઈ ગઈ. એની આંખો સહેજ પલળી ગઈ:

"...તો તમને એ બધી ખબર છે, છતાં તમારા ઘરમાં રહેતી, તમારા ખોળામાં મોટી થયેલી ને તમારી છાતી પર માથું મૂકીને ઊંઘતી છોકરી શું ઇચ્છે છે એની તમને ખબર નથી?"

એણે નજીક જઈને ફરી એક વાર ઠક્કરસાહેબને વહાલ કરવાનો પ્રયત્ન કર્યો.

“શ્રેયા, છ વર્ષનું છોકરું દસ ચૉકલેટ ખાવા માગે તો મા-બાપ એને ખાવા ન દે.”

ઠક્કરસાહેબે સમજાવવાના અંદાજમાં પોતાની વાત મક્કમતાથી કહી:

“જો બેટા, તું ભૂલ કરવા માગે છે એટલે તને ભૂલ કરવા દેવી? આ છોકરા સાથે તારું કોઈ ભવિષ્ય નથી. એના પિક્ચરનું કામ ચાલતું હતું ત્યારે મેં તપાસ કરવી છે...”

એમણે ઊંડો શ્વાસ લીધો.

“આ છોકરો ઠીક નથી, શ્રેયા. પેલી નટી સાથેના એના સંબંધ...”

“હું જાણું છું.”

ઠક્કરસાહેબની આંખો ફરી ગઈ.

“એટલે? તું જાણીજોઈને આ કૂવામાં પડવા માગે છે?”

એમનો અવાજ ફરી એક વાર ઊંચો થઈ ગયો:

“એટલા માટે મોટી નથી કરી તને.”

“પપ્પા, હું અલય વગર નહીં જીવી શકું.”

હવે શ્રેયાને પરિસ્થિતિ વધુ ને વધુ અઘરી લાગવા માંડી હતી.

“તો મારા વગર જીવવું પડશે, બેટા.”

ઠક્કરસાહેબ ગળગળા થઈ ગયા:

“તું તો જુવાન છે ને પ્રેમનું ઝનૂન સવાર છે તારા માથે એટલે જીવી લઈશ, પણ હું?”

આજે આટલાં વર્ષોમાં શ્રેયાએ પહેલી વાર પિતાની આંખમાં પાણી જોયાં.

“મેં તો મારી આખી જિંદગીનાં બધાંય વર્ષોની મૂડી તારી પાછળ ખર્ચી નાખી, બેટા. હવે આ ધ્રૂજતા પગ, કાંપતા હાથ અને ઝાંખી થતી જતી દૃષ્ટિ સાથે મારાથી એકલા નહીં જિવાય...”

શ્રેયાની આંખો પણ છલછલાઈ ઊઠી. જિંદગી ક્યાં લઈ આવી હતી એને? કોની અને કોની વચ્ચે પસંદગી કરવાની અને શા માટે?

આજ સુધી બાપ-દીકરી વચ્ચે અલય વિશે ખૂલી ને કોઈ ખાસ વાત નહોતી થઈ. અલય તરફનો શ્રેયાનો ઝુકાવ ઠક્કરસાહેબને ખબર હતો, પણ એમણે કહ્યું એમ એ રાહ જોતા હતા કે આ આકર્ષણ આપોઆપ જ ઘસાતું ઘસાતું તૂટી જશે અને સામે પક્ષે શ્રેયા રાહ જોતી હતી કે અલય કંઈ બને એ પછી પિતા સાથે વાત કરવી. ઘણાં વર્ષ પહેલાં અલય શ્રેયા ના ઘરે આવતો-જતો ત્યારે ઠક્કરસાહેબનાં બે-ચાર વાક્ય એવાં તીરની જેમ વાગેલાં અલયને કે પછી અલય ક્યારેય શ્રેયાના ઘરના કમ્પાઉન્ડમાં પણ દાખલ નહોતો થયો.

શ્રેયાએ ઘણો પ્રયત્ન કર્યો હતો બન્નેના મનમાંથી એકબીજા પરત્વે વધુ ને વધુ ગંઠાતી જતી આ ધિક્કારની લાગણીને થોડી હળવી પાડવાનો, પણ એવું ક્યારેય થઈ શક્ય નહીં.

હવે જ્યારે આવતા અઠવાડિયે લગ્ન નક્કી થઈ ગયાં ત્યારે પિતા સાથે વાત કરવી જ પડે એમ હતી. પોતે એકમાત્ર સંતાન હતી એટલે શ્રેયાને ઊંડે ઊંડે એવો વિશ્વાસ હતો કે એ થોડી ઘણી દલીલો કરીને વહાલથી કે પછી જીદથી પણ પિતાને મનાવી લેશે.

આજ સુધી પોતાને મા અને બાપ બન્ને બનીને ઉછેરવામાં જિંદગી ઘસી નાખી હતી એવા બાપને છોડીને જવાની વાત પર શ્રેયાના પગ ઢીલા થવા લાગ્યા હતા. આખી જિંદગી જે સપનાને પંપાળી પંપાળીને જીવી એ સપનું સાચું પડવાને બસ હાથવેંતની દૂરી હતી કે આજે એની સામે એનું લોહી, એનો સંબંધ, એની ફરજ અને એની જ પોતાની લાગણીઓ દીવાલ થઈને ઊભી રહી ગઈ.

પિતાની આંખમાં એક પ્રશ્નાર્થ હતો, જે શ્રેયાને પૂછી રહ્યો હતો કે થોડાં વર્ષોનાં પ્રેમ શું એટલો અગત્યનો હતો, જેની સામે એણે એના વૃદ્ધ થતા જતા પિતાનો એકલા છોડીને સામે જ રહેવું પડે... જ્યાંથી એ માત્ર વીસ ડગલાંનો રસ્તો ઓળંગીને પાછો ક્યારેય ન આવી શકે!

* * *

60

વહેલી સવારે અજય તૈયાર થઈને ઑફિસ જવા નીકળ્યો ત્યારે લક્ષ્મી, જાનકી, હૃદય, રિયા અને સૂર્યકાંત સૌ એને મૂકવા પોર્ચ સુધી આવ્યાં.

લક્ષ્મીએ દહીં ખવડાવ્યું. જાનકીએ અજયના કપાળે તિલક કર્યું. પગે લાગવા જતા અજયને સૂર્યકાંત ભેટી પડ્યા:

"બસ બેટા, દેવશંકર મહેતાની પેઢીનું નામ અમર રાખજે. ઈમાનદારી અને સત્યને ક્યારેય તારાથી દૂર નહીં થવા દેતો. લક્ષ્મી આપોઆપ તારી નજીક રહેશે."

"લક્ષ્મી તો અમસ્તીય મારી નજીક જ છે, બાપુ!"

અજયે કહ્યું અને સૌ હસી પડ્યાં.

"ક્યારે આવે છે નીરવ? તને અમારાથી દૂર લઈ જવા?" એણે લક્ષ્મી સામે જોઈને પૂછ્યું,

"આવતી કાલે."

લક્ષ્મીની ગોરી ચામડી પર શરમની લાલાશ છવાઈ ગઈ.

"હું આજે નીકળું છું. નીરવ મારે ઘેર આવશે પછી અમે બન્ને અહીં આવીશું." રિયા બોલી.

"મારી બહેનનું માગું લઈને?"

"હાસ્તો."

"અમે તો દહેજ માગીશું આવી બહેન માટે..."

"તમે જે માગો એ આપવાની અત્યારે જ હા પાડી દઉં છું."

રિયાએ લક્ષ્મીના માથે હાથ ફેરવ્યો:

"આ ખરેખર લક્ષ્મી છે. જ્યાં પગ મૂકે છે ત્યાં સુખ અને સમૃદ્ધિ એની જોડે જોડે જાય છે."

રિયાની આંખો ભીની થઈ ગઈ:

"નસીબદાર છે મારો દીકરો."

આ બધી વાત દરમિયાન સૂર્યકાંતને સહેજ નબળાઈ જેવું લાગવા માંડ્યું. પોર્ચમાં મૂકેલી નેતરની ખુરશી પર એ બેસી ગયા પછી અજયને પૂછ્યું:

"મધુભાઈ સાથે ટિકિટની વાત થઈ ગઈ?"

"તમને આટલી ઉતાવળ કેમ છે, પપ્પાજી?"

જાનકી જરાક ચિડાઈ ગઈ.

“પચ્ચીસ વરસ તો દૂર રહ્યો એનાથી. હવે ઉતાવળ ન કરું તો ક્યારે કરું?”

સૂર્યકાંતની આંખોમાં જોયા પછી જાનકીથી આગળ કંઈ કહેવાયું નહીં. સૌ થોડી વાર એમ જ ચૂપચાપ ઊભાં રહ્યાં. પછી અજય હળવેથી પોર્ચનાં પગથિયાં ઊતરવા માંડ્યો.

“દીકરો જ્યારે બાપના ખભાનો બોજો લઈ લે ત્યારે એને ખભે ચડીને જવાનો સમય થઈ ગયો છે એવું લાગવા માંડે, નહીં?”

સૂર્યકાંતે લગભગ સ્વગત કહ્યું. સૌએ એમની સામે જોયું, પણ કોઈ કશું બોલ્યું નહીં.

બધાં ધીમે ધીમે વિખરાયાં અને સૂર્યકાંતનો હાથ પકડીને જાનકી એમને હળવે હળવે એમના ઓરડા તરફ લઈ ગઈ. જતાં જતાં લક્ષ્મીએ જાનકી સામે એવી રીતે જોયું કે જાણે ગઈ કાલે રાત્રે તમે મારા રૂમમાં ન આવ્યાં, પણ હું તમને વાત કર્યા વિના છોડવાની નથી.

જાનકી પણ જાણીજોઈને જ લક્ષ્મીના રૂમમાં નહોતી ગઈ. એણે વિચાર્યું હતું કે રિયા જાય પછી જ શાંતિથી લક્ષ્મી જોડે વાત કરીશ. અજયના ગયા પછી નાસ્તાનું ટેબલ સમેટીને જાનકી સિન્કમાં વાસણ સાફ કરતી હતી ત્યારે લક્ષ્મી આવીને બાજુમાં ઊભી રહી:

“તમે કાલે આવ્યાં નહીં, ભાભી.”

“રાત્રે જરા વહેલી ઊંઘ આવી ગઈ.”

“ભાભી, મારી જિંદગીથી અગત્યની તમારી ઊંઘ છે?”

લક્ષ્મીએ જાનકીની આંખોમાં જોયું:

“મારે મા તો છે નહીં અને વસુમા હજારો કિલોમીટર દૂર છે. અહીં તો તમે જ મારી મા છો, ભાભી.”

લક્ષ્મીના ચહેરા પર હવે થોડી ઝાંખપ આવી ગઈ:

“તમને જેટલી અંજલિ વહાલી છે એટલી હું વહાલી નથી, નહીં? અજયભાઈની સાવકી બહેન છું ને?”

‘સ્ટુપિડ!’

જાનકીએ સાબુવાળા હાથે લક્ષ્મીના ચહેરા પર હળવી થપાટ મારી:

‘આ શું અંટસંટ વિચારે છે?’

‘તમે રાત્રે આવ્યાં કેમ નહીં? મેં કહ્યું હતું તો પણ...’

‘લક્ષ્મીબહેન...’

જાનકીને જે કહેવી હતી એ વાત એ ગળી ગઈ. એને અજય સાથેનો પોતાનો સંવાદ યાદ આવી ગયો.

ગઈ કાલે રાત્રે અજય ફરી એક વાર ટુ બી-ઑર નૉટ ટુ બીના મૂડમાં હતો. અજયને આવા અટેક અવારનવાર આવતા. જિંદગીના લગભગ ચાર દાયકા નિષ્ફળતામાં અને અભાવમાં કાઢ્યા પછી ઘડી ઘડી ડિપ્રેશન તરફ સરકી જવું એ અજયનો સ્વભાવ થઈ ગયો હતો. કોઈ પણ નિર્ણય લીધા પછી એને ફરી ફરીને જોયા કરવો, તપાસવો, એનું પોસ્ટમૉર્ટમ કરવું અને એમાંથી ભૂલો શોધીને એને માટે અપરાધભાવ અનુભવવો અજય માટે જાણે એના અસ્તિત્વનો અનિવાર્ય ભાગ હતો. જાનકી આ સમજતી હતી પહેલા જ દિવસથી!

એટલે એ ક્યારેય અજયને આવા મૂડમાં એકલો ન છોડતી. ગઈ કાલે રાત્રે પણ ફરી એક વાર અજય પર આવા જ વિચારોનો હુમલો થયો હતો. બેડરૂમની મોટી મોટી ફ્રેન્ચ વિન્ડોઝ તરફ ચહેરો કરીને છેલ્લા અડધા કલાકથી ઊભા રહેલા અજયને જોતાં જાનકીને સમજાઈ ગયું હતું કે એના મનમાં શું ચાલતું હશે.

આમેય અજય અને જાનકી વચ્ચે શબ્દો ઓછા અને સંવેદનો વધારે વહેંચાતાં. અજયના વગર કહ્યે જાનકી એના મનની વાત સમજી જ જતી.

"અજુ...?"

જાનકીએ એના ખભા પર હાથ મૂક્યો. અજયે પાછળ જોયું. એનો આંખોમાં ગજબનો ખાલીપો હતો.

"શું થાય છે?"

"જાનુ, મને..."

અજયે અચાનક જાનકીને બાહુપાશમાં લઈ લીધી. જાણે પોતાના શરીર સાથે એક કરી દેવા માગતો હોય એમ એને ભીંસી દીધી.

"જાનુ, મને મા યાદ આવે છે."

અજયનો અવાજ જાણે કોઈ પુરુષનો નહીં, પણ પાંચ વર્ષના બાળકનો હોય એટલો અસહાય હતો.

"અજય, મા તો યાદ આવશે. એ છે જ એવાં કે જિંદગીનાં કોઈ પણ સુખમાં અને કોઈ પણ દુ:ખમાં સૌથી પહેલાં યાદ આવે."

જાનકી હળવે હળવે અજયની પીઠ પર અને એના વાળમાં હાથ ફેરવી રહી હતી.

"મને નથી લાગતું કે હું અહીં લાંબો સમય રહી શકું. આ ઘર અને અહીંનું કશુંય મને પોતાનું નથી લાગતું."

અજય હજીય જાનકીને ભીંસી રહ્યો હતો.

"દરેક ઓરડામાં લટકતા સ્મિતાબહેનના ફોટા, સાવ પાશ્ચાત્ય ઢબનું અત્યંત વ્યવસ્થિત ઇન્ટીરિયર... સતત ચૂપચાપ રહેતું આ વિશાળ ઘર... બધું જ જાણે કોઈ બીજાનું છે. આ દેશ બીજાનો છે. આ ઘર બીજાનું છે..."

અજય હળવેથી છૂટો પડ્યો પછી એણે જાનકીની આંખોમાં જોયું:

"હું કાલે જે ખુરશી પર બેસવાનો છું એ પણ બીજાની જ છે."

એણે ફરી બારીની બહાર જોઈને ઉમેર્યું: "રોહિતની."

અજયના ચહેરા પર હજીય પેલી નિષ્ફળતા અને હારી ગયાની લાગણી એમ જ હતાં. જ્યારે જ્યારે અજયના નહીં કમાવા વિશે વૈભવી ટોણો મારતી ત્યારે જે ભાવ અજયના ચહેરા પર આવતા એવા જ ઝાંખપના ભાવ એના ચહેરા પર અત્યારે પણ હતા.

"જાનુ, મને આખી જિંદગી બીજાનું ઊતરેલું મળ્યું છે. અભયભાઈનો યુનિફૉર્મ, અભયભાઈનાં કપડાં, એમનાં ચોપડાં અને આખરે એમની કૃપા..."

અજયનો અવાજ સહેજ તીક્ષ્ણ થઈ ગયો. જાનકીને ઊંડે કશું ખૂંચી ગયું હોય એવું લાગ્યું.

"હું જ્યારે પણ તારી પાસે પૈસા માગતો કે ઘરમાં પૈસા નહીં આપી શકવાની મારી લાચારીનો વિચાર કરતો ત્યારે હું પુરુષ ન હોઉં એવી ફીલિંગ આવતી મને."

જાનકીને અચાનક જ એવી કેટલીય રાતો યાદ આવી ગઈ, જ્યારે પથારીમાં બધું જ સામાન્ય રીતે ચાલતું હોય... અજય એને ખૂબ વહાલ કરતો હોય અને બન્ને વચ્ચે નૈકટ્યની એ ક્ષણ આવવાની તૈયારી હોય ત્યારે જ અચાનક અજયનું લોહી ઠંડું પડી જતું. જાનકી પર ઝૂકેલો અજય અને એની પકડ અચાનક ઢીલાં પડી જતાં... એ ચૂપચાપ જાનકીની બાજુમાં ચત્તોપાટ પડી જતો અને કલાકો સુધી છત તાકતો એમ જ પડી રહેતો.

"શું થાય છે?" જાનકી પૂછતી.

"જાનકી, મને એવી લાગણી થાય છે કે હું પુરુષ નથી."

અજયનો અવાજ ભરાઈ આવતો.

"જે માણસ કુટુંબની જવાબદારી ન લઈ શકે એને શું અધિકાર છે પોતાની પત્નીના શરીરને ભોગવવાનો?"

અજયની આંખના બન્ને ખૂણે આંસુ તોળાઈ રહેતાં...

આવી કેટલીય રાત અજયની સાથે જાગી હતી જાનકી. એ સમજી શકતી હતી એની પીડા, એની વેદના અને એનો તરફડાટ.

કદાચ એ પણ એક કારણ હતું કે એણે અજયના અમેરિકા આવવાના નિર્ણયનો બહુ તીવ્રતાથી વિરોધ ન કર્યો.

આજે પણ અજયની આંખોમાં એ જ રાતોનો ખાલીપો અને નિષ્ફળતા જાનકીને દેખાતાં હતાં.

એ થોડી વાર એમ જ ચૂપચાપ ઊભી રહી અજયની પીઠ પર હળવે હળવે હાથ ફેરવતી...

એને યાદ આવી ગયું મુંબઈથી નીકળતી વખતે એની સાસુએ એને કહેલું:

તું અજયની પ્રગતિ અને એના વિકાસ માટે પરદેશ જઈ રહી છે એ વાત ક્યારેય નહીં ભૂલતી. ત્યાં પહોંચ્યા પછીનો થોડો સમય તારી જાતને ભૂલીને ફક્ત અને ફક્ત અજયને આપજે. એને તારી પ્રેરણાની, તારા સાથની, તારી સંભાળની ડગલે ને પગલે જરૂર પડશે ત્યાં જઈને!

જાનકીને નવાઈ લાગી. કેટલું દૂરનું જોઈ શકતી હતી એ સ્ત્રી! માણસના ગૂઢ મનની કેટલી બધી સમજ હતી

એમને!

અહીં આવી ગયા પછી કાલે સવારે જ્યારે ઑફિસ જોઇન કરવાની છે એવા સમયે અજય આવું જ વર્તશે એવું એમને ત્યાંથી જ ખબર હતી!

"અજય, પારકું અને પરાયું એ તો મનની સ્થિતિ છે."

અજય એને જોઈ રહ્યો.

"તમને સમજાવતી નથી. માત્ર યાદ કરાવું છું. વસુમા હોત તો કદાચ આમ જ કહેત, ખરું ને?"

"જાનુ, મને અહીં આવ્યાનો અફસોસ નથી થતો, પણ કોણ જાણે કેમ હજી આ પરિસ્થિતિ સાથે મન તાલ નથી મિલાવી શકતું."

"અજય, મનનું તો કામ જ એ છે કે જ્યાં હોઈએ ત્યાં ટકવું નહીં. તમને સ્થિર ન થવા દે એનું જ નામ મન."

જાનકીના ચહેરા પર સ્મિત હતું:

"આપણે અહીં જિંદગીની એક નવી દિશા શોધવા આવ્યાં છીએ. પહેલું ડગલું ઉપાડતાં પહેલાં જ જો તમારો પગ ડગમગી જશે તો આપણે આગળ કેવી રીતે વધી શકીશું, અજય?"

જાનકી ખૂબ સ્થિરતાથી અને સંયત અવાજમાં વાત કરતી હતી, પણ એ સમજી શકતી હતી કે અજયની વાત સાચી છે. એને પોતાને પણ આ નવો દેશ અને નવા ઘરમાં હજી ગોઠતું નહોતું.

"અજય, મા કહે છે ને કે વહેતાં રહેવું એનું જ નામ જિંદગી છે. વહેતી નદી પોતાની સાથે એની જમીન નથી લઈ જતી. પથ્થરોને ઘસી ઘસીને ગોળ કરી નાખે છે પોતાનું વહેણ સહેલું બનાવવા, પરંતુ એમનેય પોતાની સાથે નથી લઈ જતી..."

"જાનુ, હું સફળ થઈશ ને?"

અજયની આંખોમાં એક અસમંજસ હતી:

"બાપુએ મારામાં મૂકેલો વિશ્વાસ હું સાચો સાબિત કરીશ ને?"

"મને કોઈ શંકા નથી."

જાનકીએ આટલું કહી અજયને વહાલથી બાહુપાશમાં લઈ લીધો. એના હોઠ પર હોઠ મૂકી દીધા. હળવે હળવે એણે અજયને વહાલ કરવા માંડ્યું. જાનકીના હોઠ અજયના ગળા પર, એની છાતી પર, એના પુરુષાતનને જગાડતા સરકી રહ્યા હતા. અજયના હાથ જાનકીની ગુજરાતી સાડીનો પાલવ હટાવીને એની કમર પર અને એના પેટ પર સરકવા લાગ્યા.

જાનકીનું મન એને એક સવાલ પૂછી રહ્યું હતું:

અજયને એના વિશાદમાંથી બહાર કાઢવાનો રસ્તો શું માત્ર શરીર હતું?

એની બુદ્ધિ એના જ હૃદય સામે વિદ્રોહ કરી રહી હતી:

પુરુષને પુરુષ હોવાની લાગણી માત્ર ત્યારે જ બળવત્તર થાય, જ્યારે એ પોતાને એક સ્ત્રીની સામે, ભલેને એ પછી પત્ની હોય, પુરુષ સાબિત કરે ખાસ કરીને શરીરથી...??

જો કે એનું જ મન એને જવાબ આપી રહ્યું હતું:

પતિ માટે શયનેષુ રંભા અને કાર્યેષુ મંત્રી... એ જ મારી ફરજ છે, આજના સંજોગોમાં તો ખરી જ.

એને યાદ આવી ગયું. એક વાર આવી જ ચર્ચામાં એણે વસુમાને પૂછેલું:

“હેં મા, બાપુએ યશોધરાનો સાથ શોધ્યો એના કારણમાં ક્યાંક તમારા તરફથી મળેલો જાકારો કારણભૂત હશે?”

“ક્યાંક શું કામ?”

વસુમાએ નિખાલસતાથી કહ્યું:

“એ જ કારણભૂત હોય એમ પણ બને. પુરુષ માટે એના પુરુષાતનને સાબિત કરવાની ક્ષણ એટલે સ્ત્રીશરીર અને સાયુજ્યની ક્ષણ... પુરુષ માટે એ એની સૌથી મોટી શક્તિ છે અને સૌથી મોટી નબળાઈ પણ.”

એ નિખાલસતા માટે જાનકીને માન થઈ ગયેલું.

“બેટા, હું હંમેશાં સાચી જ હતી અથવા મેં જે કર્યું એ સત્ય જ હતું એમ માનવાથી મોટી ભૂલ બીજી કોઈ નથી. દરેક વખતે સામેની વ્યક્તિનો વાંક જોવો એ આપણી સૌથી મોટી નબળાઈ છે...”

વસુમાએ કહેલી આ સુંદર વાત જાનકીને ગઈ કાલે રાતના પ્રસંગે ખૂબ મદદરૂપ નીવડી હતી. એમણે એ પણ ઉમેર્યું હતું:

“બેટા, સામેનો માણસ જ્યારે નબળો થાય ત્યારે એની નબળાઈને એની શક્તિ બનાવીને એના જ હાથમાં સોંપી દેવી એ ઉત્તમ રસ્તો છે.”

જાનકીના હાથ સિન્કમાં સાબુ સાથે જ અટકી ગયા હતા. લક્ષ્મી એની સામે જોઈ રહી હતી.

“શું વિચારમાં પડી ગયાં, ભાભી?”

“કંઈ નહીં.”

જાનકીએ લક્ષ્મી સામે જોયું:

“મને લાગે છે, મારે અહીં વસુમાનો રોલ કરવાનો છે.”

“હાસ્તો.”

લક્ષ્મીના ચહેરા પર સ્મિત આવી ગયું:

"એમણે તમને મોકલ્યાં છે જ એટલા માટે કે તમે અહીં બધું ઠીકઠાક કરી નાખો..."

"કેમ? કશું ગૂંચવાયેલું છે?"

જાનકીએ વાસણ એક પછી એક એના સ્ટૅન્ડમાં ગોઠવતાં લક્ષ્મીને પૂછ્યું.

"હા."

લક્ષ્મી હાઈ ચૅર ખેંચીને બ્રેકફાસ્ટ કાઉન્ટરની સામે બેસી ગઈ:

"રિયા મા કહે છે કે..."

લક્ષ્મી એક ક્ષણ ખચકાઈ. પછી હિંમતભેર વાક્ય પૂરું કર્યું:

"હું... હું મારા ડૅડીની દીકરી નથી!"

ક્ષણભર માટે સોપો પડી ગયો. જાનકી એની આંખોમાં જોઈ રહી. આમ તો લક્ષ્મીના દેખાવ પરથી જ આ વાત સાચી છે એમ કહી શકે એમ હતી, પરંતુ એ ચૂપ રહી.

"મારી મા મારા ડૅડી સાથે પરણી ત્યારે ઑલરેડી પ્રેગનન્ટ હતી."

"તમને ખરેખર એનાથી કોઈ ફરક પડે છે, લક્ષ્મીબહેન?"

જાનકીએ સીધો જ સવાલ પૂછી નાખ્યો:

"તમારી જિંદગી હવે સુખની, સંસારની દિશામાં જઈ રહી છે... કાલે તો નીરવભાઈ આવશે. શું કામ આ બધાંની પાછળ..."

"રિયા મા પણ એમ જ કહે છે."

લક્ષ્મીનો ચહેરો ભાવવિહીન સાવ સપાટ હતો:

"પણ મારું મન નથી માનતું. મારે એ માણસને મળવું છે એક વાર..."

"સ્ત્રીને બનાવીને ભગવાને હાથ ધોઈ નાખ્યા છે!"

જાનકીના ચહેરા પર સ્મિત આવી ગયું. એણે બાજુમાં પડેલા નૅપ્કિનથી હાથ લૂછ્યા પછી લક્ષ્મીની નજીક આવીને એના બન્ને ગાલ પર હાથ મૂકી માર્દવથી એનો ચહેરો નજીક લીધો:

"હું તમારી લાગણી સમજી શકું છું."

"લાગણી નહીં ભાભી, જરૂરિયાત. એ માણસને મળીને કંઈ ભેટી નથી પડવાની એને..."

"એય જાણું છું, પણ કદાચ એ ભેટી પડે તમને... તો?"

"ભાભી, નીરવ સાથે જોડાઉં એ પહેલાં મારે મારી જાત સાથે જોડાવું છે. કોઈકને ત્યાં જન્મી, કોઈની દીકરી... છેલ્લા ત્રીસ-ચાલીસ દિવસમાં મારી જિંદગીનો પ્રવાહ પલટાઈ ગયો છે... ઇન્ડિયા જતાં પહેલાં ડૅડીના

ભૂતકાળ વિશે, પછી નીરવ, પછી રિયા મા અને હવે આ સત્ય... મને સમજાતું નથી મારે શું કરવું?"

"જેમ થાય છે એમ થવા દો."

જાનકીએ પોતાના હાથમાં પકડેલા લક્ષ્મીના ગાલ થપથપાવ્યા:

"આમ પણ આપણે કશું બદલી શકતાં નથી. બદલવાના પ્રયત્નમાં છેવટે હાથમાં આવે છે નિષ્ફળતા અને ફ્રસ્ટેશન!"

એણે બાકી રહેલાં બે-ચાર વાસણ ગોઠવાતાં જાણે અમસ્તી જ કહેતી હોય એમ કહ્યું:

"મળી લો, પણ એને તમારી જિંદગીનો બહુ મહત્ત્વનો ભાગ નહીં બનાવતાં એટલું જ કહી શકું છું."

એ પછી જાનકી પોતાનું બાકીનું કામ કરતી રહી. લક્ષ્મી ત્યાં જ બ્રેકફાસ્ટ ટેબલ પર ચૂપચાપ બેસી રહી. જાનકીનું કામ પત્યું કે એણે લક્ષ્મી સામે જોયું:

"જઈએ?"

"એક બીજી વાત, ભાભી."

"હમ્."

જાનકીએ એવી રીતે જોયું, જાણે કહેતી હોય: કહો...

"ભાભી, હું એ માણસને મળવા જાઉં ત્યારે તમે મારી જોડે આવજો."

"લક્ષ્મીબહેન, ત્યાં સુધીમાં તો નીરવભાઈ આવી જશે. મને લાગે છે, તમારે મને નહીં, એમને સાથે લઈ જવા જોઈએ. તમારી સૌથી નાજુક અને સૌથી અગત્યની પળમાં તમારી સાથે તમારો જીવનસાથી હોવો જોઈએ."

જાનકી સામે લક્ષ્મી જોઈ રહી. એને લાગ્યું કે જાનકી સાચું કહેતી હતી. નીરવથી વધુ અગત્યનું કોણ હોઈ શકે જિંદગીની આવી પળે?

અચાનક રિયા કિચનમાં દાખલ થઈ:

"શું ગૉસિપ ચાલે છે?"

"તમારા દીકરાની ફરિયાદ કરું છું." લક્ષ્મી હસી.

"તો તો મારે પણ ઘણું કહેવાનું છે."

રિયાના ગાલમાં ખાડા પડી ગયા અને એ ત્રણેય સ્ત્રી ખડખડાટ હસી પડી. સાવ ખોટું અને બોદું એ હાસ્ય એમની અંગત લાગણીને ગજબ રીતે સંતાડતું હતું એ વાત ત્રણેય સમજતી હતી અને છતાં ત્રણેય ન સમજવાનો અજબ ડોળ કરી રહી હતી.

*

શ્રીજી વિલાની બહાર સાંજ જાંબુડી થઈ ગઈ હતી.

સૂરજ ઢળી ગયો હતો, પણ હજી પૂરેપૂરું અંધારું નહોતું થયું. પથ્થરની બેઠક પર બેસીને વસુમા દિવેટ કરી રહ્યાં હતાં. સામે બેઠેલી વૈભવી શૂન્ય નજરે આકાશ તરફ જોઈ રહી હતી.

હવે અભય મોડો આવે કે વહેલો, વૈભવી એને ફોન નહોતી કરતી. એ જ્યારે આવે ત્યારે એના જમવા વિશે સાદા અને ટૂંકા સવાલ કરતી. છેલ્લા બે-ચાર દિવસમાં વૈભવી અને અભય વચ્ચે ભાગ્યે જ દસ વાક્યથી વધારે વાત થઈ હશે.

અજયને ઍરપોર્ટ પર મૂકીને આવ્યાની રાત્રે થયેલા સંવાદ પછી અભય પણ જાણે બુઝાઈ ગયો હતો. એ પ્રિયાને બહુ જ ચાહતો હતો અને અત્યાર સુધી એને લાગતું હતું કે વૈભવી આ જ ટ્રીટમેન્ટને લાયક છે, પરંતુ તે રાત્રે જે સંવાદ થયો એ પછી આ નરમ, તૂટી ગયેલી, બુઝાયેલી વૈભવી એનાથીય નહોતી સહી શકાતી.

અભયને ઊંડે ઊંડે લાગ્યા કરતું હતું કે વૈભવીની આ સ્થિતિ માટે પોતે જવાબદાર છે અને છતાં એ અંગે એ કશુંય કરી શકે એમ નહોતો.

પથ્થરની બેઠક પર બેસીને શૂન્યમાં જોઈ રહેલી વૈભવી અને ઑફિસમાં બેસીને ટેબલ પર મૂકેલા કાગળમાં આડાઅવળા લીટા દોરતા અભયની મનઃસ્થિતિ લગભગ સરખી હતી.

અહીં વસુમા વૈભવીને અને ત્યાં પ્રિયા અભયને જોઈ રહ્યાં હતાં. વસુમા તો સમજતાં હતાં કે આ પરિસ્થિતિમાંથી પસાર થયા વિના વૈભવી માટે જિંદગી સાથે સમજૂતી કરવી અસંભવ છે. એક ભયાનક ભૂકંપમાંથી પસાર થયેલી જિંદગીને ફરી ગોઠવાતાં પહેલાં કેટલાક આફ્ટરશૉક અનુભવવા પડશે એનો એમને અનુભવ હતો અને એટલે જ એ ખાસ કશું બોલ્યા વિના વૈભવીની આસપાસ રહેવાનો પ્રયત્ન કરતાં હતાં. એમની હાજરી જ વૈભવી માટે એક સધિયારો બની રહેતી. બિનજરૂરી શબ્દોની આપ-લે કે સલાહ-સૂચનનો મારો કર્યા વિના વસુમા માત્ર પોતાની નજરથી અથવા હાજરીથી વૈભવીને એટલું મૂક રીતે કહેતાં રહેતાં કે હું છું. જ્યારે મારી જરૂર પડે ત્યારે હું હાજર જ છું. એટલી શ્રદ્ધા રાખજે અને વૈભવી પણ આ વાત સમજતી હતી એટલે જ્યારે જ્યારે મન ઉદાસ થાય ત્યારે એક વાર એ વસુમા સામે જોઈ લેતી...

જો કે એને સતત યાદ રહેતું કે વર્ચસની લડાઈમાં એણે આ સ્ત્રી પર કેવા અને કેટલા ઘસરકા પાડ્યા હતા. આ ઘરમાં એનું વતન કેટલું ખરાબ રહ્યું હતું એ વાત હવે એને સમજાઈ હતી. એટલું જ નહીં, રહી રહીને એ વાત એને પીડા આપતી રહેતી. વૈભવીને પોતાનું જ વર્તન રહી રહીને ડંખતું.

“મા.”

વૈભવીએ વસુમા સામે જોયું. એની આંખોમાં પાણી હતાં.

“વળી શું થયું, બેટા?”

વસુમાએ દિવેટ આઘી મૂકી અને વૈભવીના હાથ પર પોતાનો હાથ મૂક્યો:

“શા માટે રહી રહીને રુઝાતા ઘાને ખોતર્યા કરે છે?”

“મા, હવે મારી ભૂલો મારી સામે પહાડ થઈને ઊભી રહે છે... આગળ જોવાનો રસ્તો બંધ થઈ જાય છે. મેં જે

કર્યું એ રહી રહીને મને પીડે છે અને હવે એને સુધારવાની કોઈ શક્યતા બાકીય નથી રહી."

"બેટા, મેં જો આમ વિચાર્યું હોત તો ચાર સંતાનને કેવી રીતે ઉછેર્યાં હોત?"

વૈભવીએ ચોંકીને વસુમા સામે જોયું. કેટલી સાચી હતી એમની વાત! આ સ્ત્રી અંગત દુ:ખને પંપાળીને બેસી રહી હોત તો એનો કોઈ અંત જ ન આવ્યો હોત.

"બેટા, એક વાર મા બનીએ ને પછી આપણું સ્ત્રીત્વ ચાર ડગલાં પાછળ જતું રહે છે. સાથે સાથે પત્નીત્વ પણ ક્યાંક દૂર જઈને ઊભુંૃ રહી જાય છે. સૌથી આગળ અને સૌથી મહત્ત્વનું રહે છે માતૃત્વ."

એમણે વહાલથી વૈભવીને સમજાવી:

"લજ્જા છે, આદિત્ય છે - એમનામાં ધ્યાન આપ."

"પણ મા, અભયે મને મારા કારણે તરછોડી હોત તો આટલું દુ:ખ ન થયું હોત..."

વૈભવી નીચી આંખે કહી રહી હતી.

"સમજું છું. જેની સાથે જિંદગી જીવવા માટે તમે બધું જ છોડીને આવ્યાં હો એ કોઈ બીજી સ્ત્રીના કારણે તમને તરછોડે ત્યારે એમાં પીડા કરતાં અપમાનનો ભાવ વધારે હોય છે."

વૈભવીએ આંખો ઊંચકીને વસુમા સામે જોયું.

વસુમાએ ઉમેર્યું:

"મારી વાર્તા પણ તારાથી જુદી તો નથી જ ને, બેટા?"

"મા, ક્યારેક થાય છે કે અપમાનનો બદલો લઉં તો ક્યારેક થાય છે કે હું એ જ અપમાનને લાયક હતી... ક્યારેક લોહી ઊકળી આવે છે તો ક્યારેક મજબૂરીનો અહેસાસ થાય છે."

વૈભવીનો અવાજ ઊંચો થઈ ગયો.

"ક્યારેક અભયનું ખૂન કરવાની ઇચ્છા થાય છે તો કયારેક એના ચરણમાં બધું નાખીને માન-અપમાન ભૂલીને ફરીથી જિંદગી શરૂ કરવાની જિજીવિષા જાગી ઊઠે છે."

હવે એની આંખો છલકાઈ ગઈ:

"અંતે બધું શૂન્યમાં પરિણમે છે. એ બહારથી આવે ત્યારે મને એમના શરીરમાંથી પ્રિયાની સુગંધ આવે છે. એમના શરીર પર પ્રિયાના ફિંગરપ્રિન્ટ્સ દેખાય છે..."

વૈભવી રડી પડી:

"મરીય નથી શકતી ને જીવીય નથી શકતી."

"આ સ્ત્રીમાત્રની કથા છે, બેટા."

વસુમાએ ખૂબ સ્થિરતાથી કહ્યું:

"તેં તારી જાતને પ્રિયાની જગ્યાએ મૂકી છે? એને પણ આ જ બધું લાગતું હશે. ખરું કે નહી?"

વૈભવી એમની સામે જોઈ રહી:

"પણ એ તો જાણતી હતીં બધું..."

"જાણવા છતાંય જાતને રોકી ન શકાય ત્યારે પહેલો ક્રોધ જાત પર ઊતરતો હોય છે."

વસુમાએ હળવેથી કહ્યું:

"બેટા, પ્રિયાને ભૂલી જા..."

"ભૂલી જાઉં? મને એના સિવાય કંઈ યાદ નથી રહેતું."

"અને એટલે જ જેટલી ક્ષણો અભય તારી પાસે હોય છે એટલી ક્ષણો પણ તું કોઈ ને કોઈ રીતે પ્રિયાને તમારી વચ્ચે લઈ આવે છે."

"હા, મા."

વૈભવીથી કહેવાઈ ગયું:

"હું ઇચ્છું કે નહીં, વાત અમારા સંબંધની દિશામાં જ ફંટાઈ જાય છે."

"સ્વાભાવિક છે."

વસુમાએ પોતાના હાથમાં પકડેલો વૈભવીનો હાથ થપથપાવ્યો:

"આ પરિસ્થિતિને તૂટેલા હાડકા પરના પ્લાસ્ટરની જેમ જોવાનો પ્રયત્ન કર, વૈભવી..."

"એટલે?"

વૈભવીનો ખૂબસૂરત ચહેરો અચાનક જ છેલ્લા થોડા દિવસથી મ્લાન અને પીળો થવા લાગ્યો હતો. છેલ્લા દસ દિવસમાં એની ઉંમર દેખાવા લાગી હતી.

"એટલે એમ કે તમારા સંબંધને જોડતું હાડકું તૂટી ગયું છે. આ પરિસ્થિતિ એના પર પ્લાસ્ટર જેવી છે. એ તૂટેલા હાડકાને યોગ્ય સ્થિતિમાં મૂકીને થોડો સમય યથાવત્ રાખશે."

"એનાથી શું થશે?"

વસુમાના ચહેરા પર સ્મિત આવી ગયું:

"જેમ પ્લાસ્ટર ધીમે ધીમે હાડકાને જોડે છે એમ તમારો સંબંધ પાછો જોડાશે, વૈભવી."

વસુમાનો આંખોમાં આત્મવિશ્વાસ હતો. થોડો સહિયારો અને સાંત્વન પણ:

“તું જો આ પ્લાસ્ટરને વારંવાર હચમચાવ્યા કરીશ તો જોડાતો સંબંધ ફરી સંધાશે નહીં...!”

કેટલી સહેલાઈથી કેટલી અઘરી વાત સમજાવતી હતી આ સ્ત્રી!

“મા!”

વૈભવીએ માથું વસુમાના હાથ પર મૂકી દીધું. વસુમા હળવે હાથે એના વાળમાં હાથ ફેરવતાં રહ્યાં. વૈભવીએ ગાંઠ વાળી:

આજ પછી હું પરિસ્થિતિને કોઈ દિશામાં લઈ જવાનો પ્રયત્ન નહીં કરું ન પોઝિટિવ, ન નેગેટિવ...

*

શ્રેયા અને અલય ક્યારનાં હતા બેઠાં હતાં.

સાગરકિનારે આવેલી એ કૉફી શૉપમાં દરિયાનો ધીમો ધીમો અવાજ સંભળાતો હતો. પસાર થતાં વાહનના ધીમા ઘરઘરાટ સિવાય બપોરની શાંતિમાં બીજો કોઈ અવાજ નહોતો. દૂર ખૂણામાં બેઠેલું એક બીજું યુગલ એમની રીતે ધીમા અવાજે ગુટરગૂં કરી રહ્યું હતું.

“આજે ફિલ્મ સેન્સરમાં ગઈ છે.”

ક્યારનો ચૂપચાપ બેઠેલો અલય દરિયાની દિશામાં જોયા કરતો હતો. એણે ધીરેથી જાત જોડે વાત કરતો હોય એમ કહ્યું.

“ખબર ક્યારે પડશે?”

“ગમે ત્યારે ફોન આવવો જોઈએ. ફોર્માલિટીસ તો થયા કરશે, પણ સભ્યોના અભિપ્રાય અત્યાર સુધીમાં મળી ગયા હશે.”

એણે ઘડિયાળ જોઈ:

“માજિદનો ફોન કેમ ન આવ્યો એની જ નવાઈ લાગે છે.”

“અહીં બેસીને ચિંતા કરવાને બદલે તારે જાતે જવું જોઈતું હતું.”

“ખબર છે!”

અલય ના બેચેન હાથ ટેબલ પર તબલાં વગાડી રહ્યા હતા. એની આખીય બૉડી લેન્ગવેજ સખત બેચેન અને ધીરજ વગરની હતી:

“પણ હું જાત તો એમના અભિપ્રાય સામે દલીલો કરવા બેસત. મને મારા સ્વભાવની ખબર છે. મારા કામ વિશે કોઈ પણ માણસ નાનકડી પણ કૉમેન્ટ કરે એ મારાથી સહન નથી થતું.”

કંઈ બોલવા જતી શ્રેયાને એણે હાથ ઊંચો કરીને અટકાવી:

“મને ખબર છે, આ નબળાઈ છે.”

"હું એવું નહોતી કહેવાની."

શ્રેયાની આંખોમાં એક અજાણ્યો અસહાય ભાવ હતો:

"મારે એક બીજી જ વાત કરવી છે, ખૂબ અગત્યની."

"બોલને...?"

"સેન્સર બોર્ડના સ્ક્રીનિંગમાંથી ફોન આવી. જાય પછી વાત કરું..."

"એ તો આવશે, જે આવવાનો હશે તે."

અલયે જરા બેફિકર સ્મિત કર્યું:

"હું ગમે એટલા ધમપછાડા કરું, એમનો નિર્ણય સ્વીકાર્યા વિના ચાલવાનું નથી."

પછી શ્રેયાનું નાક પકડીને એનો ચહેરો હલાવ્યો:

"બોલ બેબી, બોલ... શું વાત છે?"

"અલય, પપ્પા કોઈ રીતે માનતા નથી."

અલય ખડખડાટ હસી પડ્યો:

"એમાં નવી વાત શું છે? આ તો આપણને ખબર જ હતી."

"ખબર હતી..."

શ્રેયાએ નીચું જોયું. ઘડીભર ચૂપ રહી. પછી ફરી એક વાર અલયની આંખોમાં જોયું:

"ગઈ કાલ સુધી એ ઘર મારે છોડવાનું નહોતું, અલય ... આજે એ પરિસ્થિતિ ખરેખર ઊભી થઈ છે ત્યારે એનો ભય અને એનું ગિલ્ટ મને ઘેરી વળ્યાં છે."

"એટલે?"

અલય સિરિયસ થઈ ગયો.

"જે પિતાએ મને ક્યારેય માની ખોટ નથી સાલવા દીધી, જેણે મને ઉછેરવા માટે પોતાની જિંદગીનો ભોગ આપી દીધો..."

એણે થૂંક ગળે ઉતાર્યું:

"એ પિતા કહે છે કે તને પરણીશ તો એમની સાથેનો સંબંધ પૂરો થઈ જશે."

એ અલય સામે તાકી રહી.

"તો?"

“તો...!

શ્રેયાના ચહેરા પર એની મૂંઝવણ, એની અવઢવ, એની તકલીફ સ્પષ્ટ દેખાતાં હતાં:

“તો અલય, જે માએ તારા માટે આટલું બધું કર્યું એ માનાં દુ:ખને તું તારા પિતાના સંબંધ માટે પારા ભૂલી ન શક્યો તો હું...”

શ્રેયાના અવાજમાં અસહાયતા હતી:

“કેવી રીતે છોડી દઉં એમને? કોના ભરોસે? મારાં સુખ માટે એ બધું ભૂલી જાઉં, જે એમણે કર્યું છે? આઈ કાન્ટ અલય, આઈ કાન્ટ...”

શ્રેયા સામે જોઈ રહ્યો અલય.

ક્યાં લાવીને મૂક્યો હતો જિંદગીએ? શું કહી રહી હતી આ છોકરી? આજે જ્યારે સાત-સાત વર્ષથી જોયેલું સપનું સાચું પડવાનું હતું ત્યારે આ કયા સંબંધનો સેતુ ફુરચેફુરચા થઈને ઊડી રહ્યો હતો...

* * *

61

પથ્થરની બેઠક પર બેસીને શૂન્યમાં તાકી રહેલી વૈભવી અને ઑફિસમાં બેસીને ટેબલ પર મૂકેલા કાગળમાં આડાઅવળા લીટા દોરતા અભયની મનઃસ્થિતિ લગભગ સરખી હતી.

અહીં વસુમા વૈભવીને અને ત્યાં પ્રિયા અભયને જોઈ રહ્યાં હતાં. બન્ને સમજતાં હતાં કે આ સ્થિતિમાંથી પસાર થયા વિના જિંદગી સાથે સમજૂતી કરવી લગભગ અશક્ય છે.

પ્રિયા કૅબિન વચ્ચેના કાચમાંથી અભયને જોઈ રહી હતી. એના ચહેરા પર સતત બદલાતા હાવભાવ પ્રિયાથી છાના નહોતા. જો કે અભયને આવી મનઃસ્થિતિમાં પ્રિયાએ ઘણી વાર જોયો હતો. ઘણી વાર વૈભવી સાથે ઝઘડીને અહીં આવ્યા પછી એ ઘરે જવાનું ટાળતો. સ્ટાફ ચાલી જાય પછી એ ઑફિસમાં ડ્રિન્ક પણ લેતો.

આજે અભય ટેબલ પર બેસીને કોઈ કામ કરી શક્યો નહોતો. સામે પડેલી કેટલીય ફાઈલો અને કાગળો જોઈને એનો નિકાલ કરવાનો હતો, પણ અભયથી કશુંય થઈ શકતું નહોતું. છેલ્લા થોડા દિવસથી વૈભવીની મનઃસ્થિતિ અભયને છેક ભીતર સુધી હચમચાવી ગઈ હતી.

જે વૈભવી કોઈના એક શબ્દ સામે દસ વાક્ય સંભળાવે, પોતાની જીત માટે કોઈનો પણ ભોગ લઈ લે, પોતાના વિશે સતત સુપિરિયરિટી ધરાવતી વૈભવી છેલ્લા થોડા દિવસથી જાણે એ વૈભવી જ નહોતી રહી. એ તદ્દન નરમઘેંસ થઈને વર્તતી. અભય માટે બધું જ કરતી અને છતાં અભય એને કોઈ કામ સોંપે કે એની પાસે કશું માગે તો જાણે વૈભવી આભારવશ થઈ જતી.

અભયને એમ હતું કે વૈભવી ઝઘડશે, ત્રાગાં કરશે, જે એણે શરૂઆતમાં કર્યા પણ, પરંતુ વૈભવીનું આ નવું સ્વરૂપ અભય માટે સાવ અજાણ્યું હતું. આવી મીણની પૂતળી જેવી પ્રાણ વગરની વૈભવી અભયને ડરાવતી હતી. લડતી-ઝઘડતી-બૂમો પાડતી કે કડવું બોલતી વૈભવીને અભય ઓળખતો હતો, પરંતુ આ?

આવી એક શબ્દ ન બોલતી, વિષાદગ્રસ્ત આંખોથી અભયને જોતી વૈભવી... આ વૈભવી તો જાણે અભય માટે એના આત્મા પર થતો ઘા હોય એવી હતી!

અભયની આંખોમાં વારે વારે પાણી ધસી આવતાં હતાં. અજયને ઍરપોર્ટ મૂકીને આવ્યા પછી વૈભવી સાથે જે ચર્ચા થઈ ત્યારથી અભય પોતાની જાતને પૂછ્યા કરતો હતોઃ

લગ્નજીવનનાં આટલાં બધાં વર્ષ પછી વૈભવી સાથે આવી રીતે વર્તવાનો પોતાને શો અધિકાર હતો? હું ઇચ્છતો હતો એવી વૈભવી ન બની શકી એમાં ખરેખર એનો કોઈ વાંક છે?

વસુમાના સંસ્કાર અને એના આત્માની સરળતા એને વારંવાર આવા સવાલ તરફ ધકેલતી હતી.

પ્રિયાએ બહારથી અભયના ચહેરા પર જતા-આવતા ભાવ જોયા. એની આંખોમાં પાણી જોયાં એટલે આખરે એનાથી ન રહેવાયું. એ બે કૅબિનની વચ્ચેનો કાચનો દરવાજો ધકેલીને દાખલ થઈ. સીધી અભયની સામે બેસી ગઈ. અભયની કૅબિનના વેનિશિયન બંધ હતા એટલે કૅબિનમાં એકાંત હતું.

“શું વાત છે, અભય? ઘરે કંઈ થયું છે?”

અભયે નિશ્વાસ નાખ્યો:

"નૉટ રિયલી."

"તો પછી? હું છેલ્લા બે કલાકથી જોઉં છું, તમારું મન ક્યાંક બીજે ખોવાયેલું છે. શું વિચારો છો? માએ કંઈ કહ્યું?"

"હવે મારા ઘરમાં મને કોઈ કંઈ નથી કહેતું."

"એનું દુ:ખ થાય છે?"

"હું નહીં સમજે, પ્રિયા! મારા ઘરની પરિસ્થિતિ સાવ અલગ છે. ગઈ કાલ સુધી જે ઘર અવાજોથી ગુંજતું હતું એ ઘર અચાનક શાંતિથી ઘેરાઈ ગયું છે..."

"તો? શું પ્રોબ્લેમ છે? આ જ શાંતિ તો તમારે જોઈતી હતી."

"ના પ્રિયા, આ શાંતિ નથી જોઈતી મારે. અજય અને જાનકીની ગેરહાજરી, વૈભવીના ચહેરા પરથી ઊડી ગયેલું નૂર બધું જ સમજતાં અને કશું ન બોલતાં મારાં સંતાન, પોતાની દુનિયામાં અટવાયેલો, મારી પરિસ્થિતિ સમજતો અને મને કંઈ ન કહેતો મારો નાનો ભાઈ અલય ને છેલ્લે આ બધાંથી પીડાતી મારી મા."

"શું કરવું છે?"

"એ ખબર હોત તો મેં ક્યારનું કરી નાખ્ય હોત."

"અભય, હું કોઈ પણ પરિસ્થિતિ માટે તૈયાર છું. શરત એટલી કે તમે સુખી થવા જોઈએ."

"હું સમજું છું, પ્રિયા."

અભયથી પ્રિયાનો હાથ પકડાઈ ગયો:

"હું વૈભવીને સેંકડો માણસોની વચ્ચે પરણીને લઈ આવ્યો છું. લગ્નની વેદીની આસપાસ વચન આપ્યાં છે મેં..."

"એ વચન ક્યાં તોડ્યાં છે તમે?"

પ્રિયાનો અવાજ એકદમ સ્વસ્થ હતો:

"અને લગ્નનું બંધન તમને ગિલ્ટ આપતું હોય તો આપણી વચ્ચે હજી ઘણું બધું..."

"પ્રિયા, હું તારાથી છૂટા પડવાનાં કોઈ બહાનાં નથી શોધતો."

હાથમાં પકડેલો પ્રિયાનો હાથ અભયથી દબાઈ ગયો:

"મારું મન મને સવાલ કરે છે અને એટલો અધિકાર તો મારા મનને મારે આપવો પડે."

એની આંખો ભીની થઈ ગઈ:

“જેમ વૈભવી મને સુખ નથી આપી શકી એમ હું પણ એની અપેક્ષાઓમાં ઊણો ઊતર્યો હોઈશ. એક સ્ત્રી લડી-ઝઘડીને દુ:ખી થતી પણ પોતાનાં લગ્ન નિભાવ્યે જાય છે, જ્યારે પુરુષ તરત એમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધી લે છે.”

“મને આનો જવાબ ખબર છે. આપું?”

પ્રિયાએ વેધક નજરે અભયની આંખોમાં જોયું. એના અવાજને ધાર નીકળી આવી:

“કારણ કે સ્ત્રી સંબંધને જીવનભરનું સત્ય માનીને જોડાય છે. એ માણસનો સ્વભાવ બદલવાનો પ્રયત્ન કરે છે, આખેઆખો માણસ નથી બદલી નાખતી.”

પછી ઘડીભર ચૂપ રહી:

“અથવા એમ કહો કે બદલી શકતી નથી.”

“આ એનું ગૌરવ છે કે મજબૂરી?”

આટલી ગંભીર ચર્ચામાં પણ પ્રિયા હસી પડી:

“સ્ત્રીની બાબતમાં એક બહુ ઇન્ટરેસ્ટિંગ વાત છે. એ પોતાની દરેક મજબૂરીનું ગૌરવ કરે છે.”

“એટલે?”

“મા બનવાની એની ક્ષમતા એના જીવનની સૌથી પીડાદાયક ક્ષણ છે એમ છતાં સ્ત્રી માતૃત્વનું ગૌરવ કરે છે. એનો માસિક ધર્મ એને માટે એને ઘણી બધી વસ્તુઓથી વંચિત રાખતી પીડાદાયક પ્રક્રિયા છે, પણ એ એના વિશે ફરિયાદ નથી કરતી. ઘરનું કામ કરવું, પતિ-બાળકોનું ધ્યાન રાખવું અને આટલો બધો શારીરિક શ્રમ કરવો પડે એવી દિનચર્યાને એ અન્નપૂર્ણા અથવા ગૃહલક્ષ્મી જેવાં મોટાં મોટાં નામનાં લેબલ લગાડીને જીવી જાય છે. પુરુષ પોતાના સંબંધમાંથી નીકળી જાય કે મૃત્યુ પામે એમ છતાં એની યાદમાં, એના વિરહમાં એ ત્યક્તા, વિધવા કે જીવનભર અપરિણીત રહીને જીવી શકે...”

“બસ... બસ.”

અભયના ચહેરા પર પણ સ્મિત આવી ગયું:

“ફેમિનિઝમ પર મોટું ભાષણ આપ્યું.”

એણે હાથમાં પકડેલા પ્રિયાના હાથમાં પોતાની આંગળીઓ પરોવી:

“હવે માત્ર એટલું કહે કે હું મારી જાતને કઈ રીતે મદદ કરી શકું?”

“મને પૂછો છો?”

એ અભયની આંખોમાં જોઈ રહી:

“અભય, હું આખી જિંદગીમાં એક જ વાત શીખી છું. પોતાનો નિર્ણય જાતે કરવો અને એનું પરિણામ

ભોગવવાની તૈયારી રાખવી."

"તે ભોગવું જ છું પરિણામ."

અજયના અવાજમાં સહેજ ચીડ ભળી ગઈ:

"ભાગી નથી ગયો, ઊભો છું અહીંયા."

"અભય!"

પ્રિયાએ લાડથી કહ્યું:

"તમે ક્યારેય ભાગો જ નહીં, પણ તમને એક વાત કહું? તમે થોડો સમય લો તમારી જાત સાથે! મને એવું લાગે છે કે તમે આ ગૂંચવાયેલી પરિસ્થિતિમાં તમારી જાતને સંભાળી નથી શકતા."

"મારી દયા ન ખાઈશ."

"ઓહ, કમ ઑન! હું શું દયા ખાવાની? હું તો એક સજેશન કરું છું. મારી અને વૈભવી સિવાય પણ તમારી પોતાની એક જિંદગી છે. એ જિંદગીનો કોઈ આકાર છે. કોઈ સ્વરૂપ છે..."

પ્રિયા ખૂબ મૅચ્યોરિટીથી વાત કરી રહી હતી:

"કદાચ અમે બન્ને ન હોઈએ તો તમે ન જીવો?"

"પ્રિયા, હું તમારા બેમાંથી કોઈનેય દુ:ખી કરવા નથી માગતો. તમારા બન્ને પરત્વે મારી જવાબદારી છે."

"પહેલી જવાબદારી જાત પરત્વે છે. તમારી જાતનું ધ્યાન રાખો... તમારા મનને શાંત કરી નાખો. અંદરથી હલચલ બંધ થઈ જશે તો આસપાસની દુનિયા આપોઆપ શાંત થઈ જશે."

પ્રિયાએ સ્મિત કર્યું:

"આ મારો અનુભવ છે. આપણે કેટલીક વાર બિનજરૂરી જવાબદારીઓ લઈ લેતાં હોઈએ છીએ. અમે બન્ને અમારી જાતને સંભાળી લઈએ એવડાં અને એટલાં સક્ષમ છીએ. તમે અમારી જવાબદારી છોડીને પહેલાં તમારી પોતાની જવાબદારી લો."

એ પ્રિયા સામે જોઈ રહ્યો:

ટચૂકડી લાગતી આ દૂબળી-પાતળી છોકરીના મનમાં કેટલી શક્તિ ભરેલી હતી?

"પ્રિયા, કોણ જાણે કેમ, હું ડગમગી ગયો છું. વૈભવીના ઝઘડા, એનો ક્રોધ મને હલાવી નથી શક્યા, પણ એની સારાઈએ મને તોડી નાખ્યો છે."

અભયનો અવાજ પલળી ગયો.

"સમજું છું અને એટલે જ કહું છું કે જાતને સમય આપો. તમને શું જોઈએ છે એ નક્કી કરી લો..."

પછી નીચું જોઈને સાવ ધીમા અવાજે ઉમેર્યું:

"કોને કેવું લાગશે એની ચિંતા છોડી દો.

એ પછી ક્યાંય સુધી પ્રિયાની આંગળીઓમાં પરોવાયેલી પોતાની આંગળીઓને મજબૂત કસતો અભય ચૂપચાપ બેસી રહ્યો, પણ એણે એક વાત નક્કી કરી લીધી:

પ્રિયાની વાત સાચી છે. મારે મારો નિર્ણય કરવો જ જોઈએ અને એનું જે પણ પરિણામ આવે એ સહન કરવું જ રહ્યું. આમ બે સ્ત્રીની વચ્ચે લોલકની જેમ આમથી તેમ... તેમથી આમ ઝૂલતાં તો ન જ જીવી શકાય...

*

ઍની પટેલ હાથમાં એક કાગળ લઈને ટ્વેન્ટી ફોર્થ સ્ટ્રીટમાં પોતાની ગાડીની બહાર ઊભી હતી. લક્ષ્મી વંટોળિયાની ઝડપે આવી.

ઍનીએ એક પણ અક્ષર બોલ્યા વિના પોતાના હાથમાં પકડેલું એક કવર લક્ષ્મીને આપ્યું. લક્ષ્મીએ આંખોમાં ઝળઝળિયાં સાથે એ કવર લીધું. પછી ઍનીને ભેટવા ગઈ, પણ ઍનીએ કોઈ પ્રતિભાવ આપ્યા વિના નજર ઝુકાવીને ખૂબ ધીમેથી કહ્યું:

"તું મને આજ પછી ક્યારેય ઓળખતી નથી, પ્લીઝ!"

લક્ષ્મી જે ઝડપે આવી હતી એ જ ઝડપે પીઠ ફેરવીને ચાલવા લાગી. ચાલતાં ચાલતાં એણે કવર ખોલ્યું. એમાં એક સરનામું અને ફોન નંબર લખેલો હતો. કોઈનું નામ નહોતું, પણ એ સરનામું અને ફોન નંબર કોનાં હતાં એ લક્ષ્મીને કહેવું પડે એમ નહોતું.

સોનેરી વાળને પાછળ લઈને લક્ષ્મીએ એક પોની ટેલ વાળી હતી. ડાર્ક બ્લુ ડૅનિમ લો વેસ્ટ હોવાને કારણે એના શરીરના વળાંકોને વધુ સ્પષ્ટ કરતું હતું. આછા ગુલાબી રંગનું ટાઇટ ટી-શર્ટ લક્ષ્મીને ખરેખર સુંદર દેખાડતું હતું. એણે ઘડિયાળમાં જોયું. એ ઘરેથી બોસ્ટન જવા નીકળી હતી.

આજે રાત્રે નીરવ બોસ્ટન ઊતરવાનો હતો. એણે સૂર્યકાંતને એમ જ કહ્યું હતું કે પોતે બોસ્ટન જઈ રહી છે અને બેએક દિવસમાં નીરવને લઈને પાછી આવશે. સૂર્યકાંતના લગભગ દુરાગ્રહ છતાં એણે અબ્દુલને સાથે લઈ જવાની ના પાડી અને સેલ્ફ ડ્રાઇવ કરીને જ એ નીકળી.

સરનામું લોન્ગ આઈલૅન્ડ પરની એક જગ્યાનું હતું.

લક્ષ્મી ઘડીભર સરનામું હાથમાં લઈને વિચારતી રહી. પછી એણે ત્યાં જવાનું નક્કી કર્યું અને અચાનક એને જાનકીની વાત યાદ આવી ગઈ:

જિંદગીની આ સૌથી નાજુક અને મહત્ત્વની પળે એની સાથે નીરવ હોવો જોઈતો હતો ખરો?

પછી એણે માથું ધુણાવ્યું. એણે ત્યાં એકલાં સાવ એકલાં જવાનું નક્કી કરી લીધું...

*

લૅન્ડસ્કેપિંગ કરીને બનાવવામાં આવેલો સુંદર બગીચો. વૃક્ષોથી જાણે હાઉસને એક દીવાલ આપી દેવામાં આવી હતી. મેઈન સ્ટ્રીટ પર લાકડાંનો સુંદર કોતરણીવાળો દરવાજો હતો. ટિપિકલ અમેરિકન બાંધણીનું એ હાઉસ સુંદર દેખાતું હતું. હાઉસની બહાર સરઘસ પિત્તળની નેમ-પ્લેટ હતી. લક્ષ્મીએ એ નેમ-પ્લેટ પર આંગળીઓ ફેરવી.

રોનાલ્ડ... રોની!

લક્ષ્મીએ એક ક્ષણ માટે આંખો મીંચી.

મારી માને આ માણસે જેટલું સુખ આપ્યું એટલી જ તકલીફ આપી કદાચ...

એણે ડોરબેલ દબાવ્યો.

એક ઑટોકોપ સિસ્ટમના કૅમેરાનો લેન્સ એના તરફ મંડાયો. અમેરિકાના મોટા ભાગના એકલવાયા વિસ્તારનાં ઘરોમાં ઑટોકોપની સિસ્ટમ ઇન્સ્ટૉલ કરેલી હોય છે. અંદર બેઠેલા માણસને બહાર કોણ છે એ જોવામાં આવા ક્લોઝ સર્કિટ કૅમેરા મદદરૂપ નીવડે છે.

થોડી સેકન્ડ્સમાં દરવાજો ખૂલ્યો.

છ ફૂટ ઊંચા, રાખોડી આંખો અને સોનેરી વાળ ધરાવતી એક આધેડ વ્યક્તિ દરવાજામાં ઊભી હતી.

"યસ..."

"આઈ એમ..."

આગળ શું બોલવું એ લક્ષ્મીને સૂઝ્યું નહીં.

"યુ આર લક્ષ્મી. આઈ નો યુ..."

પેલા સજ્જને બન્ને હાથ પહોળા કર્યા:

"વેલ કમ, માય ચાઈલ્ડ."

લક્ષ્મીની આંખો છલછલાઈ આવી:

"તમે? મને કેવી રીતે ઓળખો?"

"તું દીકરી છે મારી, તને તો ઓળખું જ ને?"

પેલા સજ્જને પણ ખૂબ લાગણીભર્યા અવાજે સલૂકાઈથી કહ્યું.

"એટલે..."

લક્ષ્મીએ તો પોતાની ઓળખાણ કેવી રીતે આપવી એ પ્રશ્ન પણ મૂંઝવતો હતો ત્યાં આ માણસે પોતાના બધા જ પ્રશ્ન ઉકેલી કાઢ્યા એ વિચારે લક્ષ્મીથી ડૂસકું ભરાઈ ગયું.

પેલા માણસે લક્ષ્મીને ખેંચીને પોતાની છાતીસરસી ચાંપી દીધી:

"તને મળવાની બહુ ઇચ્છા હતી, પણ મને ખબર નહોતી તું મને સ્વીકારીશ કે નહીં?"

"ડે..."

લક્ષ્મી બોલવા ગઈ, પણ અટકી ગઈ. એની સામે સૂર્યકાંતનો ચહેરો તરી આવ્યો.

"સૂર્યકાંત મને નિયમિત તારા ફોટોગ્રાફ્સ અને તારી વિગતો મોકલતા હતા..."

વાત કરતાં કરતાં એ લક્ષ્મીને કિચન તરફ દોરી ગયો. અંદર જઈને કૉફી પોટમાંથી બે પ્યાલામાં એણે કૉફી રેડી. એક પ્યાલો એણે લક્ષ્મીને આપ્યો. કૉફી પીતાં પીતાં રોનીએ કહ્યું:

"હું પહેલી વાર સૂર્યકાંતને મળ્યો ત્યારે તું આઠેક મહિનાની હતી. સ્મિતા આ દુનિયામાં નહોતી... મેં સૂર્યકાંત પાસે તને દત્તક માગી, પણ એણે..."

રોની જાણે આજે પણ એ ઘટનાનો ડૂમો ગળે ઉતારતો હતો:

"એણે કહ્યું કે તું એની દીકરી છે. સ્મિતાએ એને સોંપી હતી તને... એણે તને મને સોંપવાની સ્પષ્ટ ના પાડી અને કહ્યું, લક્ષ્મી મારી દીકરી છે, સૂર્યકાંત મહેતાની... વ્હૉટ અ મૅન!"

લક્ષ્મીને અચાનક જ સૂર્યકાંતને ભેટી પડવાનું મન થઈ ગયું. જે માણસની શોધ એણે સૂર્યકાંતથી છુપાવી એ માણસને તો સૂર્યકાંતે પોતાના વિશે બધું જ કહ્યું હતું! કેટલી નવાઈની વાત હતી કે સૂર્યકાંતે ક્યારેય લક્ષ્મીને એવું નહોતું કહ્યું કે એ સૂર્યકાંતની દીકરી નહોતી... બલકે એમણે હંમેશાં એ વાતને છુપાવવાનો જ પ્રયત્ન કર્યો.

આટલા વિશાળ હૃદયના અને મજબૂત કાળજાના માણસ માટે પ્રેમ અને સમ્માન સિવાય બીજી કઈ લાગણી થઈ શકે?

ખાસ્સી વાર સુધી રોની સાથે વાતો કર્યા પછી લક્ષ્મી ત્યાંથી બહાર નીકળી ત્યારે સાવ હળવીફૂલ જેવી હતી. એ જ્યારે અહીંયાં આવી ત્યારે એને હતું કે એ રોની સાથે ઝઘડશે, એની મા સાથે જે કંઈ થયું એ વિશે રોની પાસે જવાબ માગશે. એને ખરી-ખોટી સંભળાવશે. એક ગર્ભવતી સ્ત્રીને છોડી દેવા બદલ રોનીને બરાબર પાઠ ભણાવશે.

પણ એ પીગળીને વહી નીકળી ત્યારે રોનીએ એને સામેથી જ કહ્યું:

"જ્યારે સ્મિતાએ પહેલી વાર તારા આવવાના સમાચાર આપ્યા ત્યારે મારે જવાબદારી નહોતી લેવી. મને લાગતું હતું કે પત્ની, કુટુંબ, બાળકો... કારકિર્દીમાં બાધારૂપ છે. આખી જિંદગી કોઈ એક સ્ત્રી સાથે જીવી શકવાની ન મારી તૈયારી હતી કે ન મારી જાતમાં મારો પોતાનો વિશ્વાસ..."

રોની સામે લક્ષ્મી જોઈ રહી. એને લાગ્યું કે નીરવ અને રોની કદાચ એક જ માટીના હતા.

પુરુષમાં એવું શું હોય છે, જેને જવાબદારી લેતાં, જિંદગીભરનું વચન આપતાં અટકાવે છે?

લક્ષ્મીને ફરી એક વાર વિચાર આવી ગયો.

"બેટા, મહદ્ અંશે એમાં સ્ત્રીઓ જ જવાબદાર છે."

એક વાર ચર્ચામાં વસુમાએ કહેલું:

"માણસ પોતાની આસપાસ જે જોતો રહે એના પરથી જ પોતાના વિચારો ઘડતા હોય છે અને પછી આગળ ઉપરના અનુભવો એના વિચારોને નવેસરથી ઘડે એવા દૃઢ કરતા જાય છે."

"એટલે?" લક્ષ્મીએ ત્યારે પૂછેલું.

આજે પણ લક્ષ્મી માટે એ ચર્ચા એટલી જ તાજી હતી. એ રોની સામે જોતી હતી ત્યારે એને સમજાતું હતું કે પુરુષમાત્રને ટકવા માટે એક મજબૂત આધાર જોઈતો હોય છે અને એ આધાર એને સ્ત્રી આપતી હોય છે અથવા જીવનભર આધાર વગરનો બેજવાબદાર બનાવીને છોડી દેતી હોય છે.

નીરવને મળ્યા પછી એના માટે રોનીની આ વાત સમજવી બહુ અઘરી નહોતી. રોની અને નીરવને જીવનમાં જે પ્રકારના સંબંધ મળ્યા એમાંના કોઈ સંબંધ એમને એવું શીખવી શક્યા નહીં કે જિંદગી કોઈ એક જણની સાથે એક સોફા પર કે હીંચકા પર બેસીને બુઢ્ઢા થવાની મજાનું નામ છે!

સાથે સાથે રિટાયર થવું, સાથે સાથે વૉક પર જવું, સાથે સાથે વાતો ભૂલવી અને સાથે મળીને યાદ કરવી... એકબીજાની દવા યાદ કરાવવી અને એકબીજાને તબિયત સંભાળવા અંગે ખખડાવી નાખવાની મજા એટલે લગ્ન...

હું આવું ક્યાંથી વિચારતાં શીખી?

લક્ષ્મીને વિચાર આવ્યો અને સાથે જ એના મને જવાબ આપ્યો:

વસુમા પાસેથી!

"માય ચાઈલ્ડ..."

રોનીના સંબોધનથી લક્ષ્મીની વિચારધારા તૂટી ગઈ. રોની ખૂબ સલૂકાઈથી વર્તતો હતો. એના વર્તનમાં ક્યાંય વહાલ નહોતું, પણ લાગણીની આછી ભીનાશ લક્ષ્મી અનુભવી શકતી. જો કે લક્ષ્મીને પોતાને પણ રોનીને ભેટી પડવાની કે ડેડી કહીને બોલવાની એવી કોઈ તીવ્ર ઇચ્છા થતી નહોતી.

"શું વિચારે છે?" રોનીએ પૂછ્યું.

ખરેખર, યશોદા અને દેવકીનો અનુભવ અહીં પણ સાચો જ પડે છે.

લક્ષ્મીએ મનોમન વિચાર્યું, પણ રોની સામે સ્મિત કરીને ઔપચારિકતા અને સલૂકાઈથી કહ્યું:

"ખાસ કંઈ નહીં."

અને પછી ઊભા થઈને ઉમેર્યું:

“હું નીકળીશ.”

“આવતી રહેજે.”

રોનીએ કહ્યું અને લક્ષ્મીને બાથમાં લઈને વહાલ કર્યું. લક્ષ્મી ઘરની બહાર નીકળી ત્યારે ન કશું મેળવ્યાની લાગણી હતી કે ન કશું ગુમાવ્યાની.

એને પોતાની જાત માટે નવાઈ લાગી!

એણે બોસ્ટન જવાને બદલે ઘેર જવાનું નક્કી કર્યું અને એ જ્યારે ઘરનાં પગથિયાં ચડતી હતી ત્યારે એના મનમાં એક જ લાગણી રહીરહીને ઉછાળા મારતી હતી...

એને સૂર્યકાંતની છાતી પર માથું મૂકીને ખૂબ રડવું હતું... એમની સાથે ઝઘડવું હતું... એમને સવાલો પૂછવા હતા... અને જવાબો જાણતી હોવા છતાં ફરી એક વાર એમની પાસેથી જ સાંભળવા હતા.

*

“ક્યાં છે તું?”

નીરવે ગુસ્સામાં પૂછ્યું:

“ઍરપોર્ટ પર કેટલી રાહ જોઈ તારી.”

“હંમ્!”

લક્ષ્મી હસતી હતી:

“અમે પણ બહુ રાહ જોઈ છે તમારી. જિંદગીનાં વીસ વર્ષ.”

“અચ્છા? ક્યારે આવે છે અહીંયા?”

“હવે તો તું આવ.”

લક્ષ્મી હજી અડધો કલાક પહેલાં જ છાતી ફાટી જાય એવું રડી હશે એમ માનવું અઘરું હતું.

“કેમ?”

નીરવ હજી પ્રમાણમાં ચિડાયેલો હતો.

“અમારામાં કુંવારી છોકરી સાસરે ન જાય.”

લક્ષ્મીએ જાનકી પાસેથી સાંભળેલું વાક્ય સીધું જ ઉછાળી દીધું.

“અમારામાં એટલે શું?”

નીરવ ધીમે ધીમે મજાકના મૂડમાં આવતો જતો હતો.

"અમારામાં એટલે દેવશંકર મહેતાના કુળમાં..."

લક્ષ્મી પણ પાસે બેઠેલા સૂર્યકાંતની સામે આંખો મીંચકારતી હસતી હસતી નીરવની ખીંચાઈ કરી રહી હતી:

"મારા દાદાજી હોત તો તારો આખો ઇન્ટરવ્યૂ લીધો હોત."

"તે મેં આપ્યો પણ હોત. તારે માટે કંઈ પણ કરી શકું, જાન!"

લક્ષ્મીના ચહેરા પર લાલિમા જોઈને સૂર્યકાંતને સમજાઈ ગયું કે સામે છેડેથી નીરવે શું કહ્યું હશે.

સેલ ફોન લઈને લક્ષ્મી બહાર નીકળી ગઈ અને સૂર્યકાંત મનોમન વિચારવા લાગ્યા:

અમારા જમાનામાં આવા ફોન કેમ નહોતા?

સાથે જ એમને યાદ આવ્યું કે વસુંધરાએ સગાઈ થઈ અને લગ્ન લેવાયાં એ બેની વચ્ચે એમને બે પત્ર લખેલા, જેમાંના એક પણ પત્રનો સૂર્યકાંતે જવાબ નહોતો આપ્યો. કોણ જાણે કેમ આજે સૂર્યકાંતને એ પત્રોનો જવાબ આપવાની ઇચ્છા થઈ ગઈ.

એ પત્રનો એકેય શબ્દ સૂર્યકાંતને આજે યાદ પણ નહોતો, પણ એટલું યાદ હતું કે એ પત્રો લાગણીનીતરતા અને સાહિત્યિક ભાષાથી પ્રચુર એક મુગ્ધાના પ્રેમપત્ર હતા. એક એવી છોકરીના પત્ર હતા એ, જેણે પોતાના થનારા પતિને જોયો નહોતો, પણ એના વિશે અસંખ્ય કલ્પનાઓ કરી હતી. એ તમામ કલ્પનાઓ, એ સહજીવનનાં સપનાં અને સાથે સાથે વાંચેલી નવલકથાઓ પછી અનુભવેલાં દિવાસ્વપ્નોની સૃષ્ટિમાં ઝબોળાઈને લખાયેલા એક એક શબ્દ એ પત્રમાં ઝગારા મારતા હતા!

સૂર્યકાંતને અફસોસ થઈ ગયો, આજ સુધી ક્યારેય નહોતો થયો એવો અફસોસ!

આ સ્ત્રી સાથે જો સાચી અને સારી રીતે જિવાઈ શક્યુ હોત તો જિંદગી કેવી હોત?

એમણે આ પળે જ નક્કી કર્યું:

જિંદગીનાં જે થોડાં વર્ષ-મહિનાઓ કે દિવસો બચ્યાં છે એને સુંદર રીતે જીવવાં છે. એ ઉંમરે જે નથી જિવાઈ શક્યું એ જીવી નાખવું છે!

અને એમનાથી અનાયાસે જ બૂમ પડાઈ ગઈ:

"લક્ષ્મી... અજય... જાનકી..."

સૌ હાવરાંબાવરાં ત્યાં આવી પહોંચ્યાં.

"શું થયું, પપ્પાજી?"

જાનકીનો શ્વાસ અધ્ધર થઈ ગયો હતો:

"છાતીમાં દુખે છે?"

સૂર્યકાંત હસી પડ્યા:

"ના રે ના, પણ અજય હવે બરાબર ઑફિસ જવા માંડ્યો છે."

"હજી એક જ દિવસ થયો છે, બાપુ!"

અજયને નવાઈ લાગી.

"મને આવતા અઠવાડિયે મુંબઈ જવાની ટિકિટ જોઈએ છે."

સૂર્યકાંતે વટહુકમ બહાર પાડ્યો.

"પણ..."

લક્ષ્મી કંઈ બોલે એ પહેલાં સૂર્યકાંતે આંખો મીંચી દીધી જાણે ચર્ચા પૂરી થઈ ગઈ હોય એમ. ત્રણેય જણ એકબીજા સામે તાકતાં થોડીક ક્ષણ એમ જ ઊભાં રહ્યાં અને પછી ત્રણેય જણ સાથે ખડખડાટ હસી પડ્યાં.

અજયે હિંમત કરીને સૂર્યકાંતની સામે ગણગણી નાખ્યું:

"આ અબ લૌટ ચલે... નૈન બિછાયે, બાંહ પસારે, તુજ કો પુકારે દેશ તેરા..."

સૂર્યકાંતે આંખો ખોલી ત્યારે એમની આંખોમાં ઝળઝળિયાં હતાં.

*

શ્રેયા અને અલય ક્યારનાં ચૂપચાપ બેઠાં હતાં.

સાગરકિનારે આવેલી એ કૉફી શૉપમાં દરિયાનો ધીમો ધીમો અવાજ સંભળાતો હતો. પસાર થતાં વાહનોના ધીમા ઘરઘરાટ સિવાય બપોરની નીરવ શાંતિમાં બીજો કોઈ અવાજ નહોતો.

શ્રેયા સામે જોઈ રહ્યો અલય.

ક્યાં લાવીને મૂક્યો હતો જિંદગીએ? શું કહી રહી હતી આ છોકરી? આજે જ્યારે સાત-સાત વર્ષથી જોયેલું સપનું સાચું પડવાનું હતું ત્યારે આ કયા સંબંધનો સેતુ ફુરચેફુરચા થઈને ઊડી રહ્યો હતો...

"તું કહેવા શું માગે છે?"

અલય રીતસર ચિડાઈ ગયો:

"આઈ કાન્ટ એટલે શું?"

"અલય...!"

શ્રેયાના અવાજમાં ભયાનક પીડા હતા:

"તું સમજતો કેમ નથી?"

"બહુ સમજું છું."

અલયે ટેબલ પર હાથ પછાડ્યો:

“મને ખબર છે, તને દુખે છે પેટ ને કૂટે છે માથું.”

“શું બોલે છે, અલય?”

અલય નો અવાજ ઊંચો થઈ ગયો હોવા છતાં શ્રેયાએ ધીમેથી કહ્યું અને પછી અલયનો હાથ પકડી લીધો.

અલયે હાથ છોડાવી દીધો:

“સાત-સાત વર્ષ રાહ જોતી હતી ત્યારે તને ખબર નહોતી કે ઠક્કરસાહેબ ક્યારેય હા નહીં પાડે?”

“હતી, અલય.”

શ્રેયા નીચું જોઈ ગઈ:

“પણ આ પરિસ્થિતિ આવીને ઊભી રહેશે ત્યારે હું આટલી ડરી જઈશ એવી ખબર નહોતી.”

“મૂરખ જેવી વાત નહીં કર.”

અલય નો અવાજ હજી ઊંચો હતો:

“અને ઍટલીસ્ટ, મને તો મૂરખ બનાવવાનો પ્રયત્ન નહીં જ કર. તારો પ્રોબ્લેમ અનુપમા છે…”

એનો અવાજ હજી ઊંચો થયો:

“મારાથી થાય એ બધું કર્યું, વચન આપ્યું, સાચું બોલ્યો… બીજું શું કરું?”

“અલય, હું ખરેખર અનુપમાનો તો વિચાર જ નથી કરતી.”

શ્રેયાના અવાજમાં આજીજી હતી:

“મારો વિશ્વાસ કર.”

“કેવી રીતે કરું? જે બાપ છેલ્લાં આટલાં વર્ષોથી તને મારી સાથે જુએ તો પણ કોઈ ને કોઈ રીતે બે-ચાર ખરી-ખોટી સંભળાવતો હોય એ રાજીખુશીથી આંગણામાં માંડવો બાંધીને દીકરી તો પારકી થાપણ કહેવાય એમ કહીને તારો હાથ કંઈ મારા હાથમાં નહોતો સોંપવાનો…”

એણે ક્રોધમાં મોઢું ફેરવી લીધું:

“આ બધું તને અચાનક યાદ આવ્યું છે? અનુપમાનો કિસ્સો જાણ્યા પછી?”

“ના અલય, એ જાણ્યા પછી તો મને તારા માટે માન થયું છે.”

“ટુ હેલ વિથ યૉર માન…”

અલયનો અવાજ આખી કૉફી શૉપમાં પડઘાતો હતો:

"મારી માને મેં પહેલાં જ કહેલું કે સાચું બોલવું એ તદ્દન નકામી વસ્તુ છે. આખી દુનિયાને તમારા જુઠ્ઠાણામાં રસ છે. તમારું સત્ય એમને પચતું જ નથી."

અલયની આંખોમાં પાણી સાથે આવી ગયાં:

"મને હતું કે તું દુનિયાથી જુદી છે. ઍટલીસ્ટ, તને તો મારા સત્યમાં જ રસ હશે..."

"અલય, હું સાચું કહું છું. મને મારા પપ્પાની એકલતાનો વિચાર મનથી તોડી નાખે છે."

"વેરી ગુડ!"

અલય ની આંખોમાં પાણી સાથે અવાજમાં કડવાશ અને પીડા ઉમેરાઈ ગયાં:

"તો એનો એક જ રસ્તો છે. તારો બાપ બતાવે એવા ચાર આંગળીમાં વીંટી પહેરતા, શૅરબજારમાં દલાલ, હીરાના વેપારી કે કેમિકલનો બિઝનેસ ધરાવતા કોઈક લોહાણા સાથે પરણીને સૅટલ થઈ જા..."

પછી બાજુમાં પડેલી ખુરશીને એણે ઉશ્કેરાટ અને આક્રોશમાં લાત મારી. ખુરશી ઊછળીને પડી. મોટો અવાજ થયો. બે વેઇટર અને કાઉન્ટર પર બેઠેલો માણસ પણ એ તરફ જોવા લાગ્યા. શ્રેયાને આખી વાત ખરેખર શરમજનક લાગી, પણ એ અલય નો ક્રોધ જાણતી હતી.

"અને હા..."

અલયે શ્રેયાને ખભામાંથી પકડીને હચમચાવી નાખી.

"સુહાગરાતે તારો લોહાણો વર તને અડકે એ પહેલાં તારી આ ઇંચેઇંચ ચામડી પરથી મારા ફિંગરપ્રિન્ટ્સ લુછાવી નાખજે..."

અલય નાના બાળકની જેમ જેમ રડું રડું થઈ રહ્યો. એના હોઠ થરથરી રહ્યા હતા. નાકનાં ફણાં ફૂલી ગયાં હતાં:

"મને એમ હતું કે મારી કારકિર્દીના આ ભયજનક વળાંક પર તું મારો હાથ પકડીને મને થોડો વધારે આગળ લઈ જઈશ, પણ... પણ મને લાગે છે કે આ વળાંકે તું કોઈ પણ રીતે મારાથી છૂટવા માગે છે."

એણે શ્રેયાને ધક્કો માર્યો:

"જા, હું નહીં રોકું તને..."

* * *

62

અભયે બાજુમાં પડેલી ખુરશીને આક્રોશમાં લાત મારી. ખુરશી ઊછળીને પડી. મોટો અવાજ થયો. શ્રેયાને ખભામાંથી પકડીને અલયે હચમચાવી નાખી:

"સુહાગરાતે તારો લોહાણો વર તને અડકે એ પહેલાં તારી આ ઇંચેઇંચ ચામડી પરથી મારી ફિંગરપ્રિન્ટસ લુછાવી નાખજે..."

અલય નાના બાળકની જેમ રડું રડું થઈ રહ્યો. એના હોઠ થરથરી રહ્યા હતા. નાકનાં ફણાં ફૂલી ગયાં હતાં:

"મને એમ હતું કે મારી કારકિર્દીના આ ભયજનક વળાંક પર તું મારો હાથ પકડીને મને થોડો વધારે આગળ લઈ જઈશ, પણ... પણ મને લાગે છે કે આ વળાંકે તું કોઈ પણ રીતે મારાથી છૂટવા માગે છે."

એણે શ્રેયાને ધક્કો માર્યો.

"જા, હું નહીં રોકું તને..."

આટલું કહોને અલય કૉફી શૉપની બહારની તરફ ચાલવા લાગ્યો.

શ્રેયા પાછળ દોડી. એણે અલય ને રોકવાનો પ્રયત્ન કર્યો. એનું બાવડું પકડ્યું, પણ ગુસ્સા અને ઉશ્કેરાટમાં એનો હાથ છોડાવીને, એને ધક્કો મારીને અલય આગળ વધી ગયો.

શ્રેયા ત્યાં જ ઊભી રહી ગઈ.

એને કલ્પના પણ નહોતી કે એના મનની વાત કહેવાથી અલય આટલો બધો ઉશ્કેરાઈ જશે. એણે તો બસ, એમ જ અલયની સાથે પોતાના મનનો ભાર હળવો કરવા વાત કરી હતી, પરંતુ એનો મનફાવતો અર્થ કરીને અલયે આખી વાતને જુદા જ સંદર્ભમાં જોઈ હતી.

શ્રેયા સમજતી હતી કે અલય ખૂબ ટેન્શનમાં હતો. આવતા અઠવાડિયે એની ફિલમની રિલીઝ હતી. આજે સેન્સરનું સર્ટિફિકેટ આવવાનું હતું. પરમ દિવસે લૉન્ચ પાર્ટી અને સ્ક્રીનિંગ હતું, જેમાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીના માંધાતાઓ, પ્રેસવાળા અને બધા જ હુઝ હુ હાજર રહેવાના હતા. શૈલેષ સાવલિયાએ ગાઈ-વગાડીને પાર્ટીની અને લૉન્ચની તૈયારી કરી હતી.

પ્રેસ અને મિડિયાએ અલય ની ફિલમને એટલી બધી હાઈપ આપી હતી કે એ ફિલમમાં નાનામાં નાનો રોલ કરનારા સપોર્ટિંગ ઍક્ટરથી શરૂ કરીને અભિષેક સુધી સૌ આ ફિલમમાં પોતાનું ઉજ્જ્વળ ભવિષ્ય જોઈ રહ્યા હતા.

આટલાં વર્ષોથી સાથે જીવવાનું એક સપનું પંપાળી પંપાળીને અલય અને શ્રેયા આવનારા ભવિષ્યની રાહ જોતાં રહ્યાં હતાં અને જ્યારે બધું જ બરાબર થવા લાગ્યું હતું ત્યારે...

હું શું કરું?

શ્રેયાએ જાતને જ પૂછ્યું. પછી એને વસુમાનો વિચાર આવ્યો:

જઈને પૂછું?

મને ખબર છે એ મને શું જવાબ આપશે.

એણે જાતને જ કહ્યું:

દરેક માણસને દરેક વસ્તુ તો મળતી જ નથી, શ્રેયા. કંઈક મેળવવા જતાં કંઈક છોડવાની માનસિક તૈયારી તો રાખવી જ પડે.

પણ... શ્રેયા પાસે જાણે કોઈ દલીલો નહોતી. એક તરફ એને પિતાનો આંસુભરેલી આંખોવાળો ઘરડો, અસહાય ચહેરો દેખાતો હતો તો બીજી તરફ અલયનો આક્રોશ, એનો ક્રોધ અને એની અસહાયતા પણ સમજી જ શકતી હતી શ્રેયા!

એ ત્યાં જ ઊભી રહી અને અલયને જતો જોઈ રહી.

મોટી મોટી ડાંફો ભરીને ગુસ્સામાં ચાલતો અલય ગજબનો પુરુષ દેખાતો હતો. એના પહોળા ખભા ક્રોધમાં તણાઈને થોડા વધુ પહોળા થઈ ગયા હતા. ખભે લટકાવેલી બૅગ, ટક-ઈનમાંથી નીકળી ગયેલું શર્ટ, ચૂંથાયેલું જીન્સ અને સિંહ જેવી પાતળી કટિ... શ્રેયાને થયું કે એ દોડીને અલય ને વળગી પડે!

પણ એ ત્યાં જ ઊભી રહી.

આ શું થઈ ગયું છે અમારા સંબંધને?

એ દૂર દેખાતા દરિયા તરફ જોઈ રહી:

જ્યારે જ્યારે અમારી નાવ લાંગરવાનો સમય થાય છે ત્યારે જ કેમ તોફાન આવે છે?

એની આંખોમાં પાણી આવી ગયાં. અનિચ્છાએ એણે ફોન બહાર કાઢ્યો અને શ્રીજી વિલાનો નંબર ડાયલ કર્યો.

“હલો...”

વસુમાનો રણકતો-ચોખ્ખો અવાજ માર્દવથી છલકાઈ રહ્યો હતો.

“મા...”

શ્રેયાની આંખો છલછલાઈ આવી. એણે આમતેમ જોઈને આંસુ લૂછી નાખ્યાં.

“બોલ, શ્રેયા!”

વસુમાના અવાજમાં ચિંતા હતી:

“બધું બરાબર તો છે ને? અલય ની ફિલમનું સેન્સર...”

“હજી ખબર નથી આવ્યા, મા.”

શ્રેયા પરાણે રડવું રોકી રહી હતી.

“આવશે દીકરા, આટલી બધી વિચલિત શું થાય છે?”

વસુમાના અવાજમાં આશ્વાસન હતું.

શ્રેયાનો ડૂમો છૂટી ગયો:

“મારા પપ્પા...”

“ના પાડે છે ને?”

વસુમાના ચહેરા પર સ્મિત હશે એવું શ્રેયા કલ્પી શકી.

“એ તો પાડવાના જ હતા, દીકરા!”

“પણ મા, એ કહે છે કે જો હું અલય સાથે પરણીશ તો...”

“તો...?!”

વસુમાનો અવાજ હજી પણ સ્વસ્થ હતો:

“તારી સાથે સંબંધ નહીં રાખે. તને ઘરમાં નહીં આવવા દે, ખરું ને”

“હમ્...”

શ્રેયા રસ્તા પર ઊભી ઊભી રડી રહી હતી. એણે નજર નાખી તો અલય હવે નહોતો દેખાતો. કાં તો રિક્ષામાં બેસી ગયો હતો અથવા દેખાતી બસમાં ચડી ગયો હશે કદાચ!

“જો, બેટા! આ તો થવાનું જ હતું. એમાં તું શું કામ અકળાય છે?”

“મા, અલય ખૂબ ગુસ્સે થઈને ગયો છે. મેં તો અમસ્તું...”

શ્રેયાનાં ડૂસકાં જેમ રોકવાનો પ્રયત્ન કરતી હતી એમ વધતાં જતાં હતાં.

“શ્રેયા...”

વસુમા ફોનની પેલી તરફથી જાણે એને પંપાળી રહ્યાં હતાં:

“હું જઈશને તારા પપ્પા સાથે વાત કરવા. બધું બરાબર થઈ જશે.”

“મા...”

શ્રેયા હજીય રડી રહી હતી.

“તું ક્યાં છે?”

વસુમાએ ચિંતાથી પૂછ્યું.

“અહીં... જૂહુમાં...”

"અહીં આવતી રહે."

"ના મા, હું મંદિર જઈશ. ઈશ્વરને પૂછીશ કે હું ક્યાં ખોટી છું? શા માટે મારી જિંદગીના એક... એકમાત્ર સપનાને એ સતત વેંત છેટું રાખે છે મારાથી?"

એ હજીય રડી રહી હતી.

"બેટા, એનો જવાબ તો તને ઈશ્વર જ આપી શકશે, પણ હું તને એક વાત કહું. સપનું વેંત છેટું રહેને તો જ સપનાની મજા છે. એના સુધી પહોંચવા માટે આપણે સતત પ્રયત્ન કર્યા કરીએ... ખરું ને?"

"તમે પણ, મા..."

"બેટા, અલય સાથેનાં લગ્ન એ સપનું નથી, એ તો જિજીવિષા છે તારી, ઝંખના છે તમારા બન્નેની..."

વસુમાના અવાજમાં ગજબની મક્કમતા હતી:

"ઈશ્વર પણ ડરે, બેટા. આવી ઝંખના અને જિજીવિષા સાથે એ પણ ન ટકરાય. રમી લેવા દે એને પણ એની રમત! એક દિવસ તો એય હારશે ને?"

"મા!"

શ્રેયાએ અચાનક જ આંસુ લૂછી નાખ્યાં.

"હા બેટા, ઈશ્વર પણ ક્યારેક તમને કંઈ આપતાં પહેલાં તમારી પાત્રતા જોતો હોય છે. તેં જે ઉત્કટતાથી ઝંખ્યો છે અલય ને અને અલયે તને... ઈશ્વર પણ તમને જુદાં પાડી નહીં શકે, દીકરા."

એમનો અવાજ પણ સહેજ હલી ગયો:

"પચ્ચીસ વર્ષે પણ ઝંખનાઓ પૂરી થતી જોઈ છે ને તેં? તો પછી..." એમણે ભરાઈ આવેલું ગળું ખંખાર્યું:

"તો પછી હિંમત કેમ હારી જાય છે, દીકરા? જા... મંદિરે જા, નાખ તારા ભગવાનની આંખમાં આંખ ને પૂછ એને..."

"હા મા, હું એ જ કરું છું."

એણે ફોન મૂકતાં પહેલાં ખૂબ ધીમેથી અને વહાલથી ઉમેર્યું:

"થેન્ક યુ, મા... આઈ લવ યુ."

"લવ યુ ટુ, બેટા!"

*

લક્ષ્મીએ બોસ્ટન જવાને બદલે ઘેર જવાનું નક્કી કર્યું અને જ્યારે એ ઘરનાં પગથિયાં ચડતી હતી ત્યારે એના મનમાં એક જ લાગણી રહીરહીને ઉછાળા મારતી હતી...

એને સૂર્યકાંતની છાતી પર માથું મૂકીને ખૂબ રડવું હતું... એમની સાથે ઝઘડવું હતું... એમને સવાલો પૂછવા હતા... અને જવાબો જાણતી હોવા છતાં ફરી એક વાર એમની પાસે સાંભળવા હતા.

એ ઘરમાં દાખલ થઈ ત્યારે જાનકી લિવિંગ રૂમમાં બેસીને હૃદય સાથે કાર્ટૂન જોઈ રહી હતી. અજય લૅપટોપ પર કંઈક કામ કરતો હતો. મધુભાઈ એની મદદ કરતા ત્યાં બેઠા હતા.

"અરે, લક્ષ્મીબહેન!"

જાનકી ઊભી થઈ ગઈ.

"મમ્મા..."

ઊંઘરેટા હૃદયે ખોળો ખસતાં બૂમ પાડી.

"અચાનક પાછી? બોસ્ટન નથી ગઈ?"

અજય પણ ઊભો થઈને લક્ષ્મી તરફ આવ્યો.

"ભાઈ..."

લક્ષ્મી આગળ વધીને અજયને લપેટાઈ ગઈ. એની છાતી પર માથું મૂકીને થોડી વાર એમ જ ઊભી રહી. મધુભાઈ, જાનકી અને ઊંઘરેટો હૃદય પણ લક્ષ્મીને જોઈ રહ્યાં. અજયે એને એમ જ ઊભી રહેવા દીધી અને એના માથા પર હાથ ફેરવતો રહ્યો:

"કંઈ થયું?"

"ના, ભાઈ... મને ઘર યાદ આવી ગયું!"

સૌ એકસાથે હસી પડ્યાં. હૃદય પણ સમજ્યા વગર હસ્યો. જાનકી એની નજીક આવી પછી પીઠ પર હાથ ફેરવીને કહ્યું:

"થાય! પિયરથી સાસરે જતી છોકરીને આવું જ થાય."

પછી એનો અવાજ ભરાઈ આવ્યો:

"મને તો અનાથ આશ્રમ છોડતાં પણ આવું થયું હતું, જ્યારે તમારી પાસે તો ભરેલું ઘર છે!"

"ના, ભાભી!"

લક્ષ્મીએ અજયથી છૂટા પડીને જાનકી તરફ જોયું:

"હું... હું રોનાલ્ડને મળવા ગઈ હતી."

"વ્હૉટ?"

જાનકીનો અવાજ સહેજ ઊંચો થઈ ગયો.

"પણ બેટા, તને સરનામું."

અત્યાર સુધી ચૂપ રહેલા મધુભાઈ પહેલી વાર બોલ્યા:

"ભાઈ જાણે છે?"

લક્ષ્મીએ ડોકું ધુણાવીને ના પાડી. પછી ઉપલા દાંત નીચે હોઠ દબાવી દીધો. એની આંખોમાં પાણી આવી ગયાં હતાં.

"ડેડીને બધી ખબર હતી રોની વિશે."

લક્ષ્મીએ ફરી એક વાર અજયની છાતી પર માથું મૂકી દીધું:

"પણ એમણે મને ક્યારેય ન કહ્યું."

"ભાઈ માનતા હશે કે એ બધું કહેવાથી તને દુ:ખ થશે, બેટા."

"જે જાણવાનું હતું એ તો મે જાણ્યું જ..."

લક્ષ્મીના અવાજમાં ફરિયાદ હતી. પછી આગળ ચર્ચા કર્યા વિના એ સીધી સૂર્યકાંતના ઓરડા તરફ આગળ વધી ગઈ.

ત્યાં ઊભેલા અજયે જાનકી સામે એવી રીતે જોયું જાણે આ બધું જાણતા હોવા છતાં જાનકીએ એને નહીં કહીને સારું નથી કર્યું. જાનકીએ સહેજ ઝંખવાયેલા ચહેરે અજયને કહ્યું:

"તમે... ઑફિસના કામમાં... મને લાગ્યું કે પછીથી..."

"જાનકી, આપણી વચ્ચે ક્યારેય કોઈ વાત છુપાવવાનો રિવાજ નથી. કાશ, આ વાત તે મને સમયસર કહી હોત..."

જાનકી કશું બોલી નહીં. બસ, અજય સામે જોતી રહી. જાણે કહેતી હોય:

આટલા બધા પ્રોબ્લેમ્સમાં એક નવો ઉમેરો ક્યાં કરું?

"જાનુ, લક્ષ્મી મારી બહેન છે અને મારી જવાબદારી પણ."

એણે જાનકીના ખભે હાથ મૂક્યો:

"હવે પછી લક્ષ્મીની બાબતમાં તું જેટલું જાણતી હોય એટલી ખબર મને હોવી જ જોઈએ. મારે બાપુના વિશ્વાસને એક ક્ષણ માટે પણ પ્રશ્નાર્થમાં નથી બદલવો."

અજય અને જાનકી જાણે મધુભાઈ ત્યાં ઊભા છે એ ભૂલી જ ગયાં અને અજયની નજીક જાનકી આવી. અજયે એના ખભાની આસપાસ હાથ લપેટ્યો અને એને વધુ નજીક ખેંચીને વહાલ કર્યું.

"મને પણ..."

ઊંઘરેટા હૃદયે બૂમ પાડી. અજયે નજીક જઈને એને ઊંચકી લીધો અને એક પપ્પી કરીને જાનકીના હાથમાં આપીને કહ્યું:

"જા, સુવાડી દે."

જતાં જતાં જાનકીએ અજય સામે એવી રીતે જોયું, જાણે વર્ષોનું વહાલ ફરી એક વાર ઢોળતી હોય. મધુભાઈ આ સુખદ મંગલ યુગલના સાક્ષી બનવા બદલ પોતાની જાતને સદ્ભાગી માની રહ્યા.

*

સૂર્યકાંતના ઓરડાનો દરવાજો ધકેલીને લક્ષ્મી દાખલ થઈ ત્યારે સૂર્યકાંત હજીય, આલબમ ઉથલાવી રહ્યા હતા.

"અરે!"

એમણે નાનકડાં ચશ્માંની ઉપરથી લક્ષ્મીને જોઈ:

"ગઈ નથી?"

લક્ષ્મી દોડીને સૂર્યકાંતની નજીક આવી. એણે આલબમ લગભગ ઝૂંટવીને સાઈડમાં મૂક્યું અને પલંગ પર સૂર્યકાંતની બાજુમાં બેસીને, વાંકી વળીને એમની છાતી પર માથું મૂકી દીધું.

માથું મૂકતાંની સાથે જ કેટલાય કલાકોથી ગોરંભાઈ રહેલો એનો ડૂમો છૂટી ગયો અને એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

રડતાં રડતાં સાવ નાના બાળકની જેમ મોટે મોટેથી બોલતી રહી:

"ડેડી... ડેડી, આઈ લવ યુ... આઈ લવ યુ, ડેડી!"

એના માથે હાથ ફેરવતાં સૂર્યકાંતે થોડી વાર એને રડવા દીધી. એમને લાગ્યું કે ઘેરથી નીકળીને બોસ્ટન જતાં લક્ષ્મીને ઘર છોડીને જવાનો વિચાર જરા ભારે પડ્યો હશે અને બીજી કોઈ પણ છોકરીની જેમ એને સાસરે જવાની તકલીફ પડી હશે એટલે એ અડધે રસ્તેથી પાછી આવી હશે...

"બેટા, નીરવ બહુ સરસ છોકરો છે. તને સુખી રાખશે."

"હમ્... મને ખબર છે."

લક્ષ્મીનું રડવાનું ચાલુ જ હતું.

"બધી છોકરીઓએ સાસરે તો જવું જ પડે ને?"

"એ પણ ખબર છે."

"આમ ભાગી આવે એ કંઈ ચાલતું હશે? તારી સાસુ અને મારો જમાઈ શું વિચારશે?"

સૂર્યકાંત હસી રહ્યા હતા:

“છોકરીને બહુ લાડ લડાવીને બગાડી નાખી છે એમ કહેશે.”

"ડેડી, તમે મને કહ્યું કેમ નહીં કે તમે રોનીને ઓળખો છો?”

સૂર્યકાંતના ઓરડામાં અચાનક એક મણ વજનનો સોપો પડી ગયો.

લક્ષ્મી રડતી રહી અને સૂર્યકાંત જવાબ આપ્યા વિના એના વાળમાં હાથ ફેરવતા રહ્યા.

“ડેડી, તમે મારા માટે જે કર્યું છે એનો બદલો હું કેવી રીતે ચૂકવીશ? તમે તમારા કુટુંબને ભૂલીને મને ઉછેરવા માટે...”

સૂર્યકાંત જવાબ આપ્યા વિના રડતી લક્ષ્મીના માથે હાથ ફેરવી રહ્યા હતા.

“હું તમારી દીકરી નહોતી તો પણ તમે...”

“કોણે કહ્યું, તું મારી દીકરી નહોતી?”

સૂર્યકાંતનો અવાજ સ્વસ્થ હતો, પણ સહેજ ભીનો. એમના હાથ હજીય લક્ષ્મીના માથા પર ફરી રહ્યા હતા:

“તું જન્મી ત્યારે હું લેબર રૂમમાં હતો. લોહીથી ખરડાયેલી તું જ્યારે આ દુનિયામાં દાખલ થઈ ત્યારે સૌથી પહેલાં હું સ્પર્શ્યો છું તને... તને ધોઈને સાફ કરતાં મને એક જ વિચાર આવ્યો હતો, આ મારી દીકરી છે. મારા એકલાની!”

“ડેડી!”

“હા બેટા, સ્મિતા આ દુનિયામાં નહીં રહે એવું તો નક્કી જ હતું.”

સ્મિતાની યાદ આવતાં સૂર્યકાંતનો અવાજ નીતરવા લાગ્યો:

“જે સ્ત્રીએ તને જનમ આપવા માટે પોતાના જીવની પરવા ન કરી, જેણે મને ભીખ માગતો હતો ત્યાંથી ઉઠાવીને કરોડોની સંપત્તિ પર બેસાડી દીધો, જિંદગીના થોડાક જ મહિનામાં જેણે મને એટલું સમ્માન અને એટલો સ્નેહ આપ્યો, જેનો હું અધિકારી જ નહોતો...”

સૂર્યકાંત થોડી વાર સાવ ચૂપ થઈ ગયા. ઓરડામાં લક્ષ્મીના રડવાનો અવાજ અને એનાં ડૂસકાં પડઘાતાં રહ્યાં.

“બેટા, તને મારા હાથમાં સોંપતી વખતે સ્મિતાની આંખોમાં જે શ્રદ્ધા અને વિશ્વાસ હતાં એ હું ક્યારેય નહીં ભૂલું.”

“અને વસુમાનો વિશ્વાસ?”

લક્ષ્મીથી પુછાઈ ગયું:

“તમને ક્યારેય એમના વિશ્વાસની, એમની જવાબદારીની યાદ ન આવી?”

“તું તો મળી છે એને!”

સૂર્યકાંતે નિઃશ્વાસ નાખ્યો:

"એવું બને ખરું? વસ્તુની સાથે જે કોઈ એક વાર જીવે એ વસુને ભૂલી શકે ખરું?"

"તો પછી..."

લક્ષ્મીએ બાજુમાં પડેલા ટિશ્યૂના બૉક્સમાંથી ટિશ્યૂ લઈને નાક સાફ કર્યું.

સૂર્યકાંતની આંખોમાં પાણી હતાં, પણ ચહેરા પર સ્મિત આવી ગયું:

"સહેજ પણ નથી બદલાઈ. ચાર વરસની હતી ત્યારે પણ આમ જ નાક સાફ કરતી. કોણ કહે, તારાં લગન થવાનાં છે?"

"એ વાત પછી. પહેલાં મને કહો કે તમે વસુમા પાસે પાછા કેમ ન ગયા?"

સૂર્યકાંત ચૂપ રહ્યા, પણ એમને મહેન્દ્ર સાવલિયાનું લોહીમાં લથબથ શરીર યાદ આવી ગયું. એ પછી એમને ખાસ્સાં વર્ષો સુધી ભારત જતાં પહેલાં એ દૃશ્ય યાદ આવતું અને એ જે રીતે જવાનું માંડી વાળતા એ દરેક પ્રસંગ યાદ આવવા માંડ્યા...

એ પછી મુંબઈમાં તપાસ કરાવવાની હામ અને બુદ્ધિ આવી ત્યાર પહેલાં કૃષ્ણપ્રસાદનું અવસાન અને પછી રોહિતના પ્રશ્નોએ એમને જે રીતે બાંધ્યા એ બધું જ એમની નજર સામે એક વાર તરવરી ગયું.

"બેટા, માણસ જ્યારે જ્યારે જે કંઈ કરવા ધારે એ પ્રમાણે કરી શકેને તો ઈશ્વરમાં એનો વિશ્વાસ જ ન રહે! માણસ અને એની ઇચ્છા વચ્ચેનું અંતર એટલે એની શ્રદ્ધા અને વિશ્વાસ!"

"ડૅડી, મારી મમ્મી તમને ફસાવીને જતી રહી, નહીં?"

લક્ષ્મીએ ફરી એક વાર નાક લૂછ્યું. એની રાખોડી આંખો અને નાકનું ટોપકું લાલ લાલ થઈ ગયાં હતાં.

"ના રે, બેટા! ઉલટાની મેં એને ફસાવી."

સૂર્યકાંતની આંખોમાં પાણી આવી ગયાં. સ્મિતાના છેલ્લો શ્વાસ ચાલતા હતા ત્યારે એણે જે કહેલું એ એમને યાદ આવી ગયું. સ્મિતાના હાથમાં પકડેલો હાથ એમણે જે વિશ્વાસ અને વહાલથી પંપાળ્યો હતો એ લાગણી જાણે આજે પણ એમની હથેળીમાં થઈ રહી. સામે સ્મિતાનો ફોટો હતો. સૂર્યકાંતથી એને પુછાઈ ગયું.

"તને મારામાં વિશ્વાસ છે ને?"

...અને સૂર્યકાંત જાણે એ આખો પ્રસંગ ફરી એક વાર જીવતા હોય એમ જાત સાથે જ સંવાદ કરી રહ્યા...

"તને મારામાં વિશ્વાસ છેને?"

"મારી જાતથીય વધારે."

સ્મિતાએ કહ્યું હતું. એને શ્વાસ લેવામાં ખૂબ મુશ્કેલી પડતી હતી. એણે સૂર્યકાંતની આંખોમાં જોયું હતું અને જાણે એમનું સર્વસ્વ માગતી હોય એવા અવાજે પૂછ્યું હતું:

“કાંત, એક વચન માગવું છે, આપીશ?”

“તું જે માગીશ એ આપીશ... મારો જીવ આપીને પણ તને બચાવી શકાતી હોય તો તને બચાવી લઉં.”

સૂર્યકાંતને અત્યારે પણ ડૂમો ભરાઈ આવ્યો.

“તને મળ્યા પછી જાણે જીવવાની ઇચ્છા જાગી ઊઠી. રોજેરોજ ઈશ્વરને પ્રાર્થના કરતી કે હજી બે-ચાર દિવસ વધારે તારી સાથે જીવી શકાય...”

સ્મિતાના શ્વાસોચ્છ્વાસ અત્યારે પણ જાણે આ ઓરડામાં ઉફણાતા હતા:

“પણ મેં એટલાં પાપ કર્યાં છે કે ભગવાન કદાચ મારી પ્રાર્થના ન સાંભળે... તો તું તો સાંભળીશ ને?”

સ્મિતાની ભીની આંખોમાં જાણે ડગલાબંધ વહાલ અને આજીજી હતાં:

“આવતા જન્મે મને પરણજે.”

“બોલ, આપે છે વચન?”

“હા.”

સૂર્યકાંતથી અત્યારે પણ બોલાઈ ગયું અને આંખો મીંચતાં જ સામે વસુંધરાનો ચહેરો હસી રહ્યો. સૂર્યકાંતે આંખો ખોલી. સામે ભીંત પર લગાડેલો સ્મિતાનો મોટો ફોટો બાપ-દીકરી તરફ જોઈને હસતાં હસતાં કહી રહ્યો હતો:

હું તો છું જ! આ ઘરની દીવાલોમાં, ફર્શમાં, છતમાં, હવામાં... તમારા બન્નેમાં અને આ પળે, આ ઓરડામાં પણ હું હાજર જ છું.

“ડેડી! તમને ક્યારેય વિચાર ન આવ્યો કે તમે મને લઈને ભારત જતા રહો.”

“નહીં આવ્યો હોય. બેટા?”

સૂર્યકાંતની આંખો બંધ હતી. એમની નજર સામે વસુંધરા અને સ્મિતાના ચહેરા એકબીજામાં ભળતા, છૂટા પડતા અને ફરી ભળી રહ્યા હતા.

“રોહિતને અને આ બિઝનેસને રેઢો મૂકીને જઈ શકાય એમ નહોતું...”

પછી સહેજ અટકીને, ઊંડો શ્વાસ લઈને એમણે ઉમેર્યું:

“ત્યાંની સ્થિતિની મને ખબર નહોતી, બેટા અને... તારા નાના કૃષ્ણપ્રસાદ એમ તને લઈને જવા દે એમ નહોતા.”

“ડેડી!”

“હા, બેટા, જુઠ્ઠું નહીં બોલું. મેં પ્રયત્ન કર્યો હતો તારા નાના કૃષ્ણપ્રસાદ સાથે વાત કરવાનો, પણ સ્મિતાની છેલ્લી નિશાની અને એમનાં બે ગ્રાન્ડ ચાઈલ્ડમાં એમનો જીવ એટલો તો અટવાયેલો હતો કે તમને લઈને જાત

તો કદાચ એ જીવ્યા જ ન હોત."

"એ તો આમેય..."

"હા બેટા, એ અકસ્માત હતો. એ ગુજરી ગયા પછી રોહિતની ઉંમર અને મનઃસ્થિતિ એવી હતી કે એ કોઈ રીતે મારી સાથે આવવા તૈયાર ન થયો."

"ઓહ, ડેડી! તમે અમારા માટે..."

"તમારા માટે શું કામ, બેટા? મારા માટે..."

સૂર્યકાંતનો હાથ હજીય લક્ષ્મીની પીઠ પર, એના માથા પર ફરી રહ્યો હતો:

"મારાં સંતાનો હતાં તમે! મારું લોહી નહોતાં તો શું થયું મારું વહાલ, મારી જવાબદારી તો હતાં ને? શું મો બતાવત તારી માને?"

"ડેડી, કોઈ સગાં સંતાનો માટે પણ આટલું ન કરે, જ્યારે તમે તો સાવકાં..."

"શટ અપ!"

સૂર્યકાંતનો અવાજ તરડાઈ ગયો:

"કોને સાવકાં કહે છે તું? મારા રોહિતને? તારી જાતને? બેટા, જેટલો મારો અજય કે અંજલિ મને વહાલાં છે, એનાથી એક તસુય ઓછો રોહિત નહોતો કે એક રતીભર ઓછી તું નથી."

એમણે લક્ષ્મીને છાતી સાથે ભીંસી દીધી.

ત્યાં જ લક્ષ્મીના ફોનની રિંગ રણકી ઊઠી.

"ક્યાં છે તું?"

નીરવે ગુસ્સામાં પૂછ્યું હતું.

એ પછી ચાલેલી વાતચીત અને લક્ષ્મીના ચહેરા પરની લાલિમા જોઈને સૂર્યકાંતને વિચાર આવ્યો હતો:

અમારા જમાનામાં આવા ફોન કેમ નહોતા?

*

ઈસ્કોન મંદિરમાં શ્રેયા દાખલ થઈ ત્યારે બે-ચાર લોકો મંદિરના વિશાળ હૉલમાં બેસીને ઈશ્વરસ્મરણ કરી રહ્યા હતા. કૃષ્ણ-રાધાની સુંદર શણગાર સજેલી મૂર્તિ, અદ્ભુત લાઇટિંગ અને શાંતિનું એક ગજબ પવિત્ર વાતાવરણ હતું અહીં. ખૂણામાં બેઠેલા થોડા હરેકૃષ્ણભક્તો મૃદંગ અને મંજિરા સાથે કૃષ્ણભજનો ગાઈ રહ્યા હતા.

મૂર્તિની સામે હૉલની વચ્ચોવચ્ચ એ બેસી ગઈ. કંઈ જ બોલ્યા વિના બસ, મૂર્તિની સામે જોતી રહી. એની આંખોમાંથી ઝરઝર આંસુ વહેતાં હતાં. ન એણે હાથ જોડ્યા, ન નમસ્કાર કર્યા. બસ મૂર્તિની સામે જોતી રહી.

વસુમાએ કહ્યું હતું એમ જ એણે ઈશ્વરની આંખોમાં આંખો નાખી હતી. એના અંતરમાં વસતો એનો કાનો એની ફરિયાદ ન સમજે એ શક્ય જ નહોતું એવો શ્રેયાને વિશ્વાસ હતો.

આસપાસથી પસાર થતા એક-બે લોકોએ એને રડતી જોઈ, પરંતુ મંદિરમાં સૌ પોતાની શ્રદ્ધા પ્રમાણે વર્તે એમ માનીને એને ખલેલ પહોંચાડ્યા વિના એ લોકો પસાર થઈ ગયા.

શ્રેયાના મનમાં પ્રતિક્ષણ જુદો વિચાર આવતો હતો. અજબ પ્રકારનું દ્વંદ્વ હતું આ પિતા અને પતિ વચ્ચે, પ્રેમ અને જવાબદારી વચ્ચે, લાગણી અને ફરજ વચ્ચે, ઇચ્છા અને નકાર વચ્ચે, સ્વપ્ન અને સત્ય વચ્ચે...

*

બસમાં ચડી બેઠેલો અલય હજીય ગુસ્સામાં હતો.

બારી પાસે બેસીને એ ડાબી બાજુ દેખાતો દરિયો જોઈ રહ્યો હતો ત્યાં એના મોબાઇલની રિંગ વાગી. એણે બૅગમાંથી સેલ કાઢ્યો.

"સર..."

માજિદના અવાજમાં ઉત્સાહ માતો નહોતો.

"બોલો."

અલય ને જાણે કોઈ વાતમાં રસ નહોતો.

"સર, ફિલમ સેન્સર પાસ થઈ ગઈ. નૉટ અ સિંગલ કટ, સર..."

માજિદ બૂમો પાડી રહ્યો હતો.

"તો?"

"સર!"

માજિદને અલયના આ ઠંડા રિસ્પોન્સથી નવાઈ લાગી.

"સર્ટિફિકેટ લઈને કાલે સવારે મળ મને."

અને માજિદ આગળ કંઈ બોલે એ પહેલાં અલયે ફોન ડિસકનેક્ટ કરી નાખ્યો.

એ ફોન બૅગમાં જ મૂકવા જતો હતો કે ફરી રિંગ વાગી.

અનુપમા કૉલિંગ!

ફોન ઉપાડવો કે નહીં એવું વિચારતો અલય સેલ ફોનના સ્ક્રિન પર લખાયેલું નામ ફ્લિકર થતું જોઈ રહ્યો.

*

કોણ જાણે કેટલી વાર શ્રેયા મંદિરમાં બેસી રહી હશે.

મોટા સભાગૃહમાં એક તરફ ખૂણામાં બેસીને એ ક્યાંય સુધી આંખો બંધ કરીને ઈશ્વરસ્મરણ કરતી રહી. ધીરે ધીરે એનું મન શાંત થવા લાગ્યું. એણે આંસુ લૂછ્યાં. ફરી એક વાર મૂર્તિ તરફ જોયું.

કાના, આજે તને કોઈ વિનંતી નથી કરતી, નથી તારી પાસે કંઈ માગતી. બસ, મારા માટે અને બીજા સૌ માટે જે ઉત્તમ હોય એવું કરજે.

એણે મનોમન કહીને હાથ જોડ્યા. ફરો એક વાર આંખો બંધ કરીને માથું નમાવ્યું.

બંધ આંખોની સામે અલયનો ગુસ્સાવાળો ચહેરો તરવરી રહ્યો. એનો રતું રતું થતો ચહેરો, નાકનાં ફલેલાં ફણાં અને થથરતા હોઠ હજીય શ્રેયાને વિચલિત કરી રહ્યાં હતાં.

કેટલાં વર્ષનો સંબંધ હતો આ? આ પળની અમે બન્નેએ કેટલી રાહ જોઈ હતી? અલય ની વાત સાવ ખોટી નથી... હું જાણતી જ હતી કે પપ્પા આવી જ રીતે વર્તવાના છે પછી કેમ આટલી બધી હલબલી ગઈ છું હું?

શ્રેયાએ મનોમન પોતાને જ પૂછી નાખ્યું. પછી ધીમે રહોને ઊભી થઈ અને કશુંક નક્કી કરીને મંદિરની બહાર નીકળી. જતી ઑટોને હાથ કરીને એ એમાં બેઠી...

એની ગાડી તો ત્યાં જ કૉફી શૉપ પાસે પડી હતી. ઉદ્વિગ્ન મનોદશામાં ચાલતાં ચાલતાં મંદિર પહોંચી ગયેલી શ્રેયાને ગાડી પણ યાદ નહોતી રહી!

*

"સર્ટિફિકેટ કલેક્ટ કરીને કાલે મળ મને."

માજિદનો ફોન ડિસકનેક્ટ કરીને બૅગમાં મૂકવા જતો હતો કે તરત રિંગ વાગી:

અનુપમા કૉલિંગ...

અલય સ્ક્રિનની સામે જોઈ રહ્યો.

ફોન ઉપાડવો કે નહીં એ વિચારી રહેલા અલયે ફોન ઉપાડ્યો.

"ફિલમ સેન્સર થઈ ગઈ. નૉટ અ સિંગલ કટ."

અનુપમાનો અવાજ ઉત્સાહથી છલકાતો હતો.

"હમ્... માજિદનો ફોન આવી ગયો."

"જે પ્રકારના બોલ્ડ દૃશ્યો કર્યાં હતાં તેં એનાથી મને જરા બીક લાગતી હતી."

"હમ્..." અલય નું મગજ ક્યાંક બીજે કામ કરી રહ્યું હતું.

"અને એ દૃશ્યો કપાઈ જાય તો વાર્તાને નુકસાન થાત."

અચાનક અનુપમાએ પૂછ્યું:

“ક્યાં છે તું?”

“અહીં...”

પછી અલયે આસપાસ જોયું:

“જૂહુમાં...”

“ઓહ! એટલે મારા ઘરની નજીક.”

“હા, કેમ?”

“આવ, સાથે જમીએ.”

“અ... મારે થોડું.”

“ન આવવું હોય તો ના પાડ, કામનું બહાનું નહીં કર. લંચ કરવા બોલાવું છું, જમીને જતો રહેજે. આટલા સારા સમાચાર આવ્યા છે એટલે મને થયું...”

પહેલાં અલય ને થયું કે એ સ્પષ્ટ ના પાડી દે. ગૂંચવાયેલી પરિસ્થિતિને વધુ ગૂંચવવા અનુપમાને ઘેર જવાની જરૂર નહોતી, પણ... અત્યારે ક્યાં જઈ શકાય?

એને ઘેર નહોતું જવું. શ્રેયા ચાલી ગઈ હશે. હવે નીરવ અમેરિકા હતો. અને ફિલમનું કશું જ કામ બાકી નહોતું...

એનું મન ખાસ્સી મથામણમાં હતું:

બીજે ક્યાંક જઈને ટાઇમ પાસ કરવા કરતાં અનુપમાને ત્યાં જઈને લંચ... એને વિચાર આવ્યો:

લંચમાં તો કદાચ સંજીવ પણ હોય ત્યાં...

અલય હજી ફોન હાથમાં પકડીને એમ જ વિચારતો ઊભો હતો.

“હલો... હલો... તું સાંભળે છે?”

સામે છેડે અનુપમા પૂછી રહી હતી.

“હા, હા...”

અલયે એ જ ક્ષણે નિર્ણય કર્યો:

“ઓકે. હું આવું છું.”

એણે ફોન ડિસકનેક્ટ કર્યો. બસ ઊભી રહી ત્યાં ઊતરી ગયો. એણે રિક્ષા માટે આમતેમ જોવા માંડ્યું.

એ જ વખતે સામેની દિશામાંથી શ્રેયાની ઑટો પસાર થઈ. અલયને એણે આમતેમ જોતો જોયો, પણ રોડ ડિવાઈડરને કારણે એ ઊતરે અને આ તરફ આવે એ પહેલાં તો અલય એક ખાલી ઑટોમાં બેસી ગયો હતો.

કોણ જાણે કઈ સિક્સ્થ સેન્સથી કે અલયની ચિંતાને કારણે એણે તરત જ પોતાના ઑટોવાળાને કહ્યું:

"આગે સે યુ ટર્ન લો... વો ઑટો કે પીછે લે લો..."

* * *

63

આગે સે યુ ટર્ન લો... વો ઑટો કે પીછે લે લો...

અલયની જાણબહાર સામેની દિશામાં શ્રેયાની ઑટો પસાર થઈ ત્યારે શ્રેયાએ અલય ને આમતેમ જોતો જોયો, પણ રોડ ડિવાઈડરને કારણે એ ઊતરે અને એની તરફ જાય એ પહેલાં તો અલય એક ખાલી ઑટોમાં બેસી ગયો હતો.

કોણ જાણે કઈ સિકસ્થ સેન્સથી કે અલયની ચિંતાને કારણે એણે પોતાના ઑટોવાળાને અલયની ઑટોની પાછળ જવા કહ્યું હતું.

આગળ અલયની ઑટો સડસડાટ જઈ રહી હતી. જે રસ્તે જઈ રહી હતી એના પરથી શ્રેયાને અંદાજ આવી ગયો કે ઑટો અનુપમાના ઘર તરફ જઈ રહી હતી!

અનુપમાને ઘેર જતો હશે? અત્યારે? શા માટે? મારી સાથે ઝઘડો થયો એટલે? હું નહીં તો અનુપમા?

શ્રેયાના મનમાં સળંગ સવાલો ચાલતા હતા. એનું મન ઑટો કરતાં પણ ઝડપથી દોડતું હતું.

અલયે જઈને અનુપમાના બંગલાની બહાર ઑટો છોડી દીધી. શ્રેયાએ પોતાની ઑટો અલયથી થોડે દૂર ઊભી રખાવી, પણ એવી રીતે કે એ સામે થતી દરેક હિલચાલ જોઈ શકે. અનુપમાનો બંગલો શ્રેયાની ઊભેલી ઑટોથી લગભગ સો મીટર દૂર હતો. શ્રેયાને અહીંથી બધું સ્પષ્ટ દેખાતું હતું, પણ કોઈએ બંગલામાંથી જોવું હોય તો જરા ધ્યાનથી જોવું પડે એવો એન્ગલ બનતો હતો. પર્સમાંથી છુટ્ટા પૈસા શોધવાના બહાને થોડી વાર સમય જવા દઈને શ્રેયા પણ પોતાની ઑટો છોડીને ઊતરી. ત્યાં સુધીમાં અલય અનુપમાના બંગલાનો ગેટ ખોલીને અંદર પ્રવેશી ચૂક્યો હતો. એ એટલો બધો વિચારમાં અટવાયેલો હતો કે એને આજુબાજુ જોવાની ફુરસદ સુધ્ધાં નહોતી.

હું આ શું કરું છું?

શ્રેયાએ જાતને પૂછ્યું:

અલયની જાસૂસી! આ શોભે છે મને?

કદાચ તારા ઈશ્વરે જ તને અહીંયાં મોકલી હોય... એ જ ઇચ્છતો હોય કે સત્ય શું છે એ તું જાણી લે.

શ્રેયાના મને એને જવાબ આપ્યો.

આમેય દરેક બુદ્ધિશાળી માણસ પાસે પોતે જે કરે અથવા કર્યું હોય એને સાચું સાબિત કરવાનાં સો કારણ હોય છે. એણે એમાંથી એક પસંદ કરીને સામેના માણસને આપવાનું હોય છે, બસ.

શ્રેયાનું મન પણ અત્યારે પોતે જે કરી રહી હતી એ વિશે પોતે સાચી છે એવું સાબિત કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કરી રહ્યું હતું. એ ધીમે ડગલે વૃક્ષની આડશ લેતી, પાર્ક કરેલી ગાડીઓની પાછળ થઈને અનુપમાના બંગલા તરફ આગળ વધી.

ખરેખર અંદર જવું છે તારે?

શ્રેયાના મન તરફથી જાણે પ્રશ્ન પુછાયો.

જવું પણ છે અને નથી પણ.

એણે સાવ ઈમાનદાર થઈને જવાબ આપ્યો:

મારે જાણવું છે કે અલય અહીં કેમ આવ્યો છે અને સાથે જ મારું મન અલય પર શંકા કરવાની ના પાડે છે. શું કરું?

તું જ નક્કી કર.

એના મને કહ્યું:

પછી જે થાય એ ભોગવવાની તૈયારી રાખજે.

એટલે?

એનું જ મન એને સવાલ પૂછી રહ્યું હતું.

તું એક વાર અંદર દાખલ થઈશ એટલે અનેક શક્યતાના દરવાજા ખૂલી જશે. ગુરુવારના પ્રીમિયર માટે કંઈ કામની વાત કરતા અલય ને જોવાથી શરૂ કરીને અનુપમાના બાહુપાશમાં લપેટાયેલા, એને ચુંબન કરતા અલય સુધી કંઈ પણ જોવાની માનસિક તૈયારી છે તારી?

શ્રેયાનું મન હવે એને ડરાવી રહ્યું હતું:

સામે પક્ષે આવી રીતે પાછળ પાછળ તને આવેલા જોઈને હમણાં જ જે રીતે ગુસ્સો કરીને ગયો છે એ અલય હવે શું કરશે એ પણ તારે જ વિચારી લેવાનું...

એ ત્યાં જ ઊભી રહી ગઈ. અંદર જવા માગતી હતી, પણ એનાં બે મનની લડાઈ વચ્ચે જાણે એ પોતે જ ભીંસાઈ ગઈ હતી. એનું એક મન એને ઉશ્કેરીને અલય ને પકડી પાડવા, ખોટો સાબિત કરવા ઉતાવળું થઈ ગયું હતું, જ્યારે એનું બીજું મન એને કહી રહ્યું હતું:

શંકા સૌથી નકામી વસ્તુ છે. જે માણસે તારાથી ડર્યા વિના તને રજેરજ સત્ય કહી દીધું એ માણસને ખોટો સાબિત કરીને શું મળશે તને?

વિચારોમાં ગૂંચવાયેલી શ્રેયા ત્યાં જ અનુપમાના બંગલાના ગેટથી પચ્ચીસ ફૂટ દૂર ઊભી હતી, જ્યારે અંદર દાખલ થયેલો અલય આશ્ચર્યચકિત થઈને લંચની તૈયારી જોઈ રહ્યો હતો.

પોતે જ્યાં હતો ત્યાંથી અહીં આવતાં એને ભાગ્યે જ વીસ-પચ્ચીસ મિનિટ થઈ હશે. એટલી વારમાં ડાઇનિંગ ટેબલની બાકીની બધી ખુરશી ખસેડાઈ ગઈ હતી. બે જ જણ જમી શકે એવી તૈયારી સાથે ડાઇનિંગ ટેબલ ભરચક કરી દેવામાં આવ્યું હતું. ફૂલો, રેડ વાઇન અને જાતજાતની વાનગીઓ અને સેલડ આકર્ષક રીતે સજાવાઈ ગયાં હતાં.

ધીમું ઇન્સ્ટ્રુમેન્ટલ સંગીત વાગી રહ્યું હતું. વાતાવરણમાં કોઈક સેન્ટની માદક ખુશબો હતી. એ જેવો રૂમમાં દાખલ થયો કે તરત અનુપમા આગળ વધી એને ભેટી પડી:

"કૉન્ગ્રેચ્યુલેશન..."

"થેન્ક્સ..."

અલય છૂટો પડ્યો:

"સંજીવ નથી?"

"આવી જશે. એક મિટિંગ માટે ગયો છે."

પછી અનુપમા હસી:

"એકલા બીક લાગે છે? કંઈ ખાઈ નહીં જાઉં તને."

"ઓહ, કમ ઑન! તું મને શું કામ ખાય? આટલું બધું ખાવાનું છોડીને... મને તો સખત ભૂખ લાગી છે."

અલય ડાઇનિંગ ટેબલ તરફ આગળ વધ્યો. ખુરશી ખેંચીને બેસી ગયો.

"મૅરી..."

અનુપમાએ બૂમ પાડી. રસોડામાંથી એક વેઇટર અને એક છોકરી બહાર આવીને જમવાની તૈયારી કરવા લાગ્યાં.

*

રિયાએ નીરવ માટે બધું ફેવરીટ બનાવ્યું હતું. તદ્દન ગુજરાતી ઘરનું ખાવાનું.

નીરવ થાકેલો હતો એમ છતાં એણે પેટ ભરીને ખાધું. પછી ઊભો થઈને મોટી આળસ મરડીને બોલ્યો:

"ચાલો, ત્યારે હું નીકળું."

"અત્યારે?"

રિયાએ ઘડિયાળ જોઈ:

"બપોરના બાર વાગ્યા છે. સૂઈ જા થોડી વાર."

"નૉટ પોસિબલ..."

નીરવે ફરી એક મોટી આળસ મરડી અને પોતાની ઘડિયાળ જોઈ:

"સાડા ચારે ન્યૂ યોર્ક."

"વ્હોટ નૉનસેન્સ?"

રિયાએ લગભગ બૂમ પાડી.

“અરે, વાહ! આપણે જ્યારે કલાકો ભવન્સના બસસ્ટૉપની બહાર ઊભાં રહેતાં હતાં ત્યારે વાંધો નહોતો...”

રિયાથી હસી પડાયું:

“એટલે કે તારી પાસે તારી મા માટે દસ મિનિટ પણ નથી.”

“સાડા ચાર કલાક જોડે જ છીએ ને?”

“હું નથી આવવાની.”

“તો મારાં લગ્નની વાત કોણ કરશે?”

“પણ ઉતાવળ શી છે?”

“મને છે...”

રિયાની નજીક એ આવ્યો. એણે એના બન્ને હાથ રિયાના ગાલ પર મૂક્યા. આંખોમાં આંખો નાખી:

“મૉમ, એનો વિચાર બદલાઈ જાય એ પહેલાં હા પડાવી દેવી છે.”

“એનો વિચાર બદલાય એ પહેલાં કે તારો વિચાર બદલાય એ પહેલાં?”

રિયાએ સટાક દઈને સવાલ પૂછી લીધો.

“નીરવ, એક વાત કહી દઉં તને, મેં એ છોકરીને ઓળખી છે. તારા મનમાં સહેજ પણ અવઢવ હોય તો તારી જાતને સો વાર પૂછી લેજે, પણ એને દુ:ખી નહીં કરતો.”

“અવઢવ? અવઢવ હતી. મને એવું લાગતું હતું કે હું લગ્ન કરીને કોઈની સાથે જીવી નહીં શકું.”

નીરવે એકદમ પ્રામાણિકતાથી કહ્યું:

“એના કારણમાં હતા તારા અને ડેડીના ઝઘડા તથા મારું ચૂંથાયેલું બાળપણ, પણ લક્ષ્મીને મળ્યા પછી મને લાગ્યું કે બે નેગેટિવના સરવાળો પોઝિટિવ થઈ જતો હોય છે એ વાત સાવ સાચી છે. મા વગર જાતને શોધતાં ઊછરેલી એ છોકરીને મને મારી ઓળખાણ કરાવી એમ કહું તોય ખોટું નથી.”

પછી એક ક્ષણ અટકીને ઉમેર્યું:

“મૉમ, તું કેમ ન કરી શકી આવું? તેં સહેજ પ્રયત્ન કર્યો હોત તો તું ડેડને બદલી શકી હોત એવું નથી લાગતું?”

નીરવની વાત સાંભળીને રિયાના ચહેરા પર સહેજ ઝાંખપ આવી ગઈ:

“બેટા, તું આખી જિંદગી મારા પર આક્ષેપ જ કરતો રહીશ?”

“આક્ષેપ નથી, સવાલ છે આ.”

નીરવના હાથ હજી રિયાના ગાલ પર હતા. એણે એ હાથ સહેજ દબાવ્યા. રિયા એના વહાલની ઉષ્મા અનુભવી શકી.

"અને આ સવાલ મને લક્ષ્મીને મળ્યા પછી ઊભો થયો છે. જ્યારે જ્યારે વસુમાને જોતો ત્યારે એવી એક ફીલિંગ આવતી... કે સ્ત્રી આવી પણ હોઈ શકે. બસ એટલું જ, એથી વધારે કંઈ નહીં, કારણ કે જ્યારે જ્યારે ડૅડીને જોતો ત્યારે એ મને વધારે અઘરા, વધારે કૉમ્પ્લિકેટેડ અને જડ ઇગોઈસ્ટિક લાગતા."

"બેટા, દરેક વખતે દરેક પરિસ્થિતિ દરેકને માટે જુદી હોય છે."

રિયાની આંખોમાં પાણી આવી ગયાં:

"હું આનાથી વધારે કંઈ નહીં કહી શકું, પણ એટલું જરૂર કહીશ કે મેં તારા ડૅડી સાથે રહેવાનો પ્રયત્ન નથી કર્યો એવું તું માનતો હોય તો એ ખોટું છે."

"મૉમ, મેં તને ક્યારેય કાંઈ નથી પૂછ્યું. આજે એક વાત પૂછવી છે. પૂછું?"

"તું મને કંઈ પણ પૂછી શકે, દીકરા."

રિયાની આંખોમાંથી આંસુ હવે બહાર સરકી ગયાં. એના ગાલ પર મુકાયેલી નીરવની હથેળી ભીંજાવા લાગી. નીરવે બન્ને હથેળી ઊંચકીને રિયાનાં આંસુ લૂછી નાખ્યાં.

પછી નીરવે હળવેથી એના માથે હાથ મૂક્યો અને એને પાસે ખેંચીને છાતીસરસી ચાંપી દીધી:

"મૉમ, તું વધુ પડતી મહત્ત્વાકાંક્ષી હતી? તારી કરિયર તારે માટે બહુ અગત્યની હતી?"

એનો અવાજ પલળી ગયો હતો:

"તારા દીકરાથી પણ વધારે?"

રિયાના ચહેરા પર સ્મિત આવી ગયું:

"મને ખબર છે, આ સવાલ વહેલો-મોડો તું મને પૂછવાનો જ હતો."

એની આંખોમાં હજીય પાણી હતાં અને આંસુ ગાલના ખાડાને સ્પર્શીને નીચે ઊતરી રહ્યાં હતાં:

"ખરેખર તો આ સવાલ મને તું નહીં, વિષ્ણુપ્રસાદ ચોકસી પૂછી રહ્યા છે."

"તો એમને આપે છે એમ માનીને જ જવાબ આપને."

"એવું નહીં થઈ શકે બેટા, કારણ કે એમના માટેનો જવાબ અને તારા માટેનો જવાબ બન્ને જુદા છે."

નીરવથી સહેજ દૂર થઈને રિયાએ એની આંખોમાં જોયું:

"એમણે આવું ધારી લીધું છે અને તેં એમની પાસેથી સાંભળ્યું છે એ પહેલો ફેર છે અને બીજો ફેર એ છે બેટા, કે જો હું ખરેખર મહત્ત્વાકાંક્ષી હોત તો વિષ્ણુ પાસે ફરિયાદ કરવાનું કદાચ કોઈ કારણ નથી, પણ તારી પાસે છે. હું મા છું તારી. મારી પહેલી ફરજ તારા પ્રત્યે જ હોય, મારા દીકરા!"

"મા!"

હવે નીરવની આંખો પણ ભરાઈ આવી હતી:

"તું એવું ન માનીશ કે ડૅડીએ મને ચડાવ્યો છે."

"હું જાણું છું, તને તારા ડૅડી બહુ વહાલા છે."

રિયાના ચહેરા પર ફરી એક વાર સ્મિત આવી ગયું:

"હોવા પણ જોઈએ. મેં ક્યારેય નથી ઇચ્છ્યું કે તું વિષ્ણુને ધિક્કારે, પણ એણે જાણે-અજાણે એ જ ઇચ્છ્યું."

નીરવથી એ ઊંધી ફરીને રૂમમાં આટા મારવા લાગી. નીરવ ત્યાં પડેલા સોફામાં ધબ દઈને પછડાયો અને પગ લાંબા કરીને હાથ સોફાની પીઠ પાછળ ફેલાવીને એકદમ પહોળો થઈ ગયો.

"મૉમ, તું ડૅડને સમજતી નથી."

નીરવે સીધું જ કહી નાખ્યું.

"હું નથી સમજતી?"

રિયાનો અવાજ જાણે તરડાઈ ગયો:

"આ તું કહે છે કે તારા ડૅડે કહ્યું છે તને?"

એ ક્ષણેક થોભી પછી ઉમેર્યું:

"હું જોઈ શકું છું કે આ વખતે તારો આખો અપ્રોચ બદલાઈ ગયો છે મારા પ્રત્યે."

"મૉમ..."

નીરવ જાણે એને સમજાવવાનો પ્રયત્ન કરતો હતો.

રિયાનો અવાજ અચાનક ઊંચો થઈ ગયો:

"તમે બધા પુરુષો એકસરખું વિચારો છો. કોઈ સ્ત્રી મહત્ત્વાકાંક્ષી હોય, જાત વિશે જ વિચારતી હોય, સ્વાર્થી હોય તો જ એ ઘર છોડી દે? સ્વમાન નામની કોઈ ચીજ નથી હોતી સ્ત્રીને? આ જ વિષ્ણુપ્રસાદ ચોકસી, જે મારા પપ્પાના ઘરની બહાર મને જોવા માટે, મને મળવા માટે કલાકો ઊભા રહેતા એને માટે રિયા અચાનક જ નકામી થઈ ગઈ... કારણ કે રિયા હવે એની પત્ની હતી."

રિયા ઉશ્કેરાઈ ગઈ હતી. એનું શરીર અને અવાજ બન્ને ધ્રૂજી રહ્યાં હતાં:

"મારા પિતાએ વિષ્ણુને એટલું જ કહ્યું હતું કે એમના ઘરના નોકરનો પગાર વિષ્ણુ કરતાં વધારે હતો."

રિયાએ નીરવ સામે જોયું:

"તો શું ખોટું કહ્યું હતું? એ સત્ય હતું, પણ મને એનાથી ફરક નહોતો પડતો. મેં મારા પિતાની વાત નથી

માની... જેને વિષ્ણુએ છાતીમાં ખૂંપેલા તીરની જેમ પકડી રાખી. એ તીર એને તો ખૂંચતું જ રહ્યું, પણ મને પીડા આપવામાં એણે કંઈ બાકી નથી રાખ્યું."

રિયા ખરેખર ગુસ્સે થઈ ગઈ હતી. નીરવે પોતાની માને આટલી ઉશ્કેરાયેલી ક્યારેય નહોતી જોઈ.

"હું ભાગીને પરણી છું તારા બાપ સાથે. કેટલો વિશ્વાસ હશે ત્યારે ઘર છોડ્યું હશે? પાછા જવાના બધા રસ્તા બંધ કરીને નીકળી ગઈ હતી હું..."

એનું ગળું ભરાઈ આવ્યું:

"નાની નાની વાતમાં વિષ્ણુને ઓછું આવતું. તારા જન્મ પછી મારાં મા-બાપે મોકલેલાં ચેન અને પેન્ડન્ટ... રમકડાં અને ઝભલાં વિષ્ણુએ કચરાના ડબ્બામાં નાખી દીધાં, ખબર છે તને?"

"એ જૂની વાતો છે, મૉમ. આટલી બધી ઉશ્કેરાઈને શું કામ વાત કરે છે? કૂલ ડાઉન!"

"આઈ કાન્ટ! વિષ્ણુપ્રસાદ ચોકસી માટે એ એના સસરાએ કરેલો પૈસાનો દેખાડો હતો અને મારા માટે મારાં મા-બાપનો પ્રેમ હતો એ. એમના દોહિત્ર માટે મોકલેલી વસ્તુઓ પૈસાનો દેખાડો ન જ હોઈ શકે..."

"હું સમજી શકું."

નીરવને અફસોસ થયો કે એણે આ વાત કાઢી. અહીં આવતાંની સાથે આવી રીતે મન ઊંચાં થઈ જશે એવું નહોતું ધાર્યું એણે.

"ના! નથી સમજતો તું અને ક્યારેય સમજી નહીં શકે એક સ્ત્રીના મનને, માના મનને. તું જે વિષ્ણુપ્રસાદ ચોકસીને ઓળખે છે એ તારા પિતા છે નીરવ, પણ મારા માટે એ પતિ છે. મારાં મા-બાપ પૈસાવાળાં હતાં એ મારો ગુનો નહોતો..."

રિયા એની નજીક આવી ગઈ:

"પૂછી જોજે વિષ્ણુપ્રસાદ ચોકસીને, જો હૃદય પર હાથ મૂકીને જવાબ આપી શકે તો. મેં ક્યારેય એમની પાસે સગવડો માગી છે? ક્યારેય મારાં મા-બાપના ઘરને યાદ કરીને અહીંની સગવડો ઓછી છે કે મને તકલીફ પડે છે એવી ફરિયાદો કરી છે?"

"હું જાણું છું, મૉમ. તું એવી છે જ નહીં."

"તો પછી શું જોઈને પૂછ્યો આ સવાલ તેં મને?"

રિયા હવે ખરેખર રોષે ભરાઈ હતી. આ સવાલે જાણે એના આખા અસ્તિત્વને હચમચાવી મૂક્યું હતું. બે-અઢી દાયકા પાછળ ધકેલી દીધી હતી એને આ સવાલે.

"નીરવ, વિષ્ણુ મારી સાથે અઠવાડિયું-અઠવાડિયું બોલતો નહીં. હું ઘૂંટણિયે પડીને, એની પાસે કરગરીને વાત કરવાની વિનંતીઓ કરું... એ દિવસો યાદ છે મને."

રિયાએ ધ્રુસકે ધ્રુસકે રડવું હતું, પણ એની મજબૂતી એને રોકી રહી હતી:

"અને નહીં બોલવાનું કારણ શું? હું મારા બીમાર બાપને જોવા જતી હતી એ. મારી મા ક્યારેક તને રમાડવા અમારે ઘેર આવતી હતી એ. વેર એનું હતું, મારું નહીં."

"મા!"

નીરવ ઊભો થઈ ગયો. એણે આવીને રિયાને વહાલ કરી દીધું:

"હું માની શકું છું, ડેડ આવું કરી જ શકે."

"તું અઢી વર્ષનો હતો..."

રિયાની આંખો જાણે શૂન્યમાં જોઈ રહી હતી:

"મને બરાબર યાદ છે... મને એક દિવસ વિષ્ણુપ્રસાદે કહ્યું હતું, નક્કી કરી લે, તું તારા બાપની દીકરી છે કે મારી પત્ની?"

રિયાની આંખોમાંથી આંસુ વહેવા માંડ્યાં:

"કોઈ કેવી રીતે નક્કી કરે? મારા પિતા બીમાર હતા. નહીં જીવે એ નક્કી થઈ ગયું હતું અને એમણે તને જોવાની જીદ કરી. મને વિષ્ણુએ સૂચના આપી હતી કે મારે ક્યારેય તને એમના ઘેર ન લઈ જવો... મારામાં રહેલી દીકરીએ જોર કર્યું અને હું મારા મરતા બાપને એના દોહિત્રનું મોઢું બતાવવા લઈ ગઈ."

"હું પાછી આવી ત્યારે વિષ્ણુએ તને ઘરમાં લઈને બારણું બંધ કરી દીધું. નીરવ ચોકસી, તમારા પિતાશ્રીની મહેરબાનીથી હું આખી રાત ઘરની બહાર પડી રહી. મારો ગુનો માત્ર એટલો હતો કે મેં એમની સૂચનાનું પાલન નહોતું કર્યું."

નીરવ ધ્રુસકે ધ્રુસકે રડતી એની માની પીઠ પર હાથ ફેરવી રહ્યો હતો.

એને વિચાર આવ્યો કે જે થયું એ સારું જ થયું. એ બહાને રિયાની અંદર વર્ષોથી ધરબાયેલી પીડા આંસુ બનીને વહી તો નીકળી.

રડતી રડતી રિયા બોલી રહી હતી:

"તમારી સાથે કોઈ વાત ન કરે; તમને ફર્નિચરના પીસની જેમ ટ્રીટ કરે, તમારા હાથમાં કોઈ વસ્તુ ન આપે, તમે પૂછો એનો જવાબ ન આપે તો કોઈ ક્યાં સુધી સહે? એટલી હદ સુધી કે મારા પિતા ગુજરી ગયા તો વિષ્ણુ સ્મશાને પણ ન આવ્યો... એમના બેસણામાં કે બીજી કોઈ વિધિમાં વિષ્ણુ ન જ આવ્યો."

ખાસ્સી વાર સુધી ઓરડામાં શાંતિ છવાયેલી રહી. રિયા જાણે ખરેખર પોતાના મૃત્યુ પામેલા પિતાને અત્યારે પણ ભૂલી ન શકી હોય એમ અન્યમનસ્ક થઈ ગઈ હતી. નીરવનો હાથ હજી એની પીઠ પર ફરી રહ્યો હતો.

થોડી વાર પછી રિયાએ મૌન તોડ્યું:

"મેં નોકરી લઈ લીધી. ઍટ્લીસ્ટ ઘરની બહાર નીકળીને બે માણસ સાથે વાત કરી શકું એટલો તો મને અધિકાર હતો, ખરું ને?"

રિયા હવે સ્વસ્થ થઈ હતી. એ ધીમે ધીમે પોતાની વાત કરી રહી હતી:

"ત્યાં સુધીમાં વિષ્ણુ ખૂબ સારું કમાવા લાગ્યો હતો. એણે આગ્રહ રાખ્યો કે હું નોકરી છોડી દઉં, પણ મારે માટે એ શક્ય નહોતું. હું વિષ્ણુથી ડરવા લાગી હતી. પળે પળે પલટાતો એનો મિજાજ અને એનો ઈગો હવે મારાથી નહોતાં સહેવાતાં. મે આ બધા માટે ઘર નહોતું છોડ્યું..."

હવે રિયાએ નીરવના ખભે માથું મૂકી દીધું:

"ને તોય હું તારા માટે રહેત એની સાથે, જો એણે મારી બૅગ ઘરની બહાર ન મૂકી હોત તો."

નીરવ સ્તબ્ધ થઈને સાંભળી રહ્યો. એનાં માતા-પિતાના સંબંધની આ એક એવી બાજુ હતી, જેના વિશે એને કશી જ ખબર નહોતી.

"મારી મમ્મી પપ્પાના મૃત્યુ પછી એક વરસની અંદર ગુજરી ગઈ અને બધી સંપત્તિ મારા નામે થઈ. નીરવ, હું શું કરું? ફેંકી દઉં એ બધું? ના પાડું એ સ્વીકારવાની? શું કામ?"

એણે માથું ઊંચકીને નીરવ સામે જોયું:

"મેં જે દિવસે પ્રૉપર્ટીના પેપરમાં સહી કરી એ દિવસે વિષ્ણુપ્રસાદ ચોકસી નામના એ માણસે મારી બૅગ ભરીને ઘરની બહાર ઓટલા પર મૂકી દીધી હતી. એણે મને ઘરમાં દાખલ પણ ન થવા દીધી... તું સ્કૂલેથી આવે એટલી રાહ પણ ન જોવા દીધી એણે મને..."

રિયા ફરી રડી પડી:

"હું એને માફ નહીં કરું... નહીં કરી શકું! મારા દીકરાના બાળપણથી દૂર કરી છે એણે મને... હી હેડ નો રાઇટ."

રિયા ફરી એક વાર ધ્રુસકે ધ્રુસકે રડી રહી હતી અને નીરવ સાવ અસહાય થઈને એને રડતી જોઈ રહ્યો હતો.

ભૂતકાળનું આ એક એવું પાનું હતું, જેને માત્ર વાંચી શકાય. એમાં કોઈ ફેરફાર કોઈ કરી શકે એમ નહોતું...

ખુદ ઈશ્વર પણ નહીં!

*

અજય ઑફિસથી પાછો ફર્યો ત્યારે જાનકી બેસીને સાંજના જમવાની તૈયારી કરતી હતી. મુંબઈના ઘરમાં તો આટલા બધા માણસોની રસોઈ જાનકીની આખી સાંજ ખાઈ જતી.

જો કે અહીં ઇલેક્ટ્રૉનિક સાધનો અને માઇક્રોવેવ, ફૂડ પ્રોસેસરની સાથે સાથે રસોઈ એટલી ઝડપથી થતી હતી કે કલાકમાં જાનકી ફ્રી થઈ જતી. વળી, ઓપન કિચન હોવાને કારણે ટીવી ચાલુ કરીને હૃદયને રમાડતાં રમાડતાં પણ રસોઈ કરવી જાનકી માટે અઘરી નહોતી.

અહીં આવતાં પહેલાં એણે વસુમાને બધું જ પૂછી લીધું હતું અથવા કહો કે વસુમાએ જાનકીને બધું જ કહી દીધું હતું...

સૂર્યકાંતના ભાવ-અભાવ, ગમા-અણગમા, ભોજનના સ્વાદ અને ટેવોથી માહિતગાર જાનકી એવી રીતે વર્તતી હતી જાણે એ વર્ષોથી સૂર્યકાંતની સાથે રહેતી હોય.

બપોરે ચાર વાગે ચા સાથે ગરમ ગરમ બાજરીના ખાખરા લઈને જાનકી સૂર્યકાંતના રૂમમાં દાખલ થઈ ત્યારે તો સૂર્યકાંતની આંખોમાં પાણી આવી ગયાં.

કાળાં મરી અને મીઠું નાખેલા બાજરીના કડક ખાખરા સૂર્યકાંતને ગોદાવરી માની યાદ અપાવી ગયા.

"તમારાં સાસુમાને તો હાથ જોડીને ત્રીજું માથું જ નમાવવું પડે."

આટલું કહીને એમણે જાનકીને બાજુમાં બેસાડી.

"બેટા, આવતા અઠવાડિયાથી હું નહીં હોઉં. આ ઘર હવે તમને સોંપ્યું,"

"શું કામ ચિંતા કરો છો, પપ્પાજી?"

જાનકીથી કહેવાઈ ગયું.

"ચિંતા નથી કરતો. ઊલટાની ચિંતામુક્ત થતો જાઉં છું."

સૂર્યકાંતે સ્મિત કર્યું પછી બેઠા થઈને ચાનો એક ઘૂંટડો ભર્યો:

"વાહ! આ લીલી ચા ક્યાંથી લાવ્યાં?"

"મુંબઈથી. માએ સુકવણી કરીને ભરી આપી છે. બૅગ ખાલી નહોતી કરી એટલે..."

"તમારાં માને તો..."

સૂર્યકાંતના ચહેરા પર વસુમા માટેનું વહાલ છલકાઈ રહ્યું. આટલાં વર્ષો પછી પણ પોતાને લીલી ચાનાં પત્તાં નાખેલી આદુંવાળી ચા ભાવે છે એટલી નાનકડી કાળજી લઈને જાનકીને સૂચના આપનારી પત્ની માટે સૂર્યકાંતને અહોભાવની સાથે સાથે મોહ પણ વધતો ગયો.

"બેટા, એક વાત કહું?"

જાનકીની સામે જોઈને સૂર્યકાંત થોડું શરમાળ સ્મિત કર્યું:

"હું બાસઠ વર્ષે તમારાં સાસુના પ્રેમમાં પડતો જાઉં છું. જે બાવીસે ન થયું એ બાસઠે કરાવે છે તમારાં સાસુમા!"

જાનકી ખડખડાટ હસી પડી. સંકોચ મૂકીને સૂર્યકાંતને ભેટી પડી. સૂર્યકાંતે એના માથા પર હાથ ફેરવ્યો:

"દીકરી મારી, હવે એક એક દિવસ અહીં ભારે પડે છે. મારે મારી વસુ પાસે જઈને રહેવું છે."

પછી ઘડીભર અટકીને ઊંડો શ્વાસ લીધો. ચાના ઘૂંટડા ભરતા રહ્યા. થોડીક ક્ષણોની શાંતિ પછી એમણે કહ્યું:

"આખી જિંદગીમાં ક્યારેય જે નથી કહ્યું એ કહેવું છે તમારાં સાસુમાને."

જાનકીની વંકાયેલી ભ્રમર અને ચહેરા પરનો પ્રશ્નાર્થ જોઈને સૂર્યકાંતે ફરી એવું જ શરમાળ સ્મિત કર્યું:

"આઈ લવ યુ..."

જાનકી એમની સામે જોઈ રહી.

"એવું કહેવું છે મારે તમારાં સાસુને!"

જાનકીનો ચહેરો હસું હસું થઈ ગયો:

"હું આજે જ કહું છું મધુભાઈને, હવે તો તમારે મુંબઈ જવું જ પડે... બને એટલા જલદી!"

બન્ને જણ એકબીજાને એકબીજાના વહાલથી ભીંજવતાં રહ્યાં અને સૂર્યકાંત ક્યાંય સુધી કેટલીય જૂની વાતોને યાદ કરી જાનકી સાથે વહેંચતા રહ્યા વાગોળતા રહ્યા.

જાનકી પોતાના કામે વળગી એ પછી પણ સૂર્યકાંત ક્યાંય સુધી જૂના દિવસો વાગોળતા રહ્યા.

સાંજ ક્યાં ઢળી ગઈ એની ઓરડામાં બેઠેલા સૂર્યકાંતને ખબર જ ન રહી.

મધુભાઈ સૂર્યકાંતના રૂમમાં દાખલ થયા ત્યારે સૂર્યકાંત ફરી એક વાર પેલાં આલબમ જોઈ રહ્યા હતા. ફ્રોક પહેરેલી અંજલિ, નાનકડો અજય, અભયની સાથે ઊભેલાં વસુમા અને સૂર્યકાંત પોતે!

આ કુટુંબ આમ જ સાથે રહી શક્યું હોત.

સૂર્યકાંતને વિચાર આવ્યો:

આજે ફરી સાથે રહીએ તો પણ આખું કુટુંબ તો કદાચ ક્યારેય ભેગું નહીં થઈ શકે.

એમની આંખોમાં પાણી આવ્યાં. એમણે ઝળઝળિયાં લૂછ્યાં એ જ વખતે મધુભાઈ દાખલ થયા.

"ભાઈ, મુંબઈની ટિકિટ ક્યારની કરાવવી છે?"

મધુભાઈએ હળવેથી પૂછ્યું.

"જેટલી વહેલી થઈ શકે એટલી. હવે અહીંયાં મારી કોઈ જરૂર નથી."

સૂર્યકાંતે સ્મિત કર્યું.

"જરૂર તો તમારી સદાય રહેવાની, ભાઈ."

મધુભાઈએ સૂર્યકાંતનો હાથ પકડી લીધો:

"પણ હવે તમારી વધારે જરૂર મુંબઈમાં છે અને અજય ડાહ્યો છોકરો છે."

"ગોઠવાઈ જશેને?"

સૂર્યકાંતે થોડી ચિંતાથી અને થોડા આત્મવિશ્વાસથી પૂછ્યું.

"મહેનત કરે છે એટલે ગોઠવાઈ જશે. ગઈ કાલે પહેલે જ દિવસે એક્સપોર્ટનું લગભગ બધું જ સમજી લીધું એણે અને એક-બે સજેશન્સ પણ કર્યાં, જે બહુ અગત્યનાં હતાં."

"કોનું કામ, કોણ, ક્યાં કરે છે - જુઓને!"

સૂર્યકાંત જાણે શૂન્યમાં જોઈ રહ્યા:

"આ જ બધું રોહિતે કર્યું હોત તો એને બધું સાંધીને ક્યારનો મુંબઈભેગો..."

રોહિતની યાદે બન્નેની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. મધુભાઈ આ કુટુંબનો ભાગ હતા અને એમાંય સ્મિતાના ગયા પછી તો કૃષ્ણપ્રસાદને ડગલે ને પગલે મધુભાઈની જરૂર પડતી. રોહિતને તો મધુભાઈએ ખોળામાં રમાડ્યો હતો...

"આપણા હાથમાં કાંઈ હોતું નથી, ભાઈ."

મધુભાઈએ એમને આશ્વાસન આપ્યું:

"તમે તો થાય એ બધુંય કર્યું."

"ક્યાં કર્યું છે, મધુભાઈ? આ અજય, અભય અને અંજલિ માટે ક્યાં કંઈ કરી શક્યો હું? અલય ની ફિલમની રિલીઝ છે. મારે એ દિવસે મુંબઈ પહોંચવું છે."

"એ તો આવતા અઠવાડિયે..."

મધુભાઈની આંખો આશ્ચર્યમાં પહોળી થઈ ગઈ:

"મારી તબિયત..."

"તબિયતને પાણાય પડતા નથી."

સૂર્યકાંત બોલ્યા અને સાથે જ એમને હીંચકે બેઠેલા દેવશંકર મહેતા યાદ આવી ગયા. ગોદાવરી બા જ્યારે જ્યારે એમને તબિયત સાચવવાનું કે પોતાનું ધ્યાન રાખવાનું કહેતાં ત્યારે દેવશંકર મહેતા આ જ વાક્ય બોલીને હીંચકાને ઠેસ મારતા.

"સ્મિતાના ટ્રસ્ટનું શું થયું?"

"લક્ષ્મી કામ કરી રહી છે."

મધુભાઈનો જવાબ સાંભળીને સૂર્યકાંત હસી પડ્યા.

"લક્ષ્મી? એ શું કરવાની? અડધો કલાકથી ફોન પર છે. પ્રેમમાં પડેલો માણસ કોઈ કામનો રહેતો નથી."

બન્ને એકબીજાની સામે જોઈને હસી પડ્યા.

*

અનુપમાના બંગલાની બહાર ઊભેલી શ્રેયા ખાસ્સા અડધા કલાકથી અલયની રાહ જોતી હતી.

અંદર જવું કે નહીં એની અવઢવ વચ્ચે એણે ખાસ્સી વાર સુધી મનમાં ને મનમાં દલીલો કરી. પછી કોણ જાણે કેમ અચાનક જ એણે નક્કી કર્યું અને પોતાનો સેલ ફોન કાઢીને અલય ને જોડ્યો.

"બોલ."

અલયનો અવાજ સહેજ ઠંડો હતો, પણ જે થયું એ પછી શ્રેયાનો ફોન આવ્યો એ વાત એને સારી લાગી એ એના અવાજ પરથી સમજાતું હતું.

"ક્યાં છે?"

શ્રેયાએ ડરતાં ડરતાં પૂછ્યું. પછી મનોમન ઈશ્વરને પ્રાર્થના કરી:

હે પ્રભુ, અલય જુઠ્ઠું ન બોલે તો સારું.

"હું?"

અલય નું મગજ સો ગણી ગતિએ ચાલવા માંડ્યું.

જે થયું હતું એ પછી સાચું બોલવાથી વાત વણસી જાય તો?

એને વિચાર આવ્યો:

હું માત્ર જમવા આવ્યો છું, જુઠ્ઠું શું કામ બોલું?

વસુમાના સંસ્કારે માથું ઊંચક્યું:

કંઈ ગુનો નથી કરતો.

પણ વળી પાછો વિચાર આવ્યો:

જે થયું એ પૂરતું છે. સાચું કહીશ તો એ વળી આડુંઅવળું ધારશે ને સાચું બોલવાનું પરિણામ તો જોઈ જ લીધું છે. કદાચ મળવાનું કહેશે તો...

અલય અને શ્રેયા વચ્ચે આવું ઘણી વાર થયું હતું. કોઈ બાબત પર ગરમ ગરમ ચર્ચા થાય, સામસામે ગમે તેમ કહેવાઈ જાય અને બે જણ છૂટાં પડી જાય એ પછીના અડધા કલાક - કલાકમાં બેમાંથી એક જણ ફોન કરીને મળવાની વાત કરે... અને ઝઘડાની સુલેહ થઈ જાય.

કદાચ મળવાનું કહેશે તો...

અલયનું વિચારવાનું ચાલુ જ હતું:

તો તરત જ મળી લઈશ.

"હું અહીં..."

અલયે ફરી એક પોરો ખાધો:

“જૂહુમાં છું.”

“જૂહુમાં ક્યાં?”

“હું...”

કોણ જાણે કેમ, પણ અલયથી સત્ય ન કહેવાયું:

“એક જણની ઑફિસમાં છું.”

અનુપમાએ ભવાં ઉલાળીને અલયને પૂછ્યું:

“કોણ છે?”

જવાબ આપ્યા વિના અલયે વાત ચાલુ રાખી:

“બોલને... શું હતું?”

“કંઈ નહોતું.”

શ્રેયાએ કહ્યું, પણ ત્યાં સામે બેઠેલી અનુપમાના પલટાતા ભાવ જોઈને અલયથી પાછળ જોવાઈ ગયું.

શ્રેયા ફોન હાથમાં લઈને અનુપમાના ઘરના દરવાજે ઊભી હતી.

અલય બરફની જેમ ત્યાં જ થીજી ગયો...

* * *

64

બોસ્ટનથી ન્યૂ યોર્કના ડ્રાઇવ દરમિયાન નીરવ ક્યારનોય લક્ષ્મી જોડે સેલ પર વાત કરી રહ્યો હતો. બોસ્ટનથી નીકળતી વખતે નીરવનું મન સહેજ ઉદ્વેગમાં હતું. રિયા સાથે જે કંઈ થયું એ પછી તરત ન્યૂ યોર્ક આવવા માટે નીકળી જવું એને પોતાને જ સહેજ ખૂંચ્યું હતું, પણ લક્ષ્મીને જોવા, મળવા અને વહાલ કરવા માટે તરફડતો એનો જીવ એક ઘડી પણ રહી શકે એમ નહોતો.

સાંજ ઢળી ગઈ હતી. નીરવની કાર વીજળીની ઝડપે જઈ રહી હતી. કાનમાં હેન્ડ્સ ફ્રી ભરાવીને લક્ષ્મી સાથે એ મીઠી મીઠી વાતો કરતો ન્યૂ યોર્કની દિશા તરફ વધી રહ્યો હતો.

“હું કલ્પી નથી શકતો કે કોઈને મળવા માટે, કોઈ છોકરીને મળવા માટે હું આટલો બધો બેબાકળી થઈને ગાંડાની જેમ...”

લક્ષ્મી હસી પડી:

“હું પણ નથી કલ્પી શકતી કે કોઈ છોકરો મારા માટે આવી રીતે...”

“હું સતત ધારતો રહ્યો કે પ્રેમ નામની કોઈ વસ્તુ જ નથી. બે માણસ પોતાની સગવડતા માટે ભેગાં રહે છે અથવા મોહમાં ભેગાં થઈ જાય છે, પણ પછી સાથે રહી શકતાં નથી.”

“એવું નથી હોતું. શરીરથી જુદાં રહેતાં લોકો પણ એકબીજા માટે અને એકબીજાની સાથે જીવી જતાં હોય છે.”

“એવા કેટલા?”

નીરવના અવાજમાં હજીય કડવાશ તો હતી જ:

“લક્ષ્મી, મારા ડેડી મને હંમેશાં એકલા, તરછોડાયેલા અને દુ:ખી લાગ્યા. અમેરિકામાં રહેતી. મારી મા વધારે સવલતોમાં, વધારે મુખમાં રહેતી હતી એવું મને હંમેશાં લાગ્યું.”

થોડી વાર બન્ને રહ્યાં. પછી નીરવ આગળ બોલ્યો:

“જો કે હું જ્યારે વસુમાને જોતો ત્યારે પણ અને હંમેશાં એમ જ લાગતું કે આટલી હિંમતવાળી અને મજબૂત સ્ત્રી કોઈ પણ પુરુષને નાનો કે નબળો જ માનીને જીવી હશે.”

“એવું નથી હોતું, નીરવ.”

લક્ષ્મીના અવાજમાં જાણે આખી સ્ત્રીજાતિનો અવાજ હતો:

“સ્ત્રી માત્ર ડિપેન્ડન્ટ અને રક્ષણમાં રહેવા મગે છે. એને ઉંબરની બહાર નીકળવામાં રસ નથી હોતો, કારણ કે એનું ઘર એની દુનિયા હોય છે.”

એણે ઊંડો શ્વાસ લીધો અને આંખો મીંચી. એની નજર સામે વસુમાનો ચહેરો તરવરી રહ્યો:

"પરંતુ જ્યારે એને ધક્કો મારીને દુનિયામાં ધકેલવામાં આવે છે ત્યારે હજાર હાથવાળી દુર્ગા બનીને પોતાનું જ નહીં, પોતાનાં સંતાનોનું, પોતાના સ્વમાનનું રક્ષણ કરવા માટે આપોઆપ સક્ષમ બની જાય છે."

નીરવ સહેજ ઢીલો પડી ગયો:

"તારી સાથે વાત કરતાં એવું સમજાયું મને આજે..."

"નીરવ, મોટા ભાગે કોઈ સ્ત્રીને ક્યારેય પોતાના ઘર કે કુટુંબ કરતાં કારકિર્દીનું મહત્ત્વ વધારે ન જ હોય... પણ જ્યારે ઘર અને કુટુંબ એની પાસેથી છીનવી લેવામાં આવે ત્યારે જીવવા માટે એની પાસે બીજું શું રહે છે, કહે તો મને?"

"સાચી વાત છે, લક્ષ્મી, આજે મા સાથે બહુ લાંબી વાત થઈ. હું આખી જિંદગી મારી મા વિશે ખોટું ધારતો રહ્યો એનો મને અફસોસ છે."

"હવે?" લક્ષ્મી હસી:

"તું પહેલાં ઘણીબધી વસ્તુ માટે, ઘણાબધા લોકો માટે ખોટું ધારતો હતો..."

"હા, લક્ષ્મી!"

નીરવે જાણે મનોમન લક્ષ્મીને ખેંચીને વહાલ કરી દીધું:

"તેં બહુ જ બદલી નાખ્યો મને, મારા વિચારોને... તને મળ્યા પછી જ સમજી શક્યો છું હું મારી માને."

પછી એક નિ:શ્વાસ નાખીને ઉમેર્યું:

"હજી જૂની વાતો યાદ કરીને રડે છે, પણ આટલું બધું કર્યું તો વધુ એક વાર ડૅડીને માફ ન કરી શકે? વસુમાએ પણ તારા ડૅડીને ગેસ્ટ રૂમમાં રાખ્યા..."

નીરવને બોલી નાખ્યા પછી સહેજ અફસોસ થયો, છતાં એણે વાત પૂરી કરી:

"એમણે કે મારી માએ ઇચ્છ્યું હોત તો એમની હિંમતનો ઉપયોગ, એમની મજબૂતીનો ઉપયોગ વધુ એક વાર કરીને પરિસ્થિતિ બદલી ન શક્યાં હોત? માફ કરવામાં પણ હિંમતની જરૂર પડતી હોય છે, લક્ષ્મી... જો સ્ત્રી પાસે એટલી જ હિંમત અને મજબૂતી હોય તો વેર શું કામ પંપાળે છે? માફ કેમ નથી કરતી?"

"તમે પુરુષો ખરા છો."

લક્ષ્મી જરા સ્મિત સાથે કહી રહી હતી:

"જ્યાં સુધી તમને ફાવે ત્યાં સુધી તમારે જેમ ધારવું હોય એમ ધારી લેવાનું, જેમ માનવું હોય એમ માની લેવાનું... અને એના આધારે જેમ વર્તવું હોય એમ વર્તી પણ લેવાનું... જે પળે ભૂલ સમજાય એ પળે એવી અપેક્ષા પણ રાખવાની કે તમારી પત્ની કે પ્રિયતમા, દીકરી કે બહેન, મા કે મિત્ર તમને તરત જ માફ કરી દે!"

"એવું નથી, લક્ષ્મી..."

"એવું નથી તો શું છે? આટલાં વર્ષો દરમિયાન કેટલી પીડામાંથી પસાર થયાં હશે રિયા મા કે વસુમા એવી કેટલીય સ્ત્રીઓ, એ બધા જ ઘા, બધા જ ઉઝરડા અને બધી જ પીડા, બધી તકલીફ એક ક્ષણમાં ભૂલાવીને નવેસરથી દાખલો માંડવો એટલો સહેલો નથી હોતો, નીરવ..."

લક્ષ્મી જાણે રોનાલ્ડ વિશે પણ વિચારી રહી હતી - એ જ વખતે. એને વિચાર આવ્યો કે રોનાલ્ડ વિશે, એના જન્મ વિશે, એની મુલાકાત વિશે એ નીરવને હમણાં જ કહી દે. પછી અટકી ગઈ, એમ વિચારીને કે નીરવ અહીં પહોંચે એ પછી શાંતિથી આ વાત કહેવી.

"હું સમજું છું તારી વાત."

નીરવે જાણે આ ચર્ચા બંધ કરવાના ઉદ્દેશથી કહ્યું:

"હું તારી સાથે એવું કંઈ નહીં કરું, જેનાથી મારે માફી માગવી પડે અને તારે મને માફ કરવો પડે. ઓકે, સ્વીટહાર્ટ?!"

પછી ભરપૂર રોમાન્સ અવાજમાં ઠાલવીને એણે કહ્યું:

"હવે જરા વહાલ કર મને... ચાલીસ કલાકની સફર પછી સેલ્ફ ડ્રાઇવ કરીને તારા સુધી આવું છું તે વીમેન્સ લિબરેશન પર ભાષણ સાંભળવા નથી આવતો."

"ભાષણ તો જીવનભર સાંભળવું પડશે. પછી પીછેહઠ તો નહીં કરેને?"

"એ બધી માનસિક તૈયારી સાથે જ જંગમાં ઝુકાવ્યું છે હવે."

"એમ કે? તો આ જંગ છે..."

"પ્રેમ અને યુદ્ધમાં બહુ ફેર નથી. બન્નેમાં બધું જ સાચું. એવરીથિંગ ઈઝ ફૅર ઈન લવ ઍન્ડ વૉર એવું કહેનારાએ સમજીને જ કહ્યું હશે કે બેમાં બહુ ફેર નથી."

"તું આવ જરા... હું બતાવું તને કેટલો પ્રેમ ને કેટલી વૉર."

એ પછી બન્ને ફરી એક વાર પ્રેમગોષ્ઠિમાં પડી ગયાં. જાનકી ત્રણ વાર એને જમવા માટે બોલાવવા આવી, પણ પલંગ પર વાળ ફેલાવીને જે રીતે સૂઈને લક્ષ્મી વાત કરી રહી હતી એ જોતાં જાનકીને એને ડિસ્ટર્બ કરવાની ઇચ્છા ન થઈ.

કોણ જાણે ક્યાંય સુધી ચાલી હશે એ વાતો, પણ લક્ષ્મી ફોન મૂકીને ડાઇનિંગ રૂમમાં આવી ત્યારે બધાં જમીને જઈ ચૂક્યાં હતાં. લક્ષ્મીની રાહ જોતી જાનકી ટેબલ પર બેઠી હતી.

હૃદય અને અજય બેડરૂમમાં લૅપટૉપ પર ગેમ રમી રહ્યા હતા.

"કેટલી વારમાં પહોંચશે?"

જાનકીએ સ્મિત કરીને આંખો મીંચકારી.

"કોણ?"

“કોણ?”

જાનકી હસી. એણે નજીક આવીને લક્ષ્મીનો કાન પકડ્યો:

“જેમની સાથે એક કલાક સાડત્રીસ મિનિટ વાત કરી એ.”

“તમને કેવી રીતે ખબર કે એ અહીં આવે છે?”

“ઓહ, મૅડમ! અમે તો લગ્ન પણ કર્યાં છે અને જાનમાં પણ ગયાં છીએ.”

જાનકીએ લક્ષ્મીના ખભાની આજુબાજુ હાથ વીંટાળીને એને વહાલ કરી દીધું:

“આ અજયકુમાર મને મૂકવા માટે વિલે પાર્લેથી ટ્રેનમાં ચર્ચગેટ આવતા. પછી ચાલીને 13૨ના બસસ્ટૉપ પર જવાનું, ત્યાંથી કોલાબા... મારી હૉસ્ટેલ સુધી મને મૂકવા આવે... અને એકલા પાછા જાય.”

“બાપ રે!”

લક્ષ્મીએ આંખો પહોળી કરી:

“એટલો પ્રેમ?”

“એટલું જ નહીં... હું એક મેડિકલ કૅમ્પમાં સોલાપુર ગયેલી. ત્યારે મોબાઇલ તો હતા નહીં. આ તમારા અજયભાઈનું મગજ ફર્યું તે રાતની બસ લીધી અને મધરાતે સોલાપુર. અમારો કૅમ્પ શોધતાં શોધતાં...”

“ઓહ માય ગૉડ!”

લક્ષ્મી હસી પડી:

“આ બધા પુરુષો સરખા જ હોય?”

“લગભગ.”

જાનકીએ હસીને આંખ મારી:

“આપે તો રાજપાટ આપી દે અને લઈ લે તો તમારું હોય એ પણ લઈ લે.”

“હું હમણાં નીરવ સાથે એ જ વાત કરતી હતી.”

લક્ષ્મી ટેબલ પર બેઠી.

“તમે હમણાં જમશો તો નહીં.”

જાનકીએ હસીને કહ્યું:

“નીરવભાઈ આવે પછી જ...”

લક્ષ્મીના શરમાળ હાસ્યે જાણે આ વાતની પુષ્ટિ કરી દીધી.

*

ક્યાં છે તું?

અનુપમાના ઘરમાં અલય લંચ લઈ રહ્યો હતો ત્યારે શ્રેયાએ મોબાઇલ પર પૂછ્યું હતું ત્યારે અલયે કહેલું:

જૂહુ... એક જણની ઑફિસમાં!

પરંતુ સામે બેઠેલી અનુપમાના પલટાતા ભાવ જોઈને અલય થી પાછળ જોવાઈ ગયું ત્યારે...

શ્રેયા ફોન હાથમાં લઈને અનુપમાના ઘરના દરવાજે ઊભો હતી.

અલય ત્યાં જ બરફની જેમ થીજી ગયો. શ્રેયા મક્કમ પગલે આગળ વધી. અલય પોતાની ખુરશી પરથી ઊભો થઈ ગયો. અનુપમા ત્યાં જ બેઠેલી રહી. ફિલમનો કોઈ સીન ચાલતો હોય અને સાઇલન્સની બૂમ પાડ્યા પછી સેટ પર જેમ સોપો પડે એમ સ્મશાનવત્ શાંતિ પથરાઈ ગઈ.

“તો આ કોઈની ઑફિસ છે?”

“આઈ મીન...”

અલય અચાનક જ અટેકના મૂડમાં આવી ગયો. હુમલો એ રક્ષણનો શ્રેષ્ઠ રસ્તો છે:

“તું મારો પીછો કરે છે?”

એનો અવાજ ઊંચો થઈ ગયો.

શ્રેયા ચિડાઈને જવાબ આપવા જતી હતી. એની નસો તંગ થઈ ગઈ. માથું ફાટ ફાટ થવા લાગ્યું. બરાબર એ જ સમયે એની નજર અનુપમા પર પડી. અનુપમાના ચહેરા પર એક નાનકડું સ્મિત હતું. એક સ્ત્રી જ સમજી શકે અને જોઈ શકે એવું સ્મિત. એક જ પુરુષને ચાહતી બે સ્ત્રી એકબીજાની સાથે જે ભાષામાં વાત કરે એ ભાષાનું પહેલું તીર હોય એવું સ્મિત...

શ્રેયાએ તરત જ પોતાની જાતને સંભાળી લીધી. ઊંડો શ્વાસ લીધો. એક ક્ષણ આંખો મીચી અને એકદમ હેતાળ અવાજમાં અલય ને પૂછ્યું:

“તેં આવું કેમ કર્યું? અલય, તેં સાચું કેમ ન કહ્યું?”

“સાચું સાંભળવાની તૈયારી છે તારી?”

શ્રેયાના વળતા હુમલાની અલય રાહ જોતો હતો એને બદલે એનો હેતાળ અવાજ અને સ્મિત જોઈને એ સહેજ ઝાંખો પડી ગયો:

“એક સાચી વાત કહી એમાં તો તારા પપ્પાનું બહાનું આગળ ધરીને...”

“બહાનું નહીં, અલય!”

શ્રેયાનો અવાજ એકદમ સ્થિર હતો અને આંખો કોરી:

"એ પળે એ વાત સાચી હતી."

"અને હવે?"

અલય અકારણ ઉશ્કેરાઈ ગયો.

"આ સવાલનો જવાબ આપવો મને જરૂરી નથી લાગતો..."

શ્રેયાએ કહ્યું:

"...અને એ અહીં અને અત્યારે તો નહીં જ."

"કેમ?"

અલયે પૂછ્યું તો ખરું, પણ જાણે એનો પોતાનો જ અવાજ એને પોલો અને બોદો લાગ્યો.

"કારણ કે આ મારી અને તારી વાત છે. આપણે એકલાં હોઈશું ત્યારે જ થઈ શકશે..."

પછી જાણે કશું જ ન બન્યું હોય એટલી સ્વાભાવિક થઈને એણે પૂછ્યું:

"સેન્સરના કોઈ ખબર આવ્યા?"

અત્યાર સુધી જે રીતે શ્રેયાએ પોતાની હાજરી તદ્દન અવગણી હતી એ પછી આ સવાલથી અનુપમા જેવી કુશળ અભિનેત્રીને ચર્ચામાં દાખલ થવાની તક આપવી પડે એમ નહોતું.

"અફ કોર્સ."

અનુપમાએ બનાવટી ઉત્સાહથી કહ્યું:

"ફિલમ સેન્સર થઈ ગઈ, એક પણ કટ વિના."

"કૉન્ગ્રેટ્સ."

શ્રેયા બે ડગલાં આગળ વધી. એણે અલય ના ગળામાં હાથ નાખ્યો, પોતાના પંજા પર ઊંચી થઈ અને અલયને એક પ્રગાઢ ચુંબન કર્યું. જમણો હાથ એંઠો હોવા છતાં આ ચુંબનની ઉષ્મા સામે હથિયાર નાખીને અલયે શ્રેયાના શર્ટ પર રાતા-પીળા ડાઘ પાડી દીધા.

ડાઇનિંગ ટેબલ પર અનુપમાના હાથ એવી રીતે ભિડાયા જાણે કાચનું ડાઇનિંગ ટેબલ એણે જ ચૂર કરી નાખવું હોય.

"અલય, જમી લીધું તે?"

"થોડી વાર લાગશે, કેમ?"

"બસ! તને લેવા આવી છું."

"પણ એ તો..."

અનુપમાને કશુંક કહેવું હતું, પણ શું તે એને સમજાયું નહી. જિંદગીમાં પહેલી વાર શબ્દો શોધવાનાં ફાંફાં પડી ગયાં એને.

"અનુ, ફીલ ઍટ હોમ." શ્રેયા હસી:

"તારું જ ઘર છે!"

પછી દૂર પડેલી ખુરશી ખેંચીને અલયની બાજુમાં બેસી ગઈ.

અનુપમાને લાગ્યું કે હવે વિવેક કર્યા વિના છૂટકો નથી:

"તું જમીશ?"

"ના, હું તૃપ્ત છું."

અલય સામે જોઈને શ્રેયાએ હેતાળ સ્મિત કર્યું. પછી ફરી એક વાર શરીરનું વજન બદલીને ખુરશીને બે પાયા પર અલય બાજુ નમાવી એના ગાલ પર હોઠોથી સ્પર્શ કરી લીધો.

અનુપમાને લાગ્યું કે આ બધું જ એને દેખાડવા માટે થઈ રહ્યું હતું. એને શ્રેયાના આ વર્તનમાં પોતાને જલાવવાની પ્રયત્ન દેખાયો. એનું મગજ ફાટ ફાટ થવા માંડ્યું:

છેલ્લે શ્રેયા અહીં આવી અને આ વખતે શ્રેયા અહીં આવી-એ બે શ્રેયામાં જાણે આસમાન-જમીનનો ફેર હતો. શ્રેયાની આ સ્થિરતા અને મક્કમતા જોઈને અનુપમા વિચલિત થઈ ગઈ.

"તું જમી લે, હું બેઠી છું."

શ્રેયા આરામથી પગ પર પગ ચડાવીને ખુરશીને ટેકો લઈને બેઠી.

"અલય હમણાં નહીં આવે."

અનુપમા જાણે એના પોતાના કન્ટ્રોલની બહાર નીકળી ગઈ:

"અમારે થોડું કામ છે."

અલયે સહેજ ઊંચું જોયું, પણ જમવાનું ચાલુ રાખ્યું.

'કાંઈ વાંધો નહિ. કામ પતાવી લો, ત્યાં સુધી હું બેઠી છું.'

'અમને વાર લાગશે.'

'મારે અમસ્તુંય બીજું કામ નથી.'

એણે ફરી અલય સામે જોઈને વહાલસોયું સ્મિત કર્યું:

'મારે એને સાથે જ લઈને જવું છે.'

'હું કંઈ ખાઈ નહીં જાઉં એને.'

અનુપમાનો અવાજ સહેજ ધ્રૂજ્યો એના આંખના ખૂણા લાલ થવા માંડ્યા હતા. સહેજ ડૂમો ભરાયો હતો. એને પોતાને જ સમજ નહોતી પડતી કે એને શું થતું હતું.

'મને ખબર છે.'

શ્રેયાએ ફરી એક વાર સાવ સ્વાભાવિકતાથી સ્મિત કરી અનુપમા સામે જોઈને ઉમેર્યું:

'આમેય તેં તો જમી લીધું છે!'

અનુપમા ધૂંધવાઈ ગઈ: 'જો આ જોક હતી તો બહુ ખરાબ હતી.'

'આ જરાય જોક નહોતી.'

શ્રેયાની આંખો સીધી અનુપમાની આંખોમાં પરોવાઈ ગઈ:

'તે તારા ભાગનું જમી લીધું, અનુપમા...'

'વ્હૉટ ડુ યુ મીન?'

અનુપમા ટેબલ પર હાથ પછાડતી ઊભી થઈ ગઈ. એના હાથની પછડાટને કારણે પાણી ઢોળાયું અને બાઉલ ધ્રૂજ્યા. એના શરીરના ધક્કાને લીધે ખુરશી પાછળ પડી ગઈ:

'તું કહેવા શું માગે છે?'

'કૂલ ડાઉન, અનુપમા.'

શ્રેયાનો અવાજ હજીય સંયત હતો અને ચહેરા પર સ્મિત.

'આ મારું ઘર છે.'

'એ તો મેં પણ તને હમણાં જ કહ્યું.' શ્રેયા સ્વસ્થ હતી.

'તું મારા ઘરમાં મને ગમે તેમ બોલે છે?'

'જરાય નહીં, અનુપમા.' શ્રેયાએ ફરી સ્મિત કર્યું:

'મને એવું ગમતું નથી.'

પછી અલય સામે એક નજર નાખી:

'ને આવડતું પણ નથી.'

અલય શાંતિથી જમી રહ્યો. પછી ઊભી થઈને વૉશબેસિન તરફ આગળ વધ્યો. ટેબલની પેલી તરફ ઊભેલી અનુપમા ક્રોધમાં ધ્રૂજી રહી હતી.

'મૅરીઈઈઈઈ...'

અનુપમાની આંખોમાં આંસુ ધસી આવ્યાં હતાં. એના નાકનું ટોપકું લાલ થઈ ગયું હતું:

‘ટેબલ ખાલી કરો.’

અલય હાથ ધોઈને પાછો આવ્યો. પછી અનુપમાની નજીક ગયો. એણે એના ખભે હાથ મૂક્યો અને ખભો થપથપાવ્યો.

‘થેન્કસ ફૉર લંચ!’

‘તું...’

અનુપમા ઢીલી પડી ગઈ:

‘તું જાય છે?’

અનુપમાથી શ્રેયા સામે જોવાઈ ગયું. શ્રેયા દાખલ થઈ અને તરત જ જે રીતે વર્તી એ પછી અનુપમાએ જે સ્મિત આપ્યું હતું એના જવાબમાં જ જાણે શ્રેયાએ વળતું સ્મિત કર્યું.

બે સ્ત્રીઓ જ સમજી શકે એવું સ્મિત!

અનુપમા અંદરથી તાર તાર થઈ ગઈ. એનું અભિમાન એનું રૂપ, એની સફળતા, અલય માટે એણે કરેલું બધું જ... આ ફિલમ, પરમ દિવસનું પ્રીમિયર... એક પછી એક પત્તાનાં મહેલની જેમ તૂટવા માંડ્યા.

‘હા...’

અલયે કહ્યું અને સ્વાભાવિક રીતે ખૂણામાં મૂકેલી એની બૅગ લેવા આગળ વધ્યો. હજી એ બીજું ડગલું ભરે એ પહેલાં અનુપમાએ એને પાછળ કૉલરમાંથી પકડ્યો...

‘તું આવું કેમ કરે છે?’

અનુપમાનો અવાજ ધ્રૂજી રહ્યો હતો.

‘આવું એટલે?’

અલયે હળવેથી કૉલર છોડાવ્યો.

‘હું તને જવા નહીં દઉં.’

અલયે શ્રેયા સામે જોયું. શ્રેયા શાંત ચિત્તે, સ્થિર ભાવે ઊભી હતી. એણે અલયની આંખોમાં જોયું. જાણે કહેતી હોય:

વેલ, નિર્ણય તારે કરવાનો છે...

અલયે ધીમેથી અનુપમાની સામે જોયું. પછી ફરીને એના ખભે હાથ મૂક્યો.

‘અનુ, મેં તને પહેલાં જ કહ્યું હતું.’

ખૂબ સહાનુભૂતિથી એના ગાલ પર હાથ મૂક્યો:

'શા માટે તારા અને મારા - બન્ને માટે અઘરું કરી રહી છે?'

શ્રેયાની હાજરીનો ખયાલ કર્યા વિના અનુપમા એને વળગી પડી:

'હું તારા વિના નહીં જીવી શકું.'

અલય એની પીઠ પર હાથ ફેરવી રહ્યો હતો. અનુપમા રડતી રહી. એક ક્ષણ પહેલાં શ્રેયાએ જે રીતે અલયની સામે જોયું હતું એ આંખોથી અલયને ખૂબ બળ મળ્યું હતું એટલે અલયે સહેજ પણ ડર્યા કે સંકોચાયા વિના અનુપમાને રડવા દીધી. અનુપમા ચિડાતી અલયની પીઠ પર મુક્કા મારતી, એનું શર્ટ પકડીને એને હલબલાવતી રડતી રહી... અલય એની પીઠ પસવારતો એમ જ સ્થિર ઊભો રહ્યો... અને શ્રેયા જાણે કશુંય નથી બન્યું એમ અદબ ભીડીને આ બધું પતે એની રાહ જોતી અલયને લઈ જવા માટે શાંત ઊભી હતી.

રડીને થાકેલી અનુપમા અલયના ખભા પર માથું મૂકીને થોડીક ક્ષણો એમ જ ઊભી રહી. પછી અલયે એને હળવેથી અળગી કરી:

'અનુ, હું જાઉં?'

હવે જાણે બીજું કંઈ જ થઈ શકે એમ ન હોય એવી રીતે થાકેલી, હારેલી અનુપમા અલયથી છૂટી પડી. અલયે એના બન્ને હાથ અનુપમાના ખભા પર મૂક્યા અને એને મજબૂત થવાનું કહેતો હોય એમ સહેજ હલાવી:

'સ્વીટહાર્ટ, ફરી એક વાર કહું છું, શ્રેયાની હાજરીમાં કહું છું...'

બન્નેની નજર અનાયાસ શ્રેયા તરફ પડી.

'જિંદગીમાં ક્યારેય મારી જરૂર પડે તો હું છું જ? ને રહીશ જ! આઈ કૅર ફૉર યુ... ઍન્ડ વિલ ઑલ્વેઝ...'

અનુપમા એક એક ડગલું પરાણે ઊંચકતી હોય એમ મહામહેનતે શ્રેયા સુધી પહોંચી, એની સામે ઊભી રહી, એની આંખોમાં જોયું...

'આઈ એમ... નૉટ સૉરી બટ...'

એની આંખોમાં પાણી ધસી આવ્યાં:

"આઈ એમ જેલસ ઑફ યુ!"

શ્રેયાએ એને ખેંચીને છાતીસરસી ચાંપી દીધી. અનુપમા અને અલય બન્ને અનુભવી શક્યાં કે એના આ વર્તનમાં ક્યાંય કોઈ બનાવટ કે છળ નહોતું.

શ્રેયા અને અલય અનુપમાના ઘરની બહાર નીકળ્યાં ત્યારે અલય થી શ્રેયાનો હાથ પકડાઈ ગયો. આંગળીઓમાં આંગળીઓ નાખીને એણે શ્રેયાનો હાથ એવી રીતે પકડ્યો અને દબાવ્યો, જાણે એ બે હથેળીઓને એકાકાર કરી નાખવા ઇચ્છતો હોય.

*

રોજની જેમ સવારે સાડા છ વાગે વસુમાનો અવાજ શ્રીજી વિલાના બગીચામાં ગુંજી રહ્યો હતો:

નૈયા ઝુકાવી મેં તો જોજે ડૂબી જાય નાં,
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના...

વૈભવી પોતાના રૂમમાં પલંગમાં પડી રહી હતી. એની આંખો ખૂલી ગઈ, પણ એને ઊભા થવાની ઇચ્છા નહોતી થતી. બાજુમાં અભય ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો. અભય તરફ ફરીને એ એને જોતી રહી. અભયના ચહેરા પર જે શાંતિ અને વિરામ હતાં એ જોઈને વૈભવીને સહેજ ઈર્ષા આવી ગઈ.

કોઈ પણ સ્થિતિમાં આ માણસ કેટલો નિરાંતે ઊંઘી શકે છે!

એને વિચાર આવ્યો. એણે હાથ લંબાવી અભયના ચહેરા પર હાથ ફેરવ્યો. ઊંઘમાં જ વૈભવીનો સ્પર્શ અનુભવીને અભયે સ્મિત કર્યું અને એ જ હાથ પકડીને એણે વૈભવીને નજીક ખેંચી.

વૈભવી અનાયાસ ખેંચાઈ આવી. અભયે એની આસપાસ હાથ લપેટીને એક પગ એના પગ પર મૂક્યો. એ હજી ઊંઘી જ રહ્યો હતો. નજીક ખેંચાઈ આવેલી વૈભવીએ અભયની છાતીમાં માથું નાખ્યું. એને અચાનક જ એવું લાગ્યું કે જાણે કેટલાંય વર્ષો પછી આજે એ અભયની સાથે તદ્દન નિકટતા અથવા એનું વહાલ અનુભવી રહી હતી. એ એમ જ પડી રહી ક્યાંય સુધી! અજબ સુખ, અજબ સંતોષની લાગણી હતી આ. જીદ કરીને કે માગીને મેળવેલી કેટલીય રાતોના શારીરિક સંતોષ કરતાં ઘણી વધારે સંતોષ, ઘણું વધારે સુખ હતું આ સ્પર્શમાં.

વૈભવી બહુ જ હળવે હળવે અભયના ચહેરા પર હાથ ફેરવતી રહી અને અભય એ સ્પર્શને માણતો જાણે અંદરથી શાંત થતો હોય એમ ચહેરા પર એક અત્યંત સંતુષ્ટ સ્મિત લઈને ઊંઘતો રહ્યો.

વૈભવીનું મન અભયના પડખામાં પડ્યાં પડ્યાં જાતજાતના વિચાર કરવા લાગ્યું. એને પોતાના જ વીતેલા દિવસો યાદ આવી ગયા. શરૂઆતમાં જ્યારે એ પરણીને આવી ત્યારે આ જ અભય એને કેટલાં લાડ કરતો હતો. કેટલું વહાલ કરતો હતો. વૈભવી પહેલેથી જ આવી હતી. સંતોષનો અભાવ, સતત ફરિયાદો અને દરેક વાતમાં નેગેટિવ જોવાની ટેવ. અભય એને ખૂબ સમજાવતો. વારંવાર કહેતો:

ગયેલો સમય પાછો નહીં આવે...

પણ કોણ જાણે કેમ વૈભવીને એ વાત ત્યારે નહોતી સમજાતી. જાત સિવાય કશુંય નહોતી જોઈ શકતી વૈભવી, પરંતુ આજે એને સમજાતી હતી અભયની વાત અને આજે અફસોસથી મન ભરાઈ ગયું હતું, પણ જેમ અભયે કહ્યું તેમ આજે હવે મોડું થઈ ગયું હતું. હવે વૈભવી કંઈ પણ કરે, જે પરિસ્થિતિ હતી એમાં કોઈ જ ફેરફાર થઈ શકે એમ નહોતો...

અભયની છાતી પર માથું મૂકીને સૂતેલી વૈભવી આજે અભયના સ્પર્શમાં જે હૂંફ અનુભવી શકતી હતી એ હૂંફ એને લગ્નજીવનનાં શરૂઆતનાં વર્ષોમાં નહોતી અનુભવી શકાઈ કદાચ!

માણસો તો એના એ જ હોય છે, માત્ર એને જોવાની દૃષ્ટિ બદલાતી હોય છે.

અભયના ચહેરા સામે જોઈ રહી હતી વૈભવી:

આ જ અભય સામે કેટલા વાંધા હતા મને! દરેક વખતે એનાં નાના નાના વર્તન સામે કેટલો આક્રોશ, કેટલો રોષ હતો. અને છતાંય એ વખતે એ મારો હતો, પૂરેપૂરો મારો. આજે જે અભય મારો નથી એ અભયના પડખામાં મને એ સુખ મળે છે, જે મને આટલાં વર્ષોમાં ક્યારેય નથી મળ્યું...

વિચારો ખંખેરીને વૈભવી ઊઠવા જતી હતી, પરંતુ અભયે એને જોરથી પકડી રાખી. બે છોકરાંની મા વૈભવી જિંદગીના ચાર દાયકા પછી જાણે પહેલી વાર પોતાના પતિનો કે પુરુષનો સ્પર્શ પામતી હોય એમ શરમાઈ ગઈ. અભયની થોડી વધુ નજીક ખસી એ પણ અભયને હાથ લપેટી ક્યાંય સુધી એમ જ પડી રહી...

અને નીચે વસુમાનો અવાજ ગુંજતો રહ્યો:

હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે...

શ્રીજી વિલાના ફોનની રિંગ વાગી રહી હતી. ખાસ્સી વાર રિંગ વાગી પછી વસુમાને ખયાલ આવ્યો કે હવે ઘરમાં જાનકી કે અજય નથી... વૈભવી ઉપર સૂતી હશે અને લજ્જા કૉલેજ ગઈ હશે... ફોન લે એવું ઘરમાં કોઈ નથી હવે.

એટલે એ ઊભાં થયાં અને ફોન લેવા અંદર ગયાં.

“મા...”

“અંજુ બેટા!”

વસુમાના અવાજમાં વહાલ છલકાઈ રહ્યું:

“કેટલા દિવસે ફોન કર્યો. ક્યાં છે તું?”

“એ વાત છોડ, મેં તને એક ગુડ ન્યૂઝ આપવા ફોન કર્યો છે.”

“બોલ... મેડિકલ રિપોર્ટ આવી ગયો?”

“અરે મા, હજી વાર છે.”

અંજલિ શરમાઈ હશે એવું અહીંથી વસુમા અનુભવી શક્યાં.

“તને તો એક જ વિચાર આવે છે. એ સિવાય કોઈ ગુડ ન્યૂઝ જ ન હોઈ શકે?”

“મને તો બીજો વિચાર નથી આવતો. તું જ કહી દે.”

“બાપુનો ફોન હતો... તને ક્યારના ફોન કરે છે, પણ તું ફોન લેતી જ નથી.”

“અરે! અહીં તો રિંગ સંભળાઈ જ નથી.”

વસુમાને ખ્યાલ આવ્યો કે રિંગ ક્યારની વાગતી હશે, પણ સંભળાઈ નહીં:

“બધું બરાબર તો છે ને? અજય-જાનકી...”

"મૉમ... મારી મા... બાપુ આવે છે પરમ દિવસે..."

"શું?"

વસુમાને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો:

"પણ એમની તબિયત..."

"તબિયત સારી છે."

અંજલિ હસી:

"અને અહીં આવીને એકદમ સારી થઈ જશે."

"પણ બેટા..."

"પણ ને બણ... પરમ દિવસે વહેલી સવારે લૅન્ડ થશે, અહીંયાં!"

"સારું."

જાણે હિમાલયના શિખરને સ્પર્શ્યાં હોય એવી ઠંડકનો અનુભવ થયો વસુમાને...

"શું સારું? મને તો એમ કે તું એક્સાઇટ થઈ જઈશ, ખુશ થઈ જઈશ, પણ તું તો..."

"શું" કરું?"

વસુમા પણ હસી પડ્યાં:

"કૂદકા મારું? ગીતો ગાઉં?"

પછી હસતાં હસતાં એમણે ગાઈ જ નાખ્યું:

"ઘર આયા મેરે પરદેશી..."

મા-દીકરી બન્ને ખડખડાટ હસી રહ્યાં હતાં ત્યારે વસુમાએ હળવેથી આંખને ખૂણે આવેલાં પાણીનાં બે ટીપાં લૂછી નાખ્યાં.

ફોન મૂકીને એ પોતાના ઓરડામાં ગયાં અને મંદિરની સામે બેસી ગયાં. હજી હમણાં જ કરેલી પૂજાનો દીપક ત્યાં પ્રજ્વલિત હતો. તાજાં ચડાવેલાં પારિજાતનાં ફૂલની સુગંધ પણ હજુ અકબંધ હતી...

કાના, આટલાં વર્ષો તને કરગરતી રહી ત્યારે મારું કંઈ સાંભળ્યું નહીં તે... અને કહેવાનું મૂકી દીધું ત્યારે વગર માગ્યે બધું આપવા માંડ્યું?

એમની આંખોમાં અપાર કરુણા અને શ્રદ્ધા ઝળકી રહ્યાં હતાં. સાડા છ વાગ્યાની સવારનું ઝાંખું અજવાળું અને સામેના પ્રજ્વલિત દીપની પીળી રોશની એમના ચહેરાને એક અજબ આભા આપી રહ્યાં હતાં.

વસુમાએ આંખો મીંચી અને હાથ જોડ્યા:

મારા વહાલા, જ્ઞાનેશ્વરે સોળમે વર્ષે જે વરદાન માગ્યું એ મારે આજે માગવું છે... જેને જે જોઈએ એને તે મળે...

એમની બંધ આંખોમાં વીતેલાં કેટલાંય વર્ષો ઝળહળી રહ્યાં હતાં:

મારે હવે મારા માટે કંઈ નથી માગવું. મને તો તેં બધું જ આપ્યું. માગ્યું તે પણ અને ન માગ્યું તે પણ...

વસુમાની આંખો સામે વૈભવીનો, પ્રિયાનો, અજયનો, લક્ષ્મીનો, અલયનો, શ્રેયાનો અને એમની નવાઈ વચ્ચે અનુપમાનો ચહેરો પણ આવીને સરકી ગયા...

કાના, હવે સૌને સૌનું સુખ મળે એટલું કરજે...

-અને એમની બંધ આંખોમાંથી આંસુની ધાર નીકળી.

એમના હોઠ ફફડતા રહ્યા:

જેને જે મળે એટલામાં જ એનું સુખ સમાઈ રહે એવું એનું મન કરજે... તું તો બધું જાણે છે. તારી સામે જ્યારે હાથ જોડ્યા છે ત્યારે આભાર માનવા જોડ્યા છે... આજે ફરી એક વાર તારો આભાર માનું છું... જે વીત્યાં તે વર્ષો માટે તો ખરો, પણ જે વીતવાનાં છે એ વર્ષો માટે પણ!

લગભગ એ જ વખતે સૂર્યકાંત વિચારી રહ્યા હતા:

બસ, હવે થોડાક કલાકોમાં જ ન્યૂ યોર્કના જે.એફ.કે. ઍરપોર્ટ પરથી મારી ફ્લાઇટે મુંબઈ માટે ટેક ઑફ્ફ કરી લીધું હશે...

* * *

65

સૂર્યકાંતની ફ્લાઇટ ન્યૂ યોર્કથી ટેઈક ઑફ્ફ કરીને મુંબઈની દિશામાં ઊડી ત્યારે એમને સૌથી પહેલો વિચાર એ આવ્યો કે માણસ આખરે તો જન્મભૂમિ તરફ પાછો ફરતો હોય છે. કઈ શોધમાં ક્યાંથી શરૂ કરેલો પ્રવાસ ફરી ત્યાં જ પૂરો થઈ રહ્યો હતો... જે વસુંધરાને છોડીને નીકળ્યા હતા સૂર્યકાંત, પ્રેમની, કારકિર્દીની, સંપત્તિની અને કદાચ સ્વની ખોજમાં - એ સૂર્યકાંત બધું મેળવ્યા પછી ફરો એક વાર વસુંધરા તરફ પાછા ફરી રહ્યા હતા!

શું આ જ હશે પ્રવાસ? જ્યાંથી નીકળો ત્યાં જ પાછા પહોંચવાનું? તો નીકળવાનું જ શું કામ?

સૂર્યકાંતના ચહેરા પર સ્મિત આવી ગયું:

કેવું છે માણસનું મન? જે શોધવા નીકળે એ બધું જ મળી ગયા પછી પણ જાણે કશું ખૂટ્યા કરે છે...

એમણે જાણે બંધ આંખે મનોમન જિંદગીનો એક હિસાબ માંડી જોયો: આમ જુઓ તો શું નહોતું મળ્યું એમને? હાર, નિષ્ફળતા, પ્રેમ, રોમાંચ, નિષ્ઠા, જુઠ્ઠાણું, છેતરપિંડી, લાગણી, સત્ય, સ્વીકાર અને અસ્વીકાર...

એક માણસ પોતાની નાનકડી જિંદગીમાં જોઈ શકે એનાથી ઘણું વધારે જીવન જીવી નાખ્યું હતું સૂર્યકાંતે...

વિચારવાનો પણ જાણે થાક લાગતો હતો... પાછા ફરીને પોતાનો જ પ્રવાસ જોતા સૂર્યકાંતને જાણે એ પ્રવાસ થકવી નાખતો હતો!

બસ, હવે તો વસ્તુની પાસે જઈને શાંતિથી રહેવું છે!

એમણે વિચાર્યું:

આમ જુઓ તો હવે કશુંય ખૂટતું નથી. દીકરાઓની દુનિયા પોતાની રીતે ગોઠવાઈ ગઈ છે ને દીકરીઓના સંસાર સુખી છે... અમે બે નિરાંતે જીવી શકીએ એટલા પૈસા છે ને શ્રીજી વિલાનું ઘર... જિંદગીના કડવા-મીઠા અનુભવો છે અને સંસ્મરણોની વણજાર... એક માણસને જીવવા માટે બીજું જોઈએ શું?

એ જ્યારે ઘરેથી નીકળ્યા ત્યારે જાનકી, અજય, લક્ષ્મી અને નીરવ મધુભાઈની સાથે એમને ઍરપોર્ટ મૂકવા આવ્યાં હતાં. જે દિવસે ટિકિટ આવી તે દિવસથી સૂર્યકાંતના એકલા પ્રવાસ કરવા વિશે જાનકીને વાંધો હતો... એણે પોતાની રીતે બધાંને કહી જોયું, પણ હજી તો હમણાં જ આવેલો અજય ઑફિસ છોડીને નીકળી શકે એમ નહોતો. જો મધુભાઈ એમની સાથે જાય તો અહીંયાં અજયને મદદમાં કોઈ ન મળે! નીરવે પોતાના તરફથી મૂકવા આવવાની તૈયારી તો બતાવી, પણ સૂર્યકાંત સમજતા હતા કે નીરવને લક્ષ્મી સાથે સમય ગાળવો હતો. એ બન્નેને છૂટાં પાડવા માગતા નહોતા એટલે બધી જ ચર્ચા-વિચારણા અને દલીલોના અંતે સૂર્યકાંત એકલા જ જવાનું નક્કી કર્યું.

'અહીંથી તમે બેસાડી દેશો... ને ત્યાં વસુ લેવા આવશે. પછી ક્યાં પ્રોબ્લમ છે?'

એમણે જાનકીને વહાલથી સમજાવી હતી:

'સાવ નાનાં છોકરાં પણ એકલાં જાય છે. ઍર હૉસ્ટેસ ધ્યાન રાખેને?'

'પપ્પાજી, તમારી આવી તબિયતે...'

'એમ કંઈ હું વિમાનમાં નથી મરવાનો!'

સૂર્યકાંત હસ્યા હતા અને જાનકીની આંખો ભરાઈ આવી હતી:

'તમને કંઈ તકલીફ પડી તો તમારી પાસે કોણ?'

'મને કંઈ તકલીફ નથી પડવાની. હું ઘેર જાઉં છું અને મારી અંદરનો ઉત્સાહ જ એટલો છે કે મારી તબિયત નહીં બગડે, બેટા.'

એમણે જાનકીના માથે હાથ ફેરવ્યો હતો પછી નાનકડું હેન્ડ લગેજ લઈને ડિપાર્ચર તરફ ધીમાં ડગલાં માંડ્યાં હતાં.

ક્યાંય સુધી આંખો મીંચીને પડી રહેલા સૂર્યકાંત પાસેથી ઍર હૉસ્ટેસ બે-ત્રણ વાર પસાર થઈ પછી કદાચ એનાથી નહી રહેવાયું એટલે એણે સૂર્યકાંતને પૂછી નાખ્યું:

'આર યુ ઑલ રાઇટ, સર?'

એને આપવામાં આવેલા બોર્ડિંગ કાર્ડમાં સૂર્યકાંતનું ધ્યાન રાખવાની ખાસ ઇન્સ્ટ્રક્શન લખવામાં આવી હતી એટલે એણે થોડું ફરજના ભાગ રૂપે અને થોડું ભારતીય હોવાના નાતે સૂર્યકાંતને પૂછી નાખ્યું. સૂર્યકાંત હળવેથી આંખો ઉઘાડીને છોકરીની સામે જોયું:

'ઓહ., યસ યસ...'

'ડુ યુ કેર ફૉર સમથિંગ? બસ, કૉફી, હાર્ડ ડ્રિન્ક?'

વહાલસોયી લાગતી એ છોકરી મૂકીને પૂછી રહી હતી:

'ના, હમણાં કંઈ નહીં.'

સૂર્યકાંતે કહ્યું. એમને તો જાણે ઘેર પહોંચીને વસુના હાથની ગરમાગરમ ચા પીવાની તલપ હતી.

આ શું થાય છે મને?

સૂર્યકાંતે જાતને જ પૂછ્યું:

હું તો ક્યારેય આવો નહોતો. જે વસ્તુની સામે મને આટલા બધા વિરોધ હતા એ જ વસુને મળવા માટે હું આટલો ઉતાવળો, આટલો બેબાકળી થઈ ગયો છું? શું હશે એનું કારણ?

એમના જ મને એમને જવાબ આપ્યો:

સૂર્યકાંત, ગઈ કાલ સુધીનો તું વસુંધરાને પોતાનાથી વધુ બુદ્ધિશાળી અને વધુ સાચી, વધુ નિષ્ઠાવાન સ્ત્રી તરીકે જોતો હતો. એ વખતે વસુંધરા તારી પત્નીથી વિશેષ કશું જ નહોતી... અને પોતાની પત્ની પોતાનાથી વધુ બુદ્ધિશાળી હોય કે પોતાનાં જ માતા-પિતા એને વધારે માન આપે એ એક પતિ તરીકે, એક પુરુષ તરીકે તારે

માટે સહ્ય નહોતું...

સૂર્યકાંતે એક ઊંડો નિઃશ્વાસ લીધો. એના મન સાથેની વાતચીત હજુ ચાલુ જ હતી:

આજે વસુંધરા તારા માટે એક વ્યક્તિ છે. એની શ્રેષ્ઠતા સ્વીકારવામાં હવે તને વાંધો નથી, કારણ કે આજે તે તારી શ્રેષ્ઠતા પુરવાર કરી છે. ભલેને જુદા ક્ષેત્રમાં... પણ તે કમાઈને દેખાડ્યું છે. પાછા ફરવાની હિંમત દાખવી છે. બીજું શું જોઈએ એક સ્ત્રીને એક પુરુષ પાસેથી?

વસુંધરા સામાન્ય સ્ત્રી નથી...

એમના ચહેરા પર ફરો એક વાર સ્મિત આવી ગયું:

વસુ તો સાવ જુદી છે. કોણ જાણે કઈ માટીમાંથી ઘડી હશે ઈશ્વરે! પછી એમને જ વિચાર આવ્યો:

ઈશ્વરે તો જેવી ઘડી હશે એવી... પણ આજની વસુ તો એણે પોતે જ ઘડી છે. દરેક વખતે આવતી મુશ્કેલીઓમાં તૂટીને ઊભી થતી, દરેક સવાલ સામે ખડકની જેમ ટટ્ટાર ઊભી રહેતી અને દરેક આંસુને પીને સહેજ વધુ ભીની થતી આજની વસુ ગઈ કાલની વસુંધરામાંથી ધીમે ધીમે ઘડાતી ગઈ છે...

*

સવારના સાડા છ વાગે અંજલિએ કહ્યું કે સૂર્યકાંત આવે છે એ પળથી શરૂ કરીને આ ઘડી સુધી જાણે વસુમાને એક ક્ષણ પણ ચેન નહોતું પડ્યું. એમને પોતાને પણ નવાઈ લાગતી હતી પોતાના આ ઉચાટ વિશે, આ ઉશ્કેરાટ વિશે.

મેં તો એવું ધારી જ લીધું હતું કે મારી જિંદગીમાં હવે આવી પળ ફરી નહીં આવે, પણ જાણે એ સત્તર વર્ષની વસુંધરા ફરી ધબકી રહી છે મારા અંદર! જિંદગીના છ દાયકા પછી આ શું થાય છે મને?

એ પોતાના ઓરડાના ડ્રેસિંગ ટેબલના આયનામાં જોઈ રહ્યાં હતાં. પોતાનો જ ચહેરો જાણે એમને કોઈ બીજાનો હોય એવું લાગતું હતું.

આ ઉંમરે પણ સુંદર તગતગતી ત્વચા, મોટી પાણીદાર આંખો, આંખો પર જાણે કમાન ખેંચી હોય એવી ભ્રુકુટિ અને બે ભ્રમરની બરાબર વચ્ચે લાલચટ્ટક મોટો ચાંલ્લો...

નમણું નાક અને માપ લઈને ઘડ્યા હોય એવા સુંદર હોઠની જોડી. આ ઉંમરે પણ ભાગ્યે જ સફેદી દેખાય એવા લાંબા કાળા વાળનો આખા ખોબામાં માય એવો અંબોડો...

વસુમા જાતને જોઈ રહ્યાં.

શું ખૂટ્યું હશે સૂર્યકાંતને મારામાં કે યશોધરા પાછળ આમ...

એમણે માથું હલાવીને વિચારોને ખંખેરી કાઢ્યા ને છતાંય એક વાર વિચાર આવી ગયો:

આખી જિંદગી નહીં ને આજે મને કેમ આવો વિચાર આવી ગયો?

આટલાં વર્ષોમાં ક્યારેય એમને આવો વિચાર નહોતો આવ્યો. આજે સૂર્યકાંત પાછા ફરી રહ્યા છે ત્યારે

યશોધરાનો વિચાર કેમ આવે છે?

વસુમાએ રોજેરોજ જાત સાથે કંઈકેટલીય વાતો કરી નાખી આ બે દિવસ દરમિયાન. દિવસમાં કેટકેટલાય ફોન અહીંથી જતા ને ત્યાંથી આવતા. સૂર્યકાંતની તબિયતથી શરૂ કરીને અમેરિકાથી કંઈ જોઈતું હોય તો... સુધીના એકના એક સવાલો અને જવાબો કંઈકેટલીય વાર પુછાઈ ગયા ને અપાઈ ગયા.

બાકી બધાએ તો સૂર્યકાંતની તબિયતની ચિંતા કરી હતી, પણ છોકરાઓ લજ્જા અને આદિત્ય પાસે દાદાજી માટે મોટું લિસ્ટ હતું.

*

વૈભવીએ કેટલીય ના પાડી છતાં લજ્જાએ મોટા અવાજે ચીસો પાડીને લખાવેલું લિસ્ટ, આદિત્યનાં જીન્સ, પરફ્યુમ્સ અને શૂઝની સાથે આઈપોડ... કોણ જાણે કંઈકેટલુય બે જ દિવસમાં લક્ષ્મીએ દોડાદોડ કરીને ભેગું કર્યું હતું. કોઈનું કંઈ રહી ન જવું જોઈએ એવા વિચાર સાથે લક્ષ્મીએ ખૂબ શૉપિંગ કર્યું હતું.

બધાં માટે શું લેવું, કોને શું ગમશે એની લક્ષ્મીને ખબર હતી. સવાલ હતો તો એકમાત્ર વસુમાનો...

દોઢ દિવસ બગાડ્યા પછી છેલ્લે એણે જાનકીને પૂછ્યું:

'મા માટે શું મોકલું?'

'એમણે જે ઝંખ્યું હતું એ એમને મળી રહ્યું છે, લક્ષ્મી!'

જાનકીનો અવાજ ભાવવિભોર હતો. એણે પરણીને આવી તે દિવસથી વિયોગમાં ઝૂરતાં વસુમાને જોયાં હતાં. એમણે ક્યારેય ખૂલીને કહ્યું નહોતું કે નહોતાં ક્યારેય પોતાની પીડાને કોઈના સુધી પહોંચવા દેતાં. ઉપરથી સાવ સામાન્ય દેખાતી આ સપાટીની નીચે કંઈકેટલાય દાવાનળ સળગતા રહેતા હતા એની જાનકીને ખબર હતી.

આજે સૂર્યકાંત મુંબઈ જઈ રહ્યા હતા ત્યારે વસુમાને શું મળવાનું હતું એની જાનકીને સમજ પણ હતી અને આનંદ પણ હતો.

'હેં ભાભી, કોઈ આવી રીતે છોડી જાય એ પછી પણ એવું શું હોય છે, જેનાથી તમે છૂટી નથી શકતાં?'

લક્ષ્મીએ પૂછ્યું હતું.

'નિષ્ઠા હોય છે તમારી! અથવા પ્રેમ...'

જાનકીએ શૂન્યમાં જોઈને જવાબ આપ્યો હતો:

'કશુંક એવું, જે માત્ર તમે તમારી અંદર અનુભવી શકો. કદાચ એનું નામ નથી હોતું. માત્ર એક અનુભવ, એક અહેસાસ હોય છે.'

'અને એ આટલાં વર્ષો ટકી શકે? ટકતો હશે?'

'દરેક માટે ન પણ ટકે! એનો આધાર તમારી અંદરની મજબૂતી પર છે.'

જાનકીએ એની આંખોમાં જોયું:

'તને કેવી રીતે વિશ્વાસ હતો કે નીરવ તારા વિના નહીં જીવી શકે? મને કેવી રીતે વિશ્વાસ છે કે હું અમેરિકા ન આવી હોત તો અજય ન આવ્યા હોત?'

'ભાભી, ક્યારેક બહુ નવાઈ લાગે છે, કેટલાંય વર્ષો સાવ જુદા વાતાવરણમાં રહેલા, તદ્દન જુદા વાતાવરણમાં ઊછરેલાં, જુદું જ માનતા, જુદું જ વિચારતા બે લોકો અચાનક મળી જાય અને જીવનભર સાથે જીવવાનું નક્કી કરી લે! ને જીવીય શકે...'

'એથીય વધુ નવાઈ એ વાતની લાગે છે, લક્ષ્મીબહેન, કે બેમાંથી એક ન પણ હોય તો હાથ છૂટી જાય છે, પણ સાથ નથી છૂટતો.'

'અમેઝિંગ! વસુમા વિશે હું જ્યારે વિચારું છું ને ત્યારે લાગે છે કે એ આ ધરતીની વ્યક્તિ જ નથી.'

'અથવા તો એ ખુદ જ ધરતી છે!'

જાનકીની આંખો જાણે શ્રદ્ધાથી છલકાઈ ગઈ. એક સ્ત્રીની એક સ્ત્રી પરત્વેની શ્રદ્ધા... એક સત્યની એક સંબંધ પરત્વેની શ્રદ્ધા... એક નવી પેઢીની એક વીતી ગયેલી પેઢી પરત્વેની શ્રદ્ધા!

જાનકીની સામે જોઈ રહી લક્ષ્મી. અમેરિકામાં જન્મેલી અને રહેતી આ છોકરીને કદાચ બહુ ખબર નહીં હોય તો પણ સાસુ-વહુના સંબંધ વિશે આછી-પાતળી સમજ તો હતી જ. જાનકીની આંખોમાં જોઈને એને એક વાત સમજાઈ ગઈ-સંબંધ વ્યક્તિ જાતે વાવે છે, જાતે જ ઉછેરે છે અને એનો પાક પણ એણે જાતે જ લણવાનો હોય છે.

જાનકીની આંખોમાં દેખાતી આ શ્રદ્ધા વસુમાએ વાવી હશે એમાં કોઈ શંકા નહોતી...

*

સવારના ચાલવા નીકળેલાં વસુમા ઘેર પાછાં ફર્યાં ત્યારે અલય ડાઇનિંગ ટેબલ પર બેસીને કાર્ડ પર નામ લખી રહ્યો હતો. જુદાં જુદાં કાર્ડની જુદી જુદી થોકડીઓ પડી હતી. મેટ્રોના આવતી કાલના પ્રીમિયરની આ તૈયારી હતી. બીજી તરફ થોડાં લખેલાં કાર્ડની નાની થપ્પી હતી.

બગીચામાં કામ કરવાને બદલે વસુમા એની પાસે ડાઇનિંગ ટેબલ પર બેસી ગયાં. અલયે ઊંચું જોયું. ઉજાગરાને કારણે એની આંખોમાં સહેજ લાલાશ આવી ગઈ હતી. ફિલમ સેન્સર થયા પછીની ભાગદોડમાં શેવ કરવાનો સમય નહોતો મળ્યો એટલે એકાદ દિવસની વધેલી દાઢી સાથે એ ગજબનાક હેન્ડસમ દેખાતો હતો.

વસુમા એની સામે જોઈ રહ્યાં. વસુમાની નમણાશ અને સૂર્યકાંતની ઊંચાઈ અને શરીરસૌષ્ઠવ બન્ને મેળવ્યાં હતાં અલયે. એના પહોળા ખભા અને પહોળી છાતી સાથે પાતળી કમર સૂર્યકાંતના શરીરસૌષ્ઠવની દેન હતી.

વસુમાને વિચાર આવ્યો.

આ ઉંમરે પણ ક્યાંય ચરબી નથી એમના શરીરમાં...

અને સાથે ચહેરા પર સ્મિત પણ આવી ગયું:

બાપ-દીકરા બેયની ચરબી ભગવાને એ બન્નેના મગજમાં ભરી દીધી છે! એમનાથી અનાયાસ હાથ લંબાવીને અલયને વહાલ થઈ ગયું.

'લે મા, આ પહેલું કાર્ડ... મારા પ્રીમિયરનું તારા માટે.'

વસુમાએ કાર્ડ લીધું, ખોલ્યું.

'કેમ એક જ સીટ?'

વસુમાએ એબોની લાઉન્જમાં સીટનો એક જ નંબર વાંચીને અલય ને પૂછ્યું:

'મા, આ એબોની લાઉન્જનું કાર્ડ છે... વીવીઆઈપી! તું કોઈને સાથે લઈને આવવાની છે?'

અલયે માને આંખ મારી:

'બૉયફ્રેન્ડ છે તારો?'

'હાસ્તો!' વસુમા હસ્યાં.

'મા!'

અલય ના અવાજમાં નવાઈ હતી અને થોડો આઘાત પણ...

આજ સુધી જ્યારે પણ અલય એમની આવી મજાક કરતો ત્યારે વસુમા એને કહેતાં:

'હવે આ ઉંમરે શું બૉયફ્રેન્ડ? મારો તો એક જ બૉયફ્રેન્ડ છે, જે મારા રૂમમાં જ રહે છે ને રોમેરોમમાં પણ... મારો કાનો!'

જો કે આજે વસુમાએ જે રીતે જવાબ આપ્યો એનાથી અલય જરા નવાઈ પામ્યો.

'કોણ છે? મને તો કહે.'

'કહીશ...'

વસુમા હસ્યાં:

'તારા પ્રીમિયર પર લઈને આવીશ. હિંમતથી.'

પછી એમણે ઉમેર્યું:

'બીજી એક સીટ આપીશ, મારી બાજુમાં?'

'શ્યૉર.'

અલયે પોતાની સામે પડેલા થિયેટરના પ્લાનમાં વસુમાની બાજુની સીટમાં ચોકડી મારીને એમના જ કાર્ડ પર

બીજો નંબર લખી આપ્યો.

'બસ?'

'હમ્...'

વસુમાએ હસતાં હસતાં કાર્ડ લઈ લીધું.

ભૂખ-તરસ ભૂલીને ગાંડાની જેમ દોડતા અલય ને ઘરમાંથી કોઈએ કહ્યું નહોતું કે સૂર્યકાંત આવી રહ્યા હતા અને વસુમાએ પણ એને કહેવાનું ટાળીને એને સરપ્રાઇઝ આપવાનું નક્કી કર્યું હતું.

પરમ દિવસે બપોરે અનુપમાને ત્યાં જે થયું એ પછી શ્રેયાએ પણ હમણાં અલય ને ન સતાવવાની ગાંઠ વાળી હતી. લગ્ન સહિતની બધી જ વાતો હવે ફિલ્મ રિલીઝ પછી જ થશે એવું એણે અલય ને સ્પષ્ટ કહી દીધું હતું.

અને અલય પણ નિશ્ચિંત થઈને સોએ સો ટકા પોતાની ફિલ્મની રિલીઝમાં પરોવાઈ ગયો હતો. આવતી કાલે સાંજનું પ્રીમિયર હતું. ઘરના તમામ લોકોનાં કાર્ડ લખીને એણે વસુમાને આપી દીધાં:

'હું હવે ક્યાં હોઈશ અને શું કરતો હોઈશ એની મને જ નથી ખબર. તમે સૌ તમારી રીતે પહોંચી જજો.'

'ઘેર તો આવીશને તૈયાર થવા?'

'કોને ખબર? મારાં કપડાં શ્રેયા લઈને આવવાની છે થિયેટર પર...'

પછી એ ઊભો થયો અને અચાનક વસુમાના ખોળામાં બેસી ગયો. બે બાજુ બે પગ મૂકીને વસુમાના ખોળામાં બેઠેલા અલયે બે હાથ વસુમાના ખભે ટેકવ્યા:

'મા.'

એણે વસુમાની આંખોમાં જોયું. કોણ જાણે એની આંખોમાં શું હતું, જે વસુમાની ઊંડે, છેક અંદર સુધી પેસી ગયું:

'મા, કોઈ આવે કે નહીં... તું મને ત્યાં જોઈએ છે.'

એનો અવાજ થરથરી ગયો. સામાન્ય રીતે સાવ કોરી રહેતી અલયની આંખોમાં હલકી ભીનાશ તરવરી ઊઠી.

'આખું થિયેટર ખાલી હશે તો ચાલશે, પણ જ્યારે અલય વસુંધરા મહેતાનું ટાઇટલ સ્ક્રિન પર દેખાય ત્યારે મારે તારી આંખોમાં જોવું છે.'

'તે હજી એ જ નામ રાખ્યું છે?'

વસુમાનો અવાજ પ્રમાણમાં સ્વાભાવિક હતો.

'હજી એટલે શું? મારું નામ જ એ છે - અલય વસુંધરા મહેતા.'

અલય હસ્યો અને એણે ઝૂકીને વસુમાના ગાલ પર ચૂમી કરી. પછી વસુમાના નાક સાથે પોતાનું નાક ઘસ્યું:

'તારે મને ડિઝઑન કરવાનો છે? છાપામાં જાહેરખબર આપવી છે? અલય નામના માણસ સાથે મારે કોઈ લેવા-દેવી નથી...'

'હું ઇચ્છું તોય એ લેવા-દેવા તૂટે એવી છે, બેટા? મારું લોહી છે તારી રગોમાં!'

હવે વસુમાનો અવાજ સહેજ ધ્રૂજ્યો:

'મારા સૌથી વધુ પીડાદાયક દિવસોમાં તું મારા હૃદયની સૌથી નજીક રહ્યો છે. મારા ધબકારાની ધ્રુજારી ઝીલી છે તે મારા શરીરની અંદર રહીને એ દિવસોમાં...'

એમણે એક ઊંડો શ્વાસ લીધો અને બે હાથે અલયનો ચહેરો પકડ્યો:

'મારા દીકરા, એમ કહેવાય છે કે જે બે જણે સાથે સુખ માણ્યું હોયને એ કદાચ ભૂલી જાય, પણ જેણે દુ:ખ વહેંચ્યું હોયને એ બે જણ એકબીજાને ક્યારેય ભૂલી નથી શકતા...'

'મૉમ!'

અલયે પોતાના ગાલ પર મુકાયેલો વસુમાનો હાથ પકડીને ચૂમી લીધો:

'તું ભૂલી કેમ નથી જતી એ દિવસો? હવે તો બાપુ પાછા આવી ગયા...'

'તું કેમ તારું નામ નથી બદલતો?'

વસુમાએ એની આંખોમાં જોયું અને એમના ખોળામાં બેઠેલો અલય સાવ નજીક જઈને નાના બાળકની જેમ એમને ભેટી પડ્યો.

મા-દીકરો ક્યાંય સુધી એમ જ બેઠાં રહ્યાં. વસુમાનો હાથ ધીમે ધીમે અલયની પીઠ પર ફરતો રહ્યો ત્યાં સુધી – જ્યાં સુધી ઉપરથી નીચે ઊતરતા અભયે જોરથી બૂમ મારીને અલયને કહ્યું:

'ઊઠ... મારી માનું હાડકું ભાંગીશ... સિત્તેર કિલોનો મોટો હિપોપોટેમસ થઈને મારી માના ખોળામાં બેસતાં શરમાતો નથી?'

'ઈર્ષ્યા થાય છે ને?'

અલયે સામે પૂછ્યું હતું પછી ત્રણેય ખૂલીને હસ્યાં હતાં.

આ ઘરમાં ઘણા લાંબા સમયે આવું હાસ્ય ગુજ્યું હતું!

*

બાલકૃષ્ણ ઠક્કર બેસીને છાપું વાંચી રહ્યા હતા.

આખી રાત જાગેલી શ્રેયાએ કોણ જાણે મનમાં શું ગાંઠ વાળી તે સવારની ચા લઈને એ જાતે જ પિતાના ઓરડામાં પહોંચી ગઈ. હજી ગઈ કાલે જ એને વસુમાએ સૂર્યકાંતના આવવાના સમાચાર આપ્યા હતા અલયને નહીં કહેવાની તાકીદ સાથે.

શ્રેયાના મનમાં રાતભર ગડમથલ ચાલી હતી. એને રહી રહીને અનુપમાને ત્યાંથી નીકળતા અલયે જે રીતે એનો હાથ પકડ્યો હતો એ પળ યાદ આવતી હતી.

શ્રેયા અને અલય અનુપમાના ઘરની બહાર નીકળ્યાં ત્યારે અલય થી શ્રેયાનો હાથ પકડાઈ ગયો. આંગળીઓમાં આંગળીઓ નાખીને એણે શ્રેયાનો હાથ એવા રીતે પકડ્યો અને દબાવ્યો, જાણે એ બે હથેળીઓને એકાકાર કરી નાખવા ઇચ્છતો હોય.

'શ્રેયા, જિંદગીના કોઈ વળાંકે આ હાથ છોડતી નહીં. મને રહી રહીને સમજાયું છે કે હું તારા વિના અધૂરો છું.'

શ્રેયાથી અલય સામે જોવાઈ ગયું હતું. અલયે આજ સુધી ક્યારેય આમ ખૂલીને એના પ્રેમનો એકરાર નહોતો કર્યો. આઈ લવ યુ... કહેવું અલય માટે જાણે કોઈ પહાડ ચડવા જેવી બાબત હતી. એ હંમેશાં એક જ દલીલ કરતો:

'તને ખબર છે ને? પછી કહેવાનું શું?'

ક્યારેક શ્રેયા ફરિયાદ કરે કે છંછેડાય ત્યારે અલય ને કહેતી:

'હું જેટલો પ્રેમ કરું છું એટલો પ્રેમ તું નથી કરતો.'

'એ તો સમય આવ્યે સમજાશે.'

શ્રેયાની આંખોમાં જોઈને અલય કહેતો:

'પ્રેમ કહેવાની નહીં, કરવાની વસ્તુ છે.'

આજે અલયે જ્યારે શ્રેયાનો હાથ પકડ્યો ત્યારે આટલાં વર્ષોમાં નહીં કહેલા બધા જ આઈ લવ યુ... શ્રેયાને એકસામટા સંભળાયા હતા. અલયે જે રીતે એને કહ્યું કે તારા વિના હું અધૂરો છું એ સાંભળીને શ્રેયાને લાગ્યું હતું કે હવે અહીં જ જીવ નીકળી જાય તોય વાંધો નથી! જે ઝંખ્યું હતું આટલાં વર્ષ એ આ એક જ પળમાં સાક્ષાત્ થઈને મળ્યું હતું, શ્રેયાને!

'અલય, તું મારા વિના અધૂરો હોઈશ, પણ તારા વિના તો મારું અસ્તિત્વ જ નથી... હું તો તારા શ્વાસે શ્વાસ લઉં છું...'

જરાય શરમ રાખ્યા વિના ભરરસ્તા પર શ્રેયાએ અલયને બે હાથે પકડી લીધો હતો:

'કોઈ કંઈ પણ કહે, અલય... મારે તારી સાથે જીવવું છે. વહેલી સવારે તારા પડખામાં આંખો ઉઘાડવી છે. તારાં સંતાનની મા બનવું છે, તને ગરમ ગરમ રોટલી જમાડવી છે. તારી સફળતામાં તારી પાછળ અને તારી નિષ્ફળતામાં, નિરાશામાં તારી જોડાજોડ ઊભાં રહેવું છે... તું મોડો આવે ત્યારે ઝઘડવું છે, રિસાવું છે, તું મનાવે ત્યારે મનાઈ જવું છે અને રોજ તને ઢગલાબંધ વહાલ કરવું છે...'

'આ બધું મને નહીં, તારા પપ્પા બાલકૃષ્ણને જઈને કહે!'

અલય હસ્યો હતો.

‘કહ્યું જ છે અને ફરી કહીશ...’

શ્રેયાએ ભરરસ્તે અલયને બાવડામાંથી પકડીને પોતાની તરફ ફેરવ્યો હતો. આંખો ઊંચી કરીને એની આંખોમાં જોયું હતુંઃ

‘મેં તારી આટલાં વર્ષ રાહ જોઈ છે. તું થોડા દિવસ, થોડાં અઠવાડિયાં કે કદાચ થોડા મહિના મારી રાહ નહીં જુએ, અલય?’

આ સવાલમાં લાગણીની એવી તો છાલક હતી કે અલયે રસ્તાની વચ્ચોવચ શ્રેયાને ખેંચીને છાતીસરસી ચાંપી હતી. એક રિક્ષાના હોર્નથી ચોંકેલા બન્ને એકબીજાની સામે જોઈને હસી પડ્યાં હતાં.

હમણાં બાલકૃષ્ણ ઠક્કરની સામે ઊભેલી શ્રેયાના ચહેરા પર રિક્ષાનું એ હોર્ન અને બન્ને જણનું ગાંડપણ યાદ આવતાં ફરી સ્મિત આવી ગયું.

‘જય શ્રીકૃષ્ણ, બેટા...’

છાપું ખસેડતાં બાલકૃષ્ણ ઠક્કરે કહ્યું.

‘જય શ્રીકૃષ્ણ, પપ્પા...’

ચા મૂકીને શ્રેયા એમની બિલકુલ બાજુમાં બેસી ગઈ. હજી થોડા જ કલાકો પહેલાં થયેલી ચણભણ પછી શ્રેયાના આ વર્તનથી ઠક્કરસાહેબને જરા નવાઈ લાગી, પણ એ કશું બોલ્યા નહીં.

‘પપ્પા, આજે અલયની ફિલમનું પ્રીમિયર છે.’

‘મારે એની કોઈ વાત નથી સાંભળવી.’

‘હું ઇચ્છું છું કે તમે મારી સાથે આવો.’

બાલકૃષ્ણ ઠક્કર દીકરીની હિંમત જોઈ રહ્યા.

‘જો, મને એ નાટક-ચેટક અને ફિલમવાળાઓ પર વિશ્વાસ નથી અને એમના માટે માન પણ નથી...’

એમણે ફરી છાપું હાથમાં લીધું.

શ્રેયાએ છાપું લઈને ત્રીજું પાનું ખોલ્યુંઃ

‘આમાં... તમે જે વાંચો છો એમાં પણ એના વિશે છપાયું છે.’

‘એમાં દાઉદ વિશે પણ છપાયું છે.’

‘પપ્પા, તમે આખી જિંદગી મારે માટે જીવ્યા, નહીં?’

શ્રેયાએ છાપું સાઇડમાં મૂકીને બાલકૃષ્ણ ઠક્કરની છાતી પર માથું મૂકી દીધું. ઠક્કરસાહેબનો હાથ અનાયાસ દીકરીના વાળમાં ફરવા માંડ્યોઃ

‘તને કોઈ શંકા છે, બેટા?’

‘પપ્પા, તમે તમારી દીકરી માટે જે કંઈ કર્યું એને એક ઇન્વેસ્ટમેન્ટ માનીને આજે તમે એનું વ્યાજ સહિત રિટર્ન માગી છો?’

ઠક્કરસાહેબનો હાથ ફરતો અટકી ગયો.

‘પપ્પા, હું તો તમારી દીકરી છું, તમારું લોહી... તમને ખૂબ ચાહું છું એટલે તમારી અને અલય વચ્ચે પસંદગી કરવાની આવશે તો સ્વાભાવિક રીતે હું તમને જ પસંદ કરીશ.’

ઠક્કરસાહેબ જાણે પોરસાયા હોય એમ એમણે શ્રેયાની પીઠ થાબડી.

‘પણ પપ્પા, હું આખી જિંદગી તમારી સાથે રહીશ એ તમને પોસાશે?’

‘કેમ? લોહાણાની નાતમાં છોકરા ખૂટી પડ્યા છે કે તારા બાપના ઘૂંટણમાં તાકાત ખૂટી છે છોકરા શોધવાની?’

‘તમને શું લાગે છે? કોઈ એક માણસને આટલું બધું ચાહ્યા પછી હું કોઈ બીજા સાથે સંસાર માંડી શકીશ? એની સાથે એના પડખામાં સૂઈશ ત્યારે મને અલયના શ્વાસની સુગંધ નહીં આવે એમ માનો છો?’

ઠક્કરસાહેબ સાવ ચૂપ થઈ ગયા. શ્રેયાએ બોલવાનું ચાલુ રાખ્યું:

‘ઈશ્વરને માથે રાખીને કહેજો પપ્પા, તમારી દીકરી કોઈ બીજાની સાથે અને જાત સાથે છેતરપિંડી કરે એવું તમે ખરેખર ઇચ્છો છો? હું નાની હતી ત્યારે તમે મને વારે વારે બાપકર્મી અને આપકર્મીની વાર્તા કહેતા... તમે જ મને આપકર્મી ઘડી છે, પપ્પા!’

ઠક્કરસાહેબની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. ગઈ કાલ સુધી ફ્રૉક પહેરીને ચૉકલેટ, ઢીંગલી કે રમકડાં માટે પગ પછાડતી એમની દીકરી આજે કેટલી બુદ્ધિશાળી દલીલો કરતી હતી અને એ પણ કેટલી લાગણીથી?

‘પપ્પા, તમે તો ઈશ્વરમાં માનો છો. નસીબમાં, કુંડળીમાં, ગ્રહોમાં માનો છો... તમને નથી લાગતું કે મને ને અલયને ઈશ્વરે જ ભેગાં કર્યા હશે? મારી રાહ જોવાની ધીરજથી અકળાઈને ઈશ્વરે એને સફળતા આપી હશે? અમારા પ્રેમને કસોટીએ ચડાવી ચડાવીને થાક્યા પછી ઈશ્વરે જ અમને સહજીવનની પરવાનગી આપી હશે કદાચ...’

એણે ઊંચું જોયું. વહાલથી ઠક્કરસાહેબના ચહેરા પર હાથ મૂક્યો:

પપ્પા, હું તમને દોષ નહીં દઉં... ને તમે પણ શા માટે આ દોષ તમારા માથે લો છો? અમારાં નસીબમાં જો જોડે જીવવાનું લખ્યું હશે તો જીવીશું, નહીં તો ઝૂરતાં ઝૂરતાંય ક્યાં જિવાતું નથી?’

‘બેટા!’

ઠક્કરસાહેબ ફક્ત એટલું જ બોલી શક્યા.

‘પપ્પા, તમે હા પાડો એમ નથી કહેતી, પણ ના ન પાડો એટલી વિનંતી જરૂર કરું છું અને હા, મારી વિનંતી

તમારે માનવી જ એવું જરૂરી નથી, પણ પપ્પા, સામે એક નાનકડી વાત મારે તમને કહેવી છે. હું અલય ને નહીં પરણું તો કોઈને ક્યારેય નહીં પરણું...'

એ પછી બાપ-દીકરી ક્યાંય સુધીમા મૌન બેસી રહ્યાં...

*

સૂર્યકાંતની આંખો બંધ હતી, પણ એમનું મન મુંબઈની સડકો પર થઈને શ્રીજી વિલા પહોંચી ગયું હતું.

એ રાહ જોઈ રહ્યા હતા એ પળની, જ્યારે ઍરપોર્ટ પર અભય, વૈભવી, કદાચ અલય અને વસુને એ જોઈ શકે...

વિચારોમાં ને વિચારોમાં એમણે ક્યારે જમી લીધું, ક્યારે ઊંઘ આવી ગઈ અને ક્યારે મુંબઈ આવી ગયું એની એમને પોતાને જ ખબર ન પડી.

છત્રપતિ શિવાજી ઇન્ટરનૅશનલ ઍરપોર્ટ પર લૅન્ડ થતી એમની ફ્લાઇટનાં પૈડાંની ઘરઘરાટી સાંભળીને એમની આંખ ઊઘડી.

જાણે રોમ રોમ ઊભાં થઈ ગયાં હતાં. સોળ વર્ષના છોકરાને થાય એવી લાગણી થઈ રહી હતી સૂર્યકાંતને!

આ શું થાય છે?

એમણે પોતાની જાતને જ પૂછ્યું:

આ ઉંમરે...

એક સ્મિત આવી ગયું એમના ચહેરા પર. નાનકડું હેન્ડ લગેજ લઈને એ વિમાનની સીડી ઊતર્યા અને વૉક-થ્રૂ ચૅનલમાંથી બહાર નીકળ્યા ત્યારે વસુમા સામે જ ઊભાં હતાં.

લીંબુની છાલ જેવા આછા પીળા રંગની કલકત્તી સાડી પહેરીને વસુમા ઊભાં હતાં. એ જ ઠસ્સો. એ જ સૌંદર્ય. એ જ ખભા પર ઝૂકી આવેલો અંબોડો અને કપાળ પર લાલચટ્ટક ચાંલ્લો. ગળામાં મંગળસૂત્ર અને સફેદ રંગનું કોણી સુધીનું વ્યવસ્થિત સિવાયેલું બાંય પર લેસ મૂકેલું બ્લાઉઝ...

એમની પાછળ જ અભય અને વૈભવી ઊભાં હતાં, પણ સૂર્યકાંતને તો જાણે આખું ઍરપોર્ટ ડિફ્યુઝ થઈ જતું લાગ્યું. એકમાત્ર વસુમા સિવાયનું બધું જ દૃશ્ય તદ્દન ઝાંખું થઈ ગયું એમની નજર સામે.

એ આગળ વધ્યા.

વસુમા પણ એક ડગલું આગળ આવ્યાં.

સૂર્યકાંતે આગળ વધીને વસુમાને આશ્લેષમાં લઈ લીધાં.

'આઈ મિસ્ડ યુ, વસુ!'

સૂર્યકાંતે લાગણીથી છલકાતા અવાજે કહ્યું. એમના અવાજમાં એક ભીનાશ, એક સચ્ચાઈનો રણકો હતો:

'જોને, હું રહી જ ન શક્યો તારા વિના... દોડી આવ્યો તારી પાસે... બધું છોડીને!'

સૂર્યકાંતને ભેટેલાં વસુમા જાણે જિંદગીનાં પચ્ચીસ વર્ષે રોમ રોમ ભીંજાઈ રહ્યાં હતાં. એમની આંખોમાં પાણી ધસી આવ્યાં. કદાચ એમને ખબર નહોતી, પણ પેલી તરફ ઊભેલાં અભય અને વૈભવીએ વહાલ અને વિયોગના વરસાદથી રેલાતી સૂર્યકાંતની આંખો પણ જોઈ લીધી હતી...

* * *

66

સૂર્યકાંતને ભેટેલાં વસુમા જાણે જિંદગીનાં પચ્ચીસ વર્ષે રોમ રોમ ભીંજાઈ રહ્યાં હતાં. એમની આંખમાં આંસુ ધસી આવ્યાં હતાં. કદાચ એમને ખબર નહોતી, પણ પેલી તરફ ઊભેલાં અભય અને વૈભવીએ પણ વહાલ અને વિયોગના વરસાદથી રેલાતી સૂર્યકાંતની આંખો જોઈ લીધી હતી.

‘કાંત!’

સુખની સમાધિમાંથી જાગેલાં વસુમાએ હળવેથી સૂર્યકાંતના કાનમાં કહ્યું.

સામાન્ય ગુજરાતની છોકરીઓ કરતાં વસુમાની ઊંચાઈ સહેજ વધારે હતી એટલે એમનું માથું લગભગ સૂર્યકાંતના ખભે આવતું હતું અને પાતળો તથા સુંદર બાંધો સૂર્યકાંતના બાહુપાશમાં એવી રીતે સમાઈ ગયો હતો જાણે બન્ને એકબીજા માટે જ બન્યાં હોય.

‘કાંત... છોકરાં જુએ છે!’

‘એ પણ ભલે જોઈ લેતાં.’

સૂર્યકાંતે વસુમાને સહેજ વધારે નજીક ખેંચ્યાં. વસુમાએ પોતાને છોડાવવાનો સાવ પાંગળો પ્રયાસ કર્યો...

‘કાંત, ચાલો, ઘેર જઈએ.’

વસુમા તરફ જોઈને સ્મિત કર્યું સૂર્યકાંતે:

‘તારે ઘેર?’

વસુમાએ જરાય વિચલિત થયા વિના સામું સ્મિત કર્યું:

‘ના, આપણે ઘેર!’

આ વાત પર સૂર્યકાંતે વસુમાને ફરી એક વાર વહાલ કરી લીધું અને વૈભવી તથા અભય તરફ આગળ વધી ગયા.

‘મને તો એમ કે તમે અમને ભૂલી જ ગયા છો.’

વૈભવીએ સ્મિત સાથે કહ્યું અને બન્ને જણ સૂર્યકાંતને પગ લાગ્યાં. સૂર્યકાંતે બન્નેને ખેંચીને બેય તરફ વહાલભેર પકડી રાખ્યાં.

‘એવું હોય, બેટા?’

ઍરપોર્ટથી ઘર તરફ જતાં ગાડીમાં પાછળ બેઠેલા સૂર્યકાંતે સતત પોતાનો હાથ વસુમાના ખભા પર વીંટળાયેલો રાખ્યો. વસુમાએ પણ એ હાથ ખસેડવાની કે દૂર જવાની કોઈ ચેષ્ટા કર્યા વિના એ સ્પર્શ માણ્યા કર્યો.

દિવસભરના થાકને કારણે અભયને કાર ડ્રાઇવ કરવી બહુ ગમતી નહીં. અમસ્તા પણ બન્ને સાથે હોય અને

રાતે તો ગાડી વૈભવી જ ચલાવતી. ગાડી ચલાવતાં વૈભવીએ રીઅર વ્યૂમાં વસુમાના ખભાની આસપાસ સૂર્યકાંતનો લપેટાયેલો હાથ વારંવાર જોયા કર્યો. એના મનમાં એક મીઠી ઈર્ષ્યા જાગી. એક હળવે નિસાસો નખાઈ ગયો.

ધીરજ અને નિષ્ઠાની આખરે જીત થતી હોય છે.

રીઅર વ્યૂમાં જોઈ રહેલી વૈભવીએ મનોમન સ્મિત કર્યું:

અભય ભલેને ગમે એટલો દૂર ભાગે, હું ખરેખર હૃદયથી ચાહતી હોઈશ તો એને જરૂર પાછો લઈ આવીશ...

પછી એણે પોતાની જાતને જ કહ્યું:

આમ જુઓ તો મેં એ જ ભૂલ કરી, જે પપ્પાજીએ કરી... જે મારી પાસે હતું, સાવ મારું પોતાનું એની કિંમત ન કરી અને જ્યારે એ મારાથી દૂર થઈ ગયું ત્યારે મને સમજાયું કે એ કેટલું અગત્યનું હતું!

ઘરથી ઍરપોર્ટ સુધી લગભગ બધાં જ ચૂપચાપ રહ્યાં.

માત્ર અભયે વચ્ચે વચ્ચે અજય, જાનકી અને હૃદયના ખબર પૂછ્યા. થોડી બીજી, બિઝનેસની અને અલયની ફિલમની વાતો થઈ, પણ બન્ને સ્ત્રી મોટે ભાગે ચૂપચાપ પોતાના જ વિચારોમાં અને પોતાની જાતમાં ડૂબેલી રહી.

ઘરમાં દાખલ થઈને સૂર્યકાંતની બૅગ લઈને અભય સીડી ચડવા જતો હતો ત્યારે વસુમાએ એકદમ મૃદુ અવાજમાં એને પૂછ્યું:

‘ક્યાં જાય છે, અભય?’

‘બાપુની બૅગ મૂકવા-ઉપર... ગેસ્ટ રૂમમાં.’

‘ના, એમની બૅગ મારા ઓરડામાં રહેશે. મેં એમના માટે વૉર્ડરોબ પણ ખાલી કરી રાખ્યો છે.’

ઘરમાં હાજર ત્રણેય વ્યક્તિ જાણે આશ્ચર્યચકિત થઈ ગઈ.

‘પણ વસુ, હું ગયા વખતે આવ્યો ત્યારે તો તેં મને...’

‘ત્યારે તમે મહેમાન થઈને આવ્યા હતા, પાછા જવાનું નક્કી કરીને... આજે તમે પૂરેપૂરા પાછા ફર્યા છો. આ ઘરમાં, આ ઘરની વ્યક્તિ તરીકે, સંતાનોના પિતા તરીકે.’

પછી એકદમ તરલ નજરથી સૂર્યકાંતની સામે જોઈને ઉમેર્યું:

‘મારા પતિ તરીકે પણ!’

‘વસુ, હું તને ક્યારેય નહીં સમજી શકું?’

વસુમા તરફ સૂર્યકાંત આગળ વધ્યા:

‘હું ગયે વખતે આવ્યો ત્યારે મને હતું કે તું મને તારા જ ઓરડામાં રાખીશ. આટલા વખતથી તારી પ્રતીક્ષા

મને એક ક્ષણ પણ તારાથી અલગ નહીં થવા દે. એને બદલે તે મને ગેસ્ટ રૂમમાં રાખ્યો. એટલું જ નહીં, તને એ વિશે કોઈ અફસોસ પણ નહોતો અને આ વખતે હું ગેસ્ટ રૂમમાં રહેવાની પૂરેપૂરી માનસિક તૈયારી સાથે આવ્યો ત્યારે તું મને...'

'તારું કશું ન હોય તો છોડી બતાવ તું,
તારું બધું જો હોય તો છોડીને આવ તું.'

આટલું કહી વસુમાએ સ્મિત સાથે ઉમેર્યું:

'કાંત, મેં તમને પાછા બોલાવવાની જાહેરાત આપી ત્યારે એવું જ વિચારીને આપી હતી કે તમે જ્યારે પણ આવશો ત્યારે આગળ-પાછળનાં બધાં જ વળગણ મૂકીને આવશો.'

'પણ લક્ષ્મી તો મારી જવાબદારી...'

'હું લક્ષ્મીની વાત નથી કરતી, કાંત.'

વસુમાનો અવાજ એકદમ સંયત અને શાંત હતો:

'આમ પૂછો તો હું કોઈનીય વાત નથી કરતી. તમે શું છોડો છો એની કોઈ ચર્ચા જ નહોતી કરવી મારે. મારે માટે તો તમે આખેઆખા સુવાંગ મારા સુધી પાછા ફરો એ અગત્યનું હતું.'

'મા, એક વાત પૂછું?'

'મને ખાતરી હતી કે સૂર્યકાંત પાછા ફરશે.'

વસુમાએ સ્મિત સાથે વૈભવીને જવાબ આપ્યો:

'એ જ પૂછવું હતુંને?'

'તમને ખરેખર?'

વૈભવી સહેજ અચકાઈ.

'આ અભિમાન નથી મારું, વૈભવી કે કાંતને મારી પાસે પાછા ફરવું જ પડે. આ શ્રદ્ધા હતી મારી. મેં જો ખરા હૃદયથી કાંતને ઝંખ્યા તો એમને મારા સુધી આવવું પડે એટલું બળ તો મારી શ્રદ્ધામાં હોવું જોઈએ ને?'

સૂર્યકાંતથી અનાયાસ વસુમાના ખભે હાથ મુકાઈ ગયો. એમણે વસુમાની આંખોમાં જોયું, ચહેરા પર હાથ ફેરવ્યો અને ખૂબ હળવેથી કહ્યું:

'હું તારા સ્વમાન સામે લડી શક્યો, હું તારા અભિમાન સામે લડી શક્યો, તારી હઠ સામે, તારી બુદ્ધિ સામે, તારી લાગણીઓ સામે લડી શક્યો હું, પણ તારી શ્રદ્ધાએ મને તોડી નાખ્યો, વસુ!'

વસુમાએ જાણે વાત લપેટતાં હોય એવું પૂર્ણવિરામ જેવું સ્મિત કર્યું:

'આ બધી વાતો કરવા માટે ઘણો સમય છે. કાંત, થાકીને આવ્યા છો, થોડી વાર આરામ કરી લો... પછી

સવારે વાત કરીશું.'

'સવારે? હવે સવારને વાર કેટલી છે?'

ક્યારના ચૂપચાપ આ સંવાદ સાંભળી રહેલા અભયે કહ્યું.

'હા બેટા, આમ તો સૂર્યોદય થઈ ચૂક્યો છે...'

સૂર્યકાંતનો હાથ હજીય વસુમાના ખભે જ હતો:

'વિયોગની રાત પૂરી થઈ...'

વસુમા અને સૂર્યકાંત વસુમાના ઓરડા તરફ જઈ રહ્યાં હતાં ત્યારે વસુમાના ખભે હાથ મૂકીને જતા સૂર્યકાંતને જોઈને વૈભવીએ મનોમન પ્રાર્થના કરી:

મને અધિકાર તો નથી, પણ છતાં તારી પાસે માગું છું કે મને આવી જ શ્રદ્ધા આપજે. જે સંબંધને હું આજ સુધી સમ્માની નથી શકી એ સંબંધનું સમ્માન કરવાની અને એ સંબંધને સ્નેહથી ભીંજવવાની શક્તિ આપજે, પ્રભુ!

પગથિયાં ચડતા વૈભવીની બંધ આંખો જોઈને અભયે એના ખભે હાથ મૂક્યો:

'થાકી ગઈ છે? કંઈ થાય છે?'

જવાબમાં જે રીતે વૈભવીએ એની સામે જોયું એ આંખોમાં રહેલો ભાવ જોઈને અભયની છાતીમાં વસતી વેરાન ધરતીમાં જાણે પહેલા વરસાદનાં બે-ચાર ફોરાં પડી ગયાં...

*

અનુપમાના ઓરડામાં કપડાંના ઢગલા હતા. એણે એના બધા વૉર્ડરોબ ખાલી કરી નાખ્યા હતા. ઢગલાબંધ દાગીના, દેશ-પરદેશથી ભેગાં કરેલાં એનાં કપડાં... પરફ્યુમ્સ, એક્સપ્રેસરીઝ, બેલ્ટ, જૂતાં અને જાતજાતની વિગ્સ-બધું તહસનહસ હતું. આખો ઓરડો જાણે વસ્તુઓથી ઊભરાતો હતો. રૂમમાં કે પલંગ પર પગ મૂકવાની જગ્યા નહોતી.

અનુપમાની ડ્રેસ ડિઝાઇનર સંધ્યા અને મેકઅપમૅન ચિન્ટુ, એનો ફિટનેસ ટ્રેનર જ્હોન અને એની બ્યુટિશિયન મારિયા ચૂપચાપ ત્યાં ઊભાં હતાં...

સંજીવ શાંતિથી એક ખૂણો બિનબૅગ પર બેઠો હતો.

બધાં જોઈ શકતાં હતાં કે અનુપમાનું મગજ ગયું હતું. હાથમાં આવે એટલી વસ્તુ બહાર કાઢી કાઢીને અનુપમા હશે હાથે ચારે તરફ ફેંકતી હતી...

આજે સાંજના પ્રીમિયર માટે શું પહેરવું એ એને કોઈ રીતે સમજાતું નહોતું. સામાન્ય રીતે અનુપમા કોઈ પણ પાર્ટીમાં કે પ્રીમિયરમાં પરફેક્ટ દેખાતી. એનાં કપડાં અને સેન્સ ઑફ ડ્રેસિંગ આખી ઇન્ડસ્ટ્રીમાં વખણાતાં. કેટલીક અભિનેત્રી તો રાહ જોતી કે અનુપમા શું પહેરીને આવે છે. એનો દેહ જ એવો હતો કે એના પર

ભારતીય કે વેસ્ટર્ન, કોઈ પણ ડ્રેસ દીપી ઊઠતા...

સાડીમાં અનુપમા બેનમૂન દેખાતી... સ્કર્ટ્સમાં કે ફૉર્મલ્સમાં એના દેહના વળાંક ભલભલાના મોઢામાંથી સિસકારા કાઢી નાખે એવા દેખાતા... એની ડ્રેસ ડિઝાઇનર સંધ્યા તો અનુપમાની ડિઝાઇનિંગ સેન્સ પર ઘણી વાર વારી જતી!

હમણાં જ એક ઐતિહાસિક મુસ્લિમ પરિવેશમાં કરેલી ફિલ્મ માટે સંધ્યાને બેસ્ટ ડિઝાઇનરનો રાષ્ટ્રપતિ એવૉર્ડ મળ્યો હતો, પરંતુ સંધ્યા અને અનુપમા બે જ જણ જણાતાં હતાં કે એમાંની મોટા ભાગની ડિઝાઇન્સ કેટકેટલાંય ઇતિહાસનાં પુસ્તક ઉથલાવીને, મ્યુઝિયમ્સ જોઈને અનુપમાએ જાતે કરી હતી!

સામાન્ય રીતે કોઈ પણ પાર્ટીમાં જવાનું હોય કે પ્રીમિયર હોય તો એક અઠવાડિયા પહેલાં અનુપમાના મનમાં સ્પષ્ટ હોય કે એ શું પહેરશે અને કેવી લાગશે... જો સમય મળે તો એક વાર ડ્રેસ રિહર્સલ પણ કરી લેવાનો એનો સ્વભાવ હતો.

છેલ્લા ચાર દિવસથી અલયની ફિલમ યે કૈસી દીવાનગીના પ્રીમિયર માટે સંધ્યાએ જાતજાતનાં સજેશન્સ કર્યાં હતાં. અનુપમાએ એ બધાં જ સજેશન્સ રિજેક્ટ કર્યાં હતાં. સાડી એને ઓલ્ડ ફૅશન્ડ લાગતી હતી તો વેસ્ટર્ન આ ફિલમની વાર્તાના પરિવેશમાં ફિટ નહોતું બેસતું. ઈવનિંગ ગાઉન વધુ પડતો ફેન્સી લાગતો હતો તો ઘાઘરા-ચોલી વધુ પડતાં ડ્રેસી...

ટૂંકમાં, અનુપમાને ગળે કંઈ જ ઊતરતું નહોતું.

એને તો બસ, બેસ્ટ દેખાવું હતું. અલય એને જુએ અને જોતો જ રહી જાય એથી વધારે એની કોઈ અપેક્ષા જ નહોતી અને અલય શાનાથી ખુશ થશે એ સંધ્યા, ચિન્ટુ, સંજીવ કે બીજું કોઈ પણ કેવી રીતે કહી શકે?

પરિણામે આજે એનો ઓરડો વસ્તુઓથી ભરાઈ ગયો હતો. બધું જ વેરવિખેર પડ્યું હતું અને અનુપમા પગ પછાડતી ચીસો પાડતી હતી:

'હું શું પ્હેરું? મારે તો બસ, બેસ્ટ દેખાવું છે... એક વાર જોનારની નજર મારા પરથી હટવી ન જોઈએ...'

સંધ્યાએ હળવેથી આગળ વધીને અનુપમાના ખભે હાથ મૂક્યો:

'મૅમ, આપણે એક સરસ બ્લાઉઝ ડિઝાઇન કરીએ... ડિઝાઇનર્સ બેસ્ટ! અને સાથે પ્લેન સાડી પહેરો. મને લાગે છે ધૅટ વૂડ લૂક બેસ્ટ.'

'ના.'

'તો...'

'મારે કોઈ સજેશન નથી જોઈતાં. છેવટે હું જીન્સ અને શર્ટ પહેરીને જતી રહીશ...'

નીચે પડેલા ઢગલાને એક લાત મારીને એ કાર્પેટ પર બેસી ગઈ:

'આટલા બધા પૈસા લો છો બધાં, પણ એક સરખું સજેશન નથી કરી શકતાં...'

અનુપમાએ ચિન્ટુ સામે જોયું:

'આ જો... લાફિંગ લાઇન્સ દેખાય છે મારા ચહેરા પર.'

ચિન્ટુએ ચૂપ રહેવાનું મુનાસિબ સમજ્યું.

'અને તું...'

એણે પોતાના ફિટનેસ ટ્રેનર જ્હોન સામે જોયું અને પોતાની નાભિ પાસેની ચામડી પકડીને બતાવી:

'આ જો... શું કરે છે તું રોજ? બબ્બે કલાક એક્સરસાઇઝ કરાવે છે અને છતાં અનુપમાનો જાદુ...'

સંજીવ, જ્હોન, મારિયા અને ચિન્ટુ-સંધ્યા સહિત બધાં જ સમજતાં હતાં કે અનુપમાને શું થતું હતું! અલયની ફિલમના શૂટિંગ દરમિયાન બધાંએ અનુપમાને વહી જતી જોઈ હતી અને આજે જે કંઈ થઈ રહ્યું હતું એ એનું જ પરિણામ હતું એ જાણવા છતાં કોઈ કશું બોલી શકવાની સ્થિતિમાં નહોતું...

'અનુ, ઈનફ નાઉ...'

અનુપમાને જો કોઈ કંઈ કહી શકે તો એ સંજીવ હતો.

'પણ સંજીવ, હું શું પહેરું સાંજે?'

અનુપમાએ નાના બાળકની જેમ પૂછ્યું...

'તને જે ગમે એ અનુ, તું કઈ પણ પહેરીશ, તું સુંદર જ લાગીશ.'

એણે નજીક આવીને અનુપમાને બન્ને ખભેથી પકડી:

'એક કરોડની હીરોઈન છે તું - નંબર વન! તારી સરખામણી કોઈ સાથે થઈ જ કેવી રીતે શકે? પછી એ કરિશ્મા હોય, કાજોલ હોય, બિપાશા હોય કે શ્રેયા...'

એણે અનુપમાના ગાલ થપથપાવ્યા:

'યુ આર ધ બેસ્ટ, બેબી!'

અનુપમાને કદાચ આટલું જ સાંભળવું હતું. એની નસોમાં ફરી રહેલું લોહી જાણે શાંત થઈ ગયું. બમણી ઝડપે ધડકી રહેલું એનું હૃદય ધીરે ધીરે નોર્મલ થવા લાગ્યું. એની સાથે સાથે બીજાં ચાર જણનું બ્લડ પ્રેશર પણ નૉર્મલ થવા લાગ્યું.

અનુપમાએ સંધ્યા સામે સ્મિત કર્યું:

'તું શું કહેતી હતી ડિઝાઇનર બ્લાઉઝ વિશે?'

હવે સંધ્યામાં થોડી હિંમત આવી. એ આગળ વધી અનુપમા પાસે આવી અને એણે અનુપમાને બ્લાઉઝની ડિઝાઇન સમજાવવા માંડી.

'પણ હવે... હવે થઈ શકશે?'

અનુપમાએ ઘડિયાળ જોઈ:

'મારે આઠ વાગે તો પહોંચવાનું છે.'

'થઈ જશે.'

સંધ્યાએ સ્મિત કર્યું:

'રો-સિલ્કની પ્લેન ઓકર યેલો સાડી હું લઈ આવી છું. ફોલ કરીને રેડી છે. સાથે બ્લાઉઝનું મટીરિયલ પણ સ્વરોવ્સ્કી અને બ્રોકેડ કરવા આપી દીધું છે. માત્ર કટિંગ અને ફિટિંગ... ધૅટ'સ ઈટ!'

'ઓહ ગૉડ!'

અનુપમા એને ભેટી પડી:

'તું કેટલી સારી છે!'

'એની સાથે પહેરવા માટે પર્લ અને ગોલ્ડનો સેટ પણ હું લઈ જ આવી છું...' સંધ્યાનો આત્મવિશ્વાસ વધ્યો.

'મૅમ, બસ તમે વાળમાં નાળિયેરનું દૂધ લગાડીને-થોડો ફેસ મસાજ કરાવીને, પેક લગાડીને સૂઈ જાવ.'

હવે મારિયાએ ચાર્જ હાથમાં લીધો.

'બધું જ એની મેળે થઈ જશે.'

'ઓહ, ગૉડ! તમે બધાં કેટલાં સારાં છો!'

અનુપમાએ વારાફરતી બધાં સામે જોયું:

'મને કેટલી બધી સાચવો છો તમે બધાં...'

પછી અચાનક જ ગંભીર થઈ ગઈ:

'મેં મારા વીલમાં તમારા બધાં માટે વીસ-વીસ લાખ રૂપિયાની વ્યવસ્થા કરી છે.'

એણે સંજીવ સામે જોયું:

'સંજીવ જાણે છે.'

'હવે અત્યારે વીલની ચર્ચા કરવાની છે?'

સંજીવે ફરી એક વાર એને લાડ કર્યાં:

'મારિયા કહે છે એમ આરામ કર. યુ હૅવ ટુ લુક ધ બેસ્ટ.'

'હા.' અનુપમાના ચહેરા પર એક ન સમજાય એવો ભાવ હતો:

'આજે તો મારે બેસ્ટ દેખાવું જ છે...'

એણે એક ઊંડો શ્વાસ લીધો પછી ગૂડ સ્મિત રેલાવીને સંજીવની આંખોમાં જોયું. પછી ધીરેથી ઉમેર્યું:

'કલ હો ના હો...'

સંજીવને બહુ નવાઈ ન લાગી, કારણ કે અનુપમા આવાં બધાં સ્ટેટમેન્ટ અવારનવાર કરતી રહેતી. મૃત્યુ સાથે ગજબનું રોમેન્ટિઝમ જોડતી હતી એ. જ્યારે પણ આવું કંઈ બોલતી ત્યારે નિરાશા કે ડિપ્રેશનને બદલે એના ચહેરા પર એક ચમક આવી જતી.

'આઈ રોમાન્સ વિથ માય ડેથ...' અનુપમાની હંમેશની લાઇન હતી એ:

'હું કેવી રીતે મરીશ, ક્યાં મરીશ, શું પહેરીને મરીશ અને કેવી લાગીશ એ બધું મેં નક્કી કરી રાખ્યું છે.' આવું એ કહેતી, અવારનવાર!

જો કે આજે પહેલી વાર, અનુપમાની આંખોમાં કંઈક એવું જોયું, જે સંજીવને છેક ભીતર સુધી ફફડાવી ગયું.

*

અલય પૃથ્વી થિયેટરની બાજુમાં આવેલી કેફે કૉફી-ડેમાં બેસીને પોતાના લૅપટૉપ પર શૂટના ફોટા જોઈ રહ્યો હતો. વર્કિંગ સ્ટિલ્સ, સિનેમાનાં સ્ટિલ્સ, ગીતોનાં સ્ટિલ્સ... વારાફરતી સ્ક્રિન પર આવતાં અને બદલાઈ જતાં. સાંજે આવનારા પ્રેસવાળાઓને આપવા માટે એ જાતે સીડી રાઈટ કરી રહ્યો હતો. કયા અખબારને કેવા ફોટા આપવા એ એણે જાતે પસંદ કરવાનું નક્કી કર્યું હતું. આમ તો આ કામ પબ્લિસિટી અને પી.આર. સંભાળતી કંપની જ કરતી હોય છે, પણ અલયની જીદ અને એના આગ્રહને કારણે આ સીડી એ જાતે રાઈટ કરી રહ્યો હતો.

સ્ક્રિન પર તો ફોટા દેખાતા હતા, પણ અલયના મગજમાં કોણ જાણે કેટલાય વિચાર ઝડપભેર આવ-જા કરી રહ્યા હતા. મા, અનુપમા, શ્રેયા, શ્રેયાના પપ્પા બાલકૃષ્ણ ઠક્કર, પ્રેસ, ફિલમ, શૈલેષ સાવલિયા અને બીજું કંઈકેટલુંય એના મગજમાં આવતું હતું અને ચાલી જતું હતું...

ગઈ કાલના બનાવ પછી શ્રેયા વિશે જાણે એ નિશ્ચિંત થઈ ગયો હતો. જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં કે કોઈ પણ તબક્કે શ્રેયા એને સંભાળી લેશે, સંભાળી શકશે એ વિશ્વાસ હવે જાણે પાકો થઈ ગયો હતો. સંબંધનાં આ સાત વર્ષ દરમિયાન શ્રેયાને પોતાના પર આધારિત જોઈ હતી, નાની નાની વાતોમાં ચિડાતી-રિસાતી, લડતી-ઝઘડતી, પઝેસિવ અને ક્યારેક સાવ ટીનએજર જેવું વર્તતી શ્રેયા અચાનક જ આમ મૅચ્યોર થઈને આવું મજબૂત વર્તી શકશે એવું એણે ક્યારેય નહોતું ધાર્યું, પણ ગઈ કાલે અનુપમાના ઘેર શ્રેયાનું વર્તન દાદ માગી લે એવું હતું.

અલય જાણે ફરી એક વાર શ્રેયાના પ્રેમમાં પડી ગયો હતો...

અલયનું અચાનક ધ્યાન ગયું. એના ફોનની રિંગ ક્યારની વાગતી હતી. પહેલા શર્ટના ખિસ્સામાં, પછી પૅન્ટના ખિસ્સામાં, પછી લૅપટૉપની પાછળ પડેલો એનો ફોન માંડ માંડ એના હાથમાં આવ્યો. એણે ફોન ઉપાડ્યો, કાને લગાડ્યો...

‘ઈડિયટ...? સામે નીરવ હતો:

‘ક્યારનો ટ્રાય કરું છું. શું કરતો હતો?’

‘હજામત.’

‘ઉતાવળ શું છે? ફિલમ રિલીઝ થાય પછી એ જ કરવાનું છે...’

‘તારી હિંમત કેવી રીતે થઈ મને ફોન કરવાની?’

‘જો... મારી હિંમતની તો તું ચર્ચા જ નહીં કરતો. એક વાર પરણવાની હિંમત થઈ જાયને પછી બાકીનાં સાહસ બહુ નાનાં થઈ જાય છે.’

નીરવ મોટેથી હસ્યો:

‘કેવી છે તૈયારી? બ્લડ પ્રેશર નૉર્મલ છે ને?’

‘યાર!’ અલયનો અવાજ ભીંજાઈ ગયો:

‘આઈ મિસ યુ... તારે અહીંયાં હોવું જોઈતું હતું. તારા વિના આજનું પ્રીમિયર અધૂરું રહેશે.’

‘મારી એક સીટ ખાલી રાખજે.’

‘અલ્યા! આવી નથી પહોંચ્યોને?’

અલયે જરા નવાઈથી પૂછ્યું:

‘તારું ભલું પૂછવું. બાપના પૈસા છે. ઉડાડ તું તારે...’

‘નથી આવ્યો, સ્ટુપિડ.’ નીરવ બોલી ઊઠ્યો:

‘પણ હું હોઈશ ત્યાં, તારી બાજુમાં જ, તારી સાથે જ... સતત!’

એનો અવાજ પણ લાગણીથી ભીંજાઈ ગયો હતો:

‘લક્ષ્મીના પપ્પાની તબિયત આમ ન બગડી હોત તો હું રોકાયો હોત તારી રિલીઝ સુધી.’

‘સાલ્લા! લક્ષ્મીના પિતા એટલે મારો બાપ!’

‘એવી ખબર છે તને?’

નીરવે ફરી મજાક કરી:

‘અને તેં ભલે સમજ્યા વગર કહ્યું, પણ હું સાચે જ તારો સાળો થાઉં, એ પણ ખબર જ હશે...’

‘બસ, હવે. હું કામમાં છું. બીજું કંઈ કહેવું છે?’

‘હા.’ નીરવે ઢગલાબંધ વહાલ સાથે કહ્યું:

'ઑલ ધ બેસ્ટ. મને ખાતરી છે કે તારી ફિલમ હિંદી સિનેમાના ઇતિહાસનું એક અગત્યનું પાનું બનશે...' પછી ઉમેર્યું:

'હું રાતે બાર વાગે ફોન કરીશ-ત્યારે ત્યાં રાતે બાર વાગે ત્યારે.'

'ઑલ રાઇટ...'

'ઓકે ધેન, મિસ મી.'

સામે છેડેથી ફોન કટ થયો. છે સ્મિત સાથે અલય ફોન સામે જોઈ રહ્યો.

*

'તેં કહ્યું કેમ નહીં કે ડેડી પહોંચી ગયા છે.'

લક્ષ્મીએ પોતાની રાખોડી આંખોમાં આશ્ચર્ય છલકાવ્યું.

'બુદ્ધ! હું કહી દઉં તો રાતની સરપ્રાઇઝનું શું થાય?'

નીરવે નજીક ખેંચીને એને ચૂમી લીધી.

'ખરેખર અલયભાઈને ખબર નથી?'

'ખરેખર નથી ખબર, મારી વહાલસોયી ઈડિયટ...'

'પણ એ ઘરે જશે તો?'

'નહીં જાય. હું અલય ને બરાબર ઓળખું છું. ભલું હશે તો એણે શ્રેયા પાસે કપડાં મગાવ્યાં હશે. મેટ્રોના બાથરૂમમાં શેવ કરશે અને ત્યાં જ કપડાં પહેરીને તૈયાર થઈ જશે.'

નીરવે લક્ષ્મીના વાળમાં ચહેરો છુપાવી દીધો:

'પોતાની જાતને વર્કોહોલિક માને છે એ મૂરખ.'

'બસ, હોં! મારા ભાઈ વિશે ગમે એમ નહીં બોલ.'

'સારું સારું! એક તરફ સારી સગાઈ, એક તરફ જોરૂ કા ભાઈ!'

બને ખડખડાટ હસી પડ્યાં.

*

શ્રેયા પોતાના રૂમમાં ફુલ સાઈઝના મિરર સામે ઊભી હતી.

એ નાહીને હજી હમણાં જ નીકળી હતી. ખભા સુધીના એના વાળ આજે જ ટ્રીમ કર્યા હતા, હજી ગઈ કાલે જ એણે ફેસિયલ કર્યું હતું અને છતાંય એ ધ્યાનથી પોતાનો ચહેરો અરીસામાં જોઈ રહી હતી ત્યારે એને

લાગતું હતું કે એના ચહેરા પર અનુપમાની ત્વચા જેવી તગતગતી ચમક નથી... એના હોઠ અનુપમાના હોઠ જેવા ગુલાબી અને દિલધડક વળાંક ધરાવતા નથી... એની આંખો કંઈ ખાસ નથી કે નથી એના વાળ અનુપમાની જેમ લાંબા અને અજગરની જેમ માણસનાં મન-મગજને વીંટળાઈ વળે એવા...

હું કંઈ પણ પહેરું, હું એના જેટલી રૂપાળી તો નહીં જ લાગુ. એણે જાણે જાતને જ કહ્યું.

શ્રેયાની વાત સાવ ખોટી પણ નહોતી. એને આવું લાગે એ સ્વાભાવિક હતું. શ્રેયા બહુ સરસ છોકરી હતી, બુદ્ધિશાળી, લાગણીશીલ, પ્રેમાળ, બધું જ... પરંતુ માણસ પહેલી નજરે એના પ્રેમમાં પડી જાય કે એને જોતા જ રહી જાય એવું કંઈ ખાસ નહોતું એનામાં.

એવરેજથી થોડી વધારે ઊંચાઈ-લભગભ પાંચ ફૂટ છએક ઇંચ જેટલી, ઘઉંવર્ણો વાન, સામાન્ય નાકનકશો અને પાતળો બાંધો. એને જોઈને હૃદય થંભી જાય કે થડકારો ચૂકી જાય એવું કંઈ બનવાના ચાન્સીસ નહોતા!

અને કદાચ એટલે જ આજે પહેલી વાર શ્રેયા પોતાના દેખાવ વિશે સભાન થઈ ગઈ હતી. એને ખબર હતી કે આજે સૌ એની તરફ જોવાના છે. અલય એને અમુક પ્રકારની ક્રેડિટ આપશે, કદાચ સ્ટેજ પર બોલાવશે... એવા સમયે અલયની વાગ્દત્તા તરીકે કે એની થનારી પત્ની તરીકે સૌ એની તરફ જોશે અને એવા સમયે ત્યાં અનુપમા પણ હશે જ...

બસ! આ એક વિચારે એને ખળભળાવી મૂકી. હતી. એણે ગઈ કાલે હિંમત કરીને એક મજબૂત વર્તન તો કર્યું હતું, પણ એનામાંની સ્ત્રી હજીય ક્યારેક ધ્રૂજી ઊઠતી હતી. અલય માટેનો એનો માલિકી ભાવ-પઝેશન જરાય ઘટ્યાં નહોતાં. એણે એ લાગણી સાથે એક જબરદસ્ત સમાધાનની ભૂમિકા સાધી હતી. તે દિવસે મંદિરમાં બેઠાં બેઠાં એને સમજાયું હતું કે જો અલય ને પોતાનો કરીને રાખવો હોય તો એને છોડી દેવો, છુટ્ટો મૂકી દેવો એ જ સાચો રસ્તો છે... અલય બંધાય એવું વ્યક્તિત્વ જ નહોતું. એની પાસે સાચું બોલાવવા માટે સાચું સાંભળવાની માનસિક તૈયારી બહુ જ જરૂરી હતી એવું હવે શ્રેયાને સમજાયું હતું અને ગઈ કાલના પ્રસંગ પછી તો આ સમજણ દૃઢ થઈ ગઈ હતી.

કદાચ એટલે જ આજે એના મનમાં બહુ અસમંજસ નહોતી. એ કેવી લાગશે એ સિવાયની કોઈ બાબતે એ ચિંતિત નહોતી.

અનુપમાની હાજરીમાં અલય કઈ રીતે વર્તશે કે અનુપમા અમુક-તમુક પ્રકારનું વર્તન કરશે તો શું થશે એ બધી ચિંતા એને ગઈ કાલ સુધી હતી એ ખરું, પણ આજે એ બધી જ વાતમાંથી મુક્ત થઈને શ્રેયા અરીસાની સામે ટટ્ટાર ઊભી હતી.

એણે લાલચટ્ટક બાંધણી કાઢી. દોઢ ફૂટનો ગોલ્ડન પાલવ ધરાવતી અને સોનેરી થપ્પો મૂકેલી આ જામનગરી બાંધણી એના માટે અલય લાવ્યો હતો.

એણે ગુજરાતી સાડી પહેરી. ઢગલો લાલ-લીલા અને પીળી બંગડીઓ હાથમાં સરકાવી, જડતરના સુંદર મોટા મોર એના આખા કાનને ઢાંકી દેતા હતા. એણે અંબોડો વાળ્યો પછી સવારથી લાવીને ફ્રિજમાં મૂકેલી મોગરાની વેણી માથા પર ગોઠવી, લાલચટ્ટક ચાંલ્લો અને આંખોમાં કાજળ આંજીને એ અરીસા સામે ઊભી રહી ત્યારે એક ક્ષણ માટે પોતે જ પોતાના પર ફિદા થઈ ગઈ...

બિલકુલ અલય ને ગમી જાય એવી દેખાતી હતી પોતે:

નખશિખ ગુજરાતી, નખશિખ સ્ત્રી, નખશિખ નવોઢા

*

શ્રીજી વિલામાં ચહલપહલ હતી.

વૈભવી પોતાના રૂમમાં તૈયાર થઈ રહી હતી. એણે અભયને બે ફોન કરી દીધા હતા, પણ અભય હજુ સુધી આવ્યો નહોતો. વૈભવી ત્રીજી વાર ફોન લગાડવા જતી હતી કે અભય ઓરડામાં પ્રવેશ્યો.

'હાશ, તમે આવી ગયા?' વૈભવીએ ઉતાવળા અવાજે કહ્યું.

'મેં છોકરાંને શ્રેયાની સાથે મોકલી દીધાં. એમને બધા મહેમાન સ્ટાર્સને મળવાની ઇચ્છા હતી. મને લાગ્યું, તમને બહુ મોડું થશે.'

'મારા ભાઈની ફિલમનું પ્રીમિયર છે... હું કંઈ મોડો પડું?

અભયે ડ્રેસિંગ રૂમ તરફ ઝડપી ડગલાં ભરવા માંડ્યાં.

'મેં તમારો સૂટ કાઢી રાખ્યો છે.'

વૈભવી એની નજીક ગઈ:

'ઇસ્ત્રી પણ કર્યો છે.'

પછી સ્મિત સાથે ઉમેર્યું: 'જાતે!'

'ઓહ, ગૉડ! તો તો હજી ગરમ હશે.'

અભયે ખૂબ હળવાશથી જોક મારી અને બાથરૂમ તરફ આગળ વધી ગયો. વૈભવીએ પોતાના શૃંગારને અરીસામાં જોઈને ફાઇનલ ટચિંગ કરવા માંડ્યું...

બન્ને તૈયાર થઈને નીચે ઊતર્યાં. વસુમાના ઓરડા તરફ અભય ગયો ત્યારે એણે જોયું તો ઓરડામાં લાઇટ બંધ હતી.

'મા નીકળી ગઈ?'

અભયે વૈભવી સામે જોયું.

'હા, એ અને પપ્પાજી સાથે ગયાં છે.'

'પણ આપણે ગાડીમાં લઈ જાતને?'

પપ્પાજીએ મર્સિડીઝ હાયર કરી છે.'

વૈભવીએ સહેજ તોફાની સ્મિત સાથે કહ્યું:

'ફક્ત બે જ જણ માટે... એમાં આપણી જગ્યા નથી!'

અભય હસી પડ્યો. પછી વૈભવીની નજીક આવ્યો.

‘ચાલો, તો આપણે બે જણ જઈએ.’

‘બે નહીં, ત્રણ.’

‘ત્રણ?’

‘આપણે પ્રિયાને પિકઅપ કરવાની છે.’

‘એવું કોણે નક્કી કર્યું?’

થોડો ગિલ્ટમાં અને થોડો આશ્ચર્યમાં અભયનો અવાજ ઊંચો થઈ ગયો.

‘મેં.’

વૈભવીએ નજીક આવીને ખૂબ સૌમ્ય અવાજે ઉમેર્યું:

‘એ આપણા કુટુંબની સભ્ય છે. બધાં જઈએ અને એ ન આવે એવું થોડું ચાલે?’

અભય ઘડીભર વૈભવી સામે જોઈ રહ્યો.

વૈભવીની આ સાદગી, સરળતા અને સ્વીકાર સામે ઝીંક ઝીલી શકે એવું કોઈ હથિયાર નહોતું એની પાસે...

* * *

67

મેટ્રોમાં સાંજ જાણે ઝળાંહળાં થઈ રહી હતી...

લાઇવ બૅન્ડ યે કૈસી દીવાનગીનાં ગીતોની ધૂન વગાડી રહ્યું હતું. આખું થિયેટર ઝીણી ઝીણી લાઇટ્સથી શણગારવામાં આવ્યું હતું. યે કૈસી દીવાનગીનાં સ્ટિલ્સનાં મોટાં લાઇફસાઇઝ કટઆઉટ્સ અને બ્લોઅપ્સ ચોતરફ હતાં. ફૂલોથી રંગોળી કરવામાં આવી હતી. સીડી પર, લિફ્ટ પાસે, સ્નેક્સ કાઉન્ટર પાસે, ફૂલોના હાર અને લાઇટ્સ હતી.

યે કૈસી દીવાનગીનાં થિમ પર ડિઝાઇન કરેલું આખુંય ડેકોર અનુપમા અને અભિષેકના જુદા જુદા ફોટોગ્રાફ્સથી સજાવવામાં આવ્યું હતું. સુંદર વસ્ત્રોમાં સજ્જ હૉસ્ટેસ આવનારા મહેમાનોને ફૂલો અને અત્તરથી આવકારતી હતી...

હવામાં સંગીત અને સુગંધ હતાં. જાણે એક મદહોશી રેલાઈ રહી હતી ચારે તરફ. સાચા અર્થમાં સ્ટાર સ્ટડેડ અને ગ્લૅમરથી છલકાતી સાંજ હતી એ!

ભારતીય સિનેમાના મહત્ત્વના કહી શકાય એવા તમામ ચહેરા ત્યાં હાજર હતા. એક પછી એક લક્ઝુરિયસ કાર દાખલ થતી હતી અને એમાંથી સૂટ, ઈવનિંગ ગાઉન્સ, સાડીઓ અને ડાયમંડ્સથી લદાયેલા સ્ટાર્સ ઊતરીને ઊભેલા ટોળાનું અભિવાદન ઝીલતા, ફ્લૅશ લાઇટમાંથી પસાર થતા રેડ કાર્પેટ પર થઈને મેટ્રોના મુખ્ય પ્રવેશદ્વાર તરફ આગળ વધી જતા હતા. નૅશનલ ટીવી ચૅનલોના ટોળાબંધ પત્રકારો હાથમાં માઇક્રોફોન લઈને સ્ટાર્સને પકડી પકડીને એમના સાઉન્ડ બાઇટ્સ લઈ રહ્યા હતા.

સામાન્ય રીતે પ્રીમિયરનો ઈવેન્ટ કદાચ આટલો મોટો ન હોત, પરંતુ છેલ્લા પંદર દિવસમાં મીડિયાએ ઊભી કરેલી હાઈપને કારણે અલયની ફિલ્મ યે કૈસી દીવાનગી હિંદી સિનેમા માટે એક માઈલસ્ટોન બનીને આવી હતી. સાવ નવાસવા દિગ્દર્શકે બનાવેલી આ ફિલ્મ રજૂ થાય એ પહેલાં જ એના વિશે ખૂબ ચર્ચાઓ થઈ હતી. જાતજાતના લોકોએ એના વિશે ભાતભાતનું કહ્યું હતું. ફિલમ મૅગેઝિન્સ અને ચૅનલ્સે આ ફિલમ વિશે એટલી બધી ચર્ચા કરી હતી કે એને કારણે દરેકેદરેક સ્ટારને અલયમાં અને એના કામમાં રસ પડ્યો હતો.

વળી, અનુપમા અને અલયના અમુક-તમુક પ્રકારના સમાચારોએ પણ દર્શકોના વર્ગને આકર્ષ્યો હતો. હીરોથી પણ દેખાવડો એવો આ દિગ્દર્શક વર્ષથી જેના ગઢમાંથી એક કાંકરીય નહોતી ખરી એવી કરોડો હૃદયની ધડકન અનુપમાને પોતાના તરફ આકર્ષી શક્યો હતો એ વાતે પણ દર્શકોને ટિકિટબારી તરફ ખેંચ્યા હતા.

હજી તો સોમવારે સવારે ખૂલેલા ઍડ્વાન્સ બુકિંગમાં પહેલા પાંચ દિવસની ટિકિટો બુક થઈ ચૂકી હતી...

આજે અહીં, મુંબઈનાં એ બધાં જ નામ એકઠાં થયાં હતાં, જેમાંનું કોઈ પણ એક નામ બૉક્સ ઑફિસને રણકાવી દેવા માટે સમર્થ હતું!

શ્રેયા બે છોકરાઓને લઈને થિયેટરના મુખ્ય દ્વાર પર આવી ત્યારે એણે અલય ને જોયો. વીખરાયેલા વાળ સાથે એક દિવસની વધેલી દાઢી અને સપનીલી આંખો સાથે અલય સાવ બહાવરો અને ખૂબ વહાલસોયો લાગતો હતો.

આવતા તમામ ચહેરા અલય પાસે થોડી ક્ષણ રોકાતા, કોઈ એને ભેટતા, કોઈ એને વિશ કરતા, કોઈ એને આશીર્વાદ આપતા તો કોઈ સાથે લાવેલા બૂકે એના હાથમાં આપતા. પાછળ ઊભેલો માજિદ એ બૂકે અલય પાસેથી લઈ લેતો અને અલય ત્યાં ઊભો ઊભો આવનારા દરેક નવા ચહેરાને હસીને નમસ્કાર કરીને પ્રેમથી આવકારતો, પણ કોણ જાણે કેમ, એની નજર જાણે કશું શોધતી હતી. શું હતું એ એની શ્રેયાને સમજ ન પડે એવું નહોતું. શ્રેયા સમજી ગઈ કે અલયની નજર વસુમાને શોધી રહી હતી.

'મા નથી આવ્યાં?' શ્રેયાએ આગળ વધીને અલયને પૂછ્યું પછી ઝડપથી ઉમેર્યું:

'લે, તારાં કપડાં, જલદી જઈને બદલી આવ.'

'શું ફેર પડે છે?'

અલય વાત શ્રેયા સાથે કરતો હતો અને આવતાં-જતાં લોકોને હસીને સારી રીતે આવકારતો જતો હતો. વારંવાર થતી ફ્લૅશ લાઇટ્સ એના ચહેરા પર પડતી હતી. એની આંખો ઝંખવાતી હતી. ઘડી ઘડી આંખો ખોલ-બંધ કરતા એ આવતા લોકોને ગ્રીટ કરતો હતો.

'જા...' શ્રેયાએ એન હળવો ધક્કો માર્યો:

'કપડાં બદલી આવ, જરા દાઢી કર.'

'આ બધા મને આમ જ ઓળખે છે. કંઈ ફરક નથી પડતો અને હા, તું માને ફોન લગાડ, એ કેમ નથી પહોચી હજુ?'

'ઘેરથી તો ક્યારનાંય નીકળી ગયાં છે.'

એ બન્નેની વાત ચાલુ હતી એ દરમિયાન લજ્જા અને આદિત્ય ઊછળી ઊછળીને આવી રહેલા સ્ટાર્સને જોતાં હતાં... કોઈકની સાથે હાથ મિલાવતાં હતાં તો કોઈક પાસેથી ઑટોગ્રાફ લેતાં હતાં.

એમને માટે તો આવી સાંજ એમની ઉંમરે એક સપનું પૂરું થયું હોય એવી સાંજ હતી.

બેફિકર જેવો અલય આમથી તેમ ફરતો હતો. બરાબર એ જ વખતે અભિષેકની ગાડી આવી. અરમાનીનો સૂટ અને ફેન્સી શૂટ સાથે ગાડીમાંથી ઊતરતા અભિષેકને જોઈને થિયેટરની આસપાસ ઊભેલું ટોળું બેકાબૂ થવા લાગ્યું... સિક્યોરિટીએ માંડ માંડ ટોળાને કાબૂમાં લઈને અભિષેકને ઘેરીને થિયેટરની અંદર સલામત રીતે પહોંચાડ્યો.

અભિષેક દાખલ થઈને અલય ને ભેટ્યો.

'મને ખાતરી છે, આજ સાંજથી તારી દુનિયા બદલાઈ જશે.'

અભિષેકે હાથ મિલાવીને કહ્યું:

'મેં બે-ત્રણ પ્રોડ્યુસર્સ સાથે વાત કરી છે. એ કાલે તને ફોન કરવાના છે.'

'તું આજની ફિલમ તો જો, કાલની વાત કાલે.'

અલયે આટલું કહીને લજ્જાને બોલાવી:

'લજ્જુ...'

એણે અભિષેક સાથે લજ્જાની ઓળખાણ કરાવી.

થથરતા હોઠે અને આંખોમાં ઊતરી આવેલા રંગબેરંગી તારાઓ સાથે અભિષેકને જોઈ રહેલી સોળ વર્ષની એ પહેલી છોકરી નહોતી. આજે અભિષેક સોળથી છવ્વીસની કે છત્રીસની કેટલીય યુવતીઓનાં સપનાંનો રાજકુમાર હતો.

'હાઉ આર યુ, યંગ લેડી...'

અભિષેકે હાથ લંબાવ્યો.

'તમારા વાળ બહુ સુંદર છે.'

'થેન્ક્સ...'

આટલું કહેતાં કહેતાંમાં તો લજ્જા આખી જ સ્વયં શબ્દશ: લજ્જા બની ગઈ!

અલયે ધીમેથી અભિષેકને કહ્યું:

'હાર્ડકોર ફેન છે તારી...'

'બ્યુટિફુલ ગર્લ!'

અભિષેકે એટલું કહીને પોતાના હાથમાં પકડેલા બે ઇન્વિટેશન કાર્ડ બતાવ્યાં:

'મારી પાસે બે ઇન્વિટેશન છે અને ઇન્વાઈટી હું એકલી... મારી સાથે બેસીને મૂવી જોશો?'

લજ્જા માટે એના જીવનની આ સૌથી ધન્ય પળ હતી કદાચ!

આદિત્યએ એને ધક્કો માર્યો.

'ફિલમ પતતાં સુધી પ્રપોઝ કરશે તને...'

કાનમાં ધીમેથી કહ્યું અને લજ્જાએ એની સામે ફરીને ડોળા કાઢ્યા.

આદિત્યએ શું કહ્યું હશે એ ધારીને કાકા-ભત્રીજાએ સામસામે જોઈ આંખો મીંચકારી. અભિષેકે હાથની કોણી વાળીને લજ્જાને પોતાની સાથે જોડાવા ઇશારો કર્યો અને તદ્દન રોમાંચિત લજ્જાએ ડરતાં ડરતાં અભિષેકના હાથમાં હાથ પરોવ્યો અને એની સાથે આગળ વધવા જતી હતી કે અભિષેકે અટકીને અલયને પૂછ્યું:

'અનુ નથી પહોંચી હજુ?'

'ભગવાનને ખબર...'

અલયે ખભા ઉછાળ્યા.

અભિષેકના ગયા પછી શ્રેયાએ ફરી એક વાર અલયને કહ્યું:

'જા પ્લીઝ, કપડાં બદલી આવ.'

અલયે એની સામે જોયું:

'આ કપડાંમાં તું લગન નહીં કરે મારી સાથે?'

'હે ઈશ્વર!'

'બોલો, પ્રિયે!'

એટલું કહીને અલયે શ્રેયાને થોડી પાછળ. ધકેલી પછી એના તરફ ફરી જઈને શ્રેયાની ગુજરાતી સાડીના પાલવમાંથી હાથ નાખીને એના ઢંકાયેલા પેટ પર હાથ લપેટ્યો:

'આ ફિલમ એક વાર ચાલુ થાય એટલે હું તો તને લઈને...'

શ્રેયા સામે જોઈને એણે ઊંડી આહ ભરી.

'ચલ હટ, સારો નથી લાગતો.'

શ્રેયાએ સહેજ હલીને એનો હાથ કાઢવાની કોશિશ કરી.

અલયે પોતાની પકડ વધુ મજબૂત કરીને શ્રેયાને નજીક ખેંચી એના પેટ પર પોતાની હથેળી ફેલાવીને પહોળો કરી:

'ઉફ્ફ! તું જે રીતે તૈયાર થઈને આવી છે એ રીતે ફિલમનો વિચાર જ નથી આવતો...'

પછી એણે શ્રેયાના કાન પાસે પોતાના હોઠ લીધા:

'એક જ વિચાર આવે છે મને.'

'સ્ટુપિડ!'

શ્રેયાએ ઝટકો મારીને હાથ બહાર કાઢ્યો:

'મગજ ઠેકાણે રાખ.'

'ક્યાંથી રહે? તું આવી...'

અલય વાક્ય પૂરું કરે એ પહેલાં જોરદાર ગોકીરો થયો. અનુપમાની કાર આવી પહોંચી હતી.

ગાંડું થઈ ગયેલું ટોળું સિક્યોરિટીને પણ ગાંઠ્યા વગર અનુપમા સુધી પહોંચવા આગળ ધસ્યું.

આખી ભીડ જાણે કોઈ વિશાળ દરિયાનું મોજું હોય એમ આગળ-પાછળ થઈ રહી હતી. રસ્તા પરનો ટ્રાફિક મહામુશ્કેલીએ આગળ વધતો હતો. પોલીસ અને સિક્યોરિટીની પૂરેપૂરી મહેનત છતાં અનુપમાના આવ્યા પછી ટોળું જાણે ગમે તે ક્ષણે એમના કાબૂમાંથી નીકળો જશે એવો માહોલ સર્જાઈ ગયો.

સંજીવે આગળની સીટમાંથી ઊતરીને અનુપમા માટે દરવાજો ખોલ્યો. અનુપમાનો પહેલાં એક પગ બહાર આવ્યો, પછી બીજો પગ અને પછી સહેજ ઝુકીને શ્રેયા અને અલય બન્નેની આંખો પહોળો થઈ જાય અને મોઢાં ઊઘડી જાય એવા ઠસ્સાથી અનુપમા પોતાની ગાડીમાંથી ઊતરી. અને એ સાથે જ મેટ્રોની બહારની બધી લાઇટ્સ ઝળાંહળાં થઈ ઊઠી તથા બૅન્ડની ધૂન ગુંજી ઊઠી...

બ્રોકેડ અને સ્વરોવ્સ્કીનું ઝળાંહળાં થતું આખું ભરેલું ઑલ્ટર નેક બ્લાઉઝ, જેની રેશમી દોરીઓ ગળામાં બાંધીને પીઠ પર લટકે એવી રીતે છોડી દેવામાં આવી હતી. અનુપમાની સોનેરી રેશમી પીઠ પર એ દોરીઓ આમંત્રણ આપતી ઝૂલી રહી હતી...

પીઠ પર માત્ર એક નાનકડી બ્રોકેડની પટ્ટી અનુપમાના યૌવનને આધાર આપતી ટકી રહી હતી. રો-સિલ્કની ઓકર યેલો પ્લેન રફ સાડીનો પાલવ કદાચ જાણીજોઈને સહેજ ઢળતો રાખવામાં આવ્યો હતો અને એ પાલવની ધાર પાસે બ્લાઉઝના ગળાની વચ્ચેથી અનુપમાની તાંબાવર્ણી રેશમ જેવી ત્વચા અને સ્તનોનો ઉભાર જોનારાની આંખોને ખસવા દેતો નહોતો.

નાભિ નીચે પહેરેલી ચપોચપ ફિટ કરેલી સુંદર સાડી અનુપમાની ત્વચાને વધુ ઢાંકતી હતી કે વધુ ઉઘાડતી હતી એ નક્કી કરવું અઘરું હતું. એના કમરથી પણ લાંબા, કાળા, સુંવાળા વાળ છુટ્ટા હતા. એણે બધા જ વાળ એક બાજુ આગળ લીધા હતા. વાળથી ઢંકાયેલો અડધો ચહેરો જાણે જોનારને વશીકરણ કરતો હતો...

કાનમાં કુંદનના મોટા જડાઉ ઝૂમખાં એના આખા કાનને ઢાંકી દેતા હતા. સાત હીરાની ઝળાંહળાં થતી મોટી ચૂંક અને આઠ આનાના સિક્કા જેવો ઓકર યેલો ચાંલ્લો એની કથ્થઈ પાણીદાર આંખો પર એટલો તો શોભતો હતો કે એના ચહેરા પર એક વાર નજરે પડે પછી હટાવવી અશક્ય બની જતી હતી...

અનુપમાએ ગાડીમાંથી ઊતરીને આસપાસ ઊભેલી ભીડ તરફ હાથ હલાવ્યો.

'અનુપમા... અનુપમા...' ભીડ ચિયર કરી રહી હતી.

સાડીના પાલવને સંભાળતી, વાળ પર એક હાથ ફેરવીને મોટું સ્મિત ફેંકીને અનુપમા કાચના દરવાજા તરફ આગળ વધી.

અલય ની સામે આવીને ઊભી રહી અને અલય ની આંખોમાં જોયું:

'વિશ યુ ઑલ ધ બેસ્ટ...'

અલય ને ભેટવા આગળ વધેલી અનુપમા પછી જાણે શું વિચારીને અટકી ગઈ

'થેન્ક્સ...'

અલયે બન્ને હાથે એનાં બે બાવડાં પકડ્યાં:

'આ બધું તને આભારી છે. તેં હા ન પાડી હોત તો મારું સપનું અધૂરું રહી ગયું હોત.'

'એવું યાદ રાખજે.'

અનુપમાએ સ્મિત ફરકાવ્યું:

'જીવનભર... તારા જીવનભર તું ભૂલતો નહીં!'

'તું કહે તો હમણાં તને પગે લાગું.'

અલયના હાથ હજુય અનુપમાનાં બાવડે હતા.

'હું કહું એમ કરીશ?'

અનુપમાએ પૂછ્યું પછી શ્રેયા સામે જોયું:

'અહીં જ, હમણાં જ... તને કિસ કરું?'

અલયે અનુપમાની આંખોમાં જોઈને સીધો સવાલ કર્યો:

'આની હાજરીમાં?'

'મને વાંધો નથી.' શ્રેયાએ હસીને કહ્યું:

'ઊભા રહેવાનો પણ વાંધો નથી ને ચાલ્યા જવાનો પણ વાંધો નથી.'

'ના હોં, તું ચાલી જાય તો મારી કિસનો સ્વાદ બગડી જાય!'

અનુપમાએ કહ્યું અને ત્રણે જણ હસી પડ્યાં. અલયનું મગજ ઘણી બધી વસ્તુઓમાં વહેંચાયેલું હતું એટલે એને કદાચ ન સમજાયું, પણ શ્રેયાને અનુપમાના એ હાસ્યમાં એક બોદો રણકાર સંભળાયો.

એણે અનુપમાની આંખોમાં જોયું. એની આંખોમાં કશું એવું હતું, જે શ્રેયાને સમજાયું નહીં. એણે આગળ વધીને અનુપમાનો હાથ પકડી લીધો.

'અનુ, આજનો દિવસ તારો છે. આ બધું જ તારે લીધે શક્ય બન્યું છે એ વાત હું પણ જીવનભર યાદ રાખીશ.'

જાણે વીજળીનો કરંટ લાગ્યો હોય એમ અનુપમાએ ઝટકો મારીને શ્રેયાનો હાથ છોડાવ્યો અને એણે અલયની આંખોમાં જોયું:

'કોઈ યાદ રાખે કે નહીં, મને તું યાદ રાખજે...'

પછી જાણે ડૂમો ગળી જતી હોય એમ કહ્યું:

'પ્લીઝ!'

પછી એ સડસડાટ થિયેટરના ફૉયર તરફ આગળ વધી ગઈ

*

'મા...'

વસુમાના ઓરડાના દરવાજા પાસે વૈભવી આવીને ઊભી હતી. વૈભવીને પૂછીને સૂર્યકાંત જૂહુમાં આવેલી કલા

નિકેતનમાં ગયા હતા. વસુ આજે સાંજે એમની આપેલી સાડી પહેરે એવી સૂર્યકાંતની ઇચ્છા હતી.

'મા...'

વૈભવીએ ફરી કહ્યું. વસુમા કંઈ વાંચી રહ્યાં હતાં. એમણે વૈભવીની સામે જોયું અને પુસ્તક બંધ કર્યું.

'આવ.'

'મા, હું...'

વૈભવી અચકાઈ રહી હતી, પણ એણે હિંમત કરીને કહી નાખ્યું:

'મારે કંઈ પૂછવું છે.'

'બોલ, બેટા.'

'મા, આજે ઘરના બધા જ અલયભાઈની ફિલમના પ્રીમિયરમાં જશે...'

એનો શ્વાસ અટક્યો, ગળું રૂંધાયું. એને આ વાત કહેવામાં ખૂબ તકલીફ પડતી હતી એવું સ્પષ્ટ દેખાતું હતું, છતાં એણે વીખરાતી જાતને ભેગી કરીને ધીમેથી કહ્યું:

'આપણે પ્રિયાને કહેવું જોઈએ?'

'બેટા, તું સહી શકીશ એને? તને તકલીફ પડવાની હોય તો સામેથી...'

'મા! વૈભવીએ વચ્ચે જ કહ્યું:

'મને એના વિચારમાત્રથી તકલીફ થાય છે એટલે હાજરીથી તો થવાની જ.'

પછી ઊંડો શ્વાસ લીધો. એક ક્ષણ વસુમાની સામે જોઈ રહી અને ઉમેર્યું:

'હું ઇચ્છું છું કે હું અભયને એક એવી વૈભવી દેખાડું, જે એની કલ્પનાની બહાર હોય.'

વસુમા હસી પડ્યાં. પછી પોતાની રૉકિંગ ચૅરમાંથી ઊભાં થયાં અને વૈભવી તરફ આગળ વધ્યાં. એની સાવ નજીક આવીને એમણે એના બે ગાલ પર બે હાથ મૂક્યા:

'સાવ નાના બચ્ચા જેવી છે! તને શું લાગે છે? તારી તકલીફ અભયને નહીં દેખાય? શા માટે ગૂંચવાડો ઊભો કરે છે?'

'મા, સ્વીકાર કેમ કરવો એ હું તમારી જ પાસેથી શીખી રહી છું.' વૈભવીના ચહેરા પર સાચે જ બાળકી જેવું ભોળપણ હતું. વસુમાને એના પર વહાલ આવી ગયું.

'સ્વીકાર?' એમણે સ્મિત કર્યું:

'અર્થ સમજે છે એ શબ્દનો? જેમાં ક્યાંય તકલીફ ન હોય, ક્યાંય પીડા ન હોય, નાનકડી પણ સમાધાનની લાગણી ન હોય, માત્ર અને માત્ર સમતા હોય, સંતુલન હોય, સ્પષ્ટતા અને સત્ય હોય ત્યારે એ સાચો સ્વીકાર

બને છે. આવું વર્તન તો તારી તકલીફ અભય સુધી પહોંચાડવાનો એક રસ્તો છે, બેટા!'

'હું તો એ જ કરવાનો પ્રયત્ન કરું છું, જે તમે કરો છો.'

પછી સહેજ અટકીને સુધાર્યું:

'તમે જે કર્યું છે.'

'બેટા, મેં કર્યું છે. આજે પણ કરું છું, કારણ કે મારો આત્મા એની સાથે સંમત છે. હું જે કરું છું એ મારી અંદરથી ઊગતું વર્તન છે. એના બદલામાં મારે કંઈ જોઈતું નથી. હું આમ કરીશ તો સામેની વ્યક્તિ આમ કરશે એવી ગણતરીથી કરવામાં આવેલો સ્વીકાર નથી આ... આ મારી જીવનશૈલી છે. મારા સિદ્ધાંત છે, મારા વ્યક્તિત્વનો ભાગ, મારી દૃઢ માન્યતા છે...'

'મા, હું સંમત નથી.'

વૈભવીને ડૂમો ભરાઈ આવ્યો:

'એટલું તો સ્વીકારું છું તમારી સામે. હું જે કરું છું એ જાતને મારીમચડીને, તૈયાર કરીને એટલા માટે કરું છું કે મારો અભય મને પાછો મળે...'

એની આંખો છલકાઈ ગઈ.

'તો ન કર...'

'તો શું કરું? અભય સાથે લડવા-ઝઘડવા કે એને બાંધવાના મારા તમામ પ્રયત્ન નિષ્ફળ ગયા છે.'

'શું કામ કરે છે એવા પ્રયત્ન?'

'કારણ કે મને અભય પાછો જોઈએ છે.'

વૈભવીનો અવાજ ઊંચો થઈ ગયો. એને લાગ્યું કે એનાથી છુટ્ટે મોઢે રડી પડાશે:

'કોઈ પણ ભોગે, કોઈ પણ કિંમતે મને મારો અભય જોઈએ છે, મા.'

વસુમાએ એને નજીક ખેંચી અને છાતીસરસી ચાંપી દીધી:

'જે ગયું એ કદીય પાછું આવતું નથી. સમય હોય કે સંબંધ...'

એમણે સ્થિર અને શાંત અવાજે કહ્યું:

'...પછી શા માટે તારી જાતને તકલીફ આપે છે?'

'તો શું કરું હું?'

વૈભવીએ ચીસ પાડીને પાગલની જેમ પોતાના બન્ને હાથ જોરજોરથી પોતાના માથા પર કૂટ્યા:

'હું પાગલ થઈ જઈશ... મારે અભય જોઈએ. મા, મને કોઈ પણ સંજોગોમાં અભય પાછો જોઈએ છે... હું ખૂન

કરી નાખીશ પ્રિયાનું અને નહીં તો આપઘાત કરીશ...'

'એથી અભય મળશે?'

વસુમાનો અવાજ હજી સ્વસ્થ હતો. વૈભવી હવે રડવા લાગી હતી:

'મા, કંઈ પણ કરો, મને રસ્તો બતાવો. હું તમારા જેટલી સ્વસ્થ નથી. મારામાં સ્વીકાર નથી, ધીરજ નથી, શાંતિ નથી.'

એ જોરજોરથી બોલી રહી હતી.

'હું સ્વાર્થી છું, પઝેસિવ છું... મને અભય જોઈએ છે, મા. મને મારો અભય જોઈએ એટલે જોઈએ!'

વસુમાએ કંઈ જ જવાબ આપ્યા વિના એને રડવા દીધી. એ જાણતાં હતાં કે છેલ્લા થોડા દિવસથી વૈભવી જે વર્તન કરી રહી હતી એ એના મૂળ સ્વભાવની વિરુદ્ધ હતું. એક પ્રયત્ન તરીકે એને જરૂર બિરદાવી શકાય, પરંતુ એનો આ પ્રયત્ન બહુ લાંબો નહીં ચાલે એવી એમને ખાતરી આજે સાચી સાબિત થઈ હતી.

થોડી વાર રડી લેવા દીધા પછી વસુમાએ હડપચીથી પકડીને વૈભવીની આંખોમાં આંખો નાખી:

'બેટા, તેં જે કહ્યું એ બધું જ કદાચ મારામાં પણ હશે-કોઈ એક સમયે હું પણ કદાચ તારા જેવી હોઈશ... હું પણ વિચલિત થઈ હોઈશ, અકળાઈ હોઈશ, ઝઘડી હોઈશ.'

અને સહેજ ભીના અવાજે ઉમેર્યું:

'હૈયાફાટ રડી પણ હોઈશ જ... પણ દીકરા, બે-ચાર પ્રયત્નને અંતે પરિણામ ન મળે એટલે પ્રયત્ન છોડી દેવો કેટલા અંશે યોગ્ય છે?'

વૈભવી એમની સામે જોઈ રહી.

'ગર્ભમાં પિંડ બંધાતાં પણ નવ મહિના થાય છે ને? ગોટલી વાવો એના બીજા દિવસે કેરી ન ઊગે, દીકરા. ઝાડની જેમ સંબંધને પણ ખાતર-પાણી અને સૂરજનો તડકો આપ્યા કરવો પડે. ધીરજથી રાહ જોવી પડે એના ઊગવાની... વિકસવાની... ફેલાવાની... અને વિસ્તરવાની!'

વૈભવી સ્થિર નજરે એમની સામે જોઈ રહી હતી. એમનો એક એક શબ્દ જાણે વૈભવીના તરફડતા મન પર ઠંડો લેપ કરી રહ્યો હતો!

એણે વસુમાનો હાથ પકડ્યો પછી ધ્રૂજતા અવાજે ધીમેથી એ બોલી:

'હું રાહ જોઈશ... હું રાહ જોઈશ, મા. જયાં સુધી મારા સંબંધનું વૃક્ષ પૂરેપૂરું વિકસીને મને પહેલું ફળ નહીં ચખાડે ત્યાં સુધી હું ધીરજથી ખાતર અને પાણી નાખતી રહીશ.'

પછી હાથ છોડીને એ પાછી ફરી. ઉપર જતા માટે બે-ચાર ડગલાં ભર્યાં હશે ત્યાં અટકીને પાછી આવી. વસુમાની નજીક ઊભી રહી. ક્ષણેક જોતી રહી અને પછી વાંકી વળીને એમના ચરણસ્પર્શ કર્યા:

'મા, મને આશીર્વાદ આપો કે મારામાં તમારી જેમ જ શ્રદ્ધાનું ઝરણું અખૂટ વહેતું રહે.'

પછી ઊભી થઈને એમની સામે જોયું:

'અને વચન આપો કે જ્યારે જ્યારે એ ઝરણું સુકાવા લાગશે ત્યારે ત્યારે તમે ફરી એક વાર એને વહેતું કરી આપશો.'

પછી મોઢા પર હાથ દબાવીને, ડૂસકું લેતી એ સડસડાટ પોતાના રૂમ તરફ જતી સીડી ચડી ગઈ.

*

પ્રિયા પોતાના એપાર્ટમેન્ટના દીવાનખંડમાં તૈયાર થઈને બેઠી હતી. એનું મગજ ચકરાવે ચડ્યું હતું.

બપોરે વૈભવીનો ફોન આવ્યો ત્યારથી એને સમજાતું નહોતું કે એનું મન કેમ આવી ડામાડોળ સ્થિતિમાં મુકાઈ ગયું હતું?

'જી, મૅડમ.'

વૈભવીનો નંબર જોઈને ડરતાં ડરતાં પ્રિયાએ પોતાનો સેલ ઉપાડ્યો હતો.

'પ્રિયા...' વૈભવીનો અવાજ એકદમ સ્વાભાવિક હતો:

'સાંજે અલયની ફિલમનું પ્રીમિયર છે.'

'હં...'

પ્રિયા શું સંબોધન કરવું એ વિચારીને સહેજ અચકાઈ. પછી ઉમેર્યું હતું:

'હું અભયને યાદ કરાવી દઈશ.'

'એ તો હું પણ કરી દઈશ.' વૈભવી સહેજ હસી હતી:

'તું તૈયાર થઈ જજે.'

'જી?!?!'

પ્રિયાને સમજાયું નહોતું કે વૈભવી શું કહી રહી હતી:

'પણ મૅડમ, હું ત્યાં...'

'પ્રિયા, તું અમારા કુટુંબની સભ્ય છે હવે. અમે બધાં જ્યાં જતાં હોઈએ ત્યાં તારે પણ આવવાનું જ હોય.'

વૈભવીને લાગ્યું કે એનો પોતાનો અવાજ સહેજ બોદો અને ધ્રૂજતો હતો.

'જી, મૅડમ.'

પ્રિયાને આગળ શું કહેવું એ સમજાયું નહીં.

વૈભવીએ વાત ટૂંકાવી.

'સાડા આઠે... તૈયાર રહેજે!'

*

શ્રીજી વિલાથી મેટ્રો સિનેમા જવા નીકળેલી મર્સિડીઝમાં પાછળની સીટ પર બાજુમાં બેઠેલાં વસુમાને જોતા સૂર્યકાંતની આંખો ધરાતી નહોતી.

સફેદ રંગની સોનેરી રેશમમાં વણેલી, જરી વગરની જામેવાર બોર્ડરની સાડી અને એવું જ રેશમી કોણી સુધીની બાંય ધરાવતું બ્લાઉઝ... ઢીલો અંબોડો, એમાં સૂર્યકાંતે જાતે બાંધેલી મોગરાનો ગજરો, લાલચટક ચાંલ્લો અને સાફ ડાઘ વગરની તગતગતી ત્વચા! એ બધા ઉપરાંત એમના ચહેરામાં આજે કશું એવું હતું જે વાતે એમનો ચહેરો ઝગારા મારી રહ્યો હતો. એ અલયનું સપનું પૂરું થયાની ખુશી હતી કે સૂર્યકાંત સાથે જીવનભર ઝંખેલી એક આવી સાંજ આજે જીવી રહ્યાનું સુખ હતું... પરંતુ એમના ચહેરાની આભા આજે કંઈક જુદી જ હતી. સ્ટ્રીટ લાઇટ નીચેની પસાર થતી ગાડીમાં રોશનીની એક ઝલક પડતી અને સૂર્યકાંત ફરી એક વાર વસુમા તરફ જોઈને ચકાચોંધ થઈ જતા હતા.

એમણે પોતાનો હાથ વસુમાના ખભે વીંટાળીને મૂક્યો હતો.

'તું બહુ જ સુંદર દેખાય છે, વસુ.'

'આ વાત તમે મને કેટલામી વાર કહી?'

વસુમાના ચહેરા પર સોળ વર્ષની એક છોકરી જેવું શરમાળ સ્મિત પ્રગટ્યું.

'પચાસ વાર કહી.'

સૂર્યકાંતે પોતાનો હાથ વસુમાના ખભા પર સહેજ દબાવ્યો:

'અને હજી પચાસ વાર કહેવાનો છું. તને વાંધો છે?'

'મને શું કામ વાંધો હોય?'

સૂર્યકાંતની આંખોમાં જોયું વસુમાએ:

'કોઈ પણ સ્ત્રી માટે એના પ્રિય પુરુષની નજરમાં દેખાતી આસક્તિ જ તેના શૃંગારનો શિરપાવ હોય છે.'

'આ તું બોલે છે? તો પછી તારું સ્વત્વ, તારું સ્વાતંત્ર્ય...' સૂર્યકાંત હસ્યા:

'એ બધું ક્યાં ગયું?'

'સ્વાતંત્ર્ય?'

વસુમા હજી સૂર્યકાંતની આંખોમાં જોઈ રહ્યાં હતાં:

'એવું કોણે કહ્યું કે સ્વતંત્ર સ્ત્રીને સ્નેહ નથી ગમતો? કાંત, જિંદગીના છ દાયકા પૂરા થવા આવ્યા ત્યારે પણ તમે જે રીતે મારી સામે જુઓ છો એ નજર મને રોમેરોમ ઝંકૃત કરી જાય છે!'

એમણે શરમાઈને બારીની બહાર જોયું.

'એમ?' સૂર્યકાંતે એમને નજીક ખેંચ્યાં:

'મને તો એમ કે સ્વતંત્ર સ્ત્રીને સુંદરતાનું બહુ મહત્ત્વ નહીં હોય... સ્નેહ, શરમ અને સ્પર્શ સ્વતંત્ર સ્ત્રી માટે બહુ અગત્યનાં નહીં હોય...'

'પુરુષ એવું માની બેસે છે, કાંત. ખરું પૂછો તો સ્વતંત્રતા અને સ્ત્રીત્વને પરસ્પર વિરોધી શબ્દ તરીકે શા માટે જોવા જોઈએ? સ્ત્રી કોઈ પણ ઉંમરે સ્ત્રી જ રહે છે. ખાસ કરીને એના પતિ કે પ્રિય પુરુષ સામે શરમાવવા માટે કે એના સ્પર્શમાં તરબતર થઈને ક્ષણેક માટે સ્વત્યને ભૂલી જવા માટે એ આખી જિંદગીનો સોદો કરવા તૈયાર થઈ જાય છે.'

'વસુ, ક્યારેક થાય છે કે આ વચ્ચેનાં વર્ષોમાં તારાથી દૂર રહીને મેં ઘણું ખોયું...'

સૂર્યકાંતે ઊંડો નિસાસો નાખ્યો:

'અને ક્યારેક થાય છે કે વિયોગનાં આ વર્ષોએ મને ખરા અર્થમાં તારી નજીક લાવીને મૂક્યો છે...'

વસુમાએ એક શબ્દ બોલ્યા વિના સૂર્યકાંતના ખભે માથું ઢાળી દીધું. એ પછીનો ખાસ્સો સમય વસુમાના વાળમાં બંધાયેલો મોગરો સૂર્યકાંતના શ્વાસમાં મહેકી રહ્યો.

*

અભય, પ્રિયા અને વૈભવી મેટ્રોમાં દાખલ થયાં ત્યારે ખીચોખીચ ભીડ જામી ગઈ હતી. લગભગ બધા જ આમંત્રિત આવી ચૂક્યા હતા અને ફિલમ શરૂ થવાની તૈયારી હતી.

'મા પહોંચી ગયાં?' વૈભવીએ અલયને પૂછ્યું.

'મા તમારી સાથે નથી આવી?'

અલયને નવાઈ લાગી. અભય બોલવા જ જતો હતો કે વૈભવીએ એના પગ પર પગ મૂક્યો.

'મા તો...'

અભય ચૂપ થઈ ગયો.

'એ ટેક્સીમાં આવવાની છે?'

આ ત્રણેયને ભેગાં જોઈને અલયને લાગ્યું કે કદાચ માએ એકલાં આવવાનું નક્કી કર્યું હોય.

'મા આવતાં જ હશે.'

વૈભવીએ કહ્યું અને પછી અર્થપૂર્ણ સ્મિત કર્યું. બે દિવસથી ફિલમ અને રિલીઝ સિવાય અલય કંઈ વિચારી જ શક્યો નહોતો. ઘેર નહાવા-ધોવા જવાનો પણ સમય નહોતો મળ્યો એને...

આજે સવારે શૈલેષ સાવલિયાને ત્યાં એણે નાહીને સાથે લીધેલાં કપડાં બદલ્યાં હતાં. સૂર્યકાંત શહેરમાં આવી

ગયાની એને કલ્પના સુધ્ધાં નહોતી.

અલયે ઘડિયાળ જોઈ. બાજુમાં ઊભેલા શૈલેષ સાવલિયાએ ધીમેથી અલયને કહ્યું:

'વાંધો નહીં, આપણે રાહ જોઈશું થોડી વાર.'

'પણ મા ગઈ ક્યાં?'

અલયનું આ વાક્ય પૂરું થાય એ પહેલાં તો મેટ્રોના બિલકુલ દરવાજા પાસે એક મેટલિક બ્લૂ કલરની મર્સિડીઝ આવીને ઊભી રહી.

એનો દરવાજો ખૂલ્યો. સૂર્યકાંત મહેતા એ દરવાજામાંથી નીચે ઊતર્યા. પછી બીજી બાજુ જઈને એમણે સામેનો દરવાજો ખોલ્યો અને એ દરવાજામાંથી વસુમા ઊતર્યાં. સૂર્યકાંત મહેતાએ આગળની સીટમાં મૂકેલો ઑર્કિડ અને ગુલાબનો બનેલો મોટો બુકે હાથમાં લીધો. પછી વસુમા તરફ જોઈને સ્મિત કર્યું. ઝૂકીને એમને આગળ જવા કહ્યું.

વસુમા શરમાઈને એમની આગળ ચાલ્યાં અને સૂર્યકાંત બૂકે ઊંચકીને એમની પાછળ. બન્ને અલયની સામે આવીને ઊભાં રહ્યાં ત્યાં સુધી અલય ડઘાયેલો-બઘવાયેલો આખુંય દૃશ્ય જોતો રહ્યો.

એ આગળ વધીને વસુમાને પગે લાગે એ પહેલાં વસુમાએ એને ખભામાંથી પકડીને છાતીસરસો ચાંપી દીધો. મા-દીકરો કેટલીય વાર એકબીજાને ભેટીને ઊભાં રહ્યાં.

વસુમાએ અલયથી છૂટા પડીને સૂર્યકાંતના હાથમાંથી બુકે લઈ લીધો. અલય ત્યાં જ ઊભો રહ્યો. સૂર્યકાંત વસુમાની પાછળથી એક ડગલું આગળ વધ્યા અને અલયની સામે આવીને ઊભા રહ્યા.

લગભગ સરખી ઊંચાઈના બાપ-દીકરો સામસામે ઊભા હતા.

સૂર્યકાંત અલયની આંખોમાં જોઈ રહ્યા હતા.

બન્ને થોડી વાર એકબીજા સામે જોઈ રહ્યા પછી અલયને ખેંચીને ભેટી પડ્યા સૂર્યકાંત...

એક હાથ દૂર ઊભેલાં વસુમાએ આંખ મીંચીને છલકાઈ આવેલી આંખમાંથી સરી જતું ખુશીના આંસુનું ટીપું પોતાની પહેલી આંગળીના ટેરવા પર લીધું અને મનોમન ખુશીની એ પળ કૃષ્ણાર્પણ કરી દીધી...

* * *

68

લગભગ સરખી ઊંચાઈના બાપ-દીકરો સામસામે ઊભા હતા. સૂર્યકાંત અલયની આંખોમાં જોઈ રહ્યા હતા.

બન્ને થોડી વાર એકબીજા સામે જોઈ રહ્યા પછી સૂર્યકાંત અલયને ખેંચીને ભેટી પડ્યા…

'દીકરા મારા…' એમની આંખોમાં પણ પાણી હતાં:

'મને ગર્વ છે તારા પર.'

સૂર્યકાંતને ભેટીને ઊભેલો અલય આ સાંભળતો હતો, પણ એને સમજાતું નહોતું કે એણે શું કરવું જોઈએ. ધીમે રહીને એણે પોતાની જાતને સૂર્યકાંતના બાહુમાંથી છોડાવી. એ છૂટો પડીને સહેજ દૂર ઊભો રહ્યો:

'તમે...? તમે ક્યારે આવ્યા?'

'હું ગઈ કાલે… આઈ મીન, આજે જ આવ્યો.'

સૂર્યકાંતે એનો હાથ પકડી લીધો:

'હું માત્ર તારી ફિલમ માટે વહેલો આવ્યો.'

'થેન્કસ.'

અલયને ખરેખર શું બોલવું એ સમજાતું નહોતું. ત્યાં ઊભેલાં વૈભવી, અભય, પ્રિયા, શ્રેયા અને શૈલેષ સાવલિયા અલયની આ મૂંઝવણ જોઈ રહ્યાં હતાં.

સાવલિયાએ એ ખાલી પડેલા સ્લૉટમાં એન્ટ્રી મારી:

'મહેતાસાહેબ… તમે આવ્યાને એનાથી પ્રીમિયરમાં ચાર ચાંદ લાગી ગયા.'

આમ પણ સાવલિયાને ક્યારે શું બોલવું એની સમજ જરા ઓછી જ હતી અને અત્યારે તો એનાથી બફાઈ જ ગયું:

'અલયે પોતાનું નામ અલય વસુંધરા મહેતા રાખ્યું છે એટલે ઘણા લોકો એમ માનતા હશે કે...'

'…કે હું અલયના જીવનમાં નથી. અલય જે કંઈ છે એ એની માને કારણે છે એવું માનતા હશે નહીં?'

'હેં...? હા, હા… એવું જ કંઈક!'

સાવલિયાએ ડોકું ધુણાવ્યું.

એક હાથ દૂર ઊભેલાં વસુમા તરફ એક ડગલું ચાલીને સૂર્યકાંતે ફરી એમને ખભામાંથી પકડી લીધાં:

'એ લોકો સાચું જ માને છે.'

એમણે અલય સામે જોયું પછી વસુમા સામે અને પછી સાવલિયા તરફ:

'અલય જે કંઈ છે એ એની માને કારણે જ છે. એની આજની સફળતા, એની શ્રેષ્ઠતા અને એનું ગૌરવ લેવાનો અધિકાર માત્ર અને માત્ર વસુને જ છે.'

એમણે ફરી એક વાર વસુમા સામે જોયું, પણ આ વખતે વસુમાને પિગળાવી નાખતી હોય એવી નજર હતી:

'વસુ જેવી મા હોય ત્યારે જ અલય જેવો દીકરો બની શકે.'

એમણે સહેજ દૂર ઊભેલા અલયને હાથ પકડીને નજીક ખેંચ્યો અને એના ખભે પણ હાથ મૂક્યો. પતિ-પત્ની અને દીકરાનું આ પિક્ચર ધડાધડ ફ્લૅશ લાઇટ્સમાં ચમકવા લાગ્યું.

'તમે જે કંઈ કહો છો એ સાચું છે.'

અલયે ધીમેથી સૂર્યકાંતના કાનમાં કહ્યું:

'પણ તમારા સર્ટિફિકેટ વગર પણ એ જ સાચું છે... મારી માએ જે કંઈ કર્યું છે એ કદાચ કોઈ પિતા પણ કરી ન શકે!'

પછી સૂર્યકાંતનો હાથ એણે ખભા પરથી ખસેડી નાખ્યો:

'સફળ થઈ ગયા પછી તો બધા જ આવીને વાહ વાહ કરી જાય છે, પણ તમે જ્યારે રસ્તા પર ચાલતા હો છો ત્યારે એ કપરા ચઢાણના રસ્તે સાથ આપનારા બહુ ઓછા હોય છે, મિસ્ટર મહેતા!'

શૈલેષ સાવલિયાએ વસુમાની સામે જોઈને સ્મિત કર્યું:

'ચાલો, ફિલમ જોવા જઈશું?'

વસુમા ઝડપથી ડગલાં ભરતાં શૈલેષ સાવલિયાની પાછળ જવા લાગ્યાં. પછી અચાનક જ એમને ખ્યાલ આવ્યો એટલે એમણે બુકે ફરીથી સૂર્યકાંતના હાથમાં આપ્યો. સૂર્યકાંતે આગળ વધીને બુકે શૈલેષ સાવલિયાને આપ્યો.

'મારો દીકરો એનું સપનું સાકાર કરી શક્યો છે એનું કારણ તમે છો. હું ઇચ્છું કે તમારો આ જુગાર સફળ થાય.'

'થશે જ...' પછી સાવલિયાએ સ્મિત કર્યું:

'યશોધરા પણ આવી છે.'

'હમ્...'

સૂર્યકાંત સાંભળ્યું ન સાંભળ્યું કરીને વસુમા સાથે આગળ જવા લાગ્યા, પણ સાવલિયા કેડો મૂકે એમ નહોતો:

'નાટકની દુનિયામાં નામ કરવું એ તમારું સપનું હતું... એ તો પૂરું ન થયું મહેતાસાહેબ, પરંતુ તમારા દીકરાને સિનેમાની દુનિયામાં પોતાના નામના ઝંડા ફરકાવી દીધા ખરા.'

'બાપથી દીકરો સવાયો ન હોય તો નવાઈ.'

એમણે વસુમાના ખભે હાથ લપેટી દીધો:

'ખાસ કરીને એની માનું નામ વસુંધરા મહેતા હોય ત્યારે...'

સૌ અંદર જઈ રહ્યાં હતાં ત્યારે અભયના ખભે એક હાથ મુકાયો:

'સૉરી અભયભાઈ, અમને મોડું થઈ ગયું.'

'મને તો એમ કે ફિલમ પૂરી થશે ત્યાં સુધીમાં અંજલિ તૈયાર થઈ જશે!'

રાજેશ અને અંજલિને જોઈને અલયે મજાક કરી લીધી.

'હું તો ક્યારની તૈયાર હતી, આ સાહેબ જ મોડા આવ્યા.'

'વેરી ગુડ!'

અભય સામે જોઈને રાજેશે ભવાં ઉછાળ્યાં:

'કેમ મોડું થયું એ પૂછો.'

'એ બધાંને કહેવાની જરૂર છે?'

અંજલિએ સહેજ શરમાઈને ઢાલ ધરી.

'સારા સમાચાર છે?' વસુમાએ પૂછ્યું.

'મા... અંજલિએ લાડ કર્યાં:

'તને તો બીજું કંઈ સૂઝતું જ નથી.'

'અત્યારે તો તમે સાંભળવા માગો છો એવા કોઈ સમાચાર નથી, પણ હા, મોડું કેમ થયું એ સાંભળવા જેવું છે.'

'રાજેશ...'

'ના, ના... મારે કહેવું જ છે. તું મારા પર કેટલી દાદાગીરી કરે છે એની ખબર તારા ઘરવાળાંને હોવી જોઈએ.'

'મેં કહેલું કે અલયભાઈના પ્રીમિયર પર ડાયમંડનો નવો સેટ અપાવશો તો જ આવીશ.'

રાજેશ બોલે એ પહેલાં જ પોપટની જેમ અંજલિ પટપટ બોલી ગઈ પછી રાજેશની સામે જોઈ જોરથી કહ્યું:

'બસ?'

'એટલે હું ઑફિસેથી નીકળીને...'

'એવા ડાયમંડ-ફાયમંડ માગે શાની? મોકલી આપો શ્રીજી વિલા...દાદાગીરી કરે તો કહેવાનું કે જા, લઈ આવ તારા બાપને ઘેરથી.'

અલયે કહેતાં તો કહી દીધું, પણ બોલ્યા પછી એનાથી તરત સૂર્યકાંત સામે જોવાઈ ગયું.

'તે એનો બાપ અપાવશે એને.'

સૂર્યકાંત પણ હસ્યા:

'હવે તો બાપ અહીં જ રહેવાનો છે...'

પછી વસુમા સામે જોઈને નાનકડું સ્મિત કર્યું:

'દીકરો ભલે તમારો રહ્યો, પણ શ્રીજી વિલાને એ બાપનું જ ઘર કહે છે.'

વૈભવીએ આગળ વધીને અંજલિનો નવો ડાયમંડ સેટ જોયો, વખાણ્યો...

એ પછી બધાં મૂવી હૉલમાં દાખલ થતાં હતા ત્યારે અંજલિ બહુ જ ધીમેથી રાજેશના કાનમાં ગણગણી:

'આજની બે સરપ્રાઇઝ છે.'

'શું?'

રાજેશ બહુ સાદો માણસ હતો. એને મોટે ભાગે અંજલિના આવાં ગરબડિયાં સ્ટેટમેન્ટ્સ સમજાતાં નહીં.

'એક, પ્રિયા પણ આવી છે... અને બે, ભાભીએ આજે પહેલી વાર કોઈ બીજાએ પહેરેલા દાગીનાનાં વખાણ કર્યાં.'

'યુ... વીમેન!' રાજેશે અંજલિનો ગાલ ખેંચ્યો: 'બીજી સ્ત્રી વખાણે નહીં ત્યાં સુધી તમારે માટે કરોડોના દાગીનાય નકામા.'

'યુ... મેન!' અંજલિએ કહ્યું: 'બીજી સ્ત્રીનાં વખાણ કરો, પણ પત્નીને એક વાર પણ ન કહો કે સુંદર લાગે છે.'

*

અભિષેકના બાજુમાં બેઠેલી લજ્જા એને ઓટોગ્રાફ્સ સાઈન કરતો, કોઈકની સાથે વાત કરતો, મોબાઇલ અટેન્ડ કરતો જોઈ રહી હતી. એને માટે તો આ હજી સપનું જ હતું, જેમાંથી એ બહાર આવવા નહોતી માગતી.

મુહૂર્ત વખતે એ અભિષેકને મળી હતી, પણ અલપ-ઝલપ. એ પછી એક-બે વાર શૂટિંગ જોવા પણ ગઈ હતી પોતાની બહેનપણીઓ સાથે, પરંતુ ત્યારે અભિષેક હેલો કે એવી નાનકડી બીજી ઔપચારિક વાત સિવાય ખાસ કંઈ બોલેલો નહીં. આજે કોણ જાણે કેમ અચાનક અભિષેક એની સાથે સાવ જુદી રીતે વર્તી રહ્યો હતો અને એને માટે તો આ આખોય પ્રસંગ હથેળીમાં પરસેવો વળવા જેવો, હૃદય બમણી ઝડપથી ધડકવા જેવો અને નસોનું લોહી ત્રણ ગણી ઝડપે ફરવા જેવો હતો!

'કઈ સ્કૂલમાં ભણે છે?'

સહેજ નવરા પડેલા અભિષેકે એને પૂછ્યું.

'કોલેજમાં...'

લજ્જાએ પોતાની ઉંમર અંગે અભિષેકને સભાન કરતાં જરા વજનદાર અવાજે કહ્યું:

'જુનિયર કૉલેજમાં-મીઠીબાઈ...'

'ઓ, હું પણ ત્યાં જ ભણેલો... છ મહિના. પછી તો...'

'ઓક્સફર્ડ... મને બધી ખબર છે.'

લજ્જાએ અભિષેકની સામે સ્મિત કર્યું.

'હું તો...?'

'બિઝનેસ મૅનેજમૅન્ટ ગ્રૅજ્યુએટ છો. પોતાની સૉફ્ટવેર ઍનિમેશન કંપની ખોલવા માગતા હતા. એ પણ મને ખબર છે!'

'એવું કંઈ છે, જેની તને ખબર ન હોય?'

'હા છે.'

લજ્જાએ આ લૂઝ બૉલ સ્ટેડિયમની બહાર નીકળી જાય એટલા જોરથી ફટકાર્યો:

'તમે ક્રિશ્ના સાથે..... આઈ મીન, શું થયું, જેનાથી...'

'જૂની વાત છે. એનું કંઈ મહત્ત્વ નથી રહ્યું હવે. અમે બન્ને સાવ જુદાં હતાં. સ્વભાવે, લાગણીઓથી અને જરૂરિયાતોમાં પણ.'

એકદમ નિખાલસતાપૂર્વક અને છતાં જાતને કહેતો હોય એમ એ સહેજ હસ્યો:

'તું બહુ નાની છે આ બધું સમજવા.'

'વ્હૉટ ડુ યુ મીન નાની છે? મને સત્તર વર્ષ પૂરાં થઈ ગયાં છે.'

લજ્જાએ શરીર જરા તંગ કર્યું અને ડોક ટટ્ટાર કરી:

'અને સામેથી આવે છે એ મારાં મમ્મી-પપ્પા અને એમની સાથે જે ઈવનિંગ ગાઉન પહેરીને ચાલે છે એની સાથે મારા પપ્પાનો અફેર છે એટલી મને સમજ પડે છે.'

અભિષેકે ચોંકીને એની સામે જોયું. પછી કશું જ બોલ્યા વિના એણે ખુરશીની વચ્ચેના હાથા પર મુકાયેલા લજ્જાના હાથ પર પોતાનો હાથ મૂક્યો અને સહાનુભૂતિથી સહેજ દબાવ્યો.

એને કદાચ આ જ ઉંમરે પોતાના પિતાની કહેવાતી અફેરની પોતાના પર થયેલી અસરોનો ઉઝરડો ફરી એક વાર જાણે દુખી આવ્યો!

વૈભવી, શ્રેયા, પ્રિયા, અભય અને વસુમા-સૂર્યકાંત સૌ પોતપોતાની સીટમાં ગોઠવાયાં.

એક પછી એક ટાઇટલ પસાર થતાં ગયાં.

રિટર્ન ઍન્ડ ડિરેક્ટેડ-લેખક અને દિગ્દર્શકનું ટાઇટલ જ્યાં અટક્યું ત્યાં સૂર્યકાંતે એક હાથે આંખો લૂછીને બીજા હાથે વસુનો ખભો થપથપાવ્યો.

'કાંત, તમે...'

'શું?'

આછા અજવાળામાં સૂર્યકાંતે વસુંધરાની આંખોમાં જોયું.

'તમે એવું નહીં માનતા કે...'

'કે શું?'

પછી પોતાનો ચહેરો વસ્તુની એકદમ નજીક લઈને એમકો એકદમ હળવેથી કહ્યું:

'જે કંઈ તારું છે એ મારું જ છે, કારણ કે તું આખેઆખી મારી છે.'

આ સાંભળીને વસુમાને ક્ષણભર માટે રોમાંચ થયો. પછી જાણે વીજળી ચમકી હોય એવી રીતે એક વિચાર-એક સવાલ એમના મનમાં ઝબકારો કરી ગયો:

માંડ માંડ મેળવેલું આ સંતુલન, માંડ માંડ મેળવેલી આ ઝંખનાઓમાંથી મુક્તિ... અને માંડ માંડ સાધેલી આ જાત સાથેના અનુકૂલનની પરિસ્થિતિ ફરી એક વાર ડામાડોળ કરવી છે તારે? શું થઈ રહ્યું છે તને? આ ઘડી ઘડી શરમાવું, આ રોમાંચ અને પીગળતી જતી આ લાગણીઓનો અકલ્પ્ય વેગ... કઈ તરફ ઘસડાય છે તું?

એ પછીની બધી જ ક્ષણ વસુમા માટે અચાનક જ જાણે અસ્વસ્થ અને અકળામણની બની ગઈ! એમણે ક્યારેય નહોતું ધાર્યું એવા એક વિચારે એમના મનનો કબજો લઈ લીધો. આ બધું જ એમને ગમવા લાગ્યું હતું. એમને અચાનક એવી લાગણી થવા માંડી હતી કે આ મેળવવા, અહીં સુધી પહોંચવા જ આ બધી મથામણ કરી હતી એમણે... અને એ લાગણીમાં એ લાંબો સમય ડૂબે કે ખોવાઈ જાય એ પહેલાં જ એમના મને એમને સવાલ પૂછી નાખ્યો હતો...

આટલો વખત જાત સાથે જીવી ગયેલાં વસુમા અચાનક જ પોતાની જિંદગીને સૂર્યકાંતની આસપાસ ગોઠવવા લાગ્યાં હતાં. અજાણતાં જ એમનું બધું સૂર્યકાંતના ગમા-અણગમાના માપદંડો પર મપાવા માંડ્યું હતું. એ પહેલી વાર આવ્યાં ત્યારે જે સ્વસ્થતા અને જે નિર્લેપતા હતાં એ સ્વસ્થતા છેલ્લા બે દિવસમાં કોણ જાણે ક્યાં ઊડી ગઈ હતી.

આ વખતે સૂર્યકાંતે ઍરપોર્ટ પર ઊતરતાંની સાથે જ જે વર્તન કર્યું અને છેલ્લા થોડા કલાકોથી એ જે રીતે વર્તી રહ્યા હતા એનાથી વસુમાની અંદર એ પોતે પણ ન સમજી શકે એવા ફેરફાર થવા લાગ્યા હતા.

સામે પડદા પર ફિલમ ચાલતી હતી. ખીચોખીચ ભરેલું આખું થિયેટર મગ્ન થઈને ફિલમ જોઈ રહ્યું હતું. વસુમાને અડીને બેઠેલા સૂર્યકાંતને વસુમાના મનમાં અચાનક ચાલુ થઈ ગયેલા આ દ્વંદનો આછો અણસારોય નહોતો આવ્યો, પણ વસુમાની અંદર જાણે પોતાની જ જાત સાથે એક તુમુલ યુદ્ધ શરૂ થઈ ગયું અને એ પણ

સાવ અચાનક જ, અણધાર્યું!

આ પચ્ચીસ વર્ષ દરમિયાન જે બેધારી તલવાર પર ચાલતી રહી છે તું એ દરમિયાન પડેલાં છાલાં ભૂલી ગઈ, વસુ?

એમના મને જ એમને પૂછ્યું:

લોહી નીગળતા અસ્તિત્વ સાથે અને ઊભરાતા શ્વાસે પૂરી કરેલી આ આખી સફરની પીડા આ થોડા કલાકોમાં વીસરી ગઈ? એકલતાના એ તરફડાટને એકાંતમાં બદલતાં લાગેલાં વર્ષોની બધી જ મહેનત સૂર્યકાંતની એક નજર સાથે બેકાર થઈ ગઈ, વસુ?

એમણે આંખો મીંચી દીધી. એમણે સામે ચાલતી ફિલમ સાથે જોડાવું હતું. પોતાના મનમાં ચાલતા વિચારોમાંથી બહાર નીકળીને અહીં, આ સમયે જે પરિસ્થિતિ હતી એમાં પ્રવેશવું હતું, પરંતુ એમનું મન એમને કોઈ રીતે મુક્ત નહોતું થવા દેતું. સવાલો પર સવાલો પૂછે જતું હતું.

આ એવા સવાલ હતા, જેના જવાબ પોતાની જાતને અત્યંત સ્વસ્થ માનતાં અને દરેક પરિસ્થિતિ સાથે આસાનીથી કામ પાડી શકતાં વસુંધરા મહેતા પાસે પણ નહોતા.

હું પણ એક સ્ત્રી છું...

એમણે આ સવાલોના ડરાવી દે એવા મારા સામે એક પાંગળી દલીલ કરી જોઈ:

મને પણ કોઈ પ્રેમ કરે, સાચવે, સંભાળે, નાની નાની વાતોમાં મારી કાળજી રાખે એ ગમે કે નહીં?

હવે?

એમના મને એમને ખૂબ તોછડાઈથી અને કડકાઈથી પૂછ્યું:

હવે શા માટે શોધે છે આ બધું? જેના વિના જીવતાં આવડી ગયું છે એ બધી જ વસ્તુઓને ફરી એક વાર તારી નબળાઈ બનાવે છે તું?

આંખો મીંચીને બેઠેલાં વસુમા કોણ જાણે ક્યાંય સુધી એમની ભીતરમાં ચાલતું જાત સાથેનું આ દ્વંદ્વ લડતાં રહ્યાં. જૂના કેટલાય પ્રસંગ યાદ આવતાં એ પળોની તરફડાટ અને પીડાના અનુભવો જાણે ફરી એક વાર એટલી જ તીવ્રતાથી એમને દઝાડતા રહ્યા...

*

ફિલમ પૂરી થતાં સુધીમાં તો અલય મહેતા એક મજબૂત ડિરેક્ટર તરીકે સ્થાપિત થઈ ગયો હતો. ઇન્ડસ્ટ્રીના ત્યાં હાજર તમામ લોકોના ચહેરા અને એના પર ઊપસી આવેલા ભાવ અલયનું સ્ટારડમ અને સફળતા સ્વીકારી ચૂક્યા હતા...

ફિલમ પૂરી થયા પછી મેટ્રોના જ ડોમરૂમમાં પાર્ટી હતી. બધાં જ એ તરફ જઈ રહ્યાં હતાં. અલય પણ શ્રેયાની સાથે ધીમાં ડગલાં ભરતો એ તરફ જઈ રહ્યો હતો. વચ્ચે વચ્ચે પ્રેસના માણસો કે એની સાથે વાત કરવા માગતા કેટલાક લોકોના સવાલના જવાબ આપતો એ થોડો જાતમાં અને થોડો ફિલમમાં ખોવાયેલો હતો.

આજે જ્યારે બેસીને એણે શાંતિથી સળંગ ફિલમ જોઈ ત્યારે સ્વભાવ મુજબ એને લાગતું હતું કે આમાં હજી ઘણા ફેરફાર થઈ શકે, આને વધુ સારી બનાવી શકાય, આમાંના કેટલાક શૉટ જેમ લીધા તેમ નહીં અને જુદી રીતે પણ લઈ શકાયા હોત...

ત્યારે એને ખોવાયેલો જોઈને શ્રેયાએ ખભેથી હચમચાવ્યો:

'શું વિચારે છે? ક્યાં ખોવાઈ ગયો છે?'

'ક્યાંય નહીં... વિચારું છું કે આ ફિલમ હજી વધુ સારી બની શકી હોત.'

'એવું તો તને થયા જ કરવું જોઈએ. તારી આવનારી દરેક ફિલમ તારી પાછલી ફિલમથી બેટર હોવી જોઈએ.'

'એમ જ થશે.'

એણે એક નિ:શ્વાસ નાખ્યો પછી શ્રેયા સામે જોયું:

'બધું બહુ ગૂંચવાઈ ગયું, શ્રેયા.'

'એટલે?'

શ્રેયા સાવ જુદી લાગણીઓમાં તરી રહી હતી. અલયની સફળતા, એની ફિલમની રિલીઝ, સૂર્યકાંતનું અહીં આવવું, વૈભવી-પ્રિયા અને અભયનું સાથે હોવું, માની ખુશી અને બધું જ સમુંસૂતરું પાર પડ્યાનો એક હળવો સંતોષ... બધું કુલ મળીને શ્રેયા માટે સુખ જ સુખ હતું.

અલય જવાબ આપ્યા વિના ચૂપચાપ ચાલી રહ્યો હતો.

'એટલે?'

શ્રેયાએ ફરી પૂછ્યું.

'એટલે એમ શ્રેયા, કે અનુપમા સાથે હું ફરી કામ કરીશ કે નહીં એની મને નથી ખબર.'

'કેમ?'

શ્રેયાએ સાવ નિર્દોષતાથી પૂછી લીધું. પછી પોતે જ ઉમેર્યું:

'તમારી કેમિસ્ટ્રી ગજબની છે. એ જાણે તારા ડિરેકશનમાં સવાયી થઈને નીખરે છે અને તું પણ...'

'ઠીક છે એ બધું.'

અલયે લગભગ અડીને ચાલતી શ્રેયાનો હાથ હળવેથી પોતાના હાથમાં લઈ લીધો:

'તારું સુખ પણ અગત્યનું છે, શ્રેયા. લગ્ન પછીનો એક પણ દિવસ હું ઘેર આવું અને તારી આંખોમાં સવાલ જોઉં કે મારા નાનકડા પણ વર્તન વિશે તને શંકા થાય તો એ મારે માટે આપણા સંબંધમાં મારી હાર હશે.'

*

ડોમરૂમની પાર્ટીમાં શૈલેષ સાવલિયાએ કૉકટેલ પાણીની જેમ વહેવડાવ્યાં હતાં. છ-સાત જાતના વેજ અને નૉન-વેજ બાઇટ્સ લઈને વેઇટર્સ આમથી તેમ ઘૂમી રહ્યા હતા. પ્લૅટફૉર્મ પર લાઇવ બૅન્ડ હળવી ધૂનો વગાડી રહ્યું હતું. એક તરફ બનાવવામાં આવેલા નાનકડા ડાન્સ ફ્લોર પર થોડા લોકો થીરકી રહ્યા હતા.

કૉકટેલના કાઉન્ટરની બિલકુલ પાસે ખાસ વીવીઆઈપી મહેમાનો માટે ગોળ ટેબલ્સ સુંદર રીતે સજાવીને ગોઠવવામાં આવ્યાં હતાં.

વસુમા અને સૂર્યકાંત રૂમમાં દાખલ થયાં કે તરત અનુપમા દોડીને આવી. વસુમાને પગે લાગી. વસુમાએ એને વહાલ કર્યું, અભિનંદન આપ્યાં, એના અભિનયનાં વખાણ કર્યાં.

સૂર્યકાંતે પણ આશીર્વાદ આપ્યા:

'ગૉડ બ્લેસ યુ, બેટા. ખૂબ લાંબું જીવ અને આવી જ સુંદર ફિલમો કરતી રહે.'

'સૉરી!' અનુપમાએ એનું ડોકું આડું ધુણાવ્યું:

'આ આશીર્વાદ કદાચ સાચા નહીં પડે, સર!'

'કેમ?'

અનુપમાએ પોતાનો ડાબી હાથ આગળ કર્યો:

'આ જુઓ, મારી લાઇફલાઇન કેટલી ટૂંકી છે!'

આટલું કહીને એ ખડખડાટ હસી પડી, પણ એમાં એનો જાણે થાક વર્તતો હતો.

વસુમા જાણે આ પામી ગયાં હોય તેમ એમણે પૂછ્યું:

'બેટા, થાકી ગઈ હોય એમ લાગે છે...'

'હા, મા...' કહીને અનુપમા એક ડગલું. આગળ વધી પછી હાથ લંબાવીને વસુમાને ભેટી પડી:

'બહુ, થાક લાગ્યો છે, મા. એક બ્રેક જોઈએ છે... લાંબો બ્રેક! ઊંઘવું છે... ખૂબ ઊંઘવું છે મારે... કોણ જાણે કેટલી રાતથી સૂતી જ નથી હું.'

'બેટા...'

વસુમાનો સ્નેહાળ હાથ અનુપમાની પીઠ પર ફરી રહ્યો હતો. એના ઓલ્ટર બ્લાઉઝની દોરીઓને સ્પર્શીને એની પીઠની ત્વચા પર હળવે હળવે ફરતો એ હાથ અનુપમાને સુકૂન આપી રહ્યો હતો.

એ જ વખતે અભય, પ્રિયા, વૈભવી, અંજલિ-રાજેશ અને શ્રેયા-અલય દાખલ થયાં. સૌએ વસુમાને ઘેરી લીધાં એટલે અનુપમા બધાંને હમણાં આવું કહીને ત્યાંથી સરકી ગઈ.

અલયના ખભે હાથ મૂકીને સૂર્યકાંતે છલકાતા અવાજમાં કહ્યું:

'આઈ એમ પ્રાઉડ ઑફ યુ.'

જવાબમાં અલયે જે રીતે વસુમા સામે જોયું એ નજરમાં અલયની જિંદગીના અઢી દાયકાનો હિસાબ હતો.

'કાલે સવારે પરણો છો ને?'

એમણે શ્રેયા સામે જોયું.

શ્રેયા અને અલયે એકબીજા સામે જોયું.

કોઈ આગળ કંઈ બોલે એ પહેલાં વસુમાએ શ્રેયા સામે જોયું પછી સૂર્યકાંત તરફ ફર્યા:

'કાલે સવારે આપણે શ્રેયાને ત્યાં જવાનું છે.'

બધાંની નજરમાં એક સવાલ હતો અને શ્રેયાની નજરમાં એક સંતોષ.

'આપણે બાલકૃષ્ણભાઈ પાસે શ્રેયાનું માગું કરવા જવાનું છે.'

વસુમાના એ શબ્દો સાંભળીને શ્રેયાની આંખો છલકાઈ આવી. વસુમાએ ભાર દઈને પોતાના જ શબ્દો ફરી કહ્યા:

'આપણે બન્નેએ જવાનું છે.'

અલય વસુમા સામે જોઈ રહ્યો. શ્રેયા વસુમાને વળગી. આટલાં બધાં હાજર હતાં તેમ છતાં એનાથી એનું ડૂસકું રોકી ન જ શકાયું. ક્યાંય સુધી વસુમાનું સોનેરી રેશમી બ્લાઉઝ આંસુ ઝીલતું રહ્યું...

*

ડોમરૂમની પાર્ટી ફુલ સ્વિંગમાં ચાલતી રહી.

વસુમા અને સૂર્યકાંત થોડી વારમાં ત્યાંથી નીકળીને શ્રીજી વિલા પહોંચ્યાં.

કપડાં બદલીને પલંગમાં આડાં પડેલાં વસુમાએ એક હાથ કોણીએથી વાળીને આંખ પર ગોઠવ્યો હતો. બીજો હાથ એમની બાજુમાં હતો. નાહીને ઝભ્ભો-લેંઘો પહેરીને વસુમાની બાજુમાં સૂતેલા સૂર્યકાંતે હળવે હાથે વસુમાનો હાથ પકડ્યો અને બીજા હાથે એમની હથેળી પંપાળવા માંડી.

પોતપોતાના વિચારોમાં ડૂબેલાં એ બન્ને ક્યાંય સુધી મૌન હતાં. એકમાત્ર સ્પર્શની ભાષા સૂર્યકાંતની આંગળીઓમાં થઈને વસુમાની ત્વચા પર સ્નેહ આલેખી રહી હતી...

'વસુ, શું વિચારે છે ક્યારની?'

કંઈ નહીં, અમસ્તી...'

વસુમાએ આંખ પરથી હાથ હટાવ્યા વિના જવાબ આપ્યો.

'હું જાણું છું, તને ભય લાગે છે.'

સૂર્યકાંતનો અવાજ સ્થિર અને સંયત હતો. વસુમાએ પોતાનો હાથ હટાવીને લગભગ ચોંકીને સૂર્યકાંતની સામે

જોયું.

'હું જાણું છું વસુ, આ અનુભવ સમજાય છે મને! કેટલીય વાર સુધી પાણીની તરસમાં ભટક્યા પછી પાણી મળી જાય તોય એ સોસની અનુભવ સહેલાઈથી જતો નથી...?

'કાંત, એવું નથી, પણ...'

'કશું ન કહીશ.'

સૂર્યકાંત વસુમા તરફ પડખું ફર્યા અને પોતાનો એક હાથ એમના શરીર પર નાખ્યો:

'મારે કોઈ ચર્ચા નથી કરવી આ વિષય પર. હું સમજી શકું છું તારી વાત એટલું જ કહ્યું મેં!'

આ વાતનો કોઈ જવાબ હોઈ જ ન શકે એવું વિચારીને વસુમા છત તરફ શૂન્યમાં તાકતાં રહ્યાં. પછી બન્ને થોડી વાર માટે ફરી ચૂપચાપ પડી રહ્યાં. બન્નેના મનમાં ગૂંથાતાં અને ઉકેલાતા કેટલાય વિચારોના તાણાવાણા જોડાતા અને સંધાતા રહ્યા...

'વસુ, તું જાણે છે, શબ્દો મને બહુ સહજ નથી. મારી વાત કહેતાં નથી આવડતી મને, છતાં આજે હમણાં એક વાત કહેવી છે તને.'

છત તરફ જોઈ રહેલાં વસુમાએ ફરી એક વાર સૂર્યકાંત તરફ જોયું. બોલ્યાં કંઈ નહીં, પણ એમની આંખોમાં સૂર્યકાંતને એમની વાત પૂરી કરવા માટેની વિનંતી હતી.

'હું જેમ મારી મરજીથી ગયો હતો એવી જ રીતે મારી ઇચ્છા અને મરજીથી પાછો ફર્યો છું તારા સુધી, તારા માટે જ!'

થોડીક ક્ષણો મૌન રહી એમણે એક ઊંડો શ્વાસ લીધો:

'પણ એનો અર્થ એવો ક્યારેય નહીં કરતી કે તારે પણ મારા માટે મારા સુધી પાછા ફરવું...'

'એટલે?'

આ વાત થોડી સમજાઈ હતી વસુમાને અને કદાચ એટલે જ એમનો અવાજ સહેજ કંપ્યો.

'એટલે એમ વસુ કે આટલાં વર્ષો દરમિયાન આપણો પ્રવાસ જુદી જુદી દિશામાં થતો રહ્યો છે. એક પત્ની તરીકે મનથી ત્યાં જ ઊભી રહી હોવા છતાં બુદ્ધિથી અને વ્યક્તિ તરીકે તું ઘણી આગળ નીકળી ગઈ છે એવું હું જોઈ શકું છું-અનુભવી શકું છું.'

'કાંત!'

વસુમા બેઠાં થવા ગયાં, પણ સૂર્યકાંતે એમના પર મૂકેલા પોતાના હાથનું વજન સહેજ વધારીને એમને ફરી સુવડાવી દીધાં.

'વસુ, હું પાછો આવ્યો છું એ સાચું, પણ તને બાંધવા નહીં, તને મુક્ત કરવા! તારી પ્રતીક્ષામાંથી, તારી પીડામાંથી અને મારી જાતને મારા ઋણમાંથી મુક્ત કરવા આવ્યો છું.'

એમનો અવાજ સહેજ ભીનો થઈ ગયો:

‘હું જાણું છું, મોડું થઈ ગયું છે. કહેવા માટે બધું એમ જ છે, પણ આ અઢી દાયકામાં ઘણું બદલાયું છે... અને તારા બદલાયેલા વ્યક્તિત્વ માટે મને માન છે, વસુ...’

‘કાંત, તમે ગેરસમજ નહીં કરતા, પણ.?

‘ગેરસમજ?’ સૂર્યકાંતના ચહેરા પર ભીની બપોરના ઉઘાડ જેવું સ્મિત આવ્યું:

‘હજી હવે તો સમજવાનું શરૂ કર્યું છે...’

એમણે આગળ વધીને વસુમાના ચહેરા પર હાથ ફેરવ્યો:

‘હું તને ચાહું છું, વસુ. તું આજે જે છે, જેવી છે એ જ મારા પ્રેમનું, મારી લાગણીનું સત્ય છે, વસુ!’

વસુમાની આંખો ઊભરાઈ ગઈ.

‘જેટલી પળો તારી સાથે ગાળી શકું એ બધી જ મારે માટે, મારા શ્વાસ જેટલી કીમતી અને આ સ્પર્શ જેટલી સત્ય છે. બાકી, તને હું કોઈ બાબતે બાંધીશ નહીં એટલો વિશ્વાસ રાખજે! આ વખતે હું આપવા આવ્યો છું. મારી પાસે જે છે તે અને જેટલું બચ્યું છે એટલું?

એમણે હળવેથી વસુમાની આંખોમાંથી વહી નીકળેલાં બે આંસુ લૂછી નાખ્યાં:

‘તેં આપી દીધું તારા ભાગનું... અપાય એનાથી વધારે! હવે તારાથી સ્વીકારાય એટલું સ્વીકારવાનું. મારા-અમારા તરફથી...

* * *

69

ડોમરૂમની પાર્ટી પૂરી થઈ ત્યારે લગભગ અઢી વાગવા આવ્યા હતા. અલય, શ્રેયા, અભિષેક, લજ્જા અને શૈલેષ સાવલિયા સહિત સાવ અંગત બે-ચાર જણ બીજા હતા. ખૂણાના એક ટેબલ પર માથું મૂકીને હાથ લંબાવીને આડી પડેલી અનુપમા પણ ત્યાં જ હતી.

એની સાડીનો છેડો ખભેથી નીકળીને કારપેટ પર ફેલાઈ ગયો હતો. એના ઓલ્ટર બ્લાઉઝની પાછળ બાંધેલી દોરીઓ ઢીલી થઈ આવી હતી. જેને કારણે બ્લાઉઝનું ગળું સહેજ નીચું ઊતરી ગયું હતું અને શરીરના વળાંકો જરા વધુ સ્પષ્ટ દેખાતા હતા. એના વાળ થોડા ટેબલ પર અને થોડા ટેબલની નીચે ઝૂલતા હતા. એક-બે લટ ચહેરા પર આવીને અડધા ચહેરાને ઢાંકી દેતી હતી.

આંખો અડધી મીંચેલી હતી. એ અત્યારે પણ અત્યંત કામ્ય અને સુંદર દેખાતી હતી.

'અનુ....'

જિંદગીમાં ક્યારેય શરાબને સ્પર્શ સુધ્ધાં ન કરતી આ છોકરી છેલ્લા થોડા વખતથી જાતને શરાબમાં ડુબાડતી થઈ ગઈ હતી. સંજીવ આ જોઈ શકતો હતો, પણ એને રોકવા માટે એની પાસે કોઈ રસ્તો નહોતો.

ઊંઘની ગોળી અથવા શરાબ, એ સિવાય અનુપમા આખી રાત જાગતી બેસી રહેતી... છેલ્લા કેટલાય સમયથી એનું માનસિક સંતુલન ખોરવાઈ રહ્યું હતું એની સંજીવને બરાબર જાણ હતી.

સાઇકિયાટ્રિસ્ટ પાસેથી લાવેલી ગોળીઓ અનુપમાએ વારંવાર ફગાવી દેવા છતાં એના ભુક્કા કરીને દૂધમાં, ખાવામાં કે બીજી ઘણી રીતે એને આપવાનો પ્રયાસ સંજીવ અને મૅરી કરતાં રહેતાં... પણ અનુપમાનું માનસિક સંતુલન દિવસે દિવસે વધુ ને વધુ ખોરવાતું જતું હતું.

ક્યારેક ગુસ્સો કરતી, ચીસો પાડતી, વસ્તુઓ ફેંકતી, લડતી, ઝઘડતી... તો ક્યારેક કલાકો સૂનમૂન બેસી રહેતી... કલાકો સુધી યે કૈસી દીવાનગીનાં વર્કિંગ સ્ટિલ જોતી રહેતી, જેમાં અલય અને એના પોતાના જોડે ફોટોગ્રાફ્સ હોય. પછી હૈયાફાટ રડતી...

એટલું રડતી કે એને સંભાળવી મુશ્કેલ થઈ જતી...

સંજીવને એના સાઇકિયાટ્રિસ્ટે સમજાવ્યું હતું:

'આવા લોકોને મૅનિક ડિપ્રેસિવ કહેવાય. અસંતુલિત વર્તન, મૂડ સ્વિંગ્સ અને વિચિત્ર પ્રકારના ઉતાર-ચઢાવવાળું વર્તન ધરાવતા આવા લોકો સામાન્ય રીતે ખૂબ ઇન્ટેલિજન્ટ પણ હોય છે. એમને તમે કંઈ પણ સમજાવો, એ એટલું જ સમજે જેટલું એને સમજવું હોય...'

અલય માટે બીજા કેટલાય પ્રોડ્યુસર્સની ડેટ આગળ-પાછળ કરીને અનુપમાએ પોતાની તારીખોમાં ફેરબદલ કરી હતી. હવે એ બધા પ્રોડ્યુસર્સ અનુપમા પાસે તારીખો માગી રહ્યા હતા. અનુપમાનો ફોન સામાન્ય રીતે સ્વિચ ઑફ રહેતો થઈ ગયો એટલે આવા લોકોને જવાબ આપતાં આપતાં સંજીવ થાકી-ત્રાસી જતો.

અનુપમાને વારંવાર સમજાવવા છતાં અધૂરી ફિલમો પૂરી કરવા માટે પણ ડેટ આપવા એ તૈયાર નહોતી...

પછી અચાનક કોણ જાણે શું થયું કે ધડાધડ બે શિફ્ટમાં કામ કરવા લાગી... લગભગ બધી ફિલમોનાં શૂટ જાણે કે ધૂન ચડી ગઈ હોય એમ પૂરાં કરવા કટિબદ્ધ થઈ ગઈ.

પરંતુ જૂની અનુપમા જાણે ક્યાંક ગુમ થઈ ગઈ. સેટ પર ગુમસુમ રહેવું, કામ પૂરતી વાત કરવી, ભાગ્યે જ હસવું!

જો કે આજે ઘણા દિવસે અનુપમાના ચહેરા પર સ્મિત રમતું હતું. આખી પાર્ટી દરમિયાન અનુપમા જાણે જુદા જ મૂડમાં હતી. ઘણા દિવસે જૂની અનુપમા પાછી ઝળકી હતી.

સંજીવે મનોમન ઈશ્વરનો આભાર માન્યો હતો અને સિદ્ધિવિનાયકના મંદિરમાં પાંચ કિલો પેંડા ચડાવવાની બાધા પણ લઈ લીધી હતી, પરંતુ અનુપમાએ હાથમાં પહેલું ડ્રિન્ક લીધું એ પછી એ ફરી બદલાઈ ગઈ.

કોઈએ જાણે ધક્કા મારીને એને ઉદાસીની ખાઈમાં ધકેલી હોય એમ વીવીઆઈપીઝ માટે ગોઠવેલાં ટેબલ્સમાંના એક પર બેસીને છેલ્લા કેટલાય કલાકોથી એક પછી એક પેગ લઈ રહેલી અનુપમાને અલયે જોઈ હતી. એટલું જ નહીં, એક-બે વાર જઈને એને કહેવાનો પ્રયત્ન પણ કર્યો હતો.

'અનુ, તને ખબર છે આ તારો કેટલામો પેગ છે?'

'ના, મને નથી ખબર.' અનુપમા હસી હતી:

'તું ગણે છે? એનો અર્થ એમ કે તારું ધ્યાન મારા પર છે...' પછી ઊભી થવા ગઈ પણ એના પગ લથડાયા:

'વાઉ! હજી પણ તું મારું ધ્યાન રાખે છે. વેરી ગુડ!'

'અનુ, પ્લીઝ!' અલયે નજીક બેસવાનો પ્રયત્ન કર્યો હતો:

'અહીં પત્રકારો છે. ઇન્ડસ્ટ્રીના મોટા મોટા માણસો છે. બધા તને જુએ છે, અનુ!'

'તો?' અનુપમાનો અવાજ થર્રાયો હતો:

'હું છું જ જોવાની ચીજ!'

પલળેલા અવાજે એણે કહ્યું હતું: 'નુમાઈશની વસ્તુ, કલેક્શનની આઇટેમ, પ્રદર્શનનો નમૂનો.'

પછી તાળી પાડતી ઊભી થઈ હતી... એનો પાલવ ખભેથી સરકી ગયો હતો. પાલવ પાછો નાખવા નજીક ગયેલા અલયના ગળામાં એણે હાથ પરોવી દીધા હતા:

'એક જ માણસે મને માણસ ગણીને... સ્ત્રી ગણીને સમ્માન આપ્યું. એ આ છે...'

એણે અલય નો એક હાથ પકડીને ઊંચો કર્યો હતો:

'હી ઈઝ ધ મૅન! અ કમ્પ્લિટ મૅન! રિયલ મૅન!' પછી ફરી અલયના ગળામાં હાથ નાખતી એ ઢળી પડી હતી.

થોડે દૂર ઊભેલી શ્રેયા માટે આ દૃશ્ય ખરેખર પીડાદાયક હતું. અત્યારે અનુપમા જે પીડામાંથી પસાર થઈ હતી એ શ્રેયાને સમજાતી હતી. એ અનુભવી શકતી હતી એના તરફડાટને!

પાર્ટીમાં એક ખૂણે ઊભી રહીને કોઈકની સાથે વાત કરી રહેલી પ્રિયાને પણ આ દશ્ય જોઈને ડૂમો ભરાઈ આવ્યો. અનુપમાને આ સ્થિતિમાં જોઈને એને પોતાની પીડા જરા વધુ તીવ્ર થઈને ચૂભી ગઈ.

એ ધીમે રહીને અનુપમા તરફ આગળ વધી. એણે અલયના ગળામાંથી અનુપમાનો હાથ કાઢીને એને સંભાળીને પકડી લીધી અને હળવેથી ખુરશી પર બેસાડી. એ પછી જાત પરનો કાબૂ ગુમાવીને ટેબલ પર ઢળી પડેલી અનુપમા ત્યારની એમ જ હતી.

એક-બે વાર પ્રિયાએ, બે-ત્રણ વાર સંજીવે અને ફરી એક વાર અલયે એને ઊભી કરીને બહાર લઈ જવાનો પ્રયત્ન કર્યો, પણ અનુપાએ દરેક વખતે ઝટકો મારીને જાતને છોડવી અને ક્ષોભજનક અવાજે બોલતી:

'પાર્ટી પૂરી નથી થઈ... નાઈટ ઈઝ સ્ટિલ યંગ...'

અભયે નીકળતી વખતે પ્રિયાને બોલાવી ત્યાં સુધી અનુપમાની ચિંતા કરતી, એનો પાલવ સંભાળતી, એને થોડું ખાવાનો આગ્રહ કરતા પ્રિયા એની સારસંભાળ લેતી રહી. જતી વખતે એણે સંજીવને શોધીને અનુપમાની આસપાસ રહેવાની તાકીદ કરી હતી.

પાર્ટી પૂરી થઈ અને બાકી રહેલા છેલ્લા થોડા લોકો પણ નીકળવા લાગ્યા ત્યારે સંજીવે અલયને કહ્યું:

'ઈફ યુ ડોન્ટ માઇન્ડ, અનુને ગાડી સુધી પહોંચાડીશ?'

'વ્હાય નોટ?'

અલય સડસડાટ અનુપમા સુધી પહોંચ્યો હતો. એણે નજાકતથી અનુપમાનો હાથ પકડીને પોતાના ગળામાં નાખ્યો હતો. પછી એને ઊભી કરવાની કોશિશ કરી, પરંતુ અનુપમા તો જાણે કપડાંની બનેલી ઢીંગલી કે રબર ડૉલ હોય એમ લસ્ત થઈને વારે વારે ઢળી પડતી હતી. એના પગ જાણે રેતીના થર પર હોય એમ વારંવાર સરકી જતા હતા.

થોડી વાર પ્રયત્ન કર્યા પછી અલયે અનુપમાના ગળા નીચે હાથ નાખ્યો અને ઘૂંટણની નીચે બીજો હાથ નાખીને એણે એને આખી ઊંચકી લીધી. એનો પાલવ સંજીવે સરખી રીતે એને ઓઢાડ્યો. એના વાળ અલયના હાથ ઉપર થઈને હવામાં લહેરાતા હતા. રેશમી સાડીનો પાલવ પણ એની સાથે લહેરાઈ રહ્યો હતો. નસામાં ધૂત અનુપમાની આંખો બંધ હતી, પણ એણે બે હાથ લાંબા કરીને ફરી એક વાર અલયના ગળામાં નાખી દીધા.

'આઈ લવ યુ, અલય... આઈ લવ યુ...' અનુપમા જાણે કોઈ મંત્રનો જાપ કરતી હોય એમ એકસરખું બોલી રહી હતી.

અલયની પાછળ આવતી શ્રેયાનું હૃદય દ્રવી ગયું. એ જ ભાવ કદાચ એના ચહેરા પર આવી ગયા હશે એટલે અભિષેકે શ્રેયાની નજીક આવીને એના ખભે હાથ મૂક્યો:

'ટેક ઈટ ઈઝી...'

'મને લાગે છે, અલયને આટલો પ્રેમ તો હું પણ નથી કરી શકી.'

શ્રેયાની આંખોમાં પાણી છલકાઈ ગયું:

'ફના થઈ જશે આ છોકરી... મને એની પરિસ્થિતિ સમજાય છે અને હું કંઈ કરી શકતી નથી.'

અભિષેકે શ્રેયાના ખભે મૂકેલો પોતાનો હાથ સહેજ દબાવ્યો:

'ઈટ'સ ઓકે! બધાં પોતાના ભાગનું સુખ અને દુ:ખ ભોગવતાં હોય છે.'

અનુપમાને ઊંચકીને જઈ રહેલા અલયનું મન અપરાધભાવથી ભરાઈ ગયું હતું. એ પોતાના હાથમાં નાના બાળકની નિર્દોષતા અને વિશ્વાસથી ઝૂલતી અનુપમાને એકીટશે જોઈ રહ્યો હતો.

હે ઈશ્વર! તું જાણે છે હું નિર્દોષ છું. મારી ફરજ અને મારા વચનથી બંધાયેલો છું. આ છોકરીને મારા મોહમાંથી મુક્ત કર.

એણે મનોમન પ્રાર્થના કરી પછી અનુપમાના કપાળ પર ઝૂકીને એક હળવું ચુંબન કરી લીધું.

અભિષેકની પાછળ આવતી લજ્જા હજીય જાણે સપનાની મનોદશામાં હતી. સત્તર વર્ષની એ છોકરી પોતાનાથી અગિયાર વર્ષ મોટા આ સુપરસ્ટારની સાથે ગાળેલી એક સાંજ જાણે પોતાની છાતીના ડાબા ખૂણે સંઘરીને છૂટી પડી રહી હતી.

એકલી, ચૂપચાપ અને અન્યમનસ્ક જેવી ચાલી રહેલી લજ્જાનો અચાનક ખયાલ આવતાં અભિષેક ધીમો પડ્યો.

'મોબાઇલ છે તારી પાસે?' એણે લજ્જાની સાથે ધીમે ધીમે ચાલતાં પૂછ્યું.

'હેં?' લજ્જાને જાણે ઊંઘમાંથી જગાડી હોય એમ એણે વિસ્ફારિત આંખે અભિષેક સામે જોયું.

'મોબાઇલ... મોબાઇલ છે તારી પાસે?'

'હા, હા...' લજ્જાએ પોતાનો ફોન આગળ ધર્યો.

'ફોન નહીં, સ્ટુપિડ! તારો નંબર બોલ!'

અભિષેકના ચહેરા પર રેલાતા સ્મિતમાં લજ્જાએ જાણે પોતાની જાતને ખોઈ નાખી. એને પોતાનો નંબર જ યાદ નહોતો આવતો!

'યુ આર મૅડ.'

અભિષેકે એના હાથમાંથી ફોન લઈ લીધો અને લજાના મોબાઇલ પરથી એ પોતાનો નંબર ડાયલ કરવા લાગ્યો.

ફોન ડાયલ કરવામાં બિઝી થઈ ગયેલા અભિષેકને એ હજુ એ જ નજરે જોઈ રહી હતી.

યસ, આઈ એમ મૅડ! મૅડ ફૉર યુ!

લજ્જા જાણે મનોમન બોલી ઊઠી...

*

અનુપમાને એની કારમાં મૂકીને અલય અને શ્રેયા ઘર તરફ જઈ રહ્યાં હતાં.

અભિષેકે સામેથી ઑફર કરી હતી: 'હું મૂકી દઈશ લજ્જાને.'

અને લજ્જાની આંખોમાં જે તીવ્ર ઇચ્છા હતી અ જોતાં અલય ના નહોતો પાડી શક્યો.

'અહીંથી સીધાં ઘરે જજો અને ઘેર પહોંચીને મને મિસ્ડ કૉલ આપજે.'

શ્રેયા અચાનક કાકી થઈ ગઈ હતી.

'ડોન્ટ વરી, હું વિશ્વાસ કરી શકાય એવો માણસ છું.'

અભિષેક હસ્યો હતો: 'અલય ઓળખે છે મને, બહુ સારી રીતે!'

અને અભિષેકની બેન્ટ લીમાં બાજુની સીટમાં બેસતાં લજ્જાનું રૂંવાડેરૂંવાડું જાણે રોમાંચિત થઈ ગયું હતું.

*

શ્રેયા ચૂપચાપ કાર ડ્રાઇવ કરી રહી હતી. અલયે બે-ત્રણ વાર વાત કરવાનો પ્રયત્ન કર્યો, પણ શ્રેયા જાણે કશામાં ખોવાયેલી હતી.

અલયે એના ખભાની આસપાસ હાથ લપેટીને એને હચમચાવી નાખી:

'ઓ મૅડમ! ક્યાં ખોવાયેલાં છો?'

'હેં?' શ્રેયાએ ડોકું ફેરવીને અલય સામે જોયું.

મુંબઈના રસ્તાઓ શાંત થઈ ગયા હતા. એકલદોકલ ટૅક્સી કે પસાર થતી ગાડી સિવાય કોઈ ટ્રાફિક નહોતો. દિવસે એકબીજાને અડી જાય એટલી નજીક ચાલતી ગાડીઓની હારમાળા જે રસ્તાને ભરી દેતી એ રસ્તાઓ અત્યારે વિશાળ અને પહોળા લાગતા હતા. સ્ટ્રીટલાઇટનો સ્પીલ થતો પ્રકાશ આસ્ફાલ્ટના રસ્તા પર ચકરડાં પાડતો ઊંઘરેટો થઈને ઊભો હતો.

બંધ દુકાનો, અંધારાં મકાનો અને રસ્તાઓ પર સૂતેલા લોકો સતત જાગતા-ભાગતા આ શહેરને જાણે ઊંઘરેટું કરી રહ્યા હતા...

'અલય...' શ્રેયા અલય તરફ ફરી.

'આ અનુપમાનું શું થશે?'

'ચક્રમ છે.'

અલય હસ્યો પછી એણે પોતાના વાળમાં આંગળીઓ ફેરવી. સીટને પાછળ પુશબૅક કરી અને લંબાવી દીધું:

'ઠીક થઈ જશે.'

'તું માને છે એટલું સહેલું નથી. એને એમ છોડી દેવાથી...'

'જો, શ્રેયા.'

શ્રેયાના અવાજની ગંભીરતાનો પડઘો પાડતો હોય એમ અલય નો અવાજ પણ ગંભીર થઈ ગયો:

'હું એમાં કંઈ કરી શકું એમ નથી.'

'તો પણ...'

'તો પણ શું, શ્રેયા? જે પરિસ્થિતિ આપણા હાથમાં જ ન હોય એ પરિસ્થિતિ વિશે આકળવિકળ થઈને શું થઈ શકે?'

'આમ ને આમ ચાલશે તો એ છોકરી...'

'મરી જશે?'

અલય ઝટકાથી બેઠો થઈ ગયો. એના અવાજમાં ચીડ હતી. થોડો ગુસ્સો, થોડી અકળામણ...

'તો શું કરું હું? બહુ સમજાવી હતી મેં. મારાથી દૂર રાખવાના બધા પ્રયત્ન કર્યા. તેમ છતાં એણે...'

એણે બે હથેળીમાં ચહેરો ઢાંકીને માથું ધુણાવ્યું:

'મને ગિલ્ટ નહીં આપ... મારો કોઈ વાંક નથી. મેં એને છેતરી નથી. ઊલટાની એણે મને...'

એ વાક્ય પૂરું કર્યા વગર અલય બારીની બહાર સડસડાટ પસાર થતાં મકાન અને રસ્તો જોવા લાગ્યો.

ગિયર પરથી હાથ હટાવીને શ્રેયાએ અલયનો હાથ પકડ્યો:

'ગિલ્ટ નથી આપતી, અલય.'

એની નજર સામે રસ્તા પર હતી.

'માત્ર સવાલ પૂછું છું - તને અને મારી જાતને.'

'નહીં પૂછ. એ એકમાંથી કેટલાય સવાલ ઊભા થશે.'

શ્રેયા સામે જોયું ને અલયે ફરી લસ્ત થઈને શરીર લંબાવી દીધું:

'ભાગેડુ કહે તો ભાગેડુ, ડરપોક કહે તો ડરપોક, પણ મારે આ સવાલ નથી સાંભળવો...'

'અલય, હું સ્ત્રી છું અને તારું આ વર્તન આમ તો મને ફાવતું અને અનુકૂળ આવતું વર્તન છે, પણ એક વાત તને કહેવી છે મારે. કોઈ પણ પરિસ્થિતિમાં પ્રવેશીએ ત્યારે ઊભા થનારા સવાલો વિશે વિચારી લેવું જોઈએ.' પછી સહેજ અટકીને એણે ઉમેર્યું:

'આ વાત વસુમાએ જ કહી છે એટલે મારાથી વધારે તો તને ખબર હોવી જોઈએ.'

'જો શ્રેયા, આજે મારી ફિલ્મ રિલીઝ થઈ છે. હું ખૂબ સુખી છું અને અમુક વસ્તુઓમાં પડવાની મને ઇચ્છા નથી. મારે માટે આ ચર્ચા અર્થહીન છે. અનુપમા નાની બાળકી નહોતી. મેં એને ભોળવી નથી અને મેં નહોતું વિચાર્યું એ પરિસ્થિતિ વિશે તો એણે વિચારવું જોઈતું હતું... હવે એની ચર્ચા કરીને શું મળવાનું છે?'

પછી એણે પોતાનું ડોકું શ્રેયા પર ઢાળી દીધું:

'મને અત્યારે તારી સાથેનાં લગ્ન સિવાય કોઈ વિચાર નથી આવતો.'

એણે શ્રેયાના કાનની બૂટ પર હળવું બચકું ભર્યું:

'મારી મા કાલે બાલકૃષ્ણ ઠક્કરને મળે તો સાંજના છેડે તને પરણીને ઘેર લઈ આવું હું...'

'અલય, આટલાં બધાં વિઘ્ન ભાગ્યે જ કોઈનાં લગ્નમાં આવ્યાં હશે! મને પણ તારી સાથે આવતી કાલે પરણી જવું છે.'

પછી એક ઊંડો નિશ્વાસ નાખ્યો:

'આપણાં લગ્નની અનુપમા પર શું અસર થશે એ વિચારતાં ધ્રૂજી જાઉં છું.'

અલય પણ આ વાત સાંભળીને જરા ગંભીર થઈ ગયો. એ સમજતો હતો આ વાક્યની સચ્ચાઈને, પણ કદાચ એને એ સ્વીકારવા નહોતો માગતો...

*

વસુમા અને સૂર્યકાંતને દરવાજે આવીને ઊભેલાં જોઈને બાલકૃષ્ણ ઠક્કરને નવાઈ ન લાગી, પણ સહેજ આઘાત જરૂર લાગ્યો.

એમણે ક્યારેય નહોતું ધાર્યું કે સૂર્યકાંત અને વસુમા આવી રીતે એમના દરવાજે આવીને ઊભાં રહેશે.

'આવો.'

હવે એમને એક સદ્‌ગૃહસ્થ તરીકે વર્ત્યા વિના છૂટકો નહોતો.

'અમે તો લઈ જવા માટે આવ્યાં છીએ.'

સૂર્યકાંતે અંદર દાખલ થવા જતાં વસુમાનો હાથ પકડી લીધો:

'જે માગવા આવ્યાં છીએ એ આપવાનું વચન આપો તો જ અંદર આવીએ. બાકી બારણેથી પાછાં ફરી જઈએ.'

વસુમાએ આશ્ચર્યચકિત થઈને સૂર્યકાંતની સામે જોયું. એમને વિશ્વાસ હતો કે સૂર્યકાંત આ પરિસ્થિતિને કુનેહપૂર્વક સંભાળી લેશે, પરંતુ એ આટલી જલદી અને આટલો હોશિયારીથી ઘા કરશે એવી એમને કલ્પના પણ નહોતી.

'શું માગો છો એ જાણ્યા વિના હા તો કેમ પડાય?'

બાલકૃષ્ણ ઠક્કર ફિક્કા પડી ગયા. આ એમણે કહેવા ખાતર કહ્યું, પરંતુ એમને ખબર હતી કે સૂર્યકાંત શું માગે છે અને એમણે શું આપવાનું છે...

'ઠક્કરસાહેબ, તમારા ઘરમાં આપવા જેવું એક જ રતન છે, જે માગવા અમે તમારા દરવાજે આવીને ઊભાં છીએ.'

સૂર્યકાંતે બે હાથ જોડ્યા:

'છોકરાવાળા છીએ તોયે હાથ જોડીને તમારી દીકરી માગીએ છીએ.'

'અરે, અંદર તો આવો, શાંતિથી વાત કરીએ.'

બાલકૃષ્ણ ઠક્કર આ અણધાર્યા આક્રમણથી બઘવાઈ ગયા હતા અને વસુમાને સૂર્યકાંત પર વારી જવાનું મન થઈ ગયું. એમણે ધાર્યું હતું કે ઠક્કરસાહેબ એમને વિનંતીની પરિસ્થિતિમાં મૂકશે, એમને સમજાવવા પડશે, મનાવવા પડશે અને એ બધા માટે એ માનસિક રીતે તૈયાર થઈને આવ્યાં હતાં. આજે કોઈ પણ હિસાબે અલયનાં લગ્નની હા પડાવીને જ જવું એવું નક્કી કરીને આવ્યાં હતાં એ, પરંતુ સૂર્યકાંત આવી અણધારી ચાલ ચાલીને ઠક્કરસાહેબને નરમ ઘેંસ જેવા કરી નાખશે એવી એમને કલ્પના પણ નહોતી.

'ભાઈ, અમે જે માગવા આવ્યાં છીએ એ મળવાનું જ ન હોય તો શાંતિથી બેસીને બીજી કઈ વાત કરવાની? તમે હા પાડો તો ઉંબરો ઓળંગીએ. બાકી, જો પાછાં વળવાનું જ હોય તો અહીંથી જ વળી જઈએ.'

'તમે તો જાણી છો, અલય...'

'અમે તો જાણીએ જ છીએ.'

સૂર્યકાંતે હજી હાથ જોડી જ રાખ્યા હતા:

'અલય સફળ થઈ ગયો છે. એની ફિલમ અત્યારે ટિકિટબારી પર ટંકશાળ પાડે છે અને એવું પણ સમજીએ છીએ કે આજની તારીખે એક કહેતાં એકવીસ કન્યા મળે મારા દીકરાને...'

એમણે વસુમા સામે જોઈને સ્મિત કર્યું:

'પણ શું કરીએ, મા-દીકરો તમારી દીકરીમાં મોહી ગયાં છે.'

'સિનેમા-નાટકના ધંધામાં...'

'હવે તો બહુ પ્રસિદ્ધિ છે ને પૈસા પણ... તમે તો જાણી જ છો' આજકાલ સિનેમાના સ્ટાર્સ મોટા મોટા ઉદ્યોગપતિઓ કરતાં વધારે કમાય છે ને પ્રસિદ્ધિ વધારામાં.'

એમણે ફરી પાછું સ્મિત કર્યું:

'તમારા ઓળખીતા-પાળખીતા અને સગાંવહાલાં પણ વાંચતાં હશેને મારા દીકરા વિશે!'

'આમ તો મેં પણ વાંચ્યું છે. હું જાણું છું કે અલય બહુ ઓછા સમયમાં ભલભલાને ના મળે એવી પ્રસિદ્ધિ પામ્યો છે, સફળ છે, પણ ભાઈ, તમે તો જાણો છો તમારો ભૂતકાળ...'

વસુમાને પગથી માથા સુધી જાણે વીજળીનો આંચકો લાગ્યો હોય એવી લાગણી થઈ. આટલા સમ્માનથી અને સારી રીતે વાત કરતા સૂર્યકાંતને બાલકૃષ્ણ ઠક્કર આવો જવાબ આપશે એવું એમણે ધાર્યું નહોતું.

સૂર્યકાંતના ચહેરા પર એક ક્ષણ માટે ઝાંખપની વાદળી આવી અને વિખરાઈ ગઈ:

'એમાં એવું છે ને ભાઈ, કે ભૂલ તો બધા કરે અને માણસે પોતાની ભૂલમાંથી જ શીખવાનું હોય. હું મારી ભૂલમાંથી એ શીખ્યો કે છોકરાઓને સમયસર એમનો વારસો આપી દેવો અને મનગમતું કામ કરવા દેવું.'

પછી વસુમાના ખભે હાથ મૂકીને એમને જાણે સધિયારો આપતા હોય એમ ખભો થપથપાવ્યો:

'અને સાચું પૂછો તો તમારા જેવા બુદ્ધિશાળી માણસે તો છેલ્લે શું થયું એ વિચારવું જોઈએ. અમેરિકામાં મારી મિલકત અને વ્યાપાર વિશે ખબર કઢાવી જ હશે તમે... મેં અલયને એનો ભાગ આપી દીધો છે.'

અને પછી જાણે કાળીનો એક્કો ઊતરતા હોય એમ ઉમેર્યું:

'શ્રેયા અને અલયનાં લગ્ન થશે તો મારી મિલકતનો એ ભાગ શ્રેયાના નામે કરવાની ઇચ્છા છે મારી.'

વસુમા તો અર્ધદગ્ધ થઈને પોતાના પતિની આ કુનેહ પર વારી વારી જતાં હતાં.

'શું છે કે હું તમારી જગ્યાએ હોઉં તો હું પણ આવું જ વિચારું.

સૂર્યકાંત હજીય એક પછી એક પત્તાં ઊતરી રહ્યા હતા:

'મારે પણ દીકરી છે ભાઈ, એક નહીં, બબ્બે... અને શ્રેયા પણ આમ તો મારી દીકરી વધારે ને વહુ ઓછી છે.'

પછી હસીને છેલ્લું વાક્ય કહેતા હોય એમ કહ્યું:

'હું બરાબર કહું છું ને? મારી વહુ ખરી કે નહીં?'

'હેં...'

બાલકૃષ્ણ ઠક્કર પાસે શબ્દો નહોતા. એ આંખો ફાડીને, મોઢું ઉઘાડીને આ માણસે બિછાવેલી ચેસની રમત પર ચેકમેટ થઈ ગયા હતા.

એમણે હવે વધુ ચર્ચામાં ઊતર્યા વિના હથિયાર નાખી દીધાં:

'અંદર આવો તો ખરા... આપણે વાત કરીએ.'

'આ બધી વાત કર્યા પછી તમે અંદર આવવાનું કહો છો એનો અર્થ એમ કે તમે આ સંબંધ માટે સંમતિ આપો છો, બરાબર?'

વસુમાએ સૂર્યકાંતની સામે જોયું. એમની નજરમાં ઢગલાબંધ શાબાશી અને વહાલ હતાં.

'તમે ક્યાં મારા માટે બોલવાની કોઈ જગ્યા જ રહેવા દીધી છે?'

હવે બાલકૃષ્ણ ઠક્કરને માથું ઝુકાવ્યા વિના છૂટકો નહોતો:

'અંદર તો પધારો, આમ ઉંબરે ઊભાં રહીને માગું કરાય?'

સૂર્યકાંતે કોલ્હાપુરી ચંપલ ઉંબરાની આ તરફ ઉતાર્યાં અને ઉંબરો ઓળંગીને પગ મૂકતાં ઉમેર્યું:

'લગ્ન આજે જ થશે. ગોધૂલિ વેળાએ.'

'તમે બધું નક્કી કરીને આવ્યાં હો તો પછી મારે શું કરવાનું?'

'સૌથી મોટું કામ તો તમારે કરવાનું.'

સૂર્યકાંતે સોફામાં ગોઠવાતાં કહ્યું:

'કન્યાદાન!'

'ભાઈ, તમે તો મને હરાવી દીધો.'

'દીકરીના બાપ છો, તમારા ઘરની લક્ષ્મી અમને આપીને તમે હારીનેય જીત્યા જ છો.'

સૂર્યકાંતે ઊભા થઈને ફરી હાથ જોડ્યા:

'શ્રેયા જેવી દીકરી જે કુળમાં જાય એમાં અજવાસ જ પાથરે. તમારા ઘરના દીવાને અમે અમારા કુળમાં દીવો કરવા માટે માગીએ છીએ.'

આટલું બોલતાં બોલતાં તો સૂર્યકાંતની આંખો ભરાઈ આવી અને બાલકૃષ્ણ ઠક્કર આગળ વધીને સૂર્યકાંતને ભેટી પડ્યા.

વસુમાએ પણ આંખના ખૂણે આવેલાં બે આંસુ લૂછી લીધાં એ જ વખતે અંદરથી ટ્રેમાં મીઠાઈ લઈને બહાર આવતી શ્રેયા સામે જોઈને ઠક્કરસાહેબને ભેટીને ઊભેલા સૂર્યકાંતે આંખ મીંચકારી.

ભીની આંખે ટ્રે લઈને આવતી શ્રેયા હસી પડી.

*

સૂર્યકાંત અને વસુમા ઘેર પહોંચ્યાં ત્યારે અલય મુંબઈનાં થિયેટર્સમાં ફરીને આવી ગયો હતો. એનો ઉત્સાહ સમાતો નહોતો. એ ઘરના સોફા પર લાંબો થઈને મોબાઇલ પર કોઈની સાથે વાત કરતો હતો. સૂર્યકાંત અને વસુમાને દાખલ થતાં જોઈને એ દોડ્યો:

'મા, મારી ફિલમ સુપર હિટ છે. ટિકિટબારીના આંકડા અને જાણકારોની ભવિષ્યવાણી મારી ફિલમને દાયકાની હિટ ફિલ્મોમાં મૂકે છે.'

'સરસ.' વસુમાએ અલયના ગાલ પર હાથ ફેરવ્યો:

'અમે શ્રેયાના પપ્પા પાસે ગયાં હતાં.'

અલય નજરમાં પ્રશ્નાર્થ લઈને વસુમાની સામે જોઈ રહ્યો હતો. આ સમાચાર સૂર્યકાંત આપે એવી ઇચ્છાથી વસુમાએ સૂર્યકાંતની સામે જોયું, પણ સૂર્યકાંત નિર્લેપભાવે વસુમાની સામે જ જોઈ રહ્યા હતા.

'તારા બાપુ તો આજે સાંજનાં લગન નક્કી કરીને આવ્યા છે.'

આ સાંભળીને અલય આગળ વધીને સૂર્યકાંતને પગે લાગ્યો. સૂર્યકાંતે એને વાંકો વળવા જ ન દીધો. પકડીને છાતીસરસો ચાંપી દીધો.

*

બાલકૃષ્ણ ઠક્કરે ઘણી દલીલો કરી જોઈ, મુહૂર્ત કઢાવવાથી શરૂ કરીને ધામધૂમથી લગ્ન કરવાની પોતાની ઇચ્છા સુધી બધાં જ બહાનાં કાઢી જોયાં, પણ શ્રેયાએ દરેકના જવાબ આપીને એમની દલીલો બુઠ્ઠી કરી નાખી.

ડબલ પૈસા આપીને સાંજના છેડે કૂપર હૉસ્પિટલની સામે બી.જે.હૉલનો એક પ્રાઇવેટ ભાગ બુક થઈ ગયો. મુંબઈના શ્રેષ્ઠ ફ્લોરિસ્ટ અને કેટરરને ફોન થઈ ગયા. અંજલિ અને રાજેશથી શરૂ કરીને બધા જ નજીકના લોકોને આમંત્રણ પહોંચી ગયાં...

કામે લાગેલા ઘરના તમામ લોકોએ ગણતરીના કલાકોમાં આ બધું આટોપીને લગ્નની પૂરેપૂરી તૈયારી કરી નાખી.

શ્રેયા અરીસામાં જોઈને તૈયાર થઈ રહી હતી. છેલ્લાં કેટલાંય વર્ષોથી જે સપનું એણે ઊંઘતાં અને જાગતાં જોયું હતું એ સપનું સાચું પડવાને હવે થોડીક મિનિટોની જ વાર હતી. શ્રેયાની સાથે બ્યૂટી પાર્લરમાં જવા તૈયાર થવા ગયેલી લજ્જા પણ અલય ચાચુનાં લગ્ન વિશે સખત એક્સાઇટેડ હતી.

વચ્ચે વચ્ચે એ એસએમએસ પર કોઈની સાથે વાત કરી રહી હતી. સતત આવતા અને જતા એસએમએસનાં બીપ સાંભળીને શ્રેયાએ એક વડીલ કાકીની અદાથી એને કહ્યું:

'કેમ, અભિષેકને શૂટ નથી આજે?'

લજ્જા શરમાઈને ત્યાંથી બહાર સરકી ગઈ.

પૂરેપૂરી તૈયાર થઈને શ્રેયાએ અરીસામાં પોતાની જાતને જોઈ પછી એ પોતે જ પોતાની જાત પર મુગ્ધ થઈ ગઈ. લાલ બોર્ડરની સફેદ સાડી એને વસુમાએ આપતાં કહ્યું હતું:

'આ મને મારા સસરાએ આપેલી.'

ચૂડો, કપાળ પર કાઢેલી પીર, સાડી પર ઓઢેલી ચૂંદડી... શ્રેયા પોતાની જાતને નીરખી નીરખીને જોઈ રહી હતી. બરાબર એ જ સમયે શ્રેયાનો સેલ ફોન રણક્યો.

'અનુપમા બોલું છું.'

* * *

70

અનુપમા બોલું છું...

ચૂડો, કપાળ પર કાઢેલી પીર, સાડી પર ઓઢેલી ચૂંદડી... શ્રેયા પોતાની જાતને નીરખી નીરખીને જોઈ રહી હતી. બરાબર એ જ સમયે શ્રેયાની સેલ ફોન રણક્યો હતો.

'અનુપમા બોલું છું...'

આ સાંભળીને શ્રેયાને સહેજ થડકારો થયો હતો.

આમ અચાનક અનુપમા...

શ્રેયાએ હિંમત રાખીને પૂછ્યું:

'બોલ...'

'તું લગ્ન કરે છે?'

શ્રેયા જરા ગૂંચવાઈ:

હા કહેવી કે ના? કોણ જાણે એના મનમાં શું હશે? કંઈ આડુંઅવળું તો નહીં કરે ને?

આટઆટલાં વિઘ્નો પછી માંડ માંડ બધું ઠેકાણે પડ્યું હતું. શ્રેયા નહોતી ઇચ્છતી કે હવે આ લગ્નમાં કોઈ વિઘ્ન આવે. એ ચૂપ રહી.

એણે જવાબ ન આપ્યો એટલે અનુપમા બોલી:

'શ્રેયા, હું ક્યારેય તારું ખરાબ ન ઇચ્છું. તું સુખી થાય અને અલય સાથે શાંતિથી રહે એવી જ મારી શુભેચ્છા હોય...'

'જાણું છું.' શ્રેયા મહામુશ્કેલીથી આટલું જ કહી શકી.

'શ્રેયા, તું તો જાણે છે, હું અલયને કેટલો ચાહું છું...' પછી એ થોડી વાર ચૂપ રહી.

શ્રેયાનું હૃદય ધકધક કરવા લાગ્યું:

હે ભગવાન! આ કોઈ નવો ફણગો ન ફોડે તો સારું.

'શ્રેયા, મને એક વચન આપ...'

અનુપમાનો અવાજ કરગરતો હતો:

'તું અલય ને આવતા જનમમાં છોડી દઈશ ને?'

'અનુપમા...!'

અનુપમાના અવાજમાં નાના બાળક જેવી કોમળતા અને ભીનાશ હતી. એના અવાજમાં અજબ જેવી સચ્ચાઈનો રણકો હતો:

'હું આ જનમમાં તમને ડિસ્ટર્બ નહીં કરું. તું એને પહેલાં મળી છે. તેં એની રાહ જોઈ છે... એટલે આ જનમમાં એ તારો, પણ આવતે જનમે તું એને નહીં મળે ને?'

'અનુપમા, પ્લીઝ...?

'શ્રેયા, હું પણ તને પ્લીઝ કહું છું, વિનવું છું... એક વાર હા પાડી દે... એક વાર કહી દે કે તું આવતે જનમે અલયને નહીં મળે.'

પછી એણે સાવ ધીમા અવાજે ઉમેર્યું:

'એટલે હું નિરાંતે જાઉં.'

'જાઉં?' શ્રેયાનો અવાજ ફાટી ગયો:

'જાઉં એટલે ક્યાં જાઉં? શું કર્યું છે તે, અનુપમા?'

'કંઈ નહીં...' અનુપમાના સ્વરમાં એકદમ નાની બાળકી જેવી સહજતા હતી:

'મેં કંઈ નથી કર્યું.'

'તું ઠીક તો છે ને, અનુપમા?'

'હેં? હા... હા ઠીક છું... બસ, થાકી ગઈ છું.'

શ્રેયાને લાગ્યું કે એનો અવાજ લથડતો હતો.

'સંજીવ છે? એને ફોન આપ.' શ્રેયાએ લગભગ વઢતી હોય એમ કહ્યું.

'સંજીવ તો નથી.' અનુપમાનો અવાજ ધીરે ધીરે ધીમો થતો જતો હતો:

ચાલ, હવે હું ઊંઘી જાઉં છું... તારું લગ્નજીવન ખૂબ સુખ અને સમૃદ્ધિમાં વીતે.' એનું ગળું ભરાઈ આવ્યું:

'મારા અને તારા બન્નેના ભાગનો પ્રેમ તને જ મળે...'

'અનુ... અનુ, તું સાંભળે છે?'

'હં? હા, સાંભળું છું.'

'તું ઘરે છે?'

'હા. મને બહુ ઊંઘ આવે છે...'

અનુનો અવાજ સાચે જ ઊંઘરેટો થતો જતો હતો:

‘હું ઊંઘી જાઉં છું.’

ફોન અચાનક ડિસકનેક્ટ થઈ ગયો.

શ્રેયાને ગભરામણ થઈ ગઈ. અચાનક એના ગળામાં સોસ પડવા લાગ્યો. કપાળ પર પરસેવાનાં ટીપાં ફૂટી નીકળ્યાં. હાથ-પગ જાણે ઠંડા પડવા લાગ્યા:

હે ભગવાન, આ છોકરીએ શું કર્યું હશે?

એને હજી ગઈ કાલે રાતે જ અલય સાથે થયેલી પોતાની વાત યાદ આવી.

એણે સંજીવને ફોન લગાડ્યો:

‘સંજીવ... ક્યાં છો તમે?’

‘ઘરે છું, કેમ?’

‘અનુનો ફોન હતો.’

શ્રેયાનો અવાજ સાંભળીને સંજીવને પણ ભય લાગ્યો.

‘એને ઠીક નથી લાગતું, સંજીવ...’

‘શું થયું? એણે કંઈ કહ્યું? કંઈ બોલી?’

‘ના... એણે કહ્યું, ઊંઘ આવે છે... અને...’

સંજીવને એ સમજાવી ન શકી કે પોતાને કઈ વાતની ચિંતા થાય છે, પણ એની છઠ્ઠી ઇન્દ્રિય એને રહી રહીને કહી રહી હતી કે ક્યાંક કશુંક ખોટું થઈ રહ્યું છે.

‘ઓકે...’ સંજીવ એની વાત સમજ્યો હોય એમ એણે કહ્યું:

‘હું જાઉં છું.’ પછી ઉમેર્યું: ‘જે હશે તે જણાવીશ. ચિંતા નહીં કરતાં.’

શ્રેયાને આટલી બધી અપસેટ જોઈને લજ્જાથી ન રહેવાયું એટલે એણે ધીમેથી શ્રેયાને પૂછ્યું:

‘કાકી, અનુ ઠીક છે? હું અભિને ફોન કરું?’

‘અભિ?’

શ્રેયાના ચહેરા પર આ પરિસ્થિતિમાં પણ સ્મિત આવી ગયું:

‘એનું નામ અભિષેક છે.’

‘ખબર છે.’ લજ્જાના ગાલ લાલ થઈ ગયા.

‘લજ્જુ, અભિ સારો છોકરો છે એની ના નહીં, કુટુંબ સારું અને એ મોટો સ્ટાર છે... કોઈ પણ મા-બાપને

પોતાની દીકરી માટે આનાથી વધારે શું જોઈએ?'

પછી ઊઠીને લજ્જાની નજીક આવી. એના ખભે હાથ મૂકીને ખૂબ સમજદારીથી અને વહાલથી કહ્યું:

'બેટા, કોઈ પણ પરિસ્થિતિમાં ઝંપલાવી દેતાં પહેલાં થોડો સમય લે.'

ડહોળાયેલું પાણી થોડું ચોખ્ખું થાય તો જ તળિયે શું છે એ દેખાય... ઊભરો આવે ત્યારે તો દૂધ સપાટી સુધી દેખાય, પણ ઊભરો બેસે ત્યારે જ ખબર પડે કે ખરેખર કેટલું દૂધ છે...'

'કાકી, હું સમજું છું આ વાત! હું એવું કંઈ નહીં કરું, જેનાથી તમને કોઈને તકલીફ થાય.'

'અમને તકલીફ થાય એ તો હજીય ચાલે, માય સ્વીટી. તને તકલીફ થાય એ અમારાથી સહન નહીં થાય.'

'કાકી, તમને શું લાગે છે, હું એટલો વિચાર નહીં કરું?'

પછી ઊંડો નિ:શ્વાસ નાખીને ઉમેર્યું:

'અનુની હાલત દેખાય છે મને. મારે એટલા દુ:ખી નથી થવું, પણ એક વાત મારે કહેવી છે તમને. મને જ્યારે જ્યાં જરૂર પડશે ત્યાં તમે મારી સાથે રહેશો ને?'

લજ્જાને આટલી લાગણીશીલ શ્રેયાએ પહેલાં ક્યારેય નહોતી જોઈ. હવામાં ઊડતી ફરતી આ છોકરી આટલી નાની ઉંમરે આટલી સમજદાર હશે એવો એણે અણસાર સુધ્ધાં નહોતો આપ્યો ક્યારેય.

'તમને શું લાગે છે કાકી, હું નથી જોઈ શકતી મારાં મમ્મી-ડૅડી વચ્ચેનો સ્ટ્રેસ? પ્રિયા...'

એણે એક ક્ષણ માટે શ્વાસ લીધો અને વિચાર્યું કે શું સંબોધન કરવું જોઈએ? પછી ધીમેથી ઉમેર્યું:

'પ્રિયા દીદી સાથે જે કંઈ થયું એ બરોબર તો નથી જ થયું ને, કાકી?'

'બેટા...'

શ્રેયા એની સામે જોઈ રહી. આપણે ગમે તે માનીએ, બાળકો પાસે પરિસ્થિતિ સમજવાની એમની પોતાની દૃષ્ટિ હોય છે અને એ દરેક પરિસ્થિતિને પોતાની રીતે મૂલવીને એમાંથી પોતાને સમજાય એવો અર્થ કાઢી જ લેતાં હોય છે.

'કાકી, હું અભિષેકના પ્રેમમાં નથી પડી ગઈ.'

લજ્જા એકદમ સ્થિર-અપલક નજરે શ્રેયાની આંખોમાં જોઈ રહી હતી:

'એ મને ગમે છે... હું મળી એ પહેલાં પણ ગમતો હતો, પરંતુ મળી એ પછી થોડો વધારે ગમે છે.'

એણે ખભા ઉલાળ્યા:

'ધૅટ્સ ઈટ!'

'બેટા, મને એની સામે કોઈ પ્રોબ્લેમ નથી - હોઈ શકે જ નહીં, પણ એ બહુ મોટો ફિલ્મસ્ટાર છે... તારાથી

ઉંમરમાં ઘણો મોટો...'

'પણ હું આટલું બધું વિચારતી જ નથી, કાકી! તમે શું કામ કંઈ પણ ધારી લો છો? કોઈ પણ રિલેશનશિપ ક્યાંક પહોંચવી જ જોઈએ એવું શું કામ? સંબંધ માત્ર હોવા ખાતર ન હોઈ શકે?'

શ્રેયા વિસ્ફારિત આંખે એની સામે જોઈ રહી. આ નવી પેઢી હતી. નવું વિચારતી. સંબંધોની નવી વ્યાખ્યા ધરાવતી પેઢી!

'બસ દીકરા, બસ... હું સમજી ગઈ તારી વાત.' એણે સ્મિત કર્યું અને એના ખભે મૂકેલા હાથથી શ્રેયાએ એને નજીક ખેંચી પછી એના બે ગાલ પર બે હાથ મૂક્યા:

'આઈ એમ પ્રાઉડ ઑફ યુ.'

એ જ વખતે બ્યૂટી પાર્લરવાળી છોકરી અંદર આવી:

'મૅમ, તમને લેવા ગાડી આવી છે.'

શ્રેયા અને લજ્જા બન્ને ઝડપથી બહાર નીકળી ગયાં. વૈભવી એમને લેવા આવી હતી.

ગાડીમાં શ્રેયા ખાસ કંઈ બોલી નહીં, પણ એના મનમાં અનુપમા અને લજ્જાની બે સાવ વિરોધાભાસી વાત અને વિચારો સામસામાં અથડાતાં રહ્યાં...

*

અલય પોતાના રૂમમાં ઊભો રહીને અરીસા સામે જોતો હતો.

અરીસામાં દેખાતું એનું પ્રતિબિંબ એની આંખમાં આંખ નાખીને જાણે એને પૂછતું હતું:

લગ્ન કરવા જાય છે?

'હા.'

અરીસાની આ પારથી અલયે જાણે જવાબ આપ્યો.

'છેલ્લાં કેટલાંય વર્ષથી બંધ આંખે જે સપનું જોતો રહ્યો એ આજે ઉઘાડી આંખે અનુભવીશ...'

એણે પોતાના રૂમમાં નજર ફેરવી. સામાન્ય રીતે વીખરાયેલો રહેતો આ ઓરડો હજી પણ એ જ સ્થિતિમાં હતો. અહીંતહીં વેરાયેલાં પુસ્તકો, મ્યુઝિક સિસ્ટમની આસપાસ વીખરાયેલી સીડી, રાઇટિંગ ટેબલ પર કાગળોના થપ્પા અને ઢગલો કપડાં...

'આજથી આ ઓરડામાં શ્રેયા પણ હશે.'

એણે અરીસાની આ પારથી કહ્યું:

'ગઈ કાલ સુધી નિર્જીવ લાગતો આ ઓરડો આજ રાતથી ધબકી ઊઠશે. ગઈ કાલ સુધી જે ઓરડામાં એને યાદ કરતાં પડખાં બદલ્યાં છે એ ઓરડામાં આજથી એ મારા પડખામાં હશે...'

એના ચહેરા પર સ્થિત આવી ગયું.

સફેદ લખનવી ઝભ્ભો અને ચૂડીદારમાં સજ્જ અલય ઉદય થડકારો ચૂકી જાય એટલો હેન્ડસમ લાગતો હતો. વ્યવસ્થિત ઓળેલા વાળ અને જસ્ટ શેવ કરેલો એનો ચહેરો ચમકી રહ્યો હતો. ફિલમની રિલીઝનો સંતોષ અને મોડે સુધી લીધેલી ઊંઘને કારણે ચહેરા પર એક તાજગી ઉમેરાઈ હતી.

અલય ... અરીસાની અંદર એના પ્રતિબિંબે એને પૂછ્યું:

અનુપમાનો કંઈ વિચાર નથી આવતો તને?

'શું વિચાર કરું?' અરીસાની આ પારથી અલયે ઊંડો નિશ્વાસ નાખ્યો: 'જે થયું તે ન થયું હોત તો સારું થાત-માનું છું હું, પણ દરેક વખતે, દરેક પરિસ્થિતિ માણસના પોતાના હાથમાં નથી રહેતી...'

પછી એણે જરા ઉગ્ર થઈને દલીલ કરી:

'મેં સમજાવી હતી એને. એની જીદ અને એના હઠાગ્રહને હું કેવી રીતે...'

'અચ્છા?'

અરીસાની આ પાર ઊભેલો અલય ગંભીર હતો, જ્યારે પ્રતિબિંબ હસી

રહ્યું હતું:

તું જરાય નહોતો આકર્ષાયો એની તરફ? તારામાંના પુરુષને એનું સમર્પણ નહોતું જોઈતું? તું ખરેખર એમ માને છે કે એ પરિસ્થિતિને તું ટાળી ન જ શક્યો હોત?

'હવે એ ચર્ચાનો શો અર્થ છે?'

અલયે જાત સાથેની વાત બંધ કરવાનો પ્રયત્ન કર્યો:

'અનુપમા એક ભૂતકાળ છે. મારી આજ અને આવતી કાલ શ્રેયા છે. શ્રેયા મારા જીવનનું સત્ય છે... મારા અસ્તિત્વનું એ જ સત્ય છે.'

આટલું કહીને એ અરીસા સામેથી ખસી ગયો, પણ જાણે એનું પ્રતિબિંબ ત્યાં જ રહી ગયું. રૂમમાંથી બહાર નીકળીને દાદરા ઊતરતા અલય ને જાણે એના પ્રતિબિંબે પાછળથી બૂમ પાડીને કહ્યું:

અલય ... તું કંઈ પણ કર, કંઈ પણ કહે... અનુપમા પણ હવે તારા જીવનનું એક અભિન્ન અંગ છે. તારી સાથે જોડાયેલું એક સત્ય બની ગઈ છે અનુપમા!

અલય એવી ઝડપે દાદરા ઊતરી ગયો કે જાણે હવે એક પળ પણ રોકાશે તો એ પ્રતિબિંબ અરીસામાંથી બહાર દોડી આવીને એને પકડી લેશે...

*

સંજીવે અનુપમાના ઘરમાં દાખલ થતાંની સાથે મૅરીને પૂછ્યું:

'મેડમ ક્યાં છે?'

'ઊંઘી ગયાં છે.' મૅરીએ નમ્રતાથી કહ્યું:

'ઉઠાડવાની ના પાડી છે.'

'ઓકે...'

સંજીવ સીધો અનુપમાના બેડરૂમ તરફ ગયો. બારણું અંદરથી લૉક હતું. સંજીવે બે-ચાર વાર બારણે ટકોરા માર્યા:

'અનુ... અનુપમા... અનુ...'

અંદરથી કોઈ જવાબ ન આવ્યો.

શ્રેયાના ફોનથી સંજીવને ડર તો લાગ્યો જ હતો. વળી, ગઈ કાલે રાતે મૂવીના પ્રીમિયર વખતે અનુપમા જે હાલતમાં હતી એ હજી પણ એની નજર સામે તરવરતું હતું.

હાથમાં ઊંચકીને ગાડીમાં પાછળની સીટ પર સુવડાવવા ગયેલા અલય ના ગળામાંથી અનુપમા ત્યારે હાથ છોડવા જ તૈયાર નહોતી. નાના બાળકની જેમ એના ગળામાં હાથ બાંધીને પાછલી સીટ પર સૂતેલી અનુપમા અલય ને વધુ ને વધુ પોતાની તરફ ખેંચી રહી હતી. લજ્જા, અભિષેક, સંજીવ, શ્રેયા અને શૈલેષ સાવલિયા જેવાં થોડાં લોકોની હાજરીમાં અલય ને આ પરિસ્થિતિ થોડી ક્ષોભજનક લાગતી હતી. એણે હળવે રહીને અનુપમાના હાથ પોતાના ગળામાંથી કાઢ્યા હતા.

'અલય...' અનુપમાએ નાના બાળકની જેમ બૂમ પાડી હતી.

'એને લઈ જાવ. એને આરામની જરૂર છે.' અલયે કહ્યું હતું:

એ પછી અનુપમાને ઘેર લઈ જઈને સંજીવે બેડરૂમમાં સુવડાવી ત્યાં સુધી એ એકમાત્ર અલય નું નામ જપતી હતી.

સંજીવે મેરીને એનાં કપડાં બદલવાનું કહ્યું હતું. અનુપમા આરામથી સૂઈ ગઈ પછી એ ઘેર જવા નીકળ્યો હતો.

એણે હજુ સવારે જ અનુપમા સાથે વાત કરી હતી. એણે સંજીવ સામે ગઈકાલના વર્તન બદલ દિલગીરી પણ વ્યક્ત કરી હતી.

સાવ નૉર્મલ હતી એ સવારે તો. એણે કઈ ફિલમનું કેટલું કામ બાકી છે એ પણ પૂછ્યું હતું એને એક જ ફિલમનું થોડુંક ડબિંગ બાકી છે એ જાણ્યા પછી થોડા દિવસ બ્રેક પર ક્યાંક જવું છે એવું પણ કહ્યું હતું.

સંજીવે ફરી એક વાર અનુપમાનો દરવાજો નોક કર્યો.

અંદરથી કોઈ જવાબ નહોતો.

સંજીવ પાસે અનુપમાના આખા ઘરની ચાવીઓનો સેટ હતો, પણ એ ચાવીઓ તો અત્યારે સંજીવના ઘરે હતી.

એણે મૅરીને પૂછ્યું:

'બેડરૂમની ચાવી છે?'

'નો, સર.' મૅરીએ ડોકું ધુણાવ્યું.

'ઓકે. હું પંદર-વીસ મિનિટમાં ઘરેથી ચાવી લઈને આવું ત્યાં સુધી તું દરવાજો ખખડાવ્યા કરજે.'

'પણ, સર...' મેરી અચકાઈ:

'મૅડમે ઉઠાડવાની ના પાડી છે.'

'ભલે ના પાડી.' સંજીવે સહેજ ઉશ્કેરાઈ ગયો:

'મારે એને ઉઠાડવી છે... મારે આ દરવાજો ખોલવો છે.

સડસડાટ બહાર નીકળીને સંજીવ પોર્ચમાં પડેલી પોતાની ગાડીમાં બેઠો.

*

બી.જે. હૉલમાં લગ્નવિધિ શરૂ થઈ ગઈ હતી.

અલયે પોતાના સ્વભાવ મુજબ પહેલેથી જ કહ્યું હતું કે લાંબી લાંબી લગ્નવિધિ એને નહીં પોસાય એટલે આર્યસમાજની ટૂંકી. છતાં શાસ્ત્રોક્ત વિધિથી આ લગ્ન થઈ રહ્યાં હતાં.

વૈભવી, અભય, વસુમા, સૂર્યકાંત, અંજલિ, રાજેશ, લજ્જા, આદિત્ય અને બાલકૃષ્ણ ઠક્કરના કુટુંબનાં નજીકનાં સગાં અલય અને શ્રેયાની આસપાસ બેઠાં હતાં. બન્નેની સામે મૂકેલી યજ્ઞવેદીમાં અગ્નિની કેસરી જ્વાળાઓ ઊઠતી હતી. આર્યસમાજના પાંચ પંડિત મોટા અવાજે મંત્રો ભણીને લગ્ન કરાવી રહ્યા હતા...

કુર્યાત્ સદા મંગલમ્ ના મંત્રોચ્ચાર શ્રેયાના રોય રોમમાંથી જાણે લખલખાની જેમ પસાર થતા હતા. એક એક મંત્રના ઉચ્ચાર જાણે એને એક એક પગલું અલય તરફ લઈ જઈ રહ્યા હતા.

શ્રેયા માટે આ લગ્નવિધિની એક એક પળ એનાં સપનાં સાકાર થવાની પળ હતી.

બાલકૃષ્ણ ઠક્કર થોડા ખુશ અને થોડા નારાજ એવી મનોદશામાં આ લગ્નવિધિનો ભાગ બની રહ્યા હતા. સૂર્યકાંત અને વસુમા માટે આ કદાચ જીવનનો શ્રેષ્ઠ અવસર હતો.

વૈભવી લગ્નવેદીમાંથી ઊઠતી જ્વાળાઓ જોતાં જોતાં જાણે પોતાનાં લગ્નની પળોને યાદ કરી રહી હતી.

પ્રિયા માટે આ સપનું સપનું જ રહી જવાનું હતું એવી લાગણી એને ઘેરી વળી હતી.

સૌ આ લગ્નમાં પોતપોતાની રીતે પોતાના મન સાથે વ્યસ્ત હતાં.

એક શ્રેયાને સતત અનુપમાની ચિંતા હતી. એને અહીંયાં આવ્યા પછી થોડી વારે ખબર પડી હતી કે એનો સેલ ઉતાવળમાં ઘેર રહી ગયો છે. અલય તો પોતાનો સેલ મૂકીને જ આવશે એવી એને ખાતરી હતી.

હવે સંજીવ ફોન કરશે તો ક્યાં કરશે? એને રહી રહીને વિચાર આવતો હતો.

'બહેન, વિધિમાં ધ્યાન આપો.'

બેધ્યાન પણે વિચારોમાં ખોવાયેલી શ્રેયાને પંડિતજીએ ટકોર કરવી પડી.

શ્રેયાનો હાથ પોતાના હાથમાં લઈને અલયે એને વચન આપ્યું:

'ધર્મે ચ, અર્થે ચ, કામે ચ, મોક્ષે ચ... નેતિ ચરામિ.'

શ્રેયા નખશિખ નવવધૂ બની ગઈ. એના જીવનની આ સોથી સાચી અને અવિસ્મરણીય પળ હતી. કેટલાંય વર્ષ સુધી એણે ઝંખેલી, ખોળો પાથરીને માગેલી, એના શ્વાસ જેટલી અગત્યની આ પળ હતી એના માટે...

એક પછી એક વિધિ ચાલતી રહી.

સપ્તપદીનાં સાત વચન અપાયાં... સાતમા પગલે બ્રાહ્મણે બન્નેને સમજાવ્યું:

'સાત પગલાં સાથે ચાલીને તમે એકબીજાના મિત્ર-સખા બનો છો. સાતમો મંત્ર કહે છે-સપ્તમેવ સખા ભવ:'

શ્રેયાએ નજર ઊંચકીને અલય સામે જોયું. આટલાં વર્ષથી એકબીજાની સાથે, એકબીજાના બાહુપાશમાં ગાળી મૂક્યાં હોવા છતાં શ્રેયાની આ નજર અલય ના રોમેરોમને દોષિત કરી ગઈ. એણે શ્રેયાનો હાથ પકડી લીધો પછી ધીમેથી એના કાનમાં કહ્યું:

'મેં મારું વચન પૂરું કર્યું, શ્રેયા. હવે સાત જનમ સુધી તારે મને સહન કરવો પડશે.'

શ્રેયા કશું બોલી નહીં, પણ એના મનમાં. અનુપમાએ થોડા જ કલાકો પહેલાં કહેલી એ વાત જાણે ફરી પડઘાઈ:

આવતા જનમમાં અલય ને તું નહીં મળે ને?

એને નવેસરથી અનુપમાની ચિંતા થઈ. બાજુમાં બેઠેલી લજ્જા તરફ એ સહેજ ઝૂકી:

'અભિષેકને કહેને, સંજીવને ફોન કરે. અનુપમા કેમ છે?'

'કાકી, તમે શાંતિથી તમારાં લગ્નમાં ધ્યાન આપો.'

લજ્જાએ જરા ટીખળ કરી:

'અનુપમાની ચિંતા છોડો.'

બાજુમાં ઊભેલા અલયે ચોંકીને શ્રેયા સામે જોયું:

'અનુપમા... શું થયું અનુપમાને?'

'કંઈ નથી થયું. એનો ફોન આવેલો એટલે કાકી ચિંતા કરે છે.'

'શું ફોન આવેલો?' અલયે સીધું શ્રેયાને પૂછ્યું.

'ખાસ કંઈ નહીં, પણ મને એનો અવાજ અને મન બરાબર ન લાગ્યાં.'

અલય ચિડાઈ જશે એવા ડરથી શ્રેયાએ વાત ટૂંકાવી.

બેમાંથી કોઈ કંઈ બોલે એ પહેલાં લગ્નવિધિ આગળ ચાલી. વાત ત્યાં જ અટકી ગઈ.

લગ્નવિધિમાં રસપૂર્વક ભાગ લઈ રહેલી લજ્જાને ત્યાંથી ખસવું નહોતું. શ્રેયાએ બે-ત્રણ વાર આંખથી ઇશારો કર્યો, પણ લજ્જા થોડી તોફાનમાં ને થોડી છોકરમતમાં ત્યાંથી ગઈ નહીં.

લગ્ન પૂરાં થયાં, અખંડ સૌભાગ્યવતી કહેવાયું... અને શ્રેયા આવીને વસુમાના પગે લાગી. વસુમાએ એને ઊભી કરીને છાતીસરસી ચાંપી. પછી એની બાજુમાં ઊભેલા અલય નો હાથ લઈને એના હાથમાં મૂક્યો:

'આ મારો ગાંડો, ઘેલો, તોફાની અને ફરેલા મગજનો છોકરો આજથી તને સોંપ્યો.' એમણે સ્મિત કર્યું:

'હવે તું જાણે ને તારો સંસાર... હું આજથી છુટ્ટી...'

'છુટ્ટી કેમ?'

બાજુમાં ઊભેલી વૈભવીએ હસીને કહ્યું:

'હવે તો પપ્પાજી આવી ગયા તમને બાંધવા.'

સૂર્યકાંતે બધાની સામે એક નજર નાખી:

'હું એને બાંધવા નથી આવ્યો, મુક્ત કરવા આવ્યો છું.'

વસુમાએ બાજુમાં ઊભેલા સૂર્યકાંત તરફ જોયું.

'ખરું કહે છું, વસુ... હું તને મુક્ત કરવા આવ્યો છું. શ્રાદ્ધ કરીને તું પાછી ફરી અને તને પહેલી વાર મળ્યો ત્યારે ખૂબ પીડા થઈ હતી, ક્રોધ આવ્યો હતો.'

ઊંડો શ્વાસ લઈને કહ્યું:

'અપમાન પણ લાગ્યું હતું મને... પણ તને જેમ જેમ જાણતો ગયો અને તારામાંથી ઉદ્ભવેલી આ નવી વસુંધરાને ઓળખતો ગયો એમ એમ મને લાગતું ગયું કે તું સાચી હતી. જિંદગીના અઢી દાયકા નાનો સમય નથી હોતો, વસુ...'

વસુમાની આંખો ભરાઈ આવી હતી. ખાસ કરીને બાલકૃષ્ણ ઠક્કર અને વૈભવીનાં માતા-પિતા તથા સંતાનો, પૌત્ર, પૌત્રીઓથી ભરાયેલા આ કુટુંબમેળાનાં સૌની હાજરીમાં કહેવાઈ રહેલા આ શબ્દોથી વસુમાને જાણે એક અજબ જેવી શાતા વળી હતી.

સૂર્યકાંત આગળ કહી રહ્યા હતા:

'વસુ, તું સાચી હતી. એટલા માટે નહીં કે તે મારા જીવતાં મારું શ્રાદ્ધ કરીને મને તારા જીવનમાંથી બાદ કરી નાખ્યો, પણ એટલા માટે કે તે તારી જાતને એક એવા બંધનમાંથી મુક્ત કરી, જે બંધને તને પીડા, તકલીફ

તથા જવાબદારીથી વધુ કંઈ આપ્યું જ નથી.'

'કાંત, તમે વાત શરૂ કરી જ છે તો આ બધાની વચ્ચે એક ખુલાસો પણ

કરવો છે મારે.'

વસુમાનો અવાજ સ્થિર હતો ને આંખો ભીની.

'કાંત, મારાં સંતાનો માને છે કે આ શ્રાદ્ધ કરીને મેં તમને મૃત્યુ પામેલા સ્વીકારી લીધા અથવા અમારા જીવનમાંથી બાદ કરી નાખ્યા, પણ ખરેખર એવું નહોતું, કાંત. જે સૂર્યકાંત મને છોડી ગયા હતા... જે સૂર્યકાંત સાથેના સંબંધે તમે જે કહ્યું એ બધું આપ્યું મને... એ સૂર્યકાંતને માફ કરવા માટે, ભૂલી જવા માટે, મારા મનમાં લૂંટાતી રહેલી પીડા અને કડવાશમાંથી મુક્ત થવા માટે મારી પાસે બીજો કોઈ રસ્તો નહોતો.'

'ને વસુ, એ સૂર્યકાંત તો અમથોય મરી ગયો છે. તેં જેનું શ્રાદ્ધ કર્યું એ બેજવાબદાર, દારૂડિયો, ભાગેડુ અને સંકુચિત મનોવૃત્તિનો સૂર્યકાંત મરી જાય એમાં જ દેવશંકર મહેતાના કુળની ભલાઈ હતી.'

'કાંત, આટલાં વર્ષ દરમિયાન મે તમને ક્યાંય તકલીફ આપી હોય, દુ:ખ પહોંચાડ્યું હોય, પીડા આપી હોય, તમારા સ્વમાનને કે પતિપણાને કે પૌરુષત્વને ઉઝરડો પાડ્યો હોય તો હું આ સૌની સામે જ હાથ જોડીને તમારી માફી માંગું છું.'

વસુમાએ આટલું કહ્યું કે સૂર્યકાંતે બેય હાથે એમના જોડાયેલા બે હાથ પકડી લીધા. સામે હાથ જોડીને એની આંખોમાં આંખો નાખી:

'હું આજે જે કંઈ છું એ તારે લીધે છું, વસુ. અને એ વાત આ સૌની સામે સ્વીકારતાં મને કોઈ સંકોચ નથી. તે મારાં સંતાનોને ઉછેરીને, બેવડી જવાબદારી તારા ખભા પર લઈને મને વિકસવાની તક આપી... મારાં માતા-પિતાને સાચવ્યાં, મારાં સંતાનોને સંસ્કાર આપ્યા. એમના મનમાં મારા વિશે કોઈ કડવાશ ન રહે એવો પ્રયત્ન કર્યો... અને છેવટે મારો સ્વીકાર કરીને મને મારા અપરાધભાવમાંથી મુક્ત કર્યો... વસુ, આજે આ લગ્નવેદીની સાક્ષીએ હું હાથ જોડીને ઈશ્વર પાસે માંગુ છું કે મને જનમોજનમ તું જ પત્ની તરીકે મળે.'

એકબીજાના હાથ પકડીને ઊભેલું એ દંપતી હૉલની રોશનીમાં અને અગ્નિની જ્વાળાઓ સામે એટલું તો મંગલ અને પવિત્ર લાગતું હતું કે ત્યાં ઊભેલા સૌની આંખો ભરાઈ આવી.

શ્રેયાએ ઝૂકીને સૂર્યકાંતના ચરણસ્પર્શ કર્યા. સૂર્યકાંતે બાજુમાં મૂકેલું બૉક્સ લઈને શ્રેયાના હાથમાં આપ્યું અને એક ગોળ વાળેલો કાગળનો રોલ એના હાથમાં મૂક્યો. પછી બાલકૃષ્ણ ઠક્કર સામે જોઈને કહ્યું:

'આ બૉક્સ મારા ઘરમાં આવતી નવી વહુ માટે છે અને આ દસ્તાવેજ અને વીલની કૉપી તમારું ઘર છોડીને આવતી તમારી દીકરી માટે...'

બાલકૃષ્ણ ઠક્કર શરમ-સંકોચ અને નારાજી કોરે મૂકીને સૂર્યકાંતને ભેટી પડ્યા. પછી વસુમા સામે હાથ જોડીને એમણે ધીમા અવાજે કહ્યું:

'બહેન, મેં અજાણતામાં તમને ઘણું દુ:ખ પહોંચાડ્યું છે. મારી મા વગરની દીકરીને મને જેવી આવડી એવી ઉછેરી છે, એને સ્વીકારી લેજો અને તમારા જેવી બનાવજો.'

આ આખુંય દશ્ય એટલું બધું લાગણીશીલ અને સાચકલું હતું કે ત્યાં ઊભેલાં એકએક ઉદયને વીંધીને એ આરપાર નીકળી ગયું.

*

સંજીવ ચાવી લઈને અનુપમાના બંગલે પહોંચ્યો ત્યારે મૅરી દરવાજા પાસે ઊભી હતી.

એણે મારિયા, જ્હૉન, ચિન્ટુ અને સંધ્યાને ફોન કરીને ત્યાં બોલાવી લીધાં હતાં. બધાં પોર્ચમાં ઊભાં રહીને સંજીવના આવવાની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. ચાવીઓનો સેટ લઈને સંજીવ જેવો દાખલ થયો કે તરત જહોન આગળ વધ્યો:

'સર, અમે ક્યારનાં દરવાજો ખખડાવીએ છીએ, પણ કોઈ રિસ્પોન્સ નથી.

સંજીવ કશું જ બોલ્યા વિના અનુપમાના રૂમ પાસે પહોંચી ગયો અને એણે ચાવીઓના સેટમાંથી અનુપમાના બેડરૂમની ચાવી કી હોલમાં નાખીને ફેરવી. બધાંના આશ્ચર્ય વચ્ચે અંદરથી કડી મારેલી હતી. સંજીવને હવે ખરેખર ચિંતા થઈ. એણે જ્હૉન સામે જોયું.

જ્હૉનને કહેવાની જરૂર ન પડી. એણે દરવાજાને ખભાના ધક્કા મારવા માંડ્યા. મજબૂત સીસમનો દરવાજો જ્હૉનના ધક્કાથી હચમચી જતો, પણ અંદરની કડી તૂટતી નહોતી.

જ્હૉન ઓરડાના દરવાજાથી દસ-બાર ડગલાં પાછળ ગયો અને એણે હતું એટલું જોર લગાડી દરવાજાને લાત મારી. દરવાજાની કડી સ્ક્રૂ સાથે તૂટીને અંદરની તરફ ઊછળી અને ફટાક દરવાજો ખૂલી ગયો...

અધ્ધર શ્વાસ સાથે હાંફળી-ફાંફળી સંજીવ બેડરૂમમાં ધસ્યો...

સાત-આઠ સફેદ રંગનાં ફેધરનાં ઓશીકાં પોતાની આસપાસ લઈને અનુપમા શાંતિથી સૂતી હતી. એનો એક હાથ ચહેરાની નજીક મૂકેલા અલય ના ફોટોગ્રાફ્સ પર હતો અને બીજો હાથ ઓશીકાને લપેટાયેલી...

સંજીવે જઈને અનુપમાને હચમચાવી.

'અનુ... અનુ...

અનુપમા હલી, પણ કોઈ પ્રતિભાવ નહીં.

'અનુઊઊઊઊઊ...'

સંજીવ ચિલ્લાયો. અનુપમાનો હાથ પકડીને નાડીના ધબકારા તપાસ્યા.

એના હાથમાંથી અનુપમાનો હાથ છૂટી ગયો...

*

કારમાંથી સંજોડે સાથે ઊતર્યા પછી શ્રેયા શ્રીજી વિલાનાં પગથિયાં એક પછી એક ચઢી. આ પગથિયાં એ પહેલાં લાખો વાર ચડી હતી... પણ આજે આ પગથિયાં ચડતાં એને અજબ સમ્માનની, અજબ ગૌરવની, અજબ સુખ અને સંતોષની લાગણી થઈ રહી હતી.

એ મુખ્ય દરવાજા પાસે આવી. વૈભવીએ આરતીનો થાળ લઈ એને વધાવી. પાણીનો લોટો લઈ એને પોંખી. બારણાની બન્ને તરફ તેલ રેડી એને અંદર આવવાનો ઇશારો કર્યો.

'એક મિનિટ... એક મિનિટ... એક મિનિટ...'

લજ્જા અને અંજલિ એકબીજાનો હાથ પકડી દરવાજો રોકીને ઊભાં રહી ગયાં.

શ્રેયા કંઈ બોલે એ પહેલાં દીવાનખંડનો ફોન રણકી ઊઠ્યો...

* * *

71

એક મિનિટ... એક મિનિટ... એક મિનિટ

અલય અને શ્રેયા સજોડે ઘરમાં પ્રવેશી રહ્યાં હતાં ત્યારે વૈભવીએ આરતીનો થાળ લઈ એમને પોંખ્યાં. બારણાની બન્ને તરફ તેલ રેડી શ્રેયાને અંદર આવવાનો ઇશારો કર્યો હતો ત્યારે લજ્જા અને અંજલિ એકબીજાનો હાથ પકડી દરવાજો રોકીને ઊભાં રહી ગયાં હતાં.

એ વખતે શ્રેયા કંઈ બોલે એ પહેલાં દીવાનબંડનો ફોન રણકી ઊઠ્યો હતો.

'હલ્લો...' અભયે ફોન ઉપાડ્યો.

અંજલિ અને લજ્જા હજી અહીં તોફાન કરી રહ્યાં હતાં. હાથમાં એક હજારની નોટ લઈને અલય ગોળ ગોળ ફેરવી રહ્યો હતો. એ નોટ લૂંટવી લેવા અંજલિ અને લજ્જા પ્રયત્ન કરતાં હતાં.

હસાહસી અને તોફાનનો માહોલ હતો એ જ વખતે...

'એક મિનિટ, જરા શાંતિ રાખો.' અભયે અંદરથી બૂમ પાડી.

અહીં સોંપો પડી ગયો.

અભયે ફોન પર વાત સાંભળી રહ્યો હતો.

પછી એક નિ:શ્વાસ નાખીને ધીમેથી કહ્યું: 'ઓહ!'

ફોન સાઈડમાં મૂકીને એ વસુમા તરફ આગળ વધ્યો. વસુમા સીડી પાસે ઊભાં રહીને છોકરાઓનું આ તોફાન જોઈ રહ્યાં હતાં. એમના તરફ આવતા અભયના હાવભાવ જોઈને એમને એવું તો સમજાઈ ગયું કે વાત કંઈક ગંભીર છે.

'અભય?' વસુમાની આંખમાં પ્રશ્નાર્થ હતો.

'મા!'

અભયે ઘરનાં બધાંની સામે એક સરસરી નજર નાખી. ઉંબરાની પેલી તરફ ઊભેલાં નવદંપતી અને આ તરફ ઊભેલી અંજલિ અને લજ્જા પણ અભયના હાવભાવ જોઈને ગંભીર થઈ ગયાં. સોફામાં બેઠેલા સૂર્યકાંત ઊઠીને અભયની નજીક આવ્યા.

'શું થયું, બેટા?'

'બાપુ... મા...'

વાત કઈ રીતે કહેવી એ અભયને સમજાતું નહોતું.

'શું થયું છે, અભય?'

હવે વૈભવીને પણ ફાળ પડી હતી. એ અભયની નજીક આવી અને અભયના ખભે હાથ મૂકીને પૂછ્યું:

'બધું ઠીક છે ને? આર યુ ઑલ રાઇટ?'

'અનુપમા...'

'શું થયું અનુપમાને?'

અંજલિ અને લજ્જાના એકબીજા સાથે પકડેલા હાથ છોડાવીને શ્રેયા અંદર દાખલ થઈ ગઈ.

'શી ઈઝ નો મોર... એણે આત્મહત્યા કરી છે.'

'વ્હૉટ?' અલય થી ચીસ પડાઈ ગઈ:

'કેવી રીતે?'

'ઊંઘની ગોળીનો ઓવરડોઝ.'

'આર યુ શ્યૉર? ડૉક્ટરને બોલાવ્યા?'

'ત્રણ ડોક્ટર ભેગા થાય છે, પણ એણે બપોરે ઊંઘની ગોળી લીધી હતી અને છેક સાંજ સુધી એના રૂમનો દરવાજો બંધ રહ્યો. કોઈને ખયાલ જ ન આવ્યો કે...'

'ઓહ, શીટ...'

અલય માથે હાથ દઈને ડાઇનિંગ ટેબલની ખુરસી પર ફસડાઈ ગયો.

શ્રેયા ધ્રૂજતા પગે આગળ વધી અને સીડીનો કઠેડો પકડીને પગથિયા પર બેસી ગઈ. લજ્જા તો ઉંબરામાં જ બેસી ગઈ અને અંજલિએ બારસાખનો આધાર લઈ લીધો. વૈભવીના મોંમાંથી ડૂસકું નીકળી ગયું.

સૂર્યકાંત અને વસુમાએ એકબીજા સામે જોયું.

વસુમા હળવેકથી આગળ વધ્યાં. બે હાથ વચ્ચે માથું પકડીને ડાઇનિંગ ટેબલ પર બેઠેલો અલય જાણે નિશ્ચેત, નિષ્પ્રાણ થઈ ગયો હતો. એને હજી પોતાના કાન પર - આ સમાચાર પર ભરોસો નહોતો...

વસુમાએ અલય ના ખભે હાથ મૂક્યા:

'તારે જવું જોઈએ, અલય .'

'હા, મા.' વસુમા સામે અલયે જોયું:

'ક્યારેય નહોતું ધાર્યું કે...'

વસુમા કંઈ બોલે એ પહેલાં શ્રેયા બોલી ઊઠી:

'મા, મારે અલય જોડે નહોતું પરણવું જોઈતું.'

'એથી હું કંઈ અનુપમા સાથે ન પરણી જાત.' શ્રેયા સામે જોઈને અલયે કહ્યું:

'જે કંઈ થયું એની જવાબદારી લેવાની જરૂર નથી.'

'તું સમજતો નથી, અલય ...'

શ્રેયાએ ઊંડો શ્વાસ લીધો. વાત કહેવી કે નહીં એવો નિર્ણય કરતાં એને થોડી ક્ષણો લાગી. પછી આંખો મીંચીને એણે હિંમત કરી:

'અમે બ્યૂટી પાર્લરમાં હતાં ત્યારે એનો ફોન આવેલો.'

'શું કહેતી હતી?'

'બહુ ડિસ્ટર્બ હતી, ઇમોશનલ પણ...'

શ્રેયાથી ડૂસકું નખાઈ ગયું.

'કાકીએ સંજીવને ફોન કર્યો હતો.' લજ્જા શ્રેયાની મદદે આવી.

'પણ તેં મને કેમ ન કહ્યું?'

અલય ના સ્વરમાં ઉશ્કેરાટ હતો, પરંતુ તરત જ એને સમજાયું કે આ સવાલ અર્થહીન હતો. વસુમાએ એનો ખભો થપથપાવ્યો. પછી એનું માથું છાતીની નજીક લીધું. એમણે થોડી વાર અલય ને એમ જ પકડી રાખ્યો. અલય ને જાણે ધીમે ધીમે કળ વળતી હોય એવી લાગણી થઈ.

'મા, હવે શું થશે?'

'બેટા, જે થવાનું હતું એ થઈ ચૂક્યું છે. ધ વર્સ ઈઝ ઓવર. હવે તું જઈને સંજીવની મદદ કર અને એ છોકરીના આત્માને શાંતિ થાય એવી પ્રાર્થના કરીએ આપણે.'

'મા, ત્યાં મિડિયાવાળાઓએ ભેગા થઈને કાગારોળ કરી મૂકી હશે. આવા

સમયે અલય ભાઈનું ત્યાં જવું...'

વૈભવીએ બહુ ધીમેથી, પણ મજબૂતીથી પોતાની વાત આગળ વધારી:

'એ ત્યાં પહોંચશે એટલે સવાલ-જવાબ થશે અને આ પરિસ્થિતિમાં કારણ વગર પોતાના તરફ આંગળી ચીંધવા જેવું થશે.'

'વૈભવી, અલય મારો દીકરો છે. જવાબદારીથી ભાગવાનું મેં એને ક્યારેય નથી શીખવ્યું.'

પછી શ્રેયા સામે જોઈને ઉમેર્યું:

'ભલે થોડી પળો માટે, પણ એણે પ્રેમ કર્યો હતો અનુપમાને. હવે જ્યારે એ નથી રહી ત્યારે એ સંબંધ નિભાવવાનો જવાબદારી પણ એની છે.'

'હું જઈશ, મા.' અલય ઊભો થઈ ગયો.

'હું આવું સાથે?' રાજેશે પૂછ્યું.

સૂર્યકાંત પણ એવી રીતે ઊભા હતા, જાણે એક વાર અલય કહે તો તરત જ એની સાથે જઈ શકે. અભય બે ડગલાં આગળ વધ્યો અને અલય ના ખભે હાથ મૂકીને એણે કહ્યું:

'હું આવું?'

'ના, હમણાં કોઈ નહીં,' અલયે ફટાફટ નિર્ણય કરવા માંડ્યા:

પહેલાં હું જાઉં છું. ત્યાંની પરિસ્થિતિ જોઈ-સમજીને કોઈ એક જણના સેલ પર ફોન કરીશ. એ પછી તમે બધાં આવવું હોય તો આવજો.'

'મને તો લઈ જશોને?'

શ્રેયાએ ધીમેથી, સંવેદનશીલતાથી પૂછ્યું. ઘરનાં બધાંએ શ્રેયા સામે જોયું. સૌને લાગ્યું કે અલય હમણાં ચિડાશે, ના પાડશે, પણ અલય એટલી જ સંવેદનશીલતાથી શ્રેયાની નજીક ગયો. એને સીડી પરથી ઊભી કરી અને બંને ગાલ પર હાથ મૂકીને પ્રેમથી કહ્યું:

'હા, જા કપડાં બદલી લે.'

'તમે?' વૈભવીએ અલય ને કહ્યું:

'આમ લગ્નનાં કપડામાં જશો તો...'

'હા, હું પણ બદલી લઉં છું.'

અલય બન્ને પગથિયાં કૂદતો સડસડાટ સીડી ચડી ગયો. શ્રેયા પણ એની પાછળ ધીમે ધીમે પગથિયાં ચડવા લાગી.

ઘરમાં ઘડીભર પહેલાંનો આનંદ અને ઉલ્લાસ અચાનક જ જાણે શોક અને ગમગીનીમાં ફેરવાઈ ગયો. સૌના ચહેરા પર અનુપમાના જવાનું દુ:ખ અને આઘાત હતાં.

'મા, આ વાત લાંબી થશે.' વૈભવીએ ચેતવણીના સૂરમાં કહ્યું:

'મીડિયા આને ચગાવશે. અલય ભાઈ પર જાતજાતના આક્ષેપ થશે. કદાચ પોલીસ કેસ પણ...'

'પહોંચી વળીશું.'

અત્યાર સુધી ચૂપચાપ ઊભેલા સૂર્યકાંત પહેલી વાર બોલ્યા. એ વસુમાની નજીક ગયા. એમનો હાથ પકડીને એમણે મજબૂતીથી કહ્યું:

'હું છું, વસુ. તું ચિંતા મૂકી દે.'

'મેં તો મૂકી જ દીધી છે, કાંત. દરેકે પોતાના ભલા-બૂરાની પોતાની વ્યાખ્યા ઘડવાની હોય છે અને પછી એ

વ્યાખ્યા પ્રમાણે ઊભાં થતાં પરિણામો પણ ભોગવવાનાં જ હોય છે.'

બધાં વસુમા તરફ જોઈ રહ્યાં. એમનો અવાજ એકદમ સ્વસ્થ હતો:

'અલય કંઈ નાનો નથી. એણે જે કંઈ કર્યું એ પૂરેપૂરી સભાનતાથી અને સમજદારીથી કર્યું. હવે જે કંઈ થયું છે એની સાથે પણ એણે સભાનતા અને સમજદારીથી જ કામ લેવું પડશે.'

'એ કદાચ કોઈ ચિઠ્ઠી-બિઠ્ઠી લખીને.'

વૈભવીનું મન કંઈકેટલીય શંકા-કુશંકાઓ કરી રહ્યું હતું. આમ પણ સામાન્ય સ્ત્રીઓ કરતાં વધુ બુદ્ધિશાળી અને વ્યવહારુ વૈભવી એમ માનતી કે ખરાબમાં ખરાબ સ્થિતિની કલ્પના કરીને આગળ વધીએ તો ઊભા થતા પ્રશ્નોને પહોંચી વળવામાં આસાની રહે.

'પોલીસ કમિશનર રાંગેણકર પપ્પાના અંગત મિત્ર છે... હું ફોન કરવાનું કહી દઉં?'

'હા, ફોન કરાવી રાખ.'

સૂર્યકાંતે એની તરફ આભારવશ નજરે જોયું.

'ના, કાંત.' વસુમાએ સૂર્યકાંત અને વૈભવી તરફ વારાફરતી જોયું:

'હજી જરૂર નથી. પહેલાં અલય ને એની રીતે આ પરિસ્થિતિને મૂલવી જોવા દો. એને એના નિર્ણયો કરવા દો...'

એમણે વૈભવીના ખભે હાથ મૂક્યો:

'પછી જરૂર પડશે તો આપણે છીએ જ.'

'વસુ, ક્યારેક તારી ઈર્ષ્યા આવે છે અને ક્યારેક તારો ડર લાગી જાય છે મને. જે રીતે મારે વિચારવું જોઈએ એ બધું તું કરે છે... તું મા છે વસુ, તેમ છતાં પુરુષની જેમ...' તરત સુધાર્યું:

'બાપની જેમ વિચારી શકે છે.'

'મા છું! પણ બાપ થઈને ઉછેર્યા છે બાળકોને. આકરા તાપમાં જો એક વાર તળિયાં દાઝવા નહીં દઈએ તો એમને ખબર કેવી રીતે પડશે કે આવનારો રસ્તો કેટલો વિકટ છે?'

'સમજી શકું છું...' સૂર્યકાંતના અવાજમાં હળવી ધ્રુજારી હતી:

'આ વાત તું ધારે છે એટલી...'

'હું કંઈ ધારતી નથી, કાંત... ધારવા માગતી પણ નથી. કોઈ પણ પરિસ્થિતિ વિશે ધારીને આપણે આપણું જ નુકસાન કરતાં હોઈએ છીએ. શું હશે કે શું થશે એવું વિચારવાને બદલે જે જ્યારે થાય ત્યારે એને ધીમે ધીમે ઉકેલવાનો પ્રયાસ કરવો એ સરળ રસ્તો છે, જીવવાનો.'

પછી ઊભાં થઈને વસુમા પોતાના ઓરડા તરફ મક્કમ, પણ ધીમા પગલે આગળ વધ્યાં. દીવાનખાનામાં

ઊભેલી દરેકેદરેક વ્યક્તિ એમને વિસ્ફારિત આંખોએ જોતી રહી ગઈ...

*

સંજીવે પંદર મિનિટમાં ત્રણ ડૉક્ટર ભેગા કર્યા હતા.

એને લાગતું હતું કે એનું હૃદય બેસી જશે. અનુપમાના ચહેરા પર એકદમ શાંતિના ભાવ હતા. ક્યાંય કોઈ ઉદ્વેગ, ઉચાટ કે અસ્વસ્થતા નહોતી. જાણે નાનકડું બાળક માના ખોળામાં ઊંઘી ગયું હોય એટલી નિર્દોષતા અને નિરાંત એના ચહેરા પર ઝળકતી હતી.

સફેદ રંગની સિલ્કની સાડી... હાથમાં ઢગલો બંગડીઓ... મોતીના સુંદર દાગીના પહેરીને સૂતેલી અનુપમા જાણે હમણાં જ જાગશે પછી બધાની સામે જોઈને મોતીના દાણા જેવા એના દાંત દેખાડી સ્થિત ફરકાવશે એવું લાગતું હતું.

એના લાંબા, રેશમ જેવા કાળા-સુંવાળા વાળ પથારીમાં ફેલાયેલા હતા. ચહેરા પર બિલકુલ મેકઅપ નહોતો, પણ તાજી જ નાહીને સૂતી હશે એટલે ત્વચા ઝગારા મારતી હતી. એનો એક હાથ ચહેરા પાસે મૂકેલા અલય ના ફોટોગ્રાફ પર હતો અને બીજા હાથે સફેદ ઓશીકું લપેટીને એ એવી રીતે સૂતી હતી, જાણે કોઈ પણ એક ક્ષણે જાગી ઊઠશે.

એના પલંગના સાઈડ ટેબલ પર લીરા ઝેપાન નામની ઊંઘની ગોળીઓની છ આખી ખાલી સ્ટ્રિપ પડી હતી. બે મિલીગ્રામની સાઠ ગોળી આ છોકરીએ એકઝાટકે પેટમાં ઓરી દીધી હતી. એની બાજુમાં વ્હિસ્કીની અડધી ખાલી બૉટલ તથા ખાલી ગ્લાસ હતા.

'નીટ વ્હિસ્કી સાથે ઊંઘની ગોળીઓ લીધી છે. ડેડલી કૉકટેલ!' એમના ફૅમિલી ફિઝિશિયને સંજીવને સમજાવતાં કહ્યું:

સંજીવ, અનુપમાએ ઊંઘની ગોળીનો હેવી ઓવરડોઝ લીધો છે. એ પછી કલાક-દાઢ કલાકમાં તો એમની સીએનએસ (સેન્સિનરી નર્વસ સિસ્ટમ) ડિપ્રેસ થઈ ગઈ હશે અને ધીમે બ્રેન ડેડ થવા લાગ્યાં હશે. આવા કેસમાં નર્વસ સિસ્ટમનાં એક એક સેન્ટર્સ ધીરે ધીરે બંધ થવા લાગે અને માણસ કોમામાં સરકી જઈને મૃત્યુ પામે.'

અનુપમાની સતત સાથે રહીને છેલ્લા થોડા વખતથી એને સાચવતા રહેલા સંજીવને અચાનક અપરાધભાવ જાગી ઊઠ્યો:

'ઓહ ગૉડ, મેં એને એકલી શું કામ છોડી?'

સંજીવ નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.

'હજી ઘણી ફૉર્માલિટીઝ બાકી છે, સંજીવ. તમારે સ્ટ્રોન્ગ રહીને બધું કરવું પડશે.'

ડૉક્ટરે સંજીવના ખભા થપથપાવ્યા:

'ઈટ ઈઝ અ પ્યૉર કેસ ઑફ સુસાઈડ... પોલીસને જણાવવું જ પડશે.'

સંજીવે આંખો લૂછી ઊંડો શ્વાસ લીધો. મન મક્કમ કર્યું:

'જ્હૉન, જૂહુ પોલીસસ્ટેશનમાં ફોન કર.' પછી ઉમેર્યું:

'સિક્યોરિટી માટે પણ કહી દે. મીડિયાવાળાને ખબર પડશે એટલે હોબાળો મચી જશે અહીં...'

'સંજીવ...'

અલય નો અવાજ સાંભળીને સંજીવ નાના બાળકની જેમ દોડ્યો. અલય ને ભેટી પડ્યો અને ફરી એક વાર જોરથી રડવા લાગ્યો.

હાથમાં મહેંદી, ચૂડો, લાલચટક ચાંલ્લો, સેંથામાં સિંદૂર અને મંગળસૂત્ર સાથે સફેદ સલવાર-કમીઝ પહેરીને ઊભેલી શ્રેયાને જોઈને સંજીવ ધ્રૂજી ગયો.

પાનેતર પણ ઊતર્યું નથી અને આ છોકરી અહીં આવી ગઈ?

સંજીવને બાથમાં લઈને ઊભેલા અલય ની નજર પલંગમાં સૂતેલી અનુપમા પર હતી. જાણે કોઈ મીણની પૂતળી સુવાડી હોય એટલી સુંદર અને પરફેક્ટ દેખાતી હતી એ! સફેદ સાડી એટલી વ્યવસ્થિત પહેરી હતી કે સૂવા છતાં પણ સાડી જરાય અસ્તવ્યસ્ત નહોતી લાગતી...

અલય એની નજીક ગયો. થોડીક ક્ષણો એકીટશે એ અનુપમાને નિહાળતો રહ્યો. પછી હાથ લંબાવીને એના ગાલ પર હાથ ફેરવવા જતો હતો કે સંજીવે એને રોક્યો:

'પોલીસ આવશે, અલય ... કદાચ પોસ્ટમૉર્ટમ...'

આ શબ્દો જાણે સાંભળ્યા જ નથી એમ લંબાવેલો હાથ આગળ વધારીને અલયે અનુપમાના ગાલ પર ફેરવ્યો. એના વાળ, જે આછા આછા ગાલ પર આવી ગયા હતા એને હટાવ્યા. પછી પલંગ પર બેસી ગયો. ક્યાંય સુધી એ અનુપમાને જોતો રહ્યો. પોતાના ફોટા પર મુકાયેલા એના હાથને જોતો રહ્યો...

'અનુ... એઈ, અનુ...!

અલય જાણે અનુપમા સાથે વાત કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો:

'આઈ એમ સૉરી, અનુ... આઈ એમ સો સૉરી!'

એનું ગળું ભરાઈ આવ્યું. શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી એને. એને લાગ્યું જાણે અનુપમા બેઠી થઈ એની સામે જોઈ રહી છે, ખડખડાટ હસતી એનું નાક પકડીને ખેંચી રહી છે:

અરે, ઓ બુદ્ધુ! હું એમ મરવાની નથી. આ તો તને ડરાવવાનો પ્રયત્ન કર્યો. આ તો હતું એક નાનકડું રિહર્સલ... હું મરી જાઉં તો શું થાય એ જોવા માટે...!

એ અનુપમાની સામે જોતો રહ્યો... અનુપમા શાંતિ-નિશ્ચેષ્ટ આંખો મીંચીને બસ, સૂતી હતી!

અનુપમાના ગાલ પર મૂકેલો હાથ ઊંચકી લઈને અનુના હાથ નીચે રહેલો ફોટો અલયે ખેંચ્યો.

'જેમ છે તેમ જ રહેવા દે અલય , પ્લીઝ!'

સંજીવનું આ વાક્ય પૂરું થાય એ પહેલાં તો ફોટો ખસ્યો અને એની નીચે મુકાયેલું એક સફેદ કવર બહાર નીકળી આવ્યું. સંજીવની વાત સાંભળ્યા વિના અલયે એ કવર ખેંચ્યું.

અલય વસુંધરા મહેતા... કવર પર મરોડદાર અક્ષરે લખ્યું હતું.

અલયે કવર હાથમાં લઈને ખોલ્યું, અંદર એક ખાદીપેપર પર મરોડદાર અક્ષરે અંગ્રેજીમાં લખાયેલો પત્ર હતો:

અલય ,

આ પત્ર તને મળશે ત્યારે હું નહીં હોઉં-ને નહીં જ હોઉં એવી મને ખાતરી છે.

આમ તો મારે તને જે કહેવાનું છે એ મેં વારંવાર કહ્યું છે, છતાં આ પત્ર તને લખું છું એ કહેવા કે જિંદગીના જે થોડા દિવસ તારી સાથે ગાળ્યા એટલા જ સમયમાં જીવી લીધું મેં.

તને મળી એ ક્ષણથી શરૂ કરીને હવે હું નથી તો પણ હું તને પ્રેમ કરું છું - કરતી રહીશ એ સત્ય શાશ્વત બની ગયું!

મને હંમેશાં લાગતું હતું કે પ્રેમ એવો હોવો જોઈએ, જે જીવવા માટે પૂરતો હોય અને મરવા માટે મજબૂર કરી શકે... એવો પ્રેમ તે કરાવ્યો મારી પાસે. મારા શરીરના અણુએ અણુથી, આત્માના ઊંડાણથી, મારા આખા અસ્તિત્વથી ચાહ્યો છે મેં તને!

તારા વિના જીવવું અસંભવ બની ગયું છે, અલય .

દરેક પળે હું મારી જાતને સમજાવું અને દરેક પળે મારું મન મને ફરી તારા સુધી ધકેલી દે. હીંચકાની જેમ તારી સાથે અને તારા વગર ઝોલાં ખાતાં જીવ્યા કરવું મારા માટે સંભવ નથી.

પીડાતા, તરસતા, તરફડતા જીવવું મને મંજૂર નથી, અલય . હું જીવું તો મારી શરતોએ ને મરું તો મારી મરજીથી!

તારે કોઈ ગિલ્ટ કે તકલીફ અનુભવવાની જરૂર નથી. તું તારા તરફથી સાચો અને સ્પષ્ટ હતો. તને પામવાની જીદ એ મારી જ ભૂલ હતી. જો કે તને પામ્યા પછી મને લાગ્યું કે હું તારા વગર જીવતાં શીખી જઈશ, શીખી લઈશ, પણ હું એવું કરી ન શકી.

બની શકે તો મારી નાની નાની બેવકૂફીઓ માટે મને યાદ રાખજે અને તારી નસ નસમાં સમાઈ ગયેલા મારા પ્રેમને તું ભૂલવા માગીશ તો પણ હવે ભૂલી નહીં શકે એની મને શ્રદ્ધા છે. આમ તો હિંદી ફિલમની જેમ હું તને કહી શકું કે મારા મૃત્યુ પછી મારી સેંથીમાં સિંદૂર ભરજે... વગેરે, વગેરે, પણ એ બધાનો કોઈ અર્થ નથી. બની શકે તો મારી અંતિમવિધિ કરીને મને અગ્નિદાહ તું આપજે...

મારા વતી માફી શ્રેયાની માગજે અને આવતા જનમે હું તારી સાથે જીવવાની છું એ પણ કહી દેજે!

મારા મૃત્યુ માટે તારી જાતને જવાબદાર ગણવાની કોઈ જરૂર નથી. મને પોતાને જ ખબર નહોતી કે હું તને આટલો બધો પ્રેમ કરું છું.

- અનુપમા

એની સાથે એક બીજો પત્ર પણ હતો, જે દસ રૂપિયાના સ્ટૅમ્પ પેપર પર જાતે લખીને અનુપમાએ સહી કરી હતી:

હું અનુપમા ઘોષ, સમજી-વિચારીને સંપૂર્ણ હોશોહવાસમાં મારી જાતે આપઘાત કરું છું. મારા મૃત્યુ માટે કોઈને જવાબદાર ગણવાની જરૂર નથી તથા (1) શક્ય હોય તો મારું પોસ્ટમોર્ટમ ન કરવું. (૨) હું જેવી છું તેવી જ મને ઇલેક્ટ્રિક સ્મશાનગૃહમાં અગ્નિદાહ આપવો. (3) મારું વીલ મારા સેક્રેટરી સંજીવ પાસે છે. એ મેળવી લેવું અને એમાં લખ્યા પ્રમાણે મારી મિલકતની વહેંચણી કરવી. (4) મારાં માતા-પિતાને મારા મૃત્યુની સૂચના મારા અગ્નિદાહ પછી આપવી. (૫) મારો અગ્નિદાહ અલય વસુંધરા મહેતા કરે એવી મારી અંતિમ ઇચ્છા છે, પરંતુ કોઈ પણ કારણસર જો એ એમ ન કરવા માગતા હય તો એમના પર કોઈ પણ જાતનું દબાણ ન કરવું...

‘અનુઉઉઉઉ...’

આ બન્ને કાગળ વાંચતાં જ ક્યારનો પોતાની જાત પર કાબૂ રાખીને હિંમતથી બેઠેલો અલય તૂટી ગયો.

અને એ મોટેથી રડી પડ્યો. શ્રેયાએ આવીને એના હાથમાંથી કાગળ લઈ લીધા અને એમાં નજર સરખીય કર્યા વિના સંજીવના હાથમાં આપી દીધા. પછી અલય ના ખભે હાથ મૂકીને એની સામે જોયું. પલંગમાં બેઠેલો અલય અનુપમાના હાથ પકડીને નાનું બાળક રડે એમ હીબકે ચડીને રડતો જ રહ્યો અને શ્રેયા માત્ર એની પીઠ પર હાથ ફેરવતી રહી અને એને રડવા દીધો...

*

અલય શ્રીજી વિલામાં દાખલ થયો ત્યારે બપોર થવા આવી હતી.

એના ચહેરા પર જાણે અનુપમાનું મૃત્યુ કુંડળી મારીને બેસી ગયું હતું... ગઈ કાલે સાંજથી અત્યાર સુધીની ઘટનાઓ અલય ને ચૂરચૂર કરી ગઈ હતી.

દર સેકંડે એને અનુપમાના શબ્દો, એનું હાસ્ય, જિંદગી માટેનો એનો પ્રેમ અને એની સાથે ગાળેલી એક એક પળ રહી રહીને વિચલિત કરી રહ્યાં હતાં. એને રહી રહીને લાગતું હતું કે અનુપમાના મૃત્યુ માટે એ પોતે જ જવાબદાર હતો. એણે તે રાત્રે ગોવામાં અનુપમાની જીદ આગળ નમતું ન જોખ્યું હોત તો કદાચ આજે અનુપમા આમ ચાલી ન ગઈ હોત.

શ્રીજી વિલામાં એને દાખલ થતો જોઈને વસુમાના કાળજામાં ચિરાડો પડી ગયો. ભલભલી પરિસ્થિતિઓમાં અને મુશ્કેલીઓમાં એમણે અલય ને આટલો તૂટેલો, આટલો વીખરાયેલો ક્યારેય નહોતો જોયો.

ગઈ કાલે સાંજથી એ અને શ્રેયા બન્ને અનુપમાના બંગલે જ હતાં. પોલીસ કમિશનર રાંગણેકરને અંગત વિનંતી કરીને અનુપમાએ કરાવેલા દસ્તાવેજ પ્રમાણે એનું પોસ્ટમોર્ટમ ન થાય એ માટેના પ્રયાસ અલય અને સંજીવે કર્યા હતા, પણ રાંગફ્રેકરના કહ્યા મુજબ અનુપમા સેલિબ્રિટી હતી. એનું પોસ્ટમોર્ટમ ન કરવું અશક્ય વાત હતી, પરંતુ વૈભવીના પિતાની ઓળખાણ અને રાંગણેકરની ભલમનસાઈ બન્ને કામે લાગ્યાં પછી માત્ર ફૉર્માલિટી પૂરતું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું અને અનુપમાની છેલ્લી ઇચ્છા મુજબ પાર્લેના સ્મશાનગૃહમાં અગ્નિદાહ વખતે અનુપમા લગભગ એવી જ દેખાતી હતી જેવી એ બેડરૂમમાં છેલ્લી સૂતી હતી...

અનુપમાના વીલ મુજબ એના સ્ટાફને 20-20 લાખ રૂપિયા, એની રૉયલ્ટી અને ફિલ્મોના તમામ રાઇટ્સ સંજીવને, એનો બંગલો અને ગાડી વેચીને તમામ રકમ અનાથ આશ્રમમાં અને મધર ટેરેસાના આશ્રમમાં સરખે ભાગે દાન રૂપે આપી દેવાની હતી.

એની ફિલમનું મહેનતાણું એક કરોડ રૂપિયા અલય ને મળે એ મુજબની પાવર ઑફ એટર્ની, શૈલેષ સાવલિયાને સંબોધીને એના વીલની જોડે જ મળી આવી હતી. આ બધાં કાગળિયાં જોતાં જોતાં પોલીસને પણ સમજાતું હતું કે અનુપમાએ જે કંઈ કર્યું એ સમજી-વિચારીને કર્યું હતું. ઘણા દિવસથી એના મનમાં ચાલતા આ વિચારોની એણે કરેલું વીલ અને બાકીની વ્યવસ્થા સાક્ષી પૂરતા હતા.

ઘેર આવીને અલય અન્યમનસ્ક જેવો ડ્રોઇંગ રૂમની વચ્ચોવચ ઊભો રહ્યો. પાછળ ધીમે ધીમે આવતી શ્રેયાએ એનો હાથ પકડીને એને ડાઇનિંગ ટેબલ તરફ દોરીને ખુરસી પર બેસાડી દીધો. અલય જાણે માણસ નહીં, ચાવી દીધેલું પૂતળું હોય એમ વર્તી રહ્યો હતો.

અનુપમાના શરીરને ઇલેક્ટ્રિક સ્મશાનગૃહમાં અંદર જતું જોયું એ પછી અલય એક અક્ષર પણ નહોતો બોલ્યો. અનુપમાની અંતિમવિધિ વખતે અલય ને વસુમા, સૂર્યકાંત, અભય અને શ્રેયા મળીને પણ સંભાળી નહોતાં શક્યાં... રડતો-કકળતો, ધમપછાડા કરતો આવો અલય શ્રેયાએ ક્યારેય નહોતો જોયો.

પરંતુ અનુપમાની નિશ્ચેત કાયાને એક વાર ક્રેમેટોરિયમમાં અગ્નિદાહ અપાઈ ગયો એ પછી અલય સાવ ચૂપ થઈ ગયો હતો... ન રડ્યો કે ન એકે શબ્દ બોલ્યો...

શ્રેયાને ભયાનક ચિંતા થઈ રહી હતી. એ અલય ના સંવેદનશીલ સ્વભાવને જાણતી હતી. એને જાતજાતની વાત કરીને એને બોલાવવાનો, રડાવવાનો પ્રયત્ન કર્યો હતો, પણ અલયે જાણ પોતાની જાતને સ્વિચ ઑફ કરી હતી.

એનો પથ્થર જેવો ચહેરો જોઈને વસુમાને ધ્રુજારી થઈ આવી. અલય ની આ હાલતમાં એ છાપાં ન જુએ તો સારું એમ માનીને એમણે ડાઇનિંગ ટેબલ પર પડેલાં છાપાં ખસેડવાનો પ્રયત્ન કયો, પણ અલયે એ થોકડી પોતાની પાસે ખેંચી લીધો.

ભારતભરનાં અખબારમાં અનુપમાના આપઘાતના સમાચાર મરી-મસાલો ભભરાવીને છપાયા હતા. અલય વસુંધરા મહેતાનું નામ આ મૃત્યુ સાથે સાંકળવામાં મીડિયાએ કંઈ બાકી નહોતું રાખ્યું અનુપમાને પ્રેમજાળમાં ફાંસીને આ ફિલમ પૂરી કરાવ્યા પછી અલયે એને છેહ દીધો એટલે અનુપમાએ આપઘાત કર્યો એવા મતલબના સમાચાર લગભગ દરેક છાપાંમાં હેડલાઇન બનીને ચમક્યા હતા. ડાઇનિંગ ટેબલ પર છાપાનો ઢગલો લઈને બેઠેલો અલય અસ્વસ્થ રીતે એક પછી એક અખબાર જોઈ રહ્યો હતો.

જેમ જેમ એ અખબાર વાંચતો હતો તેમ તેમ એનો ચહેરો વધુ ને વધુ ઝાંખો પડતો જતો હતો... અનુપમાના હસ્તાક્ષરમાં લખાયેલો પત્ર જાણે સાપ બનીને એની છાતીમાં ડંખ મારતો રહ્યો...

અલયને રહી રહીને અનુપમાનો ચહેરો, એનું હાસ્ય, જિંદગીથી છલકાતી એની આંખો, એની ફિલોસોફી અને કુશાગ્ર બુદ્ધિથી કરાતી વેધક દલીલો... એના શબ્દો, એનો સ્પર્શ યાદ આવતાં હતાં... રહી રહીને જાણે અનુપમા એની આસપાસ ધુમ્મસ બનીને વીંટળાતી હતી, એના ગળામાં હાથ નાખતી હતી, એના પગ પર બેસી જતી હતી, એના ગાલ પર, હોઠ પર ચૂમતા હતી... અનુપમાના લાંબા વાળ અલય ના ચહેરા પર

દેખાઈ જતા હતા, રહી રહીને…

અલય ને લાગ્યું કે જાણે ડ્રોઇંગ રૂમની દીવાલો ડોલી રહી હતી. છતમાં લટકતો પંખો સાવ નીચે-વધુ નીચે આવી ગયો હતો. છતમાં તિરાડો પડી રહી હતી…

એનો શ્વાસ ગૂંગળાવા લાગ્યો. જાણે કોઈએ અનુપમાના લાંબા વાળ એના ગળાની આસપાસ લપેટીને એને ફાંસો દેવા માંડ્યો હોય… અલય ઊંડા શ્વાસ લેવા લાગ્યો. એની આંખો પહોળી થઈ ગઈ. કપાળ પર, હોઠ પર અને હડપચી પર પરસેવાનાં બુંદ ઊપસી આવ્યાં. એણે ગભરાઈને જોરથી ચીસ પાડી:

'માઆઆઆઆ…'

વસુમા એની પાસે જ ઊભા હતાં. એમણે અલય ના માથે હાથ મૂક્યો. વસુમાનો પાલવ પકડીને એમને નજીક ખેંચ્યાં. બે હાથ એમની કમર પર વીંટાળીને એમને લપેટાઈ ગયો. ચૅર પર બેઠેલા અલય નું માથું વસુમાની છાતી અને પેટની વચ્ચે ભીંસાઈ ગયું. વસુમાએ હળવે હળવે અલય ના માથામાં હાથ ફેરવવા માંડ્યો.

અલય ફરી એક વાર હીબકે ચડી ગયો.

ઘરનાં બધાં જ લોકો અલય ની ચીસ સાંભળીને દોડી આવ્યાં. લગભગ બધાં જ વિચલિત થઈ ગયાં હતાં. બધાં જ જાણે અસહાય હતાં. સ્તબ્ધ હતાં.

એકમાત્ર વસુમા સ્વસ્થતાથી, સંતુલનથી, સંયમથી અલય ના માથે વહાલસોયો હાથ ફેરવી રહ્યાં હતાં:

'રડી લે બેટા, જેટલું રડાય એટલું રડી લે. મન ખાલી કરી નાખ…'

'હું ક્યાં ખોટો હતો, મા?' રૂંધાયેલા અવાજે વસુમાને વળગેલી અલય પૂછી રહ્યો હતો:

'મેં એને બધું જ કહ્યું હતું - સત્ય. એને છેતરી નહોતી, મા! તો પછી… તો પછી એણે આવું કેમ કર્યું?'

અલય ના આ સવાલની તીવ્રતા બધાંના ચહેરા પર પડઘાતી રહી.

બધાં વસુમાના જવાબની રાહ જોઈ રહ્યાં…

* * *

'**હું** ક્યાં ખોટો હતો મા?' રૂંધાયેલા અવાજે વસુમાને વળગેલો અલય પૂછી રહ્યો હતો, 'મેં એને બધું જ કહ્યું હતું - સત્ય એને છેતરી નથી મેં તો પછી... તો પછી એણે આવું કેમ કર્યું?'

ડાઇનિંગ ટેબલની આસપાસ ઊભેલા સૌના ચહેરા પર અલય નો સવાલ ઓછી-વત્તી તીવ્રતાથી પડઘાતો હતો અને સૌ પોતાના મનની આ ગૂંચવણનો જવાબ જાણવા વસુમાના જવાબની રાહ જોઈ રહ્યાં હતાં.

વસુમાનો હાથ હળવે હળવે અલય ના વાળમાં ફરી રહ્યો હતો. એ પોતે પણ જાણે ઊંડા વિચારમાં પડ્યાં હતાં. એમનું મન જાણે આજથી ત્રણ દાયકા પહેલાંના સૂર્યકાંતને યાદ કરી રહ્યું હતું.

'બેટા, જિંદગી જીવવાની ઘણી રીતો હોય છે. ઈશ્વર સૌને એકસરખી રીતે, એકસરખા પ્રેમથી અને એકસરખા મનુષ્ય બનાવીને મોકલે છે. આપણા સૌની પીડા એ છે ક્યાં જન્મ લેવો એ આપણા હાથમાં નથી હોતું. મોટા ભાગના સંબંધો આપણને જનમતાંની સાથે રેડીમેડ તૈયાર જ મળી જાય છે.

મા બાપ, દાદા, દાદી, ભાઈ, બહેન અને જેને લોહીના સંબંધ કહી શકાય

એવાં સગાં... કેટલાક લોકો સમાધાનની એક ભૂમિકા સ્વીકારે છે અને કેટલાક

જન્મથી જ વિદ્રોહને મૌનનો સ્વભાવ બનાવતા જાય છે.

'મારી જેમ.' સૂર્યકાંતથી બોલ્યા વિના ના રહેવાયું.

'વિદ્રોહી હોવું એ ગુનો નથી. પણ એ સ્વભાવને જો સાચી દિશામાં વાળવામાં આવે તો મોહનદાસમાંથી મહાત્મા ગાંધી જન્મ લે છે અને જો એ જ વિદ્રોહને જિંદગીનાં નાનાં સુખ-દુઃખ સાથે જોડી દેવામાં આવે તો કદાચ અનુપમા જેવી પરિસ્થિતિ થાય છે.'

'હું પણ...' સૂર્યકાંતે અલય ની સામેની ખુરશી ખેંચી અને ત્યાં ગોઠવાઈ ગયા, 'હું પણ વિદ્રોહનું જ પરિણામ છું અલય, પિતાના કેટલાક નિયમો અને વધુ પડતી અપેક્ષાઓ... જિંદગી જીવવાનો મારો અભિગમ જુદો હતો, કદાચ આજે જ્યાં ઊભો છું એને બદલે કદાચ જિંદગીની વધુ ઊંચાઈએ ઊભો હોત. જો મેં બીજાને સમજવાનો, ખાસ કરીને મારા પિતાને સમજવાનો પ્રયાસ કર્યો હોત તો.'

વસુમા સૂર્યકાંતની સામે જોઈ રહ્યાં. આ એ જ સૂર્યકાંત હતા જેની સાથે દેવશંકર મહેતા વિશે વાત કરવા જતાં આ જ ડ્રોઇંગરૂમમાં એમણે વસુમાને કહ્યું હતું, 'એમને શું એમની મિલકતમાંથી બેદખલ કરે, હું એમને મારા બાપ હોવા માંથી બેદખલ કરું છું. મારે દેવશંકર મહેતા સાથે સ્નાન-સૂતકનોય સંબંધ નથી... તે નથી...'

વસુમાની નજર સામે જાણે સસરાની ચિતાને અગ્નિદાહ દેતો પોતાનો હાથ, ચાંદલા વગર સાસુનું કપાળ અને એની નીચે પુત્રની પ્રતિમામાં તગતગતી બે સૂની આંખો, ચંદ્રશંકરની ઘેલછાભરી પણ ભાઈને જોતાં જ ચમકી ઊઠતી બે આંખો આવીને જાણે ફ્લેશની જેમ ઝબકીને વિલાઈ ગઈ.

અલય શૂન્ય આંખે, પણ પિતા સામે જોઈ રહ્યો હતો, વસુમાથી સહેજ છૂટો પડ્યો હતો અને બીજાની વાત સાંભળવાની સહેજ તૈયારી બતાવતો હતો એ જોઈને વસુમાને આછી રાહત થઈ.

'બેટા, દરેક દીકરો બાપને એમ કહેતો હોય છે કે તમે ખોટા છો. તમારી વાત ખોટી છે અને જ્યારે એને સમજાય છે કે પિતા સાચા હતા ત્યારે એનો પોતાનો દીકરો એને એ જ વાત કહેવા તૈયાર ઊભો હોય.

'આમાં અનુપમા ક્યાં આવી?' અલયની આંખો હજીયે જાણે અનુપમાનું નામ બોલતાં બુઝાઈ જતી હતી. મહિનાથી ઊંઘ્યો ના હોય અને કેટલાય દિવસોથી ખાધું ના હોય એવો નિસ્તેજ ચહેરો થઈ ગયો હતો અલય નો, 'મા, મેં એને બધું જ સાચું કહ્યું હતું. ક્યારેય એને છેતરી નહોતી, એને ફસાવી નથી. બલકે એને મારાથી દૂર રાખવાના બધા પ્રયાસો કરી ચૂક્યો હું. તેમ છતાં...'

'જિંદગી પોતાની શરતો પર જીવી હતી એને.' વસુમાએ ધીમેથી કહ્યું, 'એની જિંદગીમાં આવતા દરેક માણસે એનું કહ્યું માનવું અને એ ઇચ્છે તેમ જીવવું એવો હઠાગ્રહ હતો એનો. હસ્તરેખામાં લખેલું પણ પોતે બદલી શકે છે એવો વહેમ ઘૂસી ગયો હતો એના મનમાં. સફળતાએ એને એવું સમજાવ્યું હતું કે કંઈ પણ ખરીદી શકાય છે.'

'મા, ગોવામાં જે કંઈ થયું...' અલયે ઊંડો શ્વાસ લીધો. શ્રેયા સામે જોયું અને નજર ઝુકાવી દીધી. ક્ષણેક એમ જ ચૂપ રહ્યો. સુકાતા હોઠ ઉપર જીભ ફેરવી, 'ત્યારે પણ એણે મને વિનંતી કરી હતી... કાકલૂદી કહી શકાય એ હદની વિનંતી. આજે શ્રેયાની હાજરીમાં મને કહેવામાં સંકોચ નથી મા કે ત્યારે આમ ઘૂંટણિયે પડીને મારી પાસે એના સ્ત્રીત્વના સ્વીકારની ભીખ માગતી એ છોકરીને તરછોડવી મને મારા પુરુષત્વનો વધારે પડતો અહમ્ લાગ્યો હતો. મને લાગ્યું કે કોઈ આટલી બધી લાગણીથી, આટલા બધા સમર્પણથી કશું આપે એને તિરસ્કારી કેમ શકાય? હું એવો તે કયો મોટો...'

'એ આપતી નહોતી અલય , માગતી હતી તારી પાસે.' શ્રેયાનો અવાજ ધીમો હતો, પણ એના અવાજમાં એક પત્નીની સમજદારી અને એક સ્ત્રીની બુદ્ધિમત્તા હતી.

'બેટા, હવે જ્યારે એ હાજર જ નથી ત્યારે આમ તો ચર્ચા અસ્થાને છે, પણ સમય સાથે એ જિંદગી અને માણસોને વસ્તુ સમજતી થઈ ગઈ. એને લાગ્યું કે એ પોતાની શરતો પર પોતાની બનાવેલી જિંદગીમાં પોતે ઇચ્છશે એમ જીવી શકશે, જીવતી રહેશે...'

'અભિનય કરતાં કરતાં જિંદગી અને કેમેરા વચ્ચેનો ભેદ ભૂલી ગઈ કદાચ.' અભયે કહ્યું.

અત્યાર સુધી સીડીના કઠેડાને ટેકો દઈ, પગ ક્રોસ કરીને ચૂપચાપ બધાને સાંભળી રહેલી વૈભવીએ પોતાના ટી-શર્ટની ફૂલસ્લીવ ઉપર ચડાવી. જીન્સના ખિસ્સામાં હાથ નાખ્યો. આગળ આવી અને ડાઇનિંગ ટેબલની ખુરશીની પીઠ ઉપર ટેકો દઈને ઊભી રહી, 'અલયભાઈ, આ વાત તમને મારાથી વધારે સારી રીતે કદાચ કોઈ નહીં સમજાવી શકે, આ જીતનો નશો બહુ, સ્ટુપિડ જેવી વસ્તુ છે. ખાસ કરીને તમે જ્યારે સ્ત્રી હો, સુંદર હો અને તમને જ સમજાવા લાગે કે તમારી સુંદરતા બીજા પર અસર કરે છે...'

આજે જાણે ઘરનાં બધાં જ સભ્યો મનનાં એક પછી એક પડ ખોલી રહ્યાં હતાં. અભય આશ્ચર્યથી જોઈ રહ્યો. આ એ જ વૈભવી હતી, જે આજથી થોડા જ મહિનાઓ પહેલાં સાવ જુદી જ વ્યક્તિ હતી.

'વૈભવી આ થોડી જ વસ્તુઓ બેએક વર્ષ પહેલાં સમજી હોત તો?!' અભયને વિચાર આવ્યો, 'પ્રિયા કદાચ મારી જિંદગીમાં હોત જ નહીં!'

વૈભવી અલય ની આંખોમાં આંખો નાખીને બોલી રહી હતી. એ આમ પણ ખૂબ બુદ્ધિશાળી હતી. ભાષા પરનું

એનું પ્રભુત્વ અને આઈ.એ.એસના ઘરમાં ઊછરવાને કારણે આવેલું સાફેસ્ટિકેશન વૈભવીને સો સ્ત્રીઓના ટોળામાં જુદી તારવી દેતું. એનો આત્મવિશ્વાસ કેટલીક વાર એની સામે પુરુષોને ઝાંખા પાડી દેતો, અત્યારે એ જે રીતે બોલી રહી હતી એ જોતાં વસુમાને લાગ્યું કે બીજું કોઈ નહીં, અલય ના મનની આ ગાંઠ માત્ર વૈભવી ઉકેલી શકશે, 'અલય ભાઈ, અનુપમાના બાળપણે એને દરેક વસ્તુ મેળવવા માટે સંઘર્ષ કરતા શીખવ્યું. અભાવો અને એકલતામાં ઊછરેલી આ છોકરી મુંબઈ આવી અને અચાનક સફળ થઈ ગઈ... એને સમજાયું કે એની સુંદરતા વેચાય છે. એની બુદ્ધિની કિંમત છે. એની ટેલેન્ટ બહુમૂલ્ય છે... અને એણે સોદો કરવા માંડ્યો...'

અલયે વૈભવીની સામે જે રીતે જોઈ રહ્યો હતો એ જોતાં વસુમાને હાશ થઈ. અત્યાર સુધી શૂન્ય આંખે જોઈ રહેલા અલય ની આંખો બદલાઈ હતી. એ વૈભવીની વાત સાથે જાણે ધીમે ધીમે સંમત થઈ રહ્યો હતો, 'કોમોડિટી સમજો છો અલય ભાઈ? એણે પોતાની જાતને કોમોડિટી બનાવી દીધી, એક બ્રાન્ડ! અને એના બદલામાં એને ધાર્યું મળવા માંડ્યું.'

'પણ ભાભી, એ છોકરીએ ક્યારેય કોઈને પોતાના શરીર...'

'હું કોઈ ખરાબ વાત નથી કરતી અલય ભાઈ, નથી એના ચારિત્ર્ય પર આક્ષેપ કરતી... પણ એને એવું સમજાઈ ગયું હતું કે અનુપમા નામની આ બ્રાન્ડના બદલામાં એને કંઈ પણ મળી શકે અને એણે એ જ બ્રાન્ડનો સોદો તમારી સાથે કરવા માગ્યો. તમને ફિલ્મ અપાવી.'

અલય કંઈ બોલવા જતો હતો, પણ વૈભવીએ એને રોકી દીધો, 'અલયભાઈ, હું એમ નથી કહેતી કે તમે ટેલેન્ટેડ નહોતા, પણ એણે તમને પહેલો બ્રેક આપ્યો. કદાચ એ પણ નહોતી જાણતી એવી રીતે એણે તમારામાં એ બધું જ જોવા માંડ્યું, જે બીજું કોઈ હજુ સુધી એને દેખાડી શક્યું નહોતું...'

ઘરનાં બધાં જ મંત્રમુગ્ધ થઈને વૈભવીને બોલતી સાંભળી રહ્યા હતા. વૈભવી જાણે કોઈ વાર્તા કહેતી હોય એવી પ્રવાહી શૈલીમાં આખી વાત અલય ને સમજાવી રહો હતી, 'અલય ભાઈ, અનુપમાને એમ લાગ્યું કે તમે પણ કોમોડિટી છો. કોઈ પણ ભોગે, કોઈ રીતે તમને મેળવવા એ એની જીદ હતી.' વૈભવીથી અનાયાસે અભય તરફ જોવાઈ ગયું, વૈભવીએ પોતાની નજર ઝુકાવી લીધી, 'મને કહેવા દો કે આ વાતને હું આટલી સારી રીતે સમજી શકું છું, કારણ કે હું પણ કદાચ થોડા ઘણા અંશે અનુપમા જેવી જ હતી.'

ઘરનાં બધાંના ચહેરા પર એક અજબ જેવા ભાવ આવ્યા અને નીકળી ગયા. ખાસ કરીને અભયને આ સાંભળીને બહુ વિચિત્ર લાગણી થઈ.

'મારે માટે મારા પિતાના જુનિયર ઑફિસર તરીકે ઘરે આવતો અભય મને ન જુએ, મારી સાથે અમુક પ્રકારની અંતર રાખે અને મારાથી દૂર જવાનો પ્રયત્ન કરે એ વાત, એ સંયમ અને એ નમ્રતા એક ચૅલેન્જ બની ગયા. મને રહી રહીને એમ થવા લાગ્યું કે મારે અભય જોઈએ છે.' અભય વૈભવી સામે એવી રીતે જોઈ રહ્યો હતો, જાણે એના વીસ વર્ષના લગ્નજીવન પછીનો આ સ્વીકાર એને માટે કશું વણજોઈતું, વણઇચ્છેલું સત્ય ઉઘાડી રહ્યો હોય. સંતાનોની હાજરીમાં થતી આ વાત અભય માટે સાંભળવી અને જીરવવી બંને મુશ્કેલ હતી, પણ વૈભવીએ તો જાણે આજે સત્ય બોલવવામાં સોને પાછળ છોડી દેવા છે એવું નક્કી કરી લીધું હતું.

'અલય ભાઈ, અભયને પરણ્યા પછી એની પાસે ધાર્યું કરાવવું એ મારા માટે બીજી ચૅલેન્જ બની ગઈ... હું પરણીને આવી પછી સમજાયું કે અભયને પામી તો લીધો મેં, પણ હું એની માલિક નહોતી.'

લજ્જા પણ મોટું પહોળું કરીને માને સાંભળી રહી હતી. અલય જાણે વૈભવીની વાતમાં, એની શૈલીમાં તણાતો જતો હતો. બાકી બધાના ચહેરા પર ભાવના ચડાવ-ઉતાર થઈ રહ્યા હતા. એકમાત્ર વસુમા સૌમ્યતાથી, સરળતાથી અને સ્વીકારથી વૈભવીને સાંભળી રહ્યાં હતાં. વૈભવી ક્ષણેક અટકી. એણે ઊંડો શ્વાસ લીધો. જાણે વીખરાતી જતી જાતને ભેગી કરતી જતી હોય એમ થોડી ક્ષણો સાવ મૌન રહી એ.

'હું જેને પરણી હતી એ અભય તો એની માના કહ્યે ચાલતો હતો. હું માલિક નહોતી એની... અને અહીં શરૂ થઈ વર્ચસ્વની લડાઈ. મારી પાસે ફાયદો એટલો હતો અલય ભાઈ કે અભય મારો પતિ હતો. એ રોજેરોજ મારી બાજુમાં આવીને સૂઈ જતો... એનાં સંતાનો એને બાંધતાં... અનુપમા પાસે આવું કંઈ જ નહોતું.

એ માનતી હતી કે આજ સુધી એણે કોઈ પુરુષને શરીર નથી સોપ્યું, પણ જે ક્ષણે એ આ શરીર કોઈ પુરુષને સોંપશે ત્યારે એ પુરુષ માત્ર અને માત્ર એનો થઈ રહેશે, પણ એવું થયું નહીં અલય ભાઈ, અને એ વાતે એની અંદરનું બધું જ વેરવિખેર કરી નાખ્યું. એની દૃઢ માન્યતાઓ... એના વિચારો... એનો આત્મવિશ્વાસ... એની બુદ્ધિમત્તા અને એનું સમર્પણ... બધું હારી ગયું.'

'તમારી વાત સાચી છે ભાભી.' અલય નો અવાજ સાંભળીને વસુમાથી નિરાંતનો શ્વાસ લેવાઈ ગયો. અલય જ્યારે દાખલ થયો ત્યારનો અને અત્યારના અલય માં આસમાન-જમીનનો ફેર પડી ગયો હતો. પોતાની જાતને અપરાધી માનીને જાતની સાથે સતત લડતો રહેલો અલય વૈભવીની વાત સાંભળીને જાણે થોડો મુક્ત થઈ ગયો.

'અને એમાં પણ જ્યારે એના ઘરે મેં આવીને મારું વર્ચસ્વ સ્થાપિત કર્યું અલય , ત્યારે એ સાવ તૂટી ગઈ. ચૂર ચૂર થઈ ગઈ.' શ્રેયા અત્યાર સુધી ચૂપચાપ વૈભવીને સાંભળતી હતી. એને પણ જાણે પોતાના સવાલનો જવાબ જડી ગયો.

'પણ એને માટે જાતને અપરાધી માનવાની જરૂર નથી.' વસુમાએ કહ્યું, 'ન તારે, ન અલયે...'

'આપણે સૌએ માત્ર એટલું જ શીખવવાનું છે કે માણસો દેખાય છે એટલા સરળ નથી હોતા. ખાસ કરીને પોતાની જીદ પર જીવેલા અને જીવતા રહેલા માણસો બધાને જ પોતે ચીતરેલા રસ્તા પર ચલાવવાનો આગ્રહ રાખે છે...' સૂર્યકાંતે જાણે વાત પૂરી કરી, 'હું પણ કદાચ એમાંનો જ એક હતો. દુનિયાની આટલી થપ્પડ ન પડી હોત તો ઘેર પાછા આવવાનું સાહસ ના કરી શક્યો હોત હું.'

'પ્રિયાના આવવાથી મને અભયની કિંમત સમજાઈ છે.' વૈભવીને ડૂમો ભરાઈ ગયો, 'હું આજે બધાની વચ્ચે એવું સ્વીકારું છું અભય, કે હું મારી રીતે જીવી, તમારો વિચાર કર્યા વગર, તમારી લાગણી સમજ્યા વગર, તમારી જરૂરિયાતોને નજરઅંદાજ કરીને...' ખુરશીની પીઠ પર મૂકેલા એના હાથ એકદમ કસાઈ ગયા હતા. ખુરશીની પીઠને એણે એવી રીતે પકડી હતી જાણે એના આખા અસ્તિત્વનો આધાર એ પકડ ઉપર અવલંબતો હોય...

અભય એના તરફ આગળ વધ્યો, એણે વૈભવીના ખભે હાથ મૂક્યો. વૈભવીને ડોકું ઢાળીને અભયના હાથ પર પોતાનો ગાલ અડાડી દીધો. અભયનો હાથ વૈભવીના આંસુથી પલળવા લાગ્યો.

'વાત ક્યાંથી શરૂ થઈ હતી અને ક્યાં પહોંચી ગઈ?' લજ્જાએ વાતાવરણ હળવું કરવાનો પ્રયત્ન કયો, 'હું બધાને, ભયાનક ચા પિવડાવવા માગું છું. કોની કોની હિંમત છે મારા હાથની ચા પીવાની?'

‘મારા સિવાય બધાની. આદિત્યએ કહ્યું અને ઉપર જવા લાગ્યો.

લજ્જાએ એને કોલરમાંથી પકડ્યો અને પાછો ખેંચ્યો, ‘તારે તો પીવી જ પડશે... બાકી બધા ઉપર તો પછી અત્યાચાર કરીશ. તું તો મારું ગિની પિગ છે.’

આ બે જણાના સંવાદથી ઘરના બાોઝલ વાતાવરણમાં જાણે હળવાશ ઊતરી આવી. લજ્જા આદિત્યને કોલરમાંથી પકડીને ઘસડતી રસોડામાં લઈ ગઈ અને, ‘છોડ... સ્ટૂપીડ... ખેંચાય છે. ઇડિયટ...’ કરતો આદિત્ય એની સાથે રસોડામાં ગયો.

અલય જ્યારે પોતાના રૂમમાં દાખલ થયો ત્યારે રાત પડી ગઈ હતી. કોઈ ને કોઈ બહાને અલય ઉપર જવાનું ટાળતો રહ્યો. બપોરની ઊંઘ પણ એણે નીચે સોફામાં જ ખેંચી લીધી. જાણે પોતાના રૂમના એકાંતથી ગભરાતો હોય એમ એ કોઈ રીતે ઉપર જવા તૈયાર નહોતો...

શ્રેયા થોડી વહેલી ઉપર ગઈ હતી. એણે અલય ના વીખરાયેલાં પુસ્તકો, કાગળો, સીડીઝ બધું સરખું કરી નાખ્યું... વ્યવસ્થિત ગોઠવાયેલો આ રૂમ રોજ કરતાં જાણે મોટો લાગવા માંડ્યો. અલય ના ઓરડામાં પલંગ નહોતો, વચ્ચેવચ મૂકેલી ગાદીને એણે સરસ રીતે ઓરડાના ખૂણામાં પાથરી. વધેલી જગ્યામાં એક સરસ સિટિંગ અરેન્જમેન્ટ ઊભી કરી અને નીચે નકામું પડેલું ટેબલ લાવીને એને સેન્ટર ટેબલ તરીકે ગોઠવ્યું. ગુલછડીનાં ફૂલો મોટા ફ્લાવર વાઝમાં સેન્ટર ટેબલ પર મૂક્યાં, અગરબત્તી સળગાવી... પરફ્યૂમની બૉટલ કાઢીને ઓરડામાં થોડો છંટકાવ કર્યો, મ્યુઝિક સિસ્ટમ પર કેની જીના સેક્સોફોનની હળવી ધૂન મૂકી.

નીચે ગાદી ઉપર સફેદ ચાદર પાથરીને લજ્જા પાસે મગાવેલાં મોગરાનાં ફૂલ એણે ગાદીની બંને તરફ મોટા કાચના બાઉલમાં પાણી ભરીને તરતાં મૂક્યાં...

ઓરડાની અરેન્જમેન્ટ સંતુષ્ટ નજરે જોઈને એણે નાહી લીધું અને રાતનાં વસ્ત્રો પહેરી વાંચતી ગાદીમાં પડી.

ગઈકાલથી થાકેલાં બધાંએ આજે જમવાનું વહેલું પતાવ્યું અને ઊંઘવાની તૈયારી કરવા માંડી એટલે રાત્રે દસ વાગ્યે પોતાના ઓરડામાં ગયા સિવાય અલય પાસે કોઈ રસ્તો નહોતો.

અલય ઓરડામાં દાખલ થયો ત્યારે આખી અરેન્જમેન્ટ જોઈને એને લાગવી જોઈતી હતી એટલી નવાઈ ના લાગી. એ ચૂપચાપ બાથરૂમમાં ગયો શાવર લીધો અને સફેદ ઝભ્ભો-લેંઘો પહેરીને બહાર આવ્યો.

શ્રેયા હાથમાં પુસ્તક પકડીને વાંચવાનો ડોળ કરતી એને જોઈ રહી હતી. અલય પથારીમાં પડવાને બદલે પોતાના રૂમની મોટી મોટી સ્લાઇડિંગ વિન્ડોઝ ખોલીને બહાર જોતો ઊભો રહ્યો. કેની જીની ધૂન ઓરડામાં જાણે એક બેગ્રાઉન્ડ મ્યુઝિક પૂરું પાડી રહી હતી.

અલય થોડો સમય લઈને જાતે જ પથારીમાં આવશે એમ માનીને રાહ જોતી શ્રેયા દસેક મિનિટ પછી ધીરજ ખોઈને ઊભી થઈ. અલય પાસે આવી અને પાછળથી એને વીંટળાઈ.

‘શ્રેયા...? અલય નો અવાજ હજીયે જાણે કોઈ ગુફામાં આવતો હોય એવો ઊંડો હતો, ‘અનુપમા મને ક્યારેય માફ નહીં કરે?’

આટલી બધી વાત થયા પછી પણ અલય ના મનમાંથી હજી આ વિચાર ગયો નથી એ જાણીને શ્રેયાની અંદર જાણે કશું ઠરી ગયું.

'અલય ... એણે તો તને માફ કરી દીધો. એટલે જ આ જનમમાં મને સોંપીને પોતે ચાલી ગઈ. જો એણે માફ ન કરવો હોત તો એ રોજ તારી નજર સામે રહીને તને તકલીફ આપવાનું પસંદ કરત…' શ્રેયાએ ખભેથી પકડીને અલય ને પોતાની તરફ ફેરવ્યો, 'અલય , તને શું લાગે છે, મને દુ:ખ નથી થયું? મારી પાસે તો દુ:ખી થવાનાં કેટલાંય વધારે કારણો છે, પણ દુ:ખને પંપાળીને જીવવું એ જિંદગીનું અપમાન છે. ને અનુપમા તો સાક્ષાત જિંદગી હતી. મને લાગે છે એને યાદ પણ કરવી હોય તો ચહેરા પર સ્થિત સાથે કરવી જોઈએ. એ છોકરીમાં કશું એવું હતું જે તમને જિંદગી તરફ ધકેલે…'

'શ્રેયા…? અલય શ્રેયાને ભેટી પડ્યો. અલય ની પ્રમાણમાં થોડી વધારે નીચી શ્રેયાનું માથું અલય ની છાતી પર હતું. એના બંને હાથ અલય ની પીઠ પર વીંટળાયેલા હતા. અલય ના બંને હાથ શ્રેયાની પીઠ પર, એના વાળમાં જાણે કશું શોધતા હોય એમ બેબાકળા થઈને ફરી રહ્યા હતા… શ્રેયાએ હળવે રહીને પોતાનો ચહેરો અલય ની છાતીથી અળગો કર્યા અને ગરદન ઉઠાવી, આંખો મીંચી હોઠ ઉઘાડ્યા…

શ્રેયાના ચહેરાને હડપચીથી પકડીને અલય ઝૂક્યો. આંખો મીંચીને એણે શ્રેયાના હોઠ પર હોઠ મૂકી દીધા. શ્રેયાની બંધ આંખોના બે ખૂણેથી બે આંસુ સરકીને એના વાળમાં ખોવાઈ ગયાં…

અલય રૂમથી એક જ સીડી ઊતરીને પેસેજમાંથી પસાર થઈને જે રસ્તો વૈભવીના રૂમ તરફ જતો હતો એ પેસેજમાંથી પસાર થઈને જાણે જિંદગી વૈભવીના અને અભયના રૂમના બંધ દરવાજે ટકોરા દઈ રહી હતી.

વૈભવી આજે સવારે જે કંઈ બોલી એ પછી દિવસ આખો એ ભાગ્યે જ કશું બોલી હતી. સાંજના. જમવાનું બનાવતી વખતે પણ એણે શ્રેયાને રસોડાની બહાર ધકેલી દીધી અને વસુમાને સૂર્યકાંત સાથે ચાલવા મોકલી દીધાં. એના સવારના મૂડ પછી શ્રીજી વિલાના સમજદાર સભ્યો એને જોઈતું એકાંત આપવા એણે જે કહ્યું તે પ્રમાણે કરવા તૈયાર પાટા થઈ ગયાં.

અત્યારે એ આખીયે વાત જાણે વૈભવીના મનોમસ્તિષ્કમાં રહી રહીને પડઘાતી હતી. પોતે જે કંઈ બોલી એ જાણે ચર્ચાના કન્ફેક્શન બોક્સની સામે બોલતી હોય એટલું સત્ય અને એટલું નિર્ભય રીતે કહેવાયેલું આત્મવૃત્તાંત હતું…

એ કહેતી વખતે જાણે વૈભવીને પણ પોતાના વતન વિશે એક આંતરખોજ કરવાની તક મળી હતી. અત્યારે એ વિશે વિચારતી રહેલા વૈભવી જાતને પ્રશ્નો પૂછી રહી હતી.

એની બાજુમાં સૂતેલો અભય રોબિન શર્માની 'હુ વીલ ક્રાય, વ્હેન યુ ડાય' વાંચતો હતો.

અભયને વાંચવાનો ખૂબ શોખ હતો, પણ લગ્ન થયાં પછી વૈભવીએ એ શોખ પર લગભગ ચોકડી મુકાવી હતી. સવારનાં છાપાં સિવાય અભયે છેલ્લાં દસ વર્ષમાં ખાસ કશું નહોતું વાંચ્યું. એના કારણમાં માત્ર અને માત્ર વૈભવીની માનસિકતા હતી.

સામાન્ય રીતે એક વાર પથારીમાં સૂતા પછી અભય વાંચે કે બીજું કંઈ પણ કરે એ વૈભવી માટે એના સૌંદર્યનું અપમાન હતું… અભયે એની જ વાત સાંભળવી, એને જ વહાલ કરવું અને એના જ શરીરના મોહમાં રમમાણ રહેવું એવો વૈભવીનો હઠાગ્રહ હતી અને કચકચ થાય એને બદલે ધીમે ધીમે વાંચવાનું છોડી દઈને અભયે શાંતિ ખરીદવાનો પ્રયાસ કયો હતો.

જેને બદલે છેલ્લા થોડા વખતથી વૈભવી અભયને વાંચવા દેતી. એટલું જ નહીં, એને ઊંઘ આવે તો

ઇન્ટરનેશનલ ફ્લાઇટમાં મળે છે તેવા આંખ ઉપર પહેરવાના પેડ્સ ચડાવી એ લાઇટ બંધ કરવાનો દુરાગ્રહ છોડીને ઊંઘવાનો પ્રયાસ કરવા લાગી.

પાનું પલટતી વખતે અભયની નજર પડી તો વૈભવી ખુલ્લી આંખે છત તરફ જોઈને કંઈક વિચારી રહી હતી. એની આંખોમાં આછી ભીનાશ હતી અને ચહેરા પરના ભાવ જોઈને અભય એટલું સમજી શક્યો કે વૈભવી પોતાની જ જાત સાથે દલીલબાજી કરી રહી હતી.

'વેબ્સ...' અભયે પુસ્તક બંધ કરીને બાજુમાં મૂક્યું.

વૈભવીને ચોંકીને અભય સામે જોયું. સગાઈ થયા પછીના અને લગ્નના સાવ શરૂઆતના દિવસોમાં અભય વૈભવીને આ નામે બોલાવતો. એક વાર નાની નાની વાતો પર દલીલબાજી અને ઝઘડા શરૂ થયા પછી આ નામ ભૂલાઈ ગયું હતું. આજે અભયના મોઢે ફરી આ નામ સાંભળીને વૈભવી ચોંકી.

'શું કહ્યું તમે?'

'વેબ્સ કહ્યું...' અભયના ચહેરા પર સ્થિત હતું. એણે પોતાનો ડાબો હાથ ફેલાવ્યો અને ડોક હલાવીને વૈભવીને નજીક આવવાનો ઇશારો કર્યો. વૈભવી નજીક આવી. એણે અભયના ખભે માથું પૂર્ણ અને એનાથી અનાયાસે જ રડાઈ ગયું. અભય એના માથામાં હાથ ફેરવતો રહ્યો અને વૈભવી નિઃશબ્દ રડતી રહી. બંને વચ્ચે આમ કોઈ સંવાદ ન થયો અને છતાં જાણે વૈભવીએ જે કહેવાનું હતું તે બધું જ, આટલાં વર્ષમાં નહોતું કહ્યું તે બધું જ અભયને કહી દીધું. ખાસ્સી વાર સુધી આ મૌન સંવાદ ચાલ્યો હતો. પછી અભયે વૈભવીનો ચહેરો પોતાના તરફ કર્યો, 'શું કામ દુઃખી થાય છે? પ્રિયા મારા જીવનમાં આવી એટલે તું હારી નથી વૈભવી, ખરું પૂછો તો પ્રિયાએ આવીને આપણને બંનેને કંઈક એવું શીખવાડ્યું છે, જે આપણા લગ્નજીવનમાં ખૂટતું હતું. તું આજે બોલતી હતી ત્યારે મને સમજાયું કે હું પણ ક્યાં અને કઈ રીતે ખોટો હતો.'

'મારે નથી સાંભળવું.' વૈભવીએ પાછું માથું ઝુકાવી દીધું. અભયે ફરી એનો ચહેરો ઊંચો કર્યો, 'હવે એ ચર્ચાનો અર્થ પણ નથી રહ્યો, પણ એક વાત કહી દઉં તને... જિંદગીની આ રમતમાં ઘણાં બધાં સત્યો એવાં હતાં છે. આપણને બંનેને...' અભયે ક્ષણેક રોકાઈને સુધાર્યું, 'આપણને જ શું કામ? ઘણાં બધાંને આ છોકરીએ પોતાના મૃત્યુથી શીખવાડી દીધાં. સંબંધોની આંટીઘૂંટીમાંથી એક સીધી-સરળ કેડી આ પારથી પેલે પાર લઈ જાય છે એવું આ છોકરીએ ચૂપચાપ બધાને સમજાવી દીધું.'

મરીને? એ તો ભાગેડુ વૃત્તિ કહેવાય. અહીં જ રહીને. વસુમાની જેમ ઉદાહરણ બનીને જીવી શકી હોત... શું નહોતું એની પાસે? કામ, નામ, સફળતા, પ્રસિદ્ધિ...'

'અલય ની સરખામણીએ એ બધું તુચ્છ લાગ્યું હશે એને.'

વૈભવીએ કશું બોલી નહીં, પણ એને જાણે અભયની વાત સાચી લાગી. કોને માટે શું અગત્યનું હોય એ સાવ અંગત પ્રશ્ન છે. જિંદગીના સવાલોના જવાબો સૌની પરિભાષામાં અલગ હોય છે. કોણે યુદ્ધના મેદાનમાં કઈ રીતે વર્તવું એ એની અંગત હિંમત અને સિદ્ધાંત ઉપર આધાર રાખે છે. વૈભવી જેને પીઠ દેખાડવી માનતી હતી એ અનુપમા માટે ગૌરવભેર કરાયેલી એક્ઝિટ પણ હોઈ શકે...

'એણે પોતાના પત્રમાં કદાચ સાચું જ લખ્યું હતું. પોતાની મરજીનું જીવી એ અને પોતાની ઇચ્છાથી ચાલી ગઈ...' વૈભવીએ આંખો મીંચી, 'બધા નથી કરતી શકતા આવું!'

આડાઅવળા વિચારો કરતી વૈભવી મન સાથેની દલીલોમાં થાકી-હારીને ક્યારે ઊંઘી ગઈ એની એને પોતાને જ ખબર ના રહી. અભય મોડી રાત સુધી વાંચતો રહ્યો...

'હું આવ્યો ત્યારથી આ ઘર જાણે ચકરાવે ચડ્યું છે.' રોકિંગ ચેરમાં બેસીને આકાશ તરફ જોઈ રહેલાં વસુમા પાસે આવીને બગીચા તરફ ઊઘડતો કોલેપ્સેબલ દરવાજો સૂર્યકાંતે બંધ કર્યો, 'ગયા વખતે આવ્યો ત્યારે અભય અને વૈભવીના પ્રશ્નો થયા. આ વખતે...'

'આ વખતે અલય ની ફિલ્મ રિલીઝ થઈ, અલયે અને શ્રેયાનાં લગ્ન થયાં કાન્ત.' વસુમા ચેરમાંથી ઊભાં થયાં અને પલંગ તરફ આગળ વધ્યાં, 'જે હું આટલાં વર્ષમાં ના કરી શકી એ તમે કરી બતાવ્યું કાન્ત, દરેક વખતે દરેક પરિસ્થિતિની નકારાત્મક બાજુ જ શું કામ જોવાની કાન્ત?'

'એક હસતી-રમતી જિંદગીથી ભરપૂર છોકરી ચાલી ગઈ. અલય ડિપ્રેશનમાં ન આવી જાય તો સારું.'

'કાંઈ નહીં થાય કાન્ત, અલય મારો દીકરો છે. પોતાની જ રાખમાંથી ઊભા થતાં આવડે છે એને.' પલંગમાં લંબાવતાં એમણે આંખ પર હાથ મૂક્યો અને શરીરને ટીલું છોડી દીધું, 'મેં શીખવ્યું છે એને.'

'હા, તારો દીકરો ખરો પણ મારું લાતો પણ સામેલ છે એની રગોમાં.'

સૂર્યકાંત જાણે શૂન્યમાં જોઈ રહ્યા હતા. જાતને જ કહેતા હોય એમ બોલતા હતા, 'એક સ્ત્રી એની પણ નબળાઈ બની ગોઈ એનું દુ;ખ છે મને.'

'એક સ્ત્રી એની શક્તિ પણ તો છે. શ્રેયા જેવી છોકરી સાથે આટલાં વરસ નિભાવેલો સંબંધ આજે એમની મંજિલે પહોંચ્યો છે એનો આનંદ કેમ નથી થતો? દરેક સિક્કાને બે બાજુ હોય છે કાન્ત, તકલીફ એ છે કે આપણે બીજી બાજુ જોવા જ તૈયાર નથી.'

'કઈ બીજી બાજુ? આમ કાયર થઈને આત્મહત્યા કરવી એમાં શું પોઝિટિવ દેખાય છે તને? કહે મને.'

વસુમાએ આંખ પરથી હાથ હટાવ્યો. તેજસ્વી, સભર આંખોએ સૂર્યકાંત સામે જોયું, 'આત્મહત્યાને કાયરતા તરીકે જ શું કામ જોવાની કાન્ત? આ ભરેલી દુનિયામાંથી એના જેવી સફળ, સ્વતંત્ર અને સમૃદ્ધ છોકરી મોહ મૂકીને આટલી સ્વસ્થતાથી જઈ શકે એને માટે એને સલામ મારવી જોઈએ.'

સૂર્યકાંત વસુમાની સામે જોઈ રહ્યા, 'આ સ્ત્રીમાં કોઈ પણ પરિસ્થિતિને પોઝિટિવ જોવાની કેટલા ગજબ આવડત છે!' એમને વિચાર આવ્યો.

'કાન્ત, નેવું વર્ષના માણસોને પણ આ દુનિયા છોડવી ગમતી નથી. પલંગ પર પડ્યા પડ્યા પોતાની સંપત્તિને પોતાની છાતી સાથે બાંધી રાખવા માટે કંઈ કેટલુંય તરફડતા લોકોને આપણે નથી જોયા? એવા લોકોની સાથે સરખાવીએ તો લખલૂંટ સંપત્તિને આમ એક ઝટકામાં વહેંચી દઈને, બધું જ સંકેલી લઈને ચાલી નીકળવું સરળ નથી કાન્ત... અને એ પણ એક માણસ માટે!'

'વસુ! તું એની જગ્યાએ હોત તો...' સૂર્યકાંતથી પૂછ્યા વિના ના રહેવાયું, 'તેં શું કર્યું હોત?'

'હું એની જગ્યાએ હતી જ કાન્ત, જરા જુદી રીતે. મેં માંગેલો, મેં ઝંખેલો, મેં ચાહેલો પુરુષ કોઈ બીજી સ્ત્રી માટે મને છોડી જ ગયો હતો...' સૂર્યકાંતના આખા શરીરમાંથી એક લખલખું પસાર થઈ ગયું, 'પણ મારે માટે

મારાં સંતાનો હતાં... એ છોકરી માથે કોઈ જવાબદારી હીતને તો એ આમ ના ગઈ હોત.'

'એટલે તું માત્ર જવાબદારી માટે...' સૂર્યકાંત વસુમાના નિર્ણય, સ્વસ્થ ચહેરા સામે જોઈ રહ્યા હતા. આ સવાલ પૂછતાંનો સાથે એમના મનમાં સેંકડો વિચારો આવ્યા અને ચાલ્યા ગયા, 'જવાબદારી ના હોત તો... તો શું કરત તું?'

'માયા તો મૂકી જ દેત, આ છોકરીની જેમ જ.' વસુમાની આંખો સહેજ ભીની થઈ ગઈ, 'આજે સૌ સાચું બોલ્યાં છે. હું પણ એક સાચી વાત કહું કાન્ત?

આ છોકરીની સચ્ચાઈની, સરળતાની, શુદ્ધતાની ઈર્ષા આવી ગઈ મને. એની જેમ એક માણસ માટે ફના થઈ જવાનું સુખ દરેકના નસીબમાં નથી હોતું. એમણે ચહેરો ફેરવીને આંખના ખૂણો આવેલું આંસુ લૂછી નાખ્યું.

'હવે તારે કોઈ જવાબદારી નથી. અજાણે સૂર્યકાંતના અવાજમાં સહેજ ધાર નીકળી આવી, 'હવે શું બાંધે છે તને?'

એ પછી ન વસુમા કશું બોલ્યાં, ન સૂર્યકાંતે આગળ ચર્ચા કરી. ઓરડાની બની બુઝાઈ ગઈ પણ વસુમાની આંખો જલતી રહી.

એમને સૂર્યકાંતના સવાલ રહી રહીને સંભળાતો રહ્યો, 'હવે તારે કોઈ જવાબદારી નથી, હવે શું બાંધે છે તને?'

* * *

73

ઓરડાની બત્તી બુઝાઈ ગઈ પણ વસુમાની આંખો જલતી રહી.

એમને સૂર્યકાંતનો સવાલ રહી રહીને સંભળાતો રહ્યો, 'હવે તારે કોઈ જવાબદારી નથી, હવે શું બાંધે છે તને?'

વસુમા સવાર સુધી લગભગ જાગતાં રહ્યાં અને પોતાની જાતને એ જ સવાલ રહી રહીને પૂછતાં રહ્યાં...

'ખરેખર મારે કોઈ જવાબદારી નથી? તો પાછા કયા બંધને, કયા કારણે હું અહીં છું?'

આ વિચારનું બીજ વસુમાના મનમાં પડ્યું એ પછી એ કંઈ કેટલીયે સ્તુતિની ગલીઓમાંથી પસાર થયાં હતાં. આખી રાત જાણે એમણે જિવાયેલી જિંદગીને એક સરસરી નજરથી રિવાઈન્ડ કરીને જોઈ હતી.

એમને રહી રહીને એક જ વિચાર ઊઠતો હતો, 'જો બધું જ પૂરું થઈ ચૂક્યું છે તો હવે મારે મારી દિશા શોધવી રહી.'

એમના મને જ એમને જવાબ આપ્યો, 'કંઈ દિશા વસુ? તારો પતિ, તારું કુટુંબ, આ ગોઠવાયેલા જિંદગી અને સુખનો વરસતો વરસાદ. આ સિવાયની કઈ દિશા શોધવાની બાકી છે તારે?'

એમના જ મને સવાલ પૂછી નાખ્યો, 'શું દરેક જીવનનું સાર્થક્ય આટલું જ હોય છે? વસુ એક મા, વસુ એક પત્ની, વસુ એક સાસુ કે દાદી... તો વસુ નામની વ્યક્તિનું શું?'

'આ તો એ જ વ્યક્તિનાં જુદાં જુદાં રૂપ છે.' એમના મને દલીલ કરી, 'ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવા વસુ, અંતે તો હેમનું હેમ હોયે.'

'પણ એ હેમ ક્યાં છે? એનો કોઈ આકાર, કોઈ સ્વરૂપ તો હશે ને? મારે જાણવું છે એ રૂપને...'

'એ રૂપ એટલે જ તું વસુ...' એમનું મન એમને સમજાવી રહ્યું હતું અને સાથે સાથે જિંદગીના કેટલાય પ્રસંગો નજર સામે ઉજાગર થતા હતા.

'વસુંધરા.' વિવેકે એક દિવસ એમનો હાથ પકડીને કહ્યું હતું, 'તું અદ્દભૂત સ્ત્રી છે... જિંદગી આખી શોધ્યા કરો અને તોય તમને ના મળે એવી અદ્ભુત સ્ત્રી. મારી સાથે જીવી શકીશ?'

અને વસુંધરાએ એને હળવેકથી હાથ છોડાવીને કહ્યું હતું, 'વિવેક, તું ખૂબ સારો માણસ છે. મારો મિત્ર છે... પરંતુ...'

'પરંતુ શું?' વિવેકની એ આંખો આજે પણ વસુમાની સામે તરવરી રહી હતી.

વિવેક એક બહુ મોટી કંપનીમાં ઊંચા હોદ્દા પર હતો. એના ભાઈની દીકરી વસુમાના ક્લાસમાં ભણતા હતી. વિવેક અપરિણીત હતો. ભાઈની દીકરી માટે ખૂબ વહાલ હોવાને કારણે એના વિકાસમાં રસ લેવાના હેતુથી વારંવાર સ્કૂલે આવતો...

ધીમે ધીમે એની અને વસુમાની ઓળખાણ થઈ હતા. પછી તો એ અવારનવાર શ્રીજી વિલા આવતો. અજય

અને અલય ની પ્રગતિમાં-અભ્યાસમાં રસ લેતો. ખાસ કરીને અલય ને એનો સાથે બહુ ફાવતું...

સરખા રસના વિષયો, વાંચન અને જીવની ફિલોસોફી વિશે વાતો કરતાં કરતાં અચાનક જ એક દિવસ વિવેકે વસુંધરાને પૂછી નાખ્યું હતું, 'મારી સાથે લગ્ન કરીશ વસુ?'

'વિવેક!'

'ખરેખર કહું છું. તારાં ચારેય સંતાનોની જવાબદારી લઈશ. તને કોઈ તકલીફ નહીં પડવા દઉં.'

'વિવેક, મેં ક્યારેય પુરુષને મારો આધાર નથી માન્યો... એ હોય તો જ કુટુંબ ચાલે, એ જવાબદારી લે તો જ સંતાનો ઊછરે એવું કોઈ દિવસ મને લાગ્યું જ નથી.,

'જાણું છું... એ જાણ્યા પછી જ આ કહું છું તને...

'મા અને પિતા બંને હોય તો કદાચ સંપૂર્ણ ઉછેર થઈ શકતો હશે, હું ના નથી પાડતી, પણ સી-એકલી સ્ત્રી, પોતાનાં સંતાનોને જે ઉછેર કરે એમાં કશું અધૂરું રહી જ જાય એવું મને નથી લાગતું. એમના પિતા હોત તો સારું જ થાત, પણ નથી એટલે એ દયામણાં છે કે અધૂરાં છે એવો અહેસાસ મે એમને ક્યારેય નથી થવા દીધો.'

'વસુ, તારા પર દયા ખાઈને કે તારાં સંતાનોને એક બાપની જરૂર છે એવું માનીને નથી કહેતો આ... ખરું પૂછે તો મને તારી જરૂર છે.'

'વિવેક.' આજે પણ એ શબ્દો યાદ કરતાં વસુમાને જાણે ગળામાં ડૂમો ભરાઈ ગયો, 'હું સૂર્યકાંતને ચાહું છું... અને મને શ્રદ્ધા છે કે આજે નહીં તો કાલે એ પાછા ફરશે.'

'ત્યાં સુધી રાહ જોઈશ તું?'

'ના... હું રાહ નથી જોતી એમની. સમય તો વહ્યા જ કરે છે. તમે ઇચ્છો તો પણ અટકાવી નથી શકતા. આ જ પ્રવાહમાં વહેતાં વહેતાં કોઈ એક દિવસ, કોઈ એક વળાંકે એ મળી જશે મને એ વિશ્વાસે જીવું છું.'

'વિશ્વાસ? એનાથી છેતરામણો શબ્દ કોઈ નથી વસુ! જે વિશ્વાસે એમનો હાથ પકડીને તું અહીંયાં આવી એ વિશ્વાસ તો ક્યારનો ચકચૂર થઈ ગયો. હવે કયા વિશ્વાસની વાત કરે છે તું?'

'મને મારામાં શ્રદ્ધા છે, મારા પત્નીત્વના સંવેદનમાં શ્રદ્ધા છે. મેં જે તીવ્રતાથી આ ખાલીપો અનુભવ્યો છે એ તીરની જેમ એમને પણ ખૂંચ્યો જ હશે. લ્હાય જેવી પથારી પર જે પડખાં ઘસ્યાં છે મેં એની ઝાળ એમને પણ લાગી જ હશે...'

'તારા પતિ જાણે છે તારી આ શ્રદ્ધાને? એમના માટેની તારી આ લાગણીને?'

'જાણતા જ હશે...'

'ન જાણતા હોય તો હું જણાવીશ એમને... તું કહે તો હું શોધી આપું તારા પતિને.'

'મારે શોધવા હોય તો સાતમા પાતાળમાંથી શોધી કાઢું એમને.' વસુમાના ચહેરા પર સ્થિત આવી ગયું હતું,

'એક વાર શોધવા નીકળો તો ભગવાન પાટા મળી પૂર કાન્ત તો માણસ છે આખરે.'

'તો?'

'હું એમને ત્યારે શોધીશ, જ્યારે મારી બધી ફરજો પૂરી થઈ જાય. જ્યારે એક વ્યક્તિ વિના ના જીવી શકાય ત્યારે તો સૌ શોધે, પોતાની જરૂરિયાતે... હું એમને ત્યારે શોધીશ જ્યારે હું આ બધાંમાંથી મુક્ત થઈ જઈશ.'

'તને ક્યારેય અમને બોલાવવાની ઇચ્છા નથી થતી? તારું મન ઝંખતું નથી એમને? આ સંઘર્ષમાં, આ રોજેરોજની જિંદગી જીવવાની લડાઈમાં ક્યારેય કોઈકના ખભે માથું ઢાળીને એવું કહેવાનું મન નથી થતું, કે હવે તમે સંભાળી લો, હું થાકી છું'

'હજી સમય નથી આવ્યો.'

'ક્યારે આવશે એ સમય?'

'જ્યારે મારી બધી જવાબદારીઓ પૂરી થઈ જશે. મારામાંની મા મુક્ત થઈ શકશે ત્યારે એક સ્ત્રી, ત્યારે એક પત્ની જાગશે મારામાં.' વસુમાએ વિવેકને કહ્યું હતું.

'ત્યારે પણ જો એ ના આવે તો?'

વસુમા હસી પડ્યાં હતાં, અત્યારે પણ એમના ચહેરા પર સ્થિત આવી ગયું...

'તો શું?' એમણે પૂછ્યું હતું.

'મળીશ મને?' વિવેકની આંખોમાં કોણ જાણે કેવી આજીજી... કેવી ઇચ્છા, કેવી ઝંખના ઊતરી આવી હતી.

કંઈ જ બોલ્યા વિના વસુમા ક્ષણભર એની સામે જોઈ રહ્યાં હતાં.

એ દિવસ પછી વિવેકે ક્યારેય એમનો સંપર્ક નહોતો કર્યો. એમણે આરતી-વિવેકના ભાઈની દીકરીને પૂછ્યું ત્યારે એણે વિવેકના પરદેશ ચાલી ગયાના ખબર આપ્યા હતા.

એ પછી વિવેકનો એકમાત્ર પત્ર આવ્યો હતો. જેમાં લખેલી ચાર લીટીઓ વસુમાને ઊંડે સુધી કોરી ગઈ હતી.

'મિત્રો હતાં ત્યાં સુધી કોઈ સંકોચ નહોતો વસુ, પણ હવે પ્રેમ કરું છું તને, અને હવે પ્રેમથી ઓછું કશું ખપશે નહીં મને!

તારા જેવી સ્ત્રીને જાણ્યા પછી એને પ્રેમ કર્યા વિના કેમ રહી શકાય, અને પ્રેમ કર્યા પછી એના વિના કેમ જીવી શકાય? આ સવાલ મારે તારા પતિને પૂછવો છે-જો ક્યારેક મળે તો.

જાઉં છું... મારા વશમાં હશે ત્યાં સુધી પાછો નહી આવું.

- વિવેક.'

કોઈ દિવસ નહીં ને આજે કોણ જાણે કેમ વસુમાને આ પ્રસંગ યાદ આવી ગયો હતો. એનામાંની મા, પછી

પત્ની અને હવે સ્ત્રીના જાગવાનો સમય હતો કદાચ, એટલે?

વિવેકના ચાલી ગયા .પછી વસુમાએ ક્યારેય એની તપાસ નહોતી કરી એમને જરૂર પણ નહોતી લાગી. એ પછીનાં કેટલાંય વર્ષો સરોવરના શાંત જળની જેમ સ્થિર, કોઈ હરકત વિનાના, હલચલ વિનાનાં વહી ગયાં હતાં.

વસુમાની સ્કૂલ અને એમનો ક્યાસ... વર્ષોવર્ષ બદલાતા વિદ્યાર્થીઓ, પોતાનાં બાળકોનું ભણવાનું, એમની જરૂરિયાતો, સમયની ખેંચાખેંચ... સવારથી સાંજ ને સાંજથી સવાર...

ફરી એક વાર સવાર, ને ફરી એક વાર સાંજ પડતાં રહ્યાં હતાં.

વિવેકના અનુભવ પછી વસુમાએ કોઈ પુરુષને મિત્ર બનાવવાનું ટાળ્યું હતું. એમની આસપાસ જીવતા, એમને રોજેરોજ મળતા એવા કેટલાય પુરુષોના ચહેરાઓ હતા, જે વસુમાની આંખોમાં જોવાનો, એમના મનનો તાગ લેવાનો પ્રયાસ કરતા રહ્યા હતા. પરંતુ વસુમાએ જાણ પોતાની ઝંખનાનાં કમાડ વાસી દીધાં હતાં...

એમની સુંદરતા સ્વાભાવિક જ અજાણ્યા પુરુષોને એમની નજીક ખેંચી લાવતી. જે એમને ઓળખે, જાણો કે સમજી શકે એવા તમામ પુરુષોને માટે વસુંધરા એક એવો પ્રશ્ન બની રહેતી, જેનો ઉત્તર શોધવા એ મરણિયા પ્રયાસો કરતા.

બુદ્ધિશાળી, ધનવાન, વગદારથી શરૂ કરીને પડોશમાં રહેતા લોકો સુધીના તમામ પુરુષો સહાનુભૂતિથી, પ્રેમથી, દોસ્તોથી કે દયાથી વસુમાને જીતવાનો પ્રયાસ કરતા રહ્યા...

હા, ક્યારેક એકાંત એકલતા બની જતું...

તરફડાટ એટલો વધી જતો કે પીડા આરપાર વીંધતી...

સંતાનોના સવાલો, પડોશીઓની, સગાંઓની આંખો, ક્યારેક જ કાને પડતી ગુસપુસ અને અરીસામાં દેખાતો ચહેરો એમને વિચલિત કરી નાખતાં.

પણ એમણે એક વાત નક્કી કરી હતી, ‘સંઘર્ષયામિ પ્રતિદિનો’ રોજેરોજની સવાર રોજેરોજનો સવાલ લઈને આવતી અને સવાલનો ઉત્તર શોધવામાં રોજ એક નવો સંઘર્ષ ઊગીને આથમી જતો.

એ દરમિયાન અચાનક એક દિવસ અલય ના એક સવાલે એમને નખશિખ હલબલાવી મૂક્યાં હતાં.

પથારીમાં સૂઈને છત તરફ તાકી રહેલાં વસુમાને આજે પણ એ સવાલ યાદ આવ્યો તો ઉદયમાં કશું બટકીને તૂટી ગયાની લાગણી થઈ.

અલય ત્યારે-તેર-ચૌદ વર્ષનો હશે, કદાચ જિંદગીને થોડી થોડી સમજવા લાગ્યો હતો... અજય અને અભય ઉપર જુદા ઓરડામાં સૂતા થઈ ગયા હતા. અંજલિને તો પોતાનો ઓરડો હંમેશાંથી જુદો જ જોઈતો...

એક અલય હતો, જે આવડો મોટો થઈને પણ માના ઓરડામાં એના પડખામાં એને વળગીને સૂવાની જીદ કરતો. વસુમા ક્યારેક હસતાં, ‘માવડિયો...’

‘હા, એક નંબરનો.’ અલય ચિડાયા વિના સ્વીકારી લેતો અને ક્યારેક ખૂબ લાગણીશીલ થઈ જતો, ‘મારે માટે

તો મા પણ તું છે ને બાપ પણ. મારો તો ભગવાન પણ તું જ છે...' અલય વસુમાના ગળામાં હાથ નાખી દેતો. વસુમાથી પણ ચાર આંગળ ઊંચો થઈ ગયેલો અલય એમને વળગીને પથારીમાં સૂતો હતો ત્યારે એક વાર એણે પૂછ્યું હતું.

તે અમે ના હોત તોય તે બાપુની રાહ જોઈ હોત?'

'કેમ?'

'કારણ કે હું એમને ચાહું છું.'

'અને એ?'

'એ પણ, કદાચ...' વસુમાને પોતાનો અવાજ સહેજ પૂજતો જણાયો હતો.

'એ ખરેખર તને ચાહતા હોત તો છોડીને કેમ ગયા? ને ગયા તો પાછા કેમ ના આવ્યા?'

અલય નો આ સવાલ વસુમા માટે પોતાની શ્રદ્ધાના પાયા હચમચાવનારો નીવડ્યો હતો. પોતાની શ્રદ્ધા આવા સવાલથી વિખરાઈ જશે એવી એમને કલ્પના પણ નહોતી! પરંતુ અલયના આવા સાદા સવાલે એમની અંદર એક ધ્રુજારી પેદા કરી દીધી હતી.

પોતાની વીખરાયેલી શ્રદ્ધાને સમેટીને ફરી એક વાર મજબૂત કરતાં એમને ખાઓ તકલીફ પડી હતી એ વાત અત્યારે એમને બરાબર સમજાતી હતી.

ત્યારે અલયે એમને પૂછ્યું હતું, 'બાપુ પાછા આવશે?'

જરૂર આવશે.' વસુમાએ જાણે પોતાની જાતને સમેટતાં હોય એમ અલય ને સહેજ નજીક ખેંચ્યો હતો.

'પણ એ જ્યારે આવશે ત્યારે એમની જરૂર નહીં રહેને મા?'

'બેટા, એમની જરૂર તો સદાય રહેવાની. આપણા કુટુંબનો ભાગ છે એ. મારા પતિ, તમારા પિતા...'

'મા, આપણી સાથે રહેતા હોત તો કદાચ પતિ અને પિતા તરીકે જગ્યા હોત એમની... પણ ધીમે ધીમે આ ઘરમાં એમની જગ્યા નથી રહી એવું નથી લાગતું તને? એમણે કરવાનું બધું તો તે કરી લીધું... હવે એમની ખરેખર શી જરૂર છે?' પછી આંખ મીંચીને ઊંઘવાનો પ્રયત્ન કરતાં જાણે છેલ્લ વાક્ય બોલતો હોય એમ એણે કહ્યું હતું, 'એ આવશે તો પણ મને બહુ ફેર નહીં પડે... હું તો તારો દીકરો છું. અલય વસુંધરા મહેતા-નામ છે મારું.'

વસુમાએ ચોંકીને અલય સામે જોયું હતું. એમને આ ક્ષણે પહેલી વાર સમજાયું હતું કે અલય માં વિદ્રોહ ઠાંસી ઠાંસીને ભરાઈ ચૂક્યો હતો.

વસુમા જાણે વીતેલા દિવસોમાંથી આરપાર પસાર થઈ રહ્યાં હતાં. સૂતી વખતે સૂર્યકાંતે જ્યારે એમને સવાલ પૂછ્યો ત્યારે એમને કલ્પના નહોતી કે આ સવાલ આટલી વેધકતાથી અને આટલી તીવ્રતાથી એમના મનમાં આટલે ઊંડે ઊતરી જશે!

અને સૂર્યકાંત પણ જ્યારે આ સવાલ પૂછ્યો ત્યારે એમને પણ કલ્પના નહોતી કે આ સવાલ વસુમાની અંદર શારડીની જેમ ઊંડો ને ઊંડો ઊતરતો જશે, અને ભૂતકાળનાં કેટલાંય પડ ભેદીને કંઈ કેટલુંયે દટાયેલું સત્ય બહાર લઈ આવશે.

એમણે જોયું કે વસુમા થોડાં વિચલિત થયાં હતાં, પરંતુ વસુમાની સ્વસ્થતા પર ભરોસો કરીને એમણે ઊંઘવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે, જ્યારે એમણે રાતના બે- ચાર વાર આંખ ઉઘાડી ત્યારે વસુમાને છત તરફ તાકતાં જોયાં ત્યારે એમને સમજાઈ ગયું હતું કે એમના સવાલે એમની વસુને છેદ ભીતર સુધી ઝકઝોરી મૂકી હતી.

વસુમા સાથે રહીને સૂર્યકાંત એક વાત તો શીખ્યા જ હતા કે જે પળ વીતી ગઈ તેનો અફસોસ ના કરવો. પુછાયેલા સવાલ પછી હવે એ વિશે આગળ ચર્ચા કરવાનો કોઈ અર્થ નહોતો એ વાતની સૂર્યકાંતને જાણ હતી અને એટલે જ વસુમાના એકાંતને છંછેડ્યા વિના એમણે પણ આખી રાત તંદ્રામાં ગાળી નાખી...

*

નીરવ અને લક્ષ્મી ડાઇનિંગ ટેબલ પર બેસીને લિસ્ટ બનાવી રહ્યાં હતાં. રિયા સેન્ડવિચીસ બનાવીને બહાર આવી. બરાબર એ જ વખતે કૉફીમશીનનું બઝર વાગ્યું.

રાતના સાડા આઠ થવા આવ્યા હતા.

'સવારથી બેસીને લિસ્ટ બનાવો છો બેય જણા, હજુ ઠેકાણું નથી પડ્યું?'

'આ તમારો...છોકરો જુઓને.' લક્ષ્મીએ ટેબલ પર મૂકેલું પેડ રિયા તરફ ઘડેલું, 'હું પચીસ નામ લખું તો એ છવીસ નામ ઉડાડે છે.'

'અરે આટલા બધા માણસોને તો કંઈ લગ્નમાં બોલાવાય?' નીરવે સેન્ડવિચ ઉપાડીને ખાવા માંડી. રિયાએ કૉફીમશીનમાંથી ત્રણ મગમાં કૉફી રેડી અને મિલ્ક પોટ નીરવ તરફ ધકેલ્યો.

'નીરવ, આ લગ્ન છે...'

'એ જ તો હું પણ કહું છું - આ લગ્ન છે. કોઈ એક્ઝિબિશન કે મેળો નથી.'

'તો તારે શું કરવું છે?'

'મા... મારે માટે લગ્ન એ ખૂબ અંગત પ્રસંગ છે. જેને ખરેખર રસ હોય એ સિવાયના ઢગલો માણસ ભેગા કરીને શું સાબિત કરવાનું?' પછી લક્ષ્મી સામે જોઈને આંખ મીંચકારી, 'છૂટાછેડાની પાર્ટી કરીશું ત્યારે બધાને બોલાવીશું.'

'ચૂપ રહે.' રિયાએ કહ્યું અને નીરવને ટપલી મારી, 'તારા બાપનું ચાલે તો ધુમાડાબંધ ગામ જમાડે.'

'ધુમાડાબંધ?' લક્ષ્મીએ કૉફી સીપ કરી.

'હા બેટા, ગામડામાં ચૂલો સળગે એટલે ધુમાડો થાય. આખા ગામના કોઈ ઘરમાં ચૂલો ના સળગે એવું જમણ એટલે ધુમાડાબંધ જમણ...'

'વી.પી. સાથે મારે કોઈ વાત નથી કરવી.' નીરવે લક્ષ્મી સામે જોઈને જરા ગંભીર થઈને કહ્યું, 'મારે ટોળું ના જોઈએ એટલે ના જોઈએ.'

'આ બાપ-દીકરા વચ્ચે હું મરી જવાની. આના પક્ષમાં બોલીશ તો વિષ્ણુનું મગજ જશે અને વિષ્ણુને ગમે એવું કંઈ કરીશું તો આને નહીં પોસાય.' એણે લક્ષ્મી સામે જોયું, 'હવે તું જ કહે.'

'નીરવ.' લક્ષ્મી જરા લાગણીવશ થઈ ગઈ, 'મારા ડેડીની પણ બહુ ઇચ્છા છે કે મારાં લગ્ન ધામધૂમથી થાય. રોહિતના ગયા પછી ડેડી...' એની આંખોમાં સહેજ ભીનાશ ઊતરી આવી. રિયાએ ટેબલ પર પડેલા એના હાથ પર પોતાનો હાથ મૂક્યો.

'નીરવ...'

'નો.' નીરવે લક્ષ્મી સામે જોયું, 'મારાં લગ્ન પાંચ માણસની હાજરીમાં થશે.'

'પાંચ?'

'તારા મા-બાપ... મારાં મા-બાપ... અને અલય .'

'શ્રેયા?'

લક્ષ્મી અને રિયાએ સામસામે જોયું. બંને જણા નીરવની જીદ જાણતાં હતાં એટલે લાંબી ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી એની એમને સમજ તો હતી જ. વળી છેલ્લા થોડા દિવસથી આ વિશે લગભગ રોજ ચર્ચા થતી હતી અને નીરવ પોતાની આ વાતમાં નાનકડી બાંધછોડ કરવા પણ તૈયાર નહોતો. એટલે આખરે શું થવાનું છે એની બંનેને કલ્પના આવી જ ગઈ હતી.

*

અજય જમવા બેઠો ત્યારે એની આંખો ચકળવકળ થઈ ગઈ.

'આ બધું શું છે?'

જાનકીએ બે મીઠાઈ, ત્રણ શાક, દાળ-ભાત, પૂરી, કચુંબર, ચટણી, પાપડથી ભરેલી થાળી પીરસી હતી.

'કોઈ જમવા આવાનું છે?' અજયે નવાઈથી પૂછ્યું. જાનકીએ માથું ધુણાવીને ના પાડી. અજયે ધ્યાનથી જોયું તો એની આંખો રહેલી હતા. નાકનું ટોપકું લાલ અને આંખોમાં હજીયે લાલ ટશિયા અકબંધ હતા.

'શું થયું છે?' અજયે પહેલા વાર જાનકીને આવી જોઈ હતા.

'કાંઈ નહીં.' જાનકીએ ડોકું ધુણાવ્યું.

'કંઈ થયા વિના આટલું બધું રડવું આવ્યું?'

'આજે અલય ભાઈનાં લગ્ન થયાં...' કહેતાં કહેતાં તો જાનકીને ફરી ડૂસકું આવી ગયું.

'તે? તું તો પરણી ગઈ મારી જોડે...' અજયે એના ગાલ પર હળવી થપાટ મારી, 'તું શું કામ રડે છે?'

'મને કેટલો ઉત્સાહ હતો એમનાં લગ્નનો.'

'લો બોલો...' અજયના હૃદયમાં નાનકડી પીડા ઊઠી પણ એને હસવું આવી ગયું, 'આ સ્ત્રીઓ કઈ કઈ બાબતે રડે છે તે હજુ મને સમજાયું જ નથી.' એણે જાનકીના હાથ પર હાથ મૂક્યો, 'આપણે તો ખુશ થવું જોઈએ કે આખરે અલય શ્રેયાને પરણી ગયો. બેય જણા સુખી થાય...' એણે કહેતાં તો કહ્યું, પણ ભાઈનાં લગ્નમાં ન જઈ શકાયાનો અફસોસ એના ચહેરા પર સાફ ઝળકતો હતો.

'સુખી તો થશે જ ને...' જાનકીએ બાજુમાં પડેલો રૂમાલ લઈને નાક લૂછ્યું, 'અનુપમા...' એને ફરો ડૂસકું આવી ગયું.

'જાણું છું.' અજયે જાનકીનો હાથ દબાવ્યો, 'શું થઈ શકે?'

'અજય... ઘરથી દૂર ગયા પછી જ સમજાય છે કે ઘર શું છે!'

'હા, હવે મને બાપુની પીડા અને તકલીફ બરાબર સમજાય છે. એ અહીંયાં રહીને કમાયા, સુખી થયા એ બધી વાત સાચી, પણ સામે એમણે જે ખોયું છે એ નુકસાન કશાયને સાટે ભરપાઈ થાય એવું નથી.

'અજય, આપણે આ બધું સમેટીને...'

'ચૂપ... અહીં આવ્યા ત્યારે તે જ કહ્યું હતું કે જન્મભૂમિ અને કર્મભૂમિ જુદાં છે, હોઈ શકે! આ મારી કર્મભૂમિ છે. હું પૂરેપૂરો સફળ થયા વિના આ દેશ નહીં છોડું એ નક્કી છે. એમ નાના નાના લાગણીવેડામાં હારીને ઘરભેગી થઈ જાઉં તો સૌથી પહેલાં મારી મા જ મને માફ નહીં કરે.' અજયની સામે વસુમાનો મક્કમ છતાં માયાળુ ચહેરો તરવરી ગયો. એણે ક્ષણેક આંખો મીંચી. અલય ના સુખ માટે, અનુપમાની શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરી અને પહેલો કોળિયો મોઢામાં મૂક્યો ત્યારે એને પણ ડૂમો ભરાઈ ગયો હતો.

અનુપમાના મૃત્યુને લઈને છાપાંઓએ ખૂબ હોબાળો કર્યો. કેટલાય દિવસ સુધી એના ઉપર જાતજાતના ન્યૂઝ બન્યા, સવાલ-જવાબ થયા, પોસ્ટમોર્ટમ કરનાર ડૉક્ટરથી માંડીને પોલીસ, અનુપમાના સહકાર્યકરો, અલય ના યુનિટના સ્પોટબોય સુધીના ઇન્ટરવ્યૂ ટીવી પર ચમક્યા... ચમકતા રહ્યા...

વચ્ચે વચ્ચે ક્યારેક અલય વિચલિત થઈ જતો, પણ શ્રેયાનું વહાલ અને વસુમાના અભિગમથી એનામાં ફરી એક વાર હિંમત આવતી.

અનુપમાના મૃત્યુથી એની ફિલ્મને નહીં ધારેલો ફાયદો થયો હતો. ટિકિટબારી પર ટંકશાળ પડી હતી. અનુપમાના મૃત્યુના સમાચારની સાથે સાથે ટીવી. પર દેખાડાતી ફિલ્મની ક્લિપિંગ્સ વધારાના પ્રોમોનું કામ કરી ગઈ હતી.

અને ઊગતા સૂરજને પૂજતી આ ઇન્ડસ્ટ્રીએ અલય ને લગભગ માથે બેસાડી દીધો હતો. અલય ને ઘેર રોજ પ્રોડ્યૂસરની લાઇનો લાગવા લાગી હતી. અલયે જુહુમાં પોતાની ઑફિસ લઈ લીધી હતી. એક પ્રોડ્યૂસરે સાઇનિંગ અમાઉન્ટના બદલામાં થાઉઝન્ડ સ્કવેરની ઑફિસ અલય ને ભેટ આપી હતી...

દસ જ દિવસમાં પરિસ્થિતિએ 180 ડિગ્રીની કરવટ લીધી હતી! બદલાતા સમયને અને એના રંગને વસુમા ખૂબ જ ધીરજથી, અલય આશ્ચર્યથી, શ્રેયા ગર્વથી, સૂર્યકાંત તૃપ્તિથી, અભય આનંદથી અને વૈભવી અહોભાવથી જોઈ રહ્યાં હતાં.

સમય પડખાં બદલતો રહ્યો.

બધું જ એની ગતિએ, એના પ્રવાહમાં વહેતું રહ્યું.

ઘણા દિવસ સુધી ઘર જાણે એક રૂટિનમાં ગોઠવાયેલું ચક્ર હોય એમ રોજિંદી ઘટનાઓ બનતી રહો...

આ બધા દરમિયાન સૂર્યકાંત જોઈ શકતા હતા કે વસુમા વારે વારે કોઈ ઊંડા વિચારમાં પડી જતાં. પૂછવા છતાં જવાબ ના આપતાં.

રાત્રે પણ મોડે સુધી જાગતાં રહેતાં અથવા વહેલી સવારે ઊઠીને બગીચામાં આંટા મારતાં...

એમની અંદર કશુંક ખળભળી રહ્યું હતું, કશુંક ખૂબ અશાંત એવું હતું કે જે એમને નખશિખ વલોવી નાખતું હતું. સૂર્યકાંતે જાણવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ વસુમાએ આ વખતે પોતાનું મન નહીં ખોલવાનો નિર્ણય કર્યો હતો જાણે, અથવા જ્યાં સુધી નિર્ણય ના કરે ત્યાં સુધી મન નહોતું ખોલવું એમને?

આજે સવારે સૂર્યકાંતે પથારી છોડી ત્યારથી શરૂ કરીને એમના મનમાં એક જ વિચાર હતો.

‘આજે વસુના મનમાં શું છે એ જાણવું છે મારે.’ પોતાના ઓરડામાંથી બહાર નીકળતી વખતે સૂર્યકાંતે એક સરસ મજાનું સ્થિત પોતાના હોઠ પર ચીપકાવી લીધું અને રૂમની બહાર નીકળ્યા. વૈભવી નાસ્તાનું ટેબલ તૈયાર કરતી હતી અને લજ્જા એમને મદદ કરતી હતી.

‘વસુ ક્યાં છે?’ સૂર્યકાંતે પૂછ્યું અને બરાબર એ જ વખતે વસુમા અંદર દાખલ થયાં. ઉપરથી અભય અને અલય લગભગ સાથે જ નીચે ઊતર્યા. શ્રીજી વિલાનું ડાઇનિંગ ટેબલ ફરી એક વાર લગભગ આખું ભરાઈ ગયું.

જાનકી અને અભયની ખાલી ખુરશીઓ જોઈને શ્રેયાથી બોલ્યા વિના ના રહેવાયું, ‘આઈ રિયલી મિસ અજયભાઈ.’

‘એની ખુરશીઓ ખાલી છે એટલે કદાચ એ યાદ વધુ તાવ થઈને વાગે છે. કાલથી આ ખાલી ખુરશીઓ અહીંયાં નહીં રાખતા. વસુમાએ કહ્યું, ‘ખરેખર માણસની સ્મૃતિ કરતાં એની ખાલી પડેલી જગ્યાનો ખાલીપો વધારે ભયાવહ અને પીડાદાયક હોય છે.’

આટલું કહેતાં જ એમને પોતાના સસરા દેવશંકર મહેતાનો ચહેરો નજર સામે આવીને નીકળી ગયો. આજે આ બધાં જ છોકરાંઓ સાથે સૂર્યકાંત મહેતાનું સુખી કુટુંબ જોઈને એમને કેટલો સંતોષ અને શાંતિ થયાં હોત... એમણે વિચારને ધકેલીને ચા પીવા માંડી.

સૂર્યકાંત ક્યારનાય વસુમાની સામે જોઈ રહ્યા હતા.

એમણે ધીમેથી કહ્યું, ‘હું આજથી દેવશંકર મહેતા ટ્રસ્ટનું કામકાજ શરૂ કરવાનો છું. અભય, મને એક ઑફિસની જરૂર છે.’

‘આપણે દસ-પંદર દિવસમાં ખરીદી લઈશું.’ અભયે આરોહ-અવરોહ વિના કહ્યું, ‘હું કહી રાખીશ બે-ચા જણાને.’

'હું વસુ એ ઑફિસે બેસીશું.' વસુમાએ ચોંકીને સૂર્યકાંત સામે જોયું.

'હું ?'

'હા કેમ, તું મારી સાથે કામ નહીં કરે ?' સૂર્યકાંતે સ્મિત કરીને વાત આગળ વધારી.

'વસુ, દેવશંકર મહેતા ટ્રસ્ટના નામે મેં સારા એવા પૈસા મૂક્યા છે. હું ઇચ્છું છું કે આ પૈસા આપણી નાતમાં શિક્ષણ માટે, ગરીબોની દીકરીઓનાં લગ્ન માટે અને બીમારની દવાઓ માટે વપરાય.'

અલય ધ્યાનથી વસુમાના ચહેરો જોઈ રહ્યો હતો. એમના ચહેરા પર એક રેખાય બદલાઈ નહોતી. એ થોડી વાર ધ્યાનથી જોતો રહ્યો. પછી એણે આંખો ઝીણી કરી અને વસુમાના ચહેરા પર નજર નોંધી, 'મા… કેટલાય વખતથી તને આવાં કામો કરવાનો ઇચ્છા હતી ને ?'

વસુમા કશું જ ના બોલ્યાં. પોતાની ચા પૂરી કરીને, પોતાનો કપ લઈને ધીમા પગલે રસોડા તરફ ચાલી ગયાં. સૂર્યકાંત એમની મક્કમ ચાલ, ખેંચાયેલા ખભા અને ટટ્ટાર શરીરને જોઈ રહ્યા…

* * *

'મૈં તો કબ સે તેરી શરણ મેં હૂં, કભી તૂ ભી તો મેરા ઓર ધ્યાન દે... મેરે મન મે કયું અંધકાર હે? મેરે ઈશ્વર મુઝે જ્ઞાન દે...'

વહેલી સવારે વસુમાનો અવાજ ગૂંજી રહ્યો હતો ત્યારે ઉપરથી નીચે ઊતરતી શ્રેયાએ વૈભવીના ઓરડાનો દરવાજો ઊઘડતો જોયો. બંને જણા સામસામે સ્મિત કરીને સાથે દાદરા ઊતરવા લાગ્યાં.

શ્રેયા રસોડા તરફ જવા વળી કે વૈભવીએ એને રોકી, 'હજુ મહેંદીનો રંગ તો ઊતરવા દે...'

'મહેંદીનો રંગ તો અનુપમાનાં આંસુમાં ધોવાઈ ગયો ભાભી.' શ્રેયાએ ઊંડો નિઃશ્વાસ નાખીને કહ્યું.

વૈભવીએ એનો હાથ પકડ્યો. પછી કોણ જાણે શું વિચાર્યું અને એક ડગલું એની નજીક આવી, 'જે આ દુનિયામાં નથી એને માટે આટલું બધું લાગી આવે છે તને?' ક્ષણેક ઊંડો શ્વાસ લઈને એ એમ જ શાંત ઊભી રહી. જાણે વિચારતા હોય કે આગળ શું કહેવું જોઈએ. પછી શ્રેયાનો આંખોમાં જોયું, આરપાર, વીંધી નાખે એવું, 'પ્રિયા જીવે છે હજુ અને જીવશે... તેથી શું? જે છે તે આ જ સત્ય છે!'

'ભાભી, તમારી વાત સમજી શકું છું.'

વૈભવીના ચહેરા પર સ્થિત આવી ગયું. એમાં કડવાશ નહોતી, પણ ખાલીપો હતો, 'મારી વાત કદાચ કોઈ નહીં સમજી શકે અને એટલે જ હવે સમજાવવાનો પ્રયાસ બંધ કર્યો છે અને સમજવાનો પ્રયત્ન શરૂ કર્યો છે.' એની આંખો ભીની થઈ ગઈ, અથવા શ્રેયાને એવું લાગ્યું, 'લજ્જા છે, આદિત્ય છે મારું કામ શરૂ થશે હવે...' એણે ફરી એક વાર બે-ચાર ક્ષણનુ મૌન બંને વચ્ચેથી પસાર થવા દીધું, 'સંબંધ જિંદગીનો એક ભાગ જરૂર હોઈ શકે, પણ એ જિંદગી ના જ હોઈ શકે શ્રેયા.'

વૈભવીની આટલી વાત સાંભળીને શ્રેયાની અંદર કેટલાય દિવસથી બાંધી રાખેલું કશુંક જાણે છૂટી ગયું. અલય ની હિંમત બનીને સતત પોતાની જાતને મજબૂત રાખીને વર્તતી શ્રેયાને અચાનક જ લાગ્યું કે વૈભવી કોઈ પ્રયત્ન વિના એના મનની આરપાર જોઈ રહી છે.

'ભાભી, જ્યારે જ્યારે વિચાર કરું છું ત્યારે એક જ સવાલ મને કોરી ખાય છે.'

'અનુપમામાં એવું શું હતું, જે તારામાં નથી?' વૈભવીએ ફરી એક વાર ખાલી, ફિક્કું સ્મિત કર્યું, 'એ વાતનો જવાબ કદાચ અલય ભાઈ પણ નહીં આપી શકે.'

'કેમ થાય છે આવું? સંપૂર્ણ સમર્પણ છતાં બાપુના જીવનમાં યશોધરા... અલય ના જીવનમાં અનુપમા...'

'ને અભયના જીવનમાં પ્રિયા...' વૈભવીએ વાક્ય પૂરું કર્યું, 'આ પ્રકૃતિ છે. પુરુષસહજ?'

'કે નબળાઈ...'

'નામ ગમે તે હોય, એનો સ્વીકાર સત્ય તરીકે કરવો જોઈએ.' વૈભવીએ શ્રેયા સામે ફરી એક વાર ફિક્કું સ્મિત કર્યું, 'આ વાત હું મા પાસેથી શીખી છું. કોઈ પણ પરિસ્થિતિને ત્રાજવામાં લઈને તોલવા કરતાં કે એના ડાઈમેન્શન અને લંબાઈ-પહોળાઈ માપવા કરતાં એ જેમ છે, જેવી છે એમ સ્વીકારીને એની સાથે જીવી જવું

કદાચ સરળ પડે છે.'

'મને ક્યારેક ખરેખર નવાઈ લાગે છે કે...'

'...કે હું પ્રિયાને કઈ રીતે સ્વીકારી શકી?' વૈભવીએ દૂર શૂન્યમાં જોયું, 'મેં ના જ સ્વીકારી હોત, પણ મારે માટે બે જ ઓપાન હતા, એક-અભયને સાવ ખોઈ દેવો અને બે-પ્રિયાને સ્વીકારવી અને સાથે મારા ભાગના અભયને પામવો.' એણે ફરી શ્રેયા સામે જોયું, 'મારી જગ્યાએ તું હોત તો શું કરત?'

શ્રેયા અનુત્તર હતી, પણ એની આંખોમાં જવાબ લખેલો હતો. વૈભવીએ શ્રેયાનો હાથ છોડીને એના ખભે હાથ મૂક્યો, 'જિંદગીની દરેક બાબતમાં આપકો નિર્ણય કરી શકીએ છીએ એવું ગુમાન હોય છે આપણું... આપણે તો માત્ર શિકાર હોઈએ છીએ, ક્યારેક સંજોગોના, ક્યારેક પરિસ્થિતિના તો ક્યારેક આપણે પોતે જ ઊભી કરેલી એક એવી છલનાના, જેને તોડતાં આપણને જ ભય લાગે છે.'

'ભાભી, આમ ક્યાં સુધી ચાલશે?' શ્રેયાથી પૂછ્યા વિના ના રહેવાયું.

'અમારા ત્રણમાંથી એક મરી નહીં જાય ત્યાં સુધી.' પછી વૈભવીએ શ્રેયાનો ખભો થપથપાવ્યો અને એને બહાર બગીચાનો દરવાજો દેખાડ્યો, 'જા, બહાર જઈને મા પાસે બેસ. તને સારું લાગશે' અને પોતે રસોડા તરફ વળી ગઈ.

શ્રેયા બહાર જઈને પથ્થરની બેઠક પર બેઠી. ખાસ્સી વાર સુધી એ એમ જ અન્યમનસ્ક બેઠી આકાશ તરફ જોતી રહી. પોતાના કામમાં વ્યસ્ત અને ભજન ગાતાં વસુમાને શ્રેયાના આવ્યાની જાણ પણ ના થઈ. એમણે જ્યારે શ્રેયાને જોઈ ત્યારે ગાવાનું બંધ કરીને એની પાસે આવ્યાં, ખભે હાથ મૂક્યો.

'મા. મને શું થાય છે?'

'શું થાય છે બેટા?'

'મને કેમ એમ લાગ છે કે હું કોઈના ભાગનું સુખ ભોગવું છું?'

'બેટા, શા માટે એ વિચારે છે, જે વિચારીને તને દુઃખ જ પહોંચે છે?'

'નથી વિચારવું, પણ જાતને રોકી નથી શકતી.'

'જો બેટા, આપણી જાતની લગામ આપણા હાથમાં હોવી જોઈએ. જીવવાના બે જ રસ્તા છે. કાં તો તમારી લાગણીઓને તમે કાબૂમાં રાખો ને કાં તો તમારી લાગણીઓ તમને કાબૂમાં કરી લે અને જ્યારે એવું થાય ત્યારે તરફડાટની માત્રા વધી જાય બેટા.'

'મા, અનુપમા મરીને અમારી વચ્ચે સતત જીવશે.' પ્રિયાનો અવાજ તરડાઈ ગયો.

વસુમાને વિચાર આવ્યો, કેવું હોય છે સ્ત્રીનું મન! પોતાની સૌથી અંગત લાગણી, પોતાનો અધિકાર અને પોતાનું સુખ છીનવી લેનાર સ્ત્રીને પણ એ દુઃખી નથી જોઈ શકતી... એની પીડા ક્યાંક ને ક્યાંક બીજી સ્ત્રીને સ્પર્શી જ જાય છે... એ અનુપમા હોય કે યશોધરા, શ્રેયા હોય કે વસુંધરા, લાગણીઓના મોજાંની થપેટ એમને ભીંજવ્યા વિના રહી શકતી નથી. એમના ચહેરા પર સ્મિત આવી ગયું. એમણે શ્રેયાના ગાલ પર હાથ ફેરવ્યો.

'બેટા, એમ તો અમે પણ તમારી સાથે જીવીએ છીએ.'

'પણ મા.'

'અનુપમાનો વિચાર જ્યાં સુધી તને વિચલિત કરશે ત્યાં સુધી એનું મૃત્યુ તને સુખેથી જીવવા નહીં દે. જે ક્ષણે તું અનુપમાને તારા મનથી સ્વીકારી લઈશ એ ક્ષણે એનું અસ્તિત્વ તારામાં ભળી જશે.'

'એવું કેવી રીતે થઈ શકે મા?' શ્રેયાની વિષાદગ્રસ્ત આંખો વસુમાના ચહેરા પર મંડાઈ, 'અનુપમા અમારા જીવનનું સત્ય છે.'

'તો? બધાં જ સત્યો પંચે એવાં કે દુ:ખ આપે એવાં શા માટે હોય? કેટલાંક સત્યોને માત્ર સપાટી પર ન સ્વીકારી શકાય? એમાં ઊંડે ઊતરવું જ અને પોતાના શ્વાસ રૂંધવા જ એવો હઠાગ્રહ શા માટે?'

શ્રેયા જોઈ રહી વસુમાની સામે. પછી હળવેથી ઊઠી અને સામેના છોડના પાંદડા પર જામેલું એક ઝાકળનું ટીપું એણે સરકાવીને હળવેકથી પોતાની હથેળીમાં લીધું... એકીટશે એની સામે જોઈ રહી.

'બેટા, ઈશ્વરને પણ મલિનતા પસંદ નથી. એટલે તો એ રોજ સવારે વૃક્ષોને ઝાકળથી ધુએ છે.' વસુમાએ શ્રેયાના માથે ફેરવ્યો, 'ધોઈ નાખ તારા મનની અવઢવને... અને પછી જો!'

ક્યાંય સુધી શ્રેયા ચૂપચાપ કંઈ કેટલુંયે વિચારતી બેસી રહી અને અંદરથી વૈભવીએ બૂમ પાડી, 'નાસ્તો તૈયાર છે...' ત્યારે એ અને વસુમા હળવેથી અંદર જવા લાગ્યાં.

વિષ્ણુપ્રસાદ ફોન પર બરાડી રહ્યા હતા, 'ના, ના... એ કોણ છે આ બધું નક્કી કરનારો?'

'વિષ્ણુ, ધીમે બોલો અને કાં તો ટેલિફોન મૂકી દો, તમે એટલા જોરથી બૂમો પાડો છો કે મને એમ જ સંભળાશે.' રિયાએ મજાક કરી અને એના ગાલમાં ખાડા પડી ગયા.

સામે સોફામાં બેઠેલો નીરવ જોરજોરથી હસી રહ્યો હતો અને લક્ષ્મી બેચેન થઈને આંટા મારતી હતી.

'મા...' લક્ષ્મી રિયા પાસે આવી. રિયાએ ચાલુ ફોને ઇશારાથી એને કહ્યું કે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. પછી વિષ્ણુપ્રસાદની સાથે વાત ચાલુ રાખી.

'વિષ્ણુ, લગ્ન એનાં છે. એને જેમ કરવું હોય એમ કરવા દો ને.'

'શટ-અપ, ખબરદાર જો એનો પક્ષ લીધો છે તો... એનાં લગ્ન ભારતમાં થશે ને હું કહું એમ જ થશે.'

'વિષ્ણુ...' રિયા દલીલ કરવા જાય તે પહેલાં નીરવનો હસવાનો અવાજ વિષ્ણુપ્રસાદના કાને અથડાયો.

'મને ખબર છે એ હસે છે, પણ એને કહી દેજે કે હું એનો બાપ છું અને એનાં લગ્ન હું કર્યું તેમ જ કરવાં પડશે.'

'જુઓ વિષ્ણુ...'

'મારે કાંઈ સાંભળવું નથી... મેં તાજનો ક્રિસ્ટલ રૂમ બુક કર્યો છે. લગ્ન લક્ષ્મી નારાયણના મંદિરમાં થશે અને પછી તાજમાં પાર્ટી. અંધેરી સ્પોર્ટ્સ ક્લબમાં ગરબા રાખ્યા છે અને એને કહી દેજે...'

'લો, તમે જ કહી દો.' રિયાએ છેલ્લી વીસ મિનિટથી ચાલી રહેલી દલીલોથી કંટાળીને નીરવ તરફ ફોન લંબાવ્યો.

'હું નહીં... હું નહીં...' નીરવે બંને હાથ હલાવીને ના પાડી.

'લે પકડ.' રિયાએ કોર્ડલેસ એના હાથમાં પકડાવ્યો અને લક્ષ્મીનો હાથ પકડીને એને બેડરૂમ તરફ ઘસડી, 'લડી લેવા દે બાપ-દીકરાને. એમાં પડવા જેવું જ નથી...'

એ પછી કોણ જાણે ક્યાંય સુધી આઈએસડી કોલનું મીટર ફરતું રહ્યું અને નીરવ વિષ્ણુપ્રસાદ સાથે દલીલો કરતો રહ્યો.

*

'આવું કે સાહેબ?' અલય ટેબલ પર મૂકેલા કાગળિયામાં સંપૂર્ણપણે વ્યસ્ત હતો ત્યારે દરવાજે ઊભેલા શૈલેશ સાવલિયાએ ધીમેથી પૂછ્યું.

'અરે, આવો આવો...' અલયે કાગળિયાં સમેટવા માંડ્યા.

'અનુનો ચેક...' શૈલેશ સાવલિયા ખુરશી ખેંચીને સામે ગોઠવાયા, 'ઑફિસ તો સરસ બનાવી છે.'

'મેં એક ખીલી પણ નથી ઠોકી. જેવી હતી એવી જ વાપરું છું.' અલયે કહ્યું અને શૈલેશ સાવલિયાની પાછળ લટકતી પાંચ બાય ત્રણની તસવીર તરફ આંગળી ચીંધી, 'આ એક ફોટો લઈને આવ્યો છું અહીંયાં, અને બાકી મારા પેપર્સ.'

દાખલ થતી વખતે શૈલેશની નજર નહોતી પડી આ તસવીર પર. 'યે કૈસી દીવાનગી'ના પ્રીમિયર પર લીધેલી અનુપમાની તસવીર હતી. ઓલમોસ્ટ લાઇફ સાઇઝ તસવીરમાં અનુપમા જાણે હમણાં જ બોલશે એટલી જીવંત લાગતી હતી.

'કમાલની છોકરી હતી.' સાવલિયાનો અવાજ સહેજ ભીનો થઈ ગયો, 'દિલ ફાડીને પ્રેમ કરી ગઈ. જેટલું જીવી એટલું ભરપૂર જીવી ગઈ! એક વાર એણે મને કહેલું કે તમે એક જિંદગીમાં કેટલી ક્ષણો જીવો છો એ અગત્યનું નથી, અગત્યનું એ છે કે તમે એક ક્ષણમાં કેટલી જિંદગી જીવો છો...'

અલય નું એમની વાતમાં ધ્યાન જ નહોતું. એ ટેબલ પર પડેલા ચેક સામે જોઈ રહ્યો.

અનુપમાના વીલ મુજબ એના મહેનતાણાના એક કરોડ રૂપિયાનો આ ચેક હતો.

'એની છેલ્લી ઇચ્છા હતી અલય ભાઈ કે આ ચેક તમને પહોંચાડું એટલે...' સાવલિયાનું ગળું ભરાઈ આવ્યું, 'આ છોકરીએ મને બેઠો કરી દીધો. બાકી મારી તો કમર ભાંગી ગઈ હતી. ફરી ફિલ્મ બનાવી શકીશ એવું સપનું જોવાની પણ હિંમત નહોતી, પણ આ છોકરીએ...' એમણે ખિસ્સામાંથી રૂમાલ કાઢીને આંખ પર દાબી દીધો.

અલય ની પણ આંખો છલકાઈ આવી.

'કોઈ મને આવો પ્રેમ કરી શકે એવી મારી લાયકાત ક્યાં હતી?'

'આ છોકરી તો મરી ગઈ, પણ જીવતાં શીખવી ગઈ...'

'આ પૈસા મારે નથી જોઈતા.' અલય હજી બીજું કંઈ વિચારી શકવાની સ્થિતિમાં જ નહોતો... એની નજર સામે અનુપમાની ખડખડાટ હસતી, જિંદગીથી છલકાતી તસવીર તરફ હતી.

'એની છેલ્લી ઇચ્છા હતી, તમે ના કેવી રીતે પાડી શકો?'

'આ અનુપમાની મહેનતના પૈસા છે. હું એનું શું કરું?'

'ફિલ્મ બનાવો. એના નામે કશું એવું કરો જેનાથી. એ છોકરી કાયમ માટે...' સાવલિયાની આંખોમાંથી હજુયે પાણી વહી રહ્યું હતું.

'હું વિચારીશ.' અલયે કહ્યું અને વાત લપેટાઈ ગઈ. એ પછી ક્યાંય સુધી બંને જણા ફિલ્મ ઇન્ડસ્ટ્રી વિશે, નવી ફિલ્મો વિશે અને જુદા જુદા માણસો વિશે વાતો કરતા રહ્યા...

પણ વાત ફરી ફરીને કોણ જાણે કેમ, અનુપમા પર આવતા રહી.

શ્રીજી વિલાની રોજની સવાર જેવી એક સવાર હતી એ.

સૌ નાહી-ધોઈને ડાઇનિંગ ટેબલ ઉપર નાસ્તા માટે રોજની જેમ ગોઠવાયાં હતાં. રોજ સૌથી પહેલા આવનારાં વસુમા આજે સોથી છેલ્લાં આવ્યાં.

આછા ભૂરા રંગની કલકત્તી સાડી એમના શરીર પર અત્યંત વ્યવસ્થિત ચપોચપ પહેરાયેલી હતી અને હજી ભીના છૂટા વાળ એમના ચહેરાને એક ફ્રેમ આપતા હતા. લાલચટ્ટક ચાંલ્લો એમના ચહેરા પર બે આંખોની વચ્ચે જાણે ત્રાટક કરતો હોય એમ ગોઠવાયેલી હતો.

'મા? તમારો મૂડ ઠીક નથી?' શ્રેયાએ વસુમાને જોઈને પૂછ્યું.

'ના, એવું કંઈ નથી.'

'હું ઘણા દિવસથી જોઉં છું કે તું ખોવાયેલી ખોવાયેલી રહે છે... તારા મનમાં કંઈ ચાલે છે, મા?' અભયે સીધું જ પૂછી નાખ્યું.

'ખાસ કશું નહીં.'

એ પછી ખાસ્સો સમય ડાઇનિંગ ટેબલ પર શાંતિ પથરાયેલી રહી. વૈભવીને લગ્નના બે દાયકા પછી પહેલી વાર ખ્યાલ આવ્યો કે જો વસુમા ના બોલે તો ડાઇનિંગ ટેબલ પર ભાગ્યે જ કોઈ વાત થાય. આ ઘરની કરોડરજ્જુ ગણો કે મુખ્ય શિરા ગણો, એ વસુમા છે. એમના મૂડની અસર ઘરના દરેક સભ્ય પર ઓછાવધતા અંશે થાય જ છે.

એને નવાઈ લાગી, 'કોઈ એક વ્યક્તિનો આટલા બધા માણસોની જિંદગીઓ ઉપર આટલી બધો કન્ટ્રોલ હોઈ શકે?' અને સાથે જ એને વિચાર આવ્યો, 'કાલે સવારે ભગવાન ના કરે અને વસુમાને કંઈ થાય તો શું આ ઘર સાવ ભાંગી પડે?' પરંતુ એણે તરત જ એ વિચારને ખંખેરી નાખવાનો પ્રયાસ કર્યો.

સૂર્યકાંત ચૂપચાપ બેઠા હતા. માત્ર વસુમાના ચહેરા સામે જોઈ રહ્યા હતા. એમનો ચહેરો એવો જ શાંત અને સ્વસ્થ હતો, પણ જાણે ચહેરા. પર કશું જુદું, કશું ખૂબ તેજસ્વી ઝગારા મારી રહ્યું હતું!

સૌ પોતપોતાના બ્રેકફાસ્ટમાં વ્યસ્ત હતાં ત્યારે એક વાર સૌની સામે જોઈને વસુમાએ શાંત અને સંયત અવાજે કહ્યું. 'મારે કંઈ પૂછવું છે કાન્ત, પૂછું?'

એ જ વખતે બહાર ગાડી પાર્ક થવાની અવાજ આવ્યો. સૌએ નવાઈથી બહાર જોવા માંડ્યું, પરંતુ સૂર્યકાંત અત્યંત સ્વાભાવિકતાથી કહ્યું, 'અંજલિ હશે.'

'અંજલિ...' અલય ક્યારનો ચૂપ હતો. કોણ જાણે કયા વિચારમાં ખોવાયેલો હતો, પણ અંજલિનું નામ સાંભળીને એના ચહેરા પર સહેજ ચમક આવી.

'હા, મેં બોલાવી છે એને.' સૂર્યકાંતનો અવાજ સ્વસ્થ હતો, 'રાજેશ પણ આવ્યા હશે.'

ત્યાં તો બંને જણા ખડખડાટ હસતાં કોઈ વાત ઉપર એકબીજાની મજાક કરતાં દાખલ થયાં. એમના મૂડની છોળ જાણે આખા ઓરડામાં ઊડી અને શ્રેયા, અલય , અભય, વૈભવી, લભ્ય અને સૂર્યકાંત સોના ચહેરા પર એક સ્થિત ફરી વળ્યું.

અંજલિ અને રાજેશ આવીને ટેબલ પર ગોઠવાયાં...

'મા...' અંજલિએ ટેબલ પર પડેલી વસ્તુઓ જોઈને કહ્યું, 'મેં તને ફોન કર્યો હતો. મારે માટે મેથીનાં થેપલાં બનાવવાનું કહ્યું હતું.'

'હું ભૂલી ગઈ દીકરા.'

ટેબલ પર બેઠેલાં લગભગ તમામ સભ્યોએ ચોકીને વસુમા સામે જોયું. આજ સુધી વસુમાના મોઢે 'રહી ગયું' કે 'ભૂલી ગઈ' જેવાં વાક્યો કોઈએ ક્યારેય સાંભળ્યાં નહોતાં. આજે પહેલી વાર ઘરના કોઈ કામમાં વસુમાએ આવો વાક્યપ્રયોગ કર્યો હતો.

આટલાં વર્ષ સુધી ઘરના તમામ સભ્યોની બધી જ જરૂરિયાતો, ગમા-અણગમા એમણે સંનિષ્ઠતા જાળવવાનો પ્રયાસ કયો હતો.

છેલ્લા થોડા દિવસથી રસોઈમાં શું બનશે ત્યાંથી શરૂ કરીને ઘરના હિસાબ સુધીની દરેક બાબત એમણે વૈભવીને સોંપવા માંડી હતી.

એ મોટે ભાગે પોતાના ઓરડામાં વાંચતાં રહેતાં. સાંજે સૂર્યકાંત જોડે ચાલવા જતાં અને સવારનો એમના કેટલાંય વર્ષનો રુટિન કાર્યક્રમ એમ જ રહેતો...

'મને કહ્યું હોત મા...' વૈભવીએ જવાબદારી લેવાનો પ્રયત્ન કર્યો.

'હું ખરેખર ભૂલી ગઈ.' વસુમાના ચહેરા પર જાણે કોઈ ભાવ જ નહોતો.

સૂર્યકાંત ઘડીભર વસુમાના ચહેરાનો તાગ લેવાનો પ્રયાસ કરતા રહ્યા. પછી એમણે ઘરના તમામ સભ્યો સામે એક સરસરી નજર નાખી અને એમણે ધીમેથી કહ્યું, 'દેવશંકર મહેતા ટ્રસ્ટની ઑફિસ નક્કી થઈ ગઈ છે.....

આમ તો આવતા મહિને બાપુજીની પુણ્યતિથિ આવે છે, પણ મારી ઇચ્છા એવી છે કે, ટ્રસ્ટ એ પહેલાં રજિસ્ટર થઈ જાય.'

'એ કંઈ બહુ અઘરી વસ્તુ નથી. સામાન્ય લિગાલિટી હોય છે... ટ્રસ્ટડીડ કરવાનું હોય, જેમાં હેતુઓ અને ઉદ્દેશોની સાથે સાથે બીજી થોડી વિગતો ભરવાની હોય છે.' વૈભવીએ અંજલિ તરફ ઇડલીનું કેસરોલ ધકેલ્યું, 'આઈ વીલ હેલ્પ યુ.'

'મને મદદની જરૂર પડશે જ. ભારતના નવા કાયદા-કાનુનથી હું તદ્દન અજાણ્યો છું.' એટલું કહીને સૂર્યકાંતે વસુમા તરફ જોયું, 'વસુ, તું પણ મદદ કરીશ ને મને?'

'અફકોર્સ! માને હવે બીજું કામ શું છે?' અંજલિએ ટેબલ પરથી ટોસ્ટ લઈને બટર ચોપડવા માંડ્યું...

'મા, મને લાગે છે ફરી એક વાર પ્રવૃત્તિ શરૂ કરવા માટે આ એક ઉત્તમ તક છે.' રાજેશે અંજલિના હાથમાંથી ટોસ્ટ લઈ લીધો.

'મેં મારા માટે લગાડ્યો.' અંજલિએ રાજેશના હાથમાં ટપલી મારી પણ ટોસ્ટ આપી દીધો.

'એટલે જ મેં લઈ લીધો. તારામાં બટર જરા ઠીકઠાક લગાડે છે તું, મારામાં કંજૂસાઇ કરે છે.' રાજેશે કહ્યું, બધાં હસી પડ્યાં. પણ વસુમા જાણે કોઈ બીજી જ દુનિયામાં હતાં.

'તમે ફરી એક વાર પ્રવૃતિ શરૂ કરો અને એમાં પણ આવા સારા કામથી, એનાથી બેટર શું હોય?' રાજેશે પોતાની વાત ફરી કહી.

'હા મા.' વૈભવીએ પણ જાણે આ વાતમાં સંમતિ આપી, 'હવે તમારે તમને ગમે તે કરવું જોઈએ.'

'મા...' અભયે પણ બોલવું જોઈએ એમ માનીને એક વાક્ય કહી જ નાખ્યું, 'આમ પણ તેને સોશિયલ વર્કમાં રસ છે અને દાદાજીના નામે થતા કામમાં તો તને રસ પડે જ...'

વસુમા ચૂપચાપ સૌની સામે જોઈ રહ્યાં હતાં, 'વૈભવી, ઘરમાં મેથીની ભાજી હોય તો અંજલિ માટે લંચમાં થેપલાં બનાવજો.'

'શું હશે આ સ્ત્રીના મનમાં? મારી કોઈ વાત વાગી હશે એને? આ ટ્રસ્ટની વાત મે બીજી વાર કરી અને બીજી વાર વસુએ જવાબ આપવાનું ટાળ્યું છે.' સૂર્યકાંતના મનમાં ગડમથલ થવા લાગી.

'હું પણ તમારી સાથે કામ કરીશ.' વૈભવીએ સૂર્યકાંતને કહ્યું, 'આમ પણ મને આવું જ કોઈ કામ શરૂ કરવાની ઇચ્છા હતી.'

'જરૂર.' સૂર્યકાંતે ફરી એક વાર વસુમા સામે જોયું, 'વસુ, વૈભવી પણ આપણી સાથે કામ કરશે.'

કેટલા પૈસા હશે દેવશંકર મહેતા ટ્રસ્ટના કોપર્સમાં?' વસુમાએ હળવેથી ચાની સીપ લીધી.

'તું કહે... મેં બધી જુદી જુદી વ્યવસ્થા વિચારી છે, પણ તને પૂછ્યા વિના કશું નક્કી નથી કર્યું.'

'કાન્ત, તમે અમેરિકાથી આવ્યા ત્યારે તમે મને કહ્યું હતું કે તમે મારા નામે...'

'હા વસુ, મેં તારા નામે પણ પૈસા મૂક્યા છે.'

'કેટલા? આશરે કેટલા રૂપિયા હશે?'

સૌ આશ્ચર્યચકિત થઈ ગયા વસુમાનાં આ સવાલ સાંભળીને.

વસુમાએ સૂર્યકાંતને પોતાના નામે મુકાયેલા પૈસા વિશે પૂછ્યું!

'તારે કેટલાં પૈસા જોઈએ છે મા?' ક્યારના ચૂપ બેઠેલા અલયે અચાનક જ વાતચીતમાં ઝુકાવ્યું, 'મારી પાસે સવા કરોડથી વધારે એવા રૂપિયા છે, જેની મારે કોઈ જરૂર નથી.'

'વસુ, મેં પણ તારા નામે લગભગ એટલા જ પૈસા જુદા કાઢ્યા છે.'

'મારે એ બધા પૈસા મારા ખાતામાં ભરાવવા છે.'

'મા!' વૈભવીએ સૌથી પહેલું આશ્ચર્ય વ્યક્ત કર્યું.

નવાઈ તો સૌને લાગી હતી, પણ વૈભવી જેટલી ઝડપથી પ્રતિભાવ આપવાની કદાચ બીજા કોઈએ હિંમત ના કરી.

'તારે એટલા બધા પૈસાને શું કરવા છે મા?' અભયે પૂછ્યું.

'એ સવાલ માને પૂછવાનો આ ઘરમાં કોઈને અધિકાર નથી.' અલય

ખુરશી ધકેલીને ઊભો થયો, 'હું આવતી કાલે તારા ખાતામાં પૈસા ભરાવી દઈશ મા.'

વસુમાએ એક ક્ષણ અલય સામે જોયું. એમની આંખોમાં કોણ જાણે શું હતું કે અલય ત્યાં ઊભો ના રહી શક્યો અને સડસડાટ બહાર નીકળી ગયો.

બહાર જઈને એ જેવો ગાડીમાં બેઠો કે એનાથી નાના બાળકની જેમ રડાઈ ગયું.

'મા, તમને ક્યાંય પણ મદદની જરૂર હોય તો મને કહેજો.' રાજેશ પોતાની કૉફીનો છેલ્લો સીપ લીધો, 'આટલા બધા પૈસા એકસામટા ખાતામાં આવશે એટલે કૅપિટલ ગેઈન અને ટૅક્સીના સવાલો ઊભા થશે...'

'સમજું છું.' વસુમાએ કહ્યું અને પોતાના કપ સાથે પોતાની બંને બાજુ પડેલી અલય અને સૂર્યકાંતની નાસ્તો કરેલી ડિશ અને કેવા ભેગાં કરીને રસોડા તરફ ચાલવા લાગ્યાં.

એમના ગયા પછી બધાં જ ડાઇનિંગ ટેબલ પર બેઠાં હતાં, પણ કોઈ એક શબ્દય બોલી શક્યું નહીં. આમ તો સૌએ પોતપોતાની વાત કહી હતી. એક શ્રેયા જ ચૂપ રહીને આખી પરિસ્થિતિનો તાગ લેવા મથી હતી, પરંતુ એનેય નહોતું સમજાયું કે વસુમા આમ કશુંયે બોલ્યા વિના કેમ ચાલી ગયાં?

એ ઊઠીને એમની પાછળ પાછળ રસોડામાં ગઈ.

વસુમા પાણિયારા પાસે ઊભાં રહોને કંઈક વિચારી રહ્યાં હતાં.

'મા...' શ્રેયાએ એમના ખભે હાથ મૂક્યો, વસુમાએ ફરીને પાછળ જોયું. છેલ્લાં કેટલાંય વર્ષથી જે વસુમાને શ્રેયા

ઓળખતી હતી એ વસુમાના ચહેરામાં અને આ ચહેરામાં જાણે આસમાન-જમીનનો ફેર હતો.

'શું થાય છે મા?' શ્રેયાએ એમની આંખો જોઈને પૂછ્યું.

વસુમાએ ડોકું ધુણાવીને જ કહી દીધું 'કંઈ નહીં' અને ચૂપચાપ બહાર જવા લાગ્યાં. શ્રેયાએ એમનો હાથ પકડી લીધો.

'મને કહો મા... શું ચાલે છે તમારા મનમાં?'

'હું નથી જાણતી.'

'કોઈએ દુભાવ્યા છે? કંઈ ખરાબ લાગ્યું છે મા?'

'એ બધામાંથી હું નીકળી ગઈ છું શ્રેયા. વસુમાના ચહેરા પર હળવું સ્મિત આવ્યું, 'હવે સુખ અને દુઃખની બહાર એક દુનિયા વસે છે, જેમાં ઝંખનાને, પીડાને, જિજીવિષાને કે લેવડ-દેવડની બહુ જગ્યા નથી રહી. એક અવકાશ છે...' એમણે શ્રેયાના ગાલ પર હાથ ફેરવ્યો, 'સમજે છે? અવકાશ... ખાલીપો નહીં.'

'ખરું કહેજો મા, તમારી બધી ઇચ્છા પૂરી થઈ ગઈ?' શ્રેયાએ ગાલ પર મુકાયેલા એમના હાથ પર પોતાનો હાથ મૂક્યો.

વસુમા હસી પડ્યાં, 'ઇચ્છા? હજારો ખ્યાહિશે ઐસી કિ હર ખ્વાહિશ પે દમ નીકલે. બહોત નીકલે મેરે અરમાન, લેકિન ફિર ભી કમ નીકલે...' એમણે હાથ થપથપાવ્યો અને ફરી ત્યાંથી નીકળવાનો પ્રયત્ન કર્યો.

શ્રેયાએ એમનો હાથ પકડી રાખ્યો, 'તમે મારી વાતનો જવાબ ના આપ્યો.'

'બેટા, શ્વાસ ખૂટી જાય અને ઇચ્છા બાકી રહે એનું નામ મૃત્યુ, પણ શ્વાસ બાકી હોય ને ઇચ્છા ખૂટી જાય એનું નામ મોક્ષ.' શ્રેયા વસુમાના ચહેરા તરફ અપલક જોઈ રહી. આ સ્ત્રીએ જવાબ નહીં આપીને પણ જવાબ આપી જ દીધો હતો.

વસુમાએ હળવેથી એના હાથ નીચેથી પોતાનો હાથ સેરવ્યો અને રસોડાની બહાર નીકળી ગયાં.

એ પછીના ઘણા દિવસ સૂર્યકાંતે ઑફિસમાં ફર્નિચર અને બીજી બધી સવલતો ઊભી કરવામાં વિતાવ્યા. દેવશંકર મહેતા ચેરિટેબલ ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન થયું અને વિધિવત્ પૂજા કરીને એમણે ઑફિસમાં બેસવા માંડ્યું.

એમણે બે-ચાર વાર વસુમાને કહી જોયું, પણ એમણે એક યા બીજા બહાને ટ્રસ્ટની ઑફિસ જવાની વાત ટાળી.

વૈભવીએ સામેથી પોતાની ઇચ્છા બતાવી અને ટ્રસ્ટના કામમાં રસ લેવા માંડ્યો. અભયને પણ વૈભવીની આ પ્રવૃતિ ગમી.

અમેરિકાથી અજયના ગોઠવાઈ ગયાના, કામ સારું ચાલવાના સમાચાર આવતા રહ્યા...

અલય એની નવી ફિલ્મના પ્રોજેક્ટોમાં ધીમે ધીમે પરોવાવા લાગ્યો.

શ્રેયાએ એની ઑફિસ જોઇન્ટ કરી લીધી...

છાપાંઓએ અનુપમાના મૃત્યુને હવે સમાચાર બનાવીને મસાલો ભરાવાનું ધીમે ધીમે બંધ કરી દીધું હતું.

શ્રીજી વિલાની જિંદગી ફરી એક વાર એક નોર્મલ રુટિનમાં ગોઠવવા લાગી હતી...

રોજ સવારે સાડા છ વાગ્યે વસુમાનો અવાજ ગુંજતો. શ્રેયા બ્રેકફાસ્ટ તૈયાર કરતી. સાડા આઠે સૌ નાસ્તાના ટેબલ પર આવતાં. વૈભવી અને સૂર્યકાંત સાડા નવ વાગ્યે ટ્રસ્ટની ઑફિસ જવા નીકળી જતાં.

લગભગ એ જ સમયે અભય પણ પોતાની ઑફિસ જવા નીકળી જતો.

અલય થોડો મોડો જતો, અને શ્રેયાને એની ઑફિસે ઉતારતો... લજ્જા અને આદિત્ય કૉલેજ જવા નીકળી જતાં. દસ વાગ્યાની આસપાસ શ્રીજી વિલા ખાલી થઈ જતું.

તે રાત્રે સાડા સાત-આઠ પછી જ ઘરમાં ફરી એક વાર માણસોનો અવાજ ગુંજતો!

આ બધી પ્રવૃત્તિઓમાં અને ઘરના સૌની પોતપોતાની જિંદગીઓમાં કદાચ કોઈનુંય ધ્યાન નહોતું પડ્યું, પણ ક્યાંક કશુંક બહુ જ ધીમે ધીમે બદલાઈ રહ્યું હતું...

* * *

75

રિયા બૅગ પૅક કરી રહી હતી.

સામે બેઠેલી લક્ષ્મી સોનેરી વાળ, ડેનિમની બ્લુ શૉર્ટ્સ અને સ્લીવલેસ ટી-શર્ટ પર કોણી સુધી મૂકેલી મહેંદી અને લાલ રંગના ચૂડા સાથે જાણે સાક્ષાત્ ફ્યુઝન હોય એવી દેખાતી હતી.

એના મહેંદી મૂકેલા પગમાં સિંગલ સેરનાં ઝાંઝર હતાં અને ગળામાં મંગળસૂત્ર!

સોફાના હેન્ડરેસ્ટ પર પગ ઊંચા કરીને આડો પડેલી નીરવ ખડખડાટ હસી રહ્યો હતો. લક્ષ્મી નવાઈથી ક્યારેક માને તો ક્યારેક દીકરાને જોઈ રહી હતી.

રિયા બૅગ પૅક કરતાં કરતાં બડબડ કરી રહી હતી:

'તારો બાપ તને ચીરી નાખશે.'

'તો પોલીસ પકડી જશે.'

'એ મને ક્યારેય માફ નહીં કરે, નીરવ. તે આ વાતને જેટલી લાઇટલી લીધી છે એટલી સીધી અને સરળ આ વાત નથી. વિષ્ણુ જ્યારે આ જાણશે ત્યારે એનું મગજ ફાટી જશે.'

'તો સોય-દોરો સાથે લઈ લેજે, આપણે સાંધી લઈશું.' નીરવ હસતો હતો.

'નીરવ બેટા, હું શું કહે તને?' રિયાના અવાજમાં હવે થોડો ગુસ્સો અને થોડી ચિંતા હતી.

નીરવ સોફામાં બેઠો થયો. પછી એણે રિયા સામે જોયું:

'મૉમ, તું કંઈ પણ કહે, હવે મને મારે, ફટકારે કે મારા ટાંટિયા તોડી નાખે... વિષ્ણુપ્રસાદ મને ચીરી નાખે કે લાકડીએ લાકડીએ મારી ચામડી ઊતરડી લે-ખરેખર કોઈ ફેર પડશે ખરો? જે થવાનું હતું એ થઈ ગયું, મૉમ...'

'તનેય કંઈ વિચાર ન આવ્યો, છોકરી?' રિયાની આંખો ભરાઈ આવી:

'કેટલાં વર્ષે વિષ્ણુ સાથે મનમેળ થયો છે મારો. એને તો જિંદગી ચેસની રમત જ લાગે છે. હું ગમે એ સમજાવું, એ એમ જ માનશે કે મેં જ તારાં લગ્ન કરાવી નાખ્યાં.'

રિયાની આંખમાંથી પાણી ટપકી રહ્યાં:

'શું ફાયદો થયો તને?'

'લાખ્ખો રૂપિયા બચાવ્યા મારા બાપના.'

નીરવ સોફામાંથી ઊભો થયો. રિયા પાસે જઈને ખેંચીને એનું માથું છાતી સાથે ચાંપી દીધું. રિયાથી રડાઈ ગયું:

'બેટા, મને પણ ઉત્સાહ હતો તારાં લગ્નનો. તું એકનું એક સંતાન છે અમારું...'

'જો મા, હું તને એક વાત કહી દઉં. તમે બધાં જે સ્કેલ પર મારાં લગ્નનું પ્લાનિંગ કરતાં હતાં એ કોઈ રીતે મારા ગળે નહોતું ઊતરતું.'

એણે રિયાના ચહેરો ચિબુકથી પકડીને ઊંચો કર્યો:

'હું જાણું છું, આ લગ્ન તે નથી કરાવ્યાં. તું જાણે છે, આ લગ્ન તે નથી કરાવ્યાં, લક્ષ્મી જાણે છે...'

'પણ વિષ્ણુ જાણતો નથી ને માનશેય નહીં.' રિયાએ નીરવના હાથમાંથી ચહેરો છોડાવ્યો:

'એને માટે જિંદગી હાર-જીત છે, નીરવ. દરેક પ્રસંગને એ એના અહમના ત્રાજવામાં તોલે છે. એને એવું જ લાગશે કે મેં મારું મહત્ત્વ સાબિત કરવા તારાં લગ્ન અમેરિકામાં કરાવી દીધાં.'

'તો લાગવા દે, મૉમ. ક્યાં સુધી ડરીશ એમનાથી?'

થોડી વાર ચૂપ રહી રિયા, નીચું જોતી રહી... પછી હળવેથી એણે ઊંચું જોયું. નીરવની આંખોમાં આંખો પરોવી.

'ડરતી નથી, ચાહું છું એને.'

'કમ ઓન, મૉમ!'

'આઈ મીન ઈટ! વિષ્ણુને ન ગમે એવું કંઈ પણ નહીં કરવું એટલે એનાથી ડરવું એવું નથી, નીરવ. હું એને પ્રેમ કરું છું, એનો સ્વભાવ જાણું છું અને એટલે એને દુ:ખ પહોંચે એ મને નહીં ગમે.'

'એમણે આ દુ:ખ એમની જીદને કારણે જાતે નોતર્યું છે.'

'મોટા ભાગનાં દુ:ખ માણસ પોતાની જીદને કારણે જાતે જ નોતરતો હોય છે.' ક્યારની મા-દીકરાની દલીલો સાંભળી રહેલી લક્ષ્મી બોલી:

'તેં જે કર્યું એ તારી જીદ નથી?'

'તો ના પાડવી હતી તારે? કેમ આવી મારી સાથે?' નીરવના અવાજમાં હવે સહેજ ચીડ ભળી ગઈ:

'તો ના પાડી હોત તો કંઈ લમણા પર ગન મૂકીને લગ્ન ન કરત.'

લક્ષ્મી હસી પડી. એ નીરવની નજીક ગઈ અને એના સુંવાળા વાળમાં હાથ ફેરવીને વાળ અસ્તવ્યસ્ત કરી નાખ્યા:

'સ્ટુપિડ હું પણ એટલે જ આવી, કારણ કે તને પ્રેમ કરું છું. ડરતી નથી તારાથી... મને ખબર છે કે હું એ વખતે ન આવી હોત તો પણ તું મારી સાથે લગ્ન તો કરત જ...'

લક્ષ્મીએ પછી રિયાના ખભે હાથ મૂક્યો:

'આ પુરુષો આપણને ક્યારેય નહીં સમજે. એમને બે જ વસ્તુ સમજાય છે – ડર અને દાદાગીરી...'

'ચાલ ચાલ...' નીરવે લક્ષ્મીને બાવડાંથી પકડી.

'મહેંદી મુકાવવા તો જાતે ગઈ હતી... મેં જરાય દાદાગીરી નહોતી કરી.'

'તારે પાંચ-સાત વાર પરણવાનું હશે, મારે તો એક જ વાર પરણવાનું છે... તું મા-બાપને બાકાત રાખે, મિત્રોને ન બોલાવે, સેલિબ્રેશન ન કરે... અરે, વિધિ કરવાની ના પાડે, પણ હું તૈયાર તો થાઉં કે નહીં?'

'આ બધી અર્થ વગરની દલીલો છે.' રિયા ખિજાઈ ગઈ:

'કાલે સવારે ઍરપોર્ટ પર ઊતરો ત્યારે તમારા બાપાને શું જવાબ આપવો એ નક્કી કરો.'

'પહેલાં એમને સવાલ તો પૂછવા દો.'

નીરવ ફરી ધબ થઈને સોફામાં પડ્યો અને રિયાએ ફરિયાદભરી આંખે લક્ષ્મી સામે જોયું. લક્ષ્મી હસી પડી. એણે નીરવ સામે વહાલથી જોયું... હજી ગઈ કાલે સાંજે જ આ માણસ એનો કાયદેસર પતિ બન્યો હતો. લક્ષ્મીને જાણે રહી રહીને નીરવ પર વહાલ આવતું હતું... એની જીદ, એની આડોડાઈ, એનો મિજાજ, એના વાહિયાત જેવા સિદ્ધાંત અને એની અત્યારે ચાલતી હતા એ બાલિશ હરકતો... બધું જ લક્ષ્મીને વહાલું લાગતું હતું.

પોતાના હાથની મહેંદી, લાલ-સફેદ ચૂડો, પગનાં ઝાંઝર અને રિયાએ હજી હમણાં જ પૅક કરી એ બધી સાડીઓ... લક્ષ્મીને લાગતું હતું કે એના જીવનનું ધ્યેય મળી ગયું છે.

ગઈ કાલે રાતે એ નીરવના બેડરૂમમાં દાખલ થઈ ત્યારે એને લાગ્યું કે આ ક્ષણની એણે વર્ષો સુધી પ્રતીક્ષા કરી છે. આટલી બધી શારીરિક નિકટતા છતાં નીરવના સંસ્કારે અને લક્ષ્મીના ઉછેરે બન્નેને એકબીજાથી એક વેંત દૂર રાખ્યાં હતાં.

કદાચ બીજી કોઈ પણ અમેરિકન છોકરી કરતાં લક્ષ્મી માટે આ લગ્નનું મહત્ત્વ એટલે જ વધારે હતું. અહીં રહેતી લક્ષ્મી આટલા દિવસથી રિયાના બેડરૂમમાં સૂતી. ગઈ કાલે બપોરે જ્યારે પાનેતર પહેરીને એ ઘરના દરવાજે આવીને ઊભી ત્યારે આ જ ઘરમાં છેલ્લા કેટલાય દિવસથી રહેતી હોવા છતાં આ ઘરનો દરવાજો અને ઘરનું વાતાવરણ બધું જ એને જુદું લાગ્યું હતું!

કદાચ આ જ સ્ત્રીનું મન હશે. ભારતીય સંસ્કૃતિનો ઉછેર કદાચ અહીં જ કામ કરી ગયો હશે કે અમેરિકામાં જન્મી અને ઊછરી હોવા છતાં લક્ષ્મી માટે લગ્નના રજિસ્ટરમાં સહી કરતી વખતે જાણે સપ્તપદીના શ્લોક એના કાનમાં ગુંજતા હોય એવી લાગણી થઈ હતી... જાણે વસુમા એને અખંડ સૌભાગ્યવતી કહેતાં હોય અને રોમ રોમને જીવતાં કરી નાખે એવી થરથરાટી થઈ હતી...

જિંદગીની નવી દિશામાં પ્રયાણની શરૂઆત હતી આ. ન સગાંવહાલાં, ન મિત્રો કે મા-બાપ સુધ્ધાં હાજર ન હોય એવાં લગ્ન હતાં આ... માત્ર અને માત્ર નીરવની જીદના કારણે.

*

પરમ દિવસે રાવે રિયા ક્યાંક બહાર ગઈ હતી અને નીરવે લક્ષ્મીના રૂમમાં આવીને એને સીધું સ્પષ્ટ કહ્યું હતું:

'કાલે આપણે લગ્ન કરીએ છીએ.'

'વ્હૉટ? આર યુ ક્રેઝી? આપણે લગ્ન કરવા માટે તો પરમ દિવસે મુંબઈ જઈએ છીએ. નીરવને ઓળખતી હોવા છતાં લક્ષ્મીને વિશ્વાસ નહોતો બેઠો.

'પરમ દિવસે મુંબઈ જઈએ છીએ, પણ લગ્ન કરવા માટે નહીં, લગ્ન કરીને.'

'નીરવ...!'

'મને મારું નામ ખબર છે...'

નીરવ એની નજીક આવ્યો હતો. એના બન્ને હાથ લક્ષ્મીના ગાલ પર મૂકીને ચહેરાની સાવ લગોલગ આવીને પૂછ્યું હતું:

'હા કે ના?'

નીરવે જે રીતે પૂછ્યું હતું એ પછી લક્ષ્મી માટે ના પાડવું અસંભવ હતું.

સવારે બહાર જઈએ છીએ કહીને નીરવ અને લક્ષ્મી બહાર નીકળો ગયાં હતાં. ઇન્ડિયન બ્યુટિશિયનને ત્યાં લક્ષ્મીની ઇચ્છા મુજબ એ પૂરેપૂરી ઇન્ડિયન બ્રાઈડ બની હતી અને જીન્સ અને ચેક્સનું બ્લુ શર્ટ પહેરેલો સાવ લઘરવઘર દેખાતો કેઝ્યુઅલ નીરવ જાણે કોઈ બિઝનેસ ડીલમાં સહી કરતો હોય એમ એણે લગ્નના રજિસ્ટરમાં સહી કરી હતી...

એ પછી બને જ્યારે ઘરે પહોંચ્યા ત્યારથી શરૂ કરીને છેક હમણાં સુધી રિયા માત્ર અને માત્ર ગુસ્સો કરી રહી હતી. અજય-જાનકીને ફોન કરીને ન્યૂયોર્કમાં ખબર આપ્યા ત્યારે જાનકીએ પણ સખત ગુસ્સો કર્યો હતો. અજયે પણ લક્ષ્મી અને નીરવને વારાફરતી ખખડાવ્યાં હતાં અને એ બધું છતાં જાણે કશું બન્યું જ ન હોય એમ નીરવ હસતો-રમતો મુંબઈ જવાની તૈયારી કરી રહ્યો હતો, રિયા ફફડી રહી હતી અને લક્ષ્મી સૂડી વચ્ચે સોપારીની જેમ કે મા- દીકરા વચ્ચે ફૂટબોલની જેમ આમથી તેમ ફંગોળાતી રહી...

*

શ્રીજી વિલાની સવારો તો રોજ જેવી જ પડતી હતી, પરંતુ સૌના મનમાં હવે જાણે રોજ કશું ઉખેડાતું હતું, કશુંક વણાતું હતું. કશુંક રોપાતું હતું અને રોજરોજ કશું વધતું હતું.

ઘરનો કોઈ સભ્ય આંગળી મૂકીને આ કઈ લાગણી હતી કે કઈ વાત હતી એ કહી શકે એમ નહોતો, પરંતુ જાણે માળામાંથી દોરી સેરવી લઈએ અને મણકા વિખેરાઈ જાય એમ શ્રીજી વિલાનો દરેક સભ્ય હવે પોતાની દિશામાં વિખેરાઈ રહ્યો હતો એ નક્કી.

વસુમાએ તે દિવસે જ્યારે બધાંની વચ્ચે પૂછ્યું કે એમને એમના ખાતામાં રોકડા પૈસા ભરાવવા છે ત્યારે જે કોઈ ચર્ચા થઈ એ પછી અલયે અને સૂર્યકાંતે બે-ત્રણ દિવસની અંદર જ વસુમાના ખાતામાં પૈસા ભરી દીધા હતા.

લગભગ ત્રણ કરોડ રૂપિયા એમના ખાતામાં જમા થયાને આજે પંદર દિવસ થઈ ગયા હતા, પરંતુ વસુમાને

ઘરમાં કોઈએ પૂછ્યું નહોતું કે એ પૈસાનું એમણે શું કર્યું?

અલય એની નવી ફિલ્મના કામમાં સખત વ્યસ્ત રહેતો હતો અને શ્રેયા એના પ્રોજેક્ટમાં... સૂર્યકાંત મનોમન ધીરજ રાખીને બેઠા હતા કે સમય આવ્યે વસુ એમને જણાવ્યા વિના નહીં જ રહે.

અભયે ગાંઠ વાળી હતી કે પોતે માને આ વિશે કશું જ નહીં પૂછે. હા, વૈભવીના મનમાં ક્યારેક ક્યારેક જિજ્ઞાસા ઊછળી આવતી, પરંતુ એ વસુમાને બરાબર ઓળખતી હતી એટલે સવાલો પૂછવાથી જવાબ નહીં મળે એની એને પાકી ખબર હતી.

આટલાં વર્ષ જે સ્ત્રીએ પૈસા વિશે કોઈ મોહ કે માયા નહોતાં રાખ્યાં એવી સ્ત્રી અચાનક જ પોતાના ખાતામાં આટલા બધા પૈસા જમા કરાવવાની વાત કરે, એ પણ સામેથી-માગીને એની નવાઈ તો સૌને લાગી જ હતી, પરંતુ ઘરના દરેક સભ્યએ રાહ જોવા સિવાય કોઈ રસ્તો નથી એ સ્વીકાર્યું હતું.

વસુમાએ પણ આ પૈસા વિશે ઘરના કોઈ સભ્ય સાથે વાત નહોતી કરી. પૈસા ભરાઈ ગયા ત્યારે પૈસા ભરાઈ ગયા છે એ સિવાયનું કોઈ વાક્ય એમણે ઉચ્ચાર્યું નહોતું અને પંદર દિવસ થઈ ગયા છતાં જાણે કશું બન્યું જ નથી એટલી સ્વાભાવિકતાથી એ વર્તી રહ્યાં હતાં.

વસુમાને એક માત્ર રાજેશ સાથે ફોન પર એક-બે વાર વાત કરતાં ઘરના સભ્યોએ જોયાં હતાં, પરંતુ રાજેશનો ફોન આવે કે કોર્ડલેસ લઈને વસુમા પોતાના ઓરડામાં ચાલી જતાં. બહુ જ શાંત અવાજે વાત કરતાં વસુમાને જોઈને વૈભવીને કુતૂહલ થતું કે એમણે પૈસાની શી વ્યવસ્થા કરી હશે? પરંતુ એની હિંમત નહોતી કે એમના ઓરડામાં જઈને સાંભળે.

*

'તમારાં માને પૂછો તો ખરા કે આટલા બધા પૈસાનું કરે છે શું?'

અભય તૈયાર થતો હતો. એણે અરીસામાંથી જ પાછળ બેઠેલી વૈભવી તરફ જોયું:

'આજ સુધી એણે ઘર કેવી રીતે ચલાવ્યું એ મેં નથી પૂછ્યું. હવે એ આ પૈસાનું શું કરે છે એ પૂછવાનો મને અધિકાર નથી.'

'ત્રણ કરોડ રૂપિયાનો સવાલ છે. તમને વિચાર જ નથી આવતો? મા આટલા બધા પૈસાનું કરશે શું?'

'માને આજ સુધી કોઈ સવાલ પૂછી શક્યું નથી. માએ આજ સુધી જે કંઈ કર્યું એ સાચું જ કર્યું છે. બરાબર જ કર્યું છે એટલે એમને પૂછવાની જરૂર પણ પડી નથી.'

'અરે, એમ નથી કહેતી. આ ઉંમરે એ કંઈ દારૂ-જુગારમાં પૈસા નથી ઉડાડવાનાં...'

વૈભવી ઊભી થઈને અભયની નજીક આવી:

'પણ આટલા બધા પૈસા ગેરવલ્લે ન જાય એ જોવાની જવાબદારી પણ તમારી જ છે ને?' એ પાછળથી અભયને વીંટળાઈ.

'તમે આ ઘરના મોટા દીકરા છો...'

'અને એ મારી મા છે!'

વૈભવીનો હાથ એણે ખસેડી નાખ્યો અને રૂમની બહાર નીકળી ગયો. વૈભવી એને જતો જોઈ રહી. આમ જુઓ તો અભયની વાત સાચી હતી. વસુમા આજ સુધી જે અને જેવું જીવ્યાં હતાં એ પછી એમને સવાલ પૂછવો બેવકૂફીભર્યું પગલું સાબિત થાય એમ હતું. આટલી સ્વમાની અને ખુદ્દાર સ્ત્રી સામેથી આવડી મોટી રકમ માગીને શું કરવા માગે છે એ વૈભવીને કોઈ પણ હિસાબે જાણવું હતું.

જો એમણે સારું જ કામ કરવું હતું તો દેવશંકર મહેતા ટ્રસ્ટમાં કામ કરવાની એમણે ના કેમ પાડી? જો એમણે કોઈ ટ્રસ્ટ ઊભું કરવું હતું તો એ કહી શક્યાં હોત, પૈસા માગવાની શી જરૂર? મુંબઈના આજના જમીનોના અને મકાનોના ભાવ જોતાં શ્રીજી વિલાની કિંમત પણ લગભગ અઢી-ત્રણ કરોડ જેટલી તો થાય જ, પણ આ મકાન એમણે વચ્ચે નહીં અને રોકડા પૈસા માગ્યા... શું હશે?

વૈભવી રાત-દિવસ આ બધા સવાલમાં ગૂંચવાયા કરતી, પણ વસુમાને પૂછવાની એની હિંમત નહોતી.

આ પહેલાં ક્યારેય વસુમા કોઈ વાત એકાંતમાં કે ખાનગીમાં નહોતાં કરતાં, પણ છેલ્લા થોડા વખતથી અજયનો અમેરિકાથી ફોન આવે ત્યારે પણ એ પોતાના રૂમમાં જઈને એની સાથે વાત કરતાં.

વૈભવી અને સૂર્યકાંત રોજ દેવશંકર મહેતા ચૅરીટેબલ ટ્રસ્ટની ઑફિસે સાથે બેસતાં. દિવસના ચારેક કલાક એ લોકો સાથે ગાળતાં, પણ સૂર્યકાંત કે વૈભવી વસુમાના આ બદલાયેલા વર્તન અંગે કોણ પહેલાં વાત કરે એની રાહ જોતાં હોય એમ એ વાત કરવાનું ટાળ્યા કરતાં.

વૈભવીના કુતૂહલે એને એટલી તો ધકેલી કે એક દિવસ એણે અંજલિને પણ ફોન કરી જોયો:

'વૈભવી બોલું છું.'

'રે, ભાભી! અચાનક!'

'શું ખબર? તું તો દેખાતી નથી અને જમાઈરાજ તો આજકાલ સાસુમાની સેવામાં વ્યસ્ત છે...' એની હૈયાની વાત સીધી હોઠે આવી ગઈ.

'કેમ?' અંજલિ તો જાણે આખી વાતથી અજાણ જ હતી:

'રાજેશ શ્રીજી વિલા આવ્યા હતા?'

વૈભવીએ મોઢું બગાડ્યું.

'માએ બધા પાસેથી પૈસા લીધા છે.'

'હા, એ તો મને ખબર છે.' અંજલિએ સ્વાભાવિકતાથી કહ્યું:

'હું હતી ત્યારે જ વાત થયેલી.'

'ત્રણ કરોડ...'

'એમ?' અંજલિ જાણે આ બધાથી સાવ દૂર હતી:

'તમે કલા નિકેતનના સેલમાં જઈ આવ્યાં?'

'તમને રાજેશભાઈએ કહ્યું નથી?'

'શાનું? સેલનું?'

'સેલનું નહીં, ત્રણ કરોડનું?' વૈભવીનો અવાજ ઊંચો થઈ ગયો;

'એમનો બધો હિસાબ રાજેશ જુએ છે.'

'મારી માને સૌથી વધારે વિશ્વાસ રાજેશ પર છે.' અંજલિએ ગર્વથી કહ્યું:

'રાજેશ છે જ એવા. કોઈ પણ એમના પર વિશ્વાસ કરી શકે. આઈ લવ હિમ.'

અંજલિના ભોળપણ પર કે મૂર્ખામી પર વૈભવીને હસવું આવ્યું.

આને કંઈ ખબર જ નથી! રાજેશ આને કંઈ કહેતો પણ નહીં હોય. આને કોઈ રસ પણ નથી અને ફરક પણ નથી પડતો.

વૈભવીએ ખરાબ ન લાગે એટલા પૂરતી આડીઅવળી વાત કરીને ફોન મૂકી દીધો.

વૈભવી આમ તો ઘણી બદલાઈ હતી એ સાચું, પ્રિયાના આગમન પછી વૈભવીએ જાતને બદલવાનો પ્રયાસ પણ કયો હતો ઘણા પ્રમાણમાં, પરંતુ માણસ સ્વભાવ બદલી શકે, પ્રકૃતિ નહીં એ વાત વૈભવીની બાબતમાં સાચી ઠરી હતી. એની કુતુહલવૃત્તિ ચરમસીમાએ પહોંચી ગઈ હતી.

થોડા દિવસ પછી બ્રેકફાસ્ટના ટેબલ પર બધાં જ બેઠાં હતાં ત્યારે વૈભવીએ બહુ જ હળવેથી વાત કાઢી હતી:

'મા, પેલા પૈસાનું શું કર્યું તમે?'

વસુમાએ બહુ જ સ્વાભાવિક રીતે વૈભવી સામે જોયું હતું અને તદ્દન સંયમિત સ્વરમાં પૂછ્યું હતું:

'કયા પૈસા?'

'અલય ભાઈ અને પપ્પાજીએ... તમારા ખાતામાં...'

'અલય?' વસુમાએ ઉતાવળથી બ્રેકફાસ્ટ કરતા અલય સામે જોયું હતું:

'તારે પૂછવું છે કંઈ?'

'શાના અંગે?' અલયે બધું જ સાંભળ્યું હોવા છતાં વસુમા સામે બ્લૅન્ક ફેસથી જોયું.

'કાંત, તમારે પૂછવું છે કાંઈ?'

'પૂછવું પણ હોય તો મારી હિંમત છે ખરી?' સૂર્યકાંત હસી પડ્યા:

'તને કોઈ કશું પૂછી શકે?'

'વૈભવી...'

વૈભવી ચૂપચાપ નીચું જોઈને બ્રેકફાસ્ટ કરવા લાગી, પણ અભયે જે રીતે વૈભવી સામે જોયું એના પરથી વૈભવીને સમજાઈ ગયું હતું કે હવે કદાચ આ વાત શ્રીજી વિલામાં ફરી ક્યારેય નહીં ચર્ચી શકાય.

જેમ જેમ એને આ સવાલનો જવાબ મેળવવામાં તકલીફ પડતી હતી એમ એમ એની કુતૂહલવૃત્તિ વધુ ઉશ્કેરાતી હતી. દેવશંકર મહેતા ચૅરીટેબલ ટ્રસ્ટની ઑફિસે બપોરે વૈભવી અને સૂર્યકાંત એકલાં હતાં. સૂર્યકાંત ખૂબ સારા મૂડમાં હતા. એ દેવશંકર મહેતા વિશે, પોતાના બાળપણ વિશે વાતો કરી રહ્યા હતા... વસુમાની સાથેનાં લગ્ન અને એમના શરૂઆતના સંબંધોની વાત ખુલ્લા મને ચર્ચી રહ્યા હતા એટલે વૈભવીએ ધીમે રહીને દાણો ચાંપી જોવાનો પ્રયત્ન કર્યો:

પપ્પાજી... આટલા બધા પૈસાનું મા શું કરવાનાં છે? તમે પૂછ્યું તો હશે જ ને?'

'જુઓ, પપ્પાજી... મને આ પૈસામાં રસ નથી, પણ મા ક્યાંક ફસાઈ ન જાય...'

વૈભવી આટલું બોલીને સૂર્યકાંતના ચહેરા સામે જોઈ રહી. એમણે કોઈ પ્રતિભાવ ન આપ્યો એટલે એણે આગળ ચલાવ્યું:

'મારા પૈસા છે, જસ્ટ જાણવા ખાતર...'

'વસુએ પોતાની જવાબદારીઓ કેવી રીતે નિભાવી એની ચિંતા મેં પચ્ચીસ વર્ષ નથી કરી, શેઈમ ઑન મી! ચાર ચાર સંતાન સાથે એ એકલી કેવી રીતે જીવી એ જાણવાની મેં તસ્દી પણ નથી લીધી... એ પછી પણ હું જાતે પાછો નથી આવ્યો, એણે બોલાવ્યો ત્યારે આવ્યો. હું પચ્ચીસ વર્ષ પાછો આવ્યો ત્યારે વસુએ મને એકે સવાલ નથી પૂછ્યો, નથી કોઈ ફરિયાદ કરી કે નથી કોઈ મારી પાસે માગણી કરી... હવે જિંદગીમાં પહેલી વાર...' એમણે એક ઊંડો શ્વાસ લીધો.

'અને કદાચ, છેલ્લી વાર... મને એના પરત્વે કોઈક જવાબદારી નિભાવવાની તક મળી છે ત્યારે હું એને પૂછીને નાનો નહીં થાઉં, વૈભવી!'

એમણે વૈભવીની સામે જરા વેધક નજરે જોયું:

'અને તમે પણ તમારી કુતૂહલવૃત્તિને સહેજ કાબૂમાં રાખો. એ વસુના પૈસા છે, એના અધિકારના! એ બધા પૈસા ભેગા કરીને એને દીવાસળી પણ ચાંપી દે તો મારાથી એને એક સવાલ ન પુછાય એવું મને સમજાય છે...'

ક્ષણેક અટકીને એમણે ઉમેર્યું:

'તમે પણ આ વાત સમજો તો સારું.'

વૈભવી ચૂપ રહી. એણે એ દિવસથી પોતાની પૂછવા-ગાછવાની કે ખણખોદ કરવાની પ્રવૃતિ તો સંકેલી લીધી, પણ એના મનમાં સવાલ તો એમના એમ જ રહ્યા. હવે એ કશું બોલતી નહીં, પરંતુ વસુમાની દરેક પ્રવૃત્તિ પર ધ્યાન રાખવાનો પ્રયત્ન કરતી.

આજકાલ વસુમા દરરોજ ક્યાંક બહાર જતાં હતાં આ વાત એને લજ્જા પાસેથી અને ઘરમાં છૂટક કામ કરવા આવતા ઘાટી પાસેથી જાણવા મળી હતી.

વસુમા ઇન્ટરનેટ વાપરતાં શીખ્યાં હતાં અને આદિત્ય પાસે પોતાનું ઈ- મેઈલ ઍડ્રેસ બનાવડાવ્યું હતું એ ખબર જ્યારે એને આદિત્ય પાસેથી મળ્યા ત્યારે એની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. આદિત્ય ઘરે ન હોય ત્યારે એના કમ્પ્યૂટર પર બેસીને વસુમા રોજ નેટ પર કામ કરતાં...

વૈભવી માટે આ બધા સમાચાર એને હલબલાવી નાખનારા હતા.

એક દિવસ માથું દુખવાનું બહાનું કરીને એ ઘરે રોકાઈ ગઈ. એને એમ હતું કે એની હાજરીમાં કદાચ વસુમા જુદી રીતે વર્તશે, પરંતુ સાડા અગિયારે રોજની જેમ પરવારીને વસુમાએ ઇન્ટરનેટ ચાલુ કર્યું હતું. બે કલાક નેટ પર કામ કર્યા પછી થોડા પ્રિન્ટ આઉટ લઈને વસુમા દોઢ વાગે તૈયાર થઈને બહાર નીકળતાં હતાં. જાણીજોઈને ડ્રોઇંગ રૂમમાં સૂઈને વાંચી રહેલી વૈભવીએ એમને ગાડીમાં લઈ જવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ વસુમાએ સ્થિત કરીને પ્રસ્તાવ ટાળ્યો હતો અને એકલાં જ બહાર નીકળી ગયાં હતાં.

વૈભવીને એક વાર એવો વિચાર પણ આવ્યો કે એ વસુમાની પાછળ જાય અને શોધી કાઢે કે એ ક્યાં જાય છે અને શું કરે છે? પણ એને તરત જ ખયાલ આવ્યો કે આવું કંઈ પણ કરતાં એ પકડાઈ તો અત્યાર સુધી મહામહેનતે સ્વચ્છ કરેલી એની પોતાની છબી ફરી એક વાર ખરડાઈ જશે અને હવે એનામાં ફરી એક વાર બધાંની એ વીંધતી નજરોનો સામનો કરવાની હિંમત નહોતી... એને પોતાના ખરાબ દિવસોમાં વસુમાએ આપેલો સધિયારો અને પ્રેમ યાદ આવ્યા... અને એ ધૂંધવાતી પોતાની અંદર જ ગણતરીઓ માંડતી, ડ્રોઇંગ રૂમના સોફા પર જ બેસી રહી.

દિવસ પર દિવસ વીતી રહ્યા હતા. વસુમાની પ્રવૃત્તિ કોઈને સમજાતી નહોતી.

વૈભવીએ પિતાની ઓળખાણ કાઢીને વસુમાની બૅન્કમાં તપાસ કરાવી. આમ તો કૉન્ફિડેન્શિયલ ગણાતી બેન્કના ખાતાની વિગતો વૈભવીને ઘણી મહેનત પછી જાણવા મળી ખરી, પરંતુ એમાં એટલી જ માહિતી હતી કે જે દિવસે પૈસા ડિપોઝિટ થયા એના દસ જ દિવસમાં એંસી ટકાથી વધારે પૈસા ઉપાડી લેવામાં આવ્યા હતા...

આ જાણીને વૈભવીને સંતોષ થવાને બદલે એના મનમાં વધુ સવાલ ઊભા થયા. એના મનમાં હવે કદાચ કોઈ વર્ચસ્ કે હાર-જીતના પ્રશ્ન નહોતા, પણ નરી કુતૂહલવૃત્તિ એને આ પ્રવૃત્તિમાં વધુ ને વધુ ઊંડી ઘસડી રહી હતી.

*

એક દિવસ ઠાકોરજીના મંદિર પાસે બેઠેલાં વસુમાથી એમના ભગવાનને કહેવાઈ ગયું:

મને ખબર નથી, હું સાચું કરું છું કે ખોટું અને હવે એ ત્રાજવાની બહાર નીકળી ગઈ છું હું... તું મને જેટલું સુઝાડે છે, દેખાડે અને કરાવે છે એટલું જ કરું છું. કાંઈ પણ સાચું-ખોટું, ઊંચું-નીચું કે ભલું-બૂરું તને અર્પણ કરી રહી છું...

એમની આંખો ભરાઈ આવી હતી:

જવાબદારીથી ભાગતી નથી હોં કાના, પણ હવે તારી પાસે આવવાનો સમય થયો છે એવું માનીને બધું જ તને સીધું છું...

મંદિરમાં બેઠેલા મુરલીધરની મૂર્તિ સામે એ જોઈ રહ્યાં હતાં. જાણે સાક્ષાત્ ઈશ્વર એમની સામે ઊભો હોય અને એમની આંખોમાં આંખો નાખીને ભુવનમોહિની સ્મિત કરતો હોય એમ વસુમાની ભીની આંખો હોવા છતાં એમનાથી સ્મિત થઈ ગયું:

જગતભરને નચાવે છે, કોણ જાણે કેવી રમતો કરે છે! થાકતોય નથી? હવે આ ઉંમરે મારી પાસે જે કામ શરૂ કરાવ્યું છે એ પૂરું થતાં પહેલાં બોલાવતી નહીં, સમજ્યો?

એમની આંખોમાંથી આંસુ સરી રહ્યાં હતાં.

અચાનક ઓરડામાં દાખલ થયેલા સૂર્યકાંતે છેલ્લું વાક્ય સાંભળ્યું અને વસુમાને મંદિર સામે બેસીને રડતાં જોયાં એટલે એ એમની નજીક આવીને એમની બાજુમાં બેસી ગયા. વસુમાના જોડેલા હાથમાંથી એક હાથ પકડીને પોતાના હાથમાં લીધો.

'વસુ, જેને જે કહેવું હોય એ કહે, મારે તને એક જ વાત કહેવાની છે. તું જે કંઈ કરતી હોઈશ એ સાચું જ હશે એવી મને શ્રદ્ધા છે.'

વસુમાએ મુરલીધર તરફથી નજર હટાવીને સૂર્યકાંત સામે જોયું. સપ્તપદીના સાત શ્લોક જાણે એમની નજરમાંથી છલકાઈ ગયા. સાથે નહીં ગાળેલાં પચ્ચીસેપચ્ચીસ વર્ષ આ ક્ષણે જાણે એમની વચ્ચે આવીને ઊભાં રહી ગયાં...

વસુમાની આંખોમાં કોણ જાણે કેવી શ્રદ્ધા હતી કે એ તેજ સામે સૂર્યકાંતની આંખો નીચી થઈ ગઈ. એ યુગલ વચ્ચે થોડીક અદ્દભુત નિઃશબ્દ ક્ષણ પસાર થઈ ગઈ. પછી સૂર્યકાંતે પોતાના હાથમાં પકડેલા વસુમાના હાથ પર પોતાનો બીજો હાથ મૂક્યો:

'ને જે કામ તે આદર્યું હશે એ પૂરું થશે જ... આ મારી શુભેચ્છા નથી, તારામાં રહેલી અસીમ શક્તિ વિશે મારી શ્રદ્ધા છે.'

વસુમા હજીય મૌન હતાં.

'મારે જાણવું નથી, તું શું કરે છે.' સૂર્યકાંતે એક વાર ફરી વસુમાની સામે જોયું:

'પણ કોક વાત માગવી છે તારી પાસે, આપીશ?'

'શું?' વસુમાના અવાજમાં સહેજ કંપ હતો.

'આમ તો જીવનભર માગ્યું જ છે તારી પાસે. પુરુષ થઈને, પતિ થઈને આપવાને બદલે લેતો જ રહ્યો છું ને છતાં...' સૂર્યકાંતનું ગળું ભરાઈ આવ્યું.

'આજે કદાચ છેલ્લી વાર કંઈક માગું છું, આપીશ મને?'

'કાંત, એવું શું છે, જે મારી પાસે હોય ને મેં તમને ન આપ્યું હોય!

વસુમાએ પોતાનો બીજો હાથ સૂર્યકાંતના હાથ પર મૂક્યો. એક અદ્ભુત સમજદારીનું, સાયુજ્યનું ઉદય છલકાવી દે એવું દશ્ય હતું એ.

'ને છતાંય જો એવું કંઈ હોય તો એ તમારું જ છે. હું તમારી છું. પછી મારું કંઈ પણ મારું કેવી રીતે હોય?'

'વસુ...'

સૂર્યકાંતે ગળું ખંખેર્યું. કઈ રીતે કહેવું એ વિચારતા હોય એમ થોડી ક્ષણ મનોમન શબ્દો ગોઠવતા રહ્યા. પછી ઈશ્વર સામે અને નજર ફેરવીને વસુમા સામે જોયું:

'મને માફ કરીશ... હ્દયથી?'

'મેં તમને ક્યારેય ગુનેગાર ગણ્યા જ નથી, કાંત. સમય અને સંજોગોના વહેણમાં આપણે બન્ને હલેસાં વગરની હોડી જેવાં આમથી તેમ અથડાતાં રહ્યાં. જિંદગી જે દિશામાં લઈ ગઈ એ દિશામાં વહેતાં રહ્યાં.'

વસુમાનો અવાજ જરાય ધ્રૂજતો નહોતો, બલકે એકદમ સ્વસ્થ અને સંયમિત હતો:

'આ સામે બેઠો છે એની સાક્ષીએ કહું છું, મારા મનમાં ક્યારેય તમારા માટે કડવાશ નહોતી. હા, પીડા હતી થોડી, દુઃખ હતું, સવાલ હતા, પણ એ આના માટે-તમારા માટે નહીં. હું ને તમે તો આના હાથનાં રમકડાં છીએ. એકબીજા સામે ફરિયાદ કરીને શું?'

'છતાંય જો હું માફી માગું તો?'

'કાંત, હું પ્રેમ કરું છું તમને.'

આ વાક્ય સાંભળતાં જ સૂર્યકાંતનું રૂંવાડેરૂંવાડું ઊંચું થઈ ગયું. વીજળીનો જીવંત વાયર પકડાઈ ગયો હોય એમ ઝણઝણાટી થઈ ગઈ આખા શરીરમાં.

'અને પ્રેમમાં મારી માગવાની કે આપવાની કોઈ જગ્યા જ ક્યાં હોય છે? અગ્નિની સાક્ષીએ સ્વીકાર્યા છે તમને, જે છો અને જેવા છો એવા જ... હું તમને એવા જ ચાહું છું.'

સૂર્યકાંતથી રડાઈ ગયું. કદાચ એમની છ દાયકાની જિંદગીમાં પહેલી વાર એ આમ ધ્રુસકે ધ્રુસકે છૂટા મોઢે રડ્યા હતા.

હીંચકે બેઠેલા દેવશંકર મહેતા... એમનો બચાવ કરતાં ગોદાવરી મા... ભાઈ-ભાઈ કરતો પાછળ દોડતો ચંદ્રશંકર... પિતાની ચિતા... માની સૂની આંખો... દોડીને વળગતો અજય... થોડો સમજણી છતાં પિતાથી દૂર દૂર રહેતો અભય... અને આંખોમા કેટલાંય શમણાં લઈને મનથી શરીર સુધી બધે તરસી રહી ગયેલી પત્નીની અબોલ ફરિયાદો સુધીનાં કોણ જાણે કેટલાંય દશ્ય સૂર્યકાંતની ભીની આંખોમાં ધસી આવ્યાં ને આંસુમાં ધૂંધળાં થતાં ગયાં...

* * *

76

નીરવ, રિયા અને લક્ષ્મી મુંબઈ ઍરપોર્ટ પર ઊતર્યા ત્યારે રિયાને રહી રહીને ભાગી છૂટવાની ઇચ્છા થતી હતી. દર બીજી મિનિટે એને એક જ વિચાર આવતો હતો અને એ હતો વિષ્ણુપ્રસાદ ચોકસીના ગુસ્સાનો...

નીરવ અને લક્ષ્મી જે રીતે અમેરિકામાં લગ્ન કરીને અહીં આવ્યાં હતાં એ પછી જે આગ લાગવાની હતી એની તમામ માનસિક તૈયારી સાથે રિયા મુંબઈ ઇન્ટરનૅશનલ ઍરપોર્ટ પર ઊતરવા માગતી હતી, પણ એના હૃદયમાં બેસી ગયેલી દહેશત એને વારે વારે એ પરિસ્થિતિમાંથી ભાગી છૂટવા ઉશ્કેરતી હતી. જો કે એ ભાગી શકે એમ નહોતી...

વૉક-થ્રૂ ચૅનલમાંથી સામાન લઈને એ લોકો જ્યારે બહાર નીકળ્યાં ત્યારે વિષ્ણુપ્રસાદ સામે જ ઊભા હતા. અલય , શ્રેયા અને નીરવના એક-બે બીજા મિત્રો પણ એમને લેવા આવ્યાં હતાં.

આટલાં બધાં લોકોને જોઈને એક રીતે રિયાને રાહત થઈ ગઈ.

વિષ્ણુ આ બધાંની સામે તો બૂમાબૂમ નહીં જ કરે... હાશ!

નીરવ અને લક્ષ્મી આગળ વધીને વિષ્ણુપ્રસાદને પગે લાગ્યાં. લક્ષ્મીના હાથમાં મહેંદી, લાલ ચૂડો, ગળામાં મંગળસૂત્ર, વગેરે વિષ્ણુની નજર બહાર નહીં જ રહ્યું હોય એવી રિયાને ખાતરી હતી...

પરણીને આવ્યો, એમ ને?'

વિષ્ણુપ્રસાદે ધાર્યા કરતાં સાવ જુદો જ પ્રતિભાવ આપ્યો. રિયા એક ક્ષણ માટે વિષ્ણુપ્રસાદની સામે જોઈ રહી. પછી જાણે ઊંઘમાંથી જાગી હોય એમ તરત જ બોલવા માંડી:

'મને તો ખબર પણ નહોતી. મારી પણ જાણ બહાર આ લોકો... વિષ્ણુ, તું તો ઓળખેને નીરવ...'

'એક નંબરનો જિદ્દી અને માથાનો ફરેલ છે...' વિષ્ણુપ્રસાદના ચહેરા પર સાવ ફિક્કું, પણ સ્મિત આવ્યું:

'મને અત્યાર સુધી લાગતું હતું કે આ તારા ઘરવાળા પર પડ્યો છે, સાવ બીકણ ને બોદો, પણ હવે મને ખાતરી થઈ ગઈ કે એને મોટો ભલે તેં કર્યો, એનામાં જિન્સ તો વિષ્ણુપ્રસાદ ચોકસીના જ છે.'

એમણે ખેંચીને નીરવને છાતીસરસો ચાંપી દીધો:

'તું જિદ્દી છે તો હું તારો બાપ છું. લગ્ન તું ભલે કરીને આવ્યો, પણ પાર્ટી તો થશે જ! વિષ્ણુપ્રસાદ ચોકસીનો એકનો એક દીકરો પરણ્યો છે. ડાયમંડ બજારમાં ડંકો વાગી જવો જોઈએ.'

'ડેડી...'

'શટ અપ, જસ્ટ શટઅપ! મારું ચાલે તો તને લાત મારીને ઘરમાંથી કાઢી મૂકું.' વિષ્ણુપ્રસાદ ચોકસીએ નીરવનો કાન પકડ્યો:

'પણ આ છોકરાએ...'

પછી એમણે અલય નો ખભો થાબડ્યો.

'...આ છોકરાએ મને બે કલાક સમજાવ્યો છે.'

'એટલે તમે એના સમજાવ્યે મને ઘેર લઈ જાવ છો?' નીરવે ઝટકો મારીને કાન છોડાવ્યો:

'મારે નથી આવવું.'

'ન શું આવે, માણસો લાવ્યો છું તને ટીંગાટોળી કરીને લઈ જવા.' વિષ્ણુપ્રસાદ ચોકસીએ નીરવના ખભે જોરથી ધબ્બો માર્યો:

'અને આજે ઘરમાં દાખલ થાય પછી પાટી પૂરી ન થાય ત્યાં સુધી તું નજરકેદ રહીશ.'

રિયા સામે જોઈને એમણે ઉમેર્યું:

'તારી મા તારા ઝાંસામાં આવી જાય, મારું નામ વિષ્ણુપ્રસાદ ચોકસી છે. ચાલ...' કહીને એમણે એનું હેન્ડલગેજ લગભગ ઝૂંટવી લીધું. મહાલાડમાં અને વહાલમાં ઊછરેલી લક્ષ્મી બાપ-દીકરાની આ વિચિત્ર રિલેશનશિપ જોઈ રહી. રિયાએ હસીને એની સામે ખભા ઊંચક્યા અને હાથ લાંબો કરી જવાનો ઇશારો કર્યો.

'ભાઈ...? આ આખા દશ્યમાંથી માંડ માંડ બહાર આવીને લક્ષ્મી અલય ના ગળે

વળગી પડી.

'નારાજ તો હું પણ છું હો, ને મારાથી વધારે વસુમા.'

'ખોટી વાત.' લક્ષ્મી હસી પડી:

'વસુમા નારાજ હોય જ નહીં.'

'ખરી વાત છે. મા હવે એ બધાની બહાર નીકળી ગયાં છે.'

અત્યાર સુધી ચૂપ અને ગંભીર ઊભેલી શ્રેયાએ ધીમેથી કહ્યું પછી લક્ષ્મીને ખેંચીને ગળે વળગાડી:

'ઘેર ક્યારે આવશો, લક્ષ્મીબહેન?'

'પાર્ટી પૂરી ન થાય ત્યાં સુધી કોઈ ક્યાંય નહીં જાય.' વિષ્ણુપ્રસાદે વ્હીપ આપ્યો અને લક્ષ્મીનો હાથ કાંડામાંથી પકડી લીધો:

'હું આને જ લઈ જાઉં છું એટલે બધાં આપોઆપ આવી જશે.' કહીને એમણે કાંડું પકડીને લક્ષ્મીને ખેંચી.

'અરે! અરે!' કરતો નીરવ પાછળ દોડ્યો.

'નીરવ કોઈ છોકરી માટે પાછળ દોડે એ જોવાની પણ મજા આવે હો...'

અલય ની ટકોર સાંભળીને બધાં હસી પડ્યાં અને પુત્રવધૂને ખેંચીને લઈ જતા સસરાની પાછળ પાછળ સૌ હસતાં હસતાં ઍરપોર્ટમાંથી બહાર આવ્યાં.

*

ઘણો પ્રયત્ન કરવા છતાં વૈભવી જાણી શકી નહોતી કે વસુમાએ પૈસાનું શું કર્યું હતું?

એણે ભલભલી તરકીબ લગાવી જોઈ હતી, પરંતુ એને કોઈ રીતે જાણવા નહોતું મળ્યું કે વસુમા કોની મદદથી પૈસાની શી વ્યવસ્થા કરી રહ્યાં છે. વસુમા જાણતાં હતાં કે વૈભવીને આ બધું જાણવાનું કેટલું કુતૂહલ છે, પરંતુ એમણે આ વખતે જાણે હોઠ પર તાળું મારી દીધું હતું. ખુલ્લી હથેળીની જેમ કે ઉઘાડા પુસ્તકની જેમ જીવેલી આ સ્ત્રી જાણે અચાનક જ કિલ્લામાં પુરાઈ ગઈ હતી અને એ કિલ્લાનાં દ્વાર એણે અંદરથી ચસોચસ ભીડી દીધાં હતાં... ન પોતે અંદરથી બહાર આવવા માગતી હતી ન બહારથી કોઈને અંદર આવવા દેવા તૈયાર હતી આ સ્ત્રી!

સવારના નાસ્તાનો સમય હવે જાણે બહુ ચૂપચાપ પસાર થઈ જતો. ઘરના આખાય વાતાવરણમાં એક બોજ, એક વજન હતું જાણે. હવા પણ કોઈ અવાજ કર્યા વિના જાણે ચૂપચાપ પસાર થઈ જતી હતી આ ઘરમાંથી.

અભય અને વૈભવી જરૂર પૂરતી વાત કરતાં. શ્રેયા ઊઠે ત્યારે મોટે ભાગે અલય ઘરે પાછો ફર્યો હોય... શ્રેર્યા ક્યારેક ઝઘડતી, ફરિયાદ કરતી તો અલય વહેલો પાછો ફરીને સાંજે એને બહાર લઈ જતો, પણ ત્યારેય પોતાના કામમાં ખોવાયેલી, નવી સ્ક્રિપ્ટમાં અટવાયેલો અને વિચારોમાં એ ડૂબેલો રહેતો.

પંદર-વીસ દિવસમાં એની નવી ફિલમ ફ્લોર પર જવાની હતી.

શ્રેયા સમજતી એની આ મનઃસ્થિતિ, સમયની આ ખેંચમતાણ અને છતાં એને અલય ના સહવાસની, અલય ના સમયની, અલય ની સાથે વાતો કરવાની તરસ રહેતી.

'આના કરતાં તો પરણ્યાં નહોતાં ત્યારે વધારે મળતાં આપણે.'

શ્રેયા ક્યારેક સવારે ત્રણ-ચાર વાગે પાછા ફરેલા અલય ને કહેતી એના પડખામાં સૂઈને, એના ખભે માથું મૂકીને, એની છાતી પર હાથ લપેટીને.

'સ્વીટ હાર્ટ, તારો બાપ મારી નાખશે મને જો મારી બીજી ફિલમ ફ્લોપ થઈ તો.' શ્રેયાના વાળમાં. આંગળાં ફેરવતો અલય મોટું બગાસું ખાતો:

'બીજા દિવસે આવીને ઊંચકી જશે તને અહીંથી!'

'શટઅપ, મૂરખ જેવી વાત ન કર!'

શ્રેયા ખૂબ વહાલ કરતી અલય ને. અલય પણ પ્રતિસાદ આપવાનો પૂરતો પ્રયાસ કરતો, પણ એનો થાક અને બીજે રોકાયેલું એનું મગજ ક્યારેક એનો સાથ છોડી દેતાં. લગભગ આખી રાત ઊંઘેલી શ્રેર્યા વાતો કરતી હોય ત્યારે આખી રાત જાગેલો અલય એની વાત સાંભળતો સાંભળતો વચ્ચે જ સૂઈ જતો.

શ્રેયા અકળાતી, એને જગાડવાનો વિચાર પણ આવતો. પછી ઘસઘસાટ ઊંઘતા અલય ને એ વહાલથી જોઈ રહેતી. એને અલય માટે ગર્વ થતો. વહાલ ઊભરાઈ આવતું અને ઊંઘતા અલય ને જ એ એટલું વહાલ કરતી કે અલય અર્ધતંદ્રામાં એને વારંવાર થપથપાવીને કહેતો:

'સારું, હવે ઊંઘી જા... ઊંઘી જાને શ્રેયા, પ્લીઝ...'

બીજી તરફ, લજ્જાની પરીક્ષા નજીક હતા એટલે એ પોતાનામાં વ્યસ્ત રહેતી. એક આદિત્ય હતો, જેને કારણે ઘરમાં થોડીઘણી જિંદગી ધબકતી. એ ક્યારેક લજ્જાનો મોબાઇલ ઉઠાવીને એની અને અભિષેક વચ્ચે થતી એસએમએસની આપ-લે જાહેરમાં વાંચતો. લજ્જા અંકળાઈને મારવા દોડતી. ડાઇનિંગ ટેબલની આસપાસ ગોળ ગોળ દોડતાં ભાઈ-બહેન અને એમની બૂમાબૂમ ઘડીભર આ ઘરમાં પ્રાણ પૂરી જતી.

ફરી પાછો એ જ સન્નાટો...

છેલ્લા મહિના-દોઢ મહિનાથી ઘરની આ પરિસ્થિતિમાં જાણે કોઈ ફેરફાર શક્ય જ નહોતો એવી રીતે સૌ જીવી રહ્યાં હતાં.

ક્યારેક ક્યારેક અભય મોડો આવતો, ક્યારેક રાત બહાર રોકાઈ જતો. હવે વૈભવી જાણતી હતી એ ક્યાં હતો-હોઈ શકે એટલે એ પૂછવાનું ટાળતી અને અભય કહેવાનું.

એણે જાણે પ્રિયાને એમની જિંદગીના એક ભાગ - ગમતા કે અણગમતા, પણ એક ભાગ તરીકે સ્વીકારી લીધી હતી.

ક્યારેક અભય અને વૈભવી કોઈ પાર્ટીમાં કે સોશિયલાઇઝિંગ માટે બહાર નીકળતાં, પરંતુ ઘરેથી નીકળીને ઘરે આવતાં સુધી અભય ભાગ્યે જ કશું બોલતો. વૈભવી થોડી વાર વાતો કરવાનો પ્રયત્ન કરીને ચૂપ થઈ જતી.

અમેરિકાથી અજયનો ટેલિફોન ક્યારેક રણકતો અને ઘરના દરેક રાજ્યને થોડી વાર માટે ડૂમો ભરાઈ જતો... પણ હવે એ ડૂમો વીખરાતાં વાર નહોતી લાગતી. જાણે સોએ પોતપોતાની દશા અને દિશા વિશે એક સમજ કેળવી લીધી હતી. સૌએ પોતપોતાની આસપાસ એક નાનકડું વર્તુળ રચી લીધું હતું. એકબીજાનાં વર્તુળ જ્યાં એકબીજાને સ્પર્શે એટલા વિસ્તારમાં સૌ સાથે રહેતાં અને પછી પાછાં પોતપોતાનાં વર્તુળમાં સમાઈ જતાં.

એક સમાધાનની-સ્વીકારની પરિસ્થિતિ હતી શ્રીજી વિલામાં!

જો કે એ બધા વચ્ચે સૂર્યકાંત અજબ પ્રકારની બેચેનીમાંથી પસાર થઈ રહ્યા હતા. એમનું મન જાણે વસુમાના મનમાં ચાલી રહેલા મનોમંથનના પડઘો પાડતું હતું. એ જોઈ શકતા હતા કે વસુમા કોઈ એક પ્રકારના વિચારના વંટોળમાંથી પસાર થાય છે. કોઈ એક નિર્ણય પર આવવાનો પ્રયાસ કરે છે, પણ આવી શકતાં નથી.

ક્યારેક રાતે જાગીને છત તરફ તાકતાં વસુમાને જોઈને સૂર્યકાંત પૂછી બેસતા:

'શું થાય છે, વસુ?'

વસુમા જવાબ ન આપતાં અને ખાલી આંખે સૂર્યકાંત તરફ તાકી રહેતાં. જાણે અબોલ રહીને એ સૂર્યકાંતને જવાબ આપતાં હતાં કે શું થાય છે એ સમજાતું હોત તો હું મારી જાતે એનો ઉપાય ન શોધત?

એક દિવસ સૂર્યકાંતથી ન રહેવાયું.

રાતે અચાનક એમની આંખ ખૂલી ત્યારે એમણે જોયું કે વસુમા જાગે છે. આ દૃશ્ય એમના માટે છેલ્લા ઘણા વખતથી નવું નહોતું. ઘણું ઇચ્છવા છતાં એ આ બાબતે વસુમાને કશું પૂછવાનું ટાળતા, પરંતુ આજે એમને

લાગ્યું કે આ પરિસ્થિતિ વિશે વાત કરવી જ રડી.

પોતાની ફેવરીટ આરામખુરશીમાં બેઠેલાં વસુમાને જોઈને સૂર્યકાંતે પોતાની બાજુમાં પડેલા મોબાઇલમાં સમય જોયો. પાંચ ને ત્રીસ. એ ઊભા થયા. બાથરૂમમાં જઈને કોગળો કર્યો, મોઢા પર પાણી છાંટ્યું અને વસુમા પાસે આવીને ઊભા રહ્યા. વસુમાના ઓરડાનો બગીચા તરફ ખૂલતો કોલેપ્સેબલ દરવાજો આખો ખુલ્લો હતો.

વસુમા બહાર પ્હો ફાટેલા લાલ આકાશ તરફ જોઈ રહ્યાં હતાં.

'વસુ!' સૂર્યકાંતે વસુમાના વાળમાં હાથ ફેરવ્યો.

વસુમાનો અવાજ જાણે કોઈ બીજી દુનિયામાંથી આવતો હોય એવો, પહેલાં ક્યારેય ન સાંભળ્યો હોય એવો, જુદો અને રણકતો હતો.

'કંઈ કહેવું છે?'

વસુમાએ ફરીને સૂર્યકાંતની સામે જોયું. ક્ષણેક સૂર્યકાંતની આંખોમાં આંખો નાખીને

સ્થિર નજરે જોઈ રહ્યાં:

'હા.'

'તો કહી નાખ વસુ, કારણ કે જે વાત તને વલોવે છે એ વાત સાંભળ્યા વિના મારે છૂટકો નથી અને વાત કહ્યા વિના તારી પાસે કોઈ આરો નથી.'

'તમે જાણો છો, સમજો છો બધું, કાંત.'

'હા, જુઠ્ઠું નહીં બોલું.'

સૂર્યકાંત ત્યાં જ વસુમાની બાજુમાં પલાંઠી વાળીને ફર્શ પર બેસી ગયા. એમણે પોતાના બન્ને હાથ વસુમાના ઘૂંટણ પર વાળીને ટેકવ્યા:

'જાણું છું... સમજું પણ છું કે સમય થઈ ગયો છે ને છતાં તારા મોઢે સાંભળવાની લાલસા બાકી રહી ગઈ છે કદાચ!'

'સમય ક્યારેય પૂરો નથી થતો, કાંત. એ તો વહ્યા જ કરે છે અવિરત. ગઈ ક્ષણે નદીનાં વહેણમાં જે પાણી આપણે જોઈએ છીએ એ તો આગળ નીકળી જાય છે. આપણે ત્યાં જ ઊભાં રહી જઈએ છીએ.'

'વસુ, મારો અધિકાર નથી છતાં પૂછું છું.'

સૂર્યકાંતનો અવાજ તરડાઈ ગયો. એમણે ગળું ખંખાર્યું. ખુરશીના હાથા પર મુકાયેલા વસુમાના હાથ પર એમણે ધીરે ધીરે હાથ ફેરવવા માંડ્યો. વસુમાની ત્વચાને સ્પર્શતી એમની આંગળીઓ જાણે એ પળને આખેઆખી પોતાનામાં ઉતારી દેવા માગતી હોય એમ તરસી થઈને ફરી રહી હતી:

'બહુ પીડા થાય છે? વીતેલું બધું જ ફરી ફરીને પાછું આવે છે?'

વસુમાએ પોતાના હાથ પર બેબાકળી થઈને ફરતી સૂર્યકાંતની હથેળી પર પોતાનો બીજો હાથ મૂક્યો. લાગણીમાં, વહાલમાં, સહાનુભૂતિમાં સહેજ દબાવ્યો એમનો હાથ:

‘વીતેલું તો વીતી જ જાય છે. હું ક્યારેય ભૂતકાળને સંભારતી નથી અને આવનારી ક્ષણથી ફફડતી નથી... મારે માટે તો આ જ પળ - આ જ ક્ષણ સત્ય છે.’

‘તો શું પીડે છે તને? કેમ આટલી બેચેન, આટલી વિચલિત રહે છે તું?’

સૂર્યકાંતે આખરે એ વાત પૂછી જ નાખી, જે એમને આટલા દિવસથી ખૂંચી રહી હતી:

‘મારા કારણે જો આ પીડા હોય તો હું અજય પાસે જઈને રહેવા તૈયાર છું.’

વસુમા હસી પડ્યાં.

એ જ મોતીની જેમ ગોઠવાયેલી શ્વેત દંતપંક્તિ, જાણે માપ લઈને ચીતર્યા હોય એવા ગુલાબી હોઠ, નમણું નાક, ડાઘ વગરની તગતગતી ઊજળી ત્વચા, મોટી મોટી ભાવવાહી આંખો, ધનુષ્ય જેવી ભ્રૂકુટિ અને ભ્રૂકુટિની મધ્યમાં લાલચટ્ટક ચાંલ્લો...

સૂર્યકાંત એમની સામે જોઈ રહ્યાં:

આ સ્ત્રી કહે તો છે કે સમય વહે છે, પણ જ્યાં સુધી એની ઉંમરને સંબંધ છે ત્યાં સુધી એણે સમયને થંભાવી દીધાં છે જાણે...

એમણે હાથ લંબાવીને વસુમાના ગાલ પર અછડતો સ્પર્શ કર્યો:

‘વસુ, તું કહે એમ કરીશું, પણ હવે હું તને આ વલવલાટમાંથી, આ તરફડાટમાંથી બહાર કાઢવા માનું છું.’

‘કાંત, હું જ નહીં રહું આ પરિસ્થિતિમાં લાંબો સમય.’ એમના ચહેરા પર સ્મિત અકબંધ હતું.

‘મને તો સુખ આકર્ષે જ છે. શાંતિની મનોદશા શાશ્વત રહે એ જ મારો પ્રયાસ હોય છે.’

‘તો શું થાય છે તને?’

સૂર્યકાંતનો હાથ હજીય એમના ગાલ પર હળવો હળવો ફરી રહ્યો હતો:

‘શું કરવું છે તારે?’

‘બસ, એ જ નક્કી કરવાની મનોદશામાં છું.’

‘એટલે?’

‘કાંત, મને લાગે છે કે હવે શ્રીજી વિલાની ક્ષિતિજો ઓળંગીને મારે આકાશ તરફ જવું છે.’

‘વસુ!’

સૂર્યકાંત સહેજ હસ્યા:

'મૃત્યુ આપણા હાથમાં ક્યાં છે? એ તો જ્યારે ઉપરવાળો બોલાવે ત્યારે છે...'

'મૃત્યુ મેં ક્યાં મૃત્યુની વાત કરી?'

સૂર્યકાંત નવાઈથી વસુમા તરફ જોઈ રહ્યા. સદાય અકળ રહેલી આ સ્ત્રી આજે પણ એટલી જ અકળ હતી એમને માટે.

'હું હવે અહીંથી બહાર જવા માંગુ છું.'

'બહાર? બહાર ક્યાં? આ ઘર છે તારું. અહીં તારું કુટુંબ વસે છે. તારાં સંતાનો...' પછી સહેજ અચકાઈને ઉમેર્યું:

'તારો પતિ...'

'એની મે ક્યાં ના પાડી?'

વસુમાના ચહેરા પર એક ગૂઢ સ્થિત અને ન સમજાય એવા ભાવ હતા:

'કાંત, હું ઘણા દિવસથી વિચારું છું કે માછી ગામ ચાલી જાઉં.'

'ત્યાં કોણ છે?'

'કોઈ નથી.' વસુમાના ચહેરા પર પેલું સ્થિત એમ જ હતું:

'એટલે જ જવું છે એમ પણ બનેને?'

'આ શું ઘેલછા છે' વસુ? ભર્યુંભાદર્યું ઘર અને સુખનો આ સંસાર મૂકીને...'

'મૂકીને ક્યાં જાઉં છું?'

વસુમાએ પોતાના ગાલ પર મુકાયેલા સૂર્યકાંતના હાથને હળવેથી પોતાના હાથમાં લીધો:

'જવા માગું તોય જઈ શકું.'

એમણે સૂર્યકાંતને જાણે સધિયારો આપતાં હોય એમ એમના વાળમાં આંગળીઓ ફેરવી:

'આ વાત આપણા બેથી વધારે કોણ સમજી શકે એમ છે?'

'છતાં તું મને ક્યારેય સમજાઈ નહીં.'

સૂર્યકાંતે જાણે રુદન રોકતા હોય એમ ઊંડો શ્વાસ લીધો. ઘડીભર આંખો મીંચી. એમની ડાબી આંખના ખૂણે તોળાઈ રહેલું એક આંસુ સરકીને ગાલ પર આવી ગયું. સૂર્યકાંતની આંખના ખૂણા હવે પલળી ગયા.

વસુમાએ ક્ષણેક શ્વાસ લીધો અને ફરી લાલચોળ થઈ ગયેલા આકાશ તરફ એ તાકી રહ્યાં. સૂરજ ઊગવાની તૈયારી હતી. ઠંડો પવન વાઈ રહ્યો હતો. બહાર ઊભેલા બધા જ છોડવા એ પવનમાં ફરફરતા હતા. બહારની લોન પર પસાર થતો પવન જાણે ઘાસ પર મોજાં રચતો હતો.

'બહુ ચાહી તને... બહુ ધિક્કારી પણ ખરી તારી સાથે અહમની પાળ બાંધીને તારી લાગણીઓનાં મોજાં ફીણ ફીણ કરી નાખ્યાં મેં. સાચા-ખોટાના ત્રાજવામાં વહાલ અને વિશ્વાસને તોળતો રહ્યો. જવાબદારીથી ભાગીને મારી જિંદગી જીવવા મથતો રહ્યો હું... મેં જ્યારે જ્યારે તારા વિશે વિચાર્યું ત્યારે તારું તેજ આંજી ગયું મને. તારી બુદ્ધિથી પરાસ્ત થવાની લાગણી મારા પુરુષત્વને સતત પીડતી રહી. હું મારી જાતને વધુ ને વધુ નાની અનુભવતો રહ્યો. તારા સિદ્ધાંતોની સામે મેં હંમેશાં મારી હાર-જીતને મૂકીને મારા મનને સાચું ઠેરવવાનો વ્યર્થ પ્રયાસ કયો જ છે છતાંય તને ન સમજી શક્યો!'

'માણસને સમજવો શું કામ પડે, કાંત?' વસુમાનાં આંગળાં હજીય એમના વાળમાં ફરતાં હતાં:

બસ, એમ જ, બિનશરતી પ્રેમ ન થઈ શકે?'

'તારી આ ભાષા મને નથી સમજાતી. મને તો એક જ વાત સમજાય છે કે જ્યારે હું પાછો ફર્યો છું, જ્યારે આપણાં સંતાનો સરસ રીતે ગોઠવાઈ ગયાં છે અને જ્યારે બધું જ સ્થિર થઈ ગયું છે ત્યારે જવાની સિદ્ધ કેમ?'

'કાંત, મારું નામ મારા બાપુએ વિચારીને પાડ્યું હશે. જગત આખું સ્થિર થઈ જાય, પણ વસુંધરાએ ફરતાં જ રહેવું પડે.'

એ ઘડીભર ચૂપ રહ્યાં. પછી મીંચેલી આંખે બોલતાં રહ્યાં:

'જો વસુંધરા સ્થિર થઈ જાય તો બાકીના જગતની સ્થિરતા ભયમાં આવી જાય, કાંત!'

'શબ્દો!' સૂર્યકાંતનો અવાજ જાણે ધ્રૂજી ગયો:

'અખૂટ શબ્દો છે તારી પાસે, કુશાગ્ર બુદ્ધિ. સારા-ખોટાની, ન્યાય-અન્યાયની સ્પષ્ટ સમજ... આ બધું તને ક્યાંય સ્થિર થવા જ નહીં દે, વસુ!'

જાણે અફર સત્ય ઉચ્ચારતા હોય એમ એમણે કહ્યું:

'તું તારા સમયથી પહેલાં જન્મી છે - તારા સમયથી સૂકું જીવી છે એટલે હવે આ સમયના વર્તુળમાં તને બાંધવી શક્ય નથી એ સમજું છું હું.' પછી એમણે વસુમાના ખોળામાં માથું નાખી દીધું:

'છતાં મોહ થઈ જાય છે વસુ, તારા જેવી સ્ત્રી સાથે જીવવાનો.'

'કાંત, સાથે જીવી શક્યાં હોત તો સારું જ થાત.'

વસુમા હજીય બંધ આંખે જ બોલી રહ્યાં હતાં:

'પણ હવે મોહ કે માયા કે કોઈ બંધન કે કશુંય પુરવાર કરવાની જિદ પણ મને રોકી શકતાં નથી. દુર્ભાગ્યે!'

એમણે આંખો ઉઘાડી અને સૂર્યકાંત સામે જોયું:

'મેં બહુ પ્રયાસ કર્યો મારી જાતને આવાં નાનાં નાનાં રમકડાં આપીને રમાડી જોવાનો.'

એ ફરી આકાશ તરફ જોવા લાગ્યાં:

'પણ ના કાંત, મારે હવે જવું છે...'

એ પછી ખાસ્સી વાર બેમાંથી કોઈ કશુંય ન બોલ્યું. વસુમાની આંગળીઓ એમ જ સૂર્યકાંતના વાળમાં ફરતી રહી અને સૂર્યકાંત એમ જ વસુમાના ખોળામાં માથું નાખીને નિ:શબ્દ એ આંગળીઓનો સ્પર્શ અનુભવતા રહ્યા.

*

ડાઇનિંગ ટેબલ પર બેઠેલા દરેક ચહેરા પર જાણે એક ઓથાર ઊતરી આવ્યો હતો.

જે પળે વસુમાએ ઘર છોડીને જવાનો નિર્ણય જાહેર કર્યો એ પળથી આ પળ સુધી કંઈકેટલીય વજનદાર ક્ષણો પસાર થઈ ગઈ હતી. હવા જાણે વહેતી અટકી ગઈ હોય એમ શ્રીજી વિલાના ડાઇનિંગ ટેબલ પર એક મૌન થીજી ગયું હતું.

અજય અને જાનકી સાથે અમેરિકા ફોન પર વાત થઈ ત્યારે વસુમાને અજયને પોતાની વાત સમજાવતાં ઘણી જહેમત પડી, પણ જાનકી તરત જ સમજી. એણે ભીના અવાજે બસ એટલું કહ્યું:

'મા, તમે ગમે ત્યાં હો, મારી સાથે જ છો. સતત!'

...પણ અહીં તો સૌ વિચલિત થઈ ગયાં હતાં.

કોઈને સમજાતું નહોતું કે વસુમાના આ નિર્ણય પછી શું કહેવું જોઈએ અથવા શું કહી શકાય? સૌ જાણતાં હતાં કે વસુમા એક વાર નિર્ણય કરે પછી એમાં ફેરફારને અવકાશ ભાગ્યે જ રહેતો.

'મા... આખરે ક્યારના ચમચીથી પ્લેટમાં આકાર ચીતરી રહેલા અભયે ઊંચું જોયું:

'શું કામ જાય છે? ન જા...'

એનો અવાજ ભરાઈ આવ્યો. આંખોમાંથી આંસુ પ્લેટમાં ટપકી ગયાં.

અંજલિ અને રાજેશને પણ આ નિર્ણય કહેવા માટે વસુમાએ બોલાવ્યાં હતાં. અલય , શ્રેયા, અંજલિ, રાજેશ, નીરવ, લક્ષ્મી, અભય, વૈભવી, આદિત્ય, લજ્જા અને સૂર્યકાંત જાણે ચીતર્યાં હોય એમ સ્થિર થઈ ગયાં હતાં.

'તારું ઘર છોડીને બીજે જઈશ?' અંજલિએ સહેજ ઊંચા અવાજે કહ્યું:

'મા, તેં જ મને શિખવાડ્યું હતું કે પોતાની જવાબદારી પૂરી કર્યા વિના બીજું કંઈ પણ કરનારી સ્ત્રી ખોટું જ કરે છે.'

'મારી જવાબદારીઓ પૂરી થઈ ગઈ છે, અંજલિ.' વસુમાએ બહુ જ સ્થિર અને સંયત અવાજે કહ્યું.

'મને લાગે છે, માની વાત સાવ સાચી છે. આખી જિંદગી તમારાં બધાંની સગવડો એમણે સાચવી છે.' રાજેશે ખૂબ સ્વસ્થતાથી કહ્યું.

'ઉપકાર નથી કર્યો.' વસુમાએ હળવેથી કહ્યું:

'મારી ફરજ હતી ને કર્યું છે.'

'તને થાક લાગે છે, મા?' અભયે વહેતાં આંસુ સાથે પૂછ્યું:

'મા, તું જે ઇચ્છે એ, જેમ ઇચ્છે એમ અહીં ગોઠવી આપું તો?'

એનો અવાજ રડતાં રડતાં રૂંધાઈ ગયો:

'શ્રીજી વિલા છોડીને ન જા, મા. પ્લીઝ...'

'આટલું બધું રડવાની કે મને આજીજી કરવાની કોઈ જરૂર જ નથી. હું રિસાઈને, ચિડાઈને, દુ:ખી થઈને કે થાકીને નથી જતી.' વસુમાના ચહેરા પર સ્મિત આવ્યું:

સંતોષથી, સુખથી, સંપૂર્ણ વૃત્તિથી જાઉં છું.'

'પણ મા, શું જરૂર છે?' વૈભવીએ પણ દલીલ કરવાનો પ્રયાસ કરી જોયો:

'હવે અહીંયા કોઈ પ્રોબ્લેમ નથી. બધું ગોઠવાયેલું છે. સૌ સુખી છે, સૅટલ છે.'

'એટલે જ જવું છે. ક્યાંય કશું અધૂરું હોત તો હું ન જ જાત.'

'હું અધૂરો છું, ને વધારે અધૂરો થઈ જઈશ!'

ક્યારના શાંતિથી આ આખીય પરિસ્થિતિને બને એટલા સમાધાનથી જોવાનો પ્રયાસ કરી રહેલા સૂર્યકાંતથી બોલાઈ ગયું.

'કાંત, કોઈ અધૂરું નથી. સૌ પોતપોતાનામાં પૂરા છે. હું બીજાની નહીં, મારી ખુદની અધૂરપને પૂરી કરવા જાઉં છું એમ કહું તો?'

લક્ષ્મી અને નીરવ આ આખીય પરિસ્થિતિમાં કશું સમજી શકે એમ નહોતાં એમ

છતાંય એમના ચહેરા પર એક વિષાદ તો ગોઠવાઈ જ ગયો હતો.

'પણ, મા...'

અભય કશું કહેવા જતો હતો અને અલયે એને વચ્ચે જ રોકી દીધો.

'મા જવા માગે છે અને એ જશે.' અલયે વસુમાની સામે જોયું:

'અમે કોઈ મૂકવા આવીએ કે તું જાતે જ જઈશ?'

'જઈશ તો હું જાતે જ-એકલી જ.'

એમની આંખો મીંચાઈ ગઈ. ક્ષણેક બધાં જ એમના ચહેરા પર પથરાયેલી શાંતિ અને વૃત્તિની આભાને જોઈને મુગ્ધ થઈ ગયાં. પછી એમણે આંખો ઉઘાડી. સૌની સામે સ્થિર અને શાંત દૃષ્ટિથી એક વાર જોયું:

'હું કશુંય છોડીને નથી જતી, કશુંય તોડીને નથી જતી... માત્ર જાઉં છું! તમે જ્યારે ઇચ્છો ત્યારે મને મળવા

આવી શકો છો.' પછી એમણે સ્મિત કર્યું:

'સાચું પૂછો તો તમે આવશો એ મને ગમશે.'

'મા...' શ્રેયાએ બહુ જ ધીમેથી, પણ ભીના અવાજે કહ્યું:

'ક્યારે જવાનાં છો?'

'આવતી કાલે સવારે.'

વસુમા આટલું કહીને ઊભાં થયાં. પછી સૌની સામે ફરી એક વાર જોઈને ધીમા પગલે પોતાના ઓરડા તરફ ચાલી ગયાં.

એમના ગયા પછી બધાં જ ત્યાં સ્તબ્ધ બેસી રહ્યાં.

એકમાત્ર વૈભવીના ચહેરા પર અજબ જેવા ભાવ આવ્યા.

એ રડતી નહોતી, પરંતુ જાણે કશું ખોઈ બેઠી હોય, કશું ખૂબ કીમતી એની પાસેથી ચાલી ગયું હોય એવા ખાલીપાના ભાવ હતા એના ચહેરા પર.

મને જીવનભર આ સ્ત્રીની ઇર્ષ્યા આવતી રહી...

એણે દાંત નીચે નીચલો હોઠ દબાવ્યો. બન્ને હાથ ટેબલ પર એવી રીતે પકડ્યા જાણે એની ખુરસી ધરતીકંપથી ધણધણી રહી હોય.

'અત્યારે આ ક્ષણે મને વસુંધરા મહેતાની સૌથી વધારે ઈર્ષ્યા આવે છે.'

આટલું બોલતાં બોલતાં વૈભવીની આંખો ભરાઈ આવી.

એ ઊભી થઈ અને સડસડાટ ઉપરની તરફ દોડીને જતી રહી.

*

નાનકડા ગામના એ મંદિરના પ્રાંગણમાં હવે એક વિશાળ પાકું મકાન ઊભું હતું.

મકાનની પાછળથી ઊગતો સૂરજ એનાં કૂણાં-કેસરી કિરણો વીખરાવતો હળવે હળવે પોતાનો દિવસ આરંભી રહ્યો હતો.

દેવશંકર મહેતા કન્યા શાળાના અર્ધગોળ બોર્ડની નીચેથી એક સુંદર છારું પાથરેલા રસ્તો પસાર થતો હતો. એ રસ્તો એક વિશાળ ચોકમાં જઈને અટકતો હતો. લાલ ઈંટો અને ગ્રે રંગના કોટા સ્ટોનથી બાંધેલો એ ચોક અત્યારે રંગબેરંગી કપડાં પહેરેલી પાંચથી વીસ વર્ષની પાંચસોથી વધારે છોકરીઓથી ખીચોખીચ ભરેલો હતો.

પલાંઠી વાળીને બેઠેલી એ દરેક છોકરી ટટ્ટાર અને તેજથી સભર દેખાતી હતી.

એક સુરીલો અવાજ આખાય વાતાવરણને ભરી દેતો ચોતરફ ગુંજી ઊઠ્યો:

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે...

એ અવાજનો પડઘો પાડતા હોય એમ પાંચસો કૂણા અવાજ એ જ સૂરમાં એકસાથે ગુંજ્યા:

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે...

*

શ્રીજી વિલાની સવાર આમ તો હજીય રોજની જેમ જ પડતી હતી.

સૂર્યકાંતની આંખો ઊઘડતી ને બાજુની ખાલી પથારી તથા ડાઇનિંગ ટેબલ પાસેની ખાલી ખુરસી એમને વીંધી જતી.

આમ છતાં બગીચામાં વસુમાનો અવાજ જાણે ગુંજતો હોય એવો એમને આભાસ થતો:

દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે...

(સમાપ્ત)

કાજલ ઓઝા વૈદ્યનાં પુસ્તકો

નવલકથા

કૃષ્ણાયન

કૃષ્ણના જીવનની ત્રણ સ્ત્રીઓ. રાધા, રુક્મિણી અને દ્રૌપદી — પ્રેયસી, પત્ની અને મિત્ર... માણસ થઈને જીવી ગયેલા ઈશ્વર સાથે પોતાના મનની વાત કરે છે. અંગ્રેજી, મરાઠી, હિન્દી ભાષામાં અનુવાદિત અને ગુજરાતીમાં પાંચ વર્ષમાં અગિયાર આવૃત્તિ જીવી ચૂકેલી ધબકતી નવલકથા.

દ્રૌપદી

સ્ત્રીઓને પુરાણોનાં પાનાંઓમાંથી જગાડીને સદીઓથી એમની આંખો પર છવાઈ ગયેલાં ઊંઘનાં આવરણ હટાવીને મારે કશુંક એવું કહેવું છે, જેમાં એ સ્ત્રીઓ તો છે જ — સાથે સાથે થોડીક હું છું, થોડાક તમે છો અને થોડીક આપણી સહભાગે વહેંચાતી સમસંવેદનાઓ છે.

આ દ્રૌપદી 'આજની' છે — હજી જીવે છે ક્યાંક, તમારા અને મારામાં પણ...!

મધ્યબિંદુ

જે સ્ત્રીને પતિ અને પ્રેમીની વચ્ચે બે જિંદગી જીવતાં આવડે છે એવી સ્ત્રીના પ્રણયની સંવેદનશીલ અને છતાં હૃદયમાંથી નીકળતી સાચી વાત. 'દિવ્ય ભાસ્કર'ના વાચકોને સ્પર્શી ગયેલી પહેલી બોલ્ડ ગુજરાતી નવલકથા.

મૌનરાગ

અંજલિ પોતે જ પોતાની કેદી છે! અંજલિ અને એની આ પીડા... સાથે સાથે વહેતા અનિરુદ્ધ અને અક્ષયની બંધ હોઠોમાં કહેવાતી લગ્નજીવનથી લંબાઈને ભૂતકાળના પ્રેમસંબંધ સુધી ફેલાતી વ્યથા-કથા.

છલ (ભાગ 1-2)

નિયતિ અને રેવતી... એક જેવી દેખાતી બે ટ્વીન બહેનોની તદ્દન જુદી જિંદગીની રસપ્રદ વાર્તા.

પારિજાતનું પરોઢ

ધર્મની ગાદી પર બેઠેલા એક એવા માણસની કથા જે ધર્મની વ્યાખ્યા ધરમૂળથી બદલવા માગે છે. 'ધર્મ પ્રેમ છે કે પ્રેમ જ ધર્મ?' એ સવાલ સૌને પૂછતી એક વિધર્મી પ્રેમીઓની સ્વધર્મ કથા.

એક સાંજના સરનામે

આથમતી સંધ્યાએ પાંગરતા પ્રણયની એક એવી વાત, જેમાં પ્રેમની વ્યાખ્યા નવેસરથી લખવાનો પ્રયાસ છે. અનેક જુદાં સ્થળ અને સંવેદનોમાં જીવતી સ્ત્રીઓના મનોભાવોના તાણાવાણા ગૂંથીને બનાવેલું એક ભાતીગળ પોત એટલે નવા સમયની નવલકથા.

તારા વિનાના શહેરમાં

જાતથી ભાગતી રાધિકાના પ્રવાસની એવી વાત જેમાં પડાવ તો અનેક આવે છે, પરંતુ મંઝિલ ક્યાંય મળતી નથી. પ્રેમ પામવાનો પ્રયત્ન ખરેખર આટલી બધી પીડા આપતો હશે? 'મુંબઈ સમાચાર'ના વાચકોએ વખાણેલી નવલકથા.

પોતપોતાની પાનખર (ભાગ 1-2)
અનાહિતા અને શિવાંગી વચ્ચે જીવતા કરણને પોતાનું અસ્તિત્વ શોધવું છે. અસ્તિત્વની આ શોધમાં નીકળી પડેલા ત્રણેય જણાના રસ્તામાં સવાલોની સાથે સાથે સંબંધો અને સત્યો એવી રીતે સેળભેળ થઈ જાય છે કે ત્રણેય એકબીજામાં ગૂંથાઈને એકસાથે જીવવા મજબૂર થઈ જાય છે. સમય સાથે વહેતી સંબંધોની સંવેદનશીલ નવલકથા.

લીલું સગપણ લોહીનું
શૈલરાજ અને સિકંદર... લોહી એક ને સગપણ કાંઈ નહીં! વેરમાંથી વહાલ સુધીના વિસ્તૃત પ્રવાસની વેદના એક પછી એક એવા વળાંક લે છે જેમાં માણસના માણસ સાથેના સંબંધની એક સુંદર વાર્તા સર્જાય છે. 'સંદેશ'ના પાના ઉપર વાચકોની સાથે વહેતી રહેલી નવલકથા.

સત્ય-અસત્ય (પ્રકાશ્ય)
બિનજરૂરી રીતે ફક્ત શોખ માટે કે વાતને ટાળી જવા માટે જૂઠું બોલતો સત્યજીત... પ્રિયંકા અને આદિત્યની આ પ્રણયકથા સાવ જુદી રીતે આકાર પામે છે. કૃષ્ણએ મહાભારતમાં કહ્યું હતું, 'મિથ્યા અને અસત્ય વચ્ચે તફાવત છે.' સત્યજીતના સત્ય અને અસત્યને એકબીજા સાથે તાણાવાણામાં ગૂંથીને સર્જાતી એક આગવી સંવેદનશીલ નવલકથા.

સન્નાટાનું સરનામું
અહીં બધાં જ પાત્રો પોતે જ પોતાની દયા ખાય છે... પોતાના દુર્ભાગ્ય પર અફસોસ કરે છે, પોતાના અભાવ સાથે એકાકાર થઈને જીવે છે.

ખાલીપો એમનું ભાગ્ય છે, વિફળતા એમની નિયતિ! અહમ્ અને સ્વમાન વચ્ચેની ભેદરેખા ઓળંગીને બહાર નીકળી જતી સ્ત્રીનાં સંવેદનોની એક એકલવાયી કથા.

ચહેરા પાછળ ચહેરો
એક સુપરસ્ટારની જિંદગી પર પીએચ.ડી. કરવા નીકળેલો યુવાન સપડાય છે એક થ્રિલરમાં. અંડરવર્લ્ડ ડૉન અને ફિલ્મ સ્ટાર દીકરીની વચ્ચેના વમળમાં અટવાતા એક ગુજરાતી યુવાનની જિંદગીમાં આવતા ઉતાર-ચડાવની કથા.

શુક્ર-મંગળ
પાને-પાને જકડી રાખતી, સંબંધોનાં સમીકરણોને ઉથલાવી-પલટાવી અને વેરવિખેર કરી નાખતી અંડર વર્લ્ડ સાથે જોડાયેલા વેર અને પ્રણયની એક જબરજસ્ત થ્રીલર.

પૂર્ણ-અપૂર્ણ (ભાગ 1-2)
જેમ માણસથી ભૂલ થાય એમ ક્યારેક સર્જનહાર પણ ગૂંચવાઈ જતો હશે. પુરુષની પૂરેપૂરી માનસિકતા ધરાવતું સ્ત્રીનું શરીર કે સ્ત્રીની સંપૂર્ણ માનસિકતા અને નજાકત ધરાવતું પુરુષનું શરીર બહુ નવાઈની વાત નાથી. આપણા સમાજનો, આપણી દુનિયાનો અને આપણે જ્યાં શ્વાસ લઈએ છીએ એ જ જગતનો હિસ્સો છે, આવા લોકો. 'ગુજરાતીમાં કશું નવું લખાતું નથી, રીસર્ચ થતું નથી.'નાં મહેણાંને ટાળીને લખાયેલી એક ટ્રાન્સસેક્સ્ક્સ્યુઅલ વિષયની નવલકથા.

દરિયો એક તરસનો

માનસશાસ્ત્રના પ્રશ્નો પર નવલકથાઓ ગુજરાતી ભાષામાં ઓછી લખાઈ છે. 'પર્સનાલીટી ડિસઓર્ડર' ઓછાવત્તા અંશે બધામાં હોય છે. 'દરિયો એક તરસનો' વિક્ષિપ્ત-વિખંડિત-વિખરાયેલાં વ્યક્તિત્વોની એક એવી જીગ્સો છે જેના કેટલાક ટુકડાઓ ખોવાઈ ગયા છે. આપણી ઇચ્છા અને સંબંધના સત્ય વચ્ચેની ખાલી જગ્યા એટલે 'દરિયો એક તરસનો'.

ધુમ્મસને પેલે પાર

અમેરિકાની ભૂગોળ ખૂંદવાની સાથે સાથે માણસના મનની ગલીઓમાં ભટકતાં ભટકતાં સર્જાયેલી આ નવલકથા મારા હૃદયની ખૂબ નજીક છે. છેલ્લા દસ-બાર મહિનામાં તમામ જાહેર કાર્યક્રમોમાં મને એક પ્રશ્ન અચૂક પુછાતો રહ્યો, 'આ કલ્યાણી એટલે તમે જ?' 'આ કલ્યાણીના પાત્રમાં તમે ક્યાંક તમારી જાતને જુઓ છો?' અનેક વાચકો પત્રો-ઈમેલ્સ અને એસએમએસ અને ફેસબુક દ્વારા મારામાં—કાજલ ઓઝા વૈદ્યમાં કલ્યાણીને—તો કલ્યાણીમાં લેખક કાજલને શોધતા રહ્યા...

નવલિકા

સંબંધ તો આકાશ

સ્ત્રી-પુરુષના સંબંધોને આવરી લેતી બાર ટૂંકી વાર્તાઓ, જેમાં મા-દીકરાથી શરૂ કરીને લગ્નેતર સંબંધ સુધીના આકાશને કલમથી આંબવાનો એક સંનિષ્ઠ પ્રયાસ પ્રત્યેક વાર્તામાં વિસ્તરે છે.

કાજલ ઓઝા વૈદ્યની વાર્તાઓ

આ ટૂંકી વાર્તાઓનો બીજો સંગ્રહ છે. ત્રણ લઘુનવલ અને બીજી ટૂંકી વાર્તાઓ સાથે આ સંગ્રહમાં જુદા પ્રકારની, જુદા અવાજની ટૂંકી વાર્તાઓ સંકલિત કરવામાં આવી છે.

હાર્ટબ્રેક પછીની એક સવાર

જુદાં જુદાં સામયિકોમાં લખાયેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ.

કવિતા

શેષયાત્રા

એકમાત્ર કવિતાસંગ્રહ, જે મનની પીડામાંથી ઉદ્ભવતી સ્ત્રી-સંવેદનાની કવિતાઓને ઉજાગર કરે છે.

નાટક

પરફેક્ટ હસબન્ડ

'વાત એક રાતની' અને 'પરફેક્ટ હસબન્ડ' – ગુજરાતી ભાષાનાં બે એવાં નાટકો, જે રંગમંચ પર ધૂમ મચાવી ચૂક્યાં છે.

નિબંધો – લેખો

સર્ચલાઇટ

આ લેખો અણસમજમાંથી પ્રગટેલી એક એવી સમજ છે, જે કદાચ કોઈના અંધરાઈ રહેલા રસ્તાઓ ઉપર પ્રકાશ પાથરીને એમને દિશા બતાવી શકે. આ લેખો 'ફૂડ ફોર થોટ' છે, વિચાર માટેનું અમૂલ્ય ભાથું...

એકબીજાને ગમતાં રહીએ

'સંદેશ'નાં પાનાં ઉપર 'સંબંધોનાં સમીકરણ' નામે ઉકેલાતી રહેલી સમસ્યાઓનો એક એવો સંગ્રહ, જે સુખી થવાની નાની નાની ફોર્મ્યુલાઝ તમારા સુધી લઈને આવે છે. ગુજરાતી ભાષામાં પ્રેમ અને પરિણયની છણાવટ કરતો પહેલો મૌલિક લેખસંગ્રહ.

મોસમ એકબીજાની...

જિંદગીના દરેક તબક્કે આપણે જે ઇચ્છીએ તે આપણને નથી મળતું એ સત્ય સહુ સમજે છે. વાતચીતમાં કે સલાહ દરમિયાન આ સત્યનું આપણે પુન:ઉચ્ચારણ પણ કર્યા કરીએ છીએ, તેમ છતાં આ સત્ય સ્વીકારતા નથી! માણસમાત્રને શોધ છે 'સાચા પ્રેમની'... 'સાચા સંબંધની'... શબ્દમાં વ્યક્ત થતી દરેક લાગણી સાચી નથી હોતી અને દરેક સાચી લાગણી શબ્દમાં વ્યક્ત થઈ શકતી નથી આટલું સમજી લઈએ...સ્વીકારી લઈએ તો કદાચ 'એકબીજાને ગમતાં રહીએ'. આ પુસ્તક 'દિવ્ય ભાસ્કર'ની 'મધુરિમા' પૂર્તિમાં પ્રકાશિત થતી કોલમ 'એકબીજાને ગમતાં રહીએ'ના લેખોનો સંગ્રહ છે.

સ્નેહ એકબીજાનો...

આ લેખો સાથે જીવવામાં મદદ કરે છે! કોઈ પણ બે માણસોને સાથે જીવવા માટે જે સમજદારી, સ્નેહ કે સરળતાની જરૂર પડે એ બાબતોને પોતાની અંદર રોપવામાં કે ઉગાડવામાં આ લેખો મદદ કરી શકે એવો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંબંધો બાંધવા સહેલા છે, નિભાવવા અઘરા છે અને ટકાવવા તો એથીયે અઘરા છે. આ લેખો એવો પ્રયાસ કરે છે કે બને ત્યાં સુધી એકબીજાને પ્રેમ કરતી બે વ્યક્તિઓ એકબીજાથી દૂર ન થાય અને જો દૂર થવાનો નિર્ણય કરે તો પણ એમની વચ્ચે એક મિત્રતા કાયમ રહી શકે.

સમજણ એકબીજાની...

જિંદગીના દાખલામાં રીતના માર્ક બધાને મળે જ છે, પણ તાળો મળે ત્યારે જ દાખલો સાચો કહેવાય છે... કેટલાકની જિંદગીમાં તાળો મેળવવાનો સમય વીતી જતો હોય છે, તો કેટલાકને પોતાની ભૂલ એવા સમયે સમજાય છે જ્યાં દાખલો ફરીથી ગણવાની તક હજી બાકી હોય છે... 'એકબીજાને ગમતાં રહીએ' એ એક એવી કોલમ છે જ્યાં દાખલાની રીત વિશે ચર્ચા કરવાને બદલે સાચો તાળો મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવાનું મેં નક્કી કર્યું છે!

સાથ એકબીજાનો...

ક્યાં ખાડો છે, ક્યાં ટ્રેપ છે, ક્યાં ફસાઈ શકાય અને ક્યાંથી સરળતાથી નીકળી શકાય... ક્યાં રસ્તો બંધ છે અને કયા રસ્તે જિંદગી સહેલાઈથી સામે મળી શકશે એવી સાદી વાતો 'વામા' (જન્મભૂમિ, ફૂલછાબ, કચ્છમિત્ર)ના આ લેખોમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. આ કોઈ એક સ્ત્રી કે પુરુષને ઉદ્દેશીને લખાયેલા લેખો નથી, આ બે વ્યક્તિઓના સંબંધોમાં પડતી ગૂંચને ઉકેલવાના સહજ અને સાદા પ્રયાસોની એક નોંધપોથી છે.

સુખ એકબીજાનું...

'વામા', 'પ્રાણવાયુ' અને 'મધુરિમા'ની સાથે સાથે લખાતા રહેલા લેખોમાંથી પસંદ કરેલા કેટલાક લેખોનો સંગ્રહ. ખરું પૂછો તો સુખ એક દોઢ ફૂટ દૂર જ સમાંતર ચાલતું હોય છે, તમારી રાહ જોતું, તમે એને હાથ લંબાવીને અડી લો — અવાર-નવાર એ માટે સતત તૈયાર ટુકડે ટુકડે ને ટીપે ટીપે માણી લેવાનું સુખને, આખેઆખું સુખ પાણીપુરીની જેમ કોઈ તૈયાર કરીને આપે ને તમે મોઢામાં મૂકીને એનો સ્વાદ લો એવું શક્ય જ નથી. આપણા બધાનો પ્રોબ્લેમ એ છે કે, આપણને સુખ સતત જોઈએ છે, એક સરખું — અવિરત અટક્યા

વગરનું, મશીનની જેમ ચાલવું જોઈએ સુખ! સુખ એટલે આ પળ....સુખ એટલે હમણાં મળ્યું તે!

સત્ય એકબીજાનું...

સત્યને અનેક પરિમાણ છે. દસ દિશામાં ફેલાયેલા આકાશ જેવું અસ્તિત્વ છે એનું. પોતાપણામાંથી શરૂ થઈને પોતાના જ હોવામાં પૂરું એવું એક અસીમ, અનાદિ, અનંત અસ્તિત્વ... સત્યની શોધ જ્યાંથી શરૂ થાય છે ત્યાં જ પૂરી થાય છે! માણસની જિંદગીનાં બે સત્યો ક્યારેય બદલાતાં નથી — એક જન્મ અને એક મૃત્યુ. ખરેખર તો આ બંને બિંદુઓની વચ્ચેનો પ્રવાસ એટલે 'જિંદગી'.

શ્રદ્ધા એકબીજાની...

આપણે જેટલી વાર કહીએ કે હું ખુશ છું, મજામાં છું, સ્વસ્થ છું — એ દરેક વખતે આપણે એ સાંભળતા હોઈએ છીએ. સાંભળેલી વાત મનમાં રજિસ્ટર થાય છે. એ રજિસ્ટ્રેશન સમયસમયાંતરે રિકોલ અને રિમાઇન્ડ થાય છે. આ રિમાઇન્ડર્સ કે રિકોલ થવાની પ્રક્રિયા આપણને ખરાબ સમયમાં 'પોઝિટિવિટી' તરીકે મદદ કરે છે.

મરજી એકબીજાની...

ઘણી વાર એવું બને કે આપણી નજર સામે પડેલી વસ્તુ પણ આપણને ન દેખાતી હોય. આપણે બધું જ ઊથલપાથલ કરી નાખીએ તેમ છતાં આપણને એ વસ્તુ ન દેખાય, પણ બીજો માણસ આવીને તરત જ આપણને એ વસ્તુ શોધી આપે. હું કદાચ આવો જ પ્રયત્ન કરું છું. બધું જ ઊથલપાથલ કરી નાખ્યા પછી પણ મારા વાચકને સામે જ પડેલું જે સુખ અથવા શાંતિ અથવા મૌન અથવા એકાંત અથવા સમજ નથી દેખાતી, એ હું દાખલ થઈને એમના હાથમાં મૂકી આપવાનો પ્રયત્ન કરું છું.

સંગાથ એકબીજાનો...

બે જણાંને એક જ દિશામાં જવું હોય અને સાથે સાથે ચાલી નીકળે એને 'સંગાથ' કહેવાય. આ સંગાથ એટલે સધિયારો, આ સંગાથ એટલે સલામતી, આ સંગાથ એટલે સાથે સાથે રસ્તો કાપવાની સાઝેદારી. આ પુસ્તકનું નામ 'સંગાથ' એટલા માટે છે, કારણ કે આ 'એકબીજાને'... મણકાનું દસમું પુસ્તક છે. કહેવાય છે કે દરેકનો 'દસકો' આવે છે. એ દસકામાં માણસ શ્રેષ્ઠ આપે છે ને શ્રેષ્ઠ પામે છે.

સંવાદ એકબીજાનો...

આજના સમયમાં કમ્યુનિકેશનનાં સાધનો બહુ વધ્યાં છે. બધાં કહે છે કે દુનિયા નાની થઈ ગઈ છે. ગ્લોબલી લોકો એકબીજાની નજીક આવ્યા છે, પણ એક વાર ફરી વિચારીએ તો સમજાય કે ખરેખર મન એકબીજાથી દૂર થઈ ગયાં છે. જેને ગઈ કાલ સુધી શેરીના નાકે રોજ મળતા હતા એને વૉટ્સઍપ કરીને બર્થડે વિશ કરીએ છીએ આપણે? પતિ-પત્ની એક જ ઓરડામાં બેસીને પોતપોતાના મોબાઇલ પર, પોતપોતાના મિત્રો કે સ્વજન સાથે વાત કરે છે, ને એકબીજા સાથે વાત નથી કરતા. આવું થાય છે? સંતાન અને માતાપિતા પોતપોતાના રૂમમાં પોતપોતાનાં ટીવી જુએ છે... ડાઇનિંગ ટેબલ પર સંતાન એના વૉટ્સઍપમાં અને પિતા એના બિઝનેસમાં બિઝી છે? તો સંવાદ ક્યાં છે? આ પુસ્તક 'સંવાદ એકબીજાનો' મારા વાચકના હાથમાં પહોંચે ત્યારે ભીતરના સંવાદની સાથે, સ્વજન સાથેનો સંવાદ પણ સાધી શકે એવી મારી શુભેચ્છા છે.

શબ્દ એકબીજાનો...

આપણે સામાન્ય રીતે સાંભળવા ટેવાયેલા નથી. માત્ર કહેવું જ ગમે છે... હવે જો બંને જણા કહેવાનું જ નક્કી કરે તો કોણ કોનું સાંભળે? જ્યારે સાંભળતા નથી ત્યારે સમજતા પણ નથી... ને સમજતા નથી માટે સંબંધનું

મૂલ્ય કરી શકતા નથી. આ પુસ્તક 'શબ્દ એકબીજાનો' આપણી જીભની સાથે સાથે આપણી શ્રવણેન્દ્રિયને પણ જગાડવાનું કામ કરે એવો મારો પ્રયાસ છે. અંગ્રેજીમાં 'ટુ હિયર' અને 'ટુ લીસન ટુ' આવાં બે ક્રિયાપદ છે. એક સાંભળવું અને બીજું ધ્યાનથી સાંભળવું... હું ઇચ્છું છું કે આપણે સૌ એકબીજાને ધ્યાનથી સાંભળીએ, પછી સમજવા માટે પ્રયત્ન નહીં કરવો પડે એની મને ખાતરી છે.

મન — માઇનસથી પ્લસ

લાગણીનાં બંધનોમાં બંધાતા પહેલાં કે સંબંધમાં પ્રવેશતા પહેલાં સમજવાં જ જોઈએ એવાં કેટલાંક સત્યોની નાનકડી હેન્ડબુક! અપેક્ષાઓના લિસ્ટની બહાર નીકળીને સંબંધને સમજવાની, ફરિયાદોના લિસ્ટને ટૂંકું કરવા માટેની સાવ સરળ, છતાં ખૂબ જ ઉપયોગી એવી નાની નાની વાતોનો એવો સંગ્રહ જે આપણે બધા જ જાણીએ છીએ; જરૂર છે તો માત્ર એને ઓળખીને આવકારવાની.

ગેટ વેલ સૂન

મન સાથે જોડાયેલી કેટલીક સર્વસામાન્ય સમસ્યાઓ વિશેના લેખો. મોટા ભાગના સહુ જે વાતને જાણે છે, પણ સમજી શકતા નથી એવી સાદી વાતોની સમજણપૂર્વક કરાયેલી છણાવટ. નાના-મોટા સહુને ઉપયોગી નીવડે તેવી, સંબંધો સુધારવાની, જિંદગીને વધુ રસપ્રદ બનાવવાની સાવ સરળ ફોર્મ્યુલા. દરેક પ્રકરણ સાથે એક એવું પ્રશ્નપત્ર જેના પ્રામાણિક જવાબો તમને એક નવા અજવાળા સાથે જોડી દેશે.

આઈ લવ યુ...

દરેક વ્યક્તિ ઇચ્છે છે કે એનાં લગ્ન આદર્શ હોય. ભાંગી ગયેલા, તૂટી ગયેલા લાગતા, મૃતઃપ્રાય થઈ ગયેલાં લગ્ન પણ ફરીથી નવપલ્લવિત થઈ શકે છે. જરૂર છે થોડી સમજદારીની, થોડા સ્વીકારની, થોડા પ્રયત્નની અને થોડા સમાધાનની. આ પુસ્તક જાદુની લાકડી નથી. અનુભવમાંથી જન્મેલાં સાદાં સમીકરણો છે જે લગ્નને થોડું ખાતર, થોડું પાણી, થોડો તડકો જરૂર પૂરો પાડી શકશે.

મારી મમ્મી, મારા પપ્પા (ભાગ 1-2)

આ પુસ્તક માતા-પિતાના મનમાં એક વિચાર મૂકવાનો પ્રયાસ છે. એવા વિષયો કે વાતો — જેમના વિશે કદાચ એમણે વિચાર્યું જ નહીં હોય એ બધું એમની સામે મૂકીને એક એવો પ્રયત્ન કર્યો છે, જેનાથી માતા-પિતા અને બાળકની વચ્ચે એક સંવાદ-ડાયલોગ સર્જાઈ શકે. બહુ મોડું થઈ જાય એ પહેલાં જો સંતાન સાથેના સંબંધોમાં સીરિયસ ઇન્વેસ્ટમેન્ટ કરવામાં આવે તો જિંદગીનાં પાછલાં વર્ષોમાં મળતું સ્નેહ, સન્માન અને સલામતીનું પેન્શન છેલ્લા શ્વાસ સુધી અકબંધ રહી શકે છે.

અનુવાદ

પ્રેમની પાંચ ભાષા

ડૉ. ગેરી ચૅપમૅનના વર્લ્ડ બેસ્ટ સેલર 'ફાઇવ લવ લેંગ્વેજીસ'નો અનુવાદ. તમારા પ્રિયજનને હૃદયની વાત કહેવાનો સાચો અને સરળ રસ્તો.

જીવનસાથી

શોભા ડેના બેસ્ટ સેલર 'સ્પાઉસ'નો અનુવાદ. લગ્નસંબંધો ઉપર લખાયેલું સુંદર પુસ્તક. આ પુસ્તક એવા લોકો માટે છે જે લગ્નના નશાને જીવનભર સાચવી રાખવા માંગે છે

સંકલન

પ્રેમ – ચુંબન – પ્રાર્થના – આંસુ – સ્મિત

ત્રણ ભાષામાં સંકલિત કરાયેલી સર્વપ્રથમ ફોટો બુક. પરિકલ્પના અને સંકલન દ્વારા દશ્ય અને શબ્દને નજીક લાવી જીવનના વિવિધ વિષયોને એકબીજા સાથે સાંકળતી ભેટ આપવા લાયક ઉત્તમ પુસ્તિકાઓ.

પત્રો

વ્હાલી આસ્થા

પિતાએ પુત્રીને લખેલા પત્રો એક નાજુક સંબંધના બદલાતા રંગોને આલેખવાનો પ્રયાસ છે. સ્ત્રીલેખકે લખ્યા હોવા છતાં આ પત્રો એક પિતાના હૃદયની લાગણીઓને વર્ષોવર્ષ વાચા આપે છે. 7થી ૨૫ વર્ષની ઉંમર સુધી પુત્રીને સંબોધીને લખાતા પિતાના આ પત્રોમાં દરેક પિતાએ પોતાની પુત્રીને કહેવાની વાતો છે.

પ્રિય નમન

લગ્નની પહેલી એનીવર્સરીથી પચ્ચીસમી એનીવર્સરી સુધી પતિ-પત્નીના એકબીજાને લખાતા રહેલા પત્રો. જે સંબંધોનાં સત્યોથી શરૂ કરીને અપેક્ષાઓની પીડા સુધી વિસ્તરે છે. લાગણીઓના એવા તાણાવાણા જેમાં દરેક વાચક પોતાના લગ્નજીવનનું પ્રતિબિંબ તો નિહાળી જ શકશે, પરંતુ ક્યાંક પોતાને પ્રશ્નો પૂછીને પરિસ્થિતિ સુધારી શકશે તો ક્યાંક સંવેદનાઓના પ્રવાહમાં વહેતાં વહેતાં પોતાનાં વીતેલાં વર્ષોમાં ભીંજાશે પણ ખરાં.

તને, જિંદગી...

જિંદગીને સંબોધીને લખાયેલા એવાં પત્રો જેમાં આપણાં સૌની જિંદગીને ક્યાંક ને ક્યાંક વણી લેવાઈ છે. સ્વયં સાથેનો સંવાદ છે આ પત્રોમાં. 'હું'ને બદલે 'અમે' વાપર્યું છે એનું એકમાત્ર કારણ એ છે કે આ વાત ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક રીતે સહુને સ્પર્શે તેવી વાત છે. મહિનાના ત્રીસ દિવસના ત્રીસ પત્રોમાંથી કોઈ પણ એક પત્ર ખોલીને વાંચવામાં આવે તો એમાંથી એકાદ વાક્ય તો એવું મળી જ આવે, જેની સાથે વાંચનારનો અંગત સંબંધ સ્થપાઈ જાય.

ઓડિયોબુક

તારા ચહેરાની લગોલગ

આદિત્ય, નીશા અને આકાશ એકબીજાંની સાથે ફક્ત પત્રોમાં વાત કરે છે... એકબીજા સુધી પહોંચવાના પ્રયાસમાં એક ન સમજાય તેવી અસમંજસતા સર્જાય છે. એકબીજાને લખાતા પત્રોમાંથી સર્જાતો એક ઝંઝાવાતી પ્રણયત્રિકોણ.

પ્રેમપત્રો

અહીં એક એવો અંગત સંવાદ જાહેરમાં વંચાયો છે, જે આપણા બધા માટે સાવ જાણીતો સંવાદ છે. બંધ આંખે કે ટોળાની વચ્ચે એકાદ ક્ષણ માટે એકલા પડીને આપણે બધાએ આ સંવાદ અનુભવ્યો છે. અહીં લખાયેલાં ગીતો સાચા અર્થમાં યુગલગીતો છે. બે જણાંના કંઠે ગવાતાં એવાં ગીતો, જેમાં બે જણાની વાત કહેવાઈ છે.


CYGNET GROUP

indian-ebooks